શ્રીસ્વામિનારાયણ ભગવાનના જીવન આધારિત
સંપ્રદાયનો સૌથી મોટો હિન્દી મહાગ્રંથ

શ્રીહરિચરિત્રામૃતસાગર

(ગુજરાતી અનુવાદ)

લેખક : સદ્.શ્રીસિદ્ધાનંદસ્વામી


ભાગ ૮

પૂર : ૧૯,૨૦,૨૧



શ્રીસ્વામિનારાયણ મંદિર - છપૈયાધામ

: પ્રકાશક :
શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા





ભાગ-૮

(પૂર - ૧૯, ૨૦, ૨૧)

મહામુક્ત સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર

અનુવાદક : પ.પૂ.શાસ્ત્રી શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
વેદાન્તાચાર્ય એમ.એ. (ગાંધીનગર-ગુજરાત)

પ્રેરક એવં સંશોધક } પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સં.૨૦૭૨, આસો વદ-૩૦, દીવાળી, ૩૦/૧૦/૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

પ્રત : ૧૦૦૦

કિંમત : ૧૬૦/-

ISBN : 978-93-83456-31-4



- **કુંડળ** : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧/૨
- **વડોદરા** : શ્રીસ્વા. મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫/૬
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- **વડતાલ** : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- **મુંબઈ** : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- **સુરત** : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી ....

ગામ : .... **તા. :** .... **જી. :** ....

સર્વાવતારી શ્રીહરિના જીવનકવન પર આલેખાયેલ આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથના **આઠમાં ભાગ**ના વાંચન-શ્રવણથી આપની આધ્યાત્મિક તથા લૌકિક સર્વાંગી ઉન્નતિ થશે. એવા શુભ આશયથી આપને સપ્રેમ ભેટ.

આપનો સ્નેહી

....

તારીખ ....



આ પ્રસાદીભૂત મૂર્તિ શ્રીહરિની ઉપસ્થિતિમાં
સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ બનાવી છે.




ભક્તરાજ શ્રીદાદાખાચરને કથા સંભળાવતા સદ્.શ્રીમુક્તાનંદસ્વામી



શ્રીહરિચરિત્રામૃતસાગરાદિક ગ્રંથના રચયિતા
મુક્તરાજ સદ્.શ્રીઆધારાનંદસ્વામી



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથના
અનુવાદક
પ.પૂ.સદ્‌ગુરુ શાસ્ત્રી
શ્રીજ્ઞાનપ્રકાશદાસજીસ્વામી
(ગાંધીનગર)



'શ્રીહરિચરિત્રામૃતસાગર'
ગ્રંથપ્રકાશનકાર્યના
પ્રેરક એવં સંશોધક
પ.પૂ.સદ્‌ગુરુ
શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી
(કુંડળધામ)

પ્રસ્તાવના

અનુભવી સંત સદ્.શ્રીઆધારાનંદસ્વામીની કલમે કંડારાયેલો આ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથરાજ શ્રીહરિએ આપેલ હૃદયસ્પર્શી જ્ઞાનના, પરસ્પર એકમના બની કેમ જીવન જીવાય ? એવા અનુભવોના અને તત્કાલીન ઈતિહાસના ખજાના તુલ્ય છે. આ ગ્રંથ પોતાની વિરાટકાય ગોદમાં અનેક અણમોલ રત્નોને ભરીને બેઠો છે. આ ગ્રંથના એક એક પૂર અને પ્રત્યેક તરંગો મુમુક્ષુઓને અનુભવી ભોમિયાની ગરજ સારે તેવા છે. આ ગ્રંથ ભક્તહૃદયને સંજીવની ઔષધી સમાન સુખ દેનાર છે.

સ્વયં ગ્રંથકાર સદ્.શ્રીઆધારાનંદસ્વામી નિજ અનુભવ લખતા આ ગ્રંથમાં પૂર ૨૨/તરંગ ૪૬ માં કહે છે. **'મેં મારી પ્રત્યક્ષ નજરે જે જોયું છે તે પ્રમાણે હું આ વાત કરી રહ્યો છું. ધ્રુવ કાંટાને દેખીને જેમ દિશાનું માપ કરાય છે, એવી પ્રમાણભૂત વાતોનો આ ગ્રંથ છે.'** રાગ-દ્વેષવાળી બુદ્ધિથી વાંચતા-વિચારતા કરોડો કલ્પ જાય, તોપણ આ ગ્રંથ અલ્પ પણ સમજી શકાશે નહીં. કેમ જે, જેના અંતરમાં ભગવાન આવીને વસે છે તેના માટે જ આ ગ્રંથ મેં લખ્યો છે. માટે જેને પોતાની બુદ્ધિનું માન હોય તે ચાહે તેટલો ભણેલો હોય, તોપણ આ ગ્રંથ બાબતમાં તલભાર પણ તે સમજી કે સમજાવી શકશે નહિ. જેનો સ્વભાવ વિનયી હોય અને અંતરમાં કુટીલતા બિલકુલ ન હોય તેવા નિષ્કપટ વ્યક્તિ માટે આ ગ્રંથ છે. કપટી માટે તો મયદાનવે રચેલી પાંડવોના સભાગૃહની જેમ આ ગ્રંથ મોહ કરનારો છે. સરળ ચિત્તવાળાનું હિત જાણીને મેં આ ગ્રંથની રચના કરી છે.

प्रभु के डर रखत रहे जेता, अंतरजामी जानीके तेता;
ताके यह ग्रंथ रहे हितकारी, बालक की जीमी रहे मेंतारी...३६

જે પ્રભુને અંતર્યામી જાણીને અંતરમાં તેમનો ડર રાખે છે, તેના માટે તો બાળકને જેમ માતા હિતકારી છે તેમ આ ગ્રંથ હિતકારી છે. અને સહુનું હિત વિચારીને મેં આ ગ્રંથમાં પ્રસંગને અનુરૂપ વાતો લખી છે.

અનુભવી સંત આધારાનંદસ્વામી રચીત આ ગ્રંથ સહુને માટે હિતકર, પોષણકર અને સુખકર છે, સંપ્રદાયના ચૈતન્યસમો છે. શ્રીહરિની દિવ્ય અને માનુષી લીલા તથા હૃદયસ્પર્શી ઉપદેશ અને ચિત્તાકર્ષણ મૂર્તિવર્ણનથી સભર આ ગ્રંથનું વાંચન-શ્રવણ-મનન આપણા અંતરને ઉજાગર કરે અને આત્માની તમામ વૃત્તિઓ પરમાત્મામાં સ્થિર કરે; એવી શ્રીહરિજી મહારાજના ચરણોમાં પ્રાર્થના...

આ આઠમા ભાગમાં પૂર ૧૯ થી ૨૧ નો સમાવેશ કરેલો છે. એનો સંશોધિત ગુજરાતી અનુવાદ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે, તેનો વિશેષતઃ લાભ લઈ આપણા જીવનને ધન્યભાગી બનાવીએ.

લી. સ્વામી જ્ઞાનજીવનદાસ - કુંડળધામના
આપને જય સ્વામિનારાયણ



ગ્રંથસાર

જગત્કર્તાએ ઉદ્ભિજ્જ, અંડજ, સ્વેદજ અને જરાયુજ; એવા વિભાગથી ચોરાશી લાખ જાતની જીવસૃષ્ટિ કરી. તેમાં શરૂઆતમાં તેમને ઘણો જ અસંતોષ અનુભવાયો. છેવટે માનવની સૃષ્ટિ કરી. તેનાથી કાંઈક સંતોષ થયો. તેમાં તેમણે વિશિષ્ટ રીતે વિવેકશક્તિ મૂકી. અને તેનાથી તે મનુષ્ય ઈતર જીવસૃષ્ટિ કરતાં વિશેષ બુદ્ધિમાન જણાયો. તેને સારો ચિંતનશીલ જોઈને જગત્સૃષ્ટાએ પોતાની સૃષ્ટિમાં સર્વોત્તમ માન્યો, પણ તે માનવના સર્જન પછીનાં તેનાં જીવન ઉપર વિહંગમ દૃષ્ટિ કરીએ તો જણાશે કે, સત્ય-અસત્ય અંગે વિવેકશીલ જણાતા માણસના મનમાં યુગોથી એક વિચાર નિરુત્તર રીતે ઘોળાયા કરતો રહ્યો છે. તે વિવિધ અને વિચિત્ર રીતે અનુભવાતા આ સંસારનું રહસ્ય શું છે ? પ્રારંભથી જ કોઈ પણ માણસને પોતાની દૃષ્ટિ આગળ રહેલા જગતથી સંપૂર્ણપણે સંતોષ થયો નથી.

આજના માનવસમાજ તરફ જુઓ. કોઈ પણ મનુષ્ય, તે નર હોય કે નારી, વિરક્ત હોય કે ગૃહસ્થ, કોઈ સમાજ અને વિશ્વની રાજનીતિનું ચિંતન કરનાર નેતા હોય કે ધાર્મિક સમાજમાં પૂજ્ય ગણાતા કોઈ પીઠાધીશ ધાર્મિક નેતા, કોઈ બાળ, યુવાન કે વૃદ્ધ હોય, તે ભણેલો હોય કે અભણ, ગામડિયો હોય કે સભ્ય નાગરિક, જમીનદાર હોય કે મજૂર, ઉદ્યોગપતિ હોય કે ઉદ્યોગનો કામદાર, રાજ્યકર્તા વરિષ્ઠ રાજકારણી હોય કે તેનો સહયોગી રાજ્ય કર્મચારી, કોઈ ડૉક્ટર, પ્રોફેસર કે ઓડિટર હોય, આમ મનુષ્ય જીવનમાં જીવી રહેલો કોઈ પણ માણસ પોતાની વર્તમાન પરિસ્થિતિથી પર્યાપ્ત સંતુષ્ટ દેખાતો નથી. સહુના મનમાં એક ઊંડી એવી ઇચ્છા રહે છે કે હું આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક ગણાતાં બધાં દુઃખોથી કાયમને માટે છૂટી જાઉં, મુક્ત થાઉં અને સુખી થાઉં.

આમ દુઃખથી છૂટવા અને સુખી થવા ચાહતો તે મુમુક્ષુ મનુષ્ય નિર્દુઃખ સુખને મેળવવા પ્રયત્ન કરતો જ રહે છે, દોડતો જ રહે છે. પણ તેને પોતાના પ્રયત્નના સંતોષકારક ફળના રૂપમાં મુક્તિ કે સુખ-શાંતિ ન મળે, ત્યારે તે શારીરિક કે માનસિક બળથી થાકી જાય છે. ત્યારે તેને એક ભાગવત સંત બોલાવીને કહે છે, **'पापतापप्रशमनः संसाराम्भोनिधौ प्लवः। आश्रयोऽस्ति हरेर्नूनं कालमायाभयापहः॥'** અરે ! મુમુક્ષુ શા માટે હેરાન થા છો ? આવ, ભગવાન પુરુષોત્તમ શ્રીહરિને શરણે, જીવે કરેલો શ્રીહરિનો આશ્રય અનેકવિધ પાપો અને ત્રિવિધ તાપોને શમાવનારો છે, સંસારરૂપી સાગરને તરવા માટેનું તો તે વિશાળ સુદૃઢ વહાણ છે. અને કાળ તથા માયાના ભયને નાશ કરનારો છે.

પ્રસ્તુત ગ્રંથ શ્રીહરિચરિત્રામૃતસાગરના લેખક શ્રીસિદ્ધાનંદ(આધારાનંદ) સ્વામી આપણને સહુને બોલાવીને શ્રીહરિને આશરે રહેવાનું કહે છે. ખરી સમજણ મેળવીને ખપવાળો મુમુક્ષુ થવાનું કહે છે. અને જેને જન્મ, મરણ, જમપુરી અને લખચોરાશીથી છૂટવાની દિલમાં ઘણી જ ભાવના હોય, તેને આ ગ્રંથને વાંચવાનું તથા સાંભળવાનું કહે છે. સ્વામીએ આ ગ્રંથમાં જ પોતાનો અનુભવ લખ્યો છે કે, 'શ્રીહરિનાં જે ચરિત્ર મેં જેવાં દેખ્યાં છે તેવાં લખું છું..' 'આકડાના ઉપર બેઠેલા કીડાને કેરીનો સ્વાદ આવતો નથી. આ ગ્રંથ કેરીના જેવો છે અને તેમાં અમૃતના સમાન રસ ભર્યો છે..' 'ભાવિક ભક્તજનોને માટે ગ્રંથ રચ્યો છે..',

'આ ગ્રંથમાં જે આશ્ચર્યકારી વાત આવે છે તે શ્રીહરિના સંકલ્પથી દેખાય છે.., 'ચિત્તને ભગવાનની મૂર્તિમાં ચોંટાડવા માટે આ ગ્રંથની રચના કરી છે..', 'શ્રીહરિએ મને પાસે રાખ્યો, કેટલાયે વર્ષ સુધી મને હેત આપ્યું, શ્રીહરિની પ્રત્યેક વર્ષની વધારેમાં વધારે સ્મૃતિ રહે તેટલા માટે શ્રીહરિની મરજી જોઈને હું લખવા માંડ્યો છું..' (હ.ચ.સા.પૂ.૨૦/૨૩) આ લેખકના પોતાનાં વચનો વિચારતા સહુને જણાય છે કે, આ ગ્રંથ શ્રીહરિનાં ચરિત્ર તથા સદુપદેશથી વિશાળ સાગરના જેવો ભરપૂર છે. તે હરેક મુમુક્ષુને નિર્દુઃખ સુખ આપનારો છે અને કલ્યાણ કરનારો છે.

શ્રીહરિચરિત્રામૃતસાગરના આ **આઠમા** ભાગમાં **૧૯, ૨૦** અને **૨૧,** ત્રણ પૂર છે. ઓગણીશમા પૂરનો આરંભ શ્રીહરિનો **ગઢપુરમાં** નિવાસ બતાવીને કર્યો છે. શ્રીહરિ લગભગ જેઠ માસને બાદ કરતા માગશરથી આસો સુધીના દસ માસ ગઢપુરમાં રહ્યા હોય છે. તેમાં હરિભક્તોને દર્શન વગેરેનું સુખ આપીને ગઢપુરમાં વસંતપંચમીના ઉત્સવ નિમિત્તે રંગક્રીડા કરી. હુતાશની ઉપર સહુ સંતોને ગઢપુર આવવા પત્ર લખાવ્યા, પણ તેના પહેલા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને શુકમુનિ વગેરે સંતો વડોદરામાં સત્સંગ કરાવવા રહ્યા હતા. તેઓ જ્યારે ગઢપુર આવ્યા ત્યારે વડોદરાના સમાચાર પૂછ્યા અને સંતોને ઝોળી માગવામાં અનંત જીવોનું કલ્યાણ રહ્યું છે, તેમ કહીને, 'ઝોળી આપવા માટે પણ સંતોની સન્મુખ માણસ જેટલાં પગલાં ચાલે છે, તેને એક એક પગલે યજ્ઞનું ફળ થાય છે.' તેમ બતાવ્યું.

તે દિવસોમાં સુરતના ભાણા સુતાર એક સારું સિંહાસન બનાવી લાવ્યા હતા. તે જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. હુતાશની પહેલા બોટાદથી ગઢપુર આવેલા ભગા દોશી વગેરે હરિભક્તોએ પરસ્પર વિચાર કરીને ફૂલદોલનો ઉત્સવ **બોટાદમાં** કરવાની શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને હા કહી. પછી બોટાદમાં જઈને ઘણો સારો ફૂલદોલનો ઉત્સવ કર્યો. **રાણપુરથી** આવેલા **જુનબા** નામના દક્ષિણી અધિકારીને સંતોનો મહિમા કહ્યો અને પછી અદ્‌ભુત રંગક્રીડા કરી. પછી શ્રીહરિ ગઢપુર આવ્યા અને **અમદાવાદમાં** સંતોની ધર્મશાળા થયાના સમાચાર મળ્યા. પછી શ્રીહરિએ અચિંત્યાનંદસ્વામી આદિ બાર સંતોને અમદાવાદ મોકલ્યા. પોતે ભીમ એકાદશીનો ઉત્સવ **વડથલ** કરવા નીકળ્યા, પણ ભયંકર આંધીનો પવન ફૂંકાવાથી તેમાં અશ્વ ચાલ્યા નહિ અને પાછા વળ્યા. ત્યાં પત્ર લખીને જયાનંદ વર્ણીને મોકલ્યા. પછી મુક્તાનંદસ્વામીએ એકાદશીનો ઉત્સવ કર્યો.

તે દિવસોમાં શ્રીહરિ ગઢપુર હતા. ત્યારે એક મારવાડી ગેબી નામનો શક્તિપંથી ત્યાં આવ્યો અને શ્રીહરિના વિરુદ્ધ મનમાં ફાવે તેમ બોલવા લાગ્યો, પણ **વિશલ ગઢવી**ની કુનેહભરી વાતથી તે ત્યાંથી ભાગી ગયો.

પછી થોડા જ દિવસોમાં દેશમાં ચારેબાજુ મરકીનો રોગ ફેલાયો. બોટાદમાં ભગા દોશીને તે પ્રાણઘાતી રોગ થયો. તે સમાચાર સાંભળતાની સાથે જ શ્રીહરિ અશ્વ ઉપર બેસીને વરસાદમાં પલળતા પલળતા **બોટાદ** ગયા અને ભગા દોશીની રક્ષા કરી. પછી અષાઢ સુદિ નવમીને સાંજે ભયાનક ભૂકંપ થયો. શ્રીહરિએ સહુને કપટી તથા ધુતારા ગુરુઓથી બચવાની વાત કહી. તે પછીના ચોમાસામાં ચરોતરમાં પુષ્કળ વરસાદ થયો. તેને લોકોએ શ્રીહરિએ કરેલા યજ્ઞ અને સત્સંગનું શુભ પરિણામ માન્યું. ગઢપુરમાં ચંદ્રગ્રહણ કર્યું. મુક્તાનંદસ્વામી ચોમાસામાં અમદાવાદમાં કથા વાંચતા હતા. તેમણે ત્યાં જન્માષ્ટમી ઊજવી. તે સમયમાં અસુરો છૂપી રીતે પણ સંતોનો દ્રોહ કરતા હતા. મુક્તાનંદસ્વામીની પૂજામાં પણ ભેટના રૂપમાં ઝેર મૂક્યું. ત્યાંના શ્રીમંત શેઠ બેચર મણકીએ મુક્તાનંદસ્વામીની પધરામણી કરીને સત્સંગનો ગુણ માન્યો. સ્વામીએ અન્નકૂટ અમદાવાદમાં કર્યો અને શ્રીહરિએ ગઢપુરમાં કર્યો.

શ્રીહરિ દેવદિવાળી ઉપર **જેતલપુર** આવ્યા. બધા કાઠી દરબારો સાથે હતા. જેતલપુરમાં બીમાર સંતોને દર્શન દીધાં. તેમની સેવાનો મહિમા કહ્યો. મુક્તાનંદસ્વામી અમદાવાદથી જેતલપુર આવ્યા ત્યારે શ્રીહરિ તેમને મળ્યા. સ્વામીએ સારા શેલા વગેરેની ભેટ શ્રીહરિને આપી. પછી ત્યાં મહુધાના ઈશ્વરભાઈને વળગેલા બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યો. તેમજ બાપુભાઈ નાગર શ્રીહરિનો વિશ્વાસઘાત કરવાથી બ્રહ્મરાક્ષસ થયા હતા, તેનો પણ ઉદ્ધાર કર્યો. તે સમયમાં અંગ્રેજ અધિકારી એરણ સાહેબના બોલાવવાથી શ્રીહરિ ધામધૂમપૂર્વક અમદાવાદ પધાર્યા. એરણ સાહેબે શ્રીહરિને ભદ્રમાં બોલાવ્યા, ત્યાં મળ્યા અને અમદાવાદમાં મંદિર કરવાનું કહ્યું. અને જેટલી જોઈએ તેટલી જમીન આપવાનું વચન પણ કહ્યું. પછી શ્રીહરિ એરણ સાહેબ પાસેથી રજા લઈ જેતલપુરમાં આવ્યા. ત્યાં ભક્તિમાતાનો જન્મોત્સવ કર્યો. પછી ત્યાંથી મેમદાવાદ, ખાતરજ, દહેગામ, ડભાણ, કેરિયાવી અને બામરોલી થઈને શ્રીહરિ વડતાલ આવ્યા.

વડતાલમાં નિત્ય સભા કરતા. તેમાં વિવેક, સુમતિ, કુમતિ, મર્યાદા, સુહૃદભાવ, સંપ, દયા વગેરે ગુણોને સમજાવીને નિર્વિઘ્ન મોક્ષમાર્ગની વાતો

કરતા હતા. પછી વડતાલથી નીકળી અને ગોરાડ થઈ હરિભક્તોના ગામોમાં સહુને દર્શન દેતાં શ્રીહરિ ગઢપુર પધાર્યા. આ રીતે ઓગણીશમા પૂરમાં બાસઠ તરંગોની સંક્ષિપ્ત વાત કહી.

પછી વીશમા પૂરના તરંગ અડસઠ છે. તેમાં મંગલાચરણ પછી લેખકે સત્સંગ અને કુસંગની વિગત સમજાવી છે. અને પછી આત્માનંદસ્વામી કે જેનું પૂર્વાશ્રમમાં 'વિશ્વંભર ભટ્ટ' આવું નામ હતું. તેમની વિગત શ્રીહરિની આગળ ભાઈરામદાસજીસ્વામીના મુખે કહી છે. વિશ્વંભર ભટ્ટનો જન્મ, સંસ્કાર, વિદ્યાધ્યન, તીર્થયાત્રા, સંન્યાસ અને પછીના પરમહંસપણાની બધી વાત જેટલી ભાઈસ્વામી જાણતા હતા, તે બધી શ્રીહરિને સવિસ્તાર કહી. તે પ્રસંગે સદ્‌ગુરુ રામાનંદસ્વામીનો જન્મ વગેરે કહીને તેમને આત્માનંદસ્વામીનો મેળાપ કહ્યો. આત્માનંદસ્વામી બાબતની વિશેષ વાત જાણવા માટે શ્રીહરિએ ગોપી ભટ્ટને બોલાવીને ગઢપુરમાં રાખ્યા. શ્રીહરિએ ગઢપુરમાં વસંતોત્સવ કર્યો અને ગોપી ભટ્ટને શ્રીહરિએ આત્માનંદસ્વામીનો મત પૂછ્યો, ત્યારે તેમણે ઉદ્ધવજીનો બદરિકાશ્રમમાં નિવાસ અને સદ્ધર્મના ઉપદેશ વગેરેની વાત કહી. ઉદ્ધવજી પાસેથી શિક્ષા, દીક્ષા ગ્રહણ કરીને સોમશર્મા પ્રથમ આત્માનંદ બન્યા. તેના શિષ્ય ગોવિંદાનંદ થયા અને તેના શિષ્ય આનંદાનંદ મુનિ થયા. તેના શિષ્ય ગોપાળાનંદ મુનિ થયા અને તેના શિષ્ય બીજા આત્માનંદ મુનિ થયા. આ બધી વાત ગોપી ભટ્ટે શ્રીહરિને કહી.

પછી શ્રીહરિએ ગોપી ભટ્ટને ગોર કરીને ગઢપુરમાં રાખ્યા. અને તેના નિર્વાહ વગેરેની બધી વ્યવસ્થા કરાવી દીધી. ગઢપુરમાં રહેલા શ્રીહરિએ ભક્તજનોને સાચું જ્ઞાન, ભગવાનનો આશ્રય, તેમનો પ્રતાપ અને આજ્ઞાપાલન વગેરેની વિશેષ મહત્તા બતાવી. અંગ્રેજોનું રાજ્ય થવાથી બધા ઉપદ્રવ શમી ગયા ત્યારે શ્રીહરિએ સંતોનું પરમહંસપણું છોડાવી દીધું. અને તેમને સંપ્રદાયને અનુસારે શિખા, સૂત્ર તથા તિલક વગેરે રાખવાનું કહ્યું. તે અરસામાં મછીયાવ(મખિયાવ)ના રાજાનો શ્રીહરિને બોલાવવાનો પત્ર આવ્યો, તેથી શ્રીહરિએ બધા કાઠી દરબારોને બોલાવ્યા અને સહુને સાથે લઈને મછિયાવ જવા નીકળ્યા. ગઢપુરથી ઝીંઝાવદર, કારિયાણી, સારીંગપુર,

સુંદરિયાણા, અડવાળ અને બળોલ થઈને શિયાળ ગામ આવ્યા. તે દિવસોમાં ઠંડી બહુ પડતી હતી.

શિયાળ ગામમાં મધુભાઈ(માધવ શેઠ) વણિકને ત્યાં સહુને થીણું ઘી એકલું ખવડાવ્યું, અને પછી રાતે સુખડી કરીને ખવડાવી. મછિયાવમાં દરબાર બાપુભાઈને સત્સંગ તથા પરમેશ્વરના આશ્રયનું મહત્ત્વ સમજાવ્યું. ત્યાં ટોરડાના ખુશાલ ભટ્ટ આવ્યા. તેમના અનેક દિવ્ય સદ્‌ગુણોની વાત કહી. બધી વાતો કહેતા વચ્ચે આ ગ્રંથના લેખકે પોતાના ગ્રંથ **શ્રીહરિચરિત્રામૃતસાગર**નો પરિચય પણ આપ્યો. અને પ્રાગજી દવેએ શ્રીહરિની આગળ સિદ્ધાનંદ મુનિ રચિત **'શ્રીનારાયણઅંગ ચિંતામણિ'** નામનું નાનું એવું કાવ્ય સંભળાવ્યું. મછિયાવમાં શ્રીહરિએ એકાદશી ઊજવી. સહુને દર્શન આદિકમાં વિવેક શીખવ્યો. પછી અમદાવાદથી મુક્તાનંદસ્વામી ત્યાં આવ્યા. ત્યારે તેમની સામા ગયા અને ઘણો ભાવ બતાવ્યો. મછિયાવમાં તે સમયે ઘણી મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો ભેળા થયા હતા. ગાયકવાડ સરકારના વરિષ્ઠ અધિકારી નારુપંત નાના પણ ત્યાં આવ્યા હતા. ખુશાલ ભટ્ટના યોગથી નારુપંત નાના, શોભારામ શાસ્ત્રી અને લક્ષ્મીરામ વૈદ્યને સારો સત્સંગ થયો હતો. ભુજથી ગંગારામ મલ્લ પણ ત્યાં આવ્યા હતા. તેમને ભુજમાં સારું મંદિર કરવાની વાત કરી.

મછિયાવમાં શ્રીહરિની નગરયાત્રા સજીધજીને અદ્‌ભુત રીતે નીકળી હતી. જાત જાતની રમૂજ કરાવીને શ્રીહરિએ ત્યાં સારી રંગક્રીડા કરી તથા નટ રમાડ્યા. રંગોત્સવ પછી શ્રીહરિ એક દિવસ દદુકા ગયા અને પછી હરિભક્તોને રાજી કરતા અનુક્રમે ગઢપુર પધાર્યા. રામનવમી ગઢપુરમાં કરી. તે વખતે ભણી શકે તેવા દસ-બાર સંતોને સુરત ભણવા મોકલ્યા અને નિત્યાનંદસ્વામી પણ તેમની સાથે ગયા. ભાવનગર થઈને સમુદ્ર માર્ગે સુરત જવાનું હતું તેથી સહુ ભાવનગર ગયા. ભાવનગરમાં બે-ત્રણ દિવસ રોકાયા. ત્યાં તેજપાળ નામે ભાવનગર ઠાકોર સાહેબના એક કારભારી અધિકારી સંતોનાં દર્શન કરવાં આવ્યાં. સંતોને જોઈને તેમને ઘણી શ્રદ્ધા ઊપજી. તેણે સંતોને માની-પૂજીને વહાણમાં બેસાડીને વળાવ્યા. સંતો સુરત પહોંચ્યા.

મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી વગેરે સંતો સુરતમાં હતા. શ્રીહરિએ એક પત્ર લખ્યો હતો, તે મુક્તાનંદસ્વામીને આપ્યો. તે વાંચીને સહુ રાજી થયા. સુરતમાં મુનિબાવા દ્વારા અરદેશર પારસીને સત્સંગ થયો હતો. તેઓ રાતે સંતો પાસે સત્સંગ કરવા આવતા.

શ્રીહરિ ગઢપુરમાં હતા અને ભાવનગર ઠાકોર સાહેબના ઈજારદાર તરફથી આવેલા સરબંદીએ દાદા ખાચરના ગરાસ અંગે દુર્બુદ્ધિથી પ્રેરાઈને હલ્લો કર્યો, પણ વિશલ ગઢવીની વાટાઘાટથી તે કજિયો અટક્યો. પછી દાદા ખાચર ઝીંઝાવદરમાં કેમ્પ રાખીને રહેલા બાલ્ટન સાહેબને મળ્યા. અને તેણે ગરાસ અંગેનો બધો જ કજિયો પૂરી રીતે ટાળી દીધો. અને ભાવનગર ઠાકોર સાહેબની પાસે લેખિત ચોખવટના કાગળ કરાવીને દાદા ખાચરને અપાવ્યા. તે દિવસોમાં સુરતમાં રહેલા મુક્તાનંદસ્વામીએ નિત્યાનંદસ્વામી પાસે રામાનુજભાષ્ય સાથે ભગવદ્‌ગીતા ગુરુમુખ કરી. પછી શ્રીહરિની આજ્ઞાથી કાનમ દેશના ગામોમાં ફરતા ફરતા મુક્તાનંદસ્વામી ગઢપુર આવવા નીકળ્યા. આ અરસામાં ભાઈરામદાસજીસ્વામીની બીમારી વધી, ત્યારે શ્રીહરિ કારિયાણીમાં હતા. નાજા જોગિયાએ જઈને સમાચાર આપ્યા, એટલે શ્રીહરિ તરત ગઢપુર આવ્યા. અને જેઠ સુદિ છઠને દિવસ ભાઈસ્વામીએ દેહત્યાગ કર્યો. ભાઈસ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો અને મુક્તાનંદસ્વામી કાનમ દેશ ફરીને ગઢપુર આવ્યા.

તે પછી તેમની પાસે **‘વેદરહસ્ય’** નામે ગ્રંથ શ્રીહરિએ રચાવ્યો. ભુજવાળા નારાયણજીભાઈ સુતારને પોતાની પાસે રાખીને છાપની મૂર્તિઓ કરાવવા માટે તેમની પાસે મૂર્તિના બીબા(બ્લોક) કરાવ્યા. પહેલા નરનારાયણ દેવની મૂર્તિ છપાવી અને સહુને પૂજવા માટે આપી. પછી શ્રીહરિએ અમદાવાદમાં મંદિર કરવા માટે આનંદાનંદસ્વામીને મોકલ્યા. પછી જન્માષ્ટમી અને દશેરા ગઢપુરમાં કર્યા. દશેરાને દિવસ શમીપૂજન કર્યું અને અશ્વોને દોડાવ્યા. ધનતેરશને દિવસ ગાયોનું પૂજન કર્યું. અને દાદા ખાચરની ગાયોને દોડાવી અને તે પછી જીવા ખાચરના દરબારમાં જઈને પણ ત્યાંની ગાયોને દોડાવી. દિવાળીના દિવસોમાં અમૂલાબાઈ, અમરબાઈ, જીવુબાઈ વગેરેની

રસોઈ હતી. સંતો અને શ્રીહરિ તે જમ્યા. પછી સારી રીતે અન્નકૂટનો ઉત્સવ કર્યો. તે દિવસોમાં જગન્નાથ વિપ્રને દીક્ષા આપીને બ્રહ્મચારી કર્યા અને તેમનું ગોવિંદાનંદ નામ રાખ્યું. જ્યારે સુરતમાં રહેલા બધા સદ્‌ગુરુઓ ભાવનગર થઈને ગઢપુર આવ્યા ત્યારે શ્રીહરિ ગઢપુરથી અડતાળાને માર્ગે તેમની સામે ગયા. તે જ દિવસોમાં કરિયાણાવાળા મીણબાઈએ દેહત્યાગ કર્યો. તેનો ગઢપુરમાં અગ્નિસંસ્કાર થયો અને પછી તેના ખરચ ઉપર શ્રીહરિ કરિયાણા પધાર્યા. પાછા વળતી વખતે શ્રીહરિના કહેવાથી રામ ખાચરે રસ્તામાં આવેલા એક ડુંગરા ઉપર અશ્વને ચઢાવ્યો. અને શ્રીહરિ ગઢપુરમાં આવ્યા ત્યારે ત્યાં લખનૌના શેઠ વેણીરામ શ્રીહરિને શરણે આવ્યા. આ બધી કથા વીશમા પૂરના અડસઠ તરંગમાં છે. તે સંક્ષિપ્તથી કહી.

એકવીશમા પૂરમાં ૯૦ તરંગ છે. તેમાં ખાસ વર્ણ્ય વિષય વચનામૃત છે. તે ગઢડા પ્રથમ પ્રકરણના વચનામૃત એક ૧ થી ૭૭ સુધી આ પૂરમાં લીધા છે. અને થોડીક જાણવા, યાદ રાખવા જેવી લીલાઓ પણ છે. શ્રીહરિની સ્વાભાવિક લીલાથી વચનામૃત શરૂ થાય છે. શ્રીહરિ સંતોની જાયગામાં મુક્તાનંદસ્વામીના કીર્તનને સાંભળવા પધાર્યા. અને સહુ સંતો સૂતા હતા, તે પગે લાગીને બેઠા અને સભા થઈ. લેખક પોતે કહે છે કે, તે સમયે હું વીશ વર્ષનો હતો અને સ્વામીની સાથે કીર્તન ગાતો હતો. અર્થાત્ લેખક પોતે વચનામૃતની પ્રથમ સભામાં સાક્ષાત્ બેઠા હતા. વચનામૃતમાં કોઈ ખાસ વિષયની વધ-ઘટ નથી અને ક્યાંક હોય તો તે પણ સ્વાભાવિક છે. ૭૭ જેટલા વચનામૃતના ઉપદેશમાં વસંતપંચમી, હુતાશની અને રામનવમી ત્રણ જ ઉત્સવ આવે છે. તેમાં ૭૬ અને ૭૭ના બે વચનામૃતની વચ્ચે એક મહિનો અને ઓગણીશ દિવસ અંદાજે ગણાય.

તેમાં શ્રીહરિએ ટૂંટિયાનો વ્યાધિ સ્વેચ્છાથી ગ્રહણ કર્યો. સંપ્રદાયના અન્ય ગ્રંથોમાં આ વ્યાધિ શ્રીહરિએ સ્વીકાર્યો અને તેનું વર્ણન કર્યું હોય, તેનો મને ખાસ ખ્યાલ નથી. શ્રીહરિ પોતે જાણવા ચાહતા હતા કે ટૂંટિયાના રોગની પીડા કેવી થાય ? પણ સર્વજ્ઞ અને સર્વવિત્ પરમેશ્વરને માટે કોઈ વાત અજાણી હોતી નથી. આવું આચરણ તો શ્રીહરિની કેવળ લીલા જ કહેવાય

છે. ટૂંટિયું થાય તેને સતત ઝાડા તથા ઊલટી થયા કરે અને લોહીનું પણ પાણી થઈ જાય. એકદમ ટાઢની સાથેનો તાવ આવે. ઘણા તો આ રોગને પહેલે દિવસે જ મરણ પામે, પણ શ્રીહરિને ત્રણ દિવસ ટૂંટિયું રહ્યું. શરીર એકદમ સૂકાઈ ગયું, આંખો ઊંડી જતી રહી. કૌપીન સિવાય વસ્ત્ર પહેરતા નહિ અને કોઈને દર્શન દેતાં નહિ. માનો શ્રીહરિ માનવલીલા સંકેલી રહ્યા હોય તેમ જણાતું હતુ. પછી અનેક જીવોનો ઉદ્ધાર કરવાના વિચારથી અને સંપ્રદાયને સુદઢ સ્થાપવાના વિચારથી પોતે સાઝા થવા સંકલ્પ કર્યો. ત્રણ દિવસે કાંઈક જમ્યા અને ધીરે ધીરે દસ દિવસે સાઝા થયા. પછી સહુને દર્શન દેવાં લાગ્યાં. તે પછી શ્રીહરિ સંતોની જાયગામાં જાતા અથવા જે સંતો હાજર હોય તેમને પોતાની પાસે બોલાવતા, અને જેમ કોઈ શિબિર હોય તેમ પ્રશ્ન-ઉત્તર કરી-કરાવીને દંભી, કપટી, દગાબાજ અને પોતાની દેશી કાઢે તેવા લોકોથી સાવધાન રહેવા ભલામણ કરતા હતા. આ રીતે એકવીશમું પૂર સમાપ્ત થાય છે.

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનો આ આઠમો ભાગ અનૂદિત સંપાદિત કરીને શ્રીહરિના દિવ્ય સત્સંગ સમક્ષ પ્રસ્તુત કરતા હું મનમાં પર્યાપ્ત સંતોષ અનુભવું છું. કવિવર કાલીદાસે કહેલા શબ્દ પ્રમાણે પોતાને મંદ અનુભવતો હું પૂરા વૈદુષ્યની ઊંચાઈ ધરાવતો માણસ મેળવી શકે તેવા સર્વાંગ સંપૂર્ણ ફળને લેવા માટે પ્રયાસરૂપ ઊંચો હાથ કરતો કમજોર ઠીંગણા જેવો કહેવાઉં ખરો. છતાં નિર્હેતુક વાત્સલ્યનિધિ ઈષ્ટદેવ શ્રીહરિ અને તેવા જ સદ્‌ગુણ સંપન્ન અને મને બચપણથી પાળી, પોષી અને ભણાવી સત્સંગના શુભ સંસ્કાર આપનારા મારા ગુરુજનોની કૃપાથી સત્સંગ સાહિત્યની થઈ રહેલ અણમોલ સેવામાં હું અંશતઃ સ્થાન મેળવી શક્યો છું. ખાસ કરીને સત્સંગ સાહિત્યના પ્રકાશનમાં અનુપમ ઉત્સાહપૂર્વક અવિશ્રાંત મહેનત કરનારા પૂ.પા.શાસ્ત્રી શ્રીહરિપ્રકાશદાસજીસ્વામીને વિશેષ આભારી છે કે, તેઓ આવા દુર્લભ કલ્યાણકારી સત્સંગ સાહિત્યને પ્રકાશિત કરી રહ્યા છે.

આ પ્રકાશનકાર્યમાં પૂ.પા.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી મને અવિરત મન, વચન, કર્મથી સોત્સાહ પ્રાણ પૂરી રહ્યા છે. તેમજ તેમના

શિષ્યો, સંતો, પાર્ષદો, સાધકો તથા મુમુક્ષુઓ, સહુ આ સદ્ગ્રંથના પ્રકાશનને પોતાનું પરમ કર્તવ્ય સમજીને મારા સેવાકાર્યમાં સંપૂર્ણ સહયોગી રહ્યા છે. આ કાર્યમાં તે સહુ ઘણા નિષ્ણાત અને ઉત્સાહી છે અને સાધુતાના સદ્ગુણોથી સંપન્ન છે. તેમનો સહુનો સહકાર અને સૌજન્ય મને કાયમને માટે યાદ રહેશે. ઉપર કહેલા બંને સદ્ગુરુઓ અને આ કાર્યના સહુ સહયોગીઓનો હું હાર્દિક આભાર માનું છું.

વળી દિલની ધડકનને વધારે બળ આપનારા તો સમસ્ત સત્સંગમાં વિરાજતા સહુ વાચક સજ્જનો છે. ગ્રંથ વાંચવાથી સહુનો જે સંતોષ સાંભળવા મળે છે, તે અમારા બધાના થાકને ઉતારી નાખે તેવો છે. તો આ પ્રસંગે ગ્રંથના પ્રકાશક, પ્રેરક-પ્રવર્તક, સહયોગી તથા વાચકગણ, સહુનો હું આભાર માનું છું. આપ સહુની કૃપા છે તેવી ને તેવી કૃપા અભિનવ બનીને અખંડ રહે તેમ વિનીતભાવે પ્રાર્થના કરું છું. અંતે અનુવાદમાં કે સંશોધનમાં આપને ખામી દેખાય તો આપ સહુ ઉદાર દિલે મને ક્ષમા આપશો...

અનુવાદક
શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસના
અતિ ભાવથી સહુને જય સ્વામિનારાયણ



INDEX

અનુક્રમણિકા

પૂર-૧૯


૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨		

પૂર-૨૦

૧	૨	૩	૪	૫	૬	૭	૮
૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬
૧૭	૧૮	૧૯	૨૦	૨૧	૨૨	૨૩	૨૪
૨૫	૨૬	૨૭	૨૮	૨૯	૩૦	૩૧	૩૨
૩૩	૩૪	૩૫	૩૬	૩૭	૩૮	૩૯	૪૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૪૬	૪૭	૪૮
૪૯	૫૦	૫૧	૫૨	૫૩	૫૪	૫૫	૫૬
૫૭	૫૮	૫૯	૬૦	૬૧	૬૨	૬૩	૬૪
૬૫	૬૬	૬૭	૬૮				

INDEX

પૂર-૨૧



અનુક્રમણિકા

પૂર - ૧૯

પૂર - ૨૦

પૂર - ૨૧



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૧૯

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર ઓગણીશમું : તરંગ - ૧

મંગલાચરણ અને શ્રીહરિએ વસંતપંચમીનો રંગોત્સવ કર્યો

दोहा : श्रीहरि हरिजन संत कू, सुख ही देन अपार;
प्रगट भये यह भोमि पर, वंदत वार हि वार...०१
करुणा कृपा दयालता, जितनी कहावत जोउ;
एसे गुन अपार की, मूर्ति बन आये सोउ...०२
जो जो जन जितने जोउ, शरण भये अब वेर;
अपार प्रताप देखाये तेहि, गाम गाम वेर वेर...०३

શ્રીહરિ સંતો અને હરિભક્તોને અપાર સુખ આપવાને માટે આ ભૂમિ ઉપર પ્રગટ થયા હતા, તેમને હું વારંવાર વંદન કરું છું. ૧. શ્રીહરિની મૂર્તિ જેટલી નિષ્કારણ કરુણા, કૃપાળુતા અને પ્રાર્થિત આપવારૂપ દયાળુતા કહેવાય છે, એવા તે સિવાયના બીજા અનંત ગુણોની બનેલી છે. જે આ ભૂમિ ઉપર પ્રગટ થઈ હતી. ૨. આ સમયે જે જે લોકો શ્રીહરિને શરણે આવ્યા હતા, તે બધાને ગામોગામ વારંવાર અપાર પ્રતાપ દેખાડ્યો. ૩. શ્રીહરિનો જેટલો પ્રતાપ છે તે બધો લખી શકાતો નથી. એટલે જેટલી

મારી શક્તિ છે તેટલો તે પ્રતાપ સંક્ષેપમાં લખું છું. ૪. શ્રીહરિ, સંતો, વર્ણી, પાર્ષદો, હરિભક્તો અને ધર્મકુળ, એ સહુનાં બળથી હું કાંઈક લખી રહ્યો છું. ૫. 'શ્રીહરિચરિત્રામૃતસાગર'ના ઓગણીશમા પૂરને લખવાનો આરંભ કરું છું. ૬.

હે વિઘ્નેશ ! શ્રીહરિનાં ચરિત્ર લખવામાં કોઈ વખતે કાંઈ વિઘ્ન આવે તો તે વખતે આપ આવીને વિઘ્નોને દૂર કરજો. ૭. વિઘ્નેશ ગણપતિના સિવાય વિઘ્નોનો નાશ થતો નથી. કારણ કે, જેનું જે કામ હોય તેમાં તેને શ્રીહરિએ અધિકાર આપ્યો છે. ૮. શ્રીહરિએ જે દેવને જેવો અધિકાર આપ્યો છે, તે પ્રમાણે તેઓ પોતાના અધિકારમાં મુખ્યપણે કરીને તત્પર રહ્યા છે. ૯.

✵ મરજીની મહત્તા :

चोपाई :

हरि की मरजी रहाये जेसे, देखकर तेहि करत हे तेसे;
मरजी विन देव करत जितना, दुःख देव कु आवत तितना...१०
जो जिनकु दुख आवत जेता, हरि की मरजि लोपत जो तेता;
जितना सुख वरतत रहे जेहा, हरि की मरजि में चलेउ तेहा...११
जिनकु सुख चैये ही अपारा, श्रीहरि ताकी मरजि लगारा;
लोपत नहीं सुख तामें रहाये, हरिजन एसी समझकु पाये...१२

શ્રીહરિની મરજી જોઈને દેવતાઓ પણ તેવું કાર્ય કરે છે. તેઓ જો શ્રીહરિની મરજી વિના કોઈ કામ કરે છે તો તેમને પણ તેટલું દુઃખ આવે છે. ૧૦. જેને જેટલું કાંઈ દુઃખ આવે છે તે બધું શ્રીહરિની મરજી લોપવાથી આવે છે અને જેટલું સુખ વર્તે છે તે શ્રીહરિની મરજીમાં ચાલવાથી આવે છે. ૧૧. જેને અપાર સુખ મેળવવું હોય તેણે શ્રીહરિની મરજી લગાર પણ લોપવી નહિ. કારણ કે, તેમાં જ સુખ રહ્યું છે. સહુ ભગવાનના ભક્તો આવી સમજણ પામ્યા છે. ૧૨.

હરિભક્ત સિવાયના જેટલા લોકો દુઃખમાં સુખને દેખે છે, તેનાથી તેઓ વારંવાર ભવસાગરમાં ભટકતા રહે છે. ૧૩. જેઓ દુઃખમાં પણ સુખ

માને છે તે ભગવાનના ભક્ત થતા નથી. અને ભગવાનના ભક્ત થયા સિવાય શ્રીહરિનાં ચરણોમાં ચિત્ત પરોવાતું નથી. ૧૪. શ્રીહરિનાં ચરિત્રોમાં અપરંપાર સુખ રહ્યું છે અને જેમાં દુઃખ તો બિલકુલ નથી; એવા ચરિત્રોને હવે હું કહું છું. ૧૫.

માગશર, પોષ, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, (જેઠ), અષાઢ, શ્રાવણ, ભાદરવો, આસો એટલા માસ સુધી શ્રીહરિએ ગઢપુરમાં રહીને ત્યાંના હરિભક્તોને પોતાનાં દર્શનનું સુખ આપ્યું હતું અને ભાગવતની કથા કરાવી હતી. ૧૬-૧૭. જ્યારે વસંતપંચમી આવી ત્યારે તેનો ઉત્સવ શ્રીહરિએ ગઢપુરમાં કર્યો અને ત્યાં રહેલા સહુ હરિભક્તને રંગમાં રસબસ કરી દીધા. ૧૮.

દાદા ખાચરના દરબારમાં શ્રીહરિએ રંગક્રીડા કરી અને ગુલાલ ઊડાડ્યો તેની અદ્‌ભુત શોભા થઈ હતી. દરબારગઢમાં રંગ લાગ્યા સિવાયનું કાંઈ દેખાતું ન હતું. ૧૯. દાદા ખાચરે વારંવાર શ્રીહરિની ઉપર રંગના કળશ ઢોળ્યા. તે સમયે ભાઈ રામદાસજીસ્વામી ત્યાં હતાં તેમણે રંગોત્સવ પહેલા વસંત વધાવવાનો બધો વિધિ કરાવ્યો હતો. ૨૦. વસંત, હોરી અને ધુમાર રાગના પ્રેમરસથી ભરેલા પદોને બોલ્યા. અને મૃદંગ તથા ઝાંઝ વગાડીને સહુએ ઘણો સારો ઉત્સવ કર્યો. ૨૧.

તે સમયે ઢોલ, તાંસા અને શરણાઈનો સુંદર મજાનો ધ્વનિ થઈ રહ્યો હતો. સહુ હરિભક્તો ખારેક, ખજૂર આદિ ફગવા તેમજ ગુલાલ તથા શ્રીફળ, તેના થાળ ભરી ભરીને શ્રીહરિ આગળ ધરાવતા હતા. અને હરિભક્તો ગુલાલથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૨૨-૨૩. જ્યારે હરિભક્તો પૂજા કરી રહ્યા ત્યારે રંગભીના શ્રીહરિએ રંગ ઊડાડ્યો. તેઓ પોતે પણ રંગમાં રસબસ થઈને હરિભક્તોને રંગ રંગ કરી દીધા હતા. ૨૪.

જ્યારે શ્રીહરિ રંગોત્સવ કરતા હતા તે વખતે બધા દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં પહેલેથી જ આવી ગયા હતા. ૨૫. દેવતાઓને શ્રીહરિની રંગક્રીડાનાં દર્શન કરવાનો મનમાં ભાવ હતો. શ્રીહરિના પ્રસાદીના રંગને

દુર્લભ માનતા અને આવા લહાવાને ઘણો શ્રેષ્ઠ માનતા હતા. ૨૬. ગઢપુરમાં રહીને શ્રીહરિ જે જે પર્વના ઉત્સવ દાદા ખાચરના દરબારમાં કરતા હતા તેનાથી દાદા ખાચર તો સહુથી શ્રેષ્ઠ અધિક ભાગ્યશાળી થયા હતા. ૨૭. જ્યાં સુધી ભગવાન રહ્યા ત્યાં સુધી દાદા ખાચરે તલભાર જેટલું પણ કાંઈ પોતાનું રાખ્યું ન હતું. અને તેને લીધે જ તે વધારે ઉત્તમ કહેવાયા છે. ૨૮.

જ્યારે શ્રીહરિ રંગે રમી રહ્યા, ત્યાર પછી શ્રીહરિએ બધા હરિભક્તોને ખોબા ભરી ભરીને ફગવા આપ્યા. કારણ કે, તેમને હરિભક્તો ઉપર ઘણું હેત હતું. ૨૯. બરાબર તે સમયે ત્યાં જીવા ખાચર આવ્યા અને શ્રીહરિના ચરણોમાં નમસ્કાર કર્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'અમે અત્યારે ફગવા વહેંચ્યાં તેમાં તમે પહોંચી શક્યા નહિ. ૩૦. હવે રંગ કે ફગવા લગારેય બચ્યા નથી, તમે આખા રંગ વિના રહી ગયા.' ત્યારે જીવા ખાચર બોલ્યા કે, 'મહારાજ, મારે માટે તો રંગ અને ફગવા બધું આપમાં જ રહ્યું છે. ૩૧. અમે અમારા દરબારગઢમાં રંગ તૈયાર કરી રાખ્યો છે તો આપ, સંતો અને બધા હરિભક્તોને સાથે લઈને ત્યાં પધારો. હું આપને બોલાવવા જ આવ્યો છું. ૩૨.

જેટલા વાજિંત્રો છે તે બજારમાં આગળ વાગતાં હોય તે રીતે આપ પધારો.' પછી રંગથી ભરેલા ધર્મના લાલ શ્રીહરિ તત્કાળ જ ચાલ્યા. ૩૩. સંતો અને હરિભક્તો બધાં રંગથી ભરેલા હતા. મુખથી વસંતનાં પદ ગાઈને ચાલતા હતા. આ રીતે જીવા ખાચરના ભવને સહુ આવ્યા અને તે ભવનો ઘણા ઊંચી ઊભણીવાળા હતા. ૩૪. ઉગમણાબારના ભવન હતા, તેની શોભા કહી શકાતી નથી. તે ભવનની ઓસરીમાં બિછાવેલા પલંગ ઉપર આવીને બહુનામી શ્રીહરિ બેઠા. ૩૫. તે ભવનની આગળના ચોકમાં સંતો અને સહુ હરિભક્તો બેઠા. દરબાર જીવા ખાચરે રંગ કરાવીને મોટા મોટા અનુપમ પાત્રો ભરાવી રાખ્યા હતા. ૩૬.

જેટલો બનાવ્યો હતો તે બધો રંગ શ્રીહરિની આગળ મૂક્યો અને વીશ-પચીશ થાળમાં ભરીને ગુલાલ પણ લાવીને મૂક્યો. ૩૭. ગઢપુર

ગામમાં જેટલા ઢુંઢિયા વણિક હતા તે બધા પણ જીવા ખાચરની મહોબતને લીધે ત્યાં આવ્યા હતા. ૩૮. ભાવનગરના જેઠા મહેતા નામે જે વહીવટ કરતા હતા, તે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા, છતાં ત્યાં આવ્યા હતા. ૩૯. બોરીચા અટકના જે આહિર હતા તેઓ પણ સહુ ત્યાં આવ્યા અને તેમણે શ્રીહરિના ચરણમાં મસ્તક નમાવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "મંગલાચરણ અને શ્રીહરિએ વસંતપંચમીનો રંગોત્સવ કર્યો" એ નામે પહેલો તરંગ સમાપ્ત ।।૧।।



પૂર ઓગણીશમું : તરંગ - ૨

મુક્તમુનિ વગેરે ત્રણ સદ્‌ગુરુ અને શુકમુનિ એક માસ સુધી વડોદરા રહ્યા

જીવા ખાચરના દરબારમાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. અને સંતો વસંત, ધુમાર અને હોરીનાં પદ ગાતા હતા, ત્યારે શ્રીહરિ ખૂબ પ્રસન્નતાથી ઉઠ્યા. ૧. શ્રીહરિના હૃદયમાં ઘણો સ્નેહ ભર્યો હતો એટલે તેઓ સોનાનાં કટોરા ભરી ભરીને ભક્તજનો ઉપર ઘણો રંગ ઉડાડવા લાગ્યા. ૨. જેટલા ભક્તજનો હતા એ સહુને રંગ રંગ કરી દીધા. બધા ભવનો અને ચોક પણ રંગ રંગ થઈ ગયા. ૩. જ્યારે રંગ ખૂટી ગયો ત્યારે ખૂબ જ ગુલાલ ઉડાડવા લાગ્યા અને ગુલાલ ઉડાડી રહ્યા પછી શ્રીહરિએ સહુને ફગવા આપ્યા. ૪. જ્યારે ફગવા વહેંચી રહ્યા પછી ઉન્મત્તગંગાએ સ્નાન કરવા ચાલ્યા. ખળખળિયાથી પૂર્વમાં નજીક જે એક મોટો પાણીનો ધરો હતો ત્યાં આવીને સ્નાન કર્યું. સહુનાં વસ્ત્ર રંગથી ભરેલાં હતાં. તેથી ધરો અને ઉન્મત્તગંગાનું પાણી રંગ રંગ થઈ ગયું. બંને કાંઠા પણ રંગમય થઈ ગયા. ૫-૬.

સહુ ગંગામાં નાહ્યા અને વસ્ત્ર ધોયા, તેથી ગંગાની શોભા ઘણી થઈ. શ્રીહરિ ચાર ઘડી તે ગંગાજળમાં નાહ્યા, પછી કોરાં વસ્ત્ર પહેર્યાં. ૭. સુંદર

શ્વેત ખેસ પહેર્યો, શોભાયમાન સુંદર અંગરખું ધારણ કર્યું, બન્ને હાથમાં સોનાનાં કડાં હતાં. અને મસ્તક ઉપર બાંધેલો અમૂલ્ય રેંટો સોહામણો લાગતો હતો. ૮. રેંટાની સોનેરી કોર કોઈ ભાતની સુંદર હતી, જેને ઉપમા આપી શકાતી નથી. તેના સોનેરી બન્ને જે છેડા હતા, તે છેડાનાં સુંદર છોગાં ધાર્યાં હતાં. ૯. સોનેરી કોરનો એક રેંટો સુખકારી શ્રીહરિએ કમર ઉપર કસીને બાંધ્યો હતો. અંગરખામાં સુંદર ભાતો પાડેલી હતી અને યોગ્ય સ્થળે સોનેરી તૂઈ મૂકેલી હતી. ૧૦. ગુલાબી રંગનો રેંટો ખભા ઉપર ધાર્યો હતો. તેના છેડા અને કોર સોનેરી હતી. ૧૧. છાતી ઉપર સોનાનો હાર પહેર્યો હતો, ભુજા ઉપર સોનાનાં બાજુ બાંધ્યા હતા. અને હરિભક્તોએ પહેરાવેલા કેટલાક ફૂલહાર પણ પહેર્યા હતા. ૧૨.

સુંદર ગુલાબના ગુચ્છ બન્ને કાન ઉપર ધાર્યા હતા અને લલાટની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. ૧૩. કપૂરના તોરા પાઘ ઉપર લટકી રહ્યા હતા. મસ્તક ઉપર છત્ર ધારેલું હતું અને સ્વયં અશ્વ ઉપર સવાર થયા હતા. ૧૪. અશ્વને પણ સોનાનાં બધા સાજથી શણગાર્યો હતો અને બધી જાતના વાજિંત્રો શ્રીહરિની આગળના ભાગમાં વાગતાં હતાં. ૧૫. છડીદાર સોનાની છડી હાથમાં લઈને શ્રીહરિની આગળ ચાલતા અને શ્રીહરિનો જય જયકાર કરતા હતા. ૧૬.

શ્રીહરિના જેટલા પાર્ષદો હતા તે બધા ઢાલ અને તલવારને ધારણ કરીને આગળ અને કેટલાક પાછળ ચાલતા હતા. ૧૭. સંતો અને હરિભક્તો સહુ આગળના ભાગમાં હતા. અને ગઢપુર ગામની બજારમાં સહુ ચાલ્યા આવતા હતા. આ રીતે સહુ દાદા ખાચરના દરબારમાં આવ્યા, તે સમયે વર્ણીએ રસોઈ તૈયાર કરી હતી. ૧૮. પછી શ્રીહરિએ સ્નાન કરીને પીતાંબર પહેર્યું અને થાળ જમ્યા. દાદા ખાચરના મનમાં જેવો ભાવ રહેતો તે રીતે શ્રીહરિ રોજ કરતા હતા. ૧૯. હોળી આવવાને પંદર દિવસ જ્યારે બાકી રહ્યા ત્યારે તે જોઈને સંતો જે જે દેશમાં હતા તે સહુને પત્ર લખીને ગઢપુર બોલાવ્યા. ૨૦. પત્રમાં લખ્યું કે, સહુ સંતો અને હરિભક્તોએ ગઢપુર

આવવું. તેમાં સંતોએ હુતાશની પહેલા પાંચ દિવસે આવવું. ૨૧. શ્રીહરિએ પત્રમાં જે રીતે લખ્યું હતું તે રીતે સહુ સંતો આવ્યા. સંતો શ્રીહરિની જેવી મરજી હોય તે પ્રમાણે તે મરજીને પગે લાગી માથે ચડાવતા. ૨૨.

※ વિવેક દશમો નિધિ :

મરજીપરાયણ સંતો ઉપર શ્રીહરિ બહુ રાજી રહેતા હતા અને તેમને વારંવાર બોલાવતા રહેતા. જેનામાં જેટલો વિવેક દેખતા તેને શ્રીહરિ પ્રસાદીના ફૂલના હાર આપતા. ૨૩. શ્રીહરિ જેને જેટલો વિવેક હોય તે પ્રમાણે તેને દેશકાળની વાત પૂછતા. અને વિવેકી સંતો સભામાં કરવા યોગ્ય વાતો હોય તેને કહેતા. ૨૪.

दोहा : विवेक जाकु जितना, मनुष्य तितना तेह;
विवेक न समझत जितना, मनुष्य न तितना एह...२५
विवेक जितना जिनकु जो, हरिजन होवत तेहि;
हरिजन भये न विवेक हि, अर्थ न आये एहि...२६

જેમાં જેટલો વિવેક હોય તેટલા પ્રમાણમાં તે મનુષ્ય કહેવાય અને જે વિવેકને ન સમજે તે તેટલા પ્રમાણમાં મનુષ્ય ન ગણાય. ૨૫. જેનામાં જેટલો વિવેક હોય તેટલો તે હરિભક્ત ઉપયોગી થાય છે, પણ જેમાં વિવેક ન હોય તે સેવામાં ઉપયોગી થાતો નથી. ૨૬. મુક્તાનંદસ્વામી કાનમ દેશમાં ફરવા ગયા હતા. તેઓ ત્યાંથી પહેલા વડોદરામાં આવ્યા. ૨૭.

જ્યારે વડોદરા પહોંચ્યા ત્યારે બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને શુકાનંદસ્વામી, એ ત્રણ સદ્‌ગુરુ સંતો શ્રીહરિનાં આજ્ઞા-વચનથી મુક્તાનંદસ્વામીની સાથે એક માગશર માસમાં ભેળા થઈને વડોદરામાં રહ્યા. ૨૮-૨૯. વડોદરામાં શ્યામળ શેઠના પત્ની રહેતા હતા. તેઓ પ્રવીણ બ્રાહ્મણોની પાસે પંદર દિવસ સુધી નિત્ય નવી રસોઈ કરાવીને, ૩૦. સંતોને જમાડતા હતા. તેમને દિલમાં જેવો ભાવ હતો તે પ્રમાણે રોજ બ્રાહ્મણની પાસે સંતોની પૂજા કરાવતા હતા. ૩૧. પછી સત્સંગની જેટલી વાત હતી તેને તે શેઠાણી બ્રાહ્મણનાં મુખ દ્વારા સાંભળતાં હતાં. અને સત્સંગમાં જે આપણા સંતો હતા તેનાં વર્તનની બધી વાતને પણ સાંભળતા હતા. ૩૨.

વળી, હરિભક્ત ગૃહસ્થ પુરુષોના અને હરિભક્ત ગૃહસ્થ સ્ત્રીઓના વર્તનની વાતને પણ સાંભળતા હતા. ૩૩. જેટલી હરિભક્ત વિધવા બાઈઓ હતી, તેનાં વર્તનની રીતને પણ સાંભળતાં. આ રીતે સત્સંગની બધી રીત બીજા બધા મત કરતાં ઘણી અધિક પવિત્ર હતી. ૩૪.

સત્સંગની આવી બધી વાત સાંભળીને શેઠાણીને ઘણું આશ્ચર્ય થયું. આવી બધી રીત તો કોઈ સામાન્ય મનુષ્ય અથવા દેવતાઓની પણ ન હોઈ શકે, તેવું તેમને જણાયું. ૩૫. જેને ભગવાનનો ઘણો વધારે ખપ હોય તે આવી બધી સેવા કરવાની વાતને તો કરી શકે, પણ ધર્મના નિયમો પાળવા તે તેમને માટે કઠિન દેખાતા હોય છે. ૩૬. ભગવાન જેને અપાર ખાન પાન વગેરે આપે છે, તેવા લોકોને ભવિષ્યમાં આવનારા જન્મ-મરણનાં દુઃખ લગાર પણ દેખાતાં નથી. ૩૭.

માણસને જેવી વાતનો પ્રસંગ વધારે રહેતો હોય છે, તેમને તેવો રંગ લાગી જાય છે અને તે લાગેલો રંગ તરત છૂટતો નથી. ૩૮. જેને જેટલું રુચે તેને તેટલું આપવામાં આવે તો તેમાં તેની રુચિ ટકી રહે છે. જો રુચિથી વધારે આપવામાં આવે તો તે તેને પચતું નથી. ૩૯. જે વધારે મોટા ધનાઢ્ય હોય છે તે બધા રજોગુણથી ઘેરાયેલા હોય છે અને તેઓ ખપ વિનાના હોવાથી પૂરો સત્સંગ કરતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં “મુક્તમુનિ વગેરે ત્રણ સદ્‌ગુરુ અને શુકમુનિ એક માસ સુધી વડોદરા રહ્યા” એ નામે બીજો તરંગ સમાપ્ત ।।૨।।



પૂર ઓગણીશમું : તરંગ - ૩

શ્રીહરિએ મુક્તમુનિને સંતોનો મહિમા અને ઝોળી માગવાનું કારણ કહ્યું

(હુતાશની ઉપર બોલાવેલા સંતોમાં મુક્તાનંદસ્વામી વગેરે પણ વડોદરાથી ગઢપુર આવ્યા.) ગઢપુરમાં જ્યારે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને વડોદરાની વાત પૂછી ત્યારે તેમણે તે બધી કહી. સ્વામી સમય સિવાય બોલતા નહિ. ૧. કેટલીક વાત એવી હોય છે કે, તે યોગ્ય સમય વિના કહેવામાં આવે તો તેમાં કોઈને રસ આવતો નથી, ઊલટાની તે વાત ફિક્કી લાગે છે. ૨. શ્રીહરિ જેટલી વાત પૂછતા મુક્તાનંદસ્વામી તેટલી જ કહેતા, પૂછ્યા વિના કહેતા નહિ અને વગર પૂછ્યે પણ કેટલીક મહત્ત્વપૂર્ણ વાત કહેતા હતા. ૩. મુક્તાનંદસ્વામી વાત કહેવાની બન્ને રીતને જાણતા હતા. શ્રીહરિએ તેમને કહ્યું, હે સ્વામી ! જેવી વાત બની હોય તેવી કહો. ૪. આ જગતના લોકો જેટલા પોતાના સમાન રુચિવાળા સંતો હોય તેટલાને માને છે. બંનેનું હૃદય મળી જતું હોય તો તેમાં સારા-મોળાનો કોઈ વિવેક દેખતા નથી. ૫.

चोपाई :

द्रव्य के लोभ रहाये तिनसे, जथार्थ बात न होवत इनसे;
द्रव्य कु बंधन दे देखाई, द्रव्य के संग्रह करे जाई...०६
निरजीव ताकि रहाये बाता, खल ताकु नहीं आत मनाता;
हरि के अर्थ न आवत जेता, भक्त जो बंधन देखत तेता...०७

ધનનો લોભ હોય એવા સંતથી કોઈને યથાર્થ વાત કહી શકાતી નથી. જે દ્રવ્યને બંધન તરીકે દેખાડી દેતા હોય પણ પોતે દ્રવ્યનો સંગ્રહ કરતા હોય, ૬. તેની કરેલી વાત નિર્જીવ હોય છે પણ ખળપુરુષોને આ હકીકત સમજાતી નથી. જેટલી વસ્તુ ભગવાનના ઉપયોગમાં નથી આવતી તેને ભક્ત બંધન દેખે છે. ૭. પ્રહ્લાદ, પ્રિયવ્રત, પાંડવો, ધ્રુવ, અંબરીષ, વિભીષણ, શુકજી, સનકાદિકો તથા નારદ, તે બધાની સમજણ એકસરખી હતી. ૮. જે પદાર્થ ભગવાનના ઉપયોગમાં આવે તેમાં લેશમાત્ર બંધન રહ્યું નથી. જે પદાર્થ ભગવાનના ઉપયોગમાં ન આવે તે બધા બંધનકારી છે, તેમ તે સર્વે

ભક્તો કહે છે. ૯. મનુષ્યના દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ, ઘર આદિક ધન-સંપત્તિ વગેરે જે જે વસ્તુ ભગવાનની સેવામાં ઉપયોગી ન થતા હોય તો જીવને માટે તે બંધનકર્તા કહેવાય છે. જેટલા સન્માર્ગોમાં રહ્યા છે તેમની આવી સમજણ દેખાય છે. ૧૦-૧૧.

જે જે વસ્તુ ભગવાનના સંબંધને પામે છે તે બધી વસ્તુને નિર્બાધ દેખતા રહે, એવા જે નિષ્કપટ બુદ્ધિવાળા હોય છે તે ભગવાનથી લગાર પણ દૂર નથી. ૧૨. ભગવાનની ઓથ લઈને જે માણસ પોતાના સ્વાર્થ માટે જેટલું ભોગવે છે તેટલો તે ભગવાનનો ચોર બને છે. ૧૩. કોઈ પણ ઉપભોગની વસ્તુ ભગવાનને અર્પણ કર્યા પછી પ્રસાદીની ભાવનાથી ગ્રહણ કરવામાં આવે તો તેમાં તેને બાધ હોતો નથી. ૧૪. જે માણસમાં જેટલી ઠગપણાની મતિ હોય અને જેનામાં જેટલી નિર્મળપણાની ભાવના હોય, તે બધી વાતને ભગવાન તલ તલ જેટલી પણ જાણે છે. ૧૫. જે માણસ જે રીતે વર્તતો હોય તેને ભગવાન તે રીતનું ફળ આપે છે. કારણ કે, ભગવાન તો સર્વકર્મના ફળપ્રદાતા છે. ૧૬.

❋ સંતની સેવાનો મહિમા :

વળી, શ્રીહરિએ સ્વામીને કહ્યું કે, તમારા જેવા સંતને જે જેવી ભાવનાથી સેવે છે તેમને તેવું ફળ જરૂર મળે છે. તેમાં તલભાર પણ ખોટું નથી. ૧૭. તમારા જેવા સંતને જો કોઈ મનુષ્ય એક જ વાર વસ્ત્ર ઓઢાડે તો તે જ્યાં જન્મ ધારણ કરે છે ત્યાં ક્યારેય વસ્ત્ર વિનાનો રહેતો નથી. ૧૮. જેવી મુખમાં શોભા કરે તેવી દર્પણમાં દેખાય, તેમ જે સંતને જેવા વાહનમાં બેસાડે છે તેને તેવું વાહન મળે છે. ૧૯. જે વિવેકી મનુષ્યો હોય છે તેમની આવી સમજણ હોય છે. **જેનામાં જેટલો વિવેક રહ્યો હોય તે તેટલું પોતે જ પોતાનું હિત કરે છે.** ૨૦.

તમારા જેવા જે પવિત્ર સંતો છે તેમનામાં જેને પાકો વિશ્વાસ હોય, તે સંતોની વાતો સાંભળીને જેવી બને તેવી સેવા જિંદગીભર કરતો રહે છે અને તેથી તેવા લોકો અનંત સુખ પામે છે. જેને અનંત સુખનો લોભ હોય તેવા લોકો તમારા જેવા સંતની શુદ્ધભાવે કરીને સેવા કરે છે. અને

તેના ફળસ્વરૂપે તેમને અગણિત સુખ પ્રાપ્ત થાય છે. તમારા જેવા જે સંતો છે તે ઘેર ઘેર ઝોળી ફરવા, ૨૧-૨૩. રોજ રોજ જાય છે. તેમાં કેટલીક કલ્યાણકારી વાત રહેલી હોય છે. તે તમને યથાર્થરૂપમાં દેખાતું નથી. માટે અમે પણ તે વાત સંકોચ રાખીને કહીએ છીએ. ૨૪.

વાત કર્યા સિવાય તે વાત ક્યારેય સમજાતી નથી. મને તમારા ઉપર હેત છે એટલે સમજાવવા માટે આ વાત કહું છું. ૨૫. જીવના મોક્ષની રીતમાં કોઈ લોકો સમજતા નથી. તેથી જેવા ગુરુ મળી ગયા હોય છે તેમાં તે બંધાઈ ગયા હોય છે. ૨૬. જેની જેવી જાતિ હોય તેનો જેમ દઢાવ થયો હોય છે, તે જ રીતે જેને ગુરુ માન્યા હોય તેનો દઢાવ લોકો કરે છે. ૨૭. જે લોકોને સાચા ગુરુના વર્તનની કશી ગમ ન પડતી હોય તેઓ ભગવાન અને ગુરુમાં કોઈ ભેદ માનતા નથી. કારણ કે, તેના જીવમાં તેવો જ પાસ લાગ્યો છે. ૨૮. જો તેવા લોકોને સાચી વાત કહેવામાં આવે, તોપણ કરોડો ઉપાયોએ કરીને પણ તેઓ તરત માનતા નથી. હવે તેવા લોકોના જીવનું સારું કરવા માટે અમે ઝોળીએ ફરવાનો નિર્ણય કર્યો છે. ૨૯. કારણ કે, આ ભૂમિ ઉપર અમે વારેવારે ક્યારેય આવવાના નથી. ચાહે તેવા મતાંતરના લોકો હોય તોપણ તેઓ ઝોળીમાં લોટ આપશે. ૩૦.

અમુક લોકો સંતોની સન્મુખ કોઈ રીતે ચાલે તેમ નથી, તે વાત ચોક્કસ છે. તેવા લોકો પણ ઝોળીના દ્વારાએ સન્મુખ ચાલશે. તેમાં લોકોનું કાંઈ છળ ચાલશે નહિ. ૩૧. **ઝોળી આપવા માટે પણ સંતોની સન્મુખ માણસ જેટલાં પગલાં ચાલે છે, તેને એક એક પગલે યજ્ઞનું પુણ્ય થાય છે. ૩૨.** તમારા જેવા સંતને માટે જેટલા લોકો સારી ભાવનાએ સહિત જેટલું કરશે તેને તેટલું અપાર પુણ્ય થાય છે. મિથ્યા ગુરુથી તો કાંઈ પુણ્ય મળતું નથી. ૩૩. તમારા જેવા સંતો જેને ઘેર જઈને એકવાર પણ 'નારાયણ હરે... સચ્ચિદાનંદ પ્રભો...' એવો શબ્દ બોલે છે, ત્યારે તેનાં પાપ તરત જ બળવા લાગે છે. ૩૪.

जितने तीर्थ कहावत जेहा, तुम सरिखे संत महिं तेहा;
करिके रहे चरण में वासा, एसे चरण धरत घर पासा...३५

महिमा जाने विन हि ताके, आश्चर्य कछु लगत नहीं वाके;
महिमा जितना समझत जेहू, तितना बलकु पावत तेहू...३६

दोहा : महात्म बिन कोउ बात हि, जनसे नहीं बनि आत;
महात्म समझत जबहि जो, दुरघट न बात रहात...३७

તમારા જેવા સંતોનાં ચરણમાં જેટલા તીર્થો કહેવાય છે, તે બધા નિવાસ કરીને રહ્યા છે. આવા તમારા ચરણો લોકોના ઘરઆંગણે મૂકો છો પરંતુ તેના મહિમાને જાણ્યા વિના તેનું કાંઈ આશ્ચર્ય લાગતું નથી. માણસ જેટલો મહિમા સમજે છે તેટલો તે બળને પામે છે. ૩૫-૩૬. માહાત્મ્ય સમજ્યા સિવાય મનુષ્યથી કોઈ વાત થઈ શકતી નથી. અને જ્યારે જેને માહાત્મ્ય સમજાય છે ત્યારે તેને કોઈ વાત અશક્ય રહેતી નથી. ૩૭. માણસને પોતાના દેહ અને દેહના સંબંધીને માટે જે કાંઈ પણ કરવું પડે છે, તે લેશમાત્ર પણ કઠણ લાગતું નથી. કારણ કે, તેનો મહિમા સમજાયેલો હોય છે; માહાત્મ્ય આવા પ્રકારનું હોય છે. ૩૮.

सोरठा : जेति कठिन देखात, करना जो जो बात यह;
महात्म नहीं जनात, प्रसिद्ध बात देख परत...३९
जितना करत हि जेहि, जाके हित हि बात जोउ;
तितना महात्म तेहि, तिन करि करना सुगम रहे...४०

જે કોઈ પણ બાબતો કરવી જેટલી કઠણ દેખાય છે તેનું તેટલું માહાત્મ્ય જાણવામાં નથી આવ્યું હોતું એટલે તે કઠણ દેખાય છે. આ વાત પ્રસિદ્ધ દેખી શકાય છે. ૩૯. માણસ જેને માટે જેટલું કરતો હોય છે, તેટલું તેનું માહાત્મ્ય તે સમજે છે. તે માહાત્મ્યને લીધે જ જે કાંઈ કરવું પડે છે તે તેને સુગમ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ મુક્તમુનિને સંતોનો મહિમા અને ઝોળી માગવાનું કારણ કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪

સન્માર્ગ અને અસન્માર્ગ બતાવીને શ્રીહરિએ સંતોનું માહાત્મ્ય કહ્યું

શ્રીહરિએ કહેલી વાત સાંભળીને મુનિવર્ય મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની આગળ બે હાથ જોડીને કહ્યું, ૧. 'જેના જે ઈષ્ટદેવ હોય છે, તેને સહુ બધાથી અધિક કરીને માને છે અને તેને જ મોક્ષરૂપ માને છે. ૨. જે ઝાડ જે સ્થળે મૂળ બાંધીને રહ્યું હોય તેને જોરથી જો ઊખાડી નાખવામાં આવે તો તેમાં ફળ, ફૂલ અને રસ કાંઈ રહેતું નથી. ૩. વૃક્ષના ફળનું બીજ જે જગ્યાએ રોપવામાં આવે અને તેનું જે વૃક્ષ થાય, તેમાં ફળ, ફૂલ અને રસ બધું જ થાય છે. ૪.

જેનામાં વિવેક અધિક રહ્યો હોય તેવા સાધારણ માણસો પણ સંતોની વાત સાંભળીને સત્સંગ કરે છે. ૫. જ્યારે તે સત્સંગી થાય છે ત્યારે મન, ઈન્દ્રિયનો સંગ છોડી દે છે અને સત્સંગથી પ્રતિકૂળ જેટલી બાબતો દેખ્યામાં આવે, ૬. તેને જન્મ અને મરણનું દ્વાર સમજીને સત્સંગી મનુષ્ય તેની આસક્તિને છોડી દે છે. જે સમુદ્ર તરવાને માટે જતા હોય છે તે દરેક મનુષ્ય તૂટી ગયેલા વહાણને જોઈને તેમાં ક્યારેય બેસતા નથી. પણ જ્યારે તે તૂટ્યા વિનાના નાવમાં બેસે છે ત્યારે સમુદ્રના પારને પામે છે. ૭-૮.

જે ગુરુમાં ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન ન હોય તેવા ગુરુઓ તો તૂટેલા વહાણના જેવા છે. પણ શું કરીએ ? સામાન્ય માણસને તેનું જ્ઞાન હોતું નથી. ૯. જો ગુરુને જ પહેલા જન્મ-મરણ, લખચોરાશી અને જમપુરીનું જ્ઞાન ન હોય તો તે શિષ્યને ક્યાંથી બતાવે ? ૧૦. જેવા જ્ઞાન વગરના ગુરુઓ હોય છે તેવા જ તેમના શિષ્યો પણ જ્ઞાન વિનાના હોય છે. અહીંયાં જે રીતે મન કહે તેમ ચાલે છે તે રીતે જમપુરીમાં મનધાર્યું કરવાનું તેવું ફળ જોશે. ૧૧. તે ગુરુ અને શિષ્યને જમરાજા જમપુરીમાં જ્ઞાન કરાવે છે અને તે બંનેએ ધર્મના કાયદાનો જેટલો લોપ કર્યો હોય તેને પણ ધર્મરાજા દેખાડી દે છે. ૧૨. જીવે જેટલા ધર્મના કાયદાનો લોપ કર્યો હોય છે તેને જમરાજા પહેલા કબૂલ કરાવે છે અને પછી તે કાયદા લોપવાનું બધું યથાર્થ ફળ તેને આપે છે. ૧૩.

✵ સાચા સંતની સેવાનું ફળ :

दोहा : साचे संत तिनकी जोउ, सेवा करेउ जेति;
अजान हि को प्रसंग कर, सहाय होवत तेति...१४

सोरठा : जो जो जोनि में जात, साचे संत कि जितनी जोउ;
सेवा सहाय में आत, ओर सहाय न करत कोउ...१५
साचे संत हि ताकि, सेवा मिलत न भाग्य बिन;
साचे संत हि वाकि, सेवा में साधन रहे सब...१६

અજાણે પણ કોઈક પ્રસંગે સાચા સંતની સેવા કોઈએ કરી હોય તો તે જમપુરીમાં તેટલી સહાય કરે છે. ૧૪. પૂર્વે સાચા સંતની જેટલી સેવા કરી હોય છે તે સેવા જીવ જે જે યોનિમાં જાય છે ત્યાં તેને સહાય કરે છે, બીજી કોઈ વસ્તુ તેને મદદ કરતી નથી. ૧૫. ભાગ્ય વગરના માણસને સાચા સંતની સેવા મળતી નથી. સાધનમાત્ર સાચા સંતની સેવામાં રહ્યા છે.' ૧૬. મુક્તાનંદસ્વામીએ કહેલી વાતને સાંભળીને બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી બોલ્યા કે, 'મુક્તમુનિની વાત સાચી છે, સંતની સેવા કરવામાં જેટલાં સાધનમાત્ર છે તે બધા આવ્યા વિના રહેતા નથી. ૧૭. પૂર્વે જે મોટા મોટા સંતો થઈ ગયા છે તેમણે સંતોની સેવાને બધા સાધનો કરતાં અધિક કહી છે.' ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'તમારી કહેલી વાત સાચી છે. ૧૮.

નારદજીએ જ્યારે સંતોની સેવા કરી ત્યારે તેઓ ભગવાનનું મન બન્યા હતા. સંતોની સેવાનું જેટલું પુણ્યરૂપ ફળ થાય છે તેટલું જ સંતોનો દ્રોહ કરવાથી પાપ થાય છે. ૧૯. જય અને વિજય ભગવાનના હજૂરી પાર્ષદ હતા. જ્યાં કાળનો પણ કોઈ જાતનો ભય નથી તેવા વૈકુંઠ લોકમાં તેઓ રહેતા હતા. ૨૦. સનકાદિક જેવા સંત કરતાં બીજા કોઈ મોટા ગણાતા નથી. સનકાદિકો તો આદિ કાળના સંતો છે અને બ્રહ્માના પુત્ર છે. ૨૧. ભગવાનના ચોવીશ અવતારોમાં સનકાદિકોને નિર્ધારિત કર્યા છે. તે સનકાદિકોએ પોતાના જીવનમાં ભગવાનથી કોઈ બાબત અધિક રાખી નહોતી; એવા તેઓ હતા. ૨૨.

જે જે કાંઈ સુખ કહેવાતું હતું તે બધું તેમણે ભગવાનનાં સ્વરૂપમાં જ માન્યું હતું. તેઓએ દેહ, ઈન્દ્રિય, મન અને પ્રાણોને પણ પોતાના રાખ્યા ન હતા, એવા તેઓ હતા. ૨૩. **જે ભગવાનના ભક્ત હોવા છતાં જેટલું કાંઈ પોતાનું કરી રાખે છે તેટલું તેને દુઃખ આવે છે. કારણ કે, અહંતા-મમતામાં હંમેશાં દુઃખ રહ્યું છે. ૨૪.** જય અને વિજયને અહં-મમત્વ રહી ગયું હતું. તેને લીધે તેઓ સનકાદિકને જોઈને અનાદરથી હસ્યા હતા. ૨૫. બીજી બાજું સનકાદિકોને તો ત્યારે ભગવાનનાં દર્શન કરવાની મનમાં અત્યંત આતુરતા હતી. ૨૬.

પોતાને દર્શન કરવાની જે ઉતાવળ હતી તેમાં જય-વિજયે એક ક્ષણવાર પણ રોક્યા, તેનાથી તેમનાં હૃદયમાં અપાર ઉદ્વેગ થઈ ગયો. ૨૭. સનકાદિકોનાં મનમાં થયું કે, આવા અવિવેકી પાર્ષદો આવા પવિત્ર સ્થાનમાં રહેવા જોઈએ નહિ. ત્યારે ભગવાન વિષ્ણુ તરત ત્યાં દોડીને આવ્યા અને સનકાદિકોને શાંત કર્યા. ૨૮. જો કે ભગવાનને તો જય અને વિજય પાર્ષદ ઘણા વહાલા હતા, છતાં તેમણે સનકાદિક સંતોને દુભવ્યા હોવાથી તત્કાળ જ તેનો ત્યાગ કર્યો. ૨૯. ભગવાને તે બંને પાર્ષદોને દૈત્યની યોનિમાં જન્મ લેવડાવ્યો. તેમને દૈત્યોના રાજા કર્યા અને ત્રણવાર પોતે તેનો નાશ કરવા અવતાર ધાર્યો હતો. ૩૦.

ભગવાને તેમને સંતોના દ્રોહી દેખીને ત્રણવાર અહીં પૃથ્વી પર પ્રગટ થઈને માર્યા. જે માણસ જેટલા સત્યના માર્ગે ચાલે છે તેને ભગવાન તેટલા સંતનાં રૂપમાં દેખે છે. ૩૧. અને જેઓ અસત્ય માર્ગે ચાલે છે તેને અસંતનાં રૂપમાં દેખે છે. અસુર, અસંત અને દૈત્ય આ ત્રણેય નામ એકસરખા છે, આવા બીજા તો અનેક નામ છે. ૩૨. સન્માર્ગે ચાલવાથી તે ચાલનારા સંત કહેવાય છે અને અસન્માર્ગે ચાલવાથી તે ચાલનારા અસંત કહેવાય છે. જે જેવા માર્ગે ચાલે છે તેવી તેમની છાપ પડી જાય છે. ૩૩. **ગૃહસ્થાશ્રમમાં રહીને જે સંતોનો સમાગમ કરે છે અને ભગવાનના સ્વરૂપમાં હેત કરે છે, તે બધા હરિભક્ત કહેવાય છે. ૩૪.** જેટલા સત્સંગી કહેવાતા હોય છે તેઓ અસંતનો સંગ કરતા નથી. પોતાનો દેહ, ઈન્દ્રિય અને મન તેમજ જે

પોતાના સંબંધીઓ ભગવાનથી પ્રતિકૂળ જ્યાં સુધી દેખ્યામાં આવે ત્યાં સુધી તેને પણ અસંત જાણીને તેનો સંગ કરતા નથી. અરે, આત્મા સિવાયના બધાનો ત્યાગ કરી દે છે. ૩૫-૩૬.

दोहा : संत हरिजन तिनके जो, वर्तन जेसे रहेउ;
वेर वेर करना मनन हि, श्रवन बिन टकत न तेउ...३७
श्रवन मनन हि करन महिं, प्रमाद रखत जेते;
अलभ्य वस्तु कु पायकर, तुच्छ मति रहत तेते...३८

સાચા સંતો અને હરિભક્તોનું વર્તન જેવું હોય છે તેને વારંવાર સાંભળવું અને તેનું મનન કરવું. તે શ્રવણ-મનન કર્યા સિવાય ટકતું નથી. ૩૭. જે ભક્તો શ્રવણ-મનન કરવામાં પ્રમાદ રાખે છે તેઓ અલભ્ય વસ્તુને પામ્યા પછી પણ તુચ્છ મતિવાળા રહે છે. ૩૮.

માનો કોઈ વાનરને રાજા કર્યો હોય, તોપણ તે કોઈ સારાં ફળને દેખીને ગાદી ઉપરથી કૂદી પડે છે અને પોતાનું મૂળ વાનરરૂપ દેખાડે છે. ૩૯. તેમ ભગવાનનો ભક્ત થઈને સંતોના ઉપદેશનું શ્રવણ-મનન કર્યા વગર ભગવાન સિવાયની બીજી તુચ્છ વસ્તુને માટે ક્ષણે ક્ષણે દીન થઈને રહે છે અને તેનો ક્ષોભ ક્યારેય ટળતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "સન્માર્ગ અને અસન્માર્ગ બતાવીને શ્રીહરિએ સંતોનું માહાત્મ્ય કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫

શ્રીહરિએ ધર્મવંશી અને અધર્મવંશીનાં લક્ષણ અને ફળ કહ્યાં

શ્રીહરિએ ફૂલદોલનો ઉત્સવ ગઢપુરમાં કરવો છે, તેમ નક્કી કરીને સહુ સંતો અને હરિભક્તોને ત્યાં બોલાવી લીધા હતા. ૧. અમદાવાદની આસપાસના જે હરિભક્તો હતા તે બધા પોતાની ગાડીઓ લઈને ગઢપુર આવ્યા. જેનો ગણે પાર આવતો ન હતો. ૨. તે હરિભક્તો રસોઈનું સીધું

અને ઓઢવા, પાથરવા વગેરેની આવશ્યક ચીજોને પોતપોતાની ગાડીમાં મૂકીને આવ્યા હતા. ૩. ચરોતર પ્રદેશના જે હરિભક્તો હતા તે પણ પોતપોતાની ગાડીઓ લઈને આવ્યા, તેમનો પણ પાર ન હતો. ૪. હરિભક્તો પોતપોતાનો જરૂરી સામાન લાવ્યા હતા. તેમાં જેટલા નવા નવા હરિભક્તો હતા અને જેઓ સત્સંગની તથા સમૈયાની રીતને સમજતા ન હતા, તેમને તે તે ગામના બધા જૂના હરિભક્તો નવા હરિભક્તોને સત્સંગમાં જે રીતે રહેવું જોઈએ તેવી રીત હેતથી સમજાવતા હતા. ૫-૬.

❋ ધર્માદાનું અન્નાદિક ન ગ્રહણ કરવા વિશે :

चोपाई :

मोक्ष के पुरे खप रहे जाही, हरिजन कहत त्यूं करत ताही;
पूरे खप बिन ही जो जेते, हरिजन भयेउ जितना तेते...०७
हरिजन के जिहाँ तिहाँ जाई, अन्न खाना एसी मति रहे ताई;
एसे हरिजन सत्संग तामें, वृद्धि कबहु न पावत यामें...०८

જેમને મોક્ષનો પૂરો ખપ હતો તેવા હરિભક્તો બીજા ભક્તો જેમ કહે તેમ કરતા હતા. પણ જેને મોક્ષનો પૂરો ખપ ન હોય અને તેઓ હરિભક્ત થઈ ગયા હોય તેઓ બીજા હરિભક્તોને રસોડે જ્યાં ત્યાં અન્ન ખાઈ લેવાની ભાવના રાખતા હતા. અને તેવા હરિભક્તો સત્સંગમાં રહે છતાં પણ તેમનું અંગ ક્યારેય વૃદ્ધિ પામતું નહિ. ૭-૮.

જે લોકો યાત્રાની વિધિને જાણ્યા વિના યાત્રા કરે છે તેમને યાત્રાનું ફળ મળતું નથી. પણ જેટલા પાકા હરિભક્ત હોય છે તેઓ યાત્રાની બધી વિધિને પૂરી રીતે જાણતા હોય છે. ૯. જે ઘડો ફૂટેલો ન હોય તેમાં પૂરું પાણી આવે છે પરંતુ ગંગાનું પાણી હોય તોપણ ફૂટેલા ઘડામાં રહેતું નથી. ૧૦.

જેટલા બુદ્ધિમાન હરિભક્તો છે તેઓ યાત્રાનું સંપૂર્ણ ફળ મેળવવામાં કુશળ હોય છે. તેથી તેઓ ક્યારેય સંતો, ગુરુ અને ભગવાનનું મંદિર, તેમની કોઈ પણ વસ્તુ કે પદાર્થને ભોગવવાનો મનમાં ક્યારેય સંકલ્પ કરતા નથી. આવી જેની નિર્મળ બુદ્ધિ હોય છે તે બધા સંતો, ગુરુ, અને ભગવાનના મંદિરનો ઉપકાર કરવાની મનમાં શુદ્ધ ભાવના રાખે છે. ૧૧-૧૨.

એવા જે શુદ્ધ મતિવાળા હરિભક્તો છે તે આ સત્સંગમાં દિનપ્રતિદિન વૃદ્ધિને પામે છે. ૧૩. હરિભક્તો જ્યારે સેવા કરતા હોય છે ત્યારે ગુરુ અથવા સંત રાજી થઈને જો કાંઈક ભગવાનનો પ્રસાદ આપે તો ત્યારે તેને ઘણા આદરથી લે છે. ૧૪.

❋ અમહિમા અધર્મનું દ્વાર છે :

હરિભક્તો પરસ્પર એકબીજાની મોટપ કહેતા રહે તો તેને લીધે હરિભક્તો એકબીજાની ઈર્ષ્યા કરતા નથી. ૧૫. એક હરિભક્ત બીજા હરિભક્તની મોટાઈ જેટલી કહે છે તેટલી તે મોટાઈ પામે છે. અને તેમ કર્યા સિવાય કોઈને મોટાઈ મળતી નથી. ૧૬.

हरिजन होई हरिजन तामें, जितना मन मिलत न यामें;
अधर्म वंश तितना तिनमें, प्रवेश करेउ आई इनमें...१७
हरिजन कि अरुचि अधर्म ताके, द्वार रहे प्रवेश के वाके;
हरिजन में रुचि तितना जोऊ, अधर्म के द्वार बंध रहे सोऊ...१८
सत्संग पर जेति अरुचि जाकू, अधर्म हि वंशि देखना वाकू;
सत्संग पर जेति रुचि जाही, धर्मवंशि देखना यह ताही...१९

પોતે હરિભક્ત થઈને બીજા હરિભક્તોની સાથે જેટલો મન મેળવીને ન રહે તો તેમાં તેટલો અધર્મવંશ આવીને પ્રવેશ કરી જાય છે. ૧૭. જેને હરિભક્તોની અરુચિ રહેતી હોય તો તે અરુચિ અધર્મને પ્રવેશવાનું દ્વાર બની જાય છે અને હરિભક્તોમાં જેટલી વધારે રુચિ રહે છે તેટલું અધર્મનું દ્વાર તેનાથી બંધ રહે છે. ૧૮. જેને સત્સંગ ઉપર જેટલી અરુચિ રહેતી હોય તેટલો તેને અધર્મવંશી દેખવો અને જેને સત્સંગ ઉપર જેટલી વધારે રુચિ રહેતી હોય તેટલો તેને ધર્મવંશી દેખવો. ૧૯.

બ્રાહ્મણથી લઈને ચંડાળ પર્યંતના માણસને જે બુદ્ધિશાળી છે તે પારખી લે છે. સંતો જ્યારે સત્સંગમાં ફરતા હોય છે ત્યારે હરિભક્તોનાં હિતને માટે આવી બધી વાતો રાત-દિવસ કહેતા રહે છે. જેમ ઘણી જાતનાં પકવાનો હોય અને વિવિધ પ્રકારના મેવાઓ હોય તે રીતે સંતો પણ આવી વિવિધ પ્રકારની વાતો કરે છે. ૨૦-૨૧.

જેમ ઘરેણાં અને વસ્ત્ર બહુ પ્રકારનાં હોય છે, તેનું વર્ણન કરે પાર આવતો નથી. જેમ માણેક, મોતી અને હીરા વગેરે અપાર ઝવેરાત હોય છે, અને જેમ લોકોને પ્રીતિ ઉપજાવનારા ઘણી જાતનાં રાગ રંગ હોય છે, તે રીતે સંતોની વાતો પણ વિવિધ પ્રકારની હોય છે અને તેમાં રસ પણ વિવિધ પ્રકારનો રહ્યો હોય છે. ૨૨-૨૩.

સંતોએ કહેલી વાતોમાં જ્યારે મુમુક્ષુઓ રુચિ કરે છે ત્યારે તેમને મોક્ષરૂપ ફળ મળે છે. અને સંતોની કલ્યાણકારી વાત સિવાયની બીજી બાબતમાં જેટલી રુચિ કરે છે તેટલું તેને વારંવાર ભવસાગરમાં ભટકવાનું રહે છે. સંતોની કલ્યાણકારી વાત સિવાય બીજી વાતમાં તો આવું ફળ રહ્યું છે. ૨૪-૨૫. ઉપર કહેલી બન્ને પ્રકારની વાતના અલગ અલગ ફળ સાક્ષાત્ બતાવી દીધા છે. જેટલા ધર્મવંશી લોકો હોય છે તેઓ મોક્ષરૂપી ફળને ચાહે છે. ૨૬.

જગતમાં જે અધર્મવંશી મનુષ્યો છે તેઓ તો મોક્ષ સિવાયના બીજા વિષયરૂપ ફળને મેળવવા માટે તત્પર થઈને મહેનત કરે છે. ૨૭. પછી તો તેઓ જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીમાં ભટકતા રહે છે. તેઓ દુઃખથી ઝૂરી ઝૂરીને મરે છે, તોપણ પોતાની કુબુદ્ધિને છોડતા નથી. ૨૮. જે ધર્મવંશી મનુષ્યો છે તે અધર્મવંશીનાં દુઃખને દેખે છે. પછી સંતોને ધર્મવંશીનો માર્ગ પૂછે છે અને તેમાં આગળ ચાલતા રહે છે. ૨૯. જેટલી નીતિ સંબંધી વાત છે તે ધર્મવંશીનો માર્ગ છે અને જેટલી અનીતિ સંબંધી વાત છે તે અધર્મવંશીનો માર્ગ છે. ૩૦.

ભગવાન, સંત અને લોકનો જે જેટલો ડર રાખીને ચાલે છે અને જેટલો ડર જેને રહે છે તેટલા તેમને ધર્મવંશી મનુષ્યો જાણવા. ૩૧. ભગવાન, સંત, લોકમર્યાદા, નીતિશાસ્ત્ર અને રાજા, તે બધાનો જેને ડર નથી તેવા લોકોને અધર્મવંશી ગણવા. ૩૨. માણસને મારી નાખે ત્યાં સુધી પણ જેનાં મનમાં જરાય ત્રાસ ન થતો હોય તેવા અપાર અધર્મવંશીઓને દેખીને તે સમયે ધર્મવંશી રાજા તેવા દુષ્ટ લોકોને કેદમાં કરી તેના ગુણ-દોષની ઘણીવાર તપાસ કરે છે. તે પૂરી રીતે તપાસ કર્યા સિવાય ધર્મવંશી રાજા મનુષ્યની હત્યા કરતો નથી. ૩૩-૩૪.

જગતમાં લોકો પણ રાજાની ઉપર અપવાદ મૂક્યા સિવાય ક્યારેય રહેતા નથી એટલે તે રાજા પોતાના ઉપર કોઈ પણ જાતનો અપવાદ ન આવે તે રીતે અપરાધનો નિર્ણય કરે છે. તે નિર્ણય પણ કોઈ એક વ્યક્તિ નથી કરતી. આવો તે વિવેક રાખે છે અને તેવા નીતિવાળા રાજાને આ લોક કે પરલોકમાં ક્યારેય કોઈ બાધ આવતો નથી. ૩૫-૩૬. આવો નિર્બાધ નિર્ણય કરી અને હત્યારા માણસને લોકમાં જાહેર કરી દે છે અને પછી જ તે રાજા ગુનેગારને ફાંસી અપાવડાવે છે. ૩૭. જેટલા અધર્મવંશીઓ છે તે બધા મનમાં ફાંસીના ડરથી અતિશય ડરતા રહે છે પણ તેમને પાપનો ડર રહેતો નથી. ૩૮. જે પ્રજાને સુખી કરે છે તે જ રાજા સાચા રૂપમાં રાજા કહેવાય છે અને જે પ્રજાને દુઃખી કરે છે તેઓ તો ભૂમિના ભારરૂપ ગણાય છે. ૩૯. **જે સાચા ગુરુ અને સાચા સંતો છે તે માનવોને સદ્‌બુદ્ધિ આપતા રહે છે. અને તેથી તેઓ તો માતા-પિતા કરતાં પણ અધિક પરોપકારી કહેવાય છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ ધર્મવંશી અને અધર્મવંશીનાં લક્ષણ અને ફળ કહ્યાં" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર ઓગણીશમું : તરંગ - ૬

શ્રીહરિએ સંતોની સેવાથી ઉદ્ધાર થાય છે, તેમ સંતોનું મહત્ત્વ કહ્યું

તે વખતે વડોદરા અને વડોદરા પ્રદેશના અપાર હરિભક્તો પોતપોતાનાં વાહન લઈને ગઢપુર આવ્યા હતા. ૧. સુરત અને સુરત પ્રદેશના અપાર હરિભક્તો વહાણમાં બેસીને ભાવનગર આવીને ઊતર્યા હતા. ૨. જેટલા હરિભક્તો હતા તે અલગ અલગ પોતાની ગાડી ભાડે કરીને સહુ ગઢપુર આવ્યા હતા. ૩. સુરતના ભાણા સુતાર નામે એક હરિભક્ત હતા તે શ્રીહરિ માટે ઘણા ભક્તિભાવથી સિંહાસન કરી લાવ્યા હતા. ૪. તે સિંહાસન સાગનું સંઘેડા ઉતાર અને ઝીણી નકશીવાળું હતું. તેને દાદા ખાચરના ચોક વચ્ચે

જે ઉત્તરાદા બારના મોટા ઓરડાઓ છે કે જે જીવા ખાચરના ઓરડા કરતાં પણ મહારાજે ઊંચા કરાવ્યા છે. તે ઓરડાની પાછળની દિવાલના અંદરના ભાગમાં તે સિંહાસન સવારના પહોરમાં ઊભું કર્યું. ૫-૬. તેના ઉપર અમૂલ્ય ગાદીતકિયા બિછાવ્યા અને પછી શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. બધા અંગ ઉપર વસંતી વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૭. તે સમયે ત્યાં જેટલા સંતો અને હરિભક્તો આવ્યા હતા તેમની સભા થઈ. શ્રીહરિએ અપાર પ્રસન્ન થઈને ફૂલના હાર પહેર્યા હતા. ૮.

સુખદાયક શ્યામસુંદર શ્રીહરિએ ભાણા સુતારને બોલાવ્યા અને તેને ફૂલના હાર આપ્યા. વળી મુખથી બોલ્યા કે, 'આ સિંહાસન ઘણી કારીગરી કરીને લાવ્યા છો.' ૯. તે સમયે ભાણા સુતારે શ્રીહરિનાં ચરણકમળને છાતી ઉપર લીધા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક સંતોએ દોકડ અને સરોદ વગેરે લીધા. પછી પ્રેમરસથી લીન થઈને શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સંતો, ***'કુંવર કનૈયા ખેલે હોરી રે, જાકું વેદ વખાને...કુંવર૰ ટેક કોટી કોટી બ્રહ્માંડકો કર્તા, ફગવા માગત દોરી.'*** આ રીતે વસંત અને હોરીના પદોને ગાવા લાગ્યા. ૧૦-૧૧. શ્રીહરિને વસંત અને હોરીનાં પદો ખૂબ જ ગમતા હતા. શ્રીહરિ જે જે રસ માત્ર કહેવાય છે તેની સાક્ષાત્ મૂર્તિ છે. ૧૨.

જે જે દેશના અપાર હરિભક્તો આવ્યા હતા તેને યોગ્ય ભવન જોઈને તેઓ તેમાં ઊતર્યા હતા. ૧૩. કેટલાક હરિભક્તો ગુલાલના થાળ ભરી ભરીને લાવતા હતા તેને શ્રીહરિ તરત જ પોતાના હાથમાં લઈને ઉડાડવા લાગતા હતા. તેમાં વિલંબ કરતા નહિ. ૧૪. શ્રીહરિ સંતો અને હરિભક્તોની સભાને રંગ રંગ કરી દેતા હતા. તેની અદ્‌ભુત શોભામાં બીજી બધી શોભા લીન થઈ જતી હતી. ૧૫. જે જે દેશના હરિભક્તો હતા તે સહુ સંપીને શ્રીહરિ અને સંતોને માટે રોજ રસોઈ આપતા રહેતા. ૧૬.

શ્રીહરિ પણ રોજ સંતોની પંગતમાં પ્રેમમગ્ન થઈને સંતોને પરમ ભાવથી ભોજન પીરસતા હતા. ૧૭. જે હરિભક્તો રસોઈ આપતા હતા, તેમને શ્રીહરિ સંતોને પીરસીને રોજ રોજ રાજી કરતા હતા. સંતો ગામડે ગામડે

જઈને હરિભક્તોની આગળ સાક્ષાત્ ભગવાનની કથા-વાર્તા કરતા હતા. ૧૮. સંતો ભક્તોને રૂડી બુદ્ધિ આપતા અને કુબુદ્ધિજનનો પાસ બેસવા દેતા નહિ. અને સંતોને દેખીને કુબુદ્ધિવાળા બળી મરે તેવા ઉપાય કરતા હતા. ૧૯. સંતો તો અપાર શુદ્ધચરિત્રવાળા હતા અને તેની પાસે કુબુદ્ધિ લોકોનું લગાર પણ ચાલતું નહિ. કુબુદ્ધિવાળામાં તો જેટલી નિંદિત બાબતો છે તે બધી ભરપૂર ભરી હોય છે. ૨૦. કુબુદ્ધિ મનુષ્યમાં જેટલાં અપલક્ષણો હોય છે, તેને સંતો હરિભક્તો આગળ બતાવી દેતા હતા. અને તેનાથી કુબુદ્ધિ વાળા લોકો સંતોનો દ્રોહ કરતા હતા પણ તેમનું કાંઈ ચાલતું નહિ. ૨૧. જે કુબુદ્ધિવાળા લોકો રોજ રોજ સંતોનો દ્રોહ કરતા હતા, તેઓ સંતોના દ્રોહના પાપથી તત્કાળ જ પોતાના અધિકાર પદથી ભ્રષ્ટ થઈ ગયા હતા. ૨૨.

જય-વિજય જેવાએ સહુ પહેલા સંતોની સેવા કરી હતી તો દુર્લભ એવું વૈકુંઠધામ તેમને પ્રાપ્ત થયું અને ભગવાનના હજૂરી સેવક થઈને રહ્યા. ૨૩. પણ તેમનામાં જ્યારે ગર્વરૂપ કુબુદ્ધિ આવી ત્યારે સંતોની કરેલી સેવાને ભૂલી ગયા અને જેનાથી પોતાને અપાર મોટાઈ મળી હતી, તે બધી વાતને પણ ભૂલી ગયા. ૨૪. **જેની સેવા કરીને અપાર મોટાઈ પ્રાપ્ત થઈ હતી તે સંતોનો જ્યારે દ્રોહ કર્યો ત્યારે તરત જ તેઓ ઊંચા પદ ઉપરથી પડી ગયા. ૨૫. અત્યાર સુધી જેને જેને મોટા અધિકારનું પદ મળ્યું છે તે બધાએ જેવી સંતોની સેવા કરી હતી તેવું તેમને ફળ મળ્યું છે. ૨૬. સંતોની સેવાનું ફળ તો ભગવાનનાં ધામ કરતાં પણ વધારે છે.** તેવી આ વાત કહેવાય છે. ૨૭. પરંતુ સાચી સમજણ વિના આવી વાતનું કાંઈ અધિક વિશેષ મહત્ત્વ લાગતું નથી. જેમ કે, શબની આગળ રાખેલાં વિવિધ પ્રકારનાં ભોજનની કોઈ વિશેષ મહત્તા દેખાતી નથી. ૨૮.

શ્રીહરિ બધા હરિભક્તોને સંતોની સેવાનું અતિશય ભારે માહાત્મ્ય કહી બતાવતા હતા. અને તેને લીધે હરિભક્તો પણ સંતોની અપાર સેવા કરતા હતા. ૨૯. શ્રીહરિ જ્યારે જ્યારે સંતોને પોતાની પાસે બોલાવતા ત્યારે તેમના ઉપર ઘણું હેત દેખાડવારૂપ સંતોનું સ્નેહથી માહાત્મ્ય દેખાડતા હતા. અને વારંવાર એમ કહેતા કે, **'અમે અવતાર લેવાનું વારંવાર કોઈ નિમિત્ત**

ઊભું કરીને ફરી ફરીને આવા સત્સંગમાં, આ સંતોની મધ્યમાં જન્મ લઈને, આવા સંતનો સમાગમ ઇચ્છીએ છીએ. અને ભગવાનનાં ધામ કરતાં પણ સંતોનો સમાગમ, ઘણો અપાર રહ્યો છે; અમારી એવી જ રુચિ રહી છે. જો કે ભગવાનનાં ધામની સમાન બીજું કાંઈ છે નહિ. જે જગતના જીવો છે તે તો ભગવાનનાં ધામને કરોડો જન્મ જાય, તોપણ સત્સંગના યોગ વિના પામતા નથી. ૩૦-૩૩. જગતના જીવોનો સત્સંગથી જ ઉદ્ધાર છે. શાસ્ત્રોમાં જે જે ભગવાનનાં ધામ કહ્યાં છે તે બધાં ભગવાનના ધામને સંતોના શુભ સમાગમ વિના જીવ ક્યારેય પામતો નથી. ૩૪.

दोहा : धाम करते संत के जो, समागमके अपार;
महात्म हम जानत रहे, ओर हि गम न लगार...३५
भगवान कि जेति बात हि, कहावत हि जोउ;
संत में रहे निवास कर, तिन करि अधिक हि सोउ...३६

सोरठा : जग के जन हि तामें, जग कि जेसे बात रहेउ;
हरिजन जेते यामें, हरि की तेसे बात रये...३७

ભગવાનનાં ધામ કરતાં સંતોના સમાગમનું માહાત્મ્ય અમે અપાર જાણીએ છીએ. પણ બીજાને તેની લગારેય ગમ નથી હોતી. ૩૫. ભગવાનની જેટલી વાત કહેવાય છે, તે બધી સંતમાં નિવાસ કરીને રહી છે અને તેથી જ સંતો સહુથી અધિક છે. ૩૬. જગતના માયિક જીવોમાં જેમ જગતની વાત રહી હોય છે તેમ જે ભગવાનના ભક્ત છે તેમાં ભગવાન સંબંધી વાત રહી હોય છે. ૩૭. જગતના જે જીવો છે તે જગતની વાતોએ કરીને જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીને પામે છે. ૩૮.

તે રીતે ભગવાનના સંતો અને ભક્તો ભગવાનની વાતોએ કરીને જન્મ-મરણ અને જમપુરીનાં દુઃખને ક્યારેય દેખતાં નથી. ૩૯. વળી, એવા ભગવાનના ભક્તો ક્યારેય લખચોરાશીનું દુઃખ પામતા નથી. તેમને તો અતિશય સુખ સુખ અને સુખ જ રહે છે. જેનાં હૃદયમાં સાક્ષાત્ ભગવાન નિવાસ કરીને રહ્યા હોય તેને ભગવાનની વાતોમાં, ૪૦. અપાર રુચિ રહે છે. તેઓ તે સિવાયનું બીજું કાંઈ બોલતા નથી. ભગવાનના સંબંધ સિવાયની

વાતમાં ક્યારેય તેમનું ચિત્ત પરોવતા નથી. ૪૧. ભગવાનની વાતોએ કરીને સંતોનો મહિમા અપાર રહે છે. ભગવાનની જેમાં વાતો અધિક હોય છે, તેમાં ભગવાનનો નિવાસ હોય છે. ૪૨. 'હું બધાથી અધિક જાણું છું' એમ જે સમજતો હોય તે બીજા સંતો-ભક્તોને પોતાના સમાન દેખાડે છે. તેણે કરીને તેને સંતોની જેટલી મોટપ છે તે લેશમાત્ર પણ દેખાતી નથી. ૪૩. તેવા લોકો સંતોની સાથે સેવા કરે, ભેળા રહે તોપણ બરોબરિયાની સામાન્ય બુદ્ધિ જ રહે છે. પરંતુ બધા શાસ્ત્રો એમ કહે છે કે, જેને જેવી ભાવના-સમજણ હોય તેનો તેવો મોક્ષ થાય છે. ૪૪.

શ્રીહરિ આવી વાત તો વારંવાર ઘણી અપાર કરતા હતા. જેવી તેમની પ્રસન્નતા રહેતી હતી તે રીતે વાત બોલતા હતા. ૪૫. અહીંયા તો દિશમાત્ર કહી બતાવી છે. બધી વાત કહી શકાતી નથી. જ્યાં બધી ભૂમિ સોનાની હોય છે ત્યાં સોનાનું આશ્ચર્ય ક્યારેય હોતું નથી. ૪૬. ખાલી એકલા સોનાને દેખવાથી મનમાં આશ્ચર્ય થતું નથી, પણ જ્યારે તે સોનાનું આભૂષણ બનાવવામાં આવે છે ત્યારે ઘણું આશ્ચર્ય થાય છે. ૪૭. ભગવાનની જેટલી વાતો છે તે બધી સોનારૂપે રહી છે પણ તે વાતોનો જ્યારે કોઈ ગ્રંથ બને છે ત્યારે તે ઘરેણાંરૂપ બન્યો કહેવાય છે. ૪૮. સોનાનું તો સોનું એવું એક જ નામ હોય છે. તેનું બીજું કોઈ નામ નથી હોતું. પરંતુ તેમાંથી બનેલા ઘરેણાનાં અનેક નામો થાય છે. ૪૯. જેટલી વાતો ગ્રંથમાં લખાઈ ગઈ હોય તે ભૂષણરૂપ વાત કહેવાય છે, પરંતુ જે ગ્રંથમાં ન લખાણી હોય તે વાતો સોનારૂપ કહેવાય છે. ૫૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોની સેવાથી ઉદ્ધાર થાય છે, તેમ સંતોનું મહત્ત્વ કહ્યું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર ઓગણીશમું : તરંગ - ૭

શ્રીહરિએ કાળની પ્રબળતાનું અને વિષયની વાસનાના ત્યાગનું મહત્ત્વ કહ્યું

ગઢપુરમાં શ્રીહરિ એકાદશીને દિવસે સંધ્યા સમયે ગાડાં ઉપર આવીને બેઠા અને ત્યારે મશાલો પ્રગટી. ૧. શ્રીહરિ પોતે ઊભા થઈને નારાયણધૂન બોલવા લાગ્યા અને સંતો તથા હરિભક્તો બધા જ ધૂનને ઝીલીને બોલવા લાગ્યા. ૨. જ્યારે ધૂન બોલી રહ્યા પછી શ્રીહરિએ સંતોના પ્રત્યે નિયમોની વાત કરી. ૩. વળી કહ્યું કે, 'સહુ સંતો અને વર્ણીઓએ જિંદગીભર ધન અને સ્ત્રીનો ત્યાગ દૃઢપણે રાખવો. ૪. સ્ત્રી અને ધનના ત્યાગની જેણે દૃઢ આંટી પાડી હોય તેઓ આવીને અમારાં ચરણનો સ્પર્શ કરો. આજ એકાદશીનો દિવસ છે. કહ્યા સિવાય તે ત્યાગની દૃઢતા કેમ દેખાય ? ૫.

જેને પોતાનાં મનનો દૃઢ વિશ્વાસ ન હોય તેણે તો ત્યાં ને ત્યાં બેસી રહેવું. જેને સ્ત્રી અને ધનના ત્યાગની દૃઢ આંટી વર્તતી હોય તેઓ આવીને અમારા ચરણનો સ્પર્શ કરે. ૬. પછી સંતો અને વર્ણી, સહુએ આવીને શ્રીહરિના ચરણારવિંદનો સ્પર્શ કર્યો. તે જોઈને શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા. સંતો અને વર્ણી શ્રીહરિનો ચરણ સ્પર્શ કરી સભામાં આવીને બેઠા. ૭. પછી શ્રીહરિ સહુના ઉપર રાજી થઈને વાત કરવા લાગ્યા. (ગ્રંથકાર કહે છે કે,) પ્રસન્નતાની વાત તો જુદી છે. કારણ કે, તે પ્રસન્નતામાં ઘણું દૈવત રહ્યું છે. ૮.

જે સર્વોપરિ રસ કહેવાય છે તે પ્રસન્નતાની વાતમાં આવે છે. બ્રહ્મા અને ભવ પણ જે રસને ચાહે છે, તે રસ પ્રસન્નતાની વાતમાં રહ્યો છે. ૯. તે સમયે શ્રીહરિએ જે વાત કહી તે વાત હવે કહું છું. શ્રીહરિ બોલ્યા કે, 'શ્વેતદ્વીપમાં નિરન્નમુક્તો રહે છે તે પણ આ સંતોની જેમ ભગવાનને પ્રસન્ન કરવા વ્રત રાખે છે. ૧૦. કાળ જેટલા માયિક પદાર્થો છે તેનો નાશ કરતો હોય તેમ સ્પષ્ટપણે દેખાતું નથી, પરંતુ આ સંપૂર્ણ બ્રહ્માંડ કાળનું ચવાણું છે. ૧૧. કાળ તો ભગવાનની અલૌકિક કળા કહેવાય છે. તે અક્ષર સિવાયની જે કાંઈ પણ વસ્તુ છે તેનો નાશ કરી દે છે. ૧૨. કાળ ભગવાનની કળા

છે અને બધું તેને આધીન રહ્યું છે. ચાહે તેવો બળવાન હોય તોપણ કાળની આગળ તો તે રાંક છે. ૧૩. શ્વેતદ્વીપના જે નિરન્નમુક્તો છે તે ભગવાનનું અત્યંત સામર્થ્ય જોઈને તેમનું ધ્યાન કરતા રહે છે. ૧૪.

❋ ભગવાનની શક્તિઓ :

सोरठा : भगवान महिं चीत, रखेउ तिनकु देखकर;
डरत हि तिनसे नीत, काल समर्थ अति रहे तोउ...१५
जो जो जितनी हि बात, काल के आधिन रयेउ;
काल जेहि कहात, भगवान के आधिन रहे...१६

चोपाई :

महामाया महापुरुष जेहा, प्रधान पुरुष अनंतहि तेहा;
अक्षरातित भगवान ताकी, अलोकिक कला रहाये वाकी...१७

તે મુક્તોએ પોતાનું ચિત્ત ભગવાનમાં રાખેલું છે. તેને દેખીને અત્યંત સમર્થ એવો તે કાળ તે મુક્તોથી નિત્ય ડરતો રહે છે. ૧૫. જે જે કોઈ પણ બાબત હોય છે તે બધી કાળને આધીન રહી છે અને જે કાળ છે તે ભગવાનને આધીન રહ્યો છે. ૧૬. મહામાયા, મહાપુરુષ અને અનંત પ્રધાનપુરુષો છે તે અક્ષરાતીત પુરુષોત્તમ ભગવાનની અલૌકિક કળા કહેવાય છે. ૧૭. જે વૈરાજપુરુષ અને વિરાટ છે તે અનંત અને અપાર છે. તેમાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ પણ અપાર છે. શિશુમારચક્ર અને સૂર્ય, ચંદ્ર પણ પાર ન પમાય તેટલા છે. ૧૮. હરેક બ્રહ્માંડમાં જમરાજ પણ રહ્યા છે. આ બધી ભગવાનની અલૌકિક કળા કહેવાય છે. ૧૯. તેમાં એક પણ બાબત જીવના મોક્ષ માટેની નથી. આ જગતની જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ કાર્ય તેને પુરુષોત્તમ ભગવાને એકવાર જેને સોંપી દીધેલ હોય છે તે પોતપોતાના કામને તત્પર થઈને કરતા રહે છે. ભગવાન પુરુષોત્તમ તેમની સહાયતામાં રહે છે તેણે કરીને તે બધા ઘણા આનંદમાં રહે છે. ૨૦-૨૧.

જીવ જેવા શરીરમાં પ્રવેશ કરે છે તે શરીર ચાહે તેટલું મોટું હોય તો પણ તેને ઉઠાવવામાં, ચલાવવામાં લેશમાત્ર પણ પ્રયાસ પડતો નથી. ૨૨. જીવ કોઈના દેખ્યામાં આવતો નથી. જીવ જેવો દેહ હોય ત્યાં તેવો

દેખાય છે. જીવમાં જેટલી શક્તિ રહી છે તે જીવને પોતાને પણ દેખાતી નથી. ૨૩. જીવ જેવા શરીરને પામે છે તેવા શરીરરૂપે પોતાને માને છે અને ત્યાં સુધી તેમને અજ્ઞાન રહ્યું હોય છે. તે જીવ કોઈ ગુરુ સિવાય પોતાનાં સ્વરૂપનું જ્ઞાન પામતો નથી. ૨૪. જેવું શરીર દેખાય છે તેવો જીવ નથી અને જેવો જીવ છે તેવું શરીર નથી. શરીર તો જડ, દુઃખરૂપ અને મિથ્યા છે અને જીવ તો ચેતન છે. ૨૫. જીવને અનંતવાર સ્ત્રી અને ધન પ્રાપ્ત થયા છે અને જેટલી જાતનાં દુઃખ કહેવાય છે, તે બધાં સ્ત્રી અને ધનમાં ઘર કરીને રહ્યાં છે. ૨૬.

જેટલા સાચા સંતો છે તે શુદ્ધ જ્ઞાને કરીને સ્ત્રી અને ધનને દુઃખરૂપ દેખે છે. ૨૭. સંસારનો ત્યાગ કર્યા પછી પણ જ્યાં સુધી જેઓ સ્ત્રી અને ધનનું મનમાં ચિંતવન કરતા રહે છે ત્યાં સુધી તે સંત થયા નથી. ૨૮. ચાહે તેવું સારું ભોજન જમ્યા પછી તેની જો ઊલટી થઈ ગઈ હોય પછી મનુષ્ય તેને ક્યારેય ખાય નહિ. અને જો ખાય છે તો તે મનુષ્ય કહેવાતો નથી. ૨૯. જે કૂતરાની જાતિ હોય છે તે ઊલટી કર્યા પછી તેની તે વસ્તુને ખાય છે. ભગવાનના જે સાચા સંતો હોય છે, તેઓ બધાં સ્ત્રી અને ધનને ચોક્કસપણે બંધનરૂપ જાણીને અષ્ટ પ્રકારે તેનો ત્યાગ રાખે છે. જેથી ત્યાગી થયા હોય તે સ્ત્રી અને ધનથી દૂર રહે છે. ૩૦-૩૧.

જેને સંસાર કહેવાય છે તે બધો સ્ત્રી અને ધનમાં રહ્યો છે. તે સ્ત્રી અને ધન છે તે બંને સંસારનાં મોટાં મૂળ કહેવાય છે. ૩૨. આ ચૌદલોકના બ્રહ્માંડ સુધી સ્ત્રી અને ધનનાં મૂળ રહ્યાં છે. અને જે સ્ત્રી કહેવાય છે તેના વિષયભોગનાં સુખ માટે, ૩૩. પુરુષનાં હૃદયમાં મહામોહ વર્તતો રહે છે. જીવ જે જે યોનિમાં જાય છે ત્યાં જીવને વિષયથી ક્યારેય તૃપ્તિ થાતી નથી. ૩૪. જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીના અપાર દુઃખો કહેવાય છે, તે બધાં વિષયભોગમાં રહ્યા છે. ૩૫. તે બધાં જન્મ-મરણ આદિકનાં દુઃખનું યથાર્થ જ્ઞાન જ્યારે થાય છે ત્યારે મનુષ્ય ભગવાનનો શરણાગત થઈ ભક્ત થાય છે. અને પછી તે ભગવાનનાં સ્વરૂપમાં હેત કરવા લાગે છે. ૩૬.

જ્યાં સુધી વિષયમાં સુખની બુદ્ધિ રહે છે ત્યાં સુધી મનુષ્ય ભગવાનનો ભક્ત થાતો નથી. ૩૭. અને જ્યાં સુધી જીવ ભગવાનનો ભક્ત થાતો નથી ત્યાં સુધી જેટલાં દુઃખ છે તે બધાં ભોગવવાને માટે આગળ તૈયાર રહેવું પડશે. ૩૮. જીવને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થયા પછી પણ વિષયમાં જેટલો રાગ રહે છે તેને ભગવાન જાણે છે અને પછી ભગવાન તેને ઉત્તમ વિષયસુખ આપે છે. ૩૯. જેનાં હ્દયમાં ભગવાનનાં સ્વરૂપનો પરિપક્વ નિશ્ચય રહ્યો હોય અને નિયમોને દ્રઢ કરીને પાળતો હોય તો તેની ક્યારેય અસદ્‌ગતિ થાતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ કાળની પ્રબળતાનું અને વિષયની વાસનાના ત્યાગનું મહત્ત્વ કહ્યું" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર ઓગણીશમું : તરંગ - ૮

માહાત્મ્યજ્ઞાનપૂર્વક કરેલી શ્રવણાદિક ભક્તિની ઉત્તમતા

ફાગણ સુદિ બારસ અને તેરસને દિવસે શ્રીહરિએ દાદા ખાચરના દરબારમાં સવારના પહોરમાં જ સભા કરી હતી. ૧. અને સાંજને સમયે જ્યારે ઘણી ભીડ થતી, તે જોઈને શ્રીહરિ ઉન્મત્તગંગાને કિનારે સંતો અને હરિભક્તોની સભા કરતા હતા. ૨. સુરતના હરિભક્તો જે સિંહાસન લાવ્યા હતા તેના ઉપર શ્રીહરિ પ્રસન્નપણે આવીને બેઠા હતા. ૩. જે પહેલા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા અને પછીથી સત્સંગી થયા હતા, તેઓ સમય સમય પ્રમાણેની પૂજાની રીતિને જાણતા હતા. ૪. જ્યારે જેવો સમય હોય ત્યારે શ્રીહરિની તેવા વિધિ પ્રમાણે પૂજા તે હરિભક્તો કરતા હતા અને તે સમયની જે શોભા થતી હતી, તે કહી શકાતી નથી. ૫. આ વખતે હરિભક્તોએ શ્રીહરિની પૂજાનો ઘણો લાભ લીધો. જે હરિભક્તના મનનાં જેવાં મનોરથ હતાં તે પ્રમાણે તેમણે શ્રીહરિની તેવી પૂજા કરી. ૬.

આ વખતે હરિભક્તોએ જે લાભ લીધો તેમાં કોઈ વાત બાકી ન રહી. શ્રીહરિ પણ આ સમયે હરિભક્તોની રુચિને અનુસારે પૂજા વગેરે કરવા દેતા હતા. ૭. ફાગણ સુદિ કુંજની એકાદશીના દિવસથી લઈને સુરત અને અમદાવાદના હરિભક્તો ઘણા મહિમાવાળા હતા, તેઓ શ્રીહરિને પહેરવા માટે કેસરી રંગનાં વસ્ત્ર કરાવી લાવ્યાં હતાં. તે શ્રીહરિને એકાદશીથી આરંભીને પાંચ દિવસ સુધી પહેરાવ્યાં હતાં. ૮-૯. તે એકાદશીને દિવસે હરિભક્તોએ શ્રીહરિને સાકરનાં ઘણા હારડાં પહેરાવ્યાં હતાં. તે પહેરાવવાનો સમય પાંચ દિવસનો ગણાય છે. ૧૦.

હરિભક્તો ગુલાબના સારા હાર લાવીને શ્રીહરિને પહેરાવતા હતા. જ્યારે પહેરાવેલા હાર છાતી ઉપર ઝાઝા થઈ જાય ત્યારે ભક્તવત્સલ, ભક્તપ્રતિપાલ શ્રીહરિ તે હારને તત્કાળ લઈને સંતોને આપી દેતા હતા. અને તે ગુલાબના હાર પહેરેલી સંતોની સભા ઉન્મત્તગંગાને કિનારે ઘણી સોહામણી લાગતી હતી. ૧૧-૧૨. તે સમયે આવેલા હરિભક્તોની વિશાળ સભા થતી હતી. તે હાર પહેરેલી સભાને કારણે કમળોથી ખીલેલી સુંદર ઘેલા નદી ખીલી રહી ન હોય ! એવી પ્રફુલ્લિત જણાતી હતી. ૧૩. સંતો પ્રેમમગન થઈને હોરીનાં કીર્તનો ગાતાં હતાં. ત્યારે શ્રીહરિ સિંહાસન ઉપર બેસતા અને બધા ભક્તજનો તેમનાં દર્શન કરતાં હતાં. ૧૪.

જ્યારે સંધ્યા સમય થતો હતો ત્યારે શ્રીહરિની આગળના ભાગમાં આવીને ઘણા ઢોલ, તાંસા અને શરણાઈઓ વાગતી હતી. ૧૫. ગઢપુર ગામથી દક્ષિણ દિશામાં ગઢાળીના માર્ગ ઉપર જે દરવાજો છે ત્યાં ઉન્મત્તગંગાને કિનારે ઘણી સુંદર સભા થઈ હતી. ૧૬. જે વખતે મશાલો થઈ ત્યારે સંતો આરતી બોલ્યા. સહુ સંતો અને હરિભક્તો ઊભા થઈને આરતી બોલતા હતા. ૧૭. તે પછી ઊભા રહીને નારાયણધૂન સહુ બોલ્યા. તે નારાયણધૂનને તો શ્રીહરિ પહેલા બોલાવતા હતા. ૧૮.

સંતો, વર્ણી અને હરિભક્તો વગેરે તો શ્રીહરિ જે ધૂન બોલાવે તેને પાછળથી ઝીલીને બોલતા હતા. શ્રીહરિએ પ્રસન્નમનથી બે ઘડી સુધી નારાયણધૂન બોલાવી. ૧૯. શ્રીહરિ કોઈ એવી રીતે ધૂનનો શબ્દ બોલતા

હતા કે, તેને કાનથી સાંભળનારાને ક્યારેય તૃપ્તિ થાતી નહિ. શ્રીહરિનાં શબ્દનું ઉચ્ચારણ એવું હતું કે, ત્રિલોકીમાં તેના સમાન કોઈ ઉચ્ચારણ જોવા મળતું નહિ. ૨૦. શ્રીહરિના શબ્દો જેનાં કાનમાં પડ્યા તેવા કેટલાક લોકોને તો શરીરનું ભાન પણ ભુલાઈ ગયું. શ્રીહરિની જેટલી વાત હતી તે બધી વાતને અલૌકિક સમજીને જે મનુષ્યો નેત્ર કે શ્રોત્ર દ્વારાએ જ્યારે પોતાનાં દિલમાં ઉતારતા હતા ત્યારે તેમને તરત જ અહો અહો થઈ જતું હતું. અને ભગવાન સિવાયની બધી બાબત તેમને તુચ્છ દેખાતી હતી. ૨૧-૨૨.

✵ શ્રીહરિની વાતમાં સુખ અને શાંતિ છે :

चोपाई :

हरि बिन बात कहावत जेती, जिहाँ लग तुच्छ न होवत तेती;
तिहाँ लग हरि में सुख हि जेता, रहाये आवत नहीं तेता...२३

ભગવાન સિવાયની જેટલી વાતો છે તે જ્યાં સુધી તુચ્છ થતી નથી ત્યાં સુધી ભગવાનનાં સ્વરૂપમાં જે સુખ રહ્યું છે તે અનુભવાતું નથી. ૨૩. **રાત-દિવસ ભગવાનની વાત સાંભળે છતાં તેનું હૃદય લૂખું રહે છે. અને ભગવાનની વાતને સાંભળતાં જ્યારે હૃદય ગદ્‌ગદ થઈ જાય છે ત્યારે તેનાં અંતરમાં શાંતિ અનુભવાય છે. ૨૪.**

दोहा : श्रवन करत हरि बात में, कीर्तन करत ही महिं;
प्रमाद निंद हे जितना, कसर तितनी ता महिं...२५
श्रीहरि संत तिनकी जोउ, सेवा करत जेते;
महात्म तेसे यह फल हि, लहत सद्य हि तेते...२६

શ્રીહરિની વાતોને સાંભળતા અને કીર્તન બોલાતા હોય ત્યારે ભક્તને જેટલો પ્રમાદ અને નિદ્રા રહે છે, તેટલી તેના સત્સંગમય જીવનમાં કસર રહી ગણાય છે. ૨૫. શ્રીહરિ અને સંતોની જે સેવા કરે છે તેને જેવો તેનો મહિમા હોય તે પ્રમાણે તેવું ફળ તત્કાળ પ્રાપ્ત થાય છે. ૨૬. ભક્તજન જેવું માહાત્મ્ય સમજીને જે રીતે કથા અને કીર્તનનું શ્રવણ કરે છે, તે રીતે તેને શ્રીહરિમાં અને સંતોમાં હેત થાય છે. ૨૭. ભક્તજનને ભગવાન અને સંતોમાં પ્રેમની અધિક ન્યૂનતા રહે છે, તેનું કારણ તો જેવું તે સાંભળે છે

તેવું તેનું ચિત્ત ફરી જાય છે. તેની તેને ગમ રહેતી નથી. ૨૮. જેટલી પ્રકારનાં રસ કહેવાય છે, તેને એક જીભ જ જાણે છે. કેમ જે, માત્ર એક જીભને જ રસવિષયનું યથાર્થ જ્ઞાન રહ્યું છે. ૨૯. રૂપનું યથાર્થ જ્ઞાન નેત્રઈન્દ્રિયમાં રહ્યું છે. રૂપનું જ્ઞાન જેવું નેત્રઈન્દ્રિયથી થાય છે તેવું બીજી કોઈ ઈન્દ્રિયથી લેશમાત્ર પણ થાતું નથી. ૩૦. શબ્દ વિષયનું જે યથાર્થ જ્ઞાન છે તે બધું શ્રોત્રઈન્દ્રિયમાં રહ્યું છે. અને ગંધ વિષયનું યથાર્થ જે જ્ઞાન છે તે બધું નાસિકામાં રહ્યું છે. ૩૧. સ્પર્શ વિષયનું જેટલું જ્ઞાન છે તે બધું ત્વચા ઈન્દ્રિયમાં રહ્યું છે. ત્વચા ઈન્દ્રિયના દેવ વાયુ છે. તે વાયુ વિના સ્પર્શ વિષયનું જ્ઞાન થાતું નથી. ૩૨.

અશ્વિનીકુમાર નાસિકાના દેવ છે અને તે દેવને લીધે નાસિકામાં ગંધ વિષયનું યથાર્થ જ્ઞાન રહ્યું છે. ૩૩. શ્રોત્રના દેવ દિગ્પાળ છે. તે દિગ્પાળ દેવને લીધે શબ્દ વિષયનું યથાર્થ જ્ઞાન શ્રોત્ર ઈન્દ્રિયમાં રહ્યું છે. ૩૪. નેત્ર ઈન્દ્રિયના દેવ સૂર્ય તથા મનના ચંદ્રમા છે. અને તે સૂર્યે કરીને રૂપ વિષયનું યથાર્થ જ્ઞાન નેત્ર ઈન્દ્રિયથી થાય છે પણ ચંદ્રમાથી થાય નહિ. ૩૫. રસના ઈન્દ્રિયના દેવ વરુણ છે અને તે વરુણદેવથી રસ વિષયનું યથાર્થ જ્ઞાન જિહ્વાથી થાય છે. ૩૬. જે જીવનાં જેવાં સારાં મોળાં કર્મ હોય છે તે પ્રમાણે કર્મફળપ્રદાતા પરમેશ્વર તેને તેવું ફળ આપે છે. ૩૭. પરમેશ્વર જ્યારે પ્રગટ થઈને મનુષ્યાકૃતિને ધારે છે ત્યારે શરણાગત જીવોનો તત્કાળ ઉદ્ધાર કરે છે. ૩૮.

જેટલી યોગકળાઓ છે તેની સાક્ષાત્ મૂર્તિ શ્રીહરિ છે. જેને વેદો વારંવાર 'નેતિ' 'નેતિ' કહે છે. ૩૯. અક્ષર મહાન-અપાર છે અને ભગવાન પુરુષોત્તમ તો તેનાં કરતાં પણ અનંતગણા મહાન-અપાર છે. ભગવાન પુરુષોત્તમનું અક્ષરને પણ સંપૂર્ણ જ્ઞાન નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "માહાત્મ્યજ્ઞાનપૂર્વક કરેલી શ્રવણાદિક ભક્તિની ઉત્તમતા કહી" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર ઓગણીશમું : તરંગ - ૯

શ્રીહરિ પાસે બોટાદમાં ઉત્સવ કરાવવા બાબતનો હરિભક્તોનો વિચાર

બોટાદ ગામના શેઠ ભગા દોશી વગેરે બધા હરિભક્તો ભેળા મળ્યા. ૧. પછી સહુએ એકબીજાને કહ્યું કે, આપણાં ગામમાં શ્રીહરિને પધરાવીને એક સારો ઉત્સવ કરાવીએ. ૨. આજ સુધી શ્રીહરિએ આપણા ગામમાં ક્યારેય ઉત્સવ સમૈયો કર્યો નથી. અને ઘનશ્યામ શ્રીહરિ કહ્યા સિવાય કોઈ ગામમાં ઉત્સવ કરતા નથી. ૩. જે જે ઠેકાણે શ્રીહરિ જઈને ઉત્સવ કરે છે, ત્યાંના બધા હરિભક્તો આવીને આગ્રહપૂર્વક શ્રીહરિને ઉત્સવ કરવાનું કહેતા હોય છે. ૪.

આપણા ગામના ગામેતી દરબાર હમીર ખાચરની પાસે આપણે સહુ ચાલો જઈએ અને તેમને પૂછીએ. તેઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે અહીં આવ્યા છે. ૫. હમીર ખાચર જીવા ખાચરના દરબારમાં ઊતર્યા છે. તેમની મરજી લીધા સિવાય જે કાંઈ કરીએ તેમાં પૂરો રસ રહે નહિ. ૬. જે બાબતમાં સહુને એકસરખી સાનુકૂળતા રહે તેમાં વધારે રસ રહે છે. રસ વગરની જે જે વાત હોય છે તે બધી નીરસ દેખવામાં આવે છે. ૭. જે ગામમાં જે મુખ્ય હોય છે તેની જેટલી મરજી લોપાય છે તેટલું તેમાં અવશ્ય દુઃખ આવે છે, તેમાં કાંઈ ખોટું નથી. ૮.

વગર વિચારે જે માણસ જેટલું હૈયા બળથી જ કામ કરવા જાય છે, તેટલું તેને આગળ જતાં દુઃખ આવે છે. મૂર્ખ માણસને તે વખતે ખબર પડે છે. ૯. દુઃખ આવ્યા પછી તેનો કોઈ ઉપાય થઈ શકતો નથી અને દુનિયામાં તેની લાજ પણ જાય છે. લાજવાળા માણસને જેટલો અપયશ થાય છે તે મોત કરતાં પણ વધારે દુઃખદ હોય છે. ૧૦. જેમ નાક, કાન વગરનાની કીર્તિ રહેતી નથી તેમ અપયશ મળ્યા પછી તેની કશી લાજ રહેતી નથી. જેટલી વિપરીત વાત કરવામાં આવે તેનું પરિણામ આવું દેખાય છે. ૧૧. માણસ

વગર વિચારે જે કામ કરે છે તેને દુનિયામાં યશ મળતો નથી. અને યશ ન મળતો હોય એવું જે કામ કરવું તે તો ખારી ભૂમિમાં બીજ રોપ્યા જેવું છે. ૧૨.

આમ કહીને ભગા શેઠ અને બધા હરિભક્તો જ્યાં હમીર ખાચર હતા, તેમની પાસે ગયા. ૧૩. દરબાર હમીર ખાચરને શ્રીહરિમાં ઘણું હેત હતું. તેથી ભગા શેઠે કહેલી વાત સાંભળીને તેઓ મનમાં ઘણું રાજી થયા. ૧૪. હમીર ખાચરે કહ્યું કે, 'આપણે સોમલા ખાચરને વાત કહીએ. આ બાબતમાં તેમની કેવી મરજી છે ? તે જાણીએ. ૧૫. સોમલા ખાચર મારા કરતાં પણ ઘણા બળિયા હરિભક્ત છે. તેમણે શ્રીહરિ માટે તો સ્ત્રી, પુત્ર અને ઘરનો પણ ત્યાગ કર્યો છે. ૧૬. તેમણે શ્રીહરિને પ્રસન્ન કરવાની જ એક વાત રાખી છે અને ગામ તથા ગરાસને દુઃખદાયક જાણ્યા છે. મારો જીવ તો પુત્ર અને સ્ત્રીમાં બંધાઈ રહેલો છે. ૧૭.

જેમ જીવ શરીરમાં બંધાઈ ગયો હોય તેમ હું ગામ અને ગરાસમાં બંધાઈ ગયેલો છું. નાગડકા ગામના દરબાર જે સૂરા ખાચર છે, તેમણે શ્રીહરિનાં વચનથી સ્ત્રીનો ત્યાગ કર્યો છે. પણ ગામ અને ગરાસમાં તથા પુત્રમાં તેમણે હેત રાખ્યું છે. તેઓ પણ સોમલા ખાચરના સમાન નથી. ૧૮-૧૯. સુરા ખાચરે નાતનો બધો સંબંધ તોડી દીધો છે, એટલા તે મારાથી વધારે છે. તેઓ સમજણની બાબતમાં પણ મારાથી અધિક છે. કારણ કે, તેમણે જ્ઞાનના ગ્રંથોનો અભ્યાસ કર્યો છે. ૨૦.

સોમલા ખાચર અને સુરા ખાચર વગેરે બધા તો મારા ગુરુ છે. તેઓ મને વાત કરીને જણાવે છે. મારે સત્સંગ કરવામાં જે કાંઈ કસર રહેતી હોય તેને પણ તેઓ બતાવે છે. ૨૧. હું તો તેમને કહું છું કે, હું હરિભક્ત થવામાં તમારા કરતાં પાછળ છું. વળી ઝીંઝાવદરના જે દરબાર અલૈયા ખાચર છે, તેમણે શ્રીહરિનાં વચનથી સ્ત્રીનો તરત ત્યાગ કરી દીધો છે. તેઓ જ્ઞાનવાર્તામાં તો ઘણા હોશિયાર છે, પરંતુ તેમને જ્ઞાનનો અપાર છાક રહે છે. ૨૨-૨૩. તેઓ જ્યારે સત્સંગની વાત કહેતા હોય છે ત્યારે તેમને પાણીના પૂરના જેવો ઉત્સાહ વધે છે. અને જ્યારે વાતનો રંગ જામી જાય છે ત્યારે તેને શરીરનો પણ ખ્યાલ રહેતો નથી. ૨૪.

જે મોટી નદી હોય છે તેને તો નાવમાં બેસીને ઊતરી શકાય છે. જ્યારે ઘણો વરસાદ થતો હોય છે ત્યારે પણ એ મોટી નદી તેની મર્યાદામાં જ વહેતી રહે છે. ૨૫. જ્યારે તે મોટી નદી પોતાના કિનારાને પણ ઉલ્લંઘી જાય છે ત્યારે કિનારાઓમાં જેટલા ગામ હોય તે ભાગીને ક્યાં જાય ? ૨૬. જ્યારે વધારે પડતો વરસાદ થાય છે ત્યારે નર્મદા નદી એકદમ ગાંડી થઈ જાય છે અને કિનારા ઉપરના ગામોને તાણી જાય છે. ૨૭. તેવી જ અલૈયા ખાચરની રીત છે. તે કાયમ સત્સંગના છકમાં જ વર્તે છે અને તેને લીધે બીજા કોઈને પોતા કરતાં અધિક કહેતા નથી. ૨૮. અલૈયા ખાચર જે મોટા મોટા સંતો છે, તેમને પણ દબાવીને વર્તે છે. પરંતુ સંતોની આગળ જેટલું સરળ ન વર્તાય, તેને હું સત્સંગરૂપ જીવનમાં વિઘ્ન દેખું છું. ૨૯. શ્રીહરિ જ્યાં સુધી એવાને માન આપતા રહે છે ત્યાં સુધી તેઓમાં જીવ રહે છે; એવું આ માન છે. મને તો આવું ચોક્કસ દેખાય છે. ૩૦.

❋ દાસ થાય તે જ મહાન બને છે :

चोपाई :

संत हरिजन के रेना दासा, एसे जेहि रखत अभ्यासा;
सत्संग एसे करत जाही, झांखे कबहु न होवत ताही...३१
संत हरिजन से आप जेता, मानत रहे अधिक जो तेता;
तितना सो तेहि नुन्य रहाते, प्रसिद्ध यह देखे में आते...३२
संत हरिजन के दास जितने, होई के वरतत रहे तितने;
निष्कपट हि जितना वरताते, तितना तेहि बडे देखाते...३३

જે સંતો અને હરિભક્તોના દાસ થઈને રહેવું અને દાસ થઈને રહેવાનો અભ્યાસ રાખે છે અને જે એ જ રીતે દાસભાવે સત્સંગ કરે છે તે ક્યારેય સત્સંગમાં ઝાંખા પડતા નથી. ૩૧. સંતો અને હરિભક્તો કરતાં પોતાને જે જેટલો વધારે શ્રેષ્ઠ માને છે તેટલો તે સત્સંગમાં ન્યૂન રહે છે; આવું પ્રસિદ્ધ દેખ્યામાં આવે છે. ૩૨. જે હરિભક્ત સંતો અને હરિભક્તોનો દાસ થઈને જેટલો નિષ્કપટભાવે વર્તે છે તેટલો તે મોટો દેખાય છે. ૩૩. જે પોતાના મનમાં માન વિશે મોટાઈ માને છે, તે જેટલાં કઠણમાં કઠણ સાધન કહેવાય

છે તે માન માટે કરે છે. ૩૪. માની જેટલાં કઠણ સાધનો કરે છે, તે પણ હરિભક્તોને દબાવવા માટે જ કરે છે. પરંતુ પોતાનાં મનધાર્યાં અન્ન-જળનો ત્યાગ કરવાથી શું થાય ? એમ કોઈ મોટાઈ પામતું નથી. ૩૫. જે ભક્ત સંતો અને હરિભક્તોની સાથે જેટલો હળીમળીને રહે છે તેટલો તેનાં હૃદયમાં અપરંપાર આનંદ દેખાય છે. ૩૬.

दोहा : संत हरिजन से जितना, अधिक होन मन चात;
दिन दिन घटि जात तेहि, अंतर हि सुख न रहात...३७
कल्पतरु हि चिंतामनि, संत हरिजन रहेउ;
जेसे हि चितवत तिनके, तेसे फल लहत तेउ...३८
सोरठा : संत हरिजन ताकि, जितनी मोटप चहत जेहि;
तितनी मोटप ताकि, होवत हे न फरक कछु...३९

જે ભક્ત બીજા સંતો અને હરિભક્તોથી જેટલો વધારે શ્રેષ્ઠ થવા મનમાં ચાહે છે તે દિવસે દિવસે સત્સંગમાં તેટલો ઘટતો જાય છે. અને તેનાં અંતરમાં સુખ રહેતું નથી. ૩૭. સંતો અને હરિભક્તો તો કલ્પવૃક્ષ અને ચિંતામણિના જેવા છે. તેમને વિષે જેવું ચિંતવવામાં આવે છે, તેવું તેને ફળ મળે છે. ૩૮. જે ભક્ત સંતો અને હરિભક્તોની જેટલી વધારે મોટપ ચાહે છે તેટલી તેને મોટપ મળે છે. તેમાં કાંઈ ફરક નથી. ૩૯. દરબાર સોમલા ખાચર બધા સંતો અને હરિભક્તોની મોટપને ચાહે છે. તેથી તેઓ મારા કરતાં પણ વધારે શ્રેષ્ઠ રહ્યા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં “શ્રીહરિ પાસે બોટાદમાં ઉત્સવ કરાવવા બાબતનો હરિભક્તોનો વિચાર” એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૦

ભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિ બોટાદમાં હુતાશનીનો ઉત્સવ કરવા પધાર્યા

બોટાદ ગામના બધા હરિભક્તો ભેળામળીને સોમલા ખાચરની પાસે આવ્યા. ૧. સહુના જેવા મનોરથ હતા તે બધા તેમની પાસે કહ્યા. ત્યારે સોમલા ખાચરે ઘણા હેતથી શ્રીહરિની આગળ તે વાત કહી. ૨. ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, 'હરિભક્તોને રાજી કરવા માટે તો અમે ઉત્સવ કરીએ છીએ અને તમારી વાત ઘણી સારી છે. તો હવે ચાલો આપણે બોટાદ જઈએ.' ૩.

પછી શ્રીહરિએ પ્રસન્ન થઈને સંતો અને હરિભક્તોને કહ્યું કે, 'સહુ બોટાદ જવા માટે ચાલો.' ૪. સંતો અને હરિભક્તોના ઉતારાની યોગ્ય જગ્યા જોવા માટે અશ્વ ઉપર બેસી, તેને દોડવતા ભગા શેઠ સહુની આગળ ચાલતા થયા. ૫. અચાનક જ સમૈયાનું પ્રયાણ થયું એટલે સંતો અને હરિભક્તો હતા તે સહુને શ્રીહરિએ આગળ ચાલતા કર્યા. ૬.

દેશોદેશના જે હરિભક્તો પોતપોતાના વાહન લઈને આવ્યા હતા, તે બધા અપાર રથ અને ગાડીઓમાં બેસીને તે સમયે બોટાદ તરફ ચાલતા થયા. ૭. રથ અને ગાડીએ જોડેલા જેટલા બળદ હતા, તે બધાને ઘુઘરમાળ બાંધેલા હતા. અને રંગબેરંગી સોનેરી રંગથી તેના શીંગડા પણ રંગેલા હતા. ૮. બળદની પીઠ ઉપર રંગબેરંગી ઝૂલો ઓઢાડી હતી અને તેને લીધે બધા બળદ શોભી રહ્યા હતા. જેટલી હરિભક્ત બાઈઓ હતી તે બધી રથ અને ગાડીમાં બેઠી હતી. ૯. સહુ પ્રેમરસથી વસંત અને હોરીનાં પદ ગાતાં હતાં. રસ્તામાં સંતો અને હરિભક્તો સિવાય બીજું કાંઈ નજરે ચઢતું નહિ. ૧૦. ગઢપુરથી બોટાદ સુધી લગાતાર હરિભક્તો દેખાતા હતા. હરિભક્તો એટલા બધા હતા કે તેનો ગણતા પાર આવતો નહિ. ૧૧. જે હરિભક્તો અશ્વ લઈને આવ્યા હતા તે બધા શ્રીહરિની સાથે રહ્યા. પછી જ્યારે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા ત્યારે સહુ બોટાદને માર્ગે ચાલતા થયા. ૧૨.

દિવસ પાછલો એક પહોર રહ્યો હતો ત્યારે ધર્મકુમાર શ્રીહરિ ચાલ્યા. મસ્તક ઉપર છત્ર ધાર્યું હતું અને છાતી ઉપર ફૂલના હાર પહેર્યા હતા. ૧૩. છડીદાર હાથમાં સોનાની છડી લઈને ધર્મકુમાર શ્રીહરિની આગળ ચાલતા હતા. ૧૪. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ બોટાદ પુર પહોંચ્યા અને તે સમયે સહુ હરિભક્તો સન્મુખ આવ્યા. ૧૫. સહુના હાથમાં શ્રીફળ અને ફૂલના હાર લીધેલા હતા. તે શ્રીફળ શ્રીહરિની આગળ મૂક્યા અને હાર પહેરાવ્યા. ૧૬. પુરમાં જેટલા વાજિંત્રોવાળા હતા તે ઢોલ, તાંસા અને શરણાઈ લઈને બધા શ્રીહરિની સન્મુખ આવ્યા અને તે વખતે વાજિંત્રો વગાડવા લાગ્યા. ૧૭. ડંકા અને જરિયાની નિશાન પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. આ રીતે શ્રીહરિનું ઘણું સન્માન કરીને પ્રથમ પુરમાં લઈને ચાલ્યા. ૧૮. રાજબજારમાં બંને બાજુએ કેળના સ્તંભ રોપાવ્યા હતા અને બજાર ઉપર રહેલી દુકાનોને રંગબેરંગી પદાર્થોથી શણગારી હતી. ૧૯. દરેક દુકાનમાં અપાર દીવાઓ પ્રગટાવ્યા હતા. અને શ્રીહરિની આગળ તે સમયે કેટલીએ મશાલો પ્રગટાવી હતી. ૨૦.

જેટલા વાળંદ હરિભક્તો હતા તેઓ મશાલો કરીને લાવ્યા હતા. રાજમાર્ગ ઉપર પાર્ષદો, સંતો અને હરિભક્તો, બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. ૨૧. સહુની આગળ જેટલાં વાજિંત્ર હતાં તે વાગતાં હતાં અને જેટલા પુરવાસી મનુષ્યો હતા તે બધા બજારમાં ઊભા સમાતા નહિ. ૨૨. જેટલા પ્રેમી હરિભક્તો હતા તે બધા ગુલાલ લાવીને ઊભી બજારે ઉડાડતા હતા. તેની શોભા અપાર થઈ હતી. ૨૩. બજારોને પાણીથી છાંટી હતી તેથી ધૂળ ઊડતી ન હતી. સંસ્કૃત ભણનારા સહુ સંતો ચાલતાં ચાલતાં શ્લોકોને બોલતા હતા. ૨૪. વસંતઋતુના વર્ણનના જે શ્લોકો હતા તેને સંતો સુમધુર કંઠથી રાગ ચઢાવીને અર્થાત્ ઊંચા સ્વરે બોલતા હતા. ૨૫. પુરની ભાવિક બધી સ્ત્રીઓ મોતીના થાળ ભરી ભરીને તે સમયે શ્રીહરિને વધાવવા લાગી. ૨૬. શ્રીહરિ અને બધા હરિભક્તો રાજબજારમાં આવ્યા અને ઉતારાની વ્યવસ્થા જોઈને રાજી થયા. ૨૭. સંતોએ જ્યાં ઉતારો કર્યો હતો તે સ્થાનને જોઈને પછી તત્કાળ ઉમંગભેર પુરમાં આવ્યા. ૨૮. હમીર ખાચરના દરબારગઢમાં

જે સારા ભવન હતા અને ભવનની આગળ વિશાળ ચોક હતો ત્યાં પરમ દયાળુ શ્રીહરિ આવીને ઊતર્યા. ૨૯. ચોકની વચ્ચે એક માથોડું ઊંચો ચોતરો હતો ત્યાં બિછાવેલા પલંગ ઉપર આવીને ભક્તોનાં ચિત્તને ચોરનારા શ્રીહરિ બેઠા. અને જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે જમ્યા. ૩૦.

જેટલા સંતો અને વર્ણીઓ આવ્યા તે બધાની કંસારની રસોઈ વિપ્રોએ કરી હતી તે જમ્યા. તે રસોઈ મોના પંડ્યાની હતી. ૩૧. બોટાદના જે ભગા શેઠ આદિક હરિભક્તો હતા તેમણે પૂનમને દિવસે જલેબી અને મોતીચૂર વગેરેની ઘણી જાતની રસોઈ કરાવી. તેનું વર્ણન કરતા મને આવડતું નથી. હરિભક્તોનો જેવો ભાવ હતો તે રીતે સહુએ મળીને રસોઈ કરાવી હતી. ૩૨-૩૩. હમીર ખાચર સિવાયના જેટલા હરિભક્તો હતા તે સહુએ રસોઈ કરાવી અને વિપ્ર હરિભક્તો હતા તેમણે આખી રાત રસોઈ બનાવી. ૩૪. હરિભક્ત વિપ્રો તો સંતોની માટે રસોઈ બનાવવામાં પોતાને ધન્યભાગ્ય માનતા હતા. **માહાત્મ્ય સમજ્યા વિના જેટલું કરવામાં આવે છે તેનું કાંઈ ફળ મળતું નથી.** ૩૫. પુરથી પશ્ચિમ દિશા તરફ બધા હરિભક્તો માટે ઉતારા કર્યા હતા. માનો હરિભક્તો માટેનું કોઈ એક પુર વસાવ્યું હોય તેવી શોભા તે ઉતારાની થઈ હતી. ૩૬.

ત્યાં એક વિશાળ વડલાનું ઝાડ હતું. તેની છાયા ઘણી ઘાટી હતી. બધા સંતો તે એક જ સ્થળે રહ્યા અને હોરીનાં પદ ગાતા હતા. ૩૭. પૂનમને દિવસે શ્રીહરિ સ્નાનાદિક નિત્યવિધિ કરીને અશ્વ ઉપર બેઠા. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું. ૩૮. જ્યાં હરિભક્તો ઊતર્યા હતા ત્યાં ચિત્તચોર શ્રીહરિ તેમને દર્શન દેવા માટે આવ્યા. જે સારા બે લીમડાના ઝાડ હતા ત્યાં આવીને ઊભા રહ્યા. ૩૯. શ્રીહરિએ ત્યાં ગાડી મગાવી. તેના ઉપર પલંગ બિછાવ્યો અને પછી આવીને તે પલંગ ઉપર બેઠા. ત્યાં આગળના ભાગમાં સંતોની સભા થઈ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં “ભક્તોની પ્રાર્થનાથી શ્રીહરિ બોટાદમાં હુતાશનીનો ઉત્સવ કરવા પધાર્યા” એ નામે દશમો તરંગ સમાપ્ત ॥૧૦॥

પૂર ઓગણીશમું : તરંગ - ૧૧

બોટાદમાં સંતોનું કીર્તનગાન અને શ્રીહરિએ ભક્તિરસની વિશેષતા કહી

જેટલા હરિભક્તો આવ્યા તે બધા જ્યાં શ્રીહરિ બેઠા હતા ત્યાં આવીને દર્શન કરવા માટે બેસી ગયા. ૧. જેટલી જગ્યામાં હરિભક્તોની સભા થઈ હતી તેટલી જગ્યામાં તરત જ એક સારો મંડપ બનાવી દીધો. ૨. ઢોલ, તાંસા અને શરણાઈ વગેરે જેટલાં વાજિંત્રો હતાં તે બધા શ્રીહરિ જ્યાં બેઠા હતા, ત્યાં સામે આવીને વગાડવા લાગ્યા. ૩. કાઠી દરબારોના જે રાવળ હતા તેઓ સત્સંગી થયા હતા. તેથી તેઓ પણ વાજિંત્ર લઈને આવ્યા અને ઊભા રહીને વાજિંત્ર સાથે ગાવા લાગ્યા. ૪. તે રાવળ લાંબા લાંબા રાગથી શ્રીહરિની આગળ પ્રેમથી જ્યારે ગાતા હતા અને જ્યારે જ્યારે શ્રીહરિ તેના ઉપર રાજી થતા હતા ત્યારે તેમને ઘણીવાર અશ્વ અને વસ્ત્ર આપતાં હતાં. ૫. તે રાવળ ગામધણી કાઠી દરબારોના માગણ છે, એમ જાણીને શ્રીહરિ તેને હેતથી મોજ આપતા હતા. તેમણે ફેલો છોડીને સત્સંગ કર્યો છે, તે શ્રીહરિ જાણતા હતા. ૬.

જે જે લોકો સત્સંગી થતા હતા તે બધા ભગવાન સિવાયનો બીજો બધો રસ છોડી દેતા હતા. **ભગવાન સિવાય બીજી વસ્તુમાં જ્યાં સુધી રસ જણાય છે ત્યાં સુધી તેને સંસારનું ભટકણ ટળતું નથી.** ૭. સત્સંગના પ્રતાપે કરીને નિષ્પાપ હરિભક્તો એવું જાણતા હતા કે, જેટલા લોકો ભગવાન સિવાય બીજા વિષયમાં જેટલો રસ લે છે તેટલી તેને જન્મ-મરણરૂપ સંસૃતિ રહે છે. ૮.

* હરિમાં રસ મનાય તે જ સર્વેનું ફળ :

ભગવાનનાં સ્વરૂપરૂપી રસમાં સંસૃતિ નથી રહેતી, પણ બીજા રસમાં સંસૃતિ રહે છે. ભગવાન સંબંધી કથા, કીર્તન અને સેવા વગેરે જે જે બાબત છે, ૯. તે બધું ભગવાન સંબંધી રસ કહેવાય છે. તે કહ્યા સિવાય ક્યારેય દેખાતા નથી. સંતો અને હરિભક્તોના જેટલા સમૈયાઓ થાય છે, તે **બધા**

સમૈયાનું એટલું જ ફળ છે કે, ભગવાનનાં સ્વરૂપમાં રસ જાણવો અને સંતસમાગમ કરવાનું પણ તેટલું જ પરમ ફળ છે. ૧૦-૧૧.

दोहा : सबके फल हे इतना, हरि बिन रस हि जेते;
अरुचि होवे तिनकी जो, मन क्रम करिके तेते...१३
श्रीहरि वेर वेर जो, प्रगट होत यह हीत;
चरित्र करत अनेक विध, आप में करने प्रीत...१४

ઉપર કહ્યા પ્રમાણેની જે સમજણ છે તે જ ખરી સમજણ છે. તે સિવાયની બીજી સમજણ તો વ્યર્થ ગણાય છે. જપ, તપ, તીર્થ, યજ્ઞ, દાન અને વ્રત ઈત્યાદિક જે અપાર સાધન કરવામાં આવે છે તે બધાનું એટલું જ ફળ છે કે, ભગવાન સિવાયના જેટલા રસ છે તેમની મન, કર્મે કરીને અરુચિ પેદા થાય. ૧૨-૧૩. ભગવાન વારંવાર આ હેતુ માટે જ પ્રગટ થાય છે અને પોતામાં પ્રેમ કરાવવા માટે અનેક પ્રકારનાં ચરિત્રો કરે છે. ૧૪. **ભગવાન સિવાયના બીજા વિષયના રસ જ્યારે ઝેરના જેવા દેખાય ત્યારે તેનો મોક્ષ થઈ રહ્યો છે, તેમાં કાંઈ સંદેહ નથી. ૧૫.**

તે સમયે શ્રીહરિએ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દેવાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીને બોલાવ્યા. તે સાંભળીને તેઓ વાજા લઈને તરત આવ્યા. તે ચતુર કલાકાર સંતો સરોદ, દોકડ, સિતાર, તંબૂર, મોરચંગ અને મંજીરાં પણ લાવ્યા. પછી તેઓ શ્રીહરિની સન્મુખ બેઠા, ત્યાં સુંદર બિછાનાં બિછાવી દીધા હતા. ૧૬-૧૭. જેની જે પ્રકારની મોટપ હોય તેનું તે પ્રકારે સહજ સન્માન થતું હોય છે. તેમાં કોઈને શીખવવું પડતું નથી. ત્યાં સન્માન તો સહજ બની રહે છે. ૧૮.

વસંત અને હોરીનાં પદ સંતો ગાવા લાગ્યા. વળી સંતો પોતે બનાવેલાં ***'આજની ઘડી રે, ધન્ય આજની ઘડી..'*** વગેરે પદ પણ પોતે ગાતા હતા. ૧૯. સુરદાસ અને તુલસીદાસ કવિઓમાં ઘણા મોટા કવિ હતા, પરંતુ તેમને પ્રત્યક્ષ ભગવાનનો યોગ થયો ન હતો, તેટલી તેમનામાં કસર ગણાય. ૨૦. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામીને તો પ્રત્યક્ષ શ્રીહરિનો

યોગ રહ્યો હતો, તેથી તેઓ સહુથી મહાન કવિ ગણાય છે. ૨૧. તે સંતોએ પ્રત્યક્ષ શ્રીહરિનો લાભ કેટલીયે વાર વારંવાર લીધો હતો અને શ્રીહરિએ પણ જમીને પોતાનો થાળ કેટલીયે વાર આપ્યો હતો. ૨૨. પરમ રસજ્ઞ શ્રીહરિએ ઘણા પ્રેમથી તે સંતોને સાંજે અને સવારે થાળ આપ્યો હતો અને કેટલીક વાર વસ્ત્ર, ફૂલના હાર તથા તોરા આપ્યા હતા. ૨૩. સમુદ્રના જેવા ઉદાર શ્રીહરિએ તે સંતોને ફૂલના બાજુબંધ, પહોંચી અને ગુચ્છ ખૂબ પ્રસન્ન થઈને આપ્યા હતા. અને અપાર મેવા તથા મીઠાઈ પણ આપી હતી. ૨૪.

ભગવાન સ્વામિનારાયણ જેવા ઉદાર દેવો તથા રાજાઓમાં પણ કોઈ ન હતા. મહાન ઉદાર તો એક શ્રીહરિ જ થયા છે, તે હું નજરે દેખીને કહું છું. ૨૫. જ્યાં સુધી રસોઈ તૈયાર થઈ ત્યાં સુધી સંતો કીર્તન ગાતા હતા અને તેમની સાથે શ્રીહરિ પણ કીર્તન ગાઈને તે ગાનમાં તાન તોડતા હતા. ૨૬. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે કોઈ હરિભક્ત બોલાવવા આવ્યા એટલે શ્રીહરિ તરત જ ગામમાં આવ્યા. ૨૭. ચકુ શેઠને ઘેર રસોઈ કરેલી હતી, એટલે ત્યાં આવીને શ્રીહરિ પ્રસન્ન થઈને તરત જમ્યા અને બધા સંતોને પણ ત્યાં બોલાવ્યા. ૨૮. ઘરની ઓસરીમાં, ઓરડામાં અને વિશાળ ચોકમાં સંતોની પંગત થઈ અને સહુ મુખથી નારાયણધૂન કરવા લાગ્યા. ૨૯. શ્રીહરિ પોતે મોતીચૂર અને જલેબી પીરસવા લાગ્યા. બીજા જે જે ભોજન કર્યા હતા તે પણ શ્રીહરિએ પીરસ્યા. ૩૦. સંતો અને પાર્ષદો જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી શ્રીહરિ પીરસવા માટે પંગતમાં ફર્યા. સંતો જ્યારે જમી રહ્યા ત્યારે શ્રીહરિ પંગતમાં ફરતા બંધ થયા. ૩૧. પછી સુખદાયક શ્રીહરિ હમીર ખાચરના ભવને આવીને પલંગ ઉપર પોઢી ગયા. દિવસનો પાછલો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિ પુરથી બહાર આવ્યા. ૩૨.

પરમ દયાળુ શ્રીહરિ લીંબડાના ઝાડની નીચે ગાડી ઉપર જે પલંગ બિછાવ્યો હતો ત્યાં આવીને બેઠા. જે સંતો અને હરિભક્તો હતા તે બધાં દર્શન કરવા માટે આગળ આવીને બેઠા. સહુના દિલમાં અપાર સ્નેહ હતો. જે હરિભક્તોની તે દિવસે રસોઈ હતી તે બધા, શ્રીહરિની પૂજા કરવા માટે

ઘણા જ પ્રેમથી ત્યાં આવ્યા. તેમણે કેસરયુક્ત ચંદન ઘણું ઉતાર્યું હતું અને તે મતવાલા ભક્તોએ તેના કટોરા ભર્યા હતા. ૩૩-૩૫. તેઓ ફૂલના ઘણા હાર લાવેલા હતા. તેમાં ઘણો માદક સુગંધ ભર્યો હતો. વળી જેને જેવો ભાવ હતો તે રીતે સારાં વસ્ત્ર અને વિવિધ પ્રકારનાં આભૂષણ પણ લાવ્યાં હતાં. ૩૬. બોટાદ ગામમાં તે સમયે જેટલા હરિભક્તો હતા તે સહુએ અનુક્રમે આવીને શ્રીહરિની પૂજા કરી. ૩૭. શિવા જોષી આદિક જે હરિભક્ત વિપ્ર હતા તેમણે શ્રીહરિની પહેલી પૂજા કરી. ૩૮. તેમણે કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિનાં સ્વરૂપ ઉપર અનુક્રમે નખથી શિખાપર્યંત તે ચર્ચ્યું. ૩૯. ફૂલના હાર પહેરાવીને મસ્તક ઉપર ફૂલની ટોપી ધરાવી. ફૂલના તોરાઓ અને ગુચ્છ કાન ઉપર ધારણ કરાવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "બોટાદમાં સંતોનું કીર્તનગાન અને શ્રીહરિએ ભક્તિરસની વિશેષતા કહી" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૨

બોટાદમાં શ્રીહરિ અને સંતોની પૂજા, પ્રાર્થના તથા ઉપદેશ

બોટાદમાં હરિભક્તો જ્યારે શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા ત્યારે ઢોલ, તાંસા અને શરણાઈ જેવાં વાજિંત્ર વાગતાં હતાં. ૧. ભગા દોશી આદિક જે શેઠિયા હરિભક્ત હતા, તે બધાએ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પૂજા કરી. ૨. જેને જેવો ભાવ હતો તેણે તેવી પૂજા કરી અને અલૌકિક લાભ લીધો. આવો લાભ બીજા કોઈએ લીધો ન હતો. ૩. તે બધા શેઠિયાઓએ શ્રીહરિની પૂજા જ્યારે કરી લીધી ત્યારે બીજા બધા હરિભક્તોએ આવીને શ્રીહરિની પૂજા કરી. ૪. બોટાદના જેટલા હરિભક્તો હતા, તે સહુ જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિની કપૂરથી આરતી પ્રગટાવીને ઉતારી. ૫. અત્યંત પ્રેમભર્યા હૃદયથી સહુએ પ્રણામ કરીને સ્તુતિ કરી અને કહ્યું કે, 'હે પ્રભુ ! જે જે અધર્મ કહેવાય છે તેનાથી આપ અમારી રક્ષા કરજો. ૬.

યથાર્થપણે દેખ્યામાં ન આવે એવો કેટલોક અધર્મ હોય છે. જેને જેમાં રુચિ હોય તે તેને ધર્મ કહેવા લાગે છે. ૭. ઝાઝે ભાગે અમને એવું દેખાય છે કે જેમાં રુચિ ન હોય તેને લોકો અધર્મ કહે છે અને જેમાં રુચિ હોય તેને અધર્મરહિત ધર્મ જાણે છે. ૮. મનુષ્યજાતિમાં કેટલાક સૂતકનો બાધ માને છે અને કેટલાક સૂતકનો બાધ રાખતા નથી. ઉલ્ટાના જે સૂતક રાખે છે તેની પણ મશ્કરી કરે છે. ૯. મુસલમાનો મનુષ્ય કહેવાય છે, પરંતુ શબની પાસે રહીને પણ ખાય છે. તેઓ ચંડાળ સુધીના મનુષ્યનો સ્પર્શ કરવામાં કાંઈ બાધ રાખતા નથી. ૧૦.

કેટલાક દેશમાં બ્રાહ્મણોના ઘરમાં પણ ઊતરતી જાતિના લોકો રસોઈનું અને પાણી સિવાયનું કામ કરતા હોય છે. ૧૧. બ્રાહ્મણ થઈને પણ માંસ ખાય છે. તેમાં તેને શંકા પણ થતી નથી. વળી, તેઓ પશુ અને પંખીઓની હત્યા કરવામાં શંકા રાખતા નથી. ૧૨. માછલાને મારવામાં લેશમાત્ર શંકા રાખતા નથી, પણ તેઓ ચોકો કર્યા સિવાય ખાવા બેસે નહિ. આવી તેમની હંમેશની રીત હોય છે. ૧૩. મુસલમાન સિવાયના કેટલાય લોકો ચોકો કરીને ખાય છે. એમ ઉપલક દૃષ્ટિએ સ્વચ્છ ધર્મ દેખ્યામાં આવે છે. એવા કેટલાક ધર્મો રહ્યા છે. ૧૪. જેટલા દેશો છે તે બધામાં ધર્મની રીત જુદી જુદી હોય છે અને સહુ મનુષ્યો તેમાં ધર્મની દૃઢ ભાવના કરીને ગુલતાન રહે છે. ૧૫. બધા દેશની અને ધર્મની એક રીત મળતી આવતી નથી. જેને દૃઢ સત્સંગ થાય છે તેને યથાર્થ રૂપમાં ધર્મ જેવો છે તેવો દેખાય છે. ૧૬.

સત્સંગ સિવાય જેટલા ધર્મ છે, તે બધા કહેવા માત્રના જ દેખાય છે. સત્સંગ સિવાયના બીજા જે ધર્મ છે તેમાં તો ભવભટકણ દેખાય છે. ૧૭. જન્મ-મરણ અને જમપુરીનાં દુ:ખને વિમુખ લોકો ક્યારેય દેખતા નથી. કેમ જે, વિમુખ જીવોને જેટલાં તેનાં પાપ છે તે જ આવરણરૂપ રહે છે, કહેતાં તે પાપો બંધન કરી રહ્યા છે. ૧૮. જ્યાં સુધી માણસ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને નખથી શિખાપર્યંત બધા પાપો આવરણના રૂપમાં લપેટાઈ રહે છે. તે સત્સંગે કરીને દેખાય આવે છે. ૧૯.

(વળી, બોટાદના ભક્તો કહે છે,) માટે હે શ્રીહરિ ! અમે માગીએ છીએ કે અમારી બુદ્ધિ સત્સંગમાંથી વિપરીત થઈ જાય તેવું વિઘ્ન અમને ક્યારેય ન આવે. અને સંતો તથા હરિભક્તોમાં અમને ક્યારેય પરસ્પર દ્રોહબુદ્ધિ ન થાય. ૨૦.

❋ દિવ્યભાવરૂપી સમજણની આવશ્યકતા :

જ્યારે હરિભક્તોનો અભાવ આવે છે ત્યારે તેમનો દ્રોહ કરવાનો ભાવ થાય છે. અને જ્યારે દ્રોહ કરવાની ભાવના થાય છે પછી તે સત્સંગમાં ક્યારેય ટકી શકતો નથી.' ૨૧. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, 'આવી બાબતમાં તો સમજણની ઘણી જરૂરત રહે છે. ૨૨.

समझ में कसर जितना जाही, विघ्न तितना रहे जो ताही;
समझ में कसर न रखे जबहू, विघ्न न होवे ताकु तबहू...२३
हरिजन में सरस बरतन रहे जाके, निष्कपट निरडंभ हि ताके;
मान मछर रहित मति जाकी, देखेमें एसे आवे वाकी...२४
दोहा : संत हरिजन तिनकु जोउ, देखत दिव्य हि रूप;
मनुष्य भाव देखत नहीं, एसे हरिजन अनूप...२५

જેને જેટલી સમજણમાં કસર રહે છે તેટલું તેને વિઘ્ન રહે છે. જ્યારે સમજણમાં કોઈ જાતની ખામી ન રાખે ત્યારે તેમને ક્યારેય વિઘ્ન આવતું નથી. ૨૩. હરિભક્તોમાં જેનું વર્તન સરસ હોય, જે નિષ્કપટ અને નિર્દંભ હોય અને જેની બુદ્ધિ માન અને મત્સર દોષથી રહિત દેખ્યામાં આવતી હોય, વળી, બીજા સંતો અને હરિભક્તોને જે દિવ્યરૂપે દેખતા હોય અને તેમાં જે મનુષ્યભાવ દેખતા ન હોય, આવા હરિભક્ત સર્વશ્રેષ્ઠ છે. ૨૪-૨૫. ઉપર કહેલા ગુણવાન સંતો-ભક્તોનો હૈયામાં દિવ્યભાવ લાવીને નિત્ય સમાગમ કરવો. તેઓમાં જેટલો મનુષ્યભાવ રહે છે તેટલું તેને વિઘ્ન રહે છે. ૨૬.

सोरठा : जितना मनुष्य भाव, तितना द्रोह होत तेहि;
द्रोह एसे रहाव, सत्संग से करत दूर यह...२७
संत हरिजन में रहत, परस्पर मन मिलत नहीं;
दूर सो रहेउ कहत, मन जितना न मिलत रहे...२८

જેને જેટલો મનુષ્યભાવ રહે છે તેનાથી તેટલો દ્રોહ થાય છે. અને દ્રોહ એવી ચીજ છે કે તે માણસને સત્સંગથી દૂર ધકેલી દે છે. ૨૭. સંતો-ભક્તોની ભેળા સાથે જ રહેવા છતાં તેમની સાથે પરસ્પર જેટલું મન મળે નહિ તેટલા દૂર રહ્યા કહેવાય. ૨૮. જેને સંતો અને હરિભક્તોમાં જેટલો પરસ્પર મનમેળ રહે અને જેટલા પ્રમાણમાં મન મળતું રહે તેને તેટલો જ તેનો સત્સંગ રહ્યો કહેવાય. ૨૯. ભગવાનના ભક્તોમાં એકબીજાથી જેટલું મન ચોરાતું રાખે છે તેટલો તેનાં મનમાં કુસંગનો પ્રવેશ રહે છે, તેમાં લેશમાત્ર સંદેહ નથી. ૩૦.

અમે તમારી આગળ જેટલી વાત કહી બતાવી છે, તેટલી તમારે અમારી કૃપા સમજવી. અને જ્યારે અમે વાત ન કહી બતાવીએ ત્યારે અમારી કૃપા રહી નથી એમ સમજવું. ૩૧. સત્સંગ અને કુસંગ, તે બન્ને તો વર્તનમાં પ્રગટ દેખાઈ આવે છે.' આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા ત્યારે હરિભક્તો સંતોની પૂજા ઘણા ભાવથી કરવા લાગ્યા, કેસરયુક્ત ચંદન ચર્ચ્યું. તે વખતે ભાઈ રામદાસજીસ્વામી ગઢપુરથી ત્યાં આવ્યા. ૩૨-૩૩.

મોટા આત્માનંદસ્વામી તેમની ભેળા આવ્યા હતા. તેમણે પણ રામાનંદસ્વામીની ઘણી સેવા કરી હતી. ૩૪. તે બન્ને સંતો બીજા બધા સંતો કરતા મોટા હતા. તેથી તેમની પૂજા પહેલી કરી. હરિભક્તોએ ચંદન ચર્ચીને ઘણા ભાવથી ફૂલના હાર પહેરાવ્યા. ૩૫. તે પછી મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરાવી તથા ફૂલના બાજુ તથા પહોંચી હાથ ઉપર બાંધ્યાં અને પછીથી વસ્ત્ર ઓઢાડ્યાં. તે હરિભક્તો સમયાનુસાર પૂજનની રીતને જાણતા હતા. ૩૬.

પછી મુક્તાનંદસ્વામી આદિક જે બધા સંતો હતા તેમને પણ હરિભક્તોએ ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. ૩૭. તે પછી સહુ સંતોને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. તે રીતે જ બધા વર્ણીઓની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૩૮. શ્રીહરિના જેટલા પાર્ષદો હતા તે બધાની પણ આગળ

કહી ગયા તે રીતે પૂજા કરી. પૂનમને દિવસે જે જે દેશના હરિભક્તો હતા તે બધા બોટાદ આવ્યા. અને જેને જેવો ભાવ હતો તે પ્રમાણે સહુએ શ્રીહરિની પૂજા કરી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "બોટાદમાં શ્રીહરિ અને સંતોની પૂજા, પ્રાર્થના તથા ઉપદેશ કહ્યો" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૩

દર્શન કરવા આવેલા અધિકારી જનુબાને શ્રીહરિએ સંતોનો મહિમા કહ્યો

દેશ દેશાવરના બોટાદમાં આવેલા હરિભક્તોએ શ્રીહરિની જે પૂજા કરી તે હવે કહું છું. ૧. શ્રીહરિના વિચરણની જેટલી વાત છે તેને ભાવથી જે કોઈ સાંભળે અને બીજાને સંભળાવે તો ભગવાન તેની સમીપ જ રહે છે. ૨. જેટલા હરિભક્તો આવ્યા હતા તેમણે શ્રીહરિની ઘણા ભાવથી પૂજા કરી. અને જેવા પોતાને મનોરથો હતા તે રીતે શ્રીહરિને પૂજીને પૂર્ણ કર્યા. ૩. હરિભક્તોએ ઘણા હેતથી સંતોની પણ પૂજા કરી. **હેત વિના કોઈ બાબતનું ફળ મળતું નથી.** હરિભક્તો તે બાબતને સમજતા હતા, પણ પશુ જેવા મનુષ્યોને તે મર્મની ખબર પડતી નહિ. ૪.

સંધ્યા સમય થયો ત્યાં સુધી હરિભક્તો શ્રીહરિ તથા સંતોની પૂજા કરતા રહ્યા. જ્યારે મશાલો પ્રગટી ત્યારે પૂજા બંધ કરી. ૫. સંતો અને હરિભક્તોની જે સભા હતી, તે બધી ફૂલના હારને લીધે માનો ફૂલનો કોઈ બાગ ખીલ્યો ન હોય, તેવી તે સમયે શોભા થઈ હતી. ૬. સંતો અને હરિભક્તોએ ઊભા રહીને આરતી બોલ્યા જે,

આરતી કીજે સહજાનંદસ્વામી, નટવર રૂપ પ્રગટ બહુનામી...ટેક
શારદ શેષ નારદ ગુને ગાવે, નિગમ નેતિ કહી પાર ન આવે...૧

સર્વાતીત અકળ અવિનાશી, જાહી જપત મુની સહસ્ત્ર અઠ્યાસી...૨
માયા જીવ ઈશકે કારન, નરતન ધાર્યો પતિતજન તારન...૩
અંગોઅંગ પુષ્પ ધરે વનમાળી, હરિજનસંગ બજાવત તાળી...૪
એહી છબી રહો નિત્ય નૈનુકે આગે, મુક્તાનંદ કરજોરી કે માગે...૫

પછી નારાયણધૂન ઘણા હરખથી કરી. શ્રીહરિ પણ સભાની વચ્ચે ઊભા રહ્યા હતા. ૭. શ્રીહરિની મૂર્તિ પણ ફૂલના હારોમાં નખશિખ સુધી છવાઈ ગઈ હતી. તેમજ કેસરયુક્ત ચંદન પણ અંગો ઉપર લપેટાઈ ગયું હતું. ૮. જ્યારે નારાયણધૂન કરી રહ્યા ત્યારે ખુલ્લા ચોકની વચ્ચે આવ્યા અને ગાડીની ઉપર ગાદી તકિયા બિછાવેલા હતા, ત્યાં આવીને બેઠા. ૯. બોટાદના નિવાસી પરજિયા સોની એક હરિભક્ત હતા. તેમના પુત્ર હમીર અને રાણા તે પણ શ્રીહરિ જયાં બેઠા હતા ત્યાં આવ્યા. ૧૦. તેઓ પિત્તળની એક મોટી દીવી હાથમાં લાવ્યા. તેને શ્રીહરિની આગળ મૂકીને પ્રગટાવી. તેમાં દસ-બાર જેટલા દીવા કર્યા હતા. તે જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. ૧૧.

તેના પુત્ર ધનજી સોનીને શ્રીહરિએ તે સમયે રાજી થઈને ફૂલનો હાર આપ્યો અને તેને તરત જ કૃતાર્થ કરી દીધો. ૧૨. તે સમયે રાણપુરના એક સરકારી ઉચ્ચ અધિકારી જનુબા નામે દક્ષિણી બ્રાહ્મણ હતા, તે ત્યાં આવ્યા. ૧૩. તે આવીને શ્રીહરિને પગે લાગ્યા અને રૂપિયો તથા શ્રીફળ લઈને પ્રેમથી ચરણમાં મૂક્યા. ૧૪. શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરી અને સંતોની અલૌકિક અને અદ્‌ભુત સભાને દેખી. તેથી તે મનમાં આશ્ચર્યચકિત થઈ ગયા. ૧૫. પછી તે અધિકારીએ શ્રીહરિને હાથ જોડીને કહ્યું કે, 'આપ મારો ઉદ્ધાર કરો. આપ કોઈ અતિસમર્થ સત્પુરુષ છો.' ૧૬.

चोपाई :

श्रीहरि तब बोलत भयेऊ, संत यह कल्पवृक्ष रहेऊ;
तुमारि मति में जेसे भावा, होव हि तेसे न मिथ्या रहावा...१७
यह संत कु जानत जिस रीता, जन कु तेसे फल मलीता;
तुच्छ जानत तेहि तुच्छ रहाते, भाव तेसे तेहि फल लहाते...१८

ત્યારે શ્રીહરિએ તે અધિકારીને કહ્યું કે, 'અહીં રહેલા આ બધા સંતો કલ્પવૃક્ષના જેવા છે. તમારા હૃદયમાં જેવો ભાવ હશે તે સફળ થશે. તેમાં કાંઈ મિથ્યા નથી. ૧૭. આ સંતોને જેવા સમજવામાં આવે છે, માણસને તેવું ફળ મળે છે. જો સંતોને તુચ્છ ગણે તો તે તુચ્છ રહે છે. જેવી ભાવના હોય તેવું ફળ પામે છે.' ૧૮. ત્યારે તે અધિકારીએ મનમાં પ્રસન્ન થઈને શ્રીહરિને કહ્યું, 'આજ તો હુતાશનીનો સર્વોપરિ દિવસ છે. ૧૯. આપે વાજિંત્રોની સાથે હોરીનાં પદોને સંતોનાં મુખથી ગવડાવ્યાં છે, તેવું ગાન મેં ક્યારેય સાંભળ્યું નથી. ૨૦. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી ઘણા મોટા વિદ્વાન કવિ છે એમ તેણે સાંભળ્યું હતું. તેથી તેમનાં પદ સાંભળવાનો મનમાં ભાવ હતો. ૨૧. તે વખતે શ્રીહરિએ સંતોને કીર્તન ગાવાની આજ્ઞા કરી ત્યારે સંતો દુકડ, સરોદ, સિતાર, તંબૂર અને મંજીરા લઈને આવ્યા. ૨૨.

સંતોની સભાની આગળ તે અધિકારીને શ્રીહરિએ ઘણું માન આપીને બેસાડ્યા. જ્યારે સંતો કીર્તનગાન કરવા આવ્યા, ૨૩. ત્યારે જેમાં જેટલા સારા ગુણ હોય તેને તેવી રીતે શ્રીહરિ બોલાવતા હતા અને તેને લીધે જેટલા મનુષ્યો શ્રીહરિની પાસે રહેતા તેમને અતિશય ઉત્સાહ રહેતો હતો. ૨૪. દુનિયામાં જેટલો વિવેક કહેવાય છે, તે બધાનું કારણ તો ભગવાન શ્રીહરિ છે. અને જેટલી સારી બાબતો છે તે બધી તો સહુના કારણ એવા ભગવાન સ્વામિનારાયણમાં સહેજે રહી છે. ૨૫. કલ્પતરુ અને ચિંતામણિમાં જે જે બાબત સહેજે નિવાસ કરીને રહી છે, તે મૂઢ મનુષ્યને દેખાતી નથી, તેમ શ્રીહરિમાં રહેલી બાબતો મૂઢને દેખાતી નથી. ૨૬.

શ્રીહરિવર પહેલા પશ્ચિમ દિશા તરફ મુખ કરીને બેઠા હતા. પછી સંતોની સભા સન્મુખ પૂર્વ દિશા તરફ મુખ કરીને બેઠા. ૨૭. દેવાનંદસ્વામી તો અસલ ગાયક હતા. તેમણે વસંત રાગનો જ્યારે આલાપ કર્યો ત્યારે માનો વસંતઋતુ મૂર્તિમાન પ્રગટ્યો હોય તેમ લાગતું હતું. ૨૮. વસંત રાગનો આલાપ કરી રહ્યા પછી તેઓ વસંતનાં પદ ગાવા લાગ્યા. તે સરકારી અધિકારી સંગીતના રાગોના જાણકાર હતા. એટલે તે રાગ સાંભળતાની

સાથે જ તેને સમાધિ થઈ ગઈ. ૨૯. તે પછી તેણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું કે, 'મારા જે મનોરથ હતા તેને આપે આજે પૂર્ણ કર્યા છે. માટે આપ ચોક્કસ અંતર્યામી અને સર્વના સ્વામી છો. ૩૦.

જ્યાં ભગવાન હોય ત્યાં શી વાત ન હોય ? ત્યાં તો બધી જ વાત આવીને રહે છે. સાધારણ જીવને ભગવાનનો લેશમાત્ર પણ ખપ નથી અને તેણે કરીને તે જીવ અનંત જન્મો સુધી ક્લેશને પામે છે. અને પછી તે જ્યાં જાય છે ત્યાં વારંવાર ઘણા દુ:ખને પામતા રહે છે અને તે જીવ દુ:ખને જ વધારે ને વધારે સુખ કરીને માને છે. ૩૧-૩૨. પછી તો તે જીવ જે જે સ્થાવર તથા જંગમ યોનિમાં જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તેવો જન્મ લે છે. ૩૩. અને જેવી યોનિ હોય તેવો જીવ નથી હોતો, જીવ તો સદાય ચિદ્‌ગ્રંથી કહેવાય છે, સૂક્ષ્મ શરીરમાં તે અત્યંત સૂક્ષ્મ છે અને વિશાળ શરીરમાં મોટો થઈને રહે છે. ૩૪. જીવ શસ્ત્રથી કપાતો નથી. અગ્નિથી તેનો નાશ થતો નથી. પાણીથી તે સડતો નથી. પવન તેને સૂકવી શકતો નથી. ૩૫. કાળ અને માયા પણ જીવનો નાશ કરી શકતા નથી; આવો જીવ છે. તે જીવ જ્યાં સુધી મોક્ષને માર્ગે ચાલતો નથી ત્યાં સુધી તેના ઉપર જન્મ-મરણરૂપ સંસૃતિ રહે છે. ૩૬.

ત્યારે શ્રીહરિએ તે અધિકારીને કહ્યું, 'જેવા માર્ગે જીવ ચાલે છે, તેવું ફળ તે પામે છે, તે જીવના હાથની જ વાત છે. ૩૭. તમે ચાલીને અહીં આવ્યા તો આ સંતોનાં મહાદુર્લભ દર્શન થયાં. આ સંતોનાં દર્શન જેવું દુનિયામાં બીજું કોઈ ફળ નથી. ૩૮. **જેણે સ્ત્રી અને ધનનો ત્યાગ કર્યો હોય અને એક ભગવાનના સ્વરૂપમાં જ જેને પ્રેમ હોય તેવા સંતો જેના ઘણાં મોટાં ભાગ્ય હોય તેને જ રુચે છે. ૩૯. આવા જે સંતો છે, તે જ મોક્ષનો માર્ગ છે અને આવા સંતો સિવાયનો જે માર્ગ છે તે તો અપાર સંસૃતિનું દ્વાર છે. ૪૦.**

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "દર્શન કરવા આવેલા અધિકારી જનુબાને શ્રીહરિએ સંતોનો મહિમા કહ્યો" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥

પૂર ઓગણીશમું : તરંગ - ૧૪

બોટાદમાં શ્રીહરિ સંત-હરિભક્તો સાથે રંગે રમ્યા

શ્રીહરિની સુંદર વાત સાંભળીને જનુબા નામે અધિકારી ગદ્‌ગદ કંઠ થઈ ગયા અને પછી બોલ્યા, ૧. 'આપે જેટલી વાત કહી તે મોક્ષનું દ્વાર છે અને તે વાતને જે ખોટી કહે છે તે તો ચોક્કસ પશુના જેવા છે. ૨. જે મનુષ્યો પશુ જેવા છે તે બધા આપની વાતને અત્યારે પ્રમાણરૂપ માનશે નહિ, પણ જે સમજુ મનુષ્ય છે તે તો બધા પ્રમાણરૂપ કરશે. ૩. આપની વાતને લીધે પશુ જેવા જેટલા મનુષ્યો હોય છે તે તરત દેખાઈ આવે છે; એવી અત્યારે આપની વાત છે. ૪.

આપની જેટલી વાતો છે તેનું વેદો, પુરાણો અને ધર્મશાસ્ત્રો વારંવાર માથે ચઢાવીને પ્રતિપાદન કરતા રહે છે. ૫. અત્યારે તો બધું બ્રહ્માંડ અધર્મના માર્ગમાં ચાલીને અધર્મમાં ડૂબેલું છે. આપની વાતને સાંભળીને તો તે ક્ષણમાં જ અધર્મ થરથર ધ્રૂજવા લાગે છે. ૬. અત્યારે આપનો અવતાર આખા બ્રહ્માંડને અધર્મથી બચાવવા માટે થયો છે, એમ જેટલા વિવેકી મનુષ્યો છે તેમને દેખવામાં આવે છે. ૭. અત્યારે તો અંગ્રેજ લોકોને પૂર્વના કોઈ તપને લીધે સર્વોપરિ બુદ્ધિ પ્રાપ્ત થઈ છે અને તેઓ જે ધારે છે તે બાબતને કરી શકે છે. ૮.

આપના સમાન સત્પુરુષના રાજીપાનું આ ફળ છે. અને આ સમયે તે અંગ્રેજો આપના સિદ્ધાંતની વાતનું ઘણું પ્રતિપાદન કરે છે. ૯. સાચી બુદ્ધિનું એટલું જ ફળ છે કે, જે જેવાં રૂપમાં હોય તેને તેવાં રૂપમાં ઓળખવું. જે જે બાબત જેવી હોય તેવી જાણ્યામાં ન આવે, ૧૦. તે બુદ્ધિનું સાચું ફળ નથી. તેવા બુદ્ધિહિનોનો મનુષ્યજન્મ વૃથા કહેવાય છે.' આટલી વાત જ્યારે કહી રહ્યા ત્યારે સંતોએ ***'હારે મારે આજ પ્રીતમ ઘેર આવશે, હારે મને હેતે કરીને બોલાવશે...'*** એ કીર્તનનાં પદોને ગાવાની શરૂઆત કરી. ૧૧. અધિકારી જનુબા શ્રીમંડળ લાવ્યા હતા. તે વાજિંત્રોમાં શ્રેષ્ઠ કહેવાય છે. તે જોઈને શ્રીહરિએ કહ્યું, 'આવું વાજિંત્ર અમે ધર્મપુરમાં જોયું હતું. ૧૨.

મોટા રાજદરબારોમાં આવું વાજિંત્ર હોય છે, ઠેકઠેકાણે હોતું નથી. આ બધા વાજિંત્રોનો આ રાજા કહેવાય છે.' ૧૩. સંતો હોરીના પદનું ગાન કરવા લાગ્યા. પછી જ્યારે સવારનો સમય થયો ત્યારે શ્રીહરિ સ્નાન કરવા માટે ઊઠ્યા અને સંતોએ ત્યારે કીર્તનગાન બંધ કર્યું. ૧૪.

જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા સ્નાન કરવા માટે ગયા. અને પછી તે સહુ શ્રીહરિની માનસીપૂજા કરતા હતા. ૧૫. બોટાદના બધા હરિભક્તોએ પડવાને દિવસે રંગ બનાવ્યો હતો. ૧૬. ભગવાન નરનારાયણે તે પડવાને દિવસે જન્મ લીધો હતો. તેથી તે દિવસે ફૂલદોલનો ઉત્સવ થાય છે. ૧૭. ભગવાન નરનારાયણ ભરતખંડના રાજા કહેવાય છે તેમનો આ મહાન રંગોત્સવ છે. તે સમયે હરિભક્તોએ આવીને કહ્યું, 'મહારાજ, અમે રંગ બનાવી રાખ્યો છે. ૧૮. હવે આપ જ્યાં કહો ત્યાં અમે રંગ લાવીએ.' હરિભક્તોના મનમાં ઘણો ઉત્સાહ હતો. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જ્યાં હરિભક્તો છે ત્યાં જ બધા સંતો પણ રહ્યા છે. ૧૯. અમે ત્યાં લીમડાના ઝાડ તળે જઈને બેસીએ છીએ. તમે બધો રંગ ત્યાં લાવો.' આમ કહીને શ્રીહરિ લીમડાના વૃક્ષ તળે આવ્યા અને ત્યાં રહેલી ગાડી ઉપર બેઠા. ૨૦.

તે સમયે શ્રીહરિ જ્યાં બેઠા હતા ત્યાં આવીને સંતો અને હરિભક્તોની સભા થઈ. પછી ઢોલ, તાંસા, શરણાઈ, નોબત અને નગારાઓ વાગવાં લાગ્યાં. ૨૧. બોટાદ ગામના જે લોકો હતા તે બધા રંગોત્સવને જોવા માટે આવ્યા. આ બાજુ હરિભક્તોએ જેટલો રંગ તૈયાર કર્યો હતો, તે બધો શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. ૨૨. ત્યારે ત્યાં મનમાન્યો રંગ બનાવ્યો હતો અને મોટા મોટા ચરુ અને રંઘેડા તે રંગોથી ભર્યા હતા. અને ગુલાલના પર્વત જેવા ઢગલા કર્યા હતા. જ્યારે ઉત્સવનો સમય આવ્યો ત્યારે, ૨૩.

શ્રીહરિએ રૂમાલથી કમર કસી લીધી. શ્રીહરિની મનોહર મૂર્તિ ઘણી રૂપાળી લાગતી હતી. બીજી બાજુ રામદાસભાઈએ નિત્યાનંદસ્વામીને કહ્યું કે, 'મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી અને તમે, મારા વતી

શ્રીહરિના ઉપર રંગની એક એકવાર તાંબડીઓ ભરી ભરીને ઢોળો. જલદી જાઓ, હવે વિલંબ ન કરો.' ૨૪-૨૬. પછી તરત જ તે બધા મુનિઓ ઊઠ્યા અને રંગની તાંબડી ભરી ભરીને આવ્યા અને શ્રીહરિ તો તેમને દેખતા જ રહ્યા, ત્યાં તો સંતોએ શ્રીહરિનાં મસ્તક ઉપર રંગ ઢોળી દીધો. ૨૭. પછી તેમણે એક એક ખોબો ભરીને શ્રીહરિની ઉપર ગુલાલ નાખ્યો. તેનાથી મૂર્તિ સુંદર રંગમય બની ગઈ અને પછી સહુ રંગ ઉડાડવા લાગ્યા. ૨૮.

જેટલા સંતો હતા, તે બધાને રંગમય કરી દીધા અને તેના પછી જેટલા હરિભક્તો હતા, તે બધાને પણ રંગમાં રસબસ કરી દીધા. ૨૯. હરિભક્ત બાઈઓને પ્રસાદીનો રંગ આપ્યો, એટલે તે હરિભક્ત બાઈઓ રંગને પ્રસાદીનો જાણીને પરસ્પર બાઈઓમાં ઘણા પ્રેમથી રંગ ઉડાડવા લાગી. ૩૦. જે હરિભક્ત બાઈઓ હતી તેમનાં મનમાં શ્રીહરિની પ્રસાદી સિવાયના રંગથી રમવાનો ભાવ ન હતો. કારણ કે, હરિભક્ત બાઈઓનો તેવો સ્વભાવ હતો. ૩૧. ભગવાનના સંબંધ વિનાનો જેટલો રંગ છે તેને તો તેઓ ભવભટકણ માનતી હતી. ભગવાનનો પ્રસાદીનો જે રંગ છે તે તો ભવભટકણને મટાડનારો છે, તેમ દેખતી હતી. ૩૨.

સત્સંગી બાઈઓ સત્સંગરૂપી અલૌકિક રંગમાં નિરંતર રમતી રહેતી. સત્સંગના કહેલા જેટલા ધર્મ-નિયમો છે અને શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે, તેને જ તેઓ અલૌકિક રંગ માનતી હતી. અને એવું માનતી હતી કે, તે સત્સંગનો રંગ તો દેવતાઓ માટે પણ દુર્લભ છે. શ્રીહરિ જેટલો રંગ હતો તે બધાને જ્યારે ઉડાડી રહ્યા તે પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. જેટલો ગુલાલ હતો તે બધો સંતો અને હરિભક્તોના ઉપર ઉડાડીને તે સહુને રંગ રંગમય કરી દીધા. ૩૩-૩૫. સંતો અને હરિભક્તોની સભા જેટલી જમીન ઉપર હતી, તે બધી રંગ અને ગુલાલના કીચડથી ઢીંચણ સુધી ભરાઈ ગઈ હતી. ૩૬.

જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા હતા તે વખતે આ અવસરને દુર્લભ જાણીને બધા દેવતાઓ વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. ૩૭. શ્રીહરિએ તે સમયે એટલો બધો રંગ ઉડાડ્યો કે દેવતાઓના જે વિમાનો હતા તે દેવતાઓએ સહિત રંગીને રંગ રંગ કરી દીધા હતા. ૩૮. દેવતાઓ પણ બધા પોતાનાં

વાજિંત્રો લઈને આવ્યા હતા. તે જ્યાં સુધી શ્રીહરિ રંગે રમ્યા ત્યાં સુધી વાજિંત્રો વગાડતા રહ્યા. ૩૯. જે દેવાંગનાઓ હતી તે આવા અલૌકિક સમયને જોઈને શ્રીહરિને રાજી કરવા માટે નૃત્ય કરવા લાગી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "બોટાદમાં શ્રીહરિ સંત-હરિભક્તો સાથે રંગે રમ્યા" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૫

શ્રીહરિ હમીર ખાચરના દરબારમાં રંગે રમ્યા, જમ્યા અને તેમની પૂજા કરી

શ્રીહરિએ અહીં બોટાદમાં રંગ ઉડાડ્યો તેનો જે કીચડ થયો, તેને દેવતાઓએ દુર્લભ સમજીને પ્રસાદીના રૂપમાં વિમાનમાં ભર્યો. ૧. જેટલા માહાત્મ્યવાળા હરિભક્તો હતા તેમણે પણ તે રંગનો કીચડ લીધો. જેથી રોજ સ્નાન કર્યા પછી પોતાનાં અંગ ઉપર લગાડી શકાય. ૨. રંગે રમ્યા પછી જ્યારે શ્રીહરિ સ્નાન કરવા ચાલ્યા ત્યારે દરબાર હમીર ખાચરે ઉમંગથી શ્રીહરિની પાસે આવીને કહ્યું, ૩. 'મહારાજ, અમારું ગામ, અમારી બજાર અને અમારો દરબારગઢ, આ વખતે રંગ વિનાનો રહી ગયો છે. અત્યારે આપે રંગ તો ગામની બહાર ઉડાડ્યો છે.' ૪.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'તમે ગુલાલ લાવો. અમે બજારમાં ગુલાલ ઉડાડીએ અને તમારો મનોરથ પૂરો કરીએ. અમને તે બાબતમાં કાંઈ આળસ નથી.' ૫. તે સમયે જે હરિભક્ત કાઠી દરબારો હતા તે બધા સવારી લઈને આવ્યા. રંગથી રસબસ સહુ અશ્વ ઉપર બેઠા અને શ્રીહરિ પણ અશ્વ ઉપર બેઠા. ૬. તે સમયે શ્રીહરિની મૂર્તિ સંપૂર્ણ રંગ અને ગુલાલથી ભરી હતી. અને બધા સંતો અને હરિભક્તો પણ રંગ અને ગુલાલથી ભરેલા હતા. આગળના ભાગમાં ઢોલ અને તાંસા વાગતાં હતાં. ૭. પછી શ્રીહરિ ગામના રાજમાર્ગ ઉપર ચાલ્યા અને હરિભક્તો ગુલાલ લઈને સામે આવ્યા. શ્રીહરિ

અશ્વ ઉપર બેઠા બેઠા જ આખી બજારે ગુલાલ ઉડાડતા ચાલ્યા. ૮. બજારે ચાલતા કોઈ મનુષ્ય રંગ વિનાનો જો દેખાય તો તેને શ્રીહરિ ગુલાલ નાખીને રંગી દેતા હતા. તેને હરકોઈ મનુષ્ય દેખતા હતા. ૯. આ રીતે ગુલાલ ઉડાડતા ઉડાડતા શ્રીહરિ ઘણા પ્રેમથી હમીર ખાચરના દરબારમાં આવ્યા. શ્રીહરિ હમીર ખાચરને પોતાના શરણાગત ભક્ત સમજીને તેનાં મનને રાજી કરવા માટે ત્યાં આવ્યા. ૧૦.

શ્રીહરિ હમીર ખાચરના ભવનના ચોકમાં જ્યારે આવ્યા ત્યારે અશ્વ ઉપરથી નીચે ઊતર્યા અને ભવનની ઓસરીમાં જઈને ઊભા રહ્યા. ત્યારે દરબારે જે રંગ બનાવી રાખ્યો હતો તે ત્યાં લાવ્યા. ૧૧. ત્યાં શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા અને બધા સંતો જય જયકાર કરતા હતા. શ્રીહરિએ પણ સહુ સંતો અને હરિભક્તોને રંગ છાંટીને ત્યાં ઘણા ભીંજવી દીધા. ૧૨. તે ભવનો વચ્ચેનો જે ચોક હતો તેમાં રંગ અને ગુલાલનો અપાર કીચડ મચાવી દીધો. તેનો સુગંધ ચારેબાજુ છૂટવા લાગ્યો. ૧૩. જ્યારે શ્રીહરિ રંગ ઉડાડી રહ્યા, તે સમયે આવીને પલંગ ઉપર બેઠા. બરાબર તે જ વખતે ત્યાં મલ્લ આવ્યા. ૧૪. તે બધા ભુજનગરના મલ્લ હરિભક્ત હતા. તેમાં મુખ્યનું નામ માધવજી હતું. સહુ તેને 'મધુ' આવા નામથી બોલાવતા હતા. ૧૫. હરિભક્ત મલ્લોમાં જે મોટા હતા તે ગંગારામ મલ્લના આ પુત્ર હતા કે જેનું નામ માધવજી હતું. ૧૬.

તે સિવાયના તેની સાથે વાલજી નામે એક મલ્લ હતા અને બીજા ચાર મલ્લ હતા. તે બધા હરિભક્ત હતા અને શ્રીહરિને રાજી કરવા માટે આવ્યા હતા. ૧૭. તે સહુ મલ્લોના મનમાં ઘણો ભાવ હતો અને શ્રીહરિ તેમના ભાવને જાણતા હતા. તેથી તેમને રમવા માટે આજ્ઞા કરી, ત્યારે મલ્લવિદ્યામાં નિપુણ એવા તે સહુ રમવા લાગ્યા. ૧૮. તેમાં બબ્બે મલ્લોની જોડી થઈ. સામ સામે ઊભા રહીને ઉમંગથી તેઓ પોતાની ભૂજાના તાલ દેવા લાગ્યા અને તે પછી મોહક પેચ કરવા લાગ્યા. ૧૯. એકેએક પેચ મલ્લો એવા કરતા કે, કોઈ તેના દાવમાં આવતા નહિ. મલ્લની મલ્લવિદ્યાના જેટલા પેચ હતા તે બધા તેમણે શ્રીહરિની આગળ રજૂ કરી દીધા. ૨૦. તે પછી મલ્લો

પરસ્પર બથોબથ આવી ગયા, છતાં કોઈ જમીન ઉપર પડ્યા નહિ અને જ્યારે પડ્યા ત્યારે બંને સાથે પડ્યા. તેથી તેમની હારવા કે જીતવામાં લાજ રહી. ૨૧. પછી શ્રીહરિ મલ્લોના ઉપર પ્રસન્ન થયા. તેમને ફૂલના હાર આપ્યા અને છાતી તથા મસ્તક ઉપર પણ ચરણ દઈને તેમને કૃતાર્થ કર્યા. ૨૨.

તે સમયે મલ્લોએ કહ્યું કે, 'મહારાજ, આપ ભુજ પધારવાનો અમને વર આપો. અમારા ઉપર આટલી કૃપા કરો. આપ તો ગરીબનિવાજ અને ભક્તવત્સલ બહુનામી સ્વામી કહેવાઓ છો.' ૨૩. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ભુજ ચાહે તેટલું દૂર હોય તોપણ અમે એકવાર જરૂર ત્યાં આવશું.' તે સાંભળીને મલ્લ ખૂબ રાજી થયા અને તે પછી શ્રીહરિ સ્નાન કરવા માટે ચાલ્યા. ૨૪. તે સમયે શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. આખી મૂર્તિ રંગથી ભરી હતી. ત્યાં પશ્ચિમ તરફ એક ઘણો સારો કૂવો હતો. મુનિજનોના સ્વામી આવા શ્રીહરિ ત્યાં ચાલ્યા. ૨૫. કેટલાક સંતો પણ શ્રીહરિની સાથે હતા. પછી શ્રીહરિ કૂવામાં ઊતરીને નાહ્યા. પહેલા પોતે એકલા બધાં વસ્ત્રને પલાળીને નાહ્યાં. ૨૬.

શ્રીહરિ નાહ્યા ત્યારે કૂવાનું પાણી રંગ રંગ થઈ ગયું. નાહી રહ્યા પછી શ્રીહરિ કૂવામાંથી બહાર આવ્યા. ૨૭. તે પછી જેટલા સંતો અને હરિભક્તો હતા, તે સહુ નાહ્યા. શ્રીહરિએ અમૂલ્ય વસ્ત્ર અને આભૂષણ ધારણ કર્યાં. ૨૮. પાર્ષદ ઘોડા ઉપર અમૂલ્ય સાજ સજીને લાવ્યા હતા. તેના ઉપર શ્રીહરિ બેઠા. તે વખતની તેની શોભા કહી શકાતી નથી. ૨૯. શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. પછી શ્રીહરિ બોટાદ ગામમાં આવ્યા અને હમીર ખાચરના દરબારમાં ગયા. ૩૦.

બરફી, પેંડા, દૂધપાક વગેરે ભોજન શ્રીહરિ જમ્યા. દહીંમાં દ્રાક્ષ જમ્યા. પછી જળથી મુખ ધોઈ મુખવાસ લીધો. ૩૧. તે દિવસે દરબાર હમીર ખાચરે હરિભક્ત બ્રાહ્મણોની પાસે મોતીચૂર અને જલેબીની અમૂલ્ય રસોઈ કરાવી હતી. ૩૨. બરફી, પેંડા, સાટા, સૂતરફેણી, ઘેબર, દૂધપાક, પૂરી, વડાં, ભજિયાં, હરીસો, બિરંજ, સાકરનો શીરો અને કેટલીક જાતના સારા રાયતાઓ કરાવ્યા હતા. જેટલા હરિભક્તો આવ્યા તે સહુને ત્યાં જમવા માટેનું આગ્રહ કરીને કહ્યું. ૩૩-૩૪. પહેલા જેટલા સંતો અને વર્ણી

હતા, તેમને તરત જમાડ્યા. શ્રીહરિએ આવીને જેટલી રસોઈમાં વસ્તુ હતી તે બધી સંતોને પીરસી. ૩૫. તે પછી જેટલા બાઈ-ભાઈ સહુ હરિભક્તો હતા, તે બધા જમ્યા. અને તે પછી તે જગ્યાને શુદ્ધ કરી. ૩૬.

જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ઓરડાની ઓસરીમાં પલંગ ઉપર આવીને બેઠા અને સંતો પણ આવી મસ્તક નમાવીને બેઠા. ૩૭. તે સમયે હમીર ખાચરના પુત્ર દાહા ખાચર નામે હતા, તે કેસરયુક્ત ચંદન ઉતારીને લાવ્યા, તે સોનાના કટોરામાં ભર્યું હતું. ૩૮. ઘણા ફૂલના હાર લાવ્યા અને વસ્ત્રો તો અપરંપાર લાવ્યા. તે બધું હરખથી શ્રીહરિની આગળ લાવીને મૂક્યું. પછી અતિ ભાવથી શ્રીહરિનાં નખશિખ પર્યંત અંગ ઉપર કેસરચંદન ચર્ચ્યું. અત્યંત સુગંધભરી ફૂલની ટોપી મસ્તક ઉપર ધરાવી. ૩૯-૪૦. અત્યંત સુગંધ ભરેલા ફૂલના ગુચ્છ કાન ઉપર ધરાવ્યા. ફૂલના બાજુબંધ તથા પહોંચી બન્ને હાથે બાંધી. ૪૧. ફૂલના હાર પહેરાવી હાથમાં ફૂલની છડી આપી અને પછી શરીર ઉપર ફૂલની ચાદર ઓઢાડી દીધી. ૪૨. અને પછી આગળના ભાગમાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં મૂક્યાં અને રૂપિયાનો ભરેલો થાળ આગળ ધરીને પછી આરતી કરી. ૪૩.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ હમીર ખાચરના દરબારમાં રંગે રમ્યા, જમ્યા અને તેમની પૂજા કરી" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૬

શ્રીહરિએ ઉત્સવ સમૈયામાં સત્સંગનો લાભ લેવાનું સહુ હરિભક્તોને કહ્યું

હમીર ખાચર અને તેમના પુત્રે જ્યારે આરતી અને સ્તુતિ કરી. તે પછી સાષ્ટાંગ દંડવત્-પ્રણામ કરીને શ્રીહરિના ચરણોને છાતીમાં લીધા. ૧. તે પછી કેસરયુક્ત ચંદનથી સંતો અને વર્ણીઓની પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૨. તેમજ સંતો, વર્ણી અને પાર્ષદો, સહુને એક એક વસ્ત્ર

ઓઢાડ્યું તથા હરિભક્ત વિપ્રોને દાન આપ્યું. ૩. અને ગદ્‌ગદ કંઠ થઈને સંતોને ઘણા સાષ્ટાંગ દંડવત્‌-પ્રણામ કર્યા. ૪. જ્યારે સંતોની પૂજા કરી રહ્યા, તે વખતે તરત જ મશાલો પ્રગટી અને આરતી કરીને ધૂન કરી. પછી શ્રીહરિ હરિભક્તોના પ્રત્યે જે રીતે બોલ્યા તે હવે હું કહું છું. શ્રીહરિએ કહ્યું કે, 'જે તમે બધા દેશ દેશના હરિભક્તો અહીંયા આવ્યા છો, તે તમે અહીંયા આવીને શી વાત ગ્રહણ કરી છે ? તે સહુ અલગ અલગ બોલો. અમારાં સંતોનાં દર્શનનો પરમ લાભ કેવો માન્યો છે ? તે પણ બોલો. ૫-૭. પરમ લાભ લેવાને માટે તો વરસમાં બે વખત પ્રેમથી ઉત્સવ સમૈયા અમે કરીએ છીએ. અને તેમાં હરિભક્તોને ચેતવણી પણ આપીએ છીએ. ૮.

❋ સમૈયો કરવાના હેતુઓ :

ઘણી અંધારી રાતમાં દીવા વગરનું ઘર કેવું રહે ? તેવું સમૈયા સિવાયનું સહુનું અંતર રહે છે. ૯. **સમૈયા વિના હૃદય અંધકારમય થઈ જાય છે અને તેમાં અનુપમ એક રીત રહેતી નથી. તે રીતને એકસરખી રાખવા માટે અમે હરિભક્તોનો સમૈયો કરીએ છીએ. ૧૦.** વારંવાર આ સત્સંગની દૃઢતા કરતા રહેવું જોઈએ. પોતાના આત્મા સિવાય તો બધો કુસંગ જ કહેવાય છે. અને જીવને તે કુસંગનો યોગ સતત રહે છે. ૧૧. કુસંગનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ અને તેને યથાર્થરૂપમાં ઓળખવો. જીવને વારંવાર સંસારના ફેરા કરાવવા માટે કુસંગ જીવનો પરમ મિત્ર થઈને રહે છે. ૧૨. જીવ, ભગવાન, સંતો અને હરિભક્તો સિવાયનો બધો કુસંગ જ રહ્યો છે, તેમાં કોઈ ફરક નથી. ૧૩. ભગવાન, સંતો અને હરિભક્તો સિવાયનું જે કાંઈ જીવને પ્રિય લાગે છે તે બધો કુસંગ છે અને તે બધું જીવને વિઘ્નરૂપ જ છે. ૧૪.

જેનામાં જેટલો કુસંગ હોય છે તે પરસ્પર હરિભક્તોમાં વિરોધ કરાવે છે પણ તે દેખાતો નથી. ૧૫. જે જેવી વાત હોય છે, તે જ્યાં સુધી તેવી જ દેખાતી નથી ત્યાં સુધી તે અજ્ઞાનરૂપી અંધારું જ છે, પણ તે સત્સંગરૂપી દીવાથી દેખાય છે. ૧૬. સમૈયામાં સંતોનો સમાગમ છે તે હરિભક્તોમાં પરસ્પર એકમન કરાવી દે છે. સમૈયો સંતોના સમાગમ માટે જ છે, માટે

સત્સંગના સમાન બીજું કાંઈ દેખાતું નથી અને સહુનું એક મન થવું તે સમાગમનું ફળ છે. ૧૭. માટે સંતો-હરિભક્તોના મનની એકતારૂપી ફળવાળા સત્સંગમાં જે વિઘ્ન કરે છે તેને શત્રુ જાણીને તજી દેવો. જ્યાં સુધી તેવા શત્રુને મિત્ર માને છે ત્યાં સુધી સત્સંગમાં વિઘ્ન રહે છે. ૧૮. સમૈયાનો રંગ એક વરસ સુધી પહોંચે છે, રહે છે. એક વરસ પછી જ્યાં સુધી સમૈયામાં ન અવાય ત્યાં સુધી દિનપ્રતિદિન સત્સંગનો રંગ ઘટતા ઘટતા ઘટી જાય છે. આ નિશ્ચિત વાતને હું મારી નજરે દેખીને કહું છું. ૧૯-૨૦.

❋ જે થાય દાસનો દાસ તેમાં હરિ કરે નિવાસ :

ભગવાનના જે પાકા ભક્તો હોય છે, તે ભગવાનની આગળ રોજ પ્રાર્થના કરીને બોલે છે કે, 'મને તમારા દાસના પણ દાસનો નિત્ય સમાગમ આપજો. અને તે સમાગમ વિના મારું મન એક એક પળવારમાં મને ખુવાર કરી દે છે, મન આટલું નકારું છે. પરમન અને નિજમન, તે બંનેનું સામસામું કેટલુંક લશ્કર ઊભું રહ્યું છે. ૨૧-૨૨. મનુષ્ય જે દિવસથી સત્સંગ કરે છે તે દિવસથી બંને લશ્કર સામ સામે યુદ્ધ કરતા રહે છે. તે યુદ્ધ રાત-દિવસ થતું રહે છે. તેથી તેને સુખેથી નિદ્રા પણ આવતી નથી. ૨૩. જે ગબરગંડ છે તે તો આવું કાંઈ જાણતો નથી તેથી સુખેથી રહે છે. જેને નિજમન તથા પરમનની કાંઈ ગમ નથી, તે સત્સંગ કરે છે, છતાં પણ બાળક જ રહે છે. ૨૪.

दोहा : जो जो महिमा तिनसे, सत्संग ताके जोड;
महिमा रहे अपार हि, निश्चे बात रहे सोड...२५
मन रहे एक रीत के, महिमा जुत हि जेतो;
तितना भये सत्संग यह, फार फेर न तेतो...२६

અન્ય જે જે મહિમા કહેવાય છે તેના કરતાં સત્સંગનો મહિમા અપાર છે. તે વાત નિશ્ચિત છે. ૨૫. મન જેટલું મહિમાથી યુક્ત થઈને કાયમ એકસરખું રહે તેટલો જ તેને સત્સંગ થયો કહેવાય. તેમાં કોઈ ફારફેર નથી. ૨૬. **સત્સંગનો મહિમા સમજવામાં જેને જેટલી કસર રહે છે તેટલો તે બાળક રહે છે. ૨૭.** જેને દેહપર્યંત સત્સંગથી અધિક બીજી કોઈ વાત ન રહે

ત્યારે તેને સત્સંગનો પૂરો મહિમા સમજાણો કહેવાય. ૨૮. શરીરમાં અપાર રોગ અને માનસિક પીડા ઈત્યાદિક અપરંપાર દુ:ખ રહે, છતાં તે શરીરના દુ:ખથી સત્સંગનો ત્યાગ ક્યારેય ન કરે, ૨૯. અને સત્સંગમાં ઘણો પ્રેમ રાખે, તે હરિભક્ત ઘણો ભાગ્યશાળી છે. જેને સત્સંગનો રંગ શરીરના દુ:ખે કરીને જેટલો ઊતરી જાય છે તેટલી તેણે સત્સંગ કરવામાં કસર રાખી છે, તે દેખાય આવે છે. જ્યારે શરીરમાં પીડા પ્રવેશે છે ત્યારે તેનો જેવો સત્સંગ હોય છે, તે દેખાઈ આવે છે, તે છૂપો રહેતો નથી. દુ:ખ પડ્યા વિના તેની પરીક્ષા થતી નથી. જ્યારે દુ:ખે કરીને સત્સંગનો રંગ વધતો રહે છે ત્યારે સમૈયો કરવાનું જે રીતનું ફળ છે તેવું તેને મળ્યું કહેવાય. સત્સંગી હોવા છતાં જે સુખ અને દુ:ખમાં જેટલો લેવાઈ જાય છે, તેટલી તેણે સંતસમાગમ કરવામાં રાખેલી કસર દેખાઈ આવે છે. જેનો જે રીતનો સત્સંગ હોય છે, તે સંતસમાગમમાં દેખાઈ આવે છે. ૩૦-૩૪.

સત્સંગ તો સૂર્યના જેવો છે તે જેવો હોય તેવો દેખાઈ આવે છે. જેટલી બીજી બાબત હોય તે મળવી શક્ય છે, પણ આવો સત્સંગ મળવો દુર્લભ છે. ૩૫. વેદ, પુરાણ અને સ્મૃતિ ઈત્યાદિક જે જે સચ્છાસ્ત્ર અને સત્પુરુષોનું એ જ તાન છે કે, સત્સંગ દૃઢ કરવો. ૩૬. સત્સંગ કરતાં અધિક બીજી કોઈ બાબત જોવા-સાંભળવામાં આવે, તોપણ તે બાબત સત્સંગથી અધિક ન થાય ત્યારે સત્સંગ થયો કહેવાય. ૩૭. **કલ્પતરુ, ચિંતામણિ, અષ્ટસિદ્ધિ અને નવનિધિ જે કાંઈ પણ કહેવાય છે તે બધા સત્સંગની આગળ દાસીની જેમ દીન થઈને રહે છે; આવો આ સત્સંગ છે. તે સંતસમાગમ કર્યા સિવાય કોઈ દિવસ યથાર્થપણે ઓળખાતો નથી. ૩૮-૩૯.** સત્સંગ જેવો રહ્યો છે તેવી વાત અમે કરીએ છીએ, તોપણ જેમ છે તેમ તેનો પાર આવતો નથી. તેની વાતો કરવા છતાં તે અગાધ રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ ઉત્સવ સમૈયામાં સત્સંગનો લાભ લેવાનું સહુ હરિભક્તોને કહ્યું" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૭

શ્રીહરિએ હરિભક્તોને સત્સંગની દઢતા રાખવા ઉપયોગી વાત કહી

❋ સત્સંગનો મહિમા :

શ્રીહરિએ જેટલી પણ બાબતો છે તેનું જીવન સત્સંગ છે એમ કહ્યું અને સત્સંગ વગરની બીજી બાબતોને નિર્જીવ અને અપંગ કહી. ૧. શ્રીહરિએ બધી વાતોનું ખરું ભૂષણ સત્સંગ છે, એમ વાત કરીને બતાવી દીધું અને સત્સંગને જ સહુથી શ્રેષ્ઠ કળશરૂપ કહ્યો. ૨. સત્સંગ સિવાયની બીજી જે વાતો જેટલા પ્રમાણમાં જ્યાં સુધી અધિક દેખાય છે તેટલો તેની સમજણમાં ફરક રહે છે. ૩. સત્સંગ કોઈ પણ બાબત કરતા સહુથી અધિક દેખાતો હોય, તોપણ સત્સંગ કરવામાં વિરામ પામવો નહિ, સત્સંગ કરતા રહેવું. ૪. જ્યારે સત્સંગ કરતાં કરતાં તેમાં રંગ વધારે ચઢતો રહે અને બીજી કોઈ વાતે કરીને સત્સંગનો રંગ ઊતરે નહિ ત્યારે ખરો સત્સંગનો મહિમા સમજ્યા કહેવાય. ૫. જેમ પ્રહ્લાદજીને રંગ ઊતર્યો નહિ; જેમ દુઃખ પડ્યું તેમ ઉમંગ વધતો રહ્યો તેમ ઉમંગ વધતો રહે. જે ખરા શૂરવીર હરિભક્તો હોય છે, તે તો સત્સંગ માટે થઈને દુઃખ માગતા રહે છે. ૬.

બલિરાજાએ જાણી જોઈને દુઃખ માગી લીધું. તે દુઃખ દેખીને પાછા ભાગ્યા નહિ. ભગવાનને તેણે પોતાનું સર્વસ્વ આપ્યું છતાં ભગવાને તેને પાતાળમાં દાબી દીધા, તોપણ અત્યંત નિપુણ એવા તેમણે ભગવાનનો દોષ લીધો નહિ અને પોતાનો જ દોષ ગ્રહણ કર્યો. પછી ભગવાને જ્યારે તેની દઢતા જોઈ ત્યારે તેને વશ થઈ ગયા. ૭-૮. જેને આ રીતની દઢતાવાળો સત્સંગ હોય છે, ત્યારે તેને ક્યારેય કોઈ વિઘ્ન કરી શકતા નથી. માટે સહુએ ઉપર કહ્યો તે રીતનો સત્સંગ કરવો પણ સત્સંગથી પાછો પગ મૂકવો નહિ. ૯. **સત્સંગને માટે જે કાંઈ દુઃખ આવે તેમાં પણ જે ભક્ત સુખ માને છે, તેની પૂરી દઢતા જોઈને ભગવાન એવા જે હોય તેનાથી દૂર રહેતા નથી. ૧૦.**

જે ભક્ત સત્સંગને માટે થઈને જેટલું દુઃખ સહન કરે છે તો ભગવાન તેને તેટલા વશ થઈ જાય છે.' શ્રીહરિ જ્યારે આટલી વાત કહી રહ્યા પછી સહુ હરિભક્તોને પોતાને ઘેર જવા માટે રજા આપી. ૧૧. વળી શ્રીહરિએ

કહ્યું કે, 'તમે જેટલા હરિભક્તો છો તે પોતપોતાને ગામ જઈને જેટલી અમારી વાત યાદ રહી હોય તે પ્રતિદિન એકબીજાને કહેતા રહેજો. ૧૨. મેં જે આ વાતો કહી છે તે સત્સંગનું મૂળ છે અને મૂળ છે તે પાણીથી પુષ્ટ થતું રહે છે, તેમ તમારે મનમાં સમજવું. ૧૩. સંતસમાગમરૂપ પાણી છે અને ધર્મ-નિયમ સત્સંગરૂપી વાડીની વાડ છે. તેમના યોગ સિવાય સત્સંગમાં ક્યારેય ભાવ રહેતો નથી. ૧૪. તે હરએકનો યોગ રહેવાથી સત્સંગનો રંગ રહે છે અને માયિક પંચવિષયના ભોગમાં ક્યારેય રસ મનાતો નથી. ૧૫. **માયિક વિષયભોગમાં જેટલી અરુચિ રહે છે તેટલી તેની સત્સંગ કરતાં કરતાં બુદ્ધિ શુદ્ધ થઈ ગણાય. ૧૬.** ઉપર કહ્યા મુજબ શ્રીહરિએ જેટલી વાત કહી તેને હરિભક્તોએ માથે ચઢાવી અને એક એક જણ આવીને શ્રીહરિનાં ચરણમાં મસ્તક નમાવીને સહુ પગે લાગ્યા. ૧૭. જેનાં મનમાં જેટલો ઉમંગ હતો તે પ્રમાણે તેણે આવીને શ્રીહરિની આગળ ભેટ મૂકી અને મયારામ ભટ્ટ ત્યાં હતા તે જેટલી ભેટ આવતી તે પોતાની પાસે રાખી લેતા હતા. ૧૮.

સમૈયામાં જેટલી ભેટ આવતી હતી તેને ભટ્ટજી શ્રીહરિની આગળ જાહેર કરી દેતા હતા. અને પછી તે બધી ભેટને બ્રાહ્મણોને માટે રખાવતા હતા. તેમાં કેટલીક ભેટ શ્રીહરિ પોતાને માટે પણ રખાવતા હતા. ૧૯. **શ્રીહરિ ધનનો સંગ્રહ કરવાનો સંકલ્પ ક્યારેય કરતા નહિ. અને ધનને લીધે જેટલી મોટાઈ છે તેને પોતે અત્યંત તુચ્છ માનતા હતા. ૨૦.** ચક્રવર્તી રાજાની મોટાઈને શ્રીહરિ અત્યંત તુચ્છ દેખતા હતા. ઈન્દ્રનું રાજ્ય અને બ્રહ્મા સુધીનું જે પદ તેને પણ અત્યંત તુચ્છ બતાવતા હતા. ૨૧. જે સુખનો પ્રલય થઈ જતો હોય છે તે બધાને પણ તુચ્છ બતાવતા હતા. જે જે કાળ અને માયાને આધીન હોય છે તે સહુને પણ શ્રીહરિ તુચ્છ કહેતા હતા. ૨૨.

આ લોકનાં સુખને તો શ્રીહરિ લેશમાત્ર માનતા નહિ, છતાં પણ શરણે આવેલા આશ્રિતોનો પરમ મોક્ષ કરવા માટે ભક્તની રુચિ પ્રમાણે પોતાનો સ્વભાવ કરીને, હેત ઉપજાવવા માટે તેમ વર્તતા હતા. પ્યારા શ્રીહરિ અનંત લોકોનો ઉદ્ધાર કરવા માટે તેમની રુચિ પ્રમાણે રહેતા હતા. ૨૩-૨૪. શ્રીહરિનું જે જે વર્તન છે તે બધું ભક્તોના ઉદ્ધાર માટે છે, પરંતુ

તે અસુરોને તો ઝેરરૂપ છે. ૨૫. જે અસુરોના સરદારો છે તે તો શ્રીહરિના આચરણને દેખીને જેટલો થઈ શકે તેટલો વિરોધના રૂપમાં ઉપદ્રવ કરતા હતા, પણ શ્રીહરિની આગળ પતંગિયાંના શા લેખા ? ૨૬. ક્યાં સૂર્ય અને ક્યાં પતંગિયાં(આગિયા) ? પતંગિયાં તો પતંગિયાં જ રહેવાના, ખાલી વરસાદની રાતે ઉમંગથી બે દિવસ ફરતા રહે છે. ૨૭.

જેટલા અસુરો છે તે સૂર્ય જેવા શ્રીહરિને જોઈને બળી મરતા હતા અને તેઓ પતંગિયાં જેવાને જ માનતા હતા. કારણ કે, અસુરોની તો આવી જ રીત હોય છે. ૨૮. જે દિવસથી આ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે તે દિવસથી જે પતંગિયાં રહ્યા છે, તેઓ સૂર્યનાં તેજને દબાવી દેવા માટે તે બધા પોતાનાં તેજનું મમત્વ કરી રહ્યા છે. ૨૯. પતંગિયાં તો કાયમ પતંગિયાં જ રહેવાના છે. તેઓ ક્યારેય સૂર્યને સમાન થઈ શકતા નથી. કોઈ સૂર્ય એવું નામ ધારે તો તે સૂર્ય થઈ શકતા નથી. સૂર્ય નામધારીને પણ જેવા છે તેવાને તેવા જ રહેવાના છે. ૩૦. હરિભક્તોની સમજણ તો ઉપર કહ્યું તેવી હતી. તેઓ ક્યારેય ધુતારાઓને માનતા નહિ. ધુતારાઓ જેટલું ધુતારાનું પરાક્રમ કરતા હતા, તેઓનું તેટલું ચાલતું હતું, ૩૧. પણ હરિભક્તો ધુતારાઓની માયામાં ક્યારેય મોહ પામતા નહિ. હરિભક્તો શ્રીહરિની કહેલી જેટલી વાત હતી તે બધી યાદ રાખીને તે પ્રમાણે રહેતા હતા. ૩૨.

સવાર થયું ત્યારે સહુ હરિભક્તો ચાલતા થયા અને સર્વના સ્વામી એવા શ્રીહરિએ બધા સંતોને પણ ફરવા જવાની આજ્ઞા કરી. પછી જ્યાં જેને જવાનું કહ્યું હતું ત્યાં તે બધા સંતો શ્રીહરિને મસ્તક નમાવી, પગે લાગીને ગયા. ૩૩. ત્યાંથી શ્રીહરિ ગઢપુર આવીને દાદા ખાચરના દરબારમાં રહ્યા હતા. અને પછી ઘણા પ્રેમથી શ્રીમદ્‌ભાગવત ગ્રંથની કથા વંચાવવાનો આરંભ કરાવ્યો. ૩૪. પ્રાગજી દવે નામના વિપ્ર ભાગવતની કથા રોજ વાંચતા હતા. પછી રામનવમીનો જે સમૈયો આવ્યો તે શ્રીહરિએ ગઢપુરમાં જ કર્યો. ૩૫. ગઢપુરની આસપાસમાં દસ કોશ સુધીમાં જે સંતો હતા, તે સહુને બોલાવ્યા અને ફરતા ગામોના હરિભક્તો આવ્યા. તે સહુને શ્રીહરિએ દર્શન આપ્યાં. ૩૬.

સહુ સંત-હરિભક્તોએ રામનવમીને દિવસે દસ ઘડી રાત ગઈ ત્યારે શ્રીહરિનો જન્મોત્સવ કર્યો. ૩૭. શ્રેષ્ઠ પ્રેમરસથી ભરેલા સહુ સંત-હરિભક્તોએ ઝાંઝ અને મૃદંગ વગાડીને શુભ રીતે ઉત્સવ કર્યો અને આખો દિવસ ઉપવાસ કર્યો. ૩૮. દશમને દિવસે દરબાર દાદા ખાચરે બ્રાહ્મણની પાસે રસોઈ કરાવીને ઘણા પૂજ્યભાવથી બધા સંતોને જમાડ્યા. ૩૯. એકાદશીને દિવસે ઉપવાસ કર્યો અને બારશને દિવસે જીવા ખાચરે ઘણા ઉલ્લાસથી સહુ સંતોને જમાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ હરિભક્તોને સત્સંગની દૃઢતા રાખવા માટેની ઉપયોગી વાત કહી" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૮

શ્રીનગરમાં સંતોની ધર્મશાળા કર્યા પછી ત્યાં સંતોને મોકલ્યા

જે સંતો આવ્યા હતા તે સહુને શ્રીહરિએ સત્સંગમાં ફરવા જવા માટેની રજા આપી. પાંચ દિવસ દર્શન જે આપ્યાં, તેની વાત કહી શકાતી નથી. ૧. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીને શ્રીહરિએ ઘણું હેત દઈને પોતાની સમીપે રાખ્યા. ૨. અમદાવાદમાં સંતો માટેની જગ્યા કરવાની નાનાભાઈ ભટ્ટને શ્રીહરિએ આજ્ઞા કરી હતી. ૩. તે નાનાભાઈ અને જયાનંદ વર્ણીએ સંતોને માટે એક ધર્મશાળા કરાવી. ૪. જ્યારે ધર્મશાળા કરી રહ્યા ત્યારે નાનાભાઈએ કરજીસણ ગામ જઈને પોતાના શરીરનો ત્યાગ કર્યો. અને જયાનંદ વર્ણી જે ત્યાં હતા તેઓ શ્રીહરિની પાસે આવ્યા અને તેણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું કે, 'અમદાવાદમાં નવાવાસની પાસે એરણ સાહેબે આવીને ઘણા હેતથી જમીન આપી અને તે જમીનનો હુકમ વિલાયતથી તરત મગાવ્યો હતો. ૫-૭.

જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર તપે ત્યાં સુધીનો તે જમીનનો લેખ કરી આપ્યો. પછી અમે તે જગ્યામાં ધર્મશાળા કરી, જેમાં નાનાભાઈએ ખૂબ જ શ્રમ કર્યો

હતો. ૮. ધર્મશાળા જ્યારે પૂરી થઈ અને તેમાં કાંઈ અધૂરું રહ્યું નહિ ત્યારે નાનાભાઈએ કહ્યું કે, 'મુક્તાનંદસ્વામીને આ વખતે અમદાવાદમાં ચાતુર્માસ રાખીને તેમની પાસે ભાગવતની કથા જરૂર કરાવવી. તેમના દિલમાં આવો ઘણો ઉમંગ હતો.' ૯-૧૦. આવું કહીને તેઓ કરજીસણ ગયા અને ત્યાં તરત બીમાર પડી ગયા. અને પછી તેમણે આપની મૂર્તિમાં ઘણો સ્નેહ રાખીને શરીરનો ત્યાગ કરી દીધો. ૧૧. તેઓ શરીર છૂટ્યું ત્યાં સુધી આપનાં જે જે ચરિત્રોને જોયા હતા, તેની વાત કરતા રહ્યા અને પાસે જે ભક્તો હતા તે સાંભળતા રહ્યા. ૧૨. તેમનું શરીર છૂટ્યું તે પછી અમે અહીંયા આવ્યા છીએ. હવે આપ અમદાવાદમાં થોડાક સંતોને મોકલો.' ૧૩. તે વખતે શ્રીહરિએ મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીને કહ્યું કે, 'તમે વિચાર કરીને તમારી પાસે જે સંતો હોય તેમાંથી કોઈને તૈયાર કરો.' ૧૪.

જે સંતો વધારે હતા તેમને શ્રીહરિએ નામ લઈ લઈને ગણી બતાવ્યા. તે ગણેલા સંતો બાર થયા. ૧૫. જે અચિંત્યાનંદસ્વામી ભાઈ રામદાસસ્વામીના અનન્ય સેવક હતા, તેમને અમદાવાદ જવા માટે મહંત કર્યા. ૧૬. ગવૈયા સંત પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી, ભગવાનાનંદસ્વામી, યોગાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, સુખાનંદસ્વામી, આધારાનંદસ્વામી, પૂર્ણાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી અને બારમા ભૂધરાનંદસ્વામી; એટલા સંતોનું તે સમયે મંડળ બાંધ્યું. ૧૭-૧૮. અચિંત્યાનંદસ્વામી અને ભૂધરાનંદસ્વામી, તે બે ગવૈયા ન હતા. તે સિવાયના દસ તો ગવૈયા કહેવાતા હતા. તે સહુ ભેગા થઈને જ્યારે ચાલતા થયા, ત્યારે શ્રીહરિ તેમને ભેટ્યા. ૧૯. શ્રીહરિએ સંતોને કહ્યું કે, 'અમદાવાદ શહેરમાં નિત્ય બે ભાગ થઈને ઝોળી ફરજો અને રોજ કેટલી ભિક્ષા મળતી રહે છે ? તેના સમાચાર અમને કહેવડાવજો. ૨૦.

લોકોને જેવો ભાવ હોય છે તે ઝોળી ફરવામાં દેખાઈ આવે છે. લોકો સંતોની સાથે કેવી વાત કરે છે ? અને આપણી જગ્યામાં રોજ કેટલા લોકો આવતા રહે છે ? બાઈઓ સિવાયના જેટલા હરિભક્ત પુરુષો હોય તે બધાએ સંતોની પાસે નિત્ય આવવું; એવું તેમને નિયમ આપજો. ૨૧-૨૨. **નિયમ વિનાના સત્સંગને મૂળ વગરનો જાણવો. જેને જેટલો સંત સમાગમ**

રહેતો હોય તેને તેટલો સત્સંગ રહે છે. ૨૩. અમે તો ધર્મ-નિયમની ચોક્કસ વાત કહીએ છીએ. અમને લલોચપો રાખતા આવડતું નથી. જે જે ગામમાં જેટલી હરિભક્ત બાઈઓ હોય તેમણે સત્સંગના નિયમો પાળવામાં અધિક તાનવાળી બુદ્ધિમાન જે બીજી બાઈઓ હોય તેમનો નિત્ય સમાગમ કરવો. ૨૪-૨૫. પોતાના નિષ્કામવ્રતનો કોઈ રીતે ભંગ ન થાય તેમ સહુ હરિભક્તોએ વર્તવું, તે અમે સહુને હેતથી કહીએ છીએ. ૨૬. જેટલા નિષ્કામવ્રત વગરના હોય તે હરિભક્ત રહ્યા નથી, તેમને હરિભક્ત પણ કહેવા નહિ, તેને તો સત્સંગમાંથી દૂર કરવા. ૨૭. વિષમ દેશકાળને યોગે કરીને જેને જેટલો વર્તનમાં ફેર પડ્યો હોય તેને જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો તેનો પ્રાયશ્ચિત વગેરેથી નિવેડો લાવવો. ૨૮.

चोपाई :

जितना खप सत्संग ताके, सबकु देखेमें आवत वाके;
सत्संगी सत्संग बिन जेता, प्रमान करत रहे सब तेता...२९

જેને જેટલો સત્સંગનો ખપ હોય તે સહુના દેખ્યામાં આવે છે. સત્સંગીઓ અને બિનસત્સંગીઓ સહુ તેનું પ્રમાણ કરતા રહે છે. ૨૯. જેમાં જેટલી કાચપ હોય તેને તેઓ કહે છે અને તે છુપાવી છૂપી રહેતી નથી. જેમાં જેટલી અધિકતા કે ન્યૂનતા રહે છે તે તો જ્યારે પ્રમાણરૂપ કાંટા ઉપર ચઢે ત્યારે, ૩૦. જેટલો ફેરફાર હોય છે તે બધો દેખાઈ આવે છે. પછી તેમાં કોઈને સંદેહ રહેતો નથી. આવી કેટલીક વાતો હોય છે. ૩૧. **જેનું વર્તન અંદર અને બહાર એકસરખું હોય તે તેટલો માયારહિત છે. અને અંદર-બહારના વર્તનમાં જેટલો ફરક હોય છે, તેટલી તેમાં માયા રહી છે તેમ જાણવું. ૩૨.** જેટલી માયા રહે છે તેટલો તે હરિભક્ત ગણાય નહિ, તેવું હરિભક્તોએ જોઈ લેવું. અને જેમાં જેટલી માયા ન હોય તેટલો તેને હરિભક્ત કહેવાય. ૩૩.

माया बिन हरिजन पुरे रहाये, सत्संग में पाये नकि ताये;
नकी पाये जितना जाके, धामके मुक्त देखना वाके...३४

જેમાં માયા ન હોય તે પૂરા હરિભક્ત કહેવાય છે અને તેનો સત્સંગમાં પાકો પાયો કહેવાય છે. અને જેટલો જેનો પાકો પાયો હોય તેને તેટલો ધામનો મુક્ત જોવો. ૩૪. પાકો હરિભક્ત મિત્રનું જેવું હિત પરમપ્રેમથી કરે છે, તેવું જ શત્રુનું હિત પણ પરમપ્રેમથી કરે છે, તેનો આ દુનિયામાં કોઈ શત્રુ રહેતો નથી. ૩૫. જે લોકો પોતાનાં દિલમાં માયા(છળ કપટ) રાખે છે, તેમને તે બીજામાં પણ દેખાય છે. જ્યાં સુધી પરસ્પર એકબીજાનો વિશ્વાસ નથી કરતા ત્યાં સુધી તે એકબીજામાં શત્રુભાવ રાખીને તેટલી માયાને કરે છે. અને જે માયા વગરના મનુષ્યો છે, તે બધા તો આકાશના જેવા સ્વચ્છ દેખાય છે. ૩૬-૩૭. **જેમાં જેટલી માયા નથી, તે મનુષ્યો તેટલા સુખી રહે છે અને જેમાં જેટલી માયા રહે છે, તે ચાહે તેવો હોય તોપણ દુઃખી રહે છે. ૩૮.** જેને જેટલું દુઃખ આવેલું દેખાય છે, તેમાં તેટલી માયા રહે છે અને જેમાં જેટલું સુખ હોય છે, તેટલી ત્યાં માયા હોતી નથી. ૩૯. જ્યાં જેટલો માયાનો પરિવાર રહે છે, તેટલું ત્યાં અસુખ રહે છે; આવી વાત સંતોએ હરિભક્તોના પ્રત્યે વારંવાર કરવી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીનગરમાં સંતોની ધર્મશાળા કર્યા પછી ત્યાં સંતોને મોકલ્યા" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર ઓગણીશમું : તરંગ - ૧૯

વડથલમાં ભીમ એકાદશીનો સમૈયો કરવા સંત-હરિભક્તોને પત્ર લખ્યો

શ્રીહરિએ સંતોને જેટલી ભલામણ કરવાની હતી, તે બધી વાત કહી રહ્યા ત્યારે તે સંતો ધર્મકુમાર શ્રીહરિને સંભારતા સંભારતા અમદાવાદ જવા માટે તરત ચાલતા થયા. ૧. તેમાં અચિંત્યાનંદ મુનિ પોતાને જ્યારથી સત્સંગ થયો અને શ્રીહરિનાં દર્શન કર્યાં તે વાત કાયમ ઉમંગભર કરતા હતા. ૨. તેઓને જે દિવસથી શ્રીહરિનાં દર્શન થયાં હતાં, તે દિવસથી શ્રીહરિના

બધા દર્શનને પોતાની જીવનદોરી માનીને યાદ રાખ્યા હતા. ૩. જે પરમ સંતો હોય છે તેમને માટે આ અમે કહી એટલી વાત જ સર્વોત્તમ છે, એ જ તેમની પરમ નિધિ હોય છે. તેનાથી અધિક બીજો કોઈ નિધિ નથી હોતો. ૪. જે લોકો ભગવાન સિવાયની બીજી વાતને અધિક માને છે, તે કદાચ મનુષ્ય થયા હોય તોએ શું ? તેની બુદ્ધિ તો પશુના સમાન ગણાય. ૫. જેટલા ભગવાનના ભક્તો થયા હોય છે તેઓ ભગવાન સંબંધી વાતમાં ઘણી શ્રદ્ધા-ભાવનાથી સહુથી અધિક રસ માને છે. ૬.

ભગવાનની વાતમાં જેને જેટલો અધિક દિવ્યભાવ રહે, તેટલો તે અધિક છે અને જેટલો ન્યૂનભાવ રહે તેટલો તે ન્યૂન છે. ૭. ન્યૂનપણું અને અધિકપણાની રીત તો એવી છે કે, ભગવાનનો આશ્રય કર્યા પછી તેની સમજણ કેવી રહે છે ? તે આશ્રય કર્યા પછી સમજણમાં જેટલો ફરક રહે છે, તેટલો તેમાં ન્યૂનાધિક ભાવ રહે છે. ૮. આ રીતે જે જે વાતમાં ફરક રહેતો હોય તેમાં તેટલો ન્યૂનાધિક ભાવ વિવેકે કરીને કહેવામાં આવે છે. ૯. **વિવેક રાખ્યા સિવાય કોઈ વાતમાં જે ન્યૂનાધિક ભાવ કહેવામાં આવે છે તેટલો તે તેનો દ્રોહ કરે છે. અને તે કહેનારાને તેની ગમ પણ રહેતી નથી. ૧૦. માનસી પૂજામાં જેની પૂજા કરતા હોય તેનો પ્રત્યક્ષપણે દ્રોહ કરતા હોય, તેના જેવું બીજું કોઈ મોટું પાપ નથી. પણ મોહે કરીને તે દેખાતું નથી. ૧૧.** સત્સંગમાં જે અધિક વર્તતો હોય તેની અધિકતાને વિશેષ માન આપીને મનુષ્યો હેતથી તેને માનતા રહે છે. ૧૨.

જેટલા દૈવી મનુષ્યો છે તે નિષ્કપટ રહે છે. તે સત્સંગમાં અધિકપણે વર્તનારાને અધિક માને છે, પણ ખળને તે કળી શકતા નથી. ૧૩. અસુર, ખળ અને કપટી, એ બધાની એકસરખી રીત હોય છે. ઉપરથી તો તે ઘણા શાહુકાર બની જાય છે અને બીજાના ચિત્તને હરી લે છે. ૧૪. વેશ્યા, ભાંડ, ભવાયો, કપટી, ખળ, આવા જેટલા લોકો છે તે બધા પારકું ધન અને પારકા મનને હરી લેવામાં ઘણા પ્રવીણ હોય છે. ૧૫. પરંતુ જેનું મન ભગવાનના ચરણમાં લીન થયેલું રહેતું હોય તેવો મનુષ્ય જ ખરો પ્રવીણ કહેવાય છે. પણ જે કાળને આધીન હોય છે, તે માણસ કાંઈ પ્રવીણ કહેવાય નહિ. ૧૬.

✵ કથા-કીર્તનાદિકમાં વીતેલો સમય સાર્થક છે :

चोपाई :

कथा कीर्तन हरिस्मरन तामें, जितना काल हि बितत यामें;
इतनी वेर काल जो ताके, मुख में न रहाये सो वाके...१७
कथा कीर्तन हरिस्मरन जितना, जितनी वेर करत रहे तितना;
तितनी वेर हरि समिप रहाते, बडे बडे मुनि ऐसे कहाते...१८
कथा कीर्तन हरिस्मरन जेता, हरि के समिप रहन रहे तेता;
संत हरिजन की सभा जेहा, जेहि जेहि ठोर होत रहे तेहा...१९
तेहि तेहि ठोर श्रीहरि जेही, सभा बिच आईके तेही;
सभा रहत हे जिहाँ लगही, दरशन देत हे तिहाँ लगही...२०

કથા, કીર્તન અને ભગવાનનું સ્મરણ, આટલી બાબતમાં જેનો જેટલો સમય વ્યતીત થાય છે, તેટલીવાર તે કાળના મુખમાં રહેતો નથી. ૧૭. મનુષ્ય કથા, કીર્તન અને ભગવાનનું સ્મરણ, જેટલા સમય સુધી કરે છે, તેટલા સમય સુધી ભગવાનની સમીપે રહે છે. તેમ મોટા મોટા મુનિઓ કહે છે. ૧૮. ભગવાનની કથા, કીર્તન અને ભગવાનનું સ્મરણ ભગવાનની સમીપે રહેવાં માટેનાં સાધનો છે. જે જે જગ્યાએ સંતો અને હરિભક્તોની સભા થતી હોય તે તે જગ્યાએ ભગવાન તેની સભા વચ્ચે આવીને જ્યાં સુધી સભા ચાલે ત્યાં સુધી તે સહુને દર્શન દે છે. ૧૯-૨૦. અને તેથી જ જે સંતો અને હરિભક્તો છે તે ભગવાનની કથા, કીર્તન અને ભજન-સ્મરણને રાત-દિવસ કરતા રહે છે. તેમાં તેમને કોઈ રીતે તૃપ્તિ થાતી નથી. ૨૧. **જેને ભગવાનની કથા, કીર્તન અને ભજન-સ્મરણ કરવામાં જેટલા પ્રમાદ, આળસ અને ઊંઘ રહેતા હોય તેટલા તે કથા-કીર્તનાદિ લોકોને રિઝવવા ખાતર જ કરે છે. ૨૨.** અને તે લોકરંજનાર્થે જે કથા-વાર્તા કરે છે તેનું ફળ તો પેટ ભરવું તે જ દેખાઈ આવે છે.' આ રીતે મુનિવર અચિંત્યાનંદસ્વામી પોતાના મંડળના સંતોની આગળ રસ્તામાં ચાલતા ચાલતા વાતો કરતા હતા. જે વાતો તેમણે મોટા સંતો પાસેથી સાંભળી હતી. તેથી તેમની વાતમાં દૈવત હતું અને સાંભળનારાને તે વાત પ્રિય લાગતી હતી. ૨૩-૨૪.

આ રીતે સંતો રોજ વાતો કરતા કરતા અમદાવાદ આવી પહોંચ્યા. અને ત્યાં આવીને સંતોની જગ્યામાં ઊતર્યા. ત્યાંની બધી ભૂમિ દેખીને તેઓ ઘણું રાજી થયા. ૨૫. નગરમાં જેટલા હરિભક્તો હતા તેમણે સંતો આવ્યા છે, તેમ સાંભળ્યું એટલે તરત જ સહુ દર્શન કરવા આવ્યા, કોઈ ઘેર બેસી ન રહ્યા. ૨૬. હરિભક્તો સંતોનાં દર્શન કરીને ઘણો જ આનંદ પામ્યા. તે દિવસને તેમણે લેખે માન્યો અને સહુ સંતોને પગે લાગ્યા. ૨૭. શ્રીહરિએ હરિભક્તોને કહેવાની જેટલી ભલામણ કહી હતી, તે બધી સંતોએ હરિભક્તોને સાક્ષાત્ કહી. ત્યારે હરિભક્તોએ તે વાતને માથે ચઢાવી. ૨૮.

શ્રીહરિએ સંતોને જે રીતે કથા, કીર્તન વગેરે કરવાની વાત કહી હતી, તે રીતે સંતો હરિભક્તોની આગળ કથા, કીર્તન વગેરે નિત્ય કરતા હતા. તેને સાંભળીને હરિભક્તો ખૂબ જ રાજી થતા હતા. ૨૯. જ્યારે જેઠ માસ આવ્યો, તે પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને અમદાવાદમાં ચાતુર્માસ કરવા માટે ખૂબ જ પ્રેમભાવથી મોકલ્યા. અને ભણનારા સંતો સ્વામીની સાથે રહ્યા. સહુ ભીમ એકાદશી ઉપર અમદાવાદમાં આવીને રહ્યા હતા. ૩૦-૩૧.

તે અરસામાં શ્રીહરિએ પોતે વડથલ ગામ આવવાને માટેનું ચોક્કસ પ્રયાણ કર્યું અને ગઢપુરથી જે દિવસે ચાલ્યા તે દિવસે સામી દિશામાંથી પુષ્કળ પવન આવવા લાગ્યો. ૩૨. એક કોશ જેટલું ચાલીને પછી પાછા વળ્યા. તેમાં કેટલીય વાતો રહી છે. શ્રીહરિ ગઢપુરમાં આવીને જ્યારે રહ્યા તે પછી પત્રમાં તે વાત લખાવી. ૩૩. તેમાં લખ્યું હતું કે, ‘અમે ભીમ એકાદશી ઉપર આવતા હતા, તે પાછા વળી ગયા છીએ. હવે અમે આવશું નહિ, જે અમારા સહુ સંતો અને હરિભક્તો છો, તેમણે વડથલ ગામે આવી ભીમ એકાદશીનો સમૈયો કરવો તથા સહુએ મુક્તાનંદસ્વામીની પૂજા કરવી; આવું અમારું વચન સહુએ દિલમાં ધારવું.’ ૩૪-૩૫.

શ્રીહરિએ પત્ર લખાઈ ગયો ત્યારે તે પત્ર જયાનંદ વર્ણીને આપ્યો અને તરત તેમને મહેમદાવાદ પ્રતિ ચાલતા કર્યા. ૩૬. ત્યારે મુક્તાનંદસ્વામી અમદાવાદથી નીકળીને મહેમદાવાદમાં રાત રહ્યા હતા. તે વખતે જયાનંદ વર્ણી ત્યાં મુક્તાનંદસ્વામીની ભેળા થયા હતા. ૩૭. ગામની બહાર સંતોનું

જે મંદિર હતું ત્યાં મુક્તાનંદસ્વામી ઊતર્યા હતા અને કેટલાક સંતો પણ સાથે આવ્યા હતા. ૩૮. બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી શ્રીહરિની પાસે રહ્યા હતા. બીજા બધા સંતો ગુજરાતમાં હતા. ૩૯. જેટલા સંતો અને હરિભક્તો હતા, તેમના ઉપર જે પત્ર લખ્યો હતો તે એક મુક્તાનંદસ્વામીને સંભળાવ્યો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "વડથલમાં ભીમ એકાદશીનો સમૈયો કરવા સંત-હરિભક્તોને પત્ર લખ્યો" એ નામે ઓગણીસમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૦

વડથલમાં ભીમ એકાદશીએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે મુક્તમુનિને પૂજ્યા

ભીમ એકાદશીને દિવસે સમૈયો છે, તેમ જાણીને સહુ સંતો અને હરિભક્તો વડથલ ગામ આવ્યા. ૧. દશમીને દિવસે બધા ત્યાં ભેળા થઈ ગયા અને ભગવાન શ્રીહરિનાં દર્શન કરવા માટે તેમની રાહ જોવા લાગ્યા. ૨. વડથલ ગામથી ઉત્તર દિશામાં ગામની પાસે જ એક ઘાટું વડનું ઝાડ હતું ત્યાં સહુ સંતો અને હરિભક્તો સભા કરીને બેઠા. ૩. વડથલના હરિભક્તોમાં કાળીદાસ નામે વિપ્ર મુખ્ય હતા. તે વડાદરા વિપ્ર હતા. પણ સમૈયો કરવા માટે આવ્યા હતા. ૪.

તે વિપ્રે મુક્તાનંદસ્વામીની પાસે આવી પૂછ્યું કે, 'એકાદશી તો આવી ગઈ છે સંતો અને હરિભક્તો આવી ગયા છે પણ શ્રીહરિ આવ્યા નથી. ૫. (પછી સંતો-ભક્તો શ્રીહરિના વિરહને કારણે *'જાકા પિયા પરદેશ દુઃખી સોઈ કામની, ભોજન દિન નહિ ભાય, નિંદ નહિ જામની'* આ રીતના કીર્તનો ગાવા લાગ્યા.) બરાબર તે જ વખતે જયાનંદ વર્ણી ગઢપુરથી વડથલ આવી પહોંચ્યા અને શ્રીહરિના જે સમાચાર હતા, તે યથાર્થરૂપમાં લાવ્યા. તેમણે કાળીદાસ વિપ્રને કહ્યું કે, 'જેઠ સુદિ પાંચમને દિવસ શ્રીહરિ ગઢપુરથી અહીં

આવવા માટે નીકળ્યા હતા પરંતુ ગઢપુરથી એક કોશ જેટલે આવ્યા અને અહીં આવવાનો ભાવ પણ ઘણો હતો. જેટલા કાઠી દરબારો હતા તેની સવારીને પણ સાથે લીધી હતી. ૬-૮.

કાઠીઓની આગળ શ્રીહરિ બોલતા હતા કે, 'વડથલ ગામમાં આંબા ઘણા છે એટલે આ વખતે જેટલી ચાહશો તેટલી કેરી તમને આપવી છે.' ૯. આ રીતે રમૂજ કરતા હતા અને ઓચિંતા એકદમ પવન ચઢ્યો. રસ્તો ન દેખાય એટલી ધૂળ ઊડવા લાગી. ૧૦. પવનને લીધે કાંકરા ફેંકાવા લાગ્યા અને તે ઘોડાઓને 'તડ તડ' લાગવા માંડ્યા. તેથી તે બધા આંખો મીંચી ગયા અને સવારો પણ તે રીતે આંખો મીંચી ગયા. ૧૧. માનો કોઈ દૈત્ય પવનનું રૂપ ધારીને આવ્યો હોય અને તેણે શ્રીહરિના માર્ગને રોકી દીધો હોય તેવું થયું. બધા અશ્વ અટકી ગયા. આગળ ચાલ્યા નહિ. ચાબુક મારતા મારતા થાકી ગયા છતાં ઘોડાઓ એક પગલું પણ ચાલ્યા નહિ. સહુને આવવાનો દિલમાં જેટલો ઉમંગ હતો તે બધો ભાંગી ગયો. ૧૨-૧૩. બધાનો ઉમંગ ભાંગી ગયો એટલે સહુ પાછા વળ્યા. પવન બધો પાછળ રહ્યો, લગાર પણ આગળ રહ્યો નહિ. ૧૪.

શ્રીહરિ પાછા ગઢપુરમાં આવ્યા. તે વખતે ત્યાંના બધા હરિભક્તો શ્રીહરિને આવ્યા જાણીને ઘણું રાજી થયા. ૧૫. પછી ભક્તજનપ્રતિપાલક શ્રીહરિએ તત્કાળ પત્ર લખાવ્યો અને મારા હાથમાં આપ્યો. પછી જે વાત કહી તે બધી હવે તમને કહું છું. ૧૬. અહીંયા આવેલા સંતો, હરિભક્તો અને ગામના બધા હરિભક્તોને ઘણા ઘણા સંભારીને શ્રીહરિએ ઘણા કરીને 'જય સ્વામિનારાયણ' વારંવાર કહેવડાવ્યા છે. વળી શ્રીહરિએ કહ્યું છે કે, 'અમારી આજ્ઞાએ કરીને જે સહુ હરિભક્તો હોય તેમણે મુક્તાનંદસ્વામીને પાટ ઉપર બેસાડીને ઘણા પ્રેમથી તેમની પૂજા કરવી. અમારાં આ વચનને સહુએ પાળવું. ૧૭-૧૯. અમારાં આજ્ઞા-વચનને જે અનુસરે છે, તે અમારી પૂજા કરે છે, તેમ હું માનું છું. અને જે તેમાં કુતર્ક કરે છે, તેમાં અમે રાજી થતા નથી. ૨૦.

અમારાં આજ્ઞા-વચન સિવાય જે વિપરીત રીતે માને છે, તે બધા તો

મનમુખી છે. અને મનમુખી ચાહે તેવો હોય, તોપણ તેને અસુર જાતિ છે તેવી દષ્ટિથી જોવો. ૨૧. જેટલા અસુરો છે તે અમારું આચરણ સાંભળીને અમારી પાછળ તેની દેશી-નકલ કરે છે, તે તો મોટા અસુર ગણાય છે. ૨૨. જેને મોક્ષનો ખપ હોય તે તેવા અસુરોને માનતા નથી. અને ખપ ન હોય તે લોકો ભલે મનફાવે તેમ ચાલે, ૨૩. પણ તે મનમુખીની ઉપર અમારો હુકમ નથી. અસુરની વાત ભલે અસુરના દ્વારમાં રહે, જેને મોક્ષનો ખપ ન હોય તે મનફાવે તેમ ચાલે છે. ૨૪.

જે અસુરો છે તે સત્સંગના ગ્રંથનો આધાર લઈને પૂજાશે, પણ તેનો મોક્ષ થાશે નહિ. ૨૫. આ સત્સંગની અંદર રહીને સત્સંગની રીતે જે ચાલે છે, તેવા મોક્ષભાગી મનુષ્યો આ જગતને જીતી જાય છે. ૨૬. જે અધિકપણે બોલતો હોય તેને મૂર્ખ લોકો અધિક માને છે. આખું જગત આવું છે, એમ મોક્ષભાગી જનો જાણે છે. ૨૭. મોક્ષભાગી સિવાયના જે લોકો છે, તે તો બધા વિષયમાં આંધળા થઈને રહે છે. જે લોકો તેનાં મનને રાજી રાખે તેને તે વશ થઈ જાય છે. ૨૮. સત્સંગ અને કુસંગ, તે બન્નેના માર્ગ ભિન્ન ભિન્ન છે. જે સત્સંગ કરે છે તેના માટે બધા મોક્ષના માર્ગ રહ્યા છે. ૨૯. જે સત્સંગ નથી કરતા તેનો માર્ગ તો મોક્ષથી ભિન્ન છે.' ૩૦.

સંતો અને હરિભક્તો, જેટલા વડથલ આવ્યા હતા તેમણે શ્રીહરિએ કહેવડાવેલ બધાં વચનો સાંભળ્યાં. પછી જેવી શ્રીહરિની આજ્ઞા હતી તે પ્રમાણે પરમ પ્રેમથી સહુએ કર્યું. ૩૧. પછી શ્રીહરિએ લખી મોકલેલો જે પત્ર હતો તે સહુની આગળ વાંચ્યો. જે મૌખિક વાત કહી હતી તે જ કાગળમાં લખી હતી. તેમાં કાંઈ જ ફેરફાર હતો નહિ. ૩૨. વડથલ ગામના હરિભક્તોએ ભીમ એકાદશીને દિવસ વડલાની સાથે પલંગનો હિંડોળો બાંધી દીધો. ૩૩. પછી તેના ઉપર મુક્તાનંદસ્વામીને બેસાડ્યા. બધા સંતો સભાના રૂપમાં આગળ આવીને બેસી ગયા. હરિભક્તોએ પણ સહુએ આવીને સભા કરી. જે પૂજાનો સામાન લાવ્યા હતા તેનાથી મુક્તાનંદસ્વામીની પૂજા કરી. ૩૪.

કેસરયુક્ત ચંદન ચર્ચીને સહુ અપાર ફૂલના હાર પહેરાવતા હતા અને તેમની આગળ જે હરિભક્તો પાકી કેરી લાવતા હતા, તે ધરતા હતા.

૩૫. સંતો ગરબીનાં કીર્તન ગાતા હતા અને તેને લીધે સમૈયો દેખાતો હતો. તે એકાદશીનો આખો દિવસ સંતોની પૂજા કરવામાં જ વીતી ગયો. ૩૬. તે હરિભક્તો મુક્તાનંદસ્વામીની જ્યારે પૂજા કરવા લાગ્યા ત્યારે પહેલા શ્રીહરિની મૂર્તિ પૂજા ગ્રહણ કરી લેતી હતી. ૩૭. જેટલા હરિભક્તોએ ભાવથી જે કાંઈ પૂજા કરી હતી તેને શ્રીહરિની મૂર્તિ ત્યાં આવીને (સ્વામીમાં પ્રગટ થઈને) પ્રેમભાવથી ગ્રહણ કરતી હતી. ૩૮.

सोरठा : समाधि हि वारे जन, देखत भये प्रत्यक्ष यह;
प्रमुदित भयेउ मन, आश्चर्य बात कु देखकर...३९
आश्चर्य बात अपार, हरि कि रहे प्रताप हि जुत;
ताके लहे कुन पार, भव ब्रह्मा न पार लहत...४०

તે સમયે જે સમાધિવાળા હતા તેમણે શ્રીહરિને ત્યાં પ્રત્યક્ષ દેખ્યા અને આવી આશ્ચર્યકારી વાતને જોઈને તેઓ મનમાં ખૂબ રાજી થયા. ૩૯. શ્રીહરિની બધી વાત ઘણા પ્રતાપની સાથે આશ્ચર્યકારી હતી. તેના મહિમાનો પાર કોણ પામે ? ભવ અને બ્રહ્મા પણ તેના મહિમાના પારને પામતા નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "વડથલમાં ભીમ એકાદશીએ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે મુક્તમુનિને પૂજ્યા" એ નામે વીસમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૧

ગઢપુરમાં આવેલા વામમાર્ગી ગેબીનો ઉત્પાત

બારસને દિવસ વિપ્ર કાલીદાસભાઈએ લાડુની રસોઈ કરીને સહુ સંતોને જમાડ્યા. ૧. જ્યારે બધા સંતો જમી રહ્યા ત્યારે તેઓ પૂજાનો સામાન લઈને આવ્યા. તેમણે સહુ પહેલા મુક્તાનંદસ્વામીની પૂજા કરી. ૨. અત્યંત ઉત્સાહથી ભર્યા કાલીદાસભાઈએ તે વખતે મુક્તાનંદસ્વામીનાં અંગ ઉપર ચંદન ચર્ચ્યું, ફૂલના હાર પહેરાવ્યા અને એક વસ્ત્ર ઓઢાડ્યું. ૩.

શ્રીહરિને માટે સોનેરી વસ્ત્ર અને સોનાનાં આભૂષણ તેઓ જે લાવ્યા હતા, તે બધાં મુક્તાનંદસ્વામીની આગળ લાવીને મૂક્યાં. ૪. તેમણે શ્રીહરિની પૂજા કરવાનો મનમાં જે સંકલ્પ કરી રાખ્યો હતો તે બધી વસ્તુ મુક્તાનંદસ્વામીની આગળ લાવીને ધરી દીધી. મનમાં રતિભાર પણ ચોરી રાખી નહિ. ૫. બધા નવા સાજ સામાન સાથેનો એક અશ્વ પણ ઘણા પ્રેમથી શ્રીહરિને માટે સમર્પણ કર્યો. પછી કપૂરની આરતી કરી અને સહુ સંતો આરતી બોલ્યા. ૬. જ્યારે આરતી કરી રહ્યા તે પછી તેમણે સંતોની પૂજા કરી. મનનાં ઘણાં પ્રેમથી ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. ૭. પછી સંતો, વર્ણી, સંન્યાસી અને પાર્ષદો, બધા જ ત્યાગીઓને એક એક વસ્ત્ર ઓઢાડ્યું, કોઈ બાકી ન રહ્યા. ૮.

આ રીતે વડથલમાં ભીમ એકાદશીનો સમૈયો થયો, અને તે વિપ્ર કાલીદાસે કરાવ્યો. શ્રીહરિ માટેની જે પૂજા સામગ્રી હતી તે બધી પાર્ષદની સાથે મુક્તાનંદસ્વામીએ ગઢપુર પહોંચાડી. ત્યાં આવેલા બધા સંતો અને હરિભક્તો વડથલથી ચાલતા થયા. જેઓ જ્યાંથી આવ્યા હતા તેઓ બધા ત્યાં પાછા ગયા. ૯-૧૦. મુક્તાનંદસ્વામી તો મનમાં ખૂબ જ ખુશી થઈને અમદાવાદમાં આવીને રહ્યા. જ્યારે સં.૧૮૭૬નો પ્રારંભ થતા અષાઢ માસ બેઠો ત્યારે સહુ હરિભક્તોએ મળીને ભાગવતની કથાનો આરંભ કરાવ્યો. મુક્તાનંદસ્વામી તે કથા વાંચતા હતા. વરસાદ થયો એટલે જેટલા દેશોમાં વરસાદ થયો હતો, ત્યાં ખેડૂતો અનાજ વાવવા લાગ્યા. ૧૧-૧૨.

શ્રીહરિ ગઢપુરમાં હતા અને ત્યાં ભીમ એકાદશી કરી. જેઠ વદિના દિવસોમાં એક બુદ્ધિહીન અસુર ત્યાં આવ્યો. ૧૩. મારવાડનો તે અસુરરાજ ભરપૂર શક્તિપંથી હતો. ૧૪. તે જાતનો ચારણ હતો અને ભેખધારી બન્યો હતો. દેવીનો ભક્ત બનીને બીજમાર્ગ(કાંચળિયા પંથ)ને માનતો હતો. ૧૫. તે ઘણો બળભેર શ્રીહરિની સાથે વિવાદ કરવા આવ્યો. તેણે ઘણા ગપ્પા યાદ રાખ્યા હતા, તેથી તેણે ગેબી એવું પોતાનું નામ ધાર્યું હતું. ૧૬.

(ભાવનગરના રાજા વખતસિંહ બાપુને લાડુ બારોટનું પરિવર્તન સ્વામિનારાયણ ભગવાને કર્યું ત્યારથી સ્વામિનારાયણ ભગવાનની મહત્તા

સમજાઈ ગઈ હતી. પરંતુ સને ૧૮૧૬(સં.૧૮૭૨)માં તેઓ દેવ થયા બાદ તેમના પાટવીકુંવર વજેસિંહજી ભાવનગરની ગાદી ઉપર આવ્યા. રાજા વજેસિંહજીને જુવાનીના જોમમાં અને દુષ્ટજનોની સ્વામિનારાયણ ભગવાન વિરુદ્ધની કાનભંભેરણીની અસર થઈ હતી. તેમાં જીવા ખાચરનો ફાળો વિશેષ હતો.

આ અરસામાં કાનફટા(તેના કાનમાં મોટાં કાણાં હોવાથી તે કાનફટો કહેવાતો.) પંથનો એક મારવાડી ભાવનગરમાં આવ્યો. બાપુએ તેને બોલાવ્યો અને પૂછ્યું, 'ગામોગામ ફરી આ બધું કરો છો તેમાં હેતુ શું છે ? શિષ્યો બનાવવાનો કે પૈસા કમાવાનો ?'

ગેબી કહે, 'શિષ્યો તો ચારસો છે પણ તેને નભાવવા નાણાં તો જોઈએ એટલે હું તો નાણાં સારુ આ બધું કરી રહ્યો છું.'

વજેસિંહ કહે, 'તો પછી ગઢડા જા. ત્યાં સ્વામિનારાયણ પાસે ઘણા પૈસા છે. તું જો તારી મંત્રવિદ્યાના બળથી તેમને જીતી લઈશ, તો તને ઘણા પૈસા મળશે. વળી, અમારા રાજ્યમાંથી પણ એક લપ જશે.' આમ, બાપુએ લાલચ બતાવી તેને ગઢડા મોકલ્યો હતો. તે ગેબીએ)

ગઢપુર ગામથી પૂર્વ દિશામાં ઉન્મત્તગંગાને કાંઠે તંબુ તાણીને પોતાનો મુકામ કર્યો હતો. તે ગાડી તથા અશ્વને સાથે રાખતો હતો. ૧૭. મારવાડ દેશના કેટલાક ક્ષત્રિયો ફરતા ગામોમાં રહેતા હતા તે બધાને બોલાવી લીધા હતા. તે સહુ હાથમાં બંદૂક લઈને આવ્યા હતા. ૧૮. તે વખતે એક હજાર જેટલા બંદૂકધારી ભેળા થઈ ગયા. તેનાથી તેનું ઘણું બળ વધ્યું. તે સિંહની જેમ ગર્જના કરવા લાગ્યો અને કોઈની મર્યાદા રાખતો નહિ. ૧૯. સત્સંગી સિવાયના જેટલા લોકો હતા તેઓ તેને પોષણ આપવા લાગ્યા. ગેબી એક જ આંખે દેખતો હતો. બીજી આંખે દેખી શકતો ન હતો. ૨૦. તે તેવું કહેતો હતો કે, 'હું સહજાનંદસ્વામીની પરીક્ષા લેવા માટે આવ્યો છું. તે જ્યારે પરીક્ષા આપશે તે પછી જ હું અહીંથી ચાલીશ. ૨૧. હું આબુ પર્વતના ગઢથી પરીક્ષા લેવાને માટે જ આવ્યો છું. બોરડીને બે કાંટા હોય, તેમાં

એક સીધો હોય ને બીજો વાંકો હોય છે. ૨૨. નદીને દક્ષિણ કાંઠે નીલકંઠ મહાદેવનું જે મંદિર છે, તેને સહજાનંદસ્વામી ઉત્તર કાંઠા તરફ લાવી દે તો તેઓ સાચા સત્પુરુષ કહેવાય. ૨૩. જો તેઓ મંદિરને ન લાવી શકે તો હું લાવી દઉં. મારે માટે તે કામ અશક્ય નથી. તમે બધું મહાજન જઈને તેમને સમજાવો અને અત્યારે હું તેટલા માટે જ આવ્યો છું. ૨૪.

ગેબી ગપ્પાના ડીંગા અપાર ફેંકવા લાગ્યો. તેને વિમુખ જે નરનારીઓ હતા, તે સાચું માનવા લાગ્યા. ૨૫. વળી, તે ગેબી કહેતો કે, સહજાનંદસ્વામી જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં હવે હું તેની પાછળ પાછળ જઈશ. તેનો કેડ મૂકીશ નહિ. ૨૬. સહજાનંદસ્વામી જો પાણીમાં, આકાશમાં કે પાતાળમાં, ગમે ત્યાં જાય પણ હું તેની પાછળ પાછળ જઈશ. મેં આવી ટેક લીધી છે. ૨૭. સહજાનંદસ્વામી કરોડો ઉપાય કરે પણ તે કોઈ રીતે ઊગરશે નહિ. ભલે તેઓ હવે મન ચાહે ત્યાં જાય અને જેટલું હોય તેટલું સામર્થ્ય વાપરે. ૨૮. સહજાનંદસ્વામી તો વેદ અને પુરાણોમાં કુશળ છે. તેનાથી વધારે તે જાણતા નથી. અને મારી જે વાત છે તે તો વેદ અને પુરાણો કરતાં પણ ઉપર રહેલી છે.' ૨૯. 'હું સત્સંગને ઉખાડી નાખીશ.' એમ ગેબી તો પડકારીને બોલતો. તે સમયે જે મૂર્ખ લોકો હતા તે ગેબીની વાતને આશ્ચર્યરૂપ માનવા લાગ્યા. ૩૦.

જે લોકોને સત્સંગના ઉપર દ્વેષ હતો તે બધા ગેબીની વાતને પોષતા હતા. અને તેમને જ્યારે બોલવાનો સમય મળતો ત્યારે મનમાં ફાવે તેમ બોલતા હતા. ૩૧. જેટલા શિયાળીયા હોય છે, તે રાતે ક્યારેય છુપાતા નથી. તે ઠેકઠેકાણે બોલતા સંભળાય છે પણ દિવસે ક્યાંય દેખાતા નથી. ૩૨. જેનાં દિલમાં સત્સંગને ઉખાડી નાખવાનો આગ્રહ હતો, તેવા વિમુખ લોકો તેને રસોઈ આપીને જમાડતા હતા. ૩૩. તેને પ્રભુ માનીને પૂજતા. ગેબીના જેમ તેમ બોલવામાં જ તેનું ગુજરાન ચાલતું હતું. તેના ગુજરાન કરવાના અને પૂજાવાના બીજા કેટલાક ઉપાય પણ તેની પાસે હતા. ૩૪. તે ઉપાયોમાં તેની પાસે એક ઉપાય એ હતો કે તેને પાપનો ડર બિલકુલ હતો નહિ. જે માણસ પાપનો ડર રાખતો નથી તે ચાહે તેમ કરતો હોય છે. ૩૫. તે કોઈ

વિચાર રાખતા નથી. જે માણસ વિચાર કરતો હોય તેને કાંઈક સમજાય છે. જે માણસ નિતિ વિના જેટલો ચાલે છે તેટલો આ દુનિયામાં ભલે પ્રતાપી દેખાતો હોય, ૩૬.

પરંતુ જેટલા અનીતિને માર્ગે ચાલે છે તે બધા ભગવાનના ચોર છે. એવા ચોરને નીતિ વખાણતી નથી પરંતુ નિંદે છે; એમ સાચા પ્રતાપી અને બુદ્ધિવાળા માણસો કહે છે. ૩૭. ધર્મ અને અધર્મ, તે બંનેનો પરિવાર ઘણો છે. તે બંનેના મંતવ્ય પણ અલગ અલગ છે. તેમાં અધર્મનો પરિવાર તો અપાર છે. ૩૮. સ્મૃતિ, વેદ, પુરાણ અને મહાભારત આદિક ગ્રંથો પ્રમાણે જે ચાલે છે, તે બધો ધર્મનો પરિવાર છે. ૩૯. અધર્મનો જે પરિવાર છે, તે તો અપાર યુક્તિઓ બતાવીને ધર્મનો વિનાશ કરી નાખે છે. છતાં ધર્મનો પરિવાર તેને પ્રમાણ કરતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ગઢપુરમાં આવેલા વામમાર્ગી ગેબીનો ઉત્પાત કહ્યો" એ નામે એકવીસમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૨

ગેબીના ઉત્પાત અંગે શ્રીહરિનો વિચાર

વામમાર્ગી ગેબી ગઢપુરમાં પાંચ દિવસ રહ્યો. જેટલું બળ હતું તે પ્રમાણે મુખથી નિરર્થક બોલ્યા કરતો. તે ઘણો નિર્લજ હતો. ૧. ગેબીની બોલી લોકમુખે સાંભળીને શ્રીહરિએ ભક્તજનોને કહ્યું કે, 'ગેબીની બધી વાત તો ગપ્પા છે. તેનાથી અમે કાંઈ ડરતા નથી. ૨. તે અમને ડરાવવા માટે આવ્યો છે. અમે તેનું કાંઈ બગાડ્યું નથી. કોઈ જઈને તેને પૂછો, અમે તેનું શું બગાડ્યું છે ? ૩. પાંચ દિવસથી તે મનમાં ફાવે તેમ બોલે છે અને બધા લોકો તે દેખતા રહે છે છતાં તેને કોઈ કાંઈ કહેતા નથી. ૪. જે માણસ જેવા હોય છે તેની કાંઈ મર્યાદા પણ રાખતો નથી. અને જે મનુષ્ય જેટલા મર્યાદા વિનાના હોય છે, તેને અમે ઢોંગી કહીએ છીએ. ૫.

ઢોંગીની સામે તો તેના જેવો જે ઢોંગી હોય તે જ વાદવિવાદ કરે છે. આવા માણસોની સાથે જે વાદવિવાદ કરવો તે તો નિર્લજ્જ માણસનું કામ છે. ૬.

જે નાક, કાન વગરના હોય છે, તે ચાહે તેમ બોલે છે, પણ જેને નાક, કાન(લાજ-શરમ) હોય છે તેઓ તો નકટાની સાથે બોલતા નથી. ૭. અને તેથી સજ્જનની લાજ જતી નથી અને જેને લાજ-શરમ નથી તે નકટા સાથે બોલે છે. એમ સમજીને અમે કાંઈ બોલતા નથી. બોલતા તો અમને પણ બહુ આવડે છે. ૮. તમે પાંચ દિવસથી કોઈ કાંઈ બોલ્યા નહિ ત્યારે અમે આજ બોલ્યા છીએ. અમે જેમ જેમ ક્ષમા રાખી રહ્યા છીએ, તેમ તેમ તે એમ માને છે કે, અમે ડરીએ છીએ. ૯.

હાથી અને સિંહ ક્યારેય કૂતરાથી ડરતા નથી અને જેમ ડરતા નથી તેમ તેમ કૂતરા તો ઘણું ભસ્યા કરે છે. તે ભસવાથી હાથી કે સિંહ લગાર પણ ડરતા નથી. ૧૦. નીલકંઠ મહાદેવનું મંદિર દક્ષિણ કાંઠાથી ઉત્તર કાંઠા તરફ હજાર ગેબી ભેળા થાય તોપણ કોઈ લાવી શકે તેમ નથી. ૧૧. એવો કોઈ નટ પણ નથી કે જે મંદિરને નદીના આ કિનારે લાવી દે. મૂર્ખ માણસ હોય તે આવા ગપ્પાને માને છે. ૧૨. આવી વાતને તો મૂર્ખાઓ માને છે. અમે કાંઈ મૂર્ખ નથી. જે વધારે પડતું મુખથી બોલતા હોય છે, તેની બોલીનો કાંઈ ભાર પડતો નથી. ૧૩. ખરી હકીકત એ છે કે, જેમાં જેટલો ધર્મ રહ્યો હોય તેટલો તેનો ભાર પડે છે અને તેટલો જ તેનો પ્રતાપ રહે છે. ૧૪.

❋ સચ્છાસ્ત્રને માને ને વાંચે તે જ મનુષ્ય છે :

જે સત્પુરુષ હોય છે તે સ્મૃતિ, વેદ, પુરાણ અને મહાભારત આદિક ગ્રંથોને પ્રમાણરૂપ કરે છે. ૧૫. અને જે દુર્જન છે, તે તો કોઈ શાસ્ત્રને પ્રમાણ માનતા નથી. તેવા લોકોને તો સજ્જન અને શાસ્ત્રો પોકારીને બળદ અને ગધેડા જેવા કહે છે. ૧૬. આ દુનિયામાં માણસ જેવો હોય તેને તેવો શાસ્ત્ર દેખાડી દે છે. સાચી રીતે જે શાસ્ત્રનો સંગ કરે છે, તે જ પૂરો મનુષ્ય બને છે. ૧૭. જે સચ્છાસ્ત્રનો સંગ નથી કરતા તે ક્યારેય મનુષ્ય બનતા નથી. ઈન્દ્ર અને બ્રહ્માના જેવા દેવોમાં કોઈ કહેવાય નહિ, છતાં

તેઓ જેટલો શાસ્ત્રનો લોપ કરે છે તેને શાસ્ત્ર સૂચવી દે છે. તેઓ મોટા છે છતાં તેની થોડી પણ મહોબત રાખતા નથી. અને જેટલાં શાસ્ત્રો કોઈની મહોબત રાખે છે તો તે તેટલાં પ્રમાણરૂપ થતાં નથી. ૧૮-૧૯. રાજકોટના જે મોટા અંગ્રેજ અધિકારી લાંગ સાહેબ છે. તેમણે મને જે કહ્યું હતું તે હું તમને કહું છું. ૨૦.

'સત્સંગ સિવાયના બીજા જે મત છે તે કોઈ ધર્મમાર્ગે ચાલતા નથી અને તેથી તે બધા સત્સંગને નષ્ટ કરવા ચાહે છે.' ૨૧. સાહેબ લોકો તો ઘણા શાણા છે અને તેઓને નીતિ ઉપર વધારે તાન રહે છે. તેઓ બધી વાતને પૂરેપૂરી જાણે છે કે, જે મત સત્સંગની સાથે દ્વેષ રાખે છે, ૨૨. જેટલા લોકો સત્સંગનો દ્વેષ કરે છે, તેમાં ધર્મ રહ્યો નથી. જ્યારથી આ બ્રહ્માંડ રચાયું છે ત્યારથી ધર્મ અને અધર્મનો સહજ એવો સ્વભાવ છે કે, જેટલા અધર્મી લોકો છે તે બધા ધર્મ પાળનારાને કષ્ટ આપ્યા સિવાય રહી શકતા નથી. પરંતુ ધર્મ પાળનારાના ઉપર અધર્મી લોકોનું કાંઈ ચાલતું નથી. ૨૩-૨૪. જેટલા મત અધર્મી છે, તે બધા દ્વેષ રાખીને ધર્મ પાળનાર મતનો નાશ કરવા આવે છે. ૨૫. અધર્મી ક્યારેય ધાર્મિક થતો નથી. માટે અમે ધાર્મિકને કહીએ છીએ કે અધર્મી મનુષ્યની સામે ધર્મ પાળનાર મનુષ્યે ક્યારેય વિવાદ કરવો નહિ. ૨૬. અધર્મીરૂપી બગલા તો ઠેકાણે ઠેકાણે અપાર હોય છે અને ધાર્મિક હંસ જેવા મનુષ્યો તો સત્સંગરૂપી માનસરોવરમાં રહે છે. ૨૭. બગલાઓ તો માનસરોવર સિવાય બીજા તળાવોમાં ઠેકઠેકાણે જ્યાં તેને ચારો મળતો હોય ત્યાં મોજમઝા કરતા હોય છે. ૨૮.

સત્સંગરૂપી માનસરોવરમાં ભગવાનની વાતરૂપી અપરંપાર મોતી થાય છે. જેનું મૂલ્ય ન આંકી શકાય તેટલું હોય છે. ૨૯. હરિભક્તરૂપી જે હંસ છે તે બધા ભગવાનની વાતરૂપી મોતીનો ચારો રાત-દિવસ કરતા રહે છે. કારણ કે હંસોને માટે મોતીના સમાન કોઈ ચારો ઉત્તમ હોતો નથી. ૩૦. બગલા અને હંસમાં ઘણો તફાવત રહે છે. બગલા જેવા મનુષ્ય તો ભગવાનથી વિમુખ કહેવાય છે અને તેને માયિક પંચવિષયરૂપ ચારો હોય છે. તેથી તેને લખચોરાશીરૂપી અપાર ફળ ભોગવવું પડે છે. ૩૧.

આવા હીન ગેબીની સાથે શું વાદવિવાદ કરવો ? જેમાં કાંઈ સ્વાદ હોતો નથી. જે જે કાંઈ પણ વાત કરવી તે સ્વાદ વિનાની ન કરવી. ૩૨. સ્વાદ વિનાની જે વાત હોય છે, તેનું અહીંયા કાંઈ સુખ મળતું નથી. અંગ્રેજ સાહેબ બુદ્ધિમાન છે. તે સત્સંગની જેટલી વાત છે, તેને પોતાની બુદ્ધિથી પ્રમાણભૂત કરે છે. સત્સંગની જે વાતને અંગ્રેજ સાહેબે પ્રમાણભૂત કરી છે, તેને આ ગેબી આવીને ઉખેડી નાખવા પ્રયત્ન કરે છે. ૩૩-૩૪. સત્સંગનો વિરોધ કરવાથી તો તે સાહેબનો પણ ચોર ગણાશે. આ વાત કાંઈ થોડી નથી. ચોરની તપાસ તો સાહેબ પણ કરે છે અને જેવો ગુનો હોય તેવી કેદમાં રાખે છે. ૩૫. જેવો કાયદો હોય તેવો સાહેબ નિર્ણય કરે છે. તેઓ વગર જોયે કોઈ નિર્ણય કરતા નથી. આ અંગ્રેજનું રાજ્ય તો ધર્મના રાજ્ય જેવું છે અને તેથી જ તેનું કામ દિનપ્રતિદિન સુધરતું જાય છે. ૩૬.

તે અંગ્રેજની નીતિને જે જેટલી દબાવે છે તેટલો તેનો વિનાશ થાય છે અને જે તેની પ્રશંસા કરે છે, તેટલી તેની ઉન્નતિ થાય છે. ૩૭. અને તે સાહેબ એવું કહેતા હતા, તે રીતે જ તમારા સત્સંગના મતની જે પ્રશંસા કરે તેનો કાંઈક ઉદય થતો રહે છે, એમ અમે જાણીએ છીએ. ૩૮ બાકર સાહેબ, રોલ સાહેબ, ડગલી સાહેબ અને એરણ સાહેબ, ગુજરાત પ્રાંતના અધિકાર ઉપર છે. તે જેનું જેવું વર્તન છે, તેને તલ તલ જેટલું જાણે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ગેબીના ઉત્પાત અંગે શ્રીહરિનો વિચાર કહ્યો" એ નામે બાવીસમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૩

શ્રીહરિએ લોકોને કહ્યું ત્યારે વિશલ ગઢવી ગેબી પાસે જવા તૈયાર થયા

વળી શ્રીહરિએ લોકોની આગળ ફરીવાર વાત કહી કે, 'અમે કોઈનું કાંઈ બગાડતા નથી. તેને તો તમે સહુ જાણો છો. ૧. અમે કોઈની આગળ જોર જુલમથી કાંઈ વાત કહેતા નથી. જે લોકો અમારી પાસે આવે છે, તેની આગળ અમે શુભ વાત કહીએ છીએ. ૨. જે કોઈ પણ બાબત હોય છે તે શીખવામાં આવે ત્યારે જ આવડે છે. શીખ્યા સિવાય કોઈ બાબત આવડતી નથી. માણસનું સુધરવું તો ઘણું કઠિન છે. ૩. જે જેવી બાબત હોય તેના તેવા ગુરુ હોય છે અને તે જ્યારે સાક્ષાત્ મળે છે ત્યારે તેનાથી કામ થાય છે. ૪.

જેટલા મનુષ્યો કહેવાય છે તે જ્યારે સાચી વાતનું જ્ઞાન પામે છે ત્યારે જેનાથી મોક્ષ થાય તે જ બાબત પ્રથમ કરવાની છે એમ સમજાય છે. મોક્ષ સિવાયની જેટલી વાત હોય છે તે બધી ભરણપોષણ માટેની હોય છે. જ્યાં સુધી આ શરીર રહે છે ત્યાં સુધી બધી વ્યાવહારિક બાબત ૫-૬. ઉપયોગમાં આવતી દેખાય છે, પણ તે મોક્ષમાં ઉપયોગી થાતી નથી. આ લોકમાં મનુષ્ય જેટલું મન, વાણી અને શરીરથી પાપ કરે છે, તેનું ફળ જમપુરીમાં જમદૂતો જરૂર પૂરેપૂરું આપે છે. જીવનાં જેવાં પાપ હોય છે, તે પ્રમાણે જમના દૂતો બધું દેખે છે અને જેવું પાપ હોય તેવું તેનું ફળ દે છે. અને જેવું પુણ્ય હોય તેવું ફળ તેને આપે છે. ૭-૯. ત્યાં અદલ નીતિ ચાલે છે. બીજા કોઈનું ત્યાં જોર ચાલતું નથી. મનુષ્યના દેહમાં જીવ જેવું વર્તન કરે છે તેવું તેને ફળ પ્રાપ્ત થાય છે. ૧૦.

જે મનુષ્ય પાપમાર્ગથી ડરતો રહે છે, તેને જમ તેટલી મદદ કરે છે, પણ જે પાપમાર્ગથી ડરતો નથી, તેને જમ મદદ કરતા નથી. ૧૧. જીવને જમ જે રીતે મદદ કરે, તેવી વાત તે પ્રમાણે કરવી જોઈએ. નીતિની વાતમાં જ સુખ રહ્યું છે અને અનીતિમાં દુઃખ રહ્યું છે. ૧૨. અમે મનુષ્યોને નીતિ

બતાવીને અનીતિ દૂર કરાવીએ છીએ. એવી વાત જે અમે કરીએ છીએ તેમાં ખોટું શું છે ? ૧૩. અનીતિ કેવી છે ? અને નીતિ કેવી છે ? તે પ્રશ્ન ગેબીને પૂછો. તેનો ઉત્તર કેવો આપે છે ? તે જૂઓ. ૧૪. બંદૂક લઈને કેટલાક મારવાડીઓને અમને ડરાવવા માટે બોલાવેલા છે. ૧૫. જે લોકો મને મારવા આવ્યા છે, તેને અહીંના લોકો રસોઈ આપે છે. આ માણસ કેવા છે ? અમને તે કાંઈ સમજાતું નથી. ૧૬.

જે માણસનું જેવું હૃદય હોય તે જ્યારે કામ પડે છે, ત્યારે તે દેખાઈ આવે છે. અને મનુષ્યને નીતિ ઉપર જેટલો ભાવ છે તે પણ કામ પડે ત્યારે દેખાઈ આવે છે. ૧૭. ગેબી અહીં આવ્યો છે, તેથી બધું જોવાનો મને લાભ થયો છે અને તે ન આવ્યો હોત તો મને દેખાત નહિ. અહીંયા જેટલા મારવાડી રહે છે, તેનો ભાવ પણ દેખાઈ આવ્યો છે. ૧૮. અમે તે સહુને ઓળખીએ છીએ. તેઓ જેવા હતા તેવા દેખાય પડ્યા. હવે જ્યારે અંગ્રેજ સાહેબ મળશે ત્યારે અમે બધા મારવાડીનું રૂપ તેમને બતાવી દઈશું. અને તેના સાક્ષીના રૂપમાં તમને લખાવશું. પછી ભલે તમે ચાહે તેમ બોલો. જેવી વાત બની છે તેવી તેમને અમે કહી દઈશું.' ૧૯-૨૦.

ત્યારે લોકો બોલ્યા કે, 'અમે જઈને તેને સમજાવીએ છીએ. અને જો તે ન સમજે તો પછી આપ જે કહો છો તે વાત કરવાની રહે છે.' તે સમયે ગઢપુરમાં રહેનારા એક વિશલ ગઢવી હતા, તે બોલ્યા, ૨૧. 'મહારાજ, હું આપનો દાસ છું. મારી આગળ ગેબી તો ઘાસ જેવો છે. જે ચારણ હોય તે ચારણની રીતને જાણે છે. અમને ચારણને બધા રાજાઓ માને છે. ૨૨. આજ રાતે તે ચાલ્યો જાય તેવો હું જઈને કોઈ ઉપાય રચીશ. કારણ કે, ખોટાની આગળ ખોટી વાત કરીએ ત્યારે તે તેને મનાય છે. ૨૩. જે સાચો માણસ છે તેની આગળ સાચી વાત કર્યા સિવાય તેને માન્યામાં આવતું નથી. આ જગતનો એવો એક ધારો છે અને તે વિના કોઈ વાત પાર પડતી નથી. ૨૪. ગેબીને હું ગાયબ કરી દઉં છું. પછી તે ક્યારેય જાણ્યામાં આવશે નહિ, તેવો મારી પાસે મંત્ર છે; તેને આપ પણ દેખો. ૨૫. મંત્રને જાણ્યા સિવાય કરોડો ઉપાય કરો, તોપણ બ્રહ્મરાક્ષસ જાતો નથી. તે કેટલાએ મદદગાર

રાખતો હોય છે. ૨૬. મહારાજ, આપ તો ભગવાન છો. આપનાથી કોઈ વધારે સમર્થ નથી. મારી બુદ્ધિમાં જેવું જણાય છે તેવું હું દેખું છું. ૨૭. જેટલા દૈત્યો પૂર્વે થયા હતા, તેનો આપે વધ કર્યો હતો. તેને સહુ લોકો જાણે છે અને તે વાત અત્યારે શાસ્ત્રોમાં પ્રગટ રહી છે. ૨૮.

चोपाई :

तुम में सामृथ रहेउ जेता, वेद पुरान कहत सब तेता;
सामृथ सुनत तोउ न मनाते, तेहि करिके तेहि दैत कहाते...२९
तुम में सामृथ देखत जितना, तुमकु भजत रहत जन तितना;
भजत तितना हि भक्त कहाते, नहीं भजत इतना पशु लिखाते...३०

આપમાં જેટલું સામર્થ્ય છે તેને બધા વેદ અને પુરાણો કહે છે. આપનાં સામર્થ્યને સાંભળે છે છતાં તે મનાતું નથી, તેથી જ તેમને દૈત્ય કહેવાય છે. ૨૯. આપનાં ચરિત્રોમાં જેટલું સામર્થ્ય જેને દેખાય છે તેટલા તે લોકો આપને ભજતા રહે છે. અને જે જેટલા આપને ભજે છે, તે તેટલા ભક્ત કહેવાય છે અને જે નથી ભજતા તેટલા તે પશુ લખાણા છે. ૩૦. જે લોકો આપને નથી ભજતા તેને હું નરાધમ કહું છું. દેવ, મનુષ્ય અને દૈત્યોમાં ચાહે તેવો કોઈ મહાન સમર્થ હોય અને અહીંયા તે લોકો ચાહે તેવો તમાશો કરે, પણ તે બધા કાળના એક કોળિયારૂપ છે. જ્યારે અહીંયા કાળ નજર સમક્ષ આવેલો દેખાય છે ત્યારે અહીંના સુખમાત્ર સ્વપ્ન જેવા થઈ જાય છે. ૩૧-૩૨.

જ્યારે માણસના શરીરમાં કોઈ અસાધ્ય રોગ થાય છે, ત્યારે તેનું મન બધા જ ભોગોથી ઉદાસ થઈ જાય છે. પછી તે મનુષ્યમાં કાંઈ સામર્થ્ય રહેતું નથી. બધું જ દૈવાધીન રહ્યું છે. ૩૩. હે નાથ ! જીવવું અને મરવું તે કોઈના હાથમાં નથી. એમ હું પોતે માનું છું. તે અજ્ઞાનરૂપી અંધારાથી અવરાઈ ગયેલા હોવાથી ચાહે તેમ બોલે છે. ૩૪. આપ તો હંમેશાં નિર્દોષ રહ્યા છો અને સામાન્ય મનુષ્યોના દોષને દેખતા પણ નથી. આપ ક્યાં અને બીજા મનુષ્યો ક્યાં ? સામર્થ્યમાં ઘણો ફરક રહ્યો છે. ૩૫. દિવસ અને રાત્રીમાં જેટલો ફરક છે તેટલો આપમાં અને સામાન્ય મનુષ્યમાં ફરક છે.

કોઈ સત્પુરુષના યોગ વિના કોઈ મનુષ્યનું અજ્ઞાનરૂપી અંધારું ટળતું નથી. ૩૬. ગોહત્યા, ગુરુહત્યા અને ગુરુપત્નીનો સંગ ઈત્યાદિક મહાપાપ તથા નીચ માણસનો પ્રસંગ તે બધાં પાપો કરતાં સહુથી મોટું પાપ સત્પુરુષની સાથે દ્વેષ રાખવો તે છે. સત્પુરુષનું જેટલું સન્માન કરીએ તેટલું પુણ્ય હંમેશાં મળે છે. ૩૭-૩૮. **જે મનુષ્ય સત્પુરુષનું જેટલું સન્માન કરે છે તેનું તેટલું પાપ જરૂર દૂર થઈ જાય છે.' ૩૯.** વિશલ ગઢવીએ કહ્યું કે, 'હે હરિ, જે દિવસથી આપનો મને સાક્ષાત્ યોગ થયો છે, ત્યારથી હું આટલી વાતને સમજું છું.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ લોકોને કહ્યું ત્યારે વિશલ ગઢવી ગેબી પાસે જવા તૈયાર થયા" એ નામે ત્રેવીસમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૪

પ્રદેશમાં મરકીનો પ્રકોપ અને ભગા દોશીની રક્ષા

શ્રીહરિની આગળ વિશલ ગઢવી આટલી વાત કરીને પછી તે ગેબીની પાસે ગયા અને એકાંતમાં બેઠા. ૧. તેણે ગેબીને કહ્યું, 'હું અને તમે, બંને એક છીએ. તમને જે દુઃખ આવે તે દુઃખ મને આવ્યું છે, તેમ હું માનું છું. ૨. તમારી લાજની અંદર મારી લાજ રહેલી છે; એમ સમજીને હું આ બાબતમાં કહું છું કે, સહજાનંદસ્વામી તમારી લાજ રાખે છે. ૩. તમે બધા મારવાડીઓને બોલાવ્યા છે, તેનાથી તમે ગુનામાં આવ્યા છો. અને તેથી જ હું તમને મદદ કરવા આવ્યો છું. સરકાર ઓચિંતા આવીને તમને કેદ કરશે. ૪. તમે જેટલો બકવાસ કરો છો તે બધાને તેઓ લખતા જાય છે. તેઓ જેટલી ક્ષમા રાખે છે, તેટલું તમારું મોત નજીક આવી રહ્યું છે.' ૫. ગેબી હુમલો કરવા તૈયાર થયો હતો ત્યારે વિશલ ગઢવીએ તેને અટકાવ્યો. વિશલ ગઢવીની વાતને સાચી માનીને તે કોઈ ન જાણે તે રીતે રાતમાં જ ચાલ્યો ગયો. ૬. અને જે મારવાડી હતા તે પણ બધા ત્યાંથી ચાલ્યા ગયા

અને પોતાના દેશમાં જઈને થંભી ગયા. ગુનામાં આવ્યા છીએ, એવો ડર તેને લાગે તેવી વાત વિશલ ગઢવીએ કહી હતી. ૭. શ્રીહરિએ રાજી થઈને વિશલ ગઢવીનો વારંવાર સત્કાર કર્યો. મોટા મોટા રાજાઓ પણ તેનો સત્કાર કરતા હતા. ૮. રાજાના સચિવો અને નોકર-ચાકર પણ જેની અદબ રાખે તેવા તે મોટા માણસ હતા. તેને શ્રીહરિની સાથે હેત થયું હતું. ૯.

(આ વિશલ ગઢવીના ઘર ગઢપુરમાં મઘરપાટમાં હતા. તેમની બાજુમાં જ દાદા ખાચરની ખેતી કરનારા અમરા કસોર, સુરાજી, સબળાજી, જેઠીજી તથા મૂળીબા વગેરે ભક્તોના ઘર હતા. તેમણે એકવાર પરમહંસો સહિત શ્રીહરિને પોતાને ઘેર જમવા તેડાવ્યા. જ્યારે પરમહંસો સહિત શ્રીહરિ જમી રહ્યા ત્યારે તેમણે ષોડષોપચારથી શ્રીહરિની પૂજા કરી. વસ્ત્ર ઓઢાડ્યાં. તે સમયે ચોસઠ જોગણીઓ અને બાવન વીર સચ્ચિદાનંદસ્વામીને દેખવામાં આવ્યા. શ્રીહરિના પ્રતાપથી સ્વામીએ તે સહુનો પરાભવ કર્યો.

પછી તેઓ શ્રીહરિને શરણે ગયા અને ધર્મદ્વાર માગ્યું. તેથી સ્વામી તેમને મારતા અટક્યા. પછી તેમણે શ્રીહરિને કહ્યું, હે પ્રગટ પ્રભુ ! આ સહુ સંતોના ચળુની પ્રસાદીના પાણીના સાત તપેલા ભર્યા છે તે અમને પીવા દ્યો તો અમારો ઉદ્ધાર થાય. ત્યારે શ્રીહરિએ હા કહી. તેથી તે બાવન વીરો અને જોગણિઓ સાત તપેલા પાણી પી ગયા અને એંઠવાડામાં આળોટી પોતાનો ઉદ્ધાર થાય તે માટે સ્તુતિ કરી. ત્યારે શ્રીહરિ કહે, હવે ખળખળિયાના ઘાટમાં નાવો તેથી તમારો મોક્ષ થશે. એટલે તેમણે તેમ કર્યું, તેથી તેમનો ઉદ્ધાર થયો. તે ઘણા માણસોએ નજરે ભાળ્યો. આવું મઘરપાટમાં અમરા કસોર તથા સબળાજીના ઘેરે ચરિત્ર કરીને શ્રીહરિ ઘોડીએ ચડીને ચાલ્યા.

ત્યારે ત્યાં બાજુમાં જ રહેતા પરજિયા ચારણ વિસલ ગઢવી મહારાજ આડો ફરી કહે જે, "મારે ઘરે પધારો." તે વિશલ ગઢવીનાં ખોરડાંને મોટો ડેલીબંધ દરવાજો હતો. તેમના કહેવાથી ત્યાં શ્રીહરિ સંત તથા સર્વ હરિભક્ત સહિત પધાર્યા. પછી તેમણે માળવાની બસે રૂપિયાની કિંમતની લોબડી(બારીક વણાટવાળી ઊનની) કરીને એક ધાબળી હતી, તે મહારાજને ઓઢાડી, ને સર્વ સભાને તલનો એકેકો લાડવો આપ્યો અને વસ્ત્ર ઓઢાડ્યાં. પછી તેમની

સ્ત્રી આવી પગે લાગી અને ધૂણવા માંડી. પછી મહારાજ કહે જે, "તું કોણ છે ?" ત્યારે તે કહે જે, "મહારાજ ! અમે ઘણા વિશલ ગઢવીના પૂર્વજો છીએ. હે પ્રગટ પરમાત્મા ! તમે સાક્ષાત્ પૂરણબ્રહ્મ નારાયણ છો. અમે બધા અસદ્‌ગતિને પામ્યા છીએ. તે તમે અમને ન તારો ત્યારે બીજો કોણ અમને તારે ? અમારી અસદ્‌ગતિ ને અસદ્‌ગતિ રહે તે એવા તે અમારા શું અભાગ્ય ? માટે હે ભગવાન ! અમારો મોક્ષ થાય તેવો ઉપાય કરો." એમ તે સ્ત્રીમાં રહીને તેમના પૂર્વજો બોલ્યા.

પછી મહારાજ પાસે એક પાણીનો કળશિયો ભરેલો હતો. તેમાંથી પાણી લઈને શ્રીહરિએ તેમના ઉપર છાંટ્યું એટલે તે પૂર્વજો કહે જે, "અમે મોક્ષમાર્ગે જઈએ છીએ. તમે અમારું કલ્યાણ કર્યું." એમ કહી બધા સ્વર્ગમાં ચાલ્યા ગયા. પછી તે સ્ત્રીએ મહારાજની આગળ બસો રૂપિયા મૂક્યા. એવી રીતે તે જગ્યાએ એક અદ્‌ભુત ચરિત્ર કરેલું છે. તેમના ફળીમાં મહારાજ અનેક વખત પધારેલા છે ને ત્યાં સાધુઓને જમાડ્યા છે.

એક વખત મહારાજ વિસલ ગઢવીને ત્યાં પધાર્યા હતા ત્યારે તેમણે મહારાજને રમૂજ કરીને ખુશી કર્યા. પછી મહારાજે તેમને એક વરસ દિવસ સુધી થાળ આપવાનું નક્કી કર્યું. એટલે વિશલ ગઢવી વરસ દિવસ સુધી મહારાજનો થાળ જમ્યા હતા. આમ, તેમના ઉપર મહારાજ ઘણા પ્રસન્ન થયા હતા. વળી,) જ્યારે તે કોઈ સમયે શ્રીહરિ પાસે આવતા ત્યારે તેમની મોટપ મનમાં વિચારીને શ્રીહરિ જમ્યા પછી તેને થાળની પ્રસાદી ઘણા પ્રેમથી આપતા હતા. ૧૦.

चोपाई :

जामें मोटप गुन रहे जेसा, ताके हरि रखत रहे तेसा;
दो दिन रखे दो दिन नाही, श्रीहरि की एसी न बात रहांही...११

जग की एसी रीत रहाये, स्वार्थ लग रखत रहे ताये;
पिछे न मोबत कब हि रखाते, श्रीहरि ताके त्याग कराते...१२

જેમાં જેવો મોટાઈનો ગુણ હોય તેની સાથે શ્રીહરિ તેવો વ્યવહાર રાખતા હતા. બે દિવસ રાખે અને બે દિવસ ન રાખે તેવી શ્રીહરિની વાત

હતી નહિ. ૧૧. દુનિયાની એવી રીત હોય છે કે સહુ સ્વાર્થ સુધી હેત રાખે છે, પણ પછી ક્યારેય રાખતા નથી. પણ શ્રીહરિએ તેવી સ્વાર્થી રીતનો ત્યાગ કર્યો હતો. ૧૨. જેમાં સ્વાર્થ દેખાતો હોય તેનાથી શ્રીહરિ દૂર રહેતા હતા. અને જે એકસરખી સમજણ રાખતા હોય તેની સાથે શ્રીહરિનું સ્નેહરૂપી પૂર ચઢતું રહેતું હતું. ૧૩. દુનિયામાં નિંદિત અને પ્રશંસા થાય તેવી બે બાબત હોય છે. તેમાં શ્રીહરિ નિંદિત બાબતનો ત્યાગ કરતા હતા અને અનિંદિત બાબતોને રાખતા હતા. ૧૪.

જે લોકો પ્રશંસાપાત્ર જેટલી વાતને રાખતા હતા, તેની સાથે શ્રીહરિ સંબંધ રાખતા હતા અને નિંદિત બાબતનો ત્યાગ કરતા હતા. ૧૫. નિંદા કરનારાને જ્યારે નિંદા કરનારો મળે ત્યારે તેઓ બંને એકબીજાને નિંદારહિત માને છે. તે બાબતને શ્રીહરિ નિશ્ચિત જાણતા હતા. ૧૬. ગેબીના ગયા પછી તરત જ પુષ્કળ મરકીનો રોગ થયો અને કેટલાએ લોકોને તે રોગ થયો, લોકોને મરતા વાર લાગતી નહિ. ૧૭. તે મરકીનો રોગ બે સંત અને બે હરિભક્ત બાઈઓને પણ થયો. શ્રીહરિ તેની પાસે આવ્યા અને તેના મરકીના રોગનો નાશ કર્યો. ૧૮. જ્યારે શ્રીહરિએ અમૃતમય દૃષ્ટિથી તેમની સામે જોયું ત્યારે શબ જેવા થઈ ગયેલામાં પણ નવા પ્રાણ આવ્યા. બે સંત અને બે હરિભક્ત બાઈઓને શ્રીહરિએ મૃત્યુથી ઉગાર્યા. ૧૯.

બોટાદ ગામમાં શેઠ ભગા દોશી હતા. તેને મરકીનો રોગ એવો થયો કે કોઈ દિવસ તેમનું શરીર રહે તેમ ન હતું. ૨૦. (પછી બોટાદવાસી સહુ સત્સંગીઓએ ભેગામળી આ સમાચાર શ્રીહરિને આપવા માટે મોના પંડ્યાને ગઢપુર મોકલ્યા.) હરિભક્ત વિપ્ર મોના પંડ્યાએ આવીને શ્રીહરિને તે સમાચાર આપ્યા. એટલે તરત જ શ્રીહરિ તૈયાર થયા અને તે જ વખતે રોઝા ઘોડા ઉપર બેઠા. ૨૧. નવું સોનેરી શંખલાદ(ભરત ભરેલું) પલાણ અશ્વ ઉપર સજ્યું હતું. કોઈએ કહ્યું કે, 'વરસાદમાં નવું પલાણ પલળી જશે.' ૨૨.

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ભગા શેઠથી પલાણ કાંઈ અધિક નથી.' પછી સોમલા ખાચર, નાજા જોગિયા, ઘેલા ધાધલ, નાન ખાચર, અમરા પટગીર, માતરા ધાધલ, તે બધા ઘોડેસવારોને શ્રીહરિએ સાથે લીધા. પછી શ્રીહરિ

જીવા ખાચર પાસે ગયા અને તેને વાત સંભળાવી કે, ‘અમે ભગા શેઠ પાસે જઈએ છીએ. ૨૩-૨૪. જો તમે પણ આવો તો અમે રોકાઈએ, નહિ તો અમે જઈએ છીએ.’ ત્યારે જીવા ખાચરે કહ્યું કે, ‘હું આવું ખરો, પણ તેમાં એક વાત મારી પાસે આવી છે. ૨૫. બોટાદથી એક વિશો વણિક આવ્યો છે. તે જે કહે તેને તમે સાંભળો, પછી આપણે બોટાદ જઈએ.’ પછી તે વણિકને બોલાવ્યો અને તે આવ્યો. ૨૬. તે વણિકે શ્રીહરિને કહ્યું કે, ‘ભગા શેઠ હવે રહ્યા નથી. માટે તમે જાશો નહિ. આ વાત મેં ચોક્કસ જાણી છે.’ ૨૭. ત્યારે ધર્મકુમાર શ્રીહરિ કહે, ‘અમારા ભગા શેઠ અમારા ગયા સિવાય ક્યારેય મરે નહિ.’ આમ કહીને તે વખતે તત્કાળ ચાલતા થયા. ૨૮.

જ્યારે શ્રીહરિ ગઢપુરથી બહાર (જ્યાં બીજા સવારો ઊભા હતા ત્યાં આવ્યા.) પછી પોતાના અશ્વને દોડાવ્યો. પછી જીવા ખાચરે તરત જ શ્રીહરિની સાથે રામ ખાચરને તત્કાળ મોકલ્યા. વરસાદ આવ્યો, તેથી તેઓ પલળી ગયા. બંદૂકધારી જે પાર્ષદો હતા તે બધા શ્રીહરિની પાછળ રહી ગયા. ૨૯-૩૦. જ્યારે દિવસ થોડો બાકી હતો ત્યારે શ્રીહરિ બોટાદ આવી પહોંચ્યા. ત્યારે ભગા શેઠનો છેલ્લો શ્વાસ ચાલતો હતો. શ્રીહરિ ત્યાં આવીને ઊભા રહ્યા. ૩૧.

શ્રીહરિએ ભગા શેઠને અપાર દુઃખથી આવીને છોડાવી લીધા. બોટાદનું બધું મહાજન શ્રીહરિનો પ્રતાપ જોઈને ઘણું આશ્ચર્ય માનવા લાગ્યું. શ્રીહરિએ ભગા શેઠને બોલાવ્યા. અને જ્યારે ભગા શેઠ ભાનમાં આવ્યા ત્યારે તેણે શ્રીહરિને પોતાની પાસે ઊભા દેખ્યા. ૩૨-૩૩. તેઓ બોલ્યા, ‘અહો ! અહો ! મહારાજ, આપ અહીં ક્યાંથી આવ્યા ? આપ તો મારી પાસે બેઠા છો. મેં એવો કોઈ ઉપકાર કર્યો નથી. છતાં અત્યારે આપ અહીં સાક્ષાત્ આવ્યા છો. ૩૪.

✵ ભગવાન ભક્તાધીન છે :

हरि कहे मो बिन रखे न जाही, ताके में समिप जो रहाही;
मो बिन जो रखत रहे जितना, तिनसे दुर रहत में तितना...३५
दूर समिप में रहत कु जेसे, तुमकु कहि दीने अब तेसे;
भक्तसे में अधिक न रखेऊ, अक्षरधाम जो एसे तेऊ...३६

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જેણે મારા સિવાય અન્ય વસ્તુને મુખ્ય નથી રાખી તે ભક્તની પાસે જ હું રહ્યો છું અને જે મારા સિવાય અન્ય વસ્તુને જેટલી મુખ્ય રાખે છે, તેનાથી તેટલો હું દૂર રહું છું. ૩૫. હું દૂર કે પાસે જેવી રીતે રહું છું તે મેં અત્યારે તમને કહી બતાવ્યું છે. મેં મારા ભક્ત કરતાં કાંઈ પણ અધિક રાખ્યું નથી, અક્ષરધામ જેવું અક્ષરધામ પણ નહિ. ૩૬. તો પછી બીજી વાત તો શા લેખામાં ? કેમ જે, મારા ભક્ત જ એવા મહાન છે. તે ભક્તને માટે જ હું વારંવાર પ્રગટ થાઉં છું. ૩૭. મારા જેટલા અવતારો અને જે ચરિત્રો સાંભળવામાં આવે છે, તે બધાં ભક્તોનાં હિત માટે જ રહ્યા છે. ૩૮.

सोरठा : एसी हे मेरि रीत, मेरो नहीं विश्वास जेहि;
भ्रमिक रखे जेहि चीत, जिहाँ तिहाँ जन्म धरत तेहि...३९
जितो मेरो विश्वास, तेति रक्षा में करत रहत;
तितना रहत हुँ पास, निश्चे एसे बात रहेउ...४०

આવી મારી રીત છે. જેને મારો વિશ્વાસ નથી અને જે પોતાનું ચિત્ત વિભ્રાંત-અવઢવ રાખે છે તે જ્યાં ત્યાં જન્મ ધારે છે. ૩૯. જેટલો જેને મારો વિશ્વાસ રહે છે તેટલી તેની હું રક્ષા કરું છું. અને તેટલો તેની પાસે રહું છું; આ વાત નિશ્ચિત છે. ૪૦. (આટલી ભગા શેઠને વાત કરી. શ્રીહરિએ કહ્યું, શેઠ ! તમારે બે દિવસના ઉજાગરા છે માટે સૂઈ જાઓ. પછી શેઠ સૂતા. એટલે જેમ સાજા માણસને નિદ્રા આવે તેમ તેમને નિદ્રા આવી ગઈ. શ્રીહરિનું આ ચરિત્ર જોઈને તેમની જ્ઞાતિના ઘણા વાણિયાઓએ પોતાના નાસ્તિકમતનો ત્યાગ કરી સ્વામિનારાયણ ભગવાનનો આશરો કર્યો. પછી શ્રીહરિ દાહા ખાચરના દરબારમાં આવ્યા.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "પ્રદેશમાં મરકીનો પ્રકોપ અને ભગા દોશીની રક્ષા કરી" એ નામે ચોવીસમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૫

શ્રીહરિએ સત્સંગ અને ભગવાનના આશ્રયનું મહત્ત્વ કહ્યું તથા ભગા શેઠે પશુહિંસા અટકાવી

શ્રીહરિ બોટાદમાં દાહા ખાચરને ભવન એક રાત રહ્યા. અને ત્યાં રસોઈ કરીને તે સમયે જે જમ્યા તે વાત સંક્ષેપે કહું છું. ૧. તે સમયે ગામના જેટલા હરિભક્તો હતા તે સહુએ શ્રીહરિનાં દર્શન કર્યાં. તે દિવસે શ્રીહરિએ ઘણું હેત કરીને હરિભક્તોની આગળ વાત કરી. ૨. ભગવાનની કહેલી વાતનો જેવો જે અભ્યાસ રાખે છે, તેટલું તેને સુખ રહે છે. અને તે સિવાયનાં સુખમાં તો દુઃખ રહ્યું છે; ૩. આવી જેની સમજણ હોય છે તેને દિવસે દિવસે વધારે સુખ રહે છે, તેમાં કાંઈ બાકી રહેતું નથી. અને જે આ રીતે સમજતા નથી તેને તેટલું દુઃખ રહે છે. ૪.

✵ સત્સંગ અને ભગવદાશ્રયનું મહત્ત્વ :

સુખરૂપ સમજણનો જે માર્ગ છે તે જ્યાં સુધી મળતો નથી ત્યાં સુધી ચાહે તેટલી મોટાઈ મળે, તોપણ ક્યારેય દુઃખ મટતું નથી. ૫. એક એકથી વધારે સુખ મેળવવાની જ્યાં સુધી ભાવના રહે છે ત્યાં સુધી વધારે ને વધારે દુઃખ રહે છે. અને વધારે સુખ મેળવવાની જે ભાવના છે તે જ દુઃખનો માર્ગ કહેવાય છે. ૬. જ્યાં સુધી દુઃખ અનુભવાતું હોય છે ત્યાં સુધી દુઃખનો માર્ગ રહ્યો હોય છે. એકલું સુખ જ અનુભવાય અને દુઃખ તો ક્યારેય દેખાય જ નહિ, ત્યારે માનો કે તેને સુખનો માર્ગ મળ્યો છે. ૭.

આ સત્સંગ છે એ જ કહ્યા એવા અખંડ સુખનો પ્રત્યક્ષ માર્ગ છે. તે સત્સંગ કરતા થકા પણ જેટલું દુઃખ રહે છે તેટલો સત્સંગ પૂરો કર્યો નથી. ૮. જેટલું ઉત્તમ સુખ વર્તે તેટલો સત્સંગ કર્યો ગણાય તથા તેટલો જ તેને ઉમંગ રહે છે. **સુખ અને ઉત્સાહમાં જેટલી કસર રહે તેટલી સત્સંગ કરવામાં કસર ગણાય છે. ૯.** ભગવાન અને સત્સંગ તે બે સહુથી આશ્ચર્યકારી છે. તેના જેવું બીજું કોઈ આશ્ચર્ય નથી અને તે ઝાઝી કહેવાની વાત પણ નથી. ૧૦.

જ્યાં સુધી કોઈ વાત બહાર જાહેર કરવાની હોય છે ત્યાં સુધી તેમાં મનુષ્યની પ્રાકૃતબુદ્ધિ રહે છે. અને જેટલી જેટલી પ્રાકૃત વાતો હોય છે, તે બીજાની આગળ દેખાવ કરવાની હોય છે. ૧૧. **ભગવાન તો અંતર્યામી છે. તે ભક્તના બધા ભાવને જાણતા હોય છે. ભક્તની જેવી ભાવના હોય છે તેવું તેને ફળ પોતે આપે છે. આ વાત નિશ્ચિત છે. ૧૨.**

दोहा : यह लोक परलोक में, हरिजन सम नहीं कोउ;
सत्संग भगवान तिनके, जोग करी रहे सोउ...१३
जोग बिन कोउ बात में, दैवत नहीं देखात;
दैवत रहे सब जोग में, एसे सब बात रहात...१४

આ લોક અને પરલોકમાં હરિભક્તના સમાન બીજું કોઈ નથી અને તે હરિભક્તનું મહત્ત્વ સત્સંગ-સંત અને ભગવાનના યોગે કરીને છે. ૧૩. ભગવાન ને સત્સંગના યોગ સિવાય કોઈ વાતમાં કાંઈ દૈવત દેખાતું નથી. દૈવત તો બધું તેમના યોગમાં જ છે. આવી જ બધી વાત છે. ૧૪. જે જે વાત હોય છે તે પહેલા કહ્યા સિવાય ચાહે તેવો વિચક્ષણ હોય, તોપણ તેને ક્યારેય સમજાતી નથી. ૧૫. ભગવાન અને સત્સંગ સંબંધી જેટલી વાત છે, તેમાં જ સહુથી વધારે રંગ(ઉમંગ) અને અધિકમાં પણ અધિક રસ(પ્રેમ) રહ્યો છે. ૧૬.

❋ સાચા સત્સંગીનાં લક્ષણ :

ભગવાન અને સત્સંગ સિવાય ચાહે તેવી મહત્ત્વભરી વાત હોય, તોપણ તેને જ્યારે દૈવત વિનાની દેખે ત્યારે તે ભક્તનો સત્સંગ દૃઢ થયો કહેવાય. ૧૭. સત્સંગ અને ભગવાનના જ્ઞાન સિવાય કદાચ કોઈ બ્રહ્મા જેવો બુદ્ધિશાળી હોય, તોપણ સાચો ભક્ત તેને નરકનો અધિકારી જ જુએ છે. આવી મતિ જેની ક્યારેય ફરી ન જતી હોય તે પાકા હરિભક્ત છે. ૧૮.

અરે ! કોઈ વિષમ દેશકાળને લીધે પણ ક્યારેક યોગ ફરી જાય, તોપણ જેના દિલમાં ભગવાન અને સત્સંગની દૃઢતા અધિક ને અધિક નિશ્ચિત રહે તે અતિ પાકા હરિભક્ત છે. દેહ, ઇન્દ્રિય અને અંતઃકરણ કોઈ વિષમ યોગે કરીને ફરી જાય, તોપણ જેના જીવમાં નિશ્ચય ફરે નહિ તેવા ભક્ત મુક્ત કહેવાય છે. અને તે પોતાના આત્માને ભગવાનની સમીપ રાખીને પોતે

બધી પરિસ્થિતિથી નિર્લેપ રહે છે. ૧૯-૨૧. શ્રીહરિએ પોતાના ભક્તોની આગળ આટલી વાત કરી. અને પછી આનંદથી સૂઈ રહ્યા. સવાર થતા બીજે દિવસે ભગા શેઠને દર્શન દઈને બોટાદથી ચાલી નીકળ્યા. ૨૨.

શ્રીહરિ ગઢપુર આવી ગયા, તે પછી બોટાદ ગામમાં મરકીનો રોગ ઘણો ચાલ્યો અને ઘણા માણસો મરવા લાગ્યા. ૨૩. તે વખતે જેટલા દેવીના ભક્ત હતા, તેણે મહાજનની પાસે આવીને કહ્યું કે, 'મરકી તો માતા કહેવાય છે અને તે પશુનો ભોગ માગે છે. ૨૪. પશુનો ભોગ આપ્યા સિવાય કરોડો ઉપાય કરીએ, તોપણ મરકીને શાંતિ થશે નહિ. અમે આપની પાસે આવીને આ વાત જાહેર કરીએ છીએ. ૨૫. મહાજનની મરજી લીધા સિવાય બોટાદમાં પશુનો વધ થઈ શકતો નહિ. કારણ કે, બોટાદ ગામ મહાજનનું છે. તેવી તેમની પ્રસિદ્ધિ હતી. ૨૬.

ત્યારે મહાજને કહ્યું કે, 'જો મહાજન પોતે વધ કરે તો બાધ આવે. જેમ માતાનો ધર્મ હોય તેમ કરો. ૨૭. માતા તો સમર્થ છે. અસમર્થનું ત્યાં જોર ચાલતું નથી. તે તો બ્રાહ્મણ સુધ્ધાંનો ભોગ લઈ લે છે. તે પાપનો ડર રાખતી નથી. ૨૮. માતા જે પાપ કરે છે, તેમાં તો તેની અધિક શક્તિ થતી હશે. તે પાપ માતાનું સમજી લઈએ તો તે પાપ અમારા માથે ન રહે. ૨૯. અમે મહાજનો નથી કહેતા કે, તમે પશુની હત્યાનું પાપ કરો. પોતાનો જે ધર્મ હોય તે પ્રમાણે તમે ચાલો. પોતપોતાના ધર્મમાં જે રહે છે તેમાં રતીભાર પણ પાપ કહેવાતું નથી. ૩૦.

જેના જેવા ઈષ્ટદેવ હોય તેણે તેવા ધર્મ તેમને બતાવ્યા હોય છે. ધર્મ અને અધર્મનું મુખ્ય કારણ તો જે જેના ઈષ્ટદેવ હોય છે તે જ છે. ૩૧. ઘરમાં જે બીજા બધાને દબાવીને રહેતો હોય છે તે તેના ઘરમાં ઈષ્ટ કહેવાય છે. આવી સંસારની રીત કહેવાય છે. ૩૨. જે ઈષ્ટ હોય છે તેની આગળ ઈષ્ટ સિવાયનાનું ક્યારેય રતીભાર પણ ઊપજતું નથી, કાંઈ ચાલતું નથી. અને ત્યાં કોઈ ઉપાય પણ ચાલતો નથી. કારણ કે ત્યાં તે તે ઈષ્ટનું ચલણ હોય છે. ૩૩. દેહ અને દેહના સંબંધીઓમાં પરસ્પર અત્યંત અહં-મમત્વ રહેલું હોય છે અને તેને લીધે માણસ ભૂત-પ્રેતની યોનિને પામે છે. ૩૪.

જાત જાતના અહં-મમત્વને લીધે જીવ અનેક જન્મને પામે છે. જ્યારે જીવ અહં-મમત્વનો ત્યાગ કરે અને પોતાના ઈષ્ટદેવની સાથે સ્નેહ રાખે, ૩૫.

પછી જે રીતે તેના ઈષ્ટ કહે તેમાં કોઈ જાતનો બાધ રહેતો નથી.' પછી માતાના જે ભક્તો હતા, તેમણે મહાજનની રક્ષા કરવા માટે બકરા, કૂકડા અને પાડાને મારવા માટે તૈયાર કર્યા. અને તેનો ભોગ આપવાની બધી વિધિ તૈયાર કરી, હવે તેને અટકાવી કોણ શકે ? ૩૬-૩૭.

જ્યારે આ બાબત કોઈએ આવીને ભગા શેઠને સંભળાવી ત્યારે તેઓ દોડીને ત્યાં આવ્યા અને બધા પશુઓને છોડી મુકાવ્યા. તે માતાથી ડરતા ન હતા. ૩૮. માતાનો રથ લઈને ગામમાં ચાલ્યા અને પોતાના ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણના બળથી તેમને કોઈનો ભય લાગ્યો નહિ. ૩૯. ત્યારે ભૂવાઓ એવું બોલ્યા કે, 'હવે તો ભગા શેઠનું મૃત્યું આવ્યું છે.' પણ બધા ભૂવાઓ મરકીથી મરી ગયા અને ભગા શેઠને કાંઈ થયું નહિ. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગ અને ભગવાનના આશ્રયનું મહત્ત્વ કહ્યું તથા ભગા શેઠે પશુહિંસા અટકાવી" એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૬

ભૂકંપ કહ્યો અને શ્રીહરિએ કપટી ગુરુઓથી બચવાની વાત કહી

બોટાદ ગામમાં ભગા શેઠને શૂરવીર ભક્ત જાણીને મરકી ભૂવાના પ્રાણ લીધા પછી ગામમાંથી ચાલી ગઈ. ૧. ગામનું બધું મહાજન ભગા શેઠની હિંમત દેખીને ઘેર ઘેર તેમના અપાર વખાણ કરવા લાગ્યું. ૨. ભગા શેઠના ઈષ્ટદેવને ધન્ય છે અને શેઠની હિંમતને પણ ધન્ય ધન્ય છે. તેણે પોતાનો ધર્મ રાખ્યો પણ મૃત્યુનો ડર કાંઈ જ રાખ્યો નહિ. ૩. તેઓ ઘણા મોટા ધનાઢ્ય છે છતાં તેણે અહીંયા ધનનો લોભ ન રાખ્યો, પણ યોગ્ય સમયે શરીરનોએ લગાર પણ લોભ રાખ્યો નહિ. ૪.

चोपाई :

धर्म धिरज जाके रहे जेसा, समय पर देख परत हि तेसा;
विसम समय आवत हे जबहू, गोप हि रतिभर रहत न तबहू...०५
धर्म धिरज ईष्ट के बल विन ही, दृढ करिके रहत नहीं किन ही;
जेसे ईष्ट के बल हि जाही, धर्म धिरज यह तेसे रहाही...०६
धर्म धिरज ईष्ट जो जाके, परिक्षा लेवत रहे वाके;
उत्तम मध्य कनिष्ट हि तामें, जेसे जन देखावत यामें...०७

જેનો જેવો ધર્મ અને જેવી ધીરજ હોય છે તે કોઈ વિષમ સમય આવે ત્યારે તે દેખાઈ આવે છે. જ્યારે વિષમ સમય આવે છે ત્યારે ધર્મ અને ધીરજ રતીભાર પણ છુપાતા નથી. ૫. ઈષ્ટદેવના બળ સિવાય ધર્મ અને ધીરજ દૃઢપણે કોઈની રહેતી નથી. જેને જેવું ઈષ્ટદેવનું બળ હોય છે તેને તેવો ધર્મ અને ધીરજ રહે છે. ૬. જેના જે ઈષ્ટદેવ હોય છે તે તેના ધર્મ અને ધીરજની પરીક્ષા લે છે. અને તે પરીક્ષામાં તે ભક્ત જેવો હોય તેવો ઉત્તમ, મધ્યમ કે કનિષ્ઠ દેખાય છે. ૭. બોટાદમાં ભગા શેઠે જે જીવોને બચાવ્યા, તેની વાત શ્રીહરિએ જ્યારે સાંભળી ત્યારે ખૂબ જ રાજી થયા કે, જે રાજીપો કહી શકાતો નથી. ૮.

અષાઢ સુદિ નવમીનો દિવસ હતો. અને સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિની પાસે દીવો પ્રગટાવ્યો. અને અવિનાશી શ્રીહરિ બોલ્યા કે, 'અરે, ભૂકંપ થયો..! ૯.' તે ભૂકંપ એક ઘડી સુધી રહ્યો. તે સમયે શ્રીહરિ ભવનથી બહાર ચોકમાં આવીને ઊભા રહ્યા. અને મુખથી 'નારાયણ...નારાયણ...' એમ બોલવા લાગ્યા. ૧૦.

જેટલા હરિભક્તો પાસે હતા તે સહુ શ્રીહરિને ઘેરીને ઊભા રહ્યા. ભૂમિ ઉપર જે કાંઈ હતું તે બધું આમ તેમ ડોલવા લાગ્યું. ૧૧. સ્થાવર કે જંગમ બધું ડોલવા લાગ્યું. કોઈ ડોલ્યા વિના રહ્યું નહિ. સરોવર, નદી, કૂવા, વાવ, સાગર અને પર્વત, જે કાંઈ પણ ભૂમિને આધારે રહ્યા હતા તે બધા ડોલવા લાગ્યા. કોઈ સ્થિર રહ્યું નહિ. ૧૨-૧૩. ત્યારે હરિભક્તો

શ્રીહરિની આગળ બોલ્યા કે, 'જરૂર અત્યારે પ્રલય આવ્યો લાગે છે. જે લોકો ઘરમાં હતા તેમાંથી કેટલાકનો તો ચૂરો થઈ ગયો. ૧૪.

(આ ભૂકંપ ઇતિહાસમાં પણ નોંધાયો છે. તે દિવસે તા. ૧૬/૬/૧૮૧૯, બુધવાર હતો. ભૂજના રણમાં તેનું એપિસેન્ટર હતું. આ ભૂકંપ આશરે ૮ થી ૮.૨ સુધીનો હતો. ૨૦૦૧માં ભૂજમાં ભૂકંપ થયો તે ૭.૭ નો હતો. ૨૦૧૬ નેપાળમાં ભૂકંપ થયો તે ૭.૮ નો હતો. જે જગ્યાએ એપિસેન્ટર હતું ત્યાં ૭ મીટર જમીન ઊંચી થઈ તેનો અલાબુંદ બની ગયો હતો અને તેની બાજુમાં ખાડો પડી ગયો. તેથી ત્યાં કુદરતી રીતે સરોવર બની ગયું હતું. જે હાલ સિંધરી સરોવર નામે ઓળખાય છે.

તેની અસર છેક ચેન્નાઈ અને કલકત્તા સુધી થઈ હતી. અંજાર, ભૂજ અને માંડવીમાં તો અપાર નુકશાન થયું હતું. રાજસ્થાનમાં આવેલા જેસલમેરમાં તે દિવસે લગ્ન હતા. તેમાં આ ભૂકંપને કારણે એકસાથે ૫૦૦ માણસો મરાયા હતા. અમદાવાદમાં પ્રસિદ્ધ જુમ્મા મસ્જિદના મીનારા પડી ગયા હતા. આના આધારે બીજું કેટલું નુકશાન થયું હશે ? ને બીજા કેટલા માણસો મરાણા હશે ? તે સમજી શકાય. આવો ભયંકર ભૂકંપ જોઈને હરિભક્તો કહે,)

મહારાજ, અત્યારે અમારે આપના સિવાય બીજો કોઈ આધાર નથી. અમે સહુ હાથ જોડીને આપની આગળ વિનંતિ કરીએ છીએ.' ૧૫. પછી શ્રીહરિએ કહ્યું કે, 'જે સત્સંગી થયા છે તેમને આ ભૂકંપનો કાંઈ ભય નથી, પણ જેને સત્સંગ નથી તેને આ બધો ભય છે.' ૧૬. આ રીતે એક ઘડી સુધી ભૂકંપ ચાલુ રહ્યો અને પછી જે ભૂમિ ધ્રૂજતી હતી તે સ્થિર થઈ. ભૂમિ એક ઘડી સુધી સ્થિર રહીને વળી ફરી ડોલવા લાગી. ૧૭. ત્યારે લોકોએ જાણ્યું કે, 'હવે જરૂર આપણું મૃત્યુ આવ્યું છે. હવે કોઈ રીતે બચી શકશું નહિ. અત્યારે બધું ભગવાનના હાથમાં રહ્યું છે. તે નાથ જ એક આપણું રક્ષણ કરનારા છે. ૧૮. તે સમયે ભક્તવત્સલ ભગવાન શ્રીહરિએ ભક્તજનોનું ઘણું પ્રિય કરવા માટે ભૂમિને કહ્યું કે, 'હવે તું હરિભક્તોનાં હિતને માટે સ્થિર થઈ જા.'

ત્યારે ભૂમિ તરત સ્થિર થઈ ગઈ. શ્રીહરિ બોલ્યા કે, ‘આજે ભૂકંપ ઘણો ભારે થયો. આવો ભૂકંપ ક્યારેય સાંભળ્યો નથી. આવો અતિશય જે ભૂકંપ થયો છે તે તો જ્યારે બહુ ઝાઝાં પાપ થાય અને ભૂમિ તેને જ્યારે સહન ન કરે ત્યારે તે વારંવાર કંપી ઊઠે છે. તે વખતે જે ભગવાનનું કાળચક્ર છે તે, અત્યંત પાપી દેખાય તેના શરીરનો નાશ કરી દે છે. જ્યાં જેવો સમય હોય છે ત્યાં તેવું રૂપ ધરીને તે કાળચક્ર આવે છે. ૧૯-૨૨. શ્રીહરિ ગઢપુરમાં બિરાજતા હતા. અને જેટલા પ્રાચીન પુરાણો હતા તેને રાત-દિવસ વંચાવતા હતા. શ્રીહરિને કથાશ્રવણ કરવામાં ઘણો પ્રેમ રહેતો હતો. ૨૩. ભગવાનના જાત જાતના અવતારો અને જાત જાતની અપાર વાતો પુરાણમાં જે રીતે આવતી હતી તેમને શ્રીહરિ એક ધ્યાનથી સાંભળતા હતા. ૨૪.

❋ શ્રીહરિનું તાન :

જે વાતમાં જ્યારે કોઈ ચમત્કાર દેખાતો હતો ત્યારે તે વાતને બે-ચાર વખત સાંભળીને તેને દૃઢ કરાવતા હતા. ૨૫. શ્રીહરિ હરિભક્તની ભગવાનમાં અને સત્સંગમાં નિત્ય નિત્ય નવી ને નવી રુચિ રહે તે માટે કાગળ લખાવતા હતા. ૨૬. અનેક જીવોનો મોક્ષ કરવા ઉપર શ્રીહરિને તાન રહેતું હતું. અને દિવસે દિવસે વધારે ને વધારે તેમાં તત્પર રહેતા હતા. ૨૭. **બ્રહ્માંડના જેટલા વિષય ભોગ છે, તેમાંથી જીવને ભગવાન સિવાય કોઈ છોડાવતું નથી. અને વિષય છોડાવવા તે ભગવાનનું મુખ્ય ચિહ્ન છે. ૨૮.**

જેટલા તુચ્છમાં પણ અત્યંત તુચ્છ જીવો હોય છે, તેને જેવું શરીર મળે તેમાં તે પરમ આનંદ અને સુખ માને છે. ૨૯. જેટલા સચ્છાસ્ત્રો છે તે ભગવાનમાં જ સુખ બતાવે છે, પણ જે સંતો અને ગુરુઓ ભગવાનમાં અપાર સુખ બતાવીને પોતે વ્યભિચાર કરતા રહે તેવા સંતો અને ગુરુઓ તો કાળનેમિ અને ચંડાળના જેવા છે. માટે જેને મોક્ષનો ખપ હોય તેણે તેવા સંત કે ગુરુને માનવા નહિ, તેમ શ્રીહરિ કહેતા હતા. ૩૦-૩૧. જેટલાં પાપ હોય છે તે બધાનો ત્યાગ કરાવીને ભગવાનનાં સ્વરૂપમાં પ્રેમ કરાવે, અને ભગવાન સિવાયના અન્ય પદાર્થમાં રહેલા પ્રેમને નરકનું દ્વાર બતાવે તેવા ગુરુ અને સંત મોક્ષના સાચા દાતા છે. આવી વાતની વારંવાર ફરી ફરીને દૃઢતા કરાવતા હતા. ૩૨-૩૩.

સત્સંગમાં જ્યારે કોઈ પૂરો કપટી આવીને મળી જાય છે ત્યારે તે કપટી સાચો સત્સંગ કરનારા કરતાં દસગણું વધારે વર્તે છે અને જે સાચા હોય તેને દબાવે છે. પછી જેટલા વિશ્વાસી હોય છે તે તેને માને છે અને સાચા સત્સંગીને મિથ્યા દેખે છે, અને જે મિથ્યા હોય છે તેને સાચા ગણે છે. ૩૪-૩૫. જ્યારે સત્સંગમાં કોઈ કપટી ભળી જાય છે ત્યારે તે પોતે અગ્રેસર થઈને પૂજાય છે. અને પોતે મુખ્ય રહીને પોતાનો અલગ મત ચલાવે છે. ૩૬.

શ્રીહરિએ કહ્યું કે, 'જે પાકા ધુતારાઓ હોય છે તે અમને આવીને ધૂતે છે તથા શ્રીરામ અને શ્રીકૃષ્ણને પણ ધૂત્યા છે, તેવી વાત લખેલી રહી છે. ૩૭. જે વિશ્વાસી લોકો હોય છે તેને પાકા ધુતારાઓ વારંવાર ધૂતી જાય છે. તે ધુતારાઓને કોઈનો ડર લાગતો નથી. ૩૮. જેને પાપનો ડર હોતો નથી, તેઓ ચાહે તેમ વર્તે છે. કપટ કરીને તેઓ અહીંયા ફુલાય છે, પણ જેટલું કપટ કરે છે તેટલો તેને માથે પાપનો બોજ ભરાય છે. ૩૯. જેવું અહીંયા મનફાવ્યું ચાલે છે, તે માણસ જ્યાં જાય છે ત્યાં તેને તેવું ફળ જરૂર ને જરૂર મળે છે. કારણ કે, ત્યાં તો અંતર્યામી પરમેશ્વરનું ચલણ રહ્યું હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ભૂકંપ કહ્યો અને શ્રીહરિએ કપટી ગુરુઓથી બચવાની વાત કહી" એ નામે છવ્વીસમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૭

ભાવનગરના ઝીણાભાઈ શ્રીમાળીને એક કપટી છેતરી ગયો

શ્રીહરિ ગઢપુરમાં રહી જે કપટી હોય તેની વાત વારંવાર અને ફેરવી ફેરવીને હેતે કરીને ઘણી કરતા હતા. ૧. જે ઘણા વિશ્વાસી હરિભક્તો હોય છે, તેઓ કપટીને પણ પરમ એકાંતિક ભક્ત ગણીને માનતા હોય છે. ૨. ભાવનગર શહેરમાં એક કપટથી પાર્ષદ બનીને તે સમયે હરિભક્તોને છેતરવા માટે ગયો. ૩. ત્યાં એક ઝીણાભાઈ નામે શ્રીમાળી અતિ ભાવિક

હરિભક્ત હતા. તેણે દુનિયાના બધા ફેલ છોડી દીધા હતા, અને ભગવાન પરાયણ થઈ ગયા હતા. ૪. તેમને સત્સંગ કરતા કરતા ત્રણ વરસ વીતી ગયા હતા. અને તે ઘણા પ્રેમી હોવાથી વારંવાર શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા. ૫. સંતોનો સમાગમ કરવામાં તેને ઘણી રુચિ હતી. તેમજ ભગવાન અને સંતોની સેવા કરવામાં તો તેની શ્રદ્ધા નવયુવાન હતી. ૬.

તે સંતોની અને શ્રીહરિની આગળ વારંવાર એમ કહેતા કે, 'મારા જેવી કોઈ સેવા હોય તો ફરી ફરીને કહેજો. કોઈ જાતની શંકા ન રાખશો. હું આપના અર્ધા વચને તે કામ કરી દઈશ.' ૭. તેને ઘણો ભાવ હતો તે વાતને સાંભળીને એક કપટી માણસ પંદર દિવસ પછી તેને ઘેર ગયો. ૮. તે ઝીણાભાઈને ઘેર ઊતર્યો અને શ્રીહરિના બધા સમાચાર કહ્યા. સંતો અને હરિભક્તોના 'જય નારાયણ' કહ્યા અને કહ્યું કે, 'તમારા ઉપર શ્રીહરિની બહુ કૃપા છે. ૯. દિવસમાં બે-ત્રણ વખત શ્રીહરિ તમને સંભારે છે, શ્રીહરિને તમારા ઉપર ઘણું હેત છે અને સંતો પણ તેવી જ રીતે તમને સંભારે છે. તમે તો તમારા મનુષ્યદેહને સુફળ કરી લીધો છે. ૧૦.

આજે સત્સંગમાં જેવા સંતો છે તેવા નારદ અને શુકદેવજી પણ ન હતા અને સનકાદિકો પણ તેની તુલનામાં તણાઈ જાય. કાંઈ વાર લાગે નહિ. ૧૧. આવા સંતો અને આવો અવતાર ક્યારેય થયો નથી અને હવે ક્યારેય થશે નહિ. આવો સમય અત્યારે પસાર થઈ રહ્યો છે. ૧૨. આવા સારા સમયના યોગમાં જે લોકો આવતા નથી તેના સમાન બીજા કોઈ અભાગિયા નથી, તે વાત ચોક્કસ છે. ૧૩. આવો સમય આવતો નથી અને કોઈ વખત આવશે પણ નહિ. આવે સમયે સત્સંગ કરવો જોઈએ તેમાં ફરક રાખવો નહિ.' ૧૪. આ રીતે કપટીએ ઘણી વાતો કરી. ત્યારે ઝીણાભાઈએ તેને સારો દૃઢ સત્સંગી જાણ્યો. ૧૫. પછી ઝીણાભાઈ તેનું ઘણું સન્માન કરતા અને ભાવથી રસોઈ કરીને જમાડતા. અને તેમને પૂછ્યું, 'જે સેવા હોય તે તમે મને કહેજો.' ૧૬.

વળી ઝીણાભાઈએ કહ્યું કે, 'મેં શ્રીહરિનાં વારંવાર ફરી ફરીને દર્શન કર્યાં છે, પરંતુ તમને ક્યારેય મેં દેખ્યા નથી. તમારી સમજણ તો ઘણી અગાધ

છે. ૧૭. તમારું નામ શું છે ? પાર્ષદોએ એકલા તો ચલાય નહિ.' ત્યારે તે કપટી બોલ્યો કે, 'મારું નામ કાળાભાઈ છે.' ૧૮. ત્યારે ઝીણાભાઈએ કહ્યું કે, 'કાળાભાઈને તો હું સારી રીતે ઓળખું છું.' ત્યારે કપટીએ કહ્યું કે, 'અમે બે કાળાભાઈ છીએ. તમે જેને ઓળખો છો તે મોટા કાળાભાઈ પાર્ષદ છે ને હું નાનો છું. ૧૯. શ્રીસહજાનંદસ્વામીએ જ્યારે મને અહીં મોકલ્યો ત્યારે હું આવ્યો છું. સહજાનંદસ્વામીએ મુખથી જે વચન કહ્યાં હોય તે રીતે જે વર્તે તેટલા હરિભક્ત કહેવાય છે અને ન વર્તે તેટલા હરિભક્ત કહેવાતા નથી. આવી સત્સંગની રીત છે. તેથી હરિભક્તને જરૂર ઓળખવા જોઈએ. ૨૦-૨૧.

જેટલા સંતો છે તે બધાને સહજાનંદસ્વામીએ ધોતિયા પહેરવાની આજ્ઞા કરી છે. એટલે હું તમને તે આજ્ઞા સંભળાવવા આવ્યો છું. ૨૨. હરિભક્તને જેટલી શ્રદ્ધા હોય છે તેટલા સહુ ધોતિયા આપે છે. શ્રીહરિ અને સંતો કોઈની પાસે માગતા નથી. માગ્યા વિના જે આપે છે તેના લે છે. ૨૩. બે ધોતિયા, પછેડી, એક રૂમાલ અને એક ટોપી, તેટલા વસ્ત્રની હાલમાં આજ્ઞા કરી છે. આટલી વાત મેં તમને જ કહી છે. ૨૪. બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ભાઈ રામદાસજીસ્વામી, આટલા અત્યારે શ્રીહરિની સાથે રહ્યા છે. ૨૫. મુક્તાનંદસ્વામી તો અત્યારે અમદાવાદમાં ગયા છે અને ત્યાં બરોબર કથા-વાર્તા કરે છે.' કપટીની આવી વાત સાંભળીને ઝીણાભાઈને ભાવ થયો. ૨૬.

અને તેઓ બોલ્યા કે, 'તમે જેમ કહો તેમ હું કરું. મહારાજની જેવી મરજી હોય, તેના મર્મને હું જાણતો નથી.' ત્યારે તે કપટી બોલ્યો, ૨૭. 'ત્યાગી સંતો સ્ત્રી અને ધનને ક્યારેય ગ્રહણ કરતા નથી અને અન્ન તથા વસ્ત્રને તો જેટલી જરૂર હોય તેટલા ગ્રહણ કરે છે.' ૨૮. ત્યારે ઝીણાભાઈએ કહ્યું કે, 'હું વાલા સંતોને માટે સારા ધોતિયા લાવી આપું છું. હું જેટલા કોરબંધ ધોતિયા લાવી આપું તેને તમે લઈ જાઓ.' ૨૯. ઝીણાભાઈએ તે વખતે બબ્બે રૂપિયાની કિંમતના ત્રીશ ધોતિયા લાવી આપ્યા. અને તે કપટી તરત લઈને ચાલ્યો ગયો. તે બાબતને વિશાળ બુદ્ધિવાળા રૂપાભાઈએ સાંભળી. ૩૦.

પછી તેઓ ઝીણાભાઈને ઘેર આવ્યા અને હેતથી તેમને પૂછ્યું કે, ‘તમે મને પૂછ્યા વિના કયા પાર્ષદને ધોતિયા આપ્યા છે ? ૩૧. ચોક્કસ તે ધોતિયાને કોઈ ઠગ લઈ ગયો છે, તેમાં તલભાર પણ ખોટું નથી. જ્યારે શ્રીહરિ આ વાતને સાંભળશે ત્યારે ખૂબ જ ઉદાસ થઈ જશે. ૩૨. પછી ઝીણાભાઈ અને રૂપાભાઈ તે બંને શ્રીહરિની પાસે ગઢપુર આવ્યા. અને આ ઘટના જેમ બની હતી, તે બધી શ્રીહરિને કહી સંભળાવી. ૩૩.

તે પછી શ્રીહરિએ જેટલા પાર્ષદો હતા, તે બધાને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું કે, ‘આ અમારા જેટલા પાર્ષદો છે, તેમાં જે ભાવનગર આવ્યો હતો તેને ઓળખો. કાળાભાઈ નામે તો અમારા એક જ પાર્ષદ છે. અમે વારંવાર કહીએ છીએ કે ધુતારાનો ક્યારેય વિશ્વાસ કરવો નહિ. ૩૪-૩૫. તમે હરિભક્ત છો, તોપણ ધુતારાનો વિશ્વાસ કરો છો. ધુતારાનો જે વિશ્વાસ કરે છે તે પછી તો કોઈ સાચા પાર્ષદની પણ હાંસી-મશ્કરી કરશે. ૩૬. જેવું ધુતારાને આવડે છે, તેવું સાચા માણસને પણ બોલતા ક્યારેય આવડતું નથી. બોલવામાં જ માણસની મહત્તા રહે છે અને તેને લીધે તે સહેજે જ પૂજાય છે. ૩૭. આ દુનિયામાં ધુતારાની જે મહત્તા છે, તેને વિચારીને તેને દંડ દેવા માટે જ જમપુરી કરી છે. તે બધું જ જમપુરીમાં દેખાશે. ૩૮.

વેદ અને પુરાણમાં કહેલા વર્ણાશ્રમના ધર્મનું જે ઉલ્લંઘન કરે છે, તેને બધા જમદૂતો દેખી રહ્યા છે. ૩૯. આ દુનિયામાં મનુષ્ય ચાહે તે રીતે ચાલતો હોય પણ માણસ તેમાં હેત કરે છે. પછી તે જેટલું ધૂતી શકાય તેટલું વિશ્વાસુ માણસને ધૂતે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં “ભાવનગરના ઝીણાભાઈ શ્રીમાળીને એક કપટી છેતરી ગયો” એ નામે સત્યાવીસમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૮

ઉત્સવમાં વિવિધ વાતો કરતા શ્રીહરિએ ધુતારાથી ચેતવા અંગે વાત કરી

શ્રીહરિએ કહ્યું, 'આ બ્રહ્માંડમાં મનુષ્ય જેવું વર્તન કરે છે તેવું તેને ફળ જરૂર મળે છે. ૧. જીવ તુચ્છ હોવા છતાં જે એમ કહે કે હું ભગવાન છું, તો તેને કરોડો બ્રહ્માંડના વધનાં પાપ કરતાં વધારે પાપ લાગે છે. ૨. **જે માણસને પાપનો બિલકુલ ડર ન હોય તેના જેવો બીજો કોણ પાપી કહેવાય ? તે મનફાવે તેમ ચાલે છે. એ જ તેના ઉપર ભગવાનનો અધિક કોપ છે. ૩. જે મૂર્ખ માણસ હોય તે ભગવાનના કોપને પણ પ્રતાપ માને છે. એ જ એનું પાપ છે. એવા પાપીઓ પરસ્પર મળેલા રહે છે. ૪.**

પાપીઓના રાજા જેવો તેનો ગુરુ હરએક પાપીઓને જમપુરીની દિશાને માર્ગે ચઢાવે છે. અને જેટલાં પાપી છે તે બધાં મોહને લીધે જમપુરીના માર્ગને પણ મોક્ષનો માર્ગ માને છે. ૫. ચાહે તે રીતે ફેલ કરવો અને જેટલા ફેલી હોય તે ફેલ કરીને પરસ્પર મળે, અને તે ફેલીઓ પરસ્પર મળીને મનમાં ફૂલાય, પણ આ બધા પાપીઓ આગળની ગતિ શી થશે ? તેને યાદ કરતા નથી. ૬. જે ભવિષ્યનાં સુખ-દુઃખનું ભાન નથી રાખતા એવા ગુરુ અને શિષ્યો અત્યંત આંધળા છે. અને તે બન્ને લખચોરાશીમાં ભટકીને તેનો પાર પામતા નથી. ૭.

મનમાં ફાવે તેમ વર્તીને પછી લખચોરાશીથી છૂટવું તે કાંઈ હાંસી મજાનો ખેલ નથી. જે લોકો 'જે કાંઈ મોક્ષ કહેવાય છે તે તો મારા હાથમાં છે' આવું બોલે છે, અને ઢોંગ કરીને ચાલે છે, તેને તેના જેવા હોય તે બધા ભેળામળીને તેને માને છે. કઠણમાં કઠણ વાત તો એ છે કે જે સાચા હોય તેને માનવા. ૮-૯.

* સાચા ગુરુ, સંતથી જ મોક્ષમાર્ગ દેખાય છે :

સત્યસ્વરૂપ ભગવાન, સત્ય ગુરુ અને સાચા સંત, તે જો ન મળે તો મોક્ષ ક્યારેય થતો નથી. તે ખરી રીતે તપાસી લેવું. ભગવાન, ગુરુ અને

સંત, જે સાચા છે, તે તરત ઓળખી શકાતા નથી. ૧૦. સાચા માર્ગ કરતાં મિથ્યા માર્ગમાં જે અધર્મ રહ્યો છે, તે દેખાયા સિવાય ક્યારેય રહેતો નથી. સત્યમાર્ગ છે તે એક મોક્ષની જ વાતને બતાવે છે. ૧૧. સત્યમાર્ગ મોક્ષ સિવાયનું જે કાંઈ પણ છે તે બધું કાળનું ચવાણું કહે છે. જે સાચા સંતો છે તેમને મોક્ષ સિવાય બીજી કોઈ દોડ હોતી નથી. ૧૨. સત્યસ્વરૂપ ભગવાનના સંબંધવાળી જેટલી વાત રહે છે તેને જ મોક્ષ કહે છે અને તે આ સાક્ષાત્ પ્રગટ છે. ૧૩. સત્યસ્વરૂપ ભગવાનના સંબંધ સિવાયની જેટલી વાત છે, તે બધી જીવને માટે સંસારનું ભટકણ છે. આ અમે બતાવી દીધું છે. ૧૪. લોકોને દેખાડવા માટે ચાહે તેટલી વાત કરે, પણ તે ભગવાનના સંબંધ વિનાની હોય તો તે સાક્ષાત્ ધૂતવાની વાત છે. ભલે તે અન્નનો ત્યાગ કરી દે. ૧૫.

સાચા સંત જે જે વાત કરે તે ભગવાનને પ્રસન્ન કરવા માટે જ કરે છે. તેમની કોઈ વાત ભગવાનના સંબંધ વિનાની અને લોકને દેખાડવા માટેની નથી હોતી. ભગવાનને પ્રસન્ન કરવા માટે કરેલી જે વાત હોય તેમાં દુનિયા રાજી થાય કે ન થાય, તે તરફ સાચા સાધુનું તાન રહે નહિ. કેવળ ભગવાનને રાજી કરવાનું જ તાન રહે છે. ૧૬-૧૭.

चोपाई :

भगवान पर हि जितना ताना, रिझावने कु हित हि रहाना;
तितना रिझत भये भगवाना, लोक रिझवने नहीं ध्याना...१८

ભગવાન ઉપર જેટલું તાન છે તે પણ તેમને રાજી કરવાનું જ હોવું જોઈએ. લોક રીઝવવા તરફ જેટલું ધ્યાન ન હોય, તેટલાં ભગવાન તેના ઉપર પ્રસન્ન થાય છે. ૧૮. લોકોને રીઝવવા માટે જેટલું કરવામાં આવે તેમાં ભગવાન ક્યારેય રીઝતા નથી. ભાંડ, ભવાયા, નટ, મદારી, જાદુગર આદિ અને જેટલી માગણ જાતિ હોય, પંડિતો, પુરાણી ઇત્યાદિક અને જેણે માત્ર પેટ ભરવા માટે જ ઘરનો ત્યાગ કર્યો હોય આવા જેટલા વેરાગી થયા હોય, તથા લોકોને રીઝવવાને માટે મંદિર કરે તથા તેમાં ભગવાનની મૂર્તિ પધરાવે તેમજ લોક રીઝવવાની જેટલી બીજી વાતો જેમ કે, તીર્થ, વ્રત, દાન, પુણ્ય વગેરે તથા યજ્ઞ, યાગ, ચોરાસી વગેરે કરે. ઉપર કહ્યા તે બધાનું

ફળ લોક રીઝવવા માટેનું હોય છે તો લોકો રાજી થાય છે. તેના દ્વારાએ પાંચ પ્રકારના વિષયો તેને અપાર મળે છે. ૧૯-૨૨.

અજ્ઞાની લોકો છે તે પંચવિષયનાં સુખ મળે છે તેને ભગવાનની કૃપા માને છે, પરંતુ જેટલા સાચા જ્ઞાની છે તે આ લોકના ભોગમાં જેટલું સુખ મનાય તેને તેટલું અજ્ઞાન કહે છે.' શ્રીહરિ આ રીતે સત્ય અને અસત્ય બાબતની અપાર વાતો વારંવાર કરતા હતા. ૨૩-૨૪. શ્રીહરિ વિવિધ પ્રકારની વાતો કરતા હતા. તે જેવો અધિકારી હોય તેને તેવી ફળતી હતી. ૨૫. સ્વાતિ નક્ષત્રના વૃષ્ટિબિંદુમાં કોઈ જાતનો વિકાર હોતો નથી, પણ તે વૃષ્ટિબિંદુને ઝીલનાર જેવું પાત્ર હોય તેને તેવું ફળ મળે છે. ૨૬. જન્માષ્ટમીનો ઉત્સવ શ્રીહરિએ ગઢપુરમાં કર્યો અને તે પ્રસંગે કેટલાક હરિભક્તો ગઢપુર આવ્યા હતા. ૨૭. ત્રીશ કોશના વિસ્તારમાં જે જે સંતો હતા તે પણ આવ્યા હતા. તે સહુ સંતોએ અત્યંત ભાવથી તે પ્રસંગે શ્રીહરિનાં દર્શન કર્યાં હતાં. ૨૮.

દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના જે ઓરડા છે ત્યાં સાંજે અને સવારે શ્રીહરિ સભા કરતા હતા. અને તેમાં શ્રીહરિની ચારેબાજુ સંતો અને હરિભક્તો બેસતા હતા. ૨૯. બ્રહ્માનંદસ્વામીના રચેલા ગરબી રાગનાં પદો તે સમયે ગવાતાં હતાં. અને જેટલા હરિભક્તો આવ્યા હતા તે સહુ શ્રીહરિની પૂજા કરતા હતા. ૩૦. કેસરયુક્ત ચંદનથી શ્રીહરિની પૂજા કરતા હતા. અને ફૂલના હાર, તોરા અને ગુચ્છ ધરાવતા હતા. આ રીતે ભક્તજનો નિરંતર પૂજા કરતા રહેતા. ૩૧. હરિભક્તોને જે રીતનો ભાવ હોય તે રીતે આવીને પૂજા કરતા હતા. અને જાત જાતના મેવા અને મીઠાઈ શ્રીહરિની આગળ અપાર મૂકતા હતા. પછી સંતોની પૂજા કરતા. તે પછી શ્રીહરિ વારંવાર હરિભક્તોને ફરી ફરીને ચેતવતા રહેતા. ૩૨-૩૩.

શ્રીહરિ આટલી ચેતવણી આપતા છતાં પણ પાકા ધુતારાઓ જે હતા, તે હરિભક્તોને આવીને છેતરી જતા હતા. જેને પાપનો પણ ડર હોતો નથી, તેના ઉપર નિયંત્રણ માટે રાજા હોય છે. છતાં જે પાકા ધુતારાઓ હોય છે તે રાજાની સમીપમાં રહીને પણ તેને છેતરી જતા હોય છે. જ્યારે તે જાહેર થાય અને રાજાના ધ્યાનમાં આવે, ત્યારે રાજા તેને તોપથી ઉડાવી દે છે.

છતાં પણ ધુતારાઓ ક્યારેય ડરતા નહિ. ધુતારાઓને મરવાનો ડર હોતો નથી અને ધુતારાઓ એક પ્રકારના હોતા નથી. ૩૪-૩૬.

ધૂતવાની વિદ્યાઓ અપાર છે. જેને પાપનો ડર હોતો નથી, તે મરે ત્યાં સુધી લોકોને ધૂતીને પેટ ભરતા રહે છે. ૩૭. ધુતારાઓને ધૂતવાની વિદ્યાનું ફળ જમપુરીમાં તલ તલ જેટલું અવશ્ય મળવાનું છે. ૩૮. જેટલા ધુતારાઓ છે તે બીજાને ધૂતતા હોય છે, પણ છેવટે તો તે પોતે જ ધૂતાયેલા હોય છે. ભલે અહીંયા ચાહે તેમ વર્તે. ૩૯. સત્પુરુષનો માર્ગ અલગ છે અને ધુતારાનો માર્ગ પણ અલગ છે. જેને પાપનો ભય નથી એવા ધુતારાનું આ લોકમાં જોર હોય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ઉત્સવ પ્રસંગે વિવિધ વાતો કરતા શ્રીહરિએ ધુતારાથી ચેતવા અંગે વાત કરી" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર ઓગણીશમું : તરંગ - ૨૯

ચરોતરમાં અતિવૃષ્ટિ, ત્યાં સત્સંગનો ઉત્કર્ષ અને દેશી કાઢવાનું કુફળ

શ્રીહરિએ જળઝીલણી, વામનદ્વાદશી અને દશેરા, તે બધા ઉત્સવ ગઢપુરમાં કર્યા. ૧. તે ચોમાસામાં ઘણો વરસાદ થયો. આખા ચરોતર દેશમાં તો એટલો બધો વરસાદ થયો કે જે કહી શકાતો નથી. ૨. વરસાદના પાણીથી બધા ગામ ચાર માસ સુધી ઠેકઠેકાણે ભરાયેલા હતા. ખેતર અને ઝાડ પણ પાણીમાં ડૂબી ગયા હતા. ૩. વડતાલ ગામમાં જ્યાં શ્રીહરિ સભા કરતા હતા તે રમણીય ચોકમાં જે સુંદર વૃક્ષો હતા, તે ચાર માસ સુધી પાણી રહેવાથી શ્રીહરિ આવ્યા નહિ તેથી માનો વૃક્ષ ઉદાસ થઈ ગયા હોય તેમ, બધા જડમૂળથી સુકાઈ ગયા. તેથી સુંદર ભૂમિનો તાલ વિખાઈ ગયો. ૪-૫.

શ્રીહરિએ ગઢપુરમાં જ્યારે તે વાત સાંભળી ત્યારે તે વૃક્ષોના પોતે વખાણ કર્યા. ચિત્તચોર શ્રીહરિએ વડતાલમાં વખાણ કરતાં કહ્યું હતું, 'જ્યારે

અમે અહીં સભા કરીએ છીએ ત્યારે અમને અક્ષરધામ જેવું લાગે છે. આ સભા અને અક્ષરધામની સભામાં એકતા જણાય છે. એવી આ સભા આ ઠેકાણે લાગે છે.' ૬-૭. ચરોતરમાં ક્યારેય આટલું બધું પાણી ભરાયું ન હતું. ભૂકંપ થયો અને આ અતિવૃષ્ટિ થઈ, તેથી કૂવાના બધા પાણી થોડા ઉપર આવી ગયા. ૮. જમીન પાણીમાં ડૂબી ગઈ તેનાથી તેમાં ઘણો સુધારો થયો. પછી ચરોતરના જેટલા લોકો આવતા તેટલા શ્રીહરિ આગળ વાતો કરતા કે, 'ડાંગરના ખેતર ચરોતરમાં અમે ક્યારેય સાંભળ્યા ન હતા. અને હવે તો ગામેગામ ડાંગર થવા લાગી છે અને તેને અમે આપની કૃપા માનીએ છીએ. ૯-૧૦.

અમારે ત્યાં શેરડીના વાઢ ક્યારેય નજરે દેખાતા નહિ. હવે તો ગામેગામ શેરડી થવા માંડી છે. તેમાં પણ આપની જ કૃપા રહી છે. ૧૧. મહારાજ, આપે ચરોતરમાં વારંવાર આવીને ઘણીવાર યજ્ઞ કર્યા છે. તેનાથી ઇન્દ્ર પ્રસન્ન થયા અને દેશમાં પાણી પાણી કરી દીધું.' ૧૨. પછી શ્રીહરિએ દિવાળી, અન્નકૂટ, હુતાશની, ફૂલદોલ અને રામનવમી, આ બધા ઉત્સવો અનુપમ રીતે કર્યા. ૧૩. સારી ખેતી થવાથી આખો ચરોતર પ્રદેશ સમૃદ્ધિવાળો થઈ ગયો. અત્યારે તો ઘણા પાટીદારો સત્સંગ કરતા થયા છે. ૧૪.

આખા ચરોતર પ્રદેશમાં જે મુખી પાટીદારો રહેતા હતા, તેમને બહુ જ માન હતું. માનો, માન એ જ એમનું જીવન હોય. ૧૫. જેમ જેમ તેને માન આપે, તે તેમને બહુ જ પ્રિય લાગતું હતું. પણ પછી સત્સંગની સમજણે કરીને તેમને માન રહ્યું નહિ. ૧૬. જેટલા કુફેલ કહેવાય છે તેને જ તે લોકો જીવન માનતા હતા. ભૂમિ ઉપરના મોટા ભાગના લોકો કુફેલને જ જીવન માનતા હોય છે. ૧૭. **સત્સંગ જીવન થયા વિના કોઈથી કુફેલ છોડી શકાતા નથી. અને કુફેલનો ત્યાગ કર્યા સિવાય મોક્ષમાર્ગમાં ક્યારેય ગાઢ પ્રીતિ થતી નથી. ૧૮.** જેટલા કુફેલી લોકો હતા, તે તેવા ફેલી અસંતોને જ પરમ સંત માનતા હતા. હંસ અને બગલા બંને શ્વેત છે. બંનેના વેશમાં તલભાર પણ ફેર નથી. ૧૯. પરંતુ જેટલા કુફેલી લોકો હોય છે તે હંસને બગલો કરીને કહે છે અને બગલાને હંસ કરીને કહે છે. અર્થાત્ સંતને

અસંત અને અસંતને સંત કહે છે. કુફેલી લોકોનું આવું ચલણ હોય છે. ૨૦. ઈશ્વર જ્યાં જેનું જેવું ચલણ હોય ત્યાં તેવું રહેવા દે છે. પણ ક્યાં જીવ અને ક્યાં ઈશ્વર ? ક્યાં અણુ અને ક્યાં ગરુડ ? ૨૧. ગરુડને અણુ શા લેખામાં ? તેમ ઈશ્વર જીવને પણ અણુ જેવો દેખે છે. અને જીવ જેવા અણુ સરખા જો ઈશ્વર થઈ જતા હોય તો ઈશ્વરને ઈશ્વર કોણ કહે ? ૨૨.

પરમેશ્વરમાં ક્ષમા અને ધીરજ, તે બંને ગુણ ભરપૂર રહ્યા છે. પૃથ્વીમાં જે ક્ષમા તથા ધીરજ છે અને સાગરમાં જે ક્ષમા તથા ધીરજ છે, તે તો પરમેશ્વરે તેને અણુ જેટલા જ આપ્યા છે. ભૂમિમાં જે સામર્થ્ય આવેલું છે તથા સાગરમાં જે સામર્થ્ય આવેલું છે, તે બધું તેને પરમેશ્વરે અણુ જેટલું જ આપેલું છે. ૨૩-૨૪. જે અણુ સમાન મનુષ્ય હોય છે તેને પરમેશ્વરે જ કાંઈક સામર્થ્ય આપ્યું હોય છે, છતાં પરમેશ્વર જેમ જેમ ક્ષમા રાખે છે તેમ તેમ પરમેશ્વરને પણ ગણતો નથી. ખરેખર તો માણસના હાથમાં તો કોઈ વાત છે જ નહિ. તે કેટલુંય બળ કરે તોપણ અલ્પ જ રહે છે. ૨૫-૨૬.

सोरठा : बडे बडे गुन जेते, जितनी क्षेमा जिन महिं;
जोई ईश्वर तेते, देवत तोउ हाथ रखत...२७
बडे बडे गुन जेहु, पात्र जेसे टिकत तिहाँ;
पात्र बिन टिकत न तेहु, ईश्वर देवत गुन तोउ...२८

જેનામાં જેટલી ક્ષમા હોય તે જોઈને પરમેશ્વર જીવને મોટા મોટા ગુણ આપે છે, તોપણ ભગવાન તે ગુણ પોતાના હાથમાં રાખે છે. ૨૭. જે મોટા મોટા ગુણો હોય છે, તે જેવી પાત્રતા હોય તે પ્રમાણે જ ટકે છે. પાત્રતા વિના તો પરમેશ્વરે ગુણ આપ્યા હોય તોપણ ટકતા નથી. ૨૮.

❋ ભૂમિના ગુણો :

શ્રીહરિએ કહ્યું કે, 'આ ભૂમિના સમાન કોઈ નથી. ભૂમિ તો મોટામાં મોટું પાત્ર છે. જે કાંઈ પણ નામધારી વસ્તુઓ છે તે આ ભૂમિ ઉપર જ રહે છે. ૨૯. જે પ્રાણીનો જેવો આહાર હોય છે, તેને તેવો આહાર ભૂમિ આપે છે. અને હરેક પ્રાણીને ભૂમિ શરીર આપે છે અને યોગ્ય સમયે તેના

શરીરને પોતામાં લીન કરી દે છે. ૩૦. જે જે કાંઈ પણ દૃષ્ટિગોચર થાય છે તેમાં એક પણ ભૂમિ વગરનું નથી. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ, તે બધા જ ગુણો આ ભૂમિમાં રહ્યા છે. ૩૧. પદાર્થમાત્રમાં ભૂમિ લગાતાર રહી છે તથા સહુનો આધાર થઈને રહી છે. અને ભૂમિનો જે મોટામાં મોટો આધાર છે તે પરમેશ્વર રહ્યા છે. ૩૨.

❋ શ્રીહરિનો મહિમા :

પરમેશ્વરનો કોઈ આધાર નથી. તે પોતે જ પોતાનો આધાર છે. જેને બધા પરમેશ્વર કહે છે તે અક્ષર, પુરુષ, પ્રકૃતિ, પ્રધાન અને અનંતકોટિ બ્રહ્માંડો તે સહુના આધાર થઈને રહ્યા છે. ભક્તજનપ્રતિપાલક તે પરમેશ્વર કૃપા કરીને જ્યારે અપાર લોકોનો ઉદ્ધાર કરવા મનમાં ધારે છે ત્યારે તત્કાળ પોતે મનુષ્યરૂપે થાય છે. વેદ અને પુરાણોમાં જે કાંઈ દૈવત રહ્યું છે તે પણ આ પરમેશ્વરની મૂર્તિનું જ છે. ૩૩-૩૫.

જેટલાં શાસ્ત્રો છે તે બધાં આ એક પરમેશ્વરના જ વચનમાં નિવાસ કરીને રહ્યા છે, પણ જે અત્યંત નારકી લોકો છે તે બધા તે પરમેશ્વરની દેશી (અનુકરણ) કરે છે. ૩૬. નરકના અધિકારી જે નરનારીઓ હોય છે તે નરકના અધિકારી ગુરુને જ શરણે જાય છે. અને પછી સહુ નરકનાં દુઃખને ભોગવે છે. ૩૭. પરમેશ્વરની દેશી કાઢીને જે નારકી લોકો વર્તે છે તે બધા અતિ ઘોર નરકમાં પડે છે. ૩૮. પરમેશ્વરની દેશી કાઢનારા મહાપાપી લોકો ક્યારેય નરકથી છૂટતા નથી. રોજ તેના ઉપર ત્યાં અપાર માર પડે છે. અને દિવસે દિવસે તે વધારે પરાધીન વર્તે છે. ૩૯. આ દુનિયામાં માણસ મનફાવે તેમ ચાલે છે પણ ખરેખર તેનાં પાપનાં ફળરૂપમાં તો જમપુરીમાં તે જીવને જમદૂતો વિષ્ઠા, મૂત્ર, પાચ, લીંટ વગેરેને ખવરાવે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ચરોતરમાં અતિવૃષ્ટિ, ત્યાં સત્સંગનો ઉત્કર્ષ અને દેશી કાઢવાનું કુફળ કહ્યું" એ નામે ઓગણત્રીસમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૦

શ્રીહરિએ ગ્રહણ નિમિત્તે ઘોડાનું દાન અને મુક્તાનંદસ્વામીની વચનપાલનની મહત્તા કહી

આ દુનિયામાં જેટલા ધુતારાઓ અને ઠગારાઓ છે, તે જે રીતે લોકોને ધૂતે તથા ઠગે છે, તે પોતે જે યોનિમાં જાય છે, ત્યાં તે રીતે જ ધૂતાય અને ઠગાય છે. ૧. આ દુનિયામાં માણસ જે રીતે વર્તે છે તેવું ફળ તેને તે તે યોનિમાં મળે છે. કારણ કે અંતર્યામી પરમેશ્વર જીવે કરેલા કર્મને તલ તલ જેટલા જાણે છે. ૨. આ લોકમાં અંતર્યામી પરમેશ્વરની મર્યાદાને ઉલ્લંઘીને મનમાં ફાવે તેમ જે વર્તે છે તેટલું તેને દુઃખ ભોગવવું પડે છે. અને જે મનુષ્ય પરમેશ્વરથી ડરીને ચાલે છે, તેને સુખ મળે છે. મનુષ્ય અંતર્યામી પરમેશ્વરનો જેટલો ડર રાખે છે, તેટલું સુખ તેને જે યોનિમાં જાય છે, ત્યાં મળે છે. ૩-૪.

❋ શ્રીહરિનાં વચનની મહત્તા :

શ્રીહરિ આવી ઘણી વાતો કરતા હતા. તેને જે ગ્રહણ કરતા હતા, તે ફરીવાર સંસારમાં આવતા નહિ. અને જે શ્રીહરિની વાતને ગ્રહણ ન કરતા, તેઓ તો વારંવાર અપાર દુઃખોને પામતા હતા. અને જે મનમુખી થઈને રહે છે તે જીવ જન્મ-મરણ, જમપુરી અને ચોરાશીમાં વારંવાર ભટકતો રહે છે. ૫-૬. પરમેશ્વરનાં વચન પ્રમાણે જે વર્તે છે તે મનુષ્યને તેટલું સુખ મળે છે. જેટલું સુખ કહેવાય છે તે બધું શ્રીહરિનાં વચનમાં રહ્યું છે. ૭. ઉપર કહેલી જે વાત છે તે જ સાચી સમજણ છે, તેને સમાન કોઈ થઈ શકે નહિ. વેદ, પુરાણ, સ્મૃતિઓ અને ઈતિહાસ, એ બધાં જે શાસ્ત્ર છે, તે ભગવાનનાં વચનમાં જ નિવાસ કરીને રહ્યા છે. અને ભગવાનનાં વચન છે તે જ નિર્ભય સ્થાન રહ્યું છે. શાસ્ત્રમાં તો અનંત પ્રકારની વાતો કહી હોય છે, તેનો લખતા કે કહેતા અંત આવતો નથી. ૮-૯.

चोपाई :

हरि के बचन चरित्र जेते, मूल अंत परम गूह्य तेते;
रहेउ तिहाँ करना निवासा, हरि की मूर्ति तिहाँ रहे पासा...१०

सर्वोपरि यह निकेत कहाते, हरि के जन जिहाँ जेते रहाते;
श्रीहरि के चरित्र जो तामें, जेते धाम रहाये वामें...११
जोउ धाम में रचना जेसी, रहेउ विचित्र भाँति कि तेसी;
हरि के चरित्र में रहे ताई, एसे हरि के चरित्र रहाई...१२

ભગવાનનાં વચન અને ભગવાનનાં જે ચરિત્ર છે, તે આદિથી અંત સુધી પરમ ગુહ્ય છે. માટે જ્યાં ભગવાનનાં વચન અને ચરિત્રો રહ્યા હોય ત્યાં નિવાસ કરવો જોઈએ. કારણ કે, ત્યાં શ્રીહરિની મૂર્તિ પાસે જ રહે છે. ૧૦. વચન અને ચરિત્ર સર્વોપરિ સ્થાન કહેવાય છે, ત્યાં ભગવાનના ભક્તો રહે છે. ભગવાનનાં ચરિત્રોમાં જેટલા ધામો છે, તે પણ રહ્યા છે. ૧૧. જે ધામમાં જેવી વિવિધ પ્રકારની રચનાઓ હોય છે, તે બધી ભગવાનનાં ચરિત્રમાં રહી છે; એવાં ભગવાનનાં ચરિત્રો છે. ૧૨. (સં.૧૮૭૮ની સાલ બેસતા) ચાતુર્માસની રાતે ચંદ્રનું ગ્રહણ થયું. તે જ્યારે છૂટ્યું ત્યારે શ્રીહરિ ઉન્મત્તગંગામાં આવીને નાહ્યા. પછી પોતાને ઉતારે આવ્યા. પછી રોઝા ઘોડાને સજ્જ કરીને કુંકુમનો ચાંદલો કર્યો. ૧૩-૧૪.

પ્રાગજી દવે નામના શ્રીહરિની આગળ કથા વાંચનારા પુરાણી હતા. તેને બોલાવીને તે રોઝા ઘોડાનું દાન આપ્યું. ૧૫. તે સમયે શ્રીહરિએ દરેક સંતના કંઠમાં એક રુદ્રાક્ષનો અને એક તુલસીનો, એમ બે પારા બંધાવ્યા. ૧૬. પહેલા શ્રીહરિએ ચારેય સદ્‌ગુરુઓને દેહપર્યંત હેતથી શાલગ્રામની સેવા-પૂજા કરવાનું કહ્યું હતું. ૧૭. જ્યારે અંગ્રેજનું રાજ્ય થયું ત્યારે બધા વેરાગીઓ ચુપ થઈ ગયા. તે ચાતુર્માસમાં મુક્તાનંદસ્વામી અમદાવાદમાં રહ્યા. ૧૮. જ્યારે જન્માષ્ટમી આવી ત્યારે રાતે સહુએ જાગરણ કર્યું. શહેરમાં જેટલા હરિભક્તો હતા તે સહુ પૂજાનો સામાન લઈને આવ્યા. ૧૯. કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર સંતોને માટે અપરંપાર લાવ્યા અને લાલજીને ઝુલાવવા માટે સુંદર પારણિયું બાંધ્યું. ૨૦.

જેટલા ઉત્સવિયા હરિભક્ત હતા, તે બધા ઝાંઝ અને મૃદંગ લઈને આવ્યા. અને તે વેળાએ જન્મ સમયનાં પદ ગાઈને ભગવાનનો ઉત્સવ કરવા લાગ્યા. ૨૧. જન્મનો સમય થયો ત્યાં સુધી ઉત્સવિયાઓ ઉત્સવનાં પદ

બોલતાં રહ્યા. અને જ્યારે જન્મ થયો ત્યારે લાલજીને પારણિયામાં બેસાડીને આરતી કરી. લોકો 'જય જયકાર' કરતા હતા. અને જે મેવા મીઠાઈ લાવ્યા હતા તે બધી લાલજીની આગળ મૂકી. ૨૨-૨૩. લાલજીની પ્રસાદીના રૂપમાં પંચામૃત અને પંચાજીરી હરિભક્તોને પડિયામાં ભરી ભરીને આપી. અને તેમણે તે બધી મહિમાના ભાવથી લીધી. ૨૪. સાકરના અને ખાંડના ઘણા પડીકા આવ્યા હતા. તે થોડા પણ ખોલ્યા નહિ અને આવ્યા તેમના તેમ રાખી મૂક્યા. ૨૫. જ્યારે ઉત્સવ કરી રહ્યા ત્યારે નગરના હરિભક્તોએ કેસર ચંદન લઈને મુક્તાનંદસ્વામીની પૂજા કરી. ૨૬.

કેસરયુક્ત ચંદનની અર્ચા કરી, ફૂલના હાર પહેરાવ્યા અને મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરાવી. તે વખતે અત્યંત આનંદ વ્યાપી ગયો. ૨૭. સ્વામીને મોટા સંતપુરુષ સમજીને હરિભક્તોએ ફૂલના બાજુબંધ અને પહોંચી હાથ ઉપર બાંધ્યા. ૨૮. બીજા જેટલા સંતો હતા, તે સહુને પણ ચંદન ચર્ચીને ફૂલના હાર પહેરાવ્યા. આ રીતે સહુ સંતોની પૂજા કરી. ૨૯. જ્યારે સવાર થયું ત્યારે સહુ સંતો સાબરમતી નદીમાં સ્નાન કરીને આવ્યા. મુક્તાનંદસ્વામી તો એક જગ્યાએ રોજ સ્નાન કરતા હતા. ૩૦. સ્નાન કર્યા પછી તેમણે શાલગ્રામની પૂજા કરી. અને શ્રીહરિએ કહ્યું હતું તે પ્રમાણે ગોપીચંદનનું તિલક કર્યું. ૩૧. દર્પણ વગર તિલક કર્યું. જેવું આજ્ઞા-વચન હોય તેમ તે અનુસરતા હતા. શ્રીહરિનાં આજ્ઞા-વચનમાં જ મોક્ષ માનેલો હતો. તેથી વચન કરતાં કોઈ બાબતને અધિક માનતા નહિ. ૩૨.

શ્રીહરિ કહેતા કે, ગમે તેવા સંત કે હરિજન હોય પરંતુ તે આજ્ઞા-વચન કરતાં ઓછું વર્તે કે વધારે વર્તે, તો તે બંને વચનદ્રોહી અને ગુરુદ્રોહી છે. ૩૩. વચનથી ઓછું કે વધારે જે ન વર્તે તે જ પાકા સંત અને હરિભક્ત કહેવાય છે. વચનની રીતમાં જે કપટ કરે છે, તે તો તરત જ ખુલ્લા પડી જાય છે. ૩૪. આજ્ઞા-વચનની રીત સિવાયના જેટલા દંભીઓ છે, તે સિદ્ધ થઈને પૂજાય છે. તેઓ પૂજાવાને માટે જ આજ્ઞા-વચન કરતા જુદી રીતે વર્તે છે. ૩૫. જે લોકો સંતોની સભાથી પોતાની અલગ જ્ઞાનગોષ્ઠી કરતા હોય છે, તેઓ તો વિમુખ કરતાં પણ મોટા વિમુખ છે. અને સભામાં જે ભળી

જાય છે તે જ સાચા હોય છે. ૩૬. સંતોની કાયમની જે સભા હોય છે તેને હલકી દેખાડવાને માટે તેઓ રોજ ખાનગી જ્ઞાનગોષ્ઠી કરતા રહે છે. ૩૭. જે મૂર્ખ લોકો છે તેને તેવી ગુપ્ત જ્ઞાનગોષ્ઠીમાં વધારે ભાવ થતો રહે છે. અને તેને એટલા જ સંતો ગમે છે. ૩૮. **જે રોજની પ્રસિદ્ધ સભાથી અલગ જ્ઞાનગોષ્ઠી કરતા હોય છે, તે કદાચ મુક્તાનંદસ્વામીના જેવા હોય, તોપણ સંતોની સભાથી વિમુખ ગણાય છે. ૩૯.** આવી અમે વાત કરોડવાર કરીએ છીએ, તોપણ જેટલા દંભી વિમુખો છે તે જુદી રીતે જ ચાલતા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ ગ્રહણ નિમિત્તે ઘોડાનું દાન અને મુક્તાનંદસ્વામીની વચનપાલનની મહત્તા કહી" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૧

અમદાવાદમાં મુક્તાનંદસ્વામીને ભેટમાં કોઈએ ઝેર મૂક્યું

અમદાવાદમાં વૈશ્ય હરિભક્તોમાં દામોદરભાઈ નામે એક હરિભક્ત સંતોની સેવા કરવામાં મુખ્ય હતા. ૧. તેઓ સવારમાં સ્નાન કરી, સંતોની જગ્યામાં આવ્યા. ત્યાં સંતોને પગે લાગીને આવેલા પડીકાઓને જોવા લાગ્યા. ૨. દામોદરભક્ત બુદ્ધિમાન હતા. તેઓ સાકરના પડીકાઓ જોઈ જોઈને એક પડિકામાં સાકર ભેગી કરતા હતા. તે વખતે અમદાવાદ શહેરમાં રહેલા શેતાન લોકોએ મુકેલું મોરથૂથુના જેવું એક સાકરનું પડીકું દામોદરભક્તના જોવામાં આવ્યું. તેથી તે મોરથૂથુ છે એવી ખબર પડતા તરત જ તેણે જ્યાં ઊંડી ખાળ હતી, તેમાં તે નાખી દીધું.

અને તે વાત તેમણે કોઈને કહી નહિ, પોતાનાં મનમાં જ રાખી. પછી ખાંડના પડીકાઓ ખોલીને બરાબર તપાસ કરીને ખાંડના ભેગી ખાંડ નાખતા હતા. તેમાં એક પડીકામાં અબીરના જેવું કાંઈક જોયું. તેને અબીર જાણીને અલગ રાખ્યું અને પાર્ષદ રવાજીને તે આપ્યું. ૩-૬.

તે રવાજી પાર્ષદ મુક્તાનંદસ્વામી રોજ કથા કરતા હતા ત્યારે પૂજા કરવા માટે ચંદન ઘસીને ઉતારતા હતા. ૭. પહેલા ભાગવતની પૂજા ચંદનથી સ્વસ્થપણે કરીને જેટલા ફૂલના હાર હોય તેને ભાગવતની ઉપર ધરતા હતા. ૮.

પછી મુક્તાનંદસ્વામીની પૂજા કરતા હતા. તે સમયનો તેમનો ભાવ કહી શકાતો નથી. જ્યારે દિવસ પાછલી ચાર ઘડી બાકી રહેતો ત્યારે મુનિવર મુક્તાનંદસ્વામી ભાગવતની કથા કરતા હતા. અને શહેરના ઘણા લોકો તે સાંભળવા આવતા. એક દિવસ રવાજીએ અબીર સમજીને,

તે ઉતારેલા ચંદનમાં ભેળવી દીધું. પછી મુક્તાનંદસ્વામીની પૂજા કરી. તે જ્યારે પૂજા કરી રહ્યા અને ચંદન સુકાયું ત્યારે શરીરના જેટલા ભાગ ઉપર ચંદન લાગેલું હતું ત્યાં ચરચરવા લાગ્યું. (રવાજીને પણ આંગળીઓમાં બળતરા ઉપડી.) પછી તરત જ મુક્તાનંદસ્વામીએ ભીનાં રૂમાલથી ચંદનને લૂછી નાખ્યું. ૯-૧૨. શરીરનાં જેટલાં ભાગમાં ચંદન લાગ્યું હતું તેટલા ભાગમાં ચામડી લાલ થઈ ગઈ. છતાં પોતે ગમે તેમ કરીને પણ કથા પૂરી કરી. ૧૩. જ્યારે આરતી અને ધૂન કરી રહ્યા અને બધા હરિભક્તો ઘેર ગયા ત્યારે ભણનારા સંતો દીવો કરીને બેઠા હતા. ૧૪.

ત્યારે મુક્તાનંદસ્વામી ત્યાં આવીને સંતોની વચ્ચે બેઠા. પછી રવાજીને બોલાવીને તેમને પૂછ્યું, ૧૫. 'આજ ચંદનમાં કાંઈક આવી ગયું લાગે છે, તેનાથી શરીરમાં ઘણી ખંજવાળ આવે છે અને તેની ઘણી બળતરા થવા લાગી છે. ૧૬. રૂમાલ પલાળીને તરત જ ચંદન લૂછી નાખ્યું ત્યારે જ કથા થઈ શકી. પરંતુ હજુ સુધી ચામડી લાલની લાલ રહી છે અને અંદરના ભાગમાં બળતરા થાય છે.' ૧૭. પછી રવાજીએ કહ્યું કે, 'ચંદનમાં અબીર વધારે ઘસીને નાખ્યું છે.' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'તે લાવો આપણે જોઈએ.' ૧૮.

ત્યારે રવાજીએ પડીકું લાવીને દેખાડ્યું અને રવાજીએ જ્યારે તે સૂંઘ્યું ત્યારે તરત જ તેમનું માથું પકડાઈ ગયું. પછી રવાજી બોલ્યા કે, 'આમાં કાંઈક ઝેર લાગે છે.' ૧૯. પછી તરત જ જમીનમાં ખાડો કરીને તે પાવડર

દાટી દીધો. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા કે, 'ભગવાનના પ્રતાપથી આજ સાધુ બચી ગયા છે. ૨૦. આ પડીકામાં સંત અને હરિભક્ત સહિત મરણ રહ્યું હતું, પણ ભગવાને આવીને બચાવી લીધા છે. તેમાં કોઈ સંદેહ નથી. ૨૧. ભગવાન જ્યારે મદદ કરે છે, ત્યારે શત્રુનું કરેલું કાંઈ ચાલતું નથી. સર્વે શત્રુઓ તેનું જેટલું ચાલે તેટલું નુકશાન કર્યા સિવાય રહી શકતા નથી. ૨૨.

ભગવાનની આગળ તેનું કાંઈ ચાલતું નથી. છતાં પણ જેટલું બની શકે તેટલું વિરુદ્ધ કર્યા કરે છે. આસુરી ભાવવાળા જે આસુરી જીવો છે, તે ક્યારેય અનિષ્ટ કર્યા સિવાય રહેતા નથી. ૨૩. મુક્તાનંદસ્વામી જે રીતે કથા કરતા હતા તેની તે રીતે જ કથા કરતા રહ્યા. તે સમયે જે હરિભક્તો હતા તે બધા અલગ અલગ ઘણા ભાવ સહિત એક એક દિવસ રોજ સંતોને માટે રસોઈ દેતા હતા. ૨૪-૨૫. સંતોના દિલમાં ક્યારેય રસોઈ લેવાની ભાવના હતી નહિ અને રસોઈ આપે તે બાબતનો કોઈને ઉપદેશ પણ કરતા નહિ. આવા બધા સંતો હતા. ૨૬.

હરિભક્તો અંદરોઅંદર એકબીજાને સંતોને રસોઈ આપવા માટે સંતો ન જાણે તે રીતે પરાણે કહેતા હતા. ૨૭. પછી હરિભક્તો જ્યારે સંતો પાસે આવીને રસોઈ માટે બહુ વિનય કરતા ત્યારે સંતો તે જેટલા કહેવા આવ્યા હોય તેમને તેમના ઘરનો ભાવ અને શક્તિ બાબતે પૂછીને તપાસ કરતા કે, આમની રસોઈ લેવી કે નહીં ? એમ તપાસીને ઘટે એની પાસે એટલું જ સિધું લેતા. ૨૮. પણ સંતો રોજ રોજ ઝોળીએ ફરવાનું મનમાં ધારી રહ્યા હતા. જેને જેટલી શ્રદ્ધા હોય તે પ્રમાણે ઝોળીમાં તેઓ રોજ અન્ન વગેરે આપતા હતા. ૨૯. ઉત્તમ પવિત્ર જાતિના જે હરિભક્તો હતા તેમને ઘેર સંતો રોજ ભિક્ષા માગવા જતા હતા. ત્યારે તેઓ જે હાજર હોય તે આપતા હતા. ૩૦. જ્યારે સંતો ઝોળી માગવા જતા ત્યારે જેના ઘેર સૂતક હોય તે ઘરની ભિક્ષા લેવાનો પૂછીને ત્યાગ કરતા. તે સમયે અમદાવાદમાં શાહુકાર બેચર મણકી નથુ ભટ્ટના સારા હેતવાળા હતા. ૩૧. બંનેને પરસ્પર ખૂબ સ્નેહ હતો. તે સમયમાં નથુ ભટ્ટ તેમને હેતથી જે જે વાત કહેતા હતા, તે બધી તેમને ગમતી હતી. ૩૨.

चोपाई :

स्नेह बिन हित कि जो बाता, कहत ताकु अति दुःख लगाता;
दुःख लगे त्युं बात न करते, बुद्धिवंत तितने रहत डरते...३३
दुःख लगे भावें सुख लगेऊ, बुद्धि बिनकु बिचार न एऊ;
बिन बिचार बात जो तामें, कलेश भये बिन रहत न यामें...३४

કોઈને સ્નેહ વિના હિતની વાત કહેવામાં આવે, તોપણ તેને ઘણું દુ:ખ લાગે છે. જેટલા બુદ્ધિશાળી મનુષ્યો હોય છે તે દુ:ખ લાગે તેવી વાતો કરતા નથી. દુ:ખ લગાડીને વાત કરવામાં તેઓ ડરતા રહે છે. ૩૩. ચાહે દુ:ખ લાગે કે સુખ લાગે બુદ્ધિ વગરના માણસને તે વિચાર હોતો નથી. અને વગર વિચારની જે વાત હોય છે તેમાં કલેશ થયા સિવાય ક્યારેય રહેતો નથી. ૩૪.

કલેશ થાય તેમાં ક્યારેય કોઈ સમાસ થાતો નથી, પણ બુદ્ધિ વગરના માણસો તેનો તપાસ કરતા નથી. જે જેટલો તપાસ કરે છે, તે તેટલો બુદ્ધિમાન કહેવાય છે. ૩૫. નથુ ભટ્ટ ઘણા બુદ્ધિશાળી હતા. તેણે બેચર મણકીને તે વખતે કહ્યું, 'આ દુનિયામાં જે જે ખૂબ મોટા શાહુકારો હોય છે, ૩૬. તેઓ ભગવાન અને તેમના સંતોને ઘણા ભાવથી પૂજે છે. પછી તે પૂજા કરનારો જ્યાં જ્યાં શરીર ધારે છે ત્યાં ત્યાં કેટલુંયે સુખ પામે છે.' ૩૭. ત્યારે શેઠ બેચર મણકીએ કહ્યું, 'ભગવાન કે તેના સંત મળે, તો હું તેની સેવા કરું. મારાં હૃદયમાં સેવા કરવાનો ઘણો ભાવ રહ્યો છે. ૩૮. જેટલા ભેખધારીઓ છે તેને તો અમે ભગવાનનું રૂપ માનીએ છીએ. પરંતુ સહજાનંદસ્વામી અને તેમના સંતોને નવો મત જાણીને અમે માનતા નથી. ૩૯. જેટલા ભેખધારીઓ છે તે કોઈ સ્વામિનારાયણના સંતોને માનવાનું કહેતા નથી અને તેથી અમે તેને માનતા નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "અમદાવાદમાં મુક્તાનંદસ્વામીને ભેટમાં કોઈએ ઝેર મૂક્યું" એ નામે એકત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૨

નથુ ભટ્ટે શેઠ બેચર મણકીને જ્ઞાની અને અજ્ઞાની ગુરુનો વિવેક કહ્યો

તે વખતે નથુ ભટ્ટે શેઠ બેચર મણકીની આગળ કહ્યું કે, 'જે ધનાઢ્ય લોકો છે તેઓ સાચા ભેખ(સાધુ)ને નવા કહે છે. ૧. કોણ સનાતન છે ? અને કોણ નવા છે ? તેની કોઈ તપાસ કરતા નથી. અને પૂરી તપાસ કર્યા સિવાય અસલ જોઈ શકાતા નથી. ૨. જે વાત નક્કી કરવાની હોય તે વાતને કોઈ નક્કી કરતા નથી. ક્યારેય સ્થિર ન દેખાતી હોય એવી વાતોને દૃઢ કરે છે. ૩. સાચા સંતો સિવાય મનુષ્ય જેટલું જતન કરે છે તે બધું ક્યારેય સ્થિર નથી. તે નજરે દેખાય છે, છતાં લોકોને સમજાતું નથી. ૪.

આ ભૂમિ ઉપર કેટલાય મોટા મોટા રાજાઓ થઈ ગયા છે. તેની સંપત્તિ પણ કેટલીય કહેવાતી હતી, પણ તે રાજાઓના ગયા પછી તેનું કાંઈ પણ બચ્યું નથી. ૫. પોતાની સમૃદ્ધિ જ્યાં સુધી રહી ત્યાં સુધી નિરર્થક માર્ગે વાપરતા રહ્યા. ભગવાન અને ભગવાનના સંતોને જ્યાં સુધી પ્રસન્ન નથી કરતા ત્યાં સુધી ચાહે તેટલી સમૃદ્ધિ હોય તે તેના ઉપયોગમાં આવતી નથી. જેટલી ભૂમિ હોય તે બધી પોતાના કબજે કરી હોય, જેટલું સોનું, ચાંદી કહેવાય છે તથા માણેક, મોતી અને હીરા વગેરે ઝવેરાતો, સારી જાતના હાથી ઘોડા વગેરે દુનિયાની જે જે ઉત્તમ વસ્તુ છે, તે બધી તથા દુનિયાની જેટલી આશ્ચર્યકારી બાબતો હોય તે બધી પોતાને હસ્તગત કરી હોય, તોપણ તે મર્યા પછી કાંઈ કામ આવતી નથી. અહીંયાની બાબત બધી અહીંયા જ રહે છે. ૬-૯.

મૃત્યુ પછી જીવને જેટલી વસ્તુ સહાયરૂપ થાય છે એવી વાત જે કરવી તે જ વાત સત્ય છે. ૧૦. આ જીવ જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં તેને ઉપયોગમાં આવે એવી વાત વિચારીને કરવી જોઈએ. તમે તો ઘણા રૂડી બુદ્ધિવાળા છો.' ૧૧. ત્યારે શેઠ બેચર મણકીએ કહ્યું કે, 'તમે જેમ કહેશો તેમ હું કરીશ. જો હું ન કરું તો મારો દોષ ગણાય.'

ત્યારે નથુ ભટ્ટ બોલ્યા, ૧૨. 'તમે સ્વામિનારાયણને કુસંગના યોગે કરીને ભગવાન નથી કહેતા, પરંતુ હું તો કહું છું કે જે સહજાનંદસ્વામી છે તે તો નિશ્ચિત ભગવાન છે. ૧૩. તમે જેમ વિઠ્ઠલનાથજીને શ્રીકૃષ્ણ કહો છો, તેમ અમે સહજાનંદસ્વામીને ભગવાન કહીએ છીએ. ૧૪.

જેના ઘણા મહાન ભાગ્ય હોય તેને જ આવો સહજાનંદસ્વામીના સત્સંગનો યોગ થાય છે. જે ભાગ્ય વગરના છે તેને તો કરોડો જન્મે પણ આવો સુયોગ મળતો નથી. ૧૫. અત્યારે અહીં અમદાવાદમાં જે સહજાનંદસ્વામીના સંત છે તે મોટેરા સંતોમાં પણ મોટા છે. અને તેઓ અત્યંત કૃપાળુ છે. તમે આવીને તેમનાં દર્શન તો કરો ! ૧૬. પછી તમારી જેવી મરજી હોય તે રીતે આપણે સંતને કહીએ. સ્વામી તો સરલ સ્વભાવના સંત છે. માટે તમારી મરજી હશે તેમ કરશે. ૧૭. તે સંતો અત્યારે બીજે ગામ જવા માટે ચોક્કસ તૈયાર થઈ ગયા છે.' ત્યારે શેઠ બેચર મણકીએ કહ્યું, 'સવારે તમે સંતોને બોલાવજો. કદાચ હું ભૂલી જાઉં તો મને યાદ કરાવી દેજો. ૧૮.

અમે વૈષ્ણવોના સમાજમાં મોટા ગણાઈએ છીએ. અમારા ગુરુને કાંઈ ગમ પડતી નથી. આવી વાત અમારા ગુરુને રુચતી નથી. અમે તો ગુરુની મર્યાદા રાખીએ છીએ.' ૧૯. ત્યારે નથુ ભટ્ટ બોલ્યા કે, 'તમે ગુરુ કોને કહો છો ? ગુરુનાં કેટલાં લક્ષણ કહ્યાં છે ? તમે જેટલા જાણતા હોવ તેટલા કહો.' ૨૦. નહિ તો હું જેટલું જાણું છું તેટલું કહી બતાવું. આ જીવને અનાદિકાળથી જેટલા બંધન વળગ્યા છે તેનું જે જ્ઞાન કરાવે, ૨૧. **બંધન અને મોક્ષ, એ બંનેના અલગ અલગ માર્ગ છે; તેનું જે જ્ઞાન કરાવે, તેનું જ નામ ગુરુ કહેવાય છે. અને જે જ્ઞાન ન આપે તે તો વરુ કહેવાય. ૨૨.** જ્ઞાન વગરના જેટલા ગુરુઓ છે, તે તો નરકનું દ્વાર કહેવાય છે. જેટલા ગુરુઓ જ્ઞાનની બાબતમાં જાણતા નથી, તે બધા ગુરુઓ ઘોરતમ અજ્ઞાનરૂપ કહેવાય છે. ૨૩.

જે ગુરુમાં અજ્ઞાનરૂપી અંધારું રહે છે, તેઓ જેટલા પંચવિષય છે, તેનાથી ભરેલા હોય છે. તેઓ વિષયને જ મોક્ષનું દ્વાર માને છે. આવા ગુરુઓને હજારો લોકો ઘણા ભાવથી માને છે અને તેનો ક્યારેય અભાવ લેતા નથી. પણ જે સંતો વિષયને નરકનું દ્વાર કહે છે, તેની સાથે તે લોકો

હેત રાખતા નથી. ૨૪-૨૫. જેને વિષય તરફ ઘણી દોડ હોય એવા ગુરુ-શિષ્યને જેટલા જ્ઞાનીગુરુ હોય છે તે બંધનરૂપ કહે છે. ૨૬. **જે મનુષ્ય વિચાર કરીને પંચવિષયોથી જેટલો દૂર રહે છે, તેનાં હૃદયમાં ભગવાન તેટલો નિવાસ કરીને રહે છે. ૨૭.** જેને જેટલી વિષયની અરુચિ રહે છે, તેના બધા અજ્ઞાનતમનો જ્ઞાનીગુરુઓ છે, તે નાશ કરે છે. ૨૮.

જ્યાં સુધી અજ્ઞાનનું તમ રહે છે ત્યાં સુધી મોક્ષ થતો નથી અને વારંવાર જન્મ-મરણરૂપી સંસારનું ભટકણ તેને ચાલું રહે છે. ૨૯. જેના જેવા વર્ણાશ્રમના ધર્મ-નિયમો છે તેને વેદોએ બાંધ્યા છે. વેદોએ કહેલા ધર્મ-નિયમનો જેટલો લોપ કરે છે તેટલા તેઓ અધર્મને માર્ગે ચાલે છે. ૩૦.

અધર્મના માર્ગે જેટલા ગુરુ-શિષ્યો ચાલે છે તે બધાને જમદૂતો દેખી રહ્યા હોય છે. તેઓ મરે છે ત્યારે તેને જમ પાસે દેખાય છે. ૩૧. જે લોકો જે રીતે અધર્મને માર્ગે ચાલ્યા હોય, તેમને તે રીતે બતાવે છે અને અધર્મ કર્યાનું તેવું દુઃખરૂપ ફળ આપે છે. જેટલો અધર્મ કર્યો હોય તેને યમદૂતો દેખાડીને, ૩૨. અપરાધી જીવના મુખે કબૂલ કરાવે છે. હવે તે પાપી જીવની સહાય કોણ કરે ? સહાય કરે તેવા સાચા સંતોને તો ક્યારેય નમ્યા હોતા નથી અને પોતાની મોટાઈમાં બંધાઈ રહ્યા હોય છે. ૩૩. આ લોકમાં જે મોટપ દેખાય છે તે આગળ જતાં કાંઈ રહેતી નથી. અહીંયા જ્યારે શરીરમાં કાંઈ દુઃખ આવે છે ત્યારે તે દુઃખ તેની મોટાઈને દેખીને ડરતું નથી. ૩૪.

થોડું એવું દુઃખ આવ્યું હોય તેને પણ કહેવાતો મોટો માણસ ટાળવા માટે સમર્થ નથી. ચાહે તેવો સત્તાધીશ હોય, તોપણ તે દુઃખની ઉપર તેની સત્તાનો કોઈ હુકમ ચાલતો નથી. ૩૫. આપણાથી નાનું એવું દુઃખ પણ ટળતું નથી; તેવી બાબત અહીંયા દેખાઈ રહી છે. છતાં પણ હુકમનો જેને છક છે તેને તે તલભાર પણ દેખાતું નથી. ૩૬. પૂરી તપાસ કર્યા વિના અહીંયા જેટલા હુકમ કરે છે તેટલો તે પોતાને માથે કર્મનો ભાર ભરે છે, પરંતુ અજ્ઞાનના તમને લીધે તે લગાર પણ દેખતો નથી. ૩૭. જ્યારે તે અજ્ઞાનના તમથી ઘેરાઈ જાય છે ત્યારે કોઈ તેને વાત કરીને જો સત્ય વાત બતાવે છે, છતાં પણ તે તેને દેખતો નથી. આને જ પાપ કહે છે. ૩૮.

અજ્ઞાનરૂપી તમને લીધે પોતે સત્ય વાતને દેખી શકતો નથી અને કોઈ બતાવે તો મનાતું નથી, તે જ તેનું પાપ છે. પરંતુ તે અજ્ઞાનરૂપી અંધારાને લઈને દેખાતું નથી.' ૩૯. ત્યારે શેઠ બેચર મણકી બોલ્યા કે, 'આજ સુધી મને કોઈએ ક્યારેય આવી વાત કહી નથી. સહુ કહે છે કે તમે ઠીક કરો છો. ૪૦. હવે તમે સવારે સંતોને લાવજો. હું દર્શન તો કરું કે તે સંતો કેવા છે ! કારણ કે, ભગવાનના સંતોના દર્શનનું ફળ અનંત ગણાય છે.' ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "નથુ ભટ્ટે શેઠ બેચર મણકીને જ્ઞાની અને અજ્ઞાની ગુરુનો વિવેક કહ્યો" એ નામે બત્રીસમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૩

બેચર મણકીએ મુક્તમુનિની પધરામણી કરી અને સ્વામીએ હિતવચન કહ્યાં

બીજે દિવસ નથુ ભટ્ટ શેઠ બેચર મણકીને ઘેર આવ્યા અને તેમને આગલા દિવસની વાત સંભળાવી. ૧. ત્યારે શેઠ બોલ્યા કે, 'હાલમાં દેશકાળ શુભ છે, તો પાંચ-દસ જેટલા સંતોને અત્યારે જ તમે લઈ આવો. ૨. સાથે પાંચ-દસ હરિભક્તોને બોલાવી લાવજો. અને બેસવા માટે જે વાહન જોઈએ તે તમે લઈ જાઓ. ૩. ઘોડાગાડી, મ્યાના અને ઘોડાવેલ અહીંયા તૈયાર જ છે. સંતોને ધીમે રહીને પૂછો. તેમની મરજી જોઈને ઠીક પડે તે લઈ જાઓ.' ૪.

પછી નથુ ભટ્ટ સંતો પાસે આવ્યા અને શેઠે જે વાત કહી હતી તે બધી સંતોને સંભળાવી. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા કે, 'સંતોએ ચાલીને જાવું તે તેમનો ધર્મ છે. ૫. ગૃહસ્થોનો ધર્મ ગૃહસ્થ રાખે અને સંતોનો ધર્મ સંતો રાખે તેમાં જેની જેવી મોટપ હોય તેવી અધિકપણે રહે છે.' ૬.

આમ કહીને સંતો તત્કાળ ચાલ્યા. શેઠનું વિશાળ ભવન નજીકમાં જ હતું. સંતો જ્યારે આવ્યા ત્યારે શેઠ સંતોની સામે આવ્યા. તેમણે માનનો

અંકૂર બિલકુલ ન રાખ્યો. ૭. તેઓ આવીને સંતોના ચરણમાં પડ્યા. હરખથી બંને હાથ જોડ્યા અને મુક્તાનંદસ્વામીનો હાથ પકડીને હેતથી તેમને ગાદી ઉપર બેસાડ્યા. ૮.

❋ અડસઠ તીર્થ સંતને ચરણે :

શેઠ બોલ્યા કે, 'આપના ચરણથી અમારું ઘર પવિત્ર થયું છે. આપના ચરણોથી તો આ ભૂમિ પણ પવિત્ર થાય છે. ૯. ગંગાજી અને મહારાણી યમુનાજી ઘણા હેતથી આપના ચરણોને વારંવાર પૂજે છે. તેનાથી તેમનો ઘણો પ્રતાપ રહ્યો છે. ૧૦. આપના ચરણોમાં જેટલા તીર્થ છે, તે બધા પ્રગટ પ્રમાણ અખંડ નિવાસ કરીને રહ્યા છે. એવું અમે વારંવાર સાંભળ્યું છે. ૧૧. આપના ચરણોમાં અડસઠ તીર્થો રહ્યા છે, તેમ કેટલાય પુરાણો કહે છે અને ભગવાન તથા ભગવાનના ભક્તો પણ વારંવાર આવું કહે છે. ૧૨. વિષયી માણસને તો ભગવાન અને ભગવાનના સાચા સંત મળવા તે ઘણા દુર્લભ છે. ૧૩. જે વિષયી મનુષ્યો છે તે બધા વિષયને જ પરમ સુખરૂપ માને છે. આ દુનિયામાં કોઈ વિષયથી પર નથી. ૧૪.

વિષયના સુખને માટે તો દેવો, દૈત્યો, મનુષ્યો અને પશુ-પંખી, એ બધા તત્પર થઈને મહેનત કરતા હોય છે. ૧૫. વિષયના સુખને માટે લોકો જપ, તપ, યજ્ઞ, અનેક પ્રકારનાં દાન અને પુણ્ય વગેરે કરતા રહે છે. તથા વિષયને માટે વિવિધ પ્રકારના વ્રતો, તીર્થો અને દેવતાઓની પૂજા પણ કરતા રહે છે. ૧૬.

કેટલાક લોકો વિષયને માટે જ રાજકાજ કરે છે, કેટલાક પરદેશ સેવે છે. તેમજ મોટા જહાજોમાં બેસીને અપાર સમુદ્રમાં પ્રવેશીને જળયાત્રા કરે છે. ૧૭. કેટલાક મોટા જહાજો સમુદ્રમાં બૂડી જાય છે, તોપણ તે તેનાથી ડરતા નથી. જેનો જેવો ઉદ્યમ-ધંધો હોય તેમાં તેવા તત્પરતાથી લાગેલા રહે છે. ૧૮. તે લોકો એક પળવાર પણ વિસામો લેતા નથી. પોતાના કામમાં તત્પર થઈને આઠે પહોર લાગ્યા રહે છે. પણ તેમાં તો જન્મ-મરણ અને જમપુરીનું એટલું બધું દુઃખ મળે છે, તે કહી શકાતું નથી. ૧૯. છતાં પણ લોકો ભગવાનનું ભજન ક્યારેય નથી કરતા. હે મુક્તાનંદ મુનિ ! તેની

વાત અત્યારે આપ કહો. મનુષ્યનું શરીર ભગવાન ભજવા માટે કહ્યું છે. તે કાંઈ વિષય ભોગવવા માટે નથી કહ્યું. ૨૦.

એમ કહેવાય છે કે, ચિંતામણિ અને મનુષ્યશરીરમાં એક સમાન ગુણ રહ્યો છે. હે મુનિવર્ય ! તેનું કારણ કહો. તે આપ મને કહો. કારણ કે આપને ભગવાન મળેલા છે. ૨૧. આપ તો ભગવાનને પ્રસન્ન કરવામાં લાગ્યા છો, તો હવે અમને તે વાત કરો. અમને તો વિષય જ જીવનપ્રાણ મનાયા છે પણ ભગવાન તેવા મનાયા નથી.' ૨૨. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, **'સંતોનો સમાગમ કર્યા સિવાય અત્યારે તમે જે જે વાત પૂછી છે તે તરત તમને પૂરી સમજાશે નહિ. ૨૩.** સંત સમાગમ કર્યા પછી તેનો તેવો અભ્યાસ કરે ત્યારે હૃદયમાં પ્રકાશ થાય છે. પછી જેમ જેમ પ્રકાશ થતો જાય તેમ તેમ તેમાં તેટલો રસ આવે છે. ૨૪.

જ્યારે વાતમાં રસ આવે છે ત્યારે તેમાં શ્રદ્ધા બેસે છે. રસ અને શ્રદ્ધા વિના ક્યારેય કોઈ જ્ઞાનને પામી શકતો નથી. ૨૫. જેમ મોભારાનું પાણી નેવા તરફ ચાલે છે તેમ ભગવાન સિવાયની જેટલી બીજી વાતો છે તે બધી જીવને સુગમ રહે છે. ૨૬.

सोरठा : भगवान ताकि जेती, बात रहाये तेती सब;
सुगम नहीं हे एती, रस जाने तब सुगम रहे...२७
प्रथम द्वार रहे एह, संत समागम करना नित;
पीछे जो द्वार रहे जेह, सुगम सबहि देख परही...२८

ભગવાનના સ્વરૂપ સંબંધી જેટલી વાત છે તે બધી એટલી સુગમ નથી. પરંતુ જ્યારે રસ અને શ્રદ્ધા આવે ત્યારે તે સુગમ પડે છે. ૨૭. જીવના કલ્યાણનું પહેલું દ્વાર તો સંતોનો નિત્ય સમાગમ કરવો તે છે. ત્યારપછીના જેટલાં દ્વાર છે તે બધા જ સુગમ દેખાય છે. ૨૮. જીવને જ્યાં સુધી માયિક પંચવિષયમાં સુખ દેખાય છે ત્યાં સુધી તેને જન્મ-મરણ અને જમપુરીના બધા જે દુઃખો રહ્યા છે તે, ૨૯.

અને જેટલાં લખચોરાશીનાં દુઃખ છે, તે વારંવાર પામે છે. વિષયમાં જે દુઃખ રહ્યા છે તેનો મનુષ્યનાં હૃદયમાં જ્યારે ત્રાસ-ભય લાગે ત્યારે તે

પંચવિષયથી પાછો વળે છે. અને તેને ભગવાનનું ભજન કરવામાં સુખ મનાય છે. મોતીચૂરના લાડુ જોવામાં ઘણા ઊજળા હોય, પણ તેમાં થોડું પણ સોમલનું ઝેર ભેળવતા નજરે જોવામાં આવ્યું હોય, તો પછી ચાહે તેવું ઉત્તમ પ્રકારનું ભોજન હોય અને ઘણી ભૂખ લાગી હોય, તોપણ લગારેક સોમલ ઝેરને લીધે તેને જમવાનો ભાવ રહેતો નથી. ભલેને ગમે તેવું તે વહાલું ભોજન કહેવાતું હોય, તોપણ તેને જમવાનો ભાવ રહેતો નથી. અથવા ચાહે તેવા વાલા વ્યક્તિ તે જમવાનું કહે, તોપણ તે જમવામાં ભાવ રહેતો નથી. ૩૦-૩૩.

ચાહે તેવી મનગમતી વસ્તુ હોય પણ જ્યારે તેમાં દોષ દેખાય પછી તે અતિ પ્રિય વસ્તુ પણ અપ્રિય થઈ જાય છે. પછી તેના ઉપર કાંઈ ભાવ રહેતો નથી. ૩૪. કોઈ માણસ અપ્રિય વસ્તુમાં જ્યારે પ્રેમભાવ રાખે છે ત્યારે તેની કીર્તિ રહેતી નથી. પુરુષને સ્ત્રીનું બંધન હોય છે અને સ્ત્રીને પુરુષનું બંધન કહેવાય છે. ૩૫. કામદેવના જેવો રૂપાળો પુરુષનો દેહ હોય પણ તેના દેહમાંથી જીવ નીકળી જાય, ત્યારે તે ચાહે તેવો ગુણવાન પુરુષ હોય પણ તેમાં તે સ્ત્રીને લગાર પણ હેત રહેતું નથી. ૩૬.

આ ભૂમિ ઉપર જેટલા રાજાઓ છે તે બધાને પોતાને આધીન કર્યા હોય પણ જ્યારે તેનો જીવ શરીરમાંથી નીકળે છે, ત્યારે તે એક પણ વસ્તુ તેની રહેતી નથી. ૩૭. આ ભૂમિ ઉપર જેટલી સમૃદ્ધિ છે, તેને કોઈ પોતાને આધીન કરે, પણ જ્યારે તેનો જીવ શરીરનો ત્યાગ કરે છે ત્યારે તેમાંથી એક પણ સમૃદ્ધિ તેની રહેતી નથી. ૩૮. જેટલા બુદ્ધિશાળી મનુષ્ય છે તે ભગવાન અને તેમના સંતોને માટે જેટલું કરે છે, તેનું અનંતગણું ફળ તે પામે છે.' ૩૯. મુક્તાનંદસ્વામીએ કહેલી વાત સાંભળીને શેઠ બેચર મણકી ઘણા આનંદથી ભરપૂર થઈ ગયા, જે કહી શકાતું નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "બેચર મણકીએ મુક્તમુનિની પધરામણી કરી અને સ્વામીએ હિતવચન કહ્યાં" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૪

મુક્તમુનિએ શ્રીનગરમાં અને શ્રીહરિએ ગઢપુરમાં અન્નકોટ કર્યો

શેઠ બેચર મણકીએ તે વખતે કેસરયુક્ત ચંદન લાવીને મુનિવર મુક્તાનંદસ્વામીની પૂજા કરી. ૧. કેસર ચંદનની અર્ચા કરીને ફૂલહાર પહેરાવ્યા અને અમૂલ્ય ચંદેલી જાતનો દુપટો આગળ મૂક્યો. ૨. તે દુપટાને બંને છેડામાં એક એક ગજના વિસ્તારમાં સોનાનાં તાર હતા અને તેની દસ આંગળ પહોળી સોનેરી કોર હતી. ૩. બરફી અને પેંડાથી ભરેલાં બે થાળ આગળના ભાગમાં મૂક્યાં. અને જેવી હૃદયની ભાવના હતી તે રીતે શેઠે પૂજા કરી. ૪.

બીજા જે સંતો હતા તે બધાના લલાટમાં કેસરચંદનની અર્ચા કરી. પછી ફૂલના હાર પહેરાવીને પૂજા કરી, ત્યારે બધા સંતોને પગે લાગ્યા. ૫. પછી મુક્તાનંદસ્વામી શેઠના ઘેરથી પોતાને ઉતારે આવ્યા અને અમદાવાદમાં દશેરા કરીને વહેલાલ ગામ આવ્યા. ત્યાં દશ દિવસ સુધી રહ્યા. ૬. વહેલાલમાં રહીને સ્વામીએ હરિભક્તોની આગળ સત્સંગની વિવિધ પ્રકારની વાતો કહી સંભળાવી. ત્યાંના અમીન પાટીદાર જેસંગભાઈ નામે હતા. ૭. તેનો જે પરિવાર હતો, તે બધા પાકા હરિભક્ત થયા હતા. સહુને ભગવાન તથા સંતોના ઉપર દિવ્યભાવ હતો અને તેમણે બધા વ્યસનો છોડી દીધા હતા. ૮.

ઘરમાં જે હરિભક્ત હતા તે સહુ પ્રગટ ભગવાન શ્રીહરિની મૂર્તિની ઘણા ભક્તિભાવથી સેવા-પૂજા કરતા હતા. ૯. વહેલાલમાં જેટલા હરિભક્ત નરનારી હતા, તે બધા જે પ્રકારે માનસીપૂજા કરવાની કહી છે તે પ્રકારે માનસીપૂજા નિયમ ધારીને કરતા હતા. ૧૦. સત્સંગના જેટલા સદાચારના નિયમો છે તેમાં તે સહુ તત્પર થઈને વર્તતા હતા. વહેલાલ ગામમાં બીજા જે પાટીદારો હતા તે બધા પણ હરિભક્ત થયા હતા. તેમણે કુસંગનો ત્યાગ કર્યો હતો. આ ગામનો સત્સંગ તો રામાનંદસ્વામીના સમયનો હતો. ૧૧-૧૨.

મુક્તાનંદસ્વામી રામાનંદસ્વામીના શિષ્ય હતા, તેથી ગામના બધા હરિભક્તોને સ્વામીના ઉપર ઘણો પ્રેમભાવ રહ્યો હતો. ૧૩. બહુનામી

સહજાનંદસ્વામી શ્રીહરિ તો રામાનંદસ્વામી કરતાં પણ અપાર પ્રતાપી અને સમર્થ હતા. ૧૪. સહુને શ્રીસહજાનંદસ્વામી ઉપર અપરંપાર પ્રેમ થયો હતો. કારણ કે તેમનામાં સાધુતાના ગુણ સહુથી અધિક રહ્યા હતા. ૧૫. **અલૌકિક ગુણોને લીધે અલૌકિક પ્રેમ થાય છે. જ્યારે અલૌકિક સમજણ આવે છે ત્યારે અધિક અધિક આનંદ થાય છે. ૧૬.**

જેસંગભાઈના ઘરની આગળ ચોકના દરવાજા પાસે જે માળ હતો ત્યાં મુક્તાનંદસ્વામી ઊતર્યા હતા. તે જગ્યા નિર્બાધ હતી. ૧૭. સહજાનંદસ્વામી મહારાજ અને રામાનંદસ્વામી પણ તે માળ ઉપર આવીને ઘણીવાર ઊતર્યા હતા. ૧૮. એવી તે જગ્યા પ્રસાદીભૂત હતી. તેથી બધા મુનિઓ તેને નિર્બાધ અને પ્રસાદીની સમજીને આવતા હતા. મુક્તાનંદસ્વામી સહુ હરિભક્તોને દર્શન દઈને ત્યાંથી ચાલ્યા. ૧૯. ફરીવાર અમદાવાદમાં આવ્યા. ત્યાં રહીને દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ કર્યો. તેનાથી બધા હરિભક્તો ઘણું રાજી થયા. ૨૦. શ્રીહરિએ ગઢપુરમાં રહીને દિવાળી અને અન્નકૂટનો ઉત્સવ મહાપરમ આનંદથી કર્યો. તેનું વર્ણન થઈ શકતું નથી. ૨૧. ગઢપુરથી ચારેબાજુના દસ-વીશ કોશ સુધીમાં જે સંતો અને અપાર હરિભક્તો હતા તેઓ ઉત્સવ પ્રસંગે શ્રીહરિનાં દર્શન કરવાને માટે આવ્યા હતા. તે હરિભક્તોએ શ્રીહરિની ઘણી પૂજા કરી અને બધા પુરુષ હરિભક્તોએ સંતોની પણ તેવી જ પૂજા કરી. ૨૨-૨૩.

દરબાર દાદા ખાચરે દિવાળીને દિવસે દીપમાળા કરાવી હતી. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ તે દીપમાળાની વચ્ચે આવીને બેઠા. ૨૪. તે સમયે હરિભક્તોએ ઘણા હેતથી શ્રીહરિને સોનેરી વસ્ત્ર અને બધાં સોનાનાં આભૂષણો પહેરાવ્યાં હતાં. ૨૫. ઘનશ્યામ શ્રીહરિ સિંહાસનમાં બેઠા હતા ત્યારે ત્યાં સહુ સંતોએ આરતી અને ધૂન કરી. ૨૬. જ્યારે દીપમાળા પ્રગટાવી ત્યારે ઉત્સવિયા સંતોએ વાજિંત્રો વગાડીને (સખી હૈડે તે હરખ ન માય) દિવાળીનાં પદ ગાયા. ૨૭.

બ્રહ્માનંદસ્વામી આદિક સહુ સંતોએ ઝાંઝ અને મૃદંગ વગાડીને અધરાત સુધી ઉત્સવ કર્યો. ૨૮. તે પછી શ્રીહરિ ત્યાંથી ઊઠીને પોતાના ઉતારે ગયા. અને પછી સંતો તથા હરિભક્તો જ્યાં ઊતર્યા હતા ત્યાં બધા ગયા. ૨૯.

જ્યારે સવાર થયું ત્યારે શ્રીહરિ અપાર સંતો અને હરિભક્તોને સાથે લઈને ઉન્મત્તગંગા નદીમાં સ્નાન કરવા માટે ગયા. ૩૦. જ્યાં નારાયણધરો છે ત્યાં ભક્તજનોનું ચિત્ત ચોરનારા શ્રીહરિ આવી પહોંચ્યા. ત્યાં દાદા ખાચર તથા જીવા ખાચર, બંને શ્રીહરિની સાથે આવીને નાહ્યા. ૩૧.

સંતો અને હરિભક્તો સહુ શ્રીહરિની સાથે ત્યાં નાહ્યા અને ઘણી રીતે જળક્રીડા કરી. શ્રીહરિ જ્યારે જ્યારે ઉન્મત્તગંગામાં નાહતા હતા ત્યારે બ્રહ્માંડના જે દેવતાઓ હતા તે વિમાનમાં બેસીને ત્યાં આવતા. અને શ્રીહરિ જ્યાં સુધી પાણીમાં જળક્રીડા કરતા હતા ત્યાં સુધી તે દેવતાઓ ઘણા હરખથી દર્શન કરતા હતા. અને વિવિધ પ્રકારનાં વાજિંત્રો વગાડીને કેસરયુક્ત ચંદન અને ફૂલોની વૃષ્ટિ કરતા હતા. ૩૨-૩૪.

દેવતાઓ શ્રીહરિને સર્વ કારણોનું પણ કારણ સમજીને મુખથી વારંવાર જય જયકાર કરતા હતા. 'સર્વેના કારણ શ્રીહરિનું કોઈ કારણ નથી' તેમ પણ તેઓ વારંવાર બોલતા હતા. ૩૫. જ્યારે શ્રીહરિએ સ્નાન કરી લીધું ત્યારે નદીમાંથી બહાર આવ્યા. બધા સંતો અને હરિભક્તો પણ બહાર આવ્યા. તે પછી દેવતાઓ તે પ્રસાદીના જળમાં નાહ્યા. ૩૬. પરમ નિપુણ એવા બધા દેવતાઓએ તે વખતે તે પ્રસાદીના જળનું માહાત્મ્ય જાણીને જળજંતુઓનો દેહ ધારણ કરી અને ઘણા ઉત્સાહથી ત્યાં સ્નાન કર્યું. ૩૭. તે દિવસ અન્નકોટનો દિવસ હતો. ત્યારે શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૩૮.

સોનાનાં બધા સાજથી શણગારેલો અશ્વ જ્યારે સેવક લાવ્યા ત્યારે મહારાજાધિરાજ શ્રીહરિ આવીને તેના ઉપર તરત જ બેઠા. ૩૯. બંને દરબારોના વાજિંત્રો અને નિશાન જેટલા આવ્યા હતા તે બધા આગળ ચાલ્યા. પછી જીવા ખાચરે શ્રીહરિની આગળ કહ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "મુક્તમુનિએ શ્રીનગરમાં અને શ્રીહરિએ ગઢપુરમાં અન્નકોટ કર્યો" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૫

શ્રીહરિ ગઢપુરમાં અન્નકોટ કરીને જેતલપુરમાં દેવદિવાળી કરવા ચાલ્યા

જ્યારે શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાન કરીને ગઢપુર ગામમાં આવ્યા. ત્યારે દરબાર જીવા ખાચરે હાથ જોડીને શ્રીહરિને કહ્યું, 'મહારાજ, આપ મારે ભવન પધારો, મને ભૂલી ન જશો. ૧. આપની મરજી વિના બોલતા મને સંકોચ થાય છે. જ્યારે મરજી દેખાય ત્યારે હું બોલું છું. મરજી વિના બોલી શકાતું નથી. ૨. આપની મરજીમાં વર્તવું જોઈએ, તેમાં કાંઈ કસર રહી જાય છે, એટલે હું વિચાર કરીને બોલું છું. ૩. જે જેનાથી જેટલા મોટા હોય છે તેઓ તેટલા ભાવથી આપની મરજીમાં વર્તે છે. ૪.

જે આપની મરજીમાં ચાલે છે, તેની મરજી આપ સાચવો છો, છતાં પણ હું આપની વાત શું કહું ? આપના ગુણ તો એક આપમાં જ રહે છે. ૫. જીવને ઘણો અલ્પ જાણીને આપ તેનાં દોષોને મનમાં લેતા નથી. અને તેનું હિત જ કરતા રહો છો. સૂર્યની આગળ જેવું પતંગિયું હોય છે, તેમ આપની આગળ જીવ ગણાય છે. ૬. ક્યાં સાગર અને ક્યાં પાણીનું ટીપું ! આપ અને જીવ તેના જેવા છો. આપ પોતાની મોટાઈ વિચારીને જીવના કોઈ દોષને ગણતા નથી. ૭. જો આપ જીવના દોષોને જુઓ તો કરોડ કલ્પે પણ જીવનો ક્યારેય ઉદ્ધાર થાય નહિ. આપ જ્યારે આપના ગુણોને દેખો છો ત્યારે જીવનો તત્કાળ ઉદ્ધાર થાય છે.' ૮.

શ્રીહરિ ઉપર કહ્યા તેવા જીવા ખાચરનાં વચન સાંભળીને ઘણું રાજી થયા. પછી સંતો અને હરિભક્તો સહુની સાથે પ્રેમભાવથી તેને ભવન આવ્યા. ૯. તેના ભવન ઘણા ઊંચા હતા. ભક્તનું ચિત્ત ચોરનારા શ્રીહરિ ત્યાં આવ્યા. એક સારો સોનેરી પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર આવીને પ્રસન્નતાથી બેઠા. ૧૦. કેસરયુક્ત ચંદનની અર્ચા કરીને પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. પછી ઘણા પ્રેમથી કેટલીયે જાતના મેવા અને મીઠાઈ શ્રીહરિની આગળ પ્રેમથી ધર્યાં. ૧૧. સોનાં તથા રૂપાનાં થાળ ભરીને મૂક્યાં હતાં, તે વખતે અન્નકોટના જેવું કરી દીધું હતું. પછી કપૂરની

આરતી કરી અને સંતોની પણ પૂજા કરી. ૧૨. સંતોની પૂજા કરી રહ્યા પછી તેમને એક એક વસ્ત્ર ઘણા પ્રસન્ન મનથી ભાવપૂર્વક સહુને ઓઢાડી દીધું. ૧૩. જ્યારે વર્ણી અને પાર્ષદોની પણ પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ જીવા ખાચરની રજા લઈને ત્યાંથી ચાલતા થયા. ૧૪.

પોતે અશ્વ ઉપર બેઠા. માથા ઉપર સોનેરી છત્ર રાખેલું હતું. તે વખતે એવી શોભા બની હતી કે જે કહી શકાતી નથી. ૧૫. જ્યારે રાજબજારે થઈને ચાલ્યા ત્યારે જેટલાં વાજિંત્ર હતાં તે ઉત્સાહભેર વગાડાતા હતા. ૧૬. પ્રભુ દાદા ખાચરના દરબારમાં આવ્યા, ત્યાં એક સારો પલંગ બિછાવી દીધો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તે વખતે અન્નકૂટ થઈ રહ્યો હતો. ૧૭. વર્ણીએ જે અન્નકૂટ તૈયાર કર્યો હતો તે બાલમુકુંદની મૂર્તિ આગળ લાવીને ધરાવ્યો. શ્રીહરિ બાલમુકુંદમાં રહીને તે અન્નકૂટને જમ્યા. પછી સંતોની પંક્તિ કરાવી. દિવસ પાછલો એક પહોર જ્યારે રહ્યો ત્યારે સંતો, વર્ણી, વિપ્રો અને પાર્ષદો, તે બધા જમી રહ્યા. જ્યારે સંધ્યા સમય થવા આવ્યો ત્યારે શ્રીહરિએ દાદા ખાચરના ભવનમાં આવીને સભા કરી. ૧૮-૨૦.

પછી શ્રીહરિએ સહુ સંતો અને હરિભક્તોને કહ્યું કે, ‘દેવદિવાળીનો ઉત્સવ અમે જેતલપુર જઈને કરશું ત્યારે બધા સંતો ત્યાં આવશે. ૨૧. જે જે દેશમાં હરિભક્ત બાઈ-ભાઈ રહે છે તે બધાં જેતલપુરના સમાચાર સાંભળીને ઉત્સાહપૂર્વક અપરંપાર આવશે. ૨૨. બધા સંતો ગુજરાતમાં ચાલો. આપણે સહુ જેતલપુરમાં મળશું. ગામેગામના હરિભક્તો છે, તેમને જેતલપુરના સમૈયાની વાત કહેવી કે, ૨૩. જે હરિભક્તોથી આવી શકાય તેમ હોય, તેમણે જેતલપુર આવવું. સમૈયા જેવો બીજો કોઈ લાભ નથી. જે સમૈયામાં આવતા નથી તેમને સમૈયાનું સુખ મળતું નથી. ૨૪. **સાંસારિક સુખમાં તો કાંઈ લાભ નથી. તેમાં જેટલો લાભ માનવામાં આવે છે તેટલું નુકશાન જ છે. ૨૫.**

સત્સંગમાં જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો છે તે બધાનાં દર્શન સમૈયામાં આવનારને થાય છે. ૨૬. જે ઘેર જ રહે છે, તેને સંતો, વર્ણી અને હરિભક્તોનાં દર્શન થાતાં નથી. તેથી તેમને કેટલું નુકશાન થયું

કહેવાય ? ૨૭. **લાભ અને નુકશાન બંનેને જ્યાં સુધી એકસમાન માનવામાં આવે છે ત્યાં સુધી વિવેક નથી. જેટલો વિવેક હોય તેટલો સત્સંગ ગણાય.'** **૨૮.** શ્રીહરિ જ્યારે આટલી વાત કરી રહ્યા તે પછી આરતી અને ધૂન કર્યા. જ્યારે આરતી અને ધૂન થઈ રહ્યા ત્યારે પંચાળાના દરબાર ઝીણાભાઈ બોલ્યા, ૨૯. 'હે મહારાજ ! આપ સમૈયો અહીં ગઢપુરમાં કરો અને જેટલા સંતો-ભક્તો છે તેમને અહીં બોલાવો. સમૈયાનો જે ખર્ચ થશે તે બધો હું આપીશ.' ૩૦. પછી શ્રીહરિએ એક પત્ર લખીને જણાવ્યું કે, 'અમે સમૈયો ગઢપુરમાં કરવાનું ઠરાવ્યું છે.'

પછી મહારાજે 'કાનમ, ગુજરાત, દંઢાવ્ય, ચરોતર, સુરત, અમદાવાદ વિગેરે સર્વે દેશમાં કંકોતરીઓ લખાવી.' તે પત્ર લક્ષ્મીરામ દેરાસરી વગેરે વિપ્રોને બોલાવીને આપ્યા. ૩૧. તેઓ કારિયાણી ગામમાં આવીને રાત રહ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ લક્ષ્મીરામને તેમ કહ્યું હતું કે, 'તમે અહીં કેમ આવ્યા છો ? ૩૨.

(અને તમે ક્યાં જાવ છો ?' ત્યારે તે બ્રાહ્મણોએ બધી વાત કહી દેખાડી. ત્યારે સચ્ચિદાનંદસ્વામી કહે જે, 'તમે સવારે ચાલો ત્યારે અમારે મોઢે થાતા જાજ્યો.' ત્યારે બ્રાહ્મણો કહે, "અમે સવારે ચાલવાના હોઈએ ને તમે કદાપિ સમાધિમાં હો તો અમારે ખોટી થઈ રહેવું પડે, માટે અમે તો વહેલા તમારી રજા વગર ચાલશું." પછી સ્વામી કહે, 'એમ નહીં, મોઢે થયા વિના જાશો નહીં. કેમ જે, હવે ગઢપુરમાં સમૈયો કરવાનો જે મહારાજે ઠેરાવ કર્યો હતો તે બંધ રહ્યો છે અને જેતલપુરમાં ઉત્સવ કરવાનું નક્કી થયું છે. માટે હવે તમે અહીંથી જાશો નહિ. એક દિવસ અહીં જ રોકાઈ જાઓ.)

શ્રીહરિ તો તમારી પાછળ આવી રહ્યા છે, તેવું મને દેખાય છે.' (સ્વામીની વાત સાંભળીને લક્ષ્મીરામ દેરાસરી વગેરે થોડા મનમાં મૂંઝાયા કે, કદાચ આવું ન બને તો મહારાજ ઠપકો આપશે. માટે મહારાજની આજ્ઞા પ્રમાણે જેતલપુર જવું કે સ્વામી કહે તેમ અહીં રોકાવું. પછી શ્રીહરિએ તેમના અંતરમાં પ્રેરણા કરી કે, સ્વામીના અંતરમાં રહીને અમે જ બોલ્યા છીએ. તેથી તેઓ એક દિવસ કારિયાણીમાં રોકાયા.)

તેટલામાં તો શ્રીહરિ ત્યાં આવી પહોંચ્યા. ત્યારે સચ્ચિદાનંદસ્વામીની તે વાત સત્ય મનાણી. ૩૩. પછી જેટલા હરિભક્તો કાઠી દરબારો હતા તે બધાને યાદ કરીને બોલાવ્યા. શ્રીહરિએ જેટલા નામ લીધા તે બધા હરિભક્ત કાઠી દરબારો ત્યાં આવ્યા હતા. ૩૪. પચ્ચીશ જેટલા તો અસ્વારોને બોલાવ્યા હતા. કરિયાણા, ખંભાળા, ગુંદાળા, ઝીંઝાવદર, કારિયાણી, સારીંગપુર, બોટાદ, નાગડકા, કોટડા, બગડ, સુંદરિયાણા, એ બધા ગામના કાઠી દરબારો આવ્યા હતા. ૩૫-૩૬. ગઢપુરમાં જેટલા હરિભક્ત કાઠી દરબારો હતા તે શ્રીહરિની સાથે હતા. પાર્ષદોમાં અલૈયાભક્ત અને ભગુજી, બે મોટેરા હતા. ૩૭. સો જેટલા પાર્ષદો ભગુજીના કહ્યામાં રહેતા હતા અને સો જેટલા પાર્ષદો અલૈયાભક્તના કહ્યામાં રહેતા હતા. ૩૮.

અલૈયા ભક્ત અને ભગુજી, તે બંને શ્રીહરિ કહે તેમ કરતા હતા. પરમ નિપુણ શ્રીહરિએ ભગુજીને સાથે લીધા અને અલૈયાભક્તને ગઢપુરમાં રાખ્યા. ૩૯. અલૈયાભક્ત અને ભગુજી, તે બંનેને પરસ્પર હેત હતું અને બહુ હળીમળીને રહેતા હતા. તેમને ક્યારેય કુહેત થતું નહિ. ૪૦. **જે ત્યાગી વર્તનમાં જેટલું કુહેત રાખે છે તે તેટલો ત્યાગીના માર્ગને લોપતો રહે છે. ૪૧. ત્યાગી થઈને જે અભાવ-અવગુણ, છળ-કપટ અને પરસ્પર ઈર્ષ્યાને રાખે છે, તે ત્યાગીનો માર્ગ નથી. ૪૨.** જે એકબીજાનું જેટલું હિત ઈચ્છતા રહે છે અને નિત્ય નિષ્કપટ રહે છે, તેટલા તે સાચા ત્યાગી કહેવાય છે. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ ગઢપુરમાં અન્નકોટ કરીને જેતલપુરમાં દેવદિવાળી કરવા ચાલ્યા" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૬

જેતલપુર જવા નીકળેલા શ્રીહરિ બીજે દિવસ બપોરે જવારજમાં જમ્યા

કાર્તિક સુદિ આઠમને દિવસે શ્રીહરિ **ગઢપુર**થી ચાલ્યા હતા અને સુંદર અશ્વ ઉપર બેસીને **કારિયાણી** આવ્યા હતા. ૧. ગઢપુરથી રાતે ચાલ્યા હતા અને અધરાત થઈ ત્યારે કારિયાણી આવ્યા હતા. પછી શ્રીજીમહારાજ સવારે કારિયાણીથી ચાલ્યા તે **કુંડળ** આવ્યા. ત્યાં અમરા પટગીરને ઘેર થોડીવાર રોકાયા. તેટલીવારમાં વર્ણીએ રસોઈ તૈયાર કરી. ૨-૩. કુંડળમાં થાળ જમીને તત્કાળ ચાલ્યા. મધ્યાહ્ન સમય થતાં **ચોકડી** ગામ આવ્યા. ત્યાં તળાવને કાંઠે ઊતર્યા. માનસિંહ ડોડિયા નામે ક્ષત્રિય હરિભક્ત ચોકડી ગામમાં હતા. તેઓ શ્રીહરિને માટે સુંદર પલંગ લઈ આવ્યા. તેને સારી રીતે બિછાવી દીધો. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. ૪-૫.

તે સમયે ચાર-પાંચ પાર્ષદો જેટલું બળ હતું તેટલું કરીને પલંગ તૂટી જાય તે રીતે શ્રીહરિનાં અંગને દબાવવા લાગ્યા. ૬. ત્યારે માનસિંહજીએ કહ્યું કે, 'હવે મેં પલંગ બચવાની આશા છોડી દીધી છે.' ત્યારે શ્રીહરિ કહે, 'અમે તમારો પલંગ તોડવાવાળા નથી. ૭. તમારે પલંગની ચિંતા મનમાંથી કાઢી નાખવી.' પછી માનસિંહ ડોડિયાના પિતા શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. ૮. તેમણે આવીને શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ મૂક્યું અને રસોઈ કરવા માટે તાણ કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'અમે કુંડળ ગામમાં જમીને અહીં આવ્યા છીએ. ૯. તે વખતે તેમનાં મસ્તક ઉપર જ કોઈ એક હથિયારનો ઘા દેખાણો. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'જે ખરા શૂરવીર અને ધીરજવાળા હોય છે તે સન્મુખ ઘા લે છે. ૧૦.

જે ધીર પુરુષો છે તે જ સન્મુખનો ઘા ઝીલે છે અને સન્મુખ ઝીલેલો ઘા આભૂષણના જેવો શોભે છે. ૧૧. જેની માતા પતિવ્રતા હોય તેનો પુત્ર જ આવો શૂરવીર કહેવાય છે.' શ્રીહરિ આ રીતે જેણે જેણે સન્મુખ ઘા લીધેલા હોય તેને જોઈને તેની વારેવારે પ્રશંસા કરતા હતા. ૧૨. શ્રીહરિ જેના શરીરના પાછળના ભાગમાં ઘાવ દેખતા તેને કોઈ દિવસ શૂરવીર કહેતા નહિ. ૧૩.

શ્રીહરિ કહેતા કે, 'મનુષ્યજન્મને પામ્યા હોવા છતાં પણ જે મનુષ્યના ધર્મને પાળતા નથી, તેને જેટલાં શાસ્ત્રો છે તે મનુષ્ય કહેતા નથી. ૧૪. મનુષ્યશરીરને પામ્યા પછી જે મનુષ્યના ધર્મમાં વર્તે છે તેટલો તે મનુષ્ય કહેવાય છે. ૧૫. મનુષ્યનો જન્મ મળ્યા પછી જેટલા મનુષ્યના ધર્મ છે તે અવશ્ય જાણવા જોઈએ. ધર્મને જાણ્યા વિના તો તે પશુ જેવો રહે છે. ૧૬.

ચારે વર્ણના સુખકારી ધર્મો સામાન્ય અને વિશેષ એમ અલગ અલગ ચાર પ્રકારના હોય છે. ચાર વર્ણના મનુષ્યમાં જન્મ થવા છતાં ચાર વર્ણના ધર્મને જે પ્રથમ નથી જાણતો, તેને પૂછો તો તે તરત જ દેખાઈ આવે છે. આ વાત છુપાતી નથી. જાણ્યા સિવાય તે તેને કેમ કહે ? જેટલું જાણ્યું હોય તેટલું કહે છે. ૧૭-૧૮. મનુષ્યને સાચા ગુરુ મળ્યા સિવાય તેને ખરી રીત કોણ શીખવાડે ? ચારે વર્ણના લોકો પેટ ભરવા માટેના ઉદ્યમની રીતને તો પ્રેમથી શીખે છે. ૧૯. બ્રાહ્મણ પ્રથમ વર્ણ કહેવાય છે. કેટલાકને તેની ગમ પણ નથી. પછી બીજો વર્ણ ક્ષત્રિય કહેવાય છે, ત્રીજો વર્ણ વૈશ્ય કહેવાય છે. ૨૦. અને ચોથો વર્ણ શૂદ્ર કહેવાય છે. શૂદ્રની રીતને શૂદ્ર જાણતા નથી. ક્ષત્રિયની રીતને ક્ષત્રિય નથી જાણતા હોતા. વૈશ્યને વૈશ્યની રીતની બરોબર ખબર નથી હોતી. તે ચારે વર્ણની ઉત્પત્તિ ક્યાંથી થઈ છે ? તેની ગમ ન હોય તો તે ક્યાંથી કહે ? ૨૧-૨૨.

જે વાતની જેટલી ખબર ન હોય તેને તે બાબતમાં તેટલો અંધ કહેવાય છે.' શ્રીહરિએ જેટલી વાત કહી તેને તે ડોડિયા સાચી કહેતા રહ્યા. ૨૩. ચોકડી ગામમાં શ્રીહરિ ચાર ઘડી રોકાયા. પછી ત્યાંથી **રોજકા** ગામ થઈને **પચ્છમ** ગામ આવ્યા અને ત્યાં એક રાત રોકાયા. ૨૪. તે ગામમાં કણબી દેવજીભાઈ અને જેરાજભાઈ તે બંને સગાભાઈ હતા. તેઓ ઘણા ભાવિક હતા. શ્રીહરિ તેને ઘેર આવીને ઊતર્યા. ૨૫. તે ગામમાં ઉદ્ધવજી નામે એક વિપ્ર ઘણા સારા હરિભક્ત અને બુદ્ધિશાળી હતા. ૨૬. ત્યાં વર્ણીએ રસોઈ બનાવી અને શ્રીહરિ જમ્યા. દોઢ પહોર રાત ગઈ પછી સહુ ત્યાં સૂઈ ગયા. ૨૭. ગઢપુરથી નીકળીને પચ્છમ ગામ શ્રીહરિ આવ્યા, તેથી ઘણા થાકી ગયા હતા છતાં ત્યાંના સહુ હરિભક્તોને દર્શન દીધાં. ૨૮.

જ્યારે બધા હરિભક્તો દર્શન કરી રહ્યા પછી પલંગ ઉપર પોઢી ગયા. સવારમાં ત્યાંથી ચાલતા થયા અને **સરગવાળા** ગામ આવ્યા. ૨૯. ત્યાં ભોગાવો નદી ઊતરીને ભક્તોનું ચિત્ત ચોરનારા શ્રીહરિ આગળ ચાલ્યા. ત્યારે સુરા ખાચરે પૂછ્યું, 'મહારાજ, આજ જમવાનું ક્યાં મળશે ?' ૩૦. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'આજ કૌકા ગામ ગયા સિવાય બીજે ક્યાંય જમવાની આશા રાખવી નહિ.' આ રીતે રમૂજ કરતા કરતા માર્ગમાં ચાલ્યા જતાં હતા. ૩૧. રસ્તામાં જ્યારે **જવારજ** ગામ આવ્યું ત્યારે શ્રીહરિએ પોતાના અશ્વની લગામને ઢીલી મૂકી અને અશ્વને પોતાની ઈચ્છા મુજબ ચાલવા દીધો. ત્યારે તે અશ્વ જવારજ ગામમાં ચાલ્યો. ૩૨.

ગામમાં ક્ષત્રિયોના ચારેબાજુ ઘર હતા, તેની વચ્ચે એક ચોક હતો, ત્યાં જઈને અશ્વ ઊભો રહ્યો. તે સમયે ક્ષત્રિય બાઈઓ જેટલી હતી, તે ભાત લઈને આપવા જવા તૈયાર થઈ હતી. તેમના પુરુષમાત્ર ખેતરમાં ઘઉંની વાવણી કરવા ગયા હતા. શ્રીહરિએ તે ક્ષત્રિય બાઈઓની પાસે જમવાનું માગ્યું. ૩૩-૩૪. તે ક્ષત્રિય બાઈઓની પાસે શ્રીહરિએ જઈને કહ્યું કે, 'અમે તમારે ઘેર મહેમાન થઈને આવ્યા છીએ તો સહુ બબ્બે રોટલા અમને આપો. અમારે જમીને અત્યારે જ ચાલવું છે. ૩૫. જે સ્વામિનારાયણ કહેવાય છે તે અમે પોતે છીએ. અમારી સાથે રહેલા બધા કાઠી દરબારોને તમારું અન્ન ખપે છે. ૩૬. અમે તમારું રાંધેલું અન્ન જમતા નથી, પણ તમે જો કાઠી દરબારોને જમાડશો તો માનો અમે જ જમ્યા છીએ.' ૩૭. ત્યારે બાઈઓએ કહ્યું કે, 'અમારા ઘરમાં ઘી અને ગોળ ઘણા છે. તો તે ઘીમાં આપ લોટ શેકી નાખો તેમાં કાંઈ વાર લાગશે નહિ.' ૩૮.

તે સમયે બ્રહ્મચારીએ તરત લોટને ઘીમાં શેકીને ગોળ નાખી ભોજન(ઘસિયો) તૈયાર કર્યું ત્યારે શ્રીહરિ જમ્યા. ૩૯. વળી બધા કાઠી દરબારોને રોટલા, ગોળ, ઘી અને દહીં લઈને ખૂબ ભાવથી જમાડ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "જેતલપુર જવા નીકળેલા શ્રીહરિ બીજે દિવસ બપોરે જવારજમાં જમ્યા" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥

પૂર ઓગણીશમું : તરંગ - ૩૭

શ્રીહરિ કૌકામાં ધર્મના રહસ્યની વાત કહીને ત્યાંથી જેતલપુર પધાર્યા

જવારજમાં સહુ કાઠી દરબારોને જમાડીને શ્રીહરિ તરત ચાલી નીકળ્યા. અને **કૌકા** ગામમાં આવીને રાત રોકાયા. ૧. ત્યાં બાદરજી નામે એક ક્ષત્રિય હરિભક્ત હતા. તેનો ભાવ જોઈને શ્રીહરિ તેને ઘેર ઊતર્યા. ૨. ત્યાં બીજા કેટલાક ક્ષત્રિયો અને બ્રાહ્મણો સત્સંગી હતા. અને પ્રગટ મોક્ષને દેખીને બે મુસલમાન પણ સત્સંગી થયા હતા. ૩. બાદરજીને ઘેર રસોઈ કરી, પછી શ્રીહરિ જમ્યા અને પલંગ ઉપર આવીને બેઠા. ૪.

ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. સત્સંગી સિવાયના બીજા પણ કેટલાક લોકો શ્રીહરિ પાસે આવ્યા. પછી શ્રીહરિએ તે સહુની આગળ વાતો કરી. ૫. કૌકા ગામના મુખી મુસલમાન હતા. તેને હરિભક્તોની ઉપર જરાય દ્વેષ ન હતો. શ્રીહરિએ તેને પ્રિય લાગે તેવી ઘણી વાતો કરી. ૬. બ્રાહ્મણો વટલીને જે મુસલમાન થયા હતા, તે બધા લોટિયા વોરા કહેવાતા હતા. તેઓ મોઢાથી તમાકુનું નામ પણ બોલતા નહિ; એવી અત્યાર સુધી ટેક રાખી રહ્યા હતા. ૭. ત્યાંના હિંદુ બ્રાહ્મણો ઘણા શુદ્ધ હતા. નાહ્યા સિવાય તેઓ અન્ન ખાતા નહિ. વેદ અને પુરાણોને ભણેલા હતા. વળી, તેઓ ક્યારેય મુસલમાનનો સ્પર્શ પણ કરતા નહિ. ૮.

ભૂલથી જો અડી જવાય તો મુશલસ્નાન(જેવું તેવું અધુરિયું) કરી લેતા હતા. કેટલીક જાતના સૂતકોને પણ અખંડ રીતે પાળતા હતા. ૯. તેઓ ધર્મને એટલો બધો અધિક કહેતા હતા કે, ધર્મના સમાન બીજું કાંઈ અધિક નથી, છતાં તે બ્રાહ્મણોને તમાકુ વિના ચાલતું નહિ. જ્યારે ત્યાંના મુસલમાન લોટિયા વોરાઓ તમાકુને ક્યારેય અડતા નહિ. ૧૦.

જેટલી અભક્ષ્ય વસ્તુ કહેવાય છે. જેમ કે, લસણ, અફીણ, માજમ(ભાંગના સત્ત્વમાં બીજા વસાણા મેળવીને કરેલો એક જાતનો કેફી પદાર્થ), મફર(ઉત્તેજિત કરનાર કેફી વસ્તુ), લીલાગર ભાંગ્ય અને ડુંગળી

આદિક વસ્તુઓને બ્રાહ્મણ હોવા છતાં ગુપચુપ ખાઈ લેતા. તેને લીધે બ્રાહ્મણોનાં વચન ફળતાં નહિ. વચનની સિદ્ધિ તો ધર્મમાં રહી છે. જેમાં ધર્મ હોય તે બ્રાહ્મણ જે કહે તે ફલિત થાય છે. ૧૧-૧૨. બધા વ્રતોમાં બ્રહ્મચર્ય ઘણું જોરદાર અને મુખ્ય રહ્યું છે. તેમાં વચનસિદ્ધિ રહી છે. તે સિવાય કોઈ સિદ્ધિ કહેવાતી નથી. ૧૩. **ગૃહસ્થોએ પરણ્યા વિનાની સ્ત્રીમાત્ર માતા, બહેન અને દીકરી સમાન છે. તેમ સમજીને તેનો ત્યાગ રાખવો જોઈએ. ૧૪.** ગૃહસ્થને પરણ્યા સિવાયની સ્ત્રીનો ત્યાગ રાખવો, તે તેમનું બ્રહ્મચર્યવ્રત કહેવાય છે. જે ત્યાગી છે તેમને તો સ્ત્રીમાત્રનો ત્યાગ કરવો કહ્યો છે. ૧૫. ગૃહસ્થ અને ત્યાગી, તે બંનેનું આ રીતે બ્રહ્મચર્યવ્રત ભિન્ન ભિન્ન કહ્યું છે. બ્રહ્મચર્ય સર્વે સાધનોનો પ્રાણ છે. ૧૬.

મનુષ્ય જે જે સાધન કરે તે બધા બ્રહ્મચર્યવ્રત વિના નિષ્ફળ થાય છે. જેટલી મનુષ્યજાતિ કહેવાય છે તે બધાને માટે બ્રહ્મચર્યવ્રત મુખ્ય કહ્યું છે. ૧૭. ચંડાળથી લઈને મુસલમાન પર્યંતની જેટલી મનુષ્યજાતિ છે, તે બધાને બ્રહ્મચર્યનો જેટલો ભંગ થાય છે, તેટલો તે રાજાના દંડને યોગ્ય બને છે. ૧૮. વળી, હરકોઈ પારકી વસ્તુ કોઈના ઘરમાં હોય તેની ચોરી કરવી નહિ. પોતાનો ભાઈ કે પુત્ર જો અલગ ઘર કરીને રહેતા હોય તો તેમાંથી એકબીજાને પૂછ્યા સિવાય કોઈ વસ્તુ લેવી નહિ. પૂછ્યા વગર જે લેવામાં આવે છે તે ચોર ઠરે છે. ચોરી કરનારાને રાજાનો ઘણો મોટો દંડ થાય છે. ૧૯-૨૦.

ચોરને દંડ કરવો તે રાજાનો મુખ્ય ધર્મ કહેવાય છે. ધર્મશાસ્ત્રમાં જે રીતે કહ્યું છે તે રીતે રાજા દંડ દે છે. ૨૧. આ રીતે દંડ કરનાર રાજાની કીર્તિ દિનપ્રતિદિન વધતી જાય છે. જેટલા રાજાઓ શાસ્ત્રને મુખ્ય રાખે છે તેઓ દેવ કરતાં પણ અધિક કહેવાય છે. ૨૨. શાસ્ત્રના આધાર સિવાય જે રાજા દંડ દે છે તે રાજાને તો અંધ રાજા કહ્યો છે. શાસ્ત્રના આધાર સિવાય જે રાજા દંડ દે છે તેની ક્યારેય કીર્તિ થતી નથી. ૨૩. શાસ્ત્રના આધારે જે દંડ દે છે તેને ધર્મરાજા કહેવાય છે. ધર્મવાળા રાજાના રાજ્યને બધા લોકો વખાણે છે. ૨૪.

ધર્મશાસ્ત્રમાં દારૂ અને માંસ, ઈત્યાદિક પદાર્થોને ખાવા પીવામાં ઘણો દોષ કહ્યો છે. ૨૫. આ તુચ્છ શરીરને માટે જેટલાં પાપ કહેવાય છે, તે બધાને પોતાનું હિત માનીને નિત્ય નવા નવા કરતા રહે છે, પરંતુ જે જેટલું પાપ કરે છે તેટલો તેના માથા ઉપર અપાર બોજ રહે છે. અને તેવી તેની ગતિ થાય છે. ૨૬-૨૭. **જે જેટલો ભાવ રાખીને સત્પુરુષની સેવા કરે છે તેનાં તેટલાં પાપ છૂટી જાય છે. ૨૮. જે સાચા સંતપુરુષનું જાણે કે અજાણે જેટલું સન્માન કરે છે, તેટલું તેનું પાપ નિવારણ થાય છે.' ૨૯.** સહુ જનના સુખના દાતા એવા શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી તે પછી સહુ લોકો શાંતિથી સૂઈ રહ્યા. પછી સહુ સવારે ચાલતા થયા અને સાબરમતી નદી ઊતરીને મધ્યાહ્ન સમયે **જેતલપુર** પહોંચ્યા. ત્યાંના જેટલા હરિભક્તો હતા, તે બધા વાજિંત્ર લઈને ઘણા પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૦-૩૧.

તેઓ નિશાન અને નોબત પણ લાવ્યા હતા. શ્રીહરિનાં દર્શન કરીને સહુ ઘણા સુખી થયા. જેટલા હરિભક્તો હતા તેમણે શ્રીહરિને દંડવત્-પ્રણામ કર્યા અને પગે લાગ્યા. ૩૨. ગામથી ઘણે દૂર સુધી સહુ સન્મુખ આવ્યા હતા. હરિભક્તોના મનમાં ઘણો ભક્તિભાવ હતો. સહુએ શ્રીહરિને ફૂલના હાર અપાર પહેરાવ્યા. ૩૩. શ્રીફળ લાવ્યા હતા તે આગળ ભેટ મૂક્યા. અને સહુ મુખથી જય જયકાર કરતા હતા. જે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, હરિભક્ત હતા તે બધા સન્મુખ આવ્યા હતા. ૩૪.

તેઓ બે હાથ જોડીને શ્રીહરિને કહેતા હતા કે, 'મહારાજ, જેટલા નરનારી હરિભક્ત કહેવાય છે, તે બધાની આપ જીવનદોરી છો. ૩૫. આ બધા હરિભક્તોના મનમાં અત્યારે એવું વર્તે છે કે તેઓ આપથી અધિક કોઈને દેખતા નથી.' ત્યારે હરિભક્તોના તે વચન સાંભળીને શ્રીહરિ પ્રેમથી બોલ્યા, ૩૬. **'વેદ અને પુરાણ ઈત્યાદિક શાસ્ત્રોનું પરમ રહસ્ય એટલું જ છે કે, ક્યારેય ભગવાનથી અધિક બીજું કાંઈ સમજવું નહિ. ૩૭. જે ભક્તને ભગવાન સિવાય બીજી વસ્તુ જેટલી અધિક રહેતી હોય છે તે હરિભક્તમાં તેટલી કસર રહે છે.' ૩૮.**

આટલું કહીને ચાલ્યા. આગળના ભાગમાં વાજિંત્રો વાગતાં હતાં અને જેટલા પાર્ષદો હતા તે બધા બંદૂકના અવાજ કરતા હતા. ૩૯. શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કરેલું હતું અને જેટલા હરિભક્તો હતા, તે સહુ પ્રેમથી કીર્તન બોલતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ કૌકામાં ધર્મના રહસ્યની વાત કહીને ત્યાંથી જેતલપુર પધાર્યા" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૮

જેતલપુરમાં શ્રીહરિએ બીમાર સંતોની અલૌકિક ભાવે સેવાનો મહિમા કહ્યો

શ્રીહરિ જેતલપુરમાં પધાર્યા ત્યારે ગામના જેટલા હરિભક્તો હતા, તે સહુ શ્રીહરિનાં પ્રેમભાવથી દર્શન કરવા આવ્યા. ૧. ગામમાં જે મુખ્ય પાટીદારો હતા તે સહુને શ્રીહરિએ બોલાવ્યા. તે બધાને શ્રીહરિ ઓળખતા હતા. ૨. જેતલપુર ગામમાં શ્રીહરિએ કેટલીકવાર ચોરાશી અને યજ્ઞ વગેરે કર્યા હતા. અને ત્યાંના સહુ લોકોએ શ્રીહરિનો ઘણો અદ્ભુત દિવ્ય પ્રતાપ જોયો હતો. ૩. પાટીદારોએ શ્રીહરિને રહેવા માટે ઘણા પ્રેમથી જગ્યા આપી હતી, ત્યાં આવીને શ્રીહરિ ઊતર્યા. ૪.

તે જગ્યાનો જેટલો ચોક હતો, તેને લીંપીને સ્વચ્છ કર્યો હતો અને ચોકની વચ્ચે એક સુંદર લીમડાનું ઝાડ હતું. ૫. તે લીમડાને સુશોભિત કરવા માટે એક સરસ ચોરસ વેદિકા કરી હતી. તેના ઉપર પલંગ બિછાવ્યો. પછી શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. ૬. મુક્તાનંદસ્વામી અમદાવાદ હતા. તેમને ત્યાં તરત જ ખબર પહોંચાડ્યા. શ્રીહરિને માટે વર્ણીએ તત્કાળ રસોઈ બનાવી. તે દયાળુ પ્રભુ જમ્યા. ૭. જમ્યા પછી તે ભવનના મેડા ઉપર થોડીકવાર પોઢ્યા. તે પછી પરમ નિપુણ શ્રીહરિએ સહુ સંતોને મહોલ ઉપર આવીને દર્શન દીધાં. ૮.

જેટલા સંતો બીમાર પડતા, ઘણા વૃદ્ધ હોય, ચાલી ન શકતા હોય, તે બધા જગ્યામાં બેસી રહેતા. અને જેટલું થઈ શકે તેટલું ભજન કરતા. ૯. તેમનાથી સહજભાવે જેટલી બની શકે તેટલી કથા, કીર્તન અને વાતો, કરતા હતા. તે સહુ સંતોની પાસે આવીને શ્રીહરિએ તેમને દર્શન દઈને જે જેવા સંત હતા તે રીતે તેમને પ્રેમથી બોલાવ્યા. ૧૦. જે સંત જે રીતના બીમાર હતા તેની તે રીતે સંભાળ લીધી. અને તે બીમાર સંતની સેવામાં જે સંત હતા તેમને શ્રીહરિ ઘણા પ્રેમભાવથી ભેટ્યા. ૧૧. શ્રીહરિએ તે સહુ સંતોને પોતાના પ્રસાદીના હાર આપ્યા અને તેમની સાથે એવી વાતો કરી કે તેનાથી તે સહુનાં હ્દયમાં શીતળતા થાય. ૧૨.

❋ શ્રીહરિએ બીમાર સંતોને કરેલી વાતો :

(શ્રીહરિ માંદા સંતોને કહે,) **'ભગવાન અને સત્સંગ મળવો તે દુર્લભમાં પણ અતિશય દુર્લભ છે. તેનાથી અનેક જન્મનાં બધાં દુઃખ ટળી જાય છે. હવે તો સંતોએ આ શરીર સંબંધી જે થોડું ઘણું દુઃખ હોય તેને સમજીને સહન કરવું જોઈએ. ૧૩-૧૪.** પ્રારબ્ધને વશ થઈને જે કાંઈ પણ દુઃખ આવે તેને, જે સંત કહેવાતા હોય તે ઉત્સાહભેર સહન કરે છે. ૧૫. ભગવાન અને સત્સંગ મળ્યો તેને લીધે કેટલુંયે દુઃખ મટી ગયું છે. તે બાબતને સંતો જાણતા હોય છે, તેથી તેઓ થયેલી પ્રાપ્તિના સુખને માને છે. તે સુખે કરીને બીજું કાંઈ દુઃખ દેખાતું નથી. ૧૬.

चोपाई :

तन में दुःख होवत हि जितना, उपदेश संत मानत रहे तितना;
दुःख करिके सूक्ष्म जेता, देहासक्ति रहाये तेता...१७
नास होउ जावत बिज जितने, वासना लिंग रहेउ तितने;
दुःख विन वासना लिंग ताके, नास कबु नहीं होवत वाके...१८
संत हरिजन कु दुःख हि जितना, अंतरशुद्ध करन हित तितना;
दुःख विन केवल ज्ञान तिनसे, वासना निरमूल होत न इनसे...१९

શરીરમાં જે કાંઈ દુઃખ થતું હોય તેને સંતો તો એક પ્રકારનો ઉપદેશ માને છે. કારણ કે, તે દુઃખથી જીવમાં સૂક્ષ્મપણે રહેલી જે દેહાસક્તિ અને

વાસનામય કારણ લીંગ(શરીર)ના જેટલા બીજ રહ્યા હોય તેનો નાશ થઈ જાય છે. શરીરમાં દુઃખ આવ્યા સિવાય વાસનામય કારણશરીરનો ક્યારેય નાશ થતો નથી. ૧૭-૧૮. સંતો કે હરિભક્તોને જેટલું દુઃખ આવે છે તે અંતઃકરણ શુદ્ધ કરવા માટે જ હોય છે. દુઃખ આવ્યા સિવાય કેવળ જ્ઞાને કરીને વાસના નિર્મૂળ થાતી નથી. ૧૯.

આ બધી વાતો ભગવાનના ભક્તો માટેની છે. ભગવાનના ભક્તની આવી અમે કહી તેવી રીત હોય છે. જે ભગવાનના ભક્ત ન હોય તેને સત્સંગનો યોગ ન થવાને કારણે ચાહે તેટલું દુઃખ આવે, તોપણ દેહાસક્તિ નિર્મૂળ થતી નથી. ગોળી વિનાની બંદૂકના ચાહે તેટલા ભડાકા કરે, ૨૦-૨૧. પણ તેનાથી નિશાન પડતું નથી. તેમ અહીંયા આ પ્રસંગે નિશાનને ઠેકાણે વાસના અને દેહાસક્તિ છે. ૨૨. ગોળીને ઠેકાણે સત્સંગ છે. જે જે સત્સંગ કરે છે તેની સત્સંગરૂપી ગોળીથી જેટલી વાસના કહેવાય છે, તે નિર્મૂળ થઈ જાય છે. ૨૩. હરિભક્તમાં અને વિમુખ જીવમાં ઘણો જ તફાવત હોય છે. ભગવાનના ભક્તો તો પોતાના હૃદયમાં બધી વાતને સમજતા હોય છે, તેથી શરીરનાં દુઃખને કાંઈ ગણકારતા નથી.' ૨૪.

❋ માંદા સંતોની સેવાની મહત્તા :

શ્રીહરિ આટલી વાત કહીને પછી ચાલતા ચાલતા તે વખતે બીમાર સંતોની સેવા કરનારા સંતોને કહેવા લાગ્યા, ૨૫. **'બીમાર સંતોની સેવા જે અલૌકિક ભાવ રાખીને કરે છે, તેને તેવું અલૌકિક ફળ મળે છે. ૨૬. જેવો ભાવ રાખીને સેવા કરવામાં આવે છે, તે ભાવ તેને તેવા રૂપમાં નિશ્ચિતપણે ફલિત થાય છે. ૨૭. કોઈ પણ જાતનો સ્વાર્થ રાખ્યા સિવાય જે બીમાર સંતોની સેવા કરતા હોય છે, તેના ઉપર અમે ઘણા રાજી થઈએ છીએ. ૨૮.**

જેટલો સ્વાર્થ રાખીને જે સંતોની સેવા કરે છે તેને તે સ્વાર્થ અનુસારે ફળ મળે છે, પણ આગળ તેને વધારે ફળ મળતું નથી. ૨૯. જેને અપાર ફળ મેળવવું હોય તેણે નિઃસ્વાર્થભાવે મન પરોવીને સંતોની સેવા કરવી. આવી નિષ્કામ સેવા કરનારા ઉપર અમે ખૂબ રાજી થઈએ છીએ. ૩૦.

નિઃસ્વાર્થભાવે સેવા કરનારા ઉપર બધા સંતો રાજી થાય છે. પોતે પોતાના શરીરની હેતથી ચાહે તેવી રાત-દિવસ સેવા કરે છતાં તેમાં ક્યારેય અરુચિ થાતી નથી. પરંતુ તેનું ફળ રતીભાર પણ થતું નથી. આ વાત સહુને પ્રસિદ્ધ દેખાય છે. ૩૧-૩૨. **જે સંત અલૌકિક ભાવ રાખીને સંતની જેટલી સેવા કરે છે તેટલું અલૌકિક ફળ તેને મળે છે. તેમાં લગાર પણ મિથ્યા નથી. ૩૩.** માટે જેટલા હરિભક્તો કહેવાતા હોય તેમણે સંતોની સેવા અલૌકિક ભાવ રાખીને કરવી. કેમ જે, અલૌકિક ભાવે કરેલી સેવાનું ફળ અલૌકિક રહ્યું છે. ૩૪.

ચોપાઈ :

લોકિક ભાવ રખિકે જિતને, સંત કિ સેવા કરત હિ તિતને;
લોકિક જીવ રહત હે તાકે, સંત પર હિત ન હોવત હિ તાકે...૩૫
અલોકિક ભાવ વિન યહ જોऊ, સંત સમાગમ કરત હિ તોऊ;
લુક્ષ જીવ વરતત રહે તાહી, વિમુખ બિન વિમુખ દેખે આહી...૩૬

લૌકિક ભાવ રાખીને જેટલી સંતની સેવા કરે છે તે તો લૌકિક જીવ રહે છે. તેને સંત ઉપર હેત થાતું નથી. ૩૫. સંતોમાં અલૌકિક ભાવ વિના સંતસમાગમ કરતો રહે, તોપણ તેનો જીવ લૂખો જ રહે છે. તે વિમુખ ન હોવા છતાં વિમુખ જેવો જ દેખાય છે. ૩૬. **જેમાં જેટલો અલૌકિક ભાવ હોય છે તેટલો જ તેને સત્સંગ છે. જેમાં જેટલો લૌકિક ભાવ હોય તેવો તેનો સત્સંગ કહેવાય.** ૩૭. **જે સંતોની સેવામાં જેટલો અલૌકિક ભાવ રાખશે તેટલું તેને અલૌકિક ફળ મળશે.** ૩૮. **જેની જેવી સમજણ હોય તેને તેવું ફળ મળે છે. અલૌકિક અને લૌકિક ફળ તો બધું સમજણમાં જ રહ્યું છે.'** ૩૯. શ્રીહરિ કહે છે કે, 'બીમાર સંતને માટે જેટલું ગોળ, ઘી આદિક જોઈએ તેટલું હરિભક્તોએ આપવું. અમે તેના ખર્ચની રકમ અપાવશું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "જેતલપુરમાં શ્રીહરિએ બીમાર સંતોની અલૌકિક ભાવે સેવાનો મહિમા કહ્યો" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર ઓગણીશમું : તરંગ - ૩૯

સંતોનો મહિમા અને જેતલપુર આવેલા મુક્તમુનિને શ્રીહરિ હેતથી ભેટ્યા

✻ સંતમહિમા તથા બુદ્ધિનું ફળ :

જેતલપુર ગામના આશજીભાઈ, ગંગાદાસભાઈ અને બીજા જે સારા સત્સંગી હતા, તેઓએ શ્રીહરિની આગળ ઘણા પ્રેમથી કહ્યું. ૧. અમે સંતોના પ્રતાપથી જ આપના શિષ્ય થયા છીએ. એટલે અમારે મન સંતો કરતાં અધિક સગાં સંબંધી કે મા-બાપ સુધ્ધાં કોઈ નથી. ૨. બીમાર સંતો માટે જે વસ્તુ જોઈએ તે અમે આપીએ છીએ. તે સંતો રોજ અમને અલૌકિક પ્રેમ આપે છે. ૩. અમે તો જડબુદ્ધિવાળા હતા. મોક્ષ કોને કહેવાય ? તે બાબતમાં કાંઈ સમજતા જ નહિ. મોક્ષની વાત તો સંતોએ અમને સમજાવી છે. ૪. જડમતિવાળા મનુષ્યોને સંતો સુધારે છે. તે સંતોના સમાન બીજા કોઈ બુદ્ધિમાન નથી. વિવિધ પ્રકારની બુદ્ધિ રહી હોય છે. જેનો ગણતા પણ પાર પમાતો નથી. ૫.

પરંતુ મોક્ષમાર્ગ સિવાયની બીજી અપાર બુદ્ધિ હોય, તોપણ તે અલ્પ કહેવાય છે. જે ચક્રવર્તી રાજા થયો હોય છે, તેની બુદ્ધિ અપાર કહેવાય છે પણ તે રાજા જ્યાં સુધી મોક્ષમાર્ગને ઓળખતો નથી ત્યાં સુધી તે રાજા થયો હોવા છતાં કોઈ અર્થ સરતો નથી. અપાર બુદ્ધિ સિવાય ઈન્દ્ર અને બ્રહ્મા થઈ શકાતું નથી. ૬-૭. તેઓ પણ જ્યાં સુધી મોક્ષના માર્ગને ઓળખતા નથી ત્યાં સુધી અલ્પબુદ્ધિવાળા કહેવાય છે. પ્રધાન અને પુરુષનો અધિકાર મળે તેની બુદ્ધિ અપરંપાર હોય છે, પણ જ્યાં સુધી તેઓ મોક્ષમાર્ગને ઓળખતા નથી ત્યાં સુધી તેમને ભવભટકણ રહે છે. ચાહે તેટલી વિશાળ બુદ્ધિ હોય, તોપણ જ્યાં સુધી ભવભટકણ રહે અને મોક્ષનો માર્ગ ભુલાયેલો રહે ત્યાં સુધી તેની બુદ્ધિ અપાર હોવા છતાં કાંઈ ઉપયોગમાં આવતી નથી. જ્યારે મોક્ષમાર્ગને ઓળખે છે ત્યારે તેમાં રહેલી બુદ્ધિ ઉપયોગમાં આવી કહેવાય. ૮-૧૦.

રૂડી બુદ્ધિનું એટલું જ ફળ છે કે, મોક્ષમાર્ગને ઓળખવો. તે સિવાય અપાર સાધનોનું પણ ફળ એટલું જ છે કે, મોક્ષમાર્ગને ઓળખવો. ૧૧. જીવને મનુષ્યનું શરીર મળ્યું તેનું પરમફળ એટલું જ છે કે, તેને સારા જ્ઞાની મોક્ષદાતા સંત આવીને મળે. ૧૨. **જ્યાં સુધી મોક્ષ સિવાયનું બીજું ફળ જીવ ઈચ્છતો રહે છે ત્યાં સુધી તેને ભવભટકણની દોડાદોડ ચાલુ રહે છે. ૧૩. જીવનાં હૃદયમાં જ્યાં સુધી લૌકિક બુદ્ધિ આવીને નિવાસ કરી રહે છે ત્યાં સુધી સંતોની પાસે રહેવા છતાં અલૌકિક બુદ્ધિ થતી નથી. ૧૪.**

લૌકિકમતિવાળાને અલૌકિક સંતની સેવા કર્યાનું ફળ થાય છે. પછી તેને બીજા જન્મે અલૌકિકમતિ પ્રાપ્ત થાય છે.' ૧૫. તે હરિભક્તોએ શ્રીહરિની આગળ એમ કહ્યું કે, 'આ સંતો ઉપર કહ્યા મુજબની વાત અમને કહે છે. અમે તેને રોજ સાંભળીએ છીએ. તે કારણને લીધે અમને સંતોના ઉપર ઘણો પૂજ્યભાવ રહે છે.' ૧૬.

❋ જેટલો સંતોમાં ભાવ એટલો મોક્ષ :

चोपाई :

हरि कहे संत बिन भाव जितना, अधिक हि ओर में रहे तितना;
याके नाम सो बंधन रहेऊ, हरिजन कु देखना हि तेऊ...१७
अधिक भाव संत पर रखना, संत रहाये मोक्ष के करना;
मोक्ष के फल संत जो जितने, भगवान कु कहत हे तितने...१८
साचे संत कि एसे रीता, आप में नहीं करावत प्रीता;
भगवान की मूर्ति जो तामें, जन कु निवास करावत यामें...१९
भगवान के चरित्र हि जेता, भगवान प्रगट रहे तेता;
एसी समझ में प्रोक्ष हि ताके, भाव कबहु नहीं होवत वाके...२०
प्रत्यक्ष भाव विन मोक्ष तिनके, दृढता कबहु न होवत इनके;
प्रत्यक्ष भाव तामें जोऊ, जनके मोक्ष रहाये सोऊ...२१

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'સંતો સિવાય અન્ય બીજા કોઈ ઉપર જેટલો અધિક ભાવ રહે તેનું જ નામ બંધન કહેવાય છે. તેને સહુ હરિભક્તોએ સમજી રાખવું. ૧૭. સંતો ઉપર સહુથી વધારે પ્રેમભાવ રાખવો. કારણ કે,

સંતો જ મોક્ષ કરનારા છે. જેટલા સાચા સંતો છે તે મોક્ષનું ફળ ભગવાનને કહે છે. ૧૮. સાચા સંતોની એવી રીત હોય છે કે તેઓ કોઈ જીવને પોતામાં હેત કરાવતા નથી. સંતો તો ભગવાનની મૂર્તિમાં જીવને સ્થિર નિવાસ કરાવે છે. ૧૯. જેટલાં ભગવાનનાં ચરિત્રો છે તે રૂપે ભગવાન પ્રગટ રહે છે. આવી સમજણમાં ક્યારેય પરોક્ષભાવ થતો નથી. ૨૦. પ્રત્યક્ષભાવ સિવાય મોક્ષની દૃઢતા ક્યારેય થતી નથી. પ્રત્યક્ષભાવમાં જ જીવનો મોક્ષ રહ્યો છે. ૨૧. **પરોક્ષભાવમાં જીવને મોક્ષની દૃઢતા ક્યારેય થતી નથી. ભગવાન અને ભગવાનનાં જે ચરિત્રો છે તેને જે કાયમ જેટલા દિવ્ય દેખતો રહે છે તેટલો તે જીવ દિવ્યગતિને પામે છે. ભગવાન અને ભગવાનના ચરિત્રોને જે પરોક્ષભાવથી જુએ છે તેને તેવું ફળ મળે છે. ૨૨-૨૩.**

જેટલા જીવો ભગવાન થઈને પુજાતા રહે છે, તે બધા નરકનાં દુઃખ ભોગવનારા થાય છે અને લોખંડના જેવી જડ યોનિને પામે છે. ૨૪. પછી વારંવાર અગ્નિમાં ઘણીવાર સુધી તપે છે અને તેના માથે ઘણ અને હથોડાનો માર પડે છે, તેમાં કોઈ ફેર નથી. ૨૫. પછી તેને કેટલાય કલ્પ સુધી ક્યારેય મનુષ્યનું શરીર મળતું નથી, આ વાત સત્ય રહી છે.' ૨૬. શ્રીહરિ આટલી વાત કહીને જ્યાં ફૂલવાડી હતી ત્યાં પધાર્યા અને બધી ફૂલવાડી જોઈ. ૨૭. તે પછી શ્રીહરિ બોરસલીના ઝાડ નીચે આવ્યા. ત્યાં આસન બિછાવી દીધું હતું અને પોતે ફૂલોમાં ગરકાવ થઈ ગયા હતા. ૨૮.

(આ બોરસલીનો ઈતિહાસ જાણવા જેવો છે. :- એક વાર સંતદાસજી બદ્રિકાશ્રમમાં ગયા. ત્યાંથી માનસરોવરમાં ન્હાવા ગયા. ત્યાં ટાઢને લીધે મૂર્છિત થઈ ગયા. પછી શ્રીજીમહારાજે આવીને દર્શન દીધાં. અને કહે જે, ના પાડી તોય શીદ ન્હાયા ? પછી મૂર્છા ઉતારી દીધી. તે સમયે તેમની જોડે બદ્રિકાશ્રમના એક મુક્ત હતા. તેમને પણ મહારાજે દર્શન દીધાં. ત્યારે તે મુક્ત બોલ્યા જે, 'અહો અહો, હે મહારાજ ! હે કૃપાનાથ ! આજ મારાં મોટાં ભાગ્ય થયાં. જેથી સર્વાવતારી આપનાં દર્શન થયાં.' એવી રીતે ઘણી પ્રાર્થના કરી અને કહ્યું જે, 'હું ઘણા દિવસથી બદ્રિકાશ્રમમાં તપ કરું છું પણ મારો કોઈ આરો આવે તેમ જણાતું નથી. માટે મારું રૂડું થાય તેમ કરો.'

ત્યારે મહારાજે કહ્યું જે, 'નરનારાયણ તમારું રૂડું કરશે.' ત્યારે તે કહે જે, 'તે તો ઘણા કાળથી તપ કરાવે છે. માટે તે શું કરે ? ને તમે કરો તો જલ્દી મારું રૂડું થાય.' ત્યારે મહારાજે કહ્યું જે, 'ત્યાં બદ્રિકાશ્રમમાં માયા નથી ને ભરતખંડમાં તો છે. માટે બદ્રિકાશ્રમના મુક્તને માયામાં નખાય નહિ.'

ત્યારે તે મુક્તે કહ્યું જે, 'તમારી મરજીમાં આવે તેમ કરો, પણ મારું રૂડું થાય એવી કૃપા કરજો.' ત્યારે મહારાજ કહે, 'ઠીક.' એમ કહી શ્રીહરિ અદૃશ્ય થયા. પછી તે મુક્ત સંતદાસજીને બદ્રિકાશ્રમમાં લઈ ગયા.

પછી જેણે સંતદાસજીની સેવા કરી હતી અને શ્રીહરિને પ્રાર્થના કરી હતી, તે મુક્તને શ્રીહરિએ જેતલપુરની વાડીમાં બોરસડીનો જન્મ આપ્યો. તે વાત મહારાજે જેતલપુરમાં એકવાર કહી હતી જે, 'બદ્રિકાશ્રમના મુક્તરૂપી બીજ આ સ્થાનકે પડ્યું તે બીજ બોરસડીરૂપે થયું છે. તે શું ? તો અમે સંતદાસજીને દર્શન દેવા માનસરોવરે ગયા તે સમયે બદ્રિકાશ્રમના મુક્તે અમને સ્તુતિ સાથે કહ્યું હતું જે, મારો ઝટ છૂટકો થાય તેમ કરો. તે સારુ અમે તેને બોરસડીના ઝાડરૂપે આંહી મોકલ્યા છે.

અને જે વખતે બદ્રિકાશ્રમના મુક્તને અમે દર્શન દીધાં તે વખતે ત્યાં તાપ ઘણો હતો. તેથી તેણે ત્યાં છાંયા કરીને સ્તુતિ કરી હતી. તેથી તે મુક્તને માયામાં ન નખાય, માટે ઝાડરૂપે નાખ્યાં છે. તે દોઢસો-બસો વરસ રહેશે. પછી એ અક્ષરધામનો મુક્ત થઈને ભગવાનના અક્ષરધામમાં જશે. આમ, શ્રીહરિએ જેતલપુરમાં એકવાર વાત કરી હતી.)

જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે શ્રીહરિ ગામમાં પાછા આવ્યા. ત્યાં પલંગ ઉપર ગાદિતકિયા બિછાવી દીધેલા હતા, એટલે તેના ઉપર શ્રીહરિ બેઠા. ૨૯. જેતલપુરની આસપાસમાં જેટલા સંતો ફરવા ગયા હતા, તે સહુએ શ્રીહરિ પધાર્યા છે એવા સમાચાર સાંભળ્યા એટલે તેઓ ઘણા પ્રેમથી જેતલપુર આવ્યા. ૩૦. જ્યારે અપાર વરસાદ થાય છે ત્યારે જેટલી નદીઓ હોય છે તે જળપ્રવાહથી ઊંચી ચઢી આવે છે, તે રીતે બધાં સંતોનાં મંડળ જેતલપુર આવ્યા. ૩૧. જેટલાં સંતોનાં મંડળ આવતા હતા, તેમને

પ્યારા શ્રીહરિ અત્યંત હેતથી ભેટતા હતા અને ફૂલના હાર આપતા તેમજ પ્રેમથી બોલાવીને રાજી કરતા હતા. ૩૨.

સાંજે જ્યારે શ્રીહરિ અને સંતો આરતી અને નારાયણધૂન કરી રહ્યા, તે સમયમાં મુક્તાનંદસ્વામી આવી રહ્યા છે; એવા સમાચાર શ્રીહરિએ સાંભળ્યા. ૩૩. પાછલો દિવસ એક પહોર જ્યારે રહ્યો ત્યારે મુક્તાનંદસ્વામી અમદાવાદથી ચાલ્યા હતા. તે જ્યારે સૂર્ય અસ્ત થઈ ગયો ત્યારે અસલાલી ગામ પહોંચ્યા. ૩૪. કાર્તિક સુદિ નવમીને દિવસે જ્યારે ચંદ્રોદય થયો ત્યારે તેઓ અસલાલી ગામથી ચાલ્યા. તે સમયે માર્ગમાં કોઈ કોઈ જગ્યાએ કીચડ અને પાણી હતું. સહુ ધીરે ધીરે ચાલ્યા આવતા હતા.

મુક્તાનંદસ્વામીની સામે જવા માટેની વાત શ્રીહરિ મુખથી જ્યારે બોલ્યા ત્યારે જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો શ્રીહરિની સમીપે હતા, તે બધા મુક્તાનંદસ્વામીની સન્મુખ જવા ચાલતા થયા. ૩૫-૩૭. અસલાલીથી જેતલપુર સુધી સહુ એકતાર થઈ ગયા અને મુક્તાનંદસ્વામીને યોગ્ય રીતે મળતા રહ્યા. ૩૮. શ્રીહરિ તો જેતલપુરના સરોવરેથી જ તરત ચાલતા થયા. જ્યારે થોડાક દૂર આવ્યા ત્યારે તેમને મુક્તાનંદસ્વામી મળ્યા. ૩૯. શ્રીહરિ તેમને ઘણા હેતથી ભેટ્યા. મુક્તાનંદસ્વામીના ઉપર શ્રીહરિને હેત હતું, તેથી દિલમાં ઘણો આનંદ થયો અને તે વખતે સ્વામીને બધા કુશળ સમાચાર પૂછ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "સંતોનો મહિમા અને જેતલપુર આવેલા મુક્તમુનિને શ્રીહરિ હેતથી ભેટ્યા" એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૦

મુક્તમુનિનું જેતલપુર આગમન, સમાધિની સ્થિતિ અને દંભનું ખંડન

મુક્તાનંદસ્વામીનાં મંડળના જે સંતો અને પાર્ષદો હતા, તે સહુને શ્રીહરિ તે વખતે ભેટ્યા. ૧. ગુણાતીતાનંદસ્વામી આદિક ત્રીશ જેટલા સંતો અને રવાજી આદિક છ જેટલા પાર્ષદો હતા. ૨. જેતલપુર ગામના પશ્ચિમ તરફના દરવાજા તરફ વિશાળ ચોક હતો. ધર્મ-ભક્તિના સુપુત્ર શ્રીહરિએ ત્યાં આવીને સભા કરી. ૩. ગાડાં ઉપર પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બેસતા અને બે દિવસ સુધી ત્યાં સભા કરી હતી. ૪.

બે દિવસ જ્યારે રાત થતી ત્યારે સુખદાયક શ્રીહરિ ત્યાં આવીને સભા કરતા. અને દિવસે મહોલની જગ્યામાં જ્યાં આસોપાલવનું વૃક્ષ છે ત્યાં સભા કરતા. (તે સભામાં સંતો *'વાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે, મેં તો સર્વે મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે...'* એ વગેરે બ્રહ્માનંદસ્વામી તથા અન્ય સંતોના કીર્તનો બોલતા.) સંતો જ્યારે કીર્તન બોલી રહેતા ત્યારે સભામાં એવી શ્રીહરિ વાતો કરતા કે સાંભળનારા મનુષ્યોમાં લેશમાત્ર પણ દોષ રહે નહિ. ૫-૬.

શ્રીહરિ સભામાં જે વાતો કરતા તેમાં જીવનું ઘણું હિત રહેતું હતું. આ રીતે મનુષ્યોનું હિત કરવા માટે જ તો તેઓ દેશોદેશમાં વિચરણ કરતા હતા. ૭. શ્રીહરિ જેટલી વાત કહેતા હતા તેમાં જીવોનું હિત કરવા ઉપર તાન રહેતું હતું. શ્રીહરિ જેવું હિત કરતા રહે છે તેવું હિત કરતા તો કોઈને આવડતું નથી. ૮. કાર્તિક સુદિ દશમને દિવસ તો દેશદેશના અપરંપાર હરિભક્તો આવ્યા. કારણ કે, તે સહુને શ્રીહરિના ઉપર અપાર હેત હતું. ૯. તે સહુ હરિભક્તો વિવિધ પ્રકારના મેવા મીઠાઈ અને સારા સારા ફૂલના હાર, લગાતાર રીતે શ્રીહરિને માટે ઉપરા ઉપર અને હજારો હજાર લાવતા હતા. ૧૦.

શ્રીહરિની મૂર્તિ ફૂલના હારથી ઘણી જ શોભા ધરી રહી હતી. જે તેનાં દર્શન કરતા હતા તેઓ તે સ્વરૂપને એક પળવાર પણ ભૂલી શકતા

નહિ. ૧૧. શ્રીહરિ રોજ સંતોને ફૂલહાર આપતા હતા. અને સંતો તે હારને પ્રસાદીનું માહાત્મ્ય સમજીને હરિભક્તોને આપતા હતા. ૧૨. સંતો અને હરિભક્તોની જે સભા થતી હતી તે જાણે ફૂલથી ખીલેલો કોઈ બાગ હોય, તેવી પ્રફુલ્લિત દેખાતી હતી. ૧૩. આ રીતે રોજ રોજ સવારે અને સાંજે બનતું હતું. જે કોઈ પણ મનુષ્ય પ્રેમભાવથી દર્શન કરતા હતા તેને તે સમયે સમાધિ થતી હતી. ૧૪.

જે નરનારી હરિભક્તો અત્યંત સ્નેહથી જ્યારે પૂર્ણ થઈ જતા ત્યારે તેમને સમાધિ થાતી હતી. તેવા ભક્તોનો કોઈ પાર ન હતો. ૧૫. જેવી પ્રકટ પુરુષોત્તમ શ્રીહરિની મૂર્તિ હતી અને જેવી સંત-હરિભક્તની સભા હતી, તેવી જ સભા પોતાના અંતરમાં તે ભાવિક ભક્તો દેખતા હતા. અંદર અને બહાર કોઈ ફરક રહેતો નહિ. ૧૬. ભક્તજનો તે શ્રીહરિની મૂર્તિમાં જ્યારે અત્યંત સ્નેહથી લીન થઈ જતા હતા ત્યારે તેમને શરીરની લેશમાત્ર સ્મૃતિ રહેતી નહિ. ૧૭. જ્યારે ભક્તજનો શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા હતા ત્યારે સ્નેહને લીધે તેમના જીવ મૂર્તિમાં તત્કાળ લીન થઈ જતા હતા. કારણ કે, તે વખતે શ્રીહરિની તેવી ઈચ્છા રહી હતી. ૧૮.

ભગવાન સ્વામિનારાયણ તો સત્યસંકલ્પ છે. તેમનાથી કોઈને વધારે સમર્થ કહી શકાય નહિ. પોતે જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા ત્યાં સુધી લોકોને સમાધિ થાય, તેવી શ્રીહરિએ ઈચ્છા રાખી હતી. પરંતુ પછીથી સમાધિને બંધ કરી હતી. પ્રત્યક્ષ શ્રીહરિની મૂર્તિ સિવાય કોઈ પણ મનુષ્યને સમાધિ નહોતી થતી. ૧૯-૨૦. કેટલાક દંભી લોકો લોકોને દેખાડવા માટે માનો સમાધિ કરતા હોય છે, પણ તે દંભી લોકોની સમાધિ પ્રમાણરૂપ થતી નથી. દંભી તરત ઓળખાઈ જાય છે. ૨૧. શ્રીહરિએ કહ્યું હતું કે, 'અમે જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહીશું ત્યાં સુધી સમાધિ સાચી રહેશે.' શ્રીહરિને ભક્તજનો ઉપર ઘણું હેત હતું. તેથી આવી વાતો કરતા રહેતા. ૨૨. સત્સંગમાં જેટલા દંભી હોય છે તે બધા સાચા સંતો અને હરિભક્તો કરતાં પોતાનું વર્તન વધારે સારું દેખાડે છે. અને સાચા ભક્તોમાં દોષ દેખાડે છે. ત્યારે જે વિશ્વાસી લોકો હોય છે, તે તેવા દંભી લોકોને ભગવાનની સમાન માનીને, ૨૩-૨૪.

ઘણા ભાવથી તેને પૂજે છે અને તે સિવાયના સંતોમાં દોષભાવ દેખે છે. જેવો તે દોષ જુએ તેવું તેને દોષ જોવાનું ફળ મળે છે. ૨૫. સત્સંગમાં પણ જે વધારે દંભી હોય છે, તે પોતાનું વર્તન દંભે કરીને અધિક રાખે છે. કારણ કે, અધિક વર્તનવાળાને સહુ લોકો માને પૂજે છે. ૨૬. જે સરલ ચિત્તના નિર્દંભી સાચા સંતપુરુષ હોય છે તેને લોકો માનતા નથી. પણ જે લોકોને ઠગવા માટેનું જ વર્તન કરતા હોય છે, તેને લોકો સહુથી વધારે માનતા હોય છે. ૨૭. દંભી માણસને અંધવિશ્વાસી લોકો ભગવાન કરતાં પણ વધારે માને છે. પણ જે બુદ્ધિશાળી લોકો છે તે સરળ સ્વભાવના સારા સંત હોય છે તેને માને છે. ૨૮.

જે ઉપરથી દંભી હોય છે તેનો સત્સંગ વધારે દેખાય છે. જે દંભી લોકો છે તે ધીરે ધીરે પોતાનામાં સહુથી અધિક મહત્તાને દેખાડે છે, જે કોઈના કળ્યામાં આવતું નથી. પરંતુ **જે નિર્દંભી નિપુણ સંતો છે તે તો ભગવાન કરતાં અધિક કોઈને દેખતા નથી.** ૨૯-૩૦. આવા જે સાચા સંતો છે તે દંભી મનુષ્યના દંભને નખથી શિખાપર્યંત જાણતા હોય છે, પરંતુ તેની પ્રતિષ્ઠાનો ક્યારેય તે ભંગ કરતા નથી. ૩૧. પણ જેટલા દંભી લોકો છે, તેનાથી જેટલો બની શકે તેટલો સાચા સંતોનો દ્રોહ કર્યા સિવાય છાના રહેતા નથી. દ્રોહ કરવા છતા તેઓ ઉપરથી તો પ્રામાણિક ડાહ્યા શાહુકાર જેવા રહે છે. ૩૨.

જે સંતો અને હરિભક્તો રાત-દિવસ તેવા દંભીનો સમાગમ કરે છે, તેને બીજા નિર્દંભી સાચા સંતો-ભક્તોમાં દંભીના જેટલો ભાવ રહેતો નથી. જેટલો ભાવ ન રહે તેટલો કુસંગ થયો કહેવાય. છતાં તે કુસંગને અધિક સત્સંગ કરીને માને તેનું નામ મોહ કહેવાય છે. તેવા મોહને જ તે લોકો સત્સંગ માને છે. ૩૩-૩૪. જે સાચા સંતો-ભક્તો છે, તે સત્સંગના નિયમમાં રહે છે અને ધર્મ-ભક્તિને ઘેર જે ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા તેમાં જ એક તાન રાખે છે, તેમના સિવાય ચાહે તેવા કોઈ મોટા રહ્યા હોય પણ તેને ક્યારેય અધિક માનતા નથી, તેવા સંતો-ભક્તો શ્રેષ્ઠ છે. ૩૫- ૩૬.

❋ દાસ અને પ્રેમી ભક્ત મહાન છે :

આવા જે સંતો-ભક્તોને જે લોકો દંભી કહે છે તેના તુલ્ય આ ભૂમિ ઉપર બીજો કોઈ પાપી નથી. ૩૭. સાચા સંતો-ભક્તો કરતા વધારે મોટા થવાને માટે જ જે સત્સંગ કરે છે, તેને દંભી કહેવાય છે. ૩૮.

सोरठा : श्रीहरि संत हरिजन, ताके दास हि तिन महिं;
प्रित रहे जेही अति मन, संत हरिजन अधिक तेही...३९
संत पर प्रित न जाय, रहत नहीं छिपाय तेही;
देखे आवत ताय, निरजीव सम होउ रहत...४०

શ્રીહરિ, સંતો અને હરિભક્તોના જે દાસ હોય તેમના પ્રત્યે જેના મનમાં અતિશય પ્રેમ રહેતો હોય તેવા સંતો-ભક્તો સહુથી મહાન છે. ૩૯. જેને સંતોની ઉપર પ્રેમ ન હોય તે ક્યારેય છુપાયો રહેતો નથી, તે તો દેખાઈ આવે છે. જેને સંતો-ભક્તો ઉપર પ્રેમ નથી તેઓ તો મડદા જેવા છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "મુક્તમુનિનું જેતલપુર આગમન, સમાધિની સ્થિતિ અને દંભનું ખંડન" એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૧

જેતલપુરમાં સભા કરી શ્રીહરિનું હિતાહિત અંગે વિવેચન

શ્રીહરિ સંતોની અનુપમ સભા કરીને બેઠા હતા ત્યારે ઘણી અદ્‌ભુત શોભા થઈ હતી. કારણ કે શ્રીહરિ રાજાધિરાજ છે. ૧. મુક્તાનંદસ્વામીની સાથે રવાજી નામે જે પાર્ષદ હતા, તે ઘણા બુદ્ધિમાન હતા. ૨. અમદાવાદના શાહુકારે જે શેલા આપ્યા હતા તે મુક્તાનંદસ્વામીની મરજી લઈને રવાજી લાવ્યા હતા. ૩. તે શેલા શ્રીહરિને ઓઢાડ્યા. ત્યારે તેઓ બોલ્યા કે, 'તમે આ શેલા ક્યાંથી લાવ્યા છો ?' ત્યારે રવાજીએ હકીકત કહી. ૪.

રવાજીએ કહેલી વાત સાંભળીને શ્રીહરિ રાજી થયા અને કહ્યું કે, 'મુક્તાનંદસ્વામી ઘણા નિપુણ છે. અમારી મરજી હોય તે પ્રમાણે તેઓ

કરે છે. ૫. **મરજી પ્રમાણે વર્તવું તેમાં અતિશય મોટપ રહી છે. જે મરજી અનુસારે વર્તતા હોય, તેમાં જે તુચ્છતા સમજે છે એવા ગુરુ હોય કે રાજા હોય, તોપણ તેને વારંવાર ધિક્કાર છે. આવું નીતિશાસ્ત્ર કહે છે અને અમે પણ તે પ્રમાણે જ કહીએ છીએ.' એમ શ્રીહરિએ કહ્યું.** ૬-૭. મરજીમાં જેટલું કાંઈ સુખ કહેવાય છે તે બધું આવીને રહ્યું છે. મરજી વિના જેટલું કરવું તેમાં તેટલી અપ્રસન્નતા રહી છે. ૮. જે સંત ત્યાગી થઈને અમે ઈચ્છા ન જણાવી હોય, તોપણ અમારે માટે ઘણું હેત લાવીને આવી સેવા કરે છે. તે હેત સિવાય ક્યારેય થઈ શકે નહિ. ૯. આમાં તો ઘણી વાત રહી હોય છે. તેને કોઈક જાણકાર જ સમજી શકે છે. જેવી વાત હોય તેવી યથાર્થરૂપે જાણવામાં તો ઘણી તપાસ કરવી પડે છે. ૧૦.

જેટલું તપાસ કર્યા વિના બોલે છે, તેમાં દ્રોહ થયા સિવાય રહેતો નથી. માટે એક વાત બોલવાની હોય તેમાં સોવાર તપાસ કરવી જોઈએ. ૧૧. જે બોલવામાં બીજાનું હિત થાય, હિત સમાયેલું હોય તેવું જ વચન પોતાનાં મુખથી બોલવું જોઈએ. તેવું હિતકારી વચન જે બોલે તેના ઉપર જ સહુને પ્રેમ થાય છે, પણ આવી વાત કરવી ઘણી કઠણ છે. ૧૨.

પારકું અહિત થાય એવી જે વાત કરવી તે ખરેખર વાત નથી તે તો ઉત્પાત છે. તે અમને દેખ્યામાં આવે છે. ૧૩. જેવું અમને દેખાય છે, તેવી અમે વાત કરીએ છીએ. જે જેવી વાત કરે છે તેને તેવું ફળ ચોક્કસ મળે છે. ૧૪.

❋ બીજાના ભલામાં આપણું ભલું :

दोहा : ओरके जितना हीत, इछत तितनो हित तेहि;
होवत नित जो नीत, हित कहित आपमें रहे...१५
ओर ताके कहीत, इछत जितना मन हि जोउ;
ताके होत खचीत, कहित तितना कहत हि हम...१६

જે માણસ બીજાનું જેટલું હિત ચાહે છે તેટલું તેનું પોતાનું નિત્યપ્રત્યે હિત થાય જ છે. પોતાનું હિત અથવા તો અહિત પોતામાં જ રહેલું હોય છે.૧૫.

જે માણસ પોતાના મનમાં બીજાનું જેટલું અહિત ઈચ્છે છે તેનું તેટલું જરૂર અહિત થાય છે. તેમ અમે કહીએ છીએ. ૧૬. સત્સંગ કરવો તેમાં હિત રહ્યું છે અને કુસંગ કરવો તેમાં અહિત રહ્યું છે. ચોરી ન કરવી તેમાં હિત રહ્યું છે અને ચોરી કરવામાં અહિત રહ્યું છે. ૧૭. છિનાળું(વ્યભિચાર) ન કરવું તેમાં હિત રહ્યું છે અને છિનાળું કરવામાં અહિત રહ્યું છે. દારૂ નહિ પીવામાં હિત રહ્યું છે અને દારૂ પીવામાં અહિત કહેવાય છે. ૧૮.

માંસ ન ખાવામાં હિત રહ્યું છે અને માંસ ખાવામાં અહિત કહેવાય છે. જેટલા કુફેલ કહેવાય છે તેનો ત્યાગ કરવામાં હિત રહ્યું છે. ૧૯. અને જે કુફેલ કરવા તેને અહિત કહેવાય છે. કુફેલમાં ક્યારેય યશ મળતો નથી. કેફ અને બહુ પ્રકારનાં વ્યસનો ન કરવા તેમાં અપાર હિત રહ્યું છે. ૨૦. જેટલા કેફ અને વ્યસન છે, તે કરવામાં અહિત રહ્યું છે. જે લોકો મોટા રાજા કે હાકેમનું પદ પામે છે, ૨૧. તેમણે શુભ શુભ બાબતોને જોઈને કાયદા અમલમાં લેવા જોઈએ અને અસત્ય વાતનો ત્યાગ કરાવવો જોઈએ. કારણ કે, રાજા કે અધિકારી સિવાય તે બધું કરવામાં લાગ આવતો નથી. ૨૨.

જે અભિમાન વિનાના રાજા કે અધિકારી હોય છે, તો તેનું કાર્ય સુધરી જાય છે અને એવા સારા સત્તાધીશની મદદ ભગવાન તત્પરતાથી કરતા રહે છે. ૨૩. જ્યાં જેટલી શુભબુદ્ધિ હોય છે ત્યાં તેટલો ધર્મ નિવાસ કરીને રહે છે. અને જ્યાં ધર્મ હોય છે ત્યાં ભગવાન પણ આવીને નિવાસ કરીને રહે છે. ૨૪. **જ્યાં સુધી શુભબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેમાં ધર્મ રહે છે અને જ્યાં સુધી મનુષ્યમાં ધર્મ રહે છે ત્યાં સુધી તેમાં ભગવાન વસે છે, તેમ કહેવાય છે. ૨૫.** નીતિની જગ્યાએ જ્યારે અનીતિનું બળ વધી જાય છે ત્યારે નીતિનું કાંઈ ચાલતું નથી પછી તો બધી જગ્યાએ અનીતિ જ રહે છે. ૨૬.

જ્યારે અનીતિનું રાજ્ય હોય છે ત્યારે કોઈને સુખ રહેતું નથી અને ઠેકાણે ઠેકાણે દુઃખ જ રહે છે. ૨૭. અનીતિમાં દુઃખ રહ્યું છે તથા નીતિમાં સુખ રહ્યું છે. જે લોકો નીતિથી વિમુખ હોય છે, તેઓ અનીતિમાં સુખ કહે છે. ૨૮. જે લોકો અનીતિમાં સુખ માને છે તેઓ નીતિના રાજ્યને

ઝેર જેવું કહે છે. ૨૯. તેવા જેટલા મનુષ્યો હોય છે, તે ક્યારેય સત્સંગ કરતા નથી. જેને નીતિનું રાજ્ય સુખરૂપ લાગે છે તેવા લોકો જ અનુપમ સત્સંગ કરે છે. ૩૦. નીતિ અને સત્સંગ, તે બંનેની એક જ સરખી પરમ પુનિત રીત છે. નીતિને લીધે વ્યવહારમાં માણસને ક્યારેય દુઃખ થાતું નથી. ૩૧. જેટલી નીતિ હોય તેટલું મનુષ્યને સુખ રહે છે. તે નજર કરવાથી પ્રગટ દેખાય છે. અનીતિ કરનારા લોકો અનીતિથી તેટલું જ દુઃખ પામે છે છતાં પણ, ૩૨.

જે કુબુદ્ધિવાળા મનુષ્યો છે તે અનીતિના સુખને ચાહે છે, પણ આ લોક કે પરલોકમાં કુબુદ્ધિવાળા લોકોને અનીતિમાં ક્યારેય સુખ મળતું નથી. ૩૩. સત્સંગ કરવાથી આ લોક અને પરલોકમાં અપાર સુખ થાય છે. જે નીતિવાળા લોકો છે, તે સત્સંગ કરીને સુખ પામે છે. ૩૪. જેને નીતિ ગમે છે તે શુભબુદ્ધિવાળા કહેવાય છે. સદ્‌બુદ્ધિમાં જ બધું સુખ રહ્યું છે. જ્યારે ભગવાન પ્રગટ થાય છે ત્યારે કાને ન સાંભળ્યું હોય તેવું નીતિનું અદ્દલ અલૌકિક રાજ્ય પ્રગટ થાય છે. અદ્દલ નીતિવાળા રાજ્યને લીધે લોકો હરખભેર સત્સંગ કરે છે. ૩૫-૩૬.

પ્રગટ ભગવાનનો આવો તો અપાર પ્રતાપ છે. જેને અનેક લોકોનો ઉદ્ધાર કરવા માટે તે ભગવાન પ્રગટ કરે છે. ૩૭. જે લોકોને અનીતિ ગમે છે તેને અનીતિનાં પાપને લીધે ભગવાનનો પ્રતાપ દેખ્યામાં આવતો નથી. ૩૮. જેને નીતિ જ ગમે છે તેને ભગવાનનો પ્રતાપ દેખાય છે. તેને જ સત્સંગ થાય છે. ૩૯. પછી જ્યાં મહારુદ્ર યાગ કર્યો હતો ત્યાં વડ હતો તે ઠેકાણે એકાદશીના દિવસે ઘણી વિશાળ જગ્યા દેખીને પરમ ચતુર શ્રીહરિએ સભા કરી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "જેતલપુરમાં સભા કરી શ્રીહરિનું હિતાહિત અંગે વિવેચન" એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૨

સફળ મનુષ્યજીવન, શ્રીહરિની પૂજા અને ઈશ્વરભાઈને વળગેલો બ્રહ્મરાક્ષસ

દેશના જેટલા શહેરો અને ગામોમાં હરિભક્તો હતા, તે બધા ત્યાં જેતલપુરમાં આવ્યા. ૧. ગામમાં ન સમાય તેટલા અપાર હરિભક્તો આવ્યા. કેટલાક તો કોટમાં ઊતર્યા અને કેટલાક કોટની બહાર ઊતર્યા. ૨. કાર્તિક સુદિ નવમીથી પૂનમ સુધી શ્રીહરિએ ત્યાં દર્શન આપ્યાં. પણ તેથી અલગ તેરસની રાતે શ્રીહરિ અમદાવાદમાં રહ્યા હતા. ૩. પછી સહુ હરિભક્તોએ મળીને એકાદશીને દિવસ ધર્મદેવની જયંતીનો વિધિએ સહિત ઉત્સવ કર્યો. ૪.

સહુ હરિભક્તોએ મળીને ધર્મદેવનો જન્મોત્સવ કર્યો. અને તે પછી શ્રીહરિની સહુએ પૂજા કરી. ૫. હરિભક્તોના મનમાં જેવો ભાવ હતો, તેવી શ્રીહરિની પૂજા કરી. પછી વડલાની ડાળીએ પલંગનો ઘણો સરસ હિંડોળો બાંધ્યો. ૬. તે પલંગ ઉપર ગાદીતકિયા બિછાવી દીધા હતા. શ્રીહરિ ત્યાં આવીને તે હિંડોળા ઉપર બેઠા અને હરિભક્તો પૂજા કરવા લાગ્યા. ૭. હરિભક્તો જાત જાતનાં સોનાનાં ઘરેણાં અને વિવિધ પ્રકારનાં વસ્ત્ર અપરંપાર લાવ્યા હતા. તે શ્રીહરિને પહેરાવીને સહુએ અલભ્ય લાભ લીધો. ૮. કેટલાક ફૂલના હાર, તોરા, બાજુબંધ અને અપાર ગુચ્છ પહેરાવ્યા. કેટલાક ભક્તો કપૂરના હાર, કપૂરના તોરા તથા બાજુબંધ લાવ્યા હતા. ૯. કેટલાક હરિભક્તો વિવિધ પ્રકારના મેવાના થાળ ભરી ભરીને લાવ્યા હતા. અને કોઈ હરિભક્તો વિવિધ પ્રકારની મીઠાઈ લાવ્યા હતા. ૧૦.

❋ હરિ અને સંતની સેવાનો મહિમા :

હરિભક્તોને શ્રીહરિની ઉપર ભાવ હતો. તે ભાવને લીધે જ દિવ્ય લાભ લઈ રહ્યા હતા. **શ્રીહરિને નિમિત્તે અને સંતોને નિમિત્તે ભક્તજનો જેટલો ખર્ચ વગેરે કરે છે, તે જ બધું પરલોકમાં તેની સાથે રહે છે. ભગવાન તથા સંતોને માટે જેટલું નથી કરાતું તે જીવની સાથે પરલોકમાં ક્યારેય આવતું નથી. ૧૧-૧૨.** આવું જાણીને બધા હરિભક્તો શ્રીહરિ અને સંતોને માટે ઘણી

તત્પરતાથી પ્રેમપૂર્વકની સેવા કરતા હતા. ૧૩. જ્યારે ભગવાને આવીને માગ્યું ત્યારે બલિરાજાએ ગુરુનાં વચનને તજી દઈને પણ પોતાનું સર્વસ્વ ભગવાનને આપ્યું હતું. તેનાથી તેનો યશ યુગ યુગ સુધી રહ્યો છે. ૧૪.

જે મનુષ્ય જીવન પર્યંત ભગવાન નિમિત્તે અને સંતોને નિમિત્તે સેવાકાર્ય કરે છે, તેણે જ મનુષ્યજન્મનું ફળ લીધું છે. ૧૫. જેટલાં શાસ્ત્રો છે તેમાં મનુષ્યશરીરનું સર્વોચ્ચ ફળ ભગવાન અને સંતોની સેવા કરવી એટલું જ કહ્યું છે. તેનાથી અધિક કોઈ ફળ નથી. ૧૬.

चोपाई :

मायिक वस्तु से जन हि जोऊ, अमायिक पावत फल हि सोऊ;
अमायिक हरि संत हि रहेऊ, तिनके जोग हि करिके तेऊ...१७
अमायिक फल पावत रहाते, हरि संत हित जे ते कराते;
मनुष्य तनकु पायके जेहा, हरि संत हित करत हि न तेहा...१८
मनुष्य तन के लिये न लावा, अमुलख मनुष्य तनकु पावा;
मनुष्य तन पाये सो न पाये, हरि हि संत हित कछु न कराये...१९

માણસને માયિક પદાર્થથી જે અમાયિક(દિવ્ય) ફળ મળે છે તે તો દિવ્ય એવા શ્રીહરિ અને તેમના સંતોને યોગે કરીને જ મળે છે. ૧૭. ભગવાન અને સંતોને માટે જે કાંઈ કરવામાં આવે છે તેનું દિવ્ય ફળ મળે છે. જે મનુષ્ય આ શરીરને પામીને ભગવાન તથા સંતોને અર્થે કાંઈ કરતો નથી, તો તેણે મનુષ્યદેહનો કાંઈ લાભ લીધો ન ગણાય. આવું અમૂલ્ય મનુષ્યશરીર મળ્યું હોવા છતાં ભગવાન અને સંતોને માટે કાંઈ સેવાકાર્ય ન કર્યું, તો મનુષ્યશરીર મળ્યું તે ન મળ્યા બરાબર છે. ૧૮-૧૯. જેટલા વિવેકી હરિભક્તો હતા, તેઓ જ્યારે ભેળામળીને બેસતા ત્યારે પરસ્પર ઉપર કહેલી વાતોને કહેતા, ત્યારે તે સમયે તેનાં હૃદયમાં ઘણો ઉત્સાહ થતો હતો. ૨૦.

જેટલા પરમ વિવેકી હરિભક્તો હતા તે બધા ઊઠતાં, બેસતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સૂતાં તેમજ જે કાંઈ ઉદ્યમ કરતા હતા, તેમાં વારંવાર સેવાનો શુભ સંકલ્પ નદીના અખંડ પ્રવાહની જેમ એકતાર કરતા રહેતા હતા. ૨૧-૨૨.

આવા સેવાના મહિમાવાળા જે કોઈ પણ બાઈ-ભાઈ હરિભક્ત હતા તે કોઈ આ લોકના ન હતા, પરંતુ ભગવાનનાં ધામમાંથી જ આવેલા હતા. ૨૩. ભક્તનું વર્તન અને હૃદયનો ભાવ હોય તે દેખાઈ આવે છે. ભાવ અને વર્તન છુપાવ્યાં રહેતા નથી. જે હરિભક્તો આ લોકના હોય તે તેનું વર્તન અને ભાવ કહી દે છે. ૨૪. વર્તન અને ભાવરૂપી દરવાજા દ્વારા મનુષ્ય જેવો હોય તેવો યથાર્થરૂપમાં દેખાય આવે છે. તે રંચમાત્ર પણ છુપાતો નથી. ૨૫. માણસ જેવી વસ્તુને ખાય છે તેને તેનો ઓડકાર અને શ્વાસ તરત તે વસ્તુ જેવી હોય તે કહી દે છે. ૨૬.

જે હરિભક્ત જે પ્રકારના હોય તેને તેનું વર્તન અને ભાવ કહી બતાવે છે. આ રીતે જે પાકા હરિભક્તો હતા તે વાતો કરતા હતા. ૨૭. જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા શ્રીહરિ અને સંતોની વિવિધ પ્રકારની પૂજા અત્યંત ભાવથી કરતા હતા. ૨૮. કેટલીયે પ્રકારનાં વાજિંત્રો ઉત્સવને દિવસે વાગતાં હતાં અને ધૂપ, દીપ વગેરે કરીને હરિભક્તો વારંવાર અંતરમાં ઘણા પ્રેમથી શ્રીહરિની આરતી કરતા હતા અને પોતાને ધન્યભાગ્યશાળી ગણીને પ્રગટ શ્રીહરિનાં દર્શન થવાથી આ અવસરને અલૌકિક માનતા હતા. ૨૯-૩૦. સમૈયામાં જે હરિભક્તો આવ્યા હતા તે બધા એવી વાત સમજતા હતા કે, પ્રગટ શ્રીહરિ અને સંતનો આવો પવિત્ર સંયોગ ફરી ક્યારેય મળશે નહિ. ૩૧. શ્રીહરિનું સ્વરૂપ તો ફૂલહારમાં ઢંકાઈ ગયું હતું. જ્યારે સંધ્યાસમય થયો ત્યારે વાળંદોએ મશાલો પ્રગટાવી અને પછી સંતો ***'ફૂલની બની રે શોભા ફૂલની બની,'*** **ગોડીનાં પદ બોલ્યા.** પછી આરતી અને ધૂન કરી. ૩૨.

જેટલા સંતો હતા તે ફૂલના હારને લીધે અપાર શોભી રહ્યા હતા. પછી તેઓ બધા વર્ણી, સંન્યાસી અને સંતોની સભામાં બેસી ગયા. ૩૩. વર્ણીના ભેળા વર્ણી બેઠા અને સંન્યાસીના ભેળા સંન્યાસી બેઠા. તે બધા સંતોની જેમ જ શોભી રહ્યા હતા. ૩૪. જેને જ્યાં જેમ ઘટે તેમ તે રીતે સહુ સંતો અને હરિભક્તો સભામાં બેઠા. સંતો ભેળા સંતો અને પુરુષ હરિભક્ત પુરુષોમાં જઈને બેઠા. ૩૫. હરિભક્ત બાઈઓ બાઈઓ ભેળી બેઠી. સહુ

શ્રીહરિની સન્મુખ દેખી રહ્યા હતા. તેમાં રામાનંદસ્વામીના સમયના સંન્યાસી દેવાનંદસ્વામી હતા, ૩૬.

તેઓ બે હાથ જોડી, મસ્તક નમાવીને બહુનામી શ્રીહરિની આગળ વિનંતિ કરતા બોલ્યા, 'મહારાજ, આપ સાંભળો. ૩૭. મહુધા ગામમાં ઈશ્વરભાઈ નામે એક ખેડાવાળ વિપ્ર વેદપુરુષ છે. ૩૮. તેમને સંન્યાસી નિત્યાનંદસ્વામીએ સત્સંગના નિયમ ધરાવ્યા છે. હે અવિનાશી ! તેમને એક ઘણું મોટું દુ:ખ આવ્યું છે તેથી આપની પાસે લાવ્યા છે. ૩૯. તેના સગા કાકા મરીને બ્રહ્મરાક્ષસ થયા છે. તે તેમને વળગ્યા છે, તો આપ તેની મદદ કરો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "સફળ મનુષ્યજીવન, શ્રીહરિની પૂજા અને ઈશ્વરભાઈને વળગેલો બ્રહ્મરાક્ષસ" એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૩

શ્રીહરિએ મહુધાના વિપ્ર ઈશ્વરના શરીરમાં રહેલા બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યો

ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તે ઈશ્વરભાઈ વિપ્ર ક્યાં છે ? તેને લાવો. આપણે બ્રહ્મરાક્ષસને તરત દૂર કરીએ. ૧. આ સંતસભા અને સત્સંગનો અપાર પ્રતાપ છે. જે મનુષ્ય દૃઢ સત્સંગ કરે છે તે સંસારના પારને પામી જાય છે. ૨. ત્યારે સંન્યાસી દેવાનંદસ્વામીએ તે વિપ્રને બોલાવ્યા. પછી તે પાસે આવીને બેઠા અને તેણે શ્રીહરિની સામે જોયું. ૩. તે બ્રહ્મરાક્ષસ વિપ્રના શરીરમાં આવ્યો અને તે બૂમો પાડવા લાગ્યો કે, 'હું ખૂબ જ બળું છું.' ૪.

ત્યારે શ્રીહરિએ બ્રહ્મરાક્ષસને કહ્યું, 'આ વિપ્ર હવે સત્સંગી થયા છે ને હવે સ્વામિનારાયણ એવા અમારા શરણે થયા છે. ૫. હવે તું અમારી આજ્ઞાથી આ ઈશ્વરભાઈના શરીરને છોડી દે. તું અમારાં આજ્ઞા-વચનને કેવાં

સમજે છે ? તે અત્યારે તારા મુખથી બોલ.' ૬. ત્યારે તે બ્રહ્મરાક્ષસે કહ્યું, 'આપ તો સાક્ષાત્ પરમેશ્વર છો માટે હવે આપ મારો ઉદ્ધાર કરો. પછી હું આ ઈશ્વરભાઈના શરીરમાં લગાર પણ રહીશ નહિ.' ૭. ત્યારે શ્રીહરિએ તેને કહ્યું, 'તું કોણ છો ? અને આ વિપ્રના શરીરમાં ક્યાંથી આવ્યો છો ? વળી, તું શા કારણથી બ્રહ્મરાક્ષસ થયો છો ? તેનું જે નિમિત્ત હોય તે કહે. ૮.

કોઈ નિમિત્ત વિના બ્રહ્મરાક્ષસની યોનિને મનુષ્ય પામી શકતો નથી.' ત્યારે તે બ્રહ્મરાક્ષસ બોલ્યો કે, 'હું આ ઈશ્વરભાઈનો કાકો થાઉં છું. ૯. મારા ખેતરમાં એક રાયણનું ઝાડ છે. મને તેમાં બહુ હેત રહી ગયું છે અને તે રાયણમાં હેત હોવાને લીધે મને તરત આ બ્રહ્મરાક્ષસની યોનિ પ્રાપ્ત થઈ છે. ૧૦. જ્યારથી મેં શરીર છોડ્યું છે ત્યારથી હું તે રાયણમાં નિવાસ કરીને રહું છું. જે કોઈ પણ મનુષ્ય મારી તે રાયણને કાપે છે, તેનાં પ્રાણને લીધા સિવાય હું રહેતો નથી. ૧૧. આ મારી પ્રસિદ્ધ વાતને સહુ લોકો જાણે છે અને તેથી જ બધા મારાથી ડરતા રહે છે. જે કોઈએ આ મારી રાયણને કાપી છે, તેના પ્રાણોને મેં તરત લીધા છે. ૧૨.

મારો ભત્રીજો આ ઈશ્વર તે વાતને જાણતો હતો છતાં તેણે આવીને રાયણને કાપી. મારી એ નિશ્ચિત વાત હતી કે તેને હું માર્યા સિવાય રહેત નહિ, ૧૩. પણ આ ઈશ્વરભાઈએ સત્સંગ કર્યો છે, તેને લીધે હવે હું તેનાથી ડરતો રહું છું, પરંતુ મારો મોક્ષ કરાવવાને માટે હું ક્યારેક તેમાં આવું છું.' ૧૪. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'આ અમારા જેટલા સંતો છે, તેમાં તું ચોક્કસ આવીને રહે. અમે તને આજ્ઞા કરીએ છીએ. ૧૫. અથવા તો આ જેટલા હરિભક્તો છે, તેમાં આવીને રહે. વળી આ જેટલી હરિભક્ત બાઈઓ છે, તેમાં તું આવીને રહે. ૧૬. કાં તું મારામાં આવીને રહે અથવા તો આ વડના વૃક્ષમાં કાયમ આવીને રહે.' ત્યારે તે બ્રહ્મરાક્ષસ બોલ્યો, 'હું જ્યારે આપને દેખું છું, ત્યારે ખૂબ જ બળું છું. ૧૭. મારાથી આ સંતોમાં પણ રહી શકાય તેમ નથી. તેમનો પ્રતાપ જોઈને હું બળી મરું છું. જો હરિભક્તોમાં આવીને રહું તો મને એક પળવાર પણ સુખ થાય નહિ. ૧૮.

નક્કી હરિભક્ત બાઈઓમાં હું ક્યારેય રહી શકું તેમ નથી. આપના આપેલા વ્રતમાન નિયમોનો ત્યાગ કરીને કોઈ વર્તતો હોય તો આપનાં વચનને લીધે કોઈક દિવસ હું તેમાં રહી શકું. અને જ્યાં આપે મહારુદ્ર યજ્ઞ કર્યો હતો, ત્યાં આ મોટું વડનું ઝાડ થયું છે. ૧૯-૨૦. આ જગ્યા તો અત્યંત ઉત્તમ થઈ છે એટલે મારાથી ત્યાં ટકી શકાતું નથી.' પછી શ્રીહરિએ સત્સંગી બાઈઓને કહ્યું કે, 'જેઓ વ્રતમાનમાં ગોબરા હોય છે, તેવી બાઈઓમાં ભૂત રહેવા માટે લલચાય છે.' ત્યારે હરિભક્ત બાઈઓએ કહ્યું કે, 'અમે લગાર પણ ગોબરું વર્તન રાખતા નથી. ૨૧-૨૨.

વ્રતમાનમાં ગોબરા મનુષ્યો ભૂત જેવા કહેવાય છે. તેથી તેવા ભૂતોમાં ભૂત રહી શકે છે, પણ અમે કાંઈ ગોબરા નથી વર્તતા. માટે જે ગોબરા હોય તેમાં ભૂત ભલે રહે.' ૨૩. ત્યારે શ્રીહરિએ કહ્યું કે, **'દુનિયાને દેખાડવા પૂરતો જ જેનો સત્સંગ હોય છે, તેના શરીરમાં ભૂત આવીને નિવાસ કરે છે. ૨૪. જે લોકોને ઠગવા માટે જ સ્વામિનારાયણનું નામ લેતા હોય છે તેવા લોકોમાં ભૂત આવીને રહે છે. ૨૫.** સ્વામિનારાયણ નામનો તો બહુ મોટો મહાન પ્રતાપ છે. (માટે સ્વામિનારાયણ...સ્વામિનારાયણ ભજન કરનારામાં ભૂત પ્રવેશી શકે નહિ, પણ) કપટી માણસમાં જ ભૂત નિવાસ કરીને રહે છે. ૨૬.

જેટલા ભૂત હોય છે, તે બધા કપટી લોકોને ઓળખી કાઢે છે. કારણ કે, તે ભૂતો પણ દેવયોનિમાં કહેવાય છે.' ૨૭. શ્રીહરિએ તે બ્રહ્મરાક્ષસને વારંવાર કહ્યું, 'તું આ બ્રાહ્મણને છોડી દે, અમે તારો મોક્ષ કરશું. ૨૮. શ્રીનરનારાયણ ભગવાન બદ્રિકાશ્રમમાં રહે છે અને જેટલા મોટા મોટા ઋષિઓ છે, તે પણ ત્યાં રહીને તપ કરે છે. ૨૯. તો હવે પછી તું બદ્રિકાશ્રમમાં જઈને તપને કર. પછી ત્યાં તું આ ભૂતયોનિમાંથી તત્કાળ ઉદ્ધાર પામીશ. આ વાત અમે ખરેખર સત્ય કહીએ છીએ.' ૩૦.

ત્યારે ભૂતે શ્રીહરિને કહ્યું કે, 'આપના આ ચરણારવિંદ જ્યારે હું મારી છાતી ઉપર ધારણ કરીશ ત્યારે ઈશ્વરભાઈના શરીરમાંથી નીકળીશ. ભલે આ બધી સભા દેખતી રહે. ૩૧. મારાં મનમાં એવી ભાવના રહે છે કે આપનાં

આ ચરણકમળ અત્યંત દુર્લભ છે. જે બ્રાહ્મણના શરીરને પામીને અનેક અપરાધ કરે છે તે, ૩૨. બ્રહ્મરાક્ષસ થાય છે. જે બ્રાહ્મણ સિવાયનો કોઈ પણ ભૂત થયો હોય તો તેને આપનાં ચરણ ક્યારેય મળતા નથી. ૩૩. આ દુનિયામાં જે જે તીર્થો થયા છે તે આપનાં ચરણ અંકિત થવાથી જ થયા છે. અને આપના ચરણથી જેટલા મનુષ્યો અંકિત થયા છે, તે સહુ પણ જગતમાં અત્યંત તીર્થરૂપ થઈ ગયા છે. આવા જે આપનાં ચરણ છે, તેનું વેદો, પુરાણો, શેષ અને મહેશ વગેરે રાત-દિવસ ગાન કરતા રહે છે. ૩૪-૩૫.

જે જે દેવ જેટલી અક્ષરપર્યંતની મોટપને પામ્યા છે તે બધા આપનાં આ ચરણના પ્રતાપે કરીને જ પામ્યા છે. ૩૬. આપના ચરણોનો જે પ્રતાપ છે તેને મૂઢ લોકો લેશમાત્ર પણ સમજતા નથી. અને તેને લીધે સંસારમાં તેઓ ભટકતા રહે છે. ૩૭. પછી શ્રીહરિએ પોતાનાં ચરણની સમીપે તે બ્રહ્મરાક્ષસને બોલાવ્યો ત્યારે તે આવ્યો અને પછી શ્રીહરિએ તેની છાતીમાં ચરણારવિંદની છાપ આપી. ૩૮. શ્રીહરિના ચરણોને તેણે ઘણી ભાવનાથી છાતી ઉપર લીધા. પછી તેણે ઈશ્વરભાઈના શરીરને છોડી દીધું. જ્યારે તેણે શરીર છોડ્યું ત્યારે તે બ્રહ્મરાક્ષસે ઘણી બૂમો પાડી અને શ્રીહરિના વચનને લીધે તે બદ્રિકાશ્રમમાં ગયો. ૩૯-૪૦. (પછી શ્રીહરિએ કહ્યું, સંતો કીર્તન બોલો. ત્યારે સંતો ***'નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદ્રીનાથ પ્રગટ જગ જાણી...'*** એ કીર્તન બોલ્યા.)

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ મહુધાના વિપ્ર ઈશ્વરના શરીરમાં રહેલા બ્રહ્મરાક્ષસનો ઉદ્ધાર કર્યો" એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૪

શ્રીહરિનો વ્યવહારમાં વિશ્વાસઘાત કર્યાથી બાપુભાઈ ભૂતના દેહને પામ્યા

મુક્તાનંદસ્વામીએ દાદા ખાચરને કહ્યું કે, સિદ્ધાનંદમુનિને મહોલના ઉપર દર કલાકે ઘંટ વગાડવા રાખ્યા હતા. તેણે તે સમયે ઘંટનાદ કર્યો. ત્યારે રાત્રીના નવ વાગ્યા હતા. તે સમયે શ્રીહરિ જ્યારે ઊઠ્યા ત્યારે ભક્તજનોએ જય બોલાવી. ૧-૨. ચોપદાર કુબેરસિંહે ઊંચે અવાજે પોકારીને ભગવાન સ્વામિનારાયણનો જય જયકાર કર્યો. ૩. તે સમયે સંતો અને હરિભક્તોની સભા ઊઠી અને કેટલાક હરિભક્ત તો જ્યાં સભા હતી તે સ્થળે જ સૂઈ રહ્યા. ૪.

જ્યારે બારસનો દિવસ થયો ત્યારે હરિભક્તોએ શ્રીહરિ તથા સંતોને માટે બ્રાહ્મણ પાસે રસોઈ તૈયાર કરાવી. પછી તેમણે શ્રીહરિ અને સંતોને જમાડ્યા. ૫. પછી રસોઈ આપનારાઓએ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિ તથા સંતોની પૂજા કરી, ફૂલના હાર પહેરાવ્યા અને શ્રીહરિને વસ્ત્ર તથા ઘરેણાં ધરાવ્યાં. ૬. ધૂપ, દીપ કરીને આરતી કરી. આ રીતે જેતલપુર ગામના હરિભક્તોએ અમૂલ્ય લાભ લીધો. જ્યારે બપોર થઈ ગયા ત્યારે શ્રીહરિ આવીને હિંડોળા ઉપર બેઠા અને આગળના ભાગમાં સભા થઈ, તેમાં સંતો અને હરિભક્તોનો કોઈ પાર રહ્યો નહિ. પછી સંતોએ ત્યાં કીર્તનગાન કર્યું. (તેમાં બ્રહ્માનંદસ્વામી ***'આજની ઘડી રે ધન્ય આજની ઘડી, મારા પ્રભુજી પધાર્યા ધન્ય આજની ઘડી.'*** એ પદ બોલ્યા.) તેની જે શોભા થઈ તે કહી શકાતી નથી. ૭-૮.

અમદાવાદના બાપુભાઈ નામે એક નાગર હતા. શ્રીહરિએ ડભાણમાં મહારુદ્ર કર્યો ત્યારે તેઓ પાકા હરિભક્ત થયા હતા. શ્રીહરિએ તેને પાકા સત્સંગી જાણીને તેમાં વિશ્વાસ મૂક્યો. શ્રીહરિની જે કાંઈ ચરણભેટ આવતી હતી તે બાપુભાઈની પાસે રખાવતા હતા, પણ શ્રીહરિ તેની કાંઈ તપાસ રાખતા નહિ. ૯-૧૦. શ્રીહરિ જેટલા હરિભક્તો હતા તેને પોતાની સમાન નિષ્કપટ માનતા હતા. શ્રીહરિની પાસે જે કાંઈ ચરણભેટનું દ્રવ્ય બાપુભાઈ દેખતા હતા, ૧૧. તેને ત્રણ-ચાર વરસ સુધી લેતા રહ્યા પણ જે દ્રવ્ય લેતા

તેને લખતા નહિ અને શ્રીહરિને નિમિત્તે જેટલો ખર્ચ થાતો તે બધાને લખી રાખતા હતા. ૧૨. શ્રીહરિએ જેટલા મહારુદ્ર યાગ કર્યા તે તે ગામ ગામના જે પાકા હરિભક્તો હતા તે પહેલેથી જ યજ્ઞ માટે પોતાની સંપત્તિ પ્રમાણે ઘી લખાવતા હતા. ૧૩-૧૪. પા મણ, અધ મણ, એક મણ, બે મણ, ત્રણ મણ, પાંચ મણ અને દશ મણ, સુધી ઘીને હરિભક્તો ઘણા હેતથી લખાવતા હતા. ૧૫. શ્રીહરિ દ્વારા જ્યાં સુધી મહારુદ્રયાગ કર્યા ત્યાં સુધી તેમાં આખા દેશમાંથી દસ શેરથી માંડીને દશ મણ સુધીનું ઘી આવતું હતું. ૧૬.

ગામે ગામના હરિભક્તો યજ્ઞ માટે મોકલાવેલા ઘીની યાદી પત્રમાં બાઈ-ભાઈના નામ સાથે લખીને લાવ્યા હતા. ૧૭. અને જ્યારે મહારુદ્રના યજ્ઞ ઉપર ગામે ગામના જે હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા ત્યારે તેઓ શ્રીહરિનાં ચરણમાં ઘીની લખેલી યાદીનો પત્ર મૂકતા હતા. ૧૮. હરિભક્તોના નામના જે કાગળ હતા તેને શ્રીહરિ વાંચી લેતા હતા. અને તે કાગળમાં લખેલા ઘીનું જે મૂલ્ય થતું હતું તેટલા રૂપિયા શ્રીહરિની આગળ તે ભક્તો મૂકતા હતા. ૧૯. તે આવેલા બધા ધનને નાગર બાપુભાઈ લઈ ગયા, પણ તેણે તે રૂપિયા હિસાબમાં ક્યારેય લખ્યા નહિ. તેમાંથી શ્રીહરિના કેટલાય રૂપિયા તેણે ગાયબ કરી દીધા. ૨૦.

પછી તેઓ શ્રીહરિની પાસે દસ-બાર હજાર રૂપિયા લેણાના લેવા આવ્યા. ત્યારે શ્રીહરિએ તે ચૂકાવી દીધા. ૨૧. પછી શ્રીહરિએ બાપુભાઈને તે જવાબદારીથી મુક્ત થયાનો કાગળ લખાવ્યો અને તેમાં દસ જેટલા સાક્ષીઓ રખાવ્યા હતા. પછી તે બાપુભાઈ જ્યારે મર્યા ત્યારે ભૂત થયા. અને પોતાના સગાભાઈમાં આવીને બોલ્યા, ૨૨. 'સ્વામિનારાયણ ભગવાનનું દ્રવ્ય મેં ખાનગીમાં લઈ લીધું હતું. તે હજારો રૂપિયા મેં ખાનગી રાખ્યા હતા અને ઊલટા લેણાના રૂપમાં રૂપિયા લખ્યા હતા. ૨૩. મેં જે લેણું લખ્યું હતું તે મહારાજે ચૂકવી દીધું, પરંતુ મેં મારું પોતાનું જ કામ બગાડ્યું છે. ભગવાનની સાથે વિશ્વાસઘાત કર્યો. આવો હું મોટો પાપી રહ્યો છું. ૨૪.

મેં ભગવાનને માટે ક્યારેય કોઈ જાતનો ખર્ચ કર્યો ન હતો અને સંતોનો ખૂબ તિરસ્કાર કર્યો હતો. ૨૫. તેથી સત્સંગમાં આવ્યા પછી પણ મારી બુદ્ધિ

મેલી થઈ ગઈ. મેં પોતાનો દોષ દેખ્યો નહિ, તે મારે મોટું પાપ રહ્યું હતું. ૨૬. જેટલા સંતો અને હરિભક્તો છે, તે બધા યથાર્થરૂપમાં નિયમને પાળે છે. આ બધાં ધામનાં મુક્તો છે અને જીવના સાચા પરમ મિત્ર છે. ૨૭. એવા **નિર્દોષ સંતો-ભક્તોનો જે દોષ લે છે તેણે તો જ્યાં પાપ છૂટવાના હોય છે ત્યાં આવીને પાપ કર્યું કહેવાય. જે સંત-હરિભક્તોનાં દોષ જૂએ છે, તે હું જેમ ભૂતયોનિને પામ્યો છું તેમ તે પણ પ્રેતયોનિને પામે છે.' ૨૮.**

કાર્તિક સુદિ બારસના દિવસે જેતલપુરની સભામાં ભૂત થયેલા બાપુભાઈ પોતાના ભાઈમાં આવીને બોલ્યા. તેના ભાઈ પણ હરિભક્ત હતા. ૨૯. તે સમયે જેટલા કાચા હરિભક્ત હતા તે બધા શ્રીહરિનો પ્રતાપ દેખીને પાકા હરિભક્ત થયા અને તેમાં કોઈ જાતની કાચપ રહી નહિ. ૩૦. બાપુભાઈ નાગરે જેટલું કપટ કર્યું તેને પરિણામે તેઓ તેટલી ભૂતયોનિને પામ્યા. પછી શ્રીહરિની પાસે જ્યારે આવ્યા ત્યારે જેટલું કપટ કર્યું હતું તે બધું નિષ્કપટ થઈને કહ્યું. ૩૧. બાપુભાઈએ કહ્યું કે, 'હે હરિ, મેં આપનો અને સંતોનો ઘણો અપરાધ કર્યો છે. મને જ્યારે ભૂતયોનિ પ્રાપ્ત થઈ ત્યારે તે બધો અપરાધ દેખાયો છે. ૩૨.

હે હરિ, હવે સંતોની જેવી મરજી હોય તે રીતે મને દંડ આપો. હવે ફરીવાર હું ક્યારેય કોઈ દિવસ લગાર પણ તમારો અપરાધ નહિ કરું. ૩૩. હવે ફરીવાર આવો ક્યારેય મારાથી અપરાધ ન થાય, તેવું આપ કરજો. નહિતર તો કરોડો કલ્પ સુધી મારો ઉદ્ધાર નહિ થાય. હવે આપના બિરુદના ઉપર જ વાત રહી છે. મારા દોષો તો કહી શકાતા નથી. ૩૪. હવે હું આપનું ભજન કરતો રહું છું. તે ભજન સિવાય બીજો કોઈ ઉપાય નથી. આવો અમૂલ્ય સત્સંગ પ્રાપ્ત થયા છતાં મેં એવો અવળો ઉપાય કર્યો કે મારો સત્સંગ જડમૂળથી સુકાઈ ગયો. ૩૫. જ્યાં સુધી આપ પ્રસન્ન થાઓ ત્યાં સુધી હું ભૂતયોનિમાં પણ રાત-દિવસ આપનું ભજન કરતો રહું છું. મારા ઉપર આટલી આપની કૃપા રહી છે. ૩૬.

મારા જેવા અધમ જીવને દંડ દીધા સિવાય ખરું જ્ઞાન થાતું નથી. દંડ સિવાય બીજા કોઈ ઉપાયથી જ્ઞાન થાય નહિ. આપ તો ઘણા સુજ્ઞ છો. ૩૭.

મુગટરામ નામે મારા પિતાજી હતા. તેઓ પાકા હરિભક્ત હતા. મને શ્રેષ્ઠ લાભ તો એ થયો છે કે તેઓ આપનાં ધામને પામ્યા છે. ૩૮.

सोरठा : भूत जोनी कु पाय, संत पर भये भाव तब;
मनुष्य में भाव न रहाय, अभाव से में भूत भये...३९
संत पर जितना भाव, तितना मोक्ष के मग चले;
जितना रहे अभाव, तितना चले यह नर्क मग...४०

હું ભૂતયોનિને પામ્યો પછી મને આપના સંત ઉપર પૂજ્યભાવ થયો છે. મનુષ્યદેહમાં હતો ત્યારે સંતોમાં ભાવ ન હતો. તે સંતોના અભાવને લીધે જ હું ભૂત થયો છું. ૩૯. સંતોના ઉપર જેટલો ભાવ હોય તેટલો તે મોક્ષના માર્ગ ઉપર ચાલે છે અને જેટલો અભાવ હોય તેટલો તે નરકના માર્ગ ઉપર ચાલે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિનો વ્યવહારમાં વિશ્વાસઘાત કર્યાથી બાપુભાઈ ભૂતના દેહને પામ્યા" એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૫

એરણ સાહેબના બોલાવવાથી શ્રીહરિ ધામધૂમપૂર્વક અમદાવાદમાં પધાર્યા

બાપુભાઈ ભૂતયોનિને પામ્યા હતા ત્યારે શ્રીહરિએ તેમને કહ્યું કે, 'હવે પછી સત્સંગમાં ફરીને તમે એક જન્મ જો લેશો અને પાકા હરિભક્ત થઈને સંતોની સાથે દાસભાવે નિષ્કપટપણે વર્તશો ત્યારે તમારાં બધાં દુઃખનો નાશ થશે. ૧-૨. જે હરિભક્ત થઈને જેટલું કપટ રાખે છે, પછી તેને શુદ્ધ થવાને માટે તેટલું દુઃખ સહન કરવું પડે છે. ૩. દુઃખી થયા સિવાય કપટી મનુષ્ય ક્યારેય કપટને છોડતો નથી. તે કપટી માણસની આગળ માત્ર વાત કરવાથી તે કોઈ દિવસ સમજતો નથી. ૪.

❋ જેવી બુદ્ધિ હોય તેવું ફળ મળે :

માણસ સત્સંગ કરીને જેવી રીતે વર્તે છે, તેવું ફળ તેને મળે છે. સત્સંગનો પ્રતાપ તો કલ્પતરુ અને ચિંતામણિના જેવો છે. ૫. જેને સત્સંગમાં આવ્યા પછી પણ બાળકના જેવી બુદ્ધિ રહેતી હોય તેને સત્સંગ ક્યારેય સમજાતો નથી. **માણસ જ્યાં સુધી લૌકિકબુદ્ધિ રાખે છે ત્યાં સુધી તેનાં હૃદયમાં તેને સત્સંગનું સુખ આવતું નથી.** કારણ કે, તેને લૌકિકબુદ્ધિ રહી છે. સત્સંગ કરીને જેટલી લૌકિકબુદ્ધિ રાખે છે, તેટલો તેનો સત્સંગ ક્યારેય શોભતો નથી. મનુષ્યને સત્સંગ થયો હોવા છતાં પણ તે જેટલી કસર રાખે છે તેટલો તે કુસંગી થયો કહેવાય છે, અને એટલો સત્સંગી ન રહ્યો કહેવાય. પછી તે સત્સંગી નામ ધરાવતો હોવા છતાં પણ કરોડો કુસંગીના જેવું કામ કરે છે. ૬-૯.

જેવો સત્સંગ રાખે છે તેવું તેને ફળ મળે છે. તેમાં કોઈ ફેરફાર થતો નથી. અમદાવાદમાં એરણ સાહેબ નામે જે અંગ્રેજ અધિકારી હતા તેમણે શ્રીહરિને અમદાવાદ બોલાવ્યા. તેથી તેરસને દિવસ જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે સહુને લઈને શ્રીહરિ પ્રસન્નતાથી અમદાવાદ તરફ ચાલ્યા. ૧૦-૧૧. હરિભક્ત કાઠી દરબારોની જેટલી સવારી હતી તે બધાને પણ સાથે લઈને શ્રીહરિ વટવા ગામને માર્ગે ચાલ્યા. ૧૨.

જ્યારે દિવસ એક પહોર ચઢ્યો ત્યારે શ્રીહરિ **અમદાવાદ** આવ્યા. અને શહેરમાં જેટલા હરિભક્તો હતા તે બધા તેમની સન્મુખ આવ્યા. ૧૩. સહુ હરિભક્તો ફૂલના હાર લાવ્યા હતા. તે જેટલા લાવ્યા હતા તે બધા શ્રીહરિ, સંતો અને વર્ણીઓને પહેરાવી દીધા. ૧૪. શહેરમાં જેટલી જાતનાં વાજિંત્રો હતાં તે બધાં તે સમયે આવ્યાં હતાં અને બીજાં વિલાયતી બેન્ડ પણ આવ્યાં હતાં. ૧૫. એરણ સાહેબે દસ બાર જેટલા પોતાના છડીદારોને અને ત્રીસેક જેટલા પટાવાળાઓને ઘણા પ્રેમભાવથી સામે મોકલ્યા હતા. ૧૬.

હરિભક્તો કેટલીક પ્રકારના નિશાનો લાવ્યા હતા. તેનો કોઈ પાર ન હતો. શ્રીહરિની માણકી ઘોડીને સોનાનાં બધા સાજથી સુંદર રીતે શણગારીને લાવ્યા હતા. ધર્મના દુલારા શ્રીહરિ તે માણકી ઉપર બેઠા. તેમણે પોતાનાં

અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધાર્યાં હતાં અને લલાટ ઉપર કેસરી ચંદનની અર્ચા કરી હતી. ૧૭-૧૮. ભક્તજનોનાં ચિત્તને ચોરનારા શ્રીહરિએ લલાટ વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો, મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું. અને સોનેરી કોરની કસુંબલ પાઘ મસ્તક ઉપર બાંધી હતી. ૧૯. પાઘની ઉપર બંને બાજુ ફૂલના તોરા લટકતા હતા અને કાન ઉપર ફૂલના ગુચ્છ ધાર્યા હતા. પાઘમાં નંગ જડિત કલગી રાખી હતી. ૨૦.

છાતી ઉપર ફૂલના ઘણા હાર પહેર્યા હતા, ઉત્તમ પ્રકારના ફૂલના બાજુબંધ માથા ઉપર ધાર્યા હતા અને હાથમાં ફૂલની પહોંચી પહેરી હતી, તેમજ એક હાથમાં મોતીની છડી રાખી હતી. ૨૧. સવારીની આગળ વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. તે વાજિંત્રોનાં ધ્વનિથી બધું આકાશ ગાજી રહ્યું હતું. વાજિંત્રોની સાથે નિશાનો પણ રહ્યા હતા. ૨૨. વાજિંત્રવાળાની પાછળના ભાગમાં જેટલા હરિભક્તો હતા, તે બધા પાછળ ચાલતા હતા. હરિભક્તોના હૃદયમાં અમાપ ભાવ હતો, તેથી તેઓ ગરબીના અમૂલ્ય પદોને ગાતા હતા. ૨૩. જેટલા સંતો અને બ્રહ્મચારીઓ હતા તે બધા શુભ વિચારથી હરિભક્તોની પાછળ ચાલતા હતા. અને બ્રહ્મચારી તથા જેટલા વિપ્રો હતા તે બધા સામવેદના મંત્રો બોલતા હતા. ૨૪.

જે સંતો હતા તે બધા વેદસ્તુતિ, ગોપિકાગીત અને વેણુગીતને મુખથી બોલતા હતા. ૨૫. વળી, કેટલાક સંતો ભ્રમરગીત, યુગલગીત અને જાત જાતના અષ્ટકોને પ્રેમરસથી ભરપૂર થઈને બોલતા હતા. આ રીતે સહુ શહેરને દરવાજે આવ્યા. ૨૬. કાંકરિયા સરોવરના દરવાજાથી શહેરમાં પ્રવેશ કર્યો. જેટલા પાર્ષદો હતા, તે સહુના હાથમાં બંદૂકો હતી. ૨૭. શ્રીહરિની આગળ છડીદાર જય જયકાર ઉચ્ચારતા હતા. શહેરની બધી બજારોને સ્વચ્છ કરી પાણી છંટાવીને સુંદર કરી હતી. ૨૮.

પોતાના ધન્યભાગ્ય માનીને કેળાની લૂમ સાથેના કેળના સ્તંભોને બજારની બંને બાજુ રોપાવી દીધા હતા. તે રીતે જ શ્રીફળ અને સોપારીના રોપા શ્રીહરિ પધારી રહ્યા છે, તેમ જાણીને ઠેકાણે ઠેકાણે મૂકી દીધા હતા. શ્રીહરિના સંબંધને લીધે અત્યારનો અવસર સર્વોપરિ રહ્યો હતો. ૨૯-૩૦.

આનાથી બીજો કોઈ સારો અવસર કહેવાય નહિ, તેમ શહેરના બુદ્ધિશાળી મનુષ્યો સમજતા હતા. બજારમાં જેટલી દુકાનો હતી, તે બધી રંગબેરંગી રીતે શણગારી હતી. ૩૧. શહેરના જેટલા મનુષ્યો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવાને માટે બજારમાં આવ્યા. અને જેટલા ભાવિક મનુષ્યો હતા તે બધા હાથમાં ફૂલના હાર લઈને અપરંપાર ઊભા હતા. ૩૨.

ભૂમિ ઉપરથી લઈને દુકાનના જેટલા ઉપરના માળ હતા, તેમાં ઘણા મનુષ્યો ચઢી ગયા હતા અને ફૂલના હારોને લીધે તે બધી બજારો અપાર રીતે શોભી રહી હતી. ૩૩. શ્રીહરિ જ્યારે આવતા હતા ત્યારે તેમના ઉપર ફૂલના હારની એકધારી ઘણી વૃષ્ટિ થતી હતી. અને સહુ મુખથી જય જયકાર કરતા હતા. ૩૪. શ્રીહરિ શહેરમાં જે રીતે આવ્યા તે વાત મેં પ્રેમથી કરી છે. બહુનામી સ્વામી શ્રીહરિ માણેકચોક થઈને નવાવાસમાં પધાર્યા. ૩૫. નવાવાસમાં આવીને ઉતારો કર્યો. પછી જ્યાં લીમડાનું વૃક્ષ હતું ત્યાં આવીને બેઠા. જેટલા સંતો અને વર્ણી હતા તે બધા તેમને માટેની જગ્યામાં આવીને ઊતર્યા. ૩૬.

સંતોની જે જગ્યા તૈયાર થઈ હતી તેને શ્રીહરિએ ઘણા હેતથી દેખી અને મનમાં ઘણું રાજી થયા. પછી બોલ્યા કે, 'હવે આ સ્થાન નિર્ભય થયું છે.' ૩૭. તે સંતોની જગ્યાથી ઉત્તર દિશામાં જેટલી ઉજ્જડ જમીન હતી, તેને જોઈને શ્રીહરિએ કહ્યું કે, 'હવે આ બધી જમીન લઈ લેજો. તેનાથી તે ઉજ્જડ નહિ રહે.' ૩૮. શહેરના જે હરિભક્તો હતા તેમણે ઘણા ભક્તિભાવથી બ્રાહ્મણોની પાસે રસોઈ તૈયાર કરાવી. પછી શ્રીહરિ સહુથી પ્રથમ જમ્યા. ૩૯. પોતે જમી રહ્યા પછી સહુ સંતોની પંગત કરાવી અને પોતે તે વખતે ત્યાં આવીને સંતોને પીરસવા લાગ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "એરણ સાહેબના બોલાવવાથી શ્રીહરિ ધામધૂમપૂર્વક અમદાવાદમાં પધાર્યા" એ નામે પીસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૬

શ્રીહરિ હિમા શાહને ઘેર પધાર્યા અને શાહપુરમાં ભક્તોને ઘેર જમ્યા

સંતોને જમાડ્યા પછી શ્રીહરિ પોતાના ઊતારે આવ્યા. ત્યાં બે ઘડી સુધી પોઢી રહ્યા. પછી તરત ઊઠ્યા. ૧. તે પછી શેઠ હિમા શાહે ઘણા સ્નેહભાવથી શ્રીહરિની પોતાને ઘેર બોલાવીને પધરામણી કરી અને પ્રેમથી પૂજા કરી. ૨. તેઓ શ્રાવક(જૈન) મતમાં મુખ્ય હતા. એટલે તેઓ જે તીર્થંકર ઋષભદેવ છે તે જ અત્યારે સ્વામિનારાયણના રૂપમાં પ્રગટ થયા છે, તેમ મનમાં સમજતા હતા. ૩. પોતાના મકાનમાં જ્યાં દેવસ્થાન હતું ત્યાં તે સ્થળ બતાવવાને નિમિત્તે શ્રીહરિનાં પગલાં પડાવ્યાં. ૪.

જમીનથી ધાબા સુધીમાં ઘણા ઊંડે સુધી દેવસ્થાન કરાવીને તે દેવ પધરાવ્યા હતા. તેની બધી જ મૂર્તિઓ આરસની હતી. ૫. બધા દેવની મૂર્તિઓ દિગંબર હતી. તેને વિવિધ પ્રકારનાં સોનાનાં ઘરેણાં ધરાવ્યાં હતાં. જેના જેવા દેવ હતા તેના તેવા નેત્ર રહ્યા હતા. ૬. તે તે મૂર્તિના નામ લઈને શ્રીહરિને તે દેખાડી. શ્રીહરિને જે જે ઠેકાણે લઈ ગયા ત્યાં ધાબા ઊંડા હોવાથી ઢીંચણ સુધી પાણી ભરેલું હતું. ૭. શ્રીહરિએ તે બધું જોયું. શ્રીહરિ ભાવિક ઉપર ભાવ રાખતા હતા. એવી તેઓ રીત રાખતા હતા. કારણ કે પ્રેમ વગરના સાથે કોઈ પ્રેમ કરતા નથી. ૮.

શ્રીહરિ એટલો બધો પ્રેમ ગ્રહણ કરતા કે, પોતે રસિક કરતાં પણ કોટિ ગણા અધિક રસિક રહ્યા હતા. સિદ્ધો, દેવતાઓ અને મનુષ્યોમાં તેમના જેવા કોઈ રસિક હતા નહિ. ૯. શ્રીહરિની બધી વાત આગળ બીજાની તમામ બાબતો ફિક્કી લાગતી હતી. શ્રીહરિ સિવાય બીજાની બધી વાતો નિર્જીવ દેખાતી હતી. ૧૦. પ્રગટ શ્રીહરિનો જેને સંબંધ હોય અને શ્રીહરિમાં પ્રેમ હોય તેઓ એ વાતને જાણતા હતા, પણ બીજાને તે દેખાતું નહિ. ૧૧. શ્રીહરિની જેટલી વાત હતી તે બધી અપાર સૂર્યના સમાન જણાતી હતી. બીજા જે કોઈ જેટલી વાત કરતા તે બધી વાત શ્રીહરિની વાત આગળ પતંગિયાની સમાન જણાતી હતી. ૧૨. શ્રીહરિ તે જૈનોના દેવોને દેખીને પોતાના ઉતારે આવ્યા. પછી ત્યાં નવાવાસમાં આવીને સભા કરી. ૧૩. જે

હરિભક્તોએ રસોઈ આપી હતી તે બધા પૂજાનો સામાન લઈને પૂજા કરવા માટે આવ્યા. તેમને શ્રીહરિએ ઘણા પ્રેમથી બોલાવ્યા. ૧૪.

તે હરિભક્તોએ પહેલા શ્રીહરિની પૂજા કરી અને તે પછી સંતો અને વર્ણી વગેરેની પૂજા કરી. ૧૫. જેને જેવી ભાવના હતી તેમણે તેવી પૂજા કરી. જ્યારે પૂજા થઈ રહી ત્યારે સંધ્યાસમય થઈ ગયો. ૧૬. તે સમયે વાળંદો બે-ચાર મશાલ પ્રગટાવીને ત્યાં લાવ્યા. સંતોએ આરતી અને ધૂન કરી. તે પછી ગરબીનાં પદો બોલ્યાં. ૧૭. શાહપુર વિસ્તારમાં દસ-બાર જેટલા કણબી હરિભક્ત થયા હતા. તેઓએ રસોઈ કરાવવા માટે શ્રીહરિ પાસે આજ્ઞા લીધી અને પછી સહુ પોતાને ઘેર ગયા. ૧૮.

શ્રીહરિએ તે હરિભક્તોને કહ્યું, ‘રસોઈ રાતે કરાવી રાખજો. અમારે રસોઈ જમીને તરત ચાલવું છે. રસોઈની સાથે સાથે પૂજાનો બધો યોગ પણ રાખજો.’ ૧૯. શ્રીહરિએ હરિભક્તોને જે રીતે કહ્યું હતું તે રીતે સહુએ તેમ કર્યું અને હરિભક્ત વિપ્રોની પાસે ઘણા ઉત્સાહથી રસોઈ કરાવી. ૨૦. તે સમયે શ્રીહરિએ ધર્મસંબંધી થોડી વાતો કરી અને પછી પલંગ ઉપર પોઢી ગયા. પછી જે સંતો અને હરિભક્તો હતા તે બધા ત્યાંથી ઊઠી ગયા. ૨૧. સહુ પોતપોતાને ઉતારે આવ્યા. મુખથી સ્વામિનારાયણ આવું નામ રટતા હતા. સંતો શ્રીહરિનું ધ્યાન કરતા કરતા સૂઈ ગયા, તેથી ધ્યાનનું નિયમ બંધ રહ્યું. ૨૨.

જ્યારે અરુણોદય થયો ત્યારે સહુ ઊઠ્યા. પહેલા નારાયણધૂન કરી અને તે પછી થોડીવાર ધ્યાન કર્યું. પછી સહુ સાબરમતી નદી ઉપર સ્નાન કરવા ચાલ્યા. ૨૩. સહુ સ્નાન કરીને પોતાને આસને આવ્યા. તેમણે પહેલા માનસીપૂજા કરી અને પછી સહુએ બાહ્ય પૂજા કરી. પૂજાની જેટલી વિધિ હતી તે સહુ કરતા રહ્યા. ૨૪. શ્રીહરિએ પૂજાની બધી વિધિ કરી લીધી ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ અને શાહપુરના હરિભક્તો બોલાવવા આવ્યા. એટલે શ્રીહરિ ત્યાં જવા ચાલતા થયા. ૨૫. સંતો, વર્ણી, પાર્ષદો અને ક્ષત્રિય કાઠી દરબારો, સહુ શ્રીહરિની સાથે ચાલ્યા અને શાહપુર આવ્યા. ૨૬. શ્રીહરિ પ્રથમ જમ્યા પછી સંતોની પંગત કરી. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતોને

લાડુ પીરસ્યા. ૨૭. જ્યાં સુધી સંતો જમી રહ્યા ત્યાં સુધી શ્રીહરિ અત્યંત ભાવથી પીરસતા રહ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે પીરસતા બંધ થયા. ૨૮. શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. ચોકમાં મંડપ બાંધી દીધો હતો. સંતો અને વર્ણી, બધા જમીને ત્યાં આવ્યા. ત્યાં સહુની ઘણી સુંદર સભા થઈ. ૨૯. પછી બધા હરિભક્તો ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. શહેરના તે વિભાગમાં ઠેર ઠેર ચારેબાજુ હરિભક્તોના ઘર હતા. ૩૦. હરિભક્તોએ કેસરયુક્ત ચંદન શ્રીહરિને ચર્ચ્યું, ફૂલના હાર પહેરાવ્યા અને ભુજાઓ ઉપર બાજુબંધ બાંધ્યા. ૩૧. મસ્તક ઉપર કસુંબલ સોનેરી પાઘ બંધાવી અને ઘણા પ્રેમથી ભારે માંહેલો સોનેરી કસુંબી રેંટો ઓઢાડ્યો. ૩૨.

પાઘ ઉપર ફૂલના તોરા ધરાવ્યા અને કાન ઉપર ફૂલના ગુચ્છ ઘણા ભાવથી ધરાવ્યા. આ રીતે સહુ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૩૩. પૂજા કરીને આરતી ઉતારી અને સહુ મુખથી શ્રીહરિનો જય જયકાર કરવા લાગ્યા. જ્યારે આરતી કરી રહ્યા તે પછી સહુ વિનય ભર્યાં વચન બોલ્યા. ૩૪. તે પછી સંતો અને વર્ણીઓની કેસરયુક્ત ચંદન લઈને પૂજા કરી. સહુને ફૂલના હાર પહેરાવ્યા. ૩૫. મંડળના જે મહંતો હતા તે બધાને એક એક ચાદર અતિ ભાવથી ઓઢાડી અને મોટેરા વર્ણીઓને પણ એક એક ચાદર ઓઢાડી. પછી શ્રીહરિ સંતો અને વર્ણીઓની સાથે ત્યાંથી ચાલી નીકળ્યા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારેલું હતું. ૩૬-૩૭. ધર્મકુમાર શ્રીહરિ શાહપુરથી જ્યારે રસ્તા ઉપર થોડા આવ્યા હતા, તે વખતે માર્ગમાં દક્ષિણ તરફ દસ-બાર ઘોડા બાંધેલા હતા. ૩૮. સોદાગરે તે અશ્વમાં રોઝા ઘોડાને બાંધ્યો હતો. શ્રીહરિ જ્યારે કાંઈ બોલ્યા ત્યારે તે ઘોડાએ હણહણાટ કર્યો. ૩૯. શ્રીહરિ ચાલીને તે ઘોડાની પાસે ગયા. ત્યારે તે જોઈને ઘણો ઉત્સાહિત થયો. પછી તેની અંધારી(ઘોડાની આંખે બાંધવાનો દાબડો) છોડાવી નાખી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ શ્રીનગરમાં હિમા શાહને ઘેર પધાર્યા અને શાહપુરમાં ભક્તોને ઘેર જમ્યા" એ નામે છેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૭

શ્રીહરિ એરણ સાહેબના બોલાવવાથી ભદ્રમાં તેમને મળ્યા

શ્રીહરિને દેખીને રોઝો ઘોડો ગુલતાન થઈ ગયો. તેણે ઘાસ ખાવાનું છોડી દીધું અને એક નજરથી જોઈ જ રહ્યો. ૧. શ્રીહરિએ ઘોડાનાં મસ્તક ઉપર પોતાના બંને હસ્તકમળ રાખ્યા. અને જેટલા ફૂલના હાર પહેર્યા હતા તે બધા તેની ડોકમાં પહેરાવી દીધા. ૨. પછી શ્રીહરિ ઉતારે આવ્યા, ત્યારે એરણ સાહેબનો મોતીરામ નામે ચોપદાર હતો તે બોલાવવા આવ્યો. ૩. મોતીરામે બંને હાથ જોડી ઘણા વિનય સાથે શ્રીહરિને કહ્યું કે, 'સાહેબ, આપની બાબતમાં ખૂબ જ પ્રસન્ન રહે છે. ૪.

જેટલા કુસંગી કહેવાય છે અને જેને નીતિના ઉપર પ્રેમ નથી તે બધા સાહેબની સમક્ષ જઈને યુક્તિપૂર્વક જ્યારે સત્સંગનું ઘસાતું બોલે છે, તે બીજાને તો કાંઈ દેખાતું નથી પણ સાહેબ તેમને કહે છે કે, તમને જેવો સત્સંગ દેખાય છે, તેવી તમે અમારી આગળ વાત કરો. તમે તો ઘણા બુદ્ધિમાન દેખાઓ છો. જે લોકો સત્સંગ કરે છે, તેમાં કેટલા ફેલ આવે છે ? તે કહો. ૫-૭. સત્સંગીઓ નિંદિત વ્યસન કેટલા રાખે છે ? તે તમે જાણતા હોવ તે મને કહો. બીજા કોઈ કહે છે, એમ નહિ કહેવાનું. તમે જેટલું જાણો છો તેટલું કહો. ૮.

અમે લોકો તો પરદેશના છીએ, તમે જે કહો તેને સાચું માનીએ. કુસંગીઓ જે બોલે છે તે કળી શકાતું નથી.' પણ સાહેબે કહ્યું કે, 'તમે તો ખોટું બોલો છો.' ૯. પછી કુસંગી લોકો સાહેબની આગળ ફરી બોલતા નથી. સાહેબ તો કાયદા પ્રમાણે બોલતા હોય છે. કાયદામાં જે વાત જેવી હોય તે તરત જ પરીક્ષા કરતા દેખાઈ આવે છે. ૧૦. સાહેબ તો સત્સંગની પરમ પવિત્ર રીતને કહી દેખાડે છે અને (એરણ) સાહેબથી ઉપરના જે અધિકારીઓ છે, તે પણ સાહેબના જેવા જ નીતિકુશળ છે. ૧૧. તેમની બુદ્ધિ સહુથી અધિક રહી છે અને તે આપણા સત્સંગના ઉપયોગમાં આવે તેવી છે. સાહેબો એવા બુદ્ધિશાળી છે કે તેમના આ લોક અને પરલોક, બંને સુધરી જાય તેવા છે. ૧૨.

જ્યારે શ્રીહરિ એરણ સાહેબને મળવા માટે નીકળ્યા ત્યારે ચાર-પાંચ મોટેરા સંતોને પણ સાથે લીધા. ૧૩. પાર્ષદો તો બધા સાથે લીધા. સહુની પાસે સહજ સ્વભાવે એક એક તલવાર રખાવડાવી. ૧૪.

વળી શ્રીહરિએ કહ્યું કે, 'જે તમે મોટા મોટા કાઠી દરબારો અને ક્ષત્રિય રાજાઓ છો, તેઓ મારી સાથે આવો. પણ કોઈએ એક પણ હથિયાર લેવું નહિ. ૧૫. સાહેબ જ્યારે બંગલા ઉપર બોલાવે ત્યારે તમારે ઉપર આવવું અથવા તો સહુએ નીચે રહેવું. ૧૬. આવી બાબતમાં જેનાં મનમાં દુઃખ ન લાગે તેમ હોય તેમણે મારી સાથે આવવું અને જેને દુઃખ લાગતું હોય તેમણે ઉતારામાં રહેવું. તેનું અમારે ઉતારે કામ હોય છે.' ૧૭. આમ કહીને શ્રીહરિ સાહેબને મળવા માટે ચાલતા થયા. પોતે અશ્વના ઉપર બેઠા. મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને બધા અંગ ઉપર શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૧૮.

અપાર શુભગુણોના આશ્રયરૂપ અવિનાશી એવા રંગલહેરી શ્રીહરિનો અશ્વ સોનેરી સાજથી શણગાર્યો હતો. તેના ઉપર સવાર થઈને ભદ્રમાં આવ્યા. ૧૯. ચોપદારે સાહેબને સમાચાર આપ્યા કે, 'સ્વામિનારાયણ આવી ગયા છે.' ત્યારે તરત જ અપાર હેતવાળા સાહેબ બંગલા ઉપરથી નીચે ઊતરીને સન્મુખ આવ્યા. ૨૦. શ્રીહરિને મળીને એરણ સાહેબ ખૂબ આનંદ પામ્યા અને શ્રીહરિને સુખના સમાચાર પૂછ્યા. 'આપ અમારા પરમ મિત્ર આજ મળ્યા છો. અમારું બધું કામ સુધરી ગયું છે.' ૨૧. આમ કહીને સાહેબે શ્રીહરિનો હાથ પકડ્યો અને બંગલાની ઉપર લઈ ગયા. ત્યાં ચાંદીની ખુરશી લાવીને બેસાર્યાં. તેમનો જે પ્રેમભાવ હતો તે છુપાવ્યો રહેતો ન હતો. ૨૨.

આંખોમાં અને આદર ભરેલાં વચનોમાં હૃદયનો જેવો ભાવ હોય, તે બધો દેખાઈ આવે છે. તે સમયે ચોપદાર મોતીરામે સાહેબને કહ્યું કે, 'ચાર-પાંચ સંતોને શ્રીહરિ સાથે લાવ્યા છે. જો આપની ઇચ્છા હોય તો તે સંતોને અહીં ઉપર બોલાવીએ.' ૨૩-૨૪. ત્યારે સાહેબે કહ્યું કે, 'બોલાવ્યા સિવાય જે ન બોલે તેવા જે હોય અને શ્રીહરિની મરજી હોય તેટલાને તમે ઉપર લાવો.' ૨૫.

ત્યારે શ્રીહરિએ કહ્યું તે પ્રમાણે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, દરબાર દાદા ખાચર, સોમલા ખાચર, સુરા ખાચર, અલૈયા ખાચર, મોકા ખાચર, દરબાર હિંમતસિંહ(ઝીણાભાઈ), એટલાને ચોપદાર કુબેરસિંહ આવીને બોલાવી ગયા. સહુને બધી રીત સંભળાવીને સમજાવી દીધી હતી. તે સહુ આવીને ઉપર બેસી ગયા. ૨૬-૨૮.

❋ નીતિમાં રહે તો અપાર મોટપ મળે :

ત્યારે સાહેબે કહ્યું કે, 'અમે જે જગ્યા આપી છે, તે શું આપે આવીને જોઈ ? હવે વધારે જો જમીન જોઈતી હોય તો અમને કહેજો. જેટલી ખાલી જગ્યા ભળતી આવે તેટલી તમે પોતાના કબજામાં લઈ લેજો. ૨૯. હવે પછી દિનપ્રતિદિન આપની ઘણી જ ઉન્નતિ થાશે. જેને આપની શુભ નીતિ ગમે છે, તે બધા હજી પણ આપના આશ્રિત થાશે. ૩૦.

જે મનુષ્યો શુભ નીતિને રાખે છે અને આપના આશ્રિત થાય છે, તે બધાની દિવસે દિવસે મોટાઈ વધતી જાય છે અને તેમની મોટાઈને સરકાર પણ જાણે છે. ૩૧. **જે જેટલી શુભ નીતિ રાખે છે તેટલી તેની મોટપ વધતી જાય છે અને શુભ નીતિને છોડીને જે લોકો જેટલી અનીતિમાં ચાલે છે તેની તે પ્રમાણે લગાર પણ મોટાઈ ક્યારેય રહેતી નથી. જ્યારે મોટાઈ જાય છે ત્યારે તે ગમાર થઈને રહે છે.** અત્યારે તમે જેટલા નીતિ નિયમો બાંધ્યા છે તે બધા નિષ્કપટ મનુષ્યોને સુખકારી થાય છે. ૩૨-૩૩.

જેટલા લોકો અનીતિને માર્ગે ચાલનારા છે તેવા ગુરુના પણ ગુરુ અમે બેઠા છીએ. અને જેટલા અનીતિ કરનારા રાજાઓ છે તેને તો અમે પ્રજાના શત્રુના રૂપમાં દેખીએ છીએ. ૩૪. તે પ્રજાના શત્રુના પણ શત્રુ અમે છીએ. તે અનીતિવાળાને અમે કબજે કરી લઈએ છીએ. જેટલા અનીતિ કરનારા છે, તે બધા અમને જોઈને ભયના માર્યા ઉપર ઉપરથી નીતિમાં વર્તવા લાગે છે. પ્રજાના જે શત્રુઓ છે તેવા લોકોને તો અમે સહજ સ્વભાવે કબજે કરી લઈએ છીએ. ૩૫-૩૬.

સિંહ ઘણો બળવાન હોય છે, પણ જ્યારે તે પાંજરામાં પુરાઈ જાય છે, ત્યારે તે ચાહે તેવો હોય તોપણ તેનું કાંઈ પરાક્રમ ચાલતું નથી. ૩૭.

જેટલા અન્યાયી લોકો હોય છે તે બધા ઈલમ(યુક્તિ, કળા) વિના વશ થાતા નથી. બધી વાતના અલગ અલગ ઈલમ હોય છે. ૩૮.

જેટલા ઈલમ છે, તેને અલગ અલગ રીતે એક આપ જાણો છો અને તે બધા ઈલમને અમે પણ જાણીએ છીએ, બીજા બધાને ઈલમ જાણવો કે આવડવો કઠણ છે. ૩૯. ઈલમ બધાને નથી આવડતો. ઘણા લોકો તેને ચાહે છે. ચિંતામણિ અને કલ્પવૃક્ષ પણ એક જાતનો ઈલમ જ કહેવાય છે.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબના બોલાવવાથી ભદ્રમાં તેમને મળ્યા" એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ।।૪૭।।



પૂર ઓગણીશમું : તરંગ - ૪૮

ભદ્રમાં એરણ સાહેબના સાત્વિક પ્રશ્ન અને શ્રીહરિએ આપેલા ઉત્તર

એરણ સાહેબે શ્રીહરિને કહ્યું, 'અમારા કરતાં આપમાં ઈલમ ઘણો વધારે રહ્યો છે અને તેની અમને ખબર છે. ૧. જેમાં શુભ નીતિ ન હોય તે માણસ તો પશુના જેવો છે. અને તેવા મનુષ્યને ઉપદેશરૂપ ઈલમથી આપ ખરો માનવ બનાવો છો. ૨. આ દુનિયામાં બહારના ભૌતિક સુખથી જે લોકો સુખ માને છે તે ચાહે તેવા હોય, પણ હું તો તેમને પશુના સમાન સમજુ છું. ૩. આ બધી સમજણ તો આપની છે અને અત્યારના આપના પ્રસંગથી પરલોકની વાત પણ સાચી છે, તેવી અમારી બુદ્ધિ થઈ છે. ૪.

પરલોકની બાબતના જ્ઞાનમાં અમને યથાર્થરૂપમાં ગમ નથી તો તે જ્ઞાન, જે રીતે બરાબર થાય તેવી રીતે આપ અમને સમજાવો. ૫. ત્યારે શ્રીહરિએ એરણ સાહેબને કહ્યું કે, 'અમારા શાસ્ત્રથી અમે જે નિશ્ચય કર્યો છે, તે વાત હું તમને કહું છું કે જે અમને શાસ્ત્રમાંથી જોવા મળ્યું છે. ૬.

આ દુનિયાની જેટલી બાબત છે, તે બધી લખેલા ઉપરથી જોઈ શકાય છે. લોકની બાબતમાં મોઢાની વાત ચોક્કસ ગણાતી નથી. મોઢાની વાતનો વ્યવહાર તો થોડો હોય છે. ૭. શુકદેવજીના પિતા વ્યાસમુનિ થયા હતા.

તેમના ચાર પ્રકારનાં વચનો છે અને તેમાં પણ અધિકારી ચાર પ્રકારના છે. ૮. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ કહેવાય છે. તે એક એક પુરુષાર્થમાં અનેક પ્રકારની રુચિ રહે છે, તેને વ્યાસમુનિએ અપાર રૂપમાં લખી છે. ૯. તે લખેલાં વચનો ઉપરથી એવું દેખાય છે કે, પરમેશ્વર સિવાય આવું લખી શકાય નહિ. અને બીજા જે જે કવિઓએ કાંઈ લખ્યું હોય છે, તે તો લખ્યા ઉપરથી જોઈ શકાય છે. ૧૦. એક જ સિક્કાના સાચા ખોટા રૂપિયાને પારખનાર જે હોય છે તે તેને જોઈને જ સાચા કે ખોટા કહે છે. ૧૧. દુનિયાના વ્યવહારમાં તમે સાહેબ લોકો ઘણા શાણા છો. તમે જેવી વાત મનમાં ધારો છે તેવી જ વાત બહાર કરો છો. ૧૨.

❋ અલૌકિક ભાવ અલૌકિક ફળ :

લૌકિકમાં જે રીત હોય છે, તેવી જ અલૌકિકમાં હોય છે, પરંતુ લૌકિક બાબતો બધી નાશવંત દેખાય છે. ૧૩. અલૌકિક વસ્તુનો નાશ ક્યારેય થતો નથી. કાળ અને માયાથી જેનો નાશ થાય છે, તે બધી લૌકિક વસ્તુ કહેવાય છે. ૧૪. જે જે બાબતનો નાશ થતો નથી તે બધી અલૌકિક કહેવાય છે, આ વાત યથાર્થ છે. ૧૫. જેનો ક્યારેય નાશ ન થાય, એવી જે વાત કરવી તે અલૌકિક કહેવાય છે અને અલૌકિક વાતમાં તેવું અલૌકિક સુખ કહ્યું છે. ૧૬. માણસના શરીરને પામીને જે જેવે માર્ગે ચાલે છે તેને તેવું સુખ મળે છે. તે મનુષ્યદેહથી જ દેખી શકાય છે. ૧૭. દુનિયામાં પણ જે માણસ જેવી વિદ્યાને ભણે છે, તેને તેવો અધિકાર મળે છે. વિદ્યા અને અધિકારને સંબંધ રહ્યો છે. આ વાત પ્રત્યક્ષ દેખ્યામાં આવે છે. ૧૮.

चोपाई :

भगवान सबंधि विद्या जितनी, अलोकिक सो कहावत तितनी;
लोक सबंधी विद्या जेती, लोकिक विद्या कहावत तेती...१९
लोकिक विद्या ताके जोऊ, तुछ फल अति रहायेउ सोऊ;
जन्म मरण दुःख तामें रहाये, जमपुरि चोरासि यामें कहाये...२०

ભગવાન સંબંધી જેટલી (બ્રહ્મ)વિદ્યા છે, તે બધી અલૌકિક કહેવાય છે. અને દુનિયા સંબંધી જે વિદ્યા છે તેને લૌકિક વિદ્યા કહેવાય છે. ૧૯.

જેટલી લૌકિક વિદ્યા છે, તેનું ફળ અતિ તુચ્છ રહ્યું છે અને તે લૌકિક વિદ્યામાં જન્મ-મરણ, જમપુરી અને લખચોરાશીનું દુઃખ રહ્યું હોય છે. ૨૦. જેટલાં દુઃખ કહેવાય છે તે બધા લૌકિક વિદ્યામાં રહ્યા છે અને અલૌકિક વિદ્યામાં અલૌકિક સુખમાત્ર રહ્યા છે. ૨૧.

તે દિવ્ય સુખ ઘણું અપાર છે, તેમ અમે નિશ્ચય કર્યો છે. અલૌકિક માર્ગ તો સત્સંગ છે. અને તે સત્સંગને માર્ગે ઉમંગથી જે ચાલે છે, તે બધા મનુષ્યજાતિ કહેવાય છે. તે સિવાયના પશુ, પંખી, સર્પ વગેરે અને વૃક્ષ, વેલી તથા ઘાસ, ઈત્યાદિક જે છે તે તથા પર્વત, સરોવર, નદી અને મહાસાગર વગેરે સત્પુરુષના યોગથી તત્કાળ તીર્થરૂપ થઈ જાય છે. સત્સંગ આટલો બધો મતવાલો છે.' ૨૨-૨૪. ત્યારે એરણ સાહેબે કહ્યું કે, 'અમારા બધા અંગ્રેજ સાહેબનો મોક્ષ કઈ રીતે થશે ? તેનો મારા મનમાં ઘણો સંશય રહ્યા કરે છે. ૨૫. અમારા સમાજમાં ચોરી અને વ્યભિચારની રીત હોતી નથી, પણ શરીરને સાચવવા નિમિત્તે બીજી કેટલીક રીત રહી હોય છે. ૨૬.

આ દેશમાં આવ્યા પછી આપના પ્રસંગથી અમે કેટલાક બ્રાહ્મણો જે ગુપ્તપણે પાપ કરતા હતા, તેને અમે દોષરૂપ સમજ્યા છીએ. ૨૭. પૂર્વ દેશમાં જે બ્રાહ્મણો હોય છે, તેઓ એક વાત ઘરે ઘરે કરતા રહે છે, તેને અમે નજરે દેખી છે. તે હું કહું છું. ૨૮. પૂર્વદેશના જે બ્રાહ્મણો હોય છે, તે અમારે ત્યાં નોકર થઈને રહે છે. અને તે માંસનું ભક્ષણ કરતા હોય છે. તો પછી ક્ષત્રિયની તો વાત જ શી કહેવી ? ૨૯. બ્રહ્માના પુત્ર પુલસ્ત્ય થયા અને પુલસ્ત્યના વિશ્રવા થયા. વિશ્રવાના એક પુત્ર રાવણ થયા અને બીજા કુંભકર્ણ થયા. ૩૦. અને ત્રીજા પુત્ર વિભીષણ થયા. તે ભગવાનના ઘણા મોટા ભક્ત થયા. શાસ્ત્રનિંદિત અને લોકનિંદિત બાબતોનો માર્ગ તેમણે તજી દીધો. ભગવાનમાં પ્રીતિ કરી. પછી તેનાથી તેની શુભકીર્તિ ઘણી વધી અને અવિચળ શુભગતિને પામ્યા. ૩૧-૩૨.

રાવણ અને કુંભકર્ણ, બંને વિપ્ર હોવા છતાં ઉન્મત્ત થઈ ગયા. શાસ્ત્રનિંદિત અને લોકનિંદિત બાબતોને કરવા લાગ્યા. તેથી તેમની એવી કીર્તિ થઈ કે તેઓ દૈત્યો અને અસુરોમાં લખાયા. તેઓ દારૂ, માંસ અને

વ્યભિચાર, જેવી જેટલી નિંદિત વાતો હતી તેને કરતા હતા. ૩૩-૩૪. આપનાં શાસ્ત્રો જોતાં તે બધું અસુરનું કર્મ કહેવાય, એવું દેખાય છે. દેવતા તથા અસુરોની વાત અમારામાં ન હતી. અમને મોક્ષનું પણ કાંઈ જ્ઞાન ન હતું. ૩૫. વસ્ત્ર પહેરવાનું પણ કોઈ સમજતા ન હતા, આગળ અમે એવા હતા. પણ અત્યારે તો અમે અપાર બુદ્ધિવાળા થઈ ગયા છીએ. ૩૬. અત્યારે અમારી બુદ્ધિની આગળ જેટલા મોટા રાજાઓ હતા, તે પણ બધા આધીન થઈ ગયા છે. તેનું શું કારણ હશે ?' ૩૭. ત્યારે શ્રીહરિ કહે છે, 'પૂર્વકાળમાં તમે કોઈ દિવસ કોઈ મોટા સત્પુરુષની પોતાનું શરીર અર્પણ કરીને સેવા કરી હશે. તેની કૃપાનું ફળ અત્યારે થયું છે. ૩૮.

આ દેશમાં મનુષ્ય મનુષ્યને મારીને ખાઈ જાય; આવી સ્થિતિ જ્યારે સર્જાણી, ત્યારે તમે કોઈ સત્પુરુષની ઇચ્છાથી આ દેશમાં આવ્યા છો. ૩૯. તમે આ દેશનું અપાર રાજ્ય કરો છો, છતાં તેમાં ક્યારેય બંધાતા નથી. અને તમારા મનમાં તેનું લગાર પણ અભિમાન નથી, તે ખરેખર આશ્ચર્યકારી વાત છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ભદ્રમાં એરણ સાહેબના સાત્વિક પ્રશ્ન અને શ્રીહરિએ આપેલા ઉત્તર" એ નામે અડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર ઓગણીશમું : તરંગ - ૪૯

મંદિર કરવાને પ્રસંગે એરણ સાહેબે યોગ્યતાને આધારે અધિકાર કહ્યો

શ્રીહરિએ ફરીને એરણ સાહેબની સાથે વાત કરતા કહ્યું કે, 'તમારી બાબત તો કોઈ સત્પુરુષના હાથમાં છે, તેવું અમને દેખાય છે. ૧. સત્પુરુષો અને બધી પ્રજા જે રીતે પ્રસન્ન રહે, તે રીતે તમે વિચારીને જેટલી સારી રીત છે, તે પ્રમાણે ચાલો છો. ૨.આ દુનિયામાં જેટલા સુરીતમાં ચાલે છે, તેટલા તે આ લોક અને પરલોકમાં સુખી રહે છે. ૩. વળી, આ જગતમાં

જેટલા ખરાબ રીતમાં ચાલે છે, તેટલા તે આ લોકમાં અને જ્યાં જાય છે ત્યાં દુઃખી થાય છે. ૪.

જે લોકો આ જગતમાં પ્રેમથી સત્સંગની રક્ષા કરે છે તે બાબતને સત્પુરુષો જાણે છે. તેથી તેને દારુણ દુઃખથી છોડાવી લે છે. ૫. **આ દુનિયામાં તમારું જેવું શાસન ચાલે છે, પરલોકમાં તેવું સત્પુરુષોનું શાસન ચાલે છે. એ તમારે ચોક્કસ સમજી રાખવું તો તમારો અધિકાર ક્યારેય જતો નહિ રહે. ૬.** અધિકાર ભોગવતા જીવના સ્વભાવમાં જ્યારે અભિમાન પેદા થાય છે, ત્યારે ભગવાન પોતે જ તેને અધિકારથી પાડે છે. જય અને વિજય નામે ભગવાનના બે હજૂરી પાર્ષદો હતા. તે બંનેના મનમાં જ્યારે અભિમાન આવ્યું ત્યારે ભગવાને સનકાદિક દ્વારાએ તેમને શાપ અપાવ્યો. અને જે વૈકુંઠમાંથી ક્યારેય પતન થાય નહિ તે પદથી તે બંને તત્કાળ આ લોકમાં પડ્યા. ૭-૮. શ્રીદામા અને રાધિકાજી, તે બંને માન દોષને લીધે ધામમાંથી પડ્યા. ત્યાં પણ ભગવાનની ઇચ્છાએ કરીને પરસ્પર શાપ દીધા. ૯.

ભગવાનની ઇચ્છાથી શું ન થાય ? પણ કોઈ નિમિત્ત વિના ભગવાનની ઇચ્છા થતી નથી.' ત્યારે એરણ સાહેબ બોલ્યા કે, 'હર કોઈ માણસ જ્યાં સુધી ન્યાયના માર્ગે ચાલે છે ત્યાં સુધી ન્યાયની રક્ષા કરતો રહે છે, પણ ચાહે તેવો તે વિદ્વાન માણસ હોય છતાં જ્યારે તેને કામ, ક્રોધ અને લોભનો વેગ આવે છે ત્યારે તેને કોઈ જાતનું ભાન રહેતું નથી. વળી, તેવા વેગમાં પણ જે ન્યાયનું જ્ઞાન રાખે છે તેને અમે સત્પુરુષ તરીકે પ્રમાણિત કરીએ છીએ. ૧૦-૧૨. મનુષ્યને સ્ત્રી અને ધનમાં જેટલું બંધન થયું હોય છે તેટલો તે સંસારમાં ડૂબ્યો રહે છે. ૧૩. આપ સ્ત્રી અને ધનનો ક્યારેય સંગ્રહ કરતા નથી. માટે મને તો એવું દેખાય છે કે આપ ખરેખર સાચા ત્યાગી છો. ૧૪.

સ્ત્રી અને ધનનો અપાર યોગ થતો હોવા છતાં પણ આપ તેના બંધનમાં આવતા નથી. તેથી આપના સમાન બીજો કોઈ સમર્થ કહેવાય નહિ. ૧૫. આપના સામર્થ્યને દેખીને તો અમારા મનમાં ઘણું આશ્ચર્ય થાય છે. કેટલાક ત્યાગીઓ ઉપરથી ત્યાગ રાખે છે પણ તેનો ત્યાગ શિષ્યોની નારી અને ધનને હરવા માટેનો હોય છે.' ૧૬. પછી શ્રીહરિએ એરણ સાહેબને

આગળ વાત કહી, 'આ અમદાવાદમાં મોટું મંદિર કરવાનો અમારો વિચાર છે, પણ બીજા બધા મતપંથીઓ અમને મંદિર કરવા દેશે નહિ. ૧૭. તે મતપંથીઓના ડરથી અમે મંદિર કરતા નથી. આ વાત તમારી આગળ અમે સ્પષ્ટ જાહેર કરી દીધી છે. અમારા શિષ્ય હરિભક્તોને મંદિર કરવાની ભાવના છે, પણ અમારી પાસે અત્યારે ધન નથી. ૧૮.

ધન વિના મંદિર થાય નહિ, તેવો વિચાર તેઓ સહુ કરે છે.' ત્યારે એરણ સાહેબે કહ્યું, 'આપે પોતાના શિષ્યોનો ભાવ પૂરો કરવો જોઈએ. ૧૯. આપના ઉપર અમારે તો એટલો ભાવ છે કે જેટલી જોઈએ તેટલી અમે આપને જમીન આપીએ. તેમાં કોઈ આપનું નામ લે નહિ, તેવી અમે આપની સંભાળ રાખશું. ૨૦. આ વાત કહેવા માટે જ મેં આપને પ્રેમથી અહીં બોલાવ્યા છે. મંદિર કરવામાં કેટલીય બાબત રહી હોય છે, તેને સાહેબ લોકો જાણતા હોય છે. ૨૧. જેટલા મતમાં અવેરી(વ્યભિચાર) થાય છે, તેને સાહેબ લોકો જાણે છે. જ્યારે આપનું મંદિર થશે, ત્યારે તે બધી અવેરી બંધ થઈ જશે. ૨૨. આપે દેશે દેશમાં મંદિર કરાવવા અને તેમાં કોઈથી ડરવું નહિ. જ્યાં અમારા શાણા સાહેબો હશે તે આપની બધી જ સંભાળ રાખશે. ૨૩. જેટલી નિંદિત બાબતો હોય છે, તે બધી આપનું નિર્દોષ મંદિર થઈ જવાથી બધા લોકોની નજરમાં આવી જશે અને તે પછી તો આપનું મંદિર લેખે ગણાશે. ૨૪.

જે મતમાં નિંદિત બાબત ઉપર નિયમન નથી હોતું તેવા મતો ચાહે તેવા હોય, તોપણ અમે તેને તુચ્છ દેખીએ છીએ. ૨૫. જેમાં સદાચારના કોઈ નિયમ ન હોય એવા જેટલા મત છે, તે બધા જેટલી નિંદિત બાબત હોય છે, તેને કરતા રહે છે. ૨૬. આ ભારત દેશમાં મુસલમાન સિવાયની જેટલી પ્રજા છે, તે બધી વેદો અને પુરાણોને માને છે. ૨૭. તે શાસ્ત્રોમાં જેટલી વિધિ અને નિષેધની વાત લખી છે, તે પ્રમાણે જો લોકો ચાલતા હોય તો તે બધા નિર્દોષ કહેવાય છે. ૨૮. મુસલમાનોના સમાજમાં તેનું હિત કરવા માટે કેટલાય ઓલિયા થઈ ગયા છે. તે ઓલિયા મનમાં જેવું ધારે છે તે પ્રમાણે તેના મુરશદ(ધર્મગુરુ) નિયમને પ્રવર્તાવે છે. ૨૯.

મુસલમાનોનો ઉદ્ધાર કરવા માટે હરખભેર કુરાનની રચના કરવામાં આવી છે. જેટલા મુસલમાન ફકીરો હોય છે, તે બધા ઓલિયાનાં વચન પ્રમાણે વર્તે છે. ૩૦. ઓલિયાનાં વચન પ્રમાણે વર્તીને તે બધા મુસલમાનો સ્વર્ગમાં જતા હોય છે. મુસલમાન કહેવાતા હોવા છતાં ઓલિયાનાં વચનથી જેઓ બહાર ચાલે છે, તેનું યવન નામ કહેવાય છે. અને તે બધા દોજખ(નરક)માં પડે છે. જે ફરિશ્તા(દેવદૂત) હોય છે તે તેની તપાસ કરે છે. જે ઓલિયાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને શેતાનના કહ્યા પ્રમાણે વર્તે છે, તેને તેવી સજા થાય જ છે. તે વાત અંધારામાં ચાલી જતી નથી. અમારા ઈસાઈઓના ઈષ્ટદેવ જે ઈશુખ્રિસ્ત છે, તેણે શરીરથી ઘણું તપ કર્યું હતું અને સાહેબ(પરમેશ્વર)ને પ્રસન્ન કર્યા હતા. પછી સાહેબે તેમને જે રીતનાં વચન કહ્યાં છે, તેમણે તે વચન શિષ્યો દ્વારા કિતાબમાં(બાઈબલમાં) લખાવ્યા છે. ૩૧-૩૪.

હરેક રવિવારે અમે સાહેબનું સ્મરણ કરીએ છીએ. અમારા લોકો જે કોઈ સ્થળમાં હોય તે બધા રવિવારે ભેગા થાય છે. ૩૫. જેટલી વ્યાવહારિક વાત હોય છે તેનો અમે રવિવારને દિવસે ત્યાગ કરી દઈએ છીએ. અમે બધા ઈસાઈઓ આટલો નિયમ રાખીએ છીએ. તેમાં કોઈ પ્રમાદ કરતા નથી. ૩૬. ચાહે તેવો બુદ્ધિમાન હોય તે પોતાને અધિકાર મળ્યો હોય તેમાં જો પ્રમાદ રાખે છે તો તેનો અધિકાર ચાલ્યો જાય છે. ૩૭. અમારા જેટલા પાદરીઓ છે, તે બધા અમારા ગુરુ કહેવાય છે અને તે અમારા બાળકોને અમારી ઈસાઈઓની રીત શીખવાડે છે. ૩૮. જેટલી વાત કરવાની હોય છે અને જેટલી કરવાની નથી હોતી, તે બધું કિતાબમાં લખેલું હોય છે. પાદરી તે પ્રમાણે શીખવતા હોય છે. ૩૯. જે જેટલો હોશિયાર હોય તેવો તેને અધિકાર મળે છે. અધિકારને માટે આવશ્યક વિદ્યા રાખી છે, પણ જાતિને લીધે અધિકાર નથી રાખ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "મંદિર કરવાને પ્રસંગે એરણ સાહેબે યોગ્યતાને આધારે અધિકાર કહ્યો" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ।।૪૯।।



પૂર ઓગણીશમું : તરંગ - ૫૦

ભગવાનનું સ્વરૂપ અને ચરિત્રોનું મહત્ત્વ તથા ભાગવતની રચના કહી

ત્યારે શ્રીહરિએ એરણ સાહેબને કહ્યું કે, 'મનુષ્ય જેવી નીતિ રાખે છે, તેવું આ લોક અને પરલોકમાં તેને સુખ જોવા મળે છે. ૧. નીતિમાં બધી જાતનું સુખ રહ્યું છે અને અનીતિમાં અપાર દુઃખ રહ્યું છે. તેને પરમેશ્વર નજરે દેખાડે છે. ૨. જ્યારે જે સમર્થ થયા ત્યારે તેમણે જે ખંડની જેવી રીતિ યોગ્ય હોય છે તેને જોઈ વિચારીને તે પ્રમાણે પ્રજા માટેની શાસન નીતિ ઘડી છે. ૩. બધા ખંડોમાં આ ભરતખંડ સહુથી શ્રેષ્ઠ છે. અમારા શાસ્ત્રમાં તીર્થ, યજ્ઞ અને ઘણી જાતનાં વ્રત, સ્નાન, ઘણી જાતની દેવતાઓની પૂજા, વિપ્ર તથા સંતોને માનવા, પરમેશ્વરની કથા, કીર્તન અને ચરિત્રોને કહેવા વગેરે ઘણી બાબત કહી છે. ૪-૫.

તેમજ ઉપર કહેલી ભગવાન સંબંધી બાબતને તલ્લીન થઈને જે કરે છે, તે સંસારના બંધનથી છૂટી જાય છે. અને તે સિવાયની બીજી બાબતને જે કરતો રહે છે તેને સંસારનું બંધન છૂટતું નથી. ૬.

✵ બુદ્ધિશાળી કોણ ? :

भगवान तामें जिहाँ लगहू, जोरात न जीय तिहाँ लगहू;
संसार में रहे बंधाई, ताकि गम नहीं जिय कु रहाई...०७
भगवान में जोरावत जितना, बुद्धि रहाये तामें तितना;
बुद्धि के फल इतना रहाये, जितना हरिसंग जोराये...०८

આ જીવાત્મા જ્યાં સુધી ભગવાનના સ્વરૂપમાં જોડાતો નથી ત્યાં સુધી તે સંસારમાં બંધાઈને રહે છે, પણ જીવને તેની ગમ પડતી નથી. ૭. મનુષ્ય જેટલો ભગવાનમાં જોડાઈને રહે છે, ખરેખર તેટલી જ તેમાં બુદ્ધિ રહી છે. જેટલું ભગવાન સાથે જોડાયેલા રહેવાય એટલું જ બુદ્ધિનું ફળ મળ્યું કહેવાય. ૮. બધા શાસ્ત્રોના સિદ્ધાંતનું આટલું જ રહસ્ય છે કે, ભગવાનના સ્વરૂપમાં જીવની વૃત્તિ જોડી દેવી. અમે જેવી રીતે અમારા જીવમાં દૃઢ નિશ્ચય કરી

રાખ્યો છે. ૯. તે રીતે મેં તમારી આગળ વાત કરી છે. અમે ભગવાન સિવાયની સમસ્ત બાબતોને અનિત્ય દેખીએ છીએ. કોઈ પણ આશ્ચર્યકારી વાત ભગવાન સિવાય હોતી નથી. ભગવાન જે નક્કી કરે છે તેમ જ બધું અવશ્યપણે થાય છે. ૧૦.

❋ હરિમહિમા :

બીજી ઋતુઓમાં આકાશમાં કાંઈ દેખાતું નથી, પણ વર્ષાઋતુનો જ્યારે સમય આવે છે ત્યારે આકાશમાં વાદળાઓ ગાજવીજની સાથે થઈ આવે છે અને યોગ્ય રીતે વરસાદ થાય છે. ૧૧. આકાશમાં પાણી ક્યાં રહેતું હશે ? ક્યારેય તે નજરે દેખાતું નથી. આવી તો અનેક આશ્ચર્યકારી વાતો હોય છે, તેનો મુખથી કહેતા પાર આવતો નથી. ૧૨. અક્ષરના એક એક રોમમાં અનંતકોટિ બ્રહ્માંડ ચારેબાજુ રહ્યા હોય છે. ૧૩. **ભગવાનનું અક્ષરધામ બ્રહ્માંડની ચારેબાજુ અને બ્રહ્માંડની મધ્યે પણ રહ્યું છે, આવી બધી આશ્ચર્યકારી ઘણી જોરદાર વાતો છે. ૧૪. સૂર્ય, ચંદ્ર અને તારામંડળ, આ બધું ઊંચું અંતરીક્ષમાં ધરાઈ રહ્યું છે. તે પરમેશ્વર શ્રીહરિના ઐશ્વર્યથી જ છે. ૧૫.** પહાડ, વૃક્ષ અને સમુદ્રોએ સહિત જેટલા બ્રહ્માંડો છે, તે એકાર્ણવ(મહાનીર)માં તરતા રહ્યા છે. તે અત્યંત અદ્‌ભુત વાત છે. ૧૬.

આવી જે કાંઈ પણ વાતો છે તે બધી ભગવાનની યોગકળા છે. આવી અનંત અપાર યોગકળાઓ ભગવાનના સંકલ્પમાં રહી છે. ૧૭. જે જે દેવમાં જેટલું સામર્થ્ય જોવામાં આવે છે તથા મનુષ્યમાં પણ જેટલું સામર્થ્ય જોવામાં આવે છે, તે બધું ભગવાનનું સામર્થ્ય છે તેમ અમે દેખીએ છીએ. ૧૮.

ભગવાને આપેલું તે સામર્થ્ય પોતે જ્યારે પાછું ખેંચી લે છે, ત્યારે તત્કાળ તે સર્વે નિર્જીવ થઈને એક પળવારમાં બેહાલ થઈ જાય છે. ૧૯. ભગવાન તો મહાન સમર્થ કહેવાય છે. ભગવાન સિવાયના ચાહે તેવા કોઈ શક્તિમાન હોય, તોપણ તે ભગવાનને આધીન રહે છે. કોઈ પણ વ્યક્તિ કોઈ દિવસ ભગવાનને સમાન થઈ શકતી નથી. ૨૦.

✵ દાસત્વની ગરિમા :

चोपाई :

अक्षरधाम सम नहीं कोऊ, भगवान के रहे दास हि होऊ;
महामाया महापुरुष जेहू, अक्षर तामें रहाये तेहू...२१
अक्षर के तेज करिके ताही, देखे नहीं आवत रहाही;
महाप्रलय होवत रहे जबही, अनंतकोटि ब्रह्मांड तबही...२२
अनंतकोटि प्रधान तिनमें, लय हो जात अनु हो इनमें;
अनंतकोटि प्रधान जेऊ, महामाया ता महिं तेऊ...२३
अनु सम होय लय हो जाते, कोउके नजर नहीं आते;
अक्षरमुक्त अनंत जेते, अक्षरधाम में रहत तेते...२४

અક્ષરધામના સમાન કોઈ નથી. તે પણ ભગવાનના દાસ થઈને રહે છે. મહામાયા અને મહાપુરુષ છે તે અક્ષરમાં રહે છે. ૨૧. પણ તેઓ અક્ષરના તેજે કરીને દેખાતા નથી. જ્યારે મહા(આત્યંતિક)પ્રલય થાય છે ત્યારે અનંતકોટિ બ્રહ્માંડો છે તે અનંતકોટિ પ્રધાનોમાં અણુની જેમ લીન થઈ જાય છે. અનંતકોટી પ્રધાનો છે તે મહામાયામાં અણુની જેમ લીન થઈ જાય છે અને કોઈની નજરમાં પણ આવતા નથી. અનંત અક્ષરમુક્તો અક્ષરધામમાં રહે છે. ૨૨-૨૪. અક્ષરમાં જે કાંઈ નામ ધરાવતા પશુ, પક્ષી અને વૃક્ષ વગેરે રહ્યા છે તે બધા અક્ષરમુક્ત કહેવાય છે. ૨૫. ભગવાન પુરુષોત્તમને પ્રસન્ન કરવા માટે જેને જેવો સંકલ્પ થાય છે તે તેવું શરીર ધારી લે છે અને તે બધાં શરીર દિવ્ય હોય છે. ૨૬.

આ ભરતખંડમાં શાસ્ત્રોની રચના કરવા માટે સ્વયં ભગવાન વ્યાસ ઋષિના રૂપમાં પ્રગટ થયા હતા. ૨૭. વૈરાજપુરુષથી લઈને વર્ણાશ્રમની વ્યવસ્થા બાંધવાની રીત પ્રથમ વેદમાં રહી છે. ૨૮.

જે કોઈ પણ બાબત છે તે બધી વેદોમાં બીજના રૂપમાં લખી હોય છે. તે વેદના બીજને લઈને તેમાંથી વ્યાસ મુનિએ મહાભારતની રચના કરી. ૨૯. વ્યાસ મુનિ જે જાણતા હતા તે પ્રમાણે તેમણે મહાભારતમાંથી સાર લઈને સત્તર પુરાણો રચ્યાં. તે પુરાણોમાં કેટલીક એવી વાતો લખી છે

કે તેની વાત કર્યા સિવાય તે વાતનું જ્ઞાન થતું નથી. ૩૦. પછી ભગવદ્ ઈચ્છાથી નારદમુનિ વ્યાસ મુનિની પાસે આવ્યા. અને તેમણે સત્તર પુરાણો અને મહાભારતની વાત સાંભળી. તેમાં અનંત પ્રકારની વાતો લખી હતી. ૩૧. તે ગ્રંથોમાં બીજી વાતો તો ઘણી લખી હતી, પણ તેની અપેક્ષાએ ભગવાનની વાત પૂરા પ્રમાણમાં લખી ન હતી. ભગવાનની વાત મુખ્ય ન હોય એવી બીજી વાતોથી કોઈ જીવનો મોક્ષ થાતો નથી. ૩૨.

નારદ મુનિએ પોતાને જેવું સમજાયું તે પ્રમાણે વ્યાસ મુનિને કહ્યું કે, 'સંસારમાં જેટલા દેવ અને મનુષ્યો વગેરે છે, તે જેમાં જેને જેવી રુચિ રહે છે તેવું તમે તેમાં પ્રતિપાદન કર્યું છે, પણ તેનાથી જીવ આ સંસારના બંધનથી છૂટશે નહિ. જ્યાં સુધી જીવ સંસારના પાશથી બંધાયેલા રહે છે ત્યાં સુધી તે સંસારને તરી શકતા નથી. ૩૩-૩૪. તમારાં વચનને ખોટા કોણ કહી શકે ? કારણ કે તમે તો ખુદ ભગવાન છો. મોક્ષ પણ તમારાં વચનમાં રહ્યો છે. તેમાં કોઈ ફેરફાર કહેવાતો નથી. ૩૫.

સર્વનું કારણ એવા શ્રીકૃષ્ણ ભગવાન વસુદેવને ઘેર પ્રગટ થયા. તેમનો જન્મ અને જે ચરિત્રો છે, તે જેમાં વધારે આવે તેવો ગ્રંથ કરો કે જેને શુકદેવજી અને શૌનકાદિક ઋષિઓ જિંદગીભર દિનપ્રતિદિન વધારે ને વધારે સાંભળતા રહે. ૩૬-૩૭. ભગવાનનાં ચરિત્ર સિવાયનાં જેટલાં વચન તમે લખ્યાં છે તે બધાં તો કાકતીર્થ જેવાં કર્યાં છે, તેને શુકજી જેવા સમજે છે. ૩૮. પછી જેમાં શુકદેવજી અને પરીક્ષિતનો સંવાદ છે, તેમજ સૂત અને શૌનકાદિકનો જેમાં સંવાદ છે, અને શાસ્ત્રમાત્રનું જેમાં રહસ્ય રહ્યું છે તેવું શાસ્ત્ર વ્યાસમુનિએ લખ્યું. ૩૯. તે શાસ્ત્રનું 'ભાગવતપુરાણ' એવું નામ રાખ્યું. જેમાં બીજા જેટલા ગ્રંથો છે, તે બધાની વાત રહી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ભગવાનનું સ્વરૂપ અને ચરિત્રોનું મહત્ત્વ તથા ભાગવતની રચના કહી" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૧

શ્રીહરિએ એરણ સાહેબને મળીને જેતલપુરમાં ભક્તિમાતાનો જન્મોત્સવ કર્યો

શ્રીહરિએ જયારે ઉપર કહ્યા પ્રમાણેની વાત કહી ત્યારે ખુશ થયેલા એરણ સાહેબે શ્રીહરિને એક સુંદર શાલ ઓઢાડી અને પાનબીડું આપ્યું. ૧. ફૂલના હાર પહેરાવ્યા. પછી શ્રીહરિએ ચાલવા માટેની રજા લીધી ત્યારે સાહેબ વીશ પચ્ચીસ પગલાં સાથે આવ્યા. ૨. પછી એરણ સાહેબે શ્રીહરિની સાથે ખૂબ ભાવથી વાત કરતા કહ્યું કે, 'હવે હું અહીંયા રહીશ નહિ. હવે મારે સ્થાને દુલાપ સાહેબ આવશે. ૩. હવે હું સુરત જવાનો છું. ત્યાં સેવક માટે આપ ત્યાં આવજો. આપની નીતિને દેખીને હું આપને બહુ ચાહું છું. ૪.

અમારા અંગ્રેજ લોકોને નીતિ ઉપર બહુ ભાર રહ્યો છે, અમારે મતે નીતિથી કાંઈ વધારે નથી. બધી જ બાબતોમાં નીતિ રહી હોય છે. ૫. અમારી એવી સમજણ છે કે નીતિભ્રષ્ટને સજા કરવી.' પછી શ્રીહરિએ કહ્યું કે, 'અત્યારે જ્યાં જ્યાં તમારું રાજ્ય થયું છે ત્યાં જેટલી પ્રજા રહે છે, તે બધી કોઈ જાતના ઉદ્વેગ રહિત શાંતિથી રહે છે. કારણ કે, પ્રજાને જેટલા પીડતા હતા તે બધાને તો તમે કેદ કરી લીધા છે. ૬-૭.

રાજ્ય કરવાની આવી નીતિ બીજા કોઈ રાજાએ ક્યારેય ચલાવી નથી. તમે જે જે બાબત હાથ લો છો તેનાથી બધી પ્રજા સુખી થાય છે.' ૮. ત્યારે એરણ સાહેબે કહ્યું કે, 'અમારી બુદ્ધિ લોભને વશ થઈને ક્યારેય પ્રજાનાં હિતથી વિરુદ્ધ વર્તે નહિ, તેવો વર હું આપની પાસે માગું છું.' ૯.

✵ વિચારવાન અને નીતિમાન મોટપ પામે છે :

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'જે માણસ જેવું કરે છે, તેને તેવું ફળ પ્રાપ્ત થાય છે. વિચારવાથી તે સ્પષ્ટ દેખાઈ આવે છે. ૧૦. વગર વિચાર્યે જે કરે છે તે બધા તો અંધ કહેવાય છે. નીતિ ભણવાની સાર્થકતા તો એટલી જ છે કે વિચાર્યા વિના કાંઈ કામ કરવું નહિ. ૧૧. પોતે નીતિ ભણ્યા હોય છતાં

જો કોઈ વિચાર ન કરે તો વગર વિચારે નીતિ શું કરે ? નીતિ અને વિચાર વિનાનો મનુષ્ય તો શ્રોત્ર અને નેત્ર વગરનો ગણાય છે. ૧૨. **માણસને જેવો સંગ રહે છે તેવું તેનું અંતર થઈ જાય છે, તે પ્રત્યક્ષ અનુભવાય છે. ૧૩.** જેવું આચરણ કરે છે તેવું તેનું નામ પડે છે. ઝાઝે ભાગે તો એવું દેખાય છે કે બધે સંગ બળવાન હોય છે. ૧૪. કેટલીક વાત તો એવી હોય છે કે તે સંગથી પણ ફરતી નથી. સમજણરૂપી નેત્રથી તે દેખાઈ આવે છે. ૧૫. **જે વિવેકરૂપી નેત્ર છે તે વધારે બળવાન હોય છે. વિવેકરૂપી નેત્રના યોગથી સારા સંગને જાણી શકે છે.' ૧૬.**

આટલી વાત કહીને શ્રીહરિ ઉમંગભેર ત્યાંથી ચાલતા થયા અને નવાવાસમાં આવ્યા. ત્યાં બધા સંતો તૈયાર થઈ રહ્યા હતા. ૧૭. શહેરમાં જેટલા હરિભક્તો હતા તે સહુ ત્યાં આવ્યા. અને કેટલીક જાતનાં વાજિંત્રો હતાં તેને લાવ્યા હતા. ૧૮. કેટલીક જાતનાં નિશાનો અને ડંકા પણ લાવ્યા હતા. દિવસ છેલ્લો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિ અમદાવાદથી ચાલતા થયા. ૧૯. સહુ રાજમાર્ગ ઉપર ચાલ્યા જતા હતા, બધા સંતો કીર્તન ગાતા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને બંને બાજુ ચામર ઢળતા હતા. ૨૦. વાજિંત્ર એટલાં બધાં વાગતાં હતાં કે આખું શહેર અને આકાશ ગાજી રહ્યા હતા. તે વાજિંત્રના શબ્દને સાંભળીને બજારમાં અગણિત નગરજનો દર્શન કરવાને માટે આવ્યા હતા. સહુનાં મન ઘણા પ્રસન્ન હતા. રાજમાર્ગ ઉપર ઊભા રહીને તેઓ 'જય જયકાર' કરી રહ્યા હતા. ૨૧-૨૨.

કેટલાક નરનારીઓ શ્રીહરિના ઉપર ફૂલના હારોની વૃષ્ટિ કરતા હતા. દુકાનોના મકાનમાં ભૂમિ ઉપરથી લઈને અગાસી અને ગોખ વગેરેમાં કેટલાય નરનારીઓ હાથ જોડીને અલગ અલગ ઊભા હતા. અને ચકોર જેમ ચંદ્રમાને દેખે તેમ શ્રીહરિનાં દર્શન કરી રહ્યા હતા. ૨૩-૨૪. શ્રીહરિની સવારી જ્યાં સુધી દેખાઈ ત્યાં સુધી દર્શન કરનારા બધા લોકો મટકું માર્યા સિવાય એકીટશે શ્રીહરિનાં દર્શન કરી રહ્યા હતા. ૨૫. હાથમાં

સોનાની છડી લઈને દસ-બાર જેટલા ચોપદાર શ્રીહરિની આગળ ચાલતા હતા અને 'જય જય...જય જય...' આવા શબ્દનો ઉચ્ચાર કરતા હતા. ૨૬. ધર્મકુમાર શ્રીહરિનાં અંગ ઉપર પહેરેલા સુંદર શ્વેત વસ્ત્રોમાં અત્તર નાખેલું હોવાથી તેની મહેક ફેલાઈ રહી હતી. ૨૭. મસ્તક ઉપર કસુંબી રંગનો બુરાનપુરી રેંટો બાંધ્યો હતો અને તેમાં સુંદર સોનેરી જરીનો કસબ ભરેલો હતો. ૨૮.

તેના જેવો જ એક બીજો કસુંબી રેંટો કમર ઉપર બાંધેલો હતો અને તે સિવાયનો એક રેંટો ખભા ઉપર રાખેલો હતો. શ્રીહરિનાં સ્વરૂપની શોભા અદ્‌ભુત બની હતી. ૨૯. શરીર ઉપર અંગરખું અને પહેરેલો સુરવાળ શ્વેત હતો, જે ચંદ્રમાની કાંતિ જેવો દેખાતો હતો. અશ્વ ઉપર બધો વિવિધ પ્રકારનો સોનેરી સાજ ધર્યો હતો. ૩૦. અશ્વના આગળનાં બંને પગમાં સોનાનાં ઝાંઝર પહેરાવ્યા હતા. જ્યારે અશ્વ નૃત્ય કરતો હતો ત્યારે 'ઘમ ઘમ... ઘમ ઘમ...' તેવો અવાજ થતો હતો. ૩૧. શ્રીહરિની સાથે જે કાઠી દરબારો અને ક્ષત્રિય દરબારોની સવારી હતી, તે પણ ઘણી મોહક અને સોહામણી લાગતી હતી. ૩૨.

શહેરના લોકોને દર્શન દેતાં અને તેમના પ્રેમભાવને અંગીકાર કરતા શ્રીહરિ શહેરને દરવાજે આવ્યા, ત્યારે લોકોને ખૂબ જ આનંદ ઉપજાવી રહ્યા હતા. ૩૩. જ્યારે શહેરની બહાર આવ્યા ત્યારે બધાં વાજિંત્રોને ત્યાં જ ઊભા રાખ્યા. અને જેટલા છડીદારો આવ્યા હતા તેને પણ શ્રીહરિએ ઘણા રાજી કર્યા. ૩૪. વાજિંત્રવાળાને રાજી કર્યા પછી બહુનામી સ્વામી એવા શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા તે **વટવા** ગામ થઈને **અસલાલી** ગામ આવ્યા. ૩૫. જે હરિભક્તો આવ્યા તે સહુને રાજીપે દર્શન આપ્યાં. પછી ત્યાંથી શ્રીહરિ **જેતલપુર** આવ્યા અને જ્યાં વડનું ઝાડ હતું ત્યાં સભા કરાવી અને ત્યાં વડની ડાળે બાંધેલા હિંડોળે આવીને બેઠા. ૩૬. જ્યારે રાતના નવ વાગ્યા તે વખતે શ્રીહરિ સભામાં હિંડોળા ઉપરથી ઊઠ્યા. ૩૭. શ્રીહરિ મહોલ ઉપર પોઢી ગયા. સહુ સંતો ત્યાં આવ્યા હતા. મહોલની જગ્યા ઘણી વિશાળ હતી. સહુ તેમાં રહીને ભજન કરતા હતા. ૩૮.

શ્રીહરિએ પૂનમના દિવસ સુધી સંત-હરિભક્તોને દર્શન દઈને ત્યાં સરસ ઉત્સવ કર્યો. ૩૯. પૂનમને દિવસ ભક્તિમાતાના જન્મ સમયે સહુ હરિભક્તોએ સારો ઉત્સવ કર્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ એરણ સાહેબને મળીને જેતલપુર આવ્યા અને ભક્તિમાતાનો જન્મોત્સવ કર્યો" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૨

શ્રીહરિ મહેમદાવાદ આવ્યા, વડાદરા વિપ્રની દેવીના જેવા વેષની વાત

મહેમદાવાદના જેટલા હરિભક્તો હતા, તેઓ જેતલપુર આવ્યા હતા. તેમણે ઘણા ભક્તિભાવથી શ્રીહરિને કહ્યું, ૧. 'આપ જ્યારે વડતાલ જાઓ ત્યારે કૃપા કરીને અમારે ગામ અમને સુખ આપવા માટે પધારજો. ૨. આપ આવતા અને જતા જ્યારે અમારા ગામમાં રહો છો ત્યારે સહુને અપાર આનંદ થાય છે.' ૩. શ્રીહરિ તે દિવસોમાં હરિભક્તોના અપાર ભાવને જોઈને તેને પૂરો કરવા માટે સત્સંગમાં ફરતા હતા. ૪.

શ્રીહરિ તે હરિભક્તોનો અપાર ભાવ જોઈને જેતલપુરથી ચાલ્યા, તે **લાલી** અને **કનીપુર** ગામ થઈને **મહેમદાવાદ** આવ્યા. ૫. મહેમદાવાદના બધા હરિભક્તો શ્રીહરિની સન્મુખ આવ્યા. નદીથી થોડા નજીક આવ્યા ત્યારે શ્રીહરિનાં દર્શન કરીને અત્યંત સુખ પામ્યાં. ૬. હરિભક્તો ફૂલના હાર લાવ્યા હતા, તે પહેરાવ્યા અને ફૂલના તોરા પાઘમાં ધીરે રહીને ધરાવ્યા. ૭. ફૂલના જે બાજુબંધ લાવ્યા હતા તે શ્રીહરિની ભુજાઓ ઉપર બાંધ્યા. સંતો, વર્ણી અને સંન્યાસીઓ શ્રીહરિની સાથે હતા. કેટલાક હરિભક્તો શ્રીહરિ પાસે જેતલપુરથી રજા લઈને પોતાને ગામ જતા રહ્યા હતા. ૮-૯.

કેટલાક હરિભક્તો તો દર્શન કરવાના ઉમંગથી શ્રીહરિની સાથે જ આવ્યા હતા. નદી ઊતરીને શ્રીહરિ જ્યારે ગામ તરફ આવ્યા ત્યારે અનેક પ્રકારનાં વાજિંત્રો સામે આવી ગયા. ૧૦. ઢોલ, તાંસા, ભેરાઈ, રણશિંગી, ભૂંગળ, શરણાઈ ઇત્યાદિક વાજિંત્રવાળા ઉમંગભેર વગાડતા હતા. ત્યારે મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો. ૧૧. શ્રીહરિ મહેમદાવાદ ગામના રાજમાર્ગ ઉપર ચાલ્યા. તે વખતે શ્રીહરિને આવતા જાણીને લોકોએ પોતાના ધન્યભાગ્ય માન્યા. ૧૨.

શ્રીહરિ જ્યારે બજારે ચાલ્યા ત્યારે પુરવાસી લોકોએ ગામને સુંદર રીતે શણગાર્યું હતું. જેટલી દુકાનો હતી તેને પણ શણગારી હતી. ૧૩. શ્રીહરિનાં દર્શન કરવાને માટે બધા પુરવાસી લોકો બજારમાં આવીને ઊભા હતા અને ફૂલના હાર લાવ્યા હતા. ૧૪. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. મસ્તક ઉપર છત્ર રાખેલું હતું અને ચોપદાર 'જય જયકાર...' કરતા હતા. ૧૫. જેટલા પાર્ષદો હતા તે બધા શ્રીહરિની આગળ ચાલીને બંદૂકોના અવાજ કરતા હતા. ૧૬. જેટલા સંતો હતા તે બધા આગળ ચાલીને કીર્તન બોલતા, તેથી ઘણો ભારે ઉત્સવ દેખાઈ રહ્યો હતો. તે આશ્ચર્યકારી ઉત્સવને લોકો દેખી રહ્યા હતા. ૧૭. શ્રીહરિએ છોગાએ સહિત કસુંબલ પાઘ મસ્તક ઉપર ધારણ કરી હતી. છોગાની કોર ઉપર વિવિધ ભાતિદાર સોનેરી તાર સોહામણા લાગતા હતા. ૧૮.

પાઘમાં બાંધેલા શિરપેચ અને તેના ઉપર રહેલી કલગીની અદ્ભુત શોભા થઈ હતી. તેમાં રંગબેરંગી નંગ જડેલા હતા. તેમાંથી તેજ તેજ ફેલાઈ રહ્યું હતું. ૧૯. મોહનવરે ગુલાબના ફૂલના ગુચ્છ કાન ઉપર ધર્યા હતા. મુખ ઉપર મંદમંદ હાસ્ય હતું. લલાટમાં કેસરયુક્ત ચંદનની અર્ચા કરી હતી અને તેની વચ્ચે કુંકુમનો લાલ ચાંદલો કર્યો હતો. ૨૦. પાઘમાં બંને બાજુએ ફૂલના તોરા લટકી રહ્યા હતા. શ્વેત અંગરખું અને શ્વેત સુરવાળ પરમદયાળુ શ્રીહરિએ શરીર ઉપર પહેર્યાં હતાં. ૨૧. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ એવી સુંદર બની હતી કે તેની ઉપમા કહી શકાતી નથી. એક કસુંબલ રેંટો કમર ઉપર કસ્યો હતો અને બીજો ખભા ઉપર ધારણ કર્યો હતો. ૨૨.

તે રેંટાના પાલવ અને કોર સોનાનાં ભાતિદાર કસબયુક્ત હતા, જે કહી શકાતા નથી. છાતી ઉપર વિવિધ પ્રકારનાં સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૨૩. હરિભક્તોએ કેટલીક જાતના ફૂલના હાર જ્યારે પહેરાવ્યા ત્યારે શ્રીહરિએ ઘણા પ્રેમથી તે પહેરી લીધા. તેની શોભા મુખથી કહી શકાતી નથી. ૨૪.

બજારમાં જેટલા લોકો ઊભા હતા તે બધા હાથમાં રાખેલા ફૂલહારની વૃષ્ટિ શ્રીહરિના ઉપર કરતા હતા. ૨૫. તે બધા લોકો શ્રીહરિને પરમેશ્વર જાણીને મુખથી 'જય જય...જય જય...' બોલતા હતા અને બંને હાથ જોડીને વારંવાર મસ્તક નમાવતા હતા. ૨૬.

પુરજનો અંદરોઅંદર બોલતા હતા કે, 'ભૂમિ ઉપર જ્યારે અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે શ્રીહરિ મનુષ્યશરીર ધારણ કરે છે. ૨૭. તે વખતે પ્રગટ ભગવાન મનુષ્યથી પણ અધિક મનુષ્ય ચરિત્રો કરતા રહે છે, તે ભક્તજનોને ઠીક પડે છે. પરંતુ અભક્તો તેને દેખીને તે બરાબર નથી એમ કહે છે. ૨૮. સત્યસ્વરૂપ ભગવાન અને ખોટા થઈ પડેલ ભગવાનનો નિત્ય સંયોગ રહે તો તેમનો પ્રતાપ ક્યારેય છુપાતો નથી; તે તો યથાર્થ રૂપમાં દેખાઈ આવે છે. ૨૯.

चोपाई :

विषय तामें बंधावत जितना, प्राकृत जीय रहायेउ तितना;
भगवान मनुष्य तन हि यामें, दिव्यभाव अपार जो तामें...३०
देखात भये वार हि वारा, तिन करिके होवत निरधारा;
मनुष्य में दिव्य भाव विनही, निश्चे न होवत कबहु किनही...३१

જે જેટલો વિષયમાં બંધાઈ જાય છે તે તેટલો પ્રાકૃત જીવ છે. ભગવાન મનુષ્યશરીર ધારણ કરીને તેમાં અપાર દિવ્યભાવ વારંવાર દેખાડે છે. તેનાથી તે સત્યસ્વરૂપ ભગવાનની શક્તિનો નિર્ધાર થાય છે. મનુષ્યપણામાં દિવ્યભાવ બતાવ્યા સિવાય ક્યારેય કોઈને નિશ્ચય થાતો નથી. ૩૦-૩૧. ભગવાનનાં કેટલાક ચિહ્નો કહ્યા છે તે મનુષ્યમાં એક પણ મળતા નથી. પ્રાકૃત લોકો ચાહે તેવા વિદ્વાન હોય, છતાં ભગવાનના ભક્ત સિવાયના તેઓ આ સંસારમાં વારંવાર ભટકતા રહે છે. તેમાં ક્યારેય સંદેહ નથી. ૩૨-૩૩.

જ્યારે જીવ ભગવાનના ભક્ત થાય છે ત્યારે તેમનું ભવભટકણ મટે છે. જે જે વાતમાં કપટ રાખે છે તેનું રૂપ તેવું દેખાય છે. ૩૪. જે કપટમાં ધર્મની અધિક વૃદ્ધિ થતી હોય એવું કપટ નિષ્કપટ કહેવાય છે. તેને વેદો અને પુરાણો કહી બતાવે છે. ૩૫. ક્યારેક નિષ્કપટભાવમાં કેટલુંક કપટ કરવામાં આવે ત્યારે ધર્મ રહે છે. પરંતુ નિષ્કપટભાવ અને કપટભાવની રીત એકસરખી હોતી નથી. ૩૬.

એક વડાદરા બ્રાહ્મણ હરિભક્ત થયા હતા અને તે ભિક્ષાવૃત્તિ કરતા હતા. હવે તેની વાત કહું છું. ૩૭. હવે તેઓ જેમ કરતા હતા તે વાત કહું છું. 'તે વિપ્ર પોતાનું પેટ ભરવાને માટે કુસંગી જે રીતે રાજી થાય તે રીતે નિત્ય બોલતા હતા. ૩૮. પોતાના પેટને ખાતર બહુચરા અને અંબાનો વેષ આબેહૂબ રાખતા હતા. અને હાથમાં ત્રિશૂળ તથા માથા ઉપર ચૂંદડી રાખતા હતા. ૩૯. શ્રીહરિની આજ્ઞાએ કરીને તે વિપ્ર આવો વેશ શરીર ઉપર રાખતા હતા, પરંતુ હરિભક્તો તેને જાણતા નહિ. શ્રીહરિના કહ્યા પ્રમાણે કરવામાં કોઈ દોષ હોતો નથી.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ મહેમદાવાદ આવ્યા, વડાદરા વિપ્રની દેવીના જેવા વેષની વાત કરી" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૩

શ્રીહરિએ હાકેમને સ્ત્રી તથા ધનથી બચવા માટેની વાત કહી

તે વડાદરા વિપ્ર સત્સંગના શિક્ષાપત્રી પ્રમાણેના બધા નિયમોને પાળતા હતા. ૧. ઘનશ્યામ શ્રીહરિ તે વિપ્રને રાજી કરવા માટે તેને ગામ પધાર્યા. ગામના લોકોને દર્શન દઈને ગામ બહાર નીકળી ગયા. ૨. **ખાતરજ** ગામના રસ્તા ઉપર એક મોટું વડનું ઝાડ હતું. ત્યાં શ્રીહરિએ મુકામ કર્યો. ૩. ગામના હરિભક્તો એક સારો પલંગ લાવ્યા, તેના ઉપર ગાદીતકિયા

બિછાવ્યા. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા. ૪. ગામમાં જે એક હાકેમ રહેતા હતા તે તેની જ્યારે કચેરી પૂરી થઈ ત્યારે તેમના તમામ આશ્રિતલોકને સાથે લઈને શ્રીહરિ પાસે આવ્યા. ૫. તે જ્યારે શ્રીહરિની પાસે આવ્યા ત્યારે શ્રીફળ અને ફૂલના હાર લાવ્યા હતા. તેમાંથી ફૂલના હાર શ્રીહરિને પહેરાવ્યા અને શ્રીફળ આગળ મૂક્યાં. ૬.

શ્રીહરિએ તેમને મીઠા શબ્દથી કુશળ પૂછીને બેસાડ્યા. તે હાકેમ દક્ષિણી વિપ્ર હતા. તેણે શ્રીહરિની આગળ હાથ જોડ્યા અને પછી કહ્યું, ૭. 'મહારાજ, આપ જ્યારે અહીં આવ્યા તે વખતે અમારી કચેરીનું કામ ચાલતું હતું. અમે મનથી તો આપની સન્મુખ આવ્યા હતા, પણ અમારું શરીર કચેરીમાં બંધાયેલું હતું. ૮. અત્યારે અંગ્રેજની સરકાર છે. તેણે જે કોઈ પણ બાબત હોય તેનું કલાક પ્રમાણે કામ કરવાનો નિયમ બાંધી દીધો છે. અંગ્રેજોની રીતિ અદ્દલ છે. ૯. ચોક્કસ કરેલા નિયમમાં જો કોઈ પ્રમાદ રાખે તો તરત તેનું અપમાન કરે છે. નિયમમાં પ્રમાદ રાખે તો ચાહે તેટલો અધિકાર પામેલો માણસ હોય, તોપણ તેનું અપમાન કર્યા સિવાય રહેતા નથી. ૧૦.

કચેરીના નિયમ મુજબનું કામ જ્યારે થઈ રહ્યું ત્યારે તરત જ અમે આવ્યા છીએ, પણ અમારાથી આપની સન્મુખ આવી ન શકાયું એટલા અમે તમારા દોષમાં આવ્યા છીએ. ૧૧. આટલો અમારાથી જે અપરાધ થયો છે તેને આપ માફ કરો. અમે સંસારમાં ડૂબી રહ્યા છીએ, તેથી અમારો હાથ પકડી લો. ભગવાનના કેટલાયે અવતારો થયા છે. તે બધાનો કહેતા પાર આવતો નથી. ૧૨. તે ભગવાને એક એકથી સરસ અદ્‌ભુત અને અપાર ચરિત્ર કર્યાં છે. તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૧૩. આ વખતે આપે જે ચરિત્રો કર્યાં છે તે એક ચરિત્રમાં પૂર્વના અવતારો દ્વારા કરેલાં બધાં ચરિત્રો આવી જાય છે. ૧૪.

આપની બધી નીતિઓને દેખીને અમારું દિલ એવું કહે છે. તેમજ બધા બુદ્ધિમાનો પણ આપની નીતિને દેખીને આવો ચોક્કસ નિર્ધાર કરે છે. ૧૫. ઘણા અત્યંત પાપી જીવો કાંઈક થોડું જ્ઞાન શીખીને ભગવાન બની બેઠા હોય

છે. તેઓ કેવા નરકમાં પડે છે ? ૧૬. જેટલા અજ્ઞાની મનુષ્યો છે તે પોતાના જેવા અજ્ઞાની ભગવાનને માને છે. તેઓ વિવેકથી કાંઈ દેખતા નથી. તેથી સત્સંગનો એકલો અભાવ જ બોલે છે. ૧૭. હવે તેવા અજ્ઞાનીઓની ગતિ કેવી થાશે ? હે હરિ ! હવે તે વાત અમને કહો.' ત્યારે શ્રીહરિ બોલ્યા કે, **'તેવા મિથ્યા ભગવાન તો સત્યસ્વરૂપ ભગવાનના ચોર કહેવાય છે. અને તે જ્યારે મરે છે ત્યારે તેને લેવા માટે યમદૂત આવે છે.** ૧૮-૧૯. તે પાપી જીવને જમપુરીમાં લઈ જઈને જમ મારે છે કે જે કહી શકાતું નથી. તેને ભગવાનનો ચોર જાણીને માથા ઉપર જોરથી ઘા કરે છે. ૨૦.

જે મિથ્યા ગુરુ અને મિથ્યા ભગવાન થઈને દંભથી રહે છે તેને લોઢાના પગરખા પહેરીને જમદૂત મારે છે. તે કહી શકાતું નથી. ૨૧. તે દંભીઓના જે શિષ્ય હોય છે તેમને બધાને પણ યમદૂતો ઓળખે છે. અને તેવા દંભી, પાપી તથા અધર્મીઓને દંડ દેવા માટે તો મુખ્યપણે જમપુરી રચી છે. ૨૨. જે લોકો સત્પુરુષોને અને સન્માર્ગને મિથ્યા કહે છે તેવાને દંડ દેવાને માટે જમપુરી કરી છે અને તેમને લેવા માટે યમદૂત આવે છે. ૨૩. યમરાજા, યમદૂતો, જમપુરી અને તેમાં જે નરકના કુંડ કહેવાય છે તે બધા દંભી અને પાખંડીઓને દંડ દેવા માટે રચ્યા છે. ૨૪.

નીતિનો લોપ કરનારા જેટલા મોટા મોટા રાજાઓ કહેવાય છે તે બધાને પણ જમપુરીમાં કેદ કરે છે. ૨૫. અને તે જમપુરીમાં જેટલાં શસ્ત્રો બનાવ્યા છે તે બધા અનીતિને માર્ગે ચાલનારાને માટેના છે. અને જે નીતિ પ્રમાણે ચાલે છે તેને માટે ઘણાં સરસ સુખ રચ્યાં છે. ૨૬. જે સત્પુરુષ છે તેઓ આ દુનિયાનાં સુખ-દુઃખને નિશ્ચિતપણે અનિત્ય (આગમાપાયી) દેખે છે. ૨૭. અને જેટલા અસત્પુરુષો છે તે વિશ્વાસી લોકોને ઠગવા માટે આ દુનિયાનાં સુખ-દુઃખોને નાશવંત કહે છે. ૨૮. દંભી ગુરુ, દંભી ભગવાન અને દંભી સંતો આ જગતમાં અનંત હોય છે. અને તેણે કહેલી કથા, કીર્તન અને વાતો ધન અને સ્ત્રીને ઠગવા માટેના હોય છે. ૨૯. ખરેખર નિર્દંભપણે જે ભગવાનનું ભજન કરતા હોય છે તેને પણ ભજન કરતા કરતા વચ્ચે ધન અને નારીરૂપ અપાર સાગર આવે છે. ૩૦. તે ભક્ત જ્યારે સ્ત્રી અને

ધનરૂપ સાગરમાં ડૂબે નહિ ત્યારે તે ભગવાનનાં ધામને પામે છે. ધન અને નારીમાં જે લોકો ડૂબે છે અને નથી ડૂબતા, તે પણ દેખાઈ આવે છે. ૩૧. જે ધન અને નારીમાં ડૂબી જતા હોય છે તે આંખમાં, વેણમાં અને ચેષ્ટામાં દેખાઈ આવે છે. તે ક્યારેય છુપાતું નથી. લુહાર લોઢાને ગરમ કરીને રાત-દિવસ તેને સુધારતા રહે છે. ૩૨.

છતાં તે લુહાર ભૂલથી પણ ક્યારેય ગરમ લોઢાને પોતાના હાથથી અડતો નથી. ગરમ લોઢાને ઓજારથી પકડીને તેને સુધારતો રહે છે. ૩૩. ગારુડી(વાદી) લોકોને તમાશા દેખાડવા માટે સાપને પોતાની પાસે રાખે છે, પણ તે સાપનો ક્યારેય વિશ્વાસ રાખતો નથી. અને જો વિશ્વાસ રાખે છે તો તેનું મોત થાય છે. ૩૪. ઉપર કહી તે બાબતમાં કોઈ ફેરફાર હોતો નથી. તે સહુને પ્રત્યક્ષ દેખાય છે. તેથી જેને ભગવાનનો ખપ હોય છે તેણે ધન અને નારીથી ડરતા રહેવું, પણ તેનો વિશ્વાસ કરવો નહિ. વિશ્વાસ ન કરે અને ડરતા રહે ત્યારે જ ઊગરી શકાય છે. ભલે દારૂના મોટા મોટા પહાડ હોય, પણ અગ્નિના યોગ વિના ક્યારેય તે ફૂટતો નથી. ૩૫-૩૬.

સ્ત્રી અને ધન, બંને દારૂ છે અને પુરુષ અગ્નિના સમાન છે. તેમનો જો યોગ થાય તો જરૂર તરત જ વિસ્ફોટ થાય છે. ૩૭. સ્ત્રી, ધન અને પુરુષને દારૂ અને અગ્નિના સમાન સમજીને અમારા જે આશ્રિતો છે તે બધા તેનાથી નિર્લેપપણે અલગ રહે છે. ૩૮. સ્ત્રી અને ધન મૂર્તિમાન આગ જેવા છે. અને જેટલા પુરુષ છે તે દારૂ અને ઘીના સમાન છે. ૩૯. જેને સ્ત્રીનાં શરીરનું જ્ઞાન પણ ન હતું એવા ઋષ્યશૃંગ ઋષિને જ્યારે નારીનો મેળાપ થયો ત્યારે તે તેને વશ થઈ ગયા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ હાકેમની આગળ કહેલી સ્ત્રી તથા ધનથી બચવા માટેની વાત કહી" એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૪

સત્સંગ દુર્લભ છે અને તે કાળ, માયા તથા પાપમય કર્મથી રહિત છે

જ્યારે દિવસ એક ઘડી બાકી રહ્યો ત્યારે રસોઈ તૈયાર થઈ. રસોઈ ગામમાં કરી હતી, એટલે જ્યારે સંતો ત્યાં ચાલ્યા ત્યારે, ૧. શ્રીહરિ આગળ ચાલ્યા અને સંતો પાછળ ચાલ્યા. રસોઈ કરનારા વિપ્રો સારા સત્સંગી હતા. ૨. તે વડાદરા વિપ્રોની ભોજનશાળા હતી. ત્યાં શ્રીહરિ આવ્યા. સ્નાન કરીને પીતાંબર પહેર્યું. ૩. ચરણમાં ધોયેલી ચાખડીઓ પહેરી લીધી. ભોજનશાળામાં સુંદર બાજોઠ હતો. આવીને તેના ઉપર બેઠા. ૪.

બીજો બાજોઠ શ્રીહરિની આગળ મૂક્યો. તેના ઉપર જેટલાં ભોજન બનાવ્યાં હતાં તેના થાળ ભરી ભરીને મૂક્યાં. પકવાન કેટલીયે જાતનાં હતાં. ૫. શ્રીહરિ જ્યારે જમી રહ્યા ત્યારે સંતોની પંગત થઈ. ઉત્તર દક્ષિણ લાંબી પંગતમાં શ્રીહરિ લાડુ પીરસવા લાગ્યા. ૬. જ્યારે સંતોને પીરસાઈ ગયું ત્યારે સંતો જમવા લાગ્યા. શ્રીહરિ પીરસવા માટે ઘણા હેતથી ત્રણવાર પંગતમાં ફર્યા. ૭. તે સમયે ત્રણ-ચાર મશાલો થઈ. બધા સંતો જમી રહ્યા ત્યારે શ્રીહરિ તથા સંતો મુકામ ઉપર આવ્યા અને ભક્તોના મનોરથોને પૂરા કર્યા. ૮.

❋ શ્રીહરિની ભક્તવત્સલતા :

સહુ હરિભક્તોના મનોરથોને પૂર્ણ કરવાને માટે તો હરિભક્તો જ્યાં રહેતા હતા તે ગામેગામ શ્રીહરિ અવશ્ય જતા હતા. ૯. હરિભક્તોને શ્રીહરિ એવું સુખ આપતા હતા કે જે ભવ અને બ્રહ્માને પણ દુર્લભ હતું. આ વખતે ભક્તોને એવું સુખ આપ્યું કે પહેલા ક્યારેય તેવું સુખ સાંભળ્યું પણ ન હતું. ૧૦. આ વખતે ભગવાન સ્વામિનારાયણે હજારો હજાર મોક્ષના દરવાજાઓ ખોલી દીધા છે. જે લોકો પૂરેપૂરા અભાગિયા હતા તેમને શ્રીહરિનો યોગ થયો નહિ. ૧૧. આ સમયે જેને શ્રીહરિનો યોગ થયો તથા સંતો, વર્ણી અને હરિભક્તોનો યોગ થયો, તે બધાના ધન્યભાગ્ય ઉદય થયા છે તેમ જાણવું. ૧૨.

दोहा : भाग्य बिन हि सत्संग के, जन कु जोग नहि होउ;
सत्संग सम दुल्लभ ही, बात हे नहीं कोउ...१३
जान अजान जन हि जोउ, सत्संग करत जाहि;
काल माया पाप कर्म हि, यमदूत भय न ताहि...१४

સદ્‌ભાગ્ય સિવાય માણસને સત્સંગનો યોગ થતો નથી. સત્સંગ સમાન કોઈ દુર્લભ વાત નથી. ૧૩. મનુષ્ય જાણે અજાણે પણ જો સત્સંગ કરે છે તો તેને કાળ, માયા, પાપમય કર્મ અને યમદૂતોનો ભય રહેતો નથી. ૧૪.

सोरठा : मनुष्य तन कु पाय, सत्संग जो करत नहीं;
दुरभागि कहे ताय, मनुष्य तन यह व्यर्थ किये...१५
चक्रवृति भये जोउ, इन्द्र ब्रह्मा सम भयेउ;
काल न छोरत तोउ, सत्संग करत न जांहि लग...१६

મનુષ્યના દેહને પામીને પણ જે સત્સંગ નથી રાખતો તે જીવ દુર્ભાગિયો કહેવાય છે. તેણે પોતાના મનુષ્યદેહને વ્યર્થ કર્યો છે. ૧૫. કોઈ ચક્રવર્તી રાજા થાય, ઈન્દ્ર કે બ્રહ્માના જેવો થાય, છતાં તે જ્યાં સુધી સત્સંગ કરતો નથી ત્યાં સુધી કાળ તેને છોડતો નથી. ૧૬. સત્સંગ સ્વીકાર્યા સિવાય કોઈને નિર્ભય પદ પ્રાપ્ત થાતું નથી. પુષ્કળ ધન, અસંખ્યાત કિલ્લાઓ, લશ્કર, તોપો, ઘોડા, હાથી, રથ અને મ્યાના વગેરે અગણિત હોય અને તે સિવાયના સહાય કરવા માટે બીજા અપાર સાધનોને રાખ્યા હોય અને પોતાની જેટલી બુદ્ધિ ચાલે તેટલા રક્ષણના ઉપાયો રાખ્યા હોય, છતાં પણ કાળ કોઈને છોડતો નથી. કાળ તો બ્રહ્માંડોનો વિનાશ કરતો જ રહે છે. ૧૭-૧૯.

આવો જોરદાર જે કાળ છે તે પણ ભગવાનનો દાસ થઈને રહે છે. જે મનુષ્ય સત્સંગી થાય છે તેની રક્ષા કાળ પોતે કરે છે. ૨૦. જે મનુષ્ય ભગવાનને શરણે થયો હોય છે તેને કાળ ઓળખે છે. જેવો સત્સંગ નિર્ભય છે તેવું બીજુ કાંઈ નિર્ભય નથી. ૨૧. જેટલા સત્સંગ કરે છે તેટલા મનુષ્ય નિર્ભય થાય છે અને જે સત્સંગ નથી કરતા તે બધા વારંવાર સંસારમાં ભટકતા રહે છે. ૨૨.

ચાહે તેવી મોટાઈને કોઈ પામ્યો હોય, છતાં તે મોટાઈ સત્સંગ વિના રહેતી નથી. સત્સંગનો યોગ તો એવો છે કે, તેમાં મોટાઈ તો સહજપણે રહી છે. ૨૩. સત્સંગી થયા સિવાયની જેટલી મોટાઈ છે તે બધી કાળના ભયવાળી હોય છે. જેને આવી સમજણ નિર્દંભપણે હોય છે તેનો સત્સંગ પાકો થયો કહેવાય. ૨૪. પલંગ ઉપર વિરાજેલા શ્રીહરિએ આવી બધી વાત કરી. તે પહેલા મુક્તાનંદસ્વામી પણ કલ્યાણકારી વાત કરતા હતા. ૨૫. જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીહરિ પોઢી ગયા અને સંતો તથા હરિભક્તો પણ સૂઈ ગયા. ૨૬. રાતનો પાછલો એક પહોર જ્યારે રહ્યો ત્યારે એકદમ ઠંડી પડવા લાગી. બધી હરિભક્ત બાઈઓ બેઠી થઈ ગઈ. ૨૭. તેઓ સુંદર સારરૂપ પ્રભાતિયાનાં પદ તત્પર થઈને બોલવા લાગી, એટલે ધર્મકુમાર શ્રીહરિ બેઠા થઈ ગયા અને ઘણા ભાવથી તે પ્રભાતિયાને સાંભળવા લાગ્યા. ૨૮.

જ્યારે હરિભક્ત બાઈઓ પદ બોલી રહી ત્યારે શ્રીહરિ બોલ્યા, 'આ સત્સંગી બાઈઓ ક્યારેય વનમાં રહી નહિ હોય. બધી જ ગામ કે શહેરમાં રહેનારી છે. ૨૯. જેટલી તેમને સમજણમાં કાચપ રહી હશે, એટલું આજે તેમને પોતાનાં હૃદયમાં વારંવાર ઘર સાંભર્યા વિના નહિ રહ્યું હોય. ૩૦. આ શરીરમાં જે જીવ રહ્યો છે તેણે કેટલીયે વાર મનધાર્યાં અપાર સુખ ભોગવ્યાં છે અને તે જ રીતે દુઃખને પણ ભોગવ્યાં છે. ૩૧. પરંતુ જીવને તેનું જ્ઞાન નહિ હોવાથી તે સાંભરતાં નથી. ઘડામાં મૂકેલા દીવાનો પ્રકાશ જેમ બહાર આવતો નથી તેમ અજ્ઞાનથી અવરાઈ ગયેલા જીવને સુખ-દુઃખનું સ્મરણ થાતું નથી. ૩૨. જ્યારે દીવાને ઘડાનું આવરણ ન રહે ત્યારે તે દીવાનો પ્રકાશ દેખાય છે. આ અજ્ઞાનરૂપ શરીર ઘડો કહેવાય છે અને જીવનું જ્ઞાન દીવો કહેવાય છે. ૩૩. ભગવાન અને સત્સંગના પ્રત્યક્ષ જ્ઞાને કરીને શરીરરૂપ અજ્ઞાનથી ભરેલા ઘડાના આવરણનો નાશ થાય છે. ત્યારે જે લોકોને જીવમાં જેટલું દુઃખ મનાય છે તેટલો તે બધા શોક કરે છે, પરંતુ સમજણમાં બધું સુખ રહ્યું છે. તેથી સમજણવાળાને તલભાર પણ શોક રહેતો નથી. ૩૪-૩૫.

સદ્‌ગુરુ રામાનંદસ્વામીએ અમને જે જ્ઞાન આપ્યું હતું તે રીતે મેં કહ્યું છે. વળી, સચ્છાસ્ત્રોમાં જે રીતનું જ્ઞાન બતાવ્યું છે તેને જોઈને તે રીતે જ્ઞાનની વાત અમે કરીએ છીએ. ૩૬. ભગવાન અને શુક સનકાદિક જે મોટા સંતો છે તે બધાને જ્ઞાનરૂપ સમજણ એક સમાન રહી છે. ૩૭. જે મનુષ્યને માયિક વસ્તુમાં હેત હોય છે તેમાં જ્યારે જેટલું દુઃખ આવે ત્યારે તે દુઃખને પણ તેટલું સુખના રૂપમાં દેખે છે. ૩૮. શુભ અને અશુભ કર્મ કરવાને કારણે થયેલા પ્રારબ્ધ અને ભવિષ્ય પ્રમાણે જીવ લખચોરાશીમાં તેવા તેવા શરીરને પામે છે. ૩૯. પરંતુ **જે જીવને જેટલો સત્સંગનો યોગ થાય છે તેઓને લખચોરાશી છૂટી ગઈ હોય છે. તેમાં કાંઈ સંદેહ નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં “સત્સંગ દુર્લભ છે અને તે કાળ, માયા તથા પાપમય કર્મથી રહિત છે” એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૫

શ્રીહરિએ સત્સંગ અને ભગવાનનો મહિમા કહ્યો અને દહેગામ થઈને ડભાણ પધાર્યા

પછી ફરીને શ્રીહરિએ વાત કરી, ભગવાનને માટે અને સત્સંગને માટે ઘણા મુમુક્ષુઓએ પ્રેમથી અપાર કષ્ટ સહન કર્યાં છે. ૧. હરિશ્ચંદ્ર, મયૂરધ્વજ, પ્રહ્લાદ, બલિ, દાસી પુત્ર નારદ, ધ્રુવ, રાજા અંબરીષ, ચિત્રકેતુ અને પ્રિયવ્રત વગેરેએ ભગવાનને પ્રસન્ન કરવા રાજ્યથી નિવૃત્ત થઈને વનમાં જઈ તપ કર્યું હતું. ૨-૩.

ગોપીઓ, ગોવાળો, પાંડવો, સતી દ્રૌપદી, તે બધાએ ભગવાનને રાજી કરવા માટે અપાર કષ્ટ સહન કર્યું હતું. ૪. છતાં પણ તે બધા પૂર્વે થયેલા ભક્તોને અત્યારે જે ભગવાનનો તથા સત્સંગનો હરિભક્તોને યોગ થયો છે તેવો યોગ થયો ન હતો. ૫.

✵ આગળના ત્યાગીઓની મહાનતા :

જેને જેટલો સત્સંગ હોય તેના તેટલાં પાપ દિનપ્રતિદિન નાશ થતા રહે છે. જેમ જળ મળને શુદ્ધ કરે છે તેમ સત્સંગ તેના આત્માને શુદ્ધ કરી દે છે. ૬. કોઈક પોતાનાં મનમાં એમ જાણે છે કે અમે ત્યાગી થયા છીએ. અમે ખાન, પાન અને સુખનો ત્યાગ કરી દીધો છે. ટાઢ તડકાને શરીરથી સહન કરીએ છીએ અને કુસંગીઓએ કરેલી પીડાને પણ સહન કરીએ છીએ, ૭. પણ આગળના યુગમાં મોટા મોટા અધિપતિઓ કે જેમના બહુ કોમળ અંગ હતા. તે એક શરીરની રક્ષાને માટે એક સેવકની જ્યાં જરૂર હોય ત્યાં સેવા કરવા માટે હજાર સેવક તત્પર થઈને હાજર રહેતા હતા, ૮. છતાં તેમણે પરમેશ્વરને પ્રસન્ન કરવાને માટે મનને જ્યારે દૃઢ કર્યું ત્યારે શરીરનાં સુખ માટેની બધી જે સંપત્તિ હતી, તેનો મળની જેમ ત્યાગ કરી દીધો હતો. ૯.

ભગવાન સંબંધી જેટલાં સુખ હોય તેને જોઈ જોઈને તેમણે રાખ્યા અને પોતાનાં શરીરનાં સુખ-દુઃખની સ્મૃતિ પણ તેમણે ન રાખી. અને એક ભગવાનનાં સ્વરૂપમાં જ જ્યારે તેમણે સુખ માન્યું ત્યારે તેના વૈરાગ્યને અને તેનાં માતા-પિતાને ખરેખર અત્યંત ધન્યવાદ ઘટે છે. તે પૂર્વે કહેલા ભક્તોએ જે ત્યાગ રાખ્યો હતો, તેવો ત્યાગ અત્યારે ક્યાંય દેખવામાં પણ આવતો નથી. ૧૦-૧૧. માટે અત્યારે જેટલા જેટલા ત્યાગી થયા છે તેમણે પોતાના ત્યાગનો ગર્વ રાખવો જોઈએ નહિ. જે જે બાબતનો જેટલો ગર્વ રહે છે તેને દેહાત્મબુદ્ધિવાળી સમજણ રહી કહેવાય. ૧૨.

✵ શ્રીજીમહારાજની દુર્લભતા :

આ બધા હરિભક્તોનાં હિતને માટે જ્યાં મન અને વાણી પણ પહોંચે નહિ એવા અમારા ધામમાંથી અમે મનુષ્યદેહ ધારીને અત્યારે ચોક્કસ આવ્યા છીએ. ૧૩. અમારાં સ્વરૂપને વેદો પણ વારંવાર 'નેતિ' 'નેતિ' એમ કહે છે. તેવા અમે હરિભક્તોનાં હિતને માટે સુગમ થઈ ગયા છીએ. તમારે સહુએ એનો વિચાર કરવો જોઈએ. ૧૪. **જેટલા ભગવાનના ભક્તો છે તેમણે પોતાના હૃદયમાં ભગવાન સિવાયની જેટલી વાસના રહી હોય તેનો**

નાશ કરવો જોઈએ. ૧૫. પુરુષને સ્ત્રીની અને સ્ત્રીને પુરુષની જેટલી ઈચ્છા રહે છે તેનું જ નામ વાસના કહેવાય છે. ૧૬.

❋ શ્રીહરિ અને સત્સંગની દુર્લભતા :

કોઈ મનુષ્ય આ સત્સંગ અને ભગવાનનો આશ્રય છોડી દે છે તે બીજાં જન્મમાં જે જે યોનિમાં જાય છે ત્યાં તેને અપાર પુત્ર મળે છે. ૧૭. અને તે તે યોનિમાં મનના ધાર્યા બધા વિષય મળે છે. પાર વગરના ખાન-પાન મળે છે તથા વસ્ત્ર, ઘરેણાં અને ધન જેટલું જોઈએ તેટલું મનમાન્યું મળતું રહે છે. ૧૮. બીજી બધી બાબતો સુગમ છે પણ આવા ભગવાન તથા આવો સત્સંગ દુર્લભ દેખાય છે. જે લોકો ભગવાન અને સત્સંગને સહુથી વધારે દુર્લભ માને છે તેના પુણ્યનો કોઈ પાર નથી, તેમ વેદ અને પુરાણો કહે છે. થોડા સુકૃતે કરીને ભગવાન તથા સત્સંગમાં, નિશ્ચળ મતિ બંધાતી નથી. ભગવાન અને સત્સંગ, બંને આવા દુર્લભ કહ્યા છે. માણસને જયાં સુધી ભગવાનમાં અને સત્સંગમાં પ્રીતિ થાતી નથી ત્યાં સુધી તેને કરોડોની ધન-સંપત્તિ હોવા છતાં તે અભાગિયો કહેવાય છે. માટે અત્યારે જેટલા હરિભક્તો કહેવાય છે તે બધા મહાન ભાગ્યશાળી થયા છે. ૧૯-૨૨.

सत्संग भगवान जो ताके, जोग भयेउ तेहि कर वाके;
दुल्लभ में दुल्लभ जो मिलेऊ, एसे जोग मिले नहीं केऊ...२३
जथार्थ भये बिन जोउ ज्ञाना, अंतर से मिटत नहीं अज्ञाना;
सूर्य ताके उदय होय जबहू, चाय तेसे तम रहे न तबहू...२४

જેને સત્સંગનો અને ભગવાનનો યોગ થયો છે તેણે પોતાને દુર્લભમાં દુર્લભ વસ્તુ મળી છે, એમ માનવું. આવો સુયોગ પૂર્વે કોઈને મળ્યો નથી. ૨૩. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન નથી થતું ત્યાં સુધી અંદરથી અજ્ઞાન મટતું નથી. જ્યારે સૂર્યોદય થાય છે ત્યારે ચાહે તેવું અંધારું હોય, તોપણ તે ટકતું નથી. ૨૪. સત્સંગ થયા પછી પણ જેટલું અજ્ઞાનરૂપી અંધારું રહી જાય છે તે વર્તનરૂપી સૂર્યથી દેખાઈ આવે છે.' ૨૫. શ્રીહરિએ હરિભક્તોની આગળ આવી બધી વાત જ્યારે કરી ત્યારે અજવાળું થઈ ગયું. પછી તૈયાર થઈને ચાલતા થયા. ૨૬.

પછી ખાતરજથી **દેગામ** આવ્યા. ત્યાં એક વિપ્ર કલાભાઈ હરિભક્ત હતા. તે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૨૭. તે હરિભક્ત ઘણા ભાવિક હતા. તેણે શ્રીહરિને પોતાના ગામમાં પધરાવ્યા. પછી શ્રીહરિ પહેલા ત્યાં નદીમાં જઈને નાહ્યા. ૨૮. સંતો, વર્ણી અને હરિભક્તો જેટલા હતા તે સહુ શ્રીહરિની સાથે નાહ્યા. પછી શ્રીહરિ તે હરિભક્તને ઘેર ગયા અને તેણે તેમની પૂજા કરી. ૨૯. (તે સમયે સંતો ***'રે ઠરવાનું ઠામ તમે મારું, બીજું સર્વે માયાનું લારું...'*** એ ઝીલણિયા કીર્તન બોલ્યા.) પછી જ્યારે તે હરિભક્ત પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. તેની અદ્‌ભુત શોભા કહી શકાતી નથી. ૩૦.

શ્રીહરિની સાથે અશ્વોની જે સવારી આવેલી હતી. તે સહુની સાથે જ્યારે શ્રીહરિ માર્ગમાં ચાલ્યા ત્યારે તે માર્ગની ભૂમિ 'ધમ ધમ ધમ' થાતી હતી. ૩૧. કૃપાળુ શ્રીહરિએ તે વખતે શ્વેત અંગરખું અને શ્વેત સુરવાળ પહેર્યો હતો. અને કસુંબલ રેંટાની પાઘ મસ્તક ઉપર બાંધી હતી. ૩૨. પાઘની વચ્ચે સોનેરી છોગું મુગટની જેમ સોહામણું લાગતું હતું. તે છોગાની શોભા તો એટલી બધી વધારે હતી કે, તેનું વર્ણન કરતા પાર આવતો નથી. ૩૩. તે રેંટાની વિચિત્ર ભાતવાળી સોનેરી કોર બંને બાજુ હતી. તે ઝગમગ ઝગમગ થતી હતી અને લટક લટક રીતથી લટકતી હતી. ૩૪.

પાઘના જેવો એક રેંટો ખભા ઉપર હતો અને તેવો જ એક રેંટો કમર ઉપર બાંધેલો હતો. એક હાથમાં મોતીની છડી હતી અને પોતે મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૩૫. લલાટમાં કેસરયુક્ત ચંદનનું તિલક કર્યું હતું અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. મસ્તક ઉપર સુંદર સોનેરી છત્ર ધાર્યું હતું. ૩૬. આવી શોભાએ યુક્ત શ્રીહરિ **ડભાણ** ગામ આવ્યા. ત્યાં ગામમાં રાયજી પટેલ, ઋગ્નાથ પટેલ આદિ જેટલા હરિભક્તો હતા તે બધા પ્રેમથી શ્રીહરિની સન્મુખ આવ્યા. તેઓ ફૂલના હાર લાવ્યા હતા. ૩૭. જ્યારે શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે સહુ હરિભક્તોએ તે ફૂલના હાર શ્રીહરિને ઘણા પ્રેમથી પહેરાવ્યા. ૩૮.

ડભાણમાં પાટીદારો મુખ્ય હરિભક્ત હતા. અને તે સિવાયના બીજા પણ કેટલાક હરિભક્તો હતા. તે બધા શ્રીહરિ આવ્યા ત્યારે જય જયકાર કરી રહ્યા હતા. ૩૯. ગામમાં ઢોલ, તાંસા, ભૂંગળ, ભેરી અને રણશિંગી વગેરે જેટલાં વાજિંત્ર હતાં, તે બધાં તે સમયે શ્રીહરિની સન્મુખ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગ અને ભગવાનનો મહિમા કહ્યો અને દહેગામ થઈને ડભાણ પધાર્યા" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૬

શ્રીહરિ ડભાણ, કેરિયાવી અને બામરોલી દર્શન દઈને વડતાલ આવ્યા

જેટલા સંતો અને વર્ણી વગેરે સાથે હતા, તે બધા તે સમયે શ્રીહરિની આગળ ચાલ્યા. ૧. બધા હરિભક્તો શ્રીહરિની આગળ ઝાંઝ, મૃદંગ સાથે મનમાં પ્રસન્ન થઈ સારા કીર્તનો બોલતા હતા. ૨. શ્રીહરિ જ્યારે ડભાણ ગામમાં આવ્યા તે વખતે જેટલા પાર્ષદો સાથે હતા તે બધા બંદૂકોના અવાજ કરતા કરતા ચાલતા હતા. ૩. ગામની રાજબજારને સ્વચ્છ કરી, તેમાં પાણી છંટાવ્યું હતું. ગામના હજારો હજાર લોકો બજારમાં આવીને ઊભા હતા. ૪.

હાથમાં ફૂલના હાર લઈને અપાર લોકો ઊભા હતા. તે ફૂલના હારોથી આખી રાજબજાર ખીલેલા ફૂલના બાગના જેવી શોભી રહી હતી. ૫. ફૂલના હાર લઈને જે કોઈ બાઈ-ભાઈ મનુષ્યો ઊભાં હતાં, તે બધાં શ્રીહરિના ઉપર ફૂલના હારની વૃષ્ટિ કરતા હતા. ૬. ફૂલના હારોને લીધે શ્રીહરિની મૂર્તિ છવાઈ ગઈ હતી. સંતો, વર્ણી, પાર્ષદો અને જે હરિભક્તો હતા તે સહુને શ્રીહરિ પોતાની પ્રસાદીના ફૂલહાર આપતા હતા. ફૂલહારનો સુગંધ ખૂબ જ છવાઈ ગયો હતો. મધ્યાહ્ન સમયે શ્રીહરિ ડભાણમાં આવ્યા હતા. આવીને ગામની બહાર ઊતર્યા. ૭-૮.

ડભાણ ગામના પશ્ચિમ દરવાજેથી શ્રીહરિ ગામમાં પ્રવેશ્યા. ભક્તજનોના બધા મનોરથોને પૂર્ણ કર્યા. રાજી થઈને ભક્તજનોના મનોરથને પૂરા કર્યા પછી ગામથી બહાર આવ્યા. ૯. જે દરવાજેથી ગામમાં પ્રવેશ્યા હતા તે જ દરવાજેથી બહાર આવ્યા. દરવાજાની આગળ ચોક હતો અને ચોકને વચ્ચે એક વડનું ઝાડ હતું. તે વૃક્ષ ઘણું મોટું હતું. ૧૦. વડની ઉત્તર ડાળીએ પલંગનો હિંડોળો બાંધી દીધો. શ્રીહરિ આવીને તે હિંડોળા ઉપર બેઠા અને સંતો તથા હરિભક્તોની સભા થઈ. ૧૧. તે પછી જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ પ્રથમ જમ્યા. અને જ્યારે તેઓ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરી. ૧૨.

શ્રીહરિવરે સંતોની પંગતમાં ફરીને લાડુ પીરસ્યા. પછી સંતો શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને જમવા લાગ્યા. ૧૩. શ્રીહરિ પંગતમાં પીરસવા માટે ત્રણ વખત ફર્યા. પછી પલંગ ઉપર આવીને બેઠા. સંતો પણ જમીને આવ્યા. ૧૪. જેટલા હરિભક્તોની તે દિવસ રસોઈ હતી, તે બધા પૂજાનો સામાન લાવ્યા અને શ્રીહરિની આગળ મૂક્યો. ૧૫. પ્રથમ શ્રીહરિને મસ્તકે પાઘ બંધાવી અને રેંટો લઈને ઓઢાડી દીધો. તે પછી રૂપિયાથી ભરેલો થાળ સમર્પણ કર્યો. ૧૬. કેસરયુક્ત ચંદનથી શ્રીહરિના લલાટમાં અર્ચા કરી અને તે પછી કુંકુમનો ચાંદલો કર્યો. વળી, ફૂલના હાર પહેરાવી દીધા. ૧૭. ભુજાઓ ઉપર ફૂલના બાજુ બાંધ્યા, ફૂલના ગુચ્છ બંને હાથમાં આપ્યા અને બંને કાનના ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા. ૧૮. તે પછી ધીરે રહીને પાઘમાં ફૂલના તોરા ધરાવ્યા. તે પછી ઘણા પ્રેમથી કપૂરની આરતી કરી. ૧૯. શ્રીહરિની સ્તુતિ અને દંડવત્ જ્યારે કરી રહ્યા તે પછી ઘણા પ્રેમથી સંતોની પૂજા કરી. હરિભક્તો સંતોને શુકદેવજીના સમાન માનતા હતા. ૨૦.

સંતોમાં અને નારદ-સનકાદિકમાં કાંઈ ફેર દેખતા નહિ. કારણ કે, જે શ્રીહરિ, સંતો, વર્ણી અને હરિભક્તોને જેવી ભાવનાથી જુએ છે તેનું તેવું કલ્યાણ થાય છે. આવી વાતો હરિભક્તો સાંભળતા રહેતા હતા. હરિભક્તો સંતોના મુખથી જેવી વાત સાંભળતા હતા, તેવું તેમનું અંતઃકરણ થઈ જતું હતું. તે પ્રત્યક્ષ દેખવામાં આવતું હતું. કારણ કે ધણીની જેવી રુચિ હોય તે

પ્રમાણે જેટલા કારીગરો હોય છે તે ઘાટ કરતા હોય છે. પછી કેટલાક ઘાટ ફેરવ્યા પણ ફરતા નથી. જેમણે સંતોની પૂજા કરી તે હરિભક્તોની આવી જ રીત હતી. ૨૧-૨૪.

કેસરયુક્ત ચંદન અને ફૂલના હાર લઈને સંતો, વર્ણી અને પાર્ષદોની તે વખતે પૂજા કરી. ૨૫. વળી, પ્રેમભાવથી સહુને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. શ્રીહરિ ડભાણમાં એક રાત રહ્યા અને ગામના ભક્તજનોને ઘણો લાભ આપ્યો. ૨૬.પછી સવારે ડભાણથી ચાલ્યા તે શ્રીહરિ સંતોએ સહિત ઉમંગભેર **કેરિયાવી** ગામ આવ્યા. ૨૭. કેરિયાવીમાં મુખી ગલાભાઈ નામે પાટીદાર હતા. તે શ્રીહરિ પધાર્યા ત્યારે ઘણા પ્રેમથી સન્મુખ આવ્યા. ૨૮. તેનો જેટલો પરિવાર હતો તે બધો શ્રીહરિની સન્મુખ આવ્યો. જ્યારે શ્રીહરિનાં દર્શન થયા ત્યારે સહુ દંડવત્-પ્રણામ કરીને પગે લાગ્યા. ૨૯. શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા અને આગળના ભાગમાં શ્રીફળ મૂક્યાં. સાકરથી ભરેલો થાળ આગળ મૂક્યો ત્યારે શ્રીહરિએ તેમાંથી સાકર લઈ મુખમાં મૂકી. ૩૦. કેરિયાવી ગામમાં બીજા જે હરિભક્તો હતા તે બધા પણ શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિને ફૂલના હાર પહેરાવીને સહુએ દંડવત્-પ્રણામ કર્યા. ૩૧. પછી શ્રીહરિ ત્યાંથી તે વખતે ચાલ્યા અને **બામરોલી** ગામ આવ્યા. ત્યાં શ્રીહરિના ઉપર ખૂબ જ હેતવાળા તખા પગી નામે હરિભક્ત હતા. ૩૨.

તેના પુત્ર બાવાજી પણ પાકા હરિભક્ત હતા. બાવાજીની જે બહેનો હતી તે ઘણી પ્રતાપી હરિભક્ત હતી. ૩૩. માનબાઈ (પ્રાણબા) અને જીતબાઈ નામે બંને બહેનો પાકી હરિભક્ત થઈ હતી. જ્યારે તેમને સત્સંગમાં પ્રેમ થયો ત્યારે તેમણે પોતાના પરણેલા પતિનો ત્યાગ કરી દીધો. ૩૪. તખા પગીના જેટલા સંબંધીઓ હતા તે સહુ શ્રીહરિ ઉપર ઘણો ભક્તિભાવ રાખતા હતા. જ્યારે શ્રીહરિ આવ્યા છે તેમ સાંભળ્યું ત્યારે તેઓ બધા તત્કાળ જ શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૫. સહુએ શ્રીહરિને ફૂલના હાર પહેરાવ્યા. તેમનાં ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવ્યું અને સહુ હાથ જોડીને બોલ્યા, ‘મહારાજ, આપે તો અમને ઘેર બેઠા દર્શન દીધાં. ૩૬. તખા પગીનો જેટલો પરિવાર હતો તેને શ્રીહરિએ રાજી

થઈને દર્શન દીધાં. ૩૭. પછી ત્યાંથી શ્રીહરિ **વડતાલ** આવ્યા. વડતાલમાં શ્રીહરિના આવવાના સમાચાર સાંભળીને સહુ હરિભક્તો ઘણા પ્રેમભાવથી યુક્ત થઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. ૩૮.

જ્યારે શ્રીહરિનાં દર્શન થયાં ત્યારે સહુએ ફૂલના હાર પહેરાવ્યા અને તે વખતે સહુ હરખતે હૈયે શ્રીહરિનાં ચરણમાં પડ્યાં. ૩૯. તે સમયે ઢોલ, તાંસા, ભેરી, ભૂંગળ તથા રણશિંગી ઈત્યાદિક વાજિંત્રો સારી રીતે વાગતાં હતાં અને તેના અવાજથી આકાશ તથા ભૂમિ ગાજી રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિ ડભાણ, કેરિયાવી અને બામરોલી દર્શન દઈને વડતાલ આવ્યા" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૭

શ્રીહરિએ વડતાલમાં સભાસ્થળ અંગે વિવેક બતાવ્યો

વડતાલ ગામમાં ગોમતીને પૂર્વ કિનારે આંબાવાડીએ આવીને શ્રીહરિવરે પ્રસન્નતાથી સભા કરી અને તેમાં બેઠા. ૧. શ્રીહરિ પલંગ ઉપર પશ્ચિમ મુખે બેઠા હતા. સહુ સંતો પૂર્વ મુખે બેઠા હતા. અને ***'રે સગપણ હરિવરનું સાચું,' 'લાગ્યો મારે નટવરથી નેડો'*** અને ***'મેં તો સર્વે સંગાથે તોડી રે સાહેલી'*** ઈત્યાદિક બ્રહ્માનંદસ્વામીનાં બાર પદ સંતોએ ગાયાં. ૨-૩. શ્રીહરિ સંતોની સાથે અત્યંત ઉમંગભર્યા તે કીર્તનો ગાતા હતા અને કીર્તનના ભાવ પ્રમાણે હાથના લટકા કરતા હતા. ૪. શ્રીહરિ જ્યારે રસ્તામાં ચાલ્યા આવતા હતા ત્યારે માર્ગની બાજુમાં વાવેલા ખેતરમાં કેટલાક સંતો અને હરિભક્તો ચાલ્યા હતા. તેની સામે જોઈને શ્રીહરિએ તેમને ઓળખી રાખ્યા હતા. ૫.

પછી સભામાં આવીને શ્રીહરિએ કહ્યું કે, 'જેઓ વાવેલા ખેતરમાં ચાલ્યા હોય તે બધા સભામાં ઊભા થાય.' બે-ત્રણ વખત કહ્યું, છતાં જ્યારે

કોઈ ઊભા ન થયા ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘અમે તેને ઓળખી રાખ્યા છે. અમે કહ્યું છતાં જે ઊભા ન થયા તે હવે ચોર ઠર્યા છે. જે સભામાં ઊભા ન રહ્યા તેને હવે પંક્તિ બહાર કરવા છે.’ ૬-૭. તે સમયે કૃષ્ણદાસ નામે એક સાધુ ઊભા થયા. ત્યારે શ્રીહરિએ કહ્યું, ‘જે ઊભા થયા તેનો ગુનો અમે માફ કરીએ છીએ. ૮. બીજા જેટલા ખેતરમાં ચાલ્યા છે તે બધા ગુનેગાર રહ્યા છે.’ આટલી વાત જ્યારે શ્રીહરિ કરી રહ્યા તે વખતે રસોઈ તૈયાર થઈ ગઈ. ૯. શ્રીહરિ ગામમાં આવ્યા. થાળ જમ્યા. પછી સંતો પણ જમ્યા. જ્યારે દિવસ પાછલી ચાર ઘડી રહ્યો ત્યારે શ્રીહરિ સંતોને રહેવાની જગ્યામાં આવ્યા. ૧૦.

શ્રીહરિએ જગ્યામાં આવીને સભા કરી. પોતે પાટ ઉપર બેઠા. શ્રીહરિ પશ્ચિમ મુખે બેઠા અને બધા સંતો પૂર્વ મુખે બેઠા. ૧૧. પછી ઘણા હેતથી ગરબી રાગનાં પદો ગવરાવ્યાં અને આરતી તથા ધૂન કરી રહ્યા ત્યારે જે સંતો હતા તેમણે જય જય...જય જય... આવો શબ્દ ઉચ્ચાર્યો. ૧૨.

❋ સંતને સમાન બીજું કોઈ નથી :

પછી શ્રીહરિએ સંતો આગળ વાત કરી કે, ‘સંતોના જેવી બીજી કોઈ વાત નથી. તે વાત ચોક્કસ છે. ૧૩. સાધુતાનો ગુણ સર્વોપરિ ગુણ છે, પણ જે તુચ્છ બુદ્ધિના છે તેને તે ગુણ શીખવા ઘણું કઠણ છે. ૧૪. સંત થઈને પણ જે રાત-દિવસ માયિક પદાર્થને માટે મનમાં નિત્ય ક્ષોભ પામતા રહે છે, ૧૫. **જે ભગવાનના સમાન બીજું કોઈ સુખ નથી તેમ સમજતા નથી, તેવા લોકો માયિક સુખથી સુખી થવા ચાહે છે. ૧૬.**

❋ સાચા સંતનાં લક્ષણ :

જેટલા આવા સંતો છે તેઓ સંતને માર્ગે ચાલે છે ત્યારે તેમાં સંતોને માર્ગે ચાલતા ચાલતા ધીરે ધીરે તે સંતોના અક્ષોભ્ય ઈત્યાદિક અપાર શુભ ગુણ આવે છે. જેઓ શુભ માર્ગે ચાલ્યા હોય છે તેમાં ગુણ આવે છે, પણ માર્ગે ચાલતા નથી તેમાં શુભ ગુણ આવતા નથી. ૧૭-૧૮.

चोपाई :

संत के गुन अमायिक रहेऊ, मायिक गुन से दुर हे तेऊ;
प्रगट भगवान रहेउ ताके, जन्म से लईकर जो वाके...१९
चरित्र यह रहायेउ जितना, भगवान के बचन जो तितना;
भगवान सबंधि जो जो बाता, अमायिक रहाये साक्षाता...२०

સંતોના ગુણ તો અમાયિક હોય છે. અને તે અમાયિક ગુણો માયિક ગુણથી દૂર રહે છે. પ્રત્યક્ષ ભગવાનનાં જન્મથી લઈને જેટલાં ચરિત્રો છે, ભગવાનનાં જેટલાં વચન હોય છે તથા ભગવાન સંબંધી જેટલી જેટલી વાતો હોય છે તે બધી સાક્ષાત્ અમાયિક(દિવ્ય) હોય છે. ૧૯-૨૦. તે બધી બાબતમાં અપાર સુખ રહેલું છે તેમ સમજીને તેમાં પોતાનાં મનને પરોવી દે, અને તેના સિવાયના બીજાં જેટલાં સુખ હોય છે તેમાં અપાર દુઃખ માનતા રહે તે સાચા સંત છે. ૨૧.

☀ સાચા સંતો ભવસાગર તરવાની નાવ છે :

વળી, **જેનું વર્તન નિશ્ચિતપણે નિષ્કપટ, નિર્મત્સર અને નિર્દંભ હોય અને જે ભગવાનના સંબંધ વિનાનાં જેટલાં સુખને જમપુરીના જેવાં માનતા રહે, ૨૨. એવા જેટલા સાચા સંતો છે તેઓ તો સંસારરૂપી સાગર તરવાની નાવ છે. તેવા સંતરૂપી નાવમાં વિશ્વાસ રાખીને જે લોકો બેસે છે, તેઓ સંતરૂપી નાવના પ્રતાપે કરીને જેટલું પાપ હોય છે તેનાથી તત્કાળ છૂટી જાય છે.** શ્રીહરિએ આવી તો ત્યાં ઘણી વાત કરી. અહીંયા તો તે દિશમાત્ર બતાવી છે. ૨૩-૨૪. પછી બીજે દિવસે સવારમાં સભા કરવા માટેની જગ્યા જોવા માટે શ્રીહરિ પ્રેમથી ચાલ્યા. ૨૫. ગામથી પશ્ચિમ તરફના ભાગમાં જે આંબાઓ છે તે બધા જોઈ લીધા. ઉત્તર દિશાના બધા આંબાઓ પણ જોયા. પછી ત્યાં સભા કરી. ૨૬.

☀ શ્રીહરિનો વિવેકી સ્વભાવ :

બામરોલી ગામના રસ્તા ઉપર જે ખેતર હતું તે પગીનું હતું અને તેમાં આંબા હતા. તે ખેતર વાવેલું હતું. ૨૭. વાવેલા ખેતરમાં તો કાંઈક નુકશાન થાય એમ શ્રીહરિએ મનમાં વિચાર્યું એટલે તે ન ગમ્યું. ૨૮.

'જ્યાં જ્યાં સભા કરીને બેસતા હતા ત્યાં કોઈને નુકશાન થવું જોઈએ નહિ' આવું શ્રીહરિ વિચારતા હતા. ૨૯. કોઈને નુકશાન ન થાય આવી બાબતને વારંવાર જોયા પછી પણ શ્રીહરિ ગામના મુખીને બોલાવીને તેમની મરજી લેતા હતા. ૩૦. ક્યારેય કોઈ જાતનો ઉદ્વેગ ન થાય અને સુખ-શાંતિ રહે તેવો પ્રથમ વિચાર કરીને પછી જ શ્રીહરિ કોઈ પણ વાત કરતા હતા. ૩૧. શ્રીહરિનાં આવાં ચરિત્રોને જોઈને તેમાં જેઓ વિવેકહીન, ગમાર અને મૂર્ખ હતા, તેઓ વારંવાર મોહ પામતા હતા. ૩૨.

જેટલો વિવેક કહેવાય છે તે બધો શ્રીહરિમાં રહ્યો હતો. પોતે જેમ ધારે તેમ બધું થાતું હતું, છતાં ક્યારેય તેનો ગર્વ દેખાડતા નહિ. ૩૩. જે મૂર્ખ લોકો હોય છે તે શ્રીહરિનાં ચરિત્રને જોઈને શ્રીહરિની હાંસી તથા ઠઠ્ઠા-મશ્કરી કરતા રહેતા. અને તે દોષને લીધે જ તેઓ લખચોરાશીથી છૂટતા નહિ. ૩૪. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ ગામમાં આવ્યા. સંતોની જગ્યામાં દસ-બાર જેટલા હરિભક્ત વિપ્રોએ ઘણી ચતુરાઈથી રસોઈ કરી હતી. ત્યાં આવીને શ્રીહરિ જમ્યા. અને પછી જેટલા સંતો હતા તે પણ જમ્યા. સહુ જમતા જમતા મુખથી 'સ્વામિનારાયણ' આવું નામ બોલતા હતા. ૩૫-૩૬. શ્રીહરિ વડતાલમાં પધાર્યા છે તેવા સમાચાર સાંભળીને જેઓ પહેલા જેતલપુર આવ્યા ન હતા તેઓ ત્યાં વડતાલ આવ્યા. ૩૭. જેટલા હરિભક્તો ગામમાં સમાયા તેમને ત્યાં ઉતારા કરાવ્યા. અને કેટલાક તો વાડથી કબજાબંધ કરેલા ખેતરમાં ઊતર્યા. ૩૮.

જે હરિભક્તો પાસે અશ્વ હતા, તે અશ્વ ઉપર બેસીને આવ્યા હતા. અને જેની પાસે ગાડાં હતા તેઓ ગાડાંમાં બેસીને આવ્યા હતા. ૩૯. જેની પાસે રથ હતા તેઓ રથમાં બેસીને આવ્યા અને જેની પાસે ગાડી હતી તેઓ ગાડી ઉપર બેસીને આવ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ વડતાલમાં સભાસ્થળ અંગે વિવેક બતાવ્યો" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ સભામાં સુમતિ, કુમતિ, મર્યાદા અને સુહૃદભાવ વગેરે વાત કરી

જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ ગોમતીને પૂર્વ તરફને કાંઠે ઘાટા આંબાઓને દેખીને શ્રીહરિને માટે ત્યાં બેઠક રચી. અને તેના ઉપર પલંગ બિછાવ્યો. શ્રીહરિ ત્યાં આવ્યા અને જોયું. ૧-૨. પછી શ્રીહરિ તે પલંગ ઉપર બેઠા. સંતો, વર્ણી અને સહુ હરિભક્તો આવીને પણ બેઠા. ત્યારે જે સભા થઈ તે ઘણી સુંદર લાગતી હતી. ૩. જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેઠા અને શ્રીહરિ સૂર્યોદય થાય તે રીતે ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેઠા. ૪.

જેટલી હરિભક્ત બાઈઓ હતી તે સભાની પાછળ દૂર બેઠી હતી. સત્સંગની જેવી રીત હતી તે પ્રમાણે સભાની ઘણી સારી શોભા થઈ હતી. ૫. સત્સંગની જે રીત છે તે બધી નિર્બાધ રહી છે. આવી નિર્બાધ રીતને લીધે તો સત્સંગ સહુથી શ્રેષ્ઠ શોભાને પ્રાપ્ત કરે છે. ૬. જેમાં શ્રીકૃષ્ણ ભગવાન છે તે મુખ્યપણે ઇષ્ટ રહ્યા હોય એવી જેટલી નિર્બાધ બાબતો હોય છે તે બધી સાક્ષાત્ સત્સંગ છે. ૭.

ભગવાનનાં જેટલાં ચરિત્રો છે તે બધાં મોક્ષના દ્વારરૂપ રહ્યા છે. અને તે બધા અમાયિક અર્થાત્ દિવ્ય કહેવાય છે. આવી જેની સમજણ હોય છે તે જ સત્સંગી કહેવાય છે અને તેને લીધે જ સદ્મતિ થાય છે. જે લોકો ભગવાનનાં ચરિત્રમાં બુદ્ધિથી કુતર્ક કરે છે તેટલા લોકોને કુમતિ કહેવાય છે અને તેનું જ નામ કુસંગી છે. તે કુસંગી ભગવાનના સંબંધ વિનાની અને બીજાને દુ:ખ આપનારી વાતો કરતા હોય છે. ૮-૧૦. જે કુમતિ લોકો છે તે જ અસુર, રાક્ષસ અને દૈત્ય, એવે નામે નિશ્ચિત રીતે કહેવાય છે. જે બીજાને સુખ થાય તેવી વાત કરતા રહે છે, વળી પોતે અપાર દુ:ખી થઈને પણ બીજાનું ભલું કરતા રહે છે, તથા જેનાં દિલમાં દગો અને ઘાત હોતા નથી, તેમાં તે બધા ભગવાનના ગુણો રહ્યા છે. ૧૧-૧૨.

આવા જે સજ્જનો છે તેની મદદ દિનપ્રતિદિન અંતર્યામી ભગવાન કરે છે અને તે સજ્જનો પણ એમ પોતાની વાતમાં ધારતા હતા કે ભગવાને જ અમારી સહાય કરી છે. ૧૩. અને મૂર્ખ મનુષ્યને ભગવાન કરતાં પણ પોતામાં અધિક ગુણ દેખાય છે. તેનાં દિલમાં દેખ્યામાં ન આવે એટલી ઊંડી કુટીલતા રહી છે. ૧૪. જે અંતર્યામી પરમેશ્વર છે તે જેનાં દિલમાં જેવો ભાવ હોય છે તેને તલ તલ જેટલું જાણે છે. અને જેવો ભાવ હોય તેવું ફળ તેને આપે છે. ૧૫. શ્રીહરિ જે સ્થળે સંતો અને હરિભક્તોની સભા કરતા હતા ત્યાં સહુ પહેલા સંતો પાસે કીર્તન ગવરાવતા હતા. ૧૬.

※ ભગવાનનો નામજપ સર્વોપરિ સમજવો :

તે પ્રમાણે જ્યારે સંતો કીર્તન બોલી રહ્યા ત્યારે સંધ્યા વખત થયો હતો. ચાર-પાંચ મશાલો પ્રગટી અને ચોપદાર છડી બોલતા હતા. ૧૭. સંતો, વર્ણી અને હરિભક્તો જે હતા તે બધા આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ ઊભા રહીને 'નારાયણધૂન' બોલવા લાગ્યા. ૧૮.

શ્રીહરિ ઘણા હેતપૂર્વક મુખથી ધૂન બોલતા હતા અને હાથથી તાળી પાડતા હતા. શ્રીહરિ તાળી એ રીતે પાડતા હતા કે નામમાં પોતાનું ચિત્ત પરોવી દેતા હતા. ૧૯. શ્રીહરિ ધૂન કરતા હતા તેમાં વચ્ચે કોઈ બીજી વાત કરતું નહિ. ચાહે તેવી વાત હોય, પણ તેને ભગવાનના નામ કરતાં કોઈ અધિક વાત જાણતા-માનતા નહિ. ભગવાનના નામને સર્વોપરિ જાણતા હતા. ધૂનમાં વચ્ચે કોઈ સંતો, વર્ણી કે હરિભક્તો વાત કરતા હોય તો શ્રીહરિ તે સાધુને સાધુ કહેતા નહિ, પણ પેટ ભરવા ખાતર ઘર છોડ્યું છે તેમ કહેતા. જે ભગવાનનો અનાદર કરે છે તેના ઉપર ભગવાનનો કોપ થાય છે. ૨૦-૨૨.

चोपाई :

भजन स्मरण ध्यान हि तिनमें, कथा कीर्तन हरि बात इनमें;
अनादर जितना रखत रहाते, अंतरजामि भगवान कहाते...२३
तितना अनादर रखत तिनके, दोष जेता देखिके इनके;
चेताई पेले देत हरि सबहू, हरि के दोष न आवे कबहू...२४

જે ભગવાનનું ભજન, સ્મરણ, ધ્યાન, કથા, કીર્તન અને વાતો વગેરેમાં જેટલો અનાદર રાખતા હતા, તેનો તેટલો અનાદર અંતર્યામી કહેવાતા શ્રીહરિ રાખતા હતા. જેનામાં જેટલો દોષ હોય તેને દેખીને શ્રીહરિ પહેલા સહુને ચેતવી દેતા હતા. જેથી તેમાં ક્યારેય શ્રીહરિનો દોષ આવતો નહિ. ૨૩-૨૪. સંતો, વર્ણી અને હરિભક્તોએ કરવાની જેટલી વાત છે તેને શ્રીહરિ ત્રીશ વરસ સુધી વારંવાર સાક્ષાત્ કહેતા રહ્યા હતા. ૨૫. શું કરવું ? અને શું ન કરવું ? આવી બાબતોને જોઈ જોઈને શ્રીહરિએ ઘણી કૃપા કરીને અદ્‌ભુત ગ્રંથો રચાવ્યા. ૨૬.

અજ્ઞાનરૂપી અંધારું અનાદિ યુગથી ચાલ્યું આવે છે. તે અંધારાને ટાળવાને માટે શ્રીહરિએ ગ્રંથો કરાવ્યા છે. ૨૭. રાત-દિવસ વાંચતા કે સાંભળતા જે કોઈ જેટલો પ્રમાદ રાખે તેને તે પ્રમાદનો ત્યાગ કર્યા વિના ચેન પડતું નથી. ૨૮. જેમાં રેતી અને ઝેર ભળ્યું હોય તેવા અમૃતનો યથાર્થ સ્વાદ આવતો નથી. શ્રીહરિની જેટલી વાત કહેવાય છે તે બધી અમૃતના સમાન હોય છે. ૨૯. અને જેટલી જગત સંબંધી વાત છે તે બધી રેતી અને ઝેરના જેવી કહેવાય છે. જેને જેટલો ખપ હોય તે તેટલી શ્રીહરિની વાતનો સ્વીકાર કરતા રહે છે. ૩૦.

❋ મર્યાદામાં રહે તો મોક્ષ થાય :

भय तामें न रहत प्रमादा, डर तितना रहत मरजादा;
मरजाद बिन हर कोई बाता, उलटे तेहि होवत दुःख दाता...३१
मरजाद जो रखत रहे जेसा, मोक्ष ताके होवत हि तेसा;
मरजाद रखत जितना जाई, संत हरिजन हि तितना ताई...३२

જ્યાં ભય હોય છે ત્યાં પ્રમાદ રહેતો નથી અને જેટલો ભય રહે છે તેટલી મર્યાદા પણ સચવાય છે. મર્યાદા વિનાની દરેક બાબત ઊલટાની દુઃખદાયી બને છે. ૩૧. જે જેવી મર્યાદા રાખે છે તેનો તેવો મોક્ષ થાય છે. જે જેટલી મર્યાદા રાખે છે તેટલા તે વાસ્તવમાં સંત અને હરિભક્ત કહેવાય છે. ૩૨. જે સંતો અને હરિભક્તો પરસ્પર જેટલી મર્યાદા નથી રાખતા તેટલા તે સંત અને હરિભક્ત કહેવાતા નથી. આવી વાતો શ્રીહરિ સભામાં કરતા

હતા. ૩૩. જેઓ જેટલી મર્યાદા રાખે છે તેમાં એટલા ભગવાન સાક્ષાત્ નિવાસ કરીને રહે છે અને તે મર્યાદાથી દેખાઈ આવે છે. ૩૪.

જ્યાં સુધી એકબીજાનું દિનપ્રતિદિન હિત ઈચ્છતા રહે છે ત્યાં સુધી સત્સંગ રહે છે, પણ હેતનો નાશ થાય તો સત્સંગ રહેતો નથી. ૩૫. જેમાં હેત વિનાનો જેટલો સત્સંગ દેખાય છે તે બધો નામમાત્રનો સત્સંગ છે. પાણી વગરની ગંગાની જેવો હેત વિનાનો સત્સંગ છે. ૩૬.

दोहा : सुहृदरूप भगवान हि, जितना जामें रहेउ;
हृदय नेन बेन में तेहि, प्रगट देखावत तेउ...३७
सुहृद बिन चाय तितना, गुन रहाये अपार;
जीय गये पिछे तन यह, सोहत जेहि प्रकार...३८

સાચા સુહૃદરૂપ ભગવાન જેમાં જેટલા રહે છે, તે હૃદયમાં, નેણમાં અને વેણમાં પ્રગટ દેખાઈ આવે છે. ૩૭. સુહૃદભાવ સિવાયના બીજા અપાર ગુણો હોય, તોપણ તે બધા જીવ નીકળી ગયા પછીના શરીર(મડદાં) જેવાં શોભે છે. ૩૮. પ્રગટ ભગવાન જ્યારે પોતાના શરીરનો ત્યાગ કરવા ઈચ્છે છે ત્યારે સુહૃદપણું તે પહેલા જતું રહે છે. અને પછી પાછળ તો ત્યાં કુસંપ બચે છે. ૩૯. અલૌકિક સુહૃદભાવ ભગવાન સિવાય ક્યારેય ટકતો નથી. પછી તો એકેએકના સ્વાર્થને લઈને કુસંપ થાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ સભામાં સુમતિ, કુમતિ, મર્યાદા અને સુહૃદભાવ વગેરે વાત કરી" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર ઓગણીશમું : તરંગ - ૫૯

શ્રીહરિએ શાસ્ત્રમાંથી મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા બતાવીને નિર્વિઘ્ન મોક્ષમાર્ગ કહ્યો

❋ સંપ ત્યાં જંપ :

दोहा : संप रूप दैवत जो, भगवान के रहेउ;
कलि के रहेउ कसंप हि, हरि इमि बात कहेउ...०१
संप जिहाँ रहे जितना, रिद्धि सिधि तिहाँ जेति;
रहत हे तेहि निवास कर, दूर हि न होवत एति...०२
सोरठा : संप जावत हि वेर, कसंप जो कुटुंब सहित;
वसत हे तेहि वेर, परस्पर विरोध हि करत...०३
मरजाद सुहृद संप, रहे तिहाँ भगवान रहत;
जिहाँ बसत हि कसंप, मरजाद सुहृद न रहत...०४

શ્રીહરિ સભામાં એવી વાત કરતા હતા કે સંપરૂપી જે દૈવત છે તે ભગવાનનો ગુણ છે અને કુસંપરૂપી જે ગુણ છે તે કળિયુગનો છે. ૧. જ્યાં જેટલો સંપ રહે છે ત્યાં બધી રિદ્ધિ અને સિદ્ધિ નિવાસ કરીને રહે છે. સંપથી તે રિદ્ધિ અને સિદ્ધિ ક્યારેય દૂર થતી નથી. ૨. સંપ જતાની સાથે જ ત્યાં કુટુંબે સહિત કુસંપ આવીને રહે છે અને પછી પરસ્પર વિરોધ કરાવે છે. ૩. જ્યાં મર્યાદા, સુહૃદભાવ અને સંપ રહે છે ત્યાં ભગવાન વસીને રહે છે. અને જ્યાં કુસંપ રહે છે ત્યાં મર્યાદા અને સુહૃદભાવ રહેતા નથી. ૪. મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા, આટલી વસ્તુ જ્યાં નથી રહેતી ત્યાં ચોક્કસપણે ભગવાન ક્યારેય રહેતા નથી અને પછી ધર્મ ઇત્યાદિક સદ્‌ગુણો તો કહેવા પૂરતા જ રહે છે. ૫. મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા, આટલા સદ્‌ગુણ જેમાં રહેતા હોય છે ત્યાં ધર્મ ઇત્યાદિક જે બીજા સદ્‌ગુણો કહેવાય છે તે પણ આવીને રહે છે. ૬.

મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા આદિક સદ્‌ગુણો જ્યાં રહે છે ત્યાં મોક્ષ પણ નિવાસ કરીને રહે છે. તે સદ્‌ગુણો વિના મોક્ષની આશા રાખવી નહિ. આવા સદ્‌ગુણો સિવાયની ચાહે તેટલી મુખથી વાતો બનાવીને

કહેવામાં આવે તેનાથી તેઓ ગુરુ થઈને પૂજાય છે. તે વાતોનું એટલું ફળ છે કે, ગાદીતકિયા, વાહન, સન્માન, એ બધું તે પૂજ્ય બનેલા ગુરુઓને મળી રહે છે. ૭-૮. જેઓ પૂજ્ય થઈને ગુરુ બન્યા હોય છે તેમને વસ્ત્ર, ઘરેણાં અને ધન અપાર મળે છે તેમજ જમીન અને ગામનો કોઈ પાર રહેતો નથી. વળી તેને ખાન, પાન ઈત્યાદિક નિત્ય નવીન મળતા રહે છે. ૯. પરંતુ મર્યાદા, સુહૃદભાવ અને સંપ વિના તેની કાંઈ મોટપ દેખાતી નથી. જેનામાં મર્યાદા, સુહૃદભાવ અને સંપ હોય છે, તેની મોટાઈ તો ઘણી ભારે કહેવાય છે. ૧૦. મર્યાદા, સુહૃદભાવ અને સંપ જ્યાં રહે છે, ત્યાં તેની મોટાઈ દિનપ્રતિદિન શુક્લપક્ષના ચંદ્રમાની જેમ વધતી રહે છે. જ્યાં ઉપર કહેલા ત્રણ ગુણ નથી રહેતા ત્યાં તેની બધી મોટાઈ કૃષ્ણપક્ષના ચંદ્રમાની જેમ ઘટતી જાય છે. વર્તને કરીને તે દેખાઈ આવે છે. અંતર્યામી અને વર્તન તે બંને એક છે. તે જેને પરમવિવેક હોય તે જાણે છે. ૧૧-૧૨. મનુષ્યનો જેવો ચહેરો અને રૂપ હોય છે તેને દર્પણ નિશ્ચિત બતાવી દે છે. તેમાં કોઈ જાતનો ફરક રહેતો નથી. શાસ્ત્રોની પણ તેવી જ રીત હોય છે. ૧૩. જે સારા સજ્જન કવિઓ હોય છે તે ગ્રંથમાં જેટલાં વચન લખે છે તે સૂર્ય અને દર્પણના સમાન હોય છે. તેને જે જૂએ છે તે તેનું પ્રમાણ કરે છે. ૧૪.

જે જન્માંધ હોય છે તે વગર દેખે શું કહી શકશે ? જેટલું સાંભળવામાં અને દેખવામાં આવે છે તે બેમાં પણ કેટલીક જાતનો ફરક રહે છે. ૧૫. **જેની જેવી બુદ્ધિ હોય છે તે તેની ક્રિયા ઉપરથી દેખાઈ આવે છે. તેમાં લેશમાત્ર પણ ફરક રહેતો નથી. કારણ કે માણસની ક્રિયા છે તે તેની કસોટી કહેવાય છે. ૧૬.** લાકડાં વગેરેના ગોળાકારમાં જે કાંઈ ફરક હોય છે તેને સંઘેડાનું કામ કહી બતાવે છે. અને સીધામાં અને વાંકામાં જે ફરક છે તેને દોરી મૂકવામાં આવે તો તે દેખાઈ આવે છે. ૧૭. માટીનાં જેટલાં વાસણ છે તે ચાકડા સિવાય બની શકતા નથી. અને તે માટીનાં કાચાં વાસણ પણ અગ્નિમાં પકાવ્યા સિવાય ક્યારેય પાકા બનતા નથી. ૧૮.

અગ્નિના યોગે કરીને ધાતુઓના પણ જુદા જુદા ઘાટ બને છે. કાંટો અને ત્રાજવાં સિવાય કોઈ વસ્તુનો માપ તોલ થઈ શકતો નથી. ૧૯. જે

કોઈ પણ વસ્તુ જેવી હોય તેની તેવી વ્યવસ્થા બાંધેલી હોય છે અને તે સારી વ્યવસ્થાને લીધે કોઈ જાતનો કોઈને કલેશ રહેતો નથી. ૨૦.

❋ સમજણરૂપી નેત્ર શ્રેષ્ઠ છે :

મોટા પુરુષોની જેટલી વાત રહી હોય છે તે બધી કલેશને મટાડવા માટેની હોય છે. જેને સમજણરૂપી નેત્ર હોય છે તેને તે યથાર્થરૂપમાં દેખાઈ આવે છે. ૨૧. જેને સમજણરૂપી નેત્ર અને સમજણરૂપી કાન ન હોય તો શરીર ઉપરના નેત્ર અને કાનથી શું થાય ? સમજણ વગરનાને આંધળો અને બહેરો કહ્યો છે. ૨૨.

ચોપાઈ :

ताके हित नहीं कोउ बाता, समझु के हित सब हि रहाता;
मोक्ष बिन बात अपार तामें, जिहाँ लग तान रहाये यामें...२३
चाय तितनी समझ रहाये, मायिक समझ तेही कहाये;
मोक्ष कि समझ बिन समझ जितना, मायिक समझ यह कहत तितना...२४

તેવા આંધળા-બહેરાને માટે કોઈ વાત નથી હોતી. સમજુ મનુષ્યને માટે બધી વાત હોય છે. માણસને મોક્ષ સિવાયની બીજી બાબતમાં જ્યાં સુધી અપાર તાન રહેતું હોય છે ત્યાં સુધી તેની ચાહે તેવી સમજણ હોય, તોપણ તે સમજણ માયિક કહેવાય છે. મોક્ષ બાબતની સમજણ સિવાયની જેટલી સમજણ છે તે બધી માયિક સમજણ કહેવાય છે. ૨૩-૨૪. માયામાંથી ઉત્પન્ન થયેલા જે કોઈ છે તે સર્વે ભગવાનને શરણે થયા વિના કદાચ આકાશમાં ગતિ કરે, તોપણ તે ક્યારેય મોટા થતા નથી. ૨૫. જેમાં જેટલો પ્રતાપ દેખાય છે તે બધો શ્રીહરિનો છે. શ્રીહરિ સિવાય બીજાનો જે પ્રતાપ માને છે તેને કાંઈ બુદ્ધિ નથી. ૨૬. શ્રીહરિનો પ્રતાપ અપાર છે. તે પ્રતાપને છોડીને જે લોકો બીજામાં સાર માને છે તેની બુદ્ધિ કાંઈ ઉપયોગમાં આવી ન કહેવાય. ૨૭. આ બ્રહ્માંડ ભરાય તેટલા ગ્રંથો હોય, પરંતુ તે સર્વે ગ્રંથોનું ફળ એટલું જ છે કે, 'ભગવાનને સમાન બીજું કોઈ ન રહે.' ૨૮. **ભગવાનના સમાન બીજું કોઈ થતું નથી કે જે આવું બ્રહ્માંડ રચી શકે. ભગવાન તો ભગવાન જ રહે છે અને ભગવાન સિવાયના બીજા બધા તો જીવ કહેવાય છે. ૨૯.**

પોતે જીવ થઈને પોતાનામાં ભગવાનપણાનો ભ્રમ લોકોને પેદા કરે છે. અને જે લોકો ગ્રંથમાંથી ભગવાનનાં ચરિત્રને સાંભળીને પોતે પણ તેવું આચરણ કરવા લાગે છે તે બધા ભગવાનના દ્રોહી કહેવાય છે. તેના જેવો બીજો કોઈ દ્રોહી કહેવાતો નથી. અનંત દ્રોહ કરતાં પણ એવા લોકો વધારે દ્રોહી છે. તેનો દૂરથી ત્યાગ કરવો જોઈએ. ૩૦-૩૧. કૂતરાં, ભૂંડ અને ગધેડાં સિવાય બીજા કોઈ વિષ્ઠાને ગ્રહણ કરતા નથી. જેનો કાગડાના જેવો સ્વભાવ હોય તે જ ભગવાનના દ્રોહીને માને છે. ૩૨. શ્રીકૃષ્ણાવતારના સમયે પૌંડ્રક નામનો એક રાજા મિથ્યા વાસુદેવ થયો હતો. તેની જેવી ગતિ થઈ હતી તેવી ગતિ ભગવાનના દ્રોહીની થાય છે. ૩૩. ભગવાનનો દ્રોહી જે મનુષ્ય છે તે પૂરેપૂરી નીચમાં નીચ અને ભૂંડામાં ભૂંડી ગતિને પામે છે. અને જેટલા મળના દ્વાર છે તેમાં તે મર્યા પછી નિવાસ કરીને રહે છે. ૩૪.

જેટલા મિથ્યા ભગવાન થાય છે તેની ગતિ તો ભગવાને સાક્ષાત્ દેખાડી છે. કેમ જે, જેટલા અજ્ઞાની લોકો છે તેને દેખાયા વિના કાંઈ ગમ પડતી નથી. ૩૫. જે મિથ્યા વાતને મમત્વથી માનતો રહે છે તો તેની ગતિ પણ મિથ્યા ભગવાનના જેવી થાય છે. ૩૬. શ્રીહરિએ સહુને કહ્યું, ‘આ મારી વાત તો રામબાણના જેવી છે, માટે તમે સહુ સંતો અને હરિભક્તો તે વાતને માનજો. તે તમારું હિત કરનારી છે. ૩૭. એટલી વાતને જો ન સમજવામાં આવે તો જેટલા દૈત્યો કહેવાય છે તે બધા મોક્ષના માર્ગમાં આવીને વિઘ્ન કરે છે. ૩૮. મોક્ષના માર્ગમાં અપાર વિઘ્નો રહ્યા છે. તે વિવિધ પ્રકારની વાત કરીને અમે પ્રગટ દેખાડી દઈએ છીએ. ૩૯. મારી વાત સાંભળીને મોક્ષના માર્ગમાં જેટલા વિઘ્ન રહ્યા છે તેને સમજી લેવામાં આવે તો તેને વિઘ્ન ક્યારેય નડતું નથી અને પછી તે મુમુક્ષુ સુખેથી મોક્ષને પામે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં “શ્રીહરિએ શાસ્ત્રમાંથી મર્યાદા, સુહૃદભાવ, સંપ અને દયા બતાવીને નિર્વિઘ્ન મોક્ષમાર્ગ કહ્યો” એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર ઓગણીશમું : તરંગ - ૬૦

દંભી, નિર્દંભી, કપટી અને નિષ્કપટી વગેરેના વર્તન સંબંધી વાત

સંતો અને હરિભક્તો વડતાલમાં સાત દિવસ સુધી રહ્યા ત્યાં સુધી શ્રીહરિનાં સહુએ દર્શન કર્યાં. અને તેમની આગળ શ્રીહરિએ સારી વાતો કરી. ૧. પહેલા સંતો પાસે કીર્તન ગવડાવીને પછીથી શ્રીહરિ વાતો કરતા હતા. હરિભક્તો રોજ પૂજા કરતા. અને મૂર્તિ બહુ ભાતે સોહામણી લાગતી હતી. ૨. સહુ શ્રીહરિનાં દર્શન કરતા હતા, છતાં પણ દર્શન કરનારાના ઈન્દ્રિયો અને અંતઃકરણ ક્યારેય તૃપ્ત થતા નહિ. અને રોજ રોજ ભાવના અધિક અધિક વધતી હતી. ૩. જ્યારે શ્રીહરિ વાતો કરતા હતા ત્યારે સભામાં અપાર રસ જામતો હતો. બીજા જેટલા રસ છે, તે કોઈમાં આવો રસ કહી શકાય નહિ. ૪.

શ્રીહરિના સંબંધવાળી જેટલી જેટલી વાતો કહેવા, સાંભળવા અને દેખવામાં આવે છે તેમાં અધિક અધિક રસ ભરેલો હોય છે. તેમાં કોઈ પણ વાત નીરસ નથી હોતી. ૫. આવી શ્રીહરિની બધી જ વાત મોક્ષનું ધામ છે. તે વાતોમાં મોક્ષ નિવાસ કરીને રહ્યો છે. શ્રીહરિની બધી વાતો આવી હતી, પણ અભાગિયા લોકો તેને કાને ધારતા નહિ. ૬. તે અભાગિયા લોકો તો ભગવાન સિવાયની બીજી વાતમાં કાન પરોવી દે છે. તેથી તેઓ જમપુરીનું, જન્મ-મરણનું અને લખચોરાશીનું દુઃખ વારંવાર પામે છે, અને તેના હૃદયમાં ક્યારેય શાંતિ રહેતી નથી. ભગવાન સિવાયની બધી વાત આવી રહી છે છતાં અભાગિયા લોકો તે સિવાયની વાતોને માનતા રહે છે. ૭-૮. શ્રીહરિની વાતને જેવી જાણે તેવું તેને તત્કાળ જ ફળ મળે છે. શ્રીહરિની બધી વાત કલ્પવૃક્ષના સમાન છે. ૯. **જે લોકો સાચા સંતોને ક્યારેય ભાવથી સેવતા નથી તેના અંતરમાં તે ભગવાનની વાત ક્યારેય ચોંટતી નથી. ૧૦.**

સાચા સંતના ઉપર લગાર પણ ભાવ હોય તો તેનો પ્રતાપ અપાર રહ્યો છે. દારૂના ચાહે તેટલા પહાડના પહાડ જેવા ઢગલા હોય, પણ તેમાં

તલના જેટલો અગ્નિનો જાણે અજાણે પણ યોગ થઈ જાય, તો તે બધા દારૂનો નાશ થયા સિવાય રહે નહિ. સંતોનો પ્રતાપ પણ તેવો પાપને નાશ કરનારો છે. ૧૧-૧૨.

❋ શ્રીહરિ અને સંતોમાં જેવો ભાવ તેવો મોક્ષ થાય છે :

दोहा : अपार अपार जन्म के, जन के अघ हि रहेउ;
साचे संत मिलत जब, नाश करत तब तेउ...१३
भगवान संत हरिजन में, जितना भाव रहाय;
तितना भये मोक्ष तेहि, भाव देत देखाय..१४

અનેક જન્મનાં મનુષ્યનાં અપાર પાપ રહ્યા છે. તેને જ્યારે સાચા સંતનો યોગ થાય છે ત્યારે તે સંતો બધા પાપનો નાશ કરી દે છે. ૧૩. ભગવાન, સંતો અને હરિભક્તોમાં જેટલો ભાવ રહે છે તેટલો તેનો મોક્ષ થાય છે. તે ભાવ બતાવી દે છે. ૧૪. **ભાવમાં જે જેટલી કસર રાખે છે તેને તેટલી મોક્ષમાં કસર રહે છે. તે દેખાય આવે છે. ૧૫. જેને જેવો ભાવ હોય છે તેવો તેનો મોક્ષ થાય છે, તેમાં કોઈ ફરક નથી.** તે જેવી વાત છે તેવી સત્ય કહીએ છીએ. ૧૬.

માણસ જેટલો સત્સંગ કરતો રહે છે તેટલો તેને મોક્ષનો ખપ હોય છે. સમજણ અને ખપમાં ઘણો ફરક હોય છે, તે રુચિમાં અને ભાવમાં દેખાઈ આવે છે. ૧૭. **ભક્તોમાં રુચિ અને ભાવના ભિન્ન ભિન્ન રહે છે, તેથી જેવા રુચિ અને ભાવના હોય છે તેવો ચોક્કસ મોક્ષ થાય છે. ભગવાન સિવાય બીજાં સુખને ન ચાહે, એવા તો હજારોમાં કોઈ એક જ નીકળે છે. ૧૮.** તેમાં પણ અમને સંદેહ રહે છે.' પ્યારા શ્રીહરિ આ રીતની વાતો રોજ કરતા હતા અને કહેતા કે, 'સત્સંગમાં જેટલા દંભી હોય છે, તેને અમે યથાર્થરૂપમાં ઓળખીએ છીએ. ૧૯. જે સાચા હરિભક્તો હોય છે તેના કરતાં પણ દંભી વધારે પડતો દંભ કરીને અધિક વર્તન દેખાડે છે. તેનાથી સાચા લોકો તેમાં છેતરાઈ જાય છે; એવી કળા દંભીઓમાં રહી હોય છે. ૨૦.

દંભ વગરના જે સાચા હરિભક્તો હોય છે તે જે કાંઈ પણ વાત કરે છે, ત્યારે તેમના મનમાં ભગવાનને રાજી કરવાનો ભાવ રહ્યો હોય છે. ૨૧.

તેવા સાચા નિર્દંભી હરિભક્તોનો ભાવ અલૌકિક હોય છે. તે વગર શીખ્યે સહેજે જ આવેલો હોય છે. તે સાચા ભક્તો કોઈના કળ્યામાં ન આવે તેવું વર્તન સહેજે રાખતા હોય છે. ૨૨. લોકો પોતાને જે રીતે વધારે માને તે રીતે દંભી લોકો છાના છાના પ્રયત્ન કરતા હોય છે. નિર્દંભીના જ્ઞાન કરતાં દંભીનું જ્ઞાન વધારે ગુપ્ત હોય છે. ૨૩. પોતાની જે રીતે સરસાઈ વધે તે રીતનું વર્તન બધા દંભી રાખતા હોય છે. જે લોકો દંભીને માને છે, તેના વખાણ દંભી ખૂબ કરે છે. ૨૪.

જે લોકો દંભીનું ખંડન કરે છે તેની સાથે દંભી હસીને બોલતો પણ નથી. અને તે ખંડન કરનારાને દંભી માણસ કુસંગી માને છે. ૨૫. જે નિષ્કપટી લોકો હોય છે, તે કપટીના વચનને સાચા માને છે, પણ કપટીને ઓળખી શકતા નથી. ૨૬. જે કપટીને સહુથી સારો માને છે તેવા હરિભક્ત કપટીના જેવી ગતિને પામે છે. ૨૭. આપણા સત્સંગમાં કપટીને ઓળખવો તે ઘણું કઠણ છે. જેનામાં ઘણી બુદ્ધિ હોય તે વર્તન ઉપરથી કપટીને ઓળખી લે છે. ૨૮. કોઈ એક બુદ્ધિશાળીની બુદ્ધિમાં કપટી માણસ પારખી લેવાયા પછી પણ જે તેની સાચી વાત હોય છે, તેને અન્ય બીજા કોઈનો ટેકો નહિ મળવાથી તે સાચી વાત પણ અસત્ય તરીકે ઠરે છે. ૨૯. પાંચ-દસ જેટલા બુદ્ધિશાળી માણસોને જ્યારે દંભીનું કપટ જાણ્યામાં આવે છે ત્યારે તે પ્રામાણિક બુદ્ધિશાળી લોકો તે કપટીને યોગ્ય શિક્ષા કરે છે. શિક્ષા કરે છતાં તે જો જાહેર ન થાય તો સત્સંગની લાજ ક્યારેય ખોવાતી નથી અને આ સર્વોપરિ સત્સંગની લાજ અપાર ને અપાર રહે છે. ૩૦-૩૧.

આજના સમયમાં સત્સંગના જેવી કોઈની લાજ-આબરૂ રહી નથી. જ્યારે ખૂબ જતન કરવામાં આવે છે ત્યારે સંપૂર્ણ લાજ-આબરૂ રહે છે. ૩૨. **જેને સત્સંગનું જેટલું મમત્વ હોય છે તેટલો તે લાજને બચાવવા પ્રયત્ન કરતો રહે છે. પોતાની લાજ-આબરૂ માટે જેવું જતન કરતા હોય છે, તેવું જ જતન બીજાને માટે પણ જે કરતા હોય છે, તે તો ભગવાનના જેવો ગુણ કહેવાય. અને તે ગુણને લીધે જ તે મોટાઈને પામે છે. જેમાં જેવા ગુણ રહ્યા હોય તેમાં તેવી મોટાઈ આવે છે. ૩૩-૩૪. સત્સંગ અને ભગવાનની જેટલી**

વાત કહેવાય છે, તે બધી અલૌકિક વાત છે અને સાક્ષાત્ દંભ વગરની છે. ૩૫. સભામાં જે દંભી લોકો છે તે આંખો બંધ કરીને બેસે છે, ત્યારે કપટ વિનાના લોકો છે તે દંભીને પણ નિષ્કપટના રૂપમાં દેખે છે. ૩૬. નિષ્કપટ માણસ દંભીને દેખીને દંભી ઉપર જેટલો ભાવ લાવે છે તેટલો તેને સાચા નિર્દંભી માણસનો અભાવ થાય છે. ૩૭. જે સ્વયં સાચા માણસ હોય છે, તે સાચા ઉપર જ તાન રાખે છે. કોઈ તેને માને કે ન માને પણ તેનું તેને અભિમાન હોતું નથી. ૩૮.

જે પોતે સાચા હોય છે તેને બીજા સાચા ઉપર ઘણો વધારે ભાવ રહે છે અને દંભીને દેખીને તો તેઓ દૂરથી જ તેનો ત્યાગ કરે છે. ૩૯. દંભી અને સાચા માણસનું અંતર ક્યારેય મળતું નથી. આ સત્સંગ સૂર્ય કરતાએ અધિક તેજસ્વી રહ્યો છે. તે બંનેના અંતરને બતાવી આપે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "દંભી, નિર્દંભી, કપટી અને નિષ્કપટી વગેરેના વર્તન સંબંધી વાત કહી" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર ઓગણીશમું : તરંગ - ૬૧

શ્રીહરિએ સત્સંગની સર્વોત્તમ પ્રથા કહી અને વડતાલથી ગોરાડ આવ્યા

વળી, શ્રીહરિ ફરી વાત કહે છે કે, 'સાચા માણસ કરતાં પણ દંભીને આગ્રહ ઘણો હોય છે. ૧. દંભી વધારે પડતો આગ્રહ કરીને સહુથી અધિક પૂજાય છે પણ જ્યારે તે ધર્મ-નિયમમાંથી પડી જાય છે, ત્યારે તેના ઉપર કોઈ ભાવ રાખતા નથી. ૨. આપણા સત્સંગમાં કોઈ ચાહે તેવો દંભી હોય, તોપણ તે સત્સંગથી વિરુદ્ધ વાત ક્યારેય કરી શકતો નથી. ૩. કારણ કે, આપણા સત્સંગમાં અમે ત્યાગી અને ગૃહસ્થની જે પ્રથા બાંધી છે, તે મજબૂત અને અચળ સડકના જેવી છે. ૪.

બધા દેશોમાં આ સત્સંગરૂપી દેશ તે શ્રેષ્ઠ અને અજોડ છે. તે સત્સંગમાં ચાર વર્ણ અને ચાર આશ્રમના લોકો રહે છે, તે બધા મોક્ષભાગી કહેવાય છે. તેઓ પોતાનાં દિલમાં ભગવાનના સિવાય બીજું કાંઈ ચાહતા નથી. અને ભગવાન સિવાય જેટલી વાત હોય છે, તેને કાળનું ચવાણું દેખે છે. ૫-૬. જેટલા બુદ્ધિમાન મનુષ્યો હોય છે તે આ રીતે ભગવાનને સારમાં સાર તત્ત્વ સમજે છે. અને જેટલી વસ્તુ નાશવંત છે તેને ભગવાનના જ્ઞાને કરીને મળના સમાન સમજી રાખે છે. ભગવાન સિવાયની અન્ય વસ્તુને મળના જેવી ન સમજે તો તે મનુષ્ય બાળબુદ્ધિમાં ખપે છે. ૭-૮.

જેટલી નાશવંત વસ્તુઓ છે તેને જે સત્યરૂપમાં સમજી રાખે છે તે અજ્ઞાનીમાં પણ વધારે અજ્ઞાની છે. અને પશુ કરતાં પણ વધારે અજ્ઞાની પશુ જેવો કહેવાય છે. ૯. કોઈ બ્રહ્માના જેવો વિદ્વાન હોય અને તે જો ભગવાન સિવાયના બીજા પદાર્થને અધિક રાખે છે, તો તેટલું તેમાં અજ્ઞાન રહ્યું છે. તેવી આ સત્સંગની પ્રથા છે. ૧૦.

❋ પ્રથામાં રહે તે શ્રેષ્ઠ છે :

આપણા સત્સંગની પ્રથાને અનુસારે જેટલા ચાલે છે તે બુદ્ધિશાળી છે. ત્યાગીની પ્રથા તો જે બાંધી છે તે નટના દોર ઉપર ચાલ્યા જેવી સાવધાનીપૂર્ણ છે. ૧૧. તેમાં કાન, આંખ, મન અને પગથી જેટલો ગાફલ વર્તે છે, જેટલો ડગી જાય છે તે તરત દેખાઈ આવે છે. કારણ કે, વર્તનનો દોર મેદાન વચ્ચે રહેલો હોય છે. ૧૨. નટનાં દોરડાં કરતાં પણ ત્યાગી જીવનની પ્રથા અતિશય સાવધાની ભરેલી છે. તેમાં કોઈ જેટલી ગફલત રાખે છે, તે તરત દેખાઈ આવે છે. ૧૩. જેટલા ત્યાગી પ્રથા કરતાં ઓછું કે વધારે વર્તે છે, તો તેને પ્રથા તલ તલ જેટલું પણ તરત બતાવી દે છે. ૧૪.

ત્યાગી અને ગૃહસ્થોની આ વર્તનની પ્રથા શુદ્ધ કાચના જેવી છે. જે ત્યાગી-ગૃહી અમારી બાંધેલી પ્રથાનો લોપ કરે છે, તો તેનો લોપ થઈ જાય છે. ૧૫. અમે જે વ્રતમાન નિયમની પ્રથા બાંધી છે તે સૂર્ય કરતાં પણ કરોડગણી વધારે પ્રતાપવાળી છે. જે બુદ્ધિમાન લોકો છે, તે બધા તેને પ્રમાણરૂપ માને છે. ૧૬. વેદ, પુરાણ અને વ્યાસ આદિક જે મુનિઓ,

તે બધા જે રીતે પ્રમાણભૂત માને તે રીતની અમે આ સત્સંગના વ્રતમાન નિયમની પ્રથા બાંધી છે. ૧૭. સત્સંગની પ્રથાના જેટલાં વચન છે, તેને અમે હજાર વખત તપાસી જોયા છે. આ પ્રથા અમે એવી પ્રવર્તાવી છે કે, તેને વેદ અને પુરાણો પણ વખાણે છે. ૧૮.

જે લોકો વેદ અને પુરાણોને મિથ્યા કહે છે તેને અપાર પાપ લાગે છે. તેઓ તે પાપથી ક્યારેય છૂટતા નથી. ૧૯. જે મનુષ્યો ભગવાનના અવતારોને અને ભગવાનની પ્રતિમાઓને કોઈ દિવસ માનતા નથી, તેઓ તો પાપીઓમાં પણ વધારે પાપી ગણાય છે. ૨૦. તેમને પશુ, પંખી અને જળચર પ્રાણીઓની હિંસામાં રુચિ હોય છે. અને માંસનો આહાર કરવામાં તે લોકો કાંઈ દોષ માનતા નથી. ૨૧. વર્ણ અને આશ્રમની દૃષ્ટિએ વટાળમાં તે મનુષ્ય ક્યારેય દોષ નથી જોતા. આવી વાતો તો અપાર રહી છે, જેનો કહ્યે છેડો આવતો નથી. ૨૨.

સારરૂપ વાતો કહેવામાં સારરૂપ ફળ રહ્યું છે. આ ભરતખંડમાં યવન સિવાયના જેટલા ઉત્તમ મનુષ્ય છે, તે મનમાં ભૂલથી પણ મનુષ્યની હિંસા ક્યારેય કરતા નથી. આવા મનુષ્યોને સર્વોત્તમ કહેવાય છે અને જે મનુષ્યને મારે છે તે તો ચંડાળ ગણાય છે. ૨૩-૨૪. **મનુષ્યની જે હિંસા કરે છે, તે નીચમાં પણ અતિ નીચ છે અને તેનાથી કોઈ વધારે નીચ નથી. જેનાં દિલમાં દયા હોય છે, તે તો સર્વથી શ્રેષ્ઠ ગણાય છે. ૨૫. માણસના ઉપર જેટલી વધારે દયા હોય તેટલો તે ઉત્તમ કહેવાય છે. તેવા વર્તનના કારણે તે રાજાઓનો પણ રાજા થાય છે. ૨૬.**

મનુષ્યની રક્ષા છળ અને કપટનો ત્યાગ કરીને કરવી જોઈએ, તેના સમાન બીજી કોઈ વાત નથી. અને જે રક્ષા કરે છે, તેની આ લોકમાં ઘણી કીર્તિ થાય છે.' ૨૭. શ્રીહરિએ ગોમતી કિનારે ઉપર કહેલી બધી વાત કહી હતી. પછી એક દિવસ શ્રીહરિ સંતોની જગ્યામાં આવીને બેઠા. ૨૮. ત્યાં સંતોની સભા વચ્ચે પાટ ઉપર શ્રીહરિ બેઠા હતા અને રાતે મશાલનું સુંદર અજવાળું રહ્યું હતું. ૨૯. જ્યારે સહુ આરતી અને ધૂન કરીને બેઠા ત્યારે એક પવિત્ર વૃદ્ધ સાધુ અત્યંત ઉત્સાહથી શ્રીહરિનાં દર્શન કરવા માટે પાસે

આવ્યા. ૩૦. (શ્રીહરિએ એ ભોળાનંદ નામના વૃદ્ધ સાધુને નિર્વિકાર જોયા. તેના ઉપર ઘણું રાજી થયા અને તેને પોતે પહેરેલા બધા વસ્ત્ર પ્રસાદીના રૂપમાં આપ્યા.)

તે વૃદ્ધ સાધુ એંસી વરસના હતા, અને બે સંતોએ બંને બાજુથી તેમના બાહુ પકડ્યા હતા. કારણ કે, તેમને આંખોથી બરાબર દેખાતું નહિ અને શબ્દ પણ તેવા જ સંભળાતા હતા. ૩૧. તે શ્રીહરિની પાસે આવીને પગે લાગ્યા. તેમનું આનંદથી ભરેલું મુખ હસતું હતું. તેમને મોઢામાં એક પણ દાંત હતો નહિ પણ તેમને શ્રીહરિની ઉપર ઘણું હેત દેખાતું હતું. ૩૨. તે સમયે ભક્તજનોની પીડાને હરનારા શ્રીહરિએ પોતાનાં શરીર ઉપરથી અંગરખું ઉતારીને તેમને પહેરાવી દીધું. અને પોતાની કસુંબલ પાઘ તેમના માથે મૂકી. ૩૩. તે વૃદ્ધ સંતનો અતિશય પ્રેમ જોઈને તેમને ફૂલના બધા હાર શ્રીહરિએ પહેરાવી દીધા. પછી તે સંત આસન ઉપર આવીને બેઠા. ૩૪.

પછી સભામાં જેટલા સંતો બેઠા હતા તે બધા ગરબીનાં પદો બોલતા હતા. શ્રીહરિ આ રીતે વડતાલમાં જેટલા દિવસ રહ્યા તેટલા દિવસ હરિભક્તો તેમને ઘણા ભક્તિભાવથી પોતાના ઉતારે પધરાવતા હતા. અને જેને જેવો ભાવ હોય તે પ્રમાણે તે પ્રેમથી પૂજા કરતા હતા. ૩૫-૩૬. આ રીતે રોજ રોજ વધારે ને વધારે આનંદ અને ઉત્સવ થતો હતો. પછી શ્રીહરિ સહુ સંતોને બાથમાં લઈને ભેટ્યા અને પછી વડતાલથી ચાલતા થયા. ૩૭. **રાવલી** અને **મહેળાવ** થઈને **પીપળાવમાં** એક રાત રહ્યા. સહુ હરિભક્તોને દર્શન દીધાં અને સવારમાં ત્યાંથી ચાલતા થયા. ૩૮.**નાર** અને **રામોલડી** થઈને શ્રીહરિ **ઊંટવાડા** આવ્યા. પછી **બુધેજ** આવીને ત્યાં બીજી રાત રહ્યા. ૩૯. (બ્રહ્મચારીએ થાળ કર્યો તે સહુ જમ્યા. પછી ફળિયા વચ્ચે ઢોલિયા ઉપર મહારાજ બિરાજમાન થયા. ત્યારે અલૈયા ખાચર *'વાલે વજાડી છે વાંસળી રે, માવે વગાડી છે મોરલી રે, કાલિન્દ્રીને તીર'* આ કીર્તન બોલ્યા. જ્યારે ગાઈ રહ્યા ત્યારે સહુ પોઢી ગયા. સવારે જાગીને શ્રીહરિ કહે, ઘોડા પલાણો. ત્યારે ખોડાભાઈ તથા હઠિભાઈ આદિક હરિજનો

કહે, મહારાજ ! રોટલા જમીને ચાલજો. ત્યારે શ્રીહરિ કહે, નહિ રહીએ. પછી ઘોડા ઉપાડ્યા.)

મુક્તાનંદસ્વામી અને નિત્યાનંદસ્વામીને શ્રીહરિએ પોતાની સાથે લીધા. પછી શ્રીહરિ **ગોરાડ** ગામ આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "શ્રીહરિએ સત્સંગની સર્વોત્તમ પ્રથા કહી અને વડતાલથી નીકળી ગોરાડ આવ્યા" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર ઓગણીશમું : તરંગ - ૬૨

ગોરાડથી નીકળેલા શ્રીહરિ ફરતા ફરતા ગઢપુર પધાર્યા

ગોરાડ ગામમાં ગોવિંદજીભાઈ નામે પાટીદાર હરિભક્ત હતા. ધર્મકુમાર શ્રીહરિ ત્યાં આવ્યા. ૧. હરિભક્તોએ શ્રીહરિને ઘણા ભક્તિભાવથી ગામમાં પધરાવ્યા. અને કાંધાજી નામે ક્ષત્રિય ભક્તે શ્રીહરિને પોતાને ઘેર દહીં જમાડ્યું. ૨. ગોરાડથી શ્રીહરિ જ્યારે તત્કાળ ચાલ્યા ત્યારે સેવક શ્રીહરિનાં મસ્તક ઉપર શ્વેત છત્ર ધારી રહ્યો હતો. ૩. સુંદર અને શોભાધામ આવા શ્રીહરિ **ગોલાણા** ગામ થઈને ચાલ્યા તે **મોટીબોરું** આવીને સાબરમતી નદી ઊતર્યા. ૪.

જે જે ગામ શ્રીહરિ રહેતા હતા ત્યાં હરિભક્તો દર્શન કરવા માટે આવતા. અને શ્રીહરિ પણ ઘણા ભાવથી તેમને દર્શન દેતા હતા. કારણ કે, શ્રીહરિને હરિભક્તો ઉપર ખૂબ જ હેત હતું. ૫. ભક્તજન ચિત્તચોર, બહુનામી સહજાનંદસ્વામી શ્રીહરિ ત્યાંથી **નાનીબોરું** થઈને **ભોળાદ** ગામ આવ્યા. પછી ત્યાં ભોગાવો નદી ઊતરીને **કમિયાળા** ગામ આવ્યા. ૬. તે પછી **પચ્છમ** ગામ આવ્યા અને ત્યાં રાત રોકાયા. ત્યાંના જે હરિભક્તો હતા તેમણે ઘણા હેતથી શ્રીહરિની સેવા કરી. ૭. જ્યારે રાત પાછલી ચાર ઘડી રહી ત્યારે સુંદર ઘનશ્યામ શ્રીહરિ ત્યાંથી ચાલ્યા, અને રણ ઊતરીને **ખસતા** ગામ આવ્યા. ૮. તે પછી **રોજકા** થઈને **ઝીંઝર** ગામ આવ્યા. ત્યાં દરબાર

ખોડાભાઈને ઘેર રસોઈ કરાવીને જમ્યા. ૯. પછી શ્રીહરિ **પરબડી, ભીમનાથ, પોલારપુર, રોજીદ** થઈને **કુંડળ** આવ્યા અને ત્યાં રાત રોકાયા. ૧૦.

શ્રીહરિ કાઠી દરબાર અમરા પટગીરને ભવન રહ્યા. તેમણે જે રીતે શ્રીહરિ પ્રસન્ન થાય તે રીતે ઘણા ભક્તિભાવથી સેવા કરી. ૧૧. સવાર થયું ત્યારે કુંડળથી ચાલ્યા અને **સમઢિયાળા** ગામ આવ્યા. ત્યાંથી શ્રીહરિ ઘણી પ્રસન્નતાથી **કારિયાણી** ગામ આવ્યા. ૧૨. ત્યાં સહુ હરિભક્તોને દર્શન દઈને તત્કાળ ચાલ્યા. પછી **ઝીંઝાવદર** ગામ આવીને રોકાયા. ૧૩. અલૈયા ખાચરને ભવન રસોઈ કરાવીને શ્રીહરિ જમ્યા. પછી દિવસ પાછલો પહોર એક રહ્યો ત્યારે ત્યાંથી ચાલતા થયા. ૧૪. **નિંગાળા** ગામ થઈને શ્રીહરિ **ઉગામેડી** આવ્યા. ત્યારે ગઢપુરવાસી સહુ હરિભક્તો ત્યાં સન્મુખ આવ્યા. ૧૫. સહુએ ઘણા પ્રેમભાવથી જે ફૂલના હાર લાવ્યા હતા તે પહેરાવ્યા. અને સહુ પગે લાગ્યા અને **ગઢપુર**ની નજીક આવ્યા. ૧૬.

ઢોલ, તાંસા વગેરે વાજિંત્ર, ડંકા અને નિશાન સહિત સહુ સન્મુખ આવ્યા. અને વાજિંત્રો વાગવાં લાગ્યાં. સહુને શ્રીહરિના ઉપર ઘણું હેત હતું. ૧૭. સહુ ભક્તો મુખથી જય જય...જય જય... એમ બોલતા હતા. જ્યારે સૂર્ય અસ્ત થયો ત્યારે શ્રીહરિ આવ્યા હતા. દરબાર દાદા ખાચર તથા જીવા ખાચર ગઢપુરના મોટા ગરાસદાર હતા. ૧૮. તે બંને દરબારો ઘણા ભાવથી પોતાની સવારી લઈને શ્રીહરિની સન્મુખ આવ્યા. આવીને તે બંનેએ હાથ જોડી મસ્તક નમાવીને શ્રીહરિનાં ચરણકમળમાં વંદન કર્યા. ૧૯. તેમણે ફૂલના હાર પહેરાવ્યા અને શ્રીફળ લાવીને ઘણા હેતથી શ્રીહરિનાં ચરણ આગળ મૂક્યાં. પછી પ્રેમભાવથી તેઓ બોલ્યા, ૨૦. 'હે નાથ ! આપ જે દિવસથી ગયા હતા, તે દિવસથી આ ગઢપુર બધું સૂનું લાગતું હતું. અને આજે આપના આવવાથી નવ પલ્લવ થયેલા વૃક્ષનાં જેવું ગઢપુર આનંદિત દેખાય છે. ૨૧. આજ આપે આવીને ગઢપુરમાં જ્યારે ચરણ મૂક્યાં છે ત્યારે બધું વન અને વૃક્ષો પ્રફુલ્લિત થયા હોય તેમ લાગે છે. ૨૨.

ચોપાઈ :

तुम श्रीहरि धरत जिहाँ चरना, आनंद शोभा मुद हि भरना;
होवत रहेउ तिहाँ अपारा, प्रताप एसे तव रहे न पारा...२३

तुम न कहत तुमारे प्रतापा, निज मुख से कोउ दिन आपा;
प्रताप जामें जेता रहाये, प्रताप तेहि कहत हे ताये...२४

હે હરિ ! આપ જ્યાં ચરણ મૂકો છો ત્યાં આનંદ અને શોભા, ભરપૂર થઈ જાય છે. આવો આપનો અપાર પ્રતાપ રહ્યો દેખાય છે. ૨૩. આપ પોતે પોતાને મુખે પોતાના પ્રતાપને ક્યારેય કહેતા નથી, પણ જેમાં જે પ્રતાપ રહ્યો હોય છે તે પ્રતાપ જ તેને કહે છે. ૨૪. દરબાર જીવા ખાચર શ્રીહરિ જે રીતે રાજી થાય તેવું બોલતા હતા. શ્રીહરિને રાજી કરવાની રીત જીવા ખાચરના જેવી કોઈને આવડતી નહિ. ૨૫. જ્યારે શ્રીહરિ ગઢપુર ગામમાં ચાલ્યા ત્યારે અપાર મશાલો થઈ હતી. પાણી છંટાવીને બધી બજારોને સ્વચ્છ કરાવી હતી. ૨૬. દરબાર જીવા ખાચરના ભવનની નજીકની જે બજાર છે, ત્યાં તે વખતે શ્રીહરિ ચાલ્યા હતા. ૨૭. ગઢપુરવાસી બધા ભાવિક લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં જે ઊભા હતા તે માનો કમળનું વન ખીલ્યું હોય તેવા દેખાતા હતા. ૨૮.

તે સમયે બજારની બંને બાજુએ દીવાઓ કર્યાં હતાં. ફાનસ અને હાંડીઓનો કોઈ પાર ન હતો. દુકાને દુકાને બિલોરી ઝાડ પ્રગટાવી દીધેલા રહ્યા હતા. ૨૯. વિવિધ રંગવાળા મણિના જેવા તે અજવાળું કરી રહ્યા હતા. માનો મણિની કોઈ દીપમાળા બાંધી દીધી હોય તેમ તે રૂપાળા લાગતા હતા. ૩૦. શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે માણેક જાતિનો કહેવાતો હતો. તેના ઉપર સોનાનો અનુપમ વિચિત્ર સાજ-સામાન બાંધ્યો હતો, તેનું વર્ણન કરી શકાતું નથી. ૩૧. માનો શ્રીહરિને માટે દેવલોકમાંથી કોઈ વિમાન આવ્યું હોય તેમ તેના ઉપર બેઠેલા શ્રીહરિ જણાતા હતા. દર્શન કરનારા કોઈ તૃપ્ત થતા ન હતા. ૩૨.

દર્શન કરનારના નેત્ર અને શ્રીહરિનું મુખારવિંદ, ચંદ્ર અને ચકોરની રીતે પરમ પુનિત દેખાતું હતું. શ્રીહરિની મનને હરનારી મનોહર મૂર્તિ બધા લોકોને આનંદકારી હતી. ૩૩. તે વખતે શ્રીહરિએ બધાં સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં અંગ ઉપર ધાર્યાં હતાં. આગળના ભાગમાં વિવિધ વાજિંત્રો વાગતાં હતાં અને ચોપદાર મુખથી છડી પોકારતા હતા. ૩૪.

આગળના ભાગમાં બધા પાર્ષદો બંદૂકોના અવાજ કરતા હતા. તેમજ ગઢપુરવાસી બધા લોકો શ્રીહરિના ઉપર ફૂલની વૃષ્ટિ કરતા હતા. ૩૫. આ રીતે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં બધી સવારી સાથે આવ્યા. શ્રીહરિ જ્યારે દાદા ખાચરના ભવનમાં આવ્યા ત્યારે તરત અશ્વ ઉપરથી નીચે ઊતર્યા. ૩૬. તેમના ભવનની ઓસરીમાં પલંગ બિછાવેલો હતો, ત્યાં આવીને શ્રીહરિ તેના ઉપર બેઠા અને બધે આનંદનું વાતાવરણ ફેલાયેલું હતું.

શ્રીહરિ સત્સંગમાં જ્યાં જ્યાં ફર્યા તે વાત દરબાર જીવા ખાચરે પૂછી, ત્યારે શ્રીહરિએ જ્યાં જે રીતે ફર્યા હોય તે બધી વાત તેમને કહી. ૩૭-૩૮. અમદાવાદ જેવા શહેરમાં મોટા ધનાઢ્ય વણિકો શ્રીહરિને મોટા સત્પુરુષ જાણીને મળવા આવ્યા. તે બધી વાત કહી. ૩૯. એરણ સાહેબ અને દુલાપ સાહેબ, તે બંને અંગ્રેજ અધિકારીઓ શ્રીહરિને ઈશ્વરનાં રૂપમાં માનતા હતા. જેટલા વણિક વગેરે હતા તે બધા પણ તે અંગ્રેજ અધિકારીઓની પ્રજા હતી. ૪૦. માગસર સુદિ ચોથને દિવસ શ્રીહરિ ગઢપુરમાં આવ્યા તેથી પુરજનોને ઘણો આનંદ થયો. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકોનવિંશ પૂરમાં "ગોરાડથી નીકળેલા શ્રીહરિ ફરતા ફરતા ગઢપુર પધાર્યા" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે એકોનવિંશ પૂર સંપૂર્ણ ॥૧૯॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૦

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર વીશમું : તરંગ - ૧

કવિએ મંગળ કર્યું અને ગઢપુરવાસીનાં સદ્‌ભાગ્ય કહ્યાં

✵ મંગલાચરણ :

दोहा : श्रीहरि चरण सरोज जुग, सोल चिह्न जुत जेहु;
अभय करन रहे भक्त के, वंदत हुँ परम स्नेहु...०१
श्रीहरि ताके चरण के, प्रताप रहे अपार;
भव ब्रह्मा शेष धरत उर, सेवत श्री बहु प्यार...०२
अक्षर जेसे अपार जो, मुक्त रहाये जेह;
श्रीहरि के चरण जुग कु, उर धरत रहे तेह...०३

શ્રીહરિનાં બંને ચરણકમળ સોળ ચિહ્નથી યુક્ત છે અને તે ભક્તોને નિર્ભય કરનારા છે. માટે હું(સિદ્ધાનંદમુનિ) પરમ સ્નેહથી તેમને વંદન કરું છું. ૧. શ્રીહરિનાં ચરણોનો અપાર પ્રતાપ છે. તેને ભવ, બ્રહ્મા અને શેષજી, હૃદયમાં ધારે છે અને લક્ષ્મીજી ઘણા પ્રેમથી તેમની સેવા કરે છે. ૨. અક્ષરના જેવા જે અપાર મુક્તો છે, તે બધા શ્રીહરિનાં બંને ચરણકમળને હૃદયમાં ધારી

રહ્યા છે. ૩. શુકદેવજી, શૌનક, નારદમુનિ, સનકાદિક મુનિઓ, વ્યાસ, વાલ્મીકિ અને વસિષ્ઠ ઇત્યાદિક મુનિઓ પણ પરમેશ્વરના તે ચરણકમળનું ચિંતવન કરે છે. ૪.

જે દેવતાઓમાં જેનો જેટલો પ્રતાપ રહ્યો છે તે બધો શ્રીહરિનાં ચરણોનું ચિંતવન કરવાથી જ તેમને પ્રાપ્ત થયો છે. ૫. હનુમાનજી, ગણપતિ દેવ, સૂર્ય, ઇન્દ્ર અને ચંદ્રમા, તે બધા શ્રીહરિનાં ચરણકમળની સેવા કરવાથી જગદ્વંદ્ય બન્યા છે. ૬. **જ્યાં અને જેમાં અધિક પ્રતાપ દેખવામાં આવે છે, તે બધો પ્રતાપ શ્રીહરિનાં ચરણનો જ છે; એમ ભક્તજનો જૂએ છે. ૭.** ભક્ત સિવાય બીજાને શ્રીહરિનાં ચરણોનો પ્રતાપ દેખાતો નથી. તે ચરણોનો પ્રતાપ તો ઘણો મહાન છે. આધારાનંદસ્વામી કહે છે તેનું માપ કરતા મને આવડતું નથી. ૮. જે જે પ્રતાપ કહેવાય છે તે બધો શ્રીહરિનાં ચરણમાં રહ્યો છે. માટે જ આપનાં ચરણોને ચિંતામણિ કહે છે. ૯. જે ભક્તજન શ્રીહરિનાં ચરણોને પોતાનાં હૃદયમાં ચિંતવે છે, તો તેનાથી તે ભક્ત જે ફળને ઇચ્છે છે તે ફળ તેને તત્કાળ મળે છે. ૧૦.

શ્રીહરિના ચરણારવિંદ તો કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવા છે. છતાં જે અભાગિયા મનુષ્ય હોય છે તેઓ પોતાના ચિત્તમાં શ્રીહરિનાં ચરણોને ચિંતવતા નથી. ૧૧. જે લોકો ભગવાનના ચરણકમળ સિવાય બીજા વસ્તુ-પદાર્થને મનમાં ચિંતવતા રહે છે, તે બધા વારંવાર સંસારમાં ભટકતા રહે છે અને અપાર દુઃખને પામે છે. ૧૨. **જે લોકો શ્રીહરિના ચરણોનું પોતાનાં હૃદયમાં ચિંતવન કરે છે, તેને સંસારનું ભટકણ મટી જાય છે.** એટલે હું મારા હૃદયમાં શ્રીહરિના ચરણકમળનું ચિંતવન કરીને હરખભેર આ વીશમા પૂરનો આરંભ કરું છું. ૧૩. ધર્મવંશ, સંતો, વર્ણી, અને જે બધા હરિભક્તો રહ્યા છે, તે સહુને અત્યંત મહાન સમર્થ જાણીને હું તેમને વારંવાર વંદન કરું છું. ૧૪.

આ ગ્રંથ લખવામાં જે કોઈ વિઘ્ન અડચણ કરવા માટે આવે તો તેમાં આપ સહુ મને મદદ કરજો. આવી હું આપ સહુને વિનંતિ કરું છું તો તેને આપ સહુ દિલમાં ધારજો. ૧૫. હવે શ્રીહરિનાં જેટલાં ચરિત્રો લખ્યાં વિનાના

રહી ગયા છે તેમાં હું તમારી સહાયની આશા રાખું છું. તમે જો સહાય કરતા રહેશો તો તમારી સહાયતાને કારણે જ શ્રીહરિનાં તે બધાં ચરિત્ર પૂરા લખી શકાશે, તમારી સહાયતા વિના તે પૂરા લખી શકાશે નહિ. મેં આપ સહુને આ ગ્રંથલેખન કાર્યરૂપ સમુદ્ર તરવા માટે નાવરૂપ માન્યા છે, માટે બધી વાત આપના હાથમાં છે. ૧૬-૧૭. કોઈ માણસ જેને શરણે જાય છે, ત્યારે શરણ રાખનારાએ તેની લાજ રાખવાની હોય છે. આવી વાત આ લોકમાં પ્રસિદ્ધ રહી છે, તેને આપ સહુ જાણો છો. ૧૮.

હવે આ વીશમા પૂરમાં જેટલાં ચરિત્ર લખવામાં આવી રહ્યા છે, તે હું શ્રીહરિના ચરણોને હૃદયમાં ધારીને લખું છું. મારાં હૃદયમાંથી એક પળવાર પણ તે ચરણોને દૂર કરતો નથી. ૧૯. હરિભક્તોને શ્રીહરિનાં ચરિત્ર પરમ ચિંતામણિ જેવા રહ્યા છે. પરમ ચતુર શ્રીહરિ ગઢપુરમાં રહીને નિત્ય નવીન ચરિત્ર કરતા હતા. ૨૦.

ભાઈ રામદાસજીસ્વામી ઘણા વૃદ્ધ થઈ ગયા છે, તેમ જાણીને શ્રીહરિ તેમને પોતાને સમીપે રાખતા હતા. કારણ કે, શ્રીહરિને તેમના ઉપર ઘણું હેત હતું. ૨૧. તેમને નેવું (સો ?) વર્ષ પૂરા થવા આવ્યા હતા. તેઓ એટલા વૃદ્ધ થઈ ગયા હતા છતાં ઘણા શૂરવીરની જેમ જીવી રહ્યા હતા. શરીરની પીડાને ક્યારેય ગણકારતા નહિ. ૨૨. તેમના હાથ અને પગ સુકાઈ ગયા હતા, છતાં પણ આનંદમગ્ન થઈને જીવતા હતા. સંતો અને બધા હરિભક્તો, ભાઈસ્વામીને મહા સમર્થ જાણીને સહજ સ્વભાવે માન આપતા હતા. જેમાં જે પ્રતાપ રહ્યો હોય છે તે ક્યારેય છૂપો રહેતો નથી. પ્રતાપી સંતના પ્રતાપને લોકો જ્યારે દેખે છે ત્યારે તેમને તે પ્રતાપે કરીને લોકો પોતાના કરીને માને છે અર્થાત્ સહુ માન આપે છે. ૨૩-૨૪.

પ્રતાપી સંતોમાં જેટલો પ્રતાપ રહ્યો હોય છે તે પ્રતાપ જ કહી દે છે કે, આ પ્રતાપી છે અને તે તેમનાં વર્તનમાં દેખાઈ આવે છે. ૨૫. જેમાં ઓછો-વધતો જે પ્રતાપ રહ્યો હોય છે, તે તેમનું વર્તન કહી દેખાડે છે, પ્રતાપ ક્યારેય છૂપો રહેતો નથી. ૨૬. **જે ઉત્તમ પ્રકારની વ્યક્તિ કે વસ્તુને સેવતા**

હોય છે, તે સેવનારો ઉત્તમ દેખાય છે. અને જે મધ્યમ પ્રકારની વ્યક્તિ કે બાબતને સેવે છે, તે મધ્યમ દેખાય છે. ૨૭. અને જે નિંદાસ્પદ બાબતને સેવે છે, તે પોતે નિંદિત થાય છે. તેમાં લેશમાત્ર પણ ફરક હોતો નથી. પણ આ વાત ઈશ્વરને લાગું પડતી નથી. ૨૮.

પરમેશ્વર જે જે આચરણ કરે છે તે બધું તો ભક્તજનોને ધ્યાન કરવા માટે છે. અને તે ભગવાનનું આચરણ ભક્તજનોનો ઉદ્ધાર કરે છે, પરંતુ અભક્તને તો તે બંધનકર્તા થાય છે. ૨૯. શ્રીહરિનાં ચરિત્રને જે મનુષ્ય જેવા જાણે છે તેવું ફળ તેને મળે છે. શ્રીહરિનાં ચરિત્રો તો ચિંતામણિ જેવા છે. તે ચરિત્ર વાંચી સાંભળીને જે જેવું ચિંતવે છે તે તેવા ફળને પામે છે. ૩૦. માગશર સુદિ ચોથને દિવસ પરમ સુખદાતા શ્રીહરિ ગઢપુર આવ્યા હતા. ગઢપુર આવ્યા પછી જે વાત થઈ તે થોડી કહું છું. ૩૧. ગઢપુરમાં જેટલા હરિભક્ત બાઈ-ભાઈ કહેવાતા હતા, તે બધાં સત્સંગના બીજા હરિભક્તો કરતાં શ્રીહરિના સ્વરૂપનું સુખ વધારે પામતા હતા. ૩૨.

ભગવાન શ્રીહરિનાં સ્વરૂપનું જે સુખ કહેવાય છે તે બધું તે ભક્તોને ઘેર બેઠા સહજ ભાવે મળતું હતું. ગઢપુરના ભક્તોને ઘેર તો કલ્પતરુ અને ચિંતામણિ જેવા શ્રીહરિ નિરંતર રહ્યા હતા. ૩૩. ગઢપુરવાસી હરિભક્તોના જે ભાગ્ય કહેવાય છે તે તો પૂરી રીતે કહી શકાતા નથી, એટલે હવે હું સંક્ષેપે કરીને કહું છું. ૩૪. જેનાથી પર કે કોઈ અધિક સુખ ન હોય તેવું સુખ ગઢપુરવાસી ભક્તો નિત્ય લેતા હતા. સવારે અને સાંજે પ્રત્યક્ષ શ્રીહરિનાં દર્શન તેઓ રોજ કરતા હતા. ૩૫. સુખધામ શ્રીહરિ રોજ હરિભક્તોના નામ લઈને તેને બોલાવતા હતા. અને તે હરિભક્તોનાં મનને પ્રસન્ન કરવાને માટે તેમનું ચિત્ત હરાઈ જાય તેવાં ચરિત્ર કરતા હતા. ૩૬.

શ્રીહરિ પોતે સત્સંગનું હિત કરવાનું નિત્ય તાન રાખતા હતા અને પોતાનાં શરીરનાં સુખનો ઉપાય તો જાણી જોઈને કરતા નહિ. ૩૭. **જેને પોતાનાં શરીરને સુખી કરવાનું તાન જ્યાં સુધી રહેતું હોય છે ત્યાં સુધી તેનામાં તેટલું અજ્ઞાન રહ્યું હોય છે. ૩૮.** શ્રીહરિ અજ્ઞાનરૂપી અંધારાને

ટાળવા માટે થઈને રોજ વાતો કરતા હતા. અને પોતાના ભક્તોની આગળ વારંવાર અમૃત જેવાં વચન બોલતા હતા. ૩૯. શ્રીહરિ પોતાના ભક્તોના આ લોક અને પરલોક બંને સુધરે તેવી વાતો કરતા હતા. અને પોતે જેટલી ક્રિયા કરતા હતા તેનું ફળ પણ ભક્તોના લોક અને પરલોક સુધરે એટલું જ હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "કવિએ મંગળ કર્યું અને ગઢપુરવાસીનાં સદ્‌ભાગ્ય કહ્યાં" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર વીશમું : તરંગ - ૨

સત્સંગ અને કુસંગના જ્ઞાનની વાત કરી

ગઢપુરના હરિભક્તોને અપાર સુખ આપવા માટે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં નક્કી કરીને રહ્યા હતા. ૧. દાદા ખાચર અને તેમના જેટલા પરિવારજનો હતા, તે બધાએ ભગવાનને સારમાં સાર માનીને સંબંધ રાખ્યો હતો. ૨. તેમણે જગતના સંબંધને તુચ્છ સમજીને શ્રીહરિને રાજી કરવા માટે તે બધા સંબંધનો ત્યાગ કર્યો હતો. ૩. દાદા ખાચર અને તેમના પરિવારનાં મનમાં શ્રીહરિને રાજી કરવાનું એક તાન રહ્યું હતું. અને તેટલા માટે જ તેઓ મન, કર્મ, વચનથી શ્રીહરિને શરણે રહ્યા હતા. ૪.

चोपाई :

सत्संग हरि अरु संत जेहा, चिंतामनि कल्पवृक्ष से तेहा;
कोटि गण अधिक हि जो ताके, महिमा रहे अपार हि वाके...०५
सत्संग हरि अरु संत तिनके, निष्कपट मन जो कर हि तिनके;
जेसे सबंध करत विश्वासा, तेसे कहावत जन हरिदासा...०६

સત્સંગ, શ્રીહરિ અને સંતોનો મહિમા ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ કરોડગણો અધિક અધિક અને અપાર રહ્યો છે. ૫. સત્સંગ, શ્રીહરિ અને સંતોનો નિષ્કપટ મનથી જેવો સંબંધ રાખીને જે વિશ્વાસ કરે છે તેવા તે

ભક્ત ભગવાનના દાસ કહેવાય છે. ૬. અક્રૂરજી વંદન ભક્તિમાં સર્વોપરિ લખાયા છે. ભગવાને પણ પોતાનાં સ્વરૂપમાં જે સામર્થ્ય અને પ્રતાપ જેટલો રહ્યો હતો, તે બધો અક્રૂરને બતાવ્યો હતો. અરે, અક્રૂરજી ભગવાનના કાકા કહેવાતા હતા. જેટલા દૈત્યો અને કંસ વગેરે જે હતા તે બધાને ભગવાન શ્રીકૃષ્ણે અને બળદેવજીએ મારીને ગોકુળ, મથુરામાં નિવાસ કર્યો હતો. પછી દ્વારિકામાં નિવાસ કર્યો હતો. ત્યાં છપ્પનકોટિ જે યાદવો હતા તે બધા શ્રીકૃષ્ણ ભગવાનના સંબંધી કહેવાતા હતા, ૭-૯.

તે સહુ ભગવાનની સાથે રહેતા હતા અને જરાસંઘ જેવા રાજાના ત્રાસથી આખો દિવસ ભગવાનની સાથે નિત્ય વાતો કરતા હતા. ૧૦. શ્રીકૃષ્ણ ભગવાન બીજા બધા યાદવો કરતાં અક્રૂરજીનું વધારે માન રાખતા હતા. કારણ કે, તે તેમના નજીકના સંબંધી હતા. ૧૧. વળી, તે ભગવાનના અનન્ય ભક્ત હતા, તે આખા જગતમાં પ્રસિદ્ધ હતું. જ્યારે વ્યવહારમાં જરૂર પડે છે ત્યારે સંબંધ અને ભક્તપણું દેખાય આવે છે. ૧૨. વ્યવહારિક કામ પડ્યા વિના ભક્તનો જેવો ભાવ હોય તેવો રહે છે. પણ વ્યવહારિક કામ પડે ત્યારે તે છુપાવ્યો છુપાતો નથી અર્થાત્ જેવો હોય તેવો ભાવ બહાર દેખાય આવે છે. ૧૩. **ભગવાન શ્રીહરિ જે કોઈ કામ કરે તેમાં કોઈ સંશય ન કરે એવા તો આપણા સત્સંગમાં એક દાદા ખાચર થયા છે.** ૧૪.

શ્રીહરિએ ઘણી પરીક્ષા લીધી. છતાં જે ઉત્તમ હતા તે ઉત્તમ દેખાયા, મધ્યમ હતા તે મધ્યમ દેખાયા, જે કનિષ્ઠ હતા તે કનિષ્ઠ દેખાયા. અને જે વધારે હીન-અધમ હતા તે અધમ દેખાયા. અને ઘણા તો પ્રગટ ભગવાનનો સંબંધ હતો છતાં મહિમા અને સત્સંગના ખપ વિના ઉત્તમ હરિભક્તની સમાન થઈ શક્યા નહિ. ૧૫-૧૬.

❋ શ્રીહરિ સહુના શિક્ષક અને આધાર છે :

આ સર્વોત્તમ સત્સંગમાં સર્વશ્રેષ્ઠ એવા ભગવાન જે દિવસથી પ્રગટ થયા હતા તે દિવસથી સર્વોત્તમ ચરિત્ર કરતા રહ્યા હતા. ૧૭.

भगवान के शिक्षक हि केहा, कोउ न कहाये कब हि तेहा;
सबके शिक्षक रहे भगवाना, कोउ कल्प न फिरत रहाना...१८

भगवान के शिक्षक जो भयेऊ, देव तदपि असुर यह कहेऊ;
मनुष्य ताकी कहा करना बाता, देव आगे यह अल्प कहाता...१९

સાક્ષાત્ ભગવાનના શિક્ષક(શાસક) કોણ હોય ? તેવા શિક્ષક તો ક્યારેય કોઈ કહેવાતા નથી. કારણ કે, ભગવાન તો સહુના શિક્ષક રહ્યા છે અને તે વાત કરોડો કલ્પ જાય તોપણ ફરે એવી નથી. ૧૮. ભગવાનના શિક્ષક કોઈ થવા ગયા તે દેવ હોવા છતાં પણ અસુર કહેવાયા, મનુષ્યની તો વાત જ શી કરવી ? મનુષ્ય દેવોની આગળ અલ્પ કહેવાય છે. ૧૯. ભગવાન તો દેવોના પણ દેવ કહેવાય છે, તેમના કોઈ શિક્ષક હોતા નથી. જે ભગવાનને જાણતા હોય તે એવા હોય છે, તે ભગવાનને શિક્ષક થયા એમ કહે છે, પણ બીજાને કહેતા નથી. ૨૦.

બ્રહ્મા, ભવ, ઈન્દ્ર, દુર્વાસા અને બલિરાજાની પાસે રહેલા શુક્રાચાર્ય, અને વળી તેમજ અન્ય દેવતાઓમાં જ્યારે અસુરભાવ આવ્યો ત્યારે તે બધું દેખાયું હતું. ૨૧. કેટલાક અસુરો ભગવાનને જાણતા હતા, છતાં તેમણે ભગવાનની સાથે વેર કર્યું. અને જે અસુરો ભગવાનને જાણતા હતા તે બધાના નામ પણ ગ્રંથોમાં લખાયા છે. ૨૨. ભગવાન કરતાં વધારે માનમાં જ અસુરો મોટાઈ માનતા હતા, પરંતુ જ્યાં સુધી નિંદિત માર્ગમાં ન ચાલે ત્યાં સુધી તેમનું માન સહજભાવે રહે છે. ૨૩. **ભગવાન, ગુરુ, સંતો, શાસ્ત્રો અને નીતિમાનોએ નિષિદ્ધ કરેલા નિંદિત માર્ગ ઉપર ચાલવું અને માન-મોટાઈ રાખવી તે તો ઘણું આશ્ચર્યકારી છે. ૨૪.**

જેટલા વર્ણ અને આશ્રમ છે, તે બધાની નિર્દોષ નીતિ-મર્યાદાને વેદો અને પુરાણોમાં બાંધેલી છે. ૨૫. દેવતાઓ, દૈત્યો અને મનુષ્ય સુધીના સહુનું માન અને મોટાઈ વધે તેટલા માટે નીતિ-મર્યાદા બાંધેલી છે. પરંતુ જે તે નીતિનો લોપ કરે તેને માન કે મોટાઈ મળતા નથી. ૨૬. કોઈ રાજ્યસત્તાના બળથી જેટલી નીતિપ્રધાન સુરીતિનો લોપ કરે છે, તો તેની પાસે રહેલા સહુના ઈશ્વર તલ તલ જેટલું બધું દેખે છે. ૨૭. સર્વ જીવોનાં કર્મના ફળને આપનારા એવા પરમેશ્વર બ્રહ્માંડમાં જેટલા જીવ રહ્યા છે તે સહુના જેવાં કર્મ હોય છે તેવું તેને ફળ દે છે. ૨૮.

જેણે જેવું કર્મ કર્યું હોય છે, તેને તેવી રીતનું ફળ પરમેશ્વર તેનું હિત કરવા માટે આપતા રહે છે. તેને એક મટકું મારે તેટલીવાર પણ ભૂલતા નથી. ૨૯. જે નાસ્તિક લોકો છે તે પરમેશ્વરના સામર્થ્યને દેખતા નથી. તેઓ પરમેશ્વર કરતાં પણ કર્મને બળવાન કહે છે. કેમ જે, તેઓ અવળા જ્ઞાનના પાસથી અવરાઈ ગયા હોય છે. ૩૦. મનુષ્ય જ્યાં સુધી સીધે માર્ગે ચાલતો નથી ત્યાં સુધી અવળે માર્ગે ભટક્યા કરે છે. અને વિપરીત જ્ઞાનને લીધે તેની બુદ્ધિ પણ વિપરીત થઈ જાય છે. ૩૧. પછી જેની જેવી બુદ્ધિ હોય છે તેવું તે બોલે છે અને સીધા માર્ગને પણ અવળો માર્ગ કહે છે. જેને દિશાભ્રમ થઈ ગયો હોય તે પૂર્વ દિશાને પશ્ચિમ દેખાડે છે. ૩૨. પૂર્વ દિશા કોઈ દિવસ પશ્ચિમ થાતી નથી, એ વાત નક્કી છે, છતાં જેનું માથું ફરી ગયું હોય છે તેને ક્યારેય સાચી વાત મનાતી નથી. ૩૩.

❋ શરણાગતિની મહત્તા :

भगवान के शरण जिहाँ लगही, लेवत नहीं जन तिहाँ लगही;
दुःख जितना कहावत जाही, पावत रहे वेर वेर ताही...३४
भगवान प्रसन्न होवे एसा, होई जावत अजान में तेसा;
ताके फल जो होवत जबही, भगवान के संत मिलत तबही...३५

મનુષ્ય જ્યાં સુધી ભગવાનના શરણે થાતો નથી ત્યાં સુધી તે જેટલી જાતનાં દુઃખ કહેવાય છે, તેને વારંવાર પામતો રહે છે. ૩૪. ભગવાન રાજી થાય એવું કોઈ કર્મ અજાણમાં પણ જો થઈ ગયું હોય, તો જ્યારે તેનું ફળ મળે છે ત્યારે તેને ભગવાનના સાચા સંત મળે છે. ૩૫. જેટલા મનુષ્ય દશ મોડવાળો અર્થાત્ વિપરીત બુદ્ધિવાળો હોય, તેને સંતો સાચી વાત કહીને જ્યારે સમજાવે છે ત્યારે તે પોતાની અવળી સમજણ તજીને ભગવાનને શરણે આવે છે. ૩૬.

મનુષ્યને જ્યારે સંતોની વાત રુચે છે ત્યારે તે જેટલી મિથ્યા વાત હોય છે, તેનો ત્યાગ કરી દે છે. અને સત્ય બાબતને સત્યના રૂપમાં સ્વીકારે છે. ૩૭. સત્યવાતમાં જેટલી રુચિ થાય છે તેને જ સત્સંગ કહેવામાં આવે છે. આ વાત સત્ય કરીને જ જોવી. ૩૮. માણસને જ્યાં સુધી સત્ય વાતમાં

રુચિ નથી થતી ત્યાં સુધી તે અસત્ય વાતમાં રુચિ કરે છે અને તેને જ કુસંગ કહેવાય છે. ૩૯. **ભગવાનના સંબંધવાળી જેટલી વાત હોય છે તેટલી વાતને સત્ય કહેવાય છે. તે સિવાયની બીજી વાતોને અસત્ય કહેવાય છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સત્સંગ અને કુસંગના જ્ઞાનની વાત કરી" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર વીશમું : તરંગ - ૩

વિશ્વંભર ભટ્ટનો જન્મ, સંસ્કાર, અધ્યયન અને તીર્થયાત્રા આદિક કહ્યા

એકવાર ગઢપુરમાં શ્રીહરિએ ભાઈ રામદાસજીસ્વામીને કહ્યું કે, 'આપણા સત્સંગનું મૂળ બ્રાહ્મણથી શરૂ થયું છે. ૧. ઉત્તમમાં ઉત્તમ મૂળને હિસાબે આપણો સંપ્રદાય કે સત્સંગ ઘણો ઉત્તમ રહ્યો છે. ૨. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અને અમારું, બંનેના કુળના મૂળ ઘણું દૂર જ્યાં અયોધ્યાધામ છે ત્યાં રહ્યા છે, તેથી અજ્ઞાની લોકોના દિલમાં તેનો અતિ વિશ્વાસ આવતો નથી. ૩. તો તેવા અજ્ઞાની લોકોને જે રીતે વિશ્વાસ આવે અને તેને આપણે સાચી રીત કહી શકીએ, તેવી કાંઈ વાત આપ કહો. ૪.

તે પછી ભાઈ રામદાસજીસ્વામીએ શ્રીહરિને કહ્યું, જે ચતુર્વેદી મોઢ વિપ્ર, તે ઘણા પવિત્ર હતા. ૫. જેમાં અત્યારે ગોપી ભટ્ટ છે, તેના ત્રણ પુત્ર છે. મોટાનું નામ રઘુનાથ, વચેટનું નામ લાલજી અને નાનાનું નામ જીવરામ છે. તે સારા હરિભક્ત થયા છે. અને તે ગોપી ભટ્ટના પિતા પણ મહાન સમર્થ હતા. ૬-૭. તેમનું નામ વિશ્વંભર ભટ્ટ હતું. તેઓ અકળ સ્વરૂપ અને સુખધામ હતા. તેઓ મનમાં જેવો સંકલ્પ કરતા હતા, તરત જ તેવું સિદ્ધ કરી બતાવતા હતા. ૮. તેમની જે કાંઈ વાત હોય તે ચમત્કાર વગરની એક પણ હતી નહિ. તેમનામાં પરમેશ્વરના સમાન ગુણ હતા, છતાં પણ

તેઓ તેને ખૂબ છુપાવી રાખતા હતા. ૯. તેમના પિતાનું નામ જગજીવન હતું અને માતાનું નામ નાનીબાઈ હતું. પશ્ચિમ દિશામાં શુભ સોરઠ દેશ છે. જેમાં દયા, ધર્મ અને સત્ય સહુથી વધારે પ્રવેશ કરીને રહ્યા છે. ૧૦.

નવાનગર(જામનગર)ની પાસે એક ઘણું સરસ, સુશોભિત ધુંવાવ નામે ગામ છે. તેની નજીક અદ્‌ભુત ઘાટથી સુશોભિત તથા ગરનાળાવાળી એક મોટી નદી વહે છે. ૧૧. શુદ્ધ જળવાળી તે નદીનું રૂપારેલ નામ છે. તેને કિનારે વડ અને આંબા જેવા વૃક્ષો ઝૂકી રહ્યા છે. તે સિવાય બીજા પણ ઘણા શુભ વૃક્ષો ચારેબાજુ છે અને તેમાં મોર, ચકોર ઈત્યાદિક પક્ષીઓ પણ સુંદર લાગે છે. ૧૨. તે ગામમાં બ્રાહ્મણ ઈત્યાદિક ચારે વર્ણના લોકો રહે છે. તેઓ સદાય કોમળ દિલનાં, ધર્મયુક્ત અને સારા ધનાઢ્ય હોય છે. ૧૩. તે ધુંવાવ ગામમાં નિત્ય ભગવાનનું સ્મરણ તથા પ્રભુ ચરણમાં નિમગ્ન રહેનારા કલ્યાણ નામે એક વિપ્ર રહેતા હતા. ૧૪.

તે કલ્યાણ વિપ્ર હૃદયથી આસ્તિક હતા. ઉદાર સ્વભાવના અને નિગમ, આગમ આદિ બધા શાસ્ત્રમાં નિપુણ હતા. તેના દિલમાં લગાર પણ અહંકાર ન હતો અને તેઓ આખા જગતમાં શ્રેષ્ઠ પંડિતના રૂપમાં પ્રસિદ્ધ હતા. ૧૫. તેનું શુભ ગોત્ર જાતુકર્ણ્ય હતું અને યજુર્વેદિ કુળના સૂરપ્રભામાધ્યંદિની શાખાના અધ્યેતા હતા. તે ઘણા બુદ્ધિશાળી હતા છતાં તેમનાં દિલમાં મદ, લોભ કે અહંતા ન હતા. ૧૬. તે કલ્યાણજી વિપ્રના જગજીવન નામે પુત્ર ઘણા સુજ્ઞ થયા. તેઓ વેદ, ઈતિહાસ અને પુરાણોને ભણેલા હતા. જગજીવનની પત્નીનું નામ નાની બાઈ હતું અને તે દંપતીના પુત્ર વિશ્વંભર ભટ્ટ કહેવાયા. ૧૭. વિક્રમ સંવત્ ૧૭૩૦ ના વિજયાદશમીને દિવસ શ્રવણ નક્ષત્ર અને શુભલગ્નમાં ગુરુવારે સાયંકાળે તે જગદીશ્વર વિશ્વંભરનો જન્મ થયો હતો. ૧૮.

તે માતા-પિતા વિશ્વંભર નામે પુત્રમાં મનોરથ માનતા હતા. જ્યારે પુત્ર વિશ્વંભર છ વર્ષના થયા ત્યારે પિતા જગજીવને દેહત્યાગ કર્યો. ૧૯. તે પછી તેમનો અગ્નિસંસ્કાર અને શોક ઈત્યાદિક બધો વ્યવહારિક અને ધાર્મિક વિધિ કર્યો. પતિના પરલોકમાં જવાથી તે દ્વિજપત્ની નાનીબાઈ ખૂબ

જ ઉદાસ થઈ ગયા. ૨૦. પોતાનો પુત્ર હજી નાનો હતો, બીજી કોઈ સહાય ધુંવાવમાં ન હતી એટલે નાનીબાઈને બીજે કોઈ ગામ રહેવાનો વિચાર સૂઝ્યો. પછી સુખરૂપ શેત્રુંજા પર્વતને નજીક ગારિયાધાર પોતાની જ્ઞાતિનું ગામ હતું. ૨૧. નાનીબાઈએ ત્યાં નિવાસ કર્યો. તેમના બધા જ્ઞાતિજનોનાં મનમાં આનંદ થયો. પોતાના કુળ અને આચારને યોગ્ય પુત્રની જ્યારે આઠ વર્ષની ઉંમર થઈ ત્યારે તેને યજ્ઞોપવીત આપ્યું. ૨૨.

જ્ઞાતિના પવિત્ર સહુ નરનારીઓએ મળીને વેદ વિધિ પ્રમાણે ઉપવીત સંસ્કાર કર્યો. અને પોતાના કુળને અનુસારે બ્રહ્મભોજન આદિક પણ કરાવ્યું. ૨૩. ભાવનગર જીલ્લાના સમુદ્રને કિનારે ગોપનાથ મહાદેવનું મંદિર છે. ત્યાં તેમના મુખ્ય ધર્મને દૃઢતાથી પાળતા એવા ગોપાળાનંદ બ્રહ્મચારી રહેતા હતા. ૨૪. વિશ્વંભર ભટ્ટે વેદ ભણવા માટે તે ગોપાળાનંદ બ્રહ્મચારીને ગુરુ કર્યા અને તેમની પાસે વેદ ભણવાનો પ્રારંભ કર્યો. ૨૫. તેમણે બાર વર્ષ સુધી બ્રહ્મચર્યવ્રત પાળીને અંગો તથા અર્થે સહિત યજુર્વેદનું અધ્યયન કર્યું. ૨૬.

વિશ્વંભર ભટ્ટ જ્યારે વેદ ભણી રહ્યા ત્યારે પોતાને ઘેર આવ્યા. પછી આણંદજી નામના વિપ્રએ તે ભટ્ટને કન્યા આપવાનો વિચાર કર્યો. ૨૭. વિપ્ર આણંદજીએ ગારિયાધાર આવીને પોતાની રુક્મિણી નામની કન્યા વિશ્વંભર ભટ્ટને વિધિ પ્રમાણે પરણાવી. તે પ્રસંગે બ્રાહ્મણોને જમાડ્યા અને દાન પણ આપ્યાં. ૨૮. વિશ્વંભર ભટ્ટ વિધિ પ્રમાણે ગૃહસ્થધર્મમાં રહ્યા. વેદનાં વચનોને અનુસારે મહાસમર્થ તે ભટ્ટે બધો ગૃહસ્થોનો ધર્મ વિધિ અનુસારે પાળ્યો. અને ગૃહસ્થધર્મમાં તેને પાંચ સંતાનોનો જન્મ થયો. ૨૯. તેમાં ગોપી ભટ્ટ, ભાનુ ભટ્ટ, જયદેવ ભટ્ટ, આત્મારામ ભટ્ટ, આ ચાર દીકરાઓ સદા સેવા પરાયણ હતા. અને આનંદિની નામે એક કન્યા થઈ. જેનાં દિલમાં શીલધર્મ અને નિર્મળ વિવેક હતો. ૩૦.

દયાળુ વિશ્વંભર ભટ્ટ પૂર્વજન્મના યોગિરાજ હતા. ગૃહસ્થના ધર્મને શીખવનારા એ ધર્મપ્રતિપાલક હતા. તેમણે જગતના પરમ પવિત્ર તીર્થોની શ્રદ્ધાએ સહિત વિધિવત યાત્રા કરી હતી. ૩૧. તીર્થયાત્રા પ્રસંગે ભગવાનના નામનું રટણ કરતા વિશ્વંભર ભટ્ટ વૃંદાવન આવ્યા. શ્રીકૃષ્ણ ભગવાનનું એ

પવિત્ર સ્થળ દેખીને ઘણું ખુશી થયા. ત્યાં વૈષ્ણવાચાર્ય મતના બ્રહ્મવેતા એક તૈલંગી વિપ્ર રહેતા હતા. ૩૨. તે ગોપેશ્વર નામે બ્રહ્મજ્ઞાની હતા. તે સર્વ જગતમાં પ્રસિદ્ધ નિર્ગુણ જ્ઞાનવાળા હતા. વિશ્વંભર ભટ્ટે તે ગોપેશ્વરને પોતાના ગુરુ કર્યા અને તેમની પાસેથી બ્રહ્મવિદ્યાનું અધ્યયન કર્યું. ૩૩. વિશ્વંભર ભટ્ટે કર્મમાર્ગને સમજવા માટે જૈમિની સૂત્રનું અધ્યયન પણ કર્યું. અને ગુરુની પાસે રહીને (શ્રીવલ્લભાચાર્ય કૃત) પત્રાવિલંબન અને તત્ત્વાર્થદીપ જેવા ગ્રંથોનું અધ્યયન પણ કર્યું. ૩૪.

પરમ નિપુણ તેઓ બૃહદારણ્યક આદિક દસ ઉપનિષદો તેમજ સુંદર ભાગવત પુરાણ વગેરેને ઝીણવટભર્યા અર્થની સાથે ભણ્યા. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના કારણભૂત અણુભાષ્યે સહિત શારીરિક સૂત્રને ભાવાર્થ સાથે ભણ્યા. પ્રસિદ્ધ વિદ્વન્મંડન ગ્રંથને પણ જગતને સુખ આપનારા વિશ્વંભર ભટ્ટ ભણ્યા. ૩૫- ૩૬. અને તેને લીધે તેમનાં અંતરમાં પ્રેમલક્ષણા ભક્તિ વધારે છવાઈ ગઈ. પછી શ્રીકૃષ્ણની મૂર્તિની હંમેશાં સેવા કરવા લાગ્યા. ૩૭. પ્રેમભાવનાથી વૃંદાવનમાં તેઓ ગુરુની પાસે પાંચ વરસ રહ્યા. અને ચાર વરસ બીજા બધા તીર્થોમાં નિવાસ કર્યો હતો. ૩૮.

આ રીતે તીર્થમાં રહેતા નવ વરસ વ્યતીત થયા. ગુરુની અત્યંત સેવા ભક્તિ કરવાથી તેઓ રાજી થયા. ૩૯. તે પછી તે ગુરુએ પ્રસન્ન મનથી વિશ્વંભર ભટ્ટને ઘેર જવા માટેની આજ્ઞા કરી. ત્યારે તે આજ્ઞાને માથે ચઢાવીને તેઓ ઘેર આવ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "વિશ્વંભર ભટ્ટનો જન્મ, સંસ્કાર, અધ્યયન અને તીર્થયાત્રા આદિક કહ્યા" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર વીશમું : તરંગ - ૪

વિશ્વંભર ભટ્ટનો સંન્યાસ અને તે પછી તેમનું પરમહંસપણું કહ્યું

વળી, ભાઈ રામદાસજીસ્વામી શ્રીહરિને વિશ્વંભર ભટ્ટની જેટલી યાદ આવી તેટલી વાત કહેવા લાગ્યા. કારણ કે, તેઓ તેમની સાથે રહ્યા હતા. ૧. દ્વિજવર વિશ્વંભર ભટ્ટ તીર્થની યાત્રા કરીને પુરાતન ગારિયાધાર ગામમાં પોતાને ઘેર આવ્યા. ૨. તેઓ શ્રીકૃષ્ણની ભક્તિમાં તત્પર રહ્યા. નિત્ય તેમનું ભજન અને ધ્યાન કરતા રહ્યા. તેઓ મહા સમર્થ હતા, છતાં કોઈ ન જાણે તેમ રહેતા હતા. તેમની ગતિને કોઈ સમજી શકતા નહિ. ૩. ગારિયાધારમાં ચોર વગેરેનો ભય જાણીને તે સ્થળનો તેમણે ત્યાગ કર્યો અને આસોદર ગામમાં આવીને રહ્યા. ૪. દ્વિજવર ભટ્ટજી ગૃહસ્થાશ્રમમાં રહ્યા હતા અને દિવસે દિવસે કૃષ્ણભક્તિને અધિક કરવા લાગ્યા. તેમણે સદાચારે સહિત કૃષ્ણભક્તિ કરાવીને અનેક ગૃહસ્થોનો ઉદ્ધાર કર્યો. ૫. વૃંદાવનથી આવ્યા પછી ઘરમાં પાંચ વરસ સુધી રહ્યા. અને જ્યારે તેમની ઉંમર સાઠ વરસની થઈ ત્યારે ઘરત્યાગ કરવાનો મનમાં વિચાર કર્યો. ૬.

ગૃહસ્થના ધર્મો તો ગૃહસ્થને માટે કહેલા છે. વિશ્વંભર ભટ્ટને ત્યાગીના ધર્મ મનમાં અતિ ગમી ગયા. પછી તેઓ પોતાના ઘરમાંથી ઉદાસ થઈ ગયા અને મનમાં સંન્યાસી થવાનો દૃઢ સંકલ્પ કર્યો. ૭. તેમનો વૈરાગ્ય દૃઢ હતો. શરીર તેજસ્વી દેખાતું હતું. પછી તેમણે દેહ અને ઘરમાંથી હેત તોડી નાંખ્યું. સંસારનું સુખ તુચ્છ જાણીને નિજભુવનનો ત્યાગ કર્યો. વિરક્ત થયેલા ચિત્તે ભગવાનના ચરણમાં અત્યંત અનુરાગ કર્યો. ૮. પછી તેઓ ફરતા ફરતા દ્વારકા આવ્યા. ત્યાં એક મનગમતા યોગી મળી ગયા. તેઓ માધવાનંદ નામે ત્યાગી હતા અને રાત-દિવસ ધર્મમાં નિત્ય પ્રેમવાળા હતા. ૯. તેમણે વિશ્વંભર ભટ્ટને વિધિપૂર્વક હાથમાં દંડ આપ્યો અને પૂર્ણાનંદ નામ રાખ્યું. શ્રીકૃષ્ણ ભગવાનની દિલમાં અવિચળ ભક્તિથી ઉપાસના કરવા લાગ્યા. આ રીતે વિશ્વંભર ભટ્ટ પવિત્ર દર્શન આપનારા સંન્યાસી થયા. ૧૦.

હાથમાં દંડ અને કમંડળ ધાર્યાં, ભગવા વસ્ત્રો રાખ્યાં. અસત્ય જગતમાંથી બધી આશા છોડી દીધી પણ ત્યાગીની રીત પ્રમાણે ત્યાગીપણું

દેખાડ્યું નહિ. અને મુક્તપણે આનંદિત થઈ જગતમાં વિચરણ કરવા લાગ્યા. ૧૧. તેઓ શરણાગતના ઉપર વાત્સલ્ય રાખનારા અને ઘણા ઉદાર હતા. લોકોનો ઉદ્ધાર કરવા માટે જગતમાં ફરતા ફરતા તેઓ ગોપનાથ મહાદેવના મંદિરે આવ્યા અને ત્યાં થોડા દિવસ રહ્યા. ૧૨. તેઓ નિશ્ચળતાથી ધ્યાન કરવા લાગ્યા. સંસાર સાગરને તારનારા અને આશ્રિતજનોની પીડા હરનારા, એવા સુખકારક પૂર્ણાનંદજી સદાય વિચરણ કરતા રહ્યા. ૧૩. ગોપનાથમાં શુભ યોગકળાથી સંપન્ન અને મહા સમર્થ, પરમસિદ્ધ ગોપાળાનંદ નામે પરમહંસ રહેતા હતા. ૧૪.

તેઓ શુદ્ધ બ્રહ્મજ્ઞાની હતા. તેઓ જ્ઞાનના આચાર્ય, નિઃસ્પૃહ અને નિર્માની હતા. તેમજ શ્રીકૃષ્ણના ધ્યાનમાં તત્પર રહેતા હતા. ૧૫. જે કોઈ પણ પ્રાણી તે ગોપાળાનંદની સેવા કરતા હતા તેઓ ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરતા હતા. દૃઢપણે, નિષ્કામભાવે, અનંત મોક્ષને માટે તો તેમને કોઈક જ સેવતા હતા. ૧૬. તે શુદ્ધ બ્રહ્મજ્ઞાની ગોપાળાનંદ મુનિએ પૂર્ણાનંદજીને ઘણા હેતથી પોતાની પાસે રાખ્યા. પછી તેઓ ત્યાં અત્યંત ઉત્સાહથી બ્રહ્મવિદ્યાનો અભ્યાસ કરવા લાગ્યા. ૧૭. નિષ્કામભાવે સદાય શ્રવણ કરતા પૂર્ણાનંદજીને ગોપાળાનંદમુનિએ બ્રહ્મનું રહસ્ય સંભળાવ્યું. અને શાસ્ત્રમાત્રમાં જે સાર રહ્યો છે તે તેમણે ગુરુમુખથી સુદૃઢ રીતે નિશ્ચિત કર્યો. ૧૮.

તેઓને શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરતા કરતા ગુરુના પ્રતાપથી બ્રહ્મસાક્ષાત્કાર થયો. તેઓ જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાથી પરે અતિશય શ્રેષ્ઠ એવી સહજ સમાધિને પામ્યા. ૧૯. તેમને શ્વેતદ્વીપ, ગોલોક, વૈકુંઠ અને અક્ષરધામનાં દર્શન થાય, એવી સમાધિ થતી હતી. ૨૦. સર્વોત્તમ સમાધિને વશ થઈને તેઓ ડોલવા લાગ્યા. બ્રહ્માકાશમાં મગ્ન રહીને તેઓ ક્યારેય આંખો ખોલતા નહિ. તેઓ ચિદ્‌ઘનમાં નિમગ્ન રહેતા, તેમને માટે ઉપર નીચે કાંઈ હતું નહિ. પછી તેમણે ત્યાં જ સંન્યાસનો ધર્મ વિધિપૂર્વકનો સાધ્યો. ૨૧. તેઓ ગુરુની પાસે ત્રણ પખવાડિયા રહ્યા. અને પોતાના હૃદયમાં અત્યંત પ્રકાશ દેખાયો. તે જાણીને ગુરુએ મનમાં માન્યું કે આ કોઈ સાધારણ મનુષ્ય નથી. ૨૨.

કોઈ દેવ હશે અથવા ઈશ્વરનો અંશ હશે. આ મુનિ તો ખરેખર પરમહંસ થવાને યોગ્ય છે. એમ માનીને પરમદયાળુ ગુરુ ગોપાળાનંદજીએ પૂર્ણાનંદને કહ્યું, 'હે ધીરજધારી મતવાલા મુનિવર, તમે મારી વાત સાંભળો. ૨૩. સંન્યાસના બધા વિધિ વિધાનો અને કર્મને હવે છોડી દો. તમે સાચા પરમહંસનો ધર્મ સ્વીકારો. દંડ અને કમંડળુ વગેરે તો કર્મનો ફંદો છે. તેને છોડી દઈને હવે તમે ભૂમિ ઉપર સ્વતંત્ર રીતે વિચરો. ૨૪. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય, એ ત્રણ પ્રકારના ગૃહસ્થને ત્યાંથી શુદ્ધ ભિક્ષા લેવી, તેને માધુકરી વૃત્તિ કહે છે. ૨૫. હે મુનિ, જે કોઈ પણ મનુષ્ય તમારાં દર્શન કે સ્પર્શ કરશે અને તમારે શરણે આવશે, તો તત્કાળ જ તેનું સંસારનું બંધન છૂટી જાશે. ૨૬.

ગુરુ ગોપાળાનંદનું વચન સત્ય માનીને સંન્યાસી પૂર્ણાનંદ (આત્માનંદ) નામે પરમહંસ બન્યા. દુનિયાનું હિત કરવા માટે દયાળુ તે મુનિ આશ્રમોની બધી રીતોને ઓળંગી ગયા. ૨૭. પછી તે પરમહંસે ગુરુને કહ્યું કે, 'આપના અનુગ્રહથી મને ઘણી મોટી સ્થિતિ પ્રાપ્ત થઈ છે. આપે મારા ઉપર અપાર કૃપા કરી છે. ૨૮. હવે મને એકાંતિકના ધર્મ સંભળાવો. મારાં હૃદયમાં કૃષ્ણભક્તિને દૃઢ કરાવો. કૃષ્ણભક્તિ સિવાયનું કૈવલ્ય પદ મને ફિક્કું લાગે છે. કૃષ્ણભક્તિએ સહિત એકાંતિકના ધર્મ મને શ્રેષ્ઠ લાગે છે. ૨૯. ત્યારે ગુરુએ તેની આગળ શુભ વાણી કહી, 'મુનિ, તમને ધન્ય છે, તમે કૃષ્ણભક્તિ મનમાં માન્ય રાખી છે. તે કૃષ્ણભક્તિ સિવાયનું કૈવલ્ય સ્થાન તો મૂઢ લોકોને લોભાવનારું છે. ૩૦.

જે લોકો જેટલા મૂઢ જ્ઞાની હોય છે તેમને તેટલો કૈવલ્ય માર્ગ પ્રિય લાગે છે. તેઓ કહે છે કે સૂર્યમાં કાંઈ રહેતું નથી. આત્માના પ્રકાશમાં જ બધી વાત આવી જાય છે. ૩૧. પરંતુ જે કોઈ ભગવાન સિવાય બીજી અન્ય વસ્તુમાં દૈવત કહે છે, તે બધા ભગવાનના ચોર છે. જેની આવી સાચી સમજણ હોય, તે જ સાચા જ્ઞાની કહેવાય છે. ૩૨. ભગવાનના સંબંધ સિવાયની કોઈની ચાહે તેટલી મોટી વાત હોય પણ તે બધી વાત નિર્જીવ છે, તેમ સાચો જ્ઞાની દેખે છે. ૩૩. કોઈ પ્રાકૃત મનુષ્ય ભગવાનનું સામાન્ય

જ્ઞાન શીખ્યા પછી એમ કહે કે, હું ભગવાન છું તો તે મનુષ્ય કૃતઘ્ની અને પાખંડી ગણાય છે. ૩૪.

આ બ્રહ્માંડમાં ભગવાન જ્યારે જેવા અવતારોને ધારણ કરે છે તે ત્યારે પોતે ક્યારેય પોતાની મોટાઈ કહેતા નથી. છતાં તેઓ દિવસે દિવસે ઘણા આગળ વધતા રહે છે. ૩૫. મોટાની રીતિ તો શુક્લપક્ષના ચંદ્રમાના જેવી વિશુદ્ધ રહી છે અને તુચ્છ માણસની રીત તો કૃષ્ણપક્ષના ચંદ્રમા જેવી હોય છે. ૩૬.

❋ આગળ વધવાની ચાવી સત્સંગ છે :

દોહા : सत्संगत अरु हरिकथा, बढत बढत बढ जात;
निच संगत हि खर हि शबद, घटत घटत घट जात...३७
जो जो बात तिनके जो, कारन हि हरि रहेउ;
ब्रह्मांड रहाये जितने, तेहि आश्रित कहेउ...३८

સંતોનો સમાગમ અને ભગવાનની કથા સાંભળવાથી જીવ વધતા વધતા ઘણો વધી જાય છે. નીચનો સમાગમ કરનાર અને ખરના શબ્દ જેવા નકામા શબ્દો સાંભળનારો માણસ તો ઘટતા ઘટતા અત્યંત ઘટી જાય છે. ૩૭. જે જે કોઈ સારી વાત છે તે સહુનું કારણ પરમેશ્વર રહ્યા છે અને જેટલા આ બ્રહ્માંડો છે, તે બધા પરમેશ્વરના આધારે કહ્યા છે. ૩૮. આ જગતના આદિ, મધ્ય અને અંતમાં એક શ્રીકૃષ્ણ જ રહ્યા છે. તેમનો મહિમા અનંત છે. તેઓ જ્યારે પ્રગટ થાય છે ત્યારે છુપાવ્યા છુપા રહેતા નથી. ૩૯. જ્યારે તે શ્રીકૃષ્ણ ભગવાન મનુષ્યદેહ ધારણ કરીને વિચરતા હોય છે, ત્યારે તેમને કોઈ ભજે છે તો તેઓ સંસારરૂપી સાગરને તરત તરી જાય છે. તે શ્રીકૃષ્ણ ભગવાન તો એવા સમર્થ છે કે તેઓ મનુષ્યના અપાર પાપોનો નાશ કરે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "વિશ્વંભર ભટ્ટનો સંન્યાસ અને તે પછી તેમનું પરમહંસપણું કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥



પૂર વીશમું : તરંગ - ૫

રામાનંદસ્વામીનું જન્માદિ ચરિત્ર અને આત્માનંદસ્વામીનો મેળાપ

જ્યારે સંન્યાસી પૂર્ણાનંદજી પરમહંસ થયા ત્યારે તેમનું આત્માનંદસ્વામી એવું નામ ધર્યું હતું. પછી ચારે વર્ણના મનુષ્યો તેમના શિષ્ય થયા હતા. ૧. જે કોઈ તેમના દૃઢ શિષ્યો થાય તેમને બેસાડીને પ્રથમ તેઓ શ્રીકૃષ્ણનારાયણના અપાર તેજનું ધ્યાન કરાવતા હતા. ૨. તેઓ તે શિષ્યને પહેલા અપાર તેજ દેખાડતા. અને પછી કહ્યા પ્રમાણે જે કરે તેમના ઉપર તેઓ રાજી થતા હતા. ૩. જ્યારે શિષ્યનો પૂરો વિશ્વાસ આવે તે પછી જેવું પાત્ર હોય તે પ્રમાણે તેને તત્કાળ ગોલોક આદિક ધામનાં દર્શન કરાવતા હતા. ૪.

જે શિષ્ય નિષ્કપટ હોય, માયાથી રહિત હોય તથા અનન્ય નિષ્ઠાવાન હોય તો એવું તેના વર્તનમાં દેખતા. કેમ જે, જેવો ભાવ હોય તેવો તેના વર્તનમાં ક્યારેય દેખાયા વિના રહેતો નહિ. ૫. કોઈ ચાહે તેવો માયાવી હોય, તોપણ તેનું વર્તન તરત લોકોને કહી બતાવે છે. જે મતમાં મોટા આચાર્ય હોય અને તેમાં ધન આદિકનો લોભ જ્યારે આવીને નિવાસ કરે છે, ત્યારપછી જો તેને લોભ જ મુખ્ય થઈ જાય તો અધર્મનો બધો પરિવાર તે મતના આચાર્યમાં પણ નિવાસ કરીને રહેવા લાગે છે. ૬-૭. જ્યારે અધર્મનો પરિવાર મુખ્ય રહે છે ત્યારે તે જેને નિર્લોભીપણું મુખ્ય છે તેનું વારંવાર અપમાન કરે છે. તે અપમાનને નિર્લોભી સંત સહન કરે છે. જ્યારે લોભ મુખ્ય થઈ જાય છે ત્યારે અધર્મનો પરિવાર નિર્લોભપણાને અને ધર્મના પરિવારને બંધનમાં રાખીને વર્તાવે છે. ૮-૯.

પરંતુ બહુનામી આત્માનંદસ્વામી તો ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાતને અંતર્યામીપણે જાણતા હતા; એવા તેઓ અંતર્યામી થયા હતા અને સવાસો વરસ સુધી જીવ્યા હતા. ૧૦. પોતે સ્વતંત્ર ઇચ્છાથી શરીરનો ત્યાગ કર્યો હતો. દરિયાને કિનારે ગયા. ત્યાં રામપરા નામે ગામ છે. ત્યાં એક સારું મંદિર કરાવ્યું હતું. ૧૧. રામપરા ગામ વાળાક દેશમાં છે. જેને સત્સંગની અરુચિ હતી તેવા કેટલાક મનુષ્યો તેમના મનમાન્યા શિષ્યો થઈને ત્યાં રહ્યા હતા. ૧૨.

જેણે ધર્મનો ત્યાગ કરી દીધો હતો તેવા ભેખધારીઓ અને વિપ્રો સંતને દેખીને મનમાં ચાહે તેમ બોલતા હતા. ૧૩. વિશ્વંભર ભટ્ટના મોટા પુત્ર ગોપી ભટ્ટ છે, તેઓ રામાનંદસ્વામીની વાતને જાણે છે. ૧૪. અયોધ્યામાં અજય નામે વિપ્ર સરવરિયા બ્રાહ્મણ રહેતા, તેમનું કાશ્યપ ગોત્ર પ્રસિદ્ધ છે. તેમની અતિ શુભ આશ્વલાયન શાખા અને ઋગ્વેદ હતો અને તેમના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાન હતા. ૧૫-૧૬. તે અજય વિપ્રની પત્નીનું નામ સુમતિ હતું. તે દંપતીના પુત્ર રામદત્ત નામે હતા, તે જ પછીથી રામાનંદસ્વામી કહેવાયા. ૧૭. વિક્રમ સંવત્ ૧૭૯૫ માં વર્ષાઋતુના શ્રાવણ માસમાં વદિ કૃષ્ણજન્માષ્ટમીના દિવસે રામાનંદસ્વામીએ જન્મ લીધો હતો. ૧૮.

રામદત્ત જ્યારે આઠ વરસના થયા ત્યારે માતા-પિતાએ તેમનો યજ્ઞોપવીત સંસ્કાર કર્યો. પછી પિતા અજય વિપ્રે દેહત્યાગ કર્યો. તે પછી તેમને માતા એક જ રહ્યા. ૧૯. પછી માતાજીની રજા લઈને રામદત્ત તીર્થ કરવા માટે નીકળી ગયા. તે દ્વિજવરે વર્ણીનો વેશ રાખ્યો. તીર્થયાત્રા કરતા કરતા દેશમાં ફરતા હતા. ૨૦. તેમને તીર્થ કરવામાં ઘણી રુચિ હતી. તેથી તે વર્ણી ઉત્તર અને પૂર્વ દેશમાં જેટલા તીર્થ છે, તેમાં પ્રસન્ન મનથી પ્રેમપૂર્વક ફરતા રહ્યા. ૨૧. જ્યારે ઘણા શક્તિશાળી તે વર્ણી અતિ આનંદથી દક્ષિણ દેશમાં તીર્થ કરવા ગયા ત્યારે રામાનુજાચાર્ય જે પ્રદેશમાં પૂર્વે થઈ ગયા હતા ત્યાં શ્રીરંગક્ષેત્રમાં આવ્યા. ૨૨.

ત્યાં રામાનુજાચાર્યની મૂર્તિનાં દર્શન કર્યાં ત્યારે તેમને શાંતિ થઈ. અને રામાનુજાચાર્યએ પણ તેમને પૂર્વજન્મના ઉદ્ધવજી રૂપે ઓળખી તેમને શુદ્ધ પાત્ર માનીને દર્શન દીધાં. ૨૩. રામાનુજાચાર્યે તેમને સત્સંગની શુદ્ધ રીતિ દેખાડી. પછી વૈષ્ણવી દીક્ષા આપી. અને કહ્યું કે, 'જે કોઈ તમારા શિષ્ય થશે તે તમારાં વચનથી અત્યંત વિકટ સંસારરૂપી સાગરને તત્કાળ તરી જશે. તમે નિષ્કામધર્મને રાખીને લોકોનું કલ્યાણ કરવા ભૂમિ ઉપર ફરતા રહો. ૨૪-૨૫.

તમારે ચારે વર્ણના મનુષ્યોને શિષ્ય કરવા અને શુભ પાત્રતા દેખીને તેને મંત્રોપદેશ કરવો. ૨૬. તમારે વિધિએ સહિત શ્રીકૃષ્ણ નામનો મંત્ર

આપવો. જેટલી નિંદાસ્પદ વાત હોય તેને દેખીને તેનો ત્યાગ કરવાનો નિયમ રખાવવો. ૨૭. તમારી ભક્તિ જોઈને શ્રીકૃષ્ણ ભગવાન તમને પ્રગટ મળશે. તેમાં લગાર પણ મિથ્યા નથી. હવે પછી તમે દ્વારકા તરફ જાજો. ૨૮.

રામાનુજાચાર્યે તેમનું રામાનંદસ્વામી નામ ધરાવ્યું. અને સત્સંગના આચાર્ય સ્થાપ્યા અને કહ્યું કે, તમારે સ્ત્રી અને ધનનો ત્યાગ કરવો. તે બેમાં ક્યારેય આસક્તિ કરવી નહિ. ૨૯. જે ત્યાગી થયા હોય તેમને સ્ત્રી અને ધન બંધનરૂપ કહ્યા છે. રામાનુજાચાર્યે રામાનંદસ્વામીને આ રીતે કહ્યું. પછી તેમણે વર્ણી રામાનંદસ્વામીને જવા માટે રજા આપી. ૩૦. વર્ણી રામાનંદજી દ્વારકાની યાત્રા કરીને ફરતા ફરતા ગિરનારમાં આવ્યા. ત્યાં તેમને આત્માનંદસ્વામીની સાથે ફરી મેળાપ થયો. ૩૧. રામાનંદસ્વામીએ આત્માનંદસ્વામીને બ્રહ્મવિદ્યામાં અને સમાધિમાં પરિપક્વ દઢતાવાળા છે, તેમ જાણ્યા. તેઓ જે શિષ્ય થાય છે, તેમને શરીરમાં રહેલા છ ચક્ર અને યોગની બધી કળાઓ શીખવવાનું જાણે છે. તે દેખ્યા પછી બહુનામી એવા રામાનંદસ્વામી આત્માનંદસ્વામીનો સમાગમ કરવા રોકાયા. ૩૨-૩૩.

તેઓ યોગ્ય બ્રહ્મવિદ્યા શીખાય તેટલા દિવસ આત્માનંદસ્વામીની સાથે રહ્યા. અને તેમાં રામાનંદસ્વામીની પક્વતા અને અપક્વતાને જોવા માટે આત્માનંદસ્વામીએ તેમને બ્રહ્મતેજ દેખાડ્યું. ૩૪. તે તેજમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિને દેખવાની ત્વરા રામાનંદસ્વામીમાં દેખાઈ. મોટાના રાજીપામાં બધી વાતો આવી જાય છે. ૩૫. આત્માનંદસ્વામીએ રામાનંદમુનિને ગુરુઓના પણ ગુરુ ઉદ્ધવજી છે, તેમ ઓળખી લીધા. વળી, એવું માન્યું કે, આ મુનિને પ્રકટ શ્રીકૃષ્ણ ભગવાન મળ્યા સિવાય અંતરમાં શાંતિ થશે નહિ. ૩૬. બ્રહ્મવિદ્યાની અલગ અલગ રીત હોય છે. જેવો અધિકારી હોય તેને તે પ્રમાણે બ્રહ્મવિદ્યા આપવી એવું નિશ્ચિત કરેલું છે. ૩૭.

✻ સાચી બ્રહ્મવિદ્યાની વિગત :

दोहा : भगवान तिनकी मूर्ति के, फल रहे जा मांहिं;
ब्रह्मविद्या यह सब हि पर, प्रमान दृढ रहाहिं...३८

सोरठा : भगवान सबंधि बात, ब्रह्मविद्या उत्तम कहेउ;
आत्म सबंधि कहात, ब्रह्मविद्या मध्यम यह...३९
मायिक सुख के हित, तीर्थ व्रत तप जप करेउ;
जज्ञ दान करे नित, ब्रह्मविद्या कनिष्ठ कहेउ...४०

ભગવાનની મૂર્તિના સાક્ષાત્કારરૂપ ફળ જેમાં હોય તે બ્રહ્મવિદ્યા સહુથી પર છે અને તેમ સર્વે શાસ્ત્રોનું દૃઢ પ્રમાણ રહ્યું છે. ૩૮. જેમાં ભગવાન સંબંધી વાત આવતી હોય તે બ્રહ્મવિદ્યા ઉત્તમ કહેવાય છે. અને આત્મા સંબંધી વાત જેમાં આવતી હોય તે બ્રહ્મવિદ્યા મધ્યમ કહી છે. ૩૯. માયિક વિષયસુખને માટે જે તીર્થ, વ્રત, જપ, તપ, યજ્ઞ અને દાન, જેમાં નિત્ય કરાતું હોય છે તે બ્રહ્મવિદ્યા કનિષ્ઠ કહી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "રામાનંદસ્વામીનું જન્માદિ ચરિત્ર અને આત્માનંદ સ્વામીનો મેળાપ કહ્યો" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર વીશમું : તરંગ - ૬

આત્માનંદસ્વામીની વાત સાંભળીને ગોપી ભટ્ટને શ્રીહરિએ ગઢપુરમાં વસાવ્યા

ઉપરોક્ત વાત સાંભળી ત્યારે શ્રીહરિએ ભાઈ રામદાસજીસ્વામીને કહ્યું કે, 'આત્માનંદસ્વામીનો પંથ ક્યાંથી ચાલ્યો ? ૧. તમારે શરીર છોડવામાં હવે બહુ વિલંબ રહ્યો નથી. તમારી ઉંમર સો વર્ષની થવા આવી છે. તમારા વિના આવી વાત કોણ કહે ? ૨. તમે જે વાત ન કહી હોય તે તમારા ગયા પછી આત્માનંદસ્વામીને જેણે જોયા ન હોય તે શું વાત કહેશે ? જેણે પ્રગટ જોયું હોય તે જ સાચી વાત કરી શકે છે. ૩. રામાનંદસ્વામીની પણ તેવી તમારી જોયેલી વાતો રહી છે. માટે જેટલી વાત અમે આવ્યા પહેલા સુધીની જે હોય તે અમને કહો. ૪.

❋ લખવાથી કે બોલવાથી બુદ્ધિ જણાય છે :

જેટલી વાત ગ્રંથમાં લખાયેલી હોય તેટલી પ્રગટ અને અચળ રહે છે. માટે સમર્થ એવા પરમેશ્વર જેનાં હૃદયમાં જેવી પ્રેરણા કરે, તે પ્રેરણાથી પ્રેરાયેલો લેખક તે રીતે ગ્રંથમાં લખે છે. પછી જેની જેવી બુદ્ધિ હોય તે રીતે કહે છે કે, આ વાત બાધયુક્ત લખી છે અને આ વાત નિર્બાધ લખી છે. ૫-૬.

मति जेसी बोलत रहे जाही, बोले में जेसे आत देखाही;
पूरवापर समझ बिन जेता, बोलत जन रहाये तेता...०७
पशु पंखी वृक्ष जो तिनसे, मनुष्य तन पावत रहे इनसे;
बोली कर तरत आत परखाते, जेसे गुन हि जाके रहाते...०८

જેની જેવી બુદ્ધિ હોય તેવું તે બોલતા રહે છે. પૂર્વાપરની સમજણ વિના જે માણસ જેટલું બોલે છે તેટલી તેની બુદ્ધિ બોલવામાં દેખાઈ આવે છે. ૭. પશુ, પંખી અને વૃક્ષમાં તેમજ મનુષ્યશરીરને જે પામે છે તે બધામાં તેની બોલી ઉપરથી જેમાં જેવો ગુણ રહ્યો હોય તે તરત પરખાઈ જાય છે. ૮. શ્રીહરિએ જ્યારે ઉપર કહ્યા મુજબ પૂછ્યું ત્યારે ભાઈ રામદાસજીસ્વામી બોલ્યા, ‘આત્માનંદસ્વામીનો મત બ્રહ્મવિદ્યા બાબતનો હતો. ૯. બ્રહ્મવિદ્યાનો મત જ્યાંથી પ્રચલિત થયો તે વાતને તો તેમના પુત્ર ગોપી ભટ્ટ જાણે છે.’ પછી શ્રીહરિએ તે ગોપી ભટ્ટને જ્યાં રહેતા હતા ત્યાંથી પરિવારે સહિત ગઢપુર બોલાવ્યા. ૧૦.

શ્રીહરિએ જ્યારે દાદા ખાચરને કહ્યું કે, તમે ગોપી ભટ્ટને રહેવા માટેનું ઘર આપો, ત્યારે તેમણે તેમને રહેવાનું ઘર આપ્યું અને શ્રીહરિએ જેટલી કહી તેટલી જમીન ગરાસના રૂપમાં આપી. ૧૧. ગોપી ભટ્ટ વસંતપંચમીને દિવસ ગઢપુર આવ્યા હતા. શ્રીહરિએ તેમને ઘણા સન્માનથી રાખ્યા. તેમના સંબંધી વિપ્રો ઘણા હતા. કેટલાક તો રાજાઓના ગુરુ કહેવાતા હતા. ૧૨. ગોપી ભટ્ટના સંબંધને લીધે કેટલાક તો સારા હરિભક્ત થયા હતા. સત્સંગનો પક્ષ રાખે એવા તે હરિભક્તોના હજારેક ઘર હતા. ૧૩. જ્યારથી ગોપી

ભટ્ટ ગઢપુર આવ્યા ત્યારથી તેમના જે યજમાન દરબારો હતા તે બધા પણ સત્સંગને માટે ઘસાતા શબ્દ બોલતા બંધ થઈ ગયા હતા. ૧૪.

વિપ્ર ગોપી ભટ્ટ સત્સંગી થયા તેથી મોટા મોટા ગામમાં અને શહેરમાં જેટલા વેરાગીઓ રહેતા હતા, તે તેમનો પ્રભાવ દેખીને બધા દબાઈ ગયા હતા. ૧૫. પછી સત્સંગને પ્રમાણરૂપમાં સ્વીકારે તેવું જ્યારે અંગ્રેજનું રાજ્ય થયું ત્યારે તે અંગ્રેજો રાત-દિવસ કુસંગીનું અપમાન કરવા લાગ્યા. ૧૬.

પરમેશ્વરે મનમાં જેવા ધાર્યા હતા તેવા શુભ દેશ-કાળ થયા. પરમેશ્વર શ્રીહરિમાં જે સામર્થ્ય રહ્યું છે તે તેઓ બીજા (રાજા કે વિપ્ર ગોપી ભટ્ટ આદિ) દ્વારાએ દેખાડે છે. ૧૭. સ્વામિનારાયણ ભગવાન જ્યાં જેવું ઘટે ત્યાં તેવું સામર્થ્ય દેખાડતા હતા. પરમેશ્વર શ્રીહરિમાં બધું સામર્થ્ય રહ્યું હોવા છતાં તેમને તેનું માન હોતું નથી. ૧૮. આવા ગુણને લીધે જ પરમેશ્વરને અનંત અને અપાર કહેવાય છે. **જેને સામર્થ્યનું માન લેશ પણ ન હોય તેના સમાન બીજા કોઈ પરમેશ્વર કહેવાતા નથી. ૧૯.** અનંત બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવા, આવી તો જેમની અનંત લીલા નિરંતર થતી રહેતી હોય છે. ૨૦. છતાં પણ તેમને તેનો કાંઈ જ ગર્વ હોતો નથી. શેષ, શારદાદિક પણ જેમનું રટણ કરતા રહે છે તે પરમેશ્વર તો માનો કાંઈ જ જાણતા ન હોય તે રીતે હંમેશાં વર્તે છે. ૨૧. તે પરમેશ્વરનું જેવું વર્તન છે તેને કોઈ જાણી શકતા નથી. જીવ જ્યારે તે પરમેશ્વરને શરણે આવે છે ત્યારે તે લૌકિક સમજણનો ત્યાગ કરી દે છે. ૨૨.

પરમેશ્વરનું જેટલું સામર્થ્ય છે તે કાન દ્વારાએ સાંભળી શકાય છે. તથા તેમનું જેટલું રૂપ છે તેને જોવાનું જ્ઞાનરૂપી નેત્ર દ્વાર રહ્યું છે. તે નેત્ર ઈન્દ્રિય દ્વારા જોઈ શકાય છે. ૨૩. શબ્દ અનેક પ્રકારના હોય છે. તેનું જ્ઞાન શ્રોત્ર ઈન્દ્રિય દ્વારાએ થાય છે. તે રીતે જ જેટલી જાતનો ગંધ છે તેનું જ્ઞાન ઘ્રાણ ઈન્દ્રિય દ્વારાએ થાય છે. ૨૪.

અનંત પ્રકારનો રસ હોય છે, તેનું જ્ઞાન એક રસના ઈન્દ્રિય દ્વારાએ જ થાય છે, પણ તે વિના બીજી કોઈ ઈન્દ્રિયથી થતું નથી. ૨૫. જેટલા સ્પર્શ છે તેનું જ્ઞાન પણ એક ત્વચા ઈન્દ્રિય દ્વારા જ થાય છે, તે વિના બીજી કોઈ

ઇન્દ્રિય દ્વારા થતું નથી. ૨૬. પરમેશ્વરે સમજી વિચારીને જેને જે અધિકાર દીધો હોય છે તે તેમજ રહે છે. ચાહે તેવો બુદ્ધિમાન હોય, તોપણ તેનાથી તેમાં ક્યારેય ફેરફાર કરી શકાતો નથી. ૨૭. પરમેશ્વરે જેને જેટલો પ્રતાપ દીધો હોય છે તેનું ક્યારેય માપ કાઢી શકાતું નથી. પરંતુ એ સામર્થ્ય તેમનું દેખાય છે, હકીકતે ભગવાનનું આપેલું હોય છે. ૨૮. સ્વાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રત રાજા થયા હતા. તેણે ભગવાનના પ્રતાપથી પોતાનું અપાર સામર્થ્ય બતાવ્યું. ૨૯. સાત દિવસ સુધી તેમણે રાત્રીની બધી સત્તા ઉઠાડી દીધી. ભૂમિના જેટલા ભાગમાં સૂર્ય નહિ દેખાવાથી અંધારું થતું હતું ત્યાં પ્રિયવ્રત પોતાનાં સામર્થ્યથી અજવાળું કરતા હતા. ૩૦.

પોતાનાં યોગબળથી સૂર્યના જેવો રથ કરીને સૂર્યથી ઊલટી દિશામાં સાત દિવસ સુધી પાછળ પાછળ ફરતા રહ્યા. અને તેના રથના પૈડાના વજનથી એક એકથી બમણા માપના સાત સમુદ્ર થયા. પ્રથમ ફેરાનો પહેલો સમુદ્ર ખારા જળનો થયો. અને બીજા ફેરાનો શેરડીના રસ જેવો બીજો સમુદ્ર થયો. ૩૧-૩૨. ત્રીજા ફેરાનો સમુદ્ર સુરા જેવા જળનો થયો. ચોથા ફેરાનો સમુદ્ર ઘી જેવા જળથી ભરેલો થયો. પાંચમા ફેરાથી ક્ષીર સાગર થયો. અને છઠ્ઠા ફેરાનો સમુદ્ર દહીંના ઘોળવા જેવો થયો. અને સાતમા ફેરાનો સમુદ્ર શુદ્ધ જળનો થયો. આ રીતે મેં સાત સમુદ્રની વાત કહી. એક વખત ટીટોડીની હિંમત જોઈને ભગવાને તેની મદદ કરી હતી. ૩૩-૩૪.

પછી ભગવાને ગરુડને ટીટોડીની મદદે મોકલ્યા હતા. જ્યારે ગરુડજી આવ્યા ત્યારે બધી પંખીની નાત ભેળી થઈ અને સહુ વેગથી સમુદ્રને પૂરવા લાગ્યા. ૩૫. તેનાથી કેટલોક સમુદ્ર પુરાઈ ગયો. અને તે વાત આજ સુધી રહી ગઈ છે. અને ભગવાનના પ્રતાપથી હનુમાનજીએ પણ સમુદ્રને કૂદીને પાર કર્યો હતો. ૩૬.

ધ્રુવજી તપ કરવા માટે વનમાં એકલા જ ગયા હતા, પણ ભગવાનના પ્રતાપથી તેણે બધી ત્રિલોકીના શ્વાસ બંધ કરી દીધા હતા. ૩૭. **તુચ્છ જેવો જણાતો મનુષ્ય પણ પરમેશ્વરની મદદથી બ્રહ્મા જેવા મોટા દેવતાઓને પણ પૂજ્ય થાય છે. ૩૮.** આ દુનિયાના કોઈ મોટા રાજાનો રાજીપો જેના ઉપર

થાય છે તેને અતિ મોટાઈ મળે છે. તેનો પ્રતાપ પણ ઘણો વધી જાય છે, તો ભગવાનના રાજીપાની તો વાત જ શી કહેવી ? ૩૯. શ્રીહરિએ જ્યારે ગોપી ભટ્ટનો સત્કાર કર્યો ત્યારે જેટલા હરિભક્તો હતા તે બધા પણ તેમનો સત્કાર કરવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "આત્માનંદસ્વામીની વાત સાંભળીને ગોપી ભટ્ટને શ્રીહરિએ ગઢપુરમાં વસાવ્યા" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર વીશમું : તરંગ - ૭

શ્રીહરિએ ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો

શ્રીહરિએ વસંતપંચમીને દિવસે વિવિધ પ્રકારનો રંગ તૈયાર કરાવ્યો અને સંતો ઝાંઝ મૃદંગ લઈને વગાડવા લાગ્યા. ૧. શ્રીહરિ આવીને પલંગ ઉપર બેઠા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પહેલા વસંતની પૂજા કરી અને પછી રંગ ઉડાડ્યો. ૨. દરબાર દાદા ખાચરના ઓરડાઓની વચ્ચે ઘણો સુંદર ચોક હતો. તેમાં સંતોની સભા ભરાણી તે શોભી રહી હતી. ૩. તે સભામાં દેશદેશના હરિભક્તો પણ બેઠા હતા. શ્રીહરિ રંગ લઈને તે સભાની ઉપર છાંટવા લાગ્યા. ૪.

શ્રીહરિ જ્યારે સભા ઉપર રંગ છાંટતા હતા ત્યારે દરબાર જીવા ખાચર પોતાના ભાઈ અને બધા દીકરાઓને સાથે લઈને ત્યાં આવ્યા. ૫. શ્રીહરિએ તે સહુના ઉપર પણ રંગ છાંટ્યો. તે સમયે ઢોલ અને તાંસા વાગી રહ્યા હતાં. સંતો વસંતનાં પદ બોલતા હતા અને ત્યાં એટલી અદ્‌ભુત શોભા થઈ હતી કે તે કહી શકાતી નથી. ૬. કેસર, કેસુડાં અને પતંગ, તેને મેળવીને સુંદર રંગ બનાવ્યો હતો. તે રંગમાં શ્રીહરિ પોતે ભિંજાઈ ગયા હતા. તેથી મૂર્તિ ઘણી મનોહર બની હતી. ૭. જ્યારે રંગ ઉડાડી રહ્યા તે પછી શ્રીહરિએ ગુલાલ લીધો અને બધી સભાની ઉપર ઉડાડવા લાગ્યા. શ્રીહરિ તે વખતે અત્યંત ઉત્સાહ ભર્યા હતા. ૮.

જ્યારે જ્યારે ઉત્સવ થતો હોય છે ત્યારે શ્રીહરિનાં મનમાં ઘણો જ ઉત્સાહ ભર્યો હોય છે. શ્રીહરિના તે ઉત્સાહને દેખીને બધા હરિભક્તો પોતાનાં મનમાં ખૂબ જ પ્રફુલ્લિત થઈ જતા હતા. ૯. રંગ ઉડાડવાથી જેટલી સભા હતી તે બધી રંગાઈ ગઈ. તે બધા ભવનો અને ચોક રંગ અને ગુલાલથી રંગાઈ ગયા. શ્રીહરિએ કેટલીય વાર તે ચોકને રંગી દીધો હતો, ત્યાં વારંવાર રંગનો કીચડ કરી દીધો હતો. દાદા ખાચરના તે મહાન ભાગ્યનું વર્ણન કોઈ કરી શકે તેમ નથી. ૧૦-૧૧. દાદા ખાચરના તે સદ્‌ભાગ્યનું કોઈ વર્ણન કરે છતાં પણ તેનું માપ કઢાતું નથી. અને કોઈ કદાચ તેનું માપ કાઢવા જાય તો તે બાળબુદ્ધિનો કહેવાય. ૧૨. શ્રીહરિના સંબંધને લીધે દરબાર દાદા ખાચર સર્વોત્તમ કહેવાયા અને તેમના જેટલા સંબંધીઓ હતા તેઓ પણ ઘણા ભાગ્યશાળી થયા. ૧૩.

ગઢપુર ગામ, ગઢપુરના નિવાસી લોકો અને ઉન્મત્તગંગા નદી, તે બધાને શ્રીહરિનો સંબંધ હોવાથી તેના સદ્‌ભાગ્ય કહી શકાતા નથી. ૧૪. શ્રીહરિએ જ્યારે રંગ ઉડાડી દીધો ત્યારે જેટલા હરિભક્તો હતા તે બધા ઘણા ઉમંગથી થાળમાં ભરી ભરીને ફગવા લાવ્યા. ૧૫. શ્રીફળ-ટોપરું, ખજૂર, ખારેક, એ બધી વસ્તુઓના થાળ ભરી ભરીને જે હરિભક્તો લાવ્યા હતા, તે બધા હરિભક્તોના શુદ્ધ ચિત્તને દેખીને તેમની છાતીમાં શ્રીહરિએ પોતાનાં ચરણકમળ ઘણા પ્રેમથી આપ્યાં. જેનો જેવો ભાવ હોય તે આંખમાં પ્રગટ દેખાઈ આવે છે. ૧૬-૧૭. **જે હરિભક્તનાં હૃદયમાં જેવો ભાવ હોય તેને શ્રીહરિ તેવું સુખ આપે છે. શ્રીહરિની મૂર્તિ તો કલ્પતરુ અને ચિંતામણિના સમાન કહેવાય છે.** ૧૮.

સંતો, વર્ણી અને હરિભક્ત હતા, તે સહુને શ્રીહરિએ તે વખતે ફગવા આપ્યા. જેટલા બ્રહ્માંડના અપરંપાર દેવતાઓ હતા, તે બધા એક એક દિવસ તત્કાળ વિમાનમાં બેસીને હરખથી શ્રીહરિનાં દર્શન કરવા માટે આવતા હતા. અને શ્રીહરિની પૂજા માટેના બધા ઉપચારોને લાવતા હતા. ૧૯-૨૦. જેને જેવી ભાવના હોય તે પ્રમાણે તેઓ બધો પૂજાપો લાવતા હતા. અને પૂજા કરનારા તે દેવો જેના જેવાં સુંદર વાજિંત્રો હતાં, તેને

પણ તેઓ સાથે લાવતા હતા. ૨૧. તેઓ સારી રીતે વાજિંત્રને વગાડતા અને તેમાં જાત જાતનું ગાન કરતા રહેતા. અને સાથે આવેલી દેવાંગનાઓ પણ ભિન્ન ભિન્ન રીતે નૃત્ય કરી શ્રીહરિનાં અદ્‌ભુત ચરિત્રોને ગાતી હતી. ૨૨. શ્રીહરિ જ્યારે સંતો અને હરિભક્તોની સભામાં આવીને બેસતા હતા ત્યારે ત્યાં આવેલા દેવતાઓ બેઠેલી સભાને ફરતા પ્રદક્ષિણા કરતા રહેતા. ૨૩. રંગે રમી રહ્યા પછી શ્રીહરિ સંતો અને હરિભક્તોને સાથે લઈને ઘણા ઉમંગથી ઘેલા નદીમાં નાહ્યા. પછી સુશોભિત વસ્ત્ર પહેર્યાં. ૨૪. વસંતી વસ્ત્ર પહેરીને શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તે સમયે ગુલાબના હાર, બાજુ, તોરા અને ગુચ્છ ધારણ કર્યા હતા. ૨૫.

ત્યારે ગોપી ભટ્ટે આવીને શ્રીહરિનાં લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. અને તેમને જગદ્વંદ્ય જાણીને તેઓ શ્રીહરિનાં ચરણમાં પડ્યા. ૨૬. તે વખતે શ્રીહરિએ અમૂલ્ય સોનેરી રેંટો ગોપી ભટ્ટને દાનમાં આપ્યો. ત્યારે અપાર વાજિંત્રો વાગતાં હતાં, તેનાથી સંપૂર્ણ આકાશ ગજવી દીધું. ૨૭. શ્રીહરિ જ્યારે ગામમાં આવ્યા ત્યારે દરબાર જીવા ખાચર શ્રીહરિ, સંતો અને સહુ હરિભક્તોને ઘણા પ્રેમમગ્ન થઈને પોતાના દરબારગઢમાં લઈ ગયા. ૨૮. જ્યારે શ્રીહરિ તેના ભવને આવ્યા ત્યારે તેમણે એક અનુપમ સોનેરી પલંગ ઉપર ગાદીતકિયા બિછાવી દીધા. પછી શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. ૨૯. તે ભવનોની આગળના ભાગમાં જેટલો ચોક હતો તે સ્વચ્છ કરી સુંદર બનાવ્યો હતો. અને તેમાં વિવિધ પ્રકારના બિછાનાઓ બિછાવ્યા હતા. સહુ સંતો અને હરિભક્તો તેના ઉપર બેઠા. ૩૦. તે સમયે દરબાર જીવા ખાચર બરફી અને પેંડાના થાળ ભરી ભરીને લાવ્યા અને શ્રીહરિની આગળ મૂક્યા. અન્નકોટના જેવી સુંદર શોભા કરી. ૩૧.

શ્રીહરિએ પહેલા જેટલા વર્ણી અને વિપ્ર હતા તેમને પાંચ પાંચ પેંડા આપ્યા. અને પછી દરબારને પૂછીને એક એક બરફીનું ચક્તું આપ્યું. પછી પરમ નિપુણ શ્રીહરિ પોતે બરફી-પેંડા જમ્યા. અને જમી રહ્યા પછી સહુ સંતો અને હરિભક્તોને પહેલા જેમ વર્ણીઓને આપ્યા તેમ પાંચ-પાંચ પેંડા અને એક બરફી દેવા લાગ્યા. પછી જે વધ્યા તે દરબાર જીવા ખાચરને

પાછા આવ્યા. ત્યારબાદ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા. ૩૨-૩૪. વસંતપંચમી ઉપર જેટલા સંતો અને હરિભક્તો ગઢપુર આવ્યા હતા તે સહુને સુખદાયક શ્રીહરિએ જવાની રજા આપી. પછી મુક્તાનંદસ્વામીને કહ્યું, ૩૫. 'હવે તમે અમદાવાદ જાઓ. તમારા ઉપર હરિભક્તોને ઘણો પ્રેમભાવ છે. તમારા સિવાય બીજામાં તેવો ભાવ નથી. ૩૬. તમારી વાતમાં તે સહુને અપાર ભાવ રહે છે. અને તમને બોલાવવા માટે તેમણે વારંવાર પત્ર લખ્યા છે.' ૩૭.

પછી બીજે દિવસે મુક્તાનંદસ્વામી શ્રીહરિને મળીને ચાલતા થયા. કારણ કે, મુક્તાનંદસ્વામી શ્રીહરિનાં વચન જ સુખનું ઘર સમજતા હતા. ૩૮. મુક્તાનંદસ્વામી ચાલતા થયા તે પહેલા ભાઈ રામદાસજીસ્વામીને જઈને મળ્યા. ત્યારે ભાઈસ્વામીએ તેમને કહ્યું. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર વીશમું : તરંગ - ૮

મુક્તમુનિ અને ભાઈસ્વામીની સત્સંગ તથા શ્રીહરિના સ્વરૂપની સમજણ

ભાઈ રામદાસજીસ્વામીએ મુક્તાનંદસ્વામીની આગળ જે વાત કહી તે હવે હું(આધારાનંદસ્વામી) કહું છું. ૧. રામદાસસ્વામીએ કહ્યું, 'હવે મને મારા શરીરનો વિશ્વાસ રહ્યો નથી. આપણે બંને ફરીને ક્યારેય મળીએ કે ન મળીએ, મને તેની આશા રહી નથી. ૨.

❋ સહુ વાત શ્રીહરિના હાથમાં છે :

**सोरठा : हरि के हाथ रहेउ, अपने हाथ न बात कछु;
आधार एक तेउ, हरि रहे सब जनहु के...०३
जन के हाथ न बात, ममत ताकी रहे मरण लग;
जो जो तन में जात, ममत रखत ताकी तिहाँ...०४**

चोपाई :

सत्संग के ममत रखत जितना, भगवान के ममत रहे तितना;
सत्संग ओर भगवान बिनही, जितना ममत रखत हे जिनही...०५
तितना बंधन रहेउ ताही, बंधनकु हित मानत रहाही;
भगवान सत्संग बिन जितना, ममत रहाये जन कु तितना...०६

આપણા જીવનની વાત તો શ્રીહરિના હાથમાં છે. આપણા હાથમાં કોઈ વાત નથી. એક શ્રીહરિ જ આપણા સહુનો આધાર રહ્યા છે. ૩. કોઈ બાબત માણસના હાથમાં નથી, છતાં તે મરે ત્યાં સુધી મમતા રાખે છે. જીવ જે જે શરીરમાં જાય છે ત્યાં ત્યાં તેની મમતા રાખે છે. ૪. આ જીવ જેટલું સત્સંગનું અને ભગવાનનું મમત્વ રાખે છે તેટલું જ કલ્યાણકારી છે. સત્સંગ અને ભગવાન સિવાયનું જેટલું મમત્વ રાખે છે તે બધું બંધનરૂપ રહે છે, પણ જીવ તે બંધનને જ પોતાનું હિત માને છે. ભગવાન અને સત્સંગ સિવાયનું જીવને જેટલું મમત્વ રહે છે તેટલું તેને અજ્ઞાન અને મોહ છે. સુખદાતા ભગવાન સહજાનંદસ્વામીએ ઘણી જાતની વાતો કરીને સમજાવ્યું છે અને જીવને શુદ્ધ કર્યા છે. ૫-૭.

મનુષ્યશરીર મળવાનું ખરું ફળ એટલું જ છે કે, તે શરીરથી જીવને શુદ્ધ કરવો. જીવને જ્યારે ભગવાન અને સત્સંગના સમાન બીજી કોઈ વાત પ્રિય ન લાગે, ત્યારે બ્રહ્માંડમાં જેટલા વસ્તુ-પદાર્થ છે તે બધા કદાચ સોનાનાં હોય, તોપણ તે ભગવાન અને સત્સંગની આગળ અત્યંત તુચ્છ દેખે છે. ૮-૯. જ્યારે લોકને ઠગવા માટે જ્ઞાન ન શીખે ત્યારે તે જીવ શુદ્ધ થયો ગણાય છે, પણ લોકને ઠગવા માટે જ જ્ઞાન આદિકને જે કહેવામાં આવે છે, તેનું લેશમાત્ર પણ ફળ મળતું નથી. ૧૦.

❋ જેવી કરણી તેવી ભરણી :

हरि ताके मत एसे रहाये, निष्कपट के हरि रहे ताये;
जन हि माया कपट जितनेऊ, करत रहे श्रीहरि तितनेऊ...११
जानत रहे जेसे फल जाके, देवत रहेउ ताकु ताके;
निष्कपट के फल रहे जेसे, निष्कपट कु देवत हे तेसे...१२

શ્રીહરિનો એવો મત છે કે, પોતે નિષ્કપટ ભક્તના થઈને રહે છે. મનુષ્ય માયા અને કપટ વગેરેને જેટલા કરતો રહે છે તે બધાને પરમેશ્વર તો જાણતા હોય છે. અને જે કર્મનું જેવું ફળ હોય તેવું તેને આપતા રહે છે. નિષ્કપટતાનું જેવું ફળ હોય છે તે નિષ્કપટ ભક્તને આપે છે. ૧૧-૧૨. અંતર્યામી પરમેશ્વર કપટી અને માયાવીને તેનાં કર્મનું જેવું ફળ હોય તેવું તેને આપે છે. ૧૩. આ સત્સંગની આવી રીત રહી છે, તેને હરિભક્ત હોય છે તે જાણી શકે છે. વગર જાણ્યે તેને કોઈ કહી શકતું નથી. ૧૪.

જે લાજ, મર્યાદા, મોટાનો દાબ અને સારી સમજણ રાખે છે તે હરિભક્ત છે. અને તેમાં જે પ્રમાદ રાખે છે તે તેટલો કુસંગી કહેવાય છે. ૧૫. આપણા સત્સંગની જે રીત છે તેને તમે બધી રીતે જાણનારા જ્યાં સુધી છો ત્યાં સુધી આ સત્સંગ પરમ પવિત્ર દેખાય છે.' ૧૬. ત્યારે મુક્તાનંદસ્વામીએ ભાઈ રામદાસજીસ્વામીને કહ્યું કે, 'જે આ સહજાનંદસ્વામી છે તેમના જેવા પ્રતાપી કોઈ થયા નથી. ૧૭. આત્માનંદસ્વામીએ શુભ ભૂમિવાળા દેશને દેખીને તેમાં શુભ સત્સંગરૂપી બીજ વાવ્યું હતું. ૧૮.

પછી રામાનંદસ્વામી તે વાવેલા બીજને પાણી પાતા રહ્યા હતા. અને તેમના પછી ભગવાન સહજાનંદસ્વામીએ સત્સંગરૂપ કલ્પવૃક્ષની વ્રતમાન નિયમરૂપ નવી મજબૂત વાડ કરી છે. આ નિયમરૂપ વાડને જેટલી જે કોઈ તોડે તેની તેટલી મોટાઈ તત્કાળ ઘટે છે. ૧૯-૨૦. શ્રીહરિએ કૃપા કરીને નિયમરૂપ જે આ મજબૂત વાડ કરી છે, તેની રક્ષા સંતો અને હરિભક્તો જેટલી કરશે તેટલી તેની મોટાઈ દિનપ્રતિદિન વધતી રહેશે. તે આવી મોટાઈ જે રીતે વધે તેવી નિયમરૂપ પવિત્ર વાડ કેટલીયે પ્રકારની કરી છે. અને તે વેદ, પુરાણ અને સ્મૃતિઓને અનુસારે ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનના બધા નિયમથી યુક્ત રહી છે. ૨૧-૨૩.

मोक्षरूप रहे फल हि जामें, प्रगट हरि की मूर्ति यह तामें;
प्रगट हरि की मूर्ति बिन जेता, निरजीव देखायेउ तेता...२४

આ નિયમરૂપી વાડમાં મોક્ષરૂપી ફળ રહ્યું છે. અને પ્રગટ શ્રીહરિની મૂર્તિ પણ તેમાં છે. પ્રગટ શ્રીહરિની મૂર્તિ સિવાય બીજું જે કાંઈ છે તે બધું

નિર્જીવ દેખાય છે. ૨૪. **જીવ પોતાની જ્ઞાનમયી શક્તિથી મોટા શરીરમાં મોટો અને નાના શરીરમાં નાનો, જેવું પાત્ર હોય તેવો દેખાતો હોય છે. ૨૫.** પાત્રતા અને વાત, તે બંનેના જ્ઞાને કરીને જે વાત જેવી હોય છે તે તેવી દેખાઈ આવે છે. ૨૬. સ્વામી, આપના જેવા બીજા કોઈ અતિ સમર્થ સંત હવે પછી આપણા સત્સંગમાં થવાના નથી. તે વાત હું ચોક્કસ કહું છું.' ૨૭. તે સાંભળીને ભાઈ રામદાસજીસ્વામીએ કહ્યું, 'જે કોઈ પણ વાત હોય છે તે બધી શ્રીહરિના હાથમાં છે. તે કાંઈ આપણા હાથમાં નથી. શ્રીહરિ જે ધારે તે થાય. ૨૮.

જે વાત આપણા હાથમાં ન હોય તેની ચિંતા જે કરવી તે બધું અજ્ઞાન કહેવાય છે. માટે શ્રીહરિની જેવી મરજી હોય તેમાં રાજી રહેવું. ૨૯. શ્રીહરિની મરજી સિવાયની બીજી જે જે વાત કરવી, તેને તો બધો ક્લેશ કહેવાય છે. જ્ઞાની પુરુષની આવી સમજણ રહી છે. ૩૦. **ક્લેશ થાય એવી જે રીત છે તેને જ્ઞાની ક્યારેય આચરણમાં લેતા નથી. દેહ અને જીવનો યોગ ચોક્કસ કાયમ રહેતો નથી. તે વાત નિશ્ચિત રહી છે. ૩૧.** શ્રીહરિ જેટલી વાત કહેતા હોય છે તે બધી જીવને સુખદાયક હોય છે. જ્ઞાની પુરુષની આવી સમજણ હોય છે કે શ્રીહરિના સમાન બીજું કોઈ કહેવાય નહિ. ૩૨.

કોઈ સ્વામિનારાયણ ભગવાન સમાન બીજા કોઈને જ્યાં સુધી કહે છે ત્યાં સુધી તેની બાળબુદ્ધિ રહી છે એમ જાણવું.' ભાઈ રામદાસજીસ્વામીએ આ રીતે મુક્તાનંદસ્વામીની આગળ વાત કરી. ૩૩. મહા સુદિ છઠને દિવસ પરમ નિપુણ રામદાસજીસ્વામીએ મુક્તાનંદસ્વામીને ઉપર કહ્યા મુજબની વાત કહી હતી. ભાઈ રામદાસજીસ્વામી તે દિવસોમાં ઘણા વૃદ્ધ થઈ ગયેલા જણાતા હતા. ૩૪. ભાઈ રામદાસજીસ્વામીએ પોતાના શરીરનો ત્યાગ કરવા મનમાં વિચાર્યું હતું. ત્યારે (૧૮૭૬) મહા માસમાં શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને અમદાવાદ ઘણા પ્રેમભાવથી મોકલ્યા હતા. પછી મુક્તાનંદસ્વામી અમદાવાદ જવા ચાલી નીકળ્યા. પછી આત્માનંદસ્વામીનો બ્રહ્મવિદ્યાનો મત જ્યારથી ચાલ્યો આવતો હતો, તેની બધી વાત જેમ હોય તેમ ગોપી ભટ્ટની આગળ શ્રીહરિએ પૂછી. ૩૫-૩૭.

ગોપી ભટ્ટનું મન નિષ્કપટ હતું, એટલે તેમણે આત્માનંદસ્વામીના મતની પરમ પવિત્ર જે વાત સાંભળી હતી તે બધી શ્રીહરિની આગળ કહી. ૩૮. આત્માનંદસ્વામીએ પોતાની ગુરુ પરંપરા જે રીતે ચાલી આવતી હતી તેનું જ્ઞાન પોતાના પુત્ર ગોપી ભટ્ટને કહ્યું હતું. ૩૯. આત્માનંદસ્વામી જ્યાં સુધી ગુરુ થઈને રહ્યા ત્યાં સુધી પોતાના શિષ્યોના સંતાપને અને જન્મ-મરણ તથા લખચોરાશીનાં દુઃખને હરતા રહ્યા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "મુક્તમુનિ અને ભાઈસ્વામીની સત્સંગ તથા શ્રીહરિના સ્વરૂપની સમજણ" એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર વીશમું : તરંગ - ૯

ગોપી ભટ્ટે આત્માનંદસ્વામીનો મત કહ્યા પહેલાં દશમ સ્કંધનું કૃષ્ણચરિત્ર કહ્યું

શ્રીહરિએ ગોપી ભટ્ટની આગળ જે વાત પૂછી તેને હવે કહું છું. આ વાત ઘણી સમજણ આપે એવી છે. ૧. જે કોઈ પણ બાબત હોય તેને યથાર્થ રીતે સમજ્યા ન હોઈએ તો તેનું પૂરું જ્ઞાન થાતું નથી. યથાર્થ જ્ઞાનમાં સર્વે વાત રહી છે અને તેને લીધે જ તેનું મહત્ત્વ છે. ૨. મને તો એવું દેખાય છે કે જેમાં જેટલો પ્રતાપ હોય છે તે બધો જ્ઞાનથી જ દેખાઈ આવે છે. અને જ્ઞાન સિવાય તો તેમાં અંધારું રહે છે. ૩. **જેને જે જાતનો ખપ હોય અને જેવી રીતનો અભ્યાસ હોય તેના જ્ઞાનથી તે વસ્તુ તરત જ દેખાઈ આવે છે.** ૪. હવે ગોપી ભટ્ટ શ્રીહરિએ પૂછેલી વાત જેટલી જાણતા હતા તે પ્રમાણે બધી કહેવા લાગ્યા. કારણ કે, ભટ્ટજી પોતે સરળ સ્વભાવના હતા. ૫.

ગોપી ભટ્ટે કહ્યું, 'આત્માનંદસ્વામીએ મને જે વાત જેમ કહી હતી તે વાત હવે હું તમને કહું છું. આ વાતને મારા સિવાય બીજા કોઈ જાણતા નથી. ૬. કુપાત્રની આગળ જેટલી વાત કહેવામાં આવે છે, તો તેમાં

જેટલી વધારે કુબુદ્ધિ હોય તેટલો તે શુદ્ધ મતમાં પણ દોષ દેખાડે છે. અને પોતાના મંતવ્યને વધારે સારું કહે છે. ૭. જે સાચી વાતમાં પણ દોષાર્પણ કર્યા વિના ક્યારેય રહે નહિ તેને મોટો કુપાત્ર કહેવાય છે. એવા કુપાત્ર તો જેની પાસેથી જ્ઞાન મેળવ્યું હોય તેમાં પણ દોષ દેખાડે છે. ૮. આવા જે કુબુદ્ધિ અને કુપાત્ર કહેવાય છે તે ગુરુદ્રોહી અને કૃતઘ્ની છે. આનાથી બીજો કોઈ મોટો ચંડાળ નથી. તેમ બુદ્ધિમાન પુરુષો તેને દેખે છે. ૯. આપ તો ગુરુઓના પણ ગુરુ છો. આપના સમાન બીજું કોઈ સત્પાત્ર કહેવાતું નથી. જેટલા શુભ ગુણ કહેવાય છે તે બધાનું મુખ્ય પાત્ર તો આપ છો. તમે એવા જ જ્ઞાની છો, તેથી હું હૃદયમાં પ્રેમ આણીને યથાર્થ વાત કહું છું. જો કે, આપ તો બધી વાતને જાણો છો. કેમ જે, આપ જ સાક્ષાત્ પરમેશ્વર છો. ૧૦-૧૧.

જે અક્ષરથી પર, પૂર્ણપુરુષોત્તમ, અવિનાશી, સહુથી પર અને સુખરાશિ છે. જેને કોઈ સંપૂર્ણ રીતે જાણી શકતા નથી. અને જ્યાં સુધી મન અને વાણી પણ પહોંચી શકતા નથી. ૧૨. આવા કરુણાનીધિ પરમેશ્વરે મનમાં વિચાર્યું કે, મને સહુ પ્રાકૃત નરનારી લોકો દેખે. આમ વિચારીને તેઓ આ ભૂતળ ઉપર પ્રગટ થયા અને યાદવશ્રેષ્ઠ વસુદેવના પુત્ર કહેવાયા. ૧૩. ભક્તજનપ્રતિપાલક, દીનબંધુ અને દયાળુ, આવા પરમેશ્વર મથુરામાં દેવકીના ઉદરથી પ્રગટ થયા. ૧૪. વસુદેવજીએ ગુપ્ત રીતે મનમાં વિચાર કર્યો અને કંસને વિઘ્નરૂપ માનીને મુરારી પ્રભુને મધરાતે ગોકુળમાં પહોંચાડી દીધા. ૧૫.

સર્વ ભક્તજનને સુખ આપનારા વ્રજનાથ ભગવાન પોતે લોકોના કષ્ટ હરવા અને ગોવાળોનું હિત કરવા માટે પોતાનાં મંડળે સહિત સ્વેચ્છાથી વ્રજમાં આવ્યા. ૧૬. વ્રજરાજ ભગવાન કૃષ્ણ વ્રજમાં પધાર્યા ત્યારે અગણિત લોકોનાં કલ્યાણકારી કાર્ય કર્યાં અને અપાર લોકોને સંસારસાગરથી પાર ઉતાર્યા. ૧૭. અનેક કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ કૃષ્ણ પોતાના મુક્તસમાજે સહિત વ્રજમાં પધાર્યા. અને જેને ઘેર શ્યામસુંદર કૃષ્ણ ખેલ્યા, તે નંદ અને

યશોદાજી મહાન ભાગ્યશાળી બન્યા હતા. ૧૮. સહુ પહેલા ભગવાને પૂતનાને મારી અને તે પછી તૃણાવર્ત અસુરને માર્યો. પગની લાત મારીને શકટાસુરને માર્યો અને માતા યશોદાને પોતાનાં મુખમાં વિશ્વદર્શન કરાવ્યું. ૧૯.

માતાના ઉપર અત્યંત ક્રોધ કરીને દહીં વલોવવાની ગોળીના સેંકડો ટૂકડા કરી નાખ્યા. વળી યમલાર્જુન વૃક્ષને મૂળથી ઉખાડી નાખ્યા. પછી ચાંચ ચીરીને બકાસુરને માર્યો. ૨૦. વ્રજવાસીઓનું હિત કરવાને માટે વત્સાસુરનો નાશ કર્યો. અઘાસુરને મારીને ગોપબાળકોની રક્ષા કરી. વ્રજરાજ શ્રીકૃષ્ણે પોતે વાછડાં તથા બાળકો બનીને અદ્‌ભુત ચરિત્ર કર્યાં, તેને જોઈને બ્રહ્મા પણ મોહ પામ્યા. ૨૧. વૃક્ષ, પર્વત અને પક્ષીઓને જોઈને તે કૃષ્ણ મનમાં રાજી થયા હતા. અભિમાની કાલિનાગના ગર્વનું ગંજન કરી તેને વશ કર્યો. અને વળી પ્રભુએ દાવાનળનું પાન કર્યું. તે પછી વ્રજની કન્યાઓને અભીષ્ટ વરદાન આપ્યું. ૨૨. જે કૃષ્ણને ભોજન નહિ આપવાથી મથુરાના યાજ્ઞિકો પસ્તાયા હતા, તે યાજ્ઞિકોની પત્નીઓનું આપેલું અન્ન જમીને અને તેની પૂજા સ્વીકારીને ઘણા પ્રેમથી તેમને મહાન સુખ આપ્યું. અને તેમના અંતરમાં અપાર હર્ષ વધાર્યો. ૨૩.

યાજ્ઞિકોની પત્નીઓએ નંદકુમારની જે સત્કારપૂજા કરી, તેનાથી તે જગવિખ્યાત બની. પછી તે શ્રીકૃષ્ણે ઈન્દ્રનું માન તોડ્યું. તે સમયે સાત વર્ષના બાળક સ્વરૂપે પરમ ચતુર કૃષ્ણે સાત દિવસ સુધી ગોવર્ધન પર્વતને હાથથી ઊંચો ધારણ કર્યો. અને ગોકુળવાસીઓની રક્ષા કરી. વરુણના ભવનેથી નંદજીને છોડાવ્યા. તેમજ વ્રજવાસીઓને પોતાનાં દિવ્ય ધામનું દર્શન કરાવ્યું. ૨૪-૨૫. વ્રજની જુવાન ગોપીઓની સાથે રાસ રમ્યા અને પ્રભુએ પોતાના સામર્થ્યથી કામદેવને હરાવીને પોતાનો દાસ-કિંકર બનાવ્યો. ૨૬. નંદજીને જ્યારે અજગર ગળવા લાગ્યો ત્યારે તેનાથી તેને તત્કાળ છોડાવ્યા. અને શંખચૂડ નામના દૈત્યને માર્યો. તે જ રીતે વૃષભાસુર અને વ્યોમાસુરને પણ માર્યા. ૨૭.

પછી શ્રીકૃષ્ણ ભગવાને કેશી નામના દૈત્યને માર્યો. પછી અક્રૂરનાં વચનથી મથુરા જવા પ્રયાણ કર્યું. બળરામ અને કૃષ્ણ, બંને રથમાં બેઠા.

અક્રૂરે મથુરા જવા માટે રથ ચલાવ્યો ત્યારે ગોપીઓ બધી વિલાપ કરતી રહી. ૨૮-૨૯. પોતાના સેવક અક્રૂરને યમુનાના ધરામાં વૈકુંઠ બતાવીને અત્યંત આશ્ચર્ય વધાર્યું. તે પછી રંગભીના કૃષ્ણે આવીને મથુરા શહેરમાં પ્રવેશ કર્યો. સહુ પહેલા રંગકાર(ધોબી)નો નાશ કર્યો. ૩૦. દરજી, સુદામા નામનો માળી અને અષ્ટવક્રા કુબ્જા નામની સ્ત્રી, તે સહુના ઉપર ભગવાને અનુગ્રહ કરી, મોક્ષ આપ્યો. અને કુબ્જાને મોક્ષ સહિત સુખનો વર અને સુંદર શરીર આપ્યું. ૩૧. ધનુર્યાગમાં મૂકેલા ધનુષ્યને હાથમાં લઈને સહજ ભાવે ભાંગી નાખ્યું. અને મલ્લ અખાડાને દરવાજે મદોન્મત્ત કુવલયાપીડ નામના હાથીને માર્યો. પછી અખાડાની વચ્ચે પ્રભુએ મલ્લોને માર્યા અને માથાના વાળ પકડીને કંસને પછાડી મારી નાખ્યો. ૩૨. પોતાના માતા-પિતાના બધા કષ્ટ ટાળ્યા અને મહારાજા ઉગ્રસેનના મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. તે પછી ગુરુ સાંદીપનિને ઘેર વિદ્યાભ્યાસ માટે રહ્યા. અને તે દ્વિજ ગુરુના મનની બધી ઈચ્છાઓ પૂર્ણ કરી. ૩૩.

તે પછી મથુરા આવી યદુવર શ્રીકૃષ્ણ સમય લઈને કુબ્જાને ઘેર ગયા અને પોતે આપેલું વચન સત્ય કર્યું. ત્યારબાદ અક્રૂરને ઘેર આવ્યા અને તેને હસ્તિનાપુર મોકલ્યા. ૩૪. કુંતાજી અને પાંડવોની સાર-સંભાળ લીધી. કારણ કે, ભગવાન કૃષ્ણને પાંડવો ઘણા પ્યારા હતા. આ રીતે મથુરામાં રહીને અનંત જીવોનો ઉદ્ધાર કર્યો. ૩૫. જ્યારે કાળયવને મથુરામાં આવીને ઘેરો ઘાલ્યો ત્યારે બળરામ અને શ્રીકૃષ્ણ બંને ગિરનારમાં ભાગીને આવ્યા. ૩૬. જે જગ્યાએ મુચકુંદ રાજા સૂતા હતા. તેની પાસે ભક્તોનું ચિત્ત ચોરનારા કૃષ્ણ આવ્યા, અને તેને પોતાનું પીતાંબર ઓઢાડી દીધું અને પોતે કૃષ્ણ તો ગુફામાં સંતાઈ રહ્યા. ૩૭.

પછી આવેલા કાળયવનનો મુચુકુંદ દ્વારા તરત નાશ કરાવ્યો. અને પછી તે મુચકુંદ રાજાનો ઉદ્ધાર કર્યો. ૩૮. પછી શ્રીકૃષ્ણે દ્વારકા આવીને નિવાસ કર્યો. ત્યાં કૂવામાં કાચંડાના રૂપમાં પડેલા નૃગરાજાનો ઉદ્ધાર કર્યો. અને ભીમસેન દ્વારા જરાસંઘનો નાશ કર્યો. ૩૯. તે અત્યંત અભિમાની જરાસંઘે વીશ હજાર રાજાઓને જીતીને કેદ કર્યા હતા. તે સહુને કેદમાંથી

મુક્ત કર્યા. ૪૦. તે પછી આઠ પટરાણીઓને પરણ્યા. વળી પોતાના પ્રતાપથી ભોમાસુરને મારીને તેણે કેદ કરેલી સોળ હજાર કન્યાઓને છોડાવી, દ્વારકા લાવી અને તેમને પરણ્યા. ૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ગોપી ભટ્ટે આત્માનંદસ્વામીનો મત કહ્યા પહેલા દશમ સ્કંધનું કૃષ્ણચરિત્ર કહ્યું" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર વીશમું : તરંગ - ૧૦

ગોપી ભટ્ટે ભક્ત ઉદ્ધવના ઉપદેશથી મોક્ષ પામેલા અનેક રાજાઓની વાત કહી

વળી, ગોપી ભટ્ટે શ્રીહરિની આગળ જે વાત કહી હતી તે વાત હવે હું કહું છું. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના બળથી બાણાસુરના (ચાર હાથ સિવાયના) બધા હાથને કાપી નાખ્યા. જેને આખી દુનિયા જાણે છે. ૧-૨. યુધિષ્ઠિર મહારાજના યજ્ઞમાં સભા વચ્ચે સુદર્શન ચક્રથી શિશુપાળનો વધ કર્યો. પછી તે વખતે સહદેવે શ્રીકૃષ્ણની અગ્ર પૂજા કરી. ૩. પછી શ્રીકૃષ્ણે દંતવક્ર અને શાલ્વનો વધ કર્યો અને પોતાના મિત્ર દુર્બળ વિપ્ર સુદામાને ભેટ્યા. ૪.

પછી તેને સોનાનાં મહેલ કરી આપ્યાં અને સુદામાની બધી જ દુર્બળતા ટાળી નાખી. તે પછી પ્રભુએ કુરુક્ષેત્રમાં ઉત્સવ કર્યો અને માતા દેવકીને પોતાના મોટા છ ભાઈઓ લાવી આપી તેનાં દર્શન કરાવ્યાં. ૫. ભારતીય લડાઈ વખતે પ્રવીણ શ્રીકૃષ્ણએ અર્જુનના મોહનું નિવારણ કરીને તેને જ્ઞાન આપ્યું. વળી જનકરાજા તથા શ્રુતદેવ બ્રાહ્મણનું એકસાથે બે રૂપ ધરી આતિથ્ય સ્વીકારી તેમના મોહનું પણ નિવારણ કર્યું. કેમ જે, તે ત્રણેય પોતાના અનુપમ દાસ હતા. ૬. ભગવાને આવાં અદ્‌ભુત અને અનંત ચરિત્ર કર્યાં છે. તેને સંતો ભેળામળીને રાત-દિવસ ગાય છે. જગદ્‌ગુરુ તે શ્રીકૃષ્ણ ભગવાને જ્યારે સ્વધામ પધારવાનો મનમાં સંકલ્પ કર્યો ત્યારે તેમણે પ્રથમ વિચાર્યું કે, મારા

વિના મારા ભક્તો કોને આધારે રહેશે ? મારું સ્વરૂપ નહિ હોય તો કોને અનુસરશે ? મારા સ્વરૂપનાં જ્ઞાન સિવાય કોઈ જીવ સંસારસાગરને તરશે નહિ અને ભવભટકણનાં દુઃખનો અંત આવશે નહિ. ૭-૮.

❋ ઉદ્ધવજીની પ્રભુ સાથે એકતા :

મારાં સ્વરૂપનાં જ્ઞાનના યોગ્ય અધિકારી તો ઉદ્ધવજી છે. જેને લીધે આખા જગતનું શ્રેય સાધી શકાશે. જગતમાં જીવોનો ઉદ્ધાર કરવા માટે ઉદ્ધવજી મારાં સ્વરૂપ જેવા ચોક્કસ છે. ૯. ઉદ્ધવજી મારા કરતાં અણુ જેટલા પણ ન્યૂન નથી. હવે જગતનું કલ્યાણ ઉદ્ધવજીથી જ થશે. જેમ મારામાં માયાનો કોઈ ગુણ વ્યાપતો નથી તે રીતે જ ઉદ્ધવજીને પણ માયા સંતાપશે નહિ. ૧૦. માટે ઉદ્ધવજીને જ્ઞાનાચાર્ય કરું, તેમના દ્વારા હવે અનંત જીવોનો ઉદ્ધાર કરું. હું ઉદ્ધવજીના અંતરમાં રહીને તેમના દ્વારા સહુને જ્ઞાનનો ઉપદેશ કરીશ. ૧૧. મારા નિર્મળ જ્ઞાનના ખરા ગ્રાહક તો ઉદ્ધવજી છે. તે સિવાય બીજો કોઈ નથી. તેમના સિવાય આ સંસારમાં મારાં સ્વરૂપનું જ્ઞાન જીવને કોઈ જગ્યાએથી મળશે નહિ. ૧૨.

પછી સર્વ જગતનો ઉદ્ધાર કરવા માટે સમજી વિચારીને પરમ કૃપાળુ શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને પોતાના જ્ઞાનના આચાર્યપદ ઉપર સ્થાપ્યા. ૧૩. જગન્નિવાસ ભગવાન શ્રીકૃષ્ણે ઉદ્ધવજીને પોતાના એકાંતિક ભક્ત સમજી રાજી થઈને પ્રેમથી પોતાની ચાખડીઓ આપી અને અવિચળ જ્ઞાનાચાર્યનું પદ પણ આપ્યું. ૧૪. ઉદ્ધવજીને પરમ એકાંતિક ભક્ત જાણીને તથા મનમાં ઘણું હેત કરીને ભગવાન તેનાં હૃદયમાં આવીને વસ્યા અને પોતાનાં સ્વરૂપનું જ્ઞાન તેમાં સ્થિર કર્યું. ૧૫. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાને પ્રભાસ ક્ષેત્રમાં પોતાનું સ્વરૂપ અદશ્ય કર્યું ત્યારે ભગવાનના અત્યંત અનુપમ ભક્ત ઉદ્ધવજી બદરિકાશ્રમમાં ચાલ્યા ગયા. ૧૬.

શ્રીકૃષ્ણ ભગવાનનાં ઉપદેશ વચનોને હૃદયમાં ધારી લીધા અને બદરિકાશ્રમમાં નિવાસ કર્યો. વલ્કલ વસ્ત્ર પહેર્યાં. ભોજનની પણ આશા છોડી દીધી. કોઈ પણ સુખની સ્પૃહા રાખી નહિ અને વૃક્ષની નીચે નિવાસ કર્યો. ૧૭. ચતુર એવા ઉદ્ધવજીએ વેદાંતના તત્ત્વમસિ આદિક ચાર મહાવાક્યોનું

અતિશય મનન કર્યું. તેથી હૃદયમાં પરમ અલૌકિક સ્થિતિ પામ્યા. પછી તેઓ ભારતના ઉત્તર ખંડમાં ફર્યા ત્યારે કેટલાક રાજાઓ તેમને શરણે આવ્યા તે કહું છું. ૧૮. વીશ જેટલા ઈક્ષ્વાકુ વંશના રાજા તેમના આશ્રિત થયા. અને વીશ પ્રશંસનીય કાલક વંશના રાજાઓ આશ્રિત થયા. વળી વીશ હૈહય વંશના ધીર રાજાઓએ ઉદ્ધવજીનો આશરો કર્યો. તેમના સમાગમથી તે સર્વે રાજાઓએ સંસારની પીડાનો નાશ કરી મોક્ષપદ પ્રાપ્ત કર્યું. ૧૯. ઉદ્ધવજીનાં ઉપદેશથી ચોવીશ જેટલા પંચાળના રાજાઓ બધી ઝંઝાળ તજી દઈને મોક્ષપદને પામ્યા. શક દેશના ચોવીશ જેટલા રાજાઓએ બધો પરિગ્રહ તજી દઈને બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી. ૨૦.

ઉદ્ધવજીના સમાગમથી કલિંગ દેશના એકત્રીશ પવિત્ર રાજાઓએ આ અસત્ય જગતનો ત્યાગ કરી અને ઊર્ધ્વ ગતિ પ્રાપ્ત કરી. વીતિહોત્ર ગોત્રના વીશ જેટલા રાજાઓ જગદીશ્વરનું સ્મરણ કરીને અજર અમર બન્યા. ૨૧. બાવીશ જેટલા શૂરસેન દેશના રાજાઓ બધા ક્લેશને તજીને મુક્ત થયા. સત્તાવીશ જેટલા મિથિલાના રાજાઓ ભગવાનના ભક્ત થયા અને તેમણે લેશમાત્ર પણ જગતનું સુખ રાખ્યું નહિ. ૨૨. પાંત્રીશ કુરુકુલના રાજાઓએ વ્યવહારનો ત્યાગ કરીને પોતાનું કલ્યાણ કરી લીધું. ઉપર કહ્યા તે બધા જ રાજાઓ મહાસંત ઉદ્ધવજીનાં ચરણનો આશરો કરનારા હતા. અને તેથી તે બધા લખચોરાશી અને દુઃખ દ્વંદ્વથી છૂટી ગયા હતા. ૨૩. તે બધા રાજાઓ શ્રીકૃષ્ણ ભગવાનની ઉપાસના કરીને સંસાર તરી ગયા અને મુક્ત થયા. તે સહુ રાજાઓ મહાપુરુષ ઉદ્ધવજીએ કહેલી વિદ્યાનું મનન કરીને સુખકારી અવિચળ પદને પામ્યા હતા. ૨૪.

તે બધા કુળ પછીના સુમતિના પુત્રરૂપમાં જે રાજાઓ થયા તે બધા શરીરથી સમર્થ અને ધન તથા સુખનાં બળથી કામાતુર થયા, અને પાપથી પરિપૂર્ણ થઈ ગયા. ૨૫. અને પછી તેના ઉપર કોઈ જાતનો અંકુશ ન રહ્યો. ત્યાર પછી સ્વતંત્ર ગતિવાળા અને દૃઢ યોગાભ્યાસી મુનિઓનો તે ક્રૂર રાજાઓએ દ્રોહ કર્યો. ૨૬. તે પછી સહુના અંતર્યામી એવા નરનારાયણ દેવ તે પાપીઓના અપરાધને સહન કરી શક્યા નહિ. અને તે ભક્તદ્રોહીઓને

તેના દ્રોહનું તેવું ફળ આપ્યું. ૨૭. પછી ભગવાનની ઈચ્છાથી મહાપદ્મ નામનો એક રાજા થયો. તે નિરંકુશ રાજાઓનો કાળ હતો. તેણે અંકુશ વિનાના સર્વે રાજાઓનો નાશ કર્યો. ૨૮.

તે મહાપદ્મ રાજાએ પરશુરામના જેવું વ્રત રાખ્યું, અને જેટલા નિરંકુશ ક્ષત્રિયો હતા તેના મૂળ ઉખાડી નાખ્યા. અને ભૂમિ ઉપર તેમણે પોતાનું રાજ્ય સ્થાપ્યું. ત્યાર પછી સમય જાતા (કળિયુગના પ્રભાવે કરીને ફરીવાર) બધા રાજાઓ અધર્મી થયા. ૨૯. પૃથ્વી ઉપર જેટલા મનુષ્યો હતા તે બધા અધર્મપરાયણ થઈ ગયા. મોક્ષભાગી મનુષ્ય દુર્લભ થયા અને અગણિત લોકો અધર્મમાં રુચિવાળા થયા. ૩૦. ભગવાનની ઈચ્છાથી બધા મુનીઓ અને સારા રાજાઓ અદશ્યરૂપે બદરિકાશ્રમમાં રહ્યા. ઉદ્ધવજી પણ તે પાપરૂપ કુસંગથી ડરીને બદરિકાશ્રમમાં વસી ગયા. ૩૧. કોઈ ભાગ્યશાળી જિજ્ઞાસુ ભગવદ્દર્શનના પ્રેમી મનુષ્ય ત્યાં જાતા હતા, ત્યારે તેનાં ખાસ નિર્મળ હૃદયને દેખીને તેને દર્શન દેવાનું વિચારતા હતા. ૩૨.

ઉદ્ધવજી ભગવાનનાં મુખથી નૌતમ જ્ઞાન સાંભળીને સિદ્ધદશા પામ્યા હતા. તેઓ ઘણા સુજ્ઞ થયા હતા. મહાપદ્મ રાજાના પછી આઠ નંદવંશી રાજા થયા અને દસ મૌર્યવંશી રાજા થયા હતા. ૩૩. દસ શુંગ રાજાઓ, ત્રીશ આંધ્ર અને સાત આભીર રાજાઓ થયા હતા. દસ ગર્દભી વંશના અને સોળ કંક રાજાઓ થયા હતા અને તેના પછી ત્રેવીશ જેટલા નિઃશંક યવન રાજાઓ થયા. ૩૪. બાહુબળ આદિ રાજાઓ થઈ ગયા તે પછી મુસલમાન મહમદીય રાજાઓ થયા. મહાપદ્મ રાજા પછીના બધા મળીને એકસો ને ચૌદ જેટલા રાજાઓ થયા. ૩૫. તેમાં કેટલાક રાજાઓ તો ધર્મનો નાશ કરનારા થયા અને કેટલાક અજોડ ભક્ત થયા. તેઓ ઉદ્ધવજી અથવા ઉદ્ધવજીના શિષ્ય પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને ભગવાનના ભક્ત બન્યા હતા. ૩૬.

ઉદ્ધવજી પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને અનેક લોકો પવિત્ર થયા. તેમજ ધર્મના વિશાળ મર્મને સમજીને એકાંતિક ભક્ત થયા. ૩૭. ઉદ્ધવજીનું હૃદય અત્યંત નિર્મળ હતું અને તે પરોપકાર પરાયણ હતા. ઉદાર મનથી લોકોને અપાર જ્ઞાન આપતા હતા, ધ્યાનપરાયણ તથા જિતેન્દ્રિય હતા. જે લોકો

તેમને અનુસરતા હતા તેની અપાર પીડાને હરીને તેમને કૃષ્ણપરાયણ કરી દેતા હતા. ૩૮-૩૯. આવા ઉદ્ધવજી ભગવાનનું ધ્યાન અને સ્મરણ કરી ધર્મ અને ભક્તિપરાયણ રહેતા અને બદરીવનની આસપાસ ફરતા રહેતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ગોપી ભટ્ટે ભક્ત ઉદ્ધવના ઉપદેશથી મોક્ષ પામેલા અને બીજા અનેક રાજાઓની વાત કહી" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર વીશમું : તરંગ - ૧૧

વિપ્ર સોમશર્મા જ્ઞાન મેળવવા માટે ગુરુ નીલકંઠનાં વચન પ્રમાણે ઉદ્ધવજીને મળ્યા

આત્માનંદસ્વામીએ પુત્ર ગોપી ભટ્ટને જે વાત કહી હતી તે વાતને ગોપી ભટ્ટે શ્રીહરિની પાસે કહી. તેને હવે હું કહું છું. ૧. શાંત અને દાંત સ્વભાવના ઉદ્ધવજી નિત્ય ભગવાનના ગુણ ગાતા હતા. તેનું દિલ શુદ્ધ હતું, વળી પરમ દયાળુ હતા. તેમણે અગણિત જીવોનો ઉદ્ધાર કર્યો હતો. ૨.

તેમનો વિષયનો ત્યાગ અચળ હતો. આ રીતે દૃઢતાથી તેણે અનંત લોકોના સંસારના ભયનો નાશ કર્યો હતો. તેવી સ્થિતિમાં ઘણા દિવસ ફરતા રહ્યા. ૩. તેવામાં એક પરમ પવિત્ર બ્રાહ્મણ તેમને મળ્યા. તે મોક્ષરૂપ જ્ઞાનના અધિકારી હતા. ૪. જે બ્રાહ્મણ જ્ઞાનના અધિકારી હતા. તે ઉદ્ધવજીની પાસે આવ્યા હતા અને તેમણે સંસારનો ત્યાગ કર્યો હતો તે વાત હવે હું તમને કહું છું. ૫. જે કારણથી તેમણે સંસારનાં સુખનો ત્યાગ કર્યો હતો. તે ભાગ્યશાળી બ્રાહ્મણનો જ્યાં જન્મ થયો હતો તે સર્વે વાત જેવી છે તેવી આત્માનંદમુનિએ મને કહી હતી, તે હવે હું તમને કહું છું. ૬.

દક્ષિણ ભારતમાં વિષ્ણુપુરી(વિષ્ણુકાંચી) નામના ગામમાં એક કૃષ્ણશર્મા નામે બ્રાહ્મણ હતા. તેમને સોમશર્મા એવા શુભ નામે પરમ પવિત્ર પુત્ર થયા હતા. ૭. તેનાં મનમાં બ્રહ્મવિદ્યા ભણવાની ઈચ્છા હતી. તેથી તે

ઘર છોડીને ચાલીને નાસિક આવ્યા. ત્યાં વેદ અને શાસ્ત્ર ભણેલા નીલકંઠ નામના એક બ્રાહ્મણ રહેતા હતા. ૮. તે વિદ્વાન નીલકંઠ વિપ્ર શીલ અને સ્વભાવથી મનોહર રીતે શોભતા હતા. તેમનું મન કામાદિક અંતઃશત્રુથી ક્ષોભ પામતું નહિ. બુદ્ધિમાન તે વિપ્ર વેદનો કંઠપાઠ કરતા હતા અને નિર્મળ વિવેકે સહિત વર્તતા હતા. ૯. તે દ્વિજવર નીલકંઠજી પંડિતરાજ કહેવાતા હતા. તેઓ ધનને માટે થઈને આમ તેમ ફરતા નહિ. તેના હૃદયમાં ઘણો વધારે સંતોષ હતો અને જગતમાં વિદ્યાના સાગર તરીકે પ્રસિદ્ધ હતા. ૧૦.

✵ જ્ઞાન વિના મોક્ષ ન થાય :

સોમશર્માએ તે જ્ઞાની પંડિતને ગુરુ કર્યા. તેમની પાસે અર્થે સહિત વેદોનું અધ્યયન કર્યું. 'કર્મે કરીને મોક્ષ થાતો નથી' **'नास्त्यकृतः कृतेन कर्मणा'** આવી શ્રુતિનો તે સુજ્ઞમુમુક્ષુએ અર્થવિચાર કર્યો. ૧૧. પોતાના ગુરુનાં મુખથી તે શ્રુતિનો અર્થ વારંવાર વિચાર્યો. વળી **'ऋते ज्ञानान्न मुक्तिः।'** 'જ્ઞાન વિના મોક્ષ નથી' તેવી શ્રુતિને આધારે નક્કી કર્યું. ૧૨. પછી સોમશર્માએ ગુરુ નીલકંઠને વિનયથી પૂછ્યું કે, 'મારે જ્ઞાન કઈ રીતે મેળવવું ?' ત્યારે ગુરુએ કહ્યું, **'સદ્ગુરુ મળ્યા સિવાય ક્યારેય જ્ઞાન મળતું નથી.' ૧૩.** ત્યારે ફરીને પૂછ્યું, 'સદ્ગુરુનાં લક્ષણ કેવાં હોય ? તે મને કૃપા કરીને કહો. હવે મારે આપના સિવાય બીજો કોઈ આશ્રય નથી.' ૧૪.

ત્યારે પંડિત નીલકંઠે શિષ્ય સોમશર્માની આગળ કહ્યું, 'જે બ્રહ્મનિષ્ઠ હોય છે તે પવિત્ર સદ્ગુરુ કહેવાય છે. ૧૫. જેમાં કામ, ક્રોધ અને લોભરૂપી દોષ હોય નહિ. જે નિર્મત્સર અને નિશ્ચળ રહેતા હોય, શુભનીતિમાં નિપુણ હોય તથા નિઃસ્વાદી હોય. ૧૬.

चोपाई :

निरमानी अरु निरअहंकारा, ऐसे सद्गुरु शोधहु जग प्यारा;
नहि कारन जाति ज्ञानीके, ज्ञानी जानहु रूप हरीके...१७
याज्ञवल्क भारत में कहेऊ, देवराती मिथलेश कु तेऊ;
ज्ञान बिन नहीं मोक्ष नरेशा, जन्म मरण नहीं मिटत क्लेशा...१८

ज्ञान वरन सबसे ले लेना, ज्ञान बिन निच त्याग ही देना;
श्रद्धा सहित ज्ञान अध्यासा, करत होवत तेहि भव नासा...१९

નિર્માની તથા નિરહંકારી હોય, એવા જગતમાં જે પ્યારા સદ્‌ગુરુ હોય તેને તમે ખોળો. જ્ઞાનીપણામાં કોઈ જ્ઞાતિ કારણ હોતી નથી. જ્ઞાનીને ભગવાનની મૂર્તિ જાણવી. ૧૭. મહાભારતમાં યાજ્ઞવલ્ક્ય ઋષિએ દેવરાત નામે મિથિલા નગરીના રાજાને કહ્યું છે કે, હે રાજા ! જ્ઞાન વિના મોક્ષ થાય નહીં. તેમજ જન્મ-મરણરૂપ ક્લેશ પણ જ્ઞાન વિના ટળે નહિ. ૧૮. બધા જ જાતિ-વર્ણમાંથી જ્ઞાન મેળવવું. જ્ઞાન વગરના જ નીચ છે. તેવા નીચ માણસનો ત્યાગ કરી દેવો. શ્રદ્ધાએ સહિત જ્ઞાનનો જે અભ્યાસ કરે છે તેના સંસારનો નાશ થાય છે. ૧૯. ત્યારે તે સોમશર્મા નામે વિપ્ર ગુરુને વારંવાર વંદન કરી, શોક ભયને ટાળીને ચાલતા થયા. જ્ઞાની ગુરુ બાબતમાં પૂછતા પૂછતા તે ફરવા લાગ્યા. તેમની મનોવૃત્તિ સંસારમાં ક્યાંય ઠરી નહિ. ૨૦.

પોતાના ઘરમાં રહેવાનું છોડી દઈને તે વનવાસી થયા. અસત્ય જગતથી ઉદાસ થઈ ફરવા લાગ્યા. વેદનો પાઠ કરતા કરતા વૈરાગ્ય ઊપજ્યો. જે વૈરાગ્યનું લક્ષ્ય ભગવાનમાં લાગેલું રહેતું હતું. ૨૧. આ રીતે સોમશર્માનું મન અનાસક્ત થઈ ગયું. તે અત્યંત ત્યાગી, દૃઢ વ્રતવાળા અને શુદ્ધ અંગવાળા થયા. નિર્દોષપણે તીર્થયાત્રા કરતા હતા અને તેમનું સાધ્ય પ્રેમપૂર્વક ભગવાનનું પદ રહ્યું હતું. ૨૨. તે ઉત્તર દિશામાં બદરિકાશ્રમમાં આવ્યા અને ત્યાં પવિત્ર બદરીનાં દર્શન કર્યાં. જ્યાં ભગવાનના મૂર્તિમાન આયુધનાં દર્શન થાય છે તે અસ્ત્રતીર્થનો સ્પર્શ કર્યો. ૨૩. ત્યાં ગુપ્ત સ્વરૂપે રહેલા અસ્ત્રો પ્રત્યક્ષ દેખાયા. પછી સોમશર્મા અતિ હર્ષથી આગળ ચાલ્યા. મેરુ નામના તીર્થમાં નિવાસ કર્યો. ત્યાં તેમને ભગવાનના ભક્ત ઉદ્ધવજીનો ભેટો થયો. ૨૪.

ભક્ત ઉદ્ધવજી પ્રસન્ન મુખવાળા હતા અને શુકદેવજી તેમની પાસે હતા. શ્વેતદ્વીપની કથાનું વર્ણન ઘણા ઉમંગથી કરતા હતા. ૨૫. શુકદેવજીની પાસે ભાગવતનું શ્રવણ કરતા ઉદ્ધવજીને જોયા. પછી તો ભગવાનની ઇચ્છાથી તરત ઉદ્ધવજીની ઓળખાણ થઈ. ૨૬. **જેનાં મનમાં કલ્યાણની દૃઢ ઇચ્છા**

હોય તેને દેવ સહાય કરે છે. તેથી તે મનમાં રહેલા મિથ્યા શોકને તજી દે છે. તે વાત ચોક્કસ છે. ૨૭. નિષ્પાપ સોમશર્માને જ્યારે ઉદ્ધવજીનાં દર્શન થયા ત્યારે તે મનમાં ઘણું રાજી થયા. કારણ કે, તેને મનોવાંછિત સદ્‌ગુરુ મળ્યા હતા. ૨૮.

ઉદ્ધવજી દર્ભના આસન ઉપર બેઠા હતા. તેમનાં મનમાં કોઈ જાતનો ગર્વ ન હતો. તપથી કૃશ થયેલા શરીરની બધી નાડીઓ ઊપસી આવી હતી. લલાટમાં ઊર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો કર્યો હતો. અને કંઠમાં તુલસીની બેવડી કંઠી પહેરી હતી. ૨૯. તેમનું મુખકમળ પ્રસન્ન અને પવિત્ર જણાતું હતું. દૃષ્ટિ નિર્મળ હતી અને અંતર માખણના જેવું કોમળ હતું. માને રહિત અને દૃઢ જ્ઞાનથી જે મહાન દેખાતા હતા અને તેનાથી જ તેમણે અસંખ્ય લોકોને નિર્ભય કર્યા હતા. ૩૦.

સોમશર્માએ ઉદ્ધવજીને જોયા, તેથી ચંદ્રને દેખીને જેમ કુમુદ વિકસી જાય તેમ તેઓ પ્રફુલ્લિત થઈ ગયા. 'ત્રાહિ ત્રાહિ' એમ બોલીને ઉદ્ધવજીનાં ચરણમાં તેણે પોતાનું માથું મૂકી દીધું. ૩૧. તેઓ બોલ્યા કે, કાળ, માયા, પાપમય કર્મ અને ભયાનક યમદૂતો, તે બધાના મહાન ભયથી 'મને બચાવો બચાવો' એમ પોકાર કર્યો. અને કહ્યું અજ્ઞાનરૂપી સાગરથી મારો ઉદ્ધાર કરો. ૩૨. સોમશર્મા એ રીતે બોલ્યા ત્યારે ઉદ્ધવજી તેના ઉપર પ્રસન્ન થયા. ઉદ્ધવજીએ સોમશર્માને ઉત્તમ અધિકારી દેખ્યા. પછી તેને પ્રેમથી આદર આપ્યો. ૩૩. અને ઉદ્ધવજીએ તેમને વૃત્તાંત પૂછ્યું. ત્યારે સોમશર્મા વિપ્રે બધું વૃત્તાંત વિસ્તારીને કહ્યું. પછી ઉદ્ધવજીએ હસીને સોમશર્માને હેતથી જ્ઞાનોપદેશ કર્યો. ૩૪.

પછી ઉદ્ધવજીએ જે ભાગવતી મહાદીક્ષા ઘણી ઉત્તમ અને સર્વોપરિ કહેવાય છે તે સોમશર્મા વિપ્રને આપી કે, જે દીક્ષામાં ધર્મે યુક્ત ભક્તિ મુખ્ય રહ્યા હોય છે. ૩૫. વળી, જેમાં જ્ઞાન અને વૈરાગ્ય તથા પ્રગટ ભગવાન શ્રીહરિની ઉપાસના મુખ્ય રહી છે, એવી દીક્ષા આપી. પછી શુકદેવજીની પાસે વેદાદિ શાસ્ત્રોમાં જે રીતે કહી છે તે રીતે સોમશર્મા પાસે પૂજાવિધિ કરાવી. ૩૬.

ઉદ્ધવજીએ જે રીતનો ભાગવતધર્મ છે તે મન, કર્મથી સાર સાર રૂપમાં ઘણા પ્રેમથી તેને સંભળાવ્યો. ૩૭. વળી સાર સાર રૂપમાં વર્ણાશ્રમનો ધર્મ કહ્યો તેમજ ધામ અને મોક્ષની બધી રીત પણ તેમને પ્રગટ પ્રમાણ બતાવી દીધી. ૩૮. સોમશર્માના જેટલા સંશય, શોક અને તાપ-સંતાપ હતા તે બધા ટાળી નાખ્યા. અને જે શુદ્ધ અને નિર્ભય માર્ગ છે તે તેને દેખાડ્યો. ૩૯. જે શુદ્ધ માર્ગને સચ્છાસ્ત્રો અને સત્પુરુષો પ્રમાણરૂપ કરે છે અને જેનાથી કોઈ વાત પર હોતી નથી, તેવો માર્ગ બતાવ્યો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "વિપ્ર સોમશર્મા જ્ઞાન મેળવવા માટે ગુરુ નીલકંઠનાં વચન પ્રમાણે ઉદ્ધવજીને મળ્યા" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર વીશમું : તરંગ - ૧૨

ઉદ્ધવજી પાસેથી શિક્ષા, દીક્ષા ગ્રહણ કરીને આત્માનંદમુનિ તીર્થોમાં આવ્યા

આત્માનંદસ્વામીએ ગોપી ભટ્ટને જે વાત કહી હતી તે વાત ગોપી ભટ્ટ ફરીને શ્રીહરિને કહેવા લાગ્યા. ૧. ગોપી ભટ્ટ નિષ્કપટ મનવાળા થઈને શ્રીહરિ આગળ વાત કહેતા હતા. ત્યારે તે મોક્ષના મૂળ જેવી વાતો સાંભળીને શ્રીહરિ રાજી થતા હતા. ૨. મોક્ષનું મૂળ અને નરકનું મૂળ અલગ અલગ છે. મોક્ષ શુભ સ્થાનમાં રહ્યો છે અને નરકને અશુભ સ્થાન કહ્યું છે. ૩. મોક્ષના જેટલા મૂળ છે તે બધા નિર્ભય રહ્યા છે. અને તે એક પણ મૂળ નીતિ વગરનું નથી. તે નિર્ભય નીતિમય મોક્ષના મૂળનું ફળ તો સુખ સુખ જ રહ્યું છે. ૪.

⁕ વિષયની મજા મોતની સજા છે :

ચોપાઈ :

अधर्म अनीति नर्क रहेउ इनके, मूर रहाये जितने तिनके;
दुःख भय असुख उद्वेग ताके, विविध फल एसे रहे वाके...०५

हरि से दूर रहत जिहाँ लगहू, विषय सुख हित तिहाँ लगहू;
दुःख सहत कोउ वार न पारा, तामें तोउ मानत रहे सारा...०६
मोह ईनके नाम रहाये, मूर्तिमान दीने देखाये;
ओर बात में रुचि अपारा, हरि भजवे न रुचि लगारा...०७
मूर्तिमान पाप यह रहेऊ, परम मित्र मानत रहे तेऊ;
जब द्विज कु एसे भये ज्ञाना, हरि भजवे में रूचि रहाना...०८

અધર્મ અને અનીતિનું ફળ નરક છે. અને તેના જેટલા મૂળ રહ્યા છે તે બધામાં દુઃખ, ભય, અસુખ અને ઉદ્‌વેગરૂપી વિવિધ પ્રકારનાં ફળ રહ્યા છે. ૫. જીવ જ્યાં સુધી ભગવાનથી દૂર રહે છે ત્યાં સુધી વિષયનાં સુખને માટે તે અપાર દુઃખને સહન કરે છે. અને દુઃખ આવે છે છતાં તે વિષયમાં સાર માને છે. ૬. દુઃખથી ભરેલાં વિષયનું નામ જ મોહ કહેવાય છે અને તે મૂર્તિમાન જ દેખાય છે. તેથી જીવને બીજી બાબતમાં અપાર રુચિ થાય છે, પણ ભગવાન ભજવામાં લગારેય રુચિ થાતી નથી. ૭. વિષયને જીવ જ્યાં સુધી પરમ મિત્ર માને છે ત્યાં સુધી તે મૂર્તિમાન પાપ રહ્યું છે. જ્યારે દ્વિજ સોમશર્માને આવું જ્ઞાન થયું ત્યારે તેને ભગવાન ભજવામાં રુચિ ઉત્પન્ન થઈ. ૮.

જેટલા માયિક સંબંધ છે તે બધાને તેણે દુઃખનું મૂળ જાણ્યા. અને તે માયિક સંબંધમાં જેટલી રુચિ રહે છે તે તેને દુઃખમય દેખાવા લાગી. ૯. પછી તે દ્વિજ ભગવાન સંબંધી જેટલી વાત છે તેમાં ઘણું સુખ માનવા લાગ્યા. કારણ કે, **ભગવાન સંબંધી વાત તો બ્રહ્મરૂપ અને નિર્ગુણ છે.** ૧૦. જ્યાં સુધી વિપરીત ગ્રંથોને સાંભળીને ભગવાન સંબંધી વાતમાં માયા દેખાય છે ત્યાં સુધી તે પ્રાણી સંસારમાં ભટકતો રહે છે. બંધન અને મોક્ષ સમજણમાં રહ્યા છે. ૧૧. ભગવાનના સ્વરૂપમાં જેટલું સુખ મનાય છે તેટલો તે બંધનથી છૂટી જાય છે. અને ભગવાન સિવાયના અન્ય વિષયમાં જે જેટલું સુખ દેખતો રહે છે તેટલું તેને દુઃખ આવે છે. ૧૨.

તે સોમશર્મા દ્વિજને જ્યારે આવું દૃઢ જ્ઞાન થયું ત્યારે તેણે મૂર્તિમાન ભવબંધન જોયું. ૧૩. જે ગ્રંથમાં ભગવાનની મૂર્તિ, વર્ણાશ્રમનો ધર્મ, તીર્થ,

વ્રત, જપ તથા તપનું ખંડન કરેલું હોય, વળી શુભયજ્ઞ, બ્રાહ્મણ અને સંતો, આવી અપાર વાતોનું જેમાં ખંડન હોય તે બધાને વિપરીત શાસ્ત્ર કહેવાય છે. ૧૪-૧૫. તે દ્વિજને સદ્‌ગુરુના યોગથી જેટલી સત્ય વાત છે તેનું દૃઢ જ્ઞાન થયું. પછી જેટલી મિથ્યા વાત હતી તેનો તેણે મળની માફક ત્યાગ કર્યો. ૧૬. સહુથી વધારે તો તેને ભગવાનની મૂર્તિ સમજવામાં દૃઢતા આવી. પછી ઉદ્ધવજીએ ઘણા પ્રેમભાવથી તેને અષ્ટાક્ષર મંત્રનો જપ કહ્યો. જે અષ્ટાક્ષર મંત્ર શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવજીને આપ્યો હતો. તે મંત્રનો જપ કરનારાને કાળ, માયા કે બીજો કોઈ જાતનો ભય રહેતો નથી. ૧૭-૧૮.

અષ્ટાક્ષર મંત્ર એવો પ્રભાવશાળી છે કે તે જપ કરનારા લોકોનો તરત મોક્ષ કરે છે. પછી ૧.નિત્યાનિત્યવસ્તુવિવેક, ૨. શમ દમ ઉપરતિ તિતિક્ષા શ્રદ્ધા સમાધાન ષટ્ સમ્પતિ, ૩. ઈહામુત્રફલભોગવિરાગઃ, ૪. મુમુક્ષુત્વ આ ચાર સાધન ચતુષ્ટકનું મનન કરવાનું કહ્યું. અને કઠવલ્લી ઉપનિષદ પણ સંભળાવ્યું. ૧૯. સોમશર્માને ઉદ્ધવજીનાં વચનથી બધી ભ્રાંતિ ટળી ગઈ અને દિલમાં સુદૃઢ શાંતિ થઈ. પછી મહાપુરુષની આપેલી મહાવિદ્યાને હૃદયમાં ધારીને તે મૂર્તિનું નિત્ય ચિંતવન કરવા લાગ્યા. ૨૦.

તેથી તેણે પોતાના હૃદયાકાશમાં કરોડો કરોડ સૂર્યના જેવું તેજ દેખ્યું. અને તે ચિદ્‌ઘન તેજમાં ગોલોકધામ દેખીને દ્વિજ સોમશર્મા શોક રહિત થયા. ૨૧. ગોલોકધામમાં રાધા ઈત્યાદિક ગોપીઓના ગણની સાથે મનમોહન શ્રીકૃષ્ણ રાસ રમતા હોય તેવાં દર્શન થયાં. તે પછી લક્ષ્મીજીએ સેવેલા ભગવાન નારાયણના વૈકુંઠધામમાં દર્શન થયાં અને મનમાં ઘણો પ્રકાશ થયો. ૨૨. તે પછી અનંત તેજોમય એવા શ્વેતદ્વીપધામમાં મુક્તોએ સહિત ભગવાન વાસુદેવનાં દર્શન થયાં. અને તે પછી અનુપમ બ્રહ્મપુરધામમાં દિવ્યસ્વરૂપે ભગવાન પુરુષોત્તમનારાયણનાં દર્શન થયાં. ૨૩. જ્યારે પરમાત્માનાં દર્શન થયાં ત્યારે હૃદયમાં અત્યંત સુખ છવાઈ ગયું. ભગવાન અને ભગવાનના મુક્તોની સાથે જ્યારે ધામનાં દર્શન થયાં ત્યારે હૃદયમાં અદ્‌ભુત આરામ થયો; જે લખી શકાય તેમ નથી. ૨૪.

પછી તે ભગવાનના સ્વરૂપમાં નિમગ્ન રહેવા લાગ્યા. જેટલાં વિઘ્ન હતાં તે બધાને દૂર કરી દીધાં. અને તે સોમશર્મા દ્વિજ પરમાત્માનાં દર્શન કરીને ઘણા આનંદિત અને ઉત્સાહિત થયા. ૨૫. નિર્મળ અને આત્મસુખે સુખિયા તે સોમશર્માએ જગતને વિસારી દીધું. તેણે પોતાનું આત્માનંદ એવું નામ રાખ્યું અને પછી બે હાથ જોડીને ઉદ્ધવજી આગળ તે બોલ્યા કે, તમે મારી બધી ઈચ્છાઓને સંપૂર્ણ કરી છે. ૨૬. હે ગુરુરાય ઉદ્ધવ ! આપના અનુગ્રહથી મને આ મનુષ્યદેહનું ફળ મળી ગયું છે. હવે પછી મારે શું કરવું જોઈએ ? તેવી મને આજ્ઞા કરો. જેનાથી ભગવાન નારાયણ મારા ઉપર પ્રસન્ન થાય. ૨૭. ત્યારે કરુણાથી યુક્ત થયેલા ઉદ્ધવજીએ હસીને તે દ્વિજવર આત્માનંદની આગળ અમૃતરસથી ભરેલું નિર્મળ વચન કહ્યું. ૨૮.

મેં તમને જે સર્વોત્તમ ભાગવતધર્મ કહ્યો છે તેને મન, વચનથી દૃઢ કરી રાખજો. તેનાથી તમારા ઉપર ભગવાન રાજી થાશે. મથુરા, વૃંદાવન, દ્વારકા, અયોધ્યા અને જગન્નાથપુરી ઈત્યાદિક ઉત્તમ પુણ્યક્ષેત્રમાં જઈને ફરો. અને ભાગવત ધર્મનો વિસ્તાર કરો. તેનાથી ભગવાન તમારા ઉપર તત્કાળ પ્રસન્ન થશે. ૨૯-૩૧. હે હરિને પ્યારા ! જેણે કરીને ભગવાનમાં પ્રીતિ ઉત્પન્ન થાય એવા ધર્મ, ભક્તિ અને મોક્ષની સનાતન રીતિ મારાં વચન અનુસાર આ ભૂમિ ઉપર સહુને શીખવજો, પ્રગટ કરજો. ૩૨. મારા દ્વારાએ તમને જેવી સિદ્ધિ મળી છે તેવી તમારા શિષ્યોને પણ મળશે. તમારી સંપ્રદાય પરંપરા શુભ થશે. સંપ્રદાયમાં રહેનારા સહુને તમારા જેવી સ્થિતિ થાય એવા મારા(ઉદ્ધવજીના) આશીર્વાદ છે. ૩૩.

હે મુનિ ! તમને દુર્લભ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તે એક ભગવાનનું જ કર્તવ્ય છે તેમ મને ભાસે છે. તમારી અને તમારા શિષ્યોની જે સેવા કરશે તે નિષ્કપટી શિષ્ય તમારા તુલ્ય થશે. ૩૪. ધર્મની પ્રવૃત્તિ કરનારા તમારા શિષ્યની શુદ્ધ પરંપરા વિશાળ ચાલશે. તે શુદ્ધ પરંપરાનો જે દ્વેષ કરશે તે કોઈ પણ લોકો હશે, વર્ણાશ્રમી કે રાજા, તેનો વંશ સમૂળો નાશ પામશે

અને સંતો-હરિભક્તોનો જે દ્રોહ કરશે તેવા દ્રોહીનો નાશ કરે તેવો કોઈ એક રાજા થાશે. ૩૫-૩૬. જે કોઈ પણ સુજ્ઞમનુષ્ય તમારા શિષ્યને અત્યંત ભક્તિભાવથી પ્રેમપૂર્વક પૂજશે તો તે રાજ્ય, સમૃદ્ધિ, અશ્વ ઈત્યાદિક અનેક પ્રકારનાં વાહન અને ધન પામશે અને અંતે મોક્ષને પણ પામશે. ૩૭.

ઉદ્ધવજીની આશીર્વાદરૂપ શુભ વાણીને દિલમાં ધારીને તે આત્માનંદ મુનિએ તેમને શ્રીકૃષ્ણના સમાન સમજીને પ્રણામ કર્યા. પછી ઉદ્ધવજીની આજ્ઞાને માથે ચડાવીને ફરતા ફરતા તે સોમશર્મા મથુરામાં આવ્યા. ૩૮. કૌપીન, આચ્છાદન વસ્ત્ર, કંથા અને વલ્કલ, તે બધા પરમપદનો માર્ગ છે. ઊર્ધ્વપુંડ્ર અને કંઠમાં પહેરેલી તુલસીની કંઠી અત્યંત સુશોભિત લાગતી હતી. ૩૯. પરમપવિત્ર આત્માનંદમુનિ મથુરામાં શુભ ચિત્તથી રોજ શ્રીકૃષ્ણ ભગવાનની સેવા-પૂજા કરતા હતા. અને જે કોઈ પોતાને આશરે આવે તેવા મુમુક્ષુઓને બ્રહ્મરૂપ કરી દેતા હતા. ૪૦. આમ તીર્થ કરતા ફરતા ફરતા તેઓ દ્વારકાપુરી આવ્યા. અને તે સમયે તેઓ ભાગવતધર્મની શુભ વાતો કહેતા હતા. ૪૧.

તે સ્થળે શ્રીકૃષ્ણ ભગવાનની સુંદર રૂપાળી અનુપમ મૂર્તિ છે, જે કરોડો કરોડ કામદેવના ગર્વને હરે તેવી સુંદર રૂપાળી છે. ૪૨. પછી ત્યાંથી સમુદ્રકિનારાના મંદિર દેખીને જે ઠેકાણે ગોપેશ્વર(ગોપનાથ મહાદેવ) વિરાજતા હતા, ત્યાં ઘણા ભગવાનના બળવાળા તે આત્માનંદમુનિ સ્થિર મન કરીને કાયમ રહ્યા. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ઉદ્ધવજી પાસેથી શિક્ષા, દીક્ષા ગ્રહણ કરીને આત્માનંદ મુનિ તીર્થોમાં આવ્યા" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥



પૂર વીશમું : તરંગ - ૧૩

ગોપી ભટ્ટે પ્રથમ આત્માનંદથી બીજા આત્માનંદસ્વામી સુધીની પરંપરા કહી

વળી, આત્માનંદમુનિએ ગોપી ભટ્ટને જે વાત કરી હતી તે વાત તેણે શ્રીહરિ આગળ કહી. ૧. તે પ્રથમ આત્માનંદમુનિના ત્યાગીમાં મુખ્ય શિષ્ય ગોવિંદાનંદમુનિ થયા. તેઓ આત્માનંદમુનિના જેવા જ સમાધિનિષ્ઠ થયા હતા. (અને ગૃહસ્થમાં તેમના મુખ્ય શિષ્ય નરસિંહ મહેતા હતા.) ૨. ગોવિંદાનંદમુનિના શિષ્ય આનંદાનંદમુનિ થયા. તે પણ ગુરુના જેવા જ સમાધિનિષ્ઠ હતા. તેમનો પ્રતાપ ઘણો અમાપ હતો. ૩. તે આનંદ મુનિના શિષ્ય ગોપાળાનંદમુનિ થયા અને પરંપરાથી ગોપનાથમાં રહેતા તે ગોપાળાનંદમુનિના શિષ્ય બીજા આત્માનંદમુનિ થયા હતા. (જે ગોપી ભટ્ટના પિતા વિશ્વંભર ભટ્ટ હતા.) ૪.

❋ જેવી સમજણ હોય તેવો મોક્ષ થાય :

તે બધા ઉદ્ધવજીનાં વચનને પ્રતાપે સમાધિનિષ્ઠ થયા હતા. જેને શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રતાપ જેવો દેખવામાં આવ્યો તેવા તે પ્રતાપમાં તે બધા તલ્લીન રહેતા હતા અને જેવી રુચિ હતી તેવા સમર્થ થયા. શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં કોઈ ભેદ નથી, પણ તેમના જ્ઞાનાચાર્યની સમજણમાં અપાર ભેદ હોય છે. (આ પરંપરામાં અમુક મહંતો ભગવાનને નિરાકાર સમજતા હતા. તેથી અહિં કહ્યું છે કે જ્ઞાનાચાર્યોની સમજણમાં ભેદ હોય છે.) ૫-૬. શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રતાપ સમજવામાં આચાર્યો એક રુચિના હોતા નથી. તેઓ પોતપોતાના શિષ્યોને પોતાની રુચિ પ્રમાણે વર્તાવે છે. ૭.

ચોપાઈ :

रुचि सम मोक्ष होत रहे ताके, रुचि सम धाम हि पावत वाके;
ज्ञानाचार्य की रुचि रहे जेसे, भगवान के धाम रहाये तेसे...०८
रुचि तेसे धाम जो तामें, रहत हे रुचि जिहाँ लग यामें;
रुचि तेसे तन धरत रहाते, समरथ होत कहे न जाते...०९

જેની જેવી રુચિ હોય છે તેવો તેનો મોક્ષ થાય છે અને રુચિ પ્રમાણે જ ધામને પામે છે. તે જ્ઞાનના આચાર્યની જેવી રુચિ હોય છે તેવું જ તેમને માટે ભગવાનનું ધામ રહે છે. ૮. તે રુચિ પ્રમાણેના ધામમાં જ્યાં સુધી રુચિ હોય ત્યાં સુધી રહે છે. અને ધામમાં પોતાની ઈચ્છા પ્રમાણે શરીર ધારતા રહે છે. તેઓ એટલા સમર્થ હોય છે કે તે કહી શકાતું નથી. ૯. **કોઈને પરબ્રહ્મ ભગવાનનું જ્ઞાન સાગરના સમાન અપાર હોય, તોપણ તે અલ્પ જ છે. ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન, એ ચાર પરબ્રહ્મને મેળવવા માટેનું દ્વાર ગણાય છે. ૧૦.**

તે કહેલા ચાર દ્વાર સિવાય મનુષ્ય પરબ્રહ્મને ક્યારેય પામી શકતો નથી. જ્ઞાનના આચાર્ય જે રીતના હોય છે તે રીતનું પરબ્રહ્મનું જ્ઞાન આશ્રિત જનોને દેતા રહે છે. અને લોકોના અજ્ઞાનને દૂર કરાવે છે. જે જ્ઞાનાચાર્યો કહેવાય છે તેમની રુચિ પણ ભિન્ન ભિન્ન હોય છે. ૧૧-૧૨. તે બધા આચાર્યની જેવી રુચિ હોય તે પ્રમાણે જ ધ્યાન અને તે પ્રમાણે જ જ્ઞાન કરતા રહે છે અને એ જ પ્રમાણે ધર્મ અને ભક્તિ પ્રવર્તતા રહે છે. ૧૩. ભગવાનનું સ્મરણ, કીર્તન અને શાસ્ત્ર, તે બધા રુચિને અનુસારે પ્રવર્તે છે. ખાન, પાન, વાહન, વસ્ત્ર અને સ્થાન પણ રુચિ પ્રમાણે જ નિર્ધારિત થાય છે. ૧૪.

જે રીતની રુચિ હોય તે રીતે જ પોતાના ઈષ્ટદેવને માને છે. ચિત્તમાં જો રુચિ ન હોય તો જ્ઞાની માણસનું મન પણ તેમાં ચોંટતું નથી. ૧૫. ભગવાનની જેવી રુચિ હોય છે તે રીતે બધા સદ્‌ગ્રંથોમાં લખે છે. અને તે પ્રમાણે જે ચાલે છે તે જ્ઞાનાચાર્ય શ્રેષ્ઠ છે. ૧૬. ભગવાનની રુચિ પ્રમાણે આ બુદ્ધિશાળી જ્ઞાની ચાલે છે. અને તેવા જ્ઞાનીના જેટલાં વચન છે તે મૂર્તિમાન વેદના જેવા રહ્યા છે. ૧૭. આવા જે જ્ઞાનાચાર્યો છે તેને ભગવાન પોતાના સમાન માને છે, છતાં જે જેટલા રૂડી બુદ્ધિવાળા છે તે તેટલી ભગવાનની રુચિને જાણે છે. અને તે આચાર્યો પોતાનાં સ્વરૂપને શુદ્ધ બ્રહ્મરૂપ માનીને પરબ્રહ્મની દાસભાવે નવધા ભક્તિ કરતા રહે છે. ૧૮-૧૯. તે જ્ઞાનાચાર્ય પોતાના ઈન્દ્રિયોની બધી ક્રિયાને નવધા ભક્તિમાં રાખે છે. અને જેટલા અંતઃકરણ કહેવાય છે તે બધાને પણ નવ પ્રકારની ભક્તિમાં જોડી રાખે છે. ૨૦.

આવા જેટલા જ્ઞાનાચાર્યો છે તે બધા પુરુષોત્તમરૂપ છે. તેઓ પ્રાકૃત લોકોની જેમ અભ્યાસ કરે છે અને તે અભ્યાસે કરીને બધું જગત તેને તેવા નામ ધરાવે છે. અને જેવો અભ્યાસ હોય છે તે પ્રમાણે કહે છે, પરંતુ તે પરબ્રહ્મની ભક્તિમાં જ તત્પર હોય છે. અને તેથી તે પુરુષોત્તમરૂપ થવા છતાં પરબ્રહ્મનો ભક્ત જ કહેવાય છે. ૨૧-૨૨.

चोपाई :

परब्रह्म महासिंधु तामें, महारस जेहि मानत यामें;
ताकु अवर रस ही जितना, स्वादु कछु न लगत तितना...२३
ताके सुख जानत रहे तेहा, ओर नहि जानत कोउ केहा;
जाकी समझ रहे जिस रीता, बडे कु कहत रहे तिस रीता...२४

પરબ્રહ્મનાં સ્વરૂપરૂપી મહાસાગરમાં જે મહારસ માને છે તેને બીજા જેટલા રસ છે તે જરાય સ્વાદુ લાગતા નથી. ૨૩. પછી તેઓ પરબ્રહ્મના સુખને જ જાણે છે. બીજાં કોઈનાં સુખને જાણતા નથી. જેની જેવી સમજણ હોય તેને તે સમજણ પ્રમાણે બીજા બધા મોટા કહેતા રહે છે. ૨૪. જેમાં જેટલી મોટાઈ છે તે ઘટાડી ઘટતી નથી, અને જે ઘટાડવા જાય છે તે સ્વયં ઘટી જાય છે; આવી વાસ્તવિકતા ભરી વાત છે. ૨૫. જે વ્યક્તિને જેની કૃપાથી સિદ્ધગતિ પ્રાપ્ત થઈ હોય તે વાતને કોઈ માણસ છુપાવવા પ્રયત્ન કરે છે તો તે પોતે જ છુપાઈ જાય છે. ૨૬.

જેનાથી જે જેટલી મોટાઈ પામ્યા હોય તેટલી તેની કૃપા જે સમજે છે તો તે કૃપા જ તેને પ્રસિદ્ધ કરે છે. ૨૭. જેના પ્રતાપથી જે આગળ વધ્યો હોય તે જો કૃતજ્ઞ રહે છે તો તેનો પ્રતાપ શુક્લ પક્ષના ચંદ્રની જેમ દિનપ્રતિદિન વધતો જ રહે છે. ૨૮. શ્રીકૃષ્ણ ભગવાન તો ગુરુઓના પણ ગુરુ રહ્યા છે. તેનાથી ઉપરવટ કોઈ ગુરુ નથી. આવા શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે. ૨૯. શ્રીકૃષ્ણ ભગવાનની બાબતમાં જે જે વાત કહેવાય છે તે ઘણી બધી અલૌકિક અને આશ્ચર્યકારી છે અને શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિમાં ઘણી અલૌકિક કળાઓ રહી છે. ૩૦.

તે ભગવાનના સ્વરૂપના ધ્યાનની સ્થિતિ અનંત પ્રકારની રહી છે. ભગવાનના સ્વરૂપમાં એવી અપાર કળાઓ રહી છે કે ભવ અને બ્રહ્મા પણ તેનો પાર પામી શકતા નથી. ૩૧. વૃંદાવનમાં રાસલીલાના પ્રસંગમાં કોઈ ગોપી શ્રીકૃષ્ણના ધ્યાનમાં એવી સ્થિતિએ પહોંચી કે, તે પોતાને શ્રીકૃષ્ણરૂપ માનીને, મેં પૂતનાને મારી છે એમ બોલતી હતી. ૩૨. શ્રીકૃષ્ણ ભગવાને જે જે ચરિત્રો કર્યાં હતાં તેને ગોપીઓ પોતાનાં ધ્યાનમાં અનુભવીને હું કૃષ્ણરૂપ છું અને મેં આ કર્યું છે તેવી તેમને સ્ફુરણા થવા લાગી. શ્રીકૃષ્ણની કળાઓ તો આવી અદ્‌ભુત છે. ૩૩. શ્રીકૃષ્ણ ભગવાનની યોગકળા તો અનેક પ્રકારની હોય છે. કોઈ યોગી તેમનું ધ્યાન કરે તો તેને આત્માના સાક્ષીપણે તેજના રૂપમાં દેખે છે. ૩૪.

શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને જે રીતે પોતાનું તેજોમય વિરાટ સ્વરૂપ દેખાડ્યું હતું તે રીતે યોગીને પણ બતાવે છે. આ જે આત્માનંદમુનિ હતા તે જ્યારે ધ્યાનમાં બેસતા હતા ત્યારે અપરંપાર તેજને દેખતા હતા. અને તેમાં અપાર સુખ અનુભવતા હતા. તેઓ પિંડ અને બ્રહ્માંડમાં જે છ ચક્ર છે તેને દેખતા હતા. ૩૫-૩૬. છ ચક્રો અને તેની જે રીતે રચના હોય તેની તેવી જ બધી વાત તેઓ કરતા અને તેમાં જ આનંદિત રહેતા હતા. એ ભગવાનની કળા છે. ૩૭. આપના ગુરુ જે રામાનંદસ્વામી હતા તેઓને પણ આ બીજા આત્માનંદસ્વામીનો સમાગમ થયો હતો. ૩૮.

આત્માનંદમુનિ અને રામાનંદસ્વામીની ધ્યાન બાબતમાં પરસ્પર રુચિ મળી નહિ. કેમ જે, રામાનંદસ્વામી રામાનુજાચાર્ય થયા તેમના સિદ્ધાંતમાં રુચિ રાખતા હતા. ૩૯. ગોપી ભટ્ટે કહ્યું, 'આત્માનંદસ્વામીએ મને જેટલી વાત કહી હતી તે મેં આપની આગળ સ્પષ્ટ કહી છે. આપ તો પરમેશ્વર છો એટલે બધું જ જાણો છો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ગોપી ભટ્ટે પ્રથમ આત્માનંદથી બીજા આત્માનંદ સુધીની પરંપરા કહી" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥



પૂર વીશમું : તરંગ - ૧૪

સાચું જ્ઞાન અને ભગવાનના આશ્રય સિવાય બધી બાબતને નિરર્થક કહી

ગોપી ભટ્ટે જે વાત કહી તેને શ્રીહરિએ પ્રેમથી સાંભળી. પછી તે સમયે પ્રસન્ન થઈને તેમને ઘણી જાતની પહેરામણી આપી. ૧. અશ્વનું દાન આપ્યું, રહેવાનું મકાન કરાવી દીધું અને સમર્થ સંતપુરુષના પુત્ર માનીને પોતાના ગોર કરીને સ્થાપ્યા. ૨. આત્માનંદસ્વામીના જેટલા શિષ્યો હતા તે તેમનામાં સાધુતારૂપ ચમત્કાર દેખીને તેમને ઈશ્વર જાણીને પૂજતા રહ્યા હતા. ૩. તે શિષ્યોને આ આપણા ગુરુ છે તે ઈશ્વર છે; એવો જ્યારે દૃઢ વિશ્વાસ આવ્યો, ત્યારે આત્માનંદસ્વામી પણ શિષ્યોને સત્પાત્ર દેખીને ઐશ્વર્યરૂપ ચમત્કાર બતાવતા હતા. ૪.

❋ આસ્તિકતા સુખનું મૂળ છે :

જે ખળ મનુષ્યો હતા તે ચમત્કારની રાહ દેખતા રહેતા, પણ આત્માનંદસ્વામી તેને કાંઈ પ્રતાપ દેખાડતા નહિ. કોઈ પોતાને ઈશ્વર માને કે ન માને તેનો, તેમનાં મનમાં લેશમાત્ર પણ ખપ હતો નહિ. ૫. જેઓ આત્મસુખથી સુખી રહેતા હોય, તેઓ બ્રહ્માંડનાં જેટલાં સુખ છે તેને નાશવંત દેખતા હોય છે. જગતનાં સુખમાં લેશમાત્ર પણ સુખ દેખતા નથી. ૬.

તેઓ ચાર પ્રકારના પ્રલયને જ્ઞાનદૃષ્ટિથી દેખતા રહે છે. અને જ્ઞાનમાર્ગમાં બંધન અને મોક્ષની જેટલી વાત છે તે ભરી હોય છે. ૭. જ્ઞાનમાર્ગ બહુ પ્રકારનો હોય છે. તેનો કોઈ એક નિર્ધાર હોતો નથી. જેટલા જ્ઞાનમાર્ગના આચાર્ય થયા છે તેઓ પોતપોતાની રુચિ પ્રમાણે, ૮.

चोपाई :

ज्ञान मारग देखाये ताई, यामें कहे न दोष रहाई;
आस्तिक नास्तिक मारग दोऊ, ब्रह्मांड होत तब होवत जोऊ...०९
आस्तिक मारग चलत जन जेता, सुख के फल कु पावत तेता;
आस्तिक मग सुख फल के रहाते, सबुद्धि ताकु देखन में आते...१०

दुर्बुद्धि देखत रहे जदपी, आस्तिक मारग न चल हि तदपी;
जीय में बिज रहाये जेसे, मारग में रुचि होत तेहि तेसे...११

જ્ઞાનમાર્ગને દેખતા હતા અને તેમાં કોઈ દોષ નથી એમ કહેતા હતા. આસ્તિક અને નાસ્તિક, એ બંને માર્ગ જ્યારે બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પન્ન થાય છે. ૯. જેટલા લોકો આસ્તિક માર્ગે ચાલતા હોય છે તેટલું તે સુખરૂપ ફળ પામે છે. કારણ કે આસ્તિક માર્ગ સુખરૂપ ફળ મેળવવાનો છે. તે સદ્‌બુદ્ધિવાળાને દેખાય આવે છે. ૧૦. જોકે કુબુદ્ધિવાળા દેખતા હોય છે, છતાં તે આસ્તિકને માર્ગે ચાલતા નથી. જેના જીવમાં જેવું બીજ હોય છે તેને તેવા માર્ગમાં ચાલવાની રુચિ થાય છે. ૧૧. આસ્તિક અથવા તો નાસ્તિક માર્ગમાં જે રુચિ છે તેને ઓળખવાથી તેનાં દિલમાં રહેલું બીજ જોઈ શકાય છે. અહિં ધર્મસર્ગ અને અધર્મસર્ગવાળા લોકો ઉત્પન્ન થતા જ રહે છે. ૧૨.

જે ધર્મસર્ગના લોકો હોય છે તે બધાની રુચિ આસ્તિક માર્ગે ચાલવાની દેખાય છે. ૧૩. આસ્તિક મનુષ્યોના સમુદાયમાં કદાચ નાસ્તિક મનુષ્યદેહ ધરે છે, તો તે નાસ્તિક મનુષ્યના સમૂહમાં પણ આસ્તિક થઈને જ રહે છે. ૧૪. ચાહે તેવા નાસ્તિકના સમૂહમાં જે દેહ ધારે છે પણ તે જ્યારે આસ્તિકના માર્ગમાં જ ચાલે છે ત્યારે આસ્તિક થાય છે. ૧૫. ઘણો સારો આસ્તિકનો સમૂહ હોય અને તેમાં જે દેહ ધારીને રહેતો હોય, પણ તે જ્યારે નાસ્તિકના માર્ગે ચાલે છે ત્યારે તે અપાર નાસ્તિક થઈ જાય છે. ૧૬.

જે મનુષ્ય જેવા માર્ગે ચાલે છે તે માર્ગના જેવું તેનું નામ થાય છે. અને તેનું સુખરૂપ કે દુઃખરૂપ ફળ તે જેવા માર્ગે ચાલ્યો હોય તેવું તેને મળે છે. ૧૭. શ્રીહરિ આ રીતની ઘણી વાતો કરતા હતા. જેટલી મને યાદ રહી છે તેટલી હું કહું છું. શ્રીહરિના વર્ણી, સંન્યાસી અને પરમહંસો જે હતા તે તો અપાર હતા. ૧૮. શ્રીહરિના બાઈ-ભાઈ જે અપાર હરિભક્તો હતા તે ચારે વર્ણમાં નિર્ધારિત હતા. અને ચાર ધામની અંદર તેઓ રહેતા હતા અને તે બધા પ્રગટ શ્રીહરિનાં દર્શન કરવા આવતા

હતા. ૧૯. તેમાં જે ભક્તને શ્રીહરિનાં જેવાં દર્શન થયાં હતાં તે યાદ રાખીને તે રીતે વાત કહેતા હતા. તે સહુ હરિભક્તોની વાતને લખીએ તો તેનો કહેતા કોઈ પાર આવતો નથી. ૨૦.

ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાતને શ્રીહરિ જાણતા હતા. તે જેવો દેશકાળ દેખે તે રીતે સત્સંગમાં વર્ણી, સંત અને હરિભક્તોનાં વર્તનમાં ફેરફાર કરતા રહેતા હતા. શ્રીહરિ જે વર્તમાન ફેરવતા તેમાં કેટલીક આવશ્યક વાત રહી હોય છે. ૨૧-૨૨. જે હરિભક્તોને શ્રીહરિમાં વિશ્વાસ હતો તે બધા તે ફેરવેલા વ્રતમાનનાં અલૌકિક ફળને સમજતા હતા. અને જે હરિભક્તોને શ્રીહરિનો વિશ્વાસ ન હતો તે તો કુસંગી કહેવાતા હતા. ૨૩. પછી શ્રીહરિએ વારેવારે બદલાવેલા નવીન વ્રતમાનોને દેખીને તેવા બુદ્ધિહીન લોકો હાંસી કરતા હતા, પણ જેને શ્રીહરિમાં વિશ્વાસ રહ્યો હતો તેવા હરિભક્તો તો પરમ ઉમંગથી તેમાં રહેતા હતા. ૨૪.

જ્યારે આ દેશમાં નીતિવાળા રાજાનું શુભ રાજ્ય થયું ત્યારે શ્રીહરિએ પરમહંસની રીતમાં દુઃખદાયક એવા ઘણા દોષ દેખ્યા. ૨૫. આ કળિયુગમાં દુનિયાના જેટલા પરમહંસો, આત્મનિષ્ઠ થઈને રહેતા હોય, છતાં કેટલીક જાતના દુરાચાર કરતા હોય છે. ૨૬. તેઓ એકલા ફરતા રહે છે. જેટલા વિધિ નિષેધ છે તે બધાને તજી દે છે. પછી જે વાતનો નિષેધ કર્યો હોય તેને કોન પાળે ? અર્થાત્ કોઈ પાળતા નથી. ૨૭. પોતે બ્રહ્મરૂપ બની બેઠા હોય, પછી ચાહે તેવી ક્રિયા કરે છે, જે પોતાને મહાન સિદ્ધ કહેતા હોય તેને પછી નિષિદ્ધ કર્મથી કોણ રોકે ? ૨૮.

જે વધારે પડતા દુર્બુદ્ધિવાળા હોય તે પોતે સિદ્ધ થઈને પૂજાવાને માટે પહેરેલી કૌપીનનો પણ ત્યાગ કરી દે છે. અને પશુની જેમ દિગંબર થઈને ફરતાં રહે છે. ૨૯. જગતનાં હિત માટે એક અલફી પહેરી રાખે છે. તે સિવાયના બધા પદાર્થનો ત્યાગ કરે છે. મૌનવ્રત રાખી જગતમાં ફરતાં રહે છે. તેમાં બધી જ સિદ્ધિઓ આવીને રહે એવું માને છે. ૩૦. કોઈ ચાહે તેવો તિરસ્કાર કરે, તોપણ તેના ઉપર લેશમાત્ર તેઓ દ્વેષ રાખતા નથી. અને જે

બ્રાહ્મણ જાતિના લોકો કહેવાય છે, તે બધા આવા પરમહંસ સંન્યાસીઓને અધિક ઈષ્ટનાં રૂપમાં માને છે. તે પરમહંસોમાં ક્યારેય દોષ દેખતા નથી. તેને તો મન, કર્મથી નારાયણનું સ્વરૂપ જ માને છે. ૩૧-૩૨.

પછી તે પરમહંસ ચાહે તેવી ક્રિયા કરતા હોય, તોપણ તે કહે છે કે બ્રહ્મને કોઈ દોષ લાગતો નથી. કેમ જે, પરમહંસો તો શુક-સનકાદિકના જેવા છે, તેમ તે વિપ્રો માને છે. ૩૩. તે વિપ્ર ચાહે તેવો પંડિત હોય, તોપણ પરમહંસને જડભરતના સમાન માને છે. તે શુક-સનકાદિકની રીત કેવી હતી ? તેને દેખતા નથી. ૩૪. વેદ ઈત્યાદિક જેટલાં શાસ્ત્રો છે, તે સાર અને અસાર વસ્તુને દેખવા માટેના છે, પણ તે પરમહંસો તો તેવાં શાસ્ત્રોથી સાર કે અસારને દેખતા નથી, એક પેટ ભરવાનું જ લક્ષ્ય રાખે છે. ૩૫. એક મોક્ષના ખપ વિના તો પુરાણ ગ્રંથોને ભણ્યા હોવા છતાં પણ તે અંધ રહે છે. જે શુક અને સનકાદિક થયા છે તેમની તો અલૌકિક સમજણ હતી. ૩૬.

અલૌકિક સમજણ વિના તો તેમને માત્ર પેટ ભરવાનું જ રહે છે. પણ સ્થાવર જંગમ જગતમાં પેટ કોણ નથી ભરતું ? ૩૭. શ્રીકૃષ્ણ ભગવાનના આશ્રય સિવાયની જે કોઈ પણ વાત છે, તે બધી નિષ્ફળ અને નિર્જીવ જેવી રહી છે. ૩૮. કોઈ મનુષ્ય ચાહે તેવો ચતુર હોય, છતાં શ્રીકૃષ્ણ ભગવાનના સાક્ષાત્ જ્ઞાન સિવાય કલ્પ જેટલો સમય વીતી જાય તોપણ તેનું અજ્ઞાન ટળતું નથી. ૩૯. જેટલા અજ્ઞાની મનુષ્યો છે તે મિથ્યા જ્ઞાનમાં જ લાભ છે, એમ માને છે. પછી ચિંતામણિ જેવા મનુષ્યદેહને અજાણતા જ ખોઈ દે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સાચું જ્ઞાન અને ભગવાનના આશ્રય સિવાય બધી બાબતને નિરર્થક કહી" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥



પૂર વીશમું : તરંગ - ૧૫

શ્રીહરિએ સંતોને ભગવાનનો પ્રતાપ, આજ્ઞા અને મરજીનું મહત્ત્વ કહ્યું

શ્રીહરિ સંતોની આગળ એવી વાતો કરતા હતા કે, 'ભગવાનની જ્યાં સુધી ઇચ્છા હશે ત્યાં સુધી અમે આ ભૂમિ ઉપર રહીશું. ૧. જે મોક્ષની રીત અમે પ્રવર્તાવી છે તે રીતને અમે જ્યાં સુધી આ ભૂમિ ઉપર રહ્યા છીએ ત્યાં સુધી તેને અમારા જે આશ્રિતો છે તે લોપી શકે તેમ નથી, તે વાત નિશ્ચિત છે. ૨.

સોરઠા : प्रताप जितना जामें, देखेमें आवत रहे;
धर्म तितना तामें, सहज तेहि वरतत रहत...०३
प्रताप बिन ही जोउ, धर्म रहत नहि ठोर तेहि;
प्रताप जितना सोउ, धर्म हि तितना रहत तिहाँ...०४

જેમાં જેટલો પ્રતાપ જોવામાં આવતો હોય છે, તેટલો તેમાં ધર્મ સહજ ભાવે વર્તતો રહે છે. ૩. પ્રતાપ વગર તો તે સ્થાનમાં ધર્મ રહેતો નથી. જેમાં જેટલો પ્રતાપ હોય છે તેટલો જ ત્યાં ધર્મ રહે છે. ૪. સૂર્ય અને પ્રતાપની પરમ પુનિત રીત એકસરખી જ હોય છે. જ્યાં સુધી સૂર્ય રહ્યો હોય છે ત્યાં સુધી મશાલ કે દીવાની કાંઈ ગણતી નથી. ૫. સૂર્ય સિવાયના ચંદ્ર કે તારાઓ દ્વારા સૂર્યનું કામ થઈ શકતું નથી. અને તેને લીધે જ સૂર્યનો જે પ્રતાપ છે તે અપાર કહેવાય છે. ૬.

જ્યારે રાતનો અધિકાર હોય છે ત્યારે તેમાં તારા, ચંદ્ર, દીવા વગેરે જેનો જેટલો પ્રતાપ હોય છે, તે બધો ઠેકઠેકાણે દેખાઈ આવે છે. પણ જેમ સૂર્યની આગળ રાતનું કાંઈ જોર ચાલતું નથી, તેમ ઈશ્વર આગળ કોઈનુંય જોર ચાલતું નથી. ૭. પરમેશ્વરની આગળ અન્ય કોઈ બાબત પ્રતાપવાળી દેખાતી નથી. સૂર્યમાં જેટલો પ્રતાપ રહ્યો છે તે રાત્રીને લીધે જ દેખાઈ આવે છે. ૮. જેમ રાત વિના સૂર્યનો પ્રતાપ દેખાતો નથી અને ચોર સિવાય શાહુકારનું મૂલ્ય આંકી શકાતું નથી, તેમ અધર્મ વિના જે ધર્મ રહ્યો છે તે યથાર્થરૂપમાં જોવામાં આવતો નથી. ૯. પિત્તળના અભાવમાં શુદ્ધ સોનાનો

પ્રતાપ દેખાતો નથી. જેમાં પ્રતાપ દેખાતો હોય તેના દ્વારા તો આવી અપાર વાતો રહી હોય છે. ૧૦.

જેમાં જેટલો પ્રતાપ રહ્યો હોય છે, તે વાત કરવાથી તેટલો પ્રતાપ દેખાઈ આવે છે. જે કોઈ પણ રાજા હોય છે તે બધા તેની નીતિ દ્વારાએ દેખી શકાય છે. ૧૧. પતિવ્રતા અને વેશ્યા સ્ત્રી વર્તન ઉપરથી બહાર દેખાઈ આવે છે. સાધુ અને અસાધુ છે, તે પણ વર્તન ઉપરથી દેખાય આવે છે. માટે તે બંનેને ક્યારેય એકસરખી રીતે દેખવા નહિ. ૧૨. સાધુમાં જે સાધુતા રહી હોય છે તે તો તેના વર્તન ઉપરથી યથાર્થરૂપમાં દેખાઈ આવે છે. કારણ કે, વર્તન છે તે જ તેની ખરી પરીક્ષા છે. ૧૩. ભગવાનનો જે ખપ છે તેની રીત એકસરખી હોતી નથી. ખપની પણ અપાર રીતો છે. તે વાત ચોક્કસ છે. ૧૪.

જેવું નાનું મોટું પાત્ર હોય તે તેટલું પાણી ગ્રહણ કરે છે, તેમ જેને જે જાતનો ખપ હોય તે તે રીતે સત્સંગ કરે છે. ૧૫. જ્યારે સારો વરસાદ થાય છે ત્યારે તે પાણીથી આખા તળાવ ભરાઈ જાય છે. અને જો વધારે પાણી હોય તો નદી દ્વારાએ સમુદ્રમાં જતું રહે છે. ૧૬. ભૂમિ ઉપર જેટલી નદીઓ છે તે એકબીજામાં મળીને તે મોટી નદી બને છે. અને તે બધી મોટી નદીઓ સમુદ્રમાં જઈને મળી જાય છે. ૧૭. સમુદ્રનું જેટલું વધારે પાણી હોય છે તેને વડવાનળ શોષી લે છે અને બીજો સૂર્ય પણ શોષે છે. અને તેનાથી જેવી સ્થિતિ હોય છે તે કાયમ રહે છે. ૧૮.

જેની જેવી સ્થિતિ હોય છે તેવી અદલ રીતે ચાલતી રહે છે. પરંપરાથી ચાલી આવતી અસલ વાતને લોપી શકે તેવો કોઈ સમર્થ દેખાતો નથી. ૧૯. ભગવાન અનાદિ છે અને તેમની યોગમાયા પણ અનાદિ અને અપાર છે. તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૨૦.

⁕ જે જેની મરજીમાં રહે તેના ગુણ તેમાં આવે :

चोपाई :

भगवान प्रसन्न होवे जिमी, ताकि मरजि में चलना तीमी;
चले तब भगवान जो तामें, जेसे गुन रहायेउ यामें...२१

तेसे गुन हि सहज स्वभावा, भक्त तामें वरतत रहावा;
भगवान की मरजी अनुसारा, चलना यह सब ग्रंथ के सारा...२२

ભગવાન જે રીતે રાજી થાય તે રીતે તેમની મરજીમાં રહેવું. જો ભગવાનની મરજીમાં રહેવામાં આવે તો ભગવાનમાં જેવા ગુણ રહ્યા છે તેવા ગુણ સહજ સ્વભાવે ભક્તજનમાં પણ આવીને રહે છે. ભગવાનની મરજી અનુસારે ચાલવું તે બધાં જ શાસ્ત્રનો સાર છે. ૨૧-૨૨.

☼ ભક્તોનો મત :

ભગવાનની મરજી સિવાય બીજી અપાર વાતોને કોઈ કરે તેનાથી શું ? જેમ કે, પૃથ્વી ઉપર જે ગાયો છે, વળી જેટલી ધાતુઓ રહી છે. હાથી, ઘોડા જે જે વાહન કહેવાય છે, તે બધા ભૂમિ ઉપર રહ્યા છે. અને જેટલી જાતના ઘી વગેરે રસ, જેટલી જાતનાં ફળ, ફૂલ, મેવા ઈત્યાદિક, તથા અન્ન, વસ્ત્ર જે કાંઈ હોય તે બધું આપે, વળી ભૂમિને સૂવર્ણની કરી વિવિધ પ્રકારનાં ભોજન જમાડી, બ્રાહ્મણને ભૂમિનું દાન આપવામાં આવે, તે દાનના સમાન બીજું કોઈ દાન નથી. તેનું ફળ પણ અપાર છે. દેવતાઓને રાજી કરવાના વિચારથી કોઈ નિત્ય અશ્વમેધ યજ્ઞ કરે, આ બધું ભગવાનની મરજીથી ભગવાનને રીજવવા માટે કરવામાં આવે તો તેનું અપાર ફળ થાય છે. તેમની મરજી વિના જે કરવામાં આવે તે કોઈ લેખામાં આવતું નથી, આવો ભગવાનના ભક્તોનો મત છે. ૨૩-૨૭. **ભગવાનની મરજી વિના અપાર સાધન કરવામાં આવે, તોપણ ભગવાનની મરજી મુજબ કરેલ થોડાં સાધન સમાન પણ ક્યારેય ફળ થતું નથી. ૨૮.**

ઉપર કહી જે સમજણ તેના સિવાયની બીજી અપાર સમજણ હોય અને અપાર સાધન કરો, તોપણ તેનું ફળ ભગવાનની મરજીને સમાન થાતું નથી. ૨૯. ઋષભદેવ ભગવાન આ નવખંડ ભૂમિના રાજા થયા હતા. તેને સો દીકરા હતા. તેમાં સહુથી મોટા ભરત હતા. ૩૦. ભરતે સહિત દસ દીકરાઓ રાજ્ય કરવામાં રાખ્યા. તે સિવાયના નવ દીકરાઓ યોગેશ્વર થયા અને એકાશી પુત્રો વિપ્ર-ઋષિ બન્યા. ૩૧. તે ઋષભદેવ ભગવાન પરમહંસનો માર્ગ દેખાડવાને માટે પોતે મહા અલૌકિક પરમહંસ થયા. ૩૨.

દેહની સ્થિતિનું ભાન ભૂલી ગયા અને આત્મસ્વરૂપમાં નિમગ્ન રહેવા લાગ્યા. આત્મસ્વરૂપની સમાન કે તેથી અધિક બીજું કોઈ સ્વરૂપ તેઓ સમજતા નહિ. ૩૩. તેમણે અનુપમ આત્મસ્વરૂપમાં પરમાત્માનું અંતર્યામી સ્વરૂપ રહ્યું છે. તે બે વસ્તુ જેવી કોઈ વસ્તુને દેખી નહિ; આવી દઢ સ્થિતિ તેમણે ધારણ કરી લીધી. ૩૪. પછી અષ્ટ સિદ્ધિઓ ઋષભદેવ ભગવાનની સેવામાં આવી, પણ તેમણે સ્વીકારી નહિ. **જ્યાં સુધી કોઈ સિદ્ધિમાં સુખ માને છે ત્યાં સુધી તે પરમાત્માથી જુદો છે, એમ જાણવું. ૩૫. જે જે સુખ કહેવાય છે તે બધાનું મૂળ પરમેશ્વર જ છે. આ રીતે જ્યારે પરમાત્માને સમજે છે ત્યારે તે યોગી સિદ્ધ થયો જાણવો. ૩૬.**

જે જે સાધન કરવાના હોય છે તેનો સિદ્ધાંત આટલો જ છે. આવો સિદ્ધાંત પ્રાપ્ત કર્યા સિવાય કોઈ સિદ્ધ કહેવાતા નથી. ૩૭. આ રીતે કહેવું અને શીખવું તે સહજ રહ્યું છે. નાના માણસ પણ તે શીખતા રહે છે. કદાચ કોઈ માણસ કઠણ એવા વેદોને કંઠે કરે, પણ ઉપરોક્ત સિદ્ધાંતરૂપ સમજણ આવવી મુશ્કેલ છે. ૩૮.

सोरठा : तुच्छ बात हि ताके, केफ कितने हि रहेउ;
देख परत न वाके, अज्ञान तम रहे जांहि लग...३९
कोटि कल्प लग ज्ञान, करत रहत अज्ञान तोउ;
लोकालोक समान, गिरि तरु त्रण से ढंक रहत...४०

કેમ જે, તુચ્છ વાતનો પણ માણસનાં મનમાં કેટલો કેફ રહે છે ? માટે જ્યાં સુધી તે અહંકારરૂપ અજ્ઞાનનું અંધારું હોય છે, ત્યાં સુધી પૂરું દેખી શકાતું નથી. ૩૯. જેમ લોકાલોકના જેવો પર્વત હોય તે પણ ઝાડ અને તરણાથી ઢંકાઈ જાય છે, તેમ અહં હોય તો કરોડો કલ્પ સુધી જ્ઞાનની વાતો કર્યા કરે તોપણ અજ્ઞાન રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોને ભગવાનનો પ્રતાપ, આજ્ઞા અને મરજીનું મહત્ત્વ કહ્યું" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર વીશમું : તરંગ - ૧૬

શ્રીહરિએ સત્-અસત્નો વિવેક કહ્યો ને પરમહંસપણું છોડાવીને શિખા, સૂત્ર તથા તિલક વગેરે કરાવ્યા

જેને માટે સંતોએ જગતનાં સુખને પાપરૂપ જાણીને તજી દીધું હતું એવા જ્ઞાનના સાગર પોતે શ્રીહરિ સંતો આગળ ફરી વાત કહેવા લાગ્યા. કેમ જે, વાતે કરીને જ અપાર જ્ઞાન થતું રહે છે. ૧-૨. શ્રોત્ર ઇન્દ્રિય પરમ જ્ઞાનરૂપ છે તેમજ નેત્ર ઇન્દ્રિય પણ પરમ જ્ઞાનરૂપ છે. તે બે સિવાયનું તો બધું અજ્ઞાન જ રહ્યું છે. જ્ઞાન સિવાય કાંઈ યથાર્થ દેખી શકાતું નથી. ૩. અમે જ્યાં સુધી છીએ ત્યાં સુધી તો જેટલો અધર્મ માર્ગ છે તેને દબાવતા રહીએ છીએ. અમારી આગળ અધર્મનું કાંઈ ચાલતું નથી. ૪.

અમે જ્યાં સુધી આ ભૂમિ ઉપર છીએ ત્યાં સુધી અધર્મ ઘણું જોર કરે છે, છતાં તે અધર્મનું લગાર પણ જોર ચાલતું નથી. ૫. જેટલો અધર્મ છે તે અમારી આગળ થરથર ધ્રૂજતો રહે છે. સૂર્યની આગળ ચાહે તેવું અંધારું હોય તોપણ તેનો લેશમાત્ર પ્રતાપ ચાલતો નથી. ૬. જેમ અમૃતની આગળ ચાહે તેવું ઝેર હોય તોપણ તેનો પ્રતાપ ચાલી શકતો નથી. દારૂનો મોટો ઢગલો ભરેલો હોય તેમાં તલભાર જેટલો પણ અગ્નિનો યોગ જો થાય તો તે દારૂનું કાંઈ ઠેકાણું રહેતું નથી, બધો સળગી જાય. અગ્નિનો તેવો સહજ પ્રતાપ છે. જેમાં સહજ પ્રતાપ રહ્યો હોય તેનું કોઈ માપ કરી શકતા નથી. ૭-૮. ચિંતામણિ અને કલ્પવૃક્ષ, તેનાં પ્રતાપનું માપ કોણ કરી શકે ? જે લોકો સર્વ જગતનું હિત ચાહે છે તેટલા આ દુનિયામાં સત્પુરુષો કહેવાય છે. ૯. **જીવોનો આ લોક અને પરલોક સુધારવાનું તાન સત્પુરુષોને હોય છે. સત્પુરુષોને સત્ય વાત ઉપર જ તાન રહે છે. ભલે તે મનુષ્યનાં શરીરમાં હોય તોપણ તે તો ભગવાન જેવા છે. ૧૦.**

આ લોકમાં જીવને જે રીતે સુખ થાય તેવું કરવામાં સત્પુરુષોને તાન રહે છે અને જેટલા અસત્પુરુષો છે, તેઓ તો દુઃખમાં પણ સુખને દેખે છે. ૧૧. જ્યાં સુધી જીવ સત્સંગ કરતો નથી ત્યાં સુધી મનુષ્યનાં જીવનમાં

મોહનું પૂર વહેતું રહે છે. અને જ્યાં સુધી જીવને મોહ રહે છે ત્યાં સુધી અવશ્ય કરવાનું જે કામ છે તે પણ તેને દેખાતું નથી. ૧૨.

❋ વિષય જેવું ભગવાનમાં તાન થાય તો મોહ જાય :

दोहा : सत्संग के जोग बिन, हरि कथा नहीं होत;
हरि की कथा के जोग बिन, मोह का होत न मोत...१३
हरि की बात बिन ओरमें, जेसे हि रुचि रहेउ;
हरि में रुचि होय तिस विध, मोह तब अघ गयेउ...१४

સત્સંગના યોગ સિવાય ભગવાનની કથા થાતી નથી. અને ભગવાનની કથાના જોગ વિના મોહનો નાશ થતો નથી. ૧૩. જીવને ભગવાનની વાત સિવાય અન્ય બાબતમાં જેવી રુચિ રહે છે તેવી રુચિ જ્યારે ભગવાનનાં સ્વરૂપમાં રહેવા લાગે ત્યારે તેને મોહનું પાપ ગયું છે, તેમ જાણવું. ૧૪. **ભગવાન સિવાયની જેટલી વાત છે, તે જ્યારે ઝેરના જેવી લાગવા માંડે ત્યારે મોહ ગયો કહેવાય. મોહ ગયા પછી તે સ્પષ્ટપણે હરિભક્ત થયા કહેવાય. ૧૫.** ભગવાનમાં જેવું તાન-ભાવ હોય તેવો જ ભાવ સંતો અને હરિભક્તોમાં વિવેક સહિત રહેવો જોઈએ. જો સંતો-હરિભક્તોમાં ભાવ ન હોય તો વસ્ત્ર અને ઘરેણાં વિનાનું શરીર કેવું લાગે ? તેવું ગણાય. ૧૬.

ભોજન, વ્યંજન અને જેટલા અથાણાં છે, તે પ્રમાણસર મીઠા વગરના હોય તો જેમ ફિક્કા લાગે છે. ચાહે તેવું નગર હોય પણ જો તે નગર કિલ્લો, બુરજ તથા દરવાજા વગરનું હોય તો તેની ચાહે તેટલી શોભા હોય તોપણ કાંઈ શોભા દેખાતી નથી. તેમ સંત અને ભક્તોના મહિમા સિવાયનું ભગવાનનાં સ્વરૂપનું તાન શોભતું નથી. ભગવાનમાં જેટલી શોભા, સામર્થ્ય રહ્યા છે તથા જે ભગવાનનો મહિમા રહ્યો છે, ૧૭-૧૮. તે શાસ્ત્ર સિવાય પણ બતાવી શકે, એવા કોઈ સમર્થ દેખાતા નથી. ભગવાન સંબંધી જે જે વાત હોય છે, તેને સમજવાનું શાસ્ત્ર દ્વાર છે અને તેનું સાક્ષી છે. ૧૯. પ્રગટ ભગવાનના ઉપાસક ધર્મવાળા સંતો, હરિભક્તો અને વિપ્રો વિદ્યાથી યુક્ત દૃઢ મનોબળવાળા હોય છે. ૨૦.

ચાહે તેવાં શાસ્ત્ર હોય તોપણ તેવા વિદ્વાન સિવાય સમજી શકાતા નથી. જે કોઈ પણ બાબત હોય છે તે નેત્ર અને શ્રોત્રરૂપ ભક્તો સિવાય સમજાતી નથી. નેત્ર અને શ્રોત્ર સિવાય જે કોઈ પણ બાબત છે, તે વિપરીત જણાય છે. તે વિપરીત વાતનો જ્યારે ત્યાગ કરવામાં આવે છે ત્યારે જ સાચા મોક્ષના માર્ગમાં પ્રેમ થાય છે. ૨૧-૨૨. પેટ ભરવાને માટે જ લોકોને ઠગવાનું જેને તાન રહેતું હોય છે, તેઓ મોક્ષમાર્ગની ભલે ઓથ લે પરંતુ પેટ ભરાય તેટલું જ તેને ફળ મળે છે. ૨૩. જે સાચાનો દ્રોહ કરે છે, તેઓ તો જમદૂત કરતાં પણ અધિક ક્રૂર છે. અને મહાપાપ કરનારા કરતાં પણ તેને અપાર પાપી કહ્યા છે. ૨૪.

दोहा : साचे के द्रोह जितने, जानी के करत रहेउ;
जम के दूत तिनकु जोउ, दुःख देवत बहु तेउ...२५
अपार दुःख हि छूटने के, सत्संग रहे द्वार;
सत्संग बिन नहीं द्वार कोउ, बात रहे निरधार...२६

કોઈ સત્પુરુષનો જાણી જોઈને જેટલો દ્રોહ કરતા હોય છે, તેને જમદૂતો દેહને અંતે ઘણું દુઃખ દે છે. ૨૫. આ સંસારના અપાર દુઃખથી છૂટવાનું દ્વાર તો સત્સંગ છે. સત્સંગ સિવાય બીજું કોઈ દુઃખ છૂટવાનું દ્વાર નથી, તે વાત ચોક્કસ છે. ૨૬. બધા જ સત્પુરુષો એમ કહે છે કે, 'સત્સંગ સિવાયના જે કોઈ પણ ભવ ભટકણથી છૂટવાનાં દ્વાર કહેવાય છે તે બધા બંધનરૂપ જ છે. ૨૭. **બધા વિવેકી પુરુષો સત્સંગના બે દ્વાર કહે છે : એક તો વિવેકયુક્ત એવા ભગવાનના સત્સંગી અને બીજા તેવા સત્સંગી ભક્તના સંગી.'** ૨૮.

શ્રીહરિએ રાજી થઈને સહુ સંતોના પ્રત્યે ઉપર કહ્યા પ્રમાણેની વાત કહી. વળી કહ્યું કે, 'પરમહંસોનો જેવો માર્ગ છે, તે બધો તમને મેં કહી દેખાડ્યો છે. ૨૯. પરમહંસના રૂપમાં તમને વર્તાવીને પણ બતાવેલ છે તેમાં પણ કેટલીક વાત રહેલી હોય છે. અમે જેટલા પ્રકરણો ફેરવીએ છીએ તેમાં અપાર બાબતો રહી હોય છે. ૩૦. નિત્યાનંદસ્વામીના જેવા જે અપાર બુદ્ધિવાળા હોય છે તેઓ બાધ અને નિર્બાધને જોઈ શકે છે. એવા બીજા પણ ઘણા મોટા સંતો છે. ૩૧. જેને બાધ કે નિર્બાધની કાંઈ ગમ ન હોય

તેવા કેટલાક પોતાને અપાર બુદ્ધિવાળા માનતા હોય છે. તેઓ જે બાધ અને નિર્બાધને ન સમજતા હોય તેને તો કોઈ અવતાર જેવા માને છે. ૩૨.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને નિત્યાનંદસ્વામી, આ ત્રણ મોટા સંતો તો સાચા અવતારના દાસ થઈને રહે છે. અને કોઈ કલ્પિત અવતાર હોય તો તેને તરણા જેવા માને છે. ૩૩. જેને બાધ-નિર્બાધની સમજણ હોય છે તેનો સત્સંગ રહે છે. અને એવાની મોટપ સત્સંગમાં સહુથી શ્રેષ્ઠ રહે છે. ૩૪. બાધ અને નિર્બાધ, તે બે બાબતમાં તો સહજ પરસ્પર વિરોધ છે. તેમાં જે બાધરૂપ વર્તે છે તે ઠગ છે અને નિર્બાધ વર્તે છે તે સંત છે. ૩૫. જેટલું શુદ્ધ-નિર્બાધ વર્તન છે તે ગુપ્ત વાત કહેવાતી નથી. અને જે વાત-વર્તનને છુપાવી રાખવામાં આવે છે, તેને સંતો અશુદ્ધ-બાધરૂપ વર્તન કહે છે. ૩૬.

જેટલો ઉત્પાત છે તે બધો ગુપ્ત વર્તનમાં ભર્યો છે, આવું દેખાય છે, માટે તેવા ખાનગી રાખવા પડે એવા વર્તનનો સત્પુરુષો ત્યાગ કરે છે. ૩૭. એવા છાના અશુદ્ધ વર્તનનો બાધરૂપ માનીને જે ત્યાગ નથી કરતા તેને સંતો વાતો કરીને દેખાડી છે. કારણ કે, સત્સંગનો દ્રોહ કરાવે એવું તેમાં અંતે ફળ રહેલું હોય છે. ૩૮. જે સુજ્ઞ સંતો આ વાતને જાણે છે તેથી તેઓ પોતાની વાતમાં તેવું બતાવી દે છે, છતાં પણ જે જેટલા ખાનગી અયોગ્ય વાત-વર્તન કરતા રહે છે, તેને ઉંદરના જેવા માનવા. ૩૯. સંતો-ભક્તોમાં નિર્મળ ભાવરૂપ અંકૂર ઘણા અમૂલ્ય હોય છે, તે અમાપ એવા ભાવના અંકૂરને, છૂપી અયોગ્ય વાતો અને વર્તનરૂપ ઉંદર કાપી નાખે છે. નિર્મળ ભક્તિભાવમાં જીવનો નિવાસ હોય છે તેને છૂપા જ્ઞાનાવાળા નિરંતર કાપતા રહે છે. ૪૦.

શ્રીહરિ, સંતો અને ભક્તોમાં નિર્મળભાવ જો કપાઈ ગયો હોય તો મોક્ષના અંકૂરનો નાશ થયો જાણવો. આ વાત તો એવી જ રહી છે. આ વાતને જે બરાબર જાણે છે તેને દૈવી મનુષ્ય કહેવાય છે. ૪૧. જેટલા આસુરી મનુષ્યો છે, તેમને તેવી છૂપી વાતોમાં લાભ થતો હોય છે અને માણસને જેમાં લાભ મનાય છે તેમાં તે તલભાર પણ દોષને દેખતા નથી. ૪૨. જેટલા વૈષ્ણવ સંપ્રદાયો છે, તેનો ધર્મ-નિયમ વિના ઉચ્છેદ થઈ ગયો

છે. હવે તમારે વૈષ્ણવ માર્ગની જેવી સાચી રીત છે તે રાખવાની છે. તે માર્ગમાં તમારે પ્રેમ રાખી વર્તવું. અમારા જેટલા પરમહંસો છે, તેમણે તત્પર થઈને શુદ્ધ વૈષ્ણવ માર્ગની રીતમાં વર્તવું. ૪૩-૪૪.

સહુએ શિખા, જનોઈ અને તિલક, તે ઉદ્ધવ સંપ્રદાયની રીતે રાખવા.' પછી ત્યાં જેટલા પરમહંસો હાજર હતા તેમણે શ્રીહરિના કહ્યા પ્રમાણે શિખા વગેરે ઉમંગથી ધારણ કર્યા. ત્યાં જેટલા સંતો હતા તે બધા શ્રીહરિનાં આજ્ઞા-વચનમાં જ સર્વોપરિ મોક્ષ માનતા હતા. ૪૫-૪૬. **તે સહુ સંતો શ્રીહરિનાં વચનથી અધિક મોક્ષને પણ જોતાં નહિ. કારણ કે, તે બધા અનાદિમુક્ત હતા, એવું દેખાઈ આવતું હતું.** ૪૭. શ્રીહરિએ જ્યારે આટલી વાત કરી તે વખતે શ્રીહરિને વિષે ઘણા પ્રેમભાવનાવાળા મછિયાવ ગામના હરિભક્તો આવ્યા. અને તેઓ શ્રીહરિને ત્યાં લઈ જવા ચાહતા હતા. ૪૮. મછિયાવના દરબાર બાપુભાઈ તથા તેમની માતા ઘણા સારા ઉત્તમ હરિભક્ત હતા. ૪૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ સત્-અસત્નો વિવેક કહ્યો ને પરમહંસપણું છોડાવીને શિખા, સૂત્ર તથા તિલક વગેરે કરાવ્યા" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર વીશમું : તરંગ - ૧૭

કથાના વક્તાની પૂજા અને સત્સંગમાં સમાસ કરે તેવી વાતનું સમર્થન

સહુ ઉપર પરમ પ્રેમ રાખનારા એવા બાપુભાઈએ ફુલદોલનો ઉત્સવ મછિયાવમાં કરો તેવો પત્ર અતિ પ્રેમથી લખીને શ્રીહરિને ત્યાં બોલાવ્યા. તથા જે કોઈ સંતો, વર્ણિ તથા હરિભક્તો કહેવાતા હોય તેમને પણ ત્યાં બોલાવ્યા. ૧-૨. દેવળિયા ગામના દરબાર જાલમસિંહ આ મછિયાવના બાપુભાઈના સંબંધી થતા હતા. તેથી તેમને પણ ભાવથી બોલાવ્યા. ૩. તે

જાલમસિંહની માતા કેશાબા પાકા હરિભક્ત હતા. તેઓ પણ ત્યાં આવ્યા. તે બંને એક ઘરના જેવો પ્રેમ-સંબંધ રાખતા હતા. ૪.

બાપુભાઈના જે બહેન બાઈજીબા હતા તે પાકા હરિભક્ત હતા. કચ્છ દેશમાં ભુજનગરના રાવવંશના રાજાના તે રાણી હતા. ૫. પોતાના આંગણે આવેલા અનુપમ અવસરને જાણીને બાપુભાઈએ તેમને પણ બોલાવ્યા હતા. તેઓ દાસ દાસીઓ, હથિયારબંધ સિપાઈઓ, અશ્વ અને રથ વગેરે ઘટીત રીત પ્રમાણે લઈને આવ્યા હતા. જેટલી જરૂરિયાત મુજબ માગ્યું હતું તેટલું ભુજના રાજાએ મોકલાવ્યું હતું. બાપુભાઈએ બીજા સંબંધીઓને પણ સમૈયા ઉપર બોલાવ્યા હતા. ૬-૭. સમૈયામાં જેટલા પદાર્થ જોઈએ તેટલા પદાર્થની જોગવાઈ રાખી હતી. શ્રીહરિ ત્યારે ગઢપુરમાં ભાગવતની કથા કરાવતા હતા. ૮.

પ્રાગજી પુરાણી જેટલી શ્રીહરિની મરજી હોય તેટલા અધ્યાયો રોજ વાંચતા હતા. એવા પુરાણી ત્યારે કોઈ ન હતા. ૯. વિ.સં.૧૮૬૧ ના વરસમાં માંડવી બંદરમાં પ્રથમવાર તેમની પાસે શ્રીહરિએ ભાગવતની કથાનો આરંભ કરાવ્યો હતો. ૧૦. તળાવને કિનારે કથાનો આરંભ કરાવ્યો હતો. જેટલા સંતો હતા તે સહુને ત્યાં બોલાવ્યા હતા. તે દિવસોમાં શ્રીહરિની ઉંમર ત્રેવીસ વરસની થવા આવી હતી. ૧૧. તે વખતે ઘનશ્યામ મૂર્તિ શ્રીહરિ એટલા ભવ્ય હતા કે તેમની શોભા મુખથી કહી શકાતી નથી. આ સ્વયં ભગવાન છે, એમ તેમની શોભા જ કહી દેતી હતી. ૧૨.

કાનમ પ્રદેશમાં આમોદ ગામમાં હરિભક્ત લક્ષ્મીરામ ભટ્ટ નામે પુરાણી રહેતા હતા. જેઓ દિનાનાથ ભટ્ટના મોટાભાઈ હતા. ૧૩. તેમની પાસે સંપૂર્ણ ભાગવત ત્યાં વંચાવ્યું અને લક્ષ્મીના નિવાસભૂત શ્રીહરિએ ધન અને વસ્ત્ર ઇત્યાદિકે કરીને વિપ્ર લક્ષ્મીરામ પુરાણીની પૂજા કરી હતી. ૧૪. વિ.સં.૧૮૬૮ ના વરસમાં શ્રીહરિએ નાગડકા ગામમાં ભાગવત વંચાવ્યું હતું. ૧૫. ચરોતર પ્રદેશના ડભાણ ગામમાં મયારામ ભટ્ટ નામે એક પુરાણી રહેતા હતા. ૧૬.

તે હરિભક્ત હતા. તેમને બોલાવી એકવાર ભાગવતની કથા વંચાવી હતી. પછી પ્રસન્ન થઈને શ્રીહરિએ તેમને પણ ધન અને વસ્ત્ર અપાવ્યાં હતાં. ૧૭. ક્યારેક શ્રીહરિ નિત્યાનંદસ્વામીની પાસે ભાગવતના કોઈક સ્કંધની કથા વંચાવતા હતા. ૧૮.

❋ શ્રીહરિનો સહજ સ્વભાવ અને રુચિ :

चोपाई :

भागवत हि बांचत जो ताकी, केशर चंदन पुष्पकर वाकी;
श्रीहरि पूजा करत भयेऊ, महिमा ताके जानत रहेऊ...१९
संत विप्रकु पूजने तामें, परम मोद हरि कु रहे यामें;
पूजने तामें ग्लानी लगारा, रखत नहि श्रीहरि कोउ वारा...२०
संत वर्णी कु वेर हि वेरी, पूजत हरि निमित्त कोउ लियेरी;
हरि मान न रखत रहे लेशा, शुभ जितनी बात तामें हंमेशा...२१

જ્યારે ભાગવતની કથા વંચાતી હોય ત્યારે શ્રીહરિ કેસરયુક્ત ચંદન અને પુષ્પોથી ગ્રંથ અને વક્તાની પૂજા કરતા. તેનો બધો મહિમા પોતે જાણતા હતા. ૧૯. શ્રીહરિને સંત અને વિપ્રની પૂજા કરવામાં પરમ આનંદ થતો હતો. તેઓ ક્યારેય તેમની પૂજા કરવામાં મનમાં લગાર પણ સંકોચ રાખતા નહિ. ૨૦. શ્રીહરિ વારંવાર કોઈ પણ નિમિત્ત લઈને સંતો અને વર્ણીની પૂજા કરતા હતા. અને જેટલી શુભ બાબત હોય તેમાં હંમેશાં પૂજા કરવામાં લેશમાત્ર પણ માન રાખતા નહિ. ૨૧. **જે કોઈ પણ નિંદિત વાત હોય તો તેનો શ્રીહરિ તત્કાળ ત્યાગ કરતા હતા. અને જેટલી શુભ બાબત હોય તે હરકોઈ મતની હોય, તેને વેદો અને પુરાણોને અનુસારે દેખીને પ્રેમથી સ્વીકાર કરી લેતા હતા. સત્સંગની પુષ્ટિ કરે તેવા સાખી, શબ્દ, પદ અને શ્લોકને પણ સ્વીકારતા હતા. ૨૨-૨૩.** હરકોઈ બાબત સત્સંગની પુષ્ટિ કરે તેવી કોઈ પણ બાબત હોય તેને શ્રીહરિ સ્વીકારતા હતા. ૨૪. શ્રીહરિ શુભ વાતને વિચારીને જે સંતો તથા હરિભક્તો નિર્બાધ હોય તેને તે અંગે પ્રશ્ન પૂછતા હતા. ૨૫. જે કોઈ પણ વાત સત્સંગની પુષ્ટિ કરવા માટેની હોય તેને તત્કાળ આદર સહિત સ્વીકારી લેતા હતા. ૨૬.

સમાધિના જેવી કોઈ બાબત કહેવાય નહિ, તે તો સર્વોપરિ વાત છે. શ્રીહરિ અષ્ટાંગયોગ શીખવતા હતા પણ યોગ્ય પાત્ર સિવાય તે સિદ્ધ થતો નહિ. ૨૭. પ્રગટ શ્રીહરિની મૂર્તિમાં સહજભાવે અષ્ટાંગયોગ નિવાસ કરીને રહેતો હતો. પણ પાત્રતા વિના તે વાત શું કરે ? ૨૮. શ્રીહરિના યોગબળે કરીને જેટલા ઉપર પોતાની નજર પડતી હતી, તે બાઈ-ભાઈ ચાહે તેવા હોય તે સહુને સમાધિ થતી હતી. ૨૯. શ્રીહરિ સમાધિ કરાવતા તેમાં ઘણા આશ્ચર્યને સહજભાવે દેખાડતા હતા, પરંતુ જે પશુ જેવી જડ બુદ્ધિવાળા હતા, તેને તેમાં કાંઈ આશ્ચર્ય દેખાતું નહિ. ૩૦. પછી શ્રીહરિએ ભગવાન સંબંધી વાતમાં ઘણો સમાસ દેખાડ્યો હતો. જે જે વિવેક કહેવાય છે તે બધો વાતમાં રહ્યો છે. ૩૧.

❋ વિવેક ત્રીજું નેત્ર છે :

विवेक जाने बिन करत जो बाता, तितना तामें दुःख हि देखाता;
मूर्तिमान हि दुःख तेहि आते, विवेक जो ताकु आत देखाते...३२
विवेक बिन रहे जन हि जेता, अंध बधीर रहायेउ तेता;
विवेक बिन बात जो जेती, चाय तेसी रहायेउ तेती...३३
असमास रहाये जो जेते, विवेक बिन बात में रहे तेते;
समास असमास की गम नहि जाई, चाय तेसे सो बोलत रहाई...३४

પરંતુ જો વિવેક જાણ્યા વગર વાત કરે છે તો તેમાં તેટલું દુઃખ દેખાય છે. વિવેક વગરની વાત કરનારાને મૂર્તિમાન દુઃખ આવે છે તે વિવેકીને દેખાઈ આવે છે. ૩૨. જેટલા વિવેક વિનાના મનુષ્યો છે તે બધા આંધળા અને બહેરા જેવા જ કહેવાય છે. વિવેક વગરની ચાહે તેવી સારી બાબત હોય, તોપણ તેમાંથી કોઈ સમાસ(પોષણ) થતો નથી. દુનિયામાં જેટલો અસમાસ(નુકશાન) છે તે બધો વિવેક વગરની વાતમાં રહ્યો છે. જેને સમાસ કે અસમાસની કાંઈ ગમ નથી તેવા વિવેક વગરના લોકો મનમાં ફાવે તેમ બોલતા રહે છે. ૩૩-૩૪.

માણસને જેવી વાત કરતા આવડે છે તેમાંથી તેવો સમાસ થાય છે. શ્રીહરિની જેટલી વાતો રહી છે તેમાં જીવને સમાસ કરવાનું તાન

રહેતું હતું. ૩૫. **સત્સંગનું પોષણ કરે તેવી વાતમાં પણ જો શ્રીહરિને ચોક્કસપણે અસમાસ દેખાય આવે તો તરત તેને છોડી દેતા હતા. શ્રીહરિને જીવોને સમાસ થાય તેમાં જ પ્રેમ રહેતો હતો.** ૩૬. મછિયાવ ગામથી રાજાનો જ્યારે પત્ર આવ્યો ત્યારે શ્રીહરિ તૈયાર થયા અને સંતોને સાથે લીધા. ૩૭. બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી ઈત્યાદિક સંતો અને જેટલાં શાસ્ત્ર ભણનારા સંતો ગઢપુરમાં હતા, તે બધાને શ્રીહરિએ સાથે લીધા અને હરિભક્ત બધા કાઠી દરબારોને બોલાવ્યા. ૩૮-૩૯. તે દરબારો પોતપોતાના અશ્વ ઉપર બેસીને બધા આવ્યા. તેઓ પોતપોતાના ગામના મુખ્ય ગરાસદાર રાજા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "કથાના વક્તાની પૂજા અને સત્સંગમાં સમાસ કરે તેવી વાતનું સમર્થન" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર વીશમું : તરંગ - ૧૮

શ્રીહરિએ શિયાળ ગામમાં થીણું ઘી અને સુખડી સહુને જમાડ્યા

ગઢપુરમાં જેટલા હરિભક્ત કાઠી દરબારો આવ્યા હતા, તે બધા ગામેતી રાજા કહેવાતા હતા. તે સહુ શ્રીહરિની સાથે જવા તૈયાર થયા. ૧. હરિભક્તો વરસ દિવસમાં બે કે ત્રણ જેટલા સમૈયાઓ પોતપોતાના ગામમાં ઘણા ભાવથી કરાવતા હતા. ૨. શ્રીહરિ તૈયાર થઈને જ્યારે ગઢપુરથી ચાલ્યા ત્યારે પહેલા **ઉગામેડી** ગામ આવ્યા. ૩. પછી **નિંગાળા** ગામ થઈને **ઝીંઝાવદર** ગામ આવ્યા. અને પછી ત્યાંથી **કારિયાણી** ગામ આવ્યા. ૪.

શ્રીહરિવરની સાથે જે સંઘ આવ્યો હતો તે બધો સારંગપુર ગયો અને શ્રીહરિ કારિયાણીમાં રસોઈ કરીને જમ્યા. ૫. શ્રીહરિની સાથે જેટલા કાઠી દરબારો હતા તે બધાને જમાડ્યા. અને ત્યાંના દરબાર વસ્તા ખાચર નામે હરિભક્ત હતા, તેના ભવનમાં શ્રીહરિ ઊતર્યા. ૬. તેમના બીજા ભાઈઓ

જે વેલા ખાચર, માતરા ખાચર અને વિસામણ ખાચર વગેરે પણ હરિભક્ત હતા. અને રાઘવ પટેલ આદિક કણબી પાકા હરિભક્ત હતા. નામ લખવાથી કોણ પાર લઈ શકે ? કેમ જે, તે બધા બાઈ ભાઈ અપાર હતા માટે તેમનાં નામ લખ્યે પાર આવે તેમ નથી. ૭-૮.

હરિભક્તોની નામાવલીમાં અને ગામનાં નામ લખવામાં શ્રીહરિની જે રીતે સેવા કરી હોય તે રીતે તેમનાં નામ લખવામાં આવે છે. ૯. જ્યારથી સત્સંગ થયો ત્યારથી બાઈ-ભાઈ જે કોઈ હરિભક્ત હતા, તેમણે પોતાનો દેહ રહે ત્યાં સુધી દર વર્ષે શ્રદ્ધા સહિત ધર્માદામાં આચાર્યશ્રીને અરધો રૂપિયો આપવો, એવું શ્રીહરિએ ધર્મવંશી આચાર્યને સ્થાપ્યા ત્યારથી નિશ્ચિત કરાવ્યું હતું. તેથી શ્રીહરિને પ્રસન્ન કરવા માટે સહુમળીને દર વર્ષે અડધો અડધો રૂપિયો ધર્માદાનો આપવા માટે પોતપોતાનાં નામ લખાવી દેતા હતા. પરંતુ શ્રીહરિએ પોતે પોતાને માટે કોઈ નિમિત્તે ક્યારેય કોઈની પાસે ધન માગ્યું ન હતું. ૧૦-૧૨.

શ્રીહરિએ યજ્ઞો અને ચોરાસીઓ કરાવી તેમજ કેટલાક સર્વોપરિ મંદિરો કરાવ્યા, છતાં તે નિમિત્તે ક્યારેય ધન માગ્યું ન હતું. ૧૩. ત્યાગની બાબતમાં તો શ્રીહરિ કાયમ નિર્લેપ રહ્યા હતા અને પોતાના સંતો તથા વર્ણીને પણ નિર્લેપ રાખ્યા હતા. ૧૪. મંદિરનો જે ખર્ચ થાય તેને તે દેશમાં જે હરિભક્તો રહેતા હોય તે આપતા. કારણ કે, તેઓ જાણતા હતા કે ત્યાગી ક્યારેય ધન રાખતા નથી. ૧૫. વળી, તેઓ અન્ન અને વસ્ત્રનો ક્યારેય સંગ્રહ કરતા નથી. તેમનું શરીર રહે ત્યાં સુધી ક્યાંય પોતાનું કરીને નિવાસ કરતા નથી. ૧૬.

❋ સમજુ સંતની સહજ રુચિ :

चोपाई :

त्यागी के जोग्य धर्म जो जेता, त्यागी के जोग्य भक्ति हि तेता;
त्यागी के जोग्य वैराग हि ज्ञाना, ताके संग्रह रखत सियाना...१७
भगवान के चरित्र हि ताके, ध्यान भजन चिंतवन वाके;
कथा वारता ताके वेर वेरा, संग्रह नित नित करत घनेरा...१८

संत हि समर्थ रहाये भारी, हरि बिन आशा दीने टारी;
श्रीहरि यह हरिजन जो तामें, प्रवेश हि करीके तब हि वामें...१९
समय पर संत रहेउ ताकू, भरण पोषण करत हे वाकू;
एसे श्रीहरि समर्थ हि जेहा, कारियाणी से जेंवके चले तेहा...२०

સુજ્ઞ સંતો ત્યાગીને યોગ્ય ધર્મ, ત્યાગીને યોગ્ય ભક્તિ, ત્યાગીને યોગ્ય જ્ઞાન અને ત્યાગીને યોગ્ય વૈરાગ્યનો સંગ્રહ રાખતા હતા. ૧૭. ભગવાનનાં ચરિત્રો, તેમનું ધ્યાન, ભજન અને ચિંતન, તેમજ કથા-વાર્તા, તેમનો સંગ્રહ સંતો વારે વારે પુષ્કળ પ્રમાણમાં નિત્ય નિત્ય કરતા હતા. ૧૮. સંતો મહા ભારે સમર્થ હતા. કારણ કે, તેમણે ભગવાન સિવાયની બધી આશા ટાળી દીધી હતી. સંતપ્રેમી શ્રીહરિ પોતે હરિભક્તોમાં પ્રવેશ કરીને સમય સમય ઉપર સંતોનું ભરણપોષણ કરતા હતા. આવા સમર્થ જે શ્રીહરિ તે કારિયાણીથી જમીને ચાલ્યા. ૧૯-૨૦. **સારંગપુરમાં** આવીને સંઘની ભેળા રાત રહ્યા. બીજે દિવસ જ્યારે સારંગપુરથી ચાલ્યા તે **ગુંદા** ગામ તથા **જાળીલા** થઈને **સુંદરિયાણા** ગામ આવ્યા અને ત્યાં પોતે રસોઈ કરીને જમ્યા. ૨૧-૨૨.

ત્યાંથી **અણિયાળી** ગામ આવીને રાત રહ્યા. ત્યાં ક્ષત્રિય દરબાર લાખાજી હરિભક્ત હતા. તેમણે શ્રીહરિની સેવા કરી. ૨૩. ત્યાં રસોઈ કરીને શ્રીહરિ જમ્યા અને સવાર થયું ત્યારે ત્યાંથી ચાલતા થયા. **અડવાળ** થઈને **બળોલ** ગામ આવ્યા અને ત્યાં રાજી થઈને રાત રહ્યા. ૨૪. બળોલમાં જેટલા નાડોદા રજપૂત હરિભક્તો ત્યાં રહેતા હતા તે સહુએ શ્રીહરિની સેવા કરી. ૨૫. ત્યાં સવારમાં બહુ ઠંડી પડી હતી છતાં પણ શ્રીહરિ તો ઠંડા જળથી નાહ્યા. અને પછી તરત જ ત્યાંથી ચાલતા થયા તે **શિયાળ** ગામ આવ્યા. ૨૬. શિયાળ ગામમાં મધુભાઈ ઉર્ફે માધવશેઠ નામે એક વણિક હરિભક્ત હતા. તેઓ સંઘને રસોઈ આપવા માટે ઘીનું એક વાસણ ભરી લાવ્યા. ૨૭. તેમણે શ્રીહરિને વારંવાર વિનંતિ કરી કહ્યું કે, 'આ સંતો અને હરિભક્તોને લઈને આપ ક્યારેય આવ્યા નથી. ૨૮.

હે મહારાજ ! મારો જેવો મનોરથ છે, તેને આપ આજ તે રીતે પૂરો કરો. આવો યોગ ક્યારેય આવતો નથી તો તે મનોરથને પૂર્ણ કરો, તેમ હું

અત્યારે માગું છું.' ૨૯. શ્રીહરિએ તે હરિભક્તનો ભાવ જોયો. પછી રાજી થઈને સંઘમાં સાદ પડાવીને મધુભાઈનો જેવો ભાવ હતો તે પ્રમાણે કહ્યું, ૩૦. 'તમારે સહુએ મધુભાઈનો મનોરથ પૂર્ણ કરવો તેમ અમે આજ્ઞા કરીએ છીએ. જેમ અધિક ઘી વપરાય તેમ સહુને જમાડવાનો મધુભાઈને ભાવ છે. માટે જેને થીણા ઘી ઉપર રુચિ હોય તેઓ આજ જમે.! આજ છૂટ છે.' પછી બધા ઘીના બરફીના જેવા આકારના ચકતા કરી રાખ્યા. ૩૧-૩૨. પછી સંતો, વર્ણી, પાર્ષદો, વિપ્રો અને બધા હરિભક્તો, સહુને જેટલું ભાવે તેટલું ઘી તેઓ જમ્યા. ૩૩. અધરાત થઈ ત્યારે સારી સુખડી તૈયાર કરાવી. ઘી જમાડ્યા ઉપર સહુને મધુભાઈના ઘણા ભાવથી સુખડીનું ભોજન કરાવ્યું. ૩૪.

(પછી મહારાજ ઢોલિયે આવીને બેઠા અને કહે, શેઠની હાટેથી સંઘને જે જોતું હોય તે લેજો. પછી ભક્તોએ જેને જે જોતું હતું તે લીધું પણ શેઠે કોઈના પૈસા ન લીધા. તેથી હરિભક્તો તે પૈસા લઈ મહારાજ પાસે આવ્યા અને કહે, 'હે મહારાજ ! અમે સહુ શેઠનું જમ્યા. અને તેમના હાટેથી સીધા લીધા પણ શેઠ કોઈના પૈસા લેતા નથી.' ત્યારે મહારાજ કહે, 'માધવ શેઠ ! પૈસા લ્યો.' ત્યારે તે કહે, 'હે મહારાજ ! મારે તો અહીં પૈસા નથી લેવા. મારે તો અક્ષરધામમાં લેવા છે.' તે સાંભળીને મહારાજ બહુ રાજી થયા. ને શેઠને માથે હાથ મૂક્યા અને એમ બોલ્યા જે, આ તો તુલાધારનો અવતાર છે. એમ કહી પોતાનો પોશાક ઉતારીને શેઠને આપ્યો.)

તે સમયે જેણે જમવામાં કાંઈ વિચાર ન રાખ્યો, તે લોકો તો મૂર્છિત થઈ ગયા. પછી શ્રીહરિએ તેમને ગરમ પાણી પાયું, તેમાં યોગ્ય રીતે મીઠું નખાવ્યું. ૩૫. તેનાથી તત્કાળ ઊલટી કરાવીને દયાળુએ તેમનો જીવ બચાવ્યો. ગામની બહાર તળાવને કિનારે તેમાં પાણી જોઈને રાત રહ્યા. સવારમાં જ્યારે શ્રીહરિ નાવા ગયા ત્યારે હિમ પડવાથી તે તળાવનું પાણી જામીને બરફ જેવું થઈ ગયું હતું છતાં તે પાણીમાં શ્રીહરિ નાહ્યા અને બધા સંતો, હરિભક્તો પણ નાહ્યા. ૩૬-૩૭. પછી સહુ તૈયાર થઈને ચાલ્યા. શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. તે સમયે કિનખાબનો સુરવાળ પહેર્યો હતો. ૩૮.

તેવી જ રૂ ભરેલી કિનખાબની ડગલી પ્રેમથી પહેરી લીધી. અને જરિયાની કોરવાળો બુરાનપુરી કસુંબલ રેંટો રંગબેરંગી હતો, તેની મસ્તક ઉપર પાઘ બાંધી. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ શિયાળ ગામમાં થીણું ઘી અને સુખડી સહુને જમાડ્યા" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર વીશમું : તરંગ - ૧૯

સત્સંગ અને પરમેશ્વરના આશ્રયનું મહત્ત્વ કહ્યું

વાતો તો ઘણી જાતની છે, જેટલી યાદ આવે તેટલી જ્યાંથી બાકી રહી છે ત્યાંથી કહું છું. ૧. શ્રીહરિએ મસ્તકે જે રેંટો બાંધ્યો હતો તેમાં જરી ભરેલા પાલવ હતા, તે એવા રંગબેરંગી હતા કે મુખથી કહી શકાતા નથી. ૨. તે પાલવના સહજભાવે છોગા એટલા બધા સુંદર લાગતા હતા કે, જે ભક્તો દેખતા હતા તેમને તૃપ્તિ થાતી ન હતી. ૩. પછી એક અનુપમ રૂમાલ લઈને તે વખતે તેની બોકાની કસી લીધી. અને ખૂબ જ રૂપાળા બનેલા શ્રીહરિ **દદુકા** ગામ આવ્યા. ૪. તે ગામમાં રસોઈ કરીને શ્રીહરિ જમ્યા. ત્યાં ઘણા હરિભક્તો હતા. તેમણે કેટલીય વાર શ્રીહરિની સેવા-પૂજા કરી હતી. ૫.

ગામેગામના જેટલા હરિભક્ત બાઈ-ભાઈ કહેવાતા હતા, તે સહુએ શ્રીહરિની અપાર પૂજા કરી, તેને કહેતા કોઈ કવિ પાર પામી શકતો નથી. જે કવિમાં જેટલું સામર્થ્ય હોય તેટલું તે લખે છે. જ્યારે શ્રીહરિ દદુકા ગામથી ચાલ્યા તે પછી **મછિયાવ** ગામની નજીક પહોંચ્યા. ૬-૭. બાપુભાઈ નામે મછિયાવના ક્ષત્રિય રાજા હરિભક્ત હતા. તેઓ સવારી તૈયાર કરીને ચાલ્યા. ૮. શ્રીહરિની સન્મુખ આવ્યા ત્યારે નોબત, જરિયાની નિશાન, ડંકા અને અનેક જાતનાં વાજિંત્રો લાવ્યા હતા. ૯. શ્રીફળ, ફૂલના હાર, કુંકુમ અને કેસર વગેરે પ્રેમથી લીધા હતા. કેટલાયે સોનેરી વિવિધ પ્રકારના રથ લીધા હતા. ૧૦.

જ્યારે શ્રીહરિ સન્મુખ આવીને મળ્યા ત્યારે તેમણે બંદૂકોના કેટલાક અવાજ કરાવ્યા. દરબાર બાપુભાઈ સંસારનાં દુઃખને ટાળનારા એવા શ્રીહરિનાં ચરણોમાં આવીને પડ્યા. ૧૧. શ્રીહરિના લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો અને જેટલા હાર લાવ્યા હતા તે બધા પ્રેમથી પહેરાવ્યા. ૧૨. પછી શ્રીહરિનાં ચરણોમાં શ્રીફળ મૂક્યા અને બે હાથ જોડીને તે દરબારે શ્રીહરિને જે કહ્યું તે હવે કહું છું. ૧૩.

❋ સાચા સંતના પ્રસંગથી જ સત્ય વાત સમજાય છે :

'હે મહારાજ ! આપ તો અત્યંત દુર્લભ છો. આપના જેવા દુર્લભ કોઈ નથી. ઠેર ઠેર ચિંતામણિ દેખાતો નથી. ૧૪. ચિંતામણિ, કલ્પવૃક્ષ, અષ્ટસિદ્ધિ અને નવ નિધિ, આ દુનિયામાં પ્રગટ રહ્યા નથી. ૧૫.

सोरठा : दुल्लभ हि जितनी बात, ताके कारन रहे तुम;
जानत एसे रहात, साचे संत प्रसंग कर...१६

चोपाई :

साचे संत मिलत हे जाकु, सत्य हि बात बतावत ताकु;
जो जो सुख हि रहे जो जितना, सत्य बातमें देखात तितना...१७

આ દુનિયામાં જેટલી ઉપરોક્ત દુર્લભ વસ્તુઓ કહેવાય છે તે બધાનું કારણ આપ પ્રગટ છો. સાચા સંતોના સમાગમથી અમે આવું સમજીએ છીએ. ૧૬. જેને સાચા સંતો મળે છે, તેઓ તેને સત્ય વાત સમજાવે છે. જે જે સુખો રહ્યા છે તે બધા સત્ય વાતમાં રહેલા દેખાય છે. ૧૭. જ્યારે તે સત્ય વાતનો મનુષ્યને સ્વાદ લાગે છે ત્યારે તે તરત જ સત્સંગ કરે છે અને અસત્ય વાતમાં જ્યાં સુધી સ્વાદ રહે છે, ત્યાં સુધી તે સત્સંગથી દૂર રહે છે. સત્સંગ સમાન કોઈ વાત નથી. સાચા સંતો છે, તે ધનવંતરી વૈદ્ય જેવા હોય છે. ૧૮-૧૯. તે સંતો અસત્ય વાતમાં મનુષ્યને જેટલો સ્વાદ રહ્યો હોય છે તેને જાણતા હોય છે. અસત્ય વાતમાં જેટલો સ્વાદ મનાય તેટલો વધારે રોગ રહ્યો છે. ૨૦. ભગવાનની વાતરૂપી જે અમૃતગુટિકા છે તે જીવના અનેક જન્મના રોગો મટાડી દઈને તરત તેને નીરોગી કરે છે. ૨૧.

પૂર્વે કેટલાય ચક્રવર્તી રાજાઓ થઈ ગયા છે, તેનો ગણતા પાર આવતો નથી. જ્યારે તેમને નારદજી અને શુકદેવજી જેવા સાચા સંત મળ્યા ત્યારે તેમણે અસત્ય વાતની બધી રુચિનો તરત ત્યાગ કરાવી દીધો હતો. બધી જાતના અભિમાનમાં રાજાપણાનું જે અભિમાન તે સહુથી અધિક હોય છે. ૨૨-૨૩. જેટલાં પાપ કહેવાય છે તે બધા રાજમદને આશરે રહ્યા છે. અને જે માણસ રાજમદથી છકી જાય છે ત્યારે તે અનીતિને પણ નીતિ કહેવા લાગે છે. ૨૪.

જેટલી નીતિ કહેવાય છે તે બધી વેદનાં વચનોમાં રહી છે. અને જેટલી અનીતિ કહેવાય છે તે બધી વેદની બહાર રહી છે. ૨૫. વેદમાર્ગની સનાતન રીતને જે કોઈ ઓળંગે છે તે રાજાપણાના મદથી જ કરે છે. ૨૬. રાજાના રાજા તો પ્રગટ પરમેશ્વર છે અને તે પરમેશ્વર હરકોઈ દ્વારા તે મદનો નાશ કરાવે છે. ૨૭. પરમેશ્વરને કોઈની સાથે વેર નથી. જ્યારે પરમેશ્વર કોઈના મદનો નાશ કરવાનું મનમાં ધારે છે ત્યારે તેને બહુવાર જુએ છે. પરમેશ્વર તેણે કરેલા સત્કર્મરૂપ ગુણનો ત્યાગ કરતા નથી. ૨૮. પૃથ્વી કરતાં પણ સો ઘણી પરમેશ્વર ક્ષમા રાખે છે. જ્યારે પરમેશ્વર કોઈનું બૂરું કરવા ધારે છે ત્યારે તેનું બૂરું થાય છે. તેમાં તેને કાંઈ જ વિલંબ થતો નથી. પરમેશ્વર તો મહાસમર્થ છે. મનુષ્યને જે નેત્ર છે તે અજ્ઞાનરૂપી અંધારાથી અવરાઈ ગયેલા છે. ૨૯-૩૦.

साचे संत के जोग बिन ही, भवसागर न तरत हे किनही;
सत्संग बिन हि कोटि उपाया, जितने जन करत हि रहाया...३१
निष्फल फल रहावे ताके, वेर वेर बात करत संत वाके;
जो न मिलत तुमारेउ संता, भव के कबु न आवत हि अंता...३२
पवित्र संत कहावत जेहा, शुद्ध तुमारे ज्ञान हि तेहा;
देवत रहत निरंतर ताई, अंतर में जनु तुम बैठे आई...३३

સાચા સંતના યોગ વિના કોઈ ભવસાગરને તરી શકતા નથી. સત્સંગના યોગ સિવાય ભવસાગર તરવાને માટે માણસ કોટી ઉપાયો કરે, તોપણ તે બધા નિષ્ફળ થાય છે તેમ સંતો વારંવાર વાતો કરે છે. અને જો આપના સંતો ન મળ્યા હોત તો ક્યારેય સંસારનો અંત આવત નહિ. ૩૧-૩૨. જે

પવિત્ર સંતો કહેવાય છે, તે આપનાં સ્વરૂપનું શુદ્ધ જ્ઞાન નિરંતર આપતા રહે છે, માનો આપ જ તેનાં અંતરમાં આવીને બેઠાં હો..!' ૩૩. પછી શ્રીહરિએ દરબાર બાપુભાઈને ધન્ય ભાગ્યશાળી કહ્યા. કારણ કે, સત્સંગની જે રીતની વાત છે તે રીતનો પાશ તેમના જીવમાં લાગ્યો હતો. સત્સંગનો જીવમાં પાશ લાગવો તે મનુષ્યજન્મનું ફળ પ્રાપ્ત થયું કહેવાય. ૩૪.

જેને સત્સંગની વાતનો જીવમાં પાશ લાગતો નથી, તે કદાચ ચક્રવર્તી રાજા થયા હોય તોપણ શું ? તેને કાળના ભયરૂપ દુઃખ તો વારંવાર રહે જ છે. ૩૫. **જ્યાં સુધી કાળનું દુઃખ રહે છે ત્યાં સુધી ચાહે તેવી મોટપ પામ્યા હોય અને અપાર બ્રહ્માંડના ઈશ્વર થયા હોય, તોપણ તે કાંઈ જ થયા નથી. ૩૬. ભગવાનનો આશ્રય ગ્રહણ કર્યા સિવાય અપાર મોટપ મળી હોય, તોપણ તે અત્યંત તુચ્છ છે; એમ સંતો પોકારીને કહે છે. ૩૭.** એક આંકડા વિના અપાર શૂન્ય કરવામાં આવે તોપણ તે શૂન્યનું શૂન્ય જ રહે છે, તે જ રીતે ભગવાનનાં શરણ સિવાય બધું શૂન્ય છે. ૩૮. ચાહે તેટલી રૂપાળી અને ચાહે તેટલી કુળવાન સ્ત્રી હોય પણ પતિ વિનાની તે જો રહે તો તે કોની સ્ત્રી ગણાય ? ૩૯. ભગવાનનું શરણ ગ્રહણ કર્યા સિવાય ચાહે તેવો કોઈ માણસ પ્રવીણ હોય, તોપણ તે પતિ વિનાની સ્ત્રી જેવો કહેવાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સત્સંગ અને પરમેશ્વરના આશ્રયનું મહત્ત્વ કહ્યું" એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ।।૧૯।।



પૂર વીશમું : તરંગ - ૨૦

મછિયાવમાં પધારેલા શ્રીહરિની સવારીનું વર્ણન

ધર્મકુમાર શ્રીહરિ અશ્વ ઉપર બેઠા હતા. મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. તેની અપાર શોભા થઈ હતી. ૧. તે સમયે વિવિધ પ્રકારનાં વાજિંત્રો લગાતાર વાગી રહ્યાં હતાં. આ સમયે વિમાનમાં બેસીને દેવતાઓ આવ્યા, તે આકાશમાં છવાઈ ગયા. ૨. વિવિધ પ્રકારનો રંગ વરસાવ્યો

તેમજ પુષ્પવર્ષાની ઝડી મચાવી. શ્રીહરિનાં દર્શન કરીને તેમનાં મનમાં ઘણો જ હર્ષ થયો હતો. ૩. દેવતાઓના ચિત્રરથ અને હૂહૂ ઇત્યાદિક જે ગંધર્વો હતા, તેઓ પોતાનાં વાજિંત્રો વગાડીને ગાતા હતા. ૪.

બધી દેવાંગનાઓ અને દેવતાઓની અપ્સરાઓ જે હતી તે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે નૃત્ય કરીને ગાતી હતી. ૫. તે અપ્સરાઓ વસંત અને હોરીના રાગને વિવિધ પ્રકારે સરસ રીતે ગાતી હતી. ઘૂઘરા, તાલ, મૃદંગ, સરોદ, સિતાર, તંબુર ઇત્યાદિક વાજિંત્રોને હરખથી વગાડતી હતી. ૬. જેમાં જેટલી ચતુરાઈ હતી અને જેટલા ગુણ હતા તે શ્રીહરિને રાજી કરવા માટે તથા પોતાનું કલ્યાણ કરવા માટે શ્રીહરિ સમક્ષ નિવેદન કરતી હતી. ૭. **બ્રહ્માએ પણ ભગવાન શ્રીહરિને રાજી કરવા માટે પોતાની જે સંપત્તિ અને સામર્થ્ય હતું તે આવીને શ્રીહરિને સમર્પણ કર્યું. જેનાથી કોઈ જાતનું બંધન થાય નહીં.** ૮. શ્રીહરિને રાજી કરવા માટે શંકર આદિક જે દેવતાઓ હતા તેમણે પણ જેટલી સંપત્તિ પ્રાપ્ત કરી હતી તે બધી શ્રીહરિને સમર્પણ કરી. ૯. જે શ્રીહરિને જેટલું સમર્પણ કરે છે તેટલું તે સામર્થ્ય પામે છે. આવી જે મોટા મોટા દેવતાઓ હતા તેમની સમજણ હતી. ૧૦.

ચોપાઈ :

हरि कु समरपत जितना जेऊ, परम फल तितना पाये तेऊ;
हरि के अर्थ जितना नहि आये, निर्थक हि तितना तेहि कहाये...११
देव एसे जानत हि जितना, बडे बहुत कहावत हि तितना;
बडता लघुता कहावत जितने, समझ तामें रहाये तितने...१२

જે શ્રીહરિને જેટલું અર્પણ કરે છે તે તેટલું પરમ ફળ પામે છે. જે કાંઈ પણ ભગવાનના ઉપયોગમાં ન આવે તે બધું નિરર્થક કહેવાય છે. ૧૧. જે દેવતાઓ આ રીતની સમજણવાળા હતા તે ઘણા મોટા કહેવાતા હતા. જેટલી નાનપ કે મોટપ કહેવાય છે તે બધી સમજણમાં રહી છે. ૧૨. શ્રીહરિ મછિયાવ ગામમાં પ્રવેશ્યા. દરબાર બાપુભાઈએ ઘણા પ્રેમથી બધી રાજબજારોમાં પાણી છંટાવી દીધું હતું. ૧૩. બજારમાં બંને પડખે કેળના

સ્તંભ રોપાવી દીધા હતા તેમજ શ્રીફળ અને સોપારીના રોપાઓ પણ મનનાં ઉમંગથી મૂકી દીધા હતા. ૧૪.

બજારમાં જેટલી દુકાનો હતી તે બધી રંગબેરંગી કરીને સજાવી હતી અને ઉપર ઉલેચ બાંધી દીધા હતા. ૧૫. દુકાનના દ્વાર આગળ જેટલા સ્તંભ હતા. તે એક એકથી સારાં સોનાનાં વરખથી ચિત્ર કરીને શણગાર્યા હતા. ૧૬. અને દુકાનના દરવાજા ઉપર મોટા મોટા મોતીના સુંદર તોરણ બાંધ્યા હતા. અને વિવિધ પ્રકારના બિલોરી કાચના ઝુંમર તે બધી દુકાનોમાં લટકાવી દીધા હતા. ૧૭. બિલોરી કાચમાં ચિત્રો કર્યા હોય તેવા કેટલાક મોટા તકતાઓ મૂક્યા હતા. અને ઠેર ઠેર સોનાનાં ઘણા કળશ મંગળ સામગ્રીથી સજાવીને મૂક્યા હતા. ૧૮. બજારમાં પતાકા બાંધીને ઠેકઠેકાણે શોભા કરી હતી. અને આખી બજારમાં ધૂપનો અપાર સુગંધ છવાઈ રહ્યો હતો. ૧૯. ગામના બધા નરનારીઓ બજારમાં આવીને ઊભા હતા. જેટલા પુરુષો હતા તેના હાથમાં ફૂલના હાર લીધેલા હતા. ૨૦.

વળી, હાથમાં શ્રીફળ પણ હતા. કેટલાકે ગુલાલ લીધો હતો. ગામની જેટલી સ્ત્રીઓ હતી તે પણ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવીને ઊભી હતી. ૨૧. જેટલી ભાવિક સ્ત્રીઓ હતી તેમણે મોતીથી ભરેલાં સોનાનાં થાળ લીધા હતા. ભૂમિ ઉપરથી લઈને દુકાન ઉપરના જેટલા માળ હતા, તે માણસોથી ભરાઈ ગયા હતા. ૨૨. બધા જ મનુષ્યો શ્રીહરિનો 'જય જયકાર...' કરી રહ્યા હતા. શ્રીહરિ બજારમાં ચાલ્યા આવતા હતા ત્યારે જેટલા વર્ણી અને સંતો હતા, તેમજ શ્રીહરિની સાથે જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા શ્રીહરિની આગળ ચાલતા હતા. વાજિંત્રનાં શબ્દો બધે વ્યાપી ગયા હતા. ડંકા અને નિશાન આગળ ચાલતા હતા. તેનાથી સવારી ઘણી સુંદર લાગતી હતી. ૨૩-૨૪. શ્રીહરિની આગળ પાર્ષદો ચાલતા હતા. અને તેઓ બંદૂકના અવાજ કરતા કરતા આગળ જતા હતા અને આકાશને ગજવતા હતા. ૨૫. છડીદાર 'જય જય...જય જય...' શબ્દ બોલતા હતા. તે સમયે દરબાર શ્રીહરિનાં મસ્તક ઉપર ચામર ઢોળતા હતા. ૨૬.

તે વખતે ઉડાડાતા ગુલાલની ઘણી ડમરી ચઢી હતી. ભૂમિ અને આકાશ, બધું ગુલાલથી રંગાઈ ગયું હતું. ૨૭. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. મૂર્તિ ઘણી મોહક હતી. તેનાં દર્શન કરતા લોકોને તૃપ્તિ થાતી ન હતી. ૨૮. તે સમયે દર્શન કરનારા લોકો શ્રીહરિના ઉપર અપાર ફૂલની વૃષ્ટિ કરતા હતા. મૂર્તિ ફૂલના હારમાં નખથી શિખા પર્યંત છવાઈ રહી હતી. ૨૯. ગુલાબના હાર અને ગુલાલની શોભા ઘણી સુંદર બની હતી. ભક્તજનનાં ચિત્તને ચોરનારા શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર ગુલાબના બાજુબંધ, ગુચ્છ અને તોરા ધારણ કર્યા હતા. ૩૦.

અશ્વને બધા સોનેરી રંગબેરંગી સાજથી શણગાર્યો હતો. જ્યારે અશ્વ થનગનતો ચાલતો હતો ત્યારે તેનાં પગમાં પહેરાવેલા ઝાંઝર ઝણકી રહ્યા હતા. ૩૧. નટ અને હરણની જેટલી છટા હોય તે બધી શ્રીહરિના અશ્વમાં નિવાસ કરીને રહી હતી. ગરુડનો વેગ, છોડેલું બાણ અને બંદૂકની ગોળી, તે બધા શ્રીહરિના અશ્વની ગતિ જોઈને લજાઈ જતા હતા. ૩૨. અશ્વની સુંદર ગતિ જોઈને ગજરાજ પણ પોતાના માથા ઉપર રજ ચઢાવતો હતો. અને તે જ રીતે અશ્વની ચાલ જોઈને શરમાયેલા હંસ માનસરોવમાં સંતાઈ ગયા હતા. ૩૩. શ્રીહરિ જેટલી જાતના વાહનો કહેવાય છે તેમાં અશ્વને સહુથી વધારે સારો માન્યો અને શ્રીહરિ વારંવાર એમ કહેતા હતા કે અશ્વના જેવું કોઈ સ્વાધીન(સ્વતંત્ર) વાહન કહેવાય નહિ. ૩૪. બીજાં જેટલાં વાહન છે તે અશ્વના જેવા સ્વાધીન નથી, તેમ શ્રીહરિ વારંવાર બોલતા હતા. તે મેં કાને સાંભળીને લખ્યું છે. ૩૫.

❋ શ્રીહરિની વાતની ભવ્યતા અને દિવ્યતા :

हरि करत भये जो जो बाता, चरित्र कर यह सब हि लिखाता;
हरि की बात रहायेउ जितना, मोक्ष फलदायक रहे तितना...३६

दोहा : बुद्धि जीय में निश्चे इमि, शब्द करत हि निवास;
सो जन तनकु त्याग कर, रहत हि हरि के पास...३७
हरि की बात के शब्द हि, जिहाँ लग टिकत न ऊर;
तिहाँ लग भव भटकत जन, रहत हि हरि से दूर...३८

શ્રીહરિ જે જે વાતો કરતા હતા તેને ચરિત્રનાં રૂપમાં માનીને બધું જ લખું છું. કારણ કે, શ્રીહરિની જેટલી વાત છે તે બધી મોક્ષરૂપ ફળને આપનારી છે. ૩૬. જેની બુદ્ધિમાં કે જીવમાં ઉપર કહેલા શ્રીહરિના શબ્દો નિવાસ કરીને રહ્યા હોય તે જ્યારે શરીરનો ત્યાગ કરે છે ત્યારે તે શ્રીહરિનાં ચરણની સમીપે રહે છે. ૩૭. શ્રીહરિની વાતના શબ્દો જ્યાં સુધી હૃદયમાં ટકતા નથી ત્યાં સુધી જીવને ભવભટકણ રહે છે અને તે જીવ શ્રીહરિથી દૂર રહે છે. ૩૮. જે કોઈ પણ બીજ કહેવાય છે તેનું મૂળ જ્યાં સુધી જામતું નથી ત્યાં સુધી તેનો આકાર દેખાતો નથી. તેવી જ શ્રીહરિની વાતો છે. ૩૯. **ચિંતામણિ કરતાં પણ ભગવાનની વાર્તાનું ફળ ઘણું મોટું છે, પણ રીતિ વિના ક્યારેય ફળ મળતું નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "મછિયાવમાં પધારેલા શ્રીહરિની સવારીનું વર્ણન કહ્યું" એ નામે વીશમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર વીશમું : તરંગ - ૨૧

મછિયાવમાં કવિએ સત્સંગની મહત્તા કહી

સુરીતનું ફળ અમૃત જેવું અને અપાર સુખમય છે. અને કુરીતનું ફળ ઝેર જેવું અને અપાર દુઃખમય છે. ૧. સત્સંગ વગરના જેટલા છે તે બધા કુરીતથી ચાલે છે. જે ઉપર ઉપરથી સત્સંગની કાંઈક રીતમાં રહેતા હોય તે સત્સંગમાં દેખાઈ આવે છે. ૨. કારણ કે, સત્સંગ દિવસ જેવો છે. અને તે આખા બ્રહ્માંડને પ્રકાશ આપે છે, તેની મોટપ અનુપમ છે. તેથી સત્સંગને દેખીને કુસંગી બળી મરે છે. ૩. જે લોકો કુસંગને માર્ગે ચાલે છે તેઓ જ્યારે માગ મળે ત્યારે સત્સંગને હાનિ પહોંચાડવાના ઉપાય કરતા રહે છે. ૪.

પરંતુ કુસંગીઓને માગ મળે એવું શ્રીહરિએ સત્સંગમાં રાખ્યું નથી. તેમણે સંતોની સર્વોપરિ પરમ પવિત્ર રીત બાંધી દીધી છે. ૫. સત્સંગના મૂળને દઢપણે જમાવવાને માટે શ્રીહરિએ ઘણો જ પરિશ્રમ કર્યો છે. સત્સંગને

દેખીને જે દ્વેષથી બળતા હતા તેવા જેટલા દેખ્યામાં આવ્યા. તેના પાતાળ સુધી મૂળ હોય તોપણ શ્રીહરિએ તેને ઉખાડી નાખ્યા. કારણ કે, શ્રીહરિના સંકલ્પમાં જ બધી વાત રહી છે. ૬-૭. અજ્ઞાની માણસને તેની ખબર હોતી નથી. કૂતરાની પૂંછડી ક્યારેય સીધી રહેતી નથી. માટે શ્રીહરિએ એવું રાજ્ય કરી દીધું કે તે કુસંગીઓનું કાયમ દમન કરતા રહે. ૮.

છતાં પણ જે અજ્ઞાની લોકો છે તે શ્રીહરિનો પ્રતાપ જોતા નથી. શ્રીહરિએ તો અનેક રીતે વારે વારે ઘણો પ્રતાપ દેખાડ્યો છે. ૯. શ્રીહરિરાય એક જ દિવસમાં બે-ત્રણ પ્રતાપયુક્ત ચરિત્ર દેખાડતા રહેતા. છતાં અજ્ઞાની લોકો તે શ્રીહરિના પ્રતાપને જોઈ શકતા નહીં. કારણ કે, તેઓ અજ્ઞાનરૂપી અંધારાથી ઢંકાઈ ગયા છે. ૧૦. જ્યાં સુધી તેઓ સત્સંગ નથી કરતા ત્યાં સુધી તેનું અજ્ઞાનનું અંધારું ટળતું નથી.

શ્રીહરિની જે સવારી હતી તે બજારમાં આગળ ચાલી આવતી હતી. ૧૧. હવે હું તે સવારીની વાત કહું છું. કહ્યા સિવાય મનમાં સંતોષ થતો નથી. લોકો શ્રીહરિને ફૂલના હાર પહેરાવીને આગળ શ્રીફળ ધરતા હતા. ૧૨. ગામની જેટલી સ્ત્રીઓ હતી તેનાં દિલમાં અપાર ઉત્સાહ ભર્યો હતો, તેથી મોતીના થાળ ભરીને તે લાવી હતી. તેનાથી પ્રેમ સહિત તે શ્રીહરિને વધાવતી હતી. ૧૩. ગુલાલ, વધાવેલા મોતી અને ફૂલ બજારમાં પથરાઈ ગયા હતા. તેનાથી બજારની થયેલી અદ્‌ભુત શોભા કહી શકાતી નથી. ૧૪.

ગામમાં દરબારના ભવનની પાછળના ભાગમાં ઘાસનો સુંદર મંડપ કર્યો હતો ત્યાં સહુ સંતોને ઉતારો આપ્યો. ૧૫. અને એક સારું ભવન હતું તેમાં શ્રીહરિનો ઉતારો કરાવ્યો. દરબાર પોતે શ્રીહરિની રીતને જાણતા હતા. ૧૬. સંતો અને હરિભક્તોની સભા વિશાળ જગ્યામાં થાય એવો ગામમાં એક ચોક હતો અને ત્યાં વડલાનો છાયો રહેતો હતો. ૧૭. તે સિવાય બીજા લીંબડાનો પણ છાયો હતો, એટલે તે ચોક ઘણો રમણીય હતો. ચોકની ચારેબાજુ ગામના મકાનો હતા, છતાં પણ ચોક ઘણો વિશાળ હતો. ૧૮.

ચોકની વચ્ચે જે વડલાનું ઝાડ હતું ત્યાં શ્રીહરિ સભા કરતા હતા. માનો સભાને માટે જ આ ચોક બનાવ્યો હોય, એવો સરસ ચોક હતો. ૧૯. અત્યંત નિપુણ દરબાર બાપુભાઈએ એક અદ્‌ભુત સુંદર પાટ મગાવી. તેના ઉપર પલંગ મૂકીને નવા ગાદીતકિયા બિછાવ્યા. ૨૦. તે પાટ ઉપર શ્રીહરિને બેસાડ્યા અને અલૌકિક લાભ લીધો. સંતો, વર્ણી અને હરિભક્તોને માટે બાપુભાઈએ નવા બિછાનાઓ કરાવ્યા હતા. ૨૧. શ્રીહરિની આગળ સંતો, સંન્યાસી અને બ્રહ્મચારીની સભા થઈ. તે જ રીતે વર્ણાશ્રમને ઘટે તેમ બધા હરિભક્તોની પણ સભા થઈ. ૨૨.

વર્ણાશ્રમના ધર્મ અનુસારે શ્રીહરિ નિત્ય વાત કરતા હતા. શ્રીહરિને વર્ણાશ્રમના ધર્મ ઉપર ખૂબ તાન રહેતું હતું. ૨૩. વર્ણાશ્રમી હોવા છતાં તેના ધર્મનો જે લોપ કરે તે ભવ તથા બ્રહ્મા જેવા હોય, તોપણ તેના ઉપર શ્રીહરિ પ્રસન્ન થતા નથી. ૨૪. શ્રીહરિના સમાન કોઈ શ્રેષ્ઠ નથી. શ્રેષ્ઠ વર્ણાશ્રમી કહેવાતા હોય છતાં જેટલી અધર્મમાં રુચિ થાય છે તેટલો તેના બીજરૂપ સંસ્કારમાં કાંઈક ફેર છે. ધર્મ ઉપરથી જ તેની પરીક્ષા થાય છે. ૨૫-૨૬. જેને વર્ણાશ્રમના ધર્મમાં રુચિ ન હોય તે કદાચ દેવ હોય, તોપણ રુચિ ઉપરથી તે દેખી શકાય છે. ૨૭.

❋ સત્સંગ સૂર્ય સમાન છે :

सोरठा : रुचि करीके जोउ, परीक्षा होवत जनहु की;
कसोटी करिके सोउ, कंचन देख आत जिमी...२८

चोपाई :

जो जो बात रहाये जेसी, ताकी कसोटी रहाये तेसी;
कसोटी कर बात जो जैसा, तरत देखेमें आवत तैसा...२९
सत्संग की बात रहे जेती, सूर्य दीपक आरसी रहे तेती;
अंग में दोष जाहि जिस रीता, देखे तरत आवत तिस रीता...३०

જેમ સોનાની પરીક્ષા કસોટી ઉપર થાય છે તે રીતે જ મનુષ્યની પરીક્ષા તેની રુચિ ઉપરથી થાય છે. ૨૮. જે જેવી બાબત હોય તેની તેવી કસોટી હોય છે અને તે કસોટી કરવાથી જે વાત જેવી હોય તેવી તે તરત

દેખાઈ આવે છે. ૨૯. સત્સંગની વાત તો સૂર્ય, દીવો અને અરીસા જેવી છે. પોતાના અંગમાં જેવો દોષ હોય તે તરત દેખાઈ આવે છે. ૩૦. તેને લીધે કુસંગીનું સત્સંગમાં મન મળતું નથી. કુસંગીઓના ગુરુ કુસંગી હોય છે અને તેનાં અંગમાં નખથી શિખા પર્યંત કુસંગ ભર્યો હોય છે. ૩૧.

શાસ્ત્ર ભણે છતાં તેનો કુસંગ જાતો નથી. ચાહે તેટલા તીર્થ કરે, ચાહે તેટલો યોગ સાધે, યજ્ઞ કરે, મેરુ જેટલું સોનાનું રોજ દાન કરે, આ બધું બ્રહ્માંડના એક કલ્પ સુધી કરે, છતાં તેને કુસંગ દેખવામાં પણ આવતો નથી. કેમ જે, ચાહે તેટલો હોશિયાર હોય તોપણ જો તે કુસંગ કર્યા કરતો હોય તો કુસંગ કરવાથી કુસંગ ક્યારેય દેખાતો નથી. સત્સંગ કર્યાથી જ કુસંગ દેખાય છે. ૩૨-૩૩. કીચડથી જો કીચડ ધોવાતો હોય તો કુસંગથી સત્સંગ થાય..! જેટલા માણસને મોક્ષનો ખપ નથી એટલા માણસો સત્સંગ વગરના રહે છે. ૩૪.

❋ સુખી થાવા માટે સત્સંગની અનિવાર્યતા :

सत्संग जन न करत जिहाँ लगहू, अपार दुःख रहत तिहाँ लगहू;
ताके ज्ञान न होवत लेशा, चाय तेसे होवे वरेशा...३५
जग की माया के जिहाँ लगही, आधीन वरतत तिहाँ लगही;
माया में सुख दुःख रहे जेसे, अपार कल्प पावत रहे तेसे...३६

માણસ જ્યાં સુધી સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેને અપાર દુઃખ રહે છે. પછી ચાહે તેવો તે શ્રેષ્ઠ હોય, તોપણ તેને લેશમાત્ર જ્ઞાન થતું નથી. ૩૫. માણસ જ્યાં સુધી જગતની માયાને આધીન રહે છે ત્યાં સુધી તે માયામાં જેવા સુખ-દુઃખ રહે છે તેવા સુખ-દુઃખને અનેક કલ્પ સુધી પામતો રહે છે. ૩૬.

ભગવાનના સંતો છે તે જીવને અજ્ઞાનથી થતા દુઃખને દેખીને તેના ઉપર દયા કરે છે. કારણ કે તેઓ પરમાર્થી હોય છે. ૩૭. જીવને માયાનું જે બંધન રહ્યું છે તેની વાત સંતો કરતા રહે છે. સંતો નિજમાતા સમાન હેત દેતા રહે છે, પરંતુ જે બાળક જેવા અજ્ઞાની હોય તેને તે વાત ગમતી નથી. ૩૮. જીવ માયામાં તન્મય રહેતા હોય છે. તેમજ તેઓ જન્મ ધાર્યા

પછી દેહરૂપ થઈ ગયા હોય, તેઓ પોતાના વિશુદ્ધ આત્મસ્વરૂપને દેખતા નથી. અને તેને કારણે જ બીજામાંથી સુખ માનતા રહે છે. ૩૯. **જીવમાં પરમેશ્વર રહ્યા છે અને તે ભગવાનના સ્વરૂપમાં જ સમગ્ર સુખ રહ્યું છે. તે શુદ્ધ જીવાત્માનું અને પરમેશ્વરનું જ્ઞાન થયા સિવાય અજ્ઞાની જીવ બીજામાં સુખ માનતા રહે છે. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "મછિયાવમાં કવિએ સત્સંગની મહત્તા કહી" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર વીશમું : તરંગ - ૨૨

ખુશાલ ભટ્ટના સર્વોત્તમ અપાર ગુણ અને નિર્માનીપણું કહ્યું

જીવને જ્યાં સુધી ભગવાન સિવાય અન્યથી સુખ મનાય છે ત્યાં સુધી તે દુઃખના સાગરમાં ડૂબ્યો રહે છે. ૧. જીવને સત્સંગના યોગ સિવાય પોતાનાં અજ્ઞાનનું જ્ઞાન થાતું નથી. જ્યારે તે સત્સંગનો યોગ કરે છે ત્યારે તેનું અજ્ઞાનરૂપી અંધારું ટળી જાય છે. ૨.

શ્રીહરિ સભામાં વારંવાર આવી વાતો કરતા હતા. શ્રીહરિની આવી વાતને જે પોતાનાં હૃદયમાં ધારી રાખતા હતા તેને અજ્ઞાન બિલકુલ રહેતું નહિ. ૩. શ્રીહરિની આવી વાતો ચિત્તરૂપી કાગળમાં લખાયા વિના રહેતી નહીં. જે વાત જેવી થઈ હોય તેવી ફરીવાર કહ્યામાં આવતી નથી. ૪.

જે વખતે જેવું અંતર હોય તે વખતે તેવી વાત થતી હોય છે. જેમ કાળ એકનો એક રહેતો નથી તે રીતે વાત પણ એકની એક રહેતી નથી. ૫. જે રીતનો કાળ ચાલતો હોય તે રીતે મનુષ્યનું અંતર પણ રહેતું હોય છે. કારણ કે ગંગાના પ્રવાહમાં પણ તેનું તે પાણી કાયમ રહેતું નથી. ૬.

જેની બાળબુદ્ધિ હોય તેને એકની એક વાત દેખ્યામાં આવે છે, પણ કાળના પરિવર્તનની સાથે તેમાં પરિવર્તન દેખાતું નથી. ૭. શ્રીહરિ દશમને

દિવસ આવ્યા હતા. ત્યારે સંતો અને હરિભક્તોના પ્રત્યે આવી બધી વાત કહી હતી. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે ત્રણ-ચાર મશાલો પ્રગટી હતી. ૮. (તે સમયે સંતો ગોડીના પદ બોલ્યા, *'ફૂલના પેરી રે જામા ફૂલના પેરી, ફૂલ્યો રસિક સુજાણ જામા ફૂલના પેરી.'* એ પદ બોલ્યા.)

પછી સંતોએ ભગવાનની મૂર્તિમાં સુરત રાખીને આરતી અને ધૂન કરી. જ્યારે આરતી અને ધૂન થઈ રહ્યા ત્યારે વસંત અને હોરીનાં પદ શ્રીહરિએ ગવડાવ્યા. ચારેબાજુ આનંદ-ઉત્સવ છવાઈ ગયો. જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે શ્રીહરિ પોઢવા માટે ચાલતા થયા. ૯-૧૦. એકાદશીને દિવસ સવારમાં વહેલું ઘણું હિમ(ઘણી ઠંડી) પડ્યું હતું. ત્યારે અવિનાશી શ્રીહરિએ સહુથી પહેલા ઊઠીને પાર્ષદને સાથે લીધા. અને ઘણા ઉત્સાહથી તળાવમાં સ્નાન કરી આવ્યા. જ્યારે સંતોને તે ખબર પડી ત્યારે તેઓ ઊઠ્યા. ૧૧-૧૨.

ગામના પશ્ચિમ દરવાજાને સમીપ જ પાણીથી ભરેલું તળાવ હતું અને ત્યાં જઈ બધા સંતો તળાવમાં નાહ્યા. જ્યારે સંતો નાહી રહ્યા ત્યારે બધા હરિભક્તો મનમાં અત્યંત મહિમાના ભાવથી નાહ્યા. ૧૩-૧૪. જ્યારે જેને જેના ઉપર અપાર ભાવ થાય છે ત્યારે તે અપાર ભાવને લીધે તેને કોઈ વિઘ્ન દુઃખી કરી શકતું નથી. ૧૫. ભાવને લીધે ચાહે તેવું દુઃખ આવે તોપણ તે સુખ લાગે છે. અને તેવી ભાવના વિનાનું સુખ પણ અત્યંત દુઃખ લાગે છે. ૧૬.

જેમાં જેટલી વધારે પ્રેમ-શ્રદ્ધા દેખાય છે તેનામાં તેટલો સત્સંગ દેખવો. ભાવ વિનાનો જે સત્સંગ હોય તે નજરે દેખાય આવે છે. ૧૭. તે ગમે તેટલાં જ્ઞાન, ધ્યાન કરે તેનું ફળ તો ભાવિક શ્રદ્ધાળુ લોકોને ઠગવા એટલું જ હોય છે. ટોરડા ગામના વિપ્ર ખુશાલ ભટ્ટને સત્સંગ ઉપર ખૂબ જ ભાવ હતો.૧૮.

चोपाई :

सत्संग सम सुख देखत न केहा, ब्रह्मांड में जितने सुख हि तेहा;
सत्संग बिन रहे सुख जितना, काक विष्ठा सम देखत तितना...१९

अंतर शुद्ध निरमल अपारा, भये कोउ यह वार न पारा;
अंतर ताके शुद्ध रहे जेसा, जथार्थ श्रीहरि जानत तेसा...२०

બ્રહ્માંડમાં જેટલું સુખ રહ્યું છે તે કોઈ સુખને તેઓ સત્સંગના સમાન દેખતા નહિ. વળી સત્સંગના સિવાયનું જેટલું સુખ છે તેને તેઓ કાકવિષ્ઠાના સમાન દેખતા હતા. ૧૯. ખુશાલ ભટ્ટનું હૃદય અપરંપાર નિર્મળ થયું હતું. તેમનું હૃદય જેવું શુદ્ધ હતું તેને યથાર્થરૂપમાં તો તે શ્રીહરિ એક જ જાણતા હતા. ૨૦. બીજા હરિભક્તો તો તેમના ભાવને દેખીને પૂરી સમજણ વગરના ભાવવાળા દેખતા. ખુશાલ ભટ્ટને સત્સંગ ઉપર એટલો બધો વધારે ભાવ હતો કે, તેનાથી તેમણે પોતાનું સમૃદ્ધિથી ભર્યું ઘર તજી દીધું હતું. ૨૧. હાથી, અશ્વ, મ્યાના, રથ, ધન અને સુવર્ણ, તે બધાનો જેમને ત્યાં કોઈ પાર ન હતો, એવા ઈડર રાજ્યના મોટા જે ક્ષત્રિય રાજા ગંભીરસિંહ હતા તે પણ તેમના યજમાન હતા. ૨૨.

તેઓ જ્યોતિષના ગ્રંથમાં તો બૃહસ્પતિ અને શુક્રાચાર્યના સમાન વિદ્વાન હતા. અને શુકદેવજીના સમાન બધા જ પુરાણોના શ્રેષ્ઠ વકતા હતા. ૨૩. તેમજ સાધુતાના જેટલાં લક્ષણ કહેવાય છે તે બધાં તેમનામાં સહજ સ્વભાવે રહ્યાં હતાં. છતાં તેમને તે સદ્‌ગુણોનો લેશમાત્ર પણ ગર્વ ન હતો. કારણ કે, તેઓ જેટલો ગર્વ એટલું પાપ દેખતા હતા. ૨૪.

તેઓ સ્વયં બધી જ યોગકળાઓને જાણતા હતા. જેટલા શુભ ગુણો કહેવાય છે તે બધા તેમનાં જીવનમાં અમાપપણે રહ્યા હતા. ૨૫. જેમ સર્પનાં મુખમાં અમૃત પડે તો તેનું ઘણું ઝાઝું ઝેર થાય છે, તેમ પાત્રતા વિનાના આવેલા શુભ ગુણો ઘણો ક્લેશ કરાવે છે. ૨૬.

✻ ખુશાલ ભટ્ટના ગુણો અને દાસપણાની મહત્તા :

શ્રીહરિએ ખુશાલ ભટ્ટમાં અભિમાને રહિત સત્પાત્રતા દેખી અને પછી સાધુતાના સર્વોપરિ ગુણ તેમને આપ્યા હતા. ૨૭. **તેમનામાં સાધુતાના ગુણ દેખીને શ્રીહરિ તેમને વશ થઈ ગયા અને તેમને અલૌકિક સામર્થ્ય આપ્યું. તેથી તેઓ મનમાં જેવો સંકલ્પ કરતા તેને શ્રીહરિ સિદ્ધ કરતા હતા. ૨૮.**

श्रीहरि तामें सामृथ जितना, विप्र कु देखावत भये तितना;
विप्र सामृथ देखत हि जीमी, श्रीहरि में भाव करत तीमी...२९
विप्र संत हरिजन के दासा, में हुँ मानत परम हुल्लासा;
संत हरिजन के दास होय जेता, वरतत रहत हरिजन हि तेता...३०
सत्संग ताकी प्रथा रहे एसी, लोपत नहीं हरिजन जो लेसी;
हरिजन बिनकी करत न बाता, चाय तिमि तेहि करो उतपाता...३१

શ્રીહરિ પોતામાં જેટલું સામર્થ્ય હતું તે બધું ખુશાલ ભટ્ટને દેખાડતા હતા અર્થાત્ ખુશાલ ભટ્ટ દ્વારાએ સામર્થ્ય વાપરતા હતા. ખુશાલ ભટ્ટે જેમ જેમ સામર્થ્ય દેખ્યું તેમ તેમ શ્રીહરિમાં વધારે ભાવ કરતા ગયા. ૨૯. વિપ્ર ખુશાલ ભટ્ટ પોતાને સંતો અને હરિભક્તોનો હું દાસ છું તેમ પરમ ઉલ્લાસથી માનતા હતા. જે જેટલો સંતો અને બીજા હરિભક્તોનો દાસ થઈને વર્તે છે તે તેટલો હરિભક્ત છે, તેવી સત્સંગની પ્રથા રહી છે. તેને જે સાચો હરિભક્ત હોય તે લેશમાત્ર પણ લોપતો નથી. તે ચાહે તેવો કોઈ તેની સાથે ઉત્પાત કર, તોપણ તે ભગવાનના ભક્ત સિવાયની વાત કરતો નથી. ૩૦-૩૧.

જેને ભગવાનનો બિલકુલ ડર ન હોય તે પોતે પોતાને ભગવાન માનતા હોય છે. જે પોતે જ ભગવાન થઈને બેઠા છે તે પરમેશ્વરના ચોર કહેવાય છે. ૩૨. જે સ્વયં ભગવાન પુરુષોત્તમ છે તે પોતે પોતાને ક્યારેય ભગવાન કહેતા નથી. જ્યારે મનુષ્યને દિલમાં ખોટું મમત્વ ભરાઈ જાય છે ત્યારે તેનું ચિત્ત ફરી જાય છે. ૩૩. પછી તે ખોટા અહં-મમત્વને લીધે સંતો અને હરિભક્તોનો અપરાધ થાય છે. જે સંતો અને હરિભક્તો સત્સંગના અજોડ જીવનરૂપ છે, તેમની સાથે જ્યારે પોતાનું લગાર પણ માનખંડન થાય ત્યારે અપાર અહં-મમત્વ થાય છે. કોઈ નિમિત્તથી મનુષ્યને માન આવે ત્યારે જો તેનો મિત્ર તે માનને દેખાડે તો તે ન્યાયરૂપે જાણે વેરી આવ્યો છે એમ માનીને તે મિત્રનું પણ અપમાન કરે છે. જ્યારે અપાર અહં-મમત્વ થઈ જાય છે ત્યારે તેમાં લેશમાત્ર પણ વિચાર રહેતો નથી. ૩૪-૩૬.

અહં-મમત્વમાં મદથી પણ વધારે માદકતા રહી છે. તે તેના ચિત્તને જાણપણારૂપી દરવાજામાંથી કાઢીને પણ ભરમાવી દે છે. ૩૭. અર્જુન

ઘણા સમર્થ હતા અને નરનો અવતાર હતા. શ્રીકૃષ્ણ નારાયણ છે, તેમ દૃઢ નિશ્ચયપણે માનતા હતા. ૩૮. છતાં દ્વારકામાં બ્રાહ્મણના મરી ગયેલા પુત્રને બચાવવા જ્યારે અહં-મમત્વ થયું ત્યારે અર્જુને પોતાના સમાન બીજા કોઈને માન્યા નહિ. ૩૯. પણ જ્યારે તેનું ધાર્યું નહિ થવાથી માન ન રહ્યું ત્યારે તે અગ્નિમાં પ્રવેશ કરવા માટે મનમાં નક્કી કરી તૈયાર થયા. મમત્વ આવું છે. પછી તો ભગવાન શ્રીકૃષ્ણે તેમને તેમ કરતા અટકાવ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ખુશાલ ભટ્ટના સર્વોત્તમ અપાર ગુણ અને નિર્માનીપણું કહ્યું" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર વીશમું : તરંગ - ૨૩

કવિએ પોતાના કાવ્યનો ઉદ્દેશ્ય અને પોતાની પ્રાથમિક સ્થિતિ કહી

મુક્તાનંદસ્વામીએ દાદા ખાચર આદિક હરિભક્તોની આગળ શ્રીહરિનાં ચરિત્રની જે વાત કહી હતી તે હું કહું છું. શ્રીહરિના ચરિત્ર કહ્યા વિના શું જ્ઞાન લઈએ ? અર્થાત્ બીજામાંથી શું પ્રાપ્ત કરીએ ? ૧. જે કોઈ પણ વાત હોય તેને કહ્યા સિવાય ક્યારેય કોઈ દિવસ તેનું જ્ઞાન થતું નથી. તે વાત નિશ્ચિત છે. ૨. જે કોઈ પણ વાત હોય તેને જાણવાનું દ્વાર છોડીને બ્રહ્મા જેવાને પણ ચોક્કસ જ્ઞાન થતું નથી. ભગવાનનું જ્ઞાન જાણવાનું દ્વાર ભગવાનનાં ચરિત્રો જ છે. ૩. જેને સમજવા માટેનું જે દ્વાર હોય છે તેને તજી દઈને કોઈ બીજા ઉપાય કરોડો કલ્પ સુધી કરીને મરી જાય તોપણ તે સિદ્ધ થતું નથી. ૪.

શ્રીહરિએ જે રીતે ચરિત્રો કર્યા છે તેને જેવા ભક્તોએ દેખ્યા તે રીતે કહું છું. કહેવામાં કેટલોક વિવેક રહે છે. કારણ કે, વિવેક રાખ્યા વિના તેનું ફળ તલ જેટલું પણ મળતું નથી. ૫. જ્યારે હું ચરિત્રો કહું છું ત્યારે જેને વિવેક હોય તેને દેખાઈ આવે છે. વિવેક વગરનો મનુષ્ય તો અંધના જેવો છે. તે જ્યારે વાત કરતો હોય છે ત્યારે દેખાઈ આવે છે. ૬.

કોઈ એક વાત કરવામાં આવે તેમાં અવાંતર કેટલાય પ્રસંગ આવી જાય ત્યારે તે વાત સિદ્ધ થાય છે. અને તે પણ વાતનો પ્રસંગ જે જાણતો હોય તેને દેખાય છે. ૭. જે વ્યક્તિ જે પ્રસંગને જેટલો જાણતી હોય છે તેને તેટલો તેમાં વિવેક રહે છે. જે પ્રસંગને જાણતા નથી તે તેટલા વિવેક વગર રહી જાય છે. ૮. જ્યારે જે વાત કરતા હોય છે ત્યારે તે વાતમાં રહેલો વિવેક દેખાઈ આવે છે. વિવેકી જનોને જાણવા માટે તો આ ગ્રંથનો આરંભ કર્યો છે. ૯. વિવેક ભક્તજનનું નિત્ય હિત કરતો રહે છે અને અનેક જન્મના પાપોને ટાળે છે. જે ભરવાડ કે ભૂતના જેવા અજ્ઞાની હોય છે તેને તો આ ગ્રંથ ઝેરના જેવો જણાય છે. ૧૦.

આંકડાના ઉપર બેઠેલા કીડાને કેરીમાં કાંઈ સ્વાદ દેખાતો નથી. આ ગ્રંથ કેરીના જેવો છે અને તેમાં અમૃતના સમાન રસ ભર્યો છે. ૧૧. જે શુકદેવજીના સમાન વિવેકી છે તે જ આ હરિચરિત્ર ગ્રંથના સ્વાદને સ્વાદિષ્ટ રસ કરીને ભોગવે છે. તેઓ આ ચરિત્રામૃત રસને પીતાં પીતાં ક્યારેય અમે તૃપ્ત થયા, એમ કહેતા નથી. ૧૨. તેવા ભાવિક ભક્તજનોને માટે શ્રીહરિચરિત્રનો આ ગ્રંથ ઘણા ભાવથી રચ્યો છે. અને તે રચવામાં કોઈ પરિશ્રમ થયો નથી. ૧૩. ભગવાનના ભાવિક ભક્તોને માટે કરોડો કલ્પ સુધી શ્રીહરિચરિત્રનો ગ્રંથ કરતા રહીએ તો તેમાં રતીભાર પરિશ્રમ પડતો નથી. ૧૪.

આ હરિચરિત્રામૃત ગ્રંથને લખવામાં દિનપ્રતિદિન ઉત્સાહ વધારે ને વધારે વધતો રહે છે. શ્રીહરિ આવીને તેનું પોષણ કરે છે, એટલે તે ઉત્સાહ ઘટતો નથી. ૧૫. **શ્રીહરિ જ્યારે મદદ કરે છે ત્યારે અનંતકોટિ બ્રહ્માંડો તરતી નૌકાની જેમ પાણીમાં તરતા રહે છે. ૧૬.** આ ગ્રંથમાં જેટલી આશ્ચર્યકારી વાત આવે છે, તે શ્રીહરિના સંકલ્પથી આવતી દેખાય છે. જેટલા વિવેકી જનો હોય છે તેની આવી સમજણ હોય છે. ૧૭. વિવેક વગરના મનુષ્યો ભગવાનનું સામર્થ્ય જોવાને બદલે બીજાનું સામર્થ્ય કહે છે. ગ્રંથ રચવા, કીર્તન ગાવા કે વાત કરવી, તેનું એટલું જ ફળ છે કે, ૧૮.

ભગવાનની મૂર્તિમાં પોતાનાં ચિત્તને ચોંટાડવું અને તે ચિત્ત ચોંટ્યા સિવાય ફળ મળતું નથી. અનેક વાતો કહીને કહેવાનું તાત્પર્ય એ છે કે, તમામના ચિત્તને ભગવાનની મૂર્તિમાં ચોંટાડવા માટે આ ગ્રંથની રચના કરી છે. ૧૯. પોતાનું વધારે કવિપણું દેખાડવા માટે આ ગ્રંથ કાંઈ રચ્યો નથી. હું કાવ્ય કરવાની રીતને લેશમાત્ર પણ ક્યારેય જાણતો નથી. ૨૦.

શ્રીહરિએ દયા કરીને મને પાસે રાખ્યો હતો. અને કેટલાય વર્ષ કહેતાં સં.૧૮૭૩ થી સં.૧૮૮૬ સુધી એમ ૧૩ વર્ષ મને હેત આપ્યું હતું. તેના અગાઉ પાંચ વર્ષે મને દયા કરીને દર્શન દીધાં હતાં. (કહેતાં સં. ૧૮૬૯ થી સં.૧૮૭૩ સુધી ઘેર હતો ત્યાં દર્શન દેવા આવતા અને હું પણ જ્યાં મહારાજ હોય ત્યાં સમૈયે ઉત્સવે દર્શને જતો હતો.) ૨૧. તેના અગાઉ પાંચ વર્ષે શ્રીહરિનાં સ્વરૂપનું જ્ઞાન થયું હતું. (કહેતાં સં.૧૮૬૪ માં) શ્રીહરિએ ગિરનારમાં જ્યારે પહેલો સમૈયો કર્યો, ૨૨. તે દિવસથી શ્રીહરિની પ્રત્યેક વર્ષની વધારેમાં વધારે સ્મૃતિ જ્યારે થયા કરે છે ત્યારે હું જાણું છું કે શ્રીહરિની મરજી થઈ છે. તેથી આ ચરિત્ર મારાથી લખ્યામાં આવે છે. ૨૩.

એક દિવસ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં વિશાળ ચોક છે ત્યાં ચોક વચ્ચે અનુપમ લીંબતરું છે, તેની ફરતી વેદિકા છે. તે ચોરસ વેદિકાના પશ્ચિમ તરફના ભાગમાં ગાદીતકિયા બિછાવેલા હતા. તે ઘણા સુશોભિત હતા. તેના ઉપર શ્રીહરિ બેઠા હતા. ૨૪-૨૬.

સંતો, વર્ણી અને બધા દેશના હરિભક્તોની સભા થયેલી હતી. જ્યારે મશાલ થઈ ત્યારે સહુ ઊઠ્યા. ૨૭. આરતી અને 'સ્વામિનારાયણ' નામની ધૂન કરી પછી સહુ સભામાં બેઠા. ત્યારે વિચક્ષણ પ્રાગજી દવે શ્રીહરિની સન્મુખ આવીને બેઠા. ૨૮. તેમણે બે હાથ જોડી મસ્તક નમાવી, શ્રીહરિને કહ્યું કે, 'કૃપાનાથ ! મારી એક વિનંતિ છે. આ સિદ્ધાનંદ(આધારાનંદ) મુનિ છે તે મુક્તાનંદસ્વામીની પાસે રહે છે. ૨૯. મુક્તાનંદસ્વામી જ્યારે કોઈ ગ્રંથ રચે છે ત્યારે તેઓ સિદ્ધાનંદમુનિની પાસે લખાવે છે. મુક્તાનંદસ્વામી જેવું ચરણ બોલે છે તેને યાદ રાખીને તેઓ લખે છે. ૩૦.

મુક્તાનંદસ્વામીની જેવી મરજી હોય તે પ્રમાણે તેઓ ઘણા આદરભાવથી લખે છે. મરજી પ્રમાણે લખતા હોવાથી મુક્તાનંદસ્વામીને તેમના ઉપર ઘણો પ્રેમભાવ રહે છે. ૩૧. મુક્તાનંદસ્વામી તેમને પોતાના હાથ સમાન માનીને તેમના ઉપર ઘણી કૃપા રાખે છે. જ્યારે દેશદેશના હરિભક્તો અહીં આવે છે, ત્યારે તેઓ મુક્તાનંદસ્વામીને બધા સંતોથી મોટેરા જાણીને ફળ, ફૂલ, જાત જાતના મેવા, ઉત્તમ પકવાન, જે કાંઈ શ્રીહરિની આગળ ધરે છે તેવું મુક્તાનંદસ્વામીની આગળ પણ ધરે છે. મુક્તાનંદસ્વામી હરિભક્તોને રાજી રાખવા માટે આનંદથી થોડુંક મુખમાં મૂકે છે. ૩૨-૩૪.

પછી હરિભક્તોને યોગ્ય રીતે તે પાછું આપે છે. અને તે પછી પ્રસાદીરૂપ ફળ, ફૂલ જે કાંઈ હોય તે સિદ્ધાનંદસ્વામીને પોતાના માનીને પ્રેમથી રોજ કાંઈક આપે છે. ૩૫. હે મહારાજ ! શુકાનંદસ્વામી જેમ કાયમ આપની સાથે રહે છે અને આપ જેમ કહો તે રીતે તેઓ લખતા રહે છે તેમજ મુક્તાનંદસ્વામીની મરજી પ્રમાણે આધારાનંદસ્વામી લખતા રહે છે. ૩૬. શુકાનંદસ્વામી તો આપના હાથ જેવા છે. પુરાણના સારા વિદ્વાન છે અને તેઓ બાળપણામાં નિત્યાનંદસ્વામીના શિષ્ય રહી ચૂક્યા છે. ૩૭. નિત્યાનંદસ્વામી તો વ્યાસમુનિના જેવા છે. આપે શુકાનંદસ્વામીને તેમની પાસે રાખ્યા, તેનાથી તેઓ ઘણા આગળ વધ્યા છે. ૩૮.

શુકમુનિમાં બુદ્ધિ અપાર છે અને અત્યારે તો તેઓ આપના શિષ્ય થઈને આપની પાસે રહ્યા છે. તેમને બુદ્ધિનું બધું જ ફળ મળી ગયું છે. ૩૯. અત્યારના સમયમાં જે કોઈ પણ લોકો આપને શરણે થયા છે તે બધાને પોતાની સંપત્તિ, બુદ્ધિ અને કરેલા સાધનોનું બધું ફળ મળી રહ્યું છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "કવિએ પોતાનાં કાવ્યનો ઉદ્દેશ્ય અને પોતાની પ્રાથમિક સ્થિતિ કહી" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર વીશમું : તરંગ - ૨૪

પ્રાગજી દવેએ શ્રીહરિની પાસે 'શ્રીનારાયણઅંગ ચિંતામણિ' ગ્રંથ વાંચ્યો

પ્રાગજી દવેએ આધારાનંદસ્વામીના કાગળને જે ટીપણું કરીને રાખી મૂક્યો હતો, તે એક આધારાનંદસ્વામીનો સૌ પ્રથમ લખેલો નાનો ગ્રંથ હતો. જેનું નામ **'નારાયણઅંગ ચિંતામણિ'** રાખ્યું હતું, ૧. તે શ્રીહરિને મસ્તક નમાવીને તેનું જે ઘણા ભાવથી મંગલાચરણ કર્યું હતું તેને હવે કહું છું, કહેતાં તે ગ્રંથ શ્રીહરિ આગળ વાંચવાનો આરંભ કર્યો. ૨.

❋ સ્વામિનારાયણ મંત્રનો મહિમા :

दोहा : श्रीभक्तिधर्म सुत सुखकरन, दुःख हि हरन हरि नाम;
स्वामिनारायण नाम जो, रटत वसत हरिधाम...०३
स्वामिनारायण नाम यह, चिंतामनि से जोउ;
कोटि गन फल अधिक रहे, बडभागी रटत सोउ...०४

सोरठा : हरि के नाम हि ताके, महिमा रहे अपार कर;
जितना महिमा वाके, जानत तितना फल होत...०५
हरि के अंग जेते, बसन भूषण जेते तेहि;
खान पान हि तेते, चिंतामनि यह रहेउ सब...०६

સુખનું કારણ અને દુઃખને હરનારા એવા શ્રીભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિ, તેમના સ્વામિનારાયણ નામને કોઈ રટે છે તો તે ભગવાનનાં ધામમાં રહે છે. ૩. 'સ્વામિનારાયણ' આવું નામ ચિંતામણિ કરતાં પણ કરોડગણું વધારે ફળ આપે છે. તે નામનું જે ભજન કરે છે તે ઘણો ભાગ્યશાળી છે. ૪. શ્રીહરિનાં નામનો મહિમા અપાર છે. તે જેટલો મહિમા સમજવામાં આવે છે તેટલું તેનું ફળ થાય છે. ૫. શ્રીહરિની મૂર્તિના સર્વે અંગો, તેમનાં વસ્ત્ર, આભૂષણો અને ખાન-પાન જે કાંઈ છે તે બધા ચિંતામણિરૂપ છે. ૬.

શ્રીહરિનું વાહન, રહેવાનું ભવન, ભક્તનાં હિતને માટે ભગવાન સ્વામિનારાયણે કરેલાં ચરિત્રો, કથા, વાર્તા અને કીર્તન વગેરે જે શ્રીહરિએ કર્યા હોય છે તે બધા તેમના સંબંધે કરીને ચિંતામણિ જેવા છે. ૭-૮.

ભગવાનના સંબંધ વગરની જે કોઈ પણ વસ્તુનું ચિંતવન કરવામાં આવે છે, તે નરક કરતાં પણ અત્યંત દુઃખદાયક છે. અને તે તો જીવને માટે બીજી જમપુરી રહી છે. આ જમપુરી પ્રગટ રહી હોવા છતાં કોઈને દેખાતી નથી. ૯. જીવની શુભમતિ ઘણા જન્મનાં કુસંગે કરીને અત્યંત વિપરીત થઈ ગઈ છે. અને તેને લીધે જીવને અપાર દુઃખ સહન કરવું પડે છે. ૧૦. ભગવાન સિવાયના બીજા પદાર્થોનું જીવ જેટલું ચિંતવન કરતો રહે છે તેટલો તે ભગવાનથી દૂર થતો જાય છે. તે જ્ઞાનરૂપી નેત્ર વિના દેખાતું નથી. ૧૧. ભગવાનનાં સ્વરૂપનું જેટલું ચિંતવન હર કોઈ રીતે જો કરતો રહે તો તે ચિંતવન કરતા કરતા તે જીવ ભગવાનને સન્મુખ ચાલતો થઈ જાય છે. ૧૨.

❋ શ્રીનારાયણઅંગ ચિંતામણિ :

શ્રીહરિને સન્મુખ ચાલવાને માટે 'નારાયણઅંગ ચિંતામણિ' નામનો આ ગ્રંથ વિમાનરૂપ કર્યો છે. તેમાં ભગવાનના અંગોનો અનુપમ મહિમા અને તેના ધ્યાનનો રંગ કહ્યો છે. ૧૩. ભક્તપતિ અને ભક્તોના પ્રાણાધાર એવા શ્રીનારાયણ પ્રભુનાં ચરણકમળને હું મારા હૃદયમાં વારંવાર ધારું છું. ૧૪.

જે ચરણકમળનું ધ્યાન કરવાથી અપાર મોટા મુનિવરો સિદ્ધગતિને પામી ગયા છે, તે શ્રીહરિનાં ચરણકમળને હું મારા હૃદયમાં ઘણા પ્રેમથી રાખું છું. ૧૫. જે કોઈ મનુષ્ય શ્રીનારાયણનાં ચરણને હૃદયમાં ધારે છે, તો તે કામ, ક્રોધ, મદ અને લોભ જેવા દોષોને ધોઈ નાખે છે. ૧૬.

કોઈ ભક્ત સ્વામિનારાયણનાં બધાં અંગોને નખથી શિખા પર્યંત ચિંતવે છે, તો તેનું ચંચળ અને અસ્થિર એવું જે મન છે તે પણ સ્થિર થઈ જાય છે. ૧૭. આ 'શ્રીનારાયણઅંગ ચિંતામણિ' શ્રેષ્ઠ છે. તેને સમાન બીજું કોઈ નથી. કારણ કે, આ ગ્રંથ દ્વારા ભગવાન સ્વામિનારાયણની મૂર્તિનું જે ચિંતવન કરશે, તેને ક્ષર અને અક્ષરથી પર એવા પરમેશ્વરનાં દર્શન થશે. ૧૮. તે સ્વામિનારાયણનાં અંગોને ચરણથી શિખા પર્યંત વિવિધ પ્રકારે હવે હું વર્ણવું છું. હવે સહુ સંતો એક ચિત્ત થઈને સાંભળો. ૧૯.

સહુ પહેલા તે સ્વામિનારાયણનાં ચરણોનું ધ્યાન કરવું. તેમાં તે ચરણોની અખંડ સ્મૃતિ રાખવી. તે ચરણોમાં દિવ્ય સોળ ચિહ્નો છે. સ્વસ્તિક,

અષ્ટકોણ, જવ, જાંબુ, ઊર્ધ્વરેખા, વજ્ર, કમળ, અંકુશ અને ધ્વજ આદિ નવ ચિહ્ન જમણાં ચરણમાં સુશોભિત રહ્યા છે. ૨૦-૨૧. મત્સ્ય, અર્ધચંદ્ર, ગોપદ, વ્યોમ, ત્રિકોણ, શુભ ધનુષ, અને કળશ ઈત્યાદિક સાત ચિહ્ન ડાબાં ચરણમાં પ્રગટ પ્રમાણ રહ્યા છે. ૨૨.

સર્વ સંતો આ શ્રીજીમહારાજના ચરણોનું રાત-દિવસ ધ્યાન કરે છે. નારદ અને શુકદેવ આદિક મુક્તો તથા મુનિઓ એકાગ્રચિત્તથી નિરંતર તેમનું સ્મરણ કરતા રહે છે. ૨૩. ચરણની આંગળીઓની પંક્તિ એકસરખી અને અતિશય શુભ છે. લાલ રંગના નવાંકુર જેવાં તે ચરણકમળ સુખનું ધામ છે અને તેની શોભાને દેખીને મુનિજનો મોહિત થાય છે. ૨૪. લાલાશ ભરેલા સફેદ અને ઊપડતા એવા બધી આંગળીઓના નખ સૂર્ય અને ચંદ્રની કાંતિને હરે તેવા છે. તે ચરણકમળને સનકાદિક, મોટા મુનિઓ, સંતો અને મહંતો હૃદયમાં ધારે છે. ૨૫. થોડી ઉપડતી ગોળ એકસરખી સુંદર ઘૂંટીઓ ફણા અને એડીથી યુક્ત ઘણી શોભે છે. તેમની પીંડીઓ અને ઘૂંટણને દેખીને લોકો મોહિત થઈ જાય છે. ૨૬.

બંને સાથળ કરભ(ટચલી આંગળીથી ઉપર હથેળીની અંદરની કોર)ના તુલ્ય શોભી રહ્યા છે. તે પોતાના ભક્તનાં મનને લોભાવે છે. પછી રેશમી પીતાંબરથી વીંટાયેલ વિશાળ કટી શોભે છે કે જેના ઉપર પહેરેલો કંદોરો ભક્તનાં ચિત્તને ચોરે છે. ૨૭. સમગ્ર વિશ્વને સુખ આપનાર, શોભાના મણિરૂપ, કરુણાનું ભવન તથા મુનિનાં મનને હર્ષ આપનાર; એવી કમરને દેખીને કામદેવ પણ લજાઈ જાય છે. ૨૮. કમળના જેવી સુશોભિત, શ્યામ, સુંદર અને ગોળ એવી નમતી નાભિ છે. પીપળાના પાનના જેવા ઉદરમાં રહેલી ત્રિવળી કામદેવના મદને પણ હરે છે. ૨૯. શ્રીહરિનું વક્ષઃસ્થળ ઘણું ભારે શોભી રહ્યું છે. તેમાં શ્રીવત્સના ચિહ્નની શોભા તો અલગ જ છે. શુભ અને મનભાવતા બંને સ્તનને જોઈને સૂર્ય અને ચંદ્ર પણ લજ્જિત થઈ જાય છે. ૩૦.

મજબૂત ઘૂંટણ સુધી લાંબા એવા બંને ભુજદંડ અધિક શોભે છે. અને સૂક્ષ્મ આંગળીઓની શુભ પંક્તિ લાલ કમળની જેમ અનેક રીતે શોભી રહી

છે. ૩૧. ઉપડતા લાલાશ ભર્યા શ્વેત નખને જોઈને, તથા કાંતિએ સહિત લાલાશવાળી હાથની હથેળીની મનભાવતી શોભા જોઈને સહુને ઘણો આનંદ થાય છે. ૩૨. બંને હાથનું જે ભક્ત હેતથી નિત્ય હૃદયમાં ધ્યાન કરે છે, તો તે જન્મ-મરણનાં દુઃખને મટાડીને અક્ષરરૂપ થઈ જાય છે. ૩૩. શ્રીનારાયણનાં અંગોને કોઈ અતિહેતથી ચિંતવે છે, તો તે ભક્તને મહામુક્તો ધન્ય ધન્ય કહે છે. ૩૪. શંખના જેવો કંઠ, ચિબુક અને સુશોભિત હોઠની વચ્ચે દાંતની પંક્તિ મનને લોભાવનારી, સોહામણી અને ઘણી ઉજ્જ્વળ છે, તથા કાંતિએ સહિત ઘણી સુંદર અને સુખકારી છે. ૩૫. તલના ફૂલના જેવી નાસિકા છે. તેના ઉપર મુનિરૂપી ભમરાઓ લોભાઈ રહે છે. પૂર્ણચંદ્રના બિંબના જેવા શ્રીહરિનાં મુખમાં ભક્તજનરૂપી ચકોર ચિત્ત પરોવીને રહે છે. ૩૬.

બંને ઉજ્જ્વળ ગાલ અત્યંત શોભી રહ્યા છે અને ભક્તજનોને તે અતિ પ્યારા લાગે છે. તેમાં જમણા ગાલ ઉપર જે તિલ છે તેને પ્રેમી ભક્તો હંમેશાં હૃદયમાં ધારે છે. ૩૭. લાલ છેડાવાળા સુંદર નેત્ર માછલીના જેવા ચપળ અને ભક્તોનું મન હરી લેવામાં નિપુણ છે અને શોભાના ધામ છે. લાલ કમળની પાંખડીના જેવી ચંચળ દૃષ્ટિ અત્યંત સોહામણી લાગે છે. ૩૮. ચકોર પક્ષી જેમ ચંદ્રના બિંબને જૂએ છે તેમ સમગ્ર મુક્તો આવા ભગવાનના નેત્રકમળનું ધ્યાન રાત-દિવસ બધા પ્રકારના મદ, માન તજીને કરે છે. ૩૯. મોહનવરની વીજળીના જેવી ચંચળ દૃષ્ટિ છે. અને ઉલ્લાસથી તેમનું મુખ હસતું રહે છે. આવી સ્વામિનારાયણની છબી પોતાના ભક્તજનનાં હૃદયમાં નિવાસ કરીને રહે છે. ૪૦.

બંને કાનની શોભાને હૃદયની વચ્ચે ધારવાથી તે કામ અને કુબુદ્ધિને ટાળી દે છે. ડાબા કાનમાં એક શ્યામ બિંદું છે, તે ભક્તજનોને માટે અત્યંત સુખનું ધામ છે. ૪૧. શ્રીહરિનું સુંદર, વિશાળ લલાટ શોભી રહ્યું છે. અને તેની વચ્ચે તિલકને આકારે રેખા શોભી રહી છે. મસ્તક ઉપરના વાંકડિયા કાળા કેશ છે. મોટા મુનિવરો પણ તેનું પ્રેમપૂર્વક ધ્યાન ધરે છે. ૪૨. ચીકણા, વાંકડિયા કેશ મસ્તક ઉપર શોભી રહ્યા છે. તેને મહેશ્વર, બ્રહ્મા, વિષ્ણુ અને શેષ ઇત્યાદિક બધા દેવો પોતાનાં હૃદયમાં ધારે છે. ૪૩.

⁂ ધ્યાનનો મહિમા :

दोहा : एही अंग सब हि प्रेम जुत, जे जन धरत हि ऊर;
सो जन प्रभु के निकट ते, कबहु न होवत दूर...४४
कोटि कल्प जप तप करे, यज्ञ जोग गौ दान;
एही अंग ध्यान तिनकी, निमिष न होत प्रमान...४५
ज्ञान भक्ति वैराग धर्म, तेहि जुत हि जेहि जन;
विषय रहित हरि अंग यह, तिनके बस हि जो मन...४६

જે કોઈ પણ ભક્ત પ્રેમભાવનાથી આ બધા અંગોએ સહિત મૂર્તિનું હૃદયમાં ધ્યાન કરે છે, તો તે ભક્ત ભગવાનની સમીપે રહે છે અને ક્યારેય તેમનાથી દૂર થાતો નથી. ૪૪. કોઈ કરોડો કલ્પ સુધી જપ તથા તપ કરે, યજ્ઞ કરે, યોગ સાધે અને ગાયોનું દાન આપે, પણ આ નારાયણનાં અંગના નિમિષ જેટલા સમય પર્યંત કરેલા ધ્યાનને સમાન તે થતા નથી. ૪૫. ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય, એ ચાર ગુણથી સંપન્ન જે ભક્તજન વિષય રહિત થઈને આ શ્રીનારાયણનાં અંગોનું જો ધ્યાન કરે છે, તો તેના મનમાં શ્રીહરિ નિવાસ કરીને રહે છે. ૪૬.

આ સ્વામિનારાયણની મૂર્તિ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ લોકમાં પણ દુર્લભ છે. તે પ્રેમી ભક્તજનોને ભજન કરવાને માટે તેમણે સુલભ કરી છે. ૪૭. આ શ્રીહરિનાં અંગોનું હૃદયમાં ધ્યાન કરવામાં આવે તો આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક જેવાં ત્રણ પ્રકારનાં દુઃખો દૂર રહે છે. તે ધ્યાનથી ભક્તજનોને અત્યંત સુખ થાય છે. તેમજ જન્મ, મરણ તથા બધી વ્યાધિઓ ટળી જાય છે. ૪૮. આ ભગવાનનાં અંગો સુખનું મૂળ છે, આને તુલ્ય બીજું બધું કાંઈ નથી. એટલે સિદ્ધાનંદમુનિ કહે છે કે, આ 'શ્રીનારાયણઅંગ ચિંતામણિ' ગ્રંથ પરમ હિતકારી છે. ૪૯.

જે કોઈ ભક્તજન આ શ્રીનારાયણઅંગ ચિંતામણિના નિત્ય પાઠનું નિયમ રાખશે, તો શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થશે. અને પ્રેમથી પોતાની પાસે રાખશે. ૫૦. આ શ્રીનારાયણઅંગ ચિંતામણિનો પાઠ થોડીવાર પણ જો કોઈ

કાનથી સાંભળે છે, તો માતા, પિતા અને બધા ગોત્રની સાથે ભવસાગરને સુખપૂર્વક તરી જાય છે. ૫૧. વિ.સંવત્ ૧૮૭૮ના શુભ આસો માસના શુક્લ પક્ષના પડવાના દિવસે ગુરુવારે આ ગ્રંથ સંપૂર્ણ પ્રકાશિત થયો છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "પ્રાગજી દવેએ શ્રીહરિની પાસે 'શ્રીનારાયણઅંગ ચિંતામણિ' ગ્રંથ વાંચ્યો" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર વીશમું : તરંગ - ૨૫

શ્રીહરિએ સાચા અને મિથ્યા ભગવાનનાં સ્વરૂપની વિગત કહી

સુર, નર અને મુનિઓના મુકુટ સમાન આવા શ્રીહરિએ જ્યારે 'શ્રીનારાયણઅંગ ચિંતામણિ' ગ્રંથની રચના સાંભળી ત્યારે વારંવાર તેની પ્રશંસા કરી. ૧. મુક્તાનંદસ્વામી દાદા ખાચરને કહે છે કે, શ્રીહરિએ સિદ્ધાનંદમુનિને પોતાની પાસે બોલાવ્યા. અને તેમની છાતીમાં ચરણારવિંદ આપ્યા અને પછી મસ્તક ઉપર પણ ધાર્યા. ૨.

તે સમયે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને કહ્યું કે, 'આ સિદ્ધાનંદમુનિને કાવ્યમાં ગતિ પડશે; એવું મને ચોક્કસ લાગે છે. ૩. જેમ મોરના ઈંડાને ચીતરવા પડે નહિ તેમ જેની જેવી બુદ્ધિ હોય તે તેનાં વચન ઉપરથી જ દેખાઈ આવે છે. ૪. જેની જેવી બુદ્ધિ હોય તે પત્ર લખે તેમાં પણ તેવી પ્રગટ થઈ જાય છે. લખેલો પત્ર લખનારની બુદ્ધિને છુપાવતો નથી. ૫. કોઈ પિંગળશાસ્ત્ર ભણ્યા પછી જો કવિતા કરે તો તેમાં કોઈ વાતનું આશ્ચર્ય થતું નથી, પણ પિંગળને ભણ્યા વિના જે કાવ્યરચના કરવી તે આશ્ચર્યકારી વાત છે, તેવું અમને દેખાય છે. અત્યારે સત્સંગનો તો ઘણો પ્રતાપ છે. તેનો કોઈ પાર પામી શકતું નથી. ૬-૭.

❋ સત્સંગનો મોટો પ્રતાપ :

જે કોઈ પણ મનુષ્ય સત્સંગને પામ્યો હોય તે સત્સંગના યોગે કરીને ચાહે તેવી જ્ઞાતિનો હોય, તોપણ તેને હરિભક્ત અને સત્સંગી કહેવાય છે. ૮.

ચાહે તેવા કોઈ મોટા દેવ થયા હોય કે ભલે આજે હોય, પણ તે સત્સંગના યોગ સિવાય ક્યારેય હરિભક્ત કે સત્સંગી કહેવાતા નથી. તે સત્સંગના યોગ વગર દેવના દેવ જ રહે છે. ૯. ચાહે તેવા વર્ણાશ્રમી હોય, ગમે તેવા ઊંચા હોય, તે કુબેરના સમાન ધનાઢ્ય હોય, કર્ણના જેવા દાની હોય, પણ સત્સંગના યોગ વિના તેને હરિભક્ત કે સત્સંગી કહેવાતા નથી. ૧૦.

કેટલાયે ત્રિલોકીના રાજાઓ થઈ ચૂક્યા છે કે જેનો ગણતા પાર આવતો નથી. ભૂમિ ઉપર જેટલું સોનું, જેટલી ગાયો અને જેટલાં વાહન હોય છે, તે બધાનું બ્રાહ્મણોને કોઈ કદાચ દાન કરે એવા હોય અથવા તો આખી પૃથ્વીનું દાન કરે એવા કોઈ સમર્થ હોય, ૧૧-૧૨. જેટલી પૃથ્વી રહી છે અને જેટલી જગ્યામાં સમુદ્ર રહ્યો છે, તે સર્વ જગ્યાએ યજ્ઞ કરે એવા કોઈ મહારાજા હોય, છતાં પણ સત્સંગના યોગ વિના તેને ભવભટકણ રહે છે. હરિભક્ત કે સત્સંગી એવી સંજ્ઞા આજ સુધી તે કોઈની થઈ નથી. ૧૩-૧૪.

જ્યારે ભગવાન પુરુષોત્તમ ભૂમિ ઉપર પ્રગટ થાય છે ત્યારે તેમણે પોતાના પ્રતાપે કરીને સત્સંગરૂપી સત્ય વાતને પ્રમાણ કરી છે. ૧૫. આ જગતમાં મિથ્યા ભગવાન અપાર થાય છે. દુનિયામાં તે મિથ્યાને અપાર પ્રમાણમાં લોકો માને પણ છે. ૧૬. મિથ્યા થઈ પડેલા ભગવાનને માનનારા લોકોને તેનું ફળ જમપુરી છે. તેવા બધા લોકો તે ફળને પામે છે. ૧૭. મનુષ્ય જેવો ઉદ્યમ કરે છે તેવું તેને ફળ મળે છે. સાચા પ્રામાણિક ઉદ્યમનું ફળ સાચું દેખાય છે અને મિથ્યા ઉદ્યમનું ફળ મિથ્યા હોય છે. ૧૮.

તે કર્મનું ફળ જ્યારે મળે છે ત્યારે સાચું અને ખોટું સ્પષ્ટ થાય છે. ફળે કરીને જે વસ્તુ જેવી હોય તેવી યથાર્થરૂપમાં તરત દેખાઈ આવે છે. ૧૯. જે સાચું અને મિથ્યા કહેવાતું હોય છે તે ફળ વિના દેખાતું નથી. તેમજ સાચાનું અને મિથ્યાનું ફળ તો આ લોકમાં જ પ્રગટ દેખાઈ આવે છે. ૨૦. જેને રૂડી બુદ્ધિરૂપી નેત્ર હોય છે તેને સત્ય વસ્તુનું યથાર્થ જ્ઞાન થાય છે. જેને કુબુદ્ધિરૂપી નેત્ર હોય તો તેને યથાર્થ વાત દેખ્યામાં આવતી નથી. ૨૧. જે સત્યને ક્યારેય માનતા નથી તે ત્યાં સુધી જમપુરીમાં જાય છે. જેની આસુરી બુદ્ધિ વધારે પડતી હોય તેનો ક્યારેય ઉદ્ધાર થાતો નથી. ૨૨.

ઘણો પ્રતાપ દેખતા હોય, તોપણ અસુર લોકો સાચાને ક્યારેય માનતા નથી. ભગવાનનો અપાર પ્રતાપ દેખાય છતાં તેમને એક પણ અસુર માનતો નથી. ૨૩. અસુર ભગવાનને માનતો હોય એવું શાસ્ત્રમાં ક્યાંય લખેલું નથી. અમે અઢારેય પુરાણ વંચાવ્યા છે અને મહાભારત તથા સ્મૃતિગ્રંથો પણ વંચાવ્યા છે. ૨૪. ચાર વેદમાં જે કોઈ પણ વાત રહી છે તે બધી વાત વ્યાસમુનિએ પુરાણ રચીને તેમાં લખી છે. ૨૫. જે વધારાની વાત છે તે બધી મહાભારતમાં લખેલી છે. જે સમર્થ ઋષિઓ થયા છે તેમણે સ્મૃતિગ્રંથ લખ્યા છે. ૨૬. વાલ્મીકિ ઋષિ વ્યાસજી કરતા પહેલા થયા હતા. તેમણે રામચંદ્રજીનાં બધાં ચરિત્ર લખ્યાં છે. ૨૭. વાલ્મીકિ રામાયણમાં એક લાખ જેટલા શ્લોકો હતા અને તે આદિકાવ્ય રહ્યું છે. તેમાંથી જ અત્યારે ઘણા ગ્રંથ લખાયા છે. ૨૮.

જેટલા બુદ્ધિમાન પંડિતો થયા તેઓ એકબીજાના કાવ્યોને જોઈને વધારે વધારે કાવ્યો કરતા ગયા. અને તેમણે તેમાં પોતાની બુદ્ધિની વિશેષતા બતાવી. ૨૯. કેટલાક પંડિતો એવા થયા કે, તેમણે કોષ અને વ્યાકરણની રચના કરી. અને વ્યાકરણના ગ્રંથોની અત્યંત કઠણ ટીકાઓ કરી. ૩૦. મોટા રાજાના આશ્રય સિવાય કોઈ મોટા કવિ થયા નથી. તેમ ભગવાનનો યોગ જ્યાં સુધી ન થયો હોય ત્યાં સુધી સામાન્ય ફળ કરતાં વધારે ફળ તેમને મળતું નથી. અને આવી વાત જે દેખાય છે તે પ્રમાણે અમે કહીએ છીએ. ભગવાનને તો જીવનું કલ્યાણ કરવાનું તાન રહે છે. ૩૧-૩૨.

જીવોનું કલ્યાણ કરવાનું તાન હોવાથી ભગવાન દેખ્યામાં આવે છે. કારણ કે સાધુરૂપ ભગવાન ગામ ગરાસ મેળવવાનો મનમાં સંકલ્પ પણ કરતા નથી. પોતાના ભક્તજનોનું પોષણ કરવાનું જ તેઓ અપાર તાન રાખે છે. તેને દેખીને કેટલાક ગમાર લોકો, ભગવાનમાં પણ દોષ જૂએ છે. ભગવાનમાં તો દોષ જોવાની રીતિ અનાદિકાળની છે. ભગવાનમાં કેટલા ગુણ છે, તેની કોઈને ખબર હોતી નથી. ૩૩-૩૫. જેને ઝાઝી ગમ ન હોય એવા લોકો જે વિરુદ્ધ બોલે છે તેને ભગવાન ધ્યાનમાં લેતા નથી. ક્યાં ભગવાન અને ક્યાં સામાન્ય માણસ ? તેમાં તો રાત અને દિવસના જેવો ફરક છે. ૩૬.

ક્યાં હંસ અને ક્યાં બગલો ? ક્યાં કાગડો અને ક્યાં કોયલ? ક્યાં સોનું અને ક્યાં કથીર ? ક્યાં હીરો અને ક્યાં કાચનો ટૂકડો ? ક્યાં ચિંતામણિ અને ક્યાં સિંધાલૂણ ? ક્યાં પથ્થર અને ક્યાં પારસમણિ ? ક્યાં કલ્પવૃક્ષ અને ક્યાં સામાન્ય ઝાડ ? કામધેનું તો સરસ હોય છે. ૩૭-૩૮.

સારી અને નરસી વાતમાં જેમ ફરક હોય છે તેમ સાચા અને મિથ્યા ભગવાનમાં ફરક હોય છે. ૩૯. મિથ્યા ભગવાનને જે માને છે તે જમપુરીમાં જાય છે, તથા સાચા ભગવાનને માને છે તે વૈકુંઠ તથા ગોલોકધામમાં જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ સાચા અને મિથ્યા ભગવાનનાં સ્વરૂપની વિગત કહી" એ નામે પચ્ચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર વીશમું : તરંગ - ૨૬

સભામાં બેઠેલા શ્રીહરિએ દર્શન વગેરેમાં વિવેક રાખવાની વાત કહી

ફાગણ સુદિ અજવાળી એકાદશી ધાત્રી એકાદશી કહેવાય છે. તેને શ્રીહરિએ બરાબર નિહાળીને દેખી. ૧. તે દિવસે તત્પરતાથી વિધિએ સહિત અનુપમ ગોવિંદ ભગવાનની ધૂપ, દીપ ઈત્યાદિકે કરીને પૂજા કરી. ૨. તે વખતે ગોવિંદ ભગવાનને સ્નાન કરાવીને સોનાનાં સિંહાસન ઉપર પધરાવ્યા. ૩. ચંદ્રવતી નામે ભગવાનની શક્તિને સમીપ પધરાવ્યા. જેનો જે રીતે વિધિ થતો હોય તે રીતે તે વખતે બધો વિધિ સંસારનો ભય હરનારા ભગવાન શ્રીહરિએ કર્યો. ૪.

ભગવાન ગોવિંદનાં મસ્તક ઉપર ફૂલનો મુગટ પહેરાવ્યો. મનના ઘણા પ્યારથી કેસરી જામો અને ગુલાબનો હાર પહેરાવ્યો. ૫. કેસરયુક્ત ચંદન લલાટમાં ચરચ્યું. બધા અંગો ઉપર ગુલાલ નાખ્યું. ઘનશ્યામ શ્રીહરિએ અર્ઘ્યમાં અખરોટ તથા બદામ આપ્યા. ૬. ભક્તોના પ્રાણાધાર શ્રીહરિએ ઘીમાં કંસાર કરીને નૈવેદ્ય ધરાવ્યું. તલના ભરેલાં પાત્ર બ્રાહ્મણને બોલાવીને

દાનમાં આપ્યા. ૭. જ્યારે બધો પૂજાવિધિ થઈ ગયો ત્યારે શરીર ઉપર વસ્ત્ર અને ઘરેણાં પહેર્યાં. પછી જે જગ્યા સભા કરવા માટેની હતી ત્યાં પાટ ઉપર ગાદીતકિયા વગેરે બિછાવ્યા. તે ગાદીતકિયા ઉપર આવીને શ્રીહરિ બેઠા. સંતો અને હરિભક્તો પણ બધા આવીને બેઠા. ૮-૯.

જેટલા વર્ણીઓ અને સંન્યાસીઓ હતા તે આવીને સભામાં બેઠા. જે જે હરિભક્તો આવ્યા હતા તેનાથી સુંદર મોટી સભા ભરાણી હતી. ૧૦.

✵ મરજીની મહત્તા :

સભામાં જે જે ભક્તજનો આવતા હતા તે બધા બે હાથ જોડીને શ્રીહરિને પગે લાગતા હતા. આવો તેમાં વિવેક રહ્યો હતો. ૧૧. જેવા દેશકાળ હોય અને જેવી શ્રીહરિની મરજી હોય તેમાં વર્તવાનું સહુને તાન રહેતું હતું. તે શાણા હરિભક્તોમાં કોઈ શ્રીહરિની મરજી લોપતા નહિ. ૧૨.

दोहा : हरि के दरशन करत में, एक एक कु जोउ;
धकाधकि नहीं करत कबु, महात्म जानत सोउ...१३
विवेक महात्म जितना जो, दरशन करन जन आत;
जाकु जेसे देख आत हि, रहत न तिहाँ छिपात...१४

તે બધા હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવામાં ક્યારેય એકબીજાને ધક્કાધક્કી કરતા નહિ. કારણ કે, પરસ્પર સહુ માહાત્મ્ય જાણતા હતા. ૧૩. દર્શન કરવા આવનારામાં જેટલો વિવેક અને માહાત્મ્ય હોય તે તરત દેખાઈ આવતું હતું. કાંઈ છુપાતું નહિ. ૧૪. **દર્શન કરતી વખતે જે કોઈ લોકો જેટલી ધક્કાધક્કી કરતા હોય તેટલો તેને અપરાધ થયો ગણાય છે. ૧૫. દર્શન કરવાનું એટલું ફળ છે કે ભગવાન તેના અપરાધને માફ કરે છે. અને જ્યારે દર્શન કરવામાં ધક્કાધક્કી નથી કરતા ત્યારે તેનું ફળ અમાપ થાય છે. ૧૬.**

જેટલા હરિભક્તો વિવેકી અને બુદ્ધિવાળા હતા, તે બધાં દર્શન કરવા આવે ત્યારે તેનો જેટલો વિવેક હોય તે બધો દેખાઈ આવતો હતો. ૧૭. જ્યારે હરિભક્તોની અપાર ભીડ થાતી હતી ત્યારે તે ભીડને દેખીને શ્રીહરિ એકબીજાની જે રીતે મર્યાદા રહે તેવી વ્યવસ્થા કરતા હતા. ૧૮. શ્રીહરિ સ્વયં

અપાર વિવેક જાણતા હતા. જે રીતે ધારતા હતા તે રીતે બધું કરતા હતા. અનંત બ્રહ્માંડોની જે અનંતગણી રચનાઓ છે, તેની જે પ્રકારની રીત છે તે પ્રમાણે ચલાવવાનું જેના હાથમાં છે એવા શ્રીહરિ તેને અદલરૂપમાં ચલાવે છે. તે ચલાવવામાં શ્રીહરિને કોઈ વિશેષ પ્રયાસ પડતો નથી. ૧૯-૨૦.

જેટલો પ્રયાસ પડતો હોય તેવું જે દેખવામાં આવે છે તે તો તેમનાં તેવાં ચરિત્ર દેખાડવા માટે છે. ભગવાનને અવતાર ધર્યાનું કારણ એક રતીભાર પણ માન કે કીર્તિ હોતા નથી. ૨૧. કેમ જે, શ્રીહરિને પોતાની કીર્તિ દેખાડવાનું રતીભાર પણ તાન હોતું નથી. કોઈ દુનિયા પોતાને જાણે કે ન જાણે, તે બાબતનો પોતાને રતીભાર પણ સંકલ્પ રહેતો નથી. ૨૨. કારણ કે, પોતાની કીર્તિને વધારે એવું તેમને કોઈ બ્રહ્માંડમાં દેખાતું નહિ. **જે જે સમૃદ્ધિ દેખાય છે તેનું કારણ પોતે શ્રીહરિ જ છે. ૨૩.** ભગવાનને સમૃદ્ધિશાળી કરે એવી દુનિયામાં કોઈ સમૃદ્ધિ નથી. બ્રહ્માંડના અધિપતિ શિવ, બ્રહ્મા અને વિષ્ણુ જેવા દેવો છે, તે બધા તો અનાજ વિનાના સડતાળાના રાંકાના જેવા ભગવાનની મોટાઈ આગળ દીન દેખાય છે. ૨૪-૨૫. ભગવાનની મોટપને જોયા સિવાય જે તુચ્છ લોકો છે તે ભગવાનનો ઉપહાસ કરતા હોય છે, પણ તે તો બાળબુદ્ધિવાળા છે તેમ જાણવું. ૨૬.

જેટલા બાળકો હોય તેને જે કાંઈ જે રીતે શીખવવામાં આવે છે, ત્યારે તેઓ પોતાના માતા-પિતા જેવાને પણ ચાહે તેવી ગાળો દે છે. ૨૭. પણ જે સુપુત્ર હોય છે, તેને જો માતા-પિતાના ઉપકારનું પૂરેપૂરું જ્ઞાન હોય છે ત્યારે તે પોતાના માતા-પિતાને માટે પોતાના પ્રાણને પણ આપે છે. ૨૮. 'ક્યારેય ધક્કાધક્કી ન કરવી જોઈએ' આવા વિવેકની સ્મૃતિ ન રાખતા, અને ભગવાનના દર્શનના વેગે કરીને કશું ભાન રહેતું નહિ, ત્યારે હરિભક્તો દર્શન કરવા માટે ભીડ કરતા. તેને જોઈને તરત શ્રીહરિ પોતાના વિવેકી પાર્ષદોને હરિભક્તોને આવવાના માર્ગમાં ઊભા રાખીને, શ્રીહરિની સન્મુખ કતારબદ્ધ રાખવાની વ્યવસ્થા કરતા હતા. ૨૯-૩૧. બે પાર્ષદોને રસ્તામાં

શ્રીહરિ ઊભા રાખતા હતા. ધક્કાધક્કી ન થાય તેટલા હરિભક્તોને આવવા દેતા હતા. ૩૨. ફૂલના હાર કે ભેટ વગરના જે હરિભક્તો દેખવામાં આવતા હતા, અને જાણી જોઈને ભીડ કરવા માટે આવતા તેને પ્રેમથી રોકી રાખતા હતા. ૩૩. જે ભક્તજનો હાર અને ભેટ લાવતા હતા, તેની ભીડ જ્યારે મટી જાતી હતી ત્યારે હાર અને ભેટ વગરના જે હરિભક્તો હોય તેને સંભારીને પાછળથી બોલાવતા હતા. ૩૪.

હરિભક્તોએ નિષ્પ્રયોજન ભીડ કરવી તે તેમને માટે યોગ્ય નથી. સમય વગરની જે કોઈ પણ બાબત હોય તેને હરિભક્તોએ વિચારવી જોઈએ. ૩૫. હરિભક્ત થઈને જે સમયનો વિચાર નથી રાખતા તેને વાત સમજવામાં તેટલી કસર છે. તેને પ્રત્યક્ષ જોઈ લેવી જોઈએ. ૩૬. હરિભક્તોમાં જેટલી કસર હોય છે તે સમૈયામાં આવ્યા સિવાય દેખાતી નથી. ૩૭. જે ખરા હરિભક્તો હોય છે તેમને પોતામાં જેટલી કસર દેખાતી હોય છે, તો તે કસરને દેખીને તેનો ત્યાગ કરવા તેઓ ચાહે છે. ૩૮.

सोरठा : संत के वर्तन देख, श्रेष्ठ हरिजन जेते जोउ;
गुन को ग्रहत अलेख, अलेख गुन आवत तेहि...३९
संत संत हि तामें, अलोकिक जितना भाव यह;
अलोकिक फल वामें, देख आत इतना जोउ...४०

જે શ્રેષ્ઠ હરિભક્ત હોય છે તે સંતોના શુભ વર્તનને દેખીને ઘણો ગુણ ગ્રહણ કરે છે. અને જે અપાર ગુણ ગ્રહણ કરે છે તેને પોતામાં પણ તેવા અપાર સારા ગુણ આવે છે. ૩૯. સંતોમાં પણ પરસ્પર જેટલો અલૌકિક ભાવ હોય છે તેટલું તેને અલૌકિક ફળ મળે છે તેમ દેખાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સભામાં બેઠેલા શ્રીહરિએ દર્શન વગેરેમાં વિવેક રાખવાની વાત કહી" એ નામે છવ્વશીમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર વીશમું : તરંગ - ૨૭

શ્રીહરિ મુક્તાનંદસ્વામીની સન્મુખ ગયા અને તેમની સાથે ગામમાં પાછા આવ્યા

જ્યારે દિવસ એક પહોર ચઢ્યો ત્યારે મુક્તાનંદસ્વામી અમદાવાદથી સંઘ સાથે લઈને મછિયાવ આવ્યા. ૧. મુક્તાનંદસ્વામીને આવતા સાંભળીને શ્રીહરિ ગામના પૂર્વ દ્વારથી તેમની સન્મુખ ચાલીને આવ્યા. ૨. ત્યારે સંઘમાં અમદાવાદના બધા હરિભક્તો પ્રસન્નમનથી કીર્તન ગાતા ગાતા આવતા હતા. ૩. અને મુક્તાનંદસ્વામી પોતાના સંતમંડળની સાથે સંઘની આગળ ચાલ્યા આવતા હતા. તેમને શ્રીહરિએ આવતા જોયા. ૪. શ્રીહરિ પોતાની સન્મુખ આવતા હતા તેને મુક્તાનંદમુનિએ પણ જોયા. શ્રીહરિની સાથે અપાર સંતો અને અપરંપાર હરિભક્તો પશ્ચિમ દેશમાંથી આવ્યા હતા. ૫. કાઠિયાવાડ દેશના હરિભક્ત કહેવાતા તેવા બધા બ્રાહ્મણ, ક્ષત્રિયો, કાઠી, વણિક, બીજા વૈશ્યો અને શૂદ્ર જાતિના ભક્તો પણ આવ્યા હતા. ૬.

તે રીતે વાળાક દેશના બાઈ-ભાઈ હરિભક્ત બધાં શ્રીહરિની સાથે આવ્યાં હતાં. તે સહુનાં હૃદયમાં અત્યંત ઉમંગ છવાઈ ગયો હતો. ૭. ગોહિલવાડ પ્રદેશના બધા હરિભક્તો શ્રીહરિની સાથે હતા. દિવબંદર, ઉના અને સોરઠ દેશના હરિભક્તો આવ્યા હતા. ૮. પ્રાચીપાટણ અને માંગરોળ બંદરના બધા હરિભક્તો આવ્યા હતા. ૯. ભગવાનજી નામે પોરબંદરના હરિભક્ત આવ્યા હતા. ગોહિલવાડ દેશના બધા હરિભક્તો, જામનગર અને દ્વારકા પ્રદેશમાં જ્યાં પ્રગટ શ્રીહરિ ભાવ કરીને વિચર્યા હતા તે બધા આવ્યા હતા. ૧૦-૧૧.

માંડવી અને કચ્છ પ્રદેશના હરિભક્તો આવ્યા. તેમના મનમાં ઘણો ઉત્સાહ હતો. અને તેમણે શ્રીહરિનો અલૌકિક લાભ લીધો હતો. વાગડ, મોરબી અને સૌવીર પ્રદેશના હરિભક્તો પણ આવ્યા હતા. ચુંવાળ, વઢિયાર અને નળકાંઠાના હરિભક્તો આવ્યા હતા. ભાલ પ્રદેશના બધા ક્ષત્રિય હરિભક્ત દરબારો પણ ત્યાં આવ્યા હતા. ૧૨-૧૫. તે સમયે

મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને આવતા જોઈને દંડવત્-પ્રણામ કર્યા. ત્યારે શ્રીહરિએ પણ સામેથી મુક્તાનંદસ્વામીને દંડવત્-પ્રણામ કર્યા. શ્રીહરિએ જ્યારે દંડવત કર્યા ત્યારે સહુ સંતો અને હરિભક્તોએ પણ દંડવત કર્યા. દંડવત કરીને શ્રીહરિ મુક્તાનંદસ્વામીની પાસે આવીને મળ્યા. સ્વામીની સાથે જેટલા સંતો હતા તે બધા શ્રીહરિનાં ચરણમાં પડ્યાં અને બધા હરિભક્તો પણ પગે લાગ્યા. ૧૬-૧૮.

ચોપદાર કુબેરસિંહ મુક્તાનંદસ્વામીની સાથે આવ્યા હતા. તે શ્રીહરિનાં પગમાં પડ્યા. તે વખતે તેમના હાથમાં સોનાની છડી હતી. તેઓ 'જય જયકાર' એવો શબ્દ બોલ્યા ત્યારે તે શબ્દ ત્રિલોકીમાં વ્યાપી ગયો. અમદાવાદના જે હરિભક્તો હતા, તે ઢોલ અને તાંસા સાથે લાવ્યા હતા. ૧૯-૨૦. જરિયાની નિશાનો લાવ્યા હતા. તે શ્રીહરિની આગળના ભાગમાં ચાલ્યા. તેના પછી ઢોલ અને તાંસા વગાડતા ચાલ્યા. સહુ ગુલાલ ઉડાડતા આવતા હતા. ૨૧. શ્રીહરિએ પોતાનાં અંગ ઉપર કેસરી વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને ગુલાબના હાર પહેર્યા હતા અને બંને હાથે બાજુ બાંધ્યા હતા. ૨૨. ગુલાબના ગુચ્છ બે કાન ઉપર ધાર્યા હતા અને ગુલાબના તોરા પાઘમાં લટકતા મૂક્યા હતા. કેટલાક ગુલાબના હાર તો પાઘમાં શોભી રહ્યા હતા. ૨૩. શ્રીહરિ અને મુક્તાનંદસ્વામી સાથે ચાલીને ઉત્સાહથી ગામમાં આવતા હતા. શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું હતું અને મૂર્તિ તેજથી ભરેલી દેખાતી હતી. ૨૪.

સંતો અને હરિભક્તો સહુ શ્રીહરિની આગળ અને પાછળના ભાગમાં રહીને ઘણા ઉત્સાહ ભર્યા મનથી બ્રહ્માનંદસ્વામી રચિત ***'સજ્યા શણગાર શોભતા રે,'*** તે કીર્તન ગાતા આવતા હતા. ૨૫. શ્રીહરિ જેટલા સમૈયા કરતા હતા ત્યાં ધામની બધી શોભા વગર ઈચ્છે આવતી હતી. ૨૬. ભગવાન શ્રીહરિની મૂર્તિમાં બ્રહ્માંડની જેટલી શોભા કહેવાય છે તે બધી સહજભાવે આવીને સતત નિવાસ કરીને રહેતી હતી. ૨૭. શ્રીહરિમાં જેટલી આશ્ચર્યકારી વાતો હતી તે બધી દિવ્ય દૃષ્ટિવાળા સહજ દેખતા હતા, પણ માયિક દૃષ્ટિવાળાને દેખાતી નહિ. ૨૮.

શ્રીહરિના સંબંધવાળી જેટલી અલૌકિક વાત હોય તે બધી દિવ્ય દૃષ્ટિથી તત્કાળ દેખાતી હતી, પણ દિવ્ય દૃષ્ટિ વગરનાને ક્યારેય દેખાતી નહિ. ૨૯. બ્રહ્માંડમાં રહેલી દરેક બાબતના ગુરુ હોય છે. બુદ્ધિમાં વિવેકરૂપી દીવો ન હોય તો તે ગુરુ કોઈને દેખ્યામાં આવતા નથી. ૩૦. પહેલા તો જ્યારે બુદ્ધિમાં વિવેકરૂપી દીવો પ્રગટે છે ત્યારે બુદ્ધિમાં રહેલું જે અંધારું તેનો તત્કાળ નાશ થઈ જાય છે. ૩૧. જ્યારે એ અજ્ઞાનના અંધારાનો નાશ થાય છે ત્યારે તે જેવા ગુરુ હોય, તેને તત્કાળ દેખી શકાય છે. અજ્ઞાનનું અંધારું ગયા સિવાય ગુરુ મળતા નથી. ૩૨.

જે બાબતના જેવા ગુરુ હોય તે મળ્યા સિવાય કોઈ કામ સિદ્ધ થતું નથી. માયિક બાબતમાં ગુરુ માયિક હોય છે અને તેવા ગુરુઓથી આખું બ્રહ્માંડ ભરેલું છે. ૩૩. ચાહે તેવી બુદ્ધિ હોય તોપણ બતાવ્યા સિવાય તે ગુરુ દેખાતા નથી. અમાયિક બાબત માટેના એક જ સાચા ગુરુ જો દેખ્યામાં આવે, ૩૪.

તો બ્રહ્માંડમાં જેટલા ગુરુઓ છે તે તરત દેખાય આવે છે. તેથી જ જ્ઞાનને નેત્ર કહેવાય છે. જો દૃષ્ટિ ન હોય તો દીવો શું કરી શકે ? ૩૫. તેટલા માટે ચાહે તેવો બુદ્ધિમાન હોય તોપણ જે અમાયિક વાત છે, તે અમાયિક ગુરુ ન મળે તો યથાર્થરૂપમાં ક્યારેય દેખાતી નથી. ૩૬.

❋ સર્વે વાતનો સાર શ્રીહરિની મૂર્તિ છે :

दोहा : श्रीहरि की मूरति बिन जो, बात अधिक हि न कोउ;
एसी बुद्धि सो बुद्धि यह, ता बिन निष्फल सोउ...३७
हरि की बात बिन करीके, ब्रह्मांड भरे अपार;
जमपूरी जो तिनके तेही, सब देखाये द्वार...३८

શ્રીહરિની જે મૂર્તિ છે તેનાથી અધિક કોઈ વાત નથી. અને આવી જે સમજણ હોય તે જ ખરી બુદ્ધિ છે. અને તે સમજણ વિના તો તે બુદ્ધિ નિષ્ફળ છે. ૩૭. ભગવાન સિવાયની બીજી વાતોથી તો અપાર બ્રહ્માંડો ભર્યા છે. અને ભગવાન સિવાયની જેટલી વાત છે તે બધી જમપુરીના દ્વાર

દેખાય છે. ૩૮. **જ્યાં સુધી ભગવાનની વાતમાં ભાવ ન કરે ત્યાં સુધી તે જીવ જમપુરીમાં અચળ નિવાસ કરીને રહે છે. ૩૯.** ભગવાનની વાતમાં સમજીને જીવ જ્યારે ભાવ કરે છે ત્યારે તેની જમપુરી છૂટી જાય છે. કારણ કે, ભગવાનની વાત જ સંસાર છૂટવાનું દ્વાર છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિ મુક્તાનંદસ્વામીની સન્મુખ ગયા અને તેમની સાથે ગામમાં પાછા આવ્યા" એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર વીશમું : તરંગ - ૨૮

શ્રીહરિનાં દર્શન કરવા કાનમ અને વાકળ દેશનો સંઘ ભેળો થયો

શ્રીહરિ મુક્તાનંદસ્વામીની સાથે મછિયાવ ગામમાં આવ્યા અને તેમને એક સારા વિપ્રને ઘરે નિર્બંધ જગ્યાએ ઉતારો આપ્યો. ૧. સાથેનો જે સંઘ હતો તેને પણ તપાસ કરીને યોગ્ય રીતે ઉતારા અપાવ્યા. અને તે પછી શ્રીહરિએ સભા કરી. ૨. સુરત અને મુંબઈ પ્રાંતના હરિભક્તોનો એક સંઘ મળીને ત્યાં આવ્યો. ૩. જે સંઘ આવતો હતો તેમાં બધા અધિક વિવેક તથા ભાવવાળા હતા. અને પોતાની સાથે ઢોલ, તાંસા અને નિશાન વગેરે લાવ્યા હતા. ૪. જે હરિભક્તોને જેવો વિવેક અને ભાવ હતો તે પ્રમાણે તેમણે શ્રીહરિનો બહુ પ્રકારનો લાભ લીધો, જે લખતા કોઈ પાર આવતો નથી. ૫. કોઈ એક હરિભક્તે શ્રીહરિનો જે લાભ લીધો હોય, તે લાભ બાબતના કોઈ કવિ મોટા મોટા વૃત્તના કરોડો શ્લોક કરે, તોપણ તેનો પાર આવતો નથી. ૬.

હવે તેવા લાભના કોઈ કવિ અનંત ગ્રંથ કરી શકે છે. કારણ કે, અત્યારે હરિભક્તો પણ અનંત છે. એક કવિ એક હરિભક્તે લીધેલા લાભનો ગ્રંથ કરે, તોપણ તે એકની બાબતનો લાભ એક ગ્રંથમાં આવી શકે નહિ. એટલી બધી વાત અત્યારે એક એક હરિભક્તે લીધેલા લાભની છે. ૭-૮. તેમજ અત્યારે એક એક સંતે શ્રીહરિનો જે લાભ લીધો છે તે બાબતમાં તો

મારે કહેવું જ શું ? કેટલાય બ્રહ્મચારી, સંન્યાસી અને પાર્ષદોએ શ્રીહરિને રાજી કર્યા છે. ૯. તેમના લાભની બાબતનો અંત પામે તેવા શિવ અને બ્રહ્મા જેવા મોટા પણ મારી દૃષ્ટિમાં યોગ્ય લાગતા નથી, તો પછી બીજા કવિના તો શા લેખા ? ૧૦.

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદ સ્વામી, શતાનંદસ્વામી અને શુકાનંદસ્વામી, તે બધા તો નવીન છંદવાળા સંસ્કૃત ગ્રંથ કરી શકે તેમ છે. ૧૧. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી અને શુકાનંદસ્વામી, તેઓ બધા સંસ્કૃત અને પ્રાકૃત કાવ્ય કરવામાં પૂર્ણ શક્તિમાન અને ખરા શૂરવીર છે. ૧૨. નિષ્કુળાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી તો મોટા જહાજ જેવા કવિ છે અને તેમની પ્રસિદ્ધિ પણ ઘણી થઈ છે. ૧૩.

પ્રસિદ્ધ મોટા કવિની આગળ હું આધારાનંદ નાનો કવિ કંઈ લેખામાં આવીશ નહિ. જ્ઞાનાનંદસ્વામી, ધ્યાનાનંદસ્વામી, ત્યાગાનંદસ્વામી કવિ હતા. તે ત્રણ કરતાં દેવાનંદસ્વામી ઘણા પ્રસિદ્ધ કવિ થયા છે. તેઓ બહુ વાચાળ હતા. જે વક્તા હોય છે, તે પ્રસિદ્ધ થાય છે. ૧૪- ૧૫. માધવદાસજી પણ પોતાની બુદ્ધિ પ્રમાણેના કવિ કહેવાય છે. તેમણે બુદ્ધિને અનુસારે શ્રીહરિનાં ચરિત્ર લખ્યાં છે. ૧૬.

કવિ જે કાવ્યો કરતા હોય છે, તેમાં જેવાં વચન બોલે છે, તે તેનાં બોલેલાં વચન જ કવિનું યથાર્થ મૂલ્યાંકન કરે છે. ૧૭.

चोपाई :

कवि की कसोटी बचन रहेऊ, दरपन जेसे दरसावत तेऊ;
गुरु रु संत कहावत तिनकी, धर्म रहेउ कसोटी इनकी...१८

કવિની કસોટી તેનાં કાવ્યનાં વચન છે. અને તે દર્પણની જેમ કવિની શક્તિને બતાવી દે છે. **ગુરુ અને સંતની કસોટી ધર્મ કહેવાય છે. દુનિયાના રાજાઓની કસોટી તેની નીતિ ગણાય છે. શાહુકારની કસોટી તેની શાહુકારીમાં છે. ૧૮-૧૯. ધીર પુરુષની કસોટી વિપત્તિના સમયમાં થાય છે. ભૂમિ ઉપરની સ્ત્રીની કસોટી તેના પતિવ્રતાપણાથી થાય છે. ૨૦.** નાણાંની કસોટી

તેના જાણકાર પાસેથી થાય છે. માટીના વાસણની કસોટી અગ્નિમાં થાય છે. જેવી બાબત હોય તેવી તેની ભિન્ન ભિન્ન કસોટી હોય છે. ૨૧. કસોટી કરવાથી તે બાબત દર્પણની સમાન દેખાય આવે છે. ભરૂચ પ્રાંતના, કાનમ દેશના, ડભોઈ વિભાગના, વાકળ દેશના અને વડોદરાના હરિભક્તોનો એક સંઘ થયો. તેમાં નારુપંત નાના આદિક હરિભક્તો હતા. ૨૨-૨૩.

નારુપંત નાના સયાજીરાવ સરકારના મોટા કારભારી(દીવાન) હતા. મુક્તાનંદસ્વામીએ તેમને વ્રતમાન નિયમ ધરાવ્યા હતા. નારુપંત નાનાએ સરકારની રજા લીધી. ૨૪. ઉપર કહેલા હરિભક્તોનો સંઘ ભેળો થઈને શ્રીહરિનાં દર્શન કરવા આવવા માટે તૈયાર થયો. ૨૫. સયાજીરાવ મહારાજે નારુપંત નાનાને બોલાવીને નિશાન તથા ડંકાની સાથે પાયગા(ઘોડેસવારોની ટૂકડી) આપી અને એક તંબુ આપ્યો. ૨૬. સરકારે પોતાનો હજૂરી એક તુર્ક સવાર આપ્યો હતો. જેની ટોપી ઉપર ચમરી રહેતી હતી તેવા એક શાસ્ત્રી અને એક પુરાણી આપ્યા. ૨૭. એક વૈદ્ય સાથે આપ્યા, એક રથગાડી આપી. મશાલ અને છત્રી પણ સરકારે ઉમંગથી આપી. ૨૮. તે હરિભક્તોના સંઘમાં સદાશિવભાઈ અને નાથજીભાઈ મુખ્ય હતા. તેઓ ગરીબ હરિભક્તની સંભાળ રાખતા હતા. ૨૯.

કોઈ નિર્બળ હરિભક્ત બાઈ-ભાઈ હોય, જેને આગળ પાછળ કોઈ ન હોય અને કામ ધંધો કરવાની પણ શરીરમાં શક્તિ ન હોય, તેવા ઉદ્યમ વગરના સત્સંગીઓને અન્ન વસ્ત્રનું પણ સંકટ આવે છે. તેમની પાસે કાંઈ ધન જ્યારે રહે નહિ ત્યારે તે બહુ દુઃખી થાય છે. ૩૦-૩૧.

अन्न वसन धन कर जोऊ, जेहि देश में हरिजन सोऊ;
समर्थ रहे सब हि प्रकारा, निर्बल के तेहि रहे आधारा...३२
समर्थ हरिजन निरबल ताकी, जितनी रखत बरदास वाकी;
श्रीहरि आप की सेवा करते, कोटि गन तेहि जानत रहते...३३
कोटि जज्ञ कोउ करे केहू, निरबल की तुल न फल रहे तेहू;
एसी उर समझ रहे जाई, बडे में बडे हरिजन रहे ताई...३४

જે દેશમાં કોઈ હરિભક્ત અન્ન, વસ્ત્ર અને ધનથી બધી રીતે સમર્થ હોય, તે તેવા નિર્બળ હરિભક્તોના આધાર હોય છે. ૩૨. સમર્થ હરિભક્ત ગરીબ હરિભક્તની જેટલી સંભાળ રાખે છે, તેને શ્રીહરિ પોતાની સેવા કરતાં પણ કરોડગણી વધારે માને છે. ૩૩. કોઈ કરોડો યજ્ઞ કરે, તોપણ તેનું ફળ દુર્બળની મદદ જેટલું થાતું નથી. આવી તે મોટા મોટા હરિભક્તોના દિલમાં સમજણ હતી. ૩૪.

આટલી વાત જ્યાં સુધી સમજતા નથી અને બીજી કરોડો વાતને શીખે, મોટા સંતોનો કરોડો વર્ષ સુધી બેસીને એકાંતમાં સમાગમ કરે, પકવાનની રસોઈ વારંવાર કરીને સંતોને ઘણા જમાડે, વસ્ત્ર પણ વારે વારે ઓઢાડે તેવા હરિભક્તો તો ઘણા હોય છે. ૩૫-૩૬. પણ તે **જ્યાં સુધી નિર્બળ હરિભક્તની સંભાળ નથી રાખતા ત્યાં સુધી તે ભગવાનનો ભક્ત કહેવાતો હોય છતાં પણ દંભી છે. ૩૭.** જેની પાસે ધનસંપત્તિ હોય એવા જગતમાં કેટલાક અપાર અજ્ઞાની માણસો પણ રોજ એક, બે, ત્રણ અન્નાર્થીઓને પ્રેમથી જમાડતા હોય છે. ૩૮. કેટલાક ગામમાં એક જ સંપત્તિવાળા ઘરને આધારે સદાવ્રત અપાતું હોય છે. અને તે પણ એક ભગવાનનાં નામ ઉપર વિશ્વાસ રાખીને આપે છે. ૩૯. આ જગતમાં પ્રગટ ભગવાન મળ્યા હોય છે તેને કોઈ ગણતા નથી. જગતના લોકો પોતાના સમાન બીજા કોઈને માનતા નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિનાં દર્શન કરવા કાનમ અને વાકળ દેશના ભક્તોનો સંઘ ભેળો થયો" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર વીશમું : તરંગ - ૨૯

સંઘમાં સ્ત્રીઓ તથા પુરુષો પોતાના સમાજમાં સત્સંગની વાતો કહેતા હતા

જે શરીરે રોગી હોય, જેને ધન તથા અન્નની એક પણ સહાય ન હોય, તેવા હરિભક્તને ગરીબ તરીકે સમર્થ હરિભક્તોએ જોવો. ૧. **જે હરિભક્ત પોતે સમર્થ હોવા છતાં ગરીબ હરિભક્તની સંભાવના(સેવા-ચાકરી) નથી કરતા તો તે હરિભક્ત નિષ્ફળ છે. ૨. ગરીબ હરિભક્તની જે સમર્થ હરિભક્ત જેટલી સંભાવના કરે છે તેટલો તે મોટો હરિભક્ત છે. ૩. પર્વતભાઈ, દરબાર ઝીણાભાઈ, કાશીદાસભાઈ અને સદાશિવભાઈ, ગરીબ હરિભક્તના ઉપર ઘણા દયાળુ રહેતા. ૪.**

જ્યારે કોઈ ઉત્સવ સમૈયા થતા તેમાં શ્રીહરિ સહુ હરિભક્તોને ગરીબની સેવા કરવાની વાત વારંવાર કહેતા હતા. ૫. તેવી વાત ઉપર શ્રીહરિને ઘણું તાન રહેતું હતું અને તે તાન જાણીને જ અહીંયા આ વાત લખી છે. લખ્યા વિના કોઈને તે શ્રીહરિનું તાન દેખ્યામાં આવે નહિ. ૬. નિરાધાર હરિભક્તની ઘણી સંભાળ રાખવી જોઈએ. જે સમર્થ હરિભક્ત આ રીત રાખે તે મોટા કહેવાય છે. ૭. સમર્થ હરિભક્ત થઈને જ્યારે તે મોટાના માર્ગે ચાલે છે ત્યારે જ મોટો કહેવાય છે. તે વિના તેને મોટો કોણ કહે ? ૮.

चोपाई :

हरिजन बडे हि जितना जेहू, ताकी समझ एसे रहे तेहू;
जेते देश गाम ही तिनमें, हरिजन एसे रहेउ इनमें...०९
आप न कहत बडे में रहेऊ, कहे बिन जन बडे सब कहेऊ;
ग्रंथ तामें एसे के नामा, सहज लिखात हि ठाम हि ठामा...१०

જેટલા મોટા હરિભક્તો હતા તેની સમજણ ઉપર કહી તેવી હતી. અને તે દેશ અને ગામોમાં તેવા હરિભક્તો હતા પણ ખરા. ૯. તેઓ પોતે પોતાને મોઢે 'હું મોટો છું' એમ ક્યારેય કહેતા નહિ. કહ્યા સિવાય પણ તેવા ગુણવાળાને લોકો મોટા કહેતા હતા. અને તેવી ગરીબોની સંભાળ

રાખનારાના નામ ગ્રંથોમાં સહજભાવે ઠેર ઠેર લખાય છે. ૧૦. જિંદગીભર જે હરિભક્ત પોતાના ધર્મને પાળે અને બીજા પાસે દઢપણે પળાવે તે જ આપણા સત્સંગમાં સર્વોપરિ હરિભક્ત કહેવાય છે. ૧૧.

કોઈ પણ હરિભક્તને સત્સંગને નિમિત્તે કોઈ દુઃખ આવી પડે ત્યારે બીજા બધા હરિભક્તોએ મળીને તે હરિભક્તના કષ્ટનું નિવારણ જે રીતે થાય તેવો ઉપાય કરવો. સારા હરિભક્તની આવી રીત છે અને સંતો પણ તેમ કહે છે. ૧૨-૧૩. **જે હરિભક્તોના ગામમાં હરિભક્તો ક્યારેય કુસંપ કરતા નથી અને જેવો સંપ રાખે છે ત્યાં તેવો સત્સંગ રહે છે. ૧૪.**

सोरठा : हरिजन तामें जोउ, संप तितना सत्संग रहेउ;
कुसंप तितना सोउ, कुसंग हि प्रवेश करत...१५

હરિભક્તોમાં પરસ્પર જેટલો સંપ હોય તેટલો સત્સંગ રહ્યો કહેવાય. જ્યાં કુસંપ હોય છે ત્યાં કુસંગ પેસી જાય છે. ૧૫. હરિભક્તોમાં જ્યારે કુસંપરૂપી કુસંગ પેસી જાય છે, ત્યારે તે કુસંગીનાં જેવાં વચન ઉચ્ચારવા લાગે છે. ૧૬. આવું સમજીને ગામેગામના ભાગ્યશાળી હરિભક્તો કુસંગને દેખીને કુસંપનો ત્યાગ કરે છે. ૧૭. સંતો, હરિભક્તમાં રહેલા કુસંગને બતાવી દે છે. બતાવ્યા સિવાય કુસંગ દેખાતો નથી. કારણ કે કુસંગનું કુટુંબ તો કેટલુંયે હોય છે. ૧૮. શુભ વાતમાં જે જેટલી રુચિ નથી કરતો તેનાથી તેટલો તેમાં જે કુસંગ છે તે બતાવી દે છે. રુચિથી કુસંગ ઓળખાઈ આવે છે. ૧૯.

સત્સંગની શુભ વાતમાં જેટલી રુચિ રહે છે તેટલી સત્સંગ કરવાની બુદ્ધિ થાય છે. જેને અશુભ વાતમાં જેટલી રુચિ રહે છે તેને તેટલી કુસંગમાં રુચિ હોય છે. રુચિને લીધે જે જેવો હોય તે જણાઈ આવે છે. આ પ્રમાણેની હરિભક્તો પરસ્પર અપાર વાતો કહેતા હતા. ૨૦-૨૧. **જેનામાં સત્સંગ રહ્યો હોય છે ત્યાં મોક્ષની વાત તથા શ્રીહરિના વચનામૃતોની વાત નિત્ય થતી રહે છે. ૨૨. શ્રીહરિના વચનામૃતોમાં વેદ અને પુરાણો વગેરે જેટલાં શુભ શાસ્ત્રો છે, તે બધાની વાત આવી જાય છે. ૨૩.** શ્રીહરિનાં મુખથી જે જે વચન જેવાં રૂપમાં નીકળે તે બધાં અમૃત કરતાં પણ અધિક મહત્ત્વનાં હોય છે. ૨૪.

આ અવસરમાં જેને સત્સંગ થયો હોય તેના તો અપાર ભાગ્ય જાણવા અને જે સત્સંગથી દૂર રહ્યા તે ઘણા અભાગિયા છે. ૨૫. સદાશિવભાઈ અને નાથજીભાઈ વડોદરાના હતા. તથા કાશીરામભાઈ તથા સાથજીભાઈ દોરા ગામના હતા. ૨૬. જે હરિભક્તોનો સંઘ હતો તેની આગળ તેઓ ઉપર કહેલી વાત કહેતા હતા. અને તે સાંભળીને બીજા હરિભક્તો અત્યંત રાજી થતા હતા. ૨૭. સંઘની બાઈઓમાં રેવાબાઈ, મોંઘીબાઈ વગેરે જે મોટી બાઈઓ હતી તે બીજી હરિભક્ત બાઈઓની આગળ સત્સંગની જેવી વાત કરતી હતી, તે રીતે બીજી બાઈઓ રહેતી હતી. સત્સંગની પુષ્ટિ કરે એવો ધર્મ સર્વથી શ્રેષ્ઠ છે. ૨૮-૨૯. આવી બાબતનો ઘણો વિવેક સત્સંગમાં અપાર સાંભળ્યો છે. સત્સંગની પુષ્ટિ કરે તેવી ભક્તિ બધી ભક્તિમાં સર્વાધિક છે. ૩૦.

જેનાથી સત્સંગની પુષ્ટિ થાય એવો જે વૈરાગ્ય છે, તે વૈરાગ્યમાં ઉત્તમ છે. ભગવાન અને સત્સંગની રીત એકસરખી છે. ૩૧. **ભગવાનનો દીકરો તો સત્સંગ છે. તે ભગવાનની જેવી મરજી હોય તે પ્રમાણે નિરંતર વર્તે છે અને ક્યારેય તેમની મરજીને લોપતો નથી. ૩૨.** સત્સંગ ભગવાનની સતત પુષ્ટિ કરતો રહે છે. ભગવાન મૂર્તિમાન છે અને તેઓ રામ, કૃષ્ણ આદિક અનેક અવતારો ધારણ કરે છે. ભગવાનની મૂર્તિ એક જ હોવા છતાં જ્યાં જેવું કામ હોય ત્યાં તેવા કાર્યને નિમિત્ત બનાવીને એક જ મૂર્તિ બહુ રૂપે થાય છે. ૩૩-૩૪.

તેમાં ભક્તને મોહ થાતો નથી, અભક્તને મોહ થાય છે. અસુરોને જે રીતે મોહ થાય તે રીતે ભગવાન વિચરણ કરતા હોય છે. ૩૫. જેમ અસુરોને મોહ પમાડવાને માટે ભગવાને મોહિની રૂપ ધાર્યું હતું, તેમ જ આ એક જ મૂર્તિરૂપ ભગવાન ભૂમિ ઉપર વિચરે છે. ૩૬. આ શ્રીહરિ મોહિની રૂપની જેમ અમૃતરસરૂપી ચરિત્ર પાઈને ભક્તને અત્યંત સુખ આપે છે અને અસુરોને મોહરૂપી મદિરાનું પાન કરાવે છે. ૩૭. જ્યારે પ્રહ્લાદ કે બલિરાજાની જેમ કોઈ અસુર દાસ થાય છે ત્યારે ભગવાન તેની આસુરી બુદ્ધિનો નાશ કરીને તેના બધા જ પાશ તોડી નાખે છે. ૩૮.

હરિભક્ત બાઈઓ બીજી બાઈઓના પ્રત્યે જેવી સાંભળી હોય તેવી બધી વાતો પ્રેમથી કહેતી હતી. તેનો કોઈ પાર લઈ શકાતો નથી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સંઘમાં સ્ત્રીઓ તથા પુરુષો પોતાના સમાજમાં સત્સંગની વાતો કહેતા હતા" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર વીશમું : તરંગ - ૩૦

શ્રીહરિએ નારુપંતના પ્રશ્નનો ઉત્તર ગીતાના શ્લોકથી કહ્યો

વડોદરા પ્રદેશના બધા હરિભક્તો વાજિંત્ર વગાડતાં વગાડતાં મછિયાવ ગામમાં આવ્યા. ૧. સદાશિવભાઈ અને નાથભક્ત, નારુપંત નાનાને તે વખતે શ્રીહરિની પાસે લઈ આવ્યા. ૨. નારુપંત નાના હૃદયમાં ઘણો પ્રેમભાવ લાવીને શ્રીહરિને પગે લાગ્યા. તથા સોનામહોરની સાથે એક શ્રીફળ મૂક્યું. ૩. પછી શ્રીહરિએ તેમને આદરભાવથી બોલાવીને બેસાડ્યા અને સરકારના બધા કુશળ સમાચાર પૂછ્યા. ૪.

બીજા જેટલા હરિભક્તો આવ્યા હતા, તેઓ સહુ શ્રીહરિને પગે લાગ્યા અને ફૂલના હાર પહેરાવ્યા. ફૂલના હારથી મૂર્તિ ભરાઈ ગઈ હતી. ૫. શ્રીફળ અને બરફીનાં થાળ ભરીભરીને લાવતા હતા અને ફાંટમાં ભરી ભરીને કેળા લાવતા હતા. તેને શ્રીહરિ સ્વીકારી લેતા હતા. ૬. શ્રીહરિ આનંદાનંદસ્વામીને બોલાવીને તે બધી વસ્તુઓ આપતા હતા. તે વખતે એકાદશીનો દિવસ જાણીને હરિભક્તો ઘણા હેતથી સંતોને ફલાહાર કરાવવાને માટે ખારેક અને ખજૂરના થાળ ભરી ભરીને લાવ્યા હતા. ૭-૮.

દ્રાક્ષ, કાજુકળિયા અને બદામના વાસણ ભરીને લાવ્યા હતા. જ્યારે મધ્યાહ્ન સમય થયો ત્યારે શ્રીહરિએ ફરાળ કર્યું. ૯. હરિભક્તો જે ફલાહાર લાવ્યા હતા તે સહુ થોડું થોડું જમતા હતા, પણ મછિયાવના દરબારે સાકર, દૂધ અને દહીં વગેરે પુષ્કળ પ્રમાણમાં ભેળું કરી રાખ્યું હતું. ૧૦. શ્રીહરિ જ્યારે ફરાળ કરી રહ્યા ત્યારે છેલ્લે સાકર નાખેલું દૂધ પીધું અને તેના ઉપર

દહીં અને સાકર જમ્યા. આ રીતે શ્રીહરિએ આનંદથી ફરાળ કર્યું. ૧૧. આ રીતે જ બધા સંતોને ઘણા પ્રેમભાવથી ફરાળ કરાવ્યું. તે પછી પાછલો એક પહોર દિવસ રહ્યો ત્યારે સભા કરીને શ્રીહરિ તેમાં બેઠા. ૧૨.

અમદાવાદના હરિભક્ત નથુ ભટ્ટે શ્રીહરિ માટે છીંટની ડગલી અને સુરવાળ કરાવ્યો હતો. ૧૩. તેમણે તે બંને વસ્ત્ર શ્રીહરિને પહેરાવવા માટે મુક્તાનંદસ્વામીને આપ્યા. અને મુક્તાનંદસ્વામીએ લાવીને ઘણા પ્રેમથી તે પહેરાવ્યા. ૧૪. તે ડગલી અને સુરવાળમાં રૂ ભરેલું હતું તેથી શ્રીહરિને તે બહુ ગમી ગયા. આખો દિવસ તે પહેરી રાખતા, પણ તેને કાઢતા નહિ. ૧૫. નારુપંત નાના સભામાં આવીને બેઠા. તેઓ ઘણા બુદ્ધિશાળી હતા. તેમણે શ્રીહરિને પૂછ્યું કે, ૧૬.

'ભગવાનના સમાન કોઈ વાત નથી. ભગવાનની વાત તો સર્વોપરિ છે, તેમ બધાં શુભ શાસ્ત્રોમાં કહ્યું છે. ૧૭. જે દિવસથી સત્શાસ્ત્રો લખાયા છે, તે દિવસથી વિપ્રો તેને વાંચે-ભણે છે પણ 'ભગવાન સમાન બીજી કોઈ વાત નથી.' પરંતુ તે મુજબ તે વિપ્રો વાત કહેતા નથી. ૧૮. તેનું કારણ શું છે ? તે વાત આપ મને સમજાવીને કહો.' ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'અમે જે જાણીએ છીએ, તે તમને કહીએ છીએ. ૧૯. ભગવદ્‌ગીતા શ્રીકૃષ્ણ ભગવાનનું પ્રગટ સ્વરૂપ કહેવાય છે. તેમાં કામ, ક્રોધ અને લોભ, તે ત્રણને નરકનું દ્વાર કહ્યા છે. ૨૦.

તેમાંથી કોઈ એક દ્વાર જ્યાં સુધી તે વિપ્રમાં વાસ કરીને રહ્યું હોય ત્યાં સુધી પોતે તો તે નરકના દ્વારમાં પરમ સુખ માનતો રહે છે. ૨૧. પોતે જે રીતનું સુખ માનતો હોય છે તે રીતે જ બીજાને વાત કરે છે અર્થાત્ તેવી વાત મનાવે છે અને વેદ, પુરાણોને વાંચવાનું ફળ દ્રવ્યને માને છે. ૨૨. તે વાંચનારાઓ ધન અને સ્ત્રીમાં અપાર લાભ માને છે. જ્યારથી આ બ્રહ્માંડ થયું છે તે દિવસથી આરંભીને લોકો ધન અને સ્ત્રીમાં લાભ માનતા રહ્યા છે. ૨૩. મનુષ્યો ભલે તેમાં લાભ માને છે પરંતુ સત્શાસ્ત્રો તેને અલાભ કહે છે. ભગવાનમાં જ્યાં સુધી લાભ નથી માનતા ત્યાં સુધી, ૨૪. લોકો તે નરકના ત્રણેય દ્વારમાં નિવાસ કરીને રહે છે. પછી દુ:ખને જ સુખરૂપ

જાણીને તે દુઃખનો મનમાં ત્રાસ દેખતા નથી. ૨૫. મનુષ્યમાત્રને જેમાં રુચિ થાય છે તેમાં તે રુચિએ કરીને દુઃખને પણ સુખરૂપ માને છે. ૨૬.

❋ એક ભગવાનમાં જ સુખ માને તે સાચો ભક્ત છે :

सोरठा : भगवान महीं सूख, मानत रहे एक ही जेही;
जग में मानत दूःख, एसे जन कु हरिजन कहत...२७
भगवान में रहेउ, सुख हि अपरमपार जोउ;
त्याग हि करिके तेउ, जग में सुख मानत रहे...२८

જે એક ભગવાનમાં જ સુખ માને છે અને જગતમાં દુઃખ માને છે, એવો જે મનુષ્ય હોય છે તેને હરિભક્ત કહેવાય છે. ૨૭. ભગવાનનાં સ્વરૂપમાં તો અપરંપાર સુખ રહ્યું છે. પરંતુ તે સુખનો ત્યાગ કરીને મનુષ્ય જગતમાં સુખ માને છે. ૨૮. જ્યાં સુધી મનુષ્યને જગતમાં સુખ દેખાય છે ત્યાં સુધી તે મનુષ્ય પ્રાકૃત રહે છે. જેમાં જેવા ગુણ રહ્યા હોય તેને સેવનારામાં તેવા ગુણ આવે છે. ૨૯. મનુષ્ય જ્યારે સત્સંગનું સેવન કરે છે ત્યારે તે સત્સંગી કહેવાય છે. જ્યાં સુધી મન, કર્મ, વચનથી સત્સંગનું સેવન કરતો નથી ત્યાં સુધી તેને જગતની વાતોમાંથી રુચિ ટળતી નથી. અને વેદ અને પુરાણોને ચાહે તેટલા ભણે પણ તેને ભગવાનમાં રુચિ થાતી નથી. ૩૦-૩૧.

❋ કુબુદ્ધિ જાય તો ભગવાનની વાત સમજાય :

मन क्रम जब करे सत्संगा, कुमति के तब होवे भंगा;
कुमति के भंग होवे जबहू, भगवान की बात जो तबहू...३२
सरवोपरि देखेमें आवे, भगवान में तब रुचि करावे;
भगवान बिन हि लगे न सारा, तितने जन भयेउ भव पारा...३३

જ્યારે મન, કર્મ, વચનથી સત્સંગ કરવામાં આવે ત્યારે તેની કુબુદ્ધિનો નાશ થાય છે. કુબુદ્ધિ ગયા પછી ભગવાનની જે વાત છે તે સર્વોપરિ દેખાય છે. પછી જ તેને ભગવાનમાં રુચિ થાય છે અને ભગવાન સિવાયની બીજી વસ્તુ સારરૂપ લાગતી નથી. તેથી તેવા મનુષ્યો સંસારના પારને પામે છે. ૩૨-૩૩. ભગવાનનો ભક્ત થવા છતાં જ્યાં સુધી જે જેટલી બાળબુદ્ધિ રાખે છે ત્યાં સુધી તેના કલ્યાણના માર્ગમાં તેટલું વિઘ્ન રહે છે. ૩૪.

ભગવાન મળ્યા પછી જે કાંઈ કરવાનું હોય છે તે હવે તલ જેટલું પણ બાકી રહેતું નથી, એવી સમજણ વિના બીજી જે સમજણ છે તેને અમે બાળબુદ્ધિ કહીએ છીએ. ૩૫. ભગવાનની સમિપે રહેવું તેના સમાન કોઈ વાત નથી. જે ભગવાનનો ભક્ત થઈને ભગવાનની સમીપે રહેતો હોય પણ જો તેનામાં સમજણ ન હોય તો, ૩૬. સમજણમાં જેટલી કસર હોય તે તેને ભગવાનની સમીપતાથી તેટલો દૂર કરી દે છે. રાધિકાજી અને શ્રીદામાની વાતે તે પ્રત્યક્ષ દેખાડી દીધું છે. ૩૭. જય અને વિજય, ભગવાનના હજૂરી હતા. તેને ભગવાનના સમીપપણાંનું જ્યારે અભિમાન આવ્યું ત્યારે તે તરત જ તે સ્થાનમાંથી પડી ગયા હતા. ૩૮.

નારદજીના જેવા કોઈ મોટા ન કહેવાય. તેઓ તો સાધુતાની સીમા હતા. જેટલા દેવતાઓ અને રાજાઓ હતા, તે બધા તેમને રાત-દિવસ વંદન કરતા હતા. ૩૯. પણ તેમને 'ભગવાનના સમાન બીજું કાંઈ નથી' આવી સ્મૃતિ જ્યારે ન રહી ત્યારે તેમનું મુખ માંકડાનું થયું હતું. તે વાત આખા જગતમાં જાણીતી છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ નારુપંતના પ્રશ્નનો ઉત્તર ગીતાના શ્લોકથી કહ્યો" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર વીશમું : તરંગ - ૩૧

શ્રીહરિએ નારુપંત નાનાના પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર આપ્યો

શ્રીહરિએ નારુપંત નાનાની આગળ ફરીવાર વાત કહી. શ્રીહરિ જે વાત કહેતા તેને પૂરેપૂરી પુષ્ટ કર્યા સિવાય છોડી દેતા નહિ. ૧. શ્રીહરિ એવા નિપુણ હતા કે, જેવી રીતની વાત હોય તેને તેવા પ્રકારે સંપૂર્ણ રીતે પુષ્ટ કરીને કહેતા તેમને આવડતું હતું. ૨.

❋ **ભગવદ્મહિમા :**

શ્રીહરિ કોઈ એક વાત કહેતા હોય તેમાં પણ કરોડો ગ્રંથનું રહસ્ય આવી જાતું હતું, માટે જ લોકો તેમને ભગવાન કહેતા હતા. ૩. પરમેશ્વર પોતે 'હું ભગવાન છું' તેવું ક્યારેય કહેતા નથી. પણ જે બુદ્ધિમાન લોકો હોય છે, તે વાતમાં બધું પારખી લે છે. ૪. ભગવાન હરકોઈ નિમિત્ત લઈને જ્યારે મનુષ્યશરીર ધારણ કરે છે, ત્યારે જેટલું નિમિત્ત હોય છે તેટલું તેઓ કામ કરે છે. અને નિમિત્ત પ્રમાણેનું નામ ધારે છે. ૫.

કોઈ એક કામના નિમિત્તમાં બીજા કેટલાય કામોને ભગવાન કરતા રહે છે. ભગવાનનો જે પ્રતાપ કહેવાય છે તેને હું કહું છું. ભગવાન સ્વામિનારાયણ સહજ સ્વભાવે અક્ષરથી પર છે. અક્ષરાતીત ભગવાન અક્ષરધામમાં અખંડ રહે છે. તેમનામાં અનંત યોગકળા રહી છે. ૬-૭.

તે ભગવાનની યોગકળાના પારને અક્ષર પણ પામતા નથી. તો પછી પ્રકૃતિ, પુરુષ, પ્રધાન, વૈરાજપુરુષ અને બ્રહ્મા વગેરે તો તેના પારને ક્યાંથી પામે ? અને તેમાં મનુષ્યના તો શાં લેખાં ? ભગવાન મનુષ્યશરીરને ધારે અથવા મનુષ્ય સિવાયનું અન્ય કોઈ શરીર ધારણ કરે, તોપણ ભગવાનમાં જે ગુણ રહ્યા છે તે ગુણો ભગવાનનો ત્યાગ કરતા નથી. ગુણ અને પ્રતાપ બંને એક કહેવાય છે. તે જેને સંપૂર્ણ વિવેક હોય તે ભક્ત જ જાણી શકે છે. ૮-૧૦. ભગવાન જે શરીર ધારણ કરે છે તેમાં તેમનો પ્રતાપ તલભાર પણ ઘટતો નથી. જ્યાં જેવું કામ પડે ત્યાં તેવું શરીર તેઓ તરત ધારણ કરી લે છે. ૧૧. જે જે યોગકળાઓ કહેવાય છે તે બધી ભગવાનના સ્વરૂપમાં રહે છે અને જેટલી યોગકળાઓ છે, તે ક્યારેય ભગવાનનો ત્યાગ કરતી નથી. ૧૨.

ભગવાન પોતે ક્યારેય એમ કહેતા નથી કે, 'હું ભગવાન છું' અને જે મિથ્યાભિમાનમાં 'હું ભગવાન છું' એમ કહે છે, તેનું માન રહેતું નથી. ૧૩. જેટલા ભગવાનના અવતારો થઈ ગયા છે, તેના પરમ ભક્ત શ્રીહરિ થાય છે. આવી કળાઓ તો શ્રીહરિમાં ઘણી અપાર રહી છે. ૧૪. જે ભગવાન છે તે તો ભગવાન જ છે, પણ પોતામાં ભક્તપણું દેખાડે છે. અને પોતે

પોતાના પ્રતાપથી પરમ સુજાણ રહે છે. ૧૫. ભગવાન ભક્તપણું દેખાડે છે તેમાં પણ અલૌકિક રીત રહી હોય છે. તે છુપાવી છૂપી રહેતી નથી. જે ભગવાન છે તે તો ભગવાન જ રહે છે. ૧૬. તેમને કોઈ ભગવાનનાં રૂપમાં માને કે ન માને, તેઓ તો સત્ય સ્વરૂપમાં ભગવાન જ રહે છે. અને તેનાથી તેનો મહિમા ક્યારેય વધતો-ઘટતો નથી. ૧૭. સત્યસ્વરૂપ જે ભગવાન છે તેના જેટલા ભક્તજન હોય છે, તેમનું જે જેટલું અપમાન કરે છે તેને તેટલું દુઃખરૂપ ફળ મળે છે. ૧૮.

હિરણ્યાક્ષ આદિક અપાર દૈત્યો ઘણા દુઃખરૂપ ફળને પામ્યા હતા. છતાં જેટલા દૈત્યવંશના હોય છે, તે બધા જ્યારે ભગવાન પ્રગટ થાય છે ત્યારે તેમનો તે રીતે જ દ્રોહ કરતા હોય છે. કારણ કે, તેમનો સ્વભાવ તેવો વિપરીત જ હોય છે. જ્યાં સુધી તે ભગવાનનો દ્રોહ કરતા રહે છે ત્યાં સુધી તેમનું દૈત્ય એવું નામ રહે છે. ૧૯-૨૦. જ્યારે તેઓ ભગવાનના દાસ થાય છે ત્યારે તેમનું દૈત્ય નામ નાશ પામે છે. વળી, કોઈ દિવસે સંતના દ્વારા દૈત્યનો પણ ઉદ્ધાર થાય છે. ૨૧. નારદજીના દ્વારાએ પ્રહ્લાદજીનો તત્કાળ ઉદ્ધાર થયો હતો. વામનજીએ જ્યારે વર્ણીનું રૂપ લીધું ત્યારે બલિરાજાએ તે વર્ણીને અદ્‌ભુત દેખ્યા. ૨૨.

વામનજીએ વિપ્રને ઘેર શરીર ધારણ કર્યું હતું અને બલિરાજાને વિપ્રના ઉપર ઘણો પૂજ્યભાવ હતો. પછી વામનજીએ બલિરાજા પાસે જેટલી ભૂમિ માગી તેટલી ભૂમિ બલિરાજાએ ઘણા ભાવથી તેમને આપી. ૨૩. વામનજીએ વગર વાંકે બલિરાજાને વચનના પાશથી બાંધી દીધા. છતાં બલિરાજાને વામનજીના ઉપર ઘણો વધારે ભાવ રહ્યો હતો. ૨૪. શુક્રાચાર્યનાં વચનથી બલિરાજા સમજણના પારને પામી ગયેલા હતા. જ્યારે તેને સાચું જ્ઞાન થયું ત્યારે તેણે ભગવાન વિષ્ણુ સિવાય બીજું તલભાર પણ અધિક દેખ્યું નહિ. ૨૫. **અંતરમાં રહેલા અને બહાર રહેલા ભગવાન એક જ છે. તે પ્રગટ ભગવાનના યોગ સિવાય વાત સમજાતી નથી. ૨૬.**

सोरठा : भगवान सम हि जोउ, कोउ बात न देखाये जब;
तिलभर बात हि तोउ, शास्त्र सब ताके पार लियेउ...२७

ब्रह्मांड में जितनेउ, ग्रंथ पढे तो पढे न कछु;
भगवान बिन हि केउ, बात अधिक रहे जाहि लग...२८

જ્યારે ભગવાનને સમાન બીજી કોઈ વાત તલભાર પણ ન દેખાય, ત્યારે બધા શાસ્ત્રના પારને પામ્યા કહેવાય. ૨૭. જ્યાં સુધી ભગવાન સિવાયની બીજી વાત માણસનાં હૃદયમાં મહત્ત્વપૂર્ણ લાગતી હોય ત્યાં સુધી તે બ્રહ્માંડમાં જેટલાં શાસ્ત્ર રહ્યાં છે, તે બધાને ભણ્યો હોવા છતાં ન ભણ્યા બરાબર જ છે. ૨૮.

બ્રહ્માંડમાં જેટલાં શાસ્ત્ર રહ્યાં છે તેને ભણે એવી જેનામાં વિશાળ બુદ્ધિ હોય, અરે ! બ્રહ્મા કરતાં પણ જેની બુદ્ધિ વધારે હોય, અરે ! દેવ અને મનુષ્ય પણ માનતા હોય, ૨૯. છતાં જ્યાં સુધી ભગવાનથી અધિક બીજી કોઈ પણ બાબત રહે ત્યાં સુધી તેણે ભણવાનો એક પણ અક્ષર ભણ્યો નથી. કારણ કે ભગવાનથી અધિક કોણ રહ્યું છે ? ૩૦. જે ભગવાન સહુથી વધારે સમર્થ છે તે પોતે પોતાનાં મુખથી ઠેર ઠેર બોલતા રહે છે કે, ‘મારાથી અધિક બ્રાહ્મણો છે. તે બ્રાહ્મણોએ મારાથી અધિક બીજું કાંઈ રાખ્યું નથી. ૩૧. મારાથી જેટલું વધારે ન રાખતા હોય તેવા બ્રાહ્મણથી લઈને ચાંડાળ પર્યંતના જે કોઈ હોય તે બધાને હું સહુથી અધિક માનું છું.’ એમ જે ભગવાને કહ્યું છે, તેવી સમજણ ગ્રહણ કરવી જોઈએ. ૩૨.

ભગવાને બ્રહ્મા અને શિવને પોતાનું શરીર કહ્યા છે. પોતે જેને પોતાનું શરીર કહે છે તેનાથી ભગવાન પોતે અધિક દેખાય છે. તેઓ સમજ્યા વગર કોઈ વાત કહેતા નથી, પણ વિવેક વિના તે વાત સમજવામાં આવતી નથી. ૩૩. આવી સમજણને લીધે જ વિવેકને અધિક કહ્યો છે. જેને જ્યાં અધિક કહ્યો હોય તે તે વાતના સંબંધને લઈને કહ્યો હોય છે. વાતનો સંબંધ જાણ્યા સિવાય જે બુદ્ધિમાન હોય છે તે કોઈને અધિક કહેતા નથી અને વિવેકે કરીને જેટલું અધિક કહેવાય છે, તેમાં તલભાર પણ બાધ આવતો નથી. ૩૪-૩૫. કોઈ એક વચન નિર્દોષ હોય છે, ત્યારે બીજું કોઈ વચન દોષવાળું કહેવાય છે. દોષ અને નિર્દોષપણું જેટલું હોય છે, તે હરેક વચનમાં દેખવું જોઈએ. ૩૬. બાધ-નિર્બાધને દેખ્યા વિના જે વાત કહેવામાં આવે છે, તે વાત તેટલો

ઉત્પાત કરે છે, તે પ્રત્યક્ષ દેખાઈ આવે છે. ૩૭. **વિદ્યાને સમાન અન્ય કોઈ વસ્તુ નથી. પણ સત્સંગના યોગ વિના તે અપાર વિદ્યાને ભણવામાં આવે છતાં તે લગાર પણ ઉપયોગી થતી નથી. ૩૮.**

બધાં જ શાસ્ત્રોમાં જીવનો મોક્ષ કરવાની વાત કહી છે. શાસ્ત્રો બુદ્ધિ આપતા રહે છે અને તે બુદ્ધિ દ્વારા કુબુદ્ધિને દેખાડી દે છે. ૩૯. અપાર વિદ્યાને ભણ્યા પછી શરીરનું પોષણ કરવું એટલું જ પ્રયોજન માણસ સિદ્ધ કરે, પરંતુ જ્યાં સુધી તે વિદ્યાથી સત્સંગ ન કર્યો હોય ત્યાં સુધી તે વિદ્યા લગાર પણ ઉપયોગમાં આવી ન ગણાય. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ નારુપંત નાનાના પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર આપ્યો" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર વીશમું : તરંગ - ૩૨

ખુશાલ ભટ્ટના યોગથી શોભારામ શાસ્ત્રી અને લક્ષ્મીરામ વૈદ્યને સત્સંગ

શ્રીહરિએ નારુપંત નાના આગળ જે વાત કરી તે તેમણે ઘણી અપાર જાણીને બરાબર રીતે સમજી લીધી. ૧. શ્રીહરિની વાત જ તેમનું ભગવાનપણું નિશ્ચિત રૂપમાં કહી દે છે. તે વાત સાંભળીને જીવમાં શ્રીહરિ પ્રત્યે ઘણું જ હેત થતું હતું. ૨. વડોદરાના જે શાસ્ત્રી હતા તેનું નામ શોભારામ હતું અને જે વૈદ્ય હતા તેનું લક્ષ્મીરામ નામ જાણીતું હતું. ૩. મુક્તાનંદસ્વામીની પાસે ખુશાલ ભટ્ટ આવીને રહ્યા. તેઓ જગતથી ઉદાસ હતા અને ગીતાભાષ્યને ભણવા માટે રહ્યા હતા. ૪. ગીતાભાષ્ય ભણવું તે તો લોકોને દેખાડવા માટેનું મિષ રાખ્યું હતું. અને પોતાના પિતાજીને દેખાડવાનું હતું કે તેઓ ભણવા ગયા છે. ૫.

ભટ્ટજીને જગતનાં બધાં બંધન તોડવાનું મનમાં તાન રહ્યું હતું. સત્સંગ થયા પહેલા તેમના પિતા જ્યારે કુસંગી હતા ત્યારે તેમણે પોતાના એકના

એક પુત્રને ઘણા વહાલા ગણીને સંસારી સુખ લેવાને માટે પરણાવ્યા હતા. (ક્યારે અને કોની સાથે લગ્ન કર્યા હતા ? ખુશાલ ભટ્ટના લગ્ન સં.૧૮૪૮ મહા સુદ-પના દિવસે ચિત્રૌડા ગામના વ્યાસ કુટુંબની સુપુત્રી કુશળબા ઉર્ફે આદિત્યબા સાથે થયા હતા. તેઓ મહાન ભક્ત, પતિવ્રતા અને વચનસિદ્ધ હતા.) પછીથી જ્યારે સત્સંગ થયો ત્યારે ભટ્ટજીએ સ્ત્રીને પોતાનાં શરીરનું બંધન માન્યું. ૬-૭.

તે પોતાનાં શરીરનું બંધન છોડાવવાને માટે તેમણે એક પુત્રી ઉત્પન્ન કરી. જેનું અનુપબા નામ પાડ્યું હતું. (તેમનાં લગ્ન ઈડર તાલુકાના કુકડિયા ગામે ત્રિવેદી પરિવારમાં થયા હતા. તેમના વંશજો હજી પણ સત્સંગ રાખે છે.) સ્ત્રીને કોઈ અવલંબન દીધા વિના તેમને બીજી કોઈ દિશા સૂઝતી ન હતી. ૮. બ્રાહ્મણ જ્ઞાતિ સિવાયની જે સ્ત્રીઓ હોય છે તે તો ચાહે તેમ કરે, તેને કોઈ બાધ હોતો નથી. આ વિપ્ર ખુશાલ ભટ્ટ નિર્બાધ થઈને મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવા રહ્યા હતા. ૯. તેમને મુક્તાનંદસ્વામીના ઉપર ઘણું હેત હતું. હેત સિવાય કોઈ વાત બનતી નથી. તેઓ રોજ મુક્તાનંદસ્વામી આગળ વાત કહેતા કે, મારે આ બંધન છૂટે એવી કોઈ વાત મને કહો. ૧૦.

ફરીવાર આવું મને બંધન ક્યારેય ન થાય તેવી વાત મને અત્યારે કરો. અને જે રીતે ભગવાન રાજી થાય તેમ મારે કરવું છે, અત્યારે આવું કરવાનું મારા ચિત્તમાં વર્તે છે. ૧૧. ખુશાલ ભટ્ટને સંતોનો સમાગમ કરવામાં ઘણો આનંદ થતો. અને કોઈ પણ માણસ આવે તો તેને સત્સંગ કરાવવામાં, ૧૨. તેમને મનમાં ઘણો ઉત્સાહ રહેતો. ભગવાનની વાતો કરવાનો તેમને એટલો બધો વેગ હતો કે, તેવી વાતો કરવામાં તેમને તૃપ્તિ થાતી ન હતી. ૧૩. તેઓ શ્રીહરિનાં મુખથી જેટલી વાતોને સાંભળતા હતા તેનું મનન કરીને અંતરમાં રાખતા. લોકોનાં કલ્યાણ માટે તે વાતોને કહેતા પણ હતા. ૧૪.

તેમને આત્મા અને અનાત્માની ચોખ્ખી વિગત કરવામાં ઘણી રુચિ રહેતી હતી. અને શ્રીહરિનાં ચરિત્રોને પોતે જોયા હોય તેની વાત કરતા

હતા. ૧૫. ભગવાન શ્રીહરિની સ્મૃતિ સિવાય અન્ય સ્મૃતિ આદિક બધી બાબતને અસાર દેખીને તેને છોડી દેતા હતા. અને પોતાના આત્માને સોળ ચિહ્નથી યુક્ત શ્રીહરિનાં ચરણકમળમાં જોડી રાખતા હતા. ૧૬. શ્રીહરિની જેવી મૂર્તિ છે તેવી જ્યારે નજર આગળ દેખાવા લાગે ત્યારે તેમનાં મનમાં અપાર આનંદ થતો અને કંઠ ગદ્ગદ થઈ જતો હતો. ૧૭. **જ્યારે તેમને શરીરની સ્મૃતિ રહેતી નહિ ત્યારે શ્રીહરિની મૂર્તિ તેમના અંતરમાં તત્કાળ પ્રવેશ કરી જતી અને તેમને ધીરજ રખાવવા તત્પર રહેતી. ૧૮.** ખુશાલ ભટ્ટના પિતા વગેરે **દસ વખત આવીને ઘેર લઈ ગયા** હતા, છતાં તેઓ ભણવાનું નામ લઈને વડોદરા ભણવા ગયા. ૧૯.

(ગોપાળાનંદસ્વામીને ઉર્ફે ખુશાલ ભટ્ટને કેવી રીતે દસવાર ઘેર તેડી ગયા અને તેઓ ક્યારે શ્રીહરિ પાસે આવ્યા હતા ? તે થોડું જાણી લઈએ. ખુશાલ ભટ્ટ કાશીમાં આશરે ૨૦ મહિના વિદ્યાભ્યાસ કરી તીર્થયાત્રા કરવા નીકળ્યા. ત્યારે સં.૧૮૫૧ માં બદ્રિનારાયણમાં વનવિચરણ કરતા વર્ણીરાજ શ્રીહરિનો ભેટો થયો. ખુશાલ ભટ્ટે શ્રીહરિને સદા સમીપ રાખવાની પ્રાર્થના કરી. ત્યારે શ્રીહરિએ કહ્યું, "આપણે હમણા ગુપ્ત વિચરવું છે. હું વનવિચરણ કરતો સૌરાષ્ટ્રમાં આવીશ. ત્યાં રામાનંદસ્વામી પાસેથી દીક્ષા લઈશ. સં.૧૮૫૮ માં સ્વામી મને પોતાની ધર્મધુરા સોંપી સ્વધામ પધારશે.

પછી હું સં.૧૮૫૯ ના કારતક માસમાં જેતલપુર આવીશ. ત્યારે બ્રાહ્મણનું રૂપ લઈ સં.૧૮૫૯, કારતક સુદી-૧૧ ના દિવસે ટોરડામાં અચલેશ્વર મહાદેવના મંદિરે હું તમને તેડવા આવીશ. અને આ વાત તમારા માત-પિતા તથા કાકા દત્તરામને જણાવજો. એમનાથી અજાણ રાખશો નહીં."

આ રીતે બદ્રિકાશ્રમમાં શ્રીહરિ અને ખુશાલ ભટ્ટનું પ્રથમ મિલન થયું. અને પુનઃમિલનનું વરદાન પામી તેઓ તીર્થયાત્રા કરતાં કરતાં ટોરડા આવ્યા. ત્યારબાદ શ્રીહરિએ વનવિચરણ દરમ્યાન આપેલા વરદાન મુજબ સં.૧૮૫૯, કારતક સુદ-૧૧ના દિવસે વિપ્રનો દિવ્ય વેશ ધરી શ્રીહરિ ટોરડા પહોંચ્યા. તે સમયે મુક્તરાજ ખુશાલ ભટ્ટ શ્રીહરિ સાથે જેતલપુર

આવ્યા. પછી થોડા દિવસ શ્રીહરિ સાથે રહ્યા. ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી વિશેષ વિદ્યાભ્યાસના નિમિત્તે વડોદરા ગયા. ત્યાં નાથભક્તને ઘેર રહેતા અને સદાશિવભાઈને ઘેર શ્રીહરિ ખુશાલ ભટ્ટ સાથે એકમાસ નિત્ય જમવા આવતા તે વાત પ્રસિદ્ધ છે. પછી ખુશાલભાઈ વડતાલ થઈ ગઢડે ગયા. ત્યાંથી તેમના પિતાશ્રી તેમને ઘેર તેડી ગયા.

(૨) એકવાર શ્રીહરિએ ખુશાલ ભટ્ટને તેડવા ભાઈ રામદાસજીસ્વામી આદિ સંતોને મોકલેલા. ત્યારે ખુશાલ ભટ્ટ કેટલાક બ્રાહ્મણો સાથે ડભાણમાં આવ્યા. ત્યાં શ્રીહરિનાં દર્શન કરી પાછા ઘેર ગયા હતા.

(૩) વળી એકવાર ખુશાલ ભટ્ટ નભોઈ ગામ કોઈ પ્રસંગે ગયા. ત્યાં બાલાસિનોરના વતની કાશીરામભાઈ તથા મોરલીધર આ બંને સત્સંગીઓ પાસેથી જાણવા મળ્યું કે, સ્વામિનારાયણ ભગવાન આ વિસ્તારમાં વિચરણ કરવા આવ્યા છે. પછી સર્વેશ્વરાનંદસ્વામી પાસેથી શ્રીહરિના મહિમાની તથા ચરિત્રોની વિશેષ વાતો સાંભળી. તેમની સાથે ફરીવાર દર્શન કરવા આવ્યા. શ્રીહરિનાં દર્શન કરી ખૂબ રાજી થયા. પછી શ્રીહરિની ઇચ્છાથી પાછા ઘેર પધાર્યા.

(૪) એકવાર પોતે એકલા જ ઘરેથી શ્રીહરિનાં દર્શન કરવા માટે જેતલપુર જવા ચાલ્યા ત્યારે રસ્તામાં ટાકાટુકા નામે એક ગામ આવ્યું. ત્યાં ખુશાલભાઈના બાલમિત્ર કાનદાસ પટેલ રહેતા. તેમણે એકવાર ખુશાલભાઈને કહ્યું હતું કે, "તમોને ભગવાન મળે તો મને દર્શન કરાવજો." તે વાત યાદ આવતા ખુશાલભાઈએ કાનદાસ પટેલને સમાચાર મોકલ્યા કે, "તેઓ ભગવાનનાં દર્શન કરવા જાય છે. તમારે આવવું હોય તો ચાલો."

તેથી તેઓ ઘરબારની ભલામણ કરવા રોકાયા નહિ. સીધા ગામની ભાગોળે આવેલા ખુશાલભાઈને મળ્યા. ત્યારે ખુશાલભાઈએ તેમને કહ્યું, "કાનદાસ પટેલ ! ક્યાં સુધી ઘરમાં રહેશો ? ભગવાન પ્રગટ થયા છે !" ત્યારે તેઓ કહે, "ભગવાન પ્રગટ હોય તો ચાલો તમારી સાથે જ દર્શન કરવા આવું." તેમ કહીને તે જ વખતે ત્યાંથી ચાલી નીકળ્યા.

થોડેક છેટે ગયા ત્યારે કાનદાસ પટેલે ખુશાલભાઈને કહ્યું જે, "ખુશાલ ! મારે અફીણનું બંધાણ છે ને ડાબલી ઘરે પડી રહી." ખુશાલભાઈ કહે, "જ્યારે અફીણ લેવાનો વખત થાય ત્યારે મને કહેજો." પછી તેને જ્યારે અફીણનો વખત થયો ત્યારે બોલ્યો જે, 'ખુશાલભાઈ મારે અફીણ ઉતરી ગયું છે.'

પછી ખુશાલભાઈએ વનસ્પતિના બે પાંદડાં ચોળીને આપ્યા, એટલે તે ચાવી ગયાં. પછી તેનો એવો કેફ ચડ્યો કે કાનદાસ પટેલને અફીણનું બંધાણ ટળી ગયું. પછી ખુશાલભાઈ સાથે જેતલપુર આવી તેમણે શ્રીહરિનાં દર્શન કર્યા. ત્યારબાદ તેઓ ઘેર જતા રહ્યા. પછી સમય જતા તે વડતાલમાં મહારાજ પાસે આવી સાધુ થયા હતા અને શ્રીહરિએ તેમનું કાનડાનંદસ્વામી એવું નામ પાડ્યું હતું.

(૫) એકવાર ખુશાલભાઈ ટોરડાથી ચાલ્યા તે સાંજે માણસા ગામના પાદરમાં આવી પહોંચ્યા. તે વખતે માણસામાં સાંકળેશ્વર ઉપાધ્યાય નામે એક ત્રિવેદી મેવાડ બ્રાહ્મણ રહેતા હતા. તેઓ ખુશાલભાઈના દૂરના સગા થતા હતા. તેમના પત્ની પાનબા પરમ ભક્ત અને પતિપરાયણ હતાં. તેમણે ખુશાલ ભટ્ટનો ખૂબ આદરસત્કાર કર્યો. ખૂબ પ્રેમથી ખબર અંતર પૂછ્યા અને આગતા-સ્વાગતા કરી. રાત્રે સ્વાદિષ્ટ ખીચડી અને કઢી બનાવીને જમાડ્યા.

ખુશાલભાઈએ રાત્રે પ્રગટ ભગવાનની ઘણી વાતો કરી. તેથી પાનબા ભગવાનનાં દર્શન માટે ઘણાં ઉત્સુક બન્યાં. સવારે સ્નાનાદિક ક્રિયાથી પરવારી જવા તૈયાર થયાં. એટલે પાનબાએ ખૂબ આગ્રહ કરી તેઓને રોક્યા અને બપોરે જમીને જવા વિનંતી કરી. બપોરે પાનબાઈએ મિષ્ટાન્ન બનાવેલું તે ખુશાલભાઈ જમ્યા.

પછી તેમની સેવાથી પ્રસન્ન થઈ પાનબાને વર આપ્યો કે, "હે પાનબા, તમારી કુખે એક મુક્તનો અવતાર થશે. તે પરમભક્ત અને સેવાપરાયણ થશે અને હજારો માણસોને સત્સંગમાં જોડે એવા મહાસમર્થ થશે અને તમારો વંશ કીર્તિને પામશે." આ પ્રમાણે આશીર્વાદ આપી ચાલી નીકળ્યા.

તે અમદાવાદ થઈને જેતલપુર જ્યાં સ્વામિનારાયણ ભગવાન વિરાજમાન હતા ત્યાં આવ્યા. શ્રીહરિનાં દર્શન કરી ખૂબ આનંદ પામ્યા. પછી સ્વામીના આશીર્વાદથી પાનબાઈને ઘેર મુક્તરાજ નરશીભાઈનો જન્મ થયો હતો.

છઠ્ઠી વાર અમદાવાદમાં શ્રીહરિની પાસે ખુશાલ ભટ્ટ આવ્યા તે વાત આ ગ્રંથના ૪/૯૫ તરંગમાં વિસ્તારથી લખેલી છે. સાતમી વારના મિલનની વાત આ ગ્રંથના ૮/૬૮માં લખેલી છે. આઠમી વારની વાત ૧૮/૪૧ માં લખેલી છે. નવમી વારની વાત ચાલુ પ્રસંગમાં જ છે. દસમી વાર સં.૧૮૬૩ વૈશાખ મહિનામાં મુક્તાનંદસ્વામીનું મંડળ સુરતથી આવ્યું તે જ સમયે ખુશાલ ભટ્ટ સંસારના તમામ બંધન છોડી ગઢપુરમાં શ્રીહરિની પાસે આવ્યા. આ વાત સાગરના ૨૦/૫૭ માં છે. પરંતુ તેઓ જ્યારે આઠમી વાર ઘર છોડી ફરી વડોદરામાં અભ્યાસ કરવા નિમિત્તે ગયા ત્યારે)

શોભારામ શાસ્ત્રીની પાસે તેમણે (પાતંજલ) ભાષ્યનો અભ્યાસ કર્યો. ભાષ્ય ભણતાં ભણતાં તેમની સાથે હેત થયું અને પછીથી સત્સંગની વાતો કરવા લાગ્યા. ૨૦. ખુશાલ ભટ્ટ શ્રીહરિની વાતો કરતા તે વાતો શોભારામ શાસ્ત્રીને સાંભળતા નિર્મળ લાગી. એક માસ સુધી જ્યારે વાતો સાંભળી તે પછી શોભારામ શાસ્ત્રી હરિભક્ત થયા. ૨૧. લક્ષ્મીરામ વૈદ્યને શોભારામ શાસ્ત્રીનો સંપૂર્ણ વિશ્વાસ હતો. તેથી લક્ષ્મીરામ વૈદ્યે પણ સત્સંગના વ્રતમાન નિયમ પછીથી ધાર્યા અને દઢ સત્સંગી થયા. ૨૨.

વૈદ્યના મનમાં ઘણી જાતનાં પ્રશ્નો ઊઠતા હતા, તે ખુશાલ ભટ્ટને પૂછવાનો તેનો સ્વભાવ હતો. અને ખુશાલ ભટ્ટ તો ખૂબ જ શાંત સ્વભાવના હતા. ૨૩. લક્ષ્મીરામ વૈદ્યના મનમાં જે જે ભાવ હોય તેને પોતે દેખીને તેઓ તરત જ હરખથી ઉત્તર કરી દેતા હતા. આ રીતે ખુશાલ ભટ્ટે લક્ષ્મીરામ વૈદ્યને પાકા સત્સંગી કર્યા. ૨૪. પછી શ્રીહરિનાં દર્શન કરવાને માટે તેઓ સહુ મછિયાવ આવ્યા. અને શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરીને મનમાં ઘણા ખુશી થયા, પછી મૂર્તિનું પ્રેમથી ચિંતવન કરવા લાગ્યા. ૨૫. તેઓ મનમાં એવો વિચાર કરતા કે, આવા પ્રગટ પરમેશ્વર શ્રીહરિને જે લોકો માનતા નથી તેમને ધિક્કાર છે. ૨૬.

અત્યાર સુધી તેમનામાં જે પંડિતાઈ હતી અને પોતે જેટલી બુદ્ધિ શીખી રાખી હતી, તેને સત્સંગ થયા પછી નિષ્ફળ દેખવા લાગ્યા. ૨૭. વિદ્યાના ચાતુર્યનું સર્વોત્તમ ફળ તો એટલું જ રહ્યું છે કે, ઘણા પ્રેમભાવથી સત્પુરુષનો સમાગમ કરવો. ૨૮. **સત્સંગ એવી રીતનો કરવો જોઈએ કે જેથી પ્રેમભાવ વધતો રહે, તો પોતાની ચાતુરી અને શીખેલી વિદ્યા ઉપયોગમાં આવ્યા કહેવાય. ૨૯.** આવી બાબતના લક્ષ્મીરામ વૈદ્ય મનમાં વારંવાર સંકલ્પ કરતા હતા. તે સંકલ્પને દેખીને શ્રીહરિએ તેમની આગળ વાત કરી. ૩૦.

શ્રીહરિએ તો પરોક્ષપણે વાત કરીને કહ્યું કે, 'જેને સત્સંગ થયો હોય તેણે જે રીતે ઉદ્ધવજી સંકલ્પ કરતા હતા તેવા સંકલ્પ કરવા. ૩૧. જેને આવો સત્સંગ થયો હોય તેને તો બ્રહ્માંડમાં જેટલી સારી વસ્તુ રહી છે તે બધી અઢળક પ્રાપ્ત થઈ છે, એમ માની મનમાં અત્યંત પ્રસન્ન રહેવું જોઈએ. ૩૨.

❋ વિવેક દસમો નિધિ છે :

સત્સંગની વાત તો સર્વોપરિ છે. તેમાં બાળબુદ્ધિ રાખવાથી મતિ ફરી જાય છે. સત્સંગી થયા પછી જેટલા લોકો બાળબુદ્ધિ રાખે છે, તેઓ મોટા હોવા છતાં બાળબુદ્ધિ જ કહેવાય છે. પણ મોટા હોય તેને મોઢોમોઢ ક્યારેય કહી શકાતું નથી. જેની જેવી વાત હોય તે કહેવામાં ઘણો વિવેક રાખવો જોઈએ. ૩૩-૩૪.

चोपाई :

विवेक बिन करे बात जितनी, उलटी बाध करे तेही तितनी;
अपना काम सुधरे तेसा, बात हि करत बुद्धिवंत एसा...३५
जो जो बात रहाये जेता, समझ ताकी रहाये तेता;
जेसी समझ रहायेउ जाकू, तेसा फल मिलत हे ताकू...३६

વિવેક વગરની જેટલી વાત કરવામાં આવે તે તો વિપરીત રીતે નડતરરૂપ થાય છે. જે બુદ્ધિશાળી છે તેઓ પોતાનું કામ સુધરે તેવી વાત કરે છે. જે જે જેવી વાત હોય છે તેની સમજણ પણ તેવી જ હોય છે. અને જેવી સમજણ હોય છે તેને તેવું ફળ મળે છે.' ૩૫-૩૬. શ્રીહરિએ ત્યાં આવી વાત ઘણી કરી. અને તે વાત લખતા તેનો કોઈ પાર આવતો

નથી. ૩૭. ચિંતામણિનો લોકાલોક પર્વત હોય, આખી ભૂમિ કલ્પવૃક્ષથી ભરી હોય અને પારસમણિથી આકાશ ભર્યો હોય, તેની માફક ભગવાનની વાત પણ આ વખતે અપાર રહી છે; પણ મારી આયુષ્ય અને બુદ્ધિ અલ્પ હોવાથી થોડામાં થોડી વાત અંતરમાં વિચારીને હું લખી રહ્યો છું. ૩૮-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ખુશાલ ભટ્ટના યોગથી શોભારામ શાસ્ત્રી અને લક્ષ્મીરામ વૈદ્યને સત્સંગ થયો" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર વીશમું : તરંગ - ૩૩

શ્રીહરિએ હરિભક્તોના હિતને માટે સુખરૂપ રાજ્ય કરાવ્યું

એકાદશીને દિવસ સંધ્યા સમય સુધી બધા દેશના હરિભક્તો આવતા રહ્યા હતા. ૧. ચરોતરના જે હરિભક્તો હતા તે આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા અને ફૂલના હાર પહેરાવ્યા. ૨. ગુજરાત પ્રદેશના પણ બધા હરિભક્તો આવ્યા અને મારવાડમાંથી પણ હરિભક્તો આવ્યા. ૩. મારવાડના અને ગ્વાલિયર પ્રદેશના હરિભક્તો આવીને શ્રીહરિને પગે લાગ્યા. ૪.

❋ શ્રીહરિની મૂર્તિની અલૌકિકતા :

નિમાડ, ખાનદેશ અને દક્ષિણ દેશ તરફથી ઘણા હરિભક્તો આવ્યા. સહુ શ્રીહરિને પગે લાગ્યા. ૫. ફૂલના હાર લાવીને ઘણા પ્રેમમગ્ન થઈને શ્રીહરિને પહેરાવતા. શ્રીહરિના ઉપર સહુને ઘણો પ્રેમ હતો. તે વારંવાર કેટલુંક કહેવું. ૬. જ્યારે શ્રીહરિનાં દર્શન કરતા ત્યારે શ્રીહરિમાં ખૂબ જ હેત હોવાને કારણે સહુ નરનારી હરિભક્તોને પોતાનાં ઘરની સ્મૃતિ પણ રહેતી નહીં. ૭.

चोपाई :

हरि के दरशन करत हि तामें, पल पल अधिक हित होय तामें;
पल पल नई नई होत प्रीता, मूर्ति रहेउ अलौकिक रीता...०८

मूर्ति के एक एक अंग तिनमें, अनंत कोटि ब्रह्मांड की इनमें;
शोभा रहेउ वार न पारा, एक अंग में आवत न पारा...०९
कोटि कोटि कल्प लग जेहा, एक अंग कु देखत तेहा;
पलभर जनु देखेउ रहावा, देखत त्रप्ति न होवत पावा...१०

શ્રીહરિનાં દર્શન કરવામાં પળે પળે વધારે હેત થતું હતું તેમજ પળે પળે નવી નવી પ્રીતિ ઊપજતી હતી. કારણ કે શ્રીહરિની મૂર્તિ અલૌકિક રીતની હતી. ૮. શ્રીહરિની મૂર્તિનાં એક એક અંગમાં અનંતકોટિ બ્રહ્માંડની અપાર શોભા રહી હતી. તે એક અંગની શોભા પણ કહેતા પાર પમાતું નથી. ૯. શ્રીહરિના કોઈ એક અંગને કરોડો કલ્પ સુધી દેખતા રહીએ, તોપણ જાણે એક પળવાર જ તે અંગને જોયું હોય એવું જણાતું. શ્રીહરિનાં દિવ્ય અંગનાં દર્શન કરતા તૃપ્તિ જ થતી નથી. ૧૦.

શ્રીહરિના આવા અદ્‌ભુત અંગ હતા. તે અભક્તને દેખાતા નહિ. જેવી અભક્તની મતિ હોય તેવા તેને શ્રીહરિ દેખાતા. ૧૧. તેને લીધે શ્રીહરિની મૂર્તિ કલ્પવૃક્ષના જેવી કહેવાય છે. કલ્પવૃક્ષ, ચિંતામણિ, પારસમણિ વગેરે, ૧૨. તેમજ અષ્ટ સિદ્ધિ અને નવ નિધિમાં જે કાંઈ પ્રતાપ રહ્યો છે તે શ્રીહરિની સેવાએ કરીને તે બધા પામ્યા છે. ૧૩. ભગવાન શ્રીહરિની મૂર્તિ અને આગળ કહેલા કલ્પવૃક્ષ ઈત્યાદિકમાં ઘણો તફાવત રહ્યો છે. શ્રીહરિની મૂર્તિ સહુનું કારણ કહેવાય છે. અને ભગવાન સિવાય બીજી બધી વસ્તુ ન્યૂન રહી છે, તે કાર્ય કહેવાય છે. ૧૪. રાજ્યમાં સાહેબો અપાર હોય છે, પણ જેનો જેટલો ઊંચો અધિકાર હોય છે તે તેટલા અધિકારને લીધે અધિક કહેવાય છે. ૧૫. જેટલા સાહેબો કહેવાય છે તે જેટલા અધિક કહેવાય છે, તે અધિકારને લીધે મોટા કહેવાય છે. ૧૬. જેનો જેવો અધિકાર હોય તેવી તેની કદર થતી હોય છે. અને તેણે કરીને રાજ્ય દિનપ્રતિદિન અધિક જામતું જાય છે. ૧૭. જ્યાં સુધી છળ કપટ વિના પ્રજાના ઉપર દયા રહે છે ત્યાં સુધી સુખ રહે છે. કારણ કે દયામાં સુખ રહ્યું હોય છે. ૧૮.

દેશકાળની શુભ અશુભ સ્થિતિ તો હંમેશાં પરમેશ્વરને આધીન રહે છે. પરમેશ્વર સદા નિર્દોષ છે. પરમેશ્વરના જેવી કળા કોઈને આવડતી નથી. ૧૯.

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય વગેરે કામ પરમેશ્વરે પોતાના હાથમાં રાખ્યા છે. કોઈ દોષ પોતાના ઉપર ન આવે તે રીતે પરમેશ્વર વર્તી રહ્યા છે. ૨૦. જે સાહેબના ઉપરી સાહેબ હોય છે, તેમની નીતિને લીધે એકસરખી રીત રહે છે. તે નીતિની રીતિ જે રીતે ચલાવે છે, તે રીતે દેશકાળ ફરી જાય છે. ૨૧. પ્રજાને સુખી કરવાનું તાન મોટા સિવાય બીજાને રહેતું નથી. મોટામાં મોટો સાહેબ તે ગણાય છે, કે જેને પ્રજાને સુખી કરવાનું તાન હોય. ૨૨. પોતે દુઃખ ભોગવીને પણ પ્રજાને અપાર સુખી કરવી; એવા વિચારના જે મોટા સાહેબો છે, તેઓ સૌથી પહેલા ગુજરાત દેશમાં આવ્યા છે. ૨૩. પ્રજાને સુખી કરે એવા સાહેબ કેટલાક આવ્યા છે. જેને પ્રજાને સુખી કરવાનું તાન હોય તેવા સાહેબ મોટા કહેવાય છે. ૨૪.

જેટલા મોટા સાહેબો આવ્યા તે બધા શ્રીહરિને મળ્યા હતા. તે બધા સાહેબોએ શ્રીહરિને રાજી કર્યા હતા. આજ સુધી શ્રીહરિને તેવા પ્રસન્ન બીજા કોઈ અધિકારીઓએ કર્યા ન હતા. ૨૫. જેમ જેમ દિનપ્રતિદિન પોતાની વૃદ્ધિ થાય તેમ શ્રીહરિને રાજી કરીને તેઓ અપરંપાર કળાઓ પામ્યા. અને તેનાથી તેમણે બધા રાજાઓને પોતાને આધીન કરી દીધા. ૨૬. આ પૃથ્વી ઉપર જેટલી વિદ્યાઓ હતી તે બધી વિદ્યાઓને તેમણે પોતાની વિદ્યાની આગળ ઝાંખી કરી દીધી હતી. ૨૭. આ ભરતખંડમાં કોઈ દિવસ કોઈએ ન સાંભળી હોય તેવી અપાર બાબતો તેમણે પ્રગટ કરી દેખાડી હતી. ૨૮.

તેમણે શ્રીહરિને પ્રસન્ન કર્યા હતા. તેથી ભગવાને તેમને એવી બુદ્ધિ આપી કે તેઓ જે વાત કરવાનું ધારતા તે તરત સિદ્ધ થતું. ૨૯. હરિભક્તોનું હિત કરવા માટે સાહેબોના જે જે મનોરથો હતા, તેને શ્રીહરિએ પૂરા કર્યા હતા અને પોતે તો બિલ્કુલ નિર્લેપ રહ્યા. ૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ હરિભક્તોના હિતને માટે સુખરૂપ રાજ્ય કરાવ્યું" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર વીશમું : તરંગ - ૩૪

પ્રસ્તુત શાસ્ત્રને આધારે ભગવાનના સંબંધનું મહત્ત્વ કહ્યું

બારા પ્રદેશના જે હરિભક્તો હતા તે બધા શ્રીહરિનાં દર્શન કરવા માટે મછિયાવ આવ્યા ૧. શ્રીહરિ જે કોઈ પણ ગામમાં જેટલા સમૈયા કરતા હતા, ત્યાં જેટલા દેશમાં હરિભક્તો હતા તે બધા તે સ્થળે આવતા હતા. ૨. મહાનુભાવાનંદસ્વામી જેટલા ગામના હરિભક્તો હતા તે બધાનાં નામ જાણતાં હતાં. અને તેઓ હરિભક્તોને તે તે નામ લઈને હેતથી બોલાવતાં હતા. ૩. કોઈ અજાણ્યા હરિભક્તને ઉતારો ન મળે તેને લીધે મૂંઝાતા હોય ત્યારે મહાનુભાવાનંદસ્વામી ત્યાં જઈને સારો ઉતારો અપાવતા હતા. ૪.

હરિભક્તોની બધી સંભાળ રાખવી, તેમાં મહાનુભાવાનંદસ્વામીને ઘણી ભાવ સહિતની શ્રદ્ધા રહેતી હતી. દરેક સમૈયાઓમાં તેમની શ્રદ્ધા અધિકપણે રહેતી હતી. ૫. સ્વામીનું જ્યાં સુધી શરીર રહ્યું ત્યાં સુધી તેઓ હરિભક્તોની સાર સંભાળ ઘણી શ્રદ્ધા અને ઘણા પ્રેમભાવથી રાખતા હતા. તેમનામાં તલ જેટલો પણ લોભ હતો નહીં. ૬. દુનિયામાં માણસો લોભે કરીને સાર સંભાળ રાખતા હોય છે, પરંતુ મહામુનિ મહાનુભાવાનંદજી લોભ વિના જ સંભાળ રાખતા હતા. અને ભાઈરામદાસજીસ્વામી તો તેમના કરતાં પણ ચડિયાતા હતા. જેટલા લોકોએ તેમનાં દર્શન કર્યાં હતાં તે આ વાત જાણે છે. જેટલા લોકો શાસ્ત્રના શ્રવણે કરીને અનુમાનથી દર્શન કરે છે, ૭-૮.

તેને શાસ્ત્રમાં જે પ્રમાણે લખાયું હોય તે પ્રમાણે જણાય છે. ચાહે તેટલી સારી વાત હોય પણ જેટલી વાત શાસ્ત્રમાં ન લખાણી હોય તો તે વાત જ્યાં સુધી બ્રહ્માંડ રહે ત્યાં સુધી બીજાને ક્યારેય સાંભળવામાં આવતી નથી. શાસ્ત્રમાં લખ્યા વિનાની જે કાંઈ વાત રહે છે તેનો કાંઈક આકાર પ્રકાર રહે છે, બાકીનું બધું લુપ્ત થઈ જાય છે. ૯-૧૦. યથાર્થ દેખીને શાસ્ત્રમાં જે રીતની વાત લખી હોય છે તે રીતની શાસ્ત્રમાં લખેલી વાત જ્યાં સુધી બ્રહ્માંડ રહે છે ત્યાં સુધી રહે છે. ૧૧. ભગવાનના સંબંધ વગરની વાત જેટલી લખી હોય તે કદાચ બ્રહ્માંડ જેટલી વિશાળ લખી હોય તોપણ તે જમપુરીનું દ્વાર રહે છે. ૧૨.

ભગવાનના સંબંધ વિના બ્રહ્માના કરતાં પણ વધારે બુદ્ધિમાન થયા તો તેનાથી શું ? તેઓ પણ જમપુરીનું દ્વાર બને છે. ૧૩. **ભગવાનના સંબંધવાળી થોડી લખાયેલી વાત પણ ભગવાનના ધામમાં જીવને પહોંચાડી દે છે. ૧૪. ભગવાનનું ધામ પમાય તેવાં ફળને આપનારી વાત જેમાં ઠેર ઠેર લખાયેલી હોય તો તે વાત થોડી હોવા છતાં પણ બ્રહ્માંડ ભરાય તેવી જાણવી. ૧૫.** ભગવાનની નાની એવી વાતમાં પણ ઘણો પ્રતાપ હોય છે. કોઈ બ્રહ્માના જેવો બુદ્ધિશાળી હોય, તોપણ તેને કહ્યા સિવાય આ મર્મ સમજાતો નથી. ૧૬. આઠ આવરણોથી યુક્ત આ બ્રહ્માંડ રહ્યું છે. તેવા અનંતકોટિ બ્રહ્માંડ મહાર્ણવમાં તરતા રહે છે. ૧૭. એક બ્રહ્માંડની ભૂમિનો જે પીઠ ભાગ છે તેને શેષજી પોતાનાં મસ્તક ઉપર સરસવના દાણાની જેમ ધારી રહ્યા છે. ૧૮.

આ બધી યોગકળા તો પરમેશ્વરની છે, તેની ગતિને કહેતા કહેતા પણ કોઈ પાર પામી શકતું નથી. ભગવાનની વાતને ભગવાન પોતે કહેવા માંડે તો પોતે પણ કહેતા કહેતા અંત પામે નહિ અર્થાત્ ભગવાન કહે છે કે, હું મારા મહિમાના પારને પામતો નથી. ૧૯. જેટલા બ્રહ્માંડો છે તેટલા તેને ધારણ કરનારા શેષ પણ છે. અને તે હરેક બ્રહ્માંડમાં બ્રહ્મા, શિવ, દેવતાઓ, ઋષિઓ અને દૈત્યો પણ તેટલા જ રહ્યા છે. ૨૦. કોઈ એક બ્રહ્માંડમાં જેવી રચનાઓ રહી હોય છે તેવી જ રચનાઓ અનંતકોટિ બ્રહ્માંડમાં પણ રહી હોય છે. ૨૧.

ભગવાન પુરુષોત્તમનારાયણ તો પોતે એક જ છે, પણ બ્રહ્માંડની એક સરખી સ્થિતિ રાખવાને માટે પોતાની યોગકળાએ કરીને જ્યાં જેવું કામ પડે ત્યાં તેવી મૂર્તિને તત્કાળ ધારણ કરે છે. પછી જેવું કામ હોય તે કરે છે. ભગવાનનું કામ તો એક ભગવાનથી જ થાય છે. તેમનું કામ બીજા કોઈથી થઈ શકતું નથી. ૨૨-૨૩. **ભગવાનનું કામ કરે તેવી બીજી કોઈ વ્યક્તિ કરોડો કલ્પ થઈ ગયા તોપણ કોઈ થઈ નથી. ભગવાનનું કામ તો એક ભગવાન જ કરે છે. કારણ કે, ભગવાન જેવા તો એક ભગવાન જ છે. ૨૪.** જે વખતે ભગવાનનું કામ પડતું હોય છે, ત્યારે બ્રહ્માદિક બધા

દેવતાઓ સંપી કરીને ભેળામળીને ભગવાનને શરણે જાય છે. અને તેઓ અભિમાન છોડી દઈને દીનપણે વિનંતિ કરે છે અને સારી રીતે પ્રાર્થના કરે છે કે, ૨૫-૨૬. 'આપની સહાયતા વિના અમે જેટલા મોટા દેવતાઓ છીએ, તે દીનથી પણ અતિશય દીન થઈ ગયા છીએ, માટે આપ અમારા જેવા દીનની સહાયમાં રહો. ૨૭. હે નાથ, અમારો બધો નિધિ તો એક આપ જ છો. આપના સિવાયનો બીજો નિધિ સમય ઉપર કામ આવતો નથી. ૨૮.

જે વખતે બ્રહ્મા આદિક દેવતાઓને ભગવાન અત્યંત દીન દેખે છે ત્યારે જ્યાં જેવું કામ હોય ત્યાં તેવું શરીર ધારણ કરે છે. ૨૯. જે કોઈ પણ દેવતાઓને દીનહીન કરીને રહ્યા હોય છે, તેનાં મૂળને દેખીને તેને ઉખાડવામાં ભગવાનને વાર લાગતી નથી. પછી દેવતાઓ ભગવાનનો જય જયકાર કરે છે. ૩૦.

❋ ભગવાન ગર્વગંજન છે :

चोपाई :

देव कु गर्व होवत हि जबहू, आप सम कोउ न देखत तबहू;
असुर द्वार उतरावत माना, सहत नहीं हरि कबु अभिमाना...३१
गुन आवेश रहत जिहाँ लगहू, गुनकर मान आत तिहाँ लगहू;
भगवान बिन न चैये जाकू, मान कबु न आवत ताकू...३२
भगवान बिन चहत जिहाँ लगही, चहत हि दुःख देत तिहाँ लगही;
भगवान के जब रख हि लोभा, तब कबहु न होव हि क्षोभा...३३

દેવતાઓમાં જ્યારે ગર્વ આવે છે અને તેઓ પોતાને સમાન બીજા કોઈને દેખતા નથી ત્યારે ભગવાન અસુર દ્વારાએ દેવોનું માન ઉતારે છે. કારણ કે, ભગવાન ક્યારેય અભિમાન સહન કરતા નથી. ૩૧. જ્યાં સુધી ગુણોનો આવેશ રહે છે ત્યાં સુધી ગુણોને કારણે માન આવે છે, ગુણનું માન આવે છે. જેને ભગવાન સિવાય બીજી કોઈ વસ્તુ જોઈતી ન હોય તેને ક્યારેય માન આવતું નથી. ૩૨. કોઈ ભગવાન સિવાય અન્ય પદાર્થને જ્યાં સુધી ચાહે છે, ત્યાં સુધી તે તેને દુઃખ આપે છે. જીવ જ્યારે ભગવાનનો જ એક લોભ રાખશે ત્યારે જ તેને ક્યારેય કોઈ પ્રકારનો ક્ષોભ થાશે નહિ. ૩૩.

શ્રીહરિ પોતાના ભક્તજનોની આગળ સભામાં આવી સ્પષ્ટ વાત કરતા હતા. તે વાત મુક્તાનંદસ્વામીને મનમાં જેટલી યાદ રહી હોય તેટલી વાત કોઈ વખતે જ્યારે યાદ આવે ત્યારે બીજા આગળ કહેતા હતા. તેમણે કરેલી આવી બધી વાતોમાં એટલું ફળ રહ્યું છે કે, ચાહે તેવો કોઈ સમર્થ હોય છતાં ભગવાન વિના કોઈ સમર્થ નથી. તે રીતે જ આ ગ્રંથમાં જેટલી વાત લખી છે તે તલ જેટલી પણ ફળ વગરની નથી. ૩૪-૩૬.

તે ફળનું નામ અમૃતફળ છે. તે સ્વાદુરસથી ભરપુર છે. તેનું જે શ્રદ્ધા -ભાવથી પાન કરે છે તેને સંસારનું દુઃખ રહેતું નથી. ૩૭. આ ગ્રંથમાં જેટલાં ચરિત્ર કે જેટલી વાત છે, તે બધી અમૃતફળ છે પરંતુ જે અંધ હોય છે તેને તે દેખાતું નથી. ૩૮. કથારૂપી અમૃતફળ છે, તેમાં ગધેડા જેવા જીવો ભાવ રાખતા નથી, તેઓ તો ઓખર(માનવમળને ખાવું) જ કરતા રહે છે. ૩૯. શ્રીહરિનાં સંબધ સિવાયની જે ગ્રામ્ય વાતોને સાંભળ્યા કરે છે તેને ઓખર તરીકે ઓળખાવી દીધી. કેમ જે, ઓળખાવ્યા સિવાય તે વાત ક્યારેય દેખાતી નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "પ્રસ્તુત શાસ્ત્રને આધારે ભગવાનના સંબંધનું મહત્ત્વ કહ્યું" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર વીશમું : તરંગ - ૩૫

શ્રીહરિના રાજીપામાં જ સર્વ સાધનોનું ફળ રહ્યું છે, તેમ સંતોનું માનવું

એકાદશીને દિવસ મછિયાવમાં હરિભક્તોના જેટલા સંઘ આવ્યા તે વાત કહી. ૧. બારસને દિવસ બધા સંતો સ્નાન કરીને આવ્યા. પછી શ્રીહરિએ સંતોને જે કહ્યું તે વાત હવે કહું છું. ૨. 'તમે જે રીતનો પરમહંસનો માર્ગ છે તેમાં બધા મારા કહ્યા પ્રમાણે વર્તો છો. ૩. વિ.સં.૧૮૬૪ થી ૧૮૭૬ સુધી તમે જે રીતે વર્ત્યા છો, તેવી રીતે દુનિયામાં કોઈ પરમહંસ વર્ત્યા નથી. ૪.

સનકાદિક, શુકદેવજી, કપિલદેવ, દત્તાત્રેય, જડભરત, નવ યોગેશ્વરો, નારદજી અને અગિયાર હજાર દક્ષના પુત્રો ૫. તે બધા પરમહંસોનો જેવો માર્ગ છે, તેમાં યથાર્થ રીતે વર્ત્યા હતા. જેટલા નિવૃત્તિ માર્ગો છે તેમાં પરમહંસના જેવો કોઈ માર્ગ નથી. ૬.

✵ પરમહંસોની અલૌકિક સમજણ :

चोपाई :

परमहंस यह भयेउ जेते, अलौकिक समझ ताकि रहे तेते;
अलौकिक समझकर ही जेहू, अलौकिक तेहि कहावत तेहू...०७
भगवान प्रसन्न होवे जेसे, वरतना सब तिस विध तेसे;
जन मानो न मानो केहा, जन कु रिझावन तान न तेहा...०८
एसी समझ रहायेउ जितना, परमहंस अलौकिक कहे तितना;
भगवान के उर रखत ध्याना, तेही सम कोउ न देखत रहाना...०९

જેટલા પરમહંસો થયા છે, તેમની સમજણ અલૌકિક હતી અને તેઓ પોતાની અલૌકિક સમજણને લીધે તેમને અલૌકિક કહેવાય છે. ૭. જેનાથી ભગવાન રાજી થાય એવી રીતે જ બધું વર્તન રાખવું; એવી પરમહંસોની સમજણ હોય છે. ભલે બીજા લોકો માને કે ન માને, પરમહંસોને લોકરંજન માટેનું તાન હોતું નથી. ૮. આવી સમજણ જેને જેટલી હોય તે તેટલા અલૌકિક પરમહંસ કહેવાય છે. તેઓ હૃદયમાં ભગવાનનું ધ્યાન કરતા રહે છે અને તે ભગવાનનાં ધ્યાનને સમાન બીજું કાંઈ દેખતા નથી. ૯. તેઓ ભગવાનની મૂર્તિ સિવાયના અનંત બ્રહ્માંડોમાં રહેલા જે લૌકિક સુખો છે, તે બધામાં તો જમપુરીનું ફળ દેખે છે. ૧૦.

મળમાં જેવો સાર રહ્યો છે તેવું પરમહંસો લૌકિક સુખમાં સાર દેખે છે. નખથી શિખાપર્યંત બ્રહ્માંડમાં જે સુખ ભર્યું છે તેને મળના જેવું દેખે આવી જેટલી સમજણ છે, તેને અલૌકિક સમજણ કહેવાય છે. પરંતુ જે માયિક લોકો છે તે તે બાબતને સમજતા નથી. જ્યાં સુધી માયિક સમજણ રહી હોય છે ત્યાં સુધી કરોડો પ્રકારનું જ્ઞાન શીખે, કરોડો સાધન કરે, કરોડો

ગ્રંથ વાંચે તોપણ શું ? જ્યાં સુધી અલૌકિક સમજણ ન આવે ત્યાં સુધી તે મુક્ત થઈ શકતા નથી. ૧૧-૧૩.

પોતે પોતાની સમજણે કરીને પોતાને મુક્ત માને તેનાથી ક્યારેય કોઈ મુક્ત થઈ જતા નથી, તેમ સમજી રાખવું જોઈએ. ૧૪. જે અલૌકિક સમજણ છે, તે અલૌકિક સત્પુરુષના યોગ સિવાય કરોડો કલ્પ સુધી પ્રયત્નો કરે તોપણ આવતી નથી, તેમ અમે ચોક્કસ કહીએ છીએ. ૧૫. જેટલી જે વિદ્યાઓ છે તે તેના વિદ્વાનના યોગથી શીખાય છે, તે બધી વિદ્યા માયિક છે છતાં શીખ્યા વિના ક્યારેય આવડતી નથી. ૧૬.

⁕ જેની અલૌકિક સમજણ છે તે મુક્ત છે :

परमहंस तुम सब मुक्त रहाये, अलौकिक समझकरताये;
जितने आगे मुक्त भयेऊ, बडे बडे समर्थ हि जो तेऊ...१७

तेहि तुम अब सब हि आयेऊ, खचित हम हि जो कहत रहेऊ;
अपार जन के उद्धार हिता, भोमि पर तुम जन्म लहिता...१८

प्राकृत जन के जन्म हि जेसा, तुमारे नहीं हे जन्म हि तेसा;
प्राकृत जन रहाये जितना, तुमकु प्राकृत देखत भये तितना...१९

प्राकृत मति कर सेवत तुमकु, प्राकृत फल मिलत हे इनकु;
अलौकिक मति सेवत जन जितने, अलौकिक फल पावत हि तितने...२०

તમે બધા પરમહંસો અલૌકિક સમજણને લીધે મહા મુક્ત છો. પૂર્વે જે જે મોટા મોટા મહાસમર્થ મુક્તો થયા હતા, ૧૭. તે જ તમે બધા અત્યારે આવ્યા છો. અમે તે વાત ચોક્કસ કહીએ છીએ. અનેક જીવોનો ઉદ્ધાર કરવા માટે તમે આ ભૂમિ ઉપર જન્મ લીધો છે. ૧૮. પ્રાકૃત(સામાન્ય) મનુષ્યના જન્મ જેવો તમારો જન્મ થયો નથી. પરંતુ જે પ્રાકૃત લોકો છે તે બધા તમને પોતાના જેવા પ્રાકૃત દેખે છે. ૧૯. જે લોકો પ્રાકૃત બુદ્ધિથી તમને સેવે છે તેને પ્રાકૃત ફળ મળે છે. અને જેઓ અલૌકિક બુદ્ધિથી તમને સેવે છે તેઓ અલૌકિક ફળને પામે છે. ૨૦.

લૌકિક અને અલૌકિક ફળ તો સમજણમાં રહેલા છે. એટલા માટે સમજણમાં જે જેટલી કસર રાખે છે તેને તેટલી કસર રહી જાય છે. ૨૧.

પછી તે રહી ગયેલી કસર ક્યારેય ટળતી નથી. જ્યારે આવો યોગ મળે છે ત્યારે જ તે કસર ટાળવી હોય તો ટળે છે. ૨૨. આવો સત્સંગનો યોગ વારંવાર ક્યારેય મળતો નથી. તે વખતે સહુ સંતોએ બે હાથ જોડીને શ્રીહરિની આગળ કહ્યું, ૨૩. 'હે મહારાજ ! આપનો રાજીપો જેમાં હોય તેમાં અમે બધા સાધનનું ફળ દેખીએ છીએ. કદાચ કોઈ કરોડો સાધન કરે અને તેનાથી જો આપ ક્યારેય રાજી ન થાઓ તો આપનાં સ્વરૂપ સિવાયના મળેલા અપાર સુખોને અમે બંધન માનીએ છીએ; એવું અમે સમજીએ છીએ. ૨૪-૨૫.

હે હરિ ! જે સમજણ આપની સમજણમાં આવી જાય અર્થાત્ આપની સમજણને અનુરૂપ હોય તે સમજણને અમે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અને પવિત્ર માનીએ છીએ. ૨૬. આપની જેવી મરજી હોય તે પ્રમાણે કરવું તેના જેવી કોઈ વાત નથી. આપની મરજી એ જ સહુથી શ્રેષ્ઠ વાત છે. ૨૭. કરોડો કલ્પ સુધી જેટલાં સાધન છે તે બધાને કરી કરીને કોઈ મરી જાય, તોપણ તેમને આવો યોગ મળ્યો નથી અને હવે મળશે પણ નહિ.' ૨૮. ત્યારે શ્રીહરિએ સંતોને કહ્યું કે, 'તમારા સમાન કોઈ થયા નથી અને પછી થશે પણ નહિ. તમે જે એક થયા છો તે અદ્વિતીય છો. આ ભૂમિ ઉપર તમારા જેવા બીજા કોઈ ફરીને મળશે નહિ. ૨૯. તમારી સહુ સંતોની જેવી સમજણ છે, તેવી સમજણ બીજા કોઈ પ્રાકૃત મનુષ્યની હોતી નથી. જેને પોતાનાં શરીરનું પોષણ કરવાનું જ તાન હોય છે તેને અમે પ્રાકૃત જન કહીએ છીએ. ૩૦.

જે લોકો શરીરનાં સુખથી જ અપાર સુખ માનતા રહે છે અને શરીરનાં દુઃખથી દુઃખી રહે છે; એવા જેટલા દેખાય છે તે બધા સત્સંગનાં સુખે સુખ માનતાં નથી. માટે તેવા લોકો લૂખા રહે છે. તેને માટે આ સત્સંગ નથી, તે લોકો તો અપંગ ગણાય છે. ૩૧-૩૨. તેવા અપંગોનો ઉદ્ધાર કરવાનો હવે અમે નિર્ધાર કર્યો છે. હું એવો વિચાર કરું છું કે, અમે અને તમે સહુ, આ ભૂમિ ઉપર રહેવાના નથી. ૩૩. આપણે સહુ દસ, વીશ કે પચાસ વર્ષ, એટલામાં આ પૃથ્વીને છોડી દઈશું. પછીથી જેટલા પરમહંસો થશે તે બધા તમારી દેશી કરીને, ૩૪.

સત્સંગની વાતો શીખીને તેઓ સ્વયં પૂજાશે. સહુની સમજણ એકસરખી હોતી નથી અને કેટલાક તો કુસંગ પણ કરશે. ૩૫. તેઓ કહેશે કે આત્માને કોઈ દોષ લાગતો નથી અને પછી તો તેઓ ક્યારેક પાપને માર્ગે પણ ચાલશે. આ જગતમાં હું આત્મા છું એવું ઉપરછલ્લું જ્ઞાન જે શીખે છે તે પોતાને બ્રહ્મરૂપ માનીને, ૩૬. પોતાના મનમાં ફાવે તેમ ચાલશે. માંસ તથા મદિરાને ખાવા-પીવામાં પણ દોષ માનશે નહિ, પરંતુ અંતે તેમને મોટું વિઘ્ન થશે. ૩૭. અમે કાનથી સાંભળ્યું છે કે કેટલાક શંકર મતના પરમહંસો માંસ, મદિરાને પણ ખાવા પીવા લાગ્યા છે. ૩૮. વૈષ્ણવ સંપ્રદાયના જે પરમહંસો થયા છે, તેઓ દારૂ, માંસનું ભક્ષણ કરતા નથી. ૩૯. સંયોગી ગોસાઈ સિવાયના અપાર ભેખધારીઓ છે, તે સ્ત્રીના પ્રસંગમાં સાર માનતા નથી, એટલો તેમાં ધર્મ રહ્યો છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિના રાજીપામાં જ સર્વ સાધનોનું ફળ રહ્યું છે, તેમ સંતોનું માનવું" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર વીશમું : તરંગ - ૩૬

સંતોને રહેવાની રીત અને શિખા, સૂત્ર આદિ ધારણ કરવાની આજ્ઞા

શ્રીહરિએ સંતોની આગળ ફરી કહ્યું કે, 'ભગવાનની મૂર્તિને માટે દ્રવ્યનો પ્રસંગ રાખવો તે રીત તો નિર્દોષ જ છે, એમ જગતના ભેખધારીઓ ભગવાનને માટે થઈને દ્રવ્ય સંગ્રહ કરવામાં દોષ માનતા નથી. તેઓ ચાહે તેવું ચોરી પર્યંતનું કર્મ કરે, તોપણ તેમાં દોષ માનતા નથી. ૧-૨. નાભાદાસકૃત ભક્તમાળ ગ્રંથમાં જેટલી વાતો લખી છે, તેને નહિ સમજીને તેમાંથી ઊંધું માહાત્મ્ય રાખી તેનો વિશ્વાસ રાખી ભેખધારીઓ જમપુરીમાં જાય છે. ૩. ભક્તમાળ નામના ગ્રંથમાંથી ભેખધારીઓ ખોટું માહાત્મ્ય શીખીને જમપુરીમાં જાય છે. ૪.

સંતોનું અપાર માહાત્મ્ય દેખાડીને ગમાર વિષયી લોકોએ ભક્તમાળના જેવા કેટલાય ગ્રંથો કર્યા છે. ૫. આપણા આ સત્સંગમાં ભક્તમાળ જેવા ગ્રંથનો શ્વપચની જેમ ત્યાગ રાખવો પણ તેમાં આદરભાવ રાખવો નહિ. ૬. તે રીતે જ જેટલા નાસ્તિકના ગ્રંથો હોય અને તેવું નામ ધરાવતાં હોય કે, જેમાં ભગવાનના અવતારોનું ખંડન કર્યું હોય તેનો દુરથી ત્યાગ કરવો. ૭.

કેટલાક લોકો તો જીવને પણ ભગવાન કહે છે અને તેવા પણ કેટલાક ગ્રંથો છે. ભગવાન અને ભગવાનના સંતોની સેવાનું ઘણું જોરદાર માહાત્મ્ય દેખાડીને લોકોને વિશ્વાસ કરાવે છે. પછી સત્સંગના જેટલા ત્યાગી ગૃહસ્થના વર્તમાન નિયમ છે, તેનો ભંગ કોઈ પણ રીતે થાય એવું જ્યારે દેખાય તેનો અને વળી, કથા, કીર્તન અને વાતના પ્રસંગ સિવાય કોઈ પણ વાતમાં નિયમનો ભંગ કરાવતા હોય, તેવાનો સમાગમ ક્યારેય કરવો નહિ. તેનો પણ શ્વપચની જેમ ત્યાગ કરવો. આ અમારી વાતને જે માનશે તેમને જ સંત-હરિભક્ત માનવા. ૮-૧૧.

એક વાતે કરીને કોઈ બાબત ક્યારેય સિદ્ધ કરી શકાતી નથી. એક વાત સિદ્ધ કરવી હોય તો તેમાં બીજી કેટલીય વાતો આવે છે. ૧૨. તેમ જીવનો એક મોક્ષ કરવામાં અનેક વાત કરવી-શીખવવી પડે છે ત્યારે તે સિદ્ધ થાય છે. એક વાતથી મોક્ષ સિદ્ધ થાતો નથી. ૧૩. જે બાબતનું જે કામ હોય તેમાં તે એક બાબત મુખ્ય રહે છે. અને તે મુખ્ય બાબતને કર્યા સિવાય ક્યારેય કોઈ કાર્ય સિદ્ધ થાતું નથી. આવી બધી વાતને તમે બધા સંતો જાણો છો. તમે જેટલા બધા મને મળ્યા છો, તેમાં તમારા સમાન બીજો કોઈ કહેવાતો નથી. અને તમારા પછી જેટલા થશે તે પણ તમારા જેવો કોઈ નહિ કહેવાય. ૧૪-૧૫.

જે જેટલા નિષ્કપટ રહેશે અને અમારી રુચિ જોઈને તે પ્રમાણે ચાલશે તેનો મોક્ષ થાશે. ૧૬. તમારા જેવા સંતોને દબાવવા માટે કોઈ ઘણાં સાધનો કરે, અને તેને બધા જ લોકો જો માનતા હોય, તોપણ તમને દબાવનારાને અમે મોટો દૈત્ય માનીએ છીએ. ૧૭. અમારો વધારે મહિમા બતાવીને

તમારા જેવા સંતોમાં વાતથી દોષ દેખાડે છે. એવી રીતની કેટલીક વાતો રહી છે તે કહી શકાતી નથી. ૧૮.

જેમાં આવો સંતો-ભક્તોમાં દોષ દેખાડવાનો જેટલો સ્વભાવ હોય છે તેટલો તેને અમે દૈત્ય કહીએ છીએ. અમારું જેવું માહાત્મ્ય છે તેને નિષ્કપટપણે કહેતા રહે, અને અમને મળેલા જે તમે બધા સંતો છો તેમનું પણ નિષ્કપટપણે પોતાના મોક્ષ માટે માહાત્મ્ય કહે છે, તેમને અમે તમારા જેવા સંત(નંદસંતો સમાન) માનીએ છીએ. ૧૯-૨૦.

❋ પરસ્પર સંપ રખાવે તે સાધુ છે :

चोपाई :

बात में आप में दोष देखावे, सनकादि सम जदपी रहावे;
संत भगवान हरिजन तामें, मनुष्य भाव न देखावे यामें...२१
देश काल कर समझ जेहा, एक की एक रहावे तेहा;
एसे संत हरिजन जो जेते, तुम सम हम मानत हे तेते...२२
संत हि जेते संत हि तिनमें, कुसंप कबु नहि होवे इनमें;
संप तितना संत हि रहेऊ, कुसंप तितना कसर कहेऊ...२३
हरिजन की रहे बात हि एसे, संत की बात कहे जो तेसे;
संत हरिजन की प्राप्ति जेहू, अंत्ये एक रहायेउ तेहू...२४

જે પોતે સનકાદિક જેવા સંત હોવા છતાં પણ વાત વાતમાં પોતાનામાં જ દોષ દેખાડે અને ભગવાન, સંતો અને હરિભક્તોમાં મનુષ્યભાવ ન દેખાડે. વિષમ દેશકાળમાં પણ જેની સમજણ એકની એકસરખી રહેતી હોય તેવા સંતો અને હરિભક્તો જે છે તેને અમે તમારા જેવા માનીએ છીએ. ૨૧-૨૨. જે સંતો છે તેમને બીજા સંતોની સાથે પરસ્પર ક્યારેય કુસંપ થાય નહિ. જેટલો સંપ હોય તેટલા તે સંત કહેવાય છે અને જેટલો કુસંપ હોય છે, તેટલી સાધુતામાં કસર રહે છે. ૨૩. જેવી ઉપર સંતોની વાત કહી તેવી જ વાત હરિભક્તોની પણ છે. સંતો અને હરિભક્તોને જે પ્રાપ્તિ છે તે અંતે તો એકસમાન રહે છે. ૨૪.

અત્યારે જે હરિભક્ત થાય છે તથા જે લોકો જેટલો સત્સંગ કરે છે, તેના ઘણા અપાર ભાગ્ય છે. તેની વાત મુખથી કહી શકાતી નથી. ૨૫. અત્યારે આ સત્સંગમાં મોક્ષ નિવાસ કરીને રહ્યો છે. આ સત્સંગના સમાન બીજું કોઈ નથી, તેમ જે એકાંતિક હરિભક્ત છે તે જાણે છે. ૨૬. આ વખતે સત્સંગમાં અપાર સુખ રહ્યું છે. જે સત્સંગના ઉપર અપાર ભાવ રાખે છે તે તરત ભવસાગરના પારને પામે છે. ૨૭. અત્યારે પાપીઓનો પાર નથી, પણ જે સત્સંગના ઉપર જેટલો ભાવ રાખે છે તેટલું તે સુખ લે છે. ૨૮.

આપણો આ સત્સંગ કલ્પવૃક્ષ જેવો છે. અરે..! પારસમણિ અને શ્રેષ્ઠ ચિંતામણિમાં જેટલો સાર કહેવાય છે, તેના કરતાં સત્સંગમાં સાર વધારે રહ્યો છે. ૨૯. સત્સંગ કરતાં પણ બીજી વસ્તુમાં જે વધારે સાર માને છે, તેને સંસારના ફેરાનો પાર આવતો નથી. અત્યારે સત્સંગ ઉપર જેટલો ભાવ રાખવામાં આવે છે, તેનાં સુખનો કોઈ પાર લઈ શકતું નથી, તેમ અમે પ્રેમથી નિશ્ચિત કહીએ છીએ. તમે સહુ સંતો અમારાં વચનને જ શ્રેષ્ઠ સાધન માનતા રહો છો. ૩૦-૩૧.

તમને જોઈને જેટલા વેરાગીઓ હતા તે બધા દુઃખ દેવાં લાગ્યાં. તમારાં વર્તનને દેખીને ધન અને સ્ત્રીના લોભી વેરાગીઓને લેશમાત્ર પણ સુખ રહ્યું નહિ. અને તેને કારણે જ તેઓ દ્વેષ કરવા લાગ્યા. અમારું જે વર્તન અને અમારું જે વચન તે બધામાં ચમત્કાર રહ્યો છે. એક પણ વર્તન કે વચન ચમત્કાર વિનાનું નથી. જેનું જેવું વર્તન હોય, તે બધું તેમને દેખાડી દે છે. ૩૨-૩૪. જેટલી સત્ય બાબત હતી તેની તેવાં રૂપમાં રક્ષા કરવા માટે તથા અસત્ય બાબતને ઉખેડી નાખવા માટે અત્યારે સુખકારી રાજ્ય થયું છે. ૩૫. અત્યારે જે સત્ય વાતનો જાણીને દ્રોહ કરે છે તેનો તત્કાળ નાશ કરે એવું રાજ્ય થયું છે. ૩૬.

પરમેશ્વરની કાળ શક્તિથી આ રાજ્ય થયું છે. પરમેશ્વર જ્યારે સાધુતાને સ્વીકારે છે ત્યારે આવું થાય છે. ૩૭. અત્યારે પરમેશ્વર અપાર સામર્થ્ય ધારણ કરીને આવ્યા છે. જેનો કોઈ પાર પામી શકે નહિ, તેવા

તે છે. ૩૮. હવે તમે સહુ જે પરમહંસ છો તે પહેલાની જેમ મસ્તક ઉપર શિખા, યજ્ઞોપવિત, ગળામાં કંઠી, તિલક અને ચાંદલો કરો. ૩૯. પછી જે પરમહંસો હતા તેઓ બધા શ્રીહરિનાં આજ્ઞા-વચન પ્રમાણે તે દિવસથી શિખા અને યજ્ઞોપવિત વગેરેને ધારણ કરવા લાગ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સંતોને રહેવાની રીત અને શિખા, સૂત્ર આદિ ધારણ કરવાની આજ્ઞા કરી" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર વીશમું : તરંગ - ૩૭

શ્રીહરિએ સભામાં ગુલાલ ઉડાડ્યો અને મલ્લ રમાડ્યા

શ્રીહરિએ ત્યારે જેટલા પરમહંસો હતા તેમને મસ્તક ઉપર શિખા રખાવી. અને જ્યારે તેઓ સ્નાન કરીને આવ્યા ત્યારે તે બધા સંતો શ્રીહરિને પગે લાગ્યા અને એક એક અનુક્રમે આવ્યા. ત્યારે શ્રીહરિએ તેમને યજ્ઞોપવિત ધરાવીને ગળામાં કંઠી પહેરાવી. ૧-૨. સંતોએ ગોપીચંદનના તિલક કર્યા. તે વખતે શ્રીહરિએ સહુ સંતોને કહ્યું, ૩. 'માનો અક્ષરધામ, ગોલોક અને વૈકુંઠના પાર્ષદો તત્કાળ અહીં આવ્યા હોય..! તેમ અલૌકિકતા જણાય છે. ૪.

સંતોને દેખીને શ્રીહરિ અત્યંત રાજી થયા. આવી અદ્‌ભુત વાત બની હતી કે તે ક્યારેય લખવામાં આવી શકતી નથી. ૫. રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ અને સહુ સંતો જમ્યા. જ્યારે સંતો જમી રહ્યા ત્યારે સહુ આસન ઉપર આવીને બેઠા. ૬. શ્રીહરિની મૂર્તિનાં જેને જેવાં દર્શન થયા હોય તેવી મૂર્તિનું સહુ ધ્યાન-ચિંતવન કરવા લાગ્યા. જ્યારે દિવસ પાછલો એક પહોર રહ્યો ત્યારે શ્રીહરિએ સભા કરાવી. ૭.

ત્યારે સંતો, વર્ણી અને હરિભક્તો સહુ સભામાં આવીને બેઠા. તે સંતો, વર્ણી અને હરિભક્તો જે રીતે રોજ રોજ પ્રસન્ન રહે તે રીતે શ્રીહરિ અનેક પ્રકારની રમૂજ કરતા હતા. તે રમૂજમાં પણ ઘણી સમાસ કરે એવી

વાત રહેતી હતી. જેટલી નિરર્થક વાતો-ચર્ચા કહેવાય તેટલી શ્રીહરિની સભામાં ક્યારેય આવતી નહિ,

❋ ભગવાન સિવાયની અન્ય સર્વ વાતો વૃથા છે :

પણ તેવી વાતો દૂર રહેતી. આવી શ્રીહરિની સભા કહેવાતી હતી. જ્યાં જ્યાં સાચા સંતોની સભા થતી હોય તે તે સ્થળે કોઈ નિષ્પ્રયોજન વાતો થતી નહિ. અને તેને લીધે સાચા સંતો દેખાઈ આવતા. તેમ જ સાચા વર્ણી, સંન્યાસી અને સાચા હરિભક્તો પણ દેખાઈ આવતા હતા. ૮-૧૧.

जिहाँ जिहाँ सभा होत रहेऊ, वरथा बात तिहाँ होत न तेऊ;
हरि के सबंध बिन बात जेता, वरथा बात देखना तेता...१२
साचे परमहंस ताकी जेहू, सभा जिहाँ होवत रहे तेहू;
वरथा बात जितनी जो जेही, दूर रहत तिहाँसे यह तेही...१३

જ્યાં જ્યાં સંતો અને હરિભક્તોની સભા થતી હતી ત્યાં ત્યાં બીજી કોઈ વૃથા વાત થાતી નહિ. શ્રીહરિના સંબંધ વિનાની જે વાત હોય તે બધી વાતને વૃથા સમજવી. ૧૨. જે સ્થળે સાચા સંતોની સભા થતી હોય તે સ્થળે જેટલી વૃથા વાત હોય છે તે ત્યાંથી દૂર રહેતી હતી. ૧૩. જ્યાં સૂર્ય, અગ્નિ, મશાલ અને દીવાનો પ્રકાશ હોય ત્યાં ક્યારેય અંધારું દેખાતું નથી. તે રીતે જ ઉપર કહેલી જ્યાં સભા હોય ત્યાં વૃથા વાત રહેતી નથી. ૧૪. જ્યાં જેટલો પ્રકાશ ન હોય ત્યાં તેટલું અંધારું રહે છે, તેમ જ્યાં જેટલું વૃથા વાતજન્ય અજ્ઞાનઅધારું હોય છે ત્યાં તેટલો અધર્મ રહે છે. તે વાત ચોક્કસ જાણવી. ૧૫. જેવી વાત હોય તેને તેવા રૂપમાં દેખવી જોઈએ. ચાહે તેવી સારી વાત હોય, પણ ધ્યાન દઈને જોવામાં ન આવે તો તે યથાર્થ રૂપમાં દેખાતી નથી. ૧૬.

જેવી વાત હોય છે તે લેખ કે પત્રમાં લખાયેલી હોય તો તે દેખાઈ આવે છે. તેમાં કોઈ બાબત છુપાયેલી રહેતી નથી. જેવો લેખ કે પત્ર હોય તેવી તે વાત દેખાઈ આવે છે. ૧૭. સવારે, સાંજે અને રાતે શ્રીહરિ સભા કરતા રહેતા. અને જે જે ગામથી હરિભક્તો આવતા તે બધા પૂજાનો સામાન

લાવતા હતા. ૧૮. જે હરિભક્તનાં મનમાં જેવો મનોરથ હોય તેવી પૂજા તેઓ લાવતા હતા. અને શ્રીહરિ પણ હરિભક્તોને જેવો પ્રેમભાવ હોય તેવો પૂર્ણ કરતા હતા. ૧૯. જે સંતોને ગાતા આવડતું હતું તે બધા સંતો વસંત, હોરી અને ધુમારનાં પદ વાજિંત્ર વગાડીને ગાતા હતા. ૨૦.

શ્રીહરિ તે સંતોની ભેળા ગાતા રહેતા અને સહુને વધારે પ્રેમ ઉપજાવતા હતા. કોઈ આવીને જેવો પ્રશ્ન પૂછતા તેને તેવો ઉત્તર શ્રીહરિ આપતા હતા. ૨૧. જે હરિભક્તનું જેવું હૃદય હોય તેને તેવો ઉત્તર શ્રીહરિ આપતા હતા. જેટલા દિવસ હરિભક્તો ઉત્સવ કરાવતા હતા, તેટલા દિવસ શ્રીહરિ ઉત્સવ કરતા હતા. અને સહુના દિલમાં વધારે આનંદ ભરતા રહેતા હતા. શ્રીહરિરાય દરબારના જે ભવનમાં રહેતા હતા, ત્યાં હુતાશનીને દિવસ દરબારે સભા કરાવી. સરસ પલંગ બિછાવી દીધો. તેમાં શ્રીહરિને બેસાડ્યા. તે ભવન પૂર્વ દ્વારના હતા. તેની ઓસરીમાં પ્યારા શ્રીહરિ જ્યારે બેઠા ત્યારે સંતો અને હરિભક્તોની સભા બેઠી. અને સંતો સભામાં ***કુંવર કનૈયો ખેલે હોરી રે, જાકું વેદ વખાણે...*** એ હોરીનાં પદ વાજિંત્રની સાથે ગાવા લાગ્યા. ૨૨-૨૫.

શ્રીહરિ પણ હરિભક્તોને રાજી કરવા માટે પ્રેમથી પદ ગાતા હતા. તે સમયમાં શ્રીહરિની મૂર્તિ ઘણી સુશોભિત લાગતી હતી. ૨૬. વસંતી વસ્ત્ર પહેરેલ શ્રીહરિની છબી અનુપમ બની હતી. તે વખતે દરબાર બાપુભાઈ ગુલાલનો થાળ ભરીને લાવ્યા અને શ્રીહરિની આગળ મૂક્યો. ૨૭. તે સિવાયના બીજા પણ જે પ્રેમી હરિભક્ત હતા તેઓ ગુલાલના થાળ ભરી ભરીને લાવ્યા અને તે ગુલાલને શ્રીહરિ ઉડાડવા લાગ્યા. ૨૮. સંતો અને હરિભક્તોની જે સભા હતી તે ખૂબ જ શોભી રહી હતી. શ્રીહરિએ ગુલાલથી તે સભાને રંગી દીધી હતી. શ્રીહરિની નખથી શિખા પર્યંતની મૂર્તિ ગુલાલથી ભરાઈ ગઈ હતી. ભવનનો ચોક અને ઓસરીને પણ ગુલાલથી રંગી દીધા હતા. ૨૯-૩૦.

શ્રીહરિ ગુલાલ ઉડાડીને જ્યારે પ્રસન્નતાથી બેઠા હતા ત્યારે ભુજના બે મલ્લ આવ્યા. તે બંને પાકા હરિભક્ત હતા. ૩૧. ગંગારામ અને વાલજી

એવા તેમના જાણીતા પ્રસિદ્ધ નામ હતા. ગંગારામની તે સમયે ચાળીશ વર્ષની ઉંમર થઈ હતી. ૩૨. વાલજી મલ્લ પચ્ચીસ વર્ષના થયા હતા. તે બંને શરીરનાં ઘણાં મજબૂત હતા અને તે બંનેના મનમાં શ્રીહરિને પ્રસન્ન કરવાનો ઘણો જ ભાવ હતો. ૩૩.

પહેલા તેમણે શ્રીહરિની આજ્ઞા લીધી. પછી પરમ નિપુણ તે બંને મલ્લ મલ્લવિદ્યાની રમત કરવા લાગ્યા. મલ્લની જેટલી વિદ્યા શીખ્યા હતા તેને સફળ કરવા વાલજીને મનમાં ઘણો ભાવ હતો. વાલજીની સામે ગંગારામ મલ્લ હતા. બંને મલ્લયુદ્ધ કરવા લાગ્યા. તે બંને પરસ્પર સગા થતા હતા. ૩૪-૩૫. મલ્લની જેટલી વિદ્યા હતી તે બધી જ બંનેએ શ્રીહરિને બતાવી. તેની મલ્લવિદ્યાને દેખીને તે વખતે શ્રીહરિ તેમના ઉપર ખૂબ જ પ્રસન્ન થયા. ૩૬. પરમ ચતુર શ્રીહરિએ તે બંનેને વસ્ત્ર અને ઘરેણાં આપ્યાં, તેમજ ફૂલના હાર પણ આપ્યા. તે બંને મલ્લોએ શ્રીહરિનાં ચરણકમળને પોતાની છાતી ઉપર ચાંપ્યા. ૩૭. મલ્લોએ શ્રીહરિને રાજી કર્યા અને શ્રીહરિએ મલ્લોને રાજી કર્યા. પછી પરમ નિપુણ શ્રીહરિ તે ભવનના માળ ઉપર ચઢ્યા. ૩૮.

ત્યારે શ્રીહરિએ ગંગારામ મલ્લને પોતાની સાથે લીધા હતા. અને મલ્લવિદ્યાના જેટલા પેચ કહેવાય છે તે બધા તેમને શીખવાડ્યા. ૩૯. શ્રીહરિએ મલ્લવિદ્યાના ઘણા કઠણ એવા ચાર-પાંચ પેચ તેમને બતાવી દીધા. ત્યારે ગંગારામે શ્રીહરિની ઘણી પ્રાર્થના કરી. ૪૦. પછી શ્રીહરિએ રાજી થઈને ગંગારામ મલ્લને કહ્યું, 'અંગ્રેજ સરકારનું રાજ્ય થવાથી હવે કોઈ જાતની ઉપાધિ રહી નથી.' ૪૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ સભામાં ગુલાલ ઉડાડ્યો અને પછી મલ્લ રમાડ્યા" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર વીશમું : તરંગ - ૩૮

શ્રીહરિએ ગંગારામ મલ્લની આગળ મોટા મંદિરો કરાવવાની વાત કરી

શ્રીહરિએ ગંગારામ મલ્લની પાસે જે વાત કહી તે વાત હવે હું કહું છું. કહ્યા સિવાય તે વાતની ખબર પડતી નથી. ૧. શ્રીહરિએ કહ્યું, 'અમે જે દેશમાં બહુ રહ્યા છીએ તે દેશના હરિભક્તોએ અમારી ઘણી સેવા કરી છે. ૨. હરિભક્તનો વંશ લાંબો ચાલવો તે વાત કઠણ છે. ભગવાનના ખપ વિનાનો હરિભક્તનો વંશ પણ કુસંગને માર્ગે ચાલે છે. ૩. **જેને ભગવાનનો ખપ હોય તેવા ભક્તોનું હિત કરવાને માટે શુભ દેશને જોઈને તેમાં મંદિર કરવાનું હવે અમે ધાર્યું છે. ૪.**

અમે સહુ પહેલા સોરઠ દેશમાં આવ્યા અને મુક્તાનંદસ્વામીની પાસે રહ્યા. લોજ ગામમાં સંતોની સાથે ઘણા ઉલ્લાસથી દસ મહિના સુધી રહ્યા. ૫. સહુ સંતો અમને જેમ કહેતા, તે રીતે અમે કરતા હતા. તે બધા સંતોની અમે જ્યારે નિષ્કપટપણે ઘણા પ્રેમભાવથી સેવા કરી ત્યારે, ૬. સદ્‌ગુરુ રામાનંદસ્વામી અમારા ઉપર ખૂબ પ્રસન્ન થયા હતા. તેઓ કચ્છ દેશના ભુજનગરમાં રહ્યા હતા. ૭. ભુજમાં બહુનામી રામાનંદસ્વામી હરિભક્તોનો ભાવ દેખીને રહ્યા હતા. હરિભક્તોનાં દિલમાં જેટલો મહિમાએ યુક્ત ભાવ ભર્યો હોય તેટલું તેનું ફળ રસ ભરેલું મળે છે. ૮.

જે ફળમાં જ્યાં સુધી રસ ન હોય ત્યાં સુધી તે ફળ તેટલું કાચું ગણાય. જેટલો રસ હોય એટલું જ ફળનું ફળપણું કહેવાય. તેમ સ્વામી પોતે જાણતા હતા. ૯. પોતે સ્વામી આવી તો અપરંપાર વાત કરતા હતા. હરિભક્તોને મનમાં જેવો પ્રેમભાવ રહે તેવી ભગવાન સંબંધી વાતો કરતા હતા. ૧૦.

❋ જેટલો ગુણ લે તેટલી પ્રીતિ રહે :

ચોપાઈ :

फल और रस बिन तरु जितना, विष सम फल तरु रहे तितना;
जामें गुन रहायेउ जेसा, तामें प्रीति होवत हे तेसा...११

प्रीति के कारन गुन हि रहाता, अवगुन प्रीति नाश कराता;
शुभ बात रहाये हि जितना, धर्मवंश की देखना तितना...१२

ફળ અને રસ વગરના જેટલાં વૃક્ષો છે તે તો બધાં ઝેર જેવા ફળ, ઝાડ કહેવાય. જેમાં જેવો ગુણ રહ્યો હોય છે તેમાં તેવો પ્રેમ થાય છે. ૧૧. પ્રેમના કારણમાં તો ગુણ રહ્યા છે અને અવગુણ તો પ્રેમનો નાશ કરે છે. જેટલી શુભ વાતો કહેવાય છે તે બધી ધર્મસર્ગના સદ્‌ગુણોની છે; તેમ સમજવું. ૧૨. જેટલી વાતો અશુભ અને નિંદિત હોય છે તે બધી અધર્મવંશની હોય છે, તેમ પ્રત્યક્ષ જણાય છે. ૧૩. શુભ વાતોમાં પણ જેટલા કપટ, છળ અને દંભ હોય છે તેટલું અમૃતમાં ઝેર ભળેલું કહેવાય છે. ૧૪.

જે પાકા હરિભક્તો હોય છે તે રોજ સત્સંગ કરતા હોય છે અને જેમાં જેટલી શુભ સમજણ હોય છે તેટલો તે હરિભક્ત કહેવાય છે. ૧૫. સત્સંગમાં જેટલા વધારે છળ કપટ રહેતા હોય છે તેટલો તે કુસંગ કહેવાય છે, તેમ રૂડી બુદ્ધિવાળા હરિભક્તો કહે છે. ૧૬. સત્સંગમાં જેટલા કપટી અને દંભી હોય છે તે સહુથી વધારે સારું વર્તતા હોય છે. બીજી વસ્તુમાં ખપ ઓછો દેખાડે અને પોતે જોરદાર વર્તન રાખે છે. ૧૭. જ્યાં સુધી બીજા હરિભક્તો પોતામાં ગુણ માને છે ત્યાં સુધી તે હરિભક્તને ‘આ ગુણબુદ્ધિવાળા છે’ તેમ કપટી ભક્ત કહે છે. અને જ્યારે પોતાને બીજા હરિભક્તોથી અધિક કહે છે ત્યારે તે કપટી ભક્ત તેમને પાકા હરિભક્ત કહે છે. સત્સંગની જે પ્રથા છે તેનાથી જેટલી અધિક વાત હોય તેને તે ઠીક કહે છે. તે અધિક વાતના સમાન બીજું કોઈ નથી, એવું દેખાડતા તેને આવડે છે, પણ જેમાં જેટલું કપટ વધારે હોય છે તેમાં તેટલો વધારે કુસંગ સમજવો. ૧૮-૨૦.

કપટીને ઓળખવો ઘણું કઠણ કામ છે. કપટી તો ભગવાનને પણ ઠગી જાય છે. સત્સંગમાં જે લોકો કપટ રાખે છે, તેઓ પોતે જ અંતે ઠગાય છે. ૨૧. જેટલા કપટ છોડીને સત્સંગ કરે છે તેટલા તે પાકા સત્સંગી કહેવાય છે. અને કપટ વગરના હરિભક્તનો અવશ્ય ઉદ્ધાર થાય છે. ૨૨. સત્સંગની આવી વાતો રહી છે તે ક્યારેય ફરતી નથી. કચ્છના હરિભક્તોની આગળ

આવી વાતો કરીને રામાનંદસ્વામી સોરઠ દેશમાં આવ્યા. આવીને તેમણે મને દર્શન આપ્યાં. અને પછી બે વર્ષ સુધી મને પોતાની પાસે રાખ્યો. ૨૩-૨૪.

પછી રામાનંદસ્વામીએ અમને ત્યાગી અને ગૃહસ્થોના ગુરુ કર્યા અર્થાત્ અમને ધર્મધુરા સોંપી. તે પછી તેઓ સ્વધામ ચાલ્યા ગયા. ૨૫. તે પછી ચાર વર્ષ સુધી અમે સોરઠ દેશમાં સમાધિનું અલૌકિક પ્રકરણ ચલાવ્યું હતું. ૨૬. હવે અમારે જૂનાગઢમાં મંદિર કરાવવું છે અને ભુજમાં પણ મંદિર કરવાનું અમે ધાર્યું છે. ૨૭. ઝાલાવાડમાં એક મંદિર કરવું છે અને ગુજરાતમાં પણ જ્યાં બને ત્યાં મંદિર કરવું છે. ૨૮. જે અયોધ્યાપુરી કહેવાય છે ત્યાંથી ઉત્તર દિશામાં છપૈયા છે. ત્યાં સુધી ભગવાનની ઈચ્છાથી બની શકે તો મંદિર કરવા છે. ૨૯. ભગવાનની જેટલી ઈચ્છા હોય તેટલા દેશમાં અમારે મંદિર કરવા છે. અને ચરોતર દેશ જે કહેવાય છે ત્યાં મોટું મંદિર કરવું છે. ૩૦.

ભાલ દેશની વચ્ચે એક મોટું મંદિર કરવું છે. અને કાઠિયાવાડ દેશમાં ગઢપુર શહેર રહ્યું છે. તેમાં પણ હરિભક્તોનો ઘણો વધારે ભાવ દેખીને અમે ઘણા દિવસ સુધી રહ્યા છીએ. એટલે ત્યાં પણ સર્વોપરિ મંદિર કરવું છે; તેમ અમે મનમાં ધાર્યું છે. ૩૧-૩૨. હવે જે સારું રાજ્ય થયું છે તેને નીતિ ઉપર ઘણું તાન રહ્યું છે. અને તેણે અનીતિના જેટલા મૂળ હતા, તેને ખોળી ખોળીને ઉખાડી નાખ્યા છે. ૩૩. જેને અનીતિમાં રુચિ છે તેને ખોળી ખોળીને દુઃખ આપે છે. જે ધર્મનું રાજ્ય કહેવાય છે તે સત્સંગની રક્ષા માટેનું જ છે. ૩૪. **નીતિપ્રિય આવા રાજાને દેખીને અમે તેના રાજ્યમાં વિશેષ નિવાસ કરીને રહીએ છીએ. અક્ષરપર્યંત સહુ પરમેશ્વરની નિયામકશક્તિને આધીન રહે છે. ૩૫. જે લોકો તે પ્રમાણે નથી વર્તતા તે દેખાઈ આવે છે અને તેને જ્ઞાની લોકો પણ જાણતા રહે છે. ભગવાનનો જેવો પ્રતાપ છે તેને યથાર્થરૂપમાં કોઈ જાણી શકતું નથી.' ૩૬.**

શ્રીહરિએ ગંગારામ મલ્લની આગળ આટલી વાત કરી અને પછી પોતે પ્રસન્ન થયા થકા થાળ જમ્યા. ૩૭. મોતીચૂરના લાડુ, સુંદર જલેબી,

બરફી, પેંડા અને ઘેબર, તે બધાં મિષ્ટાન્નોનાં થાળ ભરેલાં હતાં. ૩૮. સૂરણ, રતાળું ઈત્યાદિક તથા પરવળ આદિક ઘણા વિવિધ પ્રકારના શાકભાજી હતા. અને વડી તથા રીંગણ સુગંધ ભરેલા હતા. ૩૯. અનેક જાતનાં અથાણાં, ભજિયાં, વડાં, રાઈતું, વગેરેનાં પાત્ર ભરેલાં હતાં. તેને શ્રીહરિ ઘણા પ્રેમભાવથી જમ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ ગંગારામ મલ્લની આગળ મોટા મંદિરો કરાવવાની વાત કરી" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર વીશમું : તરંગ - ૩૯

સવારીમાં સજીધજીને નીકળેલા શ્રીહરિની મૂર્તિનું તથા સર્વોપરિ સામર્થ્યનું વર્ણન

શ્રીહરિ થાળ જમ્યા પછી તરત જ પાણીથી હાથ મુખ ધોયાં અને મુખવાસ લીધો. ૧. ભવનની આગળ ચોકમાં રંગોળી પૂરી હતી. તેમાં કેળના સ્તંભ રોપાવીને સરસ શોભા કરી હતી. ૨. તે ચોકમાં સંતોને બેસાડીને પંગત કરી. દરબાર બાપુભાઈનાં મનમાં અત્યંત પ્રેમભાવ હતો. ૩. તે વખતે શ્રીહરિ સંતોને મોતીચૂરના લાડુ પીરસવા માટે હેત સહિત આવ્યા. કારણ કે સંતોના ઉપર શ્રીહરિને ઘણો પ્રેમભાવ હતો. ૪.

જેટલી જાતનાં ભોજન બનાવ્યાં હતાં તે બધાં ધર્મકુમાર શ્રીહરિએ સંતોને ભાવથી પીરસ્યા. અને સંતો જ્યાં સુધી જમતાં રહ્યાં ત્યાં સુધી શ્રીહરિ પંગતમાં પીરસવા ફરતા રહ્યા. ૫. શ્રીહરિની છાતી ઉપર ફૂલના અપાર હાર શોભી રહ્યા હતા. બંને હાથમાં ફૂલના બાજુબંધ અને પોંચી શોભી રહી હતી. ૬. રંગભીના શ્રીહરિએ તે વખતે નવાં પીળાં વસ્ત્ર પહેર્યાં હતાં. અને પ્રેમી હરિભક્તે કેસર ચંદનની સુંદર અર્ચા શ્રીહરિનાં લલાટમાં કરી હતી. તેની શોભા કહી શકાતી નથી. મસ્તક ઉપર ફૂલની ટોપી પહેરાવી હતી. ફૂલના તોરા લટકતા હતા. ૭-૮.

બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા હતા. તે ભક્તજનના સંતાપને હરનારા હતા. નેત્રકમળ કરુણારસથી ભીનાં હતાં. શ્રીહરિએ આ રીતે અદ્‌ભુત શોભા ધારી હતી. ૯. ભક્તજન મનમાં જેવી ધારણા કરતા હતા તે ધારણા મૂર્તિમાં સાક્ષાત્ દેખાતી હતી. જે અપાર શોભા થઈ હતી તેને ભક્તજનો ઘણા પ્યારથી દેખતા હતા. ૧૦. હુતાશનીને દિવસ જ્યારે દિવસ પાછલી ચાર ઘડી બાકી રહ્યો ત્યારે પરમ ચતુર શ્રીહરિએ ભક્તજનોને દર્શન દેવાની ઈચ્છા કરી. ૧૧. બધા અશ્વોને તૈયાર કરાવ્યા અને તેના ઉપર બધો સોનેરી સાજ સજ્યો. પછી મહારાજાધિરાજ શ્રીહરિ અશ્વ ઉપર બેઠા. ૧૨.

જેટલા રાજપૂત રાજાઓ શ્રીહરિનાં દર્શન કરવા માટે આવ્યા હતા તેઓ પણ પ્રેમથી અશ્વ ઉપર બેઠા. ૧૩. જેટલા કાઠી દરબારો શ્રીહરિની સાથે રહેલા હતા, તે બધા પણ અશ્વ ઉપર બેઠા અને શ્રીહરિનાં મસ્તક ઉપર છત્ર ધારણ કરેલું હતું. ૧૪. ભક્તજનોની પીડાને હરનારા શ્રીહરિએ મસ્તક ઉપર ગુલાબી પાઘ બાંધી હતી, કેસરિયો જામો પહેર્યો હતો. તે જાણીને બધા ભક્તજનો અત્યંત રાજી થયા. ૧૫. શ્રીહરિએ કેસરિયો સુંદર સુરવાળ પહેરી લીધો હતો અને ગૂઢા રેંટાથી કસીને કમર બાંધી હતી. તેથી શ્રીહરિની મૂર્તિ ઘણી સુશોભિત લાગતી હતી. ૧૬.

શ્રીહરિએ સિંહમુખા વળિયા અને સોનાનાં કડાં હાથમાં ધારણ કર્યાં હતાં. સોનાનાં બાજુબંધ અને પોંચી પહેરી હતી. તેની શોભા અતિ સુંદર બની હતી. ૧૭. તે સમયે શ્રીહરિએ જમણા હાથમાં રૂમાલ ધારણ કર્યો હતો અને ડાબા હાથમાં અશ્વની લગામ પકડી હતી. ૧૮. બંને હાથની આંગળિયોમાં રંગબેરંગી નંગવાળી સોનાની વિંટીઓ અને વેઢ અત્યંત શોભી રહ્યા હતા. અને છાતી ઉપર ભરાવદાર સોનાની માળા પહેરી હતી. ૧૯. મોતીના રંગબેરંગી તોરા પાઘ ઉપર લટકી રહ્યા હતા. બંને કાન ઉપર ગુલાબના ગુચ્છ ધારણ કર્યા હતા, તે હરિભક્તોના મનને હરી લેતા હતા. ૨૦.

મોતી જડેલી રંગબેરંગી સોનાની છડી હાથમાં હતી. જે હાથમાં રૂમાલ હતો તે હાથમાં છડી રાખી હતી. ૨૧. બધી સવારી બજારે ચાલી આવતી હતી. તે બજારમાં પાણી છાંટી દીધેલું હતું. પુરજનો અને તે દેશના જેટલા

હરિભક્તો હતા, તે બધા આવ્યા હતા. ૨૨. શ્રીહરિનાં દર્શન કરવાને માટે સહુ પુરની બજારમાં આવીને ઊભા હતા. જ્યારે તેઓ શ્રીહરિનાં દર્શન કરવા લાગ્યા ત્યારે તેમને શ્રીહરિના સમાન બીજું કાંઈ દેખાતું ન હતું. ૨૩.

❋ શ્રીહરિની મૂર્તિની મહત્તા :

चोपाई :

हरि की मूर्ति बिन जितने जेहा, ब्रह्मांड में रुप रस रहे तेहा;
उलक सम देखन सब आते, मूर्ति के दरशन जब कराते...२४

दोहा : मूर्ति में रूप रस रहे, मुख कहे नहीं जात;
बंधन विकट रहे जितना, मूर्ति देखत छुटात...२५
मूर्ति के दरशन हित जो, त्रिलोकी ताके राज;
छोड चले मल सम हि कर, सुधार लिन निज काज...२६

જ્યારે સહુ ભક્તો શ્રીહરિની મૂર્તિનાં દર્શન કરતા ત્યારે તે મૂર્તિ સિવાય બ્રહ્માંડમાં જેટલા રૂપ અને રસ રહ્યા હોય, તે બધા ઊલટીના અન્ન સમાન દેખાતા હતા. ૨૪. શ્રીહરિની મૂર્તિમાં જે રૂપ અને રસ રહ્યા હતા તે મુખથી કહી શકાતા નથી. તે મૂર્તિનાં દર્શન થતાની સાથે જ જીવને જેટલા વિકટ બંધન હતા તે બધા છૂટી જતા હતા. ૨૫. આવી ભગવાનની મૂર્તિના દર્શનને માટે તો કેટલાય રાજાઓ ત્રિલોકીના રાજ્યને મળ સમાન સમજી, તેને છોડીને ચાલ્યા ગયા હતા. અને પોતાનું કલ્યાણરૂપી કાર્ય સુધારી લીધું હતું. ૨૬.

બ્રહ્માંડનું રાજ્ય તો મળી શકે છે. તે કાંઈ દુર્લભ નથી. અત્યંત દુર્લભ તો મહારાજ છે, એવું સહુ હરિભક્તો સમજતા હતા. ૨૭. **મનુષ્ય જ્યારે સંતો અને હરિભક્તોમાં અધિક અધિક ગુણ દેખે છે તેમ તે વધતો જાય છે, ક્યારેય ન્યૂન થતા નથી.** પણ જો દોષ ગ્રહણ કરે છે તો તેઓ ઘટી જાય છે. ૨૮.

❋ સર્વોપરિના સર્વોપરિ ચરિત્ર છે :

शरनागत भयेउ जन ताकू, सरवोपरि सुख देन हि जो वाकू;
चरित्र करत हे विचित्र हि भाँती, कोउ दिन एसे न करे रहाती...२९

सरवोपरि चरित्र जो तिनकू, करत रहत श्रीहरि यह इनकू;
जो जो बात कहावत जितनी, सरवोपरि हरि करत हे तितनी...३०
सरवोपरि बात करत जेही, अल्प हि जन जितने जो तेही;
सरवोपरि बात करीके ताही, सरवोपरि यह कहावत वाही...३१

શરણે આવેલા ભક્તોને સર્વોપરી સુખ આપવા માટે કોઈ દિવસ ન કર્યા હોય તેવા ભાત ભાતનાં ચરિત્ર શ્રીહરિ કરતા રહે છે. ૨૯. જે સર્વોપરી ચરિત્ર હોય છે તેને આ શ્રીહરિ કરતા હોય છે. સર્વોપરી શ્રીહરિ જે જે વાત કરે છે તે સર્વે વાત સર્વોપરી કહેવાય છે. ૩૦. જેટલા નાના માણસો છે તે પણ જો શ્રીહરિની સર્વોપરી વાત કહે છે, તો તે સર્વોપરિ વાતે કરીને તે ભક્ત પણ સર્વોપરી કહેવાય છે. ૩૧. સર્વોપરિની જે છાપ છે તેને કોઈ સમર્થ પુરુષ કરી દેતા નથી. જેવી વાતનો જે અભ્યાસ કરે છે તેવી છાપ તેને સહજભાવે મળે છે. ૩૨.

જગતમાં જેટલી લૌકિક વાતો છે તેવી શ્રીહરિની આ વાત નથી. મોટા દેવતાઓ પણ શ્રીહરિની આગળ નાનાથી પણ અતિ નાના થઈને રહે છે. ૩૩. **સહુથી પર અને બળવાન ગણાતા એવા અક્ષર સુધીના બધા શ્રીહરિની આગળ ઘણા અલ્પ રહે છે. અને બ્રહ્માંડમાં જેટલા બ્રહ્માદિક દેવતાઓ છે, તેના તો કાંઈ લેખા રહેતા નથી.** ૩૪. ભગવાનમાં એવો પ્રતાપ રહ્યો છે કે તેના પ્રતાપના લેશમાત્રથી જ બીજા બધામાં પ્રતાપ રહ્યો દેખાય છે. બીજામાં જેટલો પ્રતાપ દેખાય છે તે બધો પ્રતાપ ભગવાન શ્રીહરિમાંથી જ આવ્યો દેખાય છે. ૩૫. સ્વામિનારાયણ ભગવાન એટલા બધા સમર્થ છે કે, કોઈ અલ્પ માણસ તેનો નિર્ધાર કરી શકતો નથી. મનુષ્યમાં જે બુદ્ધિ અને સામર્થ્ય રહ્યું છે તે ભગવાનનું જ આપેલું હોય છે. ૩૬.

જેમાં જે કાંઈ અધિકાર છે તે બધો ભગવાનનો જ આપેલો છે અને આવી જેની સમજણ હોય છે તેને જ્ઞાની ભક્ત કહેવાય છે. ૩૭. મનુષ્યશરીરને પામ્યા પછી પણ જે એવા મોટા ભગવાનનું ભજન નથી કરતો તે તો ચોક્કસ ઠગાયેલો છે અને તે કૃતઘ્ની રહ્યો છે. ૩૮. ભગવાને

જીવને મનુષ્યશરીર આપ્યું છે તે લખચોરાશીના જેટલા બંધન છે તેને છોડાવવાને માટે આપ્યું છે, પણ મનુષ્ય તો તે બંધન વધારે થાય તેમ કરી રહ્યો છે. ૩૯. જ્યાં સુધી મનુષ્ય ભગવાનને શરણે નથી જાતો ત્યાં સુધી તે જીવના બંધન ક્યારેય છૂટતા નથી. આવી રીતની વાતો હરિભક્તો કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સવારીમાં સજીધજીને નીકળેલા શ્રીહરિની મૂર્તિનું તથા સર્વોપરિ સામર્થ્યનું વર્ણન" એ નામે ઓગણચાલીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર વીશમું : તરંગ - ૪૦

શ્રીહરિએ સભામાં મર્યાદા અને સત્સંગનું મહત્ત્વ કહ્યું

જેટલા અશ્વ હતા તે બધા શ્રીહરિની સાથે રહ્યા હતા. અને તેમની આગળના ભાગમાં રહેલા ચોપદારો શ્રીહરિનો 'જય જયકાર' બોલતા હતા. ૧. ચોપદાર હાથમાં સોનાની છડી લઈને ચાલતા હતા અને બંદૂકધારી જે પાર્ષદો હતા તે તેની આગળ ચાલતા હતા. ૨. જેટલા સંતો અને વર્ણી હતા, તે બધા પાર્ષદોની આગળ ચાલીને ઘણા પ્રેમપૂર્વક મુખથી હોરીનાં પદ ગાતાં હતાં. ૩. કેટલાક હરિભક્તો સંતોની આગળ ચાલતા હતા. અને તેમાં કેટલાક હાથમાં રંગબેરંગી નિશાનો લઈને આગળ ચાલતા હતા. ૪.

ડંકા, નિશાન અને બીજા જેટલા વાજિંત્રવાળા હતા, તે બધા સહુથી આગળ ચાલતા રહેતા. જાત જાતનાં જે વાજિંત્રો વાગતાં હતાં તેની શોભાનું વર્ણન તો થઈ શકતું નથી. ૫. ગામના પશ્ચિમ દરવાજા તરફ બધી સવારી ચાલી. ગામની બહારના તળાવના જેટલા ભાગમાં પાણી ન હતું ત્યાં બધી સવારી આવી. તેની શોભાનો કોઈ પાર લઈ શકતું નથી. તળાવના જેટલા ભાગમાં પાણી ન હતું તેટલા ભાગમાં બધી સવારી ફરતી રહી. ૬-૭.

વડોદરાના ગાયકવાડ સરકાર સયાજીરાવ હતા. તેમના મોટા કારભારી મરાઠા વિપ્ર નારુપંત નાના હતા. ૮.

તેઓ તે સમયે જ હરિભક્ત થયા હતા. તેથી સરકારની રજા લઈને મનના ઘણાં પ્રેમથી શ્રીહરિનાં દર્શન કરવા પહેલીવાર મછિયાવ આવ્યા હતા. ૯. સરકારે જેટલા જોઈએ તેટલા તુર્કી સવારો સાથે આપ્યા હતા. અને તેમણે મસ્તક ઉપર ચમરીવાળી ટોપી પહેરી હતી. તે સવારીમાં ઘણી શોભતી હતી. ૧૦.

શ્રીહરિએ સહુ હરિભક્તોને દર્શન દેવા માટે જ તે દિવસે આ બધી સવારી કાઢી હતી. શ્રીહરિની શોભા જેણે નીરખી હોય તેના ભાગ્ય તો મુખથી કહી શકાતા નથી. ૧૧. શ્રીહરિ આ લોકમાં પ્રગટ થઈને જેટલા દિવસ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યા તે સમયે જે લોકોને દર્શન થયા, જે સુખ આવ્યું અને તેનો જેટલો લાભ લીધો, તે બધું મુખથી કહી શકાતું નથી. એક જ હરિભક્તે સાગરના સમાન જે લાભ લીધો હોય અને તેની વાતનું શ્રવણ, મનન કર્યા સિવાય માત્ર દેખ્યો જ હોય તો તે યાદ રહેતો નથી. તેને યાદ રાખવા માટે જ આ ગ્રંથ કર્યો છે. ૧૨-૧૪.

જે કોઈ પણ વાત વ્યવહારની હોય કે મોક્ષની હોય, તે જો લખી રાખી ન હોય તો તે કોઈ દિવસ યાદ રહેતી નથી. ૧૫. જે કોઈ પણ વાત અધિક હોય કે ન્યૂન હોય, પણ તે વાત યથાર્થરૂપમાં તો શાસ્ત્ર દ્વારાએ જ દેખાય છે. એટલા માટે શાસ્ત્ર સહુથી અધિક છે. ૧૬. સૂર્ય અસ્ત થયો ત્યાં સુધી બધી સવારી સુકાયેલા સરોવરમાં ફરતી રહી. પછી અપાર મશાલો થઈ અને તે પૂનમનો દિવસ ઘણો સારો હતો. ૧૭. પરમ ચતુર શ્રીહરિએ આ રીતે હરિભક્તોને દર્શન આપ્યાં અને તે પછી પુરમાં આવ્યા. ત્યાં ચારણના ચોકમાં સભા કરીને બેઠા. ૧૮.

ચોકમાં ઘણી વિશાળતા હતી. તેથી જેટલા હરિભક્તો આવ્યા હતા તે, તથા બીજા જે કોઈ બાઈ-ભાઈ આવ્યા હતા તે બધા સભામાં સમાઈ ગયા. ૧૯. (પછી મહારાજ કહે, કીર્તન બોલો. ત્યારે સંતો ***'નારાયણ નામ લેને તું પ્રાણી રે, બદ્રિનાથ પ્રગટ જુગ જાણી રે'*** આ રીતે સંતોએ ગાન કર્યું.)

✵ ધર્મમર્યાદા સત્સંગની શોભા છે :

चोपाई :

मरजाद रहे सत्संग की जेसे, हरिजन सब बैठेउ तेसे;
जो जो बात रहाये जितना, मरजाद से शोभा लहत तितना...२०
मरजाद तितना धर्म रहाते, मरजाद हि बिन धर्म न कहाते;
जितना जिहाँ मरजाद रहाये, तितना तिहाँ धर्म कहाये...२१
भूषण पेरेउ चाय जेसा, मरजाद नहीं सोहत लेसा;
राज समृद्धि रहेउ केसी, मरजाद बिन न सोहत लेसी...२२

તે સમયે સત્સંગની મર્યાદા જે રીતે જળવાઈ રહે તે રીતે બધા હરિભક્તો બેઠા હતા. જે કોઈ પણ જેવી બાબત હોય તે બધી તેટલી મર્યાદાથી શોભે છે. ૨૦. જેટલી મર્યાદા હોય છે તેટલો ધર્મ રહે છે. મર્યાદા વગરનો ધર્મ કહેવાતો જ નથી. જ્યાં જેટલી મર્યાદા રહેતી હોય ત્યાં તેટલો ધર્મ રહ્યો હોય તેમ કહેવાય છે. ૨૧. ઘરેણાં ચાહે તેટલા પહેર્યા હોય, પણ જો મર્યાદા ન હોય તો તે લેશ પણ શોભતા નથી. ગમે તેટલી રાજ્યસમૃદ્ધિ રહી હોય, છતાં તે મર્યાદા વિના લેશમાત્ર પણ શોભતી નથી. ૨૨. જે જે કાંઈ સરસ વાત કહેવાય છે તેમાં મર્યાદા રહેલી હોય છે. મર્યાદાના જેવી બીજી કોઈ સારી વાત દેખ્યા, સાંભળ્યામાં આવતી નથી. ૨૩. સત્સંગ કરવામાં જેટલી મર્યાદા રહેતી નથી તેના સમાન બીજી કોઈ હાનિ હોતી નથી. આવી વાત જેમાં વિવેક હોય તે સમજી શકે છે. ૨૪.

જેમાં મર્યાદારૂપી વિવેક ન હોય તેને મનુષ્ય કહી શકાય નહિ. વિવેક વિના જે અપાર સંપત્તિ મળી હોય તે બધી નિષ્ફળ થઈ જાય છે. ૨૫. મનુષ્યશરીરરૂપી સંપત્તિનું એટલું જ ફળ કહેવાય છે કે પહેલા સત્સંગ કરવો અને પછી બીજી બધી વાત કરવી. ૨૬.

✵ મોક્ષ માટે સત્સંગની અનિવાર્યતા :

આંખ, નાક અને કાન વિનાનો અતિ રૂપાળો ચહેરો જેવો દેખાય છે તેવો સત્સંગ વિનાનો મનુષ્ય દેખાય છે. ૨૭. જે જે વાત કરવી, તેનું ફળ

સત્સંગ કહેવાય છે. સત્સંગ સિવાય બીજું કોઈ ફળ નથી એવી મોક્ષભાગી જીવની સમજણ છે. ૨૮.

प्राक्रत जन रहायेउ जेता, सत्संग करन मांहीं तेता;
लाज रखत ओरमें न लाजा, करन हि अपना बिगारत काजा...२९
चाय तेसे रहे बुद्धिमाना, सत्संग बिन नहीं ठिकाना;
सत्संग से दूर जिहाँ लगहू, रहावत जो जन तिहाँ लगहू...३०
भवभटकत दुःख रहत अपारा, तन धरत कोउ वार न पारा;
अपना हित करना ही जितना, बुद्धि के फल जो कहे तितना...३१

જે પ્રાકૃત(સામાન્ય) મનુષ્ય છે તેને સત્સંગ કરવામાં શરમ આવે છે, પણ બીજા કોઈ કામમાં શરમ આવતી નથી. તેથી તે પોતાના શ્રેયરૂપ કાર્યને બગાડે છે. ૨૯. ચાહે તેવો કોઈ બુદ્ધિમાન માણસ હોય, પણ સત્સંગ ન હોય તો તેનું કાંઈ ઠેકાણું રહેતું નથી. મનુષ્ય જ્યાં સુધી સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી તેને આ સંસારનું ભટકણ અને અપાર દુઃખ રહે છે. અને તેને વારંવાર અપાર જન્મ લેવા પડે છે. ખરેખર પોતાનું જે હિત કરવું તે જ સાચું બુદ્ધિનું ફળ કહેવાય છે. ૩૦-૩૧. માણસને જ્યારે સત્સંગ થાય છે ત્યારે તે સત્સંગના યોગે કરીને તેમને ‘રૂડી બુદ્ધિનું ફળ સત્સંગ છે’ તેમ દેખાય છે. પછી તેને સત્સંગ સિવાયનું બીજું કાંઈ અધિક જણાતું નથી. ૩૨.

સત્સંગ કરીને જેની બુદ્ધિ ફરી જાય છે તેને સત્સંગ કરવામાં ફરક છે. રોજ રોજ વધારેમાં વધારે સત્સંગ થતો રહે અને તેનો રંગ ઊતરે નહિ ત્યારે તેનો પૂરો સત્સંગ કહેવાય છે. સત્સંગની આવી રીત રહી છે. (આટલી વાત ગ્રંથકારે કરી.) પછી શ્રીહરિ ગાદીતકિયા બિછાવેલી પાટ ઉપર આવીને બેઠા. ૩૩-૩૪. તે સમયે સંતો દોકડ, સરોદ આદિક વાજિંત્રોની સાથે હોરીનાં પદોને વિવિધ પ્રકારે ગાવા લાગ્યા. ત્યારે શ્રીહરિ પણ તેમની સાથે ગાવા લાગ્યા. ૩૫.

❋ શ્રીહરિની રમૂજની વિશેષતા :

તે વખતે શ્રીહરિ કેટલીક પ્રકારની રમૂજ કરતા હતા, તેનો લખતા પાર આવતો નથી. શ્રીહરિ જે કાંઈ પણ રમૂજ કરતા હતા તે વારંવાર સાંભળ્યા

જેવી છે. ૩૬. શ્રીહરિ ભક્તજનોને અપાર સુખ આપવા માટે વિવિધ પ્રકારની રમૂજ કરતા હતા. તેનો કહ્યે પાર આવતો નથી. ૩૭. શ્રીહરિએ તે સમયે જે રમૂજ કરી અને જેણે તે દેખી તેના ભાગ્યનો કોઈ પાર નથી અને તે કહી શકાતું પણ નથી. ૩૮. શ્રીહરિ પોતાના ભક્તજનોને સર્વોપરિ કરવા માટે રોજ રોજ ઘણા પ્રેમથી નવીન નવીન રમૂજ કરતા હતા. ૩૯. શ્રીહરિની જેટલી રમૂજ હતી તે બધી ભક્તજનોનાં પાપને ટાળવા માટેની હતી. શ્રીહરિને રમૂજ કર્યાનું પ્રયોજન પણ એટલું જ હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ સભામાં મર્યાદા અને સત્સંગનું મહત્ત્વ કહ્યું" એ નામે ચાલીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥



પૂર વીશમું : તરંગ - ૪૧

વિવિધ પ્રકારની રમૂજ દ્વારા વેદવિરુદ્ધ મતને પ્રગટ કર્યો

દરબાર સુરા ખાચર બધા હરિભક્તો કરતા શરીરે સ્થૂળ હતા. તેમણે મસ્તક ઉપર બાંધેલી પાઘ સહુથી મોટી હતી. ૧. સુરત બંદરના જેટલા હરિભક્તો હતા તે શ્રીહરિનાં દર્શન કરવાને માટે સભા ભરીને બેઠા હતા. ૨.

તેમાં નારાયણદાસ નામે એક કણબી હરિભક્ત હતા. શ્રીહરિએ તેમને પરમ રમૂજ કરાવવાને માટે કહ્યું, ૩. 'નારાયણદાસ ! તમારી જે સુરતી પાઘ છે તે અત્યારે સુરા ખાચરનાં મસ્તક ઉપર મૂકો, તો જોઈએ તો ખરા તે કેવા શોભે છે ! ૪. તેમણે શ્રીહરિને રાજી કરવા માટે શ્રીહરિએ કહ્યું તેમ કર્યું. જે સુરતી પાઘ હતી તે સુરા ખાચરનાં મસ્તક ઉપર મૂકી. ૫.

સુરા ખાચરના મસ્તક ઉપર મૂકેલી તે પાઘ હાથીના માથા ઉપર મૂકેલા નાળિયેર જેવી લાગતી હતી. પછી શ્રીહરિએ સુરા ખાચરની ઘણી મોટી પાઘને સુરતના નારાયણદાસના માથા ઉપર ઘણા ઉત્સાહથી મૂકાવી. તે કીડીના માથા ઉપર મૂકેલા આમળાના જેવી લાગતી હતી. ૬-૭. સુરા

ખાચર અને નારાયણદાસના ઉપર મૂકેલી પાઘને દેખીને શ્રીહરિ સહુથી વધારે પ્રસન્ન થયા. શ્રીહરિને રાજી કરવા માટે ગઢપુરના નાથા ભાવસારને પ્રેમભાવ રહેતો. તેઓને જેવો સમય હોય તેવી રીતે શ્રીહરિને રાજી કરતા આવડતું હતું. ૮-૯.

નાથા ભાવસાર નળકાંઠા પ્રદેશમાં જે શંખલા થાય છે, તે લઈ આવ્યા. શંખલાની પહોંચી, બાજુબંધ અને હાર કરીને પહેર્યા અને તેવી જ બનાવેલી પાઘડી પોતાના માથા ઉપર મૂકી. ૧૦. શંખલાના જ ઘુઘરા બંને પગમાં બાંધ્યા અને કમર ઉપર પણ તે શંખલા બાંધી દીધા. અને તે શંખલાની માળા હાથમાં લીધી, કપાળમાં ભયંકર તિલક કર્યું. ૧૧. જેટલા વેદવિરુદ્ધ મતો છે તેના બધાં ચિહ્નો તેણે પોતાનાં શરીર ઉપર ધાર્યાં હતાં. વેદવિરુદ્ધ બધાં ચિહ્નોને જોઈને શ્રીહરિએ તેને પૂછ્યું. ૧૨. તેના ઉત્તર નાથા ભાવસાર એ રીતે આપતા હતા કે જેથી જેટલા વેદ બહારના મતો છે, તે દેખાઈ આવે. ૧૩. નાથા ભાવસારે વેદવિરુદ્ધ જેટલા મતો ચાલતા હતા તેને તેવો વેશ ધરીને પ્રત્યક્ષ બતાવી દીધા. ૧૪.

મોરબીથી ઉત્તર દિશામાં એક ભિલ્લા નામે ગામ છે. ત્યાં એક ગોવિંદજી નામે પ્રસિદ્ધ બ્રાહ્મણ રહેતા હતા. તેને પણ બરાબર સમય પ્રમાણે શ્રીહરિને રાજી કરવાનું આવડતું હતું. ૧૫-૧૬. તે ગોવિંદજીભાઈને જ્યારે સત્સંગ થયો ત્યારે તેઓ વેદવિરુદ્ધના જેટલા મતો છે, તેમાં રહેલા બધા દોષોને યથાર્થપણે જાણતા હતા. ૧૭. સત્સંગ થયા પહેલા તેઓ તે દોષોને ગુણ કરીને માનતા હતા. જેટલા વેદવિરુદ્ધ મત હોય છે તે વેદને માનતા નથી. ૧૮.

જે વેદને માનતા નથી, તે બધા મત વેદથી વિરુદ્ધ છે. વેદને જે સહુથી અધિક માનવા, તેને સત્સંગ કહેવાય છે. ૧૯. સત્સંગનો મુખ્ય યથાર્થ મત એવો છે કે, વેદમાં જે બતાવ્યું હોય તે રીતે ધર્મ અને અધર્મનો નિર્ણય કરવો. ૨૦. મનુષ્યનાં શરીરને પામીને જેટલી અધર્મમાં રુચિ રહે છે તેટલો મનુષ્યશરીરમાં અધર્મ વંશ રહ્યો છે. ૨૧. જેમાં જેટલો અધર્મ વંશ રહે છે તેટલો તેમાં અસુર સ્વભાવ રહ્યો છે, તેમ વેદ કહે છે. અને તે અસુરભાવ

છે તે અધર્મમાં રુચિ કરી બતાવે છે. ૨૨. જેને જેટલી ધર્મમાં રુચિ હોય છે તેટલો તે મનુષ્ય દૈવી હોય છે અને જેટલા દૈવી મનુષ્યો છે તે ધર્મમાં રુચિ હોવાથી તેવા કહેવાય છે. ૨૩. રુચિ ઉપરથી જે માણસ જેવો હોય છે તેવો યથાર્થ દેખાય જાય છે. અને વેદ પણ તે રીતે જ વારંવાર કહે છે. ૨૪.

✵ જેવા વિચાર તેવું જીવન :

મનુષ્ય જયાં સુધી વેદથી વિરુદ્ધ મતમાં રુચિ રાખે છે ત્યાં સુધી તે ઘણો અલ્પ-અજ્ઞાની રહે છે. ૨૫. **જે મનુષ્ય તુચ્છ રુચિ રાખે છે તે મનુષ્ય તુચ્છ રહે છે અને જે ઉત્તમ રુચિ રાખે છે તે ઉત્તમ મનુષ્ય બને છે. ૨૬. જે જે ઉત્તમ થયા છે તે ઉત્તમ(શ્રેષ્ઠ) પુરુષનો સમાગમ કરવાથી જ અત્યંત ઉત્તમ થઈ ગયા છે. તે પ્રગટ દેખાઈ આવે છે. ૨૭.** જે સર્વોત્તમ પુરુષનો પ્રેમથી અપાર સમાગમ કરે છે તે ઉત્તમ જ્ઞાનને શીખે છે અને કુબુદ્ધિ મનુષ્ય તો જેમ જેમ ઉત્તમ જ્ઞાન શીખે છે તેમ તેમ તેનું અજ્ઞાન વધારે વધતું જાય છે. ૨૮.

કુબુદ્ધિવાળા માણસો તો આવા ઉત્તમ સત્સંગનું જ્ઞાન શીખીને પણ અધિક ખળતાવાળા થાય છે. પછી તે હરિભક્તોને તુચ્છ કહે છે. ૨૯. પોતાનું માહાત્મ્ય જે વધારે જાણે તેવા હરિભક્તને તે મોટો દેખે છે. જેટલા તુચ્છ મતિવાળા કુબુદ્ધિ હોય છે તે સત્સંગના જ્ઞાનને શીખીને, ૩૦. પોતામાં વધારે ગુણોને માને છે. હરિભક્તોમાં જે જેટલા ગુણ દેખતા નથી તેટલા તે સત્સંગથી વિમુખ રહે છે. ૩૧. અને જે પોતે પૂરેપૂરો અધમ હોય છે તે પોતે જરૂર નરકમાં જાય છે અને જે લોકો તેનો સમાગમ રાખે છે તેને પણ તે નરકમાં લઈ જાય છે. ૩૨. સત્સંગની રીત સમજયા વિના જે કોઈ વધારે કે ઓછું વર્તે છે તેને જે પૂરી રીતે સત્સંગ કરનારો છે તે યથાર્થ રૂપમાં ઓળખે છે. ૩૩. વિપ્ર ગોવિંદજી બોલવામાં ઘણા ચતુર હતા. તે જે વેદવિરુદ્ધ મતો હતા તેને પ્રગટ કરીને દેખાડતા હતા. ૩૪.

શ્રીહરિ ગોવિંદજી વિપ્રને જોઈને વારંવાર તેમને બોલાવતા હતા. જેટલા અધર્મી લોકો હોય છે તે ધર્મવાળા સાથે દ્વેષ રાખે છે. ૩૫. હુતાશનીને

દિવસે આટલી વાત થઈ. હવે પછી ફૂલદોલની જે વાત છે તે કહું છું. ૩૬. સવારના પહોરમાં શ્રીહરિએ સ્નાન વગેરે કર્યું અને જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે ભાવથી જમ્યા. પછી પ્રેમથી મુખવાસ લીધો. ૩૭. પછી શ્રીહરિએ જેટલા સંતો હતા, તે બધાને જમાડ્યા. જલેબી અને મોતીચૂરના લાડુ આપ્યા. ૩૮. શ્રીહરિ પોતે રોજ રોજ સંતોને ઘણા જ ભાવથી પીરસતા હતા. તે પછી શણગારેલા ફૂલદોલ ઉપર બેઠા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "વિવિધ પ્રકારની રમૂજ દ્વારા વેદવિરુદ્ધ મતને પ્રગટ કર્યો" એ નામે એકતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર વીશમું : તરંગ - ૪૨

શ્રીહરિએ રંગક્રીડા કરીને પછી નટ રમાડ્યા

શ્રીહરિ ફૂલના હિંડોળા ઉપર બેઠા હતા. તે પછી રંગે રમવાને માટે મછિયાવ ગામની બહાર આવ્યા. મૂર્તિ ઘણી સુશોભિત હતી. ૧. ગામથી પશ્ચિમ દિશામાં ગામનો દરવાજો અને તળાવની વચ્ચે સુંદર મેદાન હતું તેને દેખીને, ૨. શ્રીહરિ ત્યાં આવીને ગાડાં ઉપર બેઠા. પછી રંગથી મોટા મોટા ઘણા વાસણો ભરી દીધા. ૩. કેસર, કેસુડા અને પતંગનો ઘણો જ રંગ તૈયાર કરાવ્યો હતો, તેમજ ગુલાલ પણ અપાર હતો. ૪.

સંતો અને વર્ણીઓ જે હતા તે બધાની એક સભા થઈ. તેમજ દેશ દેશથી આવેલા બધા હરિભક્તોની પણ સભા થઈ. ૫. તે સમયે શ્રીહરિએ વિપ્રોને બોલાવીને વિપ્રોને સાથે બેસાડ્યા અને ક્ષત્રિય દરબારો અને કાઠી દરબારોને પણ સહુ સહુના સમાજમાં બેસાડ્યા. ૬. વૈશ્યોના ભેળા વૈશ્યોને અને શૂદ્રના ભેળા શૂદ્રોને, સહુ સહુની જાતિ પ્રમાણે વિવેકથી બેસાડ્યા. ૭. જે હરિભક્તો થયા હતા તેમનામાં બધો વિવેક હતો. બધો વિવેક હરિભક્તોમાં નિવાસ કરીને રહ્યો હતો. તેથી બધા હરિભક્તો બીજા સમાજ કરતાં કાંઈક

અધિક હતા. ૮. વિવેક હોવાથી હરિભક્તોની સભા ઘણી શોભતી હતી તેમજ સંતોની સભા પણ માનસરોવરમાં હંસ હોય તેવી દીપતી હતી. ૯. આ કહેલી જે સભા, તેના ઉપર શ્રીહરિએ કટોરામાં ભરી ભરીને રંગ છાંટ્યો. જ્યારે શ્રીહરિએ રંગની ઝડી મચાવી દીધી તે વખતે ઘણી જાતનાં વાજિંત્રો ત્યાં વાગતાં હતાં. ૧૦.

સંતો હોરીનાં પદ ગાતા હતા ત્યારે તેમની અનંત શોભા બની હતી. શ્રીહરિને જે રીતે રંગ ઉડાડવામાં ઉમંગ હતો તે રીતે સંતોને પણ હોરીનાં પદ ગાવામાં ઉમંગ હતો. ૧૧. સંતો મનના ઘણા ઉત્સાહભાવથી ગાતા હતા. આ રીતે ઉત્સાહપૂર્ણ અનુપમ ઉત્સવ થયો અને તે રીતે જ તે વખતે ઢોલ અને તાંસા વાગતાં હતાં. શ્રીહરિ જે રંગ ઉડાડતા હતા, તે તો કહી શકાતું નથી. ૧૨. જેટલો રંગ હતો તે બધો શ્રીહરિએ ભક્તોના ઉપર ઉડાડી દીધો. પછી ગુલાલ ઉડાડીને ધૂમ મચાવી દીધી. ૧૩. બધા સંતો અને હરિભક્તો રંગ રંગ થઈ ગયા. અને શ્રીહરિની મૂર્તિમાં પણ નખથી શિખા પર્યંત રંગ ભરાઈ ગયો હતો. ૧૪. જમીન અને આકાશ ગુલાલને લીધે રંગાઈ ગયા હતા અને તેટલા આકાશમાં વિમાનો પણ છવાઈ ગયા હતા. ૧૫. શ્રીહરિ જે વખતે રંગ ઉડાડી રહ્યા તે વખતે જેટલા દેવતાઓ આવ્યા હતા, તેમણે ફૂલની ઝડી વરસાવી દીધી હતી. ૧૬.

તે પછી શ્રીહરિ રંગે સહિત પ્રેમથી તળાવમાં નાહ્યા. સંતો અને હરિભક્તો પણ તળાવમાં નાહ્યા. સહુના નાવાથી તળાવનું પાણી પણ રંગાઈ ગયું. ૧૭. શ્રીહરિ નાહીને પાણીથી બહાર નીકળ્યા. શરીર લૂછીને નવાં વસ્ત્ર અંગ ઉપર પહેર્યાં. ૧૮. શ્રીહરિ આવીને ગાડાં ઉપર બેઠા અને ત્યાં સંતોની સભા થઈ. બધા હરિભક્તોની પણ સભા થઈ. ત્યારે કેટલાક હરિભક્તો પૂજા કરવા આવ્યા. ૧૯. થાળમાં પૂજાપો ભરીને આવેલા તે હરિભક્તો દીનદયાળુ શ્રીહરિને પૂજવા લાગ્યા. તે સહુ વિવિધ પ્રકારનાં વસ્ત્ર અને આભૂષણ ઘણા પ્રેમથી શ્રીહરિને પહેરાવતાં હતાં. ૨૦.

શ્રીહરિ ગાદીતકિયા ઉપર બેઠા હતા ત્યારે અત્યંત સોહામણા લાગતા હતા. જે હરિભક્તો પૂજા લાવ્યા હતા તેઓ તે દિવસે શ્રીહરિને, ૨૧. મનના

ઘણા હરખથી પૂજવા લાગ્યા. તે એક એક ગામના હરિભક્તોને શ્રીહરિ બોલાવતા. એક ગામના હરિભક્તો જે પૂજા લાવ્યા હોય તે જ્યારે શ્રીહરિની પૂજા કરી રહે ત્યારે બીજા ગામના હરિભક્તો મનના પ્રેમભાવથી આવતા હતા. અને ઘણા પ્રેમથી પૂજા કરતા હતા. ૨૨-૨૩. તે પછી હરિભક્તો મનમાં રહેલાં અત્યંત આનંદ ઉત્સાહથી સંતોની પૂજા કરતા. ચંદનની અર્ચા કરી, પછી ઘણા પ્યારથી ફૂલના હાર પહેરાવતા હતા. ૨૪. મછિયાવ ગામના હરિભક્ત રાજા બાપુભાઈ શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. વસ્ત્ર અને ઘરેણાંથી ભરેલો થાળ સોનાનો હતો. ૨૫. પૂજાનો જેટલો વિધિ હોય છે તે બધો કર્યો. અને ઘણા સ્નેહભાવથી શ્રીહરિની પૂજા કરી. ૨૬.

જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે રૂપિયાનો ભરેલો થાળ શ્રીહરિની આગળ ભેટ મૂક્યો. પછી મનમાં અત્યંત પ્રસન્ન થઈને આરતી કરી. ૨૭. બાપુભાઈએ શ્રીહરિની ઘણી પ્રાર્થના કરી. બંને હાથ જોડીને પોતાનું મસ્તક શ્રીહરિનાં ચરણમાં ધરી દીધું અને કહ્યું, 'હવે આપના આશ્રિતોમાં મને કોઈ દિવસ ક્યારેય અરુચિ થાય નહિ. ૨૮. મારા પુત્ર અને પૌત્રો વગેરે જે મારા વંશમાં થાય તે બધા સત્સંગ રાખીને હરિભક્ત થાય, પણ ક્યારેય કુસંગમાં મનને પરોવે નહિ. ૨૯. વળી તે બધાને સંતોનો સમાગમ કરવામાં ક્યારેય અરુચિ થાય નહિ. હરિભક્તોને માટે જેટલી વસ્તુઓ વર્જિત કહેવાય છે તેમાં તે મારા વંશજો રુચિ રાખે નહિ.' દરબારે જ્યારે આવું વરદાન માગ્યું ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમારા પુત્ર અને પૌત્રો કુસંગની વાતમાં, જ્યાં સુધી દોષ દેખતા રહેશે ત્યાં સુધી તે હરિભક્ત રહેશે. જ્યારે તેઓ કુસંગમાં રુચિ કરશે ત્યારે તે હરિભક્ત રહેશે નહિ. ૩૦-૩૨.

કુસંગનો રંગ એવો છે કે તે લેશમાત્ર પણ સત્સંગ રહેવા દેતો નથી. જ્યાં સુધી કુસંગનો રંગ લાગવા ન દે અને કુસંગથી દૂર રહે, ૩૩. ત્યાં સુધી સત્સંગનો રંગ લાગેલો રહે છે. અને ક્યારેય તેનો રંગ ઊતરતો નથી. સત્સંગની જે આવી રીત છે તે મેં તમને ઘણા હેતથી કહી છે.' ૩૪.

દરબાર બાપુભાઈએ શ્રીહરિની કહેલી વાતને પરમ સત્યરૂપમાં માની. પછી તેમણે સંતોની પૂજા કરી અને સહુ સંતોને વસ્ત્ર ઓઢાડી દીધાં. ૩૫.

જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે બાપુભાઈએ અત્યંત દીન થઈને બધી સભાને દંડવત્-પ્રણામ કર્યા. ૩૬. શ્રીહરિએ તે વખતે જેટલા ફૂલના હાર પહેર્યા હતા, તે બધા દરબારને પ્રસન્ન થઈને પહેરાવી દીધા. ૩૭. પછી જ્યારે દિવસ બે ઘડી બાકી રહ્યો ત્યારે નટ રમવા માટે આવ્યા. તેમણે સામસામા ભાલા મારવાની રમત કરી હતી. ૩૮.

નટોએ પોતાની જેટલી કળા હતી તે શ્રીહરિની આગળ બતાવી દીધી. તે નટની કળાને દેખીને શ્રીહરિ તેના ઉપર ઘણા પ્રસન્ન થયા. ૩૯. નટ જ્યારે રમી રહ્યા તે વખતે શ્રીહરિએ તેમને રૂપિયા અપાવ્યા. પછી ફૂલદોલના ઉત્સવમાં જેટલા હરિભક્તો આવ્યા હતા તે સહુને પોતાને ઘેર જવા માટે શ્રીહરિએ રજા આપી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ રંગક્રીડા કરીને પછી નટ રમાડ્યા" એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર વીશમું : તરંગ - ૪૩

દદુકામાં ધામધૂમથી શ્રીહરિની નગરયાત્રા

પછી ફાગણ વદ બીજને દિવસ **દદુકા** ગામના બધા હરિભક્તોએ શ્રીહરિવરને પોતાના ગામમાં પધરાવ્યા. ૧. શ્રીહરિ સંતોની સાથે દદુકા પધાર્યા. પોતે અનુપમ અશ્વ ઉપર બેઠા હતા અને બધા કાઠી દરબારો પણ અશ્વ ઉપર બેઠા હતા. કારણ કે તે બધા રાજાઓ હતા. ૨. શ્રીહરિની અસ્વારી, સંતો, વર્ણી અને પાર્ષદો, શ્રીહરિ તે સહુને સાથે લાવ્યા હતા. કારણ કે, દદુકાના અલુભાઈ, ગોડજીભાઈ વગેરે હરિભક્તોને તેવો ભાવ હતો. તે સહુ અત્યંત શોભતા હતા. આવી શોભા ક્યાંય થઈ ન હતી. ૩-૪.

શ્રીહરિ, સંતો અને હરિભક્તોની શોભા સહુથી પર હતી. આવી શોભા બીજી કોઈ કહેવાય નહિ. આ શોભા તો સર્વોપરિ કહેવાય. ૫.

શ્રીહરિ, સંતો અને હરિભક્તોની જેટલી વાત જીવના હૃદયમાં રહે છે તેને ફરીવાર ભવભટકણ રહેતું નથી. તેમની વાત એવી છે. ૬.

❋ જેવા શ્રીજી, સંતને જાણે તેવો તે થાય :

વળી, જેટલી જાતનાં દુઃખો કહેવાય છે તેનું વિઘ્ન ક્યારેય થાય નહિ; એવું ભગવાન તથા ભક્તોની વાતમાં ફળ રહ્યું છે. આ બાબત જરાય ખોટી નથી. ૭.

चोपाई :

हरिजन होत जो जानत ताहि, हरिजन बिन न जानत रहाहि;
हरि संत हरिजन कु जेसे, जानत रहे जन जो तेसे...०८
तेसे फल कु पावत तेही, हरिजन जानत रहे एही;
हरि संत हरिजन बिन जितनी, शोभा बात रहाये तितनी...०९
भव भटकत रहे वारवारी, दुःख के रहे न वार हि पारी;
हरि संत हरिजन से विमुखा, दुःख जो तामें मानत सुखा...१०

જે ખરા હરિભક્ત હોય છે તેઓ તે બાબતને જાણે છે, પણ જે હરિભક્ત નથી હોતા તે જાણતા નથી. શ્રીહરિ, સંતો અને હરિભક્તોને જે મનુષ્ય જેવાં રૂપમાં જાણે છે તે તેવા ફળને પામે છે, તેમ ખરા હરિભક્ત સમજે છે. શ્રીહરિ, સંતો અને હરિભક્તો સિવાયની જેટલી શોભા અને જેટલી વાત છે, તે બધી વારંવાર સંસારમાં ભટકાવે છે. અને દુઃખનો કોઈ પાર રહેતો નથી. જે શ્રીહરિ, સંતો અને હરિભક્તોથી વિમુખ છે તે દુઃખમાં પણ સુખ માને છે. ૮-૧૦. દુઃખમાં જે સુખ મનાય છે તે શ્રીહરિ, સંતો અને હરિભક્તોના દ્રોહનું પ્રગટ ફળ છે. તે બાબત વિમુખને મનાતી નથી. ૧૧. આવા જે મોટા પરચાઓ છે તે પ્રગટ કરીને શ્રીહરિએ દેખાડ્યા છે. આવા પરચાઓ તો અપાર છે પણ તે ગુરુ દ્વારા દેખાય છે. ૧૨.

કોઈ પણ બાબતમાં ગુરુ મળ્યા સિવાય તે વાત યથાર્થ સમજાતી નથી. ૧૩. શ્રીહરિ જ્યારે દદુકા ગામની પાસે આવ્યા ત્યારે જેટલા હરિભક્તો હતા તે બધા ઘણી ભાવનાથી શ્રીહરિની સામે આવ્યા. ૧૪.

જેટલા હરિભક્તો હતા, તેમણે શ્રીહરિની પાસે આવીને દંડવત્-પ્રણામ કર્યા અને જે શ્રીફળ લાવ્યા હતા તે પણ આગળ ધરી દીધા. ૧૫. ફૂલના જે હાર હતા તે શ્રીહરિને પહેરાવી દીધા. પછી સહુ હરખભેર શ્રીહરિને લઈને ગામમાં ચાલ્યા. ૧૬.

ઢોલ, તાંસા જેવાં જેટલાં વાજિંત્રો હતાં તે શ્રીહરિની આગળ વાગવાં લાગ્યાં. અને ઘોડાઓ ઉપર જે ડંકાઓ અને નિશાનો હતા તે શ્રીહરિની આગળ ચાલતા હતા. ૧૭. સંતોએ સહિત શ્રીહરિ જ્યારે દદુકા ગામમાં પ્રવેશ્યા ત્યારે ગામની બધી રાજબજારોમાં પાણી છંટાવી દીધું હતું. ૧૮. બજારમાં કેળના સ્તંભ રોપાયેલા હતા, તેનાથી માનો કેળનો બાગ હોય તેમ દેખાતું હતું. ગામમાં જેટલા મનુષ્યો હતા તે બધા બજારમાં આવીને ઊભા હતા. ૧૯. સહુના હાથમાં ફૂલના હાર લીધેલા હતા. તેનાથી તે બજાર માનો ફૂલના બગીચા જેવી બની હતી. બજાર ઉપર જેટલી દુકાનો હતી તે બધી રંગબેરંગી કરી દીધી હતી. ૨૦.

શ્રીહરિ જે અશ્વ ઉપર બેઠા હતા તે જરીમય દેખાતો હતો. અશ્વ અને શ્રીહરિની મૂર્તિ તે જરિયાની વસ્ત્રથી સોનેરી લાગતી હતી. ૨૧. મસ્તક ઉપર જે જરિયાની છત્ર ધારણ કર્યું હતું તેનું તેજ ઝગમગ ઝગમગ થતું હતું. શ્રીહરિએ હાથમાં જે સોનાની છડી રાખી હતી તેમાં રંગબેરંગી મોતી જડેલા હતા. ૨૨. શ્રીહરિના કંઠમાં હાર, તોરા અને બાજુબંધ જે કાંઈ હતા તે બધા મોતીના હતા. શ્રીહરિના લલાટમાં કેસરયુક્ત ચંદનનું તિલક કર્યું હતું તે ભક્તજનનાં ચિત્તને ચોરતું હતું. ૨૩. શ્રીહરિની આગળ છડીદાર ચાલતા હતા અને તે મુખથી જય જયકાર કરતા હતા. તેની આગળ પાર્ષદો હતા, તે બંદૂકોના અવાજની ધૂમ મચાવી દેતા હતા. ૨૪.

સંતો મુખથી ગરબીનાં પદો બોલતા હતા. શ્રીહરિ આ રીતે જ્યારે બજારમાં ચાલ્યા આવતા હતા ત્યારે અનંત શોભા છવાઈ ગઈ હતી. ૨૫. તે સમયે શ્રીહરિના ઉપર ફૂલની વૃષ્ટિ થતી હતી અને બધા લોકો જયજયકાર કરતા હતા અને હાથ જોડી રહ્યા હતા. ૨૬.

ગામની જેટલી ભાવિક સ્ત્રીઓ હતી તે મોતીના થાળ ભરી ભરીને પોતાનો જન્મ સફળ કરવા માટે ધર્મના લાલ શ્રીહરિને વધાવતી હતી. ૨૭. જે લોકો શ્રીહરિનાં દર્શન હૃદયના ભાવથી કરતા તેમને સંસારમાં ક્યારેય આવવું પડતું નહિ, તેવું ભાવમાં ફળ રહ્યું છે. ૨૮. જેટલી કલ્યાણકારી વાત છે તે બધી ભાવનામાં રહી છે. જે રીતે શ્રીહરિ દદુકા ગામમાં આવ્યા તે બધી વાત મેં કહી. ૨૯. પછી શ્રીહરિ ગામથી બહાર આવ્યા અને ગામના દરવાજાની પાસે ગાડાં ઉપર જે ગાદીતકિયા બિછાવી દીધા હતા, તેના ઉપર આવીને બેઠા. ૩૦.

ત્યાં બધા સંતોની સભા થઈ અને તેમાં સહુ આવીને બેઠા. શ્રીહરિરાય ઉત્તર મુખે બેઠા હતા અને સભા બધી સન્મુખ બેઠી હતી. ૩૧. જ્યાં સુધી રસોઈ તૈયાર થઈ ત્યાં સુધીમાં બધા સંતોએ ગરબીનાં પદો બોલીને ધૂમ મચાવી દીધી. ૩૨. તે વખતે શ્રીહરિ પણ પરમ સ્નેહભાવથી સંતોની સાથે ***'તમે મીઠું બોલીને મન લીધું રે, મીઠડા બોલાજી'*** તે પદ ગાતા હતા. હાથથી તાળી બજાવીને બધું આકાશ ગજવી દીધું હતું. ૩૩.

❋ ભગવાનના સંબંધની મહત્તા :

हरि संग गावत रहे जाके, भाग्य कहे नहीं जावत वाके;
जो जो बात महीं हरि जेहा, संग रहाये अखंड तेहा...३४
ताके भाग्य के वार न पारा, निगम अगम इमि करत उचारा;
सरवोपरि यह भाग्य रहाये, हरि के सबंध जेता जाये...३५

શ્રીહરિ જેની સાથે ગાતા હોય તેનું ભાગ્ય કહી શકાતું નથી. જે કોઈ પણ બાબતમાં શ્રીહરિ જેની સાથે અખંડ રહ્યા હોય તેનું ભાગ્ય તો અપરંપાર ગણાય છે, તેમ વેદો અને શાસ્ત્રો બધાં કહે છે. જેને શ્રીહરિનો જેટલો સંબંધ થાય તે તેનું સર્વોપરિ ભાગ્ય છે. ૩૪-૩૫. શ્રીહરિના સંબંધ વિનાનું જે લખાણ છે તે ઘણું અપાર હોય તોપણ તે વ્યવહાર સિદ્ધ કરવા માટેની વાત જેવું છે, તે મુખથી કહી શકાતું નથી. ૩૬.

ભગવાનના સંબંધને સમાન કોઈ ઉત્તમ વાત કહેવાતી નથી, તેમ સહુ સંતો અને હરિભક્તો જાણે છે. ૩૭. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ

ગામમાં પધાર્યા. ખૂબ સ્નેહભાવથી જમ્યા અને પછી સંતોને જમાડ્યા. ૩૮. દહીં મેળવેલા ઘણા પાત્ર ત્યાં લાવીને આગળ મક્યા. અને હેતથી સંતોને જમાડવા માટે તેમાં સાકર નાખી. ૩૯. સંતોના ઉપર ઘણો ભાવ હોવાથી શ્રીહરિએ તે દહીં પીરસીને સંતોની તે જગ્યામાં કીચડ મચાવી દીધો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "દદુકામાં ધામધૂમથી શ્રીહરિની નગરયાત્રા કહી" એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર વીશમું : તરંગ - ૪૪

સંતોના મંડળને ફરવા મોકલી શ્રીહરિ મછિયાવથી ગઢપુર આવ્યા

દદુકા ગામમાં જેટલા હરિભક્તો હતા તે સહુએ ભેળામળી તે દિવસે રસોઈ આપી. પછી તે બધા શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. ૧. કેસરયુક્ત ચંદનથી પૂજા કરી, હાર પહેરાવ્યા. તે પછી આરતી કરી. ૨. રૂપિયાનો ભરેલો થાળ શ્રીહરિની આગળ મૂક્યો અને વસ્ત્રો તથા ઘરેણાંઓ પણ શ્રીહરિની આગળ મૂક્યાં. ૩. પછી તે સહુ હરિભક્તોએ સંતો અને વર્ણીની પૂજા કેસર, ચંદન ઇત્યાદિક લઈને કરી. ૪.

ફૂલના હાર પહેરાવ્યા અને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. હરિભક્તોના મનમાં જેવા મનોરથો હતા તેવા શ્રીહરિએ પૂરા કરાવ્યા. ૫. તે પછી શ્રીહરિ દદુકાથી **મછિયાવ** આવ્યા. સંતો અને વર્ણી વગેરે સાથે હતા. દેશ દેશાવરના હરિભક્તો સમૈયા ઉપર આવ્યા હતા. ૬. તે સહુ પોતાના દેશમાં ગયા ત્યારે શ્રીહરિની આગળ સહુ કહેતા ગયા કે, 'અમારા ઉપર કૃપા કરીને સંતોનું એક મંડળ અમારા દેશમાં મોકલજો. ૭.

✵ સંતો સત્સંગનું મૂળ છે :

चोपाई :

सत्संग ताके मूर हि जोऊ, संत ता बिन नहीं हे कोऊ;
भगवान कु देखावन ताके, मूर नहीं हे संत बिन वाके...०८

संत में सहज गुन हे एसा, प्रीति करावे हरि में तेसा;
हरि में प्रीत करावे जितना, संत के गुन कहे जो तितना...०९
भगवान से अधिक जो बाता, अक्षर प्रजंत नहीं रहाता;
भगवान से अधिक कहे जेता, भगवान के चोर रहे तेता...१०

સત્સંગનું મૂળ સંતો છે. તે સિવાય બીજું કોઈ નથી. સંતો સિવાય ભગવાનની પ્રાપ્તિ કરાવવાનું બીજું કોઈ મૂળ નથી. ૮. ભગવાનના સ્વરૂપમાં પ્રેમ કરાવે તેવો સંતોમાં સહજ ગુણ હોય છે. ભગવાનના સ્વરૂપમાં પ્રેમ કરાવવો તે સંતોનો ગુણ કહ્યો છે. ૯. ભગવાનથી અધિક અક્ષરપર્યંત કોઈ વાત નથી. જે ભગવાનથી અધિક બીજું કાંઈ કહે છે તે બધા ભગવાનના ચોર છે. ૧૦. ભગવાનના ચોર છે તે ભગવાનથી અધિક બીજાને કહે છે. સંતોનું મૂળ ભગવાન કહ્યા છે. ભગવાનથી કોઈ અધિક કહ્યું નથી. ૧૧. આવા સંતોના સમાગમથી સત્સંગનો રંગ ચઢતો રહે છે. સંતોની કહેલી વાત એવી હોય છે કે સત્સંગનો રંગ ચઢતો રહે. ૧૨.

દિનપ્રતિદિન સત્સંગનો રંગ વધારે ને વધારે ચઢતો રહે તેટલા માટે હરિભક્તો તેવા પવિત્ર સંતોનો સમાગમ માગતા હતા. ૧૩. સંતોના સમાગમ સિવાય સત્સંગનો રંગ દિવસે દિવસે ઘટતો જાય છે. કારણ કે એવું દેખાય છે કે જેવો વરસાદ હોય તેવું અન્ન પાકે છે. ૧૪. હરિભક્તોએ શ્રીહરિ આગળ જે વાત કહી તે વાત શ્રીહરિએ સંતોને કહી. તેથી સંતો શ્રીહરિ અને હરિભક્તોની વાત સાંભળીને મનમાં રાજી થયા. ૧૫. જેવો દેશ હોય તેવા સંતોનાં મંડળને શ્રીહરિએ વિચરણ કરવા કહી સંભળાવ્યું. પછી સંતો રાજી થઈને ચાલતા થયા. ૧૬.

મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી, એ બે સદ્‌ગુરુને અને પરમાનંદસ્વામીને મંડળ બાંધીને સુરત બંદર મોકલ્યા. નગરજનોનો જેવો ભાવ હતો તેવા સંતો મોકલ્યા. શ્રીહરિ સંતોને મોકલીને હરિભક્તોનો જેવો ભાવ હોય તેને દેખતા હતા. ૧૭-૧૮. હરિભક્તોના દિલમાં શ્રીહરિને પોતાના ગામમાં પધરાવવાનો ખૂબ ભાવ હોય છે. તે ભાવ જેવો હતો તે જ્યારે સંતો ત્યાં ગયા ત્યારે પુરના હરિભક્તોએ પ્રગટ કર્યો. ૧૯.

શ્રીહરિ જે કોઈ પણ શહેરમાં જતા હતા ત્યારે તે ભક્તજનોનો ભક્તિભાવ દેખીને જ્યાં જેવી રીતે ભાવ રહે તેવી રીતે પ્રબંધ કરીને, ૨૦.

શ્રીહરિ તે શહેરમાં પ્રવેશ કરતા. એવી શ્રીહરિની રીતિ હતી. સહુ લોકોના નાડી-પ્રાણ છે તે તો શ્રીહરિના હાથમાં જ છે, ૨૧. છતાં પણ મનુષ્યની જેવી રીત હોય તેવી શ્રીહરિ પણ દેખાડતા. પોતે સહુથી મહાન હોવા છતાં પણ મનુષ્યની રીતિ પ્રમાણે ચાલતા હતા. ૨૨. આ રીતે વર્તવું તે શ્રીહરિ માટે સહુથી કઠણમાં કઠણ વાત દેખાય છે. ભગવાન સિવાય બીજા કોઈ આવી મોટપને સહન કરી શકતા નથી. ૨૩. ધર્મના દુલારા એવા શ્રીહરિ જ્યારે ગઢપુર જવા તૈયાર થયા ત્યારે ઉપર કહેલા સદ્‌ગુરુઓ **મછિયાવ** ગામથી **સુરત** જવા ચાલ્યા. ૨૪.

શ્રીહરિ **શિયાળ** ગામ આવ્યા. ત્યાંના હરિભક્ત એક વણિક માધવ શેઠ હતા. તેનો ભાવ જોઈને ત્યાં રસોઈ કરાવી. ૨૫. શ્રીહરિ જ્યારે રસોઈ જમીને ચાલતા થયા, તે વખતે નિત્યાનંદસ્વામી અને આનંદાનંદસ્વામી શ્રીહરિની પાછળ પાછળ આવતા હતા. ૨૬. ભગુજી આદિક જે પાર્ષદો હતા તે પણ શ્રીહરિની પાછળ ચાલ્યા હતા. સહુ **રોજકા**માં આવીને રાત રહ્યા. ૨૭. રોજકામાં દેવદાસ નામે એક ચારણ હરિભક્ત હતા. શ્રીહરિ તેને ઘેર આવીને ઊતર્યા. ૨૮.

મુકુંદાનંદ વર્ણીએ રસોઈ તૈયાર કરી ત્યારે શ્રીહરિ આનંદપૂર્વક જમ્યા. પોતાની સાથે જે સવારો હતા તે બધાને પણ જમાડ્યા. ૨૯. થાક લાગી ગયો હતો એટલે સહુ સૂઈ ગયા હતા. જ્યારે અધરાત થઈ ત્યારે જે પાર્ષદો પાછળ રહી ગયા હતા તે આવ્યા. સાંજની જે રસોઈ વધી હતી તેનાથી પાર્ષદોને જમાડ્યા. ૩૦. રાત પાછલો એક પહોર બાકી રહી ત્યારે શ્રીહરિ રોજકાથી ચાલતા થયા. પોતે અશ્વ ઉપર સવાર થયા હતા અને તે વખતે ત્યાંથી **કારિયાણી** આવ્યા. ૩૧. વસ્તા ખાચરને ભવને રસોઈ કરાવીને શ્રીહરિ જમ્યા. ત્યાં પાર્ષદો જમી રહ્યા પછી શ્રીહરિ ત્યાંથી ચાલતા થયા. ૩૨.

પછી ઘનશ્યામ શ્રીહરિ **ગઢપુર** આવ્યા. ત્યાં જેટલા હરિભક્તો હતા તે શ્રીહરિની સન્મુખ આવ્યા. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં પોતાના

સ્થાનમાં નિવાસ કરીને રહ્યા. ૩૩. શ્રીહરિ નિત્યાનંદસ્વામીને પોતાની સાથે લાવ્યા હતા અને પછી પ્રાગજી દવેની પાસે ઘણા ઉત્સાહથી શ્રીમદ્‌ભાગવત વાંચવાનું શરૂ કરાવ્યું. શ્રીહરિ ભાગવત સાંભળવાની ઘણી ઈચ્છા રાખતા હતા. શ્રીહરિએ દાદા ખાચર માટે ઘણા સારા ઉગમણા બારના બંને ઓરડા બંધાવવાનો પ્રારંભ પરમ પ્રેમથી કર્યો. માણસા ગામના ગંગારામભાઈ નામે એક સુતાર હતા. ૩૪-૩૬.

તેઓ પાકા હરિભક્ત હતા અને સુતારી કામમાં ઘણા નિપુણ હતા. તેમને શ્રીહરિએ ગઢપુર બોલાવ્યા. ૩૭. શ્રીહરિના બોલાવવાથી ઉનાવા ગામના હરિભક્ત હરખા સુતાર પણ તેમની સાથે ગઢપુર આવ્યા. ૩૮. દેવરાજભાઈ નામે ગોંડલના એક કડિયા તે સમયે ગઢપુરમાં આવીને રહ્યા હતા. ૩૯. દેવરાજભાઈના પુત્રનું નામ પૂંજાભાઈ હતું અને પૂંજાભાઈના પુત્રનું નામ નારાયણ હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સંતોના મંડળને ફરવા મોકલી શ્રીહરિ મછિયાવથી ગઢપુર આવ્યા" એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર વીશમું : તરંગ - ૪૫

લખાણની પ્રામાણિકતા અને મોક્ષપરક વચનોની સર્વોપરિતા

કડિયા હરિભક્ત હતા તે જેમ શ્રીહરિ કહે તેમ મનમાં ઘણો પ્રેમ રાખીને તત્પર થઈને કામ કરતા હતા. ૧. **માણસ માત્ર મનોરથ કરી શકે છે પણ પ્રેમથી જેવું કામ થાય છે તેવું હુકમથી થાતું નથી. તેમ જ ધનથી પણ નથી થતું. ૨. જેટલા પાર્ષદો હતા તે પ્રેમને લીધે શ્રીહરિની પાસે રહ્યા હતા અને કેટલાક હરિભક્તો પણ રહ્યા હતા. તે સહુ શ્રીહરિ કહે તેમ કરતા હતા. ૩.** જેને ભવ અને બ્રહ્મા પણ રાત-દિવસ ચાહે છે, તેવા શ્રીહરિનાં વચનને સહુથી અધિક માનતા હતા. ૪.

બ્રહ્માંડની જે કોઈ પણ બાબત હોય તેમાં હરિભક્તો શ્રીહરિનાં આજ્ઞા-વચનથી અધિક કાંઈ માનતા નહિ, અહો ! આ વખતે આવા હરિભક્તો થયા. તેમનો મહિમા વધારે શું કહેવો ? હરિભક્તનો અપાર મહિમા છે તેનો કહેતા કહેતા કોઈપણ પાર પામતું નથી. ૫-૬. ભક્તિ-ધર્મના પુત્ર સર્વ સુખનું ધામ એવા શ્રીહરિ પ્રગટ થયા. જેના અપાર નામ હતા, એવા શ્રીહરિ સુખના ધામ છે. ૭. જ્યાં જેવો અવતાર ધારણ કરે છે ત્યાં તેવા નામ પડે છે. ભગવાન શ્રીહરિ જેવાં ચરિત્ર કરે છે તેવાં નામ પડે છે. ૮.

કેટલાક નામ તો ગુણોએ કરીને છે પણ મૂર્તિ તો એકની એક જ છે. મૂર્તિમાં જે ભિન્નભાવ કરે છે તે તો મૂર્તિના દ્રોહી કહેવાય છે. ૯. ભગવાન એક મૂર્તિ હોવા છતાં અપાર મૂર્તિ થાય છે અને અપાર મૂર્તિ હોવા છતાં પણ તે એક જ મૂર્તિ છે. મૂર્તિમાં એવી કળા રહી છે. ૧૦.

❋ પ્રગટ મંત્ર અને પ્રગટ ભક્તની મહત્તા :

જ્યારે જેને જે પ્રગટ મૂર્તિ મળી હોય ત્યારે તે તેનું જ ધ્યાન, મુખથી રટણ કરતો રહે છે. અને રાત-દિવસ નામ ઉચ્ચારણ કરતો રહે છે. ૧૧.

चोपाई :

प्रगट नाम में नाम जेता, निवास करीके रहे तेता;
प्रगट हरि के उपासक जेते, प्रगट हरि बिन ही अधिक तेते...१२

दोहा : देखत नहीं सबंध कर, सबंध करिके जोउ;
सबंध भये तिनकु, अधिक कहत हे सोउ...१३
भगवान रहेउ एक हि, एक रहीके केते;
मूर्ति यह धरत रहत हे, अमाप रहि कर तेते...१४

શ્રીહરિનાં પ્રત્યક્ષ નામમાં બીજાં બધાં નામ નિવાસ કરીને રહે છે. જે પ્રગટ શ્રીહરિના ઉપાસક હોય છે, તે પ્રગટ શ્રીહરિ સિવાય બીજા કોઈના સંબંધને અધિક દેખતા નથી. જેને પ્રગટ શ્રીહરિના સંબંધે કરીને સંબંધ થયો હોય તેને અધિક કહે છે. ૧૨-૧૩. ભગવાન એક જ છે અને એક

જ રહ્યા થકા બીજી કેટલીય મૂર્તિઓને ધારણ કરે છે છતાં તેઓ અમાપ જ રહે છે. ૧૪. બ્રહ્માના માપમાં પણ ન આવે એવા શ્રીહરિ રહ્યા છે. તેમની વાત તો અમાપ છે. જે અમાપ હોય તે ક્યારેય માપમાં આવતા નથી. ૧૫. જે પરમેશ્વર અમાપ છે, તેનું માપ થતું નથી. તેમનું જે માપ કરવા જાય છે, તે તો ઠાલું પાણી વલોવીને પોતાનાં જન્મને વૃથા કરે છે. ૧૬. કેટલીક વાતો અમાપ હોય છે પણ તેનું કોઈક માપ કરવા જાય છે પણ જે અમાપને માપમાં લાવે છે તે તો મૂઢમાં પણ અત્યંત વધારે મૂઢ મનુષ્ય કહેવાય છે. ૧૭. જેની જ્યાં સુધી બુદ્ધિ પહોંચતી હોય તે ત્યાં સુધી અમાપ એવા પરમેશ્વરને માપમાં કહેવા પ્રયત્ન કરે છે. તેવો પ્રયત્ન કરનારો ભલે બુદ્ધિમાન કહેવાય, પણ અમાપ પરમેશ્વર ક્યારેય માપમાં આવતા નથી. ૧૮.

અમાપ એવા પરમેશ્વર જેને જેટલું સામર્થ્ય આપે તે તેને અનુસારે અમાપ એવા પરમેશ્વરને એટલું લવલેશ જેટલું માપી શકે છે. ૧૯. અક્ષરપુરુષમાં અપાર સામર્થ્ય નિવાસ કરીને રહ્યું છે, તોપણ તેમને પરમેશ્વરની પૂરી ગમ નથી તો બીજાની તો વાત જ શી કહેવી ? ૨૦.

જે કોઈ પણ બાબત હોય તેને યથાર્થ રીતે જોવાને માટે વિવિધ પ્રકારના લેખ લખાય છે. તે લેખ તે બધી બાબતની સ્મૃતિ નિશ્ચિતપણે રાખે છે, અર્થાત્ તે લખેલા લેખને કારણે ચોક્કસપણે તે બધી બાબતની સ્મૃતિ રહે છે. ૨૧. લખ્યા વિનાનું જે યાદ હોય તેનું કાળ વિસ્મરણ કરાવી દે છે. લખાણ સિવાય જે મોઢે વાત કહેવામાં આવે છે, તેને જે બુદ્ધિમાન મનુષ્યો છે, તે પ્રમાણરૂપ માનતા નથી. લખાણ કરેલું હોય તો તે ઠેરાવને પ્રમાણ કરે છે. તેટલા માટે જેવો સૂર્ય અથવા તો દીવો કે મશાલ હોય છે,

તેની માફક લેખ પણ છે. લખાણ કરવાથી જેવું હોય તેવું દેખાય છે. સાચી કે ખોટી વાત જેવી હોય તેવી લેખથી પ્રમાણભૂત થાય છે. ૨૨-૨૪. ક્યારેક કરોડો માણસો ભેળા થાય, પણ તેમના મોઢાની વાત પ્રમાણિત થતી નથી. અને લખાણનો એક જ પત્ર હોય તો તે વાત પ્રમાણભૂત થાય

છે. ૨૫. લખેલું ઘણા યુગ સુધી રહે છે. જે લખાણમાં આવ્યું હોય તેનો કાળે કરીને ક્યારેય નાશ થાતો નથી. ૨૬.

જે વાત લખાણમાં ન આવી હોય તે કરોડ પ્રકારની હોય તોપણ તે પ્રમાણભૂત ગણાતી નથી, માટે લેખ વાતને ઝાઝા દિવસ સુધી રાખે છે. ૨૭. લેખનું પ્રમાણ બીજી બધી વાતોથી અધિક હોય છે. લેખની વાત વધારેમાં વધારે માન્ય થાય છે. ૨૮. કોઈ વાતને કરોડો વર્ષ વીતી ગયા હોય પણ તે વાત જેવી બની ગઈ હોય તેવી તેનો લેખ હોય તે જવાબ આપે છે. લેખ વગર પાકો ખ્યાલ આવતો નથી. ૨૯. લખ્યા વિનાની એક દિવસની વાત પણ યાદ રહેતી નથી. તેટલા જ માટે હરેક દેશમાં લખાણ ઉપર વાત રહે છે. ૩૦.

લખાણ વિનાની જેટલી વાત છે, તેને નિર્મૂળ દેખવી. જે જે વાતનું જ્યાંથી મૂળ ચાલ્યું હોય તે મૂળ છે કે નિર્મૂળ છે, તેમ યથાર્થ રીતે લેખથી દેખ્યામાં આવે છે. વેદો અને વ્યાસમુનિએ કરેલાં જેટલાં સચ્છાસ્ત્ર છે, તેમાં જેટલા મોક્ષ પરક વચનો છે તથા મોક્ષના માર્ગે જેટલા ચાલે છે, તેમજ મોક્ષ પરક કહેવાયેલાં વચનોને સહુથી અધિક જે ગ્રહણ કરે છે, તે બધા લેખને આધારે છે. ૩૧-૩૩.

મોક્ષકારી વચન પરાયણ જેટલા મત રહ્યા છે, તે સર્વોત્તમ અને સર્વોપરિ છે. વ્યાસના જેટલાં વચન ધર્મ, અર્થ અને કામ પર છે, તે બધાં મોક્ષમાર્ગમાં રુચિ કરાવવા માટેના છે. કારણ કે વ્યાસમુનિને જીવોને મોક્ષમાર્ગ તરફ ચલાવવાનું તાન હતું. પણ વ્યાસમુનિની રુચિનો ત્યાગ કરીને પોતાની રુચિ પ્રમાણે જેને અનુરાગ(આગ્રહ) હોય તેવા અપાર મતો ચાલ્યા છે, પણ જેમાં મોક્ષની રુચિ ન હોય તેવા લોકો તો ગમાર છે. અને રુચિ પ્રમાણેના જે મતો છે તેમાં જઈને તો લોકો બંધન પામે છે. ૩૪-૩૬.

મોક્ષમાર્ગ સિવાયના મતમાં જેવી રીતનું લૌકિક ફળ મળતું હોય છે, તે ફળ તો મોક્ષમાર્ગની આગળ તુચ્છરૂપ ગણાય છે. ૩૭. મોક્ષમાર્ગ તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કહેવાય છે, તે મોક્ષમાર્ગમાં જે મનુષ્ય જોડાઈ

જાય છે, તેને સંસારનું ભટકણ રહેતું નથી. ૩૮. મોક્ષમાર્ગનું અવિનાશી અને અપાર એવું વિવિધ પ્રકારનું ફળ રહ્યું છે. તેમાં જે રુચિ કરે છે તેને તે મળે છે. ૩૯. વ્યાસજીનાં વચન વિવિધ વાતોને બતાવે છે, પણ તેમાં તેમને મોક્ષ પરક જ તાન રહે છે અને તે મોક્ષભાગીને દેખાય છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "લખાણની પ્રામાણિકતા અને મોક્ષપરક વચનોની સર્વોપરિતા કહી" એ નામે પીસ્તાલીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર વીશમું : તરંગ - ૪૬

સુરત ભણવા મોકલેલા સંતોનાં દર્શન માટે ભાવનગરના કારભારી આવ્યા

જ્યારે શ્રીહરિ ગઢપુરમાં હતા અને રામનવમીનો દિવસ આવ્યો ત્યારે ફરતા ગામના હરિભક્તો ગઢપુર આવ્યા. ૧. ફરતા ગામોમાં જે સંતો આવ્યા હતા તે બધા શ્રીહરિની મરજી જોઈને ગઢપુર આવ્યા. ૨. ભગવાન રામચંદ્રજીનો જન્મ મધ્યાહ્ન સમયે થયો હતો અને શ્રીહરિનો જન્મ રાત દસ ઘડી ગઈ ત્યારે થયો હતો. ૩. જે સ્વરૂપનો જન્મસમય જ્યારે હતો તેનો વિધિ પ્રમાણે અલૌકિક ઉત્સવ કર્યો. ૪. જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધાએ શ્રીહરિની પૂજા કરી. અને ત્યાં જેટલા સંતો હતા તે બધાની પણ તે વખતે પૂજા કરી. ૫.

પ્રેમાનંદસ્વામીને શ્રીહરિએ ગઢપુરમાં રાખ્યા હતા. તે રીતે જ નિત્યાનંદસ્વામી અને જગન્નાથ વિપ્રને પણ શ્રીહરિએ હેતથી પાસે રાખ્યા હતા. રામદાસજીસ્વામીને પણ ગઢપુર રાખ્યા હતા. જેટલા બુદ્ધિશાળી નાના નાના સંતો હતા, તેમને શ્રીહરિએ વ્યાકરણ ભણવાની પ્રેમથી આજ્ઞા કરી હતી. કપિલેશ્વરાનંદસ્વામી, અચિંત્યાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી, નિર્મળાનંદસ્વામી, દહરાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, વિજ્ઞાનાનંદસ્વામી,

લક્ષ્મણાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી અને ગોવિંદાનંદસ્વામી, ઇત્યાદિક દસ-બાર સંતોને ભણાવવા માટેનો વિચાર કરીને શ્રીહરિએ તે સંતોને ભણાવવા માટે નિત્યાનંદસ્વામીને આજ્ઞા કરી. ૬-૧૦.

ભણનારા સંતોએ કેસરયુક્ત ચંદન લઈને શ્રીહરિની પ્રથમ પૂજા કરી અને ફૂલના હાર પહેરાવ્યા. ૧૧. તે સંતોએ શ્રીહરિને ફૂલના બાજુ અને પહોંચી બંને હાથમાં બાંધ્યા. પાઘમાં ફૂલના તોરા ધરાવ્યા. ૧૨. ઘણા હેતથી ફૂલના બે ગુચ્છ શ્રીહરિના કાન ઉપર ધરાવ્યા. તે પછી હેતથી નિત્યાનંદસ્વામીની પૂજા કરી. ૧૩. સંતોએ પાઠ લઈ લીધા પછી શ્રીહરિએ તે સંતોની પૂજા કરી. અને પોતે જમ્યા પછીનો પ્રસાદીનો થાળ ભણનારા સંતોને આપ્યો. ૧૪. દાદા ખાચરના ઓરડાઓ જ્યારે પૂરા થયા ત્યારે શ્રીહરિ સુતારોના ઉપર ખૂબ રાજી થયા. ૧૫. અમૂલ્ય ઓરડાઓને દેખીને સુતાર તથા કડિયાને પહેરામણી આપી અને નિપુણતાથી બાથમાં લઈને ભેટ્યા. ૧૬.

તે પછી ઓરડાનું કામ કરવામાં જેટલા પાર્ષદોએ સેવા કરી હતી તે બધાને શ્રીહરિ ભેટ્યા અને ફૂલના હાર પહેરાવ્યા. ૧૭. પાર્ષદોના ઉપર ખૂબ રાજી થઈને શ્રીહરિએ પ્રસાદીનો થાળ આપ્યો. અને વચનથી તેમની પ્રશંસા કરી. ૧૮. શ્રીહરિએ કરેલી આવી પ્રશંસા તો બ્રહ્માદિક દેવતાઓને પણ દુર્લભ હોય છે. જેને જેને શ્રીહરિનો સંબંધ થયો અને જેણે શ્રીહરિની સેવા કરી, તેના ભાગ્યનું તો વર્ણન થઈ શકતું નથી. તેવા તે ભાગ્યશાળી થયા હતા. આવી વાત તો દુર્લભમાં પણ અત્યંત દુર્લભ છે. આવી વાતને સમાન બીજી કોઈ વાત દેખાતી નથી. ૧૯-૨૦.

✷ શ્રીહરિ વિના બીજે સુખ માને તે બાળબુદ્ધિ છે :

चोपाई :

बालबुद्धि रहत जिहाँ लगही, सरवोपरि यह लाभ न लहही;
स्मृति वेर वेर भूल जाते, तिहाँ लग ताके सुख नहि आते...२१
अविचल हि सुख में जिहाँ लगहु, सुख नहीं समझत तिहाँ लगहु;
सरवोपरी सुख मिले जदपी, बालबुद्धि वरतत रहे तदपी...२२

જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી આવો સર્વોપરિ લાભ લઈ શકાતો નથી. આ વાતની સ્મૃતિ વારે વારે ભૂલી જવાય ત્યાં સુધી તેનું સુખ આવતું નથી. ૨૧. અવિચળ સુખમાં જ્યાં સુધી સુખ મનાતું નથી ત્યાં સુધી સર્વોપરિ સુખ મળ્યું હોવા છતાં તેમાં બાળબુદ્ધિ રહે છે. ૨૨. સમજણમાં ફેર રહે છે તેને લીધે સુખમાં પણ દુઃખી રહે છે. જ્યાં સુધી બાળબુદ્ધિ હોય છે ત્યાં સુધી અપાર સુખ મળે તોપણ તે સુખને સુખ સમજતો નથી અને તેને લીધે જ સદાય દુઃખી રહે છે. જ્યાં સુધી બાળબુદ્ધિ રહે છે ત્યાં સુધી તે જીવનભર દુઃખી રહે છે. ૨૩-૨૪.

જ્યાં સુધી બાળબુદ્ધિ રાખી હોય છે ત્યાં સુધી તેને શ્રીહરિના યોગરૂપી ચિંતામણિ કદાચ મળ્યો હોય છે, તોપણ તે તેને સુખી ક્યાંથી કરે ? ૨૫. ચિંતામણિમાં જેટલું ફળ રહ્યું છે તેને જે યથાર્થરૂપમાં સમજે છે તેને તેનું પરિપૂર્ણ સુખ મળે છે. ૨૬. શ્રીહરિએ ગઢપુરમાં રામનવમી કરી. પછી નિત્યાનંદસ્વામીને, ચૈતન્યાનંદસ્વામીને તથા કૌમુદી ભણનારા સંતોને શ્રીહરિએ બોલાવ્યા અને ઘણા ભાવથી મળ્યા. પછી તેમને સુરત ભણાવવા માટે મોકલ્યા. તેઓ ભાવનગર ઉપર થઈને ચાલ્યા. ૨૭-૨૮. તે સંતો બળદગાડીમાં બેસીને ભાવનગર આવ્યા. ત્યાં રૂપાભાઈ નામે ક્ષત્રિય જાતિના હરિભક્ત હતા. ૨૯. તેને ઘેર સંતો આવીને ઊતર્યા. નિત્યાનંદસ્વામીની સાથે ભણનારા સંતો હતા. નગરમાં જેટલા હરિભક્તો હતા તેમણે સંતો આવ્યાની વાત સાંભળી. ૩૦.

તેથી તેઓ ઘણા ઉત્સાહથી સંતોનાં દર્શન કરવા આવ્યા અને ખૂબ આનંદ પામ્યા. સંતો ત્યાં બે-ત્રણ દિવસ રહ્યા. તેને જાણીને તેજપાળ નામે એક વણિક ભાવનગરના ઠાકોર સાહેબના કારભારી હતા. તેમને સત્સંગના મોટેરા સંતોના સમાગમની વારેવારે ઇચ્છા રહેતી હતી. ૩૧-૩૨. સંતો આવ્યા છે, તેમ સાંભળીને તે કારભારી સંતો પાસે આવ્યા. સંતોનાં ચરણમાં મસ્તક નમાવી હાથ જોડીને તેમને કહ્યું કે, 'મને આપનાં ચરણમાં નિવાસ આપો. ૩૩. દુનિયાના વ્યવહારમાં જે રીતે બુદ્ધિ રહે છે, તેવી બુદ્ધિ મોક્ષ બાબતમાં ચોંટતી નથી. મારી બુદ્ધિ મોક્ષમાં જે રીતે ચોંટે તેવી મારા ઉપર

કૃપા કરો. ૩૪. સત્સંગ સિવાયના જેટલા સંતો હોય છે, તેને મોક્ષની કાંઈ ગમ હોતી નથી. અમે ગૃહસ્થ જે રીતે સંસારમાં અવરાઈ ગયા હોઈએ છીએ, તે રીતે સંતો પણ તેમાં લપેટાઈ ગયા હોય છે. ૩૫. જે પોતે સંસારમાં બંધાયેલો હોય તે પોતાને શરણે આવેલાને બંધનમાંથી છોડાવે તેવું મેં ક્યાંય દેખ્યું નથી. જે સ્વયં બંધન વગરનો હોય તે બંધાયેલાને એક પળવારમાં છોડાવી દે છે. ૩૬.

રાજા, રાંક, ફકીરો અને દેવતાઓ સુધીના બધા જ ધન અને સ્ત્રીમાં બંધાયેલા હોય છે. તેના બંધન વગરના તો આપ ખરા શૂરવીર છો. ૩૭. **ધન અને સ્ત્રીમાં જ જગત રહ્યું છે. તેનો જેણે ત્યાગ કર્યો તેણે બધું જગત જીતી લીધું છે, તેમ ચતુર લોકો કહે છે. ૩૮. ધન અને સ્ત્રીમાં બધી જાતની માનસિક પીડા રહી હોય છે. તે સંતો વિના બીજા કોઈને દેખાતું નથી. ૩૯.** જે જગત છે, તેને કોઈ અપાર તોપો અને લશ્કરથી જીતી શકતા નથી, પરંતુ સંતો તેને ત્યાગ દ્વારા જીતી લે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં “સુરત ભણવા મોકલેલા સંતોનાં દર્શન માટે ભાવનગરના રાજકારભારી આવ્યા” એ નામે છેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર વીશમું : તરંગ - ૪૭

શ્રીહરિએ નિત્યમુનિની સાથે મુક્તમુનિ ઉપર સુરત પત્ર મોકલ્યો

તે સમયે નિત્યાનંદસ્વામીએ તે રાજાના કારભારી તેજપાલ વણિકને કહ્યું કે, ‘સત્પુરુષનો સમાગમ મન, કર્મ, વચનથી કરવો. ૧. **સત્પુરુષના સમાગમથી મુમુક્ષુનાં હૃદયમાં મોક્ષના અંકૂર ઉદય પામે છે. ૨.** મનુષ્ય જ્યારે કોઈ અસત્પુરુષનો સમાગમ કરે છે ત્યારે તેને મોક્ષનો અંકૂર ક્યારેય ઉદય પામતો નથી. ૩. અસત્પુરુષનો જે સંગ છે તે દારૂ અને લીલાગર ભાંગના જેવો છે. મનુષ્ય જેવાનો સંગ કરે છે તેવી તેની બુદ્ધિ થાય છે. ૪.

અસત્પુરુષનો સંગ રાખીને સદ્‌બુદ્ધિ મેળવવાની વાતને દૂર જ રાખવી. વહાણની મદદ સિવાય કોઈ સમુદ્રના પારને પામ્યો હોય તેવું ક્યારેય અમે સાંભળ્યું નથી. ૫. કોઈ પથ્થરના નાવમાં બેસે છે તો તે ત્યાંનો ત્યાં પાણીમાં બૂડી જાય છે, તેમ અસત્પુરુષનો સમાગમ પણ સંસારમાં બુડાડે તેવો છે. ૬. અસત્પુરુષનો સમાગમ છે તે હિત બતાવીને લોભ કરાવે છે. અને તે લોભ મિત્ર બનીને માણસને સંસારમાં વારંવાર ભટકાવે છે. ૭. જિંદગીભર બ્રહ્માંડ અને તેની રચનાને શરીર સુધ્ધાં બધું સાચું કરીને દેખાડે છે, પણ જ્યારે શરીરનો વિયોગ થાય છે ત્યારે તે સાચું દેખાતું નથી. ૮.

પિંડ અને બ્રહ્માંડને અખંડ સંબંધ રહ્યો છે. જેને સત્પુરુષના સમાગમથી જ્ઞાનસમાધિ થાય છે, ૯. તેને જે વાત જેવી હોય છે તેવી યથાર્થરૂપમાં દેખાય છે. જ્ઞાનસમાધિ થયા સિવાય અંતરમાં અજ્ઞાન ભર્યું રહે છે. ૧૦.

❋ એક ભગવાનનું જ તાન રાખે તે મહાન છે :

चोपाई :

भगवान बिन ओर में ताना, जिहाँ लग जाकु जो रहाना;
तिहाँ लग अंतर अंधकारा, रहाये तेहि वार न पारा...११
भगवान में तान जिहाँ लगहु, होवत न जाकु तिहाँ लगहु;
ब्रह्मांड के ईश होय जोऊ, अल्प अति रहावत तोऊ...१२

ભગવાન સિવાય બીજા માયિક પદાર્થમાં જ્યાં સુધી જેને તાન રહે છે ત્યાં સુધી તેના અંતરમાં અપાર અંધકાર રહે છે. ૧૧. જ્યાં સુધી ભગવાનમાં તાન થતું નથી ત્યાં સુધી બ્રહ્માંડના ઈશ્વર હોય, તોપણ તે અત્યંત અલ્પ રહે છે. ૧૨. **અસત્ય વાતના સંગથી ક્યારેય ભગવાનમાં મતિ થાતી નથી, તેવું સમજી રાખવું જોઈએ.'** ૧૩. સંતોની વાત સાંભળીને તેજપાળ કારભારીને ભાવ થયો અને પોતાને ભવન પધરામણી કરાવીને તેણે અલભ્ય લાભ લીધો. ૧૪. તેજપાલે નવું ભવન કરાવ્યું હતું. તેના માળ ઉપર સંતોની પધરામણી કરાવી. ૧૫. ભવનની વચ્ચે હિંડોળો બાંધ્યો હતો, તેના ઉપર નિત્યાનંદસ્વામીને બેસાડ્યા અને કેસરયુક્ત ચંદન લાવીને પ્રેમથી પૂજા કરી. ૧૬.

ફૂલના હાર પહેરાવ્યા, વસ્ત્ર ઓઢાડ્યા, સંતોને ભગવાનના લાડિલા સમજીને ધૂપ, દીપ તથા આરતી પણ કરી. ૧૭. કારભારીએ વિવિધ પ્રકારના મેવા, મીઠાઈ પ્રેમથી આગળ ધર્યા અને પછી સંતોની સાથે જઈને તેમને વહાણમાં બેસાડ્યા. ૧૮. વહાણનું જે ભાડું થતું હતું તે કારભારી તેજપાલે આપ્યું અને પોતાનું કામ સુધારી લીધું. બીજા હરિભક્તો જે સાથે આવ્યા હતા તે સંતો જ્યારે વહાણમાં બેઠા અને તે વહાણ ચાલ્યું ત્યાં સુધી રોકાયા અને પછી પાછા વળ્યા. પછી સંતો તત્કાળ સુરત આવ્યા. આ સંતોમાં બુદ્ધિ અને સાધુતાનાં ગુણો ઘણા વિશાળ હતા. ૧૯-૨૦.

સહુ સંતો મંદિરમાં જ્યારે આવ્યા ત્યારે તેમને દેખીને ત્યાં રહેતા સંતો મનમાં અત્યંત રાજી થયા. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી તથા બીજા સંતો જે હતા તે ચૈતન્યાનંદસ્વામી આદિક સંતોને પરસ્પર ભેટ્યા. અને નિત્યાનંદસ્વામીએ શ્રીહરિનું જે વૃત્તાંત હતું તે બધું સંતોને કહ્યું. ૨૧-૨૨. શ્રીહરિનાં વૃત્તાંતને સાંભળીને બધા સંતો રાજી થયા. જે શ્રીહરિની પ્રસાદી લાવ્યા હતા તે સંતોને આપી. શ્રીહરિએ પત્ર બીડીને જે આપ્યો હતો તે તે વખતે મુક્તાનંદસ્વામીને આપ્યો. ૨૩. મુક્તાનંદસ્વામીએ તે પત્રને પોતાને માથે ચઢાવ્યો. પહેલા તે પત્ર મનમાં વાંચ્યો. મુક્તાનંદસ્વામીના ઉપર લખેલા પત્રમાં બ્રહ્માનંદસ્વામીનું નામ લખ્યું હતું. ૨૪.

બે વણિક ભક્ત ગોવિંદભાઈ અને લક્ષ્મીચંદ શેઠ, કણબી ગિરધરભાઈ અને ભગવાનજી ખત્રી, સુરતના બધા હરિભક્તોમાં તે ચાર મુખ્ય હતા. તેમનાં નામ પત્રમાં લખ્યા હતા. ૨૫-૨૬. જ્યારે બધા હરિભક્તો આવ્યા ત્યારે પત્રની બધી વાત કહી અને મુક્તાનંદસ્વામીએ તે પત્ર જાહેરમાં વાંચ્યો. ૨૭. પત્રમાં લખ્યું હતું કે, 'અમે જે ચાર સદ્‌ગુરુઓને સુરતમાં મોકલ્યા છે, તેમની ઘણા આદરભાવથી પૂજા કરવી, તેવી અમારી આજ્ઞા છે. ૨૮. તમે જેવા ભાવથી અમારી પૂજા કરો છો, તે રીતે જ ધન અને ઘરેણાં સિવાયની બધી પૂજા ભાવથી કરજો અને પ્રેમથી સંતોને માટે વાહન લાવજો. ૨૯.

સદ્‌ગુરુઓને વાહન લાવ્યા સિવાય ઘેર પધરાવવા નહિ. ગાડી, રથ, બગી અને મ્યાના, જે સહેજે મળે તેના ઉપર સદ્‌ગુરુઓને ભાવથી

બેસાડવા. જો વાહન ન મળે અને ઘર સાંકડું હોય તો મંદિરમાં સંતોને માટે રસોઈ કરાવીને જમાડવા. અને જે ગરીબ હરિભક્ત હોય તેમણે રસોઈ આપવી નહિ. ૩૦-૩૨. મનમાં ઘણો પ્રેમ રાખીને સદ્‍ગુરુઓને ફૂલના હાર ધરાવવા. જો ફૂલના હાર લાવવાની પહોંચ ન હોય તો તેનો મનમાં શોક-સંકોચ રાખવો નહિ. ૩૩.

सेवा बनि आवे जिस रीता, करना हरिजन कु तिस रीता;
भाव रहे हरिजन कु जीमी, मुख्य बात करना तीमी...३४
भाव घटे जिन करी के जाही, एसी बात न करना वाही;
हरिजन के मूर रहेउ भावा, भाव गये हरिजन न रहावा...३५

હરિભક્તોને જે રીતે થઈ શકે તેવી સેવા કરવી. હરિભક્તોને જેમ ભાવ રહે તેમ કરવું તે મુખ્ય વાત છે. ૩૪. જેણે કરીને હરિભક્તોને ભાવ ઘટે તેવા વર્તન કે વાત ક્યારેય કરવા નહિ. કારણ કે, હરિભક્તોના સત્સંગનું મૂળ ભાવ હોય છે. જો ભાવ જતો રહે તો તે હરિભક્ત રહે નહિ. ૩૫. જે રીતે હરિભક્તોનું જતન થાય તેવું રાત-દિવસ તાન રાખવું. જે કોઈ પણ બાબત હોય તેમાં હરિભક્તોનું ધ્યાન રાખવું. ૩૬.

અમે જેટલી વાત કરીએ છીએ તે હરિભક્તોના જતન-લાભ માટે કરીએ છીએ. જે હરિભક્તોનું જતન કરતા નથી તે અમારા મિત્ર નથી. ૩૭. રાજા, ગુરુ, માતા, મેઘ અને માળી, એ બધાની એકસરખી રીત હોય છે. તેઓ પ્રજા, શિષ્ય, પુત્ર, વનસ્પતિ અને ફૂલની, જે જેના હોય તેની સહજ સ્વભાવે નિત્ય સંભાળ રાખતા હોય છે. ૩૮. જે કોઈ પણ બાબત હોય તેમાં હંમેશાં હિત અને અહિતની તપાસ રાખતા રહેવું તો તેનાથી જ બધું સુખ થાય છે. ૩૯. જે મનુષ્ય જેટલું બીજાનું સુખ ઈચ્છે છે તેટલું તેને સુખ મળે છે, દુઃખમાં પણ સુખ પામે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ નિત્યમુનિની સાથે મુક્તમુનિ ઉપર પત્ર સુરત મોકલ્યો" એ નામે સુડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર વીશમું : તરંગ - ૪૮

સદ્‌ગુરુઓ સુરત હતા અને અરદેશર પારસીને મુનિબાવા દ્વારા સત્સંગ થયો

શ્રીહરિનો પત્ર સાંભળીને બધા સંતો અને હરિભક્તો રાજી થયા. તેમજ નિત્યાનંદસ્વામીને જોઈને પણ સહુ અત્યંત પ્રસન્ન થયા. ૧. હરિભક્તોને જેવો ભાવ હોય તે પ્રમાણે બધા સંતો રાત-દિવસ કથા, કીર્તન વગરે કર્યા કરતા હતા. ૨. શ્રીહરિએ પત્રમાં હરિભક્તોના ઉપર જેવી ભલામણ લખી હતી તે પ્રમાણે સહુ હરિભક્તો પણ પ્રેમભાવથી કરતા હતા. ૩. બે પારસી ભાઈઓ અરદેશર તથા પીલુ સાહેબ નામે હતા. તેમને મુનિબાવાના યોગથી સંતોના ઉપર પ્રેમ થયો હતો. ૪. અરદેશર અને પીલુ સાહેબને મોબત હોવાથી મુનિબાવાએ આ સત્સંગ અને સત્સંગના સંતોનો ઘણો મહિમા સંભળાવ્યો હતો. ૫. **આ લોક અને પરલોકમાં જેને કીર્તિ મેળવવી હોય તેણે સત્સંગના સંતોના ભાવથી દર્શન કરવા જોઈએ. ૬.**

મુનિબાવાએ કહેલી વાતનો તે બંને ભાઈને પૂરો વિશ્વાસ આવ્યો હતો. ટોપીવાળા અંગ્રેજ સરકારે પીલુ સાહેબને બોલાવીને, ૭. અંગ્રેજ સરકારે તેને હુકમ કરી આપ્યો હતો કે, જે લોકો ફેલી અને તોફાની હોય તે નિયંત્રણમાં રહે તેમ કરવું. અને તે જો ન માને તો તેને શિક્ષા કરવી. ૮. ફેલી, તોફાની અને ચોરે કરેલી રાવને અર્થાત્ લાંચ, રિશ્વત દેવાની વાતને સરકારમાં કોઈ સાંભળશે નહિ, તેવું તે ફેલી, તોફાની અને ચોર મનમાં સમજી ગયા. ૯. તેથી તે લોકો ફેલ છોડી દઈને સરકારના કાયદા મુજબ વર્તવા લાગ્યા. પ્રજાને સુખ થાય તેવા અપાર કાયદા સરકારે કર્યા હતા. ૧૦.

સરકારે જે જે કાયદાઓ કર્યા હતા તે બધા લખીને ઠેકઠેકાણે ચોંટાડ્યા હતા. અરદેશરને ઘણા હોશિયાર દેખીને સરકારે શહેર અને જેટલા દરવાજાઓ હતા તેનો અધિકાર તેમને આપી દીધો. તેમને કોટવાળનો અધિકાર આપ્યા પછી કેટલાય પટાવાળા કામ કરવા સોંપ્યા. ૧૧-૧૨. મુનિબાવા તે બંને

ભાઈને જેમ કહે તેમ તેઓ કરતા હતા. અને તેમનું વચન રાખતા હતા. ૧૩. અરદેશર પારસીએ મુક્તાનંદસ્વામી આદિ સદ્ગુરુઓની ચાર-પાંચ વખત પોતાને ઘેર પધરામણી કરી હતી. ૧૪. જેમ મુનિબાવા કહે તેમ તે બંને ભાઈઓ સદ્ગુરુઓની પૂજા કરતા હતા. ૧૫. તેમણે મંદિરમાં ચાર-પાંચ વખત ઘણી સારી રસોઈ આપી હતી. કોઈ ફેર રાખ્યો ન હતો. તે સાંભળીને શ્રીહરિ પ્રસન્ન થયા હતા. ૧૬.

દર પંદર દિવસે સદ્ગુરુઓનાં દર્શન કરવાનું નિયમ અરદેશરને મુનિબાવાએ આપ્યું હતું. ૧૭. રાતના દસ વાગી જાય તે પછી તેઓ સંતો પાસે આવતા હતા. અને મનમાં જેવા પ્રશ્નો ઊપજે તેવા સદ્ગુરુઓને પૂછતા હતા. ૧૮.

શ્રીહરિનાં જન્મથી આરંભીને જે કાંઈ વાત હતી તે પૂછતા. સત્સંગમાં રહેલા સંતોનાં વર્તનની વાતને પણ પૂછતા હતા. ૧૯. સહુ બાઈ-ભાઈ હરિભક્તોની વર્તવાની રીત તેઓ પૂછતા. પછી આ સત્સંગના જેવું ક્યાંય નથી તેમ તેમણે મનમાં નિશ્ચય કર્યો. ૨૦. જીવનો મોક્ષ કઈ રીતે થાય ? તે વાતને તેઓ જરાય જાણતા નહિ. તેમજ ભગવાન કોને કહેવાય ? તેની પણ તેમને ગમ હતી નહિ. ૨૧. સંતોની સાથે જ્યારે હેત થયું ત્યારે સંતોએ અરદેશર પારસીને તે બધી વાત સંભળાવી. માણસ ચાહે તેટલો બુદ્ધિમાન હોય, તોપણ તેને હેત સિવાય વાત મનાતી નથી. ૨૨.

જે લોકો સત્સંગ કરતા નથી તેને જેટલું દુઃખ થાય છે, તે બધું સંતોએ અરદેશર પારસીને ઘણા નિપુણ જાણીએ વાતમાં બતાવી દીધું. શ્રીહરિની ઇચ્છાથી અને સંતોમાં રહીને શ્રીહરિએ કરેલી વાતોથી તેમને સત્સંગ સમાન બીજું અધિક ન દેખાય એવું તેમનું અંતર થઈ ગયું. ૨૩-૨૪. સત્સંગની બધી વાત સાંભળીને તેમણે જેટલા દુરાચારો હતા, તેમાં દોષ દેખીને એક પછી એક તેનો ત્યાગ કરી દીધો. ૨૫. **દોષમાં જ્યાં સુધી દોષબુદ્ધિ થાતી નથી ત્યાં સુધી તેનો ત્યાગ થતો નથી. માણસ દોષમાં ગુણ માનીને જ પોતાની જિંદગી ખૂએ છે. ૨૬.**

જે જે દોષ છે તે ગુણ દેખાડીને પોતામાં પ્રવેશ કરે છે. તે દોષ બીજા બધા દોષોનો સરદાર થઈને તે દોષોની સાથે તે વ્યક્તિમાં રહે છે. ૨૭. પછી તે સરદારની સાથે રહેનારા બીજા જે દોષો છે તે પણ પોતાનાં ગુણોએ કરીને ઘણા મજબૂત સરદાર બનીને રહે છે. ૨૮. શાસ્ત્ર અને પોતાના પરમ ગુરુ તેમની કૃપાથી જો કોઈ અમલ(અધિકાર) પ્રાપ્ત થયો હોય, તોપણ આ દુનિયામાં અમલવાળો છે, તે સહુને દબાવીને જ રહે છે. ૨૯. તેવા અધિકાર પ્રાપ્ત અમલદારની આગળ ગમે તેવા સાધુતા સંપન્ન સંત હોય, તોપણ તેઓ જેમ અમલદારને રુચે તેવું બોલે ત્યારે તે અમલદારને તે સંત રુચે છે. ૩૦.

સંત રુચ્યા પછી તે સંતનાં વચનનો આદરપૂર્વક સ્વીકાર કરે છે, તેવી બધી અમલદારની રીત હોય છે, તે નિશ્ચિત છે. ૩૧. શાસ્ત્ર, પરમ ગુરુ અને સંતો અમલદારનું સન્માન કરાવે છે. અમલદારની આવી જે રીત છે તે રીતને સંતે જાણવી જોઈએ. તે પછી જ તે અમલદાર તે સંતનો શિષ્ય થાય છે. તે રીત જે સંત ન જાણતા હોય તો તે જાણ્યા વિના અમલદાર શિષ્ય થતા નથી. ૩૨.

❋ સાધુતા એ સર્વોત્તમ ગુણ છે :

सबके गुरु होई शिष्य हि होना, कठिन बात यह रहे जोना;
संत के गुन जिन महीं आये, सो जन यह संत ही कहाये...३३

संत के गुन आये बिनही, संत भये संत होत न किनही;
गुन में संतता गुन भरेऊ, संत गुन सम कोउ न रहेऊ...३४

भगवान सम नहीं अधिक केही, भूप इन्द्र ब्रह्मा लग तेही;
बडे होवे चाय जो जेसे, भगवान आगे कीट रहे तेसे...३५

संत होत भगवान तिनके, आधिन वरतत रहेउ इनके;
भगवान आधिन वरते जबही, ओर की कहा बात तबही...३६

સહુના ગુરુ થયા પછી શિષ્ય થવું (એટલે આવા અમલદારોને પણ સમજીને સહન કરવા) તે વાત ઘણી કઠણ છે. અને જેનામાં સંતોનાં ગુણો આવે તે જ ખરેખર સંત કહેવાય છે. ૩૩. સંતોનાં ગુણ આવ્યા સિવાય ઉપરના વેષથી કોઈ સંત થાય તો તે સંત કહેવાતા નથી. ગુણોમાં સાધુતારૂપી

ગુણ ઉત્તમ રહ્યો છે. સાધુતાનાં ગુણ સમાન બીજો કોઈ ગુણ નથી. ૩૪. ભગવાનને સમાન કે અધિક કોઈ નથી. રાજા, ઇન્દ્ર કે બ્રહ્મા સુધી ચાહે તેવા કોઈ મોટા હોય, તોપણ ભગવાનની આગળ તો તે કીડા જેવા છે. ૩૫. જ્યારે સાધુતા સંપન્ન સંત થાય છે ત્યારે ભગવાન તેને આધીન વર્તે છે. જો ભગવાન તે સંતને આધીન વર્તતા હોય તો બીજાની તો વાત જ શી કહેવી ? ૩૬.

સદ્‌ગુરુઓ સુરતમાં રહ્યા હતા અને આ બાજુ ગઢપુરમાં જે વાત થઈ તે હવે કહું છું. તે વાત કહેતા મને તૃપ્તિ થાતી નથી. ૩૭. ગઢપુરમાં જ્યારે જેટલી વાત થતી હતી તે વાતનો પત્ર લખીને હરિભક્તો સદ્‌ગુરુના ઉપર તે વખતે મોકલતા હતા. ૩૮. તે વરસમાં ગઢપુરમાં કોઈ નવો ઈજારદાર આવ્યો. તેણે સત્સંગ ઉપર અરુચિ હતી તે દેખાડી દીધી. ૩૯. સિપાઈઓને સાથે લાવીને ઈજારદારે કહ્યું, દાદા ખાચરના જે સાંતી સીમમાં ચાલે છે, તેને બંધ કરાવો. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સદ્‌ગુરુઓ સુરત હતા અને અરદેશર પારસીને મુનિબાવા દ્વારા સત્સંગ થયો" એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર વીશમું : તરંગ - ૪૯

ઇજારદારનો હલ્લો અને વિશલ ગઢવીની વાટાઘાટ

જેટલી બંદૂકધારી સરબંદીની ટૂકડી હતી તે બધી દાદા ખાચરના ચાલતા સાંતીને બંધ કરવાને માટે અધિકારના જોરથી ચાલી. ૧. જે સાંતી ફરતા હતા ત્યાં જઈને તત્કાળ છોડાવી મૂક્યા. તેઓ લડવાનો મનસૂબો રાખીને ગામમાં આવ્યા. ૨. દરબાર દાદા ખાચરના બધા પાર્ષદોને શ્રીહરિએ કહ્યું, "તમે બધા ક્ષત્રિય જાતિના છો, પણ પહેલા તમારે સહુએ સહન કરવું. જ્યારે તેઓ જુલમ કરીને દાદા ખાચરના દરબારમાં આવીને બંદૂકોના અવાજ કરે ત્યારે, ૩-૪.

તેઓ આવીને પહેલા જે રીતે કરે પછી તમારે તે રીતે કરવું. પછી તમારો ધર્મ હોય તે પ્રમાણે કરવું, પણ ક્યારેય પાછો પગ ધરતા નહિ.” ૫. શ્રીહરિએ તે વખતે વિશલ ગઢવીને પોતાની પાસે બોલાવ્યા. ભાવનગરના રાજાને તેનો વિશ્વાસ હતો. તે જાણીને શ્રીહરિએ તેને પોતાની પાસે રાખ્યા હતા. અને તેમને કહ્યું કે, ‘તમે ઈજારદારને જઈને કહો કે, દરબાર દાદા ખાચરમાં જેટલો અન્યાય તમને જોવામાં આવે છે તે પહેલા તેને સમજાવીને કહો. તે ન માને ત્યારે બીજી વાત કરો. ૬-૭.

સમજાવ્યા વિના જે હલ્લા-આક્રમણ કરવું તેમાં કોનો અન્યાય મનમાં ધાર્યો છે ? જે ન્યાય અને અન્યાયને દેખે છે એવો રાજા આ બધા રાજા ઉપરનો થયો છે. ૮. દરબારગઢની ઉપર જ્યારે હલ્લો લઈને આવે ત્યારે દાદા ખાચરે શું કરવું ? તમને જેવું યોગ્ય લાગે તેવું તમે દાદા ખાચરને કહેજો. ૯. કહ્યા સિવાય ન્યાયનો કે અન્યાયનો કોઈ માર્ગ દેખાતો નથી. જે ઘણો બુદ્ધિશાળી હોય તે જ ઈજારદાર થતો હોય છે. ૧૦.

જ્યાં સુધી ઈજારદાર હોય છે ત્યાં સુધી પ્રજાની ફરિયાદ રાજા સાંભળતા નથી. ૧૧. પણ ઈજારદાર પ્રજાને અપાર સુખ થાય એવો નથી હોતો. કોલુમાં શેરડીને પીલે તેમ ઈજારદાર પ્રજાને પીડે છે. ૧૨. **દારૂ ઈત્યાદિકના કેફ કરતાં સત્તાનો કેફ સો ગણો સ્વાભાવિક રીતે વધારે હોય છે.** ૧૩. જેનાથી જે વધારે મોટો હોય છે તેટલો તેને કેફ વધારે રહે છે. તે સત્સંગ વિના કોઈને દેખાતું નથી. ૧૪. જે અંતરદૃષ્ટિ કરે છે તેને તે કેફ દેખાય છે, પણ જેને અંતરદૃષ્ટિ નથી હોતી તેને સૂક્ષ્મ કેફ દેખાતો નથી. ૧૫. ક્લેશ વગરના જે પદાર્થો છે તે સુખકારી રહે છે. અને જેમાં ક્લેશ હોય છે તેટલું તેમાં દુઃખ રહ્યું હોય છે.’ ૧૬.તે વખતે વિશલ ગઢવીએ શ્રીહરિની આગળ બે હાથ જોડીને કહ્યું, ‘વગર અપરાધે કોઈ હરિભક્તોનો જેટલો અપરાધ કરે છે તે પોતે પોતાનું ભૂંડું કરે છે. અને હરિભક્તોનાં પાપને લઈને પોતાને માથે ચઢાવે છે. આપ ભગવાન તો તે બધી વાતને દેખો છો. ૧૭-૧૮.

❋ ભગવત્ પ્રસન્નતાનો સુગમ ઉપાય :

अपराध कोईके न करही, एसे जन ही जेते रहही;
ताके उपर भगवान ताकी, होवत अति प्रसन्नता वाकी...१९

अपराध बिन के जितना जेहू, करत अपराध तितना तेहू;
दुःख लहत नहीं आवत पारा, हरिजन कु नहि होवत लगारा...२०

કોઈનો ક્યારેય અપરાધ ન કરે, આવો જે મનુષ્ય હોય છે તેના ઉપર તો ભગવાનની અત્યંત પ્રસન્નતા થાય છે. ૧૯. વિના અપરાધે નિર્દોષ માણસનો કોઈ જેટલો અપરાધ કરે છે તે અપરાધ કરનારો તેમાં અપાર દુઃખ પામે છે, પણ ભગવાનના ભક્તને લગારેય દુઃખ થતું નથી. ૨૦.

ઈજારદારની કળાને તો જે તેઓ ઈજારદાર હોય તે જ જાણે છે, પણ ઈજારદારની કળાને સાધુ જાણી શકતા નથી. ૨૧. જેટલા ઈજારદારો હોય છે તે બધા રાજા પ્રસન્ન થાય તેવું વર્તન રાખે છે. બધા ઈજારદારો તેવા હોય છે. ૨૨. રાજાના જેટલા ભાગિયા હોય છે તેને તે ફાંસ(આડખીલી)ના જેવા દેખે છે. જેને જેટલી ફાંસ હોય તેટલી તેને પીડા થતી હોય છે. ૨૩. હરેક ફાંસમાં કાંઈક ને કાંઈક ફરક હોય છે. એક જ ફાંસથી ઘણું દુઃખ થઈ શકે છે. જેનાથી વધારે દુઃખ થતું હોય છે તેના ઉપર લગાર પણ હેત થાતું નથી. ૨૪. જે ભાગદાર હોય તેને ઘસી નાખવા માટે મોટા રાજાને તાન હોય છે. અને તે પોતાનું માન રાખવાને માટે બધો ખજાનો ખાલી કરી દે છે. ૨૫. ઈજારદાર ગામેતી ભાગિયા રાજાઓના અપાર દોષો મોટા રાજા આગળ દેખાડીને તેને હલકા કરી નાખે છે. ૨૬. બધી ફાંસ કાઢી નાખે તેવો બુદ્ધિશાળી કારભારી હોય તેને રાજા તેવો અધિકાર આપે છે. ૨૭. ફાંસ કાઢવાની બુદ્ધિ વગરનો કારભારી હોય તો તરત નિકાલ ક્યારેય આવતો નથી. અને તે કારભારી જો ઘણો નિપુણ હોય તો ફાંસનો નિકાલ તરત કરી નાખે છે.' ૨૮.

વિશલ ગઢવી આટલી વાત કરી રહ્યા તે વખતે ઈજારદારનો હલ્લો દાદા ખાચરના દરબારગઢની પાસે ઘણા વેગથી આવ્યો. ૨૯. તે સમયે વિશલ ગઢવી તે આવેલ હલ્લાની સામે ગયા. અને તે હલ્લાનો જે મુખી હતો તેની પાસે જઈને તેને વિનયપૂર્વક કહ્યું, ૩૦. "આ દાદા ખાચરના દરબારગઢ ઉપર બળ કરીને તમારે જવું જોઈએ નહિ. તમારે કહેવું હોય તો રીતભાતથી કહો. કારણ કે રીતભાતમાં જ સારપ રહી છે. ૩૧. રીતભાત

પ્રમાણે લેવું દેવું જોઈએ. લડવામાં કાંઈ સારપ દેખાતી નથી. તમારી સામે જો તેઓ લડવા આવે તો લડાઈની પણ કાંઈક રીત હોય છે. ૩૨.

કાઠી લોકોએ સુખ-શાંતિથી રહેવા માટે મોટા રાજાને ભાગ કરી આપ્યો હોય છે. જેણે મોટા રાજાને માટે ભાગ કરી આપ્યો તેને તમે અત્યારે ફાંસ માનો છો..! ૩૩. નાના ગરાસદારોએ મોટા રાજાએ જેમ કહ્યું તેમ લખી આપ્યું છે. નાના ગરાસદારોના મનમાં સુખી થાવાનો ભાવ હતો પણ અત્યારે તો તેનાથી અધિક દુઃખ રહ્યું છે. ૩૪. ગરાસદારોએ જે ગરાસ લખી આપ્યો, તેનો ગુણ તો જતો રહ્યો. અત્યારે તો શાહુકાર ઊલટાનો ચોર બની રહ્યો છે. સુખની આશા માટે થઈને કાઠી દરબારોએ હરખથી બધું લખી આપ્યું હતું. ૩૫.

જ્યારે લખી દીધું ત્યારે સુખ માન્યું હતું. હવે મોટા રાજાને પોતાનો ગરાસ વધારે થયો એટલે કાઠી લોકો તેમને ફાંસ જેવા દેખાયા. મૂળના કરતા વૃક્ષનો જ્યારે મોટો વિસ્તાર થયો ત્યારે વૃક્ષનો મોટો વિસ્તાર જાણીને જે મૂર્ખ હતા તે એક પછી એક વૃક્ષના મૂળને કાપવા લાગ્યા, તેમ તમે કરો છો. ૩૬-૩૭. કોઈએ અમૂલ્ય ઈમારત બાંધી આપી અને તેમાં અમૂલ્ય ચિત્રો ચીતરી દીધા અને તેમાં રહેનારાને રાત્રે પણ નિર્ભય થઈને રહે તેવું કરી આપ્યું. પછી તેઓ હુંશિયાર-સ્વાર્થી, લાલચું થઈ ગયા. ૩૮. મૂર્ખ લોકો તે ઈમારતને નિર્ભય દેખીને નિષ્પ્રયોજન તેનો પાયો ખોદવા લાગ્યા, ૩૯. પણ મૂળ વિના વૃક્ષનો વિસ્તાર ક્યાંથી રહે ? અને પાયો ખોદી નાખ્યા પછી તે ઈમારત સુખ કઈ રીતે આપી શકે ? તે વિચાર મૂર્ખને હોતો નથી. તેમ કાઠી લોકોએ તમને મોટા રાજાને સુખે રહેવા માટે ગરાસનો ભાગ લખી આપ્યો. અને તમે પણ તે વાત સ્વીકારીને એમને એવું સુખ કરી આપ્યું અને હવે પછી તમે તે સુખનો પાયો, મૂળ ખોદવા લાગ્યા છો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ઈજારદારનો હલ્લો અને વિશલ ગઢવીની વાટાઘાટ" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર વીશમું : તરંગ - ૫૦

વિશલ ગઢવીએ વાટાઘાટ કરીને સરબંદીના મુખીને સમજાવી દીધો

હલ્લો લઈને આવનાર સરબંદીઓનો મુખી વિશલ ગઢવીની વાત સાંભળીને થોડો નરમ થયો અને તેની અદબ રાખી. ૧. તે પછી તેની એક બંદૂકનો સહજ સ્વભાવે અવાજ થયો અને તે બંદૂક તેની દાઢીએ લાગી ગઈ. ૨. વિશલ ગઢવી પછી ઈજારદારની પાસે ગયા અને તેના વખાણ કરીને કહ્યું કે, 'તમે રાજ્યના ખરા રક્ષક છો. ૩. વધારે સુખિયા થવાને માટે કાઠીઓએ ઘણા પ્રેમથી રાજાને પોતાનો યોગ્ય ગરાસ લખી દીધો અને પોતાનો વધારે ગરાસ રાખ્યો નહિ. ૪.

કાઠીઓની પાસે જેટલો ગરાસ રહ્યો તેની રક્ષા કરવા માટે તેમણે રાજાને ગરાસ લખી દીધો. પોતા પાસે જે ગરાસ રહે તેમાં પછીથી કોઈ જાતનું બીજું કોઈ વિઘ્ન ન આવે; એવો તેમનો મુખ્ય આશય હતો, પણ તે વાત અત્યારે દેખાતી નથી. જે રાજાનો વિશ્વાસ કર્યો તે ગરાસિયા રાજાઓ અત્યારે કાઠીઓને દબાવવા તૈયાર થયા છે. ૫-૬. જે ભાગ આપવાનું નક્કી કર્યું હતું તે હવે ભાગ બંધ કરવા લાગ્યા છે. જે કાઠી દરબારો રાજા હતા તે અત્યારે ગરીબ થઈ ગયા છે. કોઈ રાજા તેની રાવ-ફરિયાદ સાંભળતા નથી. ૭. કાઠીમાં દોષ ન હોવા છતાં રાજાઓ તેમાં દોષ દેખાડે છે. રાજાઓએ કાયદા એવા ચલાવ્યા છે કે કાઠી દરબારો સાચા ગરાસદાર હોવા છતાં ગરાસ સાચવવાની દૃષ્ટિમાં તે કાચા પડ્યા. ૮.

જે લોકો ગરાસની ખટપટવાળી રીતને જાણતા હતા તેની પાસે તલભાર પણ ગરાસ નહિ હોવા છતાં ગરાસની ખટપટથી વગર ગરાસે મોટા સુખી ગરાસિયા થઈ બેઠા છે. ૯. અને તેઓ અપાર ગરાસને ભોગવતા થઈ ગયા છે. તેથી જે મૂળભૂત ગરાસિયા હતા તેમને લગાર પણ સુખ રહ્યું નથી. ગરાસની રીતને જાણ્યા વિના તેમને ઘણું દુઃખ આવી પડ્યું છે. ૧૦.

હવે આ સમય જુલમ કરવાનો રહ્યો નથી અને કાઠી તે રીતને સમજતા નથી. પોતે મૂળભૂત ગરાસદાર હોવા છતાં રાત-દિવસ દુઃખ

ભોગવી રહ્યા છે. ૧૧. જે કાઠી લોકો હરિભક્તો થયા છે, તે સમયની રીતને જાણે છે તેથી એટલા નામધારી ગરાસદાર રહ્યા છે અને તેમનો ગરાસ અવિચળ રહેશે. ૧૨. જે નીતિમાં ચાલે છે, તેનો જ હુકમ ચાલશે. નીતિવાળું રાજ્ય થવાથી હવે અનીતિનો હુકમ ચાલશે નહિ. ૧૩. અત્યારે નીતિનાં રાજ્યમાં ચાર પ્રકારનો ધર્મ મુખ્ય રહ્યો છે,

(૧) મનુષ્યની હિંસા ન કરવી. (૨) વ્યભિચાર ન કરવો. (૩) ચોરી ન કરવી અને (૪) ક્યારેય ખોટી વાત કરવી નહિ. તે ધર્મના મુખ્ય ચાર સ્તંભ રહ્યા છે. ૧૪-૧૫. (અંગ્રેજ) રાજાએ જે નિયમ બાંધ્યા છે તેમાં પોતાની ફરજ ઉપર રહેનારા માણસ એક પળવાર પણ ગફલત રાખતા નથી. તે નિયમમાં લગાર પણ પ્રમાદ કરતા જુએ તો તેને બરતરફ કરે છે. તેઓ પ્રમાદી ઉપર દયા રાખતા નથી અને આવી પદ્ધતિથી તેના રાજ્યનો ઉદય થઈ રહ્યો છે. ૧૬-૧૭. **જે પ્રમાદ વગરના છે તેને સૂર્યના સમાન દેખે છે અને દર વરસે તેના કામનું મૂલ્ય અધિક અધિક વધારતા જાય છે. ૧૮.**

જે લોકો કામમાં પ્રમાદ કરતા હોય છે તેનું મૂલ્યાંકન ઘટાડી દે છે. જેનામાં જેટલો પ્રમાદ છે તેમાં તેટલું પ્રત્યક્ષ રીતે અંધારું દેખે છે. ૧૯. ચાહે તેટલી મોબતવાળો હોય, તોપણ પ્રમાદીને દેખીને તેનો ત્યાગ કરી દે છે. પ્રમાદી, કેફી અને વ્યસની માણસ ચાહે તેવો બુદ્ધિવાળો હોય તોપણ તેને દૈવત વિનાનો સમજીને નોકરીમાંથી બરતરફ કરી દે છે. ચાહે તેમ પગમાં આવીને પડે તોપણ તેની વિનંતિને કબૂલ રાખતા નથી.' ૨૦-૨૧.

આટલી વાત કરીને કહ્યું કે, 'જે ટોપીવાળા અંગ્રેજ છે તે દિવસે દિવસે બધી વાતમાં અધિક દેખાય છે. બીજા કોઈની આવી વાત દેખાતી નથી. ૨૨. આ ટોપીવાળા અંગ્રેજ ભાંડ, ભવાયા, નટ, મદારી, જાદુગર, ભૂવા અને મૂઠચોટવાળાને તોફાની માને છે. ૨૩. આ દુનિયામાં જેટલા ધુતારાઓ હોય છે તેમને પણ શિક્ષા કરે છે. જે તોફાની અને ધુતારા મત છે તેને તેઓ વર્તન ઉપરથી પારખી લે છે. ૨૪.

લોકો એવું બોલે છે કે, નીતિવાળા રાજા દ્વારા પરમેશ્વર માનો અત્યારે સહુના ઉપર રાજ્ય કરી રહ્યા છે. ૨૫. અંગ્રેજોમાં મુખ્યપણે બે-ત્રણ દોષ રહ્યા છે, પણ તેના દેશની રીત દેખીને દોષરહિત લોકો તેમાં દોષ કહી શકતા નથી. ૨૬. જે દેશમાં જેવો ધર્મ પ્રધાન હોય તેને દેખીને ઋષિમુનિઓએ તેનાં ગુણને અનુસારે ધર્મ કહ્યા છે. ૨૭. દેશે દેશના ગુણ ભિન્ન ભિન્ન હોય છે. તેને જોઈને જે નિપુણ ઋષિઓ હતા તેમણે ગુણ પ્રમાણે ધર્મ લખ્યા છે.' ૨૮.

વિશલ ગઢવીએ ઈજારદારની આગળ જ્યારે આવી સ્પષ્ટ વાત કરી ત્યારે તે મનમાં વિચાર કરતા રહ્યા. અને પછી ગઢવીની આગળ બોલ્યા, ૨૯. 'તપાસ કર્યા વગર આ બધી ઘટના થઈ, એટલી મારે ભૂલ થઈ છે. દુષ્ટ માણસની વાતનો વિશ્વાસ કરવાથી મને ક્રોધ ચઢ્યો અને તેનાથી મારું મન ઉદાસ થઈ ગયું. ૩૦. જેને ક્રોધ ચડે છે ત્યારે તેના વિવેકનો તત્કાળ નાશ થઈ જાય છે. અને પછી તે ન કરવાની વાતને તરત કરી નાખે છે. ૩૧. ગઢવી, તમે આવ્યા, સારું થયું. અમારી લાજ બચાવી છે. અત્યારે તમારા જેવો અમારો કોઈ હિતકારી નથી. **જ્યાં વિરોધ નથી ત્યાં જે વિરોધ દેખાડે છે તે તો દુષ્ટ કહેવાય છે. ૩૨. દુષ્ટ માણસને સંપમાં સુખ દેખાતું નથી. સંપમાં તો દુષ્ટને દુઃખ જ દેખાય છે. અત્યારે આ ભૂમિ ઉપર સ્વામિનારાયણના જેવા બીજા કોઈ પુરુષ નથી.** ૩૩. દરબાર દાદા ખાચરના શા લેખા ? પણ અત્યારે તેમને બધા કાઠીઓમાં શ્રેષ્ઠ કરી દીધા છે. વિલાયત (ઈંગ્લેન્ડ) સુધી તેનું નામ પ્રસિદ્ધ કરાવી દીધું છે. ૩૪.

દાદા ખાચરનું નામ અત્યારે સમુદ્ર પર્યંત છવાઈ ગયું છે. તેણે જે સ્વામિનારાયણની સેવા કરી તેનું ફળ અત્યારે ઉદય પામ્યું છે. ૩૫. આ ભૂમિ ઉપર જેટલા રાજાઓ છે તે બધા દાદા ખાચરના નામને જાણે છે, પણ જે દુષ્ટ લોકો દાદા ખાચરની વાત સાંભળે છે તે નિરંતર પોતાનાં દિલમાં બળતા રહે છે. ૩૬. જે દુષ્ટ લોકો છે તે એવું બોલે છે કે કોઈ પણ રીતે દાદા ખાચરનું મૂળ કપાઈ જાય ત્યારે અમને અપાર આનંદ થાશે. ૩૭.

જે જે સાધન છે તેનું ફળ સ્ત્રી છે; આવી જેની બુદ્ધિ હોય છે, તે દુષ્ટ કહેવાય છે. ૩૮. આ સ્વામિનારાયણ સિવાયના બીજા જે અમુક ધર્મગુરુઓ છે, તે સ્ત્રીને જ એક સર્વોપરિ તીર્થ કહે છે. ૩૯. સ્વામિનારાયણના આ શુદ્ધ મતને જોઈને દુષ્ટ લોકો પોતાનાં અંતરમાં અગ્નિની જેમ બળતા રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "વિશલ ગઢવીએ વાટાઘાટ કરીને સરબંદીના મુખીને સમજાવી દીધો" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર વીશમું : તરંગ - ૫૧

સુરતમાં નિત્યમુનિની પાસે સદ્ગુરુઓનું ગીતાભાષ્ય ભણવું વગેરે કહ્યું

ગઢપુરમાં સરબંદીવાળી જે વાત થઈ તે સંબંધી સમાચાર ગઢપુરના હરિભક્તોએ પત્રમાં લખીને સદ્ગુરુઓ પાસે સુરત મોકલ્યા. ૧. સદ્ગુરુઓએ પત્ર વાંચ્યો અને બોલ્યા કે, 'હવે વિઘ્ન ટળ્યું. અત્યારે દુષ્ટ લોકો ભરપૂર દુષ્ટતા કરી રહ્યા છે. ૨. નિત્યાનંદસ્વામી પાસે મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી ગીતાભાષ્ય ઉમંગથી ભણતા હતા. ૩. ડાંગરવામાં શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને જે શાલ આપી હતી તે તેમણે તે સમયે નિત્યાનંદસ્વામીને આપી. ૪. મુક્તાનંદસ્વામીએ નિત્યાનંદસ્વામીને વિદ્યાગુરુ માનીને તેમની પૂજા કરી અને શાલ ઓઢાડી દીધી. ૫. જ્યારે મુક્તાનંદસ્વામી ગીતાનો પાઠ લેવા જતાં હતા ત્યારે ફૂલનો હાર લઈને નિત્યાનંદસ્વામીને ઘણા પ્રેમથી પહેરાવતા હતા. ૬.

સુરતમાં સહુ સંતો ગીતાભાષ્યને ગુરુમુખ કરીને ભણ્યા. જ્યારે ભાષ્ય ભણવાનું પૂરું થયું ત્યારે ભણનારા સંતોએ ફરીવાર પૂજા કરી. ૭. પછી શ્રીહરિએ 'મોક્ષધર્મ' ગ્રંથને શોધવા માટે ઘણા પ્રેમથી નિત્યાનંદસ્વામીને ગઢપુર બોલાવ્યા. તેઓ વહાણમાં બેસીને ભાવનગર થઈને આવ્યા. ૮.

શ્રીહરિ નિત્યાનંદસ્વામીને મળ્યા અને ફૂલનો હાર પહેરાવીને બેસાડ્યા. પછી સુરતમાં જે સદ્‌ગુરુઓ રહેતા હતા તેમના બધા સમાચાર પૂછ્યા. ૯. 'શહેરના હરિભક્તોને કેવો ભાવ છે ? શહેરમાં તમારે બીજી ઉપાધિ કેવી રહેતી હતી ? અરદેશરને ભાવ કેવો છે ?' જેવું તે વૃત્તાંત હોય તે અમને કહો. ૧૦. જેની જેવી વાત હતી તે નિત્યાનંદસ્વામીએ સ્પષ્ટ રીતે કહી. તે બધી વાત સાંભળીને શ્રીહરિને અપાર આનંદ થયો. ૧૧. નિત્યાનંદસ્વામી ગોવિંદાનંદસ્વામીને ઘણા મોટા સંત જાણીને સાથે લાવ્યા હતા. જેમની વાણી ખૂબ જ નિયમમાં હતી. ૧૨.

ગોવિંદાનંદસ્વામીને કોઈ જેટલું બોલાવે તેટલો જ તેઓ ઉત્તર આપતા. વગર બોલાવ્યે બોલતા નહિ; એવા તેમનામાં અગાધ ગુણો હતા. ૧૩. સંતોના જેટલા ગુણ હોય છે, તે ગુણોના ગોવિંદાનંદસ્વામી ભંડાર હતા. સાધુતારૂપી ગુણ ઘણો દુર્લભ છે અને સહુથી પર છે. ૧૪. તેમના દિલમાં કોઈ વસ્તુને માટે ક્યારેય ક્ષોભ થતો નહિ. **જેના અંતરમાં કોઈ પણ જાતનો ક્ષોભ ન થાય તે જ સુશોભિત સંત કહેવાય છે.** ૧૫. ભગવાનના જ્ઞાન વિના અંતર અક્ષોભ થયું હોય તોપણ શું ? ભગવાનના જ્ઞાન વિનાનું અંતર તો મલિન છે, એમ ભગવાનના જ્ઞાનવાળા ભક્તો કહે છે. ૧૬. તે સમયે શ્રીહરિને જમવાને માટે વર્ણી ભોજનનો થાળ ઘણા પ્રેમથી લાવ્યા. તે થાળ જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે નિત્યાનંદસ્વામીને ત્યાં બોલાવ્યા. ૧૭.

શ્રીહરિએ તેમને થાળ આપ્યો. પછી તે બંને સંતો પ્રસાદી જમી રાજી થયા. સુરતના હરિભક્તોએ સંતોને જે મેવા આપ્યા હતા, તે હરિભક્તોના નામ લઈને પરમ નિપુણ સંતોએ શ્રીહરિની આગળ ધરી દીધા. તેમજ બરફી, પેંડા તથા કેટલાક અનેક પ્રકારના અલગ અલગ પકવાનો હતા તે પણ ધરી દીધા. ૧૮-૧૯. કેરી, સોનેરી કેળા, લાલ(બખાઈ) દાડમ અને ટૂકડા કરેલા અનાનસ શ્રીહરિને ધરાવ્યા. આખા અખરોટ, બદામ, કાજુકળિયા, લીલવા દ્રાક્ષ વગેરે જેટલી જાતના મેવા જતન કરીને લાવ્યા હતા, તે બધા પાત્રમાં ભર્યા અને શ્રીહરિ આગળ મૂક્યા. ત્યારે શ્રીહરિએ તેને પ્રેમથી જોયા. ૨૦-૨૧.

પછી ભક્તાધીન શ્રીહરિ તેમાંથી થોડું થોડું લઈને જમ્યા. નિત્યાનંદસ્વામીને શ્રીહરિએ ગ્રંથ શોધવા માટે પોતાની પાસે રાખ્યા. તે ઘણા ઉત્સાહથી ગ્રંથ શોધતા હતા. ૨૨. પરમ નિપુણ જગન્નાથ વિપ્ર સન્મુખ રાખીને તે પત્રને શોધતા હતા. જ્યાં સુધી તે ગ્રંથનું શોધનકાર્ય ચાલ્યું ત્યાં સુધી શ્રીહરિ થાળ જમીને, ૨૩. હેતથી નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપતા. તેઓ ગ્રંથ શોધી રહ્યા ત્યારે શ્રીહરિની આગળ તે ગ્રંથ ધર્યો. ૨૪. તે ગ્રંથ મોક્ષધર્મ નામે હતો. તે મહાભારતના શાંતિપર્વમાં રહેલો તત્ત્વરૂપ ગ્રંથ હતો. શ્રીહરિએ તેની પૂજા કરી. ૨૫. જે હરિકૃષ્ણ પ્રભુ ધર્મદેવ થકી નરનારાયણ રૂપે પ્રગટ થયા હતા, અને તેમણે જેવાં ચરિત્ર કર્યાં હતાં તે બધા તે ગ્રંથમાં કહેલા છે. ૨૬.

નિત્યાનંદસ્વામીએ જ્યારે આ ગ્રંથ શોધી લીધો ત્યારે તેઓ સુરતથી જે રીતે ગઢપુર આવ્યા હતા તે રીતે ફરીને તેમને સુરત મોકલ્યા. ૨૭. જ્યારે જેઠ મહિનો આવ્યો ત્યારે શ્રીહરિએ પત્ર મોકલીને મુક્તાનંદસ્વામીને ગઢપુર બોલાવ્યા. ૨૮. સચ્ચિદાનંદસ્વામી અને જયાનંદ વર્ણી, તે બંને પત્ર લઈને સુરત આવ્યા અને મુક્તાનંદસ્વામીને તેમણે કહ્યું કે, ૨૯. 'તમે કાનમ દેશમાં થઈને ગામ ઉમરેઠ આવજો અને ત્યાંથી પછી ગઢપુર આવજો. તેમ શ્રીહરિએ વચન કહ્યું છે.' ૩૦. પછી દયાળુ મુક્તાનંદસ્વામી સુરતથી તત્કાળ ચાલ્યા. નાવમાં બેસી તાપી નદી ઊતર્યા. તેમની સાથે પંદર સંતો અને સાત પાર્ષદો હતા. ૩૧. સુરતના હરિભક્તોએ સ્વામીને માટે ગાડીની સગવડતા કરી દીધી. અને હરિભક્તો ઘણા પ્યારથી તેમને અશ્વિનીકુમારના આરા સુધી લાવ્યા. ૩૨.

સુરતના જે હરિભક્તો હતા તે બધા પણ અશ્વિનીકુમાર સુધી આવ્યા. સુરત શહેરમાંથી અશ્વિનીકુમાર આવ્યા ત્યાં સુધી સહુ તેમને ફૂલના હાર પહેરાવતા હતા. અને એક એક બરફીની માટલી પણ લાવતા હતા. આમ તે બરફીની માટલીઓ અનેક થઈ ગઈ. ૩૩-૩૪. જે બરફી મુક્તાનંદસ્વામીની આગળ મૂકેલી હતી તે બધી જેઓ લાવ્યા હતા તેમને પાછી આપી. અને ફૂલના હાર હરિભક્તોને આપ્યા અને મીઠા શબ્દથી બોલાવી સહુને રાજી

કર્યા. ૩૫. અને સહુને સ્વામીએ કહ્યું કે, **'હરિભક્તો માટેનો નિષ્કામધર્મ જેવો કહ્યો છે તે તેમણે તત્પર થઈને પાળવો. નિષ્કામધર્મના સમાન બીજો કોઈ ધર્મ નથી. તેને ક્યારેય ખોઈ દેવો નહિ.** ૩૬.

હરિભક્તોના જે ધર્મ છે તેને તત્પર થઈને શીખવા. તેમાં કોઈ જાતનો પ્રમાદ રાખવો નહિ. કારણ કે, જે પ્રમાદ છે તે મોટું વિઘ્ન છે. ૩૭. સહુએ મંદિરમાં એકવાર આવવાનો નિયમ રાખવો. જે મંદિરે આવવાનું રાખે છે, તેનો ધર્મ દૃઢ રહે છે, તે વાત ચોક્કસ છે.' ૩૮. અંતર્યામી ભગવાન શ્રીસહજાનંદસ્વામીએ હરિભક્તોને આટલા નિયમ આપવાનું સદ્‌ગુરુ સંતને કહેવડાવ્યું હતું. ૩૯. રોજ રોજ એકવાર મંદિરમાં ઉત્સાહિત થઈને આવવું, તેમાં કોઈ ફેર પડે નહિ, એવો નિયમ તમે સહુ ધરાવજો, એમ શ્રીહરિએ કહ્યું હતું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સુરતમાં નિત્યમુનિની પાસે સદ્‌ગુરુઓનું ગીતાભાષ્ય ભણવું વગેરે કહ્યું" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર વીશમું : તરંગ - ૫૨

ગઢપુર જતા મુક્તમુનિને કાનમ પ્રદેશના શેખ હરિભક્તો મળ્યા

જે હરિભક્તો મુક્તાનંદસ્વામી પાસે હતા તે સહુએ મંદિરમાં રોજ દર્શન કરવા આવવા માટેનું નિયમ ધારણ કર્યું. ૧. તે સમયે મુક્તાનંદસ્વામી સુરતના હરિભક્તો ઉપર અપાર પ્રસન્ન થયા અને તે સહુને ફરીને ફૂલહાર આપ્યા. ૨. એક એક હરિભક્ત આવીને મુક્તાનંદસ્વામીનાં ચરણનો સ્પર્શ કરી ખૂબ જ આનંદિત થયા. ૩. પછી સ્વામી નાવમાં બેસી તાપી નદીને ઊતર્યા. અને ત્યાંથી આગળ ગાડીમાં બેસીને ચાલતા થયા. ૪.

આગળ જતાં ચોકી ગામમાં રાત રોકાયા. સવારે ત્યાંથી ચાલતા થયા તે નર્મદા નદીને કિનારે આવ્યા. ત્યાં સહુ વિચાર કરીને રાત રહ્યા. ૫.

સવાર થયું ત્યારે નૌકા આવી. સહુ નૌકામાં બેસી ગયા અને ભરૂચને આરે ઊતર્યા. પછી ત્યાંથી મુક્તાનંદસ્વામી ગાડીમાં બેઠા. ૬. જ્યારે કેલોદ ગામ આવ્યું ત્યારે ત્યાં રાત રોકાયા. કેલોદમાં જાંબુ વિપ્ર હરિભક્ત હતા. તેને ઘેર આવીને ઊતર્યા. ૭. કેલોદમાં વલીભાઈ નામે શેખ રહેતા હતા. તે જાહેર દૃઢ સત્સંગી હતા. તેમણે સત્સંગને માટે થઈને નાતની બધી ઉપાધિને ઘણી સહન કરી. ૮.

વલીભાઈએ સત્સંગનો રંગ દિવસે દિવસે અધિક રાખ્યો હતો. તેવા જ એક વસ્તાભાઈ નામે હરિભક્ત હતા. તેમણે પણ સત્સંગને શિરસાટે રાખ્યો હતો. ૯. મોક્ષના ખપવાળા બીજા પણ કેટલાક શેખ હરિભક્ત થયા હતા. હરિભાઈ નામે એક હરિભક્ત હતા. જેઓ સત્સંગને માટે થઈને નાત બહાર રહ્યા હતા. ૧૦. તેઓ અલદર ગામના રહેવાસી હતા. અને તેનો સત્સંગ પણ પ્રસિદ્ધ હતો. પછી મુક્તાનંદસ્વામી કેલોદ ગામથી ચાલ્યા તે દોરા ગામમાં આવીને રહ્યા. ૧૧. ત્યાં જાંબુ વિપ્ર કાશીરામભાઈ મોટા સત્સંગી રહેતા હતા. તેમજ જીજીભાઈ નામના મોટા પાટીદાર પાકા સત્સંગી હતા. ૧૨. તેમણે ખડકીના માળ ઉપર મુક્તાનંદસ્વામીને ભાવથી ઉતારો આપ્યો. તેમને સ્વામીના ઉપર ઘણું હેત હતું. ૧૩.

ત્યાં માવજી, મોરારજી, ભીખાભાઈ, ભગવાનદાસ, ઉદાર સ્વભાવના ગલભાભાઈ, પુંજાભાઈ અને ઉકાભાઈ વગેરે ઘણા શૂરવીર શેખ હરિભક્તો હતા. ભગવાનને મેળવવાને માટે તે લોકો પાટીદાર મટી ગયા હતા. ૧૪-૧૫. જે હરિભક્ત થયેલા શેખ હતા તેને મુક્તાનંદસ્વામીએ પૂછ્યું કે, 'તમે તો પાટીદાર હતા તો શા માટે શેખ થયા ?' ૧૬. ત્યારે માવજીભાઈએ અગાઉ જે રીતે શેખ થયા હતા તે બધું કહ્યું, 'અમારા ગામના જેટલા પાટીદારો હતા, તે કાશીની યાત્રા કરવા માટે ચાલ્યા. ૧૭. આગળ ચાલતા એક નદી આવી. તેમાં સહુએ સ્નાન કર્યું. તે સમયે ત્યાં એક શેખ ફકીર આવ્યો. તેણે પાટીદારોને પૂછ્યું, ૧૮.

તમે ભેળામળીને ક્યાં જાઓ છો ? બધા સમજ્યા વિનાના દેખાઓ છો. ત્યારે પાટીદારોએ કહ્યું કે, અમે કાશી એક મોટું તીર્થ છે. ૧૯. તે

તીર્થની યાત્રા કરવા માટે પ્રેમથી જઈએ છીએ. તમે અમને સમજ્યા વિનાના કેમ કહ્યા ? સમજણની વાત જે હોય તે હવે તમે અમને કહો. ૨૦. ત્યારે તે ફકીરે પાટીદારોને કહ્યું કે, કાશી તો તમને અમે હમણા જ બતાવી દઈએ પણ જો તમે અમારો ધર્મ રાખો તો કાશીને બતાવું. ૨૧. પછી તે ફકીરે જેમ કહ્યું તેમ તેનો ધર્મ દૃઢપણે રાખ્યો. પછી તે ફકીરે તે સહુને કાશી બતાવી દીધું. પછી યાત્રા કરવા જતા બધા પરમ આનંદથી પાછા વળ્યા. ૨૨.

આ વાત સાચી હોય કે ખોટી હોય, જેમ હોય તેમ મેં તમને કહી છે. પછી જેટલા પાટીદારો પાછા ઘેર આવ્યા, તે બધા શેખના શિષ્ય થયા. ૨૩. પછી જેમણે શેખનો ધર્મ રાખ્યો તેમને બીજા પાટીદારોએ નાત બહાર કર્યા. તે પછી શેખનામવાળા જે સત્સંગી થયા તેનું મોક્ષરૂપી કામ સુધરી ગયું.' ૨૪. પછી મુક્તાનંદસ્વામીએ તેમને કહ્યું કે, 'કેટલા શેખ હરિભક્ત થયા છે ? તેનાં તમે મને નામ કહો. જેણે તન અને મન શ્રીહરિને અર્પણ કરી દીધું છે.' ૨૫. તે પછી ગામમાં જે હરિભક્તો શેખ કહેવાતા હતા તેના નામ માવજીભાઈ કહેવા લાગ્યા. ૨૬.

વછનાદ ગામમાં મોરારજી નામે હરિભક્ત છે. કરજણમાં લીંબાભાઈ, કુરાઈ ગામમાં ભગવાનજી, અમથાલાલ, ભીખાભાઈ, દલાજી અને વિઠ્ઠલભાઈ નામે પાકા હરિભક્ત રહે છે. ૨૭-૨૮. અંતોલી ગામમાં ભગવાન પટેલ, ઢોલાવતા ગામમાં નાગર, શંકર અને કાનાભાઈ છે. આ તો પ્રસિદ્ધ નામ કહ્યા છે. બીજા અવાંતર હરિભક્તોના નામ તો કેટલાય છે. જે શેખ બાઈઓ સત્સંગીઓ થઈ તે પોતાના સગાં સંબંધીઓને ઓળંગીને થઈ છે. ૨૯-૩૦.

પુરુષ જેટલા સત્સંગી થયા છે, તે પણ પોતાના સંબંધીઓથી ઉપરવટ થઈને થયા છે. શેખમાં જે પ્રતિબંધ(કારસા) છે તેવા પ્રતિબંધ હિંદુઓમાં નથી. ૩૧. તે શેખોએ બધા પ્રતિબંધોને ઓળંગીને શિરસાટે સત્સંગ રાખ્યો છે. હિંદુ કરતાં શેખમાં સત્સંગ રાખવો સહુથી મોટી વાત છે.' ૩૨. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, 'આ વખતે શ્રીહરિનો એટલો બધો મહાન પ્રતાપ

છે કે લોકો ઘણા હરખથી સત્સંગી થયા છે. ૩૩. કોઈપણ નાત જાતના હોય તે પણ બધા સત્સંગી થયા છે, પરંતુ જે બહુ વધારે પડતા ડાહ્યા કહેવાતા હોય તે સત્સંગી થતા નથી. ૩૪.

જગતના જીવનું ડહાપણ તો એવું છે કે તે વારંવાર લખચોરાસીને પામે. સત્સંગી સિવાયના જે લોકો છે તે પોતાને ઘણા હોશિયાર માને છે. ૩૫. જે સત્સંગી થાતાં નથી તેના અંતકાળે તો તેના પ્રાણ લેવા માટે જમદૂતો આવીને ઊભા રહે છે. ૩૬. માણસનું મન ભગવાનને છોડીને જેટલું જ્યાં ત્યાં દોડતું રહે છે, તેના ફળ સ્વરૂપે અંતે તેને સાક્ષાત્ જમદૂતો દેખાય છે. ૩૭. માણસ સત્સંગ સિવાયની જે કાંઈ બાબત કરે છે તે તેના માથા ઉપર ભારરૂપ થાય છે. તે સત્સંગ કરવાથી ખબર પડે છે. ૩૮.

❋ સત્સંગનો મહિમા :

सोरठा : सत्संग नेत्र रहेउ, सत्संग रहे द्वार यह;
सत्संग अंतर तेउ, श्रोत्र रहेउ सत्संग ही...३९
जो जो जितनी बात, सो सब सत्संग रहेउ;
निरजीव अन रहात, सत्संग बिन निष्फल रहे...४०

માણસને માટે સત્સંગ નેત્રરૂપ છે, દ્વારરૂપ છે, અંતઃકરણરૂપ છે અને શ્રોત્રરૂપ છે. ૩૯. જે જે કાંઈ સારી વાત હોય છે તે બધું સત્સંગ જ છે. સત્સંગ વિના તો બધું નિર્જીવ અને નિષ્ફળ છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ગઢપુર જતા મુક્તમુનિને કાનમ પ્રદેશના શેખ હરિભક્તો મળ્યા" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર વીશમું : તરંગ - ૫૩

મુક્તમુનિનું કાનમ દેશમાં ફરવું અને દાદા ખાચરનું બાલ્ટેન સાહેબને મળવું

મુક્તાનંદસ્વામી દોરા ગામમાં એક દિવસ રહીને ચાલતા થયા. વેમારડી ગામ આવ્યા. ત્યાં તળાવને કાંઠે ઊતર્યા. ૧. વેમારડીમાં ભક્તિભાઈ અને રામભાઈ આદિક ગામના બધા પાટીદાર હરિભક્ત હતા. ૨. તુલજારામ નામે વિપ્ર અને એક વણિક હરિભક્ત હતા. તેમણે આપણા સત્સંગ સિવાય બીજા બધા કલ્પિત ધર્મનો ત્યાગ કરી દીધો હતો. ૩. મુક્તાનંદસ્વામીને જોઈને બધા હરિભક્તો અત્યંત રાજી થયા. જ્યારે સંતોનાં દર્શન થયાં ત્યારે પોતાનાં જન્મને સફળ માની લીધો. ૪. મુક્તાનંદસ્વામીએ બધા હરિભક્તોનો આત્યંતિક ભાવ દેખ્યો. ત્યાં જાંબુવિપ્ર અને જે પાટીદાર હતા તે બધા સત્સંગી થયા હતા. ૫. સત્સંગના જેટલા આપણા સંતો હતા તેના ઉપર તેમને ઘણો ભાવ રહેતો હતો. કાનમ પ્રદેશના બધા હરિભક્તોને માહાત્મ્ય સહિત ભાવ હતો. ૬.

કાનમ દેશના હરિભક્તો મુક્તાનંદસ્વામીનાં દર્શન કરીને પ્રસન્ન થતા હતા. એવા ત્યાંના હરિભક્તો હતા. બીજા દેશમાં પણ હરિભક્તોમાં દેશ અનુસારે ગુણ હોય છે. ૭. સત્સંગના સંતોમાં પણ ભાવમાં ફરક રહેતો હોય છે. હરિભક્તો જે સંત ઉપર જેવો ભાવ હોય તેનાં વચનને તેઓ તે રીતે સાંભળતા હોય છે. ૮. સંતોમાં જેવો ભાવ હોય તે પ્રમાણે તેઓ સમાગમ કરે છે. અને સંતોની સેવા-પૂજા પણ ભાવ પ્રમાણે કરે છે. ૯.

જેના ઉપર જેવો ભાવ થયો હોય તેવા તેને અલૌકિક જાણે છે. જેવો ભાવ હોય છે તેવો જીવ થઈ જાય છે અને ભાવના જેવું જ તેને ફળ મળે છે. ૧૦. જેવો ભાવ હોય તે પ્રમાણે સંતોને આવીને નમતા રહે છે. ભાવ કે અભાવ, તે બંનેનો જે ભાવ છે તે ક્યારેય છુપાવ્યો રહેતો નથી. ૧૧. હરિભક્તોનો જે ભાવ હોય તેને જોઈને સંતો તેવી વાત કરે છે. ભાવ હોય તેવી વાત થાય છે. ભાવમાં બધી વાત રહી છે. ૧૨. માહાત્મ્ય વિનાનો ચાહે તેટલો ભાવ હોય, પણ તે વંડી ઉપરના છજાના છોડ જેવો છે. ક્યારેય

તેમાં કણ ભરાય નહિ. ૧૩. પ્રથમ જ્યારે સત્સંગ કરે છે ત્યારે સત્સંગ કરનારને અલૌકિક ભાવ થાય છે. તેથી સત્સંગ કરતા કરતા તેની બધી કુબુદ્ધિ ટળી જાય છે. ૧૪.

सोरठा : जिहाँ लग सुमति रहत, अलोकिक भाव ताहिं लग;
निवास करिके टकत, कुमति होत तब टिकत नहीं...१५
हरिजन कनक रहेउ, संत रहे सोनार सब;
रुचि जेसि रहे तेउ, भूषण तेसे करत रहत...१६

જ્યાં સુધી સુમતિ રહે છે ત્યાં સુધી અલૌકિક ભાવ નિવાસ કરીને ટકે છે. પરંતુ જ્યારે કુમતિ થઈ જાય ત્યારે અલૌકિક ભાવ ટકતો નથી. ૧૫. હરિભક્તો તે સોનું છે અને બધા સંતો તે સોની છે. જે સંતોની જેવી રુચિ હોય તેવા તે હરિભક્તરૂપી ઘરેણાં નિર્માણ કરે છે. ૧૬. જેનું સોનું હોય તેની રુચિ પ્રમાણે જો ઘરેણાં કરવામાં આવે તો તેનો માલિક તે ઘરેણાંને રાખે છે. ૧૭. સોનીની જેવી રુચિ હોય તે પ્રમાણે ગમે તેવાં સારાં ઘરેણાં કરે, પણ તેનાથી સોનાનો માલિક સોનીના ઉપર રાજી થાતો નથી. ૧૮.

❋ સંતો હરિભક્તોના સાચા ઘડવૈયા છે :

हरिजन रहाये जेते जेहि, भगवान के यह कनक रहे तेहि;
भगवान के संत रहाये जेता, सोनार यह रहे सब तेता...१९
भगवान की मरजी रहे जिमी, हरिजन कु ज्ञान देवे तीमी;
हरिजन संत उपर जो जबही, भगवान प्रसन्न अति होत तबही...२०

જે હરિભક્તો છે તે બધા ભગવાનનું સોનું છે અને ભગવાનના જે સંતો છે તે બધા સોની છે. ૧૯. ભગવાનની જેવી મરજી હોય તે પ્રમાણે સંતો હરિભક્તોને જ્ઞાન આપે છે. તેથી ભગવાન હરિભક્તો અને સંતોના ઉપર ઘણા રાજી થાય છે. ૨૦. જે રીતે ભગવાન રાજી થાય તે રીતને સંતો જાણતા હોય છે. સંતોએ હરિભક્તોની સભામાં પ્રસિદ્ધ રીતે વાત કરવી જોઈએ. ૨૧. કારણ કે, જે વાત પ્રસિદ્ધ કહી શકાતી હોય તેમાં માયાનો રતીભાર પણ પ્રવેશ થતો નથી. જેટલી વાત પ્રસિદ્ધ હોય તેટલો સત્સંગ શુદ્ધ રહે છે. ૨૨.

પ્રસિદ્ધ વાત સિવાયની અને શાસ્ત્ર સિવાયની ગમે તેવી મહત્ત્વપૂર્ણ વાત કહેવાતી હોય, તોપણ તે ગુપ્ત વાત કહેવાય છે અને જેટલી ગુપ્તતા હોય છે તેટલી તેમાં માયા રહે છે.' મુક્તાનંદસ્વામી આ રીતે સત્સંગની વાતો કરતા હતા. ૨૩. સ્વામી વેમારડી ગામથી કંડારી ગામ આવ્યા. કંડારી ગામમાં અમીન પાટીદારો પાકા હરિભક્ત થયેલા હતા. ૨૪. ત્યાં મોકમદાસ અને પુરુષોત્તમદાસ નામે હરિભક્ત હતા, તે મુક્તાનંદસ્વામીને દેખીને ખૂબ જ આનંદ પામ્યા. ૨૫. સ્વામી ત્યાંથી જ્યારે ચાલ્યા ત્યારે ઈટોલા ગામ આવ્યા. ત્યાં મંદિરમાં ઊતર્યા અને હરિભક્તો બધા આવ્યા. ૨૬.

ત્યાં જે ઉત્તમ પાટીદારો હતા તે બધા હરિભક્ત થયા હતા. તેમાં ઉદાર સ્વભાવના ઉદ્ધવભાઈ, રેવાદાસ, પુરુષોત્તમદાસ, જીજીભાઈ, કૃષ્ણદાસ, ભવાનીભાઈ, વ્રજલાલભાઈ, નિર્મળ મનનાં ત્રિકમભાઈ, બે ગિરધરભાઈ, દેવીદાસ, અમૈદાસ, નારાયણભાઈ, અમથાભાઈ, પવિત્ર શંકરભાઈ, વિપ્ર બાપુજીભાઈ, વણિક ગિરધરભાઈ વગેરે ઘણા હરિભક્તો તે જગ્યાએ રહેતા હતા. તેના નામ લખતા લખતા કોઈ કવિ પાર પામી શકતા નથી. ૨૭-૩૦.

જેટલા બાઈ-ભાઈ હરિભક્તો થયા હતા તેમણે પ્રત્યક્ષ શ્રીહરિનો લાભ લીધેલો હતો. તેમણે તે લાભ જે રીતે લીધો હતો તે રીતે તે કહી શકાતો નથી. ૩૧. હું તો ઘણું સંક્ષેપથી કહું છું, છતાં તે લખવાનો પાર આવતો નથી. હવે ગઢપુરમાં જે વાત બની તેને સંક્ષેપે કરીને કહું છું. ૩૨. જે સરબંદીઓનો હલ્લો થયો તેના પછીની વાત જેટલી યાદ આવે છે તેટલી કહું છું. શ્રીહરિ ગઢપુરમાં સદાવ્રત બાંધીને ત્યાંથી ચાલ્યા. ૩૩. સદાવ્રત આપવાને માટે લુલા માનજીને બેસાડ્યા હતા. જે કોઈ પણ બ્રાહ્મણ કે તીર્થવાસી સદાવ્રત લેવા માટે આવે તેને પાકો એક શેર લોટ આપતા. ત્યાં કેટલાક તીર્થવાસીઓ આવતા હતા. શ્રીહરિ ગઢપુરથી અશ્વ ઉપર બેસીને ચાલ્યા હતા. ૩૪-૩૫.

દરબાર દાદા ખાચર શ્રીહરિની સાથે હતા. પહેલા ઉમંગભર **ઝીંઝાવદર** ગામ આવ્યા ત્યારે બાલ્ટેન સાહેબે આવીને ત્યાં મુકામ કર્યો હતો. ૩૬. શ્રીહરિ તો ઝીંઝાવદરથી **કારિયાણી** ગામ આવતા રહ્યા અને દાદા ખાચર

તો ઝીંઝાવદરમાં જ રહ્યા. ૩૭. દાદા ખાચર ત્યાં બાલ્ટેન સાહેબની પાસે ગયા. તે વખતે સાહેબે તેમને ઘણું સન્માન આપીને પોતાની પાસે બેસાડ્યા. ૩૮. તે અરસામાં ગંગાધર શાસ્ત્રી નામે એક મોટા સરકારી અધિકારી થયા હતા. તેમની વાતને કોઈ લોપી શકતા નહિ. ૩૯. શાસ્ત્રીએ અમરેલીના દીવાન પાસે જઈને કહ્યું કે, તમારે દરબાર દાદા ખાચરની સંભાળ મારા કહેવાથી રાખવી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "મુક્તમુનિનું કાનમ દેશમાં ફરવું અને દાદા ખાચરનું બાલ્ટેન સાહેબને મળવું" એ નામે ત્રેપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર વીશમું : તરંગ - ૫૪

દાદા ખાચર ઝીંઝાવદરમાં બાલ્ટેન સાહેબને મળ્યા અને ગઢપુરમાં શ્રીહરિની સમક્ષ ભાઈસ્વામીએ શરીર છોડ્યું

ગુજરાત, પશ્ચિમ દેશમાં દ્વારકા, કચ્છ, ગણદેવી અને સિદ્ધપુર સુધીના પ્રદેશમાં કેટલાયે રાજાઓ હતા, ૧. પરંતુ વડોદરાના ગાયકવાડ સરકાર સહુમાં મોટા હતા. તેના જેવા બીજા કોઈ રાજા ન હતા. ૨.

પહેલીવાર બાલ્ટેન સાહેબ જ્યારે ગુજરાતમાં આવ્યા ત્યારે ગાયકવાડ સરકારે તેમનો ઘણો આદરભાવ રાખ્યો હતો. ૩. ગાયકવાડ સરકારને દબાવવા માટેનો કોઈ મનમાં સંકલ્પ કરે તો તરત તેને પકડીને ગાયકવાડ સરકાર તેવી જગ્યાએ પહોંચાડી દેતા હતા કે પછી તે ખોળ્યા પણ મળે નહિ. ૪. સરકાર ગોવિંદ રાવના પુત્ર ફતેસિંહ રાવ હતા. પોતાનું અખંડ રાજ્ય રાખવાનો તેમણે મનમાં વિચાર કર્યો. ૫. બાબાજી નામે ગાયકવાડના સૂબા હતા. ગંગાધર શાસ્ત્રીએ સાહેબને સહાયમાં રાખીને ગાયકવાડનું રાજ્ય અવિચળ કરી દીધું. તે વખતે બાલ્ટેન સાહેબના જેવા કોઈ બુદ્ધિમાન ન હતા. ૬-૭. ખેડા ગામ અને તેના જેટલા જિલ્લાઓ કહેવાતા હતા તે વિલાયતના મુખ્ય સાહેબને આપી દઈને તેની સાથે એકમન કરી લીધું. ૮.

જે કોઈ પણ મનુષ્ય સાહેબનું એક તલ જેટલું પણ રાખતા હોય તો સાહેબ તેનું મેરુ જેટલું રાખતા હતા. સાહેબનો તે મુખ્ય ગુણ હતો. અને તેનાં મનમાં તેનો કાંઈ ગર્વ દેખાતો નહિ. ૯. સાહેબ સિવાયના બીજા રાજાઓમાં એક પણ ગર્વ વગરનો દેખાતો નથી. ગર્વથી જે મોટાઈ મેળવી હોય છે તે દિવસે દિવસે ઘટી જાય છે. ૧૦. મોટાઈ મળ્યા પછી પણ તેનો જેને ગર્વ આવતો નથી તે દિવસે દિવસે વધતો જાય છે. સાહેબનું વર્તન દેખીને શ્રીહરિ તેના ઉપર વિશેષ રાજી થયા હતા. ૧૧. શ્રીહરિ જ્યારે અત્યંત પ્રસન્ન થયા ત્યારે બધી જગ્યાએ સાહેબનું રાજ્ય થઈ ગયું. જે જે બાબત કહેવાતી હોય તેમાં તેની બુદ્ધિ અપાર રહેતી હતી. ૧૨.

કોઈ વાતનો ગર્વ ન હોવો તેના સમાન બીજી કોઈ ઊંચી વાત ન કહેવાય. ગર્વ રહિત વાત તો સર્વ શ્રેષ્ઠ છે. તેને એક શ્રીહરિ જ જાણે છે. ૧૩. બાલ્ટેન સાહેબે દાદા ખાચરને ઘણા પ્રેમથી પૂછ્યું અને દાદા ખાચરે તેમને બધું સ્પષ્ટ કહ્યું. ૧૪. તમારા ગરાસનો ભાગ તેઓ ખાય છે છતાં પણ તમારા ઉપર તેમણે હલ્લો કરાવરાવ્યો, આ વાત અમને સમજાતી નથી. જો તમે સમજાવો તો અમને સમજાય.' ૧૫. દાદા ખાચરે કહ્યું, 'જે બળવાન થાય છે તે બધા નિર્બળને ઉખાડી નાખે છે. નિર્બળ માણસ બળ કરીને શું કરે ? ૧૬. મોટામાં પણ મોટો રાજા હોય તે પોતાના કરતા જે મોટો રાજા હોય તેનાં બળ ઉપર ચાલતો હોય છે. જે નિર્બળ હોય તેની સહાયતા જ્યારે સહુથી મોટો બળવાન રાજા કરે ત્યારે તેની સહાયતાથી બીજા કોઈ બળવાન રાજા તેના ડરના માર્યા કાંઈ બોલી શકતા નથી. નિર્બળ માણસને માટે તો એક સહુથી બળવાનની જ સહાય હોય છે. ૧૭-૧૮.

જ્યાં સુધી કોઈ મોટો બળવાન નિર્બળની વાતને સાંભળતો રહે છે ત્યાં સુધી નિર્બળના પ્રાણ સબળ કહેવાય છે. અને જે સૌથી બળવાન છે તે નિર્બળને નભાવી લે છે. ૧૯. જેટલા બુદ્ધિમાન વકિલો રહ્યા છે તેની માયા તો ઘણી મોટી હોય છે. બાજીગર અને વકિલ, તે બંનેની એકસરખી વિદ્યા હોય છે. ૨૦. ઈન્દ્ર અને બ્રહ્મા સુધીના બધા માયાને વશ રહ્યા છે, પણ નીતિમાન સાહેબ લોકો કોઈ કરોડો ઉપાય કરે, તોપણ માયાના બંધનમાં આવતા નથી.

સાહેબની તે જ ખરી મોટાઈ છે કે માયામાં રહે છે છતાં ક્યાંય બંધાતા નથી. અરે ! તે સાહેબમાં તો ઈશ્વરના જેવી મોટાઈ રહી છે. ૨૧-૨૨.

તે સાહેબો જે જે વાત કરે છે તે નીતિને દેખીને કરે છે. જે નીતિ છે તે જગદીશ્વરની મુખ્ય પટરાણી રહી છે. ૨૩. નીતિ વગરના જેટલા રાજ્યો હતા તેને સાહેબે નીતિથી વશ કરી લીધા છે. પરમેશ્વર જ્યારે ઈચ્છા કરે છે ત્યારે નીતિમાં સામર્થ્ય આવે છે. ૨૪. પરમેશ્વરના સંકલ્પ વિના કોઈનામાં લવલેશ સામર્થ્ય ક્યારેય આવતું નથી, તેમ મોટા દેવો કહે છે.' ૨૫. દાદા ખાચરની સરળતા દેખીને બાલ્ટેન સાહેબ મનમાં બહુ દિલગીર થઈ ગયા. અને તેમણે ઉત્તમ રાજાને પોતાના માન્યા. ૨૬. દાદા ખાચરના ભાગનો ખુલાસો કરવાને માટે પચાસ ઘોડાની સાથે મોસલ(સમન્સ) મોકલી. ૨૭. જ્યારે અંગ્રેજી મોસલ દેખી ત્યારે તે રાજાએ તેમના ભાગનો પત્રમાં લેખિત ખુલાસો કરી દીધો. ૨૮.

ભાગના ખુલાસાનો પત્ર જ્યાં સુધી દાદા ખાચરના હાથમાં આવ્યો નહિ ત્યાં સુધી શ્રીહરિ કારિયાણીમાં રહ્યા અને કથા અને કીર્તન કરતા રહ્યા. ૨૯. (જ્યારે મહારાજ વાર્તા કરી રહ્યા ત્યારે સંતો 'મોહનનને ગમવાને ઈચ્છો માનની...' એ પદ બોલ્યા. પછી મહારાજ જમવા માટે પધાર્યા.) તે દિવસોમાં ભાઈ રામદાસજીસ્વામી ગઢપુરમાં રહેતા હતા. જેઠ સુદિ પાંચમના દિવસે તેમને ભારે કાળજ્વર આવ્યો. તેનાથી તેમને દેહનું ભાન પણ ન રહ્યું. તે વખતે કૃષ્ણાનંદસ્વામી ભાઈસ્વામીની સેવામાં હતા. ૩૦-૩૧.

ભાઈ રામદાસજીસ્વામીને બોલાવવા છતાં તેઓ બોલી શકતા નહિ. જ્યારે છઠ્ઠનો દિવસ આવ્યો ત્યારે સવારના પહોરમાં શ્રીહરિને સમાચાર આપવા માટે કાઠી નાજા જોગિયા અશ્વ ઉપર બેસીને ચાલ્યા. દોડતી ઘોડીએ તેઓ તત્કાળ કારિયાણી ગામ આવ્યા. ૩૨-૩૩. શ્રીહરિ ભોજન કરી રહ્યા હતા તે વખતે જ ભાઈ રામદાસજીસ્વામીની બીમારીના સમાચાર સાંભળીને ગઢપુર જવાની તૈયારી કરી. પોતે અશ્વ ઉપર બેઠા. ૩૪. શ્રીહરિની સાથે બાર ઘોડેસવારો હતા. રસ્તામાં ઘોડાઓને દોડાવતા ચાલ્યા. સવારના

દસ વાગ્યા તે વખતે શ્રીહરિ **ગઢપુર** આવી ગયા. ૩૫. શ્રીહરિ ભાઈ રામદાસજીસ્વામીના પલંગ પાસે આવ્યા અને તેમના હાથની નાડી દેખી. નાડી અટકીને ચાલતી હતી ત્યારે શ્રીહરિએ તેમની આંખ સામી દૃષ્ટિ કરી. ૩૬. જ્યારે જીવ આંખમાં આવ્યો ત્યારે શ્રીહરિએ બોલાવીને તેમને જાગ્રત કર્યા. જ્યારે તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં ત્યારે મનમાં ઘણો હર્ષ થયો. ૩૭. શ્રીહરિએ તેમને કહ્યું કે, 'હવે તમે આ શરીરનો ત્યાગ કરીને તત્કાળ જ ભગવાનનાં ધામમાં જાઓ. હવે વિલંબ કરવાનો નથી. ૩૮.

અમે અને આ સહુ સંતો તમારી સાથે જ આવીએ છીએ. અમે તમારાથી છેટે રહેશું નહિ. એવું તમે તમારાં મનમાં દૃઢપણે જાણો.' ૩૯. શ્રીહરિએ જ્યારે આવું કહ્યું ત્યારે મધ્યાહ્નનો સમય થઈ ગયો હતો. પછી ભાઈસ્વામીએ શરીર છોડી દીધું. સહુ સંતોએ તે વખતે તેમને સ્નાન કરાવ્યું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "દાદા ખાચર ઝીંઝાવદરમાં બાલ્ટેન સાહેબને મળ્યા અને ગઢપુરમાં શ્રીહરિની સમક્ષ ભાઈસ્વામીએ શરીર છોડ્યું" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ।।૫૪।।



પૂર વીશમું : તરંગ - ૫૫

ભાઈસ્વામીના અક્ષરવાસ પછી શ્રીહરિનો ઉપદેશ તથા મુક્તમુનિની સમજણ

શ્રીહરિએ કેસરયુક્ત ચંદન ઉતરાવ્યું અને ભાઈ રામદાસજીસ્વામીના શરીર ઉપર તે ચરચાવ્યું. ૧. પછી તેમને ફૂલના હાર પહેરાવ્યા, શરીર ઉપર ગુલાલ નાખ્યો અને પાલખીમાં બેસાડીને ઉન્મત્તગંગાએ લઈ ચાલ્યા. ૨. ઝાંઝ અને મૃદંગ વગાડીને ઉત્સવિયાઓ ઉત્સવ કરતા આગળ ચાલ્યા. અને સહુ સંતો તથા હરિભક્તો ઉન્મત્તગંગાને કિનારે આવ્યા. ૩. ગઢપુરથી પૂર્વ દિશામાં દૂર લઈ જઈને તે પાલખી ઉતારી. ચંદન અને તુલસીના કાષ્ઠથી ચિતા તૈયાર કરી અને તેમાં શરીર મૂક્યું. ૪.

વિધિએ સહિત અગ્નિસંસ્કાર કર્યો. સહુ 'નારાયણધૂન' બોલતા હતા. અને ચિતામાં શ્રીફળ તથા ઘી નાખ્યું. અને જ્યારે શરીર અગ્નિમાં બળી ગયું ત્યારે સંતો અને સહુ હરિભક્તોએ ગંગાના પાણીથી અગ્નિને બુઝાવીને તેની રાખ ઉન્મત્તગંગામાં તત્કાળ વહેવડાવી દીધી. ૫-૬. સ્નાન કરી સહુ ગામમાં આવ્યા. આવીને શ્રીહરિનાં દર્શન કર્યાં. જેને ભાઈ રામદાસજીસ્વામી ઉપર ઘણું હેત હતું તે બધાનો જીવ ઉદાસ થઈ ગયો. ૭. પછી શ્રીહરિએ સહુની આગળ એવી વાત કરી કે જેનાથી સહુનાં દિલમાં સુખ અને શાંતિ થાય. શ્રીહરિની કહેલી વાત એવી હતી કે સહુ હરિભક્તોને શાંતિ થાતી હતી. ૮.

❋ દેહાભિમાન દુઃખનું મૂળ છે :

ચોપાઈ :

हरि कहे हरिजन की यह रीता, मिथ्या तन संग न रखना प्रीता;
मिथ्या तन संग प्रीति जेती, अर्थ न आवत तिलभर एती...०९
हरिजन तन तजत रहे जितने, अलौकिक तन कु पावत तितने;
मायिक तन रहायेउ जेता, दुःख की बेडी रहाये तेता...१०

શ્રીહરિએ સહુ હરિભક્તો આગળ કહ્યું, "નાશવંત શરીરની સાથે હેત ન રાખવું, આ ભગવાનના ભક્તોની રીત છે. નાશવંત શરીરની સાથે જે હેત રાખવામાં આવે છે તે તલભાર પણ ઉપયોગમાં આવતું નથી. ૯. ભગવાનનો ભક્ત જ્યારે શરીર છોડે છે ત્યારે તે દિવ્ય ભાગવતી તનુને પામે છે. જે આ માયિક શરીર છે તે તો દુઃખની બેડી કહેવાય છે. ૧૦.

જ્યારે દુઃખની બેડી છૂટી જાય ત્યારે માણસને કેવો હરખ થાય છે ? તેમ દુઃખરૂપ શરીરમાંથી છૂટવાનું થાય ત્યારે પણ આનંદ થવો જોઈએ. આવી જેની સમજણ હોય તે ભગવાનનો દૃઢ ભક્ત છે. ૧૧. આ માયિક શરીરરૂપ બેડી ભગવાનના ભક્તને જીવે ત્યાં સુધી રહે છે. જેને સત્સંગ ન થયો હોય તેને તો તે બેડી ક્યારેય છૂટતી જ નથી. ૧૨. **લોઢાની બેડીમાં તેવું લેશમાત્ર પણ દુઃખ રહ્યું નથી કે જેવું શરીરરૂપી બેડીમાં દુઃખ રહ્યું છે. તે દુઃખ તો કહી શકાતું નથી. ૧૩. મનુષ્ય ક્યારેય દુઃખનો વિચાર કરતો**

નથી. એકલા સુખનો જ વિચાર કરે છે. તેથી તે ક્યારેય સુખના માર્ગે ચાલતો નથી અને તેને જરૂર દુઃખ રહે છે. ૧૪.

સત્સંગ સિવાયના બધા માર્ગો દુઃખના જ માર્ગ છે. જેટલા દૃઢ સમજણ વિનાના છે તે ક્યારેય દુઃખના પારને પામતા નથી. ૧૫. જે લોકો સત્સંગથી જ્યાં સુધી દૂર રહે છે ત્યાં સુધી તેઓ અપાર દુઃખને પામતા રહે છે. ૧૬. આવી બધી વાતોને રામબાણના જેવી સમજવી. સત્સંગનો જે મહિમા છે તે સમજવો ઘણો કઠણ છે. ૧૭. જેમ જેમ સત્સંગનો મહિમા ભાવથી સમજાતો જાય છે તેમ તેમ સત્સંગમાં ભાવ અધિક અધિક થતો જાય છે. એવો આ સત્સંગ છે. ૧૮. જેને સત્સંગ કરતા કરતા પણ ભાવ ઘટી જાય છે તેમાં કારણપણે કુસંગનું અવ્યક્ત બીજ રહ્યું હોય છે. કુસંગના બીજ સિવાય સત્સંગનો રંગ ક્યારેય ઊતરે નહિ. ૧૯. જ્યાં સુધી ઘડો ફૂટ્યો નથી હોતો ત્યાં સુધી તેમાં પાણી ભર્યું રહે છે. સત્સંગની પણ અમે યથાર્થ રીતે કહી એવી જ રીત છે." ૨૦.

શ્રીહરિની વાત સાંભળીને બધા હરિભક્તો મનમાં રાજી થયા. પછી બીજે દિવસ શ્રીહરિ ગઢપુરથી **કારિયાણી** ગામ આવ્યા. અને તે આવ્યા પછી બહુનામી શ્રીહરિ ત્યાં નિવાસ કરીને રહ્યા. ત્યાં ભીમ એકાદશી કરી ત્યારે કેટલાક હરિભક્તો ત્યાં આવ્યા. ૨૧-૨૨. ભીમ એકાદશીનો ઉત્સવ ઘણો સારો કર્યો. હજારો હજાર હરિભક્તો આવ્યા. હરિભક્તોએ હેતથી શ્રીહરિની પૂજા કરી. એવો સરસ ઉત્સવ થયો કે જે મુખથી કહી શકાતો નથી. ૨૩. જ્યારે ઈજારદારની બધી ઉપાધિ શમી ગઈ ત્યારે શ્રીહરિ **ગઢપુર**માં આવીને રહ્યા. તે પછી ઘણા ઉત્સાહે સહિત એક વાવ કરાવવાનો આરંભ કર્યો. ૨૪.

ભાઈ રામદાસજીસ્વામીએ દેહ ત્યાગ કર્યો તેની વાત ઈટોલા ગામમાં મુક્તાનંદસ્વામીએ સાંભળી. પછી તેઓ સાક્ષાત્ બોલ્યા, ૨૫. 'ભાઈ રામદાસજીસ્વામી આપણા સત્સંગના સ્તંભ જેવા હતા અને પોતે સત્સંગમાં મર્યાદા રાખતા-રખાવતા. જે કોઈ પણ કાર્ય હોય તે જ્યાં સુધી મર્યાદા હોય ત્યાં સુધી અતિશય શોભે છે. ૨૬.

✵ એકબીજાની મર્યાદા સાચી શોભા છે :

सोरठा : मरजादहु में जोउ, शोभा रहे निवास कर;
सिंधु सोहत हि सोउ, मरजाद रहे जिहाँ लग...२७
मरजाद के सम जेहु, कोउ बात न रहे अधिक;
मोक्ष की बुद्धि तेहु, जानत रहेउ बात यह...२८

મર્યાદામાં શોભા નિવાસ કરીને રહે છે. જ્યાં સુધી સમુદ્ર પણ મર્યાદામાં રહે છે ત્યાં સુધી જ તે શોભે છે. ૨૭. આ જગતમાં મર્યાદાના સમાન બીજી કોઈ બાબત રહી નથી. જેને મોક્ષની બુદ્ધિ હોય તે આ વાતને જાણે છે. ૨૮. જેટલા સંતો-હરિભક્તો સત્સંગની મર્યાદા જેટલી રાખે છે તેટલા તે સત્સંગના સ્તંભ બનીને રહે છે. ૨૯. સત્સંગની જે મર્યાદા છે તેને દઢપણે કરીને જે રાખતા-રખાવતા હોય તેવા સંતો અને હરિભક્તો સત્સંગના સ્તંભરૂપ છે. ૩૦.

✵ શ્રીહરિની વાતો ચિંતામણિ તુલ્ય છે :

જે યોગ્ય મર્યાદા છે તે જ સત્સંગનો અધિક પ્રતાપ છે. મર્યાદા ગયા પછીનો જે સત્સંગ રહે છે તે તો નિર્જીવ સત્સંગ કહેવાય છે. ૩૧. નિર્જીવ સત્સંગથી ક્યારેય મોક્ષ ન થાય. અને નિર્જીવ સત્સંગથી ક્યારેય અજ્ઞાન ટળે નહિ અને અજ્ઞાન ટળ્યા વિના મોક્ષની ક્યારેય લાલચ રાખવી નહિ. ૩૨. સત્સંગની જેટલી શુભ દિશા છે તેને ભગવાન સહજાનંદસ્વામીએ દેખાડી દીધી છે. આ મહાપ્રભુ સહજાનંદસ્વામીએ પ્રગટ થઈને પોતાનો અપાર પ્રતાપ સત્સંગની વાતો કરીને બતાવ્યો છે. વાતે કરીને બધું સમજાય છે. શ્રીહરિની વાતો તો ચિંતામણિ જેવી છે. ૩૩-૩૪. જે કાંઈ રિદ્ધિ સિદ્ધિ કહેવાય છે તે બધી શ્રીહરિએ કહેલી સત્સંગની વાતમાં રહી છે. બંધન-મોક્ષ તથા બીજી જે જે બાબતો હોય તેને વાત કરતા કરતા વાતમાં જ દેખાડી દે, ૩૫. આવી રીતે જે વાત કરીને સમજાવતા હોય તે જ પરમગુરુ કહેવાય છે. જેને ધન અને નારી ઉપર તાન રહ્યું હોય છે તેઓ તો અધમ ગુરુ કહેવાય છે. ૩૬.

ઝેરમાં પણ જે અતિ ભયંકર ઝેર છે, દુઃખમાં પણ જે અતિશય દુઃખ છે, તે ધન અને નારીમાં રહ્યું છે; તેમ જે નિશ્ચિત રૂપમાં બતાવે તે પરમ

ગુરુ કહેવાય છે. તે બાબત તે ગુરુની વાત અને વર્તનમાં દેખી શકાય છે. ભગવાન સિવાય બીજી કોઈ બાબતને સત્ય કહેતા ન હોય તેવા ગુરુની સાથે હેત બાંધવું. ૩૭-૩૮. ભગવાન સિવાય અન્ય કોઈ વસ્તુ જ્યાં સુધી સાચી દેખાય છે ત્યાં સુધી તેમાં મોહ રહ્યો છે. શ્રીહરિને લીધે જ બધી બાબતો રહી છે. આવી જેને સમજણ હોય તેને મુક્ત કહેવાય.' આવી મુક્તાનંદસ્વામીએ વાત કરી. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ભાઈસ્વામીના અક્ષરવાસ પછી શ્રીહરિનો ઉપદેશ તથા મુક્તમુનિની સમજણ" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર વીશમું : તરંગ - ૫૬

મુક્તમુનિ સત્સંગના ગામોમાં વિચરતા ઉમરેઠ, વડતાલ થઈને ગઢપુર આવ્યા

મુક્તાનંદસ્વામી ઈટોલા ગામથી જ્યારે ચાલ્યા પછી સરસવણી ગામ આવ્યા અને ત્યાં વિચારીને રહ્યા. ૧. તે ગામમાં રામચંદ્ર નામે નિર્મળ મનના, ઉદાર સ્વભાવના અને અપાર પ્રેમી એક જાંબુવિપ્ર હરિભક્ત હતા. ૨.

ત્યાં નાગજીભાઈ તથા ભીખાભાઈ એ બે વિપ્ર અને ત્રિકમભાઈએ શ્રીહરિને રાજી કર્યા હતા. ૩. ગિરધરભાઈ અને અમૈદાસ નામે બે ભાઈ વણિક અનન્ય મતિવાળા હરિભક્ત હતા. ૪. તે સિવાય ગિરધરભાઈ, પ્રભુદાસ, નરસિંહ, બેચરજી, જીવણભાઈ અને દ્વારકાદાસ નામે બધા પાટીદાર હરિભક્તો હતા. ૫. ભગવાનજીભાઈ અને બીજા પણ કેટલાક હરિભક્તો હતા. વળી, અતબારગિરિ નામે એક ઘણા પ્રેમી સારા હરિભક્ત ગોસાઈ હતા. ૬. મુક્તાનંદસ્વામી સરસવણી ગામથી નીકળીને અટલાદરા ગામમાં આવ્યા. ત્યાં કેટલાક પાટીદાર હતા, તે બધા નક્કી હરિભક્ત હતા. ૭. તેમાં જીજીભાઈ, વિઠ્ઠલભાઈ, નરહરિદાસ, કાશીદાસ અને જોરાભાઈ બારૈયા, એ આદિક ઘણા હરિભક્ત હતા. ૮.

ત્યાંથી ચાલીને મુક્તાનંદસ્વામી સાકરદા ગામ આવીને રહ્યા. ત્યાંના પાટીદાર રણછોડજી, ગણેશભાઈ, કલ્યાણભાઈ, ખુશાલભાઈ, જોરાભાઈ, રતનજી, કાશીભાઈ, કાનદાસ, હરજીભાઈ, જેસંગભાઈ, મીઠાભાઈ, કુબેરજી, બેચરજી, ધનજી, ભાઈજીભાઈ, વ્રજલાલભાઈ, મનોહરભાઈ, ઉકાભાઈ અને કાળીદાસભાઈ ઇત્યાદિક હરિભક્તો ઘણા પ્રેમી હતા. ૯-૧૧. યજ્ઞેશ્વર અને રાઘવજી નામે બે વિપ્ર તથા વણિક મોરારજીએ સેવાનો લાભ લીધો. રામજીભાઈ સુતાર ઘણા સારા સત્સંગી હતા. તેમણે કુસંગ ટાળીને સત્સંગ કર્યો હતો. ૧૨.

બારૈયામાં કરાર, દુર્લભજી, કાનજી, અભેસિંહજી અને ગજાભાઈ નામે ઘણા હરિભક્તો હતા. ત્યાં એ રાતે ગોપાલભાઈ કરીને એક ભાઈ સત્સંગી થયા. ત્યારે સહુ હરિભક્તોએ ઘણી સેવા કરી હતી. જેટલા સેવામાં આવ્યા તે બધા ધન્ય ભાગ્યશાળી થયા. ૧૩-૧૪. ત્યાં સ્વામી એક રાત રહ્યા. પછી ત્યાંથી ચાલતા થયા તે ઉમરેઠ ગામમાં આવીને રહ્યા. ૧૫. ઉમરેઠમાં ખેડાવાળ અપાર વિપ્રો સત્સંગી હતા. તેઓ વિશાળ બુદ્ધિવાળા હતા અને તેમણે કુસંગને છોડી દીધો હતો. ૧૬. ખેડાવાળમાં રૂપરામ ઠાકર મુખ્ય હરિભક્ત હતા. જ્યારે શ્રીહરિએ યજ્ઞ કર્યો ત્યારે રૂપરામ ઠાકરે તેમાં ધનની સેવા કરીને શ્રીહરિને રાજી કર્યા હતા. ૧૭. તેમને નંદુભાઈ નામે એક જ દીકરા હતા. તે પરમવિવેકી હરિભક્ત હતા. તેમને શ્રીહરિ અને સંતોની સેવા કરવામાં ઘણો ઉત્સાહ રહેતો હતો. નંદુભાઈ ધનાઢ્ય હોવા છતાં પણ પોતાના શરીરનું જતન ક્યારેય રાખતા નહિ. ખાન, પાન અને વસ્ત્ર ઇત્યાદિકમાં પણ તેઓ ઘણો અનાદર રાખતા હતા. ૧૮-૧૯.

તેઓ સોનાનાં ઘરેણાં ઘણાં હોવા છતાં પણ પોતાનાં શરીર ઉપર ક્યારેય ધારતા નહિ. હરિભક્તોના જેટલા ધર્મ હોય તેને પાળવામાં સહુથી શ્રેષ્ઠ રહેતા હતા. ૨૦. જ્યારથી તેઓ હરિભક્ત થયા ત્યારથી ઘણા શૂરવીર થયા. જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે સત્સંગની સેવા કરતા હતા. ૨૧. નંદુભાઈ સેવામાં ઘણો ઉત્સાહ રાખતા હતા. ક્યારેય પાછો પગ રાખતા નહિ. જ્યારે શ્રીહરિ વડતાલમાં ઉત્સવ કરતા ત્યારે તેઓ ત્યાં આવતા. ૨૨. તે વખતે ઉમરેઠના જેટલા હરિભક્ત હતા, તે બબ્બે ચાર ચાર મળીને સંતોને

પાકી રસોઈ આપતા હતા. તે હરિભક્તોનું સંતોના ઉપર જે હેત હતું તે કહી શકાતું નથી. ૨૩. હંમેશાં ત્રણ-ચાર હરિભક્તો રસોઈ આપતા હતા, એવા તે હરિભક્તો હતા. નરભેરામભાઈ રૂપરામ ઠાકરના સંબંધી હરિભક્ત હતા. ૨૪. તેને નરોતમ નામે એક પુત્ર હતો અને નરોતમને ચાર પુત્ર હતા. તેઓ હરિભક્તોમાં અને તેની નાતમાં મુખ્ય ગણાતા હતા. ૨૫.

મલ્લિકાર્જુન અને ગંગાદત્ત તેમાં મુખ્ય હતા. વિષ્ણુદત્ત, કૃપારામ, લક્ષ્મીરામ અને હરિભાઈ વેદિયા, એ આદિક અપાર હરિભક્તો હતા. આ સમયે એટલા બધા હરિભક્તો થયા હતા કે તેનો લખતા પાર આવતો નથી. ૨૬-૨૭. મુનિવર મુક્તાનંદસ્વામી ઉમરેઠથી ચાલ્યા તે વડતાલ આવ્યા. તે સમયે ઉમરેઠમાં ઘણો વરસાદ થયો. ૨૮. વડતાલમાં પાટીદાર હરિભક્તોનો કોઈ પાર ન હતો. જે જોબન વડતાલા કહેવાતા હતા તે કુટુંબે સહિત સારા હરિભક્ત હતા. ૨૯. જોબન પગીના બધા કુટુંબીઓને સંતોના ઉપર ઘણું હેત હતું. અને સંતોની અપાર મર્યાદા રાખતા. તેનાથી તેમની આખા જગતમાં કીર્તિ વધી હતી. ૩૦. **જે જે લોકો જેટલી લાજ-મર્યાદા રાખે છે તેટલી તેની દુનિયામાં લાજ વધતી રહે છે. અને જેટલો લાજ-મર્યાદાનો ત્યાગ કરે છે તેટલી તેની લાજ-મર્યાદા ઘટી જાય છે.** ૩૧. સત્સંગ જે રાખે છે તે સત્સંગી કહેવાય છે અને જે કુસંગ કરે છે તે કુસંગી થઈ જાય છે. જેનો સત્સંગ અડગ હોય તેને આવી વાત દેખાય છે. ૩૨.

વડતાલમાં નારાયણગિરિ નામે એક ગોસાઈ હરિભક્ત હતા અને વનમાળી નામે એક વિપ્ર હતા. તે બંને ઘણા પાકા હરિભક્ત હતા. ૩૩. વાસણભાઈ નામે એક સુતાર અનુપમ અને પાકા હરિભક્ત હતા. આ બધા કહ્યા તે સત્સંગના શુદ્ધ અંગવાળા અને દૃઢતાવાળા હરિભક્ત વડતાલ ગામમાં હતા. ૩૪. મુક્તાનંદસ્વામી વડતાલથી જ્યારે નીકળ્યા તે પછી પાંચમે દિવસે દિવસ છ ઘડી બાકી રહ્યો ત્યારે ગઢપુર ગામમાં આવ્યા. ૩૫. દાદા ખાચરના દરબારમાં નવાં ભવન તૈયાર થયાં હતાં. તે દરબારગઢની અંદરના ભવનની ઓસરી ઉપર બહુનામી શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા. ૩૬. (તે સમયે પ્રેમાનંદસ્વામી *'સજની પૂછોને નંદલાલ, કે કેમ ચંચળ*

થયા રે લોલ...' આ પદ બનાવીને લાવ્યા. પછી મહારાજે સ્વામીને તે પદ ગાવાની આજ્ઞા કરી. આ રાગના પ્રેમાનંદસ્વામીએ આઠ પદ ગાયા. ત્યાં મુક્તાનંદસ્વામી આવ્યા.)

શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને સંતમંડળની સાથે ત્યાં બોલાવ્યા. જ્યારે તેઓ આવ્યા ત્યારે શ્રીહરિ ઊભા થયા અને ઘણા પ્રેમથી સહુ સંતોને ભેટ્યા. ૩૭. જ્યારે શ્રીહરિ સંતો તથા પાર્ષદોને મળી રહ્યા તે વખતે શ્રીહરિ પલંગ ઉપર બેઠા અને સંતો પણ ત્યાં બેઠા. ૩૮. તે વખતે આકાશમાં વાદળાની ઘટા ચઢી આવી. વરસાદ ગર્જવા લાગ્યો. વીજળી ચમકવા લાગી અને મોર ટહુકવા લાગ્યા તથા કોયલ કુહકવા લાગી. ૩૯. જ્યારે વરસાદની ઝડી પડવા લાગી ત્યારે શ્રીહરિએ અંગ ઉપર શ્વેત વસ્ત્ર તથા શ્વેત ફૂલના અપાર હાર પહેર્યાં હતાં. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "મુક્તમુનિ સત્સંગના ગામોમાં વિચરતા ઉમરેઠ, વડતાલ થઈને ગઢપુર આવ્યા" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર વીશમું : તરંગ - ૫૭

ખુશાલ ભટ્ટને દીક્ષા, મુક્તમુનિ પાસે વેદરહસ્યની રચના કરાવી અને નારાયણજીભાઈને ગઢપુરમાં રાખ્યા

શ્રીહરિએ તે સમયે જેટલા ફૂલહાર પહેરી રાખ્યા હતા તે રાજી થઈને બધા ફૂલહાર મુક્તાનંદસ્વામીને આપી દીધા. ૧. તેમની સાથે જેટલા સંતો હતા અને જેટલા પાર્ષદો હતા તે બધાને શ્રીહરિએ અપાર પ્રેમથી એક એક હાર આપ્યો. ૨. શ્રીહરિએ પહેલા સુરતનું બધું વૃત્તાંત પૂછ્યું અને તે પછી સુરતથી નીકળીને જ્યાં જ્યાં ગયા અને રહ્યા હતા, તે બધું પૂછ્યું. ૩. સુરતના સત્સંગનું જે વૃત્તાંત હતું તે બધું મુક્તાનંદસ્વામીએ વિચાર કરીને યથાર્થ રૂપમાં કહ્યું. ૪. જ્યારે સુરતના સત્સંગનું વૃત્તાંત કહી રહ્યા પછી સ્વામીએ માર્ગમાં જે ગામો આવ્યા હતા તેનાં નામ અને કેટલાક હરિભક્તોના

નામ લઈને બધી વાત કરી. ૫. જે રીતે મુક્તાનંદસ્વામીએ સહુના ભાવની વાત કહી તે ભાવ ભેળું બધું વૃત્તાંત દેખાતું હતું. અને વૃત્તાંત જ્યારે કહે ત્યારે તેમાં જે રીતનો ભાવ હોય તે દેખાઈ આવતો હતો. ૬.

ભાવ અને વૃત્તાંત, તેની પરસ્પર રહેલી જે એકતા તે પ્રમાણે મુક્તાનંદસ્વામીએ બધી જ વાત શ્રીહરિ આગળ કહી દીધી. ૭. તે વખતે શ્રીહરિએ સંતોને જમાડવાને માટે મનનાં ઘણાં પ્રેમથી ભોજન મગાવ્યું. પછી સંતોને અત્યંત ઉલ્લાસથી પોતાના પલંગ પાસે બેસાડ્યા. ૮. મુકુંદાનંદ વર્ણી તે ભોજન લઈ આવ્યા અને ઘણા હરખથી તે સહુને પીરસવા લાગ્યા. સ્વયં શ્રીહરિ જે રીતે કહેતા તે રીતે વર્ણી ભોજન પીરસતા હતા. ૯. ઘઉંની સાત પડી રોટલી સહુ સંતોને એક એક આપી. તેને ચોળીને ગોળ અપાવડાવ્યો અને તેના પછી તેમાં ઘી પીરસાવ્યું. ૧૦.

લાડુના જેવું તે બન્યા પછી તેમાં પેતી(મશાલેદાર ઘાટી દાળ જેવી ચટણી) અપાવડાવી. ગરમર અને કેરડાંનું અથાણું આપ્યું. ૧૧. વળી, પાપડ મગાવીને સંતોને અપાવ્યા. સંતો ઘણા હર્ષથી જમ્યા. જ્યારે તેઓ જમી રહ્યા એટલે તરત શ્રીહરિ ત્યાંથી ઊઠ્યા. ૧૨.

✻ ખુશાલ ભટ્ટના સદ્ગુણો :

दोहा : खुशाल विप्र आये तिहाँ, घर के बंधन तोर;
त्यागी होवन के भाव उर, मन न लगत कोउ ठोर...१३
खान पानादिक तिनके, तिल भर रखे न राग;
भगवान में रस सबके, करत भये अनुराग...१४

તે વખતે ખુશાલ ભટ્ટ ઘર સંસારનું બધું બંધન તોડીને ત્યાં આવ્યા. તેમનાં મનમાં ત્યાગી થવાનો ભાવ હતો. ભગવાન સિવાય બીજે કોઈ ઠેકાણે તેમનું મન લાગતું ન હતું. ૧૩. તેમણે ખાન, પાન ઈત્યાદિકમાં તલભાર પણ રાગ રાખ્યો ન હતો. તેમને ભગવાનનાં સ્વરૂપમાં જ બધો રસ દેખાતો હતો એટલે તેમાં જ પ્રેમ કરતા હતા. ૧૪. ત્યાગી થવા માટેનો જ ઉદ્યમ તેઓ સતત કરતા હતા. શ્રીહરિએ તેમનું ચિત્ત દેખ્યું, પછી તેમને ગોપાલ વર્ણી બનાવ્યા. ૧૫. શ્રીહરિએ જ્યારે તેમને વર્ણી બનાવ્યા ત્યારે તેમનાં ચિત્તમાં

શાંતિ થઈ. બધો જ ઉદ્વેગ છોડી દીધો અને તેમનાં મનમાં સત્સંગનો રંગ વધારે ચઢ્યો. ૧૬. પછી તેમણે પ્રસન્ન મનથી ભાગવત ભણવાની શરૂઆત કરી. જ્યારે અષાઢ મહિનો બેઠો ત્યારે શ્રીહરિએ મુક્તાનંદસ્વામીને બોલાવીને આજ્ઞા કરી કે દોહા, ચોપાઈવાળો એક ગ્રંથ લખો. તેનું 'વેદરહસ્ય' નામ રાખજો. જે સંતો અને હરિભક્તોને ઘણો સુખરૂપ બને. ૧૭-૧૮. તેમાં આપણા સત્સંગના આશ્રિતો સંતો અને હરિભક્તો જે બધા છે તેને વર્તવાનો જે શુદ્ધ માર્ગ છે તે અનુપમ રીતે તેમાં ગૂંથજો. ૧૯.

જે લોકો સન્માર્ગ વિના ચાલે છે તેઓ તો ઘણું દુઃખ પામે છે. અમે જ્યાં સુધી બેઠા છીએ ત્યાં સુધીમાં બીજા બંધન તોડાવીને સત્સંગના માર્ગ ઉપર સહુને ચલાવીએ છીએ. જે લોકોને બંધનની કાંઈ ગમ જ નથી, તેઓ તો બંધનને પણ બંધન જાણતા નથી અને તેથી તે બંધનને પણ સુખરૂપ માનતા રહે છે. ૨૦-૨૧. **આપણા સત્સંગમાં રહેલા ત્યાગી સંતો છે તે બધા બદરિકાશ્રમમાં જે રહ્યા હતા તે જ બધા મુનિઓ છે. તે બધા અહીં મનુષ્યદેહ ધારીને આવ્યા છે, પરંતુ લોકોને તેની ખબર નથી. ૨૨.**

દુર્વાસાના શાપને લીધે તે બધા આવ્યા છે અને તેમનાં નામ પણ પ્રસિદ્ધ છે. જેનાં જેવાં નામ રહ્યાં છે તે સંતદાસજીએ મને આવીને કહ્યા છે. ૨૩. અત્યારે આપણા જેટલા સંતો છે તેમણે વર્તમાન સંતોના નામ ધારણ કર્યા છે. આમ કહીને સંતોના પ્રથમ વખતના જે અલગ અલગ નામ હતા તે કહ્યા. ૨૪. પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિના સમીપમાં બેસીને તેમનાં ચરણોનું હૃદયમાં ધ્યાન કરીને જે રીતે તેમને કહ્યું હતું તે રીતે ગ્રંથ રચવાનો આરંભ કર્યો. ૨૫. મુક્તાનંદસ્વામી જે રીતે દોહા, ચોપાઈ, સોરઠા આદિક વિવિધ છંદ બોલતા હતા તે રીતે સિદ્ધાનંદમુનિ લખવા લાગ્યા. ૨૬.

તે દિવસોમાં જૂનાગઢથી શ્રીહરિનાં દર્શન કરવા માટે નારાયણજીભાઈ નામે સુતાર ગઢપુર આવ્યા. ૨૭. તેમણે શ્રીહરિનાં દર્શન કર્યાં. તેને જોઈને શ્રીહરિ ઘણું રાજી થયા. પછી શ્રીહરિએ તેમને મૂર્તિઓની છાપ(બિબું) કરાવવાને માટે પોતાની પાસે રાખી લીધા. ૨૮. આ ભરતખંડમાં જે હિમાલય પર્વત રહ્યો છે ત્યાં ધર્મ અને ભક્તિ(મૂર્તિ) ના પુત્ર નરનારાયણ

દેવ રહ્યા છે. ૨૯. પોતે ભરતખંડના રાજા હોવા છતાં હિમાલય પર્વતમાં રહીને તપ કરે છે. અનુપમ બદરિકાશ્રમ ધામમાં ઋષિરૂપે રહીને મૂળરૂપનું અખંડ ધ્યાન કરતા રહે છે. ૩૦.

જેવી તે બંને મૂર્તિઓ છે તેના અમે દર્શન કરી આવ્યા છીએ. ત્યાં જેટલા ઋષિઓ તપ કરે છે તે બધાને અમે જોઈને આવ્યા છીએ. ૩૧. તેઓ ભગવાન સંબંધી સંકલ્પ સિવાય બીજો કોઈ પણ સંકલ્પ કરતા નથી. બીજા સંકલ્પોને તો પ્રયોજનવશ શરીરનાં હિત પૂરતા જ કરે છે. ૩૨. બદરિકાશ્રમનો એવો ગુણ રહ્યો છે કે ત્યાં કોઈ વૃથા સંકલ્પ કરતા નથી. જેને જેટલા અમાયિક(દિવ્ય) સંકલ્પો થાય છે તેટલો તે અમાયિક થઈ જાય છે. સંકલ્પથી આવું થતું દેખાય છે. નર અને નારાયણ, તે બંને ભાઈઓ સદાને માટે દ્વિભુજ મૂર્તિ છે. ૩૩-૩૪. નર મૂર્તિ શરીરથી ગૌર છે અને તેમનાં મસ્તક ઉપરની જટા સોના જેવી દેખાય છે. અને નારાયણનું સ્વરૂપ ઝરતા અળસીના ફૂલના જેવું શ્યામ છે. ૩૫. તેઓ મેઘ સમાન શ્યામવર્ણના છે. તેમના જેવી શોભા બીજા કોઈમાં નથી. તે બંને મૂર્તિઓ તેજથી નખથી શિખાપર્યંત ભરાઈને રહી છે. ૩૬.

આ મૂર્તિના એક રોમ જેટલા તેજમાં સૂર્ય અને ચંદ્રનું બધું તેજ લીન થઈ જાય છે, પણ દેખાતું નથી. ૩૭. ભગવાન નારાયણનાં મસ્તક ઉપર સોનેરી જટા છે. તે મૂર્તિ વગર આભૂષણે શોભી રહી છે અને ભક્તજનોનાં મનની પીડાને હરે છે. ૩૮. તે ભગવાન નરનારાયણ દેવ આ ભરતખંડમાં બ્રહ્માંડની આયુષ્ય પૂરી થાય ત્યાં સુધી મુખ્યપણે અખંડ રહ્યા છે. ભગવાન તો આ ભરતખંડમાં અનેક અવતાર ધારણ કરે છે, છતાં આ નરનારાયણ મૂર્તિ એકસરખી છે અને એક હોવા છતાં અનેક રૂપને ધારણ કરે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં “ખુશાલ ભટ્ટને દીક્ષા, મુક્તમુનિ પાસે વેદરહસ્યની રચના કરાવી અને નારાયણજીભાઈને ગઢપુરમાં રાખ્યા વગેરે કહ્યું” એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર વીશમું : તરંગ - ૫૮

શ્રીહરિએ નરનારાયણ દેવની છાપેલી મૂર્તિઓ સહુને પૂજવા આપી

❋ ભગવત્‌મહિમાની અપારતા :

વળી શ્રીહરિએ વાત કહી કે, "ભગવાનનું સ્વરૂપ તો અમાપ છે. તે અમાપ એવા ભગવાનનાં સ્વરૂપનું જે માપ કરવા જાય છે તે તો અજ્ઞાની ગણાય છે. ૧. બ્રહ્માંડ જેટલી આયુષ્યવાળા કરોડો વાર જન્મ ધરીને કોઈ અકળ એવા ભગવાનનું માપ કાઢવા જાય, તોપણ તે કઈ રીતે માપ કાઢી શકે ? ૨.

જેટલા અજ્ઞાની લોકો છે તે સંપૂર્ણ રીતે અકળ અને અમાપ એવા પરમેશ્વરનું માપ કરવા ચાહે છે, પણ તે અમાપ પરમેશ્વર તો અમાપ જ રહેવાના છે..! ૩. જે પરમેશ્વર અમાપ અને અકળ છે તે ક્યારેય મપાતા નથી છતાં જે અજ્ઞાની છે તે અમાપને માપમાં કરવાનું ઇચ્છે છે. ૪. **ભગવાન તો અકળ અને અમાપ છે. તે ક્યારેય કળ્યામાં કે માપમાં આવતા નથી. તેઓ વારંવાર અવતાર ધરીને ભક્તજનોને સંસારથી પાર પમાડે છે. ૫.**

❋ ભક્તનાં લક્ષણો :

અંતર્યામી પરમેશ્વર ભક્ત અને અભક્ત, તે બધાને જાણે છે. જે ભગવાનના ભક્તો હોય છે તેને ભગવાનનાં યત્કિંચિત્ જે કાંઈ જન્માદિક ચરિત્રનું શ્રવણ કરવામાં ઝાઝી રુચિ હોય છે. વળી, તેને જ્યારે ભગવાનની મૂર્તિ કે અવતારો નજરે દેખાય છે ત્યારે, ૬-૭.તેમાં પરમ પ્રેમરસથી ચિત્ત ચોંટે છે અને મૂર્તિના સમાન બીજા કોઈમાં તેવો રસ દેખાતો નથી. ભગવાન સંબંધી જે જે વાત હોય છે તેમાં તેને વધારે ને વધારે પ્રેમ રહે છે. ૮. ભગવાનનાં સંબંધ વિનાની બીજી બધી બાબતો ઝેરના સમાન દેખે છે. તેમજ ભગવાનના ભક્તને દેખીને તેમાં મન એકરસ થઈને મળી જાય છે. ૯. તેનું મન લગાર પણ ઉથડક રહેતું નથી અને તેને ભગવાન અને ભગવાનના ભક્તો અમૃત કરતાં પણ વધારે પ્રિય લાગે છે. જે ભગવાનનો ભક્ત હોય છે તેમાં આવાં લક્ષણો વર્તતા હોય છે." ૧૦.

❋ અભક્તનાં લક્ષણો :

હવે જે પરમેશ્વરનો ભક્ત નથી તેની રીત કહું છું. લક્ષણો કહેવાથી અભક્ત દેખાય આવે છે. જે અભક્ત હોય છે તેને ભગવાનનું નામ કાનથી સાંભળતાની સાથે જ હૃદયમાં બળતરાની ઝાળ ઊઠે છે. ૧૧. જેટલી નીતિની વાત હોય તેના ઉપર અરુચિ રહે છે. ફેલ, ફતૂર અને વ્યસન એ બધામાં રુચિ કરતો રહે છે. ૧૨. ભગવાનની મૂર્તિ, ભગવાનના અવતાર, વેદો તથા પુરાણ આદિ શાસ્ત્રો, તે બધાનો તેનાં દિલમાં ભાર નથી હોતો. ૧૩. ધર્મ ઉપર વેર હોય છે અને અધર્મ ઉપર અનુરાગ હોય છે. તે અભાગિયો અભક્ત સંતો તથા હરિભક્તોનો ગુણ ગ્રહણ કરતો નથી. ૧૪.

ભગવાન, સંતો અને હરિભક્તોના ગુણ જ્યારે કહેવાતા હોય ત્યારે તે ગુણ સાંભળીને અભક્તના અંતરમાં અતિશય ઉદ્વેગ થાય છે. ૧૫. તે અભક્તનું જેટલું જોર ચાલે એટલો સન્માર્ગને ઉચ્છેદ કરતો હોય છે. આવા લક્ષણો ઉપરથી અભક્ત દેખાય આવે છે. ૧૬. ભગવાનના ભક્ત જે કોઈ પણ બાઈ-ભાઈ કહેવાય છે તે હરેક નરનારાયણ શ્રીહરિની પૂજા કરે છે. ૧૭. મનુષ્ય જેવા દેવની પૂજા કરે છે તે દેવમાં જેવા ગુણો હોય તેવા તે પૂજા કરનારા મનુષ્યમાં આવે છે. ૧૮. ભગવાન નરનારાયણ દેવ સાત્ત્વિક અને અત્યંત શાંત મૂર્તિ છે. તે બંને સદા દ્વિભુજ છે. વળી એમાં ચતુર્ભુજપણું પણ છે. ૧૯. તે ભગવાન જેવો સમય હોય તે પ્રમાણે અષ્ટભુજાવાળા અથવા સહસ્રભુજાવાળા પણ દેખાય છે. તે બંને તો અજિતમૂર્તિ છે છતાં ભક્તને આધીન રહે છે. ૨૦.

ભક્તનાં દિલમાં જેવો ભાવ હોય તેવી મૂર્તિ ત્યાં દર્શન આપે છે. જેવું કાર્ય હોય અને જેવું ધામ હોય ત્યાં તેવી મૂર્તિ દેખાય આવે છે. ૨૧. **ભગવાનની મૂર્તિમાં સામર્થ્ય અને કળા અલૌકિક રહ્યા છે. જે આટલી વાતને જાણે છે તે ભગવાનના ભક્ત કહેવાય છે. ૨૨.** તેવા ભક્તોના હિત માટે નરનારાયણ ભગવાનની મૂર્તિની છાપ કરાવવી છે, જેથી જેટલા હરિભક્ત કહેવાય છે તે બધા ઘેર ઘેર ભગવાન નરનારાયણની પૂજા કરતા રહે. ૨૩.

મોટાના સંકલ્પમાં ઘણી સિદ્ધિ રહી હોય છે. પછી સુતાર નારાયણજીભાઈએ ઘણો જ આનંદ પામીને શ્રીહરિનાં વચનને માથે ચડાવ્યું. ૨૪.

નારાયણજીભાઈએ તત્કાળ જ નરનારાયણ દેવની છાપ(બિબું) કરી અને તે છાપને એક કાગળ ઉપર છપાવી. ૨૫. શંખ, ગદા, પદ્મ અને ચક્ર, આ ચાર આયુધોને ચાર ભુજામાં ધારણ કરેલા હતા. મસ્તક ઉપર કિરીટ ઘાટનો મુગટ ધારણ કર્યો હતો અને તેઓ બાલસ્વરૂપ હતા. ૨૬. કાનમાં મકરાકૃતિ કુંડળ ધારણ કર્યાં હતા અને કમર ઉપર પીતાંબર વસ્ત્ર પહેર્યું હતું. કામદેવના મનના માનને હરતા હતા. ભગવાનનાં સ્વરૂપની એવી અદ્‌ભુત શોભા બની હતી ૨૭. છાતી ઉપર વૈજંતી માળા હતી, ભુજાઓ ઉપર બાજુબંધ અને સોનાનાં કડાં ધારણ કર્યાં હતાં. રૂપ ઘણું સુંદર હતું. તેવું બીજા કોઈનું રૂપ હતું નહીં. ૨૮.

જ્યારે જન્માષ્ટમી આવી ત્યારે ત્રણ સદ્‌ગુરુ સિવાયના સંતો અને બીજા દેશ દેશના હરિભક્તો ગઢપુર આવ્યા હતા. ૨૯. શ્રીહરિનાં દર્શન કરીને સહુને ઘણો આનંદ થયો હતો. તે સમયે અનુપમ ઉત્સવ છવાઈ ગયો હતો. સંતો સભામાં કીર્તન ગાતા હતા અને હરિભક્તો શ્રીહરિની પૂજા કરવા માટે આવતા હતા. ૩૦. દાદા ખાચરના દરબારમાં જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. લીંબડાની નીચે ચોતરા ઉપર આવીને શ્રીહરિ બેસતા હતા. ૩૧.

જન્માષ્ટમીને દિવસે જ્યારે સહુ હરિભક્તો આવતા હતા ત્યારે શ્રીહરિએ નરનારાયણ દેવની જેટલી છાપની મૂર્તિઓ હતી તે બધી નિષ્કુળાનંદસ્વામીની પાસે મગાવી. સિદ્ધાનંદમુનિ તે મૂર્તિઓને છાપી દેતા હતા. છાપની જેટલી મૂર્તિઓ હતી તેને જોઈને શ્રીહરિ અપાર પ્રસન્ન થયા. ૩૨-૩૩. નારાયણજીભાઈ સુતારને બોલાવીને શ્રીહરિએ તેમને પહેરામણી કરી. અને નિષ્કુળાનંદમુનિ તથા સિદ્ધાનંદમુનિને ફૂલના હાર પહેરાવ્યા. ૩૪. કરુણારસથી ભીના શ્રીહરિએ તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી તે મૂર્તિઓની છાપને છાપવાને માટે સિદ્ધાનંદમુનિને પોતાની પાસે રાખ્યા. ૩૫.

❋ ગુણથી ગિરધારી રીઝે છે :

चोपाई :

हरि प्रसन्न होवे जिस रीता, एसी रीत के गुन करीता;
हरि के समीप मिलत रहाई, गुन बिना मिलत नहीं कदाई...३६

दोहा : हरि के मिले समीप तेहि, जेही गुन करीके जेहु;
सब गुन में अधिक यह, गुन रहाये तेहु...३७
हरि के समीप सब बात से, बात अधिक रहेउ;
समीप सम नहीं बात कोउ, दुर्लभ में दुर्लभ तेउ...३८

જે ગુણોએ કરીને ભગવાન શ્રીહરિનો રાજીપો મળે એવા ગુણોને લીધે શ્રીહરિનું સમીપપણું મળે છે. ભગવાનનું સમીપપણું તેવા ગુણો વિના ક્યારેય મળતું નથી. ૩૬. જે ગુણને લીધે ભગવાનનું સમીપપણું મળે છે તે ગુણો બધા જ ગુણોમાં મુખ્ય કહેવાય છે. ૩૭. શ્રીહરિના સમીપમાં જે રહેવું તે બધી બાબતો કરતા શ્રેષ્ઠ છે. ભગવાનના સમીપપણાના જેવી કોઈ બાબત હોતી નથી. માટે તે દુર્લભમાં પણ અત્યંત દુર્લભ છે. ૩૮. **જેનાથી શ્રીહરિ રાજી થતા હોય છે તે દુર્લભમાં પણ અત્યંત દુર્લભ વાત હોય છે. અને તે શ્રીહરિના રાજીપાને જે દુર્લભ ન દેખે તે તો અધમોમાં પણ અત્યંત અધમ છે. ૩૯. જેમાં ભગવાનનો સંબંધ હોય છે, એવી જે જે વાત હોય, તેમાં દુર્લભતા રહી છે. તે સિવાય બીજું કાંઈ દુર્લભ નથી. ૪૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ નરનારાયણ દેવની છાપેલી મૂર્તિઓ સહુને પૂજવા આપી" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર વીશમું : તરંગ - ૫૯

અમદાવાદમાં નરનારાયણ દેવનું મંદિર કરવા આનંદાનંદસ્વામીને આજ્ઞા કરી

શ્રીહરિએ ત્યાં જેટલા સંતો હતા તેમના ઉપર રાજી થઈને શ્રીનરનારાયણ દેવની મૂર્તિ આપી. ૧. વર્ણી અને પાર્ષદો હતા તેમને પણ મૂર્તિ આપી. પછી જેટલા હરિભક્તો હતા, તેમને નરનારાયણ ભગવાનની મૂર્તિઓ આપી. ૨. જ્યારે શ્રીહરિ સહુને મૂર્તિઓ આપી રહ્યા, પછી શ્રીહરિએ આનંદાનંદસ્વામીને પોતાની પાસે બેસાડીને જે વાત કહી, તે હવે હું કહું છું. ૩. 'તમે અમદાવાદમાં જઈને આપણી જે જગ્યા છે ત્યાં ઘણા પ્રેમથી શિખરબંધ એક મંદિર કરાવો. ૪. આ બ્રહ્માંડ જ્યારે પહેલી વખત થયું તે દિવસથી શ્રીનરનારાયણ ભગવાનનો પ્રથમ અવતાર કહેવાય છે. અત્યાર સુધીમાં સત્તાવીશ કળિયુગ વીતી ગયા છે અને અત્યારે અઠ્યાવીશમો કળિયુગ ચાલે છે. એટલે બ્રહ્માના દિવસનો સવા પહોર જેટલો સમય અત્યારે થયો છે. ૫-૬. શ્રીનરનારાયણ દેવ જે દિવસથી પ્રગટ થયા છે તે દિવસથી હિમાલયમાં અખંડ રહીને તપ કરી રહ્યા છે. ૭.

ભગવાને ત્યાં એવું તપ કર્યું કે જેનાથી કાળ પણ કંપે છે. આ ભરતખંડમાં નરનારાયણ ભગવાનના પછી ભગવાનના બીજા કેટલાયે અવતારો થયા. તેનો પાર કોણ લઈ શકે ? જ્યાં જેટલું કામ હોય ત્યાં તેટલા અવતારો પ્રગટ થાય છે. ૮-૯. આ બ્રહ્માંડમાં ભગવાન તો આવતા જતા રહે છે ને ભક્તનાં હિતને માટે નવાં નવાં ચરિત્ર કરતાં રહે છે. ૧૦.

❋ ભાવથી ચરિત્ર સાંભળવાની મહત્તા :

તે ભગવાનનાં જેટલાં ચરિત્રો છે તેને જે મનુષ્યો આદરભાવથી સાંભળતા હોય છે તેને સંસારમાં ભટકવાનું રહેતું નથી. અને તે ભગવાનનાં પરમપદને પામે છે. ૧૧. જે લોકો ચરિત્રોનાં ફળને સાચું માનીને વિશુદ્ધભાવથી તે ચરિત્રોને સંભળાવે છે તેને તેવું ફળ મળે છે. કારણ કે ભગવાન તો અંતર્યામી છે. તે જેનો જેવો ભાવ હોય તેવું તેને ફળ આપે છે. ૧૨. અંતર્યામી પરમેશ્વર

મનુષ્યનાં હૃદયમાં તેનાં કર્મનાં સુખ-દુઃખરૂપ ફળને આપવા રહ્યા છે. ૧૩. નીતિનું ફળ સુખ છે અને અનીતિનું ફળ દુઃખ છે. તે નજરોનજર આ લોકમાં જ પ્રત્યક્ષ દેખાય છે. ૧૪.

⁕ અતિ સ્વતંત્રતા ભગવાનનો કોપ છે :

નીતિમાં જેની નિંદા કરેલી હોય તેવાં કર્મને મન જેમ કહે તેમ પ્રેમથી જે કરે છે તે પોતાનાં માથા ઉપર કર્મનો બોજ ભરે છે. ૧૫. જે **મનુષ્ય જેટલો સ્વતંત્ર હોય તેટલું તે મનનું ધાર્યું કર્મ કરે છે. તે ભલે તે સ્વતંત્રતામાં અતિ સુખ માને છે, પરંતુ જેટલું તે સુખ લે છે તેટલું તેને દુઃખ પ્રાપ્ત થાય છે. ૧૬.**

ચોપાઈ :

भगवान कोप करत जेहि वारी, स्वतंत्र ताकु करत तेहि वारी;
भगवान बिन ओर चाय जेसा, स्वतंत्र तेहि अति होवे तेसा...१७

न करने की बात तेहि वेरी, करे बिन न रहे कोउ फेरी;
स्वतंत्र जो जो भयेउ जेता, ताकु देखो नजर कर तेता...१८

स्वतंत्र अति होवत हे ताकु, भगवान सहन न करत वाकु;
स्वतंत्र तिनके सहत हि जितना, भगवान के कोप भये तितना...१९

निरदोष बुद्धि रहे ही तिनकु, अंतर एसे देखावत इनकु;
बुद्धि में दोष रहत जिहाँ लगहू, स्वतंत्र होन इच्छत तिहाँ लगहू...२०

ભગવાન જ્યારે કોપ કરે છે ત્યારે તે માણસને સ્વતંત્ર કરી દે છે. ખરેખર આ દુનિયામાં ભગવાન સિવાયના ચાહે તેવા હોય તે જ્યારે અતિ સ્વતંત્ર થાય છે ત્યારે ન કરવાની વાતને કર્યા સિવાય ક્યારેય રહેતા નથી. જેટલા જેટલા પૂર્વે સ્વતંત્ર થયા છે તેમને તમે નજર કરીને જૂઓ તો ખરા..! ૧૭-૧૮. જે અત્યંત સ્વતંત્ર થઈ જાય છે તેને ભગવાન સહન કરતા નથી, પણ કદાચ પરમાત્મા તેની સ્વતંત્રતાને જેટલી સહન કરે છે તો તેટલો તેના ઉપર ભગવાનનો કોપ જાણવો. ૧૯. જેની બુદ્ધિ નિર્દોષ હોય તેને અમે કહ્યું તેવું અંતરમાં દેખાય છે. બુદ્ધિમાં જ્યાં સુધી દોષ રહ્યો હોય છે ત્યાં સુધી પોતે સ્વતંત્ર થવાની ઈચ્છા કરે છે. ૨૦.

સ્વતંત્રતામાં જેટલાં દોષ રહ્યા છે તે બુદ્ધિ સિવાય દેખાતા નથી. માણસને પોતાનાં જેટલાં દોષ દેખાય છે તેટલી તેના ઉપર ભગવાનની કૃપા રહે છે.' ૨૧. ત્યારે આનંદાનંદસ્વામીએ શ્રીહરિને કહ્યું, 'અમદાવાદમાં મંદિર કરવું કઠણ કામ છે. કામ કરનારા માણસો અને ધન વિના કોઈથી મંદિર થઈ શકે નહિ. ૨૨. હું કામ કરનાર માણસ અને ધન ક્યાંથી લાવું ? મારી પાસે કોઈ વચનસિદ્ધિ નથી.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'જે નરનારાયણ દેવ છે તેમના સંકલ્પમાં અષ્ટસિદ્ધિ અને નવનિધિ રહ્યા છે. તમારે કોઈ ચિંતા કરવી નહિ અને અમારાં વચનને માથે ચડાવવું. ૨૩-૨૪.

તમે તો નિમિત્ત માત્ર છો. તેથી ચિંતાને દૂર રાખો. ત્યાં જેટલા હરિભક્તો છે તે બધા સેવા કરશે. ધન આપીને મન, કર્મથી સેવા કરવામાં હરિભક્તોને પ્રબળ ઉત્સાહ છે, તેથી સેવા કરશે. ૨૫-૨૬.

ભગવાનના નિમિત્તે જે જે વસ્તુ ઉપયોગમાં આવશે તે બધી ભગવાનનાં દિવ્ય ધામમાં દિવ્ય રૂપમાં અપાર મળશે. ૨૭. જે જે વસ્તુ ભગવાનનાં સંબંધમાં આવે છે તે દિવ્ય થઈને ભગવાનનાં ધામમાં અખૂટ રૂપમાં મળે છે. ૨૮. મંદિર થાય છે તેમ હરિભક્તો જ્યારે કાનથી સાંભળશે ત્યારે જે જે વસ્તુ જેટલી જોઈશે તે તે સહજભાવે લાવીને આપશે. ૨૯. હરિભક્તોએ જે કાંઈ સત્કર્મ કરવાનું હોય છે તે બધું મંદિર દ્વારાએ થશે. અને સંતો હંમેશાં નિર્બંધ જ રહેશે. કારણ કે, નિર્બંધતામાં જ મોક્ષ રહ્યો હોય છે. ૩૦.

જે ત્યાગી થયા હોય છે તેમને ધન અને નારી, તે બંધનરૂપ કહેવાય છે. મંદિરે કરીને ત્યાગીને ધન અને નારીનું બંધન ક્યારેય થાશે નહિ. ૩૧. નારી અને ધનના બંધનમાં ન આવે તેને સંતો સભામાં પ્રમાણ કરે છે. ત્યાગી થનારા જે ગામના હોય તેને તે ગામના હરિભક્તો પ્રમાણ કરે, ત્યારે તે ત્યાગી થવા આવનારાને પહેલા તો ધન લેવા-દેવાને માટે શ્વેત કપડાંમાં જ રાખવા. ૩૨-૩૩.

કણભા ગામના ઉમાભાઈ નામે વૃદ્ધ હરિભક્ત હતા. તેને સભામાં માન્ય કરાવીને શ્રીહરિએ આજ્ઞા કરી. ૩૪. સંતો અને હરિભક્તોની સંમતિ

લીધી અને મંદિર કરવાનું નક્કી કર્યું. જે નરનારાયણ દેવ હિમાલયમાં રહ્યા છે. તે નરનારાયણ દેવ કેવાં છે ? તેને નરનારી કોઈ મનુષ્ય જાણતા નથી. તે નરનારાયણ દેવને અમારે પ્રસિદ્ધ કરવા છે. આ વાતમાં હવે ક્યારેય ફેર પડશે નહિ. ૩૫-૩૬. આ ભરતખંડમાં નરનારાયણ દેવ મુખ્ય છે. તે મુખ્ય દેવ હોવા છતાં તેને કોઈ ઓળખતા નથી. ૩૭. તે મુખ્ય નરનારાયણ દેવને આ ભરતખંડના મધ્યમાં સ્થાપન કરવા છે. જેનો ઘણો પ્રતાપ રહ્યો છે. ૩૮.

નરનારાયણ દેવ ભરતખંડના અધિપતિ છે. જો અધિપતિ ન હોય તો તેનો ખંડ કેમ કહેવાય ? ૩૯. અધિપતિને લીધે તો પ્રજા નીતિમાં વર્તે છે અને અધિપતિના પ્રતાપથી કોઈ અનીતિમાં ચાલતું નથી. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "અમદાવાદમાં નરનારાયણ દેવનું મંદિર કરવા આનંદાનંદસ્વામીને આજ્ઞા કરી" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર વીશમું : તરંગ - ૬૦

સેવાનો મહિમા અને આનંદાનંદસ્વામી અમદાવાદ જવા તૈયાર થયા

શ્રીહરિએ આનંદાનંદસ્વામીને પ્રેમથી કહ્યું, 'તમારે દશમને દિવસ નીકળવાનું નક્કી છે. ૧. જેનાથી તમારું કામ સારું ચાલે તે માટે તમારે જેટલા જોઈએ તેટલા સંતો, વર્ણી અને પાર્ષદો લઈ જવાની તમને છૂટ છે. ૨. જે કાંઈ કામ કરવું હોય તે ક્યારેય ઉત્સાહ સિવાય થતું નથી. જેને જેટલી લાજ હોય તેટલું તે વચન માથે ધારે છે. ૩. અને જેને જેટલો ખપ હોય કે ન હોય, તે પણ આજ્ઞા-વચનમાં રહેવા ઉપરથી ખુલ્લું દેખાઈ આવે છે. ૪. ત્યાગ, વૈરાગ્ય, ધર્મ, જ્ઞાન, એ બધા કરતાં સેવાનો માર્ગ કઠણ લાગે છે. સેવા કરવામાં શરીરનું લેશમાત્ર પણ જતન રહેતું નથી. ૫.

❋ મંદિરની સેવાનો મહિમા :

स्वाद जितने कहावत तामें, बडता स्वाद अधिक हे यामें;
त्याग विरति ज्ञान धर्म तिनके, भगवान सबंधि सेवा ईनके...०६
प्रसन्नता फल सेवा कियेऊ, सेवा बिन निष्फल हि रयेऊ;
हरि के मंदिर रु मंदिर हिता, सेवा जितना जेहि करीता...०७
सेवा तितना फल हि रहेऊ, सेवा बिन फल अल्प मिलेऊ;
संत बोले अब मंदिर ताकी, सेवा में न रखना बाकी...०८

જેટલી જાતનાં સ્વાદ કહેવાય છે તેમાં મોટાઈનો સ્વાદ સહુથી અધિક છે. ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધર્મ અને ભગવાન સંબંધી સેવાનું ફળ પરમાત્માની પ્રસન્નતા છે. અને વળી તેનું ફળ પાછી ફરી ભગવાનની સેવા છે. સેવા સિવાયના બીજાં સાધનો નિષ્ફળ રહે છે. ભગવાનના મંદિર અને મંદિરને માટે જેટલી સેવા કરી હોય તેને તેટલું સેવાનું ફળ મળે છે. સેવા વિના બીજા સાધનોનું ફળ અલ્પ મળે છે.” ત્યારે સંતોએ કહ્યું, “હવે અમારે મંદિરની સેવામાં કાંઈ બાકી રાખવું નથી. ૬-૮.

‘આપની આજ્ઞાને પાળવી તેમાં જ સહુથી અપાર મોટાઈ રહી છે. મનમુખી થઈને જેટલું થાય છે તેટલું જીવને બંધનરૂપ બને છે. ૯. મહારાજ ! આપ જ્યાં સુધી મળ્યા ન હતા ત્યાં સુધી અમે મનમુખી થઈને આ જગતમાં હરતા ફરતા રહ્યા છીએ. હવે આપ મળ્યા છો તેથી આપની આજ્ઞામાં એવું ભટકવું છે કે એમાં લેશમાત્ર પણ કસર રાખવી નથી. ૧૦.

અમે અમારું આ શરીર આપને અર્પણ કરી દીધું છે. તેને અમે પોતાનું રાખ્યું નથી. હવે આપને અર્પણ કરીને તેમાં લેશમાત્ર પણ પોતાનું રાખવું નથી. ૧૧. આપને અર્પણ કર્યા પછી તેમાં જે પોતાપણું રાખે તેની સમજણમાં ઘણો ફરક છે. હવે આપ મળ્યા છો છતાં જો ફરક રહી જાય તો તે ક્યારેય છુટવાનો નથી. ૧૨. **આત્મનિષ્ઠ છે કે દેહનિષ્ઠ ? તેની પરીક્ષા સેવામાં થાય છે. તે સેવા સિવાય દેખી શકાતું નથી.** બીજી બધી વાતોમાં તે સમજાતું નથી. ૧૩. જ્ઞાન અને ધ્યાનની ઓથ લેનારા તેવા આત્મનિષ્ઠ આ સત્સંગમાં અપાર હશે. તેનો ગણતા પાર આવે તેમ નથી. ૧૪.

❋ સેવાનિષ્ઠ એ જ સાચો આત્મનિષ્ઠ છે :

सोरठा : सेवानिष्ठ जेते, साचे आत्मनिष्ठ यह;
देख परत हि ते ते, सुक्ष्म बुद्धि जिनकी रहेउ...१५
सेवानिष्ठ हि बीन, आत्मनिष्ठ जेते जेहि;
ज्ञाननिष्ठ हि मलीन, ध्याननिष्ठ सब दंभि रहे...१६

પરંતુ જે સેવાનિષ્ઠ છે તે જ સાચા આત્મનિષ્ઠ છે. તે જેમની સૂક્ષ્મબુદ્ધિ હોય તેમને દેખાય છે. ૧૫. સેવાનિષ્ઠા સિવાયના જે આત્મનિષ્ઠ કે જ્ઞાનનિષ્ઠ હોય તે બધા મલિન છે. અને સેવાનિષ્ઠા વિનાના બધા ધ્યાનનિષ્ઠાવાળા તો દંભી છે. ૧૬.

જે તન, ધન અને વચને કરીને હરખથી ભગવાનની સેવા કરે છે અને જેને તે ભગવાનની સેવા સમાન બીજી કોઈ વાત-સાધન અધિક, ૧૭. સ્વપ્નમાં પણ દેખાતી નથી. આવી જેની દઢ સમજણ હોય તેની જેટલી જ્ઞાન, ધ્યાનાદિક વાતો હોય છે, તે બધી ખરેખર સત્ય છે. કારણ કે, તેમાં સેવારૂપી ગુણ મુખ્ય રહ્યો હોય છે. ધર્મ અને જ્ઞાનથી યુક્ત જેટલી સેવા છે તે સેવા તેટલી મુખ્ય કહેવાય છે. ૧૮-૧૯. મૂર્ખ મનુષ્ય છે તે એક વાતને જ પ્રધાનતા આપીને બીજીનો નિષેધ કરતો રહે છે. સિદ્ધ કરવાની જેટલી વાત હોય છે તે ફક્ત એક વાતે કરીને જ સિદ્ધ થાતી નથી. ૨૦.

પછી શ્રીહરિએ કહ્યું, ‘અમે જેને માટે આવ્યા છીએ તે બધી વાતોનું અત્યારે અમે સ્થાપન કરી દીધું છે. જે શુદ્ધ સત્સંગ કહેવાય છે તેની અમે સ્થાપના દઢ કરી દીધી છે. ૨૧. સત્સંગને લીધે જેનાં વર્તનમાં જે ફરક હોય તે સહુને તરત દેખાઈ આવે છે. બીજા અનેક મતોમાં તો અંધારું ભર્યું છે. અંધારામાં કોણ કોને દેખે ? ૨૨. અમને જેવી વાત દેખાણી છે તે બધી વાતને અમે શાસ્ત્રમાં સ્થાપન કરી છે. વ્યાસમુનિ અને રામાનુજાચાર્ય સિવાયના જેટલાં શાસ્ત્રો છે તેમાં અમુક શાસ્ત્રમાં તો ઘોર અંધારાની વાત લખી છે. ત્યાગ, વૈરાગ્ય અને ધર્મ સિવાયની જે જ્ઞાન કે ભક્તિ દેખાડી છે તે વારંવાર સંસારમાં ભટકાવે તેવી છે. ૨૩-૨૪.

નીતિવાળા જે રાજા છે તે જ સાચા રાજા કહેવાય છે. નીતિ વગરના જેટલા રાજાઓ છે તે તો ઘોર અંધારા જેવા છે. રાજાના કર્તવ્યોને જે કાંઈ જાણતા ન હોય તે રાજા તો નામમાત્રના જ હોય છે. તેને વિવેકી માણસો જોઈ શકે છે. ૨૫-૨૬. જેમાં નીતિ અને વિવેક હોય તેનું રાજ્ય પ્રમાણરૂપ કહેવાય છે. જેમાં નીતિ અને વિવેક નથી હોતા તેને તો બાલરાજ્ય કહેવાય છે. ૨૭. જેટલી જ્ઞાનની વાતો છે અને જે સત્ય-અસત્ય કહેવાય છે, તે બધાને જે જાણે તે સાચા ગુરુ છે અને તેનો મત પણ સાચો કહેવાય છે. ૨૮.

જે સાચો મત હોય અને સાચા રાજા હોય તે સત્કાર કર્યા વગર રહેતા નથી. જે પોતે સત્ય હોય તેને બીજા સત્યની સાથે બને છે અને તે એકબીજાનું મહત્ત્વ રાખે છે. ૨૯. જેટલા નીતિ વગરના મત છે તેનું નીતિ વગરના રાજાઓ હિત સાચવે છે. જેવો મત હોય તેવો રાજા હોય, તો તે બંનેને સહજભાવે બનતું હોય છે. ૩૦. મતવાળા અને રાજા, તે બંનેની રુચિ મળી જાય છે. રુચિ ન હોય તો મેળ દેખાતો નથી. જેવી રુચિ હોય તેવો તેનો મોક્ષ થાય છે; એવું રુચિ ઉપરથી દેખાય છે. ૩૧. જેમાં જેવું દૈવત હોય તે રુચિ ઉપરથી દેખાય છે. જે કોઈ પણ બાબત હોય તે જોવા માટેનું દ્વાર રુચિ છે. ૩૨.

જે કોઈ પણ બાબત હોય તે જોવા માટે રુચિ સિવાયનું બીજું કોઈ દ્વાર નથી. **ભગવાન અને ભગવાનના દાસની સેવા ઘણા ઉત્સાહથી કરવી, તેના સમાન બીજી કોઈ સારી વાત નથી. તેવી સેવા થોડા પુણ્યવાળાને મળતી નથી. થોડા પુણ્યવાળાને ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવાની રુચિ ક્યારેય થાતી નથી.** ૩૩-૩૪. જેને સેવા કરવાની રુચિ ઉદય થાય છે, તેને સંસારના ભટકણનો છેડો આવે છે.’ શ્રીહરિએ આવી તો ઘણી વાતો કહી છે. અહીંયા તો દિશમાત્ર લખી છે. ૩૫. જેટલા સંતો અમદાવાદમાં મંદિર કરવા માટે તૈયાર થયા, તે સહુને શ્રીહરિએ બોલાવીને જમાડ્યા અને પોતે હેતથી ભોજન પીરસ્યું. ૩૬. જમ્યા પછી બધા સંતો ભેળામળીને શ્રીહરિની પૂજા કરવા માટે આવ્યા. તેઓ કેસરયુક્ત ચંદન લાવ્યા હતા. ફૂલના હાર, બાજુબંધ, તોરા, પહોંચી અને ગુચ્છ, લાવ્યા હતા. તે શ્રીહરિની આગળ મૂક્યા. ૩૭-૩૮.

સહુ પહેલા આનંદાનંદસ્વામીએ શ્રીહરિને જગદ્વંદ્ય સમજીને અનેક જાતના વિઘ્નોના નિવારણ માટે પૂજા કરી. ૩૯. તે પછી બીજા બધા સંતોએ હૃદયના અત્યંત ભાવથી શ્રીહરિની પૂજા કરી. અને શ્રીહરિ પણ સહુ સંતોને ભેટ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સેવાનો મહિમા અને આનંદાનંદસ્વામી અમદાવાદ જવા તૈયાર થયા" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર વીશમું : તરંગ - ૬૧

આનંદાનંદસ્વામીએ મંદિર શરૂ કર્યું અને વ્રતમાન વિવેકનો પત્ર લખાવ્યો

પરમ ચતુર શ્રીહરિએ જયાનંદ વર્ણી અને કેટલાક પાર્ષદોને આનંદાનંદસ્વામી સાથે અમદાવાદ જવાની આજ્ઞા કરી. ૧. પછી તે સહુએ પણ શ્રીહરિની પૂજા કરી. તેમને ભાવથી શ્રીહરિ મળ્યા. સહુએ શ્રીહરિનાં ચરણોને છાતીમાં લીધા. ૨. બોટાદ ગામના હરિભક્ત ભગા શેઠ લાખોપતિ હતા. અમદાવાદમાં તેમના આડતિયા(દલાલની જેમ કામ કરનારા) રહેતા હતા. તેમના ઉપર તેમણે એક ચીઠ્ઠી લખી આપી. તેમાં લખ્યું હતું કે, 'આનંદસ્વામીને દસ હજાર રૂપિયા સુધીનું ધન આપવું.' ૩-૪.

પછી શ્રીહરિએ પણ અમદાવાદ દેશમાં જેટલા ગામડાના હરિભક્તો હતા, તે બધા ઉપર એક પત્ર લખ્યો કે, 'અમારી આજ્ઞાએ કરીને તમારે આનંદાનંદસ્વામી જેમ કહે તેમ હેતથી સેવા કરવી. ધર્મદેવના પુત્ર નરનારાયણ દેવ કહેવાય છે, તેમનું શિખરબદ્ધ મંદિર કરાવવાનું અમદાવાદ શહેરમાં હરિભક્તોનાં હિત માટે અમે ધાર્યું છે. ૫-૭. અમે, સંતો, વર્ણી અને પાર્ષદો, જે કહેવાઈએ છીએ તે બધા ધન અને સ્ત્રીના ત્યાગી છીએ અને ધન વગર મંદિર ક્યારેય બને નહિ. ૮.

✵ ધન-સ્ત્રીને ત્યાગે તે જ ખરો ત્યાગી :

चोपाई :

सत्संग में त्यागी रहाये जेता, धन के संग्रह न रखत तेता;
त्यागी होई धन रखे जबही, एक कोडी लग हि तबही...०९
वरणाश्रम के मल भये तेऊ, वरणाश्रम एक में न रहेऊ;
त्यागी ताके वेश रखाये, धन नारी के संग्रह कराये...१०
कलि के मल कहेउ ताई, याकु सेवत नर्क में जाई;
जम के दुत कहावत जेही, नीति तामें चलत रहे तेही...११

આપણા સત્સંગમાં જેટલા ત્યાગી રહ્યા છે, તે ધનનો સંગ્રહ કરતા નથી. અને ત્યાગી થઈને કોઈ એક કોડી જેટલું પણ ધન રાખે તો તે બધા વર્ણાશ્રમનો મળ કહેવાય છે. તેઓ વર્ણ કે આશ્રમ, એકમાં પણ રહ્યા નથી. ત્યાગીનો વેષ રાખ્યો હોય, છતાં ધન અને નારીનો સંગ્રહ કરે તો તેઓ કળિયુગનો મળ કહેવાય છે. તેની સેવા કરનારો નરકમાં જાય છે. જે જમના દૂત કહેવાય છે, તેમાં પણ એવી નીતિ ચાલે છે. ૯-૧૧.

જેટલા લોકો નીતિમાં નથી ચાલતા તેઓ જમદૂત કરતાં પણ ખરાબ કહેવાય છે. જે માણસ જ્યાં સુધી નીતિમાં નથી ચાલતો ત્યાં સુધી તે પોતે નરકમાં ડૂબી રહે છે. ૧૨.

સનકાદિકો, નારદજી, જડભરત, કપિલદેવજી, દત્તાત્રેય ઈત્યાદિક ત્યાગીઓ થયા તેમણે ધન અને સ્ત્રી રાખ્યા ન હતા. ૧૩. ત્યાગીનો વેશ લઈને જે ગૃહસ્થની રીતે ચાલે તેને પાકી નીતિવાળો રાજા જરૂર શિક્ષા કરી શકે છે. ૧૪. **અનીતિમાં ચાલનારાને જ્યારે નીતિમાન રાજા શિક્ષા કરે છે ત્યારે તેમની કીર્તિ અપાર વધે છે અને ત્યારે જ ઈન્દ્રદેવ વૃષ્ટિ કરે છે. ૧૫. જ્યારે લોકો અનીતિ કરે છે ત્યારે અલ્પવૃષ્ટિ થાય છે; તેમ જગતમાં પ્રસિદ્ધ દેખાય છે, પણ સત્સંગ વગરનાને તે દેખાતું નથી. ૧૬.**

શાસ્ત્રની સાથે આવતો બાધ અને તેમાં રહેતો નિર્બાધ, તે સત્સંગ કર્યા સિવાય દેખાતું નથી. આજે જેટલા હરિભક્તો થયા છે, તેટલા તેઓ

નરકના માર્ગથી છૂટી ગયા છે. ૧૭. જે સત્સંગ કરે છે, તેને ઉપર કહ્યું તે બધું દેખાય છે. સત્સંગ વિના કાંઈ દેખાતું નથી. મનુષ્ય જ્યાં સુધી સત્સંગથી દૂર ચાલતો રહે છે ત્યાં સુધી તેને જન્મ-મરણ અને નરકચોરાસીનું દુઃખ આવે છે. તે ઉપરાંત દેહના પણ કેટલાય દુઃખ આવે છે. જેનો ગણે પાર પમાતો નથી. ૧૮-૧૯.

મનુષ્ય જ્યારે સત્સંગ કરે છે ત્યારે એક પળવારમાં દુઃખની નિવૃત્તિ થઈ જાય છે. સત્સંગ વિના દુઃખ ટળવાનો બીજો કોઈ ઉપાય નથી. તેવો આ સત્સંગ ઉત્તમ રહ્યો છે. ૨૦.

સતત સત્સંગ કરીને સત્સંગનો સર્વોપરિ મહિમા સમજાય ત્યારે સત્સંગ થયો કહેવાય. મહિમા સમજ્યા વગરના તો સત્સંગમાં હોય તોપણ લુખ્ખા રહે છે. ૨૧. કોઈ માણસની પાસે ચિંતામણિ હોય અને તે જ્યાં સુધી ચિંતામણિને કાંકરા સમાન દેખતો હોય ત્યાં સુધી તેને ચિંતામણિનું ફળ પણ કાંકરા જેવું જ મળે છે. તેમ ચિંતામણિ જેવા સત્સંગનું ફળ પણ મહિમા વિના કાંઈ મળતું નથી' ૨૨.

શ્રીહરિએ લખેલા પત્રની વાત સાંભળીને હરિભક્તો મનમાં ખૂબ રાજી થયા. આનંદાનંદસ્વામી પત્ર લઈને અમદાવાદ ચાલીને આવ્યા. ૨૩. અમદાવાદમાં જેટલા બાઈ-ભાઈ હરિભક્ત હતા તેના નામ સંભારીને શ્રીહરિએ લખ્યા હતા. તેમાં એકપણ હરિભક્તનું નામ ભૂલી ગયા ન હતા. ૨૪. 'તમારા સહુનું હિત કરવા માટે નરનારાયણ દેવ અમદાવાદમાં નિવાસ કરવા જરૂર આવશે જ. ૨૫. નરનારાયણ દેવનું મંદિર કરવા માટે આનંદાનંદસ્વામીને અમે પ્રેમથી મોકલ્યા છે. (માટે તમે સહુ મદદ કરજો.) ૨૬.

જ્યારે ભક્તોનો આદર અત્યંત દેખાય છે ત્યારે ત્યાં દેવ નિવાસ કરે છે. આદર-માન આપ્યા વિના તો માણસ પણ ત્યાં રહેતો નથી. ૨૭. જે કોઈ બાબત કરવાની હોય છે તે બધી જેવો ભાવ હોય તેવી જ બની શકે છે. તમારા દિલમાં જેટલો ભાવ હોય તેટલી સેવા ભાવથી અવશ્ય કરજો.' ૨૮. હરિભક્તો શ્રીહરિના પત્રને સાંભળીને મનમાં ખૂબ જ રાજી થયા. નવાવાસની પાસે પૂર્વોત્તર ભાગમાં આપણી જગ્યા હતી. ૨૯.

આનંદાનંદસ્વામીએ અંગ્રેજ સાહેબની રજા લઈને પહેલા તો ત્યાં ઉજ્જડ મેદાનવાળી જગ્યા સાફ કરાવી. પછી સ્વામીએ શુભ મહિનામાં, શુભ દિવસ અને શુભ ચોઘડિયું જોઈને મંદિરનો આરંભ કરાવ્યો. અંબારામ નામે એક કડિયો હતો. ૩૦-૩૧. બીજા એક કડિયાનું નામ કુબેર હતું. આ બંને મંદિરના કામમાં મુખ્ય હતા. પછી શ્રીહરિએ ડુંગરપુરથી મૂર્તિ લાવવા માટે સંતોને રજા આપી. ૩૨.

શિખરબંધ મંદિરમાં દેવની અને ઘુંમટની વચ્ચેના જાળીની અંદરના ભાગને કોળી કહેવાય. આ કોળી સિવાયનું મંદિર શિખરે સહિત કરવાનો આરંભ કરાવ્યો. મંદિર કરવામાં સાહેબને ઘણો ભાવ હતો. ૩૩. દુલાપ સાહેબ નામે જે અંગ્રેજ સાહેબ હતા, તેઓ નીતિ ઉપર ઘણું તાન રાખતા હતા. આ બાજુ શ્રીહરિવર ગઢપુરમાં નિત્ય ઉત્સવ કરતા હતા. ૩૪. પ્રેમાનંદસ્વામીની પાસે ચોપાઈ છંદમાં 'વર્તમાન વિવેક' નામનો પત્ર ઘણા ઉત્સાહથી લખાવ્યો. તે પત્રમાં સંતો અને હરિભક્તોના નિયમ બતાવ્યા. તેમજ ધર્મ અને અધર્મ સર્ગને ભિન્ન ભિન્ન કરીને દેખાડ્યા. માનવના જીવનમાં જ્યારે ધર્મસર્ગના ગુણો પ્રવેશ કરે છે ત્યારે તેના આત્મામાં લેશમાત્ર વિકાર રહેતા નથી. ૩૫-૩૬.

પછી તે જેટલી નિંદિત વાત હોય તેનો ત્યાગ કરે છે અને નીતિની વાતમાં આદરપૂર્વક અનુરાગ કરે છે. ૩૭. જ્યારે મનુષ્યમાં અધર્મસર્ગના દુર્ગુણો પ્રવેશે છે ત્યારે અનીતિને માર્ગે ચાલવાનું મનમાં થાય છે. પછી તે યોગ્ય કે અયોગ્ય કાંઈ જોતો નથી. ૩૮. જ્યારે કામ, ક્રોધ અને લોભ, આત્મામાં પ્રવેશ કરે છે ત્યારે તે દેવતાઓને પણ ક્ષોભ કરે છે. તેનું મન પણ ચલિત થઈ જાય છે, તો પછી તુચ્છ મનુષ્યની તો વાત જ શી કહેવી..! ૩૯. બ્રહ્મા, ભવ, ઈન્દ્ર, એકલશૃંગી, સૌભરિ, ચ્યવન અને નહુષ, તે બધાનો પણ કામે કરીને પરાભવ થયો હતો. જ્યારે ક્રોધે પ્રવેશ કર્યો ત્યારે હિરણ્યકશિપુ અને કંસ ઈત્યાદિક અનંત મોટા રાજાઓના વંશનો પણ નાશ થયો હતો. ૪૦-૪૧.

જ્યારે લોભે પ્રવેશ કર્યો ત્યારે સહસ્રાર્જુન અને કૌરવવંશનો ઉચ્છેદ થયો હતો. માટે તે કામ, ક્રોધ અને લોભ, એ ત્રણેયને નરકનું દ્વાર કહ્યા છે. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "આનંદાનંદસ્વામીએ મંદિર શરૂ કર્યું અને વ્રતમાનવિવેકનો પ્રેમાનંદસ્વામી પાસે પત્ર લખાવ્યો" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર વીશમું : તરંગ - ૬૨

શ્રીહરિએ દશેરાએ શમીપૂજન કર્યું અને ધનતેરશે ગાયોને પૂજીને દોડાવી

સંતોની જમવા માટેની પંગત જ્યારે થતી હતી ત્યારે (શ્રીહરિએ પ્રેમાનંદસ્વામી પાસે લખાવેલ વર્તમાન વિવેકનો) તે ધર્મ અને અધર્મસર્ગનો પત્ર બોલાતો હતો. ૧. સંતો અને હરિભક્તોના વર્તમાન જે રીતે રહ્યા છે તેની બધી વિગત તે પત્રમાં લખી હતી. માટે સંતો અને હરિભક્તો બંને તે પત્રને બોલતા હતા. ૨. મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીએ પણ તે રીતે જ વ્રતમાન વિવેક માટેનું એક એક પદ નિત્ય બોલવા માટે કર્યું હતું. ૩. તેમાં બ્રહ્માનંદસ્વામીનું પદ *'જી રે વર્તમાન પાંચની વારતા રે, ત્યાગી અંતર વિચારો નરનાર રે; પ્રભુની ઈચ્છા પામવા રે..'* આ છે.

આ જે વ્રતમાનનાં પદ હતાં તેને બોલ્યા સિવાય સંતો જમતા નહિ. સંતો-ભક્તો તેને નિત્ય નિત્ય પ્રેમથી બોલતા, ક્યારેય ભૂલતા નહિ. ૪. શ્રીહરિએ જળઝીલણી એકાદશી અને વામન દ્વાદશી ગઢપુરમાં કરી. તેનો અલૌકિક ઉત્સવ છવાઈ ગયો હતો. ૫. જ્યારે શ્રાદ્ધપક્ષ આવ્યો ત્યારે શ્રીહરિએ દાદા ખાચરની પાસે તેમના પિતાનું શ્રાદ્ધ કરાવ્યું અને તેમાં ઘણી ખીર કરાવી હતી. ૬.

દાદા ખાચરના નવા ઓરડાઓમાં સંતોની પંક્તિ બેસાડી. અને ત્યારે જેટલા પાર્ષદો ત્યાં હતા તેની પંક્તિ પણ કરાવી. ૭. જીવા ખાચર અને તેમના બધા પરિવારને ત્યાં બોલાવ્યા. તેઓ પણ પંગતમાં આવીને બેઠા. પછી શ્રીહરિ સહુને પીરસવા લાગ્યા. ૮. ખીરના ડંકા ભરીભરીને સહુને જલ્દીથી પીરસવા લાગ્યા. જ્યારે ખીર પીરસી રહ્યા ત્યારે સાકર પણ પીરસી. ૯. શ્રીહરિ સહુને બબ્બે પોશ પીરસતા હતા. કોઈ 'ના...ના...' કહે તોપણ સાંભળતા નહિ. જ્યારે જગદીશ્વર શ્રીહરિ સાકર પીરસી રહ્યા ત્યારે હાથમાં ઘીની તાંબડી લીધી. ૧૦.

દુઃખહારી શ્રીહરિ ઘી પીરસતા જ્યારે પાત્ર ભરાઈ જાય અને ઘી બારું ઢોળાય ત્યારે બીજા પાત્રમાં પીરસવા જતા. શ્રીહરિ જ્યારે એકધારે ઘી પીરસતા ત્યારે ઘીની ધારને તૂટવા દેતા નહીં. ૧૧. પછી જ્યારે રોટલી અને શાક પીરસી રહ્યા ત્યારે સહુને જમવા માટેની આજ્ઞા કરી. સુખાનંદસ્વામી જમતા હતા તેને ચાર પોશ ભરીને સાકર આપી. ૧૨. શ્રીહરિએ સંતોને જે રીતે પ્રેમથી પીરસીને જમાડ્યા હતા તે રીતે બીજા બધાને પણ ઘણા પ્રેમથી જમાડ્યા. ૧૩. શ્રીહરિની બધી જ રીત અલૌકિક હતી. તે દેખીને ભક્તજનોને ઘણું આશ્ચર્ય થતું રહેતું. ૧૪.

દશેરાના દિવસે સાંજને સમયે શ્રીહરિ સવારી લઈને ચાલ્યા. આગળ ઢોલ અને તાંસા વાગતાં હતાં. ૧૫. સવારી અનુપમ બની હતી. રાજાધિરાજ શ્રીહરિએ પોતાનાં બધાં અંગ ઉપર સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં પહેર્યાં હતાં. ૧૬. અશ્વને પણ સોનાનાં ઘરેણાંઓથી શણગાર્યો હતો. શ્રીહરિ રાજબજારે ચાલ્યા ત્યારે બધા પાર્ષદો સાથે હતા. ૧૭. ત્રિલોકીમાં તેવી ક્યાંય ન હોય..! તેવી સુંદર એ સવારી બની હતી. દેવતાઓમાં પણ તેવા કોઈ શોભાદાર હતા નહિ, આવી અદ્‌ભુત શોભા બની હતી. ૧૮.

બજારમાં અપાર લોકો ઊભા હતા. સહુ મુખથી શ્રીહરિનો 'જય જયકાર' બોલતા હતા. ધર્મકુમાર શ્રીહરિ પશ્ચિમ તરફના દરવાજેથી સવારી લઈને પુરની બહાર નીકળ્યા. ૧૯. ત્યાં ખીજડાનું પૂજન કર્યું. તે વખતે બંદૂકોના અવાજ કરાવ્યા. શ્રીહરિ ખીજડાનું પૂજન કરીને ગામ તથા વાડીની

વચ્ચે થઈ નીકળ્યા. ૨૦. પુરથી પૂર્વદિશામાં કાંકરા વિનાનું મેદાન હતું. ત્યાં ઉગામેડી ગામનો શુદ્ધ માર્ગ રહ્યો હતો. ૨૧. શ્રીહરિએ તે માર્ગ ઉપર પોતાના અશ્વને વેગથી દોડાવ્યો હતો. તે વખતે કમાનમાંથી તીર છૂટે તેવા વેગથી ઘોડાને દોડાવ્યો હતો. ૨૨.

જેમ આકાશમાંથી તારો ખરે અથવા વાદળા વચ્ચે જેમ વીજળી ચમકે, તે રીતે શ્રીહરિએ અશ્વ દોડાવ્યો હતો. ૨૩. શ્રીહરિએ અશ્વને તે માર્ગ ઉપર ચાર-પાંચ વખત દોડાવ્યો. પછી બીજા કાઠી દરબારોએ પણ અશ્વને દોડાવ્યા. અશ્વ દોડાવવામાં કોઈ શ્રીહરિને બરાબર થયા નહિ. ૨૪. દરબાર મૂળુ ખાચરના પુત્ર રામ ખાચરે જે અશ્વ દોડાવ્યો હતો તેની શ્રીહરિએ પ્રશંસા કરી. ૨૫. અશ્વ દોડાવ્યા પછી જ્યારે શ્રીહરિ પુરમાં આવ્યા ત્યારે દાદા ખાચરના દરબારમાં સભા કરી. ૨૬.

ધનતેરસને દિવસે દાદા ખાચરની જેટલી ગાયો હતી તેને રંગબેરંગી ઝૂલ અને મથરાવટી વગેરે બાંધીને શણગારી તથા પગમાં ઝાંઝર બાંધ્યા. પછી જ્યારે સંધ્યા સમય થયો ત્યારે 'ઘમ...ઘમ...' કરતી તે ગાયો લઈને દોડાવવા ચાલ્યા. ૨૭-૨૮. તે ગાયોના એક ધણમાં જોધા ભરવાડ મુખ્ય હતા. અને બીજા ધણમાં ભર જુવાનીમાં રહેલા અરજણ ભરવાડ મુખ્ય હતા. ૨૯. તે ગાયોને જોવા માટે શ્રીહરિ અતિ હરખભર્યા ગઢપુર ગામ બહાર આવ્યા. ગામથી પશ્ચિમ દરવાજે આવ્યા ત્યાં નદીમાં જતું એક નહેરું હતું. ૩૦.

તે નહેરું અને ગામની વચ્ચે ચોખ્ખું મેદાન હતું. દરબાર જીવા ખાચર પણ તેમની ગાયોને શણગારીને ત્યાં લાવ્યા. ૩૧. પછી જીવા ખાચર ઘણા ઉત્સાહથી શ્રીહરિની પાસે આવીને બેઠા. ત્યાં ઢોલવાળા આવ્યા અને વગાડવા લાગ્યાં અને ગાયોના બંને ધણને જુદા રાખ્યા. ૩૨. પછી નદીના નહેરા ઉપર ગાયોને લઈ ગયા. ત્યારે પહેલા દાદા ખાચરની ગાયોને દોડાવી. ૩૩. ગાયોમાં જે સહુથી સારી હતી, તે સહુની આગળ દોડતી હતી. ગાયો જેટલી દોડતી હતી તે રીતે અરજણ ભરવાડ દોડતો હતો. ૩૪.

બીજા એક રાઠોડ નામે કાઠી અરજણની સાથે દોડતા હતા. ગાયોના પગ માનો જમીન ઉપર અડતા જ ન હોય, તે રીતે પૂંછને માથા ઉપર રાખીને દોડતી હતી. ૩૫. પછી શ્રીહરિએ અરજણ ભરવાડ અને રાઠોડ કાઠીને બોલાવીને ફૂલના હાર આપ્યા. પછી જીવા ખાચરની જે ગાયો હતી તેને દોડાવી. ૩૬. તેમાં જે સારી ગાયો હતી, તે સહુની આગળ નીકળી ગઈ. શ્રીહરિ ગાયોને દેખીને અત્યંત પ્રસન્ન થયા. ૩૭. જીવા ખાચરના પુત્ર ભોકા ખાચર ગાયોની સાથે જેટલી ગાયો દોડે તેટલું દોડ્યા હતા. ૩૮.

પછી શ્રીહરિએ રાજી થઈને તેમને પણ ફૂલના હાર આપ્યા. તે પછી શ્રીહરિ ગામમાં આવ્યા. ૩૯. રાજબજારે ચાલ્યા ત્યારે જીવા ખાચર શ્રીહરિને પ્રથમ પોતાના દરબારમાં લઈ ગયા અને ત્યાં પલંગ ઉપર બેસાર્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ દશેરાએ શમીપૂજન કર્યું અને ધનતેરશે ગાયોને પૂજીને દોડાવી" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર વીશમું : તરંગ - ૬૩

અમૂલાબાઈ, અમરબાઈ અને જીવુબાઈની અનુક્રમે રસોઈ સહુ જમ્યા

જીવા ખાચરના દરેક ભવનમાં દીવાઓથી દીપમાળા કરી હતી. જ્યારે તે દીપમાળામાં બધા દીવાઓ પ્રગટાવ્યા ત્યારે ઘણો પ્રકાશ થયો. ૧. શુભ પવિત્ર પર્વનો દિવસ જાણીને જીવા ખાચરે શ્રીહરિની ધનથી પૂજા કરી. ૨. જીવા ખાચરે દરેક ભવનમાં કુશળ ક્ષેમ માટે શ્રીહરિવરનાં પગલાં(ચરણકમળ) પડાવ્યાં. ૩. પછી શ્રીહરિ ત્યાંથી રાજમાર્ગ ઉપર થઈને આવ્યા ત્યારે જેટલી દુકાનો હતી, ત્યાં બધે દીવાઓની પંક્તિ પ્રગટાવી. ૪.

દાદા ખાચરના દરબારમાં જ્યારે શ્રીહરિ આવ્યા ત્યારે તેના દરેક ભવનમાં પણ દીપમાળાઓ પ્રગટાવી. ૫. તે ભવનના જેટલા થાંભલાઓ હતા તેને વિવિધ રીતે શણગાર્યા હતા. અને દરબારગઢની ઓસરી ઉપર

પલંગ બિછાવી દીધો હતો. ૬. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા. સર્વે સંતોની સભા આગળ બેઠી. તેમાં મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી અને દેવાનંદસ્વામી, શ્રીહરિની આગળ કીર્તનગાન કરવા લાગ્યા. સરોદ અને દોકડ વાગતાં હતાં. શ્રીહરિ પણ સંતોની સાથે ગાન કરતા હતા. શ્રીહરિનો મધુર સ્વર ભક્તોના મનને હરી લેતો હતો. ૭-૮.

જ્યારે ચૌદશનો દિવસ આવ્યો ત્યારે દેશોદેશમાંથી અપાર સંતો આવ્યા અને દેશોદેશના હરિભક્તો પણ અપાર આવ્યા. ૯. જે રીતે સહુ પ્રેમથી આવ્યા હતા તે રીતે શ્રીહરિ તેમને પ્રેમથી બોલાવતા હતા. આવનારા સંતો-ભક્તો શ્રીહરિની જેવી મૂર્તિ હતી તેવી નખશિખપર્યંત પોતાના હૃદયમાં ધારતા હતા. ૧૦. ધનતેરશને દિવસે તો ઘણા પ્રેમભાવથી અમૂલાબાઈએ તેમના દરબારમાં દૂધપાક અને માલપૂવાની રસોઈ કરાવી હતી. અને શ્રીહરિ, સંતો અને વર્ણી વગેરે બધા ત્યાં જઈ જમ્યા હતા. ૧૧. શ્રીહરિએ પ્રથમ જમીને ઘણા હેતથી સંતોને પીરસ્યું હતું. તે રીતે જ ચૌદશને દિવસ અમરબાઈએ પણ તેમના દરબારમાં જલેબીની રસોઈ કરાવી હતી. ૧૨.

બીજા જે કાંઈ ભોજન, વ્યંજન હતાં તે બધું શ્રીહરિ ત્યાં જઈ ભાવથી જમ્યા. અને તે પછી સહુ સંતોને પ્રેમથી પોતે પીરસીને જમાડ્યા. ૧૩. અમૂલાબાઈ તથા અમરબાઈના ભાઈઓ ભોકા ખાચર તથા દેહા ખાચર તે વખતે બંને બહેનો વતી શ્રીહરિની પૂજા કરવા આવ્યા. ૧૪. તે વખતે કેસરયુક્ત ચંદન શ્રીહરિને ચર્ચ્યું અને ઘણા હેતથી ફૂલના હાર પહેરાવ્યા. ૧૫. ફૂલના બાજુબંધ હતા તે ભુજાઓ ઉપર બાંધી દીધા. અને ફૂલની પહોંચીઓ હાથ ઉપર બાંધી. ૧૬. પછી તત્કાળ રૂપિયાનો થાળ ભરીને શ્રીહરિ આગળ મૂક્યો. તે પછી પ્રેમરસપૂર્વક કપૂરની આરતી કરી. ૧૭.

ત્યારબાદ બંને ભાઈઓએ શ્રીહરિનાં ચરણોને છાતી ઉપર લીધા. આ રીતે શ્રીહરિની પૂજા કરી. તે પછી સંતો, વર્ણી અને જે પાર્ષદો કહેવાતા તે બધાની પૂજા કેસર ચંદનથી કરી અને ફૂલના હાર પહેરાવ્યા. વળી, તે સમયે એક એક વસ્ત્ર સહુને પ્રેમથી ઓઢાડ્યું. તેઓ કેટલાય વસ્ત્રો લાવ્યા

હતા. જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્રીહરિ ત્યાંથી ઊભા થઈને ચાલતા થયા. ૧૮-૨૦. રાજબજારે થઈને બહુનામી શ્રીહરિ ચાલ્યા. તે દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યાં આવીને પલંગ ઉપર બેઠા. ૨૧. સંતો અને હરિભક્તોની સભા થઈ. સંતો કીર્તન ગાવા લાગ્યા. દિવાળીને દિવસે જીવુબાઈની રસોઈ હતી. ૨૨.

રસોઈ બહુ પ્રકારની કરી હતી. તેનો ગણતા પાર આવતો નથી. બ્રહ્માંડમાં જેટલી જાતનાં ઉત્તમ ભોજન બનતાં હોય છે, તે બધાં ભાવથી કરાવ્યાં હતાં. ૨૩. સાંખ્યયોગી અને કર્મયોગી, જેટલી વિપ્ર બાઈઓ હતી, તેમાં રસોઈ બનાવવામાં જે નિપુણ હતી, તેમણે તે બધી રસોઈ કરી હતી. ૨૪. રસોઈનું જેટલું કામ હોય તેને કરતી બધી બાઈઓને શ્રીહરિ પોતાની મૂર્તિ સમીપમાં જ દેખાડતા હતા. ૨૫. જે કોઈ ભક્ત ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતા હોય તેને જેવી છે તેવી જ મૂર્તિ સાથે દેખાતી હતી. ૨૬.

❋ અલૌકિક ભાવવાળાને સેવાનો આનંદ આવે :

જ્યારે સમૈયા ઉત્સવ હોય ત્યારે જેટલી હરિભક્ત બાઈઓ હોય તે બધી જેવું કામ હોય તે બધું કરતી હતી. ૨૭. સેવા કરવામાં હરિભક્ત બાઈઓને સહુથી અધિક શ્રદ્ધા અને અલૌકિક ભાવ રહેતો હતો. ૨૮.

चोपाई :

अलौकिक भाव रहत जिहाँ लगहू, सेवा में रस रहत तिहाँ लगहू;
लौकिक भाव जब करत निवासा, रस के तरत करत तब नासा...२९
रस के नाश होवत हि जबही, श्रद्धा के नाश होत तबही;
श्रद्धा बिन भाव रहत विपरीता, प्रसिद्ध तेहि आत देखीता...३०
अलौकिक तामें लौकिक भावा, आवत रंच न रहत छिपावा;
श्रद्धा भाव तामें देखाते, श्रद्धा भाव हि जेसे रहाते...३१
अलोकिक भाव रहत तामें, तन छुटत जेते रहे यामें;
अलोकिक धाम पावत ताही, यामें नहि संदेह रहाही...३२

જ્યાં સુધી અલૌકિક ભાવ રહે છે ત્યાં સુધી સેવામાં રસ રહે છે. અને જ્યારે લૌકિક ભાવ અંદર પ્રવેશ કરે છે ત્યારે તે સેવારસનો તરત નાશ કરી નાખે છે. ૨૯. જ્યારે સેવારસનો નાશ થાય છે ત્યારે શ્રદ્ધાનો પણ નાશ થઈ જાય છે. અને શ્રદ્ધા વિનાનો ભાવ વિપરીત થઈ જાય છે, તે પ્રસિદ્ધ રીતે દેખાય આવે છે. ૩૦. અલૌકિક ભાવમાં જો લૌકિક ભાવ આવી જાય તો તે રંચમાત્ર પણ છુપાયો રહેતો નથી. અને તેમાં પણ જેને જેવો શ્રદ્ધા ભાવ હોય છે તે પણ દેખી શકાય છે. ૩૧. અલૌકિક ભાવ હોય અને તેમાં જો શરીર છૂટે છે તો તેને અલૌકિક ધામ પ્રાપ્ત થાય છે. તેમાં કોઈ સંદેહ નથી. ૩૨.

જેમાં લૌકિક ભાવ હોય અને તેનું શરીર જો છૂટે તો તે લૌકિક ધામને પામે છે. પછી કોઈ બીજાના શરીરમાં આવીને તે બોલે છે. ૩૩. જેવો ભાવ હોય તેવી તેની ગતિ થાય છે. તેમાં તલભાર પણ ફરક પડતો નથી. આ તો હરિભક્તની વાત કહેવામાં આવે છે. હરિભક્ત સિવાયની વાત હું કહેતો નથી. ૩૪.

❋ સારમાં સાર સત્સંગ છે :

सत्संग बिन रहे जन जेसा, भाव रखे सत्संग पर तेसा;
भाव तेसे फल पावत ताही, सत्संग के प्रताप वाही...३५

सत्संग बिन साधन अपारा, करत जन रहे वार न पारा;
भव भटकन न मिटत लगारा, सत्संग पर भाव बिन तिल भारा...३६

સત્સંગી સિવાયના બીજા માણસો સત્સંગ ઉપર જેવો ભાવ રાખે છે, તો તેને જેવો ભાવ હોય તેવું ફળ સત્સંગના પ્રતાપથી પ્રાપ્ત થાય છે. ૩૫. સત્સંગ સિવાયના કોઈ બીજા અપાર સાધન કરતા હોય, પણ જો તેને સત્સંગ ઉપર તલભાર પણ ભાવ ન હોય, તો તેનું સંસારનું ભટકણ લગાર પણ મટતું નથી. ૩૬.

તેટલા માટે જ સત્સંગનો મહિમા સૌથી અપાર રહ્યો છે. બીજા કોઈ સાધન સત્સંગની સમાનતા તલભાર પણ કરી શકતા નથી. ૩૭. **સત્સંગ સિવાયના બીજા સાધનોમાં જ્યાં સુધી સાર દેખાય છે ત્યાં સુધી બધા**

મનુષ્યો આ સંસારમાં વારંવાર ભટકતા રહે છે. ૩૮. જ્યારે બધી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ જમ્યા. બાજોઠ ઉપર બેઠા અને ભોજનનાં પાત્ર ભરી ભરીને આગળ મૂક્યાં. ૩૯. જ્યારે શ્રીહરિ ભોજન જમી રહ્યા ત્યારે રંગોળી પૂરીને તેમાં સંતોની પંગત કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "અમૂલાબાઈ, અમરબાઈ અને જીવુબાઈની અનુક્રમે રસોઈ સહુ જમ્યા" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર વીશમું : તરંગ - ૬૪

ગઢપુરમાં શ્રીહરિએ અન્નકૂટનો ઉત્સવ કર્યો

જેટલી જાતનાં ભોજન કર્યાં હતાં, તે બધા શ્રીહરિએ ભાવથી પીરસીને સંતોને જમાડ્યા. તે રીતે જ જે પાર્ષદો હતા તે બધાને જમાડ્યા. સહુ હરિભક્તો નજીક ઊભા રહીને શ્રીહરિનાં દર્શન કરતા હતા. ૧-૨. શ્રીહરિ જેમને જમાડતા હતા તેમનાં ભાગ્યને કોણ કહી શકે ? તેમના એવાં ભાગ્ય ઉદય થયાં હતાં કે તેનું વર્ણન થઈ શકતું નથી. ૩. તેમના એટલાં બધાં અપાર ભાગ્ય ઉદય થયાં હતાં કે અત્યારે તેનું માપ થઈ શકતું નથી. હું તો થોડું જ બોલું છું. કારણ કે મારી બુદ્ધિ પણ ઘણી અલ્પ છે. ૪.

હું કવિતા કરવામાં ઘણો કાચો છું. વિદ્વાન કવિજનો મારો લગાર પણ દોષ લેશો નહિ. ભગવાન શ્રીહરિના ગુણોએ કરીને કવિતા નાની હોય તો પણ તે તેટલી મહાન કહેવાય છે. ૫. બધાથી મોટાના સંબંધને લીધે નાનામાં નાનો માણસ પણ મોટો થઈ જાય છે. જે ગુણને જાણનારા કવિઓ છે, તે બધા આ રીતને જાણે છે. ૬. ભગવાનના સંબંધ વગરનો ચાહે તેવો ચતુર કવિ હોય, તોપણ તેનું જે કાવ્ય છે, તે નરકમાં જવાનો માર્ગ કહેવાય છે. ૭. જેટલા ગુણ જાણનારા કવિઓ હોય છે તે બધા આવું સમજે છે. જ્યારે સંધ્યા વખત થયો ત્યારે દીપમાળાઓ પ્રગટાવી. ૮. ભવનની ઓસરીમાં સુંદર રીતે પલંગ બિછાવી દીધો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તે

સમયે સોનેરી વસ્ત્ર અને સોનાનાં ઘરેણાં ધારણ કર્યાં હતાં. ૯. સંતો અને હરિભક્તોની જે સભા હતી તે બધી ભરાઈને બેઠી હતી. સંતોએ આરતી અને ધૂન કર્યા. તે વખતે ઝાંઝ અને મૃદંગ વગાડતા હતા. ૧૦.

જ્યારે આરતી અને ધૂન કરી રહ્યા ત્યારે સંતો ઘણો ઉત્સવ કરવા લાગ્યા. ઉત્સવમાં મુક્તાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી મુખ્ય રહ્યા હતા. ૧૧. દીપમાળાઓ જે કરી તેમાં નિષ્કુળાનંદસ્વામી મુખ્ય રહ્યા હતા. તે સમયે ઉગમણાબારના ભવનની આગળ દીપમાળા બાંધી હતી. ૧૨.

તે ભવનની ઓસરીમાં શ્રીહરિ બેઠા હતા અને તેની અપાર શોભા થઈ હતી, જે મુખથી કહેવાતી નથી. ૧૩. કેટલાક બિલોરી કાચનાં ઝુંમર બાંધી દીધાં હતાં તે ઘણાં સુશોભિત લાગતા હતાં. અને તેની શોભા ઘણી થઈ હતી. ૧૪. ત્યારે ભાવનગરના લોટિયા વોરા ઘણા ભાવથી બિલોરી કાચનાં ઝુંમર બનાવી લાવ્યાં હતાં. ૧૫. તેણે ભેટને નિમિત્તે તે ઝુંમર શ્રીહરિની આગળ મૂક્યા. તેથી શ્રીહરિ તેમના ઉપર રાજી થયા અને તેને કિંમત પ્રમાણે શીખ(ભેટ) આપી. ૧૬.

અન્નકૂટને દિવસે લાડુબાઈએ કોઈ પાર ન આવે એટલાં બધાં પકવાનો, ભોજન તથા વ્યંજન અન્નકૂટમાં કરાવ્યાં હતાં. ૧૭. પકવાન તો પંદર દિવસ સુધી લખુ કંદોઈએ કર્યા હતા. અને લખુ કંદોઈના જેટલા સંબંધીઓ હતા તે પણ પકવાન કરવા આવતા હતા. ૧૮. હરિભક્તો શ્રીહરિ અને સંતોને માટે જ્યારે પકવાન કરાવતા હતા ત્યારે તે હરિભક્ત લખુ કંદોઈ આવીને પકવાન કરી આપતા હતા. ૧૯. બધાં પકવાન ઊજળાં અને સ્વચ્છ કરતા હતા. તે કરવામાં ઘણો ભાવ રહેતો હતો. ભાવથી જે જે વસ્તુ બનાવવામાં આવે છે, તેની સમતા બીજું કોઈ કરી શકતું નથી. ભાવ જ સર્વોત્તમ છે. ૨૦.

હરિભક્તોએ, શ્રીહરિ અને સંતોને માટે જેટલું ભાવથી કરાવ્યું હતું તેની તુલનામાં બીજું કાંઈ જ આવે નહિ. કારણ કે, ભાવની વાત જ એવી હોય છે. ૨૧. આપણા સત્સંગમાં જેટલા હરિભક્તો છે, તે બધા શ્રીહરિ અને સંતોને માટે જે જે કરતા હોય છે, તે બધામાં અધિક અધિક ભાવ રાખતા હોય છે. ૨૨. જેનો જેવો ભાવ હોય છે તેનો તેવો મોક્ષ થાય છે.

ભાવની તો આવી વાત કહેવાય છે. શ્રીહરિએ આવી તો ઘણીવાર વાત કરી છે. સંતોએ તેમાંથી કરોડમાં ભાગની જ લખી છે. ૨૩. ભગવાન અને ભગવાનના સંબંધવાળી જે જે વાત હોય છે તે બધી અમૃતરસથી ભરેલી હોય છે. તેમાં કોઈ ન્યૂનાધિક ભાવ હોતો નથી. ૨૪.

શ્રીહરિની વાતમાં ન્યૂનાધિક ભાવ કોઈ સમજે છે તો તેટલી તેમાં બાળબુદ્ધિ રહી છે એમ પારખી લેવું. ૨૫. શ્રીહરિની જેટલી વાત છે તે આદિથી અંત સુધી બધી જ સાકરના પકવાન જેવી છે. તેને જે પ્રેમી ભક્ત હોય છે તે જ જાણે છે. ૨૬. જેને પ્રેમમાં ફરક હોય છે તે ન્યૂનાધિક ભાવને દેખે છે. સાચા જે પ્રેમી હોય છે તે શ્રીહરિના સંબંધવાળી બધી વાતને સર્વોત્તમ દેખે છે. ૨૭. સાકરનો નાનો કે મોટો જે કોઈ પણ કણ હોય તે બધી સાકર જ છે. તેમાં સાકર સિવાય બીજું કાંઈ દેખાતું નથી, ૨૮.

તેમ સ્વામિનારાયણ ભગવાનના સંબંધવાળી જે જે વાત હોય છે તે બધી સાકર તુલ્ય સ્વાદિષ્ટ છે. અરે, શ્રીહરિની સર્વે વાત ચિંતામણિ, કલ્પવૃક્ષ અને અમૃતના જેવી હોય છે. ૨૯. આવી જેની સમજણ રહી હોય તે શ્રોતાઓમાં શ્રેષ્ઠ શ્રોતા કહેવાય છે. આવી સર્વોત્તમ સમજણવાળા વક્તા અને શ્રોતા ઘણા દુર્લભ હોય છે, તે શોધે પણ મળતા નથી. ૩૦.

જે લોકો વધારેમાં વધારે બાબતને શોધતા હોય છે તે લોકો ખરેખર અમૃતરસને જાણતા નથી. અને તેવા તો વક્તા અને શ્રોતા અપરંપાર હોય છે. ૩૧. આવા નિશ્ચય ન કરી શકે તેવા જે લોકો હોય છે તે ભોજન મળે છતાં ભૂખ્યા રહે છે. તેઓ ભોજનને ચાહે છે પણ ભોજનને ઓળખતા નથી. ૩૨. નિશ્ચય ન કરી શકે એવા તો શ્રોતા ને વક્તા અપાર હોય છે. પણ તેવા વક્તા તથા શ્રોતાને માટે મેં મહેતન કરીને આ ગ્રંથ કર્યો નથી. ૩૩.

અથથી ઈતિ સુધી જે ભગવાનના સંબંધને જ સૌથી અધિક સમજતા હોય તેને માટે હું આ પરિશ્રમ કરી રહ્યો છું. દાદા ખાચરના ઉત્તરાદા બારના જે ભવન છે તે ભવનની ઓસરીમાં અન્નકૂટ પૂર્યો હતો. જેટલાં પકવાન અને ભોજન બનાવ્યાં હતાં તેનાં પર્વતનાં પર્વત કરી દીધાં હતાં. ૩૪-૩૫. બ્રહ્માંડમાં જેટલી ચીજવસ્તુઓ સંભળાતી હતી તેટલી બધી જ અન્નકૂટમાં

બનાવી હતી. લાલજી તથા શાલગ્રામને પહેલા તેનું નૈવેદ્ય ધરાવ્યું. પછી સંતો *"વ્હાલા આવોને મારે ઘેર રે, વારી જાવ વાલમજી."* એ થાળ બોલ્યા. ૩૬.

તે પછી શ્રીહરિ જેટલાં ભોજન હતાં તેને જમ્યાં અને જ્યારે તે જમી રહ્યા ત્યારે ત્યાંથી ઊઠ્યા. ૩૭. ઓરડાની આગળના ચોકમાં અદ્ભુત મંડપ કર્યો હતો. ફળવાળા કેળના સ્તંભ રોપીને કેળનો બાગ બનાવ્યો હતો. ૩૮. રંગોળી પૂરાવીને તેમાં સંતોની પંગત કરી. પછી ભોજન તથા પકવાન લઈને શ્રીહરિએ પીરસ્યા. ૩૯. જ્યારે શ્રીહરિ બધાં ભોજન પીરસી રહ્યાં ત્યારે બધા સંતો પ્રેમથી જમવા લાગ્યા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "ગઢપુરમાં શ્રીહરિએ અન્નકૂટનો ઉત્સવ કર્યો" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર વીશમું : તરંગ - ૬૫

સદ્‌ગુરુઓ સુરતથી ગઢપુર આવ્યા અને જગન્નાથ વિપ્રને બ્રહ્મચારી કર્યા

જે સંતો સુરતમાં હતા તે બધા ત્યાંથી નાવમાં બેસીને ભાવનગર આવ્યા. પછી ત્યાંથી ગઢપુર તરફ આવ્યા. ૧. જ્યારે બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને ચૈતન્યાનંદસ્વામી, એ ત્રણ સદ્‌ગુરુ ખોપાળા પહોંચ્યા, ત્યારે સંતો સુરતથી આવે છે તેવા સમાચાર શ્રીહરિએ સાંભળ્યા. તેથી શ્રીહરિને સંતોના ઉપર અત્યંત ભાવ હોવાથી તે જ વખતે સંતોની સન્મુખ ચાલ્યા. ૨-૩.

✻ શ્રીહરિનું ધ્યાન :

શ્રીહરિની માણકી ઘોડી અતિ અનુપમ હતી. તેને સોનાના સાજથી શણગારી. પછી શ્રીહરિ તેના ઉપર બેઠા અને બીજી પણ સર્વે સવારી સાથે લીધી. ૪. ત્યારે શ્રીહરિએ સોનેરી જામો અને સુરવાળ પહેર્યા હતા. બુરાનપુરી રેંટો મસ્તકે બાંધ્યો હતો અને તે રેંટાના રંગબેરંગી પાલવ સોનેરી હતા. ૫. સોનેરી સુશોભિત કોર છેડે છે; એવો એક રેંટો કમર ઉપર બાંધ્યો હતો. અને એક સોનેરી છેડાવાળી કોરવાળો રેંટો ખભા ઉપર ધાર્યો હતો. ૬.

તે સમયે શ્રીહરિએ સોનાનાં કડાં બંને કાંડામાં પહેર્યાં. હજારી ફૂલનો અનુપમ સરસ હાર છાતી ઉપર ધારણ કર્યો. હજારી ફૂલના જ સુંદર બાજુ ભુજા ઉપર બાંધ્યા. ૭. ફૂલના તોરા પાઘમાં લટકાવ્યા. અને કાન ઉપર ફૂલના ગુચ્છ ધારણ કર્યા. જેટલા સંતો, વર્ણી અને હરિભક્તો હતા, તે સહુ શ્રીહરિની સાથે ચાલ્યા. ૮. ભાવનગરનો માર્ગ જીવા ખાચરની વાવ પાસે રહ્યો છે. શ્રીહરિ જ્યારે માણકી ઘોડીને દોડાવી ત્યાં આવ્યા ત્યારે સદ્‌ગુરુ સંત સામે મળ્યા, ત્યારે શ્રીહરિ માણકી ઉપરથી ઊતરી ગયા. સંતોને ભેટીને ખૂબ રાજી થયા અને સંતોને ફૂલના હાર પહેરાવ્યા. ૯-૧૦.

સંતોની સાથે જેટલા સુરતના જે હરિભક્તો આવ્યા હતા તે બધા શ્રીહરિનાં ચરણમાં પડ્યા. અને દર્શન કરતા જ તેમનાં હૃદય ઠર્યાં. ૧૧. પછી તેમણે સુરતમાં જેટલાં બાઈ-ભાઈ હરિભક્ત હતાં તે બધાનાં નામ લઈ લઈને શ્રીહરિને 'જય નારાયણ' કહ્યાં. ૧૨. જેટલા હરિભક્તો હતા તે બધા જ્યારે ત્યાં આવી ગયા ત્યારે શ્રીહરિ તરત જ અશ્વ ઉપર આવીને બેઠા અને પછી તરત જ ચાલ્યા. ૧૩. સંતો જેમ જેમ સામે આવતા ગયા તેમ તેમ તે સહુને ભેટતા રહ્યા. મગરિયા ડુંગરા સુધી શ્રીહરિ જેટલા સંત-હરિભક્તો હતા તે સહુને મળતા રહ્યા. ૧૪.

પછી શ્રીહરિ જ્યારે ગઢપુર તરફ આવ્યા ત્યારે મસ્તક ઉપર સોનેરી છત્ર ધારણ કર્યું હતું. અને સંતો તથા હરિભક્તો સહુ સાથે હતા. ૧૫. તે વખતે દિવસ ચાર ઘડી ચઢ્યો હતો ત્યારે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા. આવતા કાંઈ વાર લાગી નહિ. ૧૬. ઉત્તરાદા બારના ઓરડાની આગળના ચોકમાં પલંગ બિછાવી દીધો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ૧૭. અરદેશર પારસીએ ઘણા વિવેકથી શ્રીહરિને માટે નેતરની એક મોટી સાદડી મોકલી હતી. તે શ્રીહરિની પાસે બિછાવી દીધી. ૧૮.

નરનારાયણ એવું નામ સોનાનાં વરખથી સુંદર અક્ષરમાં છાપેલું હતું, તેવો એક રેંટો બનાવીને તે ત્રણેય સદ્‌ગુરુઓ મળીને લાવ્યા હતા. તે જ વખતે તે રેંટો શ્રીહરિનાં મસ્તક ઉપર બંધાવ્યો. તેથી તે સોનેરી અક્ષરવાળી પાઘ મસ્તક ઉપર શોભતી હતી. ૧૯-૨૦. જે જે મેવો લાવ્યા હતા તે બધો

શ્રીહરિની આગળ મૂક્યો અને સહુએ મળીને શ્રીહરિની પૂજા કરી. અને જેમાં મોટા મોટા શ્યામ રંગના બુટા રહ્યા હતા; એવી છીંટની ડગલી શ્રીહરિને પહેરાવી દીધી. પછી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ તે જમવા માટે ઊઠ્યા. ૨૧-૨૨. જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી. બિરંજની રસોઈ બનાવી હતી. તે શ્રીહરિ પીરસવા માટે આવ્યા. ૨૩. જ્યારે શ્રીહરિ સંતોને પીરસી રહ્યા ત્યારે સંતો જમવા લાગ્યા. તે રસોઈ પંચાળા ગામના દરબાર ઝીણાભાઈની હતી. ૨૪.

ગગાભાઈ નામે તેમના નાનાભાઈ હતા. તે બંને ગઢપુર આવ્યા હતા. તે વખતે તેઓ એક માસ સુધી શ્રીહરિની સાથે રહ્યા. ૨૫. તે બંને એવા હરિભક્ત હતા કે દર વર્ષે એક માસ અથવા બે માસ શ્રીહરિની પાસે આવીને રહેતા હતા. ૨૬. જ્યારે તેઓ ગઢપુરમાં આવે ત્યારે એકવાર અથવા બે વાર અતિ પ્રેમથી રસોઈ આપતા હતા. તેમાં કાંઈ વાર લગાડતા નહિ. ૨૭. તેઓ ભાવિક હરિભક્ત હતા. ઘરમાં ઘણા સુખી હતા. તેઓ પ્રાયઃ ચાતુર્માસમાં શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુરમાં રહેતા હતા. ૨૮.

કેટલાક હરિભક્તો ગાંઠનું ખર્ચ ખાઈને ગઢપુરમાં આવતા અને અવકાશ પ્રમાણે રહેતા. ૨૯. કેટલાક હરિભક્ત ગઢપુર આવીને ઉપર કહ્યા પ્રમાણે ગાંઠનું ખાઈને પંદર દિવસ રહેતા અને કેટલાક હરિભક્તો એક માસ રહેતા. કેટલાક હરિભક્તો દોઢ માસ કે બે માસ સુધી ગઢપુરમાં રહેતા હતા. ૩૦. કેટલાક તો અઢી માસ, ત્રણ માસ અને કોઈક તો ચાર-ચાર માસ સુધી ગાંઠનું ખર્ચ ખાઈને શ્રીહરિનાં દર્શન કરવા માટે ગઢપુરમાં રહેતા હતા. ૩૧. તે હરિભક્તો શ્રીહરિને માટે એક અથવા બે વાર થાળ કરાવતા હતા. અને ઘણા હરિભક્તો જ્યારે ગઢપુર રોકાય ત્યારે ત્યાં ત્રણ વાર, ચાર વાર કે પાંચ-પાંચ વાર થાળ કરાવતા હતા. ૩૨.

કેટલાય હરિભક્તો શ્રીહરિ માટે થાળ કરાવતા હતા, તેનો કહેતા કોઈ પાર લઈ શકે તેમ નથી. હરિભક્તને શ્રીહરિનો જેટલો સંબંધ હોય તેટલી વાત કહેવામાં આવે છે. ૩૩. જે લખ્યા વિનાનું રહે છે તે પછી કોઈના કહેવામાં આવતું નથી. શ્રીહરિ અને સંતો-ભક્તોની વાતો તો અનંત અનંત કહેવાય છે. શ્રીહરિના સંબંધવાળી બધી વાતો લખવી તે ઘણું કઠણ છે. ૩૪.

❋ ભજન કરે તે જ બુદ્ધિશાળી છે :

માયિક વાતો અપાર છે તેને ઘણા લોકો રાત્રી-દિવસ લખતા રહે છે તોપણ તૃપ્તિ થાતી નથી. અને તેમાં જ તે મનુષ્યતનને વૃથા ખોએ છે. ૩૫. મનુષ્યજન્મને પ્રાપ્ત કર્યા પછી પણ જે ભગવાનનું ભજન નથી કરતા તો તે, રાજા થયા તોપણ ન થયા બરાબર છે; એમ સંતો વારંવાર કહે છે ૩૬.

सोरठा : भजत नहीं हरि जोउ, माया पाये अपार हि;
काम न आवत कोउ, तन के होवत त्याग जब...३७
हरि न भजत को वार, मनुष्य तन कु पाय कर;
बुद्धि पाये अपार, अर्थ न आत लगार यह...३८

ભગવાનનું ભજન ન કર્યું હોય અને અપાર માયા મળી હોય પણ જ્યારે શરીરનો ત્યાગ થાય છે, ત્યારે તેમાંથી કાંઈ કામ લાગતું નથી. ૩૭. મનુષ્યશરીરને પામીને પણ ક્યારેય ભગવાનનું ભજન નથી કરતો, તો તેને અપાર બુદ્ધિ મળી હોય, તે પણ તેના મોક્ષના ઉપયોગમાં કાંઈ કામ લાગતી નથી. ૩૮.

જે ભગવાનનું ભજન નથી કરતા અને તે બીજી બાબતમાં તો ઘણા નિપુણ હોય તથા ભૂમિ ઉપર જેટલા મનુષ્યો છે, તે બધાને પોતાના હુકમમાં ચલાવતો હોય. અને ભગવાનનું ભજન કરનારા ભક્તોને પણ પોતાના હુકમમાં ચલાવતો હોય, તોપણ તે છેવટે સુખ પામતો નથી. તેનો હુકમ તો શરીર રહે ત્યાં સુધી જ રહે છે. ૩૯-૪૦.

શરીર છૂટ્યા પછી તેનો હુકમ રતીભાર પણ ચાલતો નથી. જે ભગવાનને ભજે છે તેના હુકમમાં પછીથી તે અભક્તને એટલું વર્તવું પડતું હોય છે કે જેનો કોઈ અંત આવતો નથી. અને જેટલા ભગવાનનું ભજન નથી કરતા તેઓ આ લોકમાં બે દિવસ ચાહે તેટલું ચલાવે, પરંતુ પછીથી તેનું લેશમાત્ર ચાલતું નથી. ૪૧-૪૨. જેને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન હોય છે, તે આવી બધી રીતને જાણે છે. ભગવાનનાં સ્વરૂપના જ્ઞાન વિના તો બુદ્ધિ વિપરીત થઈ જાય છે. ૪૩. જેની જ્યાં સુધી વિપરીત બુદ્ધિ હોય છે

તે જેટલો સમય ભગવાનનું ભજન કર્યું હોય તેટલો સમય વિપરીત દેખે છે અર્થાત્ ખોટો બગાડ્યો માને છે. ૪૪.

(સં.૧૮૬૮માં શ્રીહરિએ ગઢપુરમાં) પ્રબોધની એકાદશીનો ઉત્સવ કર્યો તે દિવસે શ્રીહરિએ જગન્નાથ વિપ્રને દીક્ષા આપીને ગોવિંદાનંદ નામે બ્રહ્મચારી કર્યા. ૪૫. તેઓ શ્રીહરિની પાસે લહિયા થઈને રહ્યા હતા. અને તેમણે બાળપણથી જ સંસારની વાસનાનો નાશ કરી નાખ્યો હતો. ૪૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "સદ્‌ગુરુઓ સુરતથી ગઢપુર આવ્યા અને જગન્નાથ વિપ્રને બ્રહ્મચારી કર્યા" એ નામે પાંસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર વીશમું : તરંગ - ૬૬

મીણબાઈના દેહત્યાગ પછી તેના ખરચમાં શ્રીહરિ કરિયાણા જવા નીકળ્યા

પરમ નિપુણ શ્રીહરિએ જગન્નાથ વિપ્રને દીક્ષા આપી બ્રહ્મચારી કર્યા ત્યારે તેમનું ગોવિંદાનંદ એવું નામ રાખ્યું. ૧. પ્રબોધની એકાદશીને દિવસે શ્રીહરિએ તે નિમિત્તે ઉત્સવ કર્યો અને સહુ હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી. ૨. જેનાં મનમાં જેવો ભાવ હતો, તેવી તેમણે પૂજા કરી. સહુ ઘણો લાભ લેતા હતા, એવો લાભ ક્યારેય લીધો નહિ હોય. ૩. કાર્તિકી પૂનમ સુધી તે ઉત્સવ થતો રહ્યો. હરિભક્તોનાં મન દિવસે દિવસે વધારે વધારે ઉત્સાહથી ભર્યા હતા. ૪.

દાદા ખાચરને બોલાવીને શ્રીહરિએ કહ્યું કે, 'સારામાં સારું સદાવ્રત કરો. કેમ જે, તીર્થવાસીઓ અપાર આવે છે. ૫. શ્રીહરિએ જેમ વચન કહ્યું તે પ્રમાણે દાદા ખાચરે તે વખતે સદાવ્રત શરૂ કર્યું. પછી ત્યાં સદાવ્રત લેવા એક ધારા લોકો આવવા લાગ્યા. ૬. તે સમયે ત્યાં જે સંતો અને બ્રહ્મચારીઓ રહ્યા હતા તે બધાનું શ્રીહરિએ નામને છેડે 'મુનિ' એવું નામ રખાવ્યું. પછી શ્રીહરિએ મુનિ અને હરિભક્તો સહુને ગઢપુરથી જવા માટે રજા આપી. ૭.

જે સદ્‌ગુરુ સંતો હતા તેમને શ્રીહરિએ પોતાની પાસે રાખ્યા. અને બીજા બધા મુનિઓ સત્સંગ વિચરણ માટે ચાલ્યા. કરિયાણા ગામના મીણબાઈ નામે કાઠી હરિભક્ત હતા. ૮.

જ્યારથી તેમને સત્સંગ થયો હતો ત્યારથી તેમણે સંસાર છોડી દીધો હતો. જે રીતે ગઢપુરમાં જીવુબાઈ ત્યાગી રહ્યા હતા તે રીતે મીણબાઈ પણ ત્યાગી થઈને રહ્યા હતા. ૯. જીવુબાઈ, રાજબાઈ અને મીણબાઈ, એ ત્રણ બહેનો સમાધિનિષ્ઠ હતા. તેઓ રાત-દિવસ સમાધિમાં રહેતા હતા. ૧૦.

चोपाई :

अक्षरधाम ता महीं जेसी, भगवान कि मूर्ति रहे तेसी;
आपके अखंड समीप रखाते, पलभर मूर्ति दूर न विसराते...११
जो जो सामृथ सुख जो जितना, मूर्ति में देखत भये तितना;
मूर्ति बिन सामृथ सुख हि जेता, काल चवीना देखत हि तेता...१२

અક્ષરધામમાં સ્વામિનારાયણ ભગવાનની જેવી મૂર્તિ છે, તેવી મૂર્તિ પોતાની પાસે તેઓ અખંડ રાખતા હતા. એક પળવાર પણ મૂર્તિને દૂર દેખતા નહિ કે ભૂલતા નહિ. ૧૧. જે જે કાંઈ સામર્થ્ય અને સુખ હોય છે તે બધું તેઓ શ્રીહરિની મૂર્તિમાં જ દેખતા હતા. મૂર્તિ સિવાયનું સામર્થ્ય ને સુખ જે હોય છે તે બધું કાળનું ચવાણું છે, તેમ દેખતા હતા. ૧૨. તેમની સમાધિ એટલી દૃઢ થઈ હતી કે તેમને બધાં જ માયિક સુખ ઊલટીનાં અન્ન જેવાં થઈ ગયાં હતાં. જેને જેટલું જે અસાર દેખાય તેનું તેમાં મન ક્યારેય લલચાતું નથી. ૧૩. જેનું મન જેટલું અસાર વસ્તુમાં ચોંટે છે તેટલી તે વસ્તુ તેને અસાર મનાણી જ નથી. જો અસાર માની હોય તો તેમાં મન ચોંટાડવું હોય, તોપણ ચોંટે નહિ. તે બધું પ્રગટ દેખાઈ આવે છે. ૧૪.

સં.૧૮૭૭ કાર્તિક માસના વદિ પક્ષમાં (પોષ વદ-૮ની રાત્રિએ ?) કરિયાણાના મીણબાઈએ પોતાનાં ભૌતિક શરીરનો ત્યાગ કર્યો હતો. ૧૫. જ્યારે તેમનો અગ્નિસંસ્કાર કરવા માટે તેમના સંબંધીઓ ચાલ્યા ત્યારે શ્રીહરિ મીણબાઈને સારા મોટા હરિભક્ત જાણીને તેમની સ્મશાન યાત્રામાં

સાથે ચાલ્યા. ૧૬. ઉત્સવિયા હરિભક્તો ઝાંઝ, મૃદંગ વગાડીને ઉત્સવ કરતા કરતા ઉન્મત્તગંગા તરફ ચાલ્યા. જ્યારે નદીએ પહોંચવા આવ્યા ત્યારે એક સુંદરજી નામના વિપ્ર હરિભક્ત સમયને યોગ્ય ન હોય એવું કીર્તન બોલવા લાગ્યા. ત્યારે શ્રીહરિએ તેને રોક્યા. ૧૭-૧૮.

સમયને વિચાર્યા સિવાય જે કામ કરવામાં આવે છે તે બધું વિવેક વિનામાં ખપે છે. મરણ સમયે ઉપદેશ અને વૈરાગ્યનાં પદ સારાં લાગે છે. ૧૯. અહોનિશ સમયને અનુરૂપ ભગવાનના સંબંધવાળા પદ રચનારા કવિઓ કહેવાય છે, પણ તેવાં પદો મરણના પ્રસંગમાં બોલવા તે સમજનારાને વિપરીત લાગે છે. ૨૦. શુભ કે અશુભ દેશકાળનું જેને લેશમાત્ર પણ જ્ઞાન ન હોય, અને શુભ અશુભ બધા જ પ્રસંગમાં એક રીતે જે રહે તેને અજ્ઞાની કહેવાય છે. ૨૧. જ્ઞાન વગરના તો હજારો માણસો હોય છે અને ખરો જ્ઞાની તો હજારમાં એકાદ જ હોય છે. હરેક જ્ઞાતિનું જ્ઞાન અલગ અલગ હોય છે. ૨૨.

પોતાની જાતિમાં જે નિપુણ કહેવાતા હોય તે બીજાની જાતિમાં મૂર્ખ કહેવાય છે. બધી બાબતનું જે જ્ઞાન છે તે એક વ્યક્તિમાં દેખાતું નથી. ૨૩. જે માણસમાં જેટલી જાતનું જ્ઞાન રહ્યું છે તેટલા જ તે જ્ઞાનને શીખવનારા ગુરુ પણ હોય છે. ભલે તે લૌકિક દૃષ્ટિએ ગુરુ ન હોય છતાં જ્ઞાનના ગુણને હિસાબે તે તેના ગુરુ ગણાય છે. ૨૪.

⁕ ભગવાનમાં જોડે તે જ સાચા સદ્‌ગુરુ છે :

एसी रीत सब समजत जाई, गुरु के गुरु रहायेउ ताई;
कठिन में कठिन हे यह बाता, गुरु चेनना मोक्ष के दाता...२५
मायिक गुन कहावत जितना, हरि बिन बंधन देखावत तितना;
हरि सम कोउ बात न देखावे, सर्वोपरी यह गुरु कहावे...२६

આવી બધી રીતને જે સમજે છે, તે ગુરુના પણ ગુરુ થઈ શકે છે. મોક્ષના દાતા સાચા સદ્‌ગુરુને જે ઓળખવા તે કઠિનમાં કઠિન વાત છે. ૨૫. ભગવાનના સંબંધ સિવાયના જેટલા માયિક ગુણ કહેવાય છે, તે બધાને બંધનરૂપ દેખાડે અને ભગવાન સમાન બીજી કોઈ બાબતને બતાવે

નહિ, એવા જે ગુરુ હોય છે તે સર્વોપરિ ગુરુ કહેવાય છે. ૨૬. ઉપર કહ્યા સિવાયના જેટલા ગુરુ કહેવાતા હોય છે, તે બધા વ્યાવહારિક ગુરુ છે; તેમ સમજી લેવું. ૨૭. **વ્યાવહારિક ગુરુ દ્વારા વ્યાવહારિક કાર્યની સિદ્ધિ થાય છે. અને મોક્ષદાતા ગુરુ પાસેથી મોક્ષ પ્રાપ્ત થાય છે. ૨૮.**

કરિયાણા ગામના રાજા દરબાર ઓઢા ખાચર નામે હતા. તેમણે શ્રીહરિના નામે પત્ર લખીને સંતોએ સહિત તેમને કરિયાણા તેડાવ્યા. ૨૯. મીણબાઈનું જ્યારે ખર્ચ થતું હતું ત્યારે તેના સંબંધી જાણીને શ્રીહરિ ગઢપુરથી ચાલ્યા. ૩૦. દાદા ખાચરની બધી જે સવારી હતી તે શ્રીહરિની સાથે ચાલી. અને જીવા ખાચરની જેટલી સવારી હતી તે પણ સાથે ચાલી. ૩૧. ઝીંઝાવદર ગામના દરબાર અલૈયા ખાચર હતા. તેમની જે સવારી હતી તે પણ ત્યારે શ્રીહરિની સાથે ચાલી. ૩૨.

કારિયાણી ગામના રાજા દરબાર વસ્તા ખાચર હતા, તેમની જે સવારી હતી, તે શ્રીહરિની સાથે ચાલી. ૩૩. કુંડળ ગામમાં અમરા પટગીર અને મામૈયા પટગીર હતા. તેમની જે સવારી હતી તે પણ શ્રીહરિની સાથે ચાલી. ૩૪. સારંગપુર ગામના અમરા ખાચર હતા. તેમની જે સવારી હતી તે પણ શ્રીહરિની સાથે બધી ચાલી. ૩૫. બોટાદ ગામના જે સોમલા ખાચર અને દાહા ખાચર આદિક દરબારો હતા. તેમની જે સવારી હતી તે પણ શ્રીહરિની સાથે ચાલી. ૩૬.

તે સમયે એક હજાર જેટલા ઘોડે સવારો શ્રીહરિની સાથે ચાલ્યા. સહુ **માંડવધાર** ગામ થઈને **વાવડી** ગામ આવ્યા. ૩૭. શાસ્ત્ર ભણનારા જે સંતો હતા તેમને બોટાદથી બોલાવ્યા. તેઓ અને ગઢપુરથી જેટલા સાધુઓ આવ્યા હતા તે બધા વાવડી ગામમાં ભેળા થયા. ૩૮. વાવડીથી આગળ જતા એક કોશ જેટલે દૂર એક વાવ છે. શ્રીહરિએ તે વાવમાં પાણી પીધું અને સંતોની ભેળા થયા. ૩૯. શ્રીહરિએ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને માણકી ઘોડી ઉપર સવાર થયા હતા. મસ્તક ઉપર શ્વેત છત્ર ધારણ કર્યું હતું, ત્યાં સંતો આવીને શ્રીહરિને પગે લાગ્યા. ૪૦.

સંતો જ્યારે ભેળા થયા ત્યારે શ્રીહરિ તેમના ઉપર અત્યંત પ્રસન્ન થયા. સહુ સંતો સવારીની પાછળ ચાલ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું જે સહુએ માર્ગમાં ચાલવું. ૪૧. કેમ જે, પહાડની જમીનમાં પથ્થર વગરનો માર્ગ હોય નહિ અને કોઈ સંતોએ પગમાં પગરખાં પહેર્યા હતા નહિ. માટે જોઈને ચાલવાનું કહ્યું. ૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "મીણબાઈના દેહત્યાગ પછી તેના ખરચમાં શ્રીહરિ કરિયાણા જવા નીકળ્યા" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર વીશમું : તરંગ - ૬૭

કરિયાણામાં વિવિધ પ્રશ્નોત્તર તથા કવિએ લોભનું કરેલું ખંડન

જે રીતે સંતોને દુઃખ ન થાય તેવી દયા લાવીને ત્યારે શ્રીહરિ ધીરે ધીરે સંતોની આગળ ચાલ્યા. ૧. શ્રીહરિની જમણી બાજુએ માતરા ધાધલ અને ડાબી બાજુએ તેમના પુત્ર દાનાભક્ત ચાલતા હતા. ૨. શ્રીહરિએ તે બંનેને કહ્યું કે, 'તમે અત્યારે જેમ સજ્જનનો કંઠ હોય તે રીતે મર્યાદામાં સામસામા પરજિયા(શોકગીત) બોલો.' ૩. શ્રીહરિને રાજી કરવા માટે તે બાપ દીકરો બંને સામસામે પરજિયા બોલ્યા. તેમાં એકબીજાથી પર સરસ સરસ વચન લાવી બોલતા હતા. તેનાથી ઘણો સારો રસ પેદા થયો. ૪.

પછી શ્રીહરિએ કહ્યું કે, 'આ બંને એક એકથી ઘણા સરસ છે. આ બંનેમાં કોઈ એક બીજાથી પાછા પડે તેવું અમને દેખાતું નથી. ૫. તેમના એક એક બોલેલાં વચનમાં ઘણી માર્મિક વાત ભરેલી હોય છે. તેમની એક પણ વાત નિરર્થક હોતી નથી, તેવા આ પરજિયાના પદો છે. ૬. જ્યારે શ્રીહરિ **કરિયાણા** ગામની સમીપે આવ્યા ત્યારે પરજિયા બોલવાનું બંધ કરાવ્યું. દરબાર ઓઢા ખાચર અને તેમના ભાઈઓ, બધા સત્સંગી હતા. ૭. તેમના ભાઈઓના પુત્રો જે હતા તે બધા હરિભક્ત હતા. અને ગામમાં એક-બે વણિકનાં ઘર પણ પાકા હરિભક્ત હતા. ૮.

તે સહુ હરિભક્તો કાળુભાર નદી ઊતરીને દૂર સુધી ઘણા હેતથી શ્રીહરિની સન્મુખ આવ્યા હતા. આવીને શ્રીહરિનાં ચરણમાં નમસ્કાર કર્યા હતા. ૯. સહુએ એક એક શ્રીફળ લઈને બહુનામી શ્રીહરિનાં ચરણમાં મૂક્યું. પછી શ્રીહરિ ગામમાં પધાર્યા ત્યારે રાજબજારે ચાલ્યા. ૧૦. ગામના અગણિત લોકો શ્રીહરિનાં દર્શન કરવા માટે બજારમાં આવીને ઊભા હતા. સહુ હાથ જોડીને મસ્તક નમાવતા હતા અને તેમનાં દિલમાં ઘણો આનંદ ભરાયેલો હતો. ૧૧. શ્રીહરિ કાળા મકવાણાને ઘેર આવીને ઊતર્યા. ભવનના આગળના ભાગમાં જેટલો ચોક હતો તેમાં બધે જ છાંયો કરી લીધો હતો. ૧૨.

તે ચોકમાં સારો પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા. તેમની ચારેય બાજુ સંતો બેઠા. ઘણી સારી શોભા છવાઈ ગઈ હતી. ૧૩. જ્યારે રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિએ જમી લીધું અને ચોકમાં જ બધા સંતોની પંગત કરાવી. ૧૪. શ્રીહરિ પોતે પીરસવા આવ્યા. સાકરનો શીરો કર્યો હતો. જ્યારે પીરસાઈ ગયું ત્યારે સંતો જમવા લાગ્યા. ૧૫. સંતો જમી રહ્યા તે પછી શ્રીહરિ પોઢી ગયા. જ્યારે દિવસ એક પહોર બાકી રહ્યો તે પછી ત્યાં સભા કરી. ૧૬.

સંતો મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીનાં કરેલાં ગરબી રાગનાં *'મારે મંદિર પધારો રે માવા, તમે અલબેલાજી આવોને આવા રે,'* એ સુંદર કીર્તન ગાવા લાગ્યા. ૧૭. પ્રેમાનંદસ્વામીનાં કરેલાં પદ ગાતા હોય ત્યારે સંતોને તૃપ્તિ થતી નહિ. જ્યારે સંધ્યા સમય થયો ત્યારે દરબાર ઓઢા ખાચરે સંતોએ સહિત શ્રીહરિને દરબારમાં હેતથી પધરાવ્યા અને શ્રીહરિને પલંગ ઉપર બેસાડ્યા. પછી તેઓ પૂજાનો સામાન લઈને આવ્યા. ૧૮-૧૯.

તેમણે શ્રીહરિનાં મસ્તક ઉપર પાઘ બંધાવી અને એક ભારે શેલું ઓઢાડ્યું. અને બધા સંતોને એક એક વસ્ત્ર ઓઢાડ્યું. ૨૦. પૂજા કર્યા પછી ઘણાં હેતથી શ્રીહરિને ઘરમાં પધરાવીને ચરણ પગલાં કરાવ્યાં. અને તે પછી શ્રીહરિ ઉતારા ઉપર આવ્યા. ૨૧. શ્રીહરિ જ્યારે આવીને પલંગ ઉપર બેઠા ત્યારે ચારેબાજુ ફરતા સંતો બેઠા. અને શ્રીહરિ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને

વૈરાગ્ય બાબતના પ્રશ્ન-ઉત્તર કરવા લાગ્યા. શ્રીહરિએ પૂછેલા પ્રશ્નના ઉત્તર પોતે જ આપતા હતા. કેમ જે, તેમના પૂછેલા પ્રશ્નનો ઉત્તર બીજા કોઈથી આપી શકાતો નહિ. ૨૨-૨૩. શ્રીહરિને જેવો જડે તેવો પ્રશ્ન પૂછતા. પછી પોતે જ તેનો ઉત્તર કરતા હતા. જેવો પ્રશ્ન હોય તેવો તેનો ઉત્તર થાય ત્યારે તેમાં ઘણો રસ આવતો હતો. ૨૪.

પ્રશ્ન તથા ઉત્તરમાં જ્યારે રજોગુણ કે તમોગુણનો ભાગ ન હોય ત્યારે તેમાં રસ આવતો હતો. રસ વિના કાંઈ રુચતું નથી. ૨૫. જે કોઈ પણ વાત રસ વગરની હોય પછી ચાહે તેવી કોઈએ કહી હોય, તોપણ તે ક્યારેય પ્રિય લાગતી નથી. ૨૬. અફીણ અને સોમલ અત્યંત ઝેર છે તેમ બધું જગત જાણે છે. છતાં લોકો તેનું વ્યસન રાખે છે. ૨૭. તમાકુ, ગાંજો, ભાંગ, મફર, દારૂ અને માંસ, તે બધાના જેવું કોઈ ખરાબ નથી. છતાં વ્યસની લોકો તેને સહુથી સરસ માને છે. ૨૮.

આ દુનિયામાં જે સહુથી મોટા પ્રસિદ્ધ હોય છે, તેઓ તેવા વ્યસનને કરતા હોય છે. સહુથી મોટા માણસો જે માર્ગે ચાલે તેનું નિવારણ કરવા કોણ ઈચ્છે ? ૨૯. કોઈ મોટા માણસમાં અઘટિત વ્યસન વગેરે હોય તો તેનું તેના જેવા મોટા માણસથી જ નિવારણ થાય છે. જેના ઉપર જેનો હુકમ ચાલી શકતો હોય તેના ઉપર તેનું વર્ચસ્વ હોય છે. તેથી તેમનું તેમના ઉપર ચાલે છે. ૩૦. જેનો હુકમ ન ચાલતો હોય, તેવું માણસ બોલે તો તરત તેને કેદ કરી દે છે. અથવા તો તેને પશુના સમાન ગણીને તેણે કહેલી વાતનો અમલ કરવાનું તેને સૂઝતું નથી. ૩૧. જેટલા વિવેકી સાહેબો-અધિકારીઓ છે, તે બધા ન્યાય અને અન્યાયમાં સમજે છે. અને તે વિવેકી સાહેબોને કારણે બધી પ્રજામાં સુખ વર્તે છે. ૩૨.

કેટલાક સાહેબો તો એવા છે કે પ્રજાને સુખ થાય તેમ કામ કરે છે. પ્રજાને સુખ થયા સિવાય કેટલાક સાહેબો સુખ પામતા નથી. ૩૩. જ્યાં સુધી પ્રજા નીતિમાં ચાલે ત્યાં સુધી તે ક્યારેય કેદમાં જતી નથી. પ્રજાને સુખી કરવા માટે જ કેદ અને ફાંસીની રચના કરવામાં આવી છે. ૩૪.

કેદ અને ફાંસીનો દંડ જો ન હોય તો જેટલા ઉદ્ધત મનુષ્યો છે, તે સામાન્ય મનુષ્યોને પીડ્યા વિના રહે નહિ. નીતિનું ઉલ્લંઘન કરીને જે લોકો ચાલે છે તે લોકો ઉન્મત્ત કહેવાય છે. ૩૫. જ્યાં સુધી અંગ્રેજ સાહેબો લોભરૂપી નદીથી ડરતા રહેશે ત્યાં સુધી સાહેબમાં મોટાઈ દિન દિન અધિક વધતી રહેશે. અને બધી પ્રજા પણ તેમને ચાહતી રહેશે. ૩૬.

જેટલા વિવેકી સાહેબો છે તે ક્યારેય લોભરૂપી નદીને નજરથી દેખતા પણ નથી. કારણ કે, લોભરૂપી નદીને દોષરૂપ દેખે છે. ૩૭. જેટલા મોટા રાજાઓ અને મોટા ગુરુઓ છે તેને લોભરૂપી નદી કરોડો કળાઓ કરીને ખેંચ્યા વગર રહેતી નથી. ૩૮. લોભરૂપી નદીમાં કળિયુગ નિવાસ કરીને રહ્યો છે. તેમાં ઘણી કળાઓ રહી છે. તેથી તે કળા કરીને માણસને પોતાને વશ કરી દે છે. ૩૯. જે મનુષ્ય જેને આધીન થાય છે તેનું તેના ઉપર લેશમાત્ર પણ ચાલતું નથી. પછી નિર્લોભની મોટાઈ ખોવાઈ જાય છે. કારણ કે લોભને નિર્લોભના ઉપર વેર છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "કરિયાણામાં વિવિધ પ્રશ્નોત્તર તથા કવિએ લોભનું કરેલું ખંડન" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર વીશમું : તરંગ - ૬૮

શ્રીહરિએ સહુનાં અંગ પૂછ્યા તથા ગઢપુરમાં લખનૌના શેઠ વેણીરામ શ્રીહરિને શરણે આવ્યા

રાત દોઢ પહોર ગઈ ત્યાં સુધી શ્રીહરિ સંતોના પ્રત્યે પ્રસન્ન મને પ્રશ્ન-ઉત્તર કરતા રહ્યા અને તે પછી પોઢી ગયા. ૧. જ્યારે અરુણોદય થયો ત્યારે સંતો ઊઠ્યા અને સ્વામિનારાયણ નામની ધૂન કરી. ત્યારે શ્રીહરિ પણ દયા કરીને ઊઠ્યા. ૨. જાગીને ચોક વચ્ચે પલંગ ઉપર ઉત્તર મુખ કરીને બેઠા. પછી સંતોને કહ્યું, 'તમે સહુ પોતપોતાનું અંગ કહો. ૩. પહેલા અમે અમારું જે મુખ્ય અંગ છે તે કહીએ છીએ. પછી તમારે જે પોતાનું અંગ

હોય તે ઉમંગથી કહેવું. ૪. પોતાના આત્માનાં સ્વરૂપને નિર્દંભ અને મહાન શુદ્ધરૂપ માની, જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મથી યુક્ત થઈને ભગવાનનાં સ્વરૂપમાં જ એક સ્નેહ રાખવો. ૫. સાકાર અને મૂર્તિમાન ભગવાન સદાય રહ્યા છે. સાકારને અનેક રીતે શાસ્ત્રો કહે છે તેથી માણસની બુદ્ધિ અનેકરૂપમાં થઈ જાય છે. ૬.

અનેક પ્રકારની બુદ્ધિને એકસરખી કરવા માટે અમારું આ વખતનું વિચરણ છે. ભગવાન એક સાકાર છે. તેમનું ઐશ્વર્ય અપાર છે. ૭. કદાચ કોઈ શાસ્ત્રને કરોડોવાર સાંભળે, પણ અપારનો કોઈ પાર પામતું નથી. ભગવાનનાં સાકારપણાને ઘણી રીતે કહે છે, તેમનાં સાકારપણા સિવાય કોઈ વાત ચોક્કસ નથી. ૮.

❋ ધર્મ, જ્ઞાનાદિક સર્વનું ફળ ભક્તિ છે :

चोपाई :

साकार बिन भक्ति क्या करना, भक्ति बिन कबु नहीं निसरना;
भक्ति बिन जितनी रहे बाता, मोक्ष बीज के रहे घाता...०९
भक्ति बिन ज्ञान वैराग्य धर्मा, फल कछु नहीं देत यह मर्मा;
ज्ञान वैराग्य धर्म बिन जोऊ, भक्ति कछु फल देत न सोऊ...१०
यह चार हि गुन जिहाँ रहेऊ, निवास हरि के तिहाँ कहेऊ;
जिहाँ हरि कर रहे निवासा, तिहाँ मोक्ष रहत हे पासा...११

ભગવાન સાકાર ન હોય તો ભક્તિ શું કરવી ? અને ભક્તિ વિના ક્યારેય કોઈનો ઉદ્ધાર નથી. ભક્તિ સિવાયની જેટલી વાતો છે તે તો મોક્ષરૂપ બીજનો ઘાત કરનારી છે. ૯. ભક્તિ વગરના જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ કાંઈ ફળ દઈ શકતા નથી. તે મર્મભૂત વાત છે. જ્ઞાન, વૈરાગ્ય અને ધર્મ વગરની ભક્તિ કાંઈ જ ફળ દેતી નથી. ૧૦. ધર્મ, વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિ, તે ચાર ગુણ જ્યાં નિવાસ કરીને રહે છે ત્યાં ભગવાનનો નિવાસ કહ્યો છે. અને જ્યાં ભગવાન રહ્યા છે ત્યાં મોક્ષ તેની પાસે રહે છે. ૧૧. ઉપર કહ્યા પ્રમાણેનો જેને નિશ્ચય હોય તેને પરિપક્વ અંગ કહેવાય. સ્થિતિ અને અંગ બંને એક જ છે. અને સત્સંગ પણ તેટલું જ સમજાવે છે. ૧૨.

તે પછી સંતોમાં જેનું જેવું અંગ હતું, તે પ્રમાણે સહુએ અલગ અલગ રીતે પોતપોતાનાં અંગ જેવા હતા તેવા કહી દેખાડ્યા. ૧૩. તેમાં બ્રહ્માનંદસ્વામીએ પોતાનું શૂરવીરપણાનું અંગ કહ્યું. અને મુક્તાનંદસ્વામીએ પોતાનું સમજણનું અંગ કહ્યું. ૧૪. સચ્ચિદાનંદસ્વામીએ તે સમયે સ્નેહનું અંગ કહ્યું. અને ઘણા સંતોએ વિશ્વાસનું અંગ કહ્યું. ૧૫. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું કે, 'હે નાથ ! આપ અમારા સ્નેહને નભાવી લો. આપ તો સ્નેહને નભાવનારા છો અને અમે આપને શરણે આવેલા છીએ.' ૧૬.

જેવું નિત્યાનંદસ્વામીએ કહ્યું તેવું જ પ્રેમાનંદસ્વામીએ કહ્યું. બીજા સંતો ત્યાં આવ્યા ન હતા. પછી જે ભણનારા સંતો હતા તેમણે પણ પોત પોતાના અંગો કહ્યા. ૧૭. (શ્રીહરિચરિત્રમ્ ૨/૨૬) પછી શ્રીહરિએ કહ્યું, 'આજ તો કીર્તન ઉપર સહુ સહુના અંગ કહો.' તે અંગોનો વિસ્તાર તત્ત્વાર્થબોધિની ટીકામાં નીચે મુજબ લખેલો છે.

૧. મુકુંદાનંદ વર્ણીએ કહ્યું, "આવ્યા ચાતુર્માસના દહાડા, ચઢજ્યો હરિ ચાંખડીએ મારા" એ પદ બોલીને પોતાનું અંગ દર્શાવ્યું.

૨. જયાનંદ વર્ણીએ કહ્યું, "નયણે મોહનવર નીરખ્યા મેં જ્યારે, પૂરણકામ થયું મારું ત્યારે"

૩. અખંડાનંદ વર્ણીએ કહ્યું, "ધર્મકુંવર ઘનશ્યામજી, મારા પ્રાણ તણાં આધાર જોઈને જીવું છું"

૪. વાસુદેવાનંદ વર્ણીએ કહ્યું, "સહુ હરિભક્તને રે રહેવું હોય મારે પાસ, તો તમે મેલજો રે મિથ્યા પંચવિષયની આશ."

૫. નારાયણાનંદ વર્ણીએ કહ્યું, "દાસી થઈને રહેજે દીન દયાળની, નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો."

૬. મુક્તાનંદસ્વામીએ કહ્યું, "મોહનને ગમવાને ઇચ્છો માનની" તથા "પુરુષોત્તમ વર પાયો માઈ મેં આજ."

૭. બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, "આવોને ઓરા છેલ છબિલા મારી શેરીએ"

૮. ગોપાળાનંદસ્વામીએ કહ્યું, "તમે રેહેજો દાસના દાસ થઈ વ્રજવાસીજી."

૯. નિત્યાનંદસ્વામીએ કહ્યું, "છાંડી કે શ્રીકૃષ્ણ દેવ ઓરકી જો કરું સેવ, કાટી ડારો કર મેરો તીખી તરવારસે"

૧૦. ચૈતન્યાનંદસ્વામીએ કહ્યું, "હરિ હૈયાના હાર છો જી રે તમે"

૧૧. આનંદાનંદસ્વામીએ કહ્યું, "સજ્યા શણગાર શોભતા રે"

૧૨. સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું, "સાવરિયા કે દરશ બિના હું દીવાની"

૧૩. નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું, "મુને સ્વપ્ને ન ગમે રે સંસાર કહોને કેમ કીજિએ."

૧૪. શુકાનંદસ્વામીએ કહ્યું, "નહિ દઉં જાવા રે નહિ દઉં જાવા રે, નાથ તમને આખંડલીથી રે"

૧૫. ગુણાતીતાનંદસ્વામીએ કહ્યું, "વરું તો વ્રજના કાનને, નહિ તો રહું કુમારી"

૧૬. મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું, "એક આશરા હે તેરા"

૧૭. પ્રેમાનંદસ્વામીએ કહ્યું, "વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ."

૧૮. દેવાનંદસ્વામીએ કહ્યું, "ઊઠો મારા આત્માના આધાર,"

૧૯. દરબાર દાદા ખાચરે કહ્યું, "બાહ્ય ગ્રહેકી લાજ હે તેરે, નિત્ય રહો મંદિરિયે મેરે"

૨૦. દરબાર ઝીણાભાઈએ કહ્યું, "તારા દાસના દાસની નિત્ય સંગત વિના, ભૂધરા ભ્રષ્ટ થાય મન મારું."

૨૧. સુરા ખાચરે કહ્યું, "વહાલા લાગો છો વિશ્વ આધાર રે"

૨૨. સોમલા ખાચરએ કહ્યું, "મેં દીવાની બંધું હરિ તેરા, તુમ સાચે હો સાહેબ મેરા"

૨૩. નાજા જોગિયાએ કહ્યું, "ઓરા આવો નટવર નાનડિયા, તમે મારા જીવ સાથે જડિયા"

૨૪. રતનજીએ કહ્યું, “હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે”

૨૫. ભગુજીએ કહ્યું, “મોહની લગાઈ મેરી મૈયા”

૨૬. ભીમભક્તે કહ્યું, “મૈં દાસી તેરી ચરણ ઉપાસી, રહ્યો ન જાવે દૂર”

૨૭. વીરાભક્તે કહ્યું, “રે સગપણ હરિવરનું સાચું”

૨૮. હસનભક્તે કહ્યું, “તમને ચાંપ્યા ને ચોળ્યા તેહ, કે ભુજામાં ભીડિયા જેહ.”

૨૯. હરજીભક્તે કહ્યું, “ઓરા આવો નટવર નાનડિયા”

પછી શ્રીહરિએ દૂર રહેલી મહિલાઓની સભામાં પણ જ્યારે કહેવડાવ્યું ત્યારે તે અનન્ય ભક્ત મહિલાઓએ પણ કીર્તનનું ચરણ બોલીને શ્રીહરિના સ્વરૂપમાં સ્નેહવિષયક પોતપોતાના અંગ કહ્યાં.

૩૦. જીવુબાએ કહ્યું, “વહાલા મારી છો જીવન દોરી”

૩૧. રમાબાઈએ કહ્યું, “નહિ દઉં જાવા રે, નહિ દઉં જાવા રે નાથ.”

૩૨. લાડુબાએ કહ્યું, “વહાલા રમઝમ કરતા કહાન, મારે ઘેર આવો રે.”

પછી સહુ સંતોનાં અંગને સાંભળીને તે સમયે શ્રીહરિ બોલ્યા, ‘બીજા બધા અંગ કરતા જે શૂરવીરપણાનું અંગ છે તે સહુથી શ્રેષ્ઠ છે કે, જે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું છે.’ તે પછી બહુનામી શ્રીહરિ પોતે તૈયાર થયા અને બીજી બધી સવારી પણ તૈયાર થઈ. અને ત્યાંથી ગઢપુર જવા માટે ચાલ્યા. ૧૮-૧૯. શ્રીહરિ જ્યારે **કીડી** ગામ થઈને ચાલ્યા ત્યારે વચ્ચે એક નાનો ડુંગરો આવ્યો. તે ડુંગરો રસ્તાથી દક્ષિણ તરફ અને ભારે ઊંચો હતો. તે જોયો. ૨૦. ચાહે તેવો અશ્વ હોય, પણ કોઈ તેના ઉપર ચઢી શકે નહિ. ત્યારે શ્રીહરિએ કહ્યું, “આપણી પાસે આટલા અશ્વ છે, તો આપણામાંથી આ ડુંગર ઉપર કોનો અશ્વ ચઢી આવે છે ? તે જોઈએ” ૨૧. કોઈને ડુંગર ઉપર ચઢવાની હિંમત ન ચાલી. ત્યારે શ્રીહરિએ કહ્યું, “બધા કાચા છે.” એમ કહીને પોતે ડુંગરા ઉપર અશ્વને ચઢાવવા માટે અશ્વને લઈને ચાલ્યા. ૨૨.

ત્યારે મૂળુ ખાચરના પુત્ર રામ ખાચર નામે હતા. તેણે શ્રીહરિને રોક્યા. મહારાજ, આપ જેવા મોટાનું તે કામ નથી. ૨૩. તેઓ ફરીવાર

બોલ્યા કે, 'આપના પ્રતાપથી હું મારા અશ્વને ચઢાવું છું, તો આપ તેને જુઓ. અશ્વ લઈને ડુંગર ઉપર ચઢવું તે ભારે કઠણ કામ છે. અને તેમાં જો પડી જવાય તો અશ્વની અને સવારની બંનેની ખુવારી થાય છે." ૨૪. ત્યારે શ્રીહરિએ કહ્યું, 'તમારે ચઢવાનું નથી. તમે તમારા પિતાના એક જ પુત્ર છો. તમે રાજા કહેવાઓ છો, તો રાજાએ પહાડ ઉપર ચઢવું તે વિવેક ન કહેવાય. ૨૫. ત્યારે રામ ખાચરે કહ્યું, 'એકવાર કહ્યા પછી જો હું ડુંગરા ઉપર ન ચઢું તો અમારા સમાજમાં હું મોઢું શું દેખાડું ? શ્રીહરિ ના..ના.. એમ કહેતા હતા, છતાં તેઓ ચાલ્યા. ત્યારે શ્રીહરિ ઊભા રહ્યા. ૨૬.

રામ ખાચરે અશ્વને ગોળાઈમાં લઈને ડુંગરાના શિખર ઉપર ચઢાવી દીધો. તેણે પોતાનો દમ(શક્તિ-હિંમત) દેખાડ્યો. તે જે રીતે ચઢ્યા હતા તે રીતે જ પાછા નીચે ઊતરી આવ્યા. ૨૭. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'શાબાશ... તમે સહુની લાજ રાખી. જ્યાં જતા ચોક્કસ મોત થાય તેવી જગ્યાએ તમે અશ્વને ચઢાવી દીધો. ૨૮. અરે, પોતાની લાજ આબરૂને માટે તો માણસ પ્રાણ આપી દે છે તેમ અમે માત્ર સાંભળ્યું જ હતું, પણ આજ તે પ્રત્યક્ષ દેખ્યું. આજના જેટલા અમે ક્યારેય ખુશ થયા નથી.' ૨૯. આમ કહીને શ્રીહરિએ ઘણા પ્રેમથી રામ ખાચરને ફૂલનો હાર પહેરાવ્યો. પછી સહુ ચાલ્યા અને **ગઢપુર** આવ્યા. સહુ શ્રીહરિનો 'જય જયકાર...' બોલતા હતા. ૩૦.

દાદા ખાચરના દરબારમાં આવી સહુ અશ્વ ઉપરથી ઊતર્યા. શ્રીહરિ જ્યારે પલંગ ઉપર બેઠા ત્યારે એક લખનૌ શહેરના શેઠ શ્રીહરિનાં દર્શન કરવા માટે પ્રેમભર્યા આવ્યા. જ્ઞાનાનંદસ્વામીએ તેને લખનૌ જઈને હરિભક્ત કર્યા હતા અને તેને અહીં ગઢપુર સુધી લાવ્યા હતા. ૩૧-૩૨. તેઓ શેઠ આવીને શ્રીહરિનાં ચરણમાં પડ્યા અને બોલ્યા, 'મહારાજ, હું આપને શરણે આવેલો છું. આપ શરણે આવેલા મને હવે ક્યારેય છોડી દેશો નહિ. મારા અનેક અપરાધોને માફ કરો. ૩૩. આવું બોલીને તે શેઠ જે પોશાક લાવ્યા હતા તે શ્રીહરિને તરત જ ધરાવ્યો. સફેદ મોગલી પાઘ શ્રીહરિનાં મસ્તક ઉપર પહેરાવી. ૩૪.

અને સફેદ મોગલી અંગરખું પહેરાવ્યું. અને લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો તેમજ ફૂલના હાર પહેરાવ્યા. પછી કપૂરની આરતી ઉતારી. ૩૫. કેટલીયે જાતનાં મેવા લાવ્યા હતા તે શ્રીહરિની આગળ ધર્યાં. તેઓ લખનૌના નવાબના મુનીમ હતા. ૩૬. શ્રીહરિએ તેનું સન્માન કર્યું. શ્રીહરિનાં દર્શન કરવા માટે તે ગઢપુરમાં એક મહિના સુધી રહ્યા. ૩૭. તેનું વેણીરામ આવું નામ હતું. જ્યારે સભા થતી હતી તે વખતે શ્રીહરિનાં દર્શન કરવા માટે તે આવતા હતા. ૩૮.

તે જે કાંઈ પૂછતા હતા તેને શ્રીહરિ કહેતા હતા. તે ઘણા બુદ્ધિશાળી હતા તેથી હરિભક્તના બધા ધર્મ તેણે લખી લીધા હતા. ૩૯. કેટલીયે વાર તેણે શ્રીહરિને માટે થાળ કરાવ્યો હતો અને વારંવાર પૂજ્યભાવ સાથે પૂજા કરતા હતા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના વિંશ પૂરમાં "શ્રીહરિએ સહુનાં અંગ પૂછ્યા અને ગઢપુર આવ્યા. ત્યાં લખનૌના શેઠ વેણીરામ શ્રીહરિને શરણે આવ્યા" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે વિંશ પૂર સંપૂર્ણ ॥૨૦॥



શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

મહામુક્ત સ્વામી શ્રીસિદ્ધાનંદમુનિકૃત

શ્રીહરિચરિત્રામૃતસાગર પૂર - ૨૧

હિંદીનું ગુજરાતી ભાષાંતર

પૂર એકવીશમું : તરંગ - ૧

મંગલાચરણ તથા શ્રીહરિ અક્ષરભવનથી મુક્તમુનિનું સંગીત જોવા આવ્યા

✵ મંગલાચરણ :

दोहा : श्रीसहजानंद श्रीहरि, जन तारन जगवंद;
वार वार कर जोरिके, वंदत में सुखकंद...०१
अज्ञान तम विकट हरन, प्रगट भये जिमि भान;
शरणागत जन हि तिनकू, देत अभय पद दान...०२
अनंत कोटि ब्रह्मांड के, तुम हो जीवन प्रान;
ताके नहि अभिमान हि, जान हि रहत अजान...०३
जो जो बडता जितनी जो, जो जो शोभा जेति;
जो जो कला जितनी जोउ, तुममें रहेउ तेति...०४

અનેક જીવોને સંસારસાગરમાંથી તારનારા, સર્વ જગતે વંદન કરવા યોગ્ય અને સર્વ સુખનાં મૂળરૂપ આવા શ્રીસહજાનંદસ્વામી શ્રીહરિને હું(સિદ્ધાનંદ મુનિ) બે હાથ જોડીને વારંવાર વંદન કરું છું. ૧. અજ્ઞાનરૂપી

ભયંકર અંધારાનો નાશ કરવા માટે સૂર્યની જેમ સહજાનંદસ્વામી પ્રગટ થયા છે અને તેઓ શરણાગત મુમુક્ષુઓને અભયપદનું દાન આપે છે. ૨. તે આપ સહજાનંદસ્વામી અનંત કોટિ બ્રહ્માંડના જીવનપ્રાણ છો, છતાં તેનું આપને અભિમાન નથી. આપ સર્વજ્ઞ હોવા છતાં પણ કાંઈ ન જાણતા હોવ તેમ રહ્યા છો. ૩. જે કાંઈ પણ મોટાઈ છે, જે જે શોભાસ્પદ ગુણ છે તથા જે અને જેટલી કળાઓ છે, તે બધી આપનાં સ્વરૂપમાં રહી છે. ૪. **જેટલું ઐશ્વર્ય કહેવાય છે, તે બધું આપનાં સ્વરૂપમાં સહજ ભાવે રહ્યું છે. આપ સ્વતંત્રપણે જેવી ઈચ્છા હોય તેવા દેહને ધારણ કરો છો, છતાં આપ નિર્બંધ રહ્યા છો. ૫. આપ એક જ નિર્બંધપણે રહ્યા છો. આપ સિવાયના જે છે તે બધા આપની માયાને આધીન વર્તે છે. ૬. આપ કોઈને વશ વર્તતા નથી, છતાં આપ કોઈ(ભક્ત)ને વશ જેવા દેખાઓ છો તે બધી આપની યોગકળા(માયા) છે. ૭.**

માયિક લોકો વેદ અને પુરાણ આદિક શાસ્ત્રને ભણે છે, છતાં તેઓ આપની ત્રિગુણાત્મિકા માયામાં બંધાઈને રહે છે. ૮. જેઓ તે માયામાં બંધાયેલા છે તેઓ અંધ ગણાય છે. જ્યાં સુધી તેઓ આપને શરણે આવતા નથી ત્યાં સુધી મોઢે એવું બોલતા હોય છે કે, ‘ભગવાન ક્યારેય અવતાર ધારણ કરતા નથી. ૯. અને જેટલા અવતાર ધારે છે તે પણ તે ભગવાનની માયા છે; એમ પુરાણોને ભણ્યા પછી વિમુખ પંડિતો બોલે છે. ૧૦. જે લોકો આપનું શરણ સ્વીકારે છે તે લોકો જ ખરા પંડિત કહેવાય છે અને જે શરણે નથી આવતા તે બધા અંધ રહે છે. ૧૧. જે લોકો બધા પુરાણોને ભણે છે છતાં આપને શરણે નથી આવતા, તો તેનું ભણતર તેના પોતાના ઉપયોગમાં કાંઈ આવતું નથી. તેના ભણેલા પુરાણો તો પેટના ભરણપોષણમાં ઉપયોગી થાય છે. ૧૨.

તે પંડિતો પુરાણમાં જે રીતે કહ્યું હોય છે તે રીતે પોતાનાં જીવનમાં વર્તન રાખતા નથી. આમ પુરાણનાં જેટલાં વચનોનો તે પંડિતો લોપ કરે છે તેટલો તેના ઉપર પુરાણો કોપ કરે છે. ૧૩. ભગવાનની શરણાગતિ લીધા વિના જે લોકો પુરાણને ભણે છે તેને પુરાણો જ વિમુખ કહે છે. અને

તે લોકોને વિમુખના જેવી ગતિ આપે છે. ૧૪. જ્યાં સુધી પંડિત ભગવાનથી વિમુખથી રહે છે ત્યાં સુધી તેને પુરાણો કાંઈ મદદ કરતા નથી અને પછી તો તે જેવું વર્તન રાખે છે તેવી તેની ગતિ થાય છે. ૧૫. તેઓ જ્યારે ભગવાનને શરણે થાય છે ત્યારે સાચા પંડિત બને છે અને ત્યારે જ પુરાણોમાં જેવી વાત રહી હોય છે તેવી સાચા અર્થમાં તેને દેખાય છે. ૧૬.

જ્યારે કોઈ પંડિત ભગવાનને શરણે થાય છે ત્યારે પુરાણ તેની મદદ કરે છે. પુરાણ અને શસ્ત્ર, બંનેની એકસમાન જ રીત હોય છે. ૧૭. ક્ષત્રિયના હાથમાં રહેલાં જે શસ્ત્ર છે તે પ્રજાની રક્ષા કરવા માટેના હોય છે, અને ચોરના હાથમાં રહેલાં જે શસ્ત્ર છે તે લોકોના પ્રાણોને હરવા માટે હોય છે. ૧૮. ભગવાનની સન્મુખ જે પંડિત ચાલે છે તેના શાસ્ત્રની રીત પ્રજાનું રક્ષણ કરનારા ક્ષત્રિયના હાથમાં રહેલા શસ્ત્રની જેમ અગણિત પુણ્યમય દેખાય છે. ૧૯. ભગવાનથી વિમુખ રહેનારા ચાહે તેવા પંડિત હોય, તો તેનાં બધાં ભણેલાં શાસ્ત્ર ચોરના હાથમાં રહેલા શસ્ત્રના જેવા કહેવાય છે. ૨૦.

જેટલા જ્ઞાની સજ્જનો છે તેમને મતવાદી લોકો જ્ઞાન સિવાય ક્રોધ અને બળથી ક્યારેય જીતી શકતા નથી. ૨૧. જે ગુરુમાં જેટલી સાચી સમજણ હોય અને જેટલું પવિત્ર વર્તન હોય તેટલા તે ગુરુને અધિક સમજવા.' ૨૨. ઉપર કહેલી સમજણ સિવાય જ્ઞાનીને ક્યારેય જીતી શકાતા નથી. અજ્ઞાની લોકો જ્ઞાની સત્પુરુષની આગળ અગ્નિની આગળ પતંગિયા જેવા તુચ્છ દેખાય છે. ૨૩. માટે હે મહારાજ ! હું આપની પાસે વારંવાર માગું છું કે, જે આપના અંતરની વાત જાણતા હોય તેવા સાચા જ્ઞાની સત્પુરુષનો મને સદા સમાગમ આપજો. ૨૪.

⁕ ભગવાનની સર્વે ક્રિયા કલ્યાણકારી છે :

કારણ કે, આપનાં જે જે ચરિત્રો છે તે બધાં એવા જ્ઞાની સત્પુરુષોના સમાગમમાં રહેવાથી સવળી(સુલટ) રીતે સમજાઈ જાય છે. જ્ઞાની પુરુષો વિના આપના ચરિત્રોને સવળી રીતે કોઈ કહેતું નથી. ૨૫. આપનાં જે ચરિત્રો છે તેમાં જે જેટલાં દોષ દેખે છે તેટલું તેમાં અજ્ઞાન છે. અને તે

દોષ જોનારો અજ્ઞાનને લીધે જમપુરીમાં જાય છે. ૨૬. શ્રીહરિચરિત્રામૃતનો આ સાગર અપાર છે. 'હે હરિ, તો હવે તે સાગરના એકવીશમા પૂરને આપના બળથી લખું છું. ૨૭. હે મહારાજ ! આપ જ્યારે જ્યાં નિવાસ કરો છો ત્યારે ત્યાં જે કોઈ પણ અલભ્ય વાત હોય તે આપના બળથી સુગમ થઈ જાય છે. ૨૮.

चोपाई :

ईश्वर आचरन करत जेसे, ध्यान करनकु रहेउ तेसे;
भक्तजन के करत उद्धारा, अभक्त कु हे बंधनवारा...२९
हरि के चरित्र जानत जेसा, जन कु फल मिलत रहे तेसा;
चिंतामनि तेही चरित्र रहेऊ, चिंतवत तेसे पावत तेऊ...३०

પરમેશ્વરનાં જેટલાં ચરિત્ર(આચરણ) હોય છે તે બધાં ધ્યાન કરવા માટેના હોય છે. તે આચરણ ભક્તજનોનો ઉદ્ધાર કરનાર છે અને અભક્તોને બંધનકારી છે. ૨૯. ભગવાનનાં ચરિત્રને મનુષ્ય જેવાં જાણે છે તેવું તેને ફળ મળે છે. આ શ્રીહરિનાં ચરિત્ર તો ચિંતામણિ જેવાં છે, એટલે જે જેવું ચિંતવે છે તેને તેવું ફળ મળે છે.' ૩૦. માગશર સુદિ ચોથને દિવસ શ્રીહરિ ગઢપુરમાં પોતાના અક્ષરભવનની આગળ રહેલા સુંદર ચોકની વચ્ચે મુકુંદાનંદ વર્ણીએ પલંગ બિછાવ્યો હતો, તે પલંગ ઉપર આવીને શ્રીહરિ સૂતા. પલંગ ઉપર સુવાળી ગાદી બિછાવી હતી. ૩૧-૩૨.

જ્યારે રાત દોઢ પહોર ગઈ ત્યારે મુક્તાનંદસ્વામી તત્પર થઈ, હાથમાં સરોદ લઈ અને બિહાગ રાગનાં પદ ઊંચે સ્વરે અત્યંત પ્રસન્ન મનથી ગાવા લાગ્યા. તેમણે પોતાનાં ચિત્તને ભગવાનનાં સ્વરૂપમાં જોડી દીધું હતું. તે સમયના મુક્તાનંદસ્વામીનાં ગાનને શ્રીહરિ અક્ષરઓરડીમાં સાંભળતા હતા. ૩૩-૩૪. શ્રીહરિના પલંગને ફરતા દસ-બાર પાર્ષદો સૂતા હતા. તેમની આગળ શ્રીહરિએ કહ્યું, "મુક્તાનંદસ્વામી કીર્તનગાન કરતા જણાય છે." ૩૫. ત્યારે પાર્ષદોએ કહ્યું, "મુક્તાનંદસ્વામીનો સ્વર આટલો ઊંચો નથી. માટે અમને તો એવું જણાય છે કે, આ કીર્તનગાન બ્રહ્માનંદસ્વામી કરી રહ્યા છે." ૩૬.

ત્યારે શ્રીહરિની પાસે પચ્છમ ગામના દેવજીભક્ત હતા. તેમને શ્રીહરિએ કહ્યું, 'તમે જોઈ આવો કે આ કીર્તન કોણ ગાય છે ?' ૩૭. ત્યારે તે દેવજીભક્ત સંતોની જાયગા હતી તેના બારણાની આગળ આવ્યા અને પૂછ્યું કે, 'આ કોણ ગાઈ રહ્યા છે ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, 'અમે ગાઈએ છીએ.' તેટલું સાંભળીને દેવજીભક્ત શ્રીહરિની પાસે આવ્યા અને કહ્યું, 'બ્રહ્માનંદ મુનિ ગાન કરી રહ્યા છે.' ૩૮-૩૯. ત્યારે શ્રીહરિ બોલ્યા, 'આ બ્રહ્માનંદસ્વામી ગાતા નથી. માટે ચાલો આપણે ત્યાં જઈએ અને સાચી વાત નક્કી કરીએ.' ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "મંગલાચરણ તથા શ્રીહરિ અક્ષરભવનથી મુક્તમુનિનું સંગીત જોવા આવ્યા" એ નામે પહેલો તરંગ સમાપ્ત ॥૧॥



પૂર એકવીશમું : તરંગ - ૨

શ્રીહરિ સાધુની જાયગામાં આવીને પહેલું વચનામૃત કહે છે

સુખદાયક શ્રીહરિ કીર્તનગાનને બહાને સંતોને દર્શન દેવાં માટે તે વખતે સંતોના નિવાસસ્થાને (જાયગામાં) આવ્યા. ૧. તે સમયે એક મુક્તાનંદસ્વામી પ્રેમરસમાં મગ્ન થઈને કીર્તનગાન કરતા હતા. બીજા કેટલાક સંતો તે વખતે સૂતા હતા. ૨. તે સમયે મુક્તાનંદસ્વામીની સાથે હું(સિદ્ધાનંદ મુનિ) એકલો અત્યંત ઉત્સાહથી ગાતો હતો. અને તે વખતે મારી ઉંમર વીશ વરસની હતી. ૩. શ્રીહરિ પધાર્યા તેવું સાંભળીને તે વખતે સહુ ઊભા થયા. અને ચોકની વચ્ચે જે ચોતરો હતો ત્યાં શ્રીહરિ બેઠા. ૪. શ્રીહરિને માટે સંતોએ ગાદી બિછાવી દીધી અને એક તકિયો લઈને પાછળ મૂક્યો. શ્રીહરિ દક્ષિણ દિશા તરફ મુખ રાખીને બેઠા હતા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૫. મસ્તક ઉપર એક ભારે પાઘ હતી, એક ચાદર ઓઢી હતી અને સુંદર એક ધોતિયું પહેર્યું હતું. સુખકારી શ્રીહરિની એવી શોભા બની હતી કે તે કહી શકાતી નથી. ૬.

બધા સંતો ત્યાં આવીને બેઠા. તેમને માટે પણ આસન પાથરી દીધા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક જેટલા સંતો હતા તે બધા શ્રીહરિને પગે લાગીને બેઠા. જેટલા સંતો ત્યાં આવીને બેઠા હતા, તે બધાની સભા ઉત્તર મુખે થઈ હતી. વર્ણી તથા દેશદેશના જેટલા પ્રેમી હરિભક્તો હતા તેઓ પણ ત્યાં આવીને બેઠા. ૭-૯. શ્રીહરિનાં દર્શન તથા વાતોને સાંભળવા હરિભક્તો હંમેશાં વારાફરતી આવ્યા કરતા હતા. એ સહુ હરિભક્તો ત્યાં આવીને બેઠા. ત્યાં થયેલી સભા કમળનાં વન સમાન લાગતી હતી. ૧૦.

સુખનિધાન શ્રીહરિ સભાની વચ્ચે ચંદ્રના સમાન શોભતા હતા. તે વખતે શ્રીહરિ બોલ્યા, "અત્યારે કોણ ગાતું હતું ? અમે તે સાંભળીને અહીં આવ્યા છીએ." ૧૧. ત્યારે સહુ સંતોએ કહ્યું, "મુક્તાનંદસ્વામી ગાતા હતા. મુક્તાનંદસ્વામીને રોજ કીર્તન ગાવાનો નિયમ છે. તેઓ એક દિવસ પણ આ નિયમને ભૂલતા નથી. ૧૨. જ્યારે સ્વામી કીર્તન ગાતા હોય છે ત્યારે તેઓ મનમાં ખૂબ ખૂબ પ્રસન્ન થઈ જાય છે. અને પોતાનાં મનને ભગવાનની મૂર્તિમાં પરોવી દે છે." ૧૩.

✻ શ્રીહરિનો કથા-કીર્તનમાં પ્રેમ :

ત્યારે શ્રીહરિએ કહ્યું, "અમને કીર્તન ગાતા આવડતું નથી, પણ કીર્તન ઉપર ખૂબ પ્રેમ રહે છે. કીર્તન સાંભળતા તૃપ્તિ થાતી નથી. કીર્તન અને કથામાં ભગવાનની મૂર્તિ ચરિત્રોએ સહિત પ્રત્યક્ષ પ્રમાણ રહે છે. ૧૪-૧૫.

सोरठा : कीर्तन कथा जेसे, ओर नहि हे बात कोउ;
हम जानत हि तेसे, मुख्य करीके बात यह...१६
कीर्तन कथा तामें, भाव हमारे अति रहेउ;
वेगकर रहे वामें, गंगा ताके प्रवाह जिमि...१७

चोपाई :

कीर्तन कथा श्रवण जो जबही, सुनत रहत अचानक तबही;
तन की स्मृति तब हि लगारा, रहत नहीं हे तेही वारा...१८
बोलत चलत मन रहत तामें, याकु तजी न जावत रहे कामें;
जितना सार रस हि जेहू, कीर्तन कथा में देखत तेहू...१९

કીર્તન અને કથાના જેવી બીજી કોઈ વાત નથી હોતી. આ વાતને અમે મુખ્યરૂપમાં સમજીએ છીએ. ૧૬. કીર્તન અને કથામાં અમારો ભાવ તો ગંગાના પ્રવાહ જેવો ઘણો વેગીલો છે. ૧૭. અમે જ્યારે કીર્તન અને કથા શ્રવણ કરતા હોઈએ છીએ ત્યારે અમને અચાનક જ શરીરનું લગાર પણ ભાન રહેતું નથી. ૧૮. અમારે બોલતા ચાલતા પણ કીર્તન અને કથામાં જ મન રહે છે. અમારું મન કથા અને કીર્તન છોડીને કોઈમાં જાતું નથી. જેટલો સારરૂપ રસ છે તે બધો કીર્તન અને કથામાં છે, તેમ અમે દેખીએ છીએ. ૧૯. જે કથા અને કીર્તનમાં ભગવાનનો સંબંધ ન દેખાય તેવા કીર્તન તથા કથાને અસાર અને રસ વિનાના જાણીને અમે તેનો દૂરથી જ ત્યાગ કરતા રહીએ છીએ. ૨૦.

ભગવાનના સંબંધ વિનાના ચાહે તેવા અતિ રમણીય વિષય હોય, તોપણ તેને અમે ભયંકર ઝેરરૂપ દેખીએ છીએ; એવી અમારે સહજ રુચિ રહે છે. ૨૧. ભગવાનનાં સંબંધવાળી જેટલી વાત હોય છે, તે વાત અમને સારમાં પણ સારરૂપ દેખાય છે. ભગવાનના સંબંધ વિનાના તો અનંત કોટિ બ્રહ્માંડના રાજ્યમાં પણ અમને લેશમાત્ર સુખ દેખાતું નથી. ૨૨.

જે રીતે ભગવાન રાજી થાય તે રીતે મન, વચન અને કર્મથી કરવું જોઈએ. આવી સમજણના જેવી બીજી કોઈ સમજણ નથી. અને તેવી સમજણને અમે સહુથી શ્રેષ્ઠ માનીએ છીએ. ૨૩. અમે ભગવાનના સંબંધને લીધે જ સુખ માનીએ છીએ અને તેના વિના તો દુઃખ જ માનીએ છીએ. આ વાત નિર્દંભ અને નિષ્કપટ છે. દંભ અને કપટની વાત અમે કહેતા નથી. ૨૪. જેટલા દંભી અને કપટી લોકો છે, તે સાચા ભક્તોને પાછા પાડવા માટે તેના કરતાં પણ વધારે વર્તીને પોતાનું પગલું આગળ રાખે છે. ૨૫. જે સત્પુરુષો છે તે દંભ અને કપટ વગરના હોય છે. તેઓ ક્યારેય શાસ્ત્રની શુભ રીતનું ઉલ્લંઘન કરતા નથી. ૨૬.

આજે અમે સહુ સંતોને જે પ્રશ્ન પૂછીએ છીએ, તેનો ઉત્તર તમારી સમજણમાં જે રીતે આવે તે રીતે કરો. ૨૭. જો તમારો કહેલો ઉત્તર અમારી નજરમાં નહિ આવે તો અમે જ શાસ્ત્ર પ્રમાણે તેનો ઉત્તર કરશું." ૨૮.

શ્રીહરિ જે જે પ્રશ્ન પૂછતા તેનો ઉત્તર તેઓ પહેલેથી જ મનમાં ધારી રાખતા. શ્રીહરિની બુદ્ધિ એવી વિશાળ હતી કે, તેઓ તત્કાળ પ્રશ્ન પૂછતા અને તેનો તત્કાળ ઉત્તર પણ કરી આપતા. ૨૯. અર્જુન ઘણા મોટા બાણાવળી હતા. તેમનો અપરંપાર યશ થયો હતો. જેટલા બુદ્ધિમાન માણસો હોય છે તે જે વાતને મનમાં ધારે છે તે વાતને તેવા રૂપમાં કરી બતાવે છે. ૩૦.

અર્જુન જેવા બુદ્ધિશાળી લોકો જે વાતને અજમાવી ન હોય તે વાતને ક્યારેય પ્રગટ દેખાડતા નથી. આ એક વાત અર્જુન તથા શ્રીહરિમાં મળતી આવે છે. ૩૧. દેશકાળના ગુણે કરીને કેટલીક વાત મળતી નથી આવતી. જેમાં જેટલા ગુણ હોય છે તે ગ્રહણ કરવામાં કોઈ દોષ નથી. ૩૨. જેમાં જે દોષ હોય તેનો ત્યાગ કરવો અને ભગવાનની સમજણને અનુસરવું. કારણ કે ભગવાનની સમજણમાં મોક્ષ રહ્યો છે. તેના સમાન બીજી કોઈ સમજણ કહેવાય નહિ. ૩૩. ભગવાનની સમજણ સર્વથી પરે(શ્રેષ્ઠ) છે. બીજી કોઈ સમજણમાં મોક્ષ રહ્યો નથી. જેને મોક્ષનો ખપ હોય તેણે ભગવાનની સમજણને ગ્રહણ કરવી. ૩૪.

❋ વચનામૃત ગ.પ્ર.૧ અખંડ વૃત્તિ એ જ શ્રેષ્ઠ પ્રાપ્તિ છે :

હવે શ્રીહરિએ સંતોના ઉપર હેત રાખીને જે પ્રશ્ન પૂછ્યો તે હું કહું છું, "ભગવાનને રાજી કરવા માટે જે જે કઠણ કઠણ સાધન કહ્યાં છે, ૩૫. તે કઠણ સાધનોમાં પણ કયું સાધન સહુથી કઠણ છે ? તે તમે કહો. અમે આ પ્રશ્ન પૂછીએ છીએ. પછી જેની જેવી સમજણ હતી તેણે તે રીતે ઉત્તર કર્યો. ૩૬. પછી જ્યારે શ્રીહરિએ તે પ્રશ્નનો ઉત્તર કર્યો ત્યારે બીજા સહુના ઉત્તરો તો મીઠા વિનાના શાક જેવા થઈ ગયા. ૩૭. ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી તે ઘણું કઠણ છે, તેમ અમને દેખાય છે. ૩૮.

सोरठा : अखंडवृत्ति जाकि, भगवान में रहत जेहि;
अधिक बात कहे वाकि, शास्त्र जेते तिन महिं...३९
चिंतामनि मिलत जाहि, अप्राप्य रहत न बात कोउ;
जो जो इच्छत ताहि, मिलत रहे निश्चयकर...४०

ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રહે છે, તે સહુથી અધિક વાત છે તેમ સર્વે શાસ્ત્રોમાં કહ્યું છે. ૩૯. જેને ચિંતામણિ મળ્યો હોય તેને કોઈ વાત અપ્રાપ્ય રહેતી નથી, તે તો જે જે ઇચ્છા કરે છે તે બધું તેને નિશ્ચય મળતું રહે છે. ૪૦. ભગવાનનાં સ્વરૂપમાં નિષ્કપટભાવે જે વૃત્તિ રાખે છે તે તો જ્યારે જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મનાં સ્વરૂપને જોવાને ઇચ્છે ત્યારે તેને તત્કાળ દેખે છે. વળી, વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મમહોલ ઇત્યાદિક ભગવાનના જે જે ધામ છે તેને પણ તે ભક્ત દેખે છે. માટે ભગવાનનાં સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવી, તેના જેવું કોઈ કઠણ સાધન નથી અને તે જ સર્વશ્રેષ્ઠ પ્રાપ્તિ કહી છે."

પછી મૂળુ નામના (ગોરધન શેઠ ?) ભક્તે તે ઠેકાણે શ્રીહરિને પ્રશ્ન કર્યો, ૪૧-૪૪. "જે ભગવાનની માયા કહેવાય છે, તેનું સ્વરૂપ કેવું છે ?" ત્યારે શ્રીહરિ બોલ્યા, "ભગવાનની જે મૂર્તિ છે, તેનું ધ્યાન કરતા જે જે પદાર્થ વચ્ચે આવીને આવરણ કરે તેને ભગવાનની માયા કહેવાય છે." ૪૫-૪૬.

તે પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને બે હાથ જોડીને એક પ્રશ્ન પૂછ્યો, "ધર્મકુળના આશ્રિત એવા જેટલા ત્યાગી અને ગૃહસ્થો છે તે પાંચ ભૌતિક શરીરનો ત્યાગ કરે અને ભગવાનનાં ધામમાં જાય, ત્યારે ત્યાં કેવાં શરીરને પામે છે ?" ૪૭-૪૮. ત્યારે શ્રીહરિએ કહ્યું, "ભગવાનની ઇચ્છાએ કરીને તે ભક્તજન ઘણા હર્ષથી બ્રહ્મમય દિવ્યદેહને પામે છે. ૪૯. જેટલા ભગવાનના ભક્ત ભગવાનનાં ધામમાં જાય છે તેની રીત હવે કહું છું. તેને તમે બધા સાંભળો, ૫૦. 'કેટલાક ભક્તો ગરુડ ઉપર બેસીને, કેટલાક દિવ્ય રથ ઉપર બેસીને અને કેટલાક તો વિમાન ઉપર બેસીને ભગવાનનાં ધામમાં જાય છે. ૫૧. અને જે યોગસમાધિવાળા છે તે તથા ભગવાન જેને પ્રેમથી દેખાડે છે તેવા ભક્તો તેને પ્રત્યક્ષ દેખે છે અને તેને કહે છે." ૫૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિ સાધુની જાયગામાં આવીને પહેલું વચનામૃત કહે છે" એ નામે બીજો તરંગ સમાપ્ત ॥૨॥



પૂર એકવીશમું : તરંગ - ૩

ગઢડા પ્રથમ પ્રકરણનું બાકી રહેલું પહેલું તથા બીજું વચનામૃત

તે પછી સહુ સંતોનાં મનમાં જેવો પ્રશ્ન ઊપજ્યો તેવો પ્રશ્ન સહુએ (હરજી ઠક્કર ?) મળીને શ્રીહરિને પૂછ્યો. ૧. કેટલાક હરિભક્તો ઘણા દિવસથી સત્સંગ કરતા હોય છે. પણ તેમને દેહ અને દેહના સંબંધીમાં જેવી ગાઢ પ્રીતિ રહે છે તેવી ગાઢ પ્રીતિ સત્સંગમાં થતી નથી, તેનું કારણ અમને સમજાતું નથી. માટે હે હરિ, હવે આપ અમને સમજાવો. ૨-૩.

ત્યારે શ્રીહરિએ કહ્યું, "તે ભક્ત ફૂટેલા ઘડાની જેવો ભગવાનના માહાત્મ્ય વિનાનો સત્સંગ કરી રહ્યો છે. ૪. સંતો તો પરમ દયાળુ છે અને નિર્બંધ છે. તેથી માણસમાં જેટલા બંધન રહ્યા છે તેને દેખતા રહે છે. પરંતુ જે લોકો બંધાયેલા છે તે તો જેમાં અપાર દુઃખ રહેલું છે તેમાં પણ સુખ માનતા રહે છે. તે દુઃખને દેખીને સંતો તેની ઉપર વાત કરે છે. ત્યારે મોહને લીધે તે સંતોની વાત તેને સમજાતી નથી. ૫-૬.

સંતો દયા કરીને તેના ઉપર જેમ જેમ વાત કરે છે તેમ તેમ તે સંતોનો દોષ લે છે. તે પાપે કરીને તેને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, ઊલટાનો તે દિવસે દિવસે સંતનો અભાવ લે છે. **અન્ય સ્થળમાં ચાહે તેવું મોટું પાપ કર્યું હોય, તે તો સંતના સંગે કરીને છૂટી જાય છે, તેવું કેટલાયનું પ્રત્યક્ષ દેખાય છે. પણ સંતને વિષે જે પાપ કર્યું હોય છે તે પાપ તો સંતોના અનુગ્રહ વિના કોઈ દિવસ છૂટતું નથી.** તે શાસ્ત્રમાં વાત કહી છે કે,

अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति।
तीर्थक्षेत्रे कृतं पापं वज्रलेपो भविष्यति।।

માટે તે જો સંતોનો અવગુણ ન લે તો તેને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાય છે. એ જ સત્સંગમાં દૃઢ પ્રીતિ થવાનો ઉપાય કહ્યો છે. તે વિના બીજો કોઈ ઉપાય કહ્યો નથી." ૭-૧૧.

❋ વચનામૃત ગ.પ્ર.૨ ત્રણ પ્રકારના વૈરાગ્યનાં લક્ષણ :

માગશર સુદિ પાંચમને દિવસે રાત્રિને સમે પરમ નિપુણ શ્રીહરિ દાદા

ખાચરના દરબારમાં પલંગ ઉપર બેઠા હતા. ૧૨. અને અંગો ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાનાં મુખારવિંદની આગળ સાધુ આવીને બેઠા હતા. ૧૩. તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે ઘણી શોભા બની હતી. ૧૪.

✻ ત્રણ પ્રકારના વૈરાગ્યનું લક્ષણ :

તે સમયે માણાવદર ગામના મયારામ ભટ્ટે શ્રીહરિના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો, ૧૫. "ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ, એ ત્રણ પ્રકારનો વૈરાગ્ય છે. તે વૈરાગ્યવાળાનું અલગ અલગ વર્તન કહો. જેથી અમને દેખાય." ૧૬. પછી શ્રીહરિ બોલ્યા જે, "ઉત્તમ વૈરાગ્યવાળા પરમેશ્વરના જે ભક્ત હોય છે તે તો પરમેશ્વરની આજ્ઞાએ કરીને અથવા પ્રારબ્ધ કર્મને વશ થઈને વ્યવહારમાં રહે છે, છતાં જનકરાજાની જેમ વ્યવહારમાં કોઈ રીતે લોપાતા નથી. ૧૭-૧૮.

અને પોતાના પ્રારબ્ધ કર્મને અનુસારે તેને જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, પાંચ પ્રકારના સારા વિષય પ્રાપ્ત થાય, તેને આસક્તિ વિના ઉદાસ થકો ભોગવે. ૧૯. અને તે વિષય તેને લોપી શકે નહિ, તેનો ત્યાગ ક્યારેય મોળો પડે નહિ અને તે પંચવિષયમાં નિરંતર દોષને દેખતો રહે છે. ૨૦. વળી, જેટલા પંચવિષય કહેવાય છે તેને પોતાના પરમ શત્રુ તરીકે દેખતો રહે છે. સંતો, સચ્છાસ્ત્ર અને ભગવાનની સેવાનો વધારે ને વધારે નિરંતર સંગ રાખે અને કોઈ દેશ, કાળ, સંગ ઇત્યાદિક કઠિન આવી પડે, તોપણ તેની દૃઢતા પાકી રહે, ક્યારેય મોળી ન પડે, તે **ઉત્તમ વૈરાગ્યવાળાનું** લક્ષણ કહેવાય. ૨૧-૨૩.

હવે મધ્યમ વૈરાગ્યવાળાની વાત કહું છું. તેને તમે સાંભળો, 'પાંચ પ્રકારના ઉત્તમ વિષયને ભોગવે, પણ તેમાં લગારેય આસક્ત ન થાય છતાં જ્યારે કઠણ દેશ, કાળ અને સંગ પ્રાપ્ત થાય ત્યારે જો તે પંચવિષયમાં બંધાઈ જાય તો તેને **મધ્યમ વૈરાગ્યવાળો** કહેવાય. ૨૪-૨૫. હવે શ્રીહરિ કનિષ્ઠ વૈરાગ્યવાળાની વાત કહે છે. જેને કનિષ્ઠ વૈરાગ્ય હોય તે સામાન્ય

અને દોષભર્યા વિષયમાં ક્યારેય બંધાય નહિ, પણ રમણીય પંચવિષય પ્રાપ્ત થાય તો તેમાં તે બંધાઈ જાય. તેને અમે **કનિષ્ઠ વૈરાગ્યવાળો** કહીએ છીએ." ૨૬-૨૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાકી રહેલું પહેલું તથા બીજું વચનામૃત કહ્યું" એ નામે ત્રીજો તરંગ સમાપ્ત ॥૩॥



પૂર એકવીશમું : તરંગ - ૪

ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીજું તથા ચોથું વચનામૃત

❋ લીલા ચરિત્રો તથા સંતો-ભક્તોની સ્મૃતિ રાખવાનું :

માગશર સુદિ છઠને દિવસ પરમ દયાળુ, કૃપાળુ અને શોભાનાં ધામ એવા શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં રાત્રિને સમયે સુંદર પલંગ ઉપર બેઠા હતા. ભક્તજનોના મનોરથોને પૂર્ણ કરનારા શ્રીહરિએ અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૨. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩. પછી પોતાનાં દિલમાં ઈચ્છા લાવીને શ્રીહરિ જે રીતે અમૃત સમાન વચન બોલ્યા તે રીતે હવે હું કહું છું. ૪.

હવે શ્રીહરિએ પોતાના ભક્તજનોના પ્રત્યે વાત કરી કે, "અત્યારે આપણા સત્સંગમાં ભગવાનનો અપરંપાર પ્રતાપ રહ્યો છે. ૫. જેનાં અંતરમાં ભગવાનની મૂર્તિ અખંડ દેખાતી હોય, તોપણ તેણે ભગવાને પ્રગટપણે વિચરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય, ૬. વળી, જ્યાં જ્યાં જેવાં ઉત્સવ, ચરિત્ર કર્યાં હોય અને તેવાં દેખ્યા તથા સાંભળ્યામાં આવ્યા હોય તેને વારંવાર સંભારી રાખવા, ક્યારેય ભૂલવા નહિ. ૭. તેમ જ ભગવાનના ભક્ત બ્રહ્મચારી, સાધુ અને હરિભક્ત હોય તેની સાથે હરખથી હેત રાખવું. ૮.

चोपाई :

कदापी यह तन जो ताके, अचानक काल हि आवे वाके;
भगवान की मूर्ति ताकी, स्मृति कदापी रहे न वाकी...०९
भगवान जे जे स्थानक तामें, जितनी हि लीला करे जो यामें;
स्मृति सबकी तब हि होई आवे, हरिजन वर्णी संत हि देखावे...१०
ताके जोग भगवान तिनकी, मूर्ति सांभर आवेउ इनकी;
तिन करी बडी पदवी जन पावे, स्मृति बहुत बलवान कहावे...११

કેમ જે, કદાચ આ શરીરનો અચાનક કાળ આવે ત્યારે ભગવાનની મૂર્તિનું કદાચ સ્મરણ ન રહે, તોપણ ભગવાને જે જે સ્થાનકમાં જે લીલા કરી હોય, તે બધાની સ્મૃતિ થઈ આવે અથવા હરિભક્ત, વર્ણી તથા સંતની સ્મૃતિ થઈ આવે તો તેમના યોગે કરીને ભગવાનની મૂર્તિ સાંભરી આવે છે. તેણે કરીને તે ભક્તજન મોટી પદવીને પામે છે. કારણ કે ભગવાનની સ્મૃતિ ઘણી બળવાન કહેવાય છે. ૯-૧૧. આ કારણે જ અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ. તથા જન્માષ્ટમી, રામનવમી અને પ્રબોધની એકાદશીના ઉત્સવ વર્ષોવર્ષ વારંવાર કરીએ છીએ. અને તેમાં બ્રહ્મચારી તથા સાધુઓને પ્રેમથી બોલાવીએ છીએ. ૧૨-૧૩. કોઈ પાપી માણસને પણ અંતકાળે જ્યારે તે કોઈની સ્મૃતિ થઈ આવે ત્યારે તેને ભગવાનનું ધામ મળે છે." ૧૪.

❋ વચનામૃત ગ.પ્ર.૪ નારદજી જેવી ઈર્ષ્યા કરવી :

માગશર સુદિ સાતમને દિવસ દાદા ખાચરના દરબારમાં શ્રીહરિ સુંદર પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને તે સમયે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧૫-૧૬. અને શ્રીજીમહારાજનાં મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીહરિ તે સહુના પ્રત્યે બોલ્યા, ૧૭. "જે ભગવાનના ભક્ત થયા હોય તેમણે પરસ્પર ઈર્ષ્યા ન કરવી. ત્યારે આનંદાનંદસ્વામી બોલ્યા કે, "ઈર્ષ્યા તો રહે છે." ૧૮. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "જે ઈર્ષ્યા કરવી, તેની રીત અમે કહીએ છીએ. જો કે, ક્યારેય ઈર્ષ્યા ન કરવી, તેવી અમારી

મરજી છે. ૧૯. તેમ છતાં કદાચ કોઈ મનને વશ થઈને ઈર્ષ્યા કરે, તો તેમણે નારદજીની રીત જોઈને ઘટિત રીતે ઈર્ષ્યા કરવી જોઈએ. ૨૦.

એક સમયને વિષે નારદજી અને તુંબરુ બંને ભગવાનનાં દર્શન કરવા માટે વૈકુંઠધામમાં ગયા. ૨૧. દર્શન કર્યાં પછી તુંબરુએ ભગવાનની આગળ ગાન કર્યું. તે તુંબરુનું ગાન સાંભળીને ભગવાન લક્ષ્મીનારાયણ તેમના ઉપર પ્રસન્ન થયા. ૨૨. તે વખતે ભગવાને તુંબરુને પોતાનાં વસ્ત્ર અને આભૂષણ આપ્યાં. ત્યારે તુંબરુને જોઈને નારદને તેમના ઉપર ઈર્ષ્યા થઈ. ૨૩. પછી નારદે મનમાં ધાર્યું કે, હવે તુંબરુના જેવું મારે ગાન શીખવું અને ભગવાનને જ્યારે હું પ્રસન્ન કરું ત્યારે મારાં અંતરમાં સુખ થશે. ૨૪. પછી નારદજી ગાનવિદ્યા શીખ્યા અને ભગવાનની આગળ આવીને ગાન કર્યું. ૨૫. ત્યારે ભગવાને તેમને કહ્યું, 'તુંબરુના જેવું તમને ગાતાં આવડતું નથી. માટે ફરીને તેમના જેવું શીખો." ૨૬.

પછી નારદજીએ શિવજીના ઉપર તપ કર્યું અને તેમની પાસે વર માગ્યો. ગાનવિદ્યા શીખ્યા અને ભગવાનની આગળ આવીને ગાન કર્યું. ૨૭. છતાં પણ ભગવાન નારદજીના ઉપર રાજી ન થયા. તે પછી નારદજી ફરીવાર સાત મન્વંતર સુધી ગાનવિદ્યાને વારંવાર શીખ્યા અને ફરી ફરીને ભગવાનની આગળ આવી ઘણાં હરખથી ગાતા રહ્યા, છતાં પણ ભગવાન પ્રસન્ન ન થયા. ૨૮-૨૯. પછી તો ફરીને તુંબરુ પાસે આવ્યા ને તેમના દાસ થઈ તેમની પાસેથી ગાનવિદ્યા શીખ્યા. તેમજ રુક્મિણી આદિક શ્રીકૃષ્ણ ભગવાનની અષ્ટપટરાણીઓની પાસે આવીને ગાનવિદ્યાને શીખ્યા. અને પછી દ્વારિકામાં શ્રીકૃષ્ણ ભગવાનની આગળ ગાન કર્યું ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન તેમના ઉપર પ્રસન્ન થયા. ૩૦-૩૧. અને પોતાનાં વસ્ત્ર તથા આભૂષણો નારદજીને આપ્યાં ત્યારે નારદજીએ તુંબરુના ઉપરની ઈર્ષ્યાનો ત્યાગ કર્યો. ૩૨.

❋ ઈર્ષ્યાનો સવળો ઉપયોગ કરવો :

चोपाई :

भगवान के भक्त जो जेते, ईर्षा करना एसे तेते;
जाकि उपर ईर्षा जब आवे, उत्तम गुन तामें जे रहावे...३३

ताके गुन ग्रहण करना एसी, ईर्षा करना भक्त कु तेसी;
भगवान प्रसन्न न होय एसा, अवगुन आपमें रहेउ तेसा...३४

માટે જે ભગવાનના ભક્ત હોય તેમણે ઈર્ષ્યા કરવી તો જ્યારે જેના ઉપર ઈર્ષ્યા આવે ત્યારે તેમાં જે ઉત્તમ ગુણો રહ્યા હોય તે ગુણોને ગ્રહણ કરવા. આવી ઈર્ષ્યા ભગવાનના ભક્તોએ કરવી અને ભગવાન રાજી ન થાય એવા પોતામાં જે કોઈ અવગુણ હોય, તેને શત્રુ જાણીને તત્કાળ તેનો ત્યાગ કરી દેવો; એવી ભગવાનના ભક્તોની રીત છે, તે મેં તમને વાત કરીને કહી બતાવી. ૩૩-૩૫. જેનાથી ભગવાન પ્રસન્ન ન થાય, આવી જે ઈર્ષ્યા હોય તે તો ભગવાનના ભક્તને દ્રોહરૂપ છે. ૩૬. **આવો સત્સંગ પામીને નિર્દોષ ભક્તનો જેટલો દોષ લેવાય છે તેટલું તે પોતાનું જ ભૂડું કરે છે.** ૩૭. **જે નિર્દોષ ભક્ત હોય તેના દિવસે દિવસે જે ગુણ ગ્રહણ કરવા તે જ હરિભક્તોની રીત છે.** ૩૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીજું તથા ચોથું વચનામૃત કહ્યું" એ નામે ચોથો તરંગ સમાપ્ત ॥૪॥

પૂર એકવીશમું : તરંગ - ૫

ગઢડા પ્રથમ પ્રકરણનું પાંચમું, છઠ્ઠું અને સાતમું વચનામૃત

❋ શ્રીહરિનો ધ્યાન વિશે આગ્રહ :

માગશર સુદિ આઠમને દિવસ દીનદયાળુ અને પરમકૃપાળુ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં દર્શન દેવા માટે પલંગ ઉપર આવીને બેઠા હતા. અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને પોતાનાં મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી શ્રીહરિ એક વાત કરવા લાગ્યા, ૧-૩. "રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવું, તે દેહના અંત સુધી કરવું. ૪.

તે ધ્યાન કરતાં કરતાં જો મૂર્તિ હૃદયમાં ન દેખાય, તોપણ ધ્યાન કરવું, પણ કાયર થઈને તે ધ્યાનને છોડી દેવું નહિ. ૫. આવી રીતના ઘણા આગ્રહવાળા જે કોઈ ભગવાનના ભક્ત છે તેના ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. ૬. એવા ભક્તની ભક્તિએ કરીને ભગવાન તેને વશ થઈ જાય છે. આ અમારી વાતનો તમે સહુ અમારા ભક્તો વિશ્વાસ રાખજો." ૭.

✵ વચનામૃત ગ.પ્ર.૬ વિવેકી તથા અવિવેકી ભક્તનાં લક્ષણ :

માગશર સુદિ નવમીને દિવસ શ્રીહરિકૃષ્ણ મહારાજ દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ૮. અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેની એવી શોભા બની હતી કે જે કહી શકાતી નથી. તે વખતે પોતાનાં મુખારવિંદની આગળ મુનિઓની સભા ભરાઈને બેઠી હતી. ૯. તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "સત્સંગમાં જે વિવેકી છે તે તો પોતાને વિષે દિવસ દિવસ પ્રત્યે અવગુણને દેખતા રહે છે અને ભગવાન તથા ભગવાનના જેટલા ભક્ત હોય, ૧૦-૧૧. તેમાં અપાર ગુણોને દેખે છે. પરંતુ તેમનો ક્યારેય લગાર પણ અવગુણ દેખતા નથી. ભગવાન તથા સંત પોતાનું હિત કરવા માટે જે શિક્ષાના કઠણ વચન કહે છે તેને તે હિતકારી માને છે અને તેમાં દુઃખ લગાડતા નથી. એવા તે અમૂલ્ય હરિભક્ત છે. ૧૨-૧૩. એવા જે હરિભક્ત છે તે દિવસે દિવસે તે ગુણોએ કરીને સત્સંગમાં સહેજે મોટાઈને પામે છે. ૧૪. અને જે અવિવેકી છે તે જેટલો સત્સંગ કરે છે અને સત્સંગની વાત સાંભળે છે તેટલો તે પોતામાં અતિશય ગુણ દેખે છે. ૧૫. અને ભગવાન તથા સંત તેનો દોષ દેખાડીને જે વાત કરતા હોય તે વાતને માને કરીને સવળી ગ્રહણ કરતો નથી. ૧૬. સંતો તેના હિતની વાત કરે છે તેમાં તે દોષ ઠેરાવતો રહે છે. તે તો દિવસે દિવસે સત્સંગમાં ઘટતો જાય છે અને તેનું મન સંતોની સાથે મળતું નથી. ૧૭.

चोपाई :

आपके दोष कर आप हि तेहा, सत्संग यह ता महिं एहा;
प्रतिष्ठा हीन होई जाते, सत्संग के सुख नहीं आते...१८

आपके गुन के करत त्यागा, शूरवीर होय के बडभागा;
भगवान अरु संत हि केरा, विश्वास जेहि रखत घनेरा...१९

પછી તે પોતે જ પોતાના દોષોને લીધે સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે. અને તેને સત્સંગનું સુખ પણ આવતું નથી. માટે જે હરિભક્ત હોય તે પોતાના ગુણના માનનો ત્યાગ કરી, શૂરવીર થઈને ભગવાન તથા સંતનો ઘણો વિશ્વાસ રાખે છે તે મહાભાગ્યશાળી છે. ૧૮-૧૯. તેવા ભક્તનો અવિવેક દૂર થાય છે અને તેમાં મોટાઈ આવે છે. **ભગવાન તથા સંતને અનુકૂળ વર્તે છે, તે બધા ભક્ત અમૂલ્ય થાય છે." ૨૦.**

❋ વચનામૃત ગ.પ્ર.૭ અન્વય-વ્યતિરેકની રીત :

માગશર સુદિ દશમને દિવસ પરમ ચતુર મહારાજાધિરાજ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેની જે શોભા થઈ તે કહી શકાતી નથી. તેમનાં મુખારવિંદની આગળ સાધુની સભા બેઠી હતી.તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "શાસ્ત્રમાં જ્યાં ત્યાં જેટલી અધ્યાત્મવાત આવે છે તે કોઈના સમજ્યામાં આવતી નથી અને સાંભળનારાની મતિ ભ્રમી જાય છે. તેની મતિનો કાંઈ ઠા રહેતો નથી. ૨૧-૨૪. તે અધ્યાત્મવાત જેમ છે તેમ અમે યથાર્થરૂપમાં કહીએ છીએ. તમે સહુ ચિત્ત દઈને સાંભળો. ૨૫. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીરથી યુક્ત જીવને યથાર્થરૂપમાં કહેવો તે જીવનું અન્વયપણું છે. ૨૬. અને તે ત્રણ શરીરથી અલગ સત્તામાત્ર જીવને કહેવો તે જીવનું સત્શાસ્ત્રમાં વ્યતિરેકપણું કહ્યું છે. ૨૭. વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ શરીરથી યુક્ત વર્તવું. આ રીતે ઈશ્વરને જે કહેવા તે ઈશ્વરનું અન્વયપણું કહેવાય છે. ૨૮. અને તે ત્રણ શરીરથી પૃથક્ સત્તામાત્ર કહેવા તે ઈશ્વરનું વ્યતિરેકપણું છે. તે અમે જેમ કહ્યું તેમ સમજવું. ૨૯. તથા માયા અને માયાનું કાર્ય જે અનંત કોટિ બ્રહ્માંડ, તેને વિષે વ્યાપકપણે જે કહેવા તે અક્ષરબ્રહ્મનું અન્વયપણું કહ્યું છે. ૩૦.

અને તે બધાથી ભિન્નપણે જે સચ્ચિદાનંદરૂપે કહેવા તે અક્ષરબ્રહ્મનું વ્યતિરેકપણું છે. ૩૧. અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા અને માયાના કાર્ય બ્રહ્માંડો તેમાં શ્રીકૃષ્ણ ભગવાનને અંતર્યામીપણે કરીને કહેવા અને નિયંતાપણે કરીને કહી દેખાડવા તે શ્રીકૃષ્ણ ભગવાનનું અન્વયપણું કહેવાય છે. ૩૨-૩૩. અને તે સહુથી અલગપણે કરીને ગોલોકધામને વિષે બ્રહ્મજ્યોતિમાં આનંદપૂર્વક રહેલા શ્રીકૃષ્ણ ભગવાનને એવી રીતે જે કહેવા તે એ ભગવાનનું સહજ વ્યતિરેકપણું છે. આમ, તે પુરુષોત્તમ ભગવાન, અક્ષરબ્રહ્મ, માયા, ઈશ્વર અને જીવ, આ પાંચ ભેદ અનાદિના રહ્યા છે અને તે અવિચળ તથા અછેદ્ય છે." ૩૪-૩૬.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પાંચમું, છઠ્ઠું અને સાતમું વચનામૃત કહ્યું" એ નામે પાંચમો તરંગ સમાપ્ત ॥૫॥



પૂર એકવીશમું : તરંગ - ૬

ગઢડા પ્રથમ પ્રકરણનું આઠમું, નવમું અને દસમું વચનામૃત

❋ ઈન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખવી :

માગશર સુદિ સુંદર એકાદશીને દિવસ દાદા ખાચરના દરબારમાં પરમ ચતુર શ્રીહરિકૃષ્ણ મહારાજ સુંદર પલંગ ઉપર વિરાજમાન હતા. અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૨. અને પોતાના મુખારવિંદની આગળ સર્વ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૩. પછી શ્રીજીમહારાજ વાત સમજવા માટે અમૃતના સમાન વચન બોલ્યા. તે વાત હવે હું કહું છું. ૪.

"સર્વ ઇન્દ્રિયોની જેટલી ક્રિયાઓ કહેવાય છે તેને શ્રીકૃષ્ણ ભગવાન અને તેમના ભક્તોની સેવામાં રાખે છે, તેનાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. અને જીવને આવરણ કરનારા અનંત કાળનાં જે પાપ છે, ૫-૬. તેનો તત્કાળ નાશ થઈ જાય છે. અને ફરીને તે ક્યારેય આવરણ કરતા નથી.

અને ઇન્દ્રિયોની જે વૃત્તિ છે તેને સ્ત્રી આદિક વિષયમાં જોડી રાખવામાં આવે છે, તો તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે. અને તે જીવ મોક્ષના માર્ગથી તત્કાળ પડી જાય છે. ૭-૮. તેટલા માટે **શાસ્ત્રોમાં જે રીતે વિષય ભોગવવાના કહ્યા હોય તે રીતે નિયમમાં રહીને વિષય ભોગવવા, ૯. પણ શાસ્ત્રમાં જે નિયમ કહ્યા છે તેનું ક્યારેય ઉલ્લંઘન કરવું નહિ. અને સાધુનો સમાગમ રાખવો તથા કુસંગનો ત્યાગ કરવો. ૧૦.**

❊ સંતસમાગમના ફાયદા :

चोपाई :

कुसंग के त्याग करत जबही, संत समागम रुचत तबही;
तन में अहंबुद्धि जितनी जोऊ, निवृत्ति होवत तितनी सोऊ...११
तन के सबंध में जेतेऊ, ममत्व बुद्धि रहे तेतेऊ;
निवृत्ति पावत सब हि रहेऊ, संत समागम करीके तेऊ...१२

दोहा : भगवान रहाये तिनमें, असाधारण प्रीत;
होवत रहाये दृढकर, अविचल परम पुनीत...१३

જ્યારે કુસંગનો ત્યાગ કરે છે ત્યારે સાધુનો સમાગમ રુચે છે. અને ત્યાર પછી તેને દેહમાં જેટલી કાંઈ અહંબુદ્ધિ હોય તે બધી જ નિવૃત્ત થઈ જાય છે. ૧૧. અને દેહના સંબંધીઓમાં જે મમત્વબુદ્ધિ રહી છે તે પણ બધી નિવૃત્તિ પામે છે. અને સાધુના સમાગમે કરીને ભગવાનમાં અસાધારણ, અવિચળ અને પરમ પવિત્ર પ્રીતિ દઢપણે થાય છે. ૧૨-૧૩. અને ભગવાન સિવાય બીજા બધામાં વૈરાગ્ય થાય છે.” આ રીતે શ્રીહરિએ ઘણું હેત કરીને વાત કરી હતી. ૧૪.

❊ વચનામૃત ગ.પ્ર.૯ ભગવાન વિના બીજું કાંઈ ન ઈચ્છવું :

માગશર સુદિ દ્વાદશીને દિવસ શ્રીહરિ દાદા ખાચરના ભવનમાં પલંગ ઉપર બેઠા હતા. ૧૫. અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તેમનાં મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા થઈ હતી. ૧૬.

તે વખતે પોતાના ભક્તજનોને સુખ આપનારા શ્રીજીમહારાજ ઘણી કૃપા કરીને બોલ્યા, "શ્રીકૃષ્ણ ભગવાનનો પ્રત્યક્ષ પ્રમાણ નિશ્ચય થયો હોય, તેમની ભક્તિ કરતો હોય અને તેમનાં દર્શન પણ કરતો હોય, તેમ છતાં જે ભક્ત પોતાને પૂર્ણકામ ન માને અને તેનાં અંતરમાં ન્યૂનતા વર્તે જે, ૧૭-૧૮. "ગોલોક, વૈકુંઠાદિક ધામને વિશે આ ને આ ભગવાનનું જે તેજોમય સુખધામ સ્વરૂપ છે, તેના મને જ્યાં સુધી દર્શન નથી થયાં ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી." આવું અજ્ઞાન જેનામાં રહ્યું હોય તેનાં મુખથી હરિભક્તોએ ભગવાનની વાત ક્યારેય ૧૯-૨૦. સાંભળવી નહિ, પણ તેને ઝેર સમાન માનીને તેનો ત્યાગ કરવો. જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેમાં જે દૃઢ નિષ્ઠા રાખતો હોય, તથા તેમનાં દર્શન, વંદન ઇત્યાદિકે કરીને પોતાને પરિપૂર્ણ માનતો હોય, અને બીજા ચાહે તેવા ઘણા મોટા જોરદાર હોય, તોપણ તેને પ્રત્યક્ષ ભગવાનથી અધિક ન જાણતો હોય; ૨૧-૨૨.

આવો જે ભગવાનનો દૃઢ ભક્ત હોય તેને ભગવાન પોતાનાં ધામમાં રહેલા જે પોતાના ઐશ્વર્ય છે અને પોતાની જે મૂર્તિઓ કહેવાય છે, તેને પ્રતાપે સહિત દેખાડે છે. આ તેજસ્વી મૂર્તિ વગેરે દેખાય છે તે 'મને જે પ્રત્યક્ષ મૂર્તિ મળી છે તેનો જ આ પ્રતાપ છે' તેમ તે ભક્ત સમજે છે. ૨૩-૨૪. આવી જેને ભગવાનમાં અનન્ય નિષ્ઠા થઈ હોય તેણે પ્રત્યક્ષ ભગવાન સિવાય કાંઈ ઈચ્છવું નહિ. ૨૫. શ્રીહરિએ આવી તો ઘણી વાત કરી હતી, તે મેં સંક્ષેપમાં કહી છે. હું લવલેશ વાત કહું છું તોપણ ગ્રંથ મોટો થઈ જાય છે. ૨૬.

❋ વચનામૃત ગ.પ્ર.૧૦ કૃતઘ્નીપણાનો ત્યાગ કરવો :

માગશર સુદિ તેરશને દિવસ શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૨૭-૨૮.

પછી શ્રીહરિ તીર્થમાં ફર્યા હતા તે વાત પોતે શ્રીમુખથી કરી. ચંદ્રમાને દેખીને જેમ પોયણાં-રાત્રીકમળ પ્રફુલ્લિત થાય છે, તેમ જ્યારે શ્રીહરિ વાત કરતા હતા ત્યારે ભક્તજનોને ઘણો જ હર્ષ વધતો હતો.

શ્રીહરિએ કહ્યું, “એક દિવસ અમે વેંકટાદ્રિથી ચાલીને સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યારે અમને એક સેવકરામ નામના સાધુનો મેળાપ થયો, તે શ્રીમદ્‌ભાગવતને ભણેલો હતો. ૨૯-૩૧. તેમજ બીજા પણ કેટલાક પુરાણોને ભણેલો એવો તે પંડિત હતો. તે માર્ગમાં ચાલતા ઘણો બીમાર થઈ ગયો. ૩૨. તેની પાસે રોકડા હજાર રૂપિયાની સોનામહોર હતી, પણ તેની ચાકરી કરે તેવો તે વખતે તેને કોઈ માણસ મળ્યો નહિ. ૩૩. તેથી તે વારંવાર રડવા લાગ્યો. એટલે અમને તેના ઉપર ઘણી દયા આવી. પછી અમે તેને કહ્યું, ‘તમે ચિંતા ન કરો, ચિંતાને દૂર છોડી દો. ૩૪.

જ્યાં સુધી તમને સારું થઈ જશે ત્યાં સુધી અમે તમારી પ્રેમથી સેવા કરશું.’ બીજા જેટલા સાધુ હતા તે બધા તેમને બીમાર દેખી છોડીને ચાલી નીકળ્યા. ૩૫. કોઈનાં દિલમાં લેશમાત્ર પણ દયા આવી નહિ. કામ પડ્યું ત્યારે તે દેખાયું. પછી ગામની બહાર એક કેળની ફૂલવાડી હતી. ૩૬. તેમાં એક મોટો વડ હતો. તે વડમાં એક હજાર ભૂત વાસ કરીને રહેતા હતા. અમે તે સ્થળે રહ્યા. ૩૭. કારણ કે, તે સાધુ ઘણો બીમાર પડી ગયો. ચાલી શકે તેવો પણ ન રહ્યો. એટલે અમને તેના ઉપર બહુ દયા આવી અને ત્યાં જ અમે રોકાઈ ગયા. ૩૮. અમે તે સાધુને બીમાર જાણીને એક હાથ ઊંચી કેળના પાંદડાની પથારી કરી આપી. ૩૯. તે સાધુને જેમાં લોહી પડે એવા ઘણાં ઝાડા થઈ ગયા હતા. તેને અમે રોજ ધોતા હતા. ૪૦.

તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું સાકર, ઘી, દહીં, ચોખા વગેરે તેના પૈસા આપીને નિત્ય અમારી પાસે મંગાવતો હતો. અમે તેની રસોઈ બનાવી આપતા અને તે ખાતો હતો. તે પછી અમે ગામમાં જઈને જમી આવતા હતા. ૪૧-૪૨. અને કોઈ દિવસ જ્યારે અમને અન્ન ન મળતું ત્યારે અમારે ઉપવાસ થતો હતો. છતાં પણ તે સાધુએ કોઈ દિવસ તેના મુખથી અમને એમ ન કહ્યું કે, મારી પાસે જે દ્રવ્ય છે તેનું બંનેને માટે સીધું લાવો. તેની તમે રસોઈ કરો અને આપણે બંને જમીએ. કારણ કે, તમે અમારી સેવા કરો છો. ૪૩-૪૪. તેમ સેવા કરતાં કરતાં બે માસ વીતી ગયા. ત્યારે તે કાંઈક સાજો થયો. પછી અમે સેતુબંધ રામેશ્વરના માર્ગે ચાલતા થયા

ત્યારે તેનો એક મણ જેટલો ભાર હતો, તે અમારે માથે ઉપડાવતો હતો. અને પોતે તો હાથમાં એક માળા લઈને રસ્તામાં ચાલતો હતો. ૪૫-૪૬.

પછી તો તે એક શેર ઘી ખાઈને પચાવે તેવો થઈ ગયો, છતાં પણ તેનો ભાર અમારી પાસે ઉપડાવીને ચાલતો. પણ તેનો કાંઈ વિચાર કરતો નહિ. ૪૭. અને અમારી પ્રકૃતિ તો એવી હતી કે ભાર નામે એક રૂમાલ જેવી વસ્તુ પણ અમારી પાસે ક્યારેય રાખતા નહિ. એવી રીતે અમે હંમેશાં રહેતા. ૪૮. અમે તો તેને સાધુ જાણીને તેનો ભાર ઉપાડીને ચાલતા અને ભાવથી સેવા કરતા. આ રીતે તે સાધુને અમે સાજો કર્યો. ૪૯. છતાં પણ તે સાધુએ ક્યારેય અમને એક પૈસાભાર પણ અન્ન આપ્યું નહિ. તેથી તેને કૃતઘ્ની અને અંતરનો મેલો દેખીને તેના સંગનો અમે ત્યાગ કર્યો. આવી રીતે **જે કોઈ મનુષ્ય બીજાના કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો. ૫૦-૫૧. અને કોઈએ કાંઈક પાપ કર્યું હોય, અને તેણે તેનું પ્રાયશ્ચિત કરી લીધું હોય, છતાં તેને કોઈ મુખથી પાપયુક્ત કહે તો તેને પણ તેવો કૃતઘ્ની જરૂર જાણવો."** શ્રીહરિએ હરિભક્તોના પ્રત્યે આવી વાત કરી હતી. ૫૨-૫૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું આઠમું, નવમું અને દસમું વચનામૃત કહ્યું" એ નામે છઠ્ઠો તરંગ સમાપ્ત ॥૬॥



પૂર એકવીશમું : તરંગ - ૭

ગઢડા પ્રથમ પ્રકરણનું અગિયારમું અને બારમું ચાલું વચનામૃત કહ્યું

❋ વાસનાનું તથા એકાંતિક ભક્તનાં લક્ષણનું :

માગશર સુદિ ચૌદશને દિવસ કૃપાળુ-દયાળુ શ્રીહરિકૃષ્ણ મહારાજ દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ૧. અને શુદ્ધ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. સહુને પ્રેમભાવથી દર્શન દેતા હતા અને પોતાના મુખારવિંદની આગળ સહુ સંતો બેઠા હતા. તથા દેશદેશના હરિભક્તો સભામાં બેઠાં થકાં દર્શન કરતાં હતાં.

ત્યારે બ્રહ્માનંદસ્વામી બે હાથ જોડી, મસ્તક નમાવીને શ્રીહરિ પ્રત્યે બોલ્યા, "વાસનાનું સ્વરૂપ કેવું છે ? અમને તેમાં સમજણ પડતી નથી." ૨-૪. ત્યારે પ્રશ્નનો ઉત્તર કરવા તત્પર થયેલા શ્રીહરિ બોલ્યા, "પૂર્વે જેટલા જે જે વિષય ભોગવવામાં આવ્યા હોય, દેખ્યા-સાંભળ્યામાં આવ્યા હોય, તેની અંતઃકરણમાં જેટલી ઇચ્છા વર્તે તેટલી તે વાસના કહેવાય છે. ૫-૬.

અને જે વિષય ભોગવ્યા ન હોય, છતાં અંતરમાં તેની ઇચ્છા રહેતી હોય તો તેને પણ વાસના કહેવાય છે. એવી કેટલીક વાતને આ રીતે સમજી લેવી જોઈએ. ૭. ભગવાનના સંબંધ વિનાની મનમાં જેટલી ઇચ્છા રહે છે તે બધી પણ વાસના કહેવાય છે. વાસનાનું આવું રૂપ છે." ૮.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! ભગવાનના ભક્તોમાં એકાંતિક ભક્ત કેવો હોય છે ?" ત્યારે શ્રીજીમહારાજ મુખકમળ પ્રફુલ્લિત કરીને બોલ્યા, **"ભગવાન સિવાય જેને બીજી કોઈ વાસના ન હોય અને પોતાને બ્રહ્મરૂપ માનીને પ્રસન્ન મનથી ભગવાનની ભક્તિ શ્રદ્ધાએ સહિત કરતો હોય, તેને એકાંતિક ભક્ત કહેવાય છે." ૯-૧૧.**

❋ વચનામૃત ગ.પ્ર.૧૨ તત્ત્વોની ઉત્પત્તિ તથા તેનાં લક્ષણો :

માગશર સુદિ પૂનમને દિવસ પરમ પ્રવીણ એવા શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર બેઠા હતા. અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં અને તેમના મુખારવિંદની સન્મુખ સાધુ તથા દેશદેશના હરિભક્તો આવીને બેઠા હતા. ૧૨-૧૩.

જ્યારે સભા ભરાઈને બેઠી ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "અમે સર્વ જગતની ઉત્પત્તિનું કારણ નિર્ધાર કરીને કહીએ છીએ. ૧૪. પુરુષ, પ્રકૃતિ, કાળ અને મહત્તત્ત્વાદિક ચોવીશ તત્ત્વો ઘણા વિશાળ છે. તેનાં સ્વરૂપને જ્યારે જીવ સાક્ષાત્ જાણે છે ત્યારે તેમાં પોતામાં રહી જે અવિદ્યા અને તેના કાર્યરૂપ ચોવીશ તત્ત્વ, તેના બંધનથી તે જીવ તરત છૂટી જાય છે."

તે સાંભળીને મુનિવર મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૧૫-૧૭. "હે મહારાજ ! તે તત્ત્વોનું સ્વરૂપ કેવી રીતે જાણ્યામાં આવે ? તે આપ

કૃપા કરીને કહો." ત્યારે તે બધી વાતને જાણનારા શ્રીહરિ બોલ્યા, ૧૮. "તેમનું સ્વરૂપ જે રીતનું છે તે તો તેના લક્ષણને જાણવાથી જણાઈ આવે છે. હવે તે વાત હું કહું છું. ૧૯. જે પુરુષ છે તે પ્રકૃતિના નિયંતા છે, પ્રકૃતિથી વિજાતીય છે. વળી, અખંડ, અનાદિ, અનંત, સત્યસ્વરૂપ અને સ્વયંપ્રકાશ કહેવાય છે. ૨૦. અને સર્વજ્ઞ, દિવ્ય વિગ્રહવાળા તથા સમગ્ર આકારમાત્રની પ્રવૃત્તિનું કારણ અને ક્ષેત્રજ્ઞ એવા **પુરુષ** છે. ૨૧. જે **પ્રકૃતિ** છે તે ત્રિગુણાત્મક અને જડચિદાત્મક છે. તે નિત્ય અને નિર્વિશેષ કહેવાય છે. અને મહત્તત્ત્વ આદિક સર્વ તત્ત્વ તથા જીવમાત્રનું ક્ષેત્ર છે તથા ભગવાનની શક્તિ છે. ગુણસામ્ય અને નિર્વિશેષ એવી જે માયા તે માયાનો જે ક્ષોભ કરે છે તેને **કાળ** કહેવાય છે. હવે તે મહત્તત્ત્વ આદિક તત્ત્વોના લક્ષણને કહીએ છીએ. ૨૨-૨૪.

ચિત્ત તથા મહત્તત્ત્વને અભિન્ન-એક જાણવા. તે મહત્તત્ત્વમાં બધું જગત સૂક્ષ્મરૂપે રહ્યું છે. ૨૫. તે મહત્તત્ત્વ સ્વયં નિર્વિકાર છે, પ્રકાશમાન છે, સ્વચ્છ, શુદ્ધ, સત્ત્વમય અને શાંત રહ્યું છે. ૨૬. હવે અહંકારનું લક્ષણ કહીએ છીએ. તે અહંકાર કેવો છે ? તો તે અહંકાર ત્રિગુણાત્મક છે. ભૂત, તન્માત્રા, ઈન્દ્રિયો, અંતઃકરણ, તેના દેવતાઓ અને પ્રાણ, તે બધાની ઉત્પત્તિનું કારણ છે. ૨૭-૨૮. તેમાં શાંતપણું, ઘોરપણું અને વિમૂઢપણું રહ્યું છે. હવે મનનું લક્ષણ જેવું છે તેવું કહું છું. ૨૯. જે મન છે તે સ્ત્રી આદિક પદાર્થોની કામનાઓની ઉત્પત્તિનું ક્ષેત્ર છે. સંકલ્પ-વિકલ્પરૂપ કહેવાય છે અને તે મનને બધી ઈન્દ્રિયોના નિયંતાપણે કરીને કહ્યું છે. હવે બુદ્ધિનું લક્ષણ જેવું છે તેવું કહું છું. ૩૦-૩૧. બુદ્ધિમાં બધા પદાર્થોનું જ્ઞાન રહ્યું છે અને બધી ઈન્દ્રિયોમાં જે વિશેષ જ્ઞાન છે તે બુદ્ધિએ કરીને આવતું હોય તેમ દેખાય છે. ૩૨.

તે બુદ્ધિમાં સંશય, નિશ્ચય, નિદ્રા અને સ્મૃતિ રહી છે. હવે શ્રોત્ર, ચામડી, આંખ, રસના અને નાસિકા તથા વાણી, હાથ, પગ, ગુદા અને શિશ્ન - આ દસ ઈન્દ્રિયો કહેવાય છે. તેમનાં લક્ષણ એ છે જે, પોતપોતાના વિષયમાં પ્રવર્તવું. હવે પંચતન્માત્રાના ભિન્ન ભિન્ન લક્ષણ કહું છું. ૩૩-૩૫.

પ્રથમ શબ્દનું લક્ષણ જેવું છે તે કહું છું. શબ્દ છે તે અર્થમાત્રનો ઘણો આશ્રય થઈને રહ્યો છે અને વ્યવહારમાત્રનું કારણ છે. તથા બોલનારાની જાતિ અને રૂપને જણાવનારો છે. તે આકાશમાં રહે છે અને આકાશની તન્માત્રા કહેવાય છે અને શ્રોત્ર ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવામાં આવે છે. ૩૬-૩૮.

હવે સ્પર્શનું લક્ષણ જેવું છે તે હું કહું છું, તો તમે બધા સંતો અને હરિભક્તો સાંભળો. ૩૯. સ્પર્શ વાયુની તન્માત્રા કહેવાય છે. હવે તેની રીત કહું છું. કોમળપણું, કઠણપણું, શીતળપણું અને ઉષ્ણપણું, તે વાયુનો ગુણ છે અને ત્વચા ઈન્દ્રિય દ્વારાએ ગ્રહણ કરવામાં આવે છે. તે સ્પર્શ વિષયનું સ્પર્શપણું કહ્યું છે. હવે રૂપનું લક્ષણ કહું છું. ૪૦-૪૧. રૂપમાં પદાર્થમાત્રના આકારને જણાવી દેવાપણું, પદાર્થમાં ગૌણપણે કરીને રહેવાપણું, પદાર્થની રચનાએ કરીને થતા પરિણામને અનુસરીને રહેવાપણું, તેજ તત્ત્વનું તન્માત્રાપણું અને ચક્ષુ ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું; આ બધું રૂપનું રૂપપણું કહેવાય છે.

હવે રસનું લક્ષણ કહીએ છીએ. ૪૨-૪૪. રસમાં મધુરપણું, તીખાપણું, કષાયલાપણું, કડવાપણું, ખાટાપણું અને ખારાપણું રહ્યું છે. વળી, જળનું તન્માત્રાપણું અને રસના ઈન્દ્રિયે કરીને ગ્રહણ કરવાપણું; તે રસનું રસપણું છે. હવે ગંધનું લક્ષણ કહીએ છીએ. ૪૫-૪૬. સુગંધપણું, દુર્ગંધપણું, પૃથ્વીનું તન્માત્રાપણું અને નાસિકા ઈન્દ્રિયથી ગ્રહણ કરવાપણું, તે ગંધનું ગંધપણું છે. હવે પૃથ્વીનું લક્ષણ કહીએ છીએ. તેને તમે બધા સંતો અને હરિભક્તો ચિત્ત દઈને સાંભળો. ૪૭-૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અગિયારમું અને બારમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે સાતમો તરંગ સમાપ્ત ॥૭॥



પૂર એકવીશમું : તરંગ - ૮

ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું બારમું વચનામૃત પૂરું થયું

શ્રીહરિ કહે, સર્વ જીવમાત્રને ધારવાપણું, લોકરૂપે કરીને સ્થાનપણું, આકાશ આદિક ચાર ભૂતોનો વિભાગ કરવાપણું અને બધા ભૂત-પ્રાણીમાત્રનાં શરીરને પ્રગટ કરવાપણું, તે પૃથ્વીનું લક્ષણ છે. હવે **જળનું** લક્ષણ કહીએ છીએ. પૃથ્વી આદિક દ્રવ્યનું પીંડીકરણ કરવાપણું, પદાર્થને કોમળ કરવાપણું, ભીના કરવાપણું, તૃપ્તિ પમાડવાપણું, પ્રાણીમાત્રને કુશળપણે જીવાડવાપણું, તરસની નિવૃત્તિ કરવાપણું, તાપ હરવાપણું અને બહુપણું, તે જળનું લક્ષણ છે. ૧-૫. હવે **તેજનું** લક્ષણ વિગતે કરીને કહીએ છીએ. પ્રકાશપણું, અન્ન આદિકને પચાવી દેવાપણું, રસને ગ્રહણ કરવાપણું, કાષ્ઠ તથા હુતદ્રવ્યાદિકને ગ્રહણ કરવાપણું, ટાઢને હરવાપણું, શોષણ કરવાપણું અને ભૂખ તથા તરસ ઉપજાવવાપણું ઈત્યાદિક તેજનાં લક્ષણ કહેવાય છે. હવે **વાયુનું** લક્ષણ જે રીતે છે તે રીતે સહેજ પણ બાકી ન રહી જાય તેમ કહીએ છીએ. વૃક્ષાદિકને કંપાવવાપણું, તૃણ આદિકને ભેગું કરવાપણું, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, તે જે પંચવિષય છે તેમને શ્રોત્રાદિક પાંચ ઈન્દ્રિયો પ્રત્યે પહોંચાડવાપણું, આ બધા ગુણ સહેજે વાયુમાં રહ્યા છે. વાયુ સર્વ ઈન્દ્રિયોનો આત્મા કહેવાય છે. આ રીતે વાયુનું લક્ષણ કહ્યું.

હવે આકાશનું લક્ષણ જેવું છે તેવું સમજવા માટે કહું છું. કેમ જે, તે સમજ્યા સિવાય કઈ રીતે કહી શકાય ? ૬-૧૨. બધા જીવમાત્રને અવકાશ દેવાપણું, ભૂત-પ્રાણીમાત્રની રીતને કહેવા માટે તેના દેહનો માંહેલો વ્યવહાર અને દેહનો બહારનો વ્યવહાર તેનું કારણપણું તેને અમે આકાશનું આકાશપણું કહીએ છીએ. ૧૩-૧૪. વળી, પ્રાણ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને જીવ, તે બધાનું સ્થાનકપણું, તે આકાશનું લક્ષણ છે. ૧૫. આવી રીતે ચોવીશ તત્ત્વો, પ્રકૃતિ, પુરુષ અને કાળના ચોક્કસ લક્ષણ રહ્યા છે. તેને જીવ જ્યારે જાણે છે ત્યારે તત્કાળ અજ્ઞાનથી છૂટી જાય છે. તેમાં વિલંબ થતો નથી.

હવે તે બધાની ઉત્પત્તિને જાણવાની રીત જેમ છે તેમ કહીએ છીએ. ૧૬-૧૭. પોતાના ધામમાં રહેલા જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે અક્ષરપુરુષરૂપે

કરીને માયાને વિષે ગર્ભને ધારણ કરે છે ત્યારે તેઓ યોગકળાને અનુસરે છે. પછી તે માયામાંથી અનંત કોટિ પ્રધાનપુરુષ ઉત્પન્ન થાય છે. ૧૮-૧૯. તે પ્રધાનપુરુષ કેવા છે ? તો તે અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિનું કારણ છે, એવા તે સમર્થ કહેવાય છે. ૨૦. હવે તેને મધ્યે એક બ્રહ્માંડની ઉત્પત્તિનું કારણ જે પ્રધાન અને પુરુષ છે તેને ફરીવાર મૂળથી કહું છું. ૨૧. પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે સહુ પહેલા પુરુષરૂપે કરીને પ્રધાનને વિષે ગર્ભ ધારણ કરે છે. પછી પ્રધાનમાંથી મહત્તત્ત્વ તત્કાળ ઉત્પન્ન થાય છે. અને મહત્તત્ત્વથી તે સમયે ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થાય છે. તેમાં જે સાત્ત્વિક અહંકાર છે તેમાંથી મન અને ઇન્દ્રિયોના તમામ દેવતાઓ ઉત્પન્ન થાય છે. રાજસ અહંકારમાંથી દસ ઇન્દ્રિયો, બુદ્ધિ અને પ્રાણ ઉત્પન્ન થાય છે. તામસ અહંકારમાંથી પાંચ ભૂત અને પાંચ તન્માત્રાઓ ઉત્પન્ન થાય છે. અમે આ કહ્યું તે રીતે સમગ્ર તત્ત્વો ઉત્પન્ન થાય છે. ૨૨-૨૭.

તે પછી પરમેશ્વરની ઇચ્છાએ કરીને તે બધા તત્ત્વો પોતપોતાના અંશે કરીને ઈશ્વર અને જીવોનાં શરીરને તત્કાળ ઉત્પન્ન કરે છે. તેમાં ઈશ્વરનાં જે દેહ કહેવાય છે તે વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત છે એમ તમે જાણો. તેનાથી જુદા જીવનાં જે ત્રણ દેહ છે તે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ છે; એમ જાણો. ૨૮-૩૦. વિરાટ નામે જે ઈશ્વર છે તેના દેહનું દ્વિપરાર્ધ કાળ પર્યંત આયુષ્ય છે. ૩૧. વિરાટ પુરુષના એક દિવસમાં ચૌદ મન્વંતર વીતી જાય છે. તે જેવડો તેમનો દિવસ છે તેવડી જ રાત છે. ૩૨. જ્યાં સુધી વિરાટ પુરુષનો દિવસ રહે છે ત્યાં સુધી ત્રિલોકીની સ્થિતિ રહે છે. તેનો વચ્ચે ક્યારેય નાશ થતો નથી. ૩૩. જ્યારે તે વિરાટની રાત્રિ થાય છે ત્યારે સંપૂર્ણ રીતે ત્રિલોકીનો નાશ થાય છે અને તેને **નિમિત્ત પ્રલય** કહેવાય છે. ૩૪.

જ્યારે તે વિરાટ પુરુષનો દ્વિપરાર્ધકાળ પૂરો થાય છે ત્યારે તે વિરાટ દેહનો સત્યાદિક લોકોએ સહિત તત્કાળ નાશ થઈ જાય છે. નજરે જે કાંઈ દેખાય છે તે બધા મહત્તત્ત્વાદિક ચોવીશ તત્ત્વો, પ્રધાન-પ્રકૃતિ અને પુરુષ; આ બધા જ્યારે મહામાયામાં લીન થઈ જાય છે ત્યારે તેને **પ્રાકૃત**

પ્રલય કહેવાય છે. ૩૫-૩૭. અને તે મહામાયા અક્ષરબ્રહ્મનાં તેજમાં લીન થઈ જાય છે, ત્યારે તે દેખ્યામાં આવતી નથી. જેમ દિવસમાં રાત્રિનો લય થાય તેમ અક્ષરબ્રહ્મમાં મહામાયાનો લય થઈ જાય, તેને **આત્યંતિક પ્રલય** કહેવાય છે.

હવે જે રીતે નિત્ય પ્રલય થાય છે તે કહીએ છીએ. ૩૮-૪૦. દેવ, દૈત્ય અને મનુષ્યાદિકનાં જે દેહ છે તેનો ક્ષણ ક્ષણ પ્રત્યે દેખ્યામાં ન આવે તે રીતે નાશ થાય છે તેને **નિત્ય પ્રલય** કહેવાય છે. આવી રીતે જે મનુષ્ય આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને જાણે છે તેને તત્કાળ સંસારમાંથી વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને ભગવાનમાં અવિચળ ભક્તિ થાય છે. જ્યારે આ બધા બ્રહ્માંડનો પ્રલય થઈ જાય છે ત્યારે જે બધા જીવો છે તે માયામાં લીન રહે છે. અને જે ભગવાનના ભક્ત હોય છે તે ભગવાનના ધામમાં જાય છે. ૪૧-૪૪.

પછી મુક્તાનંદસ્વામીએ ફરીને પૂછ્યું કે, “તે ભગવાનનું ધામ કેવું છે ?” ત્યારે શ્રીહરિ બોલ્યા કે, “ભગવાનનું ધામ તો સનાતન છે. ૪૫. નિત્ય છે, અપ્રાકૃત છે અને સચ્ચિદાનંદ છે. અનંત અને અખંડ છે. તેને હવે હું દૃષ્ટાંતે કરીને કહું છું. ૪૬. માનો કે, પર્વત અને વૃક્ષાદિકે સહિત મનુષ્ય, પશુ, પક્ષી આદિક જે જે આકૃતિઓ છે તેણે સહિત આ આખી પૃથ્વી સ્વચ્છ કાચના જેવી હોય, અને આકાશમાં જેટલા તારાઓ છે તે બધા સૂર્ય હોય, પછી તેનાં તેજથી તે કાચની પૃથ્વી કેવી શોભે ? તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ રહ્યું છે. તેને સમાધિવાળા ભક્તજન આઠે પહોર દેખે છે. ૪૭-૪૯. **અને જે હરિભક્ત છે તે આ ભૌતિક શરીરનો ત્યાગ કરીને અત્યંત તેજોમય તે ભગવાનના ધામને પામે છે.” ૫૦.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં “ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું બારમું વચનામૃત પૂરું થયું” એ નામે આઠમો તરંગ સમાપ્ત ॥૮॥



પૂર એકવીશમું : તરંગ - ૯

ગઢડા પ્રથમ પ્રકરણનું તેરમું વચનામૃત કહ્યું

※ જીવોના દેહની ઉત્પત્તિની રીતિ :

માગશર વદી પડવાને દિવસ રાત્રીને સમયે અવિનાશી શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની પાસે લીંબડાના વૃક્ષ નીચે વેદી ઉપર પલંગ ઢાળ્યો હતો તે ઉપર બેઠા હતા. રાતો સુરવાળ પહેર્યો હતો, રાતી ડગલી પહેરી હતી. મસ્તક ઉપર અમૂલ્ય સોનેરી શેલાની પાઘ બાંધી હતી. અને બીજું એક શેલું કમર ઉપર બાંધ્યું હતું. ૧-૪. કંઠમાં બે સેરવાળી મોતિની કેટલીક માળાઓ પહેરી હતી અને પાઘમાં મોતીના તોરા લટકતાં હતાં. ૫. કાન ઉપર મોતીના ગુચ્છ ધારણ કર્યા હતા. કેસરયુક્ત ચંદનની અર્ચા લલાટમાં કરી હતી અને તેની વચ્ચે કુંકુમનો ચાંદલો કર્યો હતો. તે વખતની શોભા એવી સુંદર બની હતી કે તે કહી શકાતી નથી. ૬. શ્રીહરિના મુખારવિંદની આગળ સર્વ મુનિઓ, બ્રહ્મચારી અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૭.

તે પછી શ્રીજીમહારાજને સાગર સમાન વિશાળ બુદ્ધિવાળા નિત્યાનંદસ્વામીએ પ્રસન્ન મનથી પ્રશ્ન પૂછ્યો, ૮. "દેહ દેહ પ્રત્યે જીવ એક છે કે અનેક છે ? જો જીવ એક છે તેમ કહેશો તો તેમાં એવી આશંકા થાય છે કે વડ, પીપર આદિક જે અપાર વૃક્ષો છે, તેની ડાળી કાપીને બીજી જગ્યાએ જ્યારે રોપવામાં આવે ત્યારે તેવું ને તેવું જ બીજું વૃક્ષ થાય છે. તેમાં રતી જેટલો પણ કોઈ ફેર પડતો નથી; તો તેમાં એક જીવ જ બે રૂપે થયો કે તે વૃક્ષમાં બીજા જીવે પ્રવેશ કર્યો ? ૯-૧૧. અને જો તમે કહેશો કે, એ તો એનો એ એક જ જીવ છે. તો જીવ તો અખંડ અને અચ્યુત છે, તે કપાણો કેમ ? તે અમને સમજાય તે રીતે આપ કહો." ૧૨.

શ્રીહરિ તો બુદ્ધિના સાગરના પણ સાગર જેવા વિશાળ બુદ્ધિવાળા છે. જેનો વેદ પણ પાર પામી શકતા નથી; એવા શ્રીહરિ તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા કે, ૧૩. "જે શ્રીકૃષ્ણ ભગવાન છે તેની પુરુષ અને પ્રકૃતિરૂપ એવી અતિ સમર્થ બે શક્તિઓ છે. તેને કોઈ કળી શકતું નથી. ૧૪. તે બંને

જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે. કારણ સિવાય કોઈ કાર્ય થતું નથી. ૧૫. પ્રકૃતિ-પુરુષરૂપ બે શક્તિઓને ગ્રહણ કરીને અનુપમ એવા શ્રીકૃષ્ણ ભગવાન વિરાટરૂપને ધારણ કરે છે. ૧૬. તે વિરાટરૂપ ભગવાને પ્રથમ બ્રાહ્મકલ્પમાં પોતાના અંગમાંથી બ્રહ્માદિથી લઈને સ્તંબપર્યંત સમગ્ર જીવ-પ્રાણીઓની સૃષ્ટિ કરી. અને પાદ્મકલ્પમાં તો સુજ્ઞ એવા તે ભગવાને બ્રહ્મારૂપે કરીને મરીચિ આદિક કેટલાક ઋષિઓને ઉત્પન્ન કર્યા. અને કશ્યપ તથા દક્ષરૂપે કરીને દેવ, દૈત્ય, મનુષ્ય, પશુ, પક્ષી આદિક અપરંપાર સમગ્ર સ્થાવર-જંગમ જીવ-પ્રાણીમાત્રને હરખથી સર્જ્યા. જેનો ગણતા કોઈ પાર લઈ શકે નહિ. ૧૭-૨૦.

એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે પોતાની પુરુષ અને પ્રકૃતિરૂપી શક્તિઓએ સહિત જીવ જીવના પ્રત્યે અંતર્યામીરૂપે કરીને રહ્યા છે. જે કોઈના માપમાં આવતા નથી. તે ભગવાન જે જીવે જેવાં કર્મ કર્યાં હોય તે જીવને તેના કર્મને અનુસારે તેવાં દેહને પમાડે છે. અંતર્યામી પરમેશ્વર તે જીવે કરેલા કર્મને લગાર પણ ભૂલતા નથી. તે જીવે પૂર્વજન્મને વિષે કેટલાક વિવિધ પ્રકારનાં કર્મ સત્ત્વગુણ પ્રધાનપણે કરીને કર્યાં હોય છે. અને કેટલાક કર્મ તો રજોગુણ પ્રધાનપણે કરીને કર્યાં હોય છે. ૨૧-૨૪. અને કેટલાક કર્મ તો તમોગુણ પ્રધાનપણે કરીને કર્યાં હોય છે. ભગવાન તે જીવનાં તે તે કર્મ પ્રમાણે તે જીવને ઉદ્‌ભિજ જાતિના અને જરાયુજ જાતિના દેહ આપે છે. ૨૫-૨૬.

વળી, કર્મફળપ્રદાતા ભગવાન સ્વેદજ જાતિના દેહ અને અંડજ જાતિના દેહને પણ આપે છે. અપાર સમર્થ એવા પરમેશ્વર જીવનાં જેવાં કર્મ હોય તે પ્રમાણે સુખરૂપ અને દુ:ખરૂપ ફળને આપે છે. ૨૭-૨૮. તે જીવનાં કર્મને દેખીને પ્યારા શ્રીહરિ તેના કર્માનુસારે તેના દેહ વડે બીજા દેહને ઉત્પન્ન કરે છે. જેમ કશ્યપ આદિક પ્રજાપતિના દેહથી અનેક જાતિના દેહ સમય પ્રમાણે ઉત્પન્ન કર્યા, તે રીતે એક જ ભગવાન અંતર્યામીપણે કરીને સમગ્ર જીવ જીવ પ્રત્યે રહ્યા થકા, જે દેહથી બીજા જીવના દેહની ઊપજ્યાની રીત હોય તે રીતે બીજા દેહને નિર્બાધપણે ઉપજાવે છે. તે ભગવાનની અલૌકિક રીતિ કહેવાય છે. ૨૯-૩૨. પરંતુ જે જીવના દેહથી બીજા દેહને ઉપજાવે

છે તે જીવ જ અનેકરૂપે થાય છે તેવું નથી. એ તો જે જીવને જેના દેહથી ઊપજ્યાનો કર્મસંબંધ પ્રાપ્ત થયો હોય તે જીવને તેના દ્વારાએ ઊપજાવે છે. આ વાત જેવી છે તેવી અમે ચોક્કસપણે કહી છે." ૩૩-૩૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું તેરમું વચનામૃત કહ્યું" એ નામે નવમો તરંગ સમાપ્ત ॥૯॥



પૂર એકવીશમું : તરંગ - ૧૦

ગઢડા પ્રથમ પ્રકરણનું ચૌદમું વચનામૃત

* ત્યાગી તથા ગૃહસ્થ ભક્તની લાક્ષણિકતાઓ :

માગશર વદી બીજને દિવસ આનંદકંદ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાનું વૃક્ષ છે ત્યાં પલંગ ઉપર દક્ષિણ તરફ મુખ કરીને વિરાજમાન હતા. અને ભાતીગળ શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી. શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચાદર ઓઢી હતી. ૧-૪. પીળાં પુષ્પનાં તોરા પાઘ ઉપર લટકી રહ્યા હતા. અને બંને કાન ઉપર પીળાં પુષ્પનાં ગુચ્છ ધાર્યા હતા. અને તેના ઉપર સુશોભિત ગુલાબના ફૂલ ધારણ કર્યા હતા. અને કંઠમાં ખૂબ સુંદર પીળાં પુષ્પનાં હાર વિરાજમાન હતા. જમણા હાથમાં સેવતીનું સફેદ ફૂલ ફેરવતાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીહરિએ પ્રસન્ન મુખે મુનિઓના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો, ૫-૮. "એક હરિભક્ત તો એવો છે કે જેણે વગર વૈરાગ્યે સંસાર છોડ્યો છે અને દેહે કરીને વર્તમાનને તો યથાર્થપણે પાળે છે. ૯. તેના મનમાં થોડી થોડી સંસારની વાસના રહી છે, તોપણ તેને તે વિચારે કરીને ખોટી કરતો રહે છે. ૧૦. આવો જે ત્યાગી ભક્ત છે તે સંતોના સમાજ ભેળો રહે છે. તેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય પણ દૃઢ છે. ૧૧. અને બીજો એક ગૃહસ્થ

હરિભક્ત છે તેનેય ભગવાનનો નિશ્ચય દૃઢપણે કરીને છે અને સંતોની સેવામાં પાછો હઠતો નથી, ૧૨. ભગવાન, ગુરુ અથવા સંતની આજ્ઞાએ કરીને ઘરમાં રહીને ભગવાનનું ભજન કરે છે, ભગવાનનો આશ્રય છોડતો નથી ૧૩. અને સંસારથી સદાય ઉદાસ રહે છે. પૂર્વે કહેલા ત્યાગીને જેટલી જગતની વાસના છે તેટલી તે ગૃહસ્થને પણ વાસના છે. ૧૪. તે બંને ભગવાનના દૃઢ ભક્ત છે, પરંતુ તે બેમાં શ્રેષ્ઠ કોણ છે ? તેનો ઉત્તર વિચાર કરીને કરો." ૧૫. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા કે, "જે ત્યાગી ભક્ત છે તે શ્રેષ્ઠ દેખાય છે." ૧૬.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "જે ત્યાગીએ મૂંઝાઈને ઘરનો ત્યાગ કર્યો છે અને આપમેળે જ ભેખ લઈને ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો છે, ૧૭. તે કઈ રીતે શ્રેષ્ઠ છે ? તે અમને સમજ્યામાં આવતું નથી. વળી, જે ગૃહસ્થ હરિભક્ત છે તે તો આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો છે, તે કઈ રીતે ન્યૂન છે ? માટે હવે ફરીવખત સમજીને તેનો ઉત્તર કરો." ત્યારે મુક્તાનંદસ્વામીએ ઘણી રીતે વારંવાર સમાધાન કર્યું, પણ સમાધાન થયું નહિ. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા, "હે મહારાજ ! હવે આપ જ તે પ્રશ્નનો યથાર્થ ઉત્તર કરો." ૧૮-૨૦. પ્રશ્નમાં જે રીતનો મર્મ હતો તેને તે રીતે કોઈ સમજ્યા ન હતા. મર્મને સમજ્યા વિના તેનો ઉત્તર બ્રહ્માથી પણ થઈ શકે નહિ. ૨૧. પછી શ્રીહરિએ તેનો ઉત્તર જે રીતનો હતો તે રીતે કર્યો. શ્રીજીમહારાજ બોલ્યા કે, "જે ત્યાગી થયો છે પણ જેની બુદ્ધિ કાચી છે. તેની વાત હવે હું કહું છું. ૨૨. તે ત્યાગીને જ્યારે મનમાન્યું ખાવું પીવું વગેરે મળશે ત્યારે તેને જેટલી કાચી બુદ્ધિ હશે તેટલી તે તેમાં આસક્તિ કરશે. ૨૩.

चोपाई :

विचार समझ के बल न जाही, संसारहु की वासना ताही;
हृदे मांहिं उदे होइ आता, संकल्प यह खेंचत रहाता...२४

પછી જેને પૂરો વિચાર કે સમજણનું બળ ન હોય તેનાં હૃદયમાં સંસારની વાસના ઉદય થઈ આવે છે અને તેને તે સંકલ્પો વિષય તરફ ખેંચી જાય છે. ૨૪. જેમ મગરે ગજેન્દ્રને પકડ્યો હતો, તે તેને છોડતો

ન હતો તે રીતે જ જેને વિચાર કે સમજણનું બળ ન હોય એવા ત્યાગીને વાસના છોડતી નથી. ૨૫. અથવા તો જ્યારે વ્રતમાન પાળવામાં દુઃખ પડે કે શરીરમાં કોઈ ઝાઝું દુઃખ આવી પડે ત્યારે તેની બુદ્ધિ ફરી જાય છે. ૨૬. **જ્યારે બુદ્ધિ ફરી જાય છે ત્યારે સંતોએ તેને આપેલું ઘણું હેત પણ ઝેર જેવું લાગે છે. પછી કોઈની સાથે મન મળતું નથી અને તે ઉદાસ રહે છે. ૨૭.** તે ત્યાગી જ્યારે સંસારી લોકોને દેખે છે ત્યારે મનમાં રાજી રાજી થઈ જાય છે. અને સાચી સમજણ વિના પોતે પોતાને નિસ્તેજ માનતો રહે છે. ૨૮. આવા ત્યાગી કરતાં તો જે ગૃહસ્થ હરિભક્ત છે તે ઘણો શ્રેષ્ઠ છે. કારણ કે તેને સંતોના ઉપર એકસરખી આદરભાવના રહે છે. ૨૯.

❋ જેવો ભાવ એવો મોક્ષ :

ચોપાઈ :

भाव सहित हे जितनी बाता, जेही जन जितनी करत रहाता;
भगवान संत में भाव जितना, मोक्ष ताके हो रहे तितना...३०
संसार सन्मुख जितना भावा, मोक्ष से तितना दूर रहावा;
मोक्ष की एसे रहाये रीता, जेसे भाव हि तेसे फलीता...३१

જે મનુષ્યભાવે સહિત જેટલી વાત કરે છે અને ભગવાન તથા સંતમાં જેટલો ભાવ હોય છે તેટલો તેનો મોક્ષ થઈ રહ્યો છે. ૩૦. સંસાર તરફ જેટલો ભાવ રહે છે તેટલો તે મોક્ષથી દૂર રહે છે. મોક્ષની આવી રીત છે કે જેવો ભાવ હોય તેવું ફળ મળે છે. ૩૧. ગૃહસ્થ હરિભક્તને જ્યારે અતિ સુખ-દુઃખનો પ્રસંગ આવે ત્યારે તેના મનમાં એવો વિચાર રહે છે કે, રખે ! મારે કોઈ બંધન થઈ જાય ? ૩૨. આમ સમજીને તે સંસારથી ઉદાસ રહે છે. અને ખરો ત્યાગી તો તે છે કે, **જેણે સંસાર છોડ્યા પછી તેની ફરીને મનમાં લેશમાત્ર પણ વાસના રાખે નહિ. સહુ લોકો તેને જગદ્વંદ્ય સંત કહે છે.** અને વાસનાવાળા ત્યાગી કરતાં તો જે ગૃહસ્થના ધર્મ પાળતો હોય તે હરિભક્ત ઘણો શ્રેષ્ઠ છે. પણ ગૃહસ્થના ધર્મ પાળવા ઘણાં કઠણ છે. કેમ જે, તેમાં અનંત પ્રકારનાં સુખ-દુઃખ આવતા રહે છે. ૩૩-૩૫.

તે ગૃહસ્થને અપાર દુઃખ આવી પડે, તોપણ તે સંતોની સેવામાંથી લગાર પણ પોતાનાં મનને ક્યારેય બીજી બાજુ ડોલવા દે નહિ. ૩૬. અને સંતોનો જે સમાગમ મળ્યો હોય તેને પરમ ચિંતામણિ તથા કલ્પવૃક્ષ સમાન માને, તેવી તેને સમજણ રહે છે. ૩૭. સત્સંગી રાજા રાજ્યસમૃદ્ધિને, ગરીબ સત્સંગી ધન-દોલતને અને અન્ય સત્સંગી પુત્ર, પરિવાર જે હોય તેને સ્વપ્ન તુલ્ય ગણે. ૩૮. અને સંતોનો સમાગમ મળ્યો હોય છે તેને જ તે મનમાં સાચો લાભ માને છે. ૩૯. અને ચાહે તેટલું મોટું દુઃખ આવી પડે, તોપણ તે ક્યારેય તેનાથી રતીભાર પાછો પડે નહિ. ૪૦. આવો જે ગૃહસ્થ હોય તે અત્યંત શ્રેષ્ઠ છે. પરંતુ **ભગવાનના ભક્ત થાવું તે તો સહુથી વધારે કઠણ છે. ૪૧. અને ભગવાનના ભક્તનો સમાગમ મળવો તે ઘણો દુર્લભ છે.**" એમ કહીને શ્રીહરિએ તેના ઉપર ભગવાન અને સંતના મહિમાનાં મુક્તાનંદસ્વામીનાં જે કીર્તન હતાં તે સમય જોઈને ગવડાવ્યાં. ૪૨-૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચૌદમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે દસમો તરંગ સમાપ્ત ॥૧૦॥



પૂર એકવીશમું : તરંગ - ૧૧

ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું ચૌદમું વચનામૃત પૂરું થયું

❋ જેવી મતિ તેવી ગતિ :

જ્યારે કીર્તન ગવાઈ રહ્યા ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, "શ્રુતિમાં એમ કહ્યું છે કે, **'अन्ते या मतिः सा गतिः'** 'અંતકાળમાં જેવી મતિ હોય છે તેવી તેની ગતિ થાય છે. ત્યારે જો એમ જ હોય તો ભગવાનના ભક્તે ભગવાનની જેટલી ભક્તિ કરી હોય છે તેનો શો વિશેષ-ફાયદો છે ? જે વિશેષ હોય તે આપ કહો." ૧-૩.

પછી શ્રીહરિ તે પ્રશ્નના મર્મને સમજીને બોલ્યા, "જેને ભગવાનનો સાક્ષાત્ યોગ થયો છે તેને અંતકાળે ભગવાનની સ્મૃતિ રહે કે ન રહે,

તોપણ તેનું કલ્યાણ થાય છે. તેમાં એક તલભાર પણ સંશય નથી. તેની તો ભગવાન રક્ષા કરે છે, પણ જે ભગવાનથી વિમુખ હોય અને પ્રગટનો(પ્રત્યક્ષ શ્રીહરિ તથા સંતો-ભક્તોનો) દ્રોહ કરતો હોય અને તે મનમુખી થઈને ચાહે તેટલાં સાધન કરતો હોય, વળી તે વેદ અને પુરાણ આદિક અનેક શાસ્ત્રને ભણ્યો હોય, તોપણ તેનો ઉદ્ધાર થાતો નથી. ૪-૭. કેમ જે, સત્સંગ એક મોક્ષનું દૃઢ નિર્ધારિત દ્વાર છે. માટે જે જે ભગવાનથી વિમુખ હોય તે બોલતાં ચાલતાં શરીર છોડે, તોપણ તેનું કલ્યાણ થાતું નથી. તે વિમુખને લેવા માટે તો જમદૂતો આવે છે. કેટલાક પાપી કસાઈ જેવા લોકો હોય તે પણ બોલતાં ચાલતાં દેહ છોડે છે, તેણે કરીને શું પાપીનું કલ્યાણ થાય ? તેનું કલ્યાણ તો ક્યારેય ન થાય. ત્યારે એ શ્રુતિનો અર્થ એવો કરવો જોઈએ કે, 'વર્તમાન સમયમાં જેની જેવી મતિ હોય છે તેની અંતકાળે તેવી ગતિ થાય છે. જે ભગવાનના ભક્ત હોય છે તેની મતિમાં એમ રહ્યું છે કે, ૮-૧૧.

મારું તો કલ્યાણ નિશ્ચિત થઈ રહ્યું છે, એમાં રતીભાર પણ ફેર નથી; આવું જે માનતો હોય તેનું અંતકાળે કલ્યાણ થઈ ચૂક્યું છે, તેમાં કાંઈ જ ખોટું નથી. ૧૨. પણ જેને સંતો તથા ભગવાનનાં સ્વરૂપની પ્રાપ્તિ ક્યારેય ન થઈ હોય તેવાં લોકોની મતિમાં તો એવી સમજણ રહી છે કે, 'હું તો અપાર અજ્ઞાની છું, માટે મારું કલ્યાણ થનારું છે નહિ.' આવું તે સમજે છે. ૧૩-૧૪. એટલે અત્યારે તેની જેવી મતિ રહે છે તેવી તેની અંતકાળે ગતિ થાય છે. તેમાં ક્યારેય ફેર પડતો નથી. ૧૫. અને જે ભગવાનના ખરા દાસ થયા હોય તેને તો પછી કાંઈ કરવાનું બાકી રહેતું નથી. ૧૬.

ભક્તનો મહિમા અને દાસનાં લક્ષણ :

चोपाई :

भगवान के भये शरण जेता, जेतेउ जो जो जन हि तेता;
ताके दरशन करीके जोऊ, चाय तेसे पापी रहे कोऊ...१७
ताके जरुर हि होत उद्धारा, यामें नहीं मिथ्या लगारा;
हरिजन के महिमा हि अपारा, समझ में आवत जाहि विचारा...१८

જે ભગવાનને શરણે થયા છે તેમનાં દર્શને કરીને તો ચાહે તેવો પાપી જીવ હોય, તોપણ તેનો ઉદ્ધાર જરૂર થાય છે. તેમાં લગાર પણ મિથ્યા નથી. હરિભક્તોનો મહિમા તો અપાર છે. તે જેને વિચાર હોય છે તેને સમજમાં આવે છે. ૧૭-૧૮. **મહિમા વિના જે સત્સંગ કરે છે તેને ક્યારેય સત્સંગનો રંગ ચઢતો નથી, પણ સત્સંગમાં રહીને મરે તો તેનો ઉદ્ધાર થાય છે. સત્સંગ ભવસાગર તરવાનું એક નવીન નાવ છે.** નાવનો એવો સહજ સ્વભાવ છે કે, તેમાં જે કોઈ પણ આવીને બેસે તેને તાર્યા સિવાય રહે નહિ. (સત્સંગરૂપી નાવમાં બેસનારો જરૂર તરે છે.) ૧૯-૨૦. પરંતુ જે મનુષ્ય નાવમાંથી સમુદ્રમાં કૂદી પડે તો તેને નાવ ક્યારેય તારતું નથી. તેથી આ સત્સંગનો મહિમા મુખથી કહી શકાતો નથી. ૨૧. જે મનુષ્યો બાળબુદ્ધિ રાખે છે તેને આવો મહિમા સમજાતો નથી. જેને કાંઈક સમજણ છે તેના માટેનો જ આ સત્સંગ છે. ૨૨.

સત્સંગ સિવાયની જેટલી સમજણ હોય છે તે લેશમાત્ર પણ ઉપયોગી થાતી નથી. જ્યાં સુધી આ જીવનો ઉદ્ધાર પોતે જ ન કરે ત્યાં સુધી બ્રહ્મા જેવા થયા તોપણ શું ? અને વિરાટ જેવા થયા છતાં તે કાંઈ થયો નથી. કારણ કે, જે સત્સંગની મહિમા-મોટપ છે તે સહુ મોટપ કરતાં અધિક છે. ૨૩-૨૪. સત્સંગ વગરની સમજણ અને સત્સંગ વગરની પ્રાપ્તિ તો આંકડા વગરના મીંડાના જેવી સમજી લેવી. ૨૫. આવી જેની સમજણ હોય તેવા હરિભક્તનાં દર્શને કરીને તો બધાં પાપ બળી જાય છે. ૨૬. જે ભક્તનાં દર્શને કરીને અનેક લોકોનું કલ્યાણ થાય છે તો પછી તે ભક્તના મોક્ષની તો વાત જ શું કહેવી ? ૨૭. **ખપ અને વિચારપૂર્વકની સમજણ વિના તો ક્યારેય ભગવાનનું દાસપણું આવતું નથી. તે ખપ અને સમજણ વિના દાસપણું આવવું ઘણું કઠણ છે. ૨૮.**

भगवान के दास होवत ताकू, सेवा बिन ओर न सुख वाकू;
सेवा बिन इच्छत सुख जितना, कसर इतनी भक्त में तितना...२९
भगवान अरु भगवान ताके, संत साचे रहे जो वाके;
सरवोपरी सेवा रहे ताकी, शुभ सुक्रत बिन मिलत न वाकी...३०

જે ભગવાનનો દાસ થાય છે તેને ભગવાનની સેવા સિવાય બીજું કોઈ સુખ હોતું નથી. અને સેવા સિવાયનું જેટલું સુખ ઈચ્છવામાં આવે છે તેટલી તેના ભક્તપણામાં કસર છે. ૨૯. ભગવાન અને ભગવાનના જે સાચા સંત, તેની જે સેવા કરવી તે સર્વોપરી છે. અને તે પૂર્વનાં કોઈ સારાં સુકૃત સિવાય મળતી નથી. ૩૦. ભગવાનનું દાસપણું આવવું તે ઘણું કઠણ છે. હવે ભગવાનના દાસનાં લક્ષણ કહું છું. ૩૧. **જે ભગવાનનો દાસ હોય તે આ પિંડ અને બ્રહ્માંડને મિથ્યા જાણે છે. પોતાના આત્માને જ એક સત્ય માને છે. ભગવાન તથા પોતાના ગુરુના જે કાંઈ પણ પદાર્થ હોય, તેને પ્રસાદીનું માહાત્મ્ય લઈને ભોગવવા ઈચ્છે નહિ.** અને પોતાના સ્વામીને જે ગમે નહિ તેવું બીજું કોઈ આચરણ કરે નહિ. ૩૨-૩૩. આવો જે ભગવાનનો ભક્ત છે તે જ ભગવાનનો દાસ છે. જે ભગવાનનો દાસ થઈને શરીરને પોતાનું માને અને દેહરૂપે વર્તે તો તે તેટલો પ્રાકૃત ભક્ત કહેવાય છે અને બાળબુદ્ધિ કહેવાય છે. ૩૪-૩૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું ચૌદમું વચનામૃત પૂરું થયું" એ નામે અગિયારમો તરંગ સમાપ્ત ॥૧૧॥



પૂર એકવીશમું : તરંગ - ૧૨

ગઢડા પ્રથમ પ્રકરણનું પંદરમું અને સોળમું વચનામૃત

❋ ભક્તિવાળાનાં લક્ષણો :

માગશર વદી ત્રીજને દિવસ દાદા ખાચરના દરબારમાં શોભાના ધામરૂપ અને સુખકારી એવા શ્રીહરિ સુંદર પલંગ ઉપર વિરાજમાન હતા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને સહુ ભક્તો દર્શન કરતા હતા. ૧-૨. તે વખતે શ્રીહરિના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩.

પછી શ્રીહરિએ એકાંતિક હરિભક્તની વાત કરી. કારણ કે વાત કર્યા વિના ખબર પડતી નથી. ૪. હવે શ્રીહરિએ જે રીતે વાત કરી હતી, તે

વાતને તે રીતે હું કહું છું. “જેનાં હૃદયમાં ભગવાનની દૃઢ ભક્તિ હોય, ૫. તેની વૃત્તિમાં સહજ સ્વભાવે તેવું વર્તે છે કે હું ભગવાન તથા સંતનો વેચાણ છું. ૬. માટે તેઓ મને જે જે વચન કહેશે તેમ મારે જરૂર કરવું છે. આવી રીતની હિંમત તેનાં હૃદયમાં પ્રેમ સાથે રહે છે. ૭. અને આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય; એવું હિંમત રહિત વચન તો તે ભૂલથી પણ બોલે નહિ. ૮. ભગવાન તથા સંતની સેવા હિંમત સહિત જ કરતો રહે. આ સત્સંગમાં હિંમત વગરનાની જેટલી કિંમત હોય તેટલી થઈ જાય છે. અને જે હિંમતવાળો ભક્ત છે તેની કિંમત થઈ શકતી નથી એવા હિંમતવાળા તો અમાપ જ રહે છે.

વળી, ભગવાનની મૂર્તિને અહોનિશ હૃદયમાં ધારવી, તેમાં તે ભક્તિવાળો ભક્ત દેહપર્યંત શૂરવીરપણું રાખે. અને તે મૂર્તિને ધારતાં ધારતાં કદાચ મૂર્તિ ન ધરાય તોપણ તે ક્યારેય કાયર થાય નહિ પણ પ્રેમયુક્ત તે મૂર્તિને ધારતો રહે છે. અને તેમાં નિત્ય નવીન શ્રદ્ધા રાખે છે. આમ તે ભક્ત હરખપૂર્વક મૂર્તિને ધારતો રહે છે. ૯-૧૨. મૂર્તિને ધારતાં ધારતાં જ્યારે અપાર ભૂંડા ઘાટ સંકલ્પ થાય અને તે ટાળ્યા પણ ન ટળે ત્યારે તેણે ભગવાનનો મોટો મહિમા સમજવો. અને પોતાને પ્રસન્નતાપૂર્વક પૂર્ણકામ માનવું. ભગવાન સિવાયના જેટલા સંકલ્પ થાય, તે કુસંગને લીધે થાય છે અને તે ભગવાનથી વિમુખ કરનારા છે તેમ માને. ૧૩-૧૫.

चोपाई :

भगवान बिन संकल्प जेता, मल सम जानी हि ताकु तेता;
खोटे करते रहत ताकू, खोटे कु न मानत हि वाकू...१७
भगवान के स्वरुप तिनकू, सरवोपरि जानकर हि इनकू;
हिया में रहे धारत ताही, धारत में छोर न देत रहाही...१८

આ દેહરૂપ જે બ્રહ્માંડ રહ્યું છે તેમાં વિચિત્ર જાતનાં જે ગુણો જેવા દેખાય છે તેવા ભગવાન સિવાયના જેટલા સંકલ્પ છે તેને મળ સમાન સમજીને ખોટા કરતો રહે છે. અને ખોટા કરેલા તે સંકલ્પોને માનતો નથી. ૧૬-૧૭. ભગવાનનાં સ્વરૂપને સર્વોપરી જાણીને તેને હૃદયમાં ધારતો રહે છે, પણ

ધારતાં ધારતાં તેને છોડી દેતો નથી. ૧૮. દસ વરસ અથવા પચીશ વરસ પર્યંત કે સો વરસ પર્યંત તે સ્વરૂપને ધારતો રહે, પણ ક્યારેય તેમાં કાયર ન થાય. અને ભગવાનના સ્વરૂપને ધારવાનું ક્યારેય છોડી દે નહિ. આ વાત જેવી શ્રેષ્ઠ વાત અમે કોઈ દેખી નથી. તે શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે કે, **'अनेकजन्मसंसिद्धस्ततो याति परां गतिम्'** (ગીતા-૬/૪૫) અનેક જન્મે કરીને સિદ્ધ થયેલો સાધક મોક્ષગતિને પામે છે. તેટલા માટે ભગવાનના સ્વરૂપને ધારતો રહે છે, છોડી દેતો નથી. ૧૯-૨૧. આવી રીતે જે ભક્ત વર્તતો હોય તે ભક્ત પરમ એકાંતિક કહેવાય છે." શરણાગતને સુખ આપનારા શ્રીહરિએ આવી તો ઘણી વાત કરી છે. ૨૨.

* ગઢડા પ્રથમ પ્રકરણનું સોળમું વચનામૃત :

માગશર વદી ચોથને દિવસ પરમ નિપુણ એવા શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર બેઠા હતા. અને અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૨૩-૨૪.

પછી શ્રીજીમહારાજે ભક્તજનોના પ્રત્યે જે રીતે વાત કહી તે હવે હું તમને કહું છું. ૨૫. "જે ભગવાનના ભક્તને સત્-અસત્નો વિવેક હોય તેની વાત કહું છું. ૨૬. તેવો વિવેકી ભક્ત હોય તે પોતામાં જે જે અવગુણ હોય તેને જાણે અને વિચારે કરીને તેનો ત્યાગ કરી દે. ૨૭. સંતમાં અથવા કોઈ હરિભક્તમાં પોતાને જે કાંઈ અવગુણ ભાસતો હોય તેનો પણ ત્યાગ કરે. ૨૮.

* ખપવાળા અને મહિમાવાળા ભક્તનાં લક્ષણ :

અને સંત તથા હરિભક્તમાં જે ગુણ રહ્યા છે તેને ગ્રહણ કરતો રહે છે. કેમ જે, જ્યાં સુધી જે સત્સંગમાં રહ્યો હોય છે ત્યાં સુધી તેનામાં સત્સંગના ખપરૂપી ગુણ તો રહ્યો હોય છે. વળી, જ્યાં સુધી ચાર નિયમોમાં વર્તે છે ત્યાં સુધી તેમાં ભગવાનનો નિશ્ચય કહેવાય. ૨૯-૩૦. અને જ્યાં સુધી સંતો તથા હરિભક્તોમાં રુચિ અને પ્રેમ વર્તતો હોય ત્યાં સુધી તેમાં ગુણ રહે છે. અને તે બધું તેના વર્તન-વ્યવહારમાં દેખાઈ આવે છે. ૩૧.

जितना खप रहायेउ जाही, वरतन कहत हे तरत ताही;
जामें जेसा गुन रहेऊ, वरतन प्रमान करत तेऊ...३२
महात्म सहित परमेश्वर तिनमें, दृढता वरतत रहे जो इनमें;
संत हरिजन तामें ताकू, निरदोष मति वरतत रहे वाकू...३३
भगवान संत जो हरिजन तिनकू, जो जो बचन कहे इनकू;
परम सत्य करी माने ताई, संशय कबहु न करत रहाई...३४

જેમાં જેટલો ખપ હોય છે તેને તેનું વર્તન તરત કહી દે છે. જેમાં જેવા ગુણ હોય તેને પણ તેનું વર્તન પ્રમાણરૂપ કરી દે છે. ૩૨. જેને માહાત્મ્યે સહિત પરમેશ્વરના સ્વરૂપમાં દૃઢતા રહેતી હોય તેને સંતો તથા હરિભક્તોમાં નિર્દોષ મતિ રહે છે. ૩૩. એવા ભક્તને ભગવાન તથા સંતો જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને, પણ તેમાં ક્યારેય સંશય કરે નહિ. ૩૪. ભગવાન અથવા સંત પ્રસન્ન થઈને એવું વચન કહે કે, 'દેહ, ઈન્દ્રિયો, મન તથા પ્રાણ તેનાથી જીવ જુદો છે, સત્ય છે અને તે સહુને જાણનારો છે. એવો તારો જીવ છે અને દેહાદિક બધા અસત્ય છે,' આવા જેટલાં વચન કહે તેને સત્ય માનીને દેહાદિક અસત્યથી પોતાના આત્માને જુદો માનીને વર્તે, પણ મનનાં ઘાટની ભેળો ભળી જાય નહિ. ૩૫-૩૭.

જેનાથી પોતાને બંધન થાય તેવી બાબતમાં પોતાનાં ચિત્તને ક્યારેય પરોવે નહિ. અને પોતાના એકાંતિક ધર્મમાં ક્યારેક ખોટ આવે તેવા પદાર્થને તથા કુસંગને ઓળખી રાખે. અને તે બધાથી દૂર જ રહે, પણ તેના બંધનમાં આવે નહિ. ૩૮-૩૯. અને જે શુદ્ધ-સવળા વિચાર હોય તેને ગ્રહણ કરે અને તુચ્છ-અવળા વિચારોનો ત્યાગ કરે. આવી રીતે જે હરિભક્ત વર્તે છે તે વિવેકી છે. અને તે તેનું વર્તન કહી દે છે." શ્રીહરિએ આ રીતે હરિભક્તોનાં હિતને માટે અપાર પ્રેમરસથી ભરેલી વાત કરી. આવો રસ બીજી કોઈ બાબતમાં હોતો નથી. ૪૦-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પંદરમું અને સોળમું વચનામૃત કહ્યું" એ નામે બારમો તરંગ સમાપ્ત ॥૧૨॥

પૂર એક્વીશમું : તરંગ - ૧૩

ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તરમું અને અઢારમું ચાલું વચનામૃત

⁕ સત્સંગમાં રહેલા કુસંગને કાઢવાની વાત :

માગશર વદી પાંચમને દિવસ શ્રીહરિવર દાદા ખાચરના દરબાર વિશે આથમણા બારના ઓરડામાં પલંગ ઉપર વિરાજમાન હતા. અને રામાનુજભાષ્ય સહિત ગીતાને વંચાવતા હતા. ૧-૨. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ૩. તે સમયે પીળાં પુષ્પનો હાર પહેર્યો હતો અને પીળાં પુષ્પનાં તોરા પાઘમાં લટકતાં હતાં. ૪. ત્યારે બહુનામી શ્રીસહજાનંદસ્વામી અત્યંત પ્રસન્નતાથી વિરાજમાન હતા.

તે સમયે મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામી એ આદિક સાધુઓને બોલાવ્યા અને તેની સભા થઈ. ત્યારે શ્રીહરિ તે સહુના પ્રત્યે બોલ્યા, ૫-૬. "આપણા આ સત્સંગમાં થોડોક કુસંગનો ભાગ રહ્યો જાય છે. આજ તેને જરૂર કાઢવો છે અને તેટલા માટે જ તમને અહીં અમારી પાસે બોલાવ્યા છે. ૭. આજે અમે જેવી વાત કરવાના છીએ તેનું તેવું પ્રકરણ સત્સંગમાં ચલાવવું છે. હવે તે વાત કહીએ છીએ. કેમ જે, કહ્યા સિવાય દેખાતું નથી. ૮. સર્વે પરમહંસ તથા સાંખ્યયોગી, કર્મયોગી સત્સંગી, તે સર્વમાં જે રીતે પ્રવર્તે તે રીતે આ પ્રકરણ ચલાવવું છે. ૯. સત્સંગમાં જે કુસંગ રહ્યો છે તે અમે આજે બતાવીએ છીએ. હિંમત વિનાની જે વાત કરે છે તે આ સત્સંગમાં કુસંગ છે. ૧૦.

જે વિવેક વિનાના હરિભક્તો છે તે એવી વાત કરે છે કે, ભગવાનનાં જે વચન છે તેને યથાર્થ કોણ પાળી શકે છે ? ૧૧. વ્રતમાન તથા ધર્મ, તેને યથાર્થ કોણ પાળી શકે છે ? માટે જેટલું પળે તેટલું સત્સંગમાં પાળવું. ૧૨. ભગવાન તો અધમઉદ્ધારણ, પતિતપાવન છે. અશરણશરણ અને દીનબંધુ કહેવાય છે. ૧૩. તેઓ જરૂર આપણું કલ્યાણ કરશે. તેમાં રતીભાર પણ સંશય નથી. આ સિવાય તેઓ બીજી જે વાત કરે છે તે પણ હવે કહું છું. ૧૪.

ભગવાનના સ્વરૂપને હૃદયમાં ધારવું તે અનુપમ વાત છે, પણ તે ક્યારેય આપણું ધાર્યું ધરાતું નથી. ૧૫. તે તો ભગવાન જેના ઉપર દયા કરે ત્યારે તેનાથી તે સ્વરૂપ તરત ધાર્યામાં આવે છે. ૧૬. આવી જેટલી વાત છે તે બધી પુરુષાતન વિનાની કહેવાય છે. આવી હિંમત વિનાની વાત છે તે જ સત્સંગમાં કુસંગ રહ્યો છે. ૧૭. હિંમત વિનાની વાત કરીને બીજાને ધર્મ તથા જ્ઞાનથી પાછો પાડી દે છે, તેમજ વૈરાગ્ય અને ભક્તિ આદિક જે ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન છે તેમાંથી મોળા પાડી દે છે. આવી રીતની વાતે કરીને સત્સંગમાં રહેલા કુસંગને ઓળખવો. માટે હવે આજ દિવસથી આરંભીને કોઈએ ક્યારેય હિંમત વિનાની વાત ભૂલથી પણ કરવી નહિ, સદા હિંમતે યુક્ત જ વાત કરવી. ૧૮-૨૦. જે આવી હિંમત રહિત વાત કરે તેને નપુંસક જાણવો. અને જે દિવસે આવી હિંમત વિનાની વાત જે કોઈ સંત કે હરિભક્ત કરે, તો તેણે એક દિવસ ઉપવાસ કરવો. સત્સંગમાં આ વાતનું પ્રકરણ ચલાવવું છે." એમ શ્રીહરિએ કહ્યું. ૨૧-૨૨.

❋ વચનામૃત ગ.પ્ર.૧૮ વિષય ખંડનની તથા સંગશુદ્ધિની વાત :

માગશર વદી છઠને દિવસ રાત્રિ પાછલી પહોર બાકી રહી ત્યારે(વહેલી સવારે ત્રણ વાગે) બહુનામી શ્રીસહજાનંદસ્વામી દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીની આગળ ચોકમાં પલંગ ઉપર આવીને બેઠા હતા. અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૩-૨૪. પછી તેમણે પરમહંસો અને સત્સંગીઓને પોતાની પાસે બોલાવ્યા. ત્યારે સહુ મનનાં અત્યંત ઉલ્લાસથી તત્કાળ ત્યાં આવ્યા. ૨૫.

પછી શ્રીહરિ ઘણીવાર સુધી તો પોતે વાતને મનમાં વિચારી રહ્યા. અને પછી બોલ્યા કે, "અમે એક વાત કહીએ છીએ. તેને સહુ સાવધાન થઈને સાંભળો. મારાં મનમાં એવો વિચાર થાય છે કે, પાત્ર વિના વાત કરવી નહિ. ૨૬-૨૭. પણ તમે અમારાં થયા છો એટલા માટે હવે અમે તે વાતને કહિએ છીએ. માટે આદરથી સહુ સાંભળો. કેમ જે, આદર વગર શું સાંભળ્યું ? તે તો ન સાંભળ્યા તુલ્ય છે. ૨૮. અમારી આ વાતને સમજીને જ્યારે તે પ્રમાણે જ કોઈ વર્તે છે ત્યારે તે નિશ્ચિત મુક્ત થાય છે. એવી

વાત હવે અમે કહીએ છીએ. ૨૯. આ વાતને જ્યાં સુધી નથી જાણતા ત્યાં સુધી તો ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ અને ભારત આદિક ઈતિહાસ, તેને ભણવાથી તથા તેના અર્થને જાણવાથી અથવા સાંભળવાથી મોક્ષરૂપ પુરુષાર્થ સિદ્ધ થતો નથી. ૩૦-૩૧.

જેનાથી તત્કાળ મોક્ષ થાય અને છતાં દેહે મુક્ત થઈ જાય, એવી અમે આ વાત કરીએ છીએ. તેમાં અમે પહેલા અમારી સમજણ કહીએ છીએ. ૩૨. તેને તમે પરમ હેતથી સાંભળો. આવી વાત અમે ક્યારેય કરી નથી. જે જે બાબત જેવી હોય છે તે વાત કરવાથી દેખાય આવે છે. ૩૩. વાતરૂપી સૂર્ય એવો છે કે જેનાથી અંતરનું લેશમાત્ર પણ અંધારું રહેતું નથી. અને અંતરનું અંધારું ટાળવા માટે જ વ્યાસ આદિક મુનિઓએ ગ્રંથ રચ્યા છે. ૩૪. બહેરાને માટે નેત્ર છે એ જ કાન રહ્યા છે. અર્થાત્ કાનનું કામ આંખ કરે છે અને અંધને માટે કાન એ જ નેત્ર છે. આંખ અને કાન વિના તો પશુ(જડ) જેવો કહેવાય. અંદર અને બહાર ગમે એટલી ઉપાધિનો યોગ થાય, પણ તેનો જો મનમાં કાંઈ સંકલ્પ ન થતો હોય તો અમારા અંતરમાં તેનો કાંઈ ખેદ-રંજ થતો નથી. પણ જેનો અમને અંતરમાં ખેદ થાય તેનો અમે તરત ત્યાગ કરી દઈએ છીએ. ૩૫-૩૭.

જે જે પદાર્થનો અંતરમાં રંચ જેટલો પણ ઘાટ થાય તો જ્યારે અમે તેનો ત્યાગ કરીએ ત્યારે સુખ વર્તે છે. ૩૮. અમારો જેવો સ્વભાવ છે તે તમને કહ્યો. અમે જે વિચાર કર્યો છે તે હવે તમને ખોલીને(સ્પષ્ટરૂપે) કહીએ છીએ. ૩૯. ભગવાનના ભક્તનાં હૃદયમાં જે વિક્ષેપ(વિઘ્ન કે ઉદ્વેગ) થાય છે તેનું કારણ શું છે ? ૪૦.

❋ ઈન્દ્રિયોનો સ્વભાવ અને સંગનો પ્રભાવ :

પછી અમે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારની સામે જોયું, ત્યારે તે અંતઃકરણ પણ ઉદ્વેગનું કારણ ન દેખાયું. પછી અમે વારંવાર અંતરમાં જોયું તો જણાયું કે, ભગવાનનાં સ્વરૂપના નિશ્ચયનું બળ અથવા આત્મજ્ઞાનનું બળ છે તેના યોગે કરીને અંતઃકરણમાં ગાફલાઈ રહે છે. ૪૧-૪૩. તે ગાફલાઈ કેવી રહે છે ? તો,'ભગવાન મળ્યા છે એટલે જેટલું કરવાનું હતું તે બધું

હવે કરી લીધું છે, હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી.' આવી જે ગફલત રહે છે એટલો જ અંતઃકરણનો વાંક અમે દેખ્યો. અને ઝાઝો વાંક તો અમને પાંચ જ્ઞાનઇન્દ્રિયોનો દેખાયો. ૪૪-૪૫.

હવે અમે તેની વિગત કહીએ છીએ. વિગત કર્યા સિવાય ગમ પડતી નથી. દૂધમાં જે ઘી રહ્યું છે તેની વિગત કર્યા(જૂદું પાડ્યા) સિવાય તે દેખાતું નથી. ૪૬. શેરડીમાં ગોળ અને સાકર રહ્યા છે તે પણ વિગત કર્યા સિવાય દેખાતા નથી. અને વૃક્ષમાં જે ફળ રહ્યા છે તે તેના યોગ્ય સમયે દેખાય છે. ૪૭. આવી તો અનંત વાતો છે. તે બતાવ્યા સિવાય દેખાતી નથી. જ્યારે ત્રિકાળનું જ્ઞાન થાય છે ત્યારે તેને તે વાત સહેજે સમજાય છે. ૪૮. જેને ત્રિકાળનું જ્ઞાન પ્રાપ્ત થાય છે તેને જ વાતમાં જે રહસ્ય હોય તે સમજાય છે. જે ઇન્દ્રિયનો જેવો ગુણ હોય છે તે તેની વાત કરીને વિગતિએ સહિત દેખાડવામાં આવેતો તે દેખાય છે. વિગત કર્યા સિવાય દેખ્યામાં આવતું નથી. વિવિધ પ્રકારનાં ભોજનને મનુષ્ય જ્યારે જમે છે, ૪૯-૫૦.

ત્યારે દરેક ભોજનનો જે રીતનો જુદો જુદો સ્વાદ હોય છે તે જમવાથી જણાય છે. અને તે ભોજનમાં જે જુદા જુદા ગુણ રહ્યા છે તે ભોજન જમનારાના અંતઃકરણ અને શરીરમાં પ્રવર્તે છે. ૫૧-૫૨. કોઈ પ્રભુનો ભક્ત જો લીલાગરભાંગને પીવે, તો તે ભાંગના ગુણ જેવા હોય છે તેવા તે ભક્તમાં પ્રવર્ત્યા સિવાય ક્યારેય રહે નહિ. તે ભાંગના કેફે કરીને તેના વ્રતમાનની અને ભગવાનના ભજનની પણ તેને ગમ રહેતી નથી. ૫૩-૫૪. તે રીતે જ અનંત પ્રકારનાં ભોજનનાં જે વિવિધ પ્રકારના ગુણો છે તે લીલાગરભાંગના જેવા અનંત પ્રકારના છે. ૫૫. તેનો ગણતા પાર આવે નહિ. તેને અહીંયા દિશમાત્ર દેખાડીએ છીએ. તે રીતે જ જીવ શ્રોત્ર ઇન્દ્રિય દ્વારાએ અનંત પ્રકારના શબ્દોને સાંભળતો રહે છે. તે શબ્દોના ગુણ પણ જુદી જુદી રીતે અનંત પ્રકારના હોય છે. ૫૬-૫૭. જીવ જેવા શબ્દને સાંભળે છે તેવો ગુણ તેના અંતઃકરણમાં જરૂર પ્રવર્તે છે. તેમાં તલભાર પણ ખોટું નથી. ૫૮. જેમ કોઈ હત્યારો જીવ હોય અથવા કોઈ વ્યભિચારી પુરુષ કે સ્ત્રી હોય, તે વેદ અને લોકની મર્યાદાને લગારેય રાખતા ન હોય અને

મર્યાદાને લોપીને ચાલતા હોય; એવા તે ભ્રષ્ટ જીવ તેની જે વાત સાંભળવી તે લીલાગરભાંગ પીધા જેવી છે. ૫૯-૬૦. અથવા જેમ દારૂ પીવે તેમ જ પાપી માણસની વાત સાંભળવી તે છે. કેમ જે, પાપીની વાતને જે સાંભળે છે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાય છે. ૬૧.

પાપી માણસની વાત એવી હોય છે કે તે ભગવાનનું ભજન-સ્મરણ અને પોતાના વ્રતમાનને તત્કાળ ભુલાવી દે છે. ૬૨. તે રીતે જ ત્વચા ઈન્દ્રિયનો વિષય સ્પર્શ છે. તે અનંત પ્રકારનો હોય છે અને તેના જે ગુણ છે તે પણ જુદા જુદા બહુ ભાતના અપાર હોય છે. તે માટે ભગવાનના ભક્તોએ તેનાથી નિત્ય ડરીને ચાલવું. કેમ જે, પાપી જીવનો જે સ્પર્શ છે તે ભાંગ અને દારૂના સમાન છે. ૬૩-૬૪. તે સ્પર્શ કરનારો ભગવાનનો ભક્ત હોય તે જેટલી ગાફલાઈ રાખે છે તેટલી સ્પર્શવિષય તેની બધી સૂધબૂધને ભુલાવી દે છે. ૬૫. તે રીતે જ રૂપ પણ અનંત પ્રકારના હોય છે. અને તેના ગુણ પણ અનંત જાતના જુદા જુદા કહેવાય છે. ગાફલને તે દેખાતા નથી. ૬૬. કોઈ ભ્રષ્ટ માણસને જોવો તે લીલાગરભાંગને સમાન છે અથવા તો દારૂને સમાન છે. માટે ભ્રષ્ટ માણસને જોવાનું દૂરથી તજવામાં જ ભલાઈ છે. ૬૭.

તે રીતે જ ગંધ પણ અનંત પ્રકારના છે. અને તેના ગુણ પણ જુદા જુદા અનંત પ્રકારના છે. ૬૮. કોઈ પાપી માણસના હાથના પુષ્પ કે ચંદન, તેની જો સુગંધ લેવામાં આવે તો માણસનું મન ભ્રષ્ટ થઈ જાય છે ૬૯. જેમ લીલાગરભાંગ અને દારૂ પીવાથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે તે રીતે ભગવાનના ભક્તની બુદ્ધિ પણ પાપી માણસને ચડેલા ચંદન પુષ્પાદિકનો ગંધ લેવાથી ભ્રષ્ટ થઈ જાય છે. ૭૦. જેમ પાપી માણસના યોગે કરીને માણસની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે તેમ ભગવાન અને સંતોનો યોગ થવાથી તેનો પાશ લાગતા બુદ્ધિ શુદ્ધ થાય છે. ૭૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તરમું અને અઢારમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે તેરમો તરંગ સમાપ્ત ॥૧૩॥

પૂર એકવીશમું : તરંગ - ૧૪

ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું અઢારમું વચનામૃત પૂરું થયું

❋ સાર-અસારનો વિભાગ કરી વિષય ગ્રહણ કરવા :

પછી શ્રીહરિ પોતાના ભક્તજનો પ્રત્યે જે વાત ફરીને કહેવા લાગ્યા તે સાક્ષાત્ અલૌકિક વાતને હવે હું કહું છું. ૧. "માણસની બુદ્ધિ ચાહે તેટલી ભ્રષ્ટ હોય, પણ તે જો ભગવાન અને સંતોના શબ્દને સાંભળે તોતે માણસ ઉત્તમ-પવિત્ર થઈ જાય છે. તે રીતે જ તેમનો જો સ્પર્શ કરે અને નિષ્કપટભાવે સેવા કરે ત્યારે તેની બુદ્ધિ ઉત્તમ થઈ જાય છે. ૨-૩. પણ પોતાના વ્રતમાન નિયમની જેવી રીત હોય તે બધી રીત રાખીને સંતોનો સ્પર્શ કરવો. ૪. **જેની જેવી મર્યાદા બાંધી હોય, તે મર્યાદાને દેખીને તે રીતે ચાલવું જોઈએ. કારણ કે મર્યાદામાં જ બધી સિદ્ધિ રહી છે. મર્યાદા વિના તો પશુ જેવા કહેવાય છે. ૫.** સંતનો જે સ્પર્શ કરવો તેમાં પણ જેને સ્પર્શ કરવાનો અધિકાર ન હોય તે સ્ત્રીઓ આદિકને માટે તેની જે રીત છે.

તેને હવે હું કહું છું, જેનાથી તે પરમ પવિત્ર બને. મોટા સંતોનાં ચરણની રજ જ્યાં પડી હોય તેનો જે ભાવથી સ્પર્શ કરે, તથા તે ચરણરજને પ્રેમથી માથે ચઢાવે અને નિષ્કપટ વર્તન રાખે, તો તેનાથી તે પવિત્ર થઈ જાય છે. ૬-૮. તે રીતે જ ઉત્સાહથી સંતોનાં દર્શન કરવાથી માણસ પવિત્ર થઈ જાય છે. પણ તેમાં પોતપોતાના નિયમોને રાખીને સંતોનાં દર્શન કરવાં. ૯. તે રીતે જ સંતની જે પ્રસાદી હોય તેને જમવાથી પવિત્ર થાય છે. તેમાં પરમેશ્વરે વર્ણાશ્રમની મર્યાદા જે રીતે બાંધી છે, તેને ધ્યાનમાં રાખીને જેને ખપતી હોય તેણે પ્રસાદી લેવી. અને જેને ન ખપતી હોય તેણે સાકરની પ્રસાદી કરાવીને તે લેવી. ૧૦-૧૧.

તે પ્રસાદી લેવામાં કોઈ જાતનો બાધ નથી. તે પ્રસાદી પવિત્ર કરે છે. તે રીતે જ સંતોને ચઢેલા પુષ્પ અને ચંદનની જે સુગંધ લેવાય તેનાથી સુગંધ લેનારની બુદ્ધિ નિર્મળ થઈ જાય છે. આ રીતે વિષયના સાર-અસારને સમજીને વિષય ગ્રહણ કરવા. ૧૨-૧૩. **જે પંચવિષયને સમજ્યા વગર જેટલા ભોગવે છે તેટલું તેને બંધન થાય છે. તેમાં સાર અને અસારનો**

વિભાગ કર્યા સિવાય તે પંચવિષય જેટલા ભોગવાય છે, તે ભોગવનારા નારદ-સનકાદિક જેવા મોટા હોય, તોપણ તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. તો પછી દેહાભિમાની જીવની તો વાત જ શી કહેવી ? ૧૪-૧૬. તેટલા માટે જે યોગ્ય-અયોગ્યને જોયા સિવાય પાંચેય જ્ઞાનેન્દ્રિયોને જેટલી છૂટી મૂકી દે છે, તેટલું તેનું અંતઃકરણ જરૂર ભ્રષ્ટ થઈ જાય છે. અને તે મોક્ષના માર્ગથી પડી જાય છે. જીવ પાંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે આહાર કરે છે, તે આહાર જેટલો શુદ્ધ હોય છે તેટલું તેનું અંતઃકરણ શુદ્ધ થાય છે. અને જેટલું અંતઃકરણ શુદ્ધ રહે છે તેટલી ભગવાનની અખંડ સ્મૃતિ રહે છે. ૧૭-૧૯.

પછી તે સ્મૃતિ રાત્રિ દિવસ રહે છે પણ ક્યારેય તેનું વિસ્મરણ થાતું નથી. પાંચેય ઇન્દ્રિયોના આહારમાંથી એક પણ ઇન્દ્રિયનો આહાર જો ક્યારેક મલિન થઈ જાય તો તેનું અંતઃકરણ તેટલું મલિન થઈ જાય છે; તેમાં કોઈ સંદેહ નથી. આ વાત અમે જોઈને કહીએ છીએ. ૨૦-૨૧. તે માટે ભગવાનના ભક્તને ભગવાનનું ભજન કરવામાં જેટલો વિક્ષેપ આવે છે તેનું કારણ અમે તમને બતાવી દીધું છે. ૨૨. તે વિક્ષેપનું કારણ તો પાંચ ઇન્દ્રિયોના વિષય જ છે. તેમાં અંતઃકરણનો વાંક નથી. અમે જ્યારે તપાસ કરી ત્યારે તે બધું દેખાય આવ્યું છે. ૨૩. આ જીવ જેવી સોબત રાખે છે તેવું તેનું અંતઃકરણ થાય છે. જ્યારે માણસ વિષયીજનોની સભામાં જઈને બેસે છે, ત્યારે તે જગ્યા સારી સાત માળની હવેલી હોય અને તેને કાચના તક્તાઓથી સુંદર બનાવી હોય, ૨૪-૨૫. તેમાં અનેક પ્રકારના સુંદર બિછાના બિછાવ્યા હોય, અને સારાં વસ્ત્ર આભૂષણ પહેરીને અપાર વિષયીજનો ત્યાં ભરાઈને બેઠા હોય, અને દારૂના ભરેલા શીશા પરસ્પર પાતા હોય અને કેટલાક દારૂના ભરેલા શીશા પડ્યા હોય, ત્યાં વિવિધ પ્રકારનાં વાજિંત્રો વાગતાં હોય અને વેશ્યાઓ થેઈથેઈકાર કરતી હોય; તે સભામાં જઈને જે મનુષ્ય બેસે તે વખતે તેનું અંતઃકરણ વિષયી માણસના જેવું થઈ જાય છે. ૨૬-૨૯.

તેવી જ રીતે ફાટેલ-તૂટેલ ગોદડીવાળા ભગવાનના ભક્ત પરમહંસ જેવા તેવા સ્થળમાં ઘાસની ઝૂંપડી વિશે બેઠા હોય, અને તેની આગળ

પરમહંસની સભા ભરાઈને બેઠી હોય, અને તે સભામાં ધર્મ, જ્ઞાન અને વૈરાગ્ય સહવ્રતમાન ભક્તિ સંબંધી ભગવદ્દ્વાર્તા થતી હોય, તેને સાંભળી રહેલા લોકો પરમ આનંદ પામી રહ્યા હોય; તેવી સભામાં જઈને જો કોઈ માણસ બેસે તો તેવે સમયે તેનું અંતઃકરણ બીજી જ જાતનું (અલૌકિક) થઈ જાય છે. એટલે માણસનું અંતઃકરણ સત્સંગ કે કુસંગ કરવાથી જેવું થઈ જાય છે, ૩૦-૩૩. તેને જે માણસ વિચારીને જૂએ તો તે તરત જ જણાઈ આવે છે. પણ ગબરગંડ-મૂર્ખને તો કાંઈ ખબર પડતી નથી. ૩૪. આ જે વાત અમે કહી છે તે સમજુને માટે કહેલી છે, પણ જે મૂરખ હોય અને પશુની રીતે રહેતો હોય તેને તેમાં ચોક્કસ કાંઈ સમજાતું નથી. ૩૫.

જે માણસને કાંઈક વિવેક હોય અને કાંઈક ભગવાનનો આશ્રિત હોય, તેને આ બધી વાત તરત જ સમજ્યામાં આવે છે. ૩૬. અમે પરમહંસો અને બધા હરિભક્તોને નિશ્ચિતરૂપમાં કહીએ છીએ કે, ક્યારેય કુપાત્ર માણસનો સંગ રાખવો નહિ. ૩૭. સત્સંગ થયા પહેલા તો કોઈ કુપાત્ર હોય તેને નિયમ ધરાવીને સત્સંગમાં લેવો તેમાં તો કાંઈ બાધ નથી. ૩૮. પણ સત્સંગમાં આવ્યા પછી જો કોઈ બાઈ-ભાઈ કુપાત્રપણું રાખે તો તત્કાળ તેને સત્સંગમાંથી બહાર કરવા, પણ તેમાં લગારેય લોભ કરવો નહિ. કારણ કે, લોભ પાપનું મૂળ છે. ૩૯-૪૦.

જેમ કોઈનાં અંગે સાપ કરડ્યો હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય, તો તેટલું અંગ જો તરત કાપી નાખવામાં આવે તો પોતે બાકીના શરીરે કુશળ રહે છે. ૪૧. પણ તેનો જેટલો લોભ રાખવામાં આવે છે તેટલો તેમાં બગાડ થાય છે. તેમ જ સત્સંગમાં જેટલા કુપાત્ર મનુષ્ય દેખવામાં આવે, તેનો તત્કાળ ત્યાગ કરવો અને તેનો લોભ તરત જ છોડી દેવો. જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું હોય તે બધા અમારું આ વચન ભલા થઈને જરૂર ને જરૂર માનજો. અને જો તમે સર્વે આ અમારું વચન માનશો તો તેટલી તમે અમારી સેવા કરી છે એમ અમે માનશું. અને તમારા ઉપર ઘણા રાજી થઈને તમને સહુને આશીર્વાદ આપશું. ૪૨-૪૪.

❋ જેટલો નિયમમાં રહે તેટલું સુખ રહે :

चोपाई :

नियम रूप धर्म हम हि जेऊ, अपार शास्त्र देखकर तेऊ;
श्रेय में श्रेय रहे जो बाता, नियम रूप परम सुखदाता...४५
जितना नियम कहावत तामें, सुख तितना रहाये यामें;
नियम उलंघन करत हे जेता, भव ब्रह्मा देव सम तेता...४६
तितना दुःख आवत हे तिनकू, सुख न रहत हि कबहु जो इनकू;
ओर जन ताके कहा लेखा, नियमकर सुख होत अलेखा...४७
सुख हित नियम बंधेउ जोई, श्रम बहुत करीके हम सोई;
नियम में सुख न देखत ताकू, अपार दुःख आवत रहे वाकू...४८

અમે અપાર શાસ્ત્ર દેખીને નિયમરૂપ ધર્મને સહુથી વધારે કલ્યાણકારી અને પરમ સુખદાયક જાણ્યો છે. ૪૫. જેટલા નિયમો છે તે બધામાં સુખ રહ્યું છે. ભવ, બ્રહ્માદિક દેવોના સમાન કોઈ હોય તે પણ જેટલું નિયમોનું ઉલ્લંઘન કરે છે, તેટલું તેને દુઃખ આવે છે અને તેમને ક્યારેય સુખ રહેતું નથી. તો પછી બીજા માણસના તો શા લેખા ? નિયમે કરીને અપાર સુખ થાય છે. ૪૬-૪૭. માટે અમે ઘણો પરિશ્રમ કરીને તમારા સુખ માટે ધર્મ-નિયમો બાંધ્યા છે. **જે નિયમોમાં સુખ ન દેખતો હોય તેને અપાર દુઃખ આવતું રહે છે. ૪૮. તમે જેટલા હરિભક્તો છો તે બધા જો દઢતાથી નિયમોને રાખશો તો તમે અમારો પરિશ્રમ સફળ કર્યો છે. ૪૯. જે હરિભક્તો દઢતાથી નિયમોને પાળશે તે બધા ભગવાનનાં ધામમાં અમારી ભેળા રહેશે. ૫૦.**

નિયમ ધાર્યા પછી જે નિયમને પૂરા પાળતા નથી તેને અંતર્યામી ભગવાન જાણે છે. ૫૧. પછી જેનો જેવો ભાવ હોય તેને દેખીને તેનો તેવો મોક્ષ કરે છે. કારણ કે જેવો ભાવ હોય તેવો મોક્ષ થાય છે. ૫૨. અમે જેના જેવા નિયમ બાંધ્યા છે તે બધા તેમને સુખી કરવા માટે જ બાંધ્યા છે, પણ જે લોકો છાની રીતે તે નિયમોનું ઉલ્લંઘન કરે છે તે બધા ભૂત અથવા બ્રહ્મરાક્ષસના દેહને જરૂર પામે છે. તેમાં તલભાર પણ ખોટું નથી. નિયમોને જે રીતે જાણવા-પાળવામાં આવે છે તેવાં દેહને તે પામે છે. ૫૩-૫૪.

નિયમોએ સહિત પ્રેમથી ભગવાનની જેટલા દિવસ ભક્તિ કરી હોય છે, તેનું જે કાંઈ ફળ થયું હોય તેનો ક્યારેય નાશ થતો નથી. ૫૫. પણ તે ભક્ત જ્યારે સત્સંગનો દ્રોહ કરે ત્યારે તે ભક્તિનું તેને રતીભાર પણ ફળ રહેતું નથી. જે મનુષ્ય નિષ્કપટભાવે સત્સંગનો જેટલો સત્કાર કરે છે, તથા ભગવાનને દૃઢપણે કરીને ભગવાન જ જાણે છે, અને તે ભગવાનનાં જેટલાં ચરિત્રો હોય તેમાં દિવ્યભાવ જ દેખતો રહે છે, ૫૬-૫૭.

दिव्य भावकर दिव्य हो जाते, मनुष्य भाव मायिक हि रहाते;
मनुष्य भाव जानत जिहाँ लगहू, भगवान से दूर तिहाँ लगहू...५८

તે ભક્ત દિવ્યભાવ રાખવાથી દિવ્ય થઈ જાય છે અને જો મનુષ્યભાવ રાખે તો માયિક જ રહે છે. ભગવાનમાં જ્યાં સુધી મનુષ્યભાવ જાણે છે ત્યાં સુધી તે ભગવાનથી દૂર રહે છે અને બહુ દુઃખને સહે છે. પછી તો તે દુઃખમાં પણ સુખ દેખવા લાગે છે. પછી જ્યારે કાળે કરીને ભગવાનના સંતનો તેને યોગ થાય અને તે સંતનું વચન માને, ત્યારે તે સંસારસાગરને તત્કાળ તરે છે. અમે જે રીતે વાત કરીએ છીએ તે રીતે જ્યારે વર્તશે ૫૮-૬૦. ત્યારે જ તે મુક્ત થઈને ભગવાનનાં ધામને પામશે. પણ જે અમારો વાદ(દેશી) લેશે તે ઘણો દુઃખી થશે. ૬૧. કેમ જે, નરનારાયણ ભગવાન અમારાં હૃદયમાં પ્રગટપણે અખંડ વિરાજમાન રહે છે. તેઓ અમારાથી લગાર પણ દૂર થાતા નથી. ૬૨.

અમે મનુષ્યદેહ ધાર્યો છે છતાં અનાદિમુક્ત છીએ. તે કોઈના ઉપદેશે કરીને અમે મુક્ત થયા નથી. ૬૩. અને અમે તો અમારા મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્તને પકડી લઈએ છીએ, તેમાં કાંઈ વાર લાગતી નથી. જેમ સિંહ બકરાને પકડે છે તેમ અંતઃકરણને અમે તત્કાળ પકડી લઈએ છીએ. બીજાને તો અંતઃકરણ દેખ્યામાં પણ આવતું નથી. માટે અમારો વાદ લઈને જાણે જે ઉપાધિમાં રહીને શુદ્ધ રહેશું. પણ તે તો નારદ અને સનકાદિક જેવા હોય તેને પણ ઘણું કઠણ છે. તો બીજાની તો વાત જ શું કરવી ? માટે સમર્થનો વાદ લેવો નહિ. **સમર્થની આજ્ઞા પ્રમાણે ચાલવામાં જ સુખ રહ્યું છે.** ૬૪-૬૭.

આજ સુધીમાં અપાર મુક્ત થઈ ગયા છે અને હજી પણ અપાર મુક્ત થશે, પણ ઉપાધિમાં રહીને કોઈ નિર્લેપ રહે તેવો અમે કોઈ દેખ્યો નથી. ૬૮. અને હવે પછી તેવો કોઈ થવાનો પણ નથી અને હાલમાં પણ એવો કોઈ ભૂમિ પર નથી. અરે ! કોઈ કરોડો કલ્પ સુધી સાધનો કરીને પણ તેવો બનવા કોઈ સમર્થ થવાનો નથી. ૬૯.

શ્રીહરિની સર્વ ક્રિયા બીજાનાં કલ્યાણ માટે છે :

અમે કહ્યું તે પ્રમાણે જ્યારે વર્તશે ત્યારે જ તેનું કલ્યાણ થશે. વળી, અમે કોઈને હેત કરીને ઘણા પ્રેમભાવથી બોલાવીએ છીએ, તે તો તે ભક્તનાં કલ્યાણને માટે બોલાવીએ છીએ. અને અમે ઘણું હેત દેખાડીને કોઈની સામે વારંવાર દેખીએ છીએ અથવા કોઈ ભક્તજન શ્રેષ્ઠ ભોજન બનાવી લાવે અને તે અમે જમીએ છીએ; તે બધું તો તે ભક્તના ભાવ માટે કરીએ છીએ. ૭૦-૭૨.

અથવા કોઈ ભક્તજન સારો પલંગ બિછાવી દે છે, તેના ઉપર બેસીએ છીએ તે પણ ભક્તજનોને સંભારવા માટે છે. વળી વિવિધ પ્રકારનાં સારાં વસ્ત્ર, આભૂષણ, જાત જાતના ફૂલહાર ઇત્યાદિક અપાર પદાર્થોને ભક્તજનો લાવે છે. **તેને અમે જે અંગીકાર કરીએ છીએ તે તેનું કલ્યાણ કરવા માટે સ્વીકારીએ છીએ, પણ અમારાં સુખ માટે નથી કરતા. ૭૩-૭૫. તે પદાર્થોને અમે ક્યારેય પોતાનાં સુખ માટે અંગીકાર કરતા નથી. કારણ કે, અમે આ લોકનાં સુખ અનિત્ય છે એમ ચોક્કસ દેખીએ છીએ. ૭૬.** અમે એવો નિશ્ચય કર્યો છે કે, કરોડો કલ્પ વીતી જાય તોપણ જેટલી અસત્ય બાબત છે તે ક્યારેય સત્ય થતી નથી અને સત્ય વાત ક્યારેય અસત્ય થતી નથી. ૭૭. જેટલી સવળી વાતની સમજણ છે તે સુખનો માર્ગ છે. અને જેટલી અવળી વાતની સમજણ છે તે દુઃખનો માર્ગ છે. ૭૮. જેટલી નિષેધ કરેલી ખરાબ બાબત છે તેનો અમે ત્યાગ કરાવીએ છીએ. અમે અમારાં સુખને માટે કોઈ પદાર્થ ગ્રહણ કરતા નથી. ૭૯.

અમે અમારા ગુરુ રામાનંદસ્વામીના સમ ખાઈને અમારું જેવું વર્તન છે તે યથાર્થરૂપમાં કહીએ છીએ. ૮૦. માટે આવું વિચારીને અમારાં વર્તનને

દેખીને કોઈએ ક્યારેય અમારો વાદ ભૂલથી પણ ન લેવો અને જે લેશે તે ખુવાર થઈ જશે. ૮૧. જેટલા અમારો વાદ લેશે અને મનમુખી થઈને વર્તશે તેઓ ચાહે તેટલો ત્યાગ રાખે, તોપણ તેમને કાલનેમિના જેવા જાણવા. ૮૨.

માટે પાંચે જ્ઞાનેન્દ્રિયોના આહારને અતિશય શુદ્ધપણે રાખવા; આવું જે અમારું વચન છે તેને તમે જરૂરાજરૂર અતિ આદરથી માનજો. અમે જેટલી વાત કરી તે બધી સમજાય તેવી સુગમ છે, માટે તેને તમે દૃઢ કરીને રાખજો. ૮૩-૮૪. અને આ વાત સત્સંગમાં જેમ અતિશય પ્રવર્તે તેમાં અમે ઘણા પ્રસન્ન છીએ." ૮૫.

આટલી જે વાત કરી તે વાતને લખવાનું કહીને શ્રીહરિ સહુને પ્રેમથી જય સચ્ચિદાનંદ કહી પોતાને ઉતારે આવ્યા. ૮૬. કોઈ દિવસ વાત ન કરી હોય તેવી આ વાત છે. તે એક વખત જો જતી રહે તો ફરીવાર આવતી નથી. લખ્યા સિવાય ક્યારેય વાત રહેતી નથી. ૮૭. શ્રીહરિ જે જે વાત કહેતા હતા તે વાતને સંભારીને લખાવી લેવાની મુક્તાનંદસ્વામીને આજ્ઞા કરી હતી. ૮૮. તે શ્રીહરિનાં વચનોને મુક્તાનંદસ્વામીએ તેમને રાજી કરવા માટે બે હાથ જોડીને પોતાને માથે ચઢાવ્યા હતા. ૮૯. તેથી શ્રીહરિ જે જે વાત કહેતા હતા, તેને મુક્તાનંદસ્વામી યાદ રાખતા હતા. અને સંતોને પોતાની પાસે બોલાવીને તે વાતને ફરીવાર યાદ કરાવતા હતા. ૯૦.

પછી મુક્તાનંદસ્વામી જેમ કહે તે રીતે તે વાતને સંતો લખી લેતા. ત્યારબાદ સ્વામી તે સંતો પાસે ઘણા પ્રેમથી તે વાત બોલાવડાવતા હતા. ૯૧. શુકાનંદસ્વામી, આધારાનંદસ્વામી, શાંતાનંદસ્વામી અને દહરાનંદસ્વામી, એ બધા સંતો જેમ મુક્તાનંદસ્વામી કહે તેમ વાતો લખતા રહેતા હતા. ૯૨. ઉપર જે ચાર સંત કહ્યા તેમાંથી મુક્તાનંદસ્વામી જેને બોલાવતા તે એક આવતા. અને સ્વામી જેમ લખાવતા તેમ શ્રદ્ધા રાખીને તેઓ લખતા હતા. ૯૩.

ઇતિ શ્રીસહજાનંસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું અઢારમું વચનામૃત પૂરું થયું" એ નામે ચૌદમો તરંગ સમાપ્ત ॥૧૪॥

પૂર એકવીશમું : તરંગ - ૧૫

ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણીશમું અને વીશમું વચનામૃત

❋ વચનામૃત.ગ.પ્ર.૧૯ આત્મનિષ્ઠાદિ ચારેય ગુણોની અપેક્ષાની વાત :

પોષ સુદિ પડવાને દિવસ શ્રીહરિ સંધ્યા સમયે દાદા ખાચરના દરબારમાં પલંગ ઉપર બેઠા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. તે સમયે પોતાના મુખારવિંદની આગળ પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૩.

પછી શ્રીહરિ ઘણા હેતથી બોલ્યા, "આત્મનિષ્ઠાનું કામ ઘણું ભારે છે. ૪. તે રીતે જ ભગવાનમાં પ્રીતિ(ભક્તિ)નું કામ પણ ભારે છે. પરંતુ કેવળ આત્મનિષ્ઠાએ કરીને ક્યારેય (આત્યંતિક કલ્યાણરૂપી) કાર્ય સરતું નથી. ૫. આત્મનિષ્ઠા વગરની એકલી ભક્તિએ કરીને પણ મોક્ષરૂપી જે કામ તે ક્યારેય સરતું નથી. ૬. જો આત્મનિષ્ઠા ન હોય તો ભગવાનનાં સ્વરૂપમાં પ્રીતિ કરતાં કરતાં દેહાભિમાનને યોગે કરીને બીજા પદાર્થોમાં પણ આનંદે સહિત સહજ સ્વભાવે પ્રીતિ થઈ જાય છે, પણ તે પદાર્થોનો સહજ અભાવ થાતો નથી. એવી જ રીતે ઘણી બધી આત્મનિષ્ઠા હોય, પરંતુ જો તેને ભગવાનમાં લગાર પણ પ્રીતિ ન હોય તો તે (પ્રીતિએ કરીને થઈ જે શ્રીહરિની પ્રસન્નતા તેણે કરીને જ પામવા યોગ્ય એવું મોટું ઐશ્વર્ય જે માયાના ગુણે કરીને પરાભવ ન પમાય એવા) મોટાં ઐશ્વર્યને પામતો નથી અને તે જ્ઞાની ભક્ત પણ કહેવાતો નથી.

વળી, સ્વધર્મમાં રહીને પરમેશ્વરનું જે ભજન કરે છે તેને (પ્રીતિ, આત્મનિષ્ઠા અને વૈરાગ્ય એ ત્રણ મજબૂત ન હોય તો ભૂર્લોક, ભુવર્લોક અને બ્રહ્માના ભુવન પર્યંત જે સ્વર્ગલોક તે થકી બહાર ગતિ થાતી નથી. કહેતાં બ્રહ્માંડને ભેદીને માયાના તમ થકી પર એવું જે ગુણાતીત શ્રીહરિનું અક્ષરધામ, તેની પ્રાપ્તિ ક્યારેય થાતી નથી. માટે આત્મનિષ્ઠા આદિક અંગે સહિત શ્રીહરિનું ભજન કરવું અને પોતાનો ધર્મ દૃઢ કરીને રાખવો.) ૭-૧૨.

ભગવાનના ભક્તને દૃઢ આત્મનિષ્ઠા, ભગવાનમાં દૃઢ પ્રીતિ અને વૈરાગ્ય પણ સુધો દૃઢ હોવો જોઈએ. (પરંતુ આત્મનિષ્ઠા, પ્રીતિ અને વૈરાગ્ય એ ત્રણ હોય, તોપણ જો સ્વધર્મ ન હોય તો એ ત્રણેયની સિદ્ધિ થાતી નથી.) જેણે તે ત્રણ અંગ દૃઢ કરી લીધા હોય તેને પૂરો હરિભક્ત થયો જાણવો. તે ત્રણ અંગની દૃઢતા વિના તો તે ભક્ત દૃઢ મતિવાળો હોવા છતાં તેમાં જેટલી કાંઈ ન્યૂનતા હોય તેટલી તેમાં ખોટ છે, એમ સમજવું. ૧૩-૧૪. અને તે ખોટ જેટલી રહી છે, તેને સમજીને તેનો ધીરે ધીરે ત્યાગ કરવો જોઈએ." (એવી રીતે આત્મનિષ્ઠા આદિક જે ચાર ગુણ તેમને એકબીજાની અપેક્ષા છે. તે માટે ભગવાનના એકાંતિક ભક્તનો સમાગમ કરીને જે ભક્તને એ ચારેય ગુણ અતિશય દૃઢપણે વર્તે છે, તે ભક્તને સર્વ સાધન સંપૂર્ણ થયા અને તેને જ એકાંતિક ભક્ત જાણવો. તે માટે જે ભક્તને ચારેય ગુણમાંથી જે ગુણની ન્યૂનતા હોય તો ભગવાનના એકાંતિક ભક્તની સેવા, સમાગમે કરીને તે ન્યૂનતાને ટાળવી.) આટલી શ્રીહરિએ વાત કરી. તેને સાંભળીને સંતો અને હરિભક્તો ઘણા રાજી થયા. ૧૫.

✵ વચનામૃત ગ.પ્ર.૨૦ અજ્ઞાનીનું અને પોતાના સ્વરૂપને જોવાનું :

પોષ સુદિ બીજને દિવસ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીમાં ગાદીતકિયા મૂકાવીને પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. તે વખતે પરમ વિચક્ષણ શ્રીહરિએ મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. અને પીળા પુષ્પના તોરા પાઘ ઉપર ઝૂકી રહ્યા હતા. ને પીળા પુષ્પના હાર કંઠમાં ધારણ કર્યા હતા. અને બે કાન ઉપર શ્વેત તથા પીળા પુષ્પના ગુચ્છ ધારણ કર્યા હતા. ત્યારે સફેદ ચોફાળ ઓઢ્યો હતો તથા કાળા છેડાનો સફેદ ખેસ પહેર્યો હતો. અને તે વખતે શ્રીમદ્‌ભાગવતની કથા કરાવતા હતા. ૧૬-૨૦. તે વખતે શ્રીહરિના મુખારવિંદની આગળ સર્વ પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨૧.

પછી શ્રીહરિ બોલ્યા, "અમે સહુને એક પ્રશ્ન પૂછીએ છીએ કે, અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની કોને કહેવાય ? તે નક્કી કરીને કહો." ૨૨. શ્રીહરિ જેવો ઉત્તર કરે તેવો ઉત્તર બ્રહ્માદિકથી પણ થઈ શકે નહિ, તેમ

સમજીને તે સંતો અને હરિભક્તોમાંથી કોઈએ તેનો ઉત્તર કર્યો નહિ. ૨૩. સહુએ શ્રીહરિને કહ્યું કે, "તે પ્રશ્નનો ઉત્તર તો દયા કરીને આપ જ કરો." પછી શ્રીહરિ તે પ્રશ્નનો યથાર્થ ઉત્તર કરવા લાગ્યા જે, ૨૪.

चोपाई :

या देह के भिंतर जो जेही, रेनारे जीव रहाये तेही;
रूप अरु कुरूप कु ताही, बाल्य रु जोबन वृद्ध कु वाही...२५
ऐसे अनंत पदारर्थ ताकू, देखत वारमवार हि वाकू;
देखनहार यह आप जो तिनकू, देखत नहि हे कबहु इनकू...२६

"આ દેહની અંદર રહેનારો જે જીવ છે તે રૂપને જુએ છે, કુરૂપને જુએ છે, બાલ્ય, યૌવન અને વૃદ્ધપણાને પણ જુએ છે. ૨૫. એવા અનંત પદાર્થોને તે વારંવાર દેખે છે, પણ તે દેખવાવાળો જીવ પોતે પોતાને ક્યારેય દેખતો નથી. ૨૬. પરંતુ કેવળ બાહ્યદષ્ટિએ કરીને પદાર્થોને ફરી ફરીને જુએ છે, પણ તે દેખવાવાળો જીવ પોતે પોતાને દેખતો નથી. માટે તે જ અતિશય અજ્ઞાની છે. ૨૭.

વળી, નેત્રે કરીને જેમ અનંત રૂપનો સ્વાદ લે છે તેમ કાન, ત્વચા, જીભ અને નાક આદિક બધી ઇન્દ્રિયોએ કરીને તે તે વિષયનાં સુખોને ભોગવે છે. અને તે જેવા હોય તેવા યથાર્થરૂપમાં તેને જાણે છે. ૨૮-૨૯. પણ જીવ પોતે પોતાનાં સુખને ભોગવતો નથી અને પોતે પોતાને જાણતો નથી. તેથી તેને તે માયિક પદાર્થોની ભૂખ મરણપર્યંત મટતી નથી. ૩૦. આમ જે પોતે પોતાના રૂપને જાણતો નથી તે અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે, ઘેલામાં અત્યંત ઘેલો છે, મૂર્ખમાં અત્યંત મૂર્ખ છે અને નીચમાં અતિશય નીચ છે, તેમ જાણવું." ત્યારે શુકાનંદસ્વામી બોલ્યા કે, ૩૧-૩૨.

※ આળસ તજીને અભ્યાસ કરવો :

"પોતાનું સ્વરૂપ દેખવું તે શું પોતાના હાથમાં છે ? જો તે પોતાના જ હાથમાં હોય તો જીવ શા માટે અજ્ઞાની રહે ?" ૩૩. પછી શ્રીહરિ બોલ્યા જે, "જે કોઈ સત્સંગ કરી રહ્યા છે તેમને તો પોતાના જીવાત્માનાં દર્શન કરવાં તે પોતાનાં જ હાથમાં રહ્યું છે. ૩૪. પોતાનાં સ્વરૂપને જોવા માટે

તેણે કયે દિવસ આદર કર્યો અને પોતાનું સ્વરૂપ ન દેખ્યું ? તે તમે કહો. જે અમે તમને કહીએ છીએ. ૩૫. આ જીવ માયાને આધીન-પરવશ થઈને સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થામાં અંતરદૃષ્ટિ કરીને નિત્ય વારંવાર જાય છે અને તે તે અવસ્થાને ભોગવે છે, પણ તે પોતાની જ ઈચ્છાથી કોઈ દિવસ પોતાનાં સ્વરૂપને જોવા માટે અંતરદૃષ્ટિ કરતો નથી. અંતરદૃષ્ટિ કર્યા સિવાય આત્માનું સ્વરૂપ કઈ રીતે દેખાય ?

જો ભગવાનના પ્રતાપને અંતરમાં વિચારીને અંતરદૃષ્ટિ કરતો રહે તો તે પરમ જ્ઞાની ભક્ત પોતાનું સ્વરૂપ અતિશય ઉજ્જ્વળ અને પ્રકાશમાન છે તેને દેખે છે. ૩૬-૩૯. વળી, તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમ ભગવાનની મૂર્તિને તે ભક્ત દેખે છે. ૪૦. અને નારદ, સનકાદિક અને શુકજીની જેમ અપાર સુખિયો થાય છે. **પરંતુ પોતાનાં સ્વરૂપને જોવા માટેનો આદર કર્યા સિવાય ક્યારેય તેનો નિર્ધાર થતો નથી. ચાહે તેવો કોઈ હોશિયાર માણસ હોય તોપણ આદર કર્યા સિવાય કોઈ વાત સિદ્ધ થાતી નથી. દરેક બાબત આદરથી જ સિદ્ધ થાય છે. ૪૧-૪૨.** હરિભક્તને જેટલી કસર રહે છે તેટલી પોતાની આળસે કરીને જ રહે છે; માટે આળસનો ત્યાગ કરી દેવો." ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણીશમું અને વીશમું વચનામૃત કહ્યું" એ નામે પંદરમો તરંગ સમાપ્ત ॥૧૫॥



પૂર એકવીશમું : તરંગ - ૧૬

ગઢડા પ્રથમ પ્રકરણનું એકવીશમું વચનામૃત

❋ એકાંતિક ધર્મવાળાનાં લક્ષણ :

પોષ સુદિ ત્રીજને દિવસ શ્રીહરિ સંધ્યા સમયે દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. અને કાળા છેડાનો શ્વેત ખેસ પહેર્યો હતો. અનુપમ શ્વેત ચોફાળ ઓઢ્યો હતો અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. અને શ્રીજીમહારાજ ઉગમણે મુખારવિંદે

વિરાજતા હતા. અને તેમની આગળ સાધુ ઝાંઝ, મૃદંગ વગાડીને હરખથી કીર્તન ગાતા હતા.મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિક સંતો તે રીતે ઉત્સવ કરી રહ્યા હતા. ૧-૫. શ્રીહરિની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. પછી સંતો જે ઉત્સવ કરતા હતા તે ઉત્સવ બંધ કરાવ્યો. ૬.

પછી શ્રીહરિ બોલ્યા, “સહુ સાંભળો, અમે એક વાત કરીએ છીએ.” એમ કહીને ઘણીવાર સુધી નેત્રકમળને મીંચીને વિચારી રહ્યા અને પછી જે બોલ્યા તે વાત હવે હું કહું છું. શ્રીહરિએ કહ્યું જે, “જે હરિભક્તના મનમાં ભગવાનને પ્રસન્ન કરવાની ઈચ્છા હોય તેને પ્રસન્નતા મેળવવાના ઉપાયો અમે કહીએ છીએ. કેમ જે, ઉપાય કર્યા વિના પ્રભુ પ્રસન્ન થતા નથી. ભગવાનને રાજી કર્યાના ચાર ઉપાય છે. એ ચાર ઉપાય સિવાય ભગવાન રાજી રહેતા નથી. ૭-૯. તે ચાર ઉપાય જે રીતે છે તે રીતે અમે તમને કહીએ છે. જેનો જેવો વર્ણાશ્રમનો ધર્મ હોય તેણે પોતાના તે ધર્મમાં અચળ નિષ્ઠા રાખવી. આત્મનિષ્ઠા અતિ દૃઢ રાખવી, ભગવાન સિવાયના જે કોઈ પણ પદાર્થ છે તેમાં અરુચિરૂપી વૈરાગ્ય રાખવો અને ભગવાનની માહાત્મ્યે સહિત નિષ્કામભક્તિ કરવી. આ ચાર સાધન જે કોઈ જેટલાં રાખે તેટલાં તેના પર ભગવાન પ્રસન્ન થાય છે. ૧૦-૧૨.

આ ચાર સાધનોએ કરીને દિવસે દિવસે ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. ૧૩. આ ચાર સાધનોને એકાંતિક ધર્મ કહેવાય છે. આવા એકાંતિક ધર્મથી યુક્ત ભગવાનના ભક્તો આ સમયે આપણા સત્સંગમાં ઘણા બધા છે. તેમનો દિવસે દિવસે રંગ વધારે ને વધારે ચઢતો રહે છે. ૧૪-૧૫. **જે ભગવાનનો ભક્ત હોય તે ખાતાં, પીતાં, નાહતાં, ધોતાં, ચાલતાં અને બેસતાં આવી પોતાની જે જે ક્રિયા કરતો હોય તેમાં ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કરતો રહે છે. પણ તે મૂર્તિની સ્મૃતિ અંતરમાંથી જવા દેતો નથી. ૧૬-૧૭.** જ્યાં સુધી અંતરમાં કોઈ વિક્ષેપ ન હોય ત્યાં સુધી ભગવાનની મૂર્તિનું ચિંતવન કરે છે અને ત્યારે મૂર્તિની સન્મુખ જોઈ રહે છે. ૧૮. પણ જ્યારે રજોગુણ તથા તમોગુણના યોગે કરીને હૃદયમાં સંકલ્પ વિકલ્પનો

વિક્ષેપ થાય ત્યારે મુખથી ભગવાનનું નામ ઉચ્ચારે છે. તથા દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને વિષય, એ સહુથી પોતાના સ્વરૂપને જુદું જાણીને જ્ઞાની એવો ભગવાનનો ભક્ત વર્તે છે. ૧૯-૨૦.

અને જ્યારે સંકલ્પ-વિકલ્પ વિરમી જાય ત્યારે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતો રહે છે. એવો જે જ્ઞાની ભક્ત છે તે આ દેહને ક્યારેય પોતાનું સ્વરૂપ માનતો નથી; આવી અચળ ટેક રાખે છે. વળી, દેહના જે સંબંધી છે તેને પૂર્વ જન્મના સંબંધીની જેમ પોતાના સંબંધી માનતો નથી. આ દેહમાં જે જીવ રહ્યો છે તે પૂર્વે ચોરાશી લાખ જાતના દેહને ધરીને આવ્યો છે. અને જગતમાં જેટલી સ્ત્રીઓ કહેવાય છે તે બધીને પેટ જન્મ ધર્યો છે. અને જ્યાં જન્મ ધર્યો છે ત્યાં બધે સંબંધ બાંધ્યો છે. વળી, જગતમાં જેટલી કૂતરીઓ છે, જેટલી બિલાડીઓ છે, અને જેટલી વાંદરીઓ છે, એ આદિક અપાર લખચોરાશીના જેટલા જીવ છે તેને પેટ વારંવાર કેટલીય વખત જન્મ ધર્યા છે. અને આ જગતમાં જેટલી જાતની સ્ત્રીઓ છે તે સર્વેને પોતાની પત્ની બનાવી છે. તેમાં પોતાની પત્ની ન કરી હોય તેવી એક પણ નથી. ૨૧-૨૬. તે જ રીતે આ જીવે સ્ત્રીનો દેહ ધરી ધરીને જેટલી જાતના પુરુષ છે તે બધાને પોતાના ધણી કર્યા છે. ૨૭. તે ચોરાશી લાખ જાતના સગાને અત્યારે સગા માનતા નથી અને ક્યારેય તેને સંભારતા નથી. તે ચોરાશી લાખ જાતના જે દેહ છે તેને જેમ અત્યારે પોતાનો દેહ માનતા નથી, તેમ જ જે હરિભક્ત હોય તે આ દેહને પણ પોતાનું સ્વરૂપ માનતા નથી. ૨૮-૨૯.

આ દેહના જે સંબંધીઓ છે તેને પોતાના સંબંધી માનવા નહિ. કેમ જે, ચોરાશી લાખ જાતના જે દેહ ધર્યા તેમાંથી એક પણ સંબંધ રહ્યો નથી. ત્યારે આ દેહના જેટલા સંબંધો છે તે સર્વે પણ તેવા જ દેખાય છે. માટે દેહ, ગેહાદિક જે કાંઈ પદાર્થ છે તે બધાને અસત્ય જાણીને; ૩૦-૩૧. દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણ, એ બધાથી પોતાનું સ્વરૂપ જૂદું જાણીને, તથા પોતાના ધર્મમાં રહીને પ્રેમપૂર્વક ભગવાનની નિષ્કામભક્તિ કરતા રહેવું. **ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજવા માટે દરરોજ શ્રદ્ધા રાખીને નિરંતર સાધુનો સમાગમ રાખવો.** તથા કુસંગને ઓળખીને તેનો ત્યાગ કરવો. જે

આવી રીતે નથી સમજતો તેને અમે દેહાભિમાની દેખીએ છીએ. જેને ભગવાન અને સંતમાં પ્રેમ ન હોય, તે માણસ સત્સંગમાં પડ્યો હોય તોપણ માયિક મતિવાળો છે. તેને પશુ જેવો જાણવો. ૩૨-૩૫.

❋ સત્સંગનો પ્રતાપ :

चोपाई :

यह जो सत्संग रहे तामें, भगवान के प्रताप हि यामें;
अति बडे वरतत अब वेरी, एसे न सुनेउ कोउ वेरी...३६

दोहा : सत्संग के अब जोगकर, पशु पक्षी तरु ताके;
कल्याण होवत अपार हि, जोगकर यह वाके...३७

मनुष्य कु यह जोगकर, कल्याण होत यामें;
आश्चर्य नहि संशय कछु, करत कबहु न तामें...३८

આ જે સત્સંગ છે તેમાં અત્યારે ભગવાનનો અતિ મોટો પ્રતાપ છે. આવો પ્રતાપ પહેલા ક્યારેય સાંભળ્યો ન હતો. ૩૬. સત્સંગના યોગે કરીને અત્યારે તો અપાર પશુ, પક્ષી અને વૃક્ષનું પણ કલ્યાણ થાય છે, તો તે સત્સંગના યોગથી મનુષ્યનું કલ્યાણ થાય તેમાં શું આશ્ચર્ય છે ? તેમાં ક્યારેય કોઈએ સંદેહ કરવો નહિ. ૩૭-૩૮. ખરેખર તો એકાંતિકની સમજણ સિવાય તેને ભગવાનનો એકાંતિક ભક્ત ન કહેવાય. એકાંતિક ભક્ત તો પહેલા કહી તેવી સમજણ જેને હોય તેને કહેવાય છે. જેને જેટલી સમજણ હોય તેટલો તે અધિક ભક્ત કહેવાય છે. ૩૯-૪૦. અમે કહ્યો એવો જે નિષ્કામ એકાંતિક ભક્ત હોય તે આ ભૌતિક દેહનો ત્યાગ કરીને માયાના ભાવથી મુક્ત થાય છે. અને અર્ચિમાર્ગે કરીને ભગવાનનાં અક્ષરધામને પામે છે.

તે અક્ષરધામનાં બે સ્વરૂપ છે. તેમાં એકને નિરાકાર કહે છે. ૪૧-૪૨. તેને એકરસ ચૈતન્ય, ચિદાકાશ અને પ્રકાશમાન બ્રહ્મમહોલ કહે છે. અને તે અક્ષર બીજા રૂપે કરીને તો પુરુષોત્તમનારાયણની સેવામાં અખંડ રહે છે. એક પળવાર પણ દૂર થતા નથી. હંમેશાં દાસ થઈને હાજર રહે છે. જે કોઈ અક્ષરધામને પામે છે તે સર્વે એકાંતિક ભક્તો એકાંતિકના ગુણોએ કરીને અક્ષરના સાધર્મ્યપણાને પામે છે. અને ભગવાનની અખંડ

સેવામાં રહે છે. ૪૩-૪૫. આવું જે અક્ષરધામ કહ્યું તેમાં પરમ પુનિત, સર્વના સ્વામી, બહુનામી એવા શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ સદા બિરાજમાન રહે છે. ૪૬. અને તે અક્ષરધામમાં અક્ષરના સાધર્મ્યપણાને પામેલા એવા અનંત કોટિ જે મુક્તો રહ્યા છે તે સર્વે ૪૭.

❋ શ્રીહરિએ સત્સંગીઓને બતાવેલું લક્ષ્ય :

चोपाई :

पुरुषोत्तम के दास रही भावा, वरतत रहे सहज स्वभावा;
पुरुषोत्तम नारायण जेऊ, सब हि के स्वामी रहेउ तेऊ...४८

दोहा : अनंत कोटि ब्रह्मांड के, राजाधिराज रहेउ;
एसी वातकु समझकर, सत्संगी आप तेउ...४९
निश्चे करना इस विध हि, अपने अक्षर रूप;
मुक्त ताकी पंक्ति में जो, मिलना बात अनूप...५०

સહજ સ્વભાવે પુરુષોત્તમના દાસભાવે વર્તે છે. અને તે પુરુષોત્તમનારાયણ તો સહુના સ્વામી છે. અનંત કોટિ બ્રહ્માંડોના રાજાધિરાજ છે. આવી વાતને સમજીને આપણા સત્સંગીઓએ મનમાં એવો નિશ્ચય કરવો કે, ‘આપણે સહુએ અક્ષરરૂપ મુક્તોની પંક્તિમાં ભળવું છે. આ વાત અનુપમ છે. ૪૮-૫૦. અને તે અક્ષરધામમાં જઈને અખંડ ભગવાનની સમીપમાં રહીને ભાવથી સેવા કરવી છે. ૫૧. પણ નાશવંત અને તુચ્છ એવું જે માયિક સુખ, તેને ક્યારેય ઈચ્છવું નથી અને તેમાં ક્યારેય લોભાવું નથી.’ ૫૨. **આવો ભગવાનનો દૃઢ નિશ્ચય નિરંતર રાખીને ભગવાનની એકાંતિક ભક્તિ કરવી. અને મનનો સંગ(વિશ્વાસ) રાખવો નહિ. ભગવાનનું અતિશય માહાત્મ્ય યથાર્થ સમજવા માટે નિરંતર નવી શ્રદ્ધા રાખવી. અને શ્રીહરિનાં ચરિત્ર સાંભળવાની નિત્ય નવી શ્રદ્ધા રાખવી. ૫૩.**

ભગવાન સિવાયના બીજા જે જે ધન, સ્ત્રી આદિક પદાર્થ છે તેમાં આસક્તિ ન રહે તેવી બીક રાખવી. અને ભગવાન સિવાયની જેટલી વાસના છે તેને દેહ છતાં ટાળી નાખવી. કેમ જે, જેણે જેટલી વાસના ન ટાળી હોય તેને તેટલું આ લોકમાં અત્યારે જ વિઘ્ન થાય છે. ૫૪. જ્યારે તે

ભક્ત દેહનો ત્યાગ કરીને ભગવાનનાં ધામમાં જાય છે ત્યારે તેને માર્ગમાં સિદ્ધિઓ આડી આવે છે. તે સિદ્ધિઓને દેખીને જો તેમાં લલચાઈ જાય તો તેટલું વિઘ્ન આવ્યું કહેવાય. આવું સમજીને ભગવાનના ભક્તે બધી વાસનાને તજી દેવી." ૫૫. આ રીતે શ્રીહરિએ નિર્વાસનિક હરિભક્તોની વાત કહી. અને સવાસનિક હરિભક્તને જે વિઘ્ન આવે છે તે પણ કહી બતાવ્યું. ૫૬.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું એકવીશમું વચનામૃત કહ્યું" એ નામે સોળમો તરંગ સમાપ્ત ॥૧૬॥



પૂર એકવીશમું : તરંગ - ૧૭

ગઢડા પ્રથમ પ્રકરણનું બાવીશમું વચનામૃત

❋ સ્મૃતિ વિનાનું ગાયું તે ન ગાયા જેવું છે :

પોષ સુદિ ચોથને દિવસ મધ્યાહ્ન સમયે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને બેઠા હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પાઘમાં ફૂલના તોરા વિરાજમાન હતા અને બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધારણ કર્યા હતા. ૧-૩. કંઠમાં ગુલદાવદી ફૂલના હાર પહેર્યા હતા. ત્યારે ઉગમણે મુખારવિંદે બેઠા હતા. ૪. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસોની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫. અને પરમહંસો વાજિંત્ર વગાડીને કીર્તન ગાતા હતા. અંતર્યામી શ્રીહરિએ ત્રણ-ચાર કીર્તનો સાંભળ્યા. પછી બોલ્યા, "અમે હરિભક્તના હિતની એક વાત કરીએ છીએ. તે વાત પરમ સુખ દેનારી છે." ત્યારે જે પરમહંસો કીર્તન ગાતા હતા તે બધા તરત બંધ થઈ ગયા. ૬-૭.

અને શ્રીહરિની વાત સાંભળવા બધા તત્પર થઈ ગયા. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "મૃદંગ, તંબૂર, સરોદ, તાલ ઇત્યાદિક રસાળ વાજિંત્ર વગાડીને જે ગાન કરવું, તેમાં જો ભગવાનની સ્મૃતિ રહેતી હોય તો સ્મૃતિ પ્રમાણે તેનું તેટલું ફળ મળે છે. જો સ્મૃતિ રહેતી ન હોય તો તેનું ફળ

થાતું નથી. ૮-૯. આ વાત ભક્તજનો માટે અમે કહીએ છીએ. જે ભક્ત ન હોય તેની વાત કહેતા નથી. જે ભક્ત ન હોય તેની તો બધી બાબત નિષ્ફળ રહે છે. ૧૦. ભગવાનને ભૂલીને તો આ જગતમાં કેટલાક સ્ત્રી-પુરુષો ગાય છે. કેટલાક વાજિંત્ર વગાડીને ગાય છે અને અપાર નાચે કૂદે છે, ૧૧. પણ તેનાથી તેનાં અંતરમાં આંતરિક શાંતિ થાતી નથી. અને ભગવાનથી વિમુખ તે લોકો જન્મ, મરણ અને જમપુરીનાં દુઃખથી છૂટતા નથી. ૧૨.

શ્રીહરિનું શરણું લઈને જે ભગવાનના ભક્ત થયા છે તેની રીત હવે કહીએ છીએ. તે રીત ઉપરથી ઓળખવામાં આવે છે. ૧૩. ભગવાનનો ભક્ત ભગવાનની કથા, કીર્તનગાન, નામરટણ, ધ્યાન અને નારાયણધૂન વગેરે જે કાંઈ કરે છે તેમાં ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રાખે છે. અને જ્યારે ભક્ત ધ્યાન કરવા બેસે છે ત્યારે ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખતો હોય, પણ બીજી ક્રિયા કરતો હોય ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખતો હોય તો, ૧૪-૧૬. એવો જે હરિભક્ત છે તે જ્યારે ભજનમાં બેસે ત્યારે પણ તેને ભગવાનના સ્વરૂપમાં ક્યારેય વૃત્તિ સ્થિર થાતી નથી. ૧૭.

चोपाई :

उठत बैठत चलत जो तिनमें, खावत पीवत बोलत हि इनमें;
क्रिया करत रहायेउ जेता, भगवान के स्वरूप में तेता...१८
वृत्ति रखवेके करे अभ्यासा, तत्पर होई जब हरिदासा;
तब भगवान में वृत्ति ताकी, थिरता होवे निश्चल वाकी...१९

માટે ઊઠતાં, બેસતાં, હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, બોલતાં વગેરે બધી ક્રિયાઓ કરતા થકા ભગવાનનો ભક્ત જો ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનો તત્પર થઈને અભ્યાસ કરે, તો તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં નિશ્ચળ સ્થિર થાય છે. ૧૮-૧૯.

✳ ભગવાનમાં વૃત્તિ રાખનારા ભક્તની મહત્તા :

જ્યારે બાળબુદ્ધિનો ત્યાગ કરવામાં આવે છે ત્યારે ભગવાનના સ્વરૂપમાં પ્રેમ થાય છે. ભગવાન સિવાય બીજી બાબતમાં જ્યાં સુધી વૃત્તિ દોડતી રહે છે ત્યાં સુધી તે બ્રહ્મા જેવો ચતુર હોય, તોપણ તેને બાળબુદ્ધિ કહેવાય

છે. બીજાની તો વાત જ શું કરવી ? કારણ કે બ્રહ્માથી કોઈ અધિક નથી. ૨૦-૨૧. કોઈ અતિશય નાનામાં નાનો માણસ હોય, પણ તે ભગવાનને જેટલા સહુથી અધિક જાણતો હોય તો તેને બ્રહ્માદિક દેવો પણ તેટલા અધિક વંદન કરે છે. ૨૨. અને તે દેવતાઓ આવા ભક્તની ચરણરજને પોતાનાં મસ્તક ઉપર ચઢાવે છે. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન મથુરા નગરીમાં યદુકુળમાં પ્રગટ થયા, પછી ત્યાંથી ગોકુળ તથા વ્રજ-વૃંદાવનમાં આવીને નિવાસ કર્યો. તે સમયે આહિર જાતિના જે ગોવાળો હતા, તેમની સ્ત્રીઓ જે ગોપીઓ હતી, તેમણે શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપમાં પોતાના જીવને જોડી દીધો અને નિપુણતાથી રાત-દિવસ શ્રીકૃષ્ણનું ગુણગાન કરવા લાગી. ૨૩-૨૫.

ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બાલસ્વરૂપમાં હતા. ચાહે તેવો ખેલ કરતા, પણ ગોપીઓને તેમની ક્રીડામાં ક્યારેય અરુચિ થઈ નહિ. તેની આવી સમજણ જોઈને બ્રહ્માજીએ ગોપીઓની ચરણરજને પોતાનાં મસ્તક ઉપર ધારવા માટે વ્રજમાં તૃણ(ઘાસ-વેલી)નો જન્મ માગ્યો હતો. ૨૬-૨૭. તે ગોપીઓ ભગવાનને સમાન કે અધિક આ દુનિયામાં કોઈને દેખતી ન હતી. ત્યારે તેવી સમજણને લીધે તે ગોપીઓ દેવતાઓને પણ વંદન કરવા લાયક થઈ હતી. ૨૮.

જેટલા માયિક લોકો છે તે માયિક પદાર્થ સંબંધી સંકલ્પના પૂરમાં જીવનપર્યંત તણાતા રહે છે. ૨૯. તેઓ જે કાંઈ ક્રિયા કરતા હોય તેમાં તેના સંકલ્પ બંધ થતા નથી. જીવ જ્યાં સુધી માયિક સંકલ્પ કરે છે ત્યાં સુધી તે એક પછી એક માયિક શરીરને પામતો રહે છે. ૩૦. તે માયિક-અજ્ઞાની મનુષ્ય માયામાં જેવાં સુખ-દુઃખ છે તેને પામતો રહે છે. જ્યાં સુધી માણસ સત્સંગથી દૂર રહે છે ત્યાં સુધી ૩૧. માયિક શરીરમાં જેટલું દુઃખ રહ્યું છે તે ક્યારેય તેને દેખાતું નથી. જન્મથી અંધ માણસને નેત્ર મળવાથી કેવો આનંદ થાય ? તેવો આનંદ ભક્તને આ સત્સંગ મળવાથી થાય છે. કારણ કે, સત્સંગ નેત્ર સમાન છે. છતાં જે સત્સંગથી દૂર ભાગે છે તેને ક્યારેય યથાર્થ દેખાતું નથી. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ કરતો નથી ત્યાં સુધી તેને અજ્ઞાનરૂપી અંધારું ટળતું નથી. ૩૨-૩૩.

જેને અંધકારરૂપી અજ્ઞાનની ગમ નથી તેવો મનુષ્ય તો પશુ સમાન કહેવાય છે. **જેમ અજ્ઞાની લોકોને માયિક પદાર્થના સંકલ્પો સતત એકતાર થતા રહે છે તેમ સત્સંગે કરીને ભગવાન સંબંધી સંકલ્પનું પૂર જ્યારે ચાલે ત્યારે ભક્તનો સત્સંગ પૂર્ણ થયો જાણવો. આ વાતનું એટલું જ રહસ્ય છે.** ૩૪-૩૫. ગાફલ માણસ તો ફક્ત સત્સંગ સ્વીકારે તેમાં જ પૂર્ણતા માની લે છે, પણ સત્સંગે કરીને જે સમજવું જોઈએ તેમાં પ્રમાદ રાખે છે. ૩૬. **જેટલો તે પ્રમાદ રાખે છે તેટલી તેમાં કસર રહે છે. સત્સંગ તો સમજણનો છે. તે જેને સમજણ હોય તે જાણી શકે છે. ૩૭. સત્સંગની સમજણ સિવાય કોઈ પોતાની ચાહે તેટલી સમજણ કે અપાર સામર્થ્ય દેખાડે, પરંતુ તે જરા પણ તેના કલ્યાણના કામમાં આવતી નથી. ૩૮.** માટે સાવધાન થઈને ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો નિરંતર અભ્યાસ કરવો. ૩૯. હવે તમે કીર્તન બોલો. અમારા મનમાં જે વાત ઉદ્‌ભવી હતી તે અમે રાજી થઈને તમને કહી છે. કારણ કે, ગયેલી વાત ફરીવાર આવતી નથી." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાવીશમું વચનામૃત કહ્યું" એ નામે સત્તરમો તરંગ સમાપ્ત ॥૧૭॥



પૂર એકવીશમું : તરંગ - ૧૮

ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેવીશમું વચનામૃત

❋ ઘડા ઢોળ્યાના દૃષ્ટાંતે બ્રહ્મસ્થિતિ પામ્યાનું :

પોષ સુદિ પાંચમને દિવસ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર આવીને શ્રીહરિ બેઠા હતા. મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. શ્વેત અંગરખું અને શ્વેત સુરવાળ પહેર્યો હતો તથા કસુંબલ શેલું કેડે બાંધ્યું હતું. ૧-૩. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪.

પછી શ્રીજીમહારાજ કરુણા કરીને પરમહંસો પ્રત્યે બોલ્યા, “વાસુદેવમાહાત્મ્ય નામનો ગ્રંથ પરમ સુખનું ધામ છે. અમને તે ગ્રંથ અતિશય પ્રિય છે. કેમ જે, ભગવાનના ભક્તએ ભગવાનને ભજવાની બધી રીત તેમાં કહી છે. ૫-૬. ભગવાનના ભક્ત બે પ્રકારના છે. તેમાં એકને તો ભગવાનનો નિશ્ચય યથાર્થ છે, પણ તે દેહાત્મબુદ્ધિ સહિત ભગવાનનું ભજન કરે છે. ૭. અને જે બીજો ભક્ત છે તે આત્મારૂપે થઈને ભગવાનનું ભજન કરે છે. તે ભક્ત જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, આ ત્રણ અવસ્થાઓ તથા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, તે ત્રણ શરીરથી પર પોતાના સ્વરૂપને પરમ અનુપમ ચૈતન્યરૂપ માને છે. ૮-૯. તેવાં પોતાના સ્વરૂપમાં ભગવાનની જે મૂર્તિ રહી છે તેને ધારીને ભગવાનનું ભજનસ્મરણ કરતો રહે છે. ૧૦. **પછી તે ત્રણ અવસ્થા અને ત્રણ શરીરથી પર એવા પોતાના સ્વરૂપને અતિશય પ્રકાશમાન મનોહર દેખતો રહે છે. તેને એક પળવાર પણ ભૂલતો નથી. વળી, તે પ્રકાશમાં શોભા અને રસની ખાણરૂપ ભગવાનની મૂર્તિ જેવી પ્રગટ પ્રમાણ છે તેવી અત્યંત પ્રકાશમાન ભાસે છે.** ૧૧-૧૩.

આવી સ્થિતિવાળો જે ભક્તજન છે તેને કોઈ પણ બાબત વિઘ્ન કરી શકતી નથી. ૧૪. પરંતુ જ્યાં સુધી ભક્તને આવી સ્થિતિ નથી થઈ ત્યાં સુધી તેને માથે જરૂર વિઘ્ન છે. ૧૫. આવી સ્થિતિમાં જો શિવજી રહેતા ન હતા તો મોહિની સ્વરૂપને દેખીને મોહ પામ્યા. ૧૬. અને એવી સ્થિતિમાં જ્યારે બ્રહ્મા ન વર્ત્યા ત્યારે તે સરસ્વતીનું રૂપ દેખીને અતિશય મોહ પામ્યા. ૧૭. અને તેવી સ્થિતિમાં જ્યારે નારદજી ન વર્ત્યા ત્યારે તેમને પરણવાનું મન થયું. તે વાતને સહુ જાણે છે. ૧૮. અને એવી સ્થિતિ વિના તો ઈન્દ્ર તથા ચંદ્રાદિક દેવતાઓને પણ વારંવાર કલંક લાગ્યા અને ઘણાં બધાં વિઘ્ન થયાં. ૧૯. કોઈ ભગવાનનો ભક્ત હોય છતાં પણ જો આવી સ્થિતિને ન પામ્યો હોય તો તેને ભગવાનમાં પણ સહજ સ્વભાવે પ્રાકૃતભાવ પરઠાઈ જાય છે. ૨૦. જેમ પરીક્ષિત રાજાને જો તેવી સ્થિતિ ન હતી તો જ્યારે તેણે શ્રીકૃષ્ણ ભગવાનની વિશાળ રાસક્રીડાને સાંભળી ત્યારે તરત તેને સંશય થયો કે, ‘ભગવાન હોવા છતાં તેમણે અયોગ્ય આચરણ કેમ કર્યું?

અને શુકદેવજી જો બ્રહ્મસ્થિતિને પામેલા ભગવાનના દઢ ભક્ત હતા તો તેમને કોઈ પણ પ્રકારનો ભગવાનમાં લેશ પણ સંશય થયો નહિ. કેમ જે, શુકદેવજી અને જનકરાજા જેવા ભક્ત હોય તેમને એવી રીતની સમજણ હોય છે કે, ૨૧-૨૩.

❋ ભક્તએ ભગવાનને સમજવાની રીતિ :

चोपाई :

आकाश जेसे शुद्ध रहेऊ, आत्मा की समझ कर जो तेऊ;
हमकु दोष अडि सकत न कोऊ, जाके भजन प्रतापकर सोऊ...२४

दोहा : सबसे शुद्ध भगवान हि, कोटिगन जो अपार;
तामें मायिक दोष जो, कबु न रहे निरधार...२५

આત્મસ્વરૂપની સમજણે કરીને હું આકાશ જેવો શુદ્ધ થયો છું. તો જે ભગવાનના ભજનના પ્રતાપે કરીને મને પણ કોઈ દોષ અડી શકતો નથી, તે ભગવાન તો સહુ કરતાં કરોડગણા અપાર શુદ્ધ છે. માટે તે ભગવાનમાં ક્યારેય પણ માયિક દોષ ન જ હોઈ શકે. એમ ચોક્કસ સમજે. ૨૪-૨૫. આવી રીતે જે ભગવાનને દઢપણે સમજે છે તે ભક્તની રીત કહીએ છીએ. ૨૬. આવી રીતના જે ભક્ત છે તે જ્યારે ભગવાનની મૂર્તિમાં પોતાના મનની વૃત્તિને રાખે છે ત્યારે તેની મનોવૃત્તિના બે વિભાગ થાય છે. તેમાં એક વૃત્તિ તો ભગવાનના સ્વરૂપમાં રહે છે,

અને બીજી જે વૃત્તિ છે તે ભજનના કરનારા-આત્મામાં રહે છે. ભક્તની તે બે વૃત્તિઓમાં જે વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે તે વૃત્તિ પ્રેમયુક્ત રહે છે. તેથી તે મૂર્તિનાં દર્શન કરતાં તૃપ્ત થતો નથી. અને ભજનના કરનારા-આત્મામાં જે વૃત્તિ રહે છે તે વિચારે યુક્ત રહે છે. તેની જે રીત છે તે હવે કહું છું. વિચારે યુક્ત જે વૃત્તિ રહે છે તે ભજન કરનારાને વિશે ભગવાનનાં ભજન સિવાયનાં બીજાં જે ઘાટ-સંકલ્પ થતા હોય તે સર્વને ખોટા કરી નાખે છે. ૨૭-૩૨. વળી, ભજનના કરનારામાં જેટલા દોષ દેખાતા રહે છે તેને પણ તે વૃત્તિ ખોટા કરી નાખે છે. આવી રીતે તે વૃત્તિ ભગવાનમાં અખંડ રહે છે. પછી તે ભક્ત ભગવાનથી અધિક કોઈને દેખતો

નથી. પણ જે ભક્ત થોડીવાર તો એકાગ્રચિત્તે બેસીને ભગવાનનું ભજન કરે, અને ઘડીકમાં તો ભજનનો ત્યાગ કરીને જ્યાં ત્યાં પ્રેમ કરતો રહે છે; આવી રીતે જે ચાળા ચૂંથતો થકો રખડતો રહે છે તેને તો ભગવાનની મૂર્તિમાં દૃઢપણે સ્થિતિ થાતી નથી.

જેમ પાણીનો ઘડો ભરીને ઉમંગથી એક ઠેકાણે ઢોળી દઈએ અને પછી બીજે, ત્રીજે કે ચોથે દિવસે તે ઠેકાણે પાણીનો ઘડો ઢોળીએ તો તેણે કરીને તે ઠેકાણે અખંડ પ્રવાહ રાખ્યા સિવાય પાણીનો ધરો ક્યારેય ભરાય નહિ. ૩૩-૩૮. કારણ કે પહેલા દિવસે જે પાણી ઢોળ્યું હતું તે પહેલે જ દિવસ સૂકાઈ જાય છે અને પાછળના દિવસોમાં જે પાણી ઢોળ્યું હોય તે પાછલે દિવસ સૂકાઈ જાય છે. ૩૯. પણ જો આંગળીના જેવી નાની પાણીની સેર અખંડ ચાલતી રહે, તો તે જગ્યાએ પાણીનો મોટો ધરો ભરાય જાય છે. ૪૦. તે રીતે જ **ખાતાં, પીતાં, હાલતાં-ચાલતાં, શુભ ક્રિયામાં કે અશુભ ક્રિયામાં, સર્વ કાળે ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવી. આ રીતે ભગવાનમાં હંમેશાં અખંડ વૃત્તિ રાખતાં રાખતાં તે ભક્તને આગળ કહી તેવી ભગવાનના સ્વરૂપમાં દૃઢ સ્થિતિ થાય છે."** આ રીતે શ્રીહરિએ આ વાત કહી છે. ૪૧-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેવીશમું વચનામૃત કહ્યું" એ નામે અઢારમો તરંગ સમાપ્ત ॥૧૮॥



પૂર એકવીશમું : તરંગ - ૧૯

ગઢડા પ્રથમ પ્રકરણનું ચોવીશમું વચનામૃત

❋ જ્ઞાનની સ્થિતિ તથા માહાત્મ્યરૂપી ખટાઈનું :

પોષ સુદિ છઠને દિવસ સંધ્યા વખતે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. ૧-૨. શ્વેત ખેસ પહેર્યો હતો અને ગરમ પોસની રાતી ડગલી અંગે ધારણ કરી હતી. તેમાં સુંદર શ્યામ બુટ્ટી

હતી. ૩. ત્યારે ધોળો ચોફાળ ઓઢેલો હતો અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

ત્યાર પછી શ્રીહરિ બોલ્યા, “જે રીતે જ્ઞાને કરીને સ્થિતિ થાય છે તે અમે કહીએ છીએ. તમે એકાગ્રચિત્તથી સાંભળો. તે જ્ઞાન કેવું છે ? તો પ્રકૃતિપુરુષથી પર છે. તે જ્ઞાનને વિષે જ્યારે દૃઢ સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષનું જે કાર્ય તે કાંઈ નજરમાં આવતું નથી. અને આવી સ્થિતિનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે. એવી સ્થિતિ જેને થાય છે તેને એકરસ ચૈતન્ય ભાસે છે. ૪-૮. અને તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે. પણ તેમાં બીજો કોઈ આકાર રહેતો નથી. ચોક્કસ એક મૂર્તિ જ રહે છે. ૯. ક્યારેક તે પ્રકાશમાં મૂર્તિ દેખાતી નથી, એકલો પ્રકાશ જ દેખાય છે અને ક્યારેક તો મૂર્તિ તથા પ્રકાશ બંને દેખાય છે. ૧૦. આવી રીતની જે સ્થિતિ છે તે જ્ઞાને કરીને થાય છે. જેવી ભગવાનની મૂર્તિ પ્રગટ દેખાય છે, તે મૂર્તિમાં અખંડ વૃત્તિ રહે તેણે કરીને આવી સ્થિતિ દૃઢ થાય છે. પણ તે માટે આ વિના બીજો કોઈ ઉપાય જણાતો નથી. ૧૧-૧૨.

✵ યથાર્થ નિશ્ચય અને મહિમાવાળાનાં લક્ષણ :

જે ભક્તના હૃદયમાં જેવો ભગવાનનો મહિમા સમજાયો હોય તેનાં હૃદયમાં તેટલો પ્રકાશ થાય છે. અને જેટલો મહિમા હોય તેટલો તે ભક્તજનને પ્રણવનો નાદ પણ સંભળાય છે. ૧૩-૧૪. અને **જેટલો જેને ભગવાનનો નિશ્ચય અને મહિમા સમજાય છે તેટલાં તેનાં ભૂંડાં ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય છે. ૧૫. જ્યારે ભક્તને ભગવાનનો યથાર્થ નિશ્ચય થાય છે તથા ભગવાનનો યથાર્થ મહિમા સમજ્યામાં આવે છે ત્યારે ૧૬.** તેને જે કાંઈ ભૂંડા ઘાટમાત્ર થતા હોય તે સર્વે મૂળમાંથી જ ટળી જાય છે.

જેમ કોઈએ લીંબુની એક ચીર ચૂસી હોય ત્યારે તેના થોડા થોડા દાંત અંબાઈ જાય છે. અને હળવે હળવે થોડાક તો ચણા ચવાય છે, પણ જો આખું લીંબુ ચૂસ્યું હોય તો જરા પણ ચણા ચવાય નહિ. ૧૭-૧૮. અને જો ઘણાં બધાં લીંબુ ચૂસ્યાં હોય તો તો રાંધેલો ભાત પણ ચવાય નહિ. તેમ જેને ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી ખટાશ ખૂબ જ ચઢી ગઈ હોય, તો

તેનાં ચાર અંતઃકરણ અને દસ ઈન્દ્રિયોરૂપી દાઢો બધી જ અંબાઈ જાય છે. ૧૯-૨૦. અને ત્યાર પછી આ જીવ મનરૂપી દાઢે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવા માટે સમર્થ થાતો નથી. ૨૧. તે રીતે જ ચિત્તરૂપી દાઢે કરીને વિષયનું વારંવાર ચિંતવન કરવા માટે સમર્થ થાતો નથી. જ્ઞાનસ્થિતિની આવી વાત છે. ૨૨. તેમ જ બુદ્ધિરૂપી દાઢે કરીને વિષયનો નિશ્ચય કરવા તે સમર્થ થાતો નથી. જ્ઞાનની આવી રીત જણાય છે. ૨૩. તે રીતે અહંકારરૂપી પોતાની દાઢે કરીને વિષય સંબંધી જે અભિમાન, તે કરવા સમર્થ રહેતો નથી. ૨૪. તેમ જ પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોરૂપી દાઢે કરીને તે તે ઈન્દ્રિયના વિષયરૂપી ચણાને ચાવવા સમર્થ થાતો નથી. આમ ભગવાનના નિશ્ચય તથા મહિમાએ કરીને ભક્ત ઘણી બધી મોટાઈને પામે છે. ૨૫-૨૬. જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય ન થયો હોય અને ભગવાનનો મહિમા યથાર્થરૂપમાં ન થયો હોય, તેનાં જેટલાં ઈન્દ્રિયો અને અંતઃકરણ છે તે પોતપોતાના વિષયમાંથી ક્યારેય યથાર્થપણે નિવૃત્ત થતા નથી. ૨૭-૨૮.

❊ જેવા ભગવાનને જાણે તેવો પોતે થાય :

ભગવાનનું જે સ્વરૂપ છે તે માયા અને માયાના ગુણથી પર છે તેમજ સર્વ પ્રકારના વિકારે રહિત છે. પણ તે ભગવાન જીવોના કલ્યાણને માટે મનુષ્ય જેવા ભાસે છે ત્યારે જેટલા અલ્પ બુદ્ધિવાળા લોકો છે તે ભગવાનમાં પણ દોષ કલ્પે છે. તેઓ ભગવાનમાં જેવાં દોષ કલ્પે છે તેવું તેને ફળ મળે છે. ૨૯-૩૦. **ભગવાનમાં તો એક પણ દોષ નથી, પરંતુ જેને અવિવેક હોય છે તે લોકો ભગવાનમાં દોષો કલ્પે છે તેથી જ તેની બુદ્ધિમાંથી ક્યારેય તે દોષો ટળતા નથી. ૩૧. જે ભગવાનને કામી સમજે છે તે મનુષ્ય અત્યંત કામી થઈ જાય છે અને મરીને જમપુરીમાં જાય છે. ૩૨.**

ભગવાનને જે ક્રોધી સમજે છે તે અત્યંત ક્રોધી થઈ જાય છે. અને ભગવાનને જે લોભી સમજે છે તે અત્યંત લોભી થઈ જાય છે. ૩૩. ભગવાનને જે ઈર્ષ્યાવાળા સમજે છે તે લોકો અત્યંત ઈર્ષ્યાવાળા થઈ જાય છે. આવા બધા જે દોષો છે તે ભગવાનમાં જેટલાં કલ્પવામાં આવે છે તે બધા દોષો કલ્પના કરનારામાં આવે છે. જેમ કોઈ સૂર્યની સન્મુખ ફાંટ ભરીને

ધૂળ ફેંકે છે તો તે ધૂળ જરૂર તેની આંખમાં જ પડે છે, તેમ ભગવાનને વિષે જે જાતનાં દોષોને કલ્પવામાં આવે છે તે જાતનાં બધાં દોષો તેને ઘણા પ્રકારે દુઃખ આપે છે. ૩૪-૩૭. **ચાહે તેવા પોતામાં ખરાબ સ્વભાવ હોય, પણ જો ભગવાનને અત્યંત નિર્દોષ સમજે છે તો તે ભગવાનમાં નિર્દોષતા માનવાથી તે પોતે નિર્દોષ થઈ જાય છે. પણ આવી નિર્દોષતાની સમજણ સિવાય માણસ ક્યારેય નિર્દોષ થતો નથી. ૩૮-૩૯.**

પછી બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિના પ્રત્યે કહ્યું કે, "કોઈ વિષયમાં પોતાના ઇન્દ્રિયો ક્યારેય તણાતા ન હોય, ૪૦. અને અંતઃકરણમાં ક્યારેય ભૂંડા ઘાટ થતા ન હોય અને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ હોય, તોપણ કોઈકને અપૂર્ણપણું રહે છે અને તેણે કરીને અંતર શૂન્ય જેવું વર્તે છે તેનું કારણ શું છે ? તે કહો. અમને તે સમજ્યામાં આવતું નથી."

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું, "તમે જે કહી તે હરિભક્તમાં ઘણી મોટી ખોટ છે. હવે તેની વાત નિર્ધાર કરીને કહું છું. જેને પોતાનું મન સ્થિર થયું હોય અને ભગવાનનો નિશ્ચય પણ અતિ દૃઢ હોય, છતાં પણ જેના હૈયામાં અત્યંત આનંદ વર્તતો નથી જે, ૪૧-૪૪. 'મારું ધન્યભાગ્ય છે, હું ઘણો કૃતાર્થ થયો છું અને આ સંસારમાં જેટલા જીવ છે તે બધા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા અને તૃષ્ણા ઇત્યાદિક અપાર દોષોથી હેરાન થાય છે. અને રાત-દિવસ દુઃખી થઈને ફરતા રહે છે, તેને ક્યારેય સુખ હોતું નથી. ૪૫-૪૬. તેઓ રાત-દિવસ ત્રિવિધ તાપમાં બળતા રહે છે. જ્યારે મારા ઉપર તો પ્રગટ પુરુષોત્તમે કરુણા કરી છે. ૪૭. અને જેવું પોતાનું સ્વરૂપ છે તેવું કૃપા કરીને મને ઓળખાવ્યું છે. અને સર્વ સાધનોનું જે ફળ કહેવાય છે તેવો સત્સંગ મને મળ્યો છે. ૪૮. બહુ પ્રકારે મારા પર દયા કરીને સંતોએ મળીને કામ, ક્રોધાદિક સર્વ વિકારોથી મને અત્યારે રહિત કર્યો છે. તથા નારદ, સનકાદિક અને શુકદેવજીના જેવા સંતોના સમાગમમાં મને નિવાસ આપ્યો છે. તેથી મારું મોટું ભાગ્ય છે અને હું ધન્ય ધન્ય છું. ૪૯-૫૦. જે ભક્ત આવો વિચાર કરતો નથી અને આઠે પહોર અપાર આનંદમાં રહેતો નથી. તે સમજણ વિના મોટી ખોટ રહે છે. ૫૧.

જેમ કોઈકે બાળકના હાથમાં ચિંતામણિ આપ્યો હોય પણ તેનો મહિમા નહિ હોવાથી તેને આનંદ થતો નથી, તેમ ભગવાન પુરુષોત્તમનારાયણ મળ્યા, તોપણ જેનાં અંતરમાં આઠે પહોર તેનો કેફ ન રહે તે બધી તેનામાં ખોટ છે. ૫૨-૫૩. જે એવી રીતે મહિમા નથી સમજતો તેનું અંતર શૂન્ય જેવું વર્તે છે અને તેને પૂર્ણકામપણું મનાતું નથી. તે હરિભક્તમાં મોટી ખોટ રહી છે. ૫૪.

चोपाई :

जब कोउ हरिभक्त हि ताके, दोष नजर महिं आवे वाके;
तब हि समझना एसी रीत, स्वभाव याके रहे विपरीत...५५
सत्संग महिं अघटित जोउ, सत्संग हि यह मिलेउ तोउ;
जेसे तेसे सत्संग रहे मांही, परेउ रहे जेहि जन आंही...५६

दोहा : याके पूर्व जो जन्म के, वा यह जन्म ताके;
एसे मिले सत्संग हि, बडे संस्कार वाके...५७

અને જ્યારે બીજા કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું કે, ‘આનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે એવો વિપરીત છે, છતાં તેને સત્સંગ મળ્યો છે અને તે માણસ જેવો તેવો છે તોય સત્સંગમાં પડ્યો છે તે આનાં કોઈ પૂર્વજન્મનાં અથવા આ જન્મનાં મોટા સંસ્કાર છે, જેણે કરીને તેને આવો સત્સંગ મળ્યો છે. ૫૫-૫૭. આ પ્રકારે સમજીને તેનો અપાર ગુણ લેવો.” એમ વાત કરીને શ્રીહરિ તે વખતે ત્યાંથી ઊઠ્યા. ૫૮. પછી ‘જય સચ્ચિદાનંદ’ કહીને પોતાને ઉતારે ચાલ્યા. સહુ સંતો પણ શ્રીહરિનું આ વચનામૃત સાંભળીને આનંદિત થયા. ૫૯. શ્રીહરિ જે વાત કરે તેમાં વેદ, પુરાણ અને સ્મૃતિનું બધું રહસ્ય રહ્યું હોય છે. એ વાતથી પર બીજું કોઈ રહસ્ય નથી. ૬૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં “ગઢડા પ્રથમ પ્રકરણનું ચોવીશમું વચનામૃત કહ્યું” એ નામે ઓગણીશમો તરંગ સમાપ્ત ॥૧૯॥



પૂર એકવીશમું : તરંગ - ૨૦

ગઢડા પ્રથમ પ્રકરણનું પચીશમું વચનામૃત

✵ વિશ કોષના પ્રવાહની જેમ એક વાસના કર્યાનું :

પોષ સુદિ સાતમને દિવસ પ્રભાત સમયે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં હતા. ત્યારે પોતે શ્વેત ખેસ પહેર્યો હતો. શ્વેત ચોફાળ ઓઢ્યો હતો અને મસ્તક ઉપર શ્વેત ફેંટો ધાર્યો હતો. ૧-૨. શ્રીહરિ પરમહંસની જાયગામાં પરથાર ઉપર પૂર્વમુખે બેઠા હતા. કાંઈક વાત કરવા જ પધાર્યા હતા. ૩. પરમહંસો અને દેશદેશના હરિભક્તો બધા સભામાં આવીને બેઠા હતા. ૪.

પછી ધર્મકુમાર શ્રીહરિ અપાર કૃપા કરીને બોલ્યા કે, “ગઈ કાલે બ્રહ્માનંદસ્વામીએ અમને જે પ્રશ્ન પૂછ્યો હતો તેનો જેવો છે તેવો યથાર્થ ઉત્તર આજ ફરીને કરવા આવ્યા છીએ. યથાર્થ ઉત્તર થયા સિવાય શાંતિ રહેતી નથી. ૫-૬. અને શાંતિ થયા સિવાય સુખ આવતું નથી અને સુખ થયા વિના શાંતિ રહેતી નથી. જો કે, જે પ્રશ્ન-ઉત્તરમાં સમજતા હોય તેને માટે શાંતિ કે અશાંતિની વાત છે. ૭. કેમ જે, જેવો પ્રશ્ન હોય તેવો ઉત્તર જ્યારે થાય ત્યારે અતિ બુદ્ધિવાળાને યથાર્થ ઘેડ બેસે છે. જેને ઘેડ બેઠી ન હોય તે પણ જણાઈ આવે છે. ૮. જે પ્રશ્ન તથા ઉત્તરમાં સમજે છે તેને વાતનો યથાર્થ સ્વાદ-આનંદ આવે છે. સ્વધર્મેયુક્ત એવો જે ભગવાનનો ભક્ત હોય તેને અંતરમાં યથાર્થરૂપમાં પૂર્ણકામપણું મનાતું નથી, તેનું જે કારણ છે તેને અમે સ્પષ્ટ કરીને બતાવીએ છીએ. ૯-૧૦.

✵ આત્મનિષ્ઠા અને ભગવદ્‌મહિમાની આવશ્યકતા :

આત્મનિષ્ઠામાં જેટલી કસર રહે અને ભગવાનના માહાત્મ્યજ્ઞાનમાં જેટલી ન્યૂનતા રહે છે તેટલી તેમાં કસર દેખાય છે. પૂર્ણકામપણા માટે આ કહી તે બંને વાત હોવી જોઈએ. તે બેમાં જેટલી કસર હોય છે તેટલી પૂર્ણકામપણામાં ખોટ રહે છે. ૧૧-૧૨. આ બે બાબતમાં જેટલી કસર રહે છે અથવા રાખે છે તેટલી તેને સમાધિમાં પણ કસર રહે છે. ૧૩. એક હરિભક્તને હમણાં અમે સમાધિ કરાવી હતી ત્યારે તેને સમાધિમાં તેજ

દેખાણું. ૧૪. જ્યારે તેને અમે અતિશય તેજ દેખાડ્યું ત્યારે તે તેજ જોઈને ચીસ પાડવા માંડી અને તેણે કહ્યું કે, 'હું આ તેજથી બળું છું.' ૧૫. આમ સમાધિનિષ્ઠને પણ આત્મનિષ્ઠાનું જરૂર કામ પડે છે. જેને આત્મનિષ્ઠા ન હોય તે સમાધિમાં દેખાઈ આવે છે. ૧૬.

ભગવાનનો ભક્ત થઈને પોતાના સ્વરૂપને જ્યાં સુધી આત્મા નથી જાણતો ત્યાં સુધી તે પોતાને દેહરૂપ માને છે. ૧૭. અને થોડી પણ આત્મનિષ્ઠા વિના તેમાં અપાર કાચપ રહે છે. પછી જેને સમાધિ થઈ હતી તે ભક્તને અમે સમજાવ્યું જે, ૧૮. 'તારું સ્વરૂપ તો આત્મા છે દેહ નથી તેવું ચોક્કસ જાણ. અને આ લાડકીબાઈ એવું નામ અને ભાટનો દેહ તે તું ક્યારેય નથી. ૧૯. તારું સ્વરૂપ તો અછેદ્ય, અભેદ્ય, અજર અને અગમ એવો જે આત્મા તે છે.' હવે તમે ફરીને સમાધિ કરીને ગણપતિના સ્થાનકમાં જાઓ. ૨૦. ત્યાં બાલસૂર્યના જેવું ચાર પાંખડીનું કમળ છે તેનું આધારચક્ર નામ છે. તેને મૂળ સ્થાનક કહેવાય છે. ૨૧. તે ગણપતિને સ્થાનકે જઈને તું તારું સ્વરૂપ જો.' પછી તે સમાધિ કરીને ત્યાં ગઈ અને અંતરમાં તેને કાંઈ ડર રહ્યો નહિ. ૨૨.

જ્યારે સમાધિવાળા ગણપતિના સ્થાનકે સમાધિ કરીને જાય છે ત્યારે તેને નાદ સંભળાય છે. ૨૩. અને ત્યાં જેવો પ્રકાશ રહ્યો હોય છે તેવો યથાર્થરૂપમાં દેખાય છે. પછી તેનાથી પર બ્રહ્માના સ્થાનકમાં યોગી જાય છે. ૨૪. તેને લિંગ સ્થાનક અને સ્વાધિષ્ઠાન ચક્ર કહે છે. ત્યાં તેથી વધારે નાદ સંભળાય છે અને તેનો પ્રકાશ સોના જેવો છે. તેનાથી ઉપર વિષ્ણુના સ્થાનકમાં યોગી જાય છે. ત્યાં અતિશય નાદ સંભળાય છે અને તેજ પણ અતિશય દેખાય છે. ૨૫-૨૬. ત્યાં નાભિ સ્થાનક છે તેને મણિપુર ચક્ર કહે છે. ઈન્દ્રનીલ મણિના જેવો તેનો વર્ણ છે અને દસ પાંખડીવાળું તે કમળ છે. ૨૭. તેનાથી ઉપર રુદ્રનું સ્થાનક છે. જ્યારે યોગી ત્યાં જાય છે ત્યારે તેથી નાદ અધિક સંભળાય છે અને તેજ પણ અધિક દેખે છે. ૨૮. તેનું હૃદય સ્થાનક છે અને અનાહત ચક્ર એવું નામ છે. તેને બાર પાંખડીવાળું કમળ કહેવાય છે અને તેનો હંસના જેવો શ્વેતવર્ણ રહ્યો છે. ૨૯. અને તેનાથી ઉપર જે સ્થાન છે તે જીવાત્માનું સ્થાન છે. જ્યારે યોગી ત્યાં જાય

છે ત્યારે તેથી વધારે અપરંપાર નાદ સંભળાય છે અને અધિક તેજ દેખાય છે. તેનું વિશુદ્ધિચક્ર એવું નિર્ધારિત નામ છે. ત્યાં સોળ પાંખડીવાળું કમળ છે અને તેનો દીવાના જેવો વર્ણ છે. ૩૦-૩૧. તેનું સ્થાન કંઠ કહેવાય છે. સમાધિમાં ગયેલો યોગી તેને ત્યાં જઈને દેખે છે. તેનાથી ઉપર જ્યારે તે સમાધિ કરીને જાય છે ત્યારે પરમાત્મા વિરાટનું સ્થાનક દેખાય છે અને ત્યાં સહુથી વધારે અપરંપાર નાદ સંભળાય છે અને અપાર તેજ દેખાય છે. ૩૨-૩૩. તેનું સ્થાનક ભ્રકુટી છે અને આજ્ઞા ચક્ર એવું નામ રહ્યું છે. તે કમળ બે પાંખડીવાળું કહેવાય છે અને ચંદ્રના જેવો તેનો શુદ્ધ વર્ણ છે. ૩૪. આવી રીતે એક એકથી ઉપરના તે સ્થાનકોમાં વધારે વધારે નાદ સંભળાય છે અને અમાપપણે તેજ દેખાય છે. અને નાદમાં એવા કડાકાઓ થાય છે કે જાણે આકાશ ફાટી રહ્યું હોય ! ૩૫. ત્યારે જેને પાકી આત્મનિષ્ઠા હોય તેને પણ ધીરજ રહેતી નથી.

અર્જુન ભગવાનના અંશ કહેવાય છે. તે સમર્થ અને અતિ શૂરવીર હતા. ૩૬. તોપણ ભગવાને જ્યારે પોતાનું વિશ્વરૂપ બતાવ્યું ત્યારે અત્યંત તેજ દેખીને તેઓ જોવા સમર્થ ન થયા. ૩૭. પછી અર્જુને તે વખતે ભગવાનને કહ્યું કે, 'આ આપના સ્વરૂપને દેખવા માટે હું લગાર પણ સમર્થ નથી. ૩૮. માટે હવે આપ મને મનુષ્યરૂપે આપનાં દર્શન આપો. આપનું તેજ અપાર છે તેને દેખવા મારામાં સામર્થ્ય નથી. ૩૯. આવા જે સમર્થ હોય છે તેને પણ સમાધિમાં બ્રહ્માંડ ફાટે તેવા કડાકા દેખાય છે અને ૪૦. જેમ સમુદ્ર મર્યાદા મૂકે તેમ તેજનો અપાર સમૂહ દેખાય છે ત્યારે ધીરજ રહેતી નથી. આનું કારણ તો પોતાને દેહરૂપે માનવું તે છે. ૪૧. **માટે દેહથી પોતાના સ્વરૂપને વિચારે કરીને જુદું સમજવું. જે ભગવાનના ભક્ત થયા હોય તે આવી અલૌકિક વાત શીખતા રહે છે. ૪૨.**

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પચીશમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે વિસમો તરંગ સમાપ્ત ॥૨૦॥



પૂર એકવીશમું : તરંગ - ૨૧

ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું પચીશમું વચનામૃત

પછી શ્રીહરિ ફરીવાર સમાધિની વાત કહેવા લાગ્યા. કારણ કે આવી વાત કહ્યા સિવાય સમજાતી નથી. ૧. જે સમાધિ છે તેના બે ભેદ છે. તે જેવા છે તેવા અલગ અલગ કરીને કહીએ છીએ. ૨. એક તો પ્રાણાયામે કરીને પ્રાણનો નિરોધ થાય તે ભેળો ચિત્તનો પણ નિરોધ થાય છે. ૩. બીજો પ્રકાર એ છે કે, ચિત્તના નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. તે જેમ થાય છે તે અમે કહીએ. ૪. હવે ચિત્તનો નિરોધ જે રીતે થાય છે તેની વાતને હું કહું છું. **બધી જગ્યાએથી મનની વૃત્તિને તોડીને એક ભગવાનમાં વૃત્તિ જોડાય તેમ કરવું. પણ વૃત્તિઓ બહુ જગ્યાએ ફેલાઈ ગયેલી છે. માટે જેમાં જેટલી વાસના રહી હોય તેનો વસ્તુવિચાર કરીને તે વાસનાને તોડવી.** ૫-૬. અને એક ભગવાનના સ્વરૂપમાં જ વાસના રાખવી.

આ રીતે એક ભગવાનની જ વાસના થાય તો તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાંથી કોઈની હઠાવી હઠે નહિ. ૭. જેમ કોઈ કૂવા ઉપર વીશ કોશ એકસાથે ચાલતા હોય, પણ તે પ્રત્યેક કોશનો પ્રવાહ જુદો જુદો ચાલતો હોય તો તે પ્રવાહમાં બહુ ઝાઝું જોર હોતું નથી. ૮. પણ તે વીશે કોશનો પ્રવાહ જ્યારે એકસાથે ભેળો કરીને ચલાવવામાં આવે ત્યારે તે પ્રવાહ નદીના જેવો ઘણો બળવાન થાય છે. પછી તે પ્રવાહ કોઈ પ્રકારે હઠાવ્યો હઠતો નથી. ૯. તે રીતે જ જ્યારે જેનું ચિત્ત નિર્વાસનિક થાય છે ત્યારે તે ચિત્ત ભગવાનના સ્વરૂપમાં દૃઢપણે પરોવાઈ જાય છે.

પણ જેનાં ચિત્તમાં સંસારના સુખની કાંઈ વાસના રહી હોય તેની વૃત્તિ જ્યાં સુધી શ્રોત્ર ઇન્દ્રિય દ્વારાએ અનંત જાતના શબ્દમાં સાર દેખે છે ત્યાં સુધી તેની વૃત્તિ જુદી જુદી ફેલાઈ જાય છે. ૧૦-૧૧. તે જ રીતે જ્યાં સુધી ત્વચા ઇન્દ્રિય દ્વારાએ હજારો પ્રકારનો સ્પર્શ કરવામાં સાર દેખે છે ત્યાં સુધી તેની વૃત્તિ જુદી જુદી ફેલાઈ જાય છે. ૧૨. તે રીતે જ નેત્ર ઇન્દ્રિયની વૃત્તિ રૂપ વિષયમાં હજારો પ્રકારે ફેલાઈ જાય છે. તેનો ગણતા પાર આવતો નથી. ૧૩. તેમ જ રસના ઇન્દ્રિયની જે વૃત્તિ તે રસ વિષયમાં

હજારો હજાર રીતે ફેલાઈ જાય છે. ૧૪. તે પ્રમાણે જ નાસિકા ઇન્દ્રિયની વૃત્તિ વિવિધ પ્રકારના ગંધમાં ગંધ લેવાને માટે ફેલાઈ જાય છે. ૧૫. તે રીતે જ કર્મ ઇન્દ્રિયોની વૃત્તિઓ પણ પોતપોતાના વિષયમાં હજારો રીતે ફેલાઈ જાય છે. ૧૬. આવી રીતે દસે ઇન્દ્રિયો દ્વારા તેનું અંતઃકરણ હજારો રીતે અપરંપાર ફેલાઈ ગયું હોય છે. પણ જીવ તેનો ક્યારેય વિચાર કરતો નથી. ૧૭. હવે તે વિચાર કરવાની રીત કહીએ છીએ. કહ્યા સિવાય તે દેખાતું નથી. તે ચિત્ત જ્યારે વારેવારે એક ભગવાનનું જ ચિંતવન કરવા લાગે છે, ૧૮. અને મન છે તે વારંવાર એક ભગવાનના જ રાત-દિવસ ઘાટ ઘડ્યા કરતું હોય, અને બુદ્ધિ એક ભગવાનના સ્વરૂપનો નિશ્ચય વારંવાર કરતી રહે. ૧૯. અને અહંકાર 'હું આત્મા છું અને ભગવાનનો ભક્ત છું' એવું અખંડ અભિમાન કરતો રહે, ૨૦. ત્યારે તેની એક વાસના થઈ કહેવાય. આવી તેની પરીક્ષા કરવી જોઈએ.

હવે પ્રાણે કરીને ચિત્તનો જે નિરોધ થાય છે તેની વાત કહું છું. ૨૧. અષ્ટાંગયોગનો અભ્યાસ કરીને પ્રયાસ કરે તો ચિત્તનો નિરોધ થાય છે. હવે અષ્ટાંગયોગના જે આઠ અંગ છે તેનાં નામ કહું છું. ૨૨. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ, તે યોગના આઠ અંગ છે. ૨૩. આ આઠ અંગ અનુપમ શ્રેષ્ઠ સાધનરૂપ છે. તેનું ફળ ભગવાનમાં મનની વૃત્તિ રાખવી, તે કહ્યું છે. ૨૪. ચિત્ત એક ભગવાનમાં જ સંલગ્ન થઈને રહે અને તે સિવાય બીજું બધું અનિત્ય દેખે, એને નિર્વિકલ્પ સમાધિ કહે છે. ૨૫. એવી નિર્વિકલ્પ સમાધિ થાય ત્યારે પ્રાણના નિરોધે કરીને ચિત્તનો નિરોધ થાય છે. જો ચિત્તની વૃત્તિ નિર્વાસનિક કરીને ભગવાનમાં પરોવે, ૨૬. તો ચિત્તની વૃત્તિના નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. આ રીતે અષ્ટાંગયોગે કરીને જેમ ચિત્તનો નિરોધ થાય છે તે વાત કહી. ૨૭.

જેમ અષ્ટાંગયોગને સાધવાથી ચિત્તની વૃત્તિનો નિરોધ થાય છે તેમ ભગવાનના સ્વરૂપમાં ચિત્તને જોડવાથી પણ ચિત્તનો નિરોધ તત્કાળ થઈ જાય છે તે વાત કહી. **ભગવાનના સ્વરૂપમાં જેના ચિત્તની વૃત્તિ જોડાણી હોય તેને**

ભગવાનના મહિમાએ કરીને અષ્ટાંગયોગ સાધ્યા વિના પણ સધાઈ જાય છે. આવો ભગવાનનો મહિમા છોડીને જે મનુષ્ય પોતાના સાધનનું બળ લે છે, તેને છેવટે તલભાર પણ કોઈ જાતનું સુખ રહેતું નથી. કારણ કે, જે સાધનનું બળ રાખે છે તેનો અંતકાળ સુધરતો નથી. ૨૮-૩૧.

❋ શ્રીહરિને રાજી કરવાના ઉપાયો :

ભગવાનને રાજી કરવાના સાધનો અને વ્રતમાન નિયમ તે તો ભગવાનની આજ્ઞાએ કરીને વસ્ત્ર તથા ઘરેણાંની જેમ જતન કરીને જરૂર રાખવા. ૩૨. જેમ બ્રાહ્મણનો ધર્મ છે કે નાવું, ધોવું, પવિત્રપણે રહેવું અને શૂદ્રના ઘરનું પાણી ક્યારેય ન પીવું. ૩૩. તે રીતે જ જે સત્સંગી હોય તેમણે ભગવાનની આજ્ઞામાં અને વ્રતમાન નિયમમાં કાંઈ ફેર પાડવો નહિ. ૩૪. કેમ જે, ભગવાનની આજ્ઞા જેવી રીતે હોય તેવી રીતે જે પાળે છે તેના ઉપર ભગવાનની અપાર પ્રસન્નતા થાય છે. ૩૫. ભગવાનનો નિશ્ચય રાખવો અને તે રીતે જ ભગવાનનું માહાત્મ્ય સમજવું અને વૈરાગ્યે યુક્ત આત્મજ્ઞાન રાખવું, આ ત્રણને સમજીને દૃઢપણે રાખવા. ૩૬.

दोहा : निज मन में पुरणकाम हि, समझना हरिजन;
मेरेकु साक्षात् ही, पुरुषोत्तम मिल रहन...३७
नारायण मिले तिनकी, आज्ञा में रही ताकि;
भजन करत हि तिनके अब, न्यूनता रहे न वाकि...३८

અને 'મને સાક્ષાત્ ભગવાન પુરુષોત્તમ મળ્યા છે' તેમ સમજીને હરિભક્તોએ પોતાના મનમાં પૂર્ણકામપણું માનવું. 'મને ભગવાન નારાયણ મળ્યા છે અને હું તેમની આજ્ઞામાં રહીને ભજન કરું છું. માટે હવે મારે કોઈ જાતની ન્યૂનતા રહી નથી.' એમ સમજવું. ૩૭-૩૮. આ રીતે સમજીને પોતાને કૃતાર્થ માનીને ઘણા પ્રેમથી નિરંતર ભગવાનની ભક્તિ કરવી. ૩૯. અને 'મને સર્વોપરી ભગવાન મળ્યા છે તેથી મારે બધી વાત સુધરી ગઈ છે,' આવી સમજણના કેફે કરીને ક્યારેય છકી પણ જાવું નહિ. ૪૦. **અને હરિભકતે પોતામાં ક્યારેય લગાર પણ અકૃતાર્થપણું માનવું નહિ. જે પોતામાં અકૃતાર્થપણું માને છે તેના ઉપર ભગવાનની કૃપા રહેતી નથી. તેને તો જેમ**

ખારાપાટમાં બીજ વાવ્યું હોય તેમ જાણવું અને જે છકી જઈને જેમ તેમ કરવા લાગે તો માનવું કે અગ્નિમાં બીજ પડ્યું તે બળી ગયું છે. ૪૧-૪૨. માટે અમે જે રીતે વાત કરી છે તે પ્રમાણે જે રહે છે તેને કોઈ પણ જાતની ન્યૂનતા ચોક્કસ નહિ રહે." પોતે આટલી વાત કહીને શ્રીજીમહારાજ પોતાના નિવાસ સ્થાને પધાર્યા. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું પચીશમું વચનામૃત પૂરું થયું" એ નામે એકવીશમો તરંગ સમાપ્ત ॥૨૧॥



પૂર એકવીશમું : તરંગ - ૨૨

ગઢડા પ્રથમ પ્રકરણનું છવ્વીશમું વચનામૃત

❋ રસિક ભક્ત અને નિર્ગુણભાવ પામ્યાનું :

પોષ સુદિ એકાદશીને દિવસ પહોર દિવસ ચઢ્યો ત્યારે શ્રીજીમહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ આવીને પલંગ ઉપર વિરાજમાન થયા હતા. તેમના મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો, શ્વેત ખેસ પહેર્યો હતો અને શ્વેત ચોફાળ ઓઢ્યો હતો. અને બંને કાન ઉપર ગુલદાવદીના મોટા બે ફૂલ ધારણ કર્યા હતા. અને પાઘ ઉપર ફૂલના તોરા ધાર્યા હતા. અને મુખારવિંદની આગળ પરમહંસો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે પરમહંસો તાલ, મૃદંગ આદિ વાજિંત્રોને લઈને પ્રેમપૂર્વક કીર્તન ગાતા હતા.

તે પ્રેમરસને દેખીને શ્રીહરિ બોલ્યા, ૧-૬. "હવે તમે કીર્તન બોલવા રાખો અને મારી વાતરૂપી એક કીર્તન છે તેને તમે સાંભળો. તેમાં ભગવાનના સ્વરૂપ સંબંધી પ્રેમરસ ભર્યો છે." ૭. ત્યારે પરમહંસોએ કહ્યું કે, "હે મહારાજ ! જેવી આપની ઈચ્છા હોય તે રીતે અમારા ઉપર કૃપા કરીને કહો. આપે ઘણું સારું કહ્યું. આપ જે વાત કરો છો તે અમને ખૂબ જ ગમે છે." ૮.

✻ સાચા-ખોટા રસિક ભક્તનાં લક્ષણ :

પછી શ્રીજીમહારાજ કીર્તનમાં જેવો ભાવ દેખાયો તેવું બોલ્યા, “કીર્તન ગાતા ગાતા તેમાં જો એક ભગવાનના સ્વરૂપમાં જ રસ જણાય તો તો તે વાત ઠીક છે અને તે ભક્તને માટે યોગ્ય છે, પણ ભગવાનનાં સ્વરૂપ સિવાય બીજામાં જ્યારે રસ જણાય ત્યારે તો તે ભક્તમાં ઘણી મોટી ખોટ કહેવાય અને તે કહ્યા સિવાય દેખાતી નથી. ભગવાનના શબ્દમાં જેમ હેત થાય છે અને તેમના શબ્દમાં જેવો રસ રહે છે, તેમ જ જગતનાં ગીત-વાજિંત્રના શબ્દમાં લોભાઈ જવાય અથવા સ્ત્રી આદિકના અપાર શબ્દમાં રસ લેવાય, અને તેમાં હેત થાય તો તે ભક્ત અવિવેકી જાણવો. પછી તે અવિવેકને સમજી, તેમાં દોષ દેખીને તેનો તેણે ત્યાગ કરવો જોઈએ. ૯-૧૩.

અને ભગવાન અથવા ભગવાનના સંતોના વચનમાં જેવો રસ જણાય છે તેવો જ રસ બીજા વિષયના શબ્દમાં જેટલો જણાય તેટલી તેમાં ખોટ છે. વિષય ઘણી જાતના છે. તે વાત આપ સહુ ભક્તોને કહું છું. ૧૪-૧૫. **અને ભગવાનના સંબંધ વગરની જેટલી બાબતમાં રસ લેવાય છે તેટલી તે ભક્તમાં ખોટ કહેવાય છે.** ૧૬. ભગવાનના ભક્ત થઈને બીજી બાબતમાં જેટલો રસ લેતા હોય છે એટલી તે ભક્તમાં મૂર્ખતા રહી છે. અને તે બધી મૂર્ખતાને અમે બતાવીએ છીએ. ૧૭. અને જેટલી મૂર્ખતા અમે બતાવીએ તે મૂર્ખતાનો ભક્તે ત્યાગ કરી દેવો. અને તેવી મૂર્ખતાનો ત્યાગ કરીને ભગવાનના શબ્દને સહુથી અધિક જાણીને તેમાં અનુરાગ કરવો. અને તેમાં જ પોતાનું હિત છે તેમ સમજીને સુખ માનવું. આ પ્રકારના જેટલા ભક્તો છે તે જ ખરા રસિક ભક્ત છે. ૧૮-૧૯.

જેમ ભગવાન સંબંધી શબ્દ કહ્યો તે રીતે જ ભગવાન સંબંધી સ્પર્શને સમજવો. ભગવાનના સંબંધ વગરના જેટલા સ્પર્શ છે, તે બધાને કાળો નાગ અને અગ્નિના જેવા માને ત્યારે જ તે સાચો રસિક ભક્ત કહેવાય છે. અને તેવી સમજણ વિનાના ભક્ત તો કાચા કહ્યા છે. ૨૦-૨૧. ભગવાનનું જેવું રૂપ છે તેવું બીજા કોઈનું રૂપ દેખે નહિ અને એક ભગવાનના રૂપમાં જ તે પરમ આનંદ પામે. ૨૨. બીજા જેટલાં રૂપ કહેવાય છે તે બધાને તો નરકનો

ઢગલો સમજે અથવા સડી ગયેલા કૂતરા જેવા સમજે, તે જ ખરો રસિક હરિભક્ત છે. ૨૩. તે રીતે જ ભગવાનના મહાપ્રસાદનો રસ હોય તેમાં જ જે ભક્ત પરમ આનંદ પામે તે જ સાચો રસિક ભક્ત કહેવાય છે. ૨૪.

ભગવાન સંબંધી રસ વિનાના બીજા જે અનેક પ્રકારના રસ હોય તેના સ્વાદે કરીને તે ભક્ત લગાર પણ ખુશ ન થાય, ૨૫. તે રીતે જ ભગવાનને ચઢ્યા એવા જે તુલસી અને વિવિધ પ્રકારના પુષ્પના હાર, તે અનેક પ્રકારની સુગંધે યુક્ત હોય છે. વળી, જેની કોઈ ઉપમા નથી તેવા ભગવાન સંબંધી અત્તર-ચંદનાદિકની સુગંધ લઈને અત્યંત આનંદ પામે તે સાચો રસિક ભક્ત છે, પણ તે સિવાય બીજામાં ભૂલથી પણ મનને જાવા ન દે, ૨૬-૨૮. કોઈ બીજા વિષયી માણસે પોતાનાં અંગ ઉપર અપાર અત્તર-ચંદનાદિક ચરચ્યા હોય અને અપાર ફૂલના હાર પહેર્યા હોય, તેનો જેટલો સુગંધ કહેવાય છે તેને ચમારના કુંડના જેવો નિરંતર દેખતો રહે છે, તે જ સાચો રસિક હરિભક્ત છે. ૨૯-૩૦.

ચોપાઈ :

एसि हि रीत पंच विषय तामें, भगवान सबंधि होवे यामें;
ताके विशे अतिशे करीके, प्रीतिवान होय मोद भरीके...३१
जगत सबंधि पंचविषय तिनमें, अभाव जुक्त अति वरते इनमें;
रसिक भक्त साचे जो ताकी, एसी रीत कहे हम यह वाकी...३२

આ રીતે જ પંચવિષયોમાં ભગવાન સંબંધી જે વિષય હોય તેમાં તે હરખથી ઘણો પ્રીતિમાન રહે અને જગત સંબંધી જે પંચવિષય હોય તેમાં જે અતિશય અભાવે યુક્ત વર્તે તે સાચો રસિક હરિભક્ત છે. આ પ્રમાણે અમે તે રસિક ભક્તની રીત કહીએ છીએ. ૩૧-૩૨. અને જે ભગવાનનો રસિક ભક્ત થઈને જેમ ભગવાનના સંબંધવાળા વિષયના યોગે કરીને અપાર આનંદ પામે છે, તે રીતે જ જગત સંબંધી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, તેના યોગે કરીને પણ જો અત્યંત આનંદ પામતો હોય, તો તે રસિક ભક્તનો ભાવ ખોટો હોવાથી તે ખોટો છે. કારણ કે, જે રીતે તે ભક્તજન ભગવાનમાં આનંદ પામે તે રીતે જ વિષયમાં પણ આનંદ પામે છે. એટલે

જ તે ભક્ત ખોટો કહેવાય છે. એવી જેની ઉપાસના હોય તેને ખોટી કરી નાખવી. ૩૩-૩૬. કારણ કે, ભગવાન ખોટા નથી, પણ તેનો ભાવ ખોટો છે. એટલા માટે જગતના પંચવિષયમાં પ્રીતિવાળા રસિકપણાને અને એવી તેની ઉપાસનાને ખોટી કરી નાખવી. ૩૭. કેમ જે, બીજા પદાર્થને જેવા જાણે છે તે રીતે જ તે ભગવાનને જાણે છે. માટે તેની ભક્તિને અમે આ રીતે ખોટી કહી છે. ૩૮. તેનો ભાવ દેખીને અમે તેનું રસિકપણું ખોટું કહ્યું છે. દેખ્યા વિના જો કહ્યું હોય તો તે વચન પ્રમાણભૂત ન થાય. ૩૯. જે પ્રમાણભૂત હોય તેવું જ સત્પુરુષ ખૂબ વિચાર કરીને બોલે છે. સત્પુરુષોની આવી રીત હોય છે. ૪૦.

હવે જેમ સ્થૂળ દેહ અને જાગ્રત અવસ્થામાં પાંચ વિષયોનો વિવેક અનેક રીતે વાતે કરીને કહી દેખાડ્યો, ૪૧. તેમ જ સૂક્ષ્મ દેહ અને સ્વપ્ન અવસ્થા, તેમાં પણ સૂક્ષ્મ પંચવિષય રહ્યા છે. ૪૨. હવે અમે તેનો વિવેક કહીએ છીએ. તે કહ્યા સિવાય ક્યારેય સમજાતું નથી. તે જ્યારે સ્વપ્ન અવસ્થામાં ભગવાનની મૂર્તિ દેખીને તે ભગવાન સંબંધી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પંચવિષયે કરીને જેમ આનંદ પામે છે તેમ જ અન્ય પંચવિષયને સ્વપ્નમાં દેખીને આનંદને પામે છે તો તે ભાવને કારણે તે ભક્તનું રસિકપણું ખોટું છે. કારણ કે, જેવો ભાવ હોય છે તે દેખ્યામાં આવે છે. ૪૩-૪૫.

સ્વપ્ન અવસ્થામાં કેવળ ભગવાનના સંબંધથી જ જે આનંદ પામતો હોય અને ભગવાન સિવાયના અન્ય વિષયનો જેને ઊલટીના અન્ન જેવો અભાવ રહેતો હોય ત્યારે તે રસિક ભક્ત સાચો કહેવાય. અને એમ ન જાણતો હોય તો જે સ્વપ્નમાં ભગવાન દેખાયા તે તો સાચા છે, તે ભગવાન ક્યારેય ખોટા નથી હોતા, પરંતુ એ ભક્તને તો જેવો ભગવાનમાં પ્રેમ છે તેવો જ અન્ય વિષયમાં પ્રેમ છે, તેથી તે ભક્તની સમજણને અમે તેના ખોટા ભાવને લીધે ખોટી કહીએ છીએ. અમે તેના ભાવ પ્રમાણે વાત કહી છે. ૪૬-૪૯.

કેવળ એક ભગવાનના સ્વરૂપમાં જ મન લોભાય, પણ બીજા વિષયમાં ક્યારેય લોભાય નહિ, આવી જે સમજણ છે તે સાચી છે. સાચી સમજણ

થાય તે માટે તો અમે આ વાત કહીએ છીએ. કેમ જે, વાતમાં જ બધી સમજણ રહી છે. ૫૦-૫૧. જ્યારે ભક્ત કેવળ ભગવાનનું જ એક ચિંતવન કરતો રહે, અને તે ચિંતવન કરતાં કરતાં શૂન્યભાવને પામી જાય છે, ત્યારે તે ભક્તને ભગવાનની મૂર્તિ સિવાય પિંડ-બ્રહ્માંડ કાંઈ લગાર પણ ભાસતું નથી. પછી એવા શૂન્યભાવને વિશે ભગવાનની મૂર્તિને જોતાં જોતાં અંતરમાં અપાર પ્રકાશ થઈ આવે છે. અને તે પ્રકાશને મધ્યે ભગવાનની મૂર્તિ દેખાય છે, જેમાં અનંત શોભા રહી છે.

આ કહ્યું તે રીતે કેવળ એક ભગવાનના સ્વરૂપમાં જેને દૃઢ પ્રીતિ હોય છે તેની ભક્તિને ચોક્કસ પતિવ્રતાની ભક્તિ કહેવાય છે. જ્યારે તમે બધા સંતો રસિક પદ ભાવનાથી ગાતા હતા ત્યારે તેને અમે સાંભળતા હતા. ૫૨-૫૬. તમારી આગળ જેવી વાત કરી તેને અમે આંખો બંધ કરીને વિચાર કરતા હતા. અમારો આ વિચાર થોડો છે, પણ ભગવાન સિવાય બીજું કાંઈ લગાર પણ તે વિચારમાં ટકી શકતું નથી; એવો અમારો વિચાર છે. ભગવાનના સ્વરૂપમાં રસિકભાવની જે પ્રીતિ છે, ૫૭-૫૮.

તેમાં જો કોઈ વિષય આવીને અંતરાય કરે તો તેનું માથું ઊડી જાય, એવો અમારો ઘણો બળવાન વિચાર છે. તમે જેમ કીર્તનનું પદ જોડી રાખો છો તેમ અમે આ સારરૂપ જે વાત કહી, ૫૯-૬૦. તે રૂપી કીર્તન જોડી રાખ્યું છે. તે તમને સહુને સંભળાવ્યું." શ્રીહરિએ આ જે વાત કરી તે પોતાનું મિષ લઈને ભક્તજનનું હિત કરવા માટે કરી છે. તેને સાંભળીને બધા સંતો પ્રસન્ન થયા. ૬૧-૬૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છવ્વીશમું વચનામૃત કહ્યું" એ નામે બાવીશમો તરંગ સમાપ્ત ॥૨૨॥



પૂર એકવીશમું : તરંગ - ૨૩

ગઢડા પ્રથમ પ્રકરણનું સત્યાવીશમું વચનામૃત

❋ ભગવાન અખંડ નિવાસ કરીને રહે તેવી સમજણનું :

પોષ સુદિ દ્વાદશીને દિવસ ભક્તજનોનું કાર્ય સુધારવા માટે શ્રીજીમહારાજ દિવસ ઊગ્યા પહેલા ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં સાધુની જાયગામાં આવ્યા હતા. શ્રીજીમહારાજે મસ્તક ઉપર સુંદર શ્વેત ફેંટો બાંધ્યો હતો અને અંગ ઉપર પ્રેમથી ચોફાળ ઓઢ્યો હતો. ૧-૩. શ્વેત ખેસ પહેર્યો હતો અને ઓટા ઉપર આથમણું મુખારવિંદ રાખીને વિરાજમાન હતા અને બધા પરમહંસો આગળ આવીને બેઠા હતા. ૪.

ત્યારે શ્રીજીમહારાજ અડધી ઘડી તો પોતાની નાસિકાના અગ્ર ભાગ સામે જોઈ રહ્યા. અને પછી બોલ્યા, “પરમેશ્વરનું ભજન કરવાની ઈચ્છા તો બધા હરિભક્તને રહે છે, પણ સમજણમાં ફરક રહે છે. જેની આવી સમજણ હોય તેનાં હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. એક પળવાર પણ તેનાથી જુદા રહેતા નથી. તેને હું વિગત કરીને કહું છું. જ્યારે વિગત પાડીને કહીએ ત્યારે જ સમજાય છે. ૫-૭. જેની રાખી આ પૃથ્વી સ્થિર રહી છે, ડગતી નથી અને જેની ડોલાવી ડોલે છે. તે બાબત ઘણી આશ્ચર્યકારી છે. ૮. અને જેટલું તારામંડળ કહેવાય છે તે બધું જેનું રાખ્યું અધ્ધર રહે છે. અને જેનો વરસાવ્યો વરસાદ સમય પ્રમાણે વરસે છે. ૯. અને જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર રોજ રોજ ઉદય અસ્તપણાને પામે છે, એક પળવાર પણ સ્તંભતા નથી. ૧૦.

વળી, ચંદ્રમાની જે કળા છે તે વધતી ઘટતી રહે છે. તેમજ પાળ વગરનો સમુદ્ર મર્યાદામાં રહે છે. ૧૧. તથા એક જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે, જેને હાથ, પગ, નાક, કાન, એ આદિક દસ ઈન્દ્રિયો થઈ આવે છે. ૧૨. અને જેણે ઊંચે આકાશમાં પાણી રાખી મૂક્યું છે, તેમાં ગાજવીજ થાય છે. તેવાં અનંત આશ્ચર્ય છે, ૧૩. તે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યા જ બધા થાય છે. આવી રીતે સમજે પણ ભગવાન સિવાય બીજા કોઈને તે આશ્ચર્યના કરનારા ન દેખે. ૧૪.

सोरठा : प्रगट प्रमाण हि जेउ, भगवान बिन ओर कोउ;
आश्चर्य करे तेउ, समझे नहि इमि कोउ दिन...१५
अनंत प्रकार के जेहु, जे जे पूरव आश्चर्य भये;
हमना जे होत तेहु, आगे होवनहार जेहि...१६

चोपाई :
तेही सब मोय मिलेउ जेहा, प्रत्यक्ष भगवान जो तेहा;
तेहि ज वते होवत रहाये, एसे समझे भक्त जो ताये...१७

અને પ્રગટ પ્રમાણ ભગવાન સિવાય બીજો કોઈ આ આશ્ચર્ય કરે છે તેવું કોઈ દિવસ સમજે નહિ. અને પૂર્વે અનંત પ્રકારના જે જે આશ્ચર્ય થઈ ગયા, અને હમણાં જે જે થાય છે, અને હવે પછી આગળ જે જે થશે, તે બધાં મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તેમના વતે જ થાય છે; આવી રીતે જે ભક્ત હોય તે સમજે છે. ૧૫-૧૭.

❋ સાચા સંતની સમજણ અને સામર્થી :

વળી, જેને સમજણનો રંગ ચઢ્યો હોય તે આવી રીતે સમજે કે, ચાહે કોઈ અજ્ઞાની માણસ મારી ઉપર ધૂળ નાખો, ચાહે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાહે કોઈ હાથીએ બેસાડો કે ચાહે કોઈ નાક, કાન કાપી નાંખો, અને ચાહે કોઈ ગધેડા ઉપર બેસાડો, તેમાં મારે સમાન ભાવ રાખવો છે. તેમજ જે અપાર રૂપવતી યૌવન સ્ત્રી હોય અથવા કુરૂપવાન સ્ત્રી હોય અથવા વૃદ્ધ સ્ત્રી હોય, તે બધીમાં સમાન ભાવ રહે. તથા સોનાનો ઢગલો હોય કે પથ્થરનો ઢગલો હોય, તેમાં સમાન ભાવ વર્તે; આવી રીતનો જે ભક્ત છે તે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને ધર્મ ઈત્યાદિક અનંત અપાર શુભ ગુણે યુક્ત હોય છે. તેથી તેના હૃદયમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે. એક પળવાર પણ ભગવાન તેનાથી દૂર જતા નથી. પછી તે ભક્ત ભગવાનના અપાર પ્રતાપે કરીને ભગવાનના અનંત ઐશ્વર્યને પામે છે અને અનંત જીવોનો ઉદ્ધાર કરે છે. ૧૮-૨૫. આવા સામર્થ્યથી યુક્ત હોવા છતાં બીજા જીવોએ કરેલા માન અને અપમાનને સહન કરે છે, તે તો તેની ઘણી મોટી સામર્થી છે. ૨૬.

सोरठा : समरथ थके अति जोउ, जरना करनी कठिन रहे;
जीव से बनत न सोउ, जरना होत न कोउ दिन...२७
जितनी जरणा जामें, समर्थ थके रहे जेहु;
तितनी बडता तामें, जानना जरणा कर यह...२८

चोपाई :

एसे समरथ केसे रहाये, रीत अब जो कहत हेताये;
पोताके नेत्र महीं जेहा, जोनारे भगवान हि तेहा...२९
जीव प्राणी ब्रह्मांड में जेते, ताके नेत्र नेत्र प्रति तेते;
प्रकाश करिके रहेउ ताई, समरथ रहे पार न रहाई...३०

અતિશય સમર્થ હોવા છતાં જે જરણા રાખવી તે ઘણું કઠણ છે. જીવથી તે બની શકે નહિ. તેનાથી કોઈ દિવસ તેટલી જરણા રાખી શકાય નહિ. ૨૭. સમર્થ હોવા છતાં જે જેટલી જરણા રાખે છે તેટલી તેમાં તે જરણાને લીધે મોટાઈ જાણવી. ૨૮. સંત આવા સમર્થ કેવી રીતે થયા ? તો તેની રીત હવે હું કહું છું. તેનાં નેત્રમાં જોનારા ભગવાન છે. તેથી બ્રહ્માંડમાં જેટલા જીવ-પ્રાણીમાત્ર છે તે દરેકનાં નેત્રમાં પ્રકાશ કરવાને તે અપાર સમર્થ થાય છે. ૨૯-૩૦. અને તેના પોતાના પગમાં ચાલનારા ભગવાન છે, એટલે બ્રહ્માંડમાં સર્વ જીવોના પગને વિષે ચાલવાની શક્તિનું પોષણ કરવાને માટે એવા સંત સમર્થ કહેવાય છે. **તેના ચૌદ ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા હોવાથી તેના દ્વારાએ બ્રહ્માંડમાં રહેલા સર્વ જીવોના ઈન્દ્રિયોને સચેતન કરવા તે સમર્થ છે. તેને લીધે એવા જે સંત છે તે સર્વ જગતના આધારરૂપ રહ્યા છે.** આવા સમર્થ હોવા છતાં તે સહુથી ડરતા રહે છે. ૩૧-૩૩.

અને તે તુચ્છ જીવોના કરેલા અપમાનને સહન કરે છે. તે તેમની અતિશય મોટાઈ છે. આવી રીતના જે ક્ષમાવાળા છે, તે જ સહુથી મોટા છે. ૩૪. અને આંખ કાઢીને ગરીબ માણસને વારંવાર ડરાવતો રહે અને તેનાથી પોતાના મનમાં માને કે હું સહુથી મોટો છું. ૩૫. પણ એવો માણસ ક્યારેય મોટો કહેવાય નહિ. **મોટાઈ તો સહનશીલતામાં જ રહી છે.** અને સિદ્ધાઈ દેખાડીને જે લોકોને ડરાવતા રહે છે; ૩૬. એવા જેટલા જગતમાં

સિદ્ધ હોય છે તે ભગવાનના ભક્ત કોઈ દિવસ નથી, તે તો માયાના જીવ છે. ૩૭. તે જમપુરીના અધિકારી છે. તેવાની જે મોટાઈ છે તે તો સંસારના માર્ગમાં છે. ૩૮.

જેમ સંસારમાં ચઢવા માટે જેને ઘોડું ન હોય તેના કરતાં જેની પાસે ઘોડું હોય તે મોટો છે. ૩૯. જેની પાસે એક ઘોડું હોય તેના કરતાં પાંચ ઘોડાવાળો હોય તો તે તેનાથી પણ મોટો કહેવાય છે. ૪૦. તે રીતે જેમ જેમ સંપત્તિ વધારે હોય તેમ તેમ સંસારમાં એક એકથી વધારે મોટો કહેવાય છે. ૪૧. પણ પરમેશ્વરને ભજવામાં તે મોટો કહેવાતો નથી અને જેની એવી બુદ્ધિ હોય કે આ સ્ત્રી તો અતિશય રૂપાળી છે, આ વસ્ત્રાભૂષણ ઘણાં સારાં છે, આ મેડી તો ઘણી સારી છે, આ તુંબડી તો ઘણી સારી છે, અને આ પાત્ર તો ઘણું સારું છે; આવી રીતની સમજણવાળા ગૃહસ્થ અને ભેખધારી છે તે તો સત્સંગ વિના બધા તુચ્છ બુદ્ધિવાળા કહેવાય છે. ૪૨-૪૪.

સત્સંગ કરવા છતાં જેટલા તુચ્છ બુદ્ધિ રાખે છે તેની તે વાત કહી છે. જ્યાં સુધી તુચ્છ બુદ્ધિ રાખે છે ત્યાં સુધી તે મોટપને પામતા નથી. ૪૫. જ્યાં સુધી સત્સંગ રાખશે ત્યાં સુધી તેનું કલ્યાણ તો થશે. તેમાં રંચમાત્ર પણ સંશય રાખવો નહિ. કારણ કે, સત્સંગના પ્રતાપથી પામરનો પણ ઉદ્ધાર થાય છે. ૪૬. પણ આગળ કહી તેવી સાધુતા, તે તુચ્છ બુદ્ધિવાળામાં ક્યારેય આવે નહિ. આ વાતમાં કોઈ ફેરફાર નથી. ૪૭. જ્યાં સુધી તેમાં પૂરી પાત્રતા ન આવે ત્યાં સુધી આગળ કહેલા સંતના જે ગુણ છે તે તેમાં ક્યારેય આવતા નથી." આટલી વાત શ્રીહરિએ કરી. ૪૮. પછી શ્રીહરિ જય સચ્ચિદાનંદ કહી સંતોને આનંદિત કરીને ચાલ્યા અને પોતાને ઉતારે પધાર્યા. ૪૯. પછી શ્રીહરિએ કહેલી વાત સાંભળીને બધા સંતો રાજી થયા અને તેઓ પરસ્પર વારંવાર તે વાતનું મનન કરતા રહ્યા. ૫૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સત્યાવીશમું વચનામૃત કહ્યું" એ નામે ત્રેવીશમો તરંગ સમાપ્ત ॥૨૩॥



પૂર એકવીશમું : તરંગ - ૨૪

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યાવીશમું વચનામૃત

*** સત્સંગમાં વધવા તથા ઘટવાનું :**

પોષ સુદિ ચૌદશને દિવસ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના ઓરડાની હારે જે ઓરડો તેની ઓસરીએ પલંગ ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા હતા. ૧-૨. અને બધાં સુંદર શ્વેત વસ્ત્ર ધારણ કરીને સહુ ભક્તજનોના મનને હરતા હતા. તે સમયે શ્રીહરિના મુખારવિંદની આગળ જમવા માટેની બધા સાધુઓની પંક્તિ થઈ હતી. ત્યારે શ્રીહરિએ જે વાત કહી હતી તે હવે હું સંભારવા માટે કહું છું. ૩-૪.

*** સત્સંગમાંથી પાછા પડનારાં ભક્તનાં લક્ષણ :**

"જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો થયો હોય તેને તો અસદ્‌વાસનાની વૃદ્ધિ થાય છે. ૫. અને તેને પ્રથમ તો કોઈક નિમિત્તને લીધે દિવસે દિવસે સત્સંગીમાત્રનો થોડો અવગુણ આવે છે. ૬. સારી કે મોળી, જે કોઈ પણ વાત હોય તે નિમિત્ત સિવાય હોતી નથી. **સત્સંગ તો કલ્પવૃક્ષ જેવો છે. તેને જે જેવો જાણે છે તેને તેવું ફળ મળે છે. સત્સંગ તો હંમેશાં શુદ્ધ જ હોય છે.** પણ જ્યારે તેને સંતો અને હરિભક્તોની વાતનો મહિમા નથી રહેતો ત્યારે અવગુણ આવે છે. સંતો અને હરિભક્તોને જેવા જાણે છે તેવા તેમાં ગુણ આવે છે. જે પોતાના હૃદયમાં બધા સત્સંગીઓને અણસમજુ સમજે છે, અને પોતાને સમજુ માને છે; તેણે કરીને હરિભક્તોથી તેનું મન જુદું રહે છે. ૭-૧૦.

પછી જેટલો અધર્મસર્ગ રહ્યો છે તે બધો તેમાં પ્રવેશ કરે છે. તે જ્યારે હરિભક્તોને તુચ્છ જાણે છે ત્યારે પોતે જ તુચ્છ થઈ જાય છે. ૧૧. પછી તે રાત-દિવસ પોતાનાં હૃદયમાં સહજ સ્વભાવે મૂંઝાયા કરે છે. જ્યારે સત્સંગના સુખને દૂર કરે છે ત્યારે જેટલાં દુઃખ છે તે બધાં તેમાં આવે છે. ૧૨. અને દિવસમાં કોઈ જગ્યાએ સુખે કરીને બેસી શકતો નથી. અને રાતમાં ઊંઘ પણ આવતી નથી અને ક્રોધ તો અખંડ રહે છે. ૧૩. અર્ધબળેલા કાષ્ઠની જેમ તે

ધૂંધવાતો રહે છે. આવું જેનું વર્તન હોય તેને વિષે નક્કી જાણવું કે, તે આ સત્સંગમાંથી જરૂર પડવાનો થયો છે અને વળી એમ ચોક્કસ સમજવું કે તે દુઃખને માર્ગે ચાલ્યો છે. ૧૪-૧૫. આવી રીતનો જે ભક્ત છે તે સત્સંગમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ તે હૃદયમાં ક્યારેય સુખ પામે નહિ. ૧૬.

❋ સત્સંગમાં આગળ વધનારા ભક્તની સમજણ :

અને અંતે જતા તે પાછો પડ્યા સિવાય રહે જ નહિ, તે તેનાં વર્તન ઉપરથી જ દેખાઈ આવે છે. સત્સંગમાં જે વધવાનો હોય તેને શુભ વાસના દિનદિન પ્રત્યે વૃદ્ધિ પામે છે. અને ત્યારે તેને અહોનિશ સત્સંગીમાત્રનો હૈયામાં અલૌકિક અને અપાર ગુણ આવે છે. અને જેટલા હરિભક્ત નામ ધરાવતા હોય તે બધાને પોતાના કરતાં મોટા સમજે છે. ૧૭-૧૯. અને **સહુ હરિભક્તોની સમજણની આગળ પોતાની સમજણને ન્યૂન સમજે છે, અને તેનાં હૃદયમાં આઠો પહોર સત્સંગનો અપાર આનંદ રહ્યા કરે છે;** આવાં લક્ષણ દેખાય ત્યારે જાણવું જે તેને શુભ વાસના વૃદ્ધિ પામી રહી છે. ૨૦-૨૧. આવી રીતના જે હરિભક્તો છે તે બીજા હરિભક્તો કરતાં પોતાને ન્યૂન સમજે છે. પછી તે જેમ જેમ વધારે વધારે સત્સંગ કરે છે તેમ તેમ તેને વધારે સત્સંગનો રંગ ચઢતો જાય છે. ૨૨.

હરિભક્તોની આગળ પોતે જેટલો ન્યૂન થઈને રહે તથા નિષ્કપટપણે વર્તે તેટલી તેમાં સર્વે મોટાઈ નિવાસ કરીને રહે છે. ૨૩. જ્યાં સુધી હરિભક્ત પોતામાં ન્યૂનતા માને છે ત્યાં સુધી તેનો સત્સંગ વૃદ્ધિ પામે છે. જો આવી સમજણ ન હોય તો તે કદાચ વેદ અને પુરાણોને ભણ્યો હોય, અનંત સમૃદ્ધિ મળી હોય, આખી ભૂમિનું રાજ્ય મળ્યું હોય, અરે ! બ્રહ્માંડનું રાજ્ય મળ્યું હોય, તોપણ તેને કાંઈ જ મળ્યું નથી. કારણ કે, સત્સંગ વિના બધું અકાર્ય છે. ૨૪-૨૫.

दोहा : सत्संग पाय के दीनता, पद न जिहाँ लग जेह;
पाये नहि तिहाँ लग यह, विघ्न में रहे तेह...२६

सोरठा : सब पद श्रीहरि तेह, दीनता पद न देत कबु;
दीनता पद हरि लेत, पात्र बिन पद न टीकत यह...२७

સત્સંગ પ્રાપ્ત થયા પછી જ્યાં સુધી દીનપણારૂપી પદ ન પ્રાપ્ત થાય ત્યાં સુધી તે કશું જ પામ્યો નથી. કારણ કે, દીનતા પ્રાપ્ત થયા વિના તેને માથે વિઘ્ન રહે છે. ૨૬. ભગવાન બધાં જ પદ આપે છે, પણ દીનતાનું પદ કોઈને ક્યારેય આપતા નથી. પાત્રતા વિના ભગવાન દીનતા પદ હરી લે છે. પાત્રતા વિના તે દીનતારૂપી પદ ટકતું નથી." ૨૭. શ્રીહરિ આટલી વાત કહીને 'જય સચ્ચિદાનંદ' કહીને ચાલતા થયા અને પછી પોતાના આસન ઉપર આવ્યા. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્યાવીશમું વચનામૃત કહ્યું" એ નામે ચોવીશમો તરંગ સમાપ્ત ॥૨૪॥



પૂર એકવીશમું : તરંગ - ૨૫

ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણત્રીશમું વચનામૃત

❋ ધર્માદિક સાધનો વૃદ્ધિ પામ્યાના ઉપાયો :

પોષ સુદિ પૂનમને દિવસ સંધ્યા સમયે ગઢપુરમાં શ્રીહરિવર દાદા ખાચરના દરબારમાં આથમણા બારની ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. ૧-૨. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી. અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો, તે સુંદર લાગતો હતો. ૩. સુગંધીદાર શ્વેત ફૂલના હાર પહેર્યા હતા અને પાઘમાં સુંદર શ્વેત ફૂલના તોરા લટકતા હતા, તે સોહામણા લાગતા હતા. ફૂલના ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ સાધુ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "સંતો ! આજ તમે અમને પ્રશ્ન પૂછો." ૪-૬. ત્યારે મુનિવર ગોપાળાનંદસ્વામીએ એક સારો પ્રશ્ન પૂછ્યો, "ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત ભક્તિનું બળ કઈ રીતે વૃદ્ધિ પામે ? તે આપ અત્યારે કહો." ત્યારે શ્રીહરિ બોલ્યા, "તેના ચાર ઉપાય છે, ૭-૮.

એક તો પવિત્ર દેશ, બીજો સુંદર કાળ, ત્રીજી શુભ ક્રિયા અને ચોથો સત્પુરુષનો સંગ. ૯. તેમાં ક્રિયાનું સમર્થપણું થોડું છે અને દેશ, કાળ તથા સંગનું કારણપણું વિશેષ રહ્યું છે. ૧૦.

કેમ જે, જો પવિત્ર દેશ હોય, પવિત્ર કાળ હોય અને તમ જેવા કૃપાળુ સંતનો સમાગમ હોય તો ત્યાં ક્રિયા શુભ જ થાય, એમ સહુને દેખ્યામાં આવે છે. ૧૧. અને સિંધ જેવો ભૂંડો દેશ હોય તથા ભૂંડો કાળ હોય અથવા વેશ્યાઓ અને ભડવાઓનો સંગ જ્યાં રહ્યો હોય, ૧૨. અથવા દારૂ અને માંસનું ભક્ષણ કરનારાનો જ્યાં સંગ હોય ત્યાં ક્રિયા સારી થતી નથી. ૧૩. એટલા માટે પવિત્ર દેશમાં રહેવું, ભૂંડો કાળ જોઈને ત્યાંથી આઘુંપાછું ખસી નીસરવું. ૧૪. ભગવાનના ભક્તોએ પંચવ્રતમાનથી યુક્ત એવા બ્રહ્મવેત્તા સંતને ઓળખીને તેની સેવા કરવી. ૧૫. તેનાથી પરમેશ્વરની ભક્તિનું બળ વૃદ્ધિ પામે છે અને તે ભક્તિને લીધે ભક્તની મોટપ અપાર વધે છે. ૧૬.

તમારા પ્રશ્નનો આ ઉત્તર છે. તેમાં રંચમાત્ર પણ સંદેહ નથી." પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું, ૧૭. "હે મહારાજ ! કોઈ હરિભક્ત હોય અને તેનું અંતર પ્રથમ તો ગોબરું સરખું હોય, ૧૮. પછી તે અત્યંત શુદ્ધ થઈ જાય છે. તેનું શું કારણ છે ? કોઈ પૂર્વનાં સંસ્કારે કરીને તે સારું થયું કે ભગવાનની કૃપાએ કરીને તે શુદ્ધ થઈ ગયું ? અથવા તો તે હરિભક્તના પુરુષપ્રયત્ને કરીને શુદ્ધ થયું ?" ૧૯-૨૦.

મુક્તાનંદસ્વામી જ્યારે આ રીતે પૂછી રહ્યા ત્યારે શ્રીજીમહારાજ તેમના પ્રત્યે બોલ્યા, "પૂર્વના સંસ્કારે કરીને જે સારું અથવા નરસું થાય છે તે તો સર્વ જગતના જાણ્યામાં આવે છે. એ વાત કાંઈ છાની રહેતી નથી. જેમ પૂર્વે ભરતજીને મૃગલામાં આસક્તિ થઈ હતી, આવી જગ્યાએ તો તેનું પ્રારબ્ધ લેવું જોઈએ; તેમાં કાંઈ બાધ નથી. અથવા પહેલા કોઈ કંગાળ હોય અને પછી તેને મોટું રાજ્ય મળે, આવી રીતે થાય તે તો સર્વ જગતના જાણ્યામાં આવે છે. એવી બાબતનું કારણ તો પ્રારબ્ધ સમજવું જોઈએ; તેમાં કોઈ ફરક નથી. ૨૧-૨૪.

પછી શ્રીજીમહારાજે પોતાની વાત કરી કે, 'અમે જે જે સાધનો કર્યાં તેમાં કોઈ રીતે શરીર રહે તેમ હતું નહિ, છતાં તેમાં જે અમારું શરીર રહ્યું તેને પ્રારબ્ધ કહેવાય. હવે અમે સાધનની વાત કરીએ છીએ. જે આશ્ચર્યકારી છે. ૨૫-૨૬. અમે પુરુષોત્તમપુરી-જગન્નાથપુરીમાં રહેતા તે વખતે જ્યારે ચાતુર્માસ આવ્યો ત્યારે અમે વરસાદની ધારાઓને સહન કરતા. ૨૭. વળી, કેટલાક મહિના સુધી તો વાયુભક્ષણ કરીને રહ્યા. તેમાં મરવાનો ભય રાખ્યો ન હતો. અમે પર્વત અને ભયંકર વનમાં બધે ફર્યા. ૨૮. તથા અમે એકવાર ત્રણ-ચાર ગાઉના પહોળા પટવાળી નદીમાં શરીરને તણાતું મેલ્યું હતું. ૨૯. તથા શિયાળો, ઉનાળો અને ચોમાસામાં છાયા વિના એક કૌપીનભર જ રહેતા અને કોઈથી ડર્યા વિના ઝાડીમાં જ્યાં વાઘ, હાથી, અરણાપાડા રહેતા હતા તેની સાથે ફરતા, એવા એવા અનંત પ્રકારના વિકટ ઠેકાણે ફરતા રહ્યા. ૩૦-૩૧.

છતાં પણ કોઈ રીતે શરીર પડ્યું નહિ; એવે ઠેકાણે તો પ્રારબ્ધ સમજવું. અને સાંદીપનિ નામના બ્રાહ્મણનો પુત્ર નરકથી મુકાયો તથા પાંચ વર્ષના ધ્રુવજી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા, ત્યારે તેમને વેદાદિકના અર્થની સહેજે સ્ફૂર્તિ થઈ હતી. એવી રીત જ્યાં જ્યાં હોય ત્યાં તેના અતિશય શુદ્ધ ભાવે કરીને પ્રસન્ન થયેલા ભગવાનની ઈચ્છાએ કરીને, તથા તે ભગવાનના વરદાને કરીને અથવા અત્યંત શુદ્ધ ભાવનાથી પ્રસન્ન થયેલા ભગવાનના એકાંતિક સંતના વરદાને કરીને જે બુદ્ધિ પવિત્ર થાય છે; તેને ભગવાનની ઘણી કૃપા જાણવી. ૩૨-૩૬. અને સારા સાધુના સમાગમે કરીને તથા પોતાના વિચારે કરીને જે સમાસ થાય છે તેને પુરુષપ્રયત્ન કહેવાય છે. આવી વાત કરીને શ્રીહરિ 'જય સચ્ચિદાનંદ' કહીને ચાલતા થયા. ૩૭-૩૮. પોતાના ભક્તજનોને સુખી કરનારા એવા શ્રીજીમહારાજ હસતાં હસતાં ચાલ્યા અને પોતાને આસને પધાર્યા. ૩૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે પચીશમો તરંગ સમાપ્ત ॥૨૫॥



પૂર એકવીશમું : તરંગ - ૨૬

ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીશમું વચનામૃત

❋ ઘાટના ડંખ કોને બેસે છે તેની વિગત :

પોષ વદી પડવાને દિવસે સંધ્યા સમયે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના ઓરડાની પડખે રહેલા ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ધર્મકિશોર શ્રીહરિ વિરાજમાન હતા. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. તાજા શ્વેત ફૂલના હાર પહેર્યા હતા. ૧-૪. શ્વેત ફૂલના ગુચ્છ કાન ઉપર ધાર્યા હતા અને શ્વેત પુષ્પના તોરા પાઘમાં લટકતા હતા. શ્વેત પુષ્પોના બેરખા બંને ભુજાઓ ઉપર બાંધ્યા હતા અને શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને મુનિમંડળ કીર્તન ગાતા હતા. ૫-૭.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, “હવે પ્રશ્ન-ઉત્તર કરો.” ત્યારે શ્રીજીમહારાજ પ્રત્યે દીનાનાથ ભટ્ટે જેવો મનમાં સૂઝ્યો તેવો પ્રશ્ન પૂછ્યો, “કોઈ સમયે મનમાં હજારો ઘાટ-સંકલ્પો થાય છે. ૮-૯. પરંતુ તે ઘાટનો ડંસ-પાશ મનમાં બેસતો નથી અને કોઈક સમયે અલ્પ જેવો ઘાટ થાય તેનો પણ ડંસ બેસે છે. તેનું કારણ આપ અવિનાશી કહો.” ૧૦.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, “તેનું કારણ તો ગુણ છે. જ્યારે તમોગુણ પ્રધાનપણે કરીને વર્તતો હોય, ૧૧. તે સમયે ઘાટ તો થાય છે, પણ સુષુપ્તિના જેવી અવસ્થા હોવાથી તેમાં તે ઘાટનો ડંસ બેસતો નથી. ૧૨. અને જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે પ્રકાશ જેવું વર્તે છે અને તે સમયે વિચાર પણ શુદ્ધ હોય છે. ૧૩. તે શુદ્ધ વિચારે કરીને જેટલા અયોગ્ય ઘાટ છે તેને ખોટા કરી નાંખે છે. ૧૪. તેણે કરીને ઘાટનો મનમાં ડંસ બેસતો નથી, પણ જ્યારે રજોગુણનો વેગ વર્તતો હોય તે સમયે જે ઘાટ થાય તેનો મનમાં દઢપણે ડંસ બેસી જાય છે. માટે તે ઘાટનો ડંસ ટાળ્યો ટળે છે. અને નથી ટળતો તેનું કારણ તો ગુણની વૃત્તિ છે. જે બુદ્ધિમાન હોય તે વિચારીને ઘાટ સામું જૂએ તો આ ગુણની પ્રવૃત્તિ દેખાઈ આવે છે. ૧૫-૧૭.

જે સમયે જેવો ઘાટ થયો હોય તે સમયે તે ઘાટની સન્મુખ જ્યારે જોવામાં આવે ત્યારે જે ગુણ પ્રધાન વર્તતો હોય તે જાણ્યામાં આવે છે. દેખ્યા સિવાય ખબર પડતી નથી. ઘડીએ ઘડીએ અને પળે પળે જે સૂક્ષ્મ ઘાટ થાય છે તે કોઈના જાણ્યામાં આવતા નથી. ગુણ ઓળખવાની વાત આવી કઠણ છે. જ્યારે તમારા જેવા કોઈ બુદ્ધિમાન હોય તે આખા દિવસમાં ઘાટ થયા હોય તેને જુએ છે ત્યારે તેમાંથી બે-ચાર સ્થૂળ ઘાટ જણાઈ આવે છે, પણ બુદ્ધિ વગરનાને તે જણાતા નથી. ૧૮-૨૧.

જે ગુણના પ્રધાનપણાને લીધે જ્યારે પોતાના મનમાં ઘાટ થતા હોય ત્યારે તેની સન્મુખ તત્પરતાથી દૃષ્ટિ રાખે, ૨૨. અને સત્સંગમાં જે ભગવાનની વાત થાય છે, તેને વારેવારે ધાર્યા-વિચાર્યા કરે ત્યારે સત્સંગના પ્રતાપે કરીને જે ગુણના ઘાટ થતા હોય તેની નિવૃત્તિ થઈ જાય છે. અને નિરુત્થાન થઈને પરમેશ્વરના સ્વરૂપનું અખંડ ચિંતવન વારંવાર થાય છે. પછી તેને ક્યારેય અયોગ્ય ઘાટ થાય નહીં અને અંતરમાં અપાર સુખ વર્તે છે. ૨૩-૨૫.

❋ ખપની આવશ્યકતા અને સત્સંગનો પ્રતાપ :

दोहा : जितना खप सत्संग के, तितना सुख यह होत;
खप में रहे बात सब, खप प्रथम हि जोत...२६

सोरठा : सत्संग बिन हि ओर, कोटिक साधन करे तोउ;
घाट के रहत जोर, घृतकर अनल होवत जिमि...२७

रजोगुण आदिक गुण, ताकी निवृत्ति न होत कबु;
घाट होवत हि दूण, सत्संग पुरे करे बिन...२८

જેટલો સત્સંગનો ખપ હોય તેટલું સુખ થાય છે. ખપમાં જ બધી વાત રહી છે. માટે ખપ પ્રથમ જોઈએ. ૨૬. સત્સંગ વિના બીજા કરોડો સાધન કરે, તોપણ જેમ ઘી હોમવાથી અગ્નિનું બળ વધતું રહે છે તેમ ઘાટનું બળ વધતું રહે છે. ૨૭. સંપૂર્ણ સત્સંગ કર્યા વિના ક્યારેય રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાતી નથી. ઉલટાના ઘાટ વધી જાય છે. ૨૮. **જ્યારે નિષ્કપટપણે કરીને સત્સંગ કરે અને પરમેશ્વરની વાતને ધાર્યા-વિચાર્યા કરે, ત્યારે સત્સંગના પ્રતાપથી મલિન ઘાટનો નાશ થાય છે. કારણ કે સત્સંગનો પ્રતાપ ઘણો મોટો અને અમાપ છે. ૨૯.**

छंद

दुजे साधन अनेक कोउ सत्संग तुल्य न कहत ही;
घाट निवृत्ति न होत किहाँ सत्संग निवृत्ति करत ही;
रजोगुन सबंधि मलिन घाट करन होय नाश ही;
मन कर्म बचन कपट तज सत्संग करे हुलास ही...३०

બીજાં અનેક સાધન છે તે કોઈ સત્સંગને તુલ્ય થતા નથી. કેમ જે, બીજા કોઈ સાધનથી ઘાટની નિવૃત્તિ નથી થતી તે ઘાટની નિવૃત્તિ સત્સંગથી થાય છે. માટે જેને રજોગુણ સંબંધી મલિન ઘાટનો નાશ કરવો હોય તેણે મન, કર્મ અને વચને કરીને નિષ્કપટભાવે ઉલ્લાસથી સત્સંગ કરવો. ૩૦. સત્સંગના સમાન બીજા કોઈનો પ્રતાપ નથી. અનેક પ્રકારના ઘાટો થતા હોય, તોપણ તે બધા ઘાટ સત્સંગથી નિવૃત્ત થઈ જાય છે, તેમાં કાંઈ વાર લાગતી નથી. જે ગુણ જેમાં રહ્યા હોય તે સત્સંગે કરીને દેખાય છે ત્યારે સત્સંગના જેવું બીજું કોઈ સાધન નથી એવું જણાય છે. ૩૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં “ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રીશમું વચનામૃત કહ્યું” એ નામે છવ્વીશમો તરંગ સમાપ્ત ॥૨૬॥



પૂર એકવીશમું : તરંગ - ૨૭

ગઢડા પ્રથમ પ્રકરણનું એકત્રીશમું વચનામૃત

❋ નિશ્ચય વડે મોટપ્ય પામ્યાનું :

પોષ વદી બીજને દિવસ સાંજને સમયે દાદા ખાચરના દરબારમાં પોતાને ઉતારે ઉગમણા બારના ઓરડાની ઓસરીએ ગાદીતકિયા ઉપર શ્રીહરિ બિરાજમાન હતા. ૧-૨. અને તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં.

ત્યારે કોઈક હરિભક્તે (યોગાનંદસ્વામીએ) શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, ૩. “હે મહારાજાધિરાજ ! ભગવાનના બે પ્રકારના ભક્ત છે. બંને ભક્ત પોતાની રુચિ અનુસાર ભગવાનને રાજી કરવા માટે તત્પર રહે છે. ૪.

તેમાં એક હરિભક્ત તો નિવૃત્તિ પકડીને બેસી રહ્યો છે. કોઈને વચને કરીને ક્યારેય દુઃખવતો નથી. ૫. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, તપ, ભગવાનની કથા-કીર્તન, ધ્યાન અને સ્મરણમાં તત્પર રહે છે. એક ક્ષણ જેટલો સમય પણ તેના વિના વીતાવતો નથી. ૬. તેણે એક સત્સંગને જ પ્રધાન રાખ્યો છે. સત્સંગ સિવાયના સંબંધો દૂર કર્યા છે. પરંતુ આ કહ્યું તેમાં જેવું તાન રહે છે તેવું સેવામાં તાન રહેતું નથી. ૭. સેવા કરવાની વાત મુખથી કહે છે. અને સેવા સમાન બીજી કોઈ વાત નથી તથા ભગવાન અને ભગવાનના ભક્ત સમાન બીજું કોઈ નથી; એમ મુખથી કહેતો રહે છે, પણ પોતાથી બીજી કાંઈ સેવા થતી નથી. હા, ધનથી સેવા કરતો રહે છે અને પોતાને માટે ક્યારેય ધન રાખતો નથી. ૮-૯.

હવે જે બીજો હરિભક્ત છે તેની વાત જેવી છે તેવી કહું છું. તે ભક્ત પરમેશ્વર અને પરમેશ્વરના ભક્તની અન્ન, વસ્ત્ર અને પુષ્પાદિકે કરીને હરખપૂર્વક સેવા કરતો રહે છે, પણ વચને કરીને કોઈ ભક્તને અવારનવાર દુઃખવાય ખરું. ૧૦-૧૧. કેમ જે, પ્રવૃત્તિમાર્ગમાં જે રહ્યો હોય તેનાથી દુઃખવ્યા વિના-કહ્યા વિના ચાલતું નથી. તો આ બંને ભક્તમાં શ્રેષ્ઠ ભક્ત કોણ છે ?" ૧૨.

પછી શ્રીહરિએ તે પ્રશ્નનો કોઈ ઉત્તર કર્યો નહિ અને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને પોતાની સમીપે બોલાવ્યા. ૧૩. તે બંને આવ્યા ત્યારે તેમને તે પ્રશ્ન સંભળાવી દીધો અને કહ્યું કે, "તમે બંને પ્રવીણ છો, માટે આ પ્રશ્નનો ઉત્તર કરો. ૧૪. જે સંતો છે તેમનો નિવૃત્તિ માર્ગ રહ્યો છે અને તેમણે પક્ષપાતનો ત્યાગ કર્યો છે. માટે તેમને બધા જ હરિભક્તો સરખા છે. ૧૫. તેઓ ભગવાનના જે ભક્ત છે તે બધાને સમાન ભાવથી દેખે છે. પણ જેમાં અધિક ગુણ રહ્યા હોય તેને તેઓ અધિક કહે છે. ૧૬. જેટલો પક્ષપાત હોય તેટલો ત્યાં લોભ રહ્યો હોય છે. સંતોમાં લોભ હોતો નથી. અને જેટલો લોભ રહે છે તેટલું તેમાં સંતપણું હોતું નથી. ૧૭. જ્યાં લોભ હોય છે ત્યાં જેટલા દોષ કહેવાય છે તે બધા નિવાસ કરીને રહે છે. ચાહે તેવો સુહૃદભાવ હોય, તોપણ જ્યારે લોભ આવે છે ત્યારે ત્યાં સુહૃદભાવ(હૃદયનો સદ્ભાવ, દિલનો પ્રેમ) ક્યારેય રહેતો નથી. ૧૮.

✵ જ્યાં જેટલો સુહૃદભાવ ત્યાં તેટલા ભગવાન હોય :

चोपाई :

सौहार्द जिहाँ रहावत जेता, भगवान तिहाँ रहावत तेता;
सौहार्द जितना जिहाँ न रहाते, भगवान तितना तिहाँ न कहाते...१९

लोभ जिहाँ आय करत निवासा, एक एक के तिहाँ विश्वासा;
रहत नहीं कबहु तेहि ठोरा, लोभ एसे रहे बडजोरा...२०

જ્યાં જેટલો સુહૃદભાવ રહે છે ત્યાં તેટલા ભગવાન રહે છે. અને જ્યાં જેટલો સુહૃદભાવ ન હોય ત્યાં તેટલા ભગવાન પણ નથી રહેતા. ૧૯. જ્યાં લોભ આવીને નિવાસ કરે છે તે સ્થળે પરસ્પર એકબીજાનો વિશ્વાસ ક્યારેય રહેતો નથી; આવો લોભ ઘણો બળવાન છે. ૨૦. હવે તમે તે પ્રશ્નનો ઉત્તર જોઈ તપાસીને કરો." ત્યારે તે બંને સંતોએ મળીને જેવું જોયેલું તેવો ઉત્તર કર્યો કે, ૨૧. "જે ભક્ત વચને કરીને દુઃખવે છે, પણ ભગવાન અથવા સંતની સેવા કરે છે તે શ્રેષ્ઠ દેખાય છે. કેમ જે, ભાવ વિના સેવા કરી શકાતી નથી. ૨૨.

સેવા કરવામાં જેવો ભાવ હોય છે તેવો તરત દેખાય આવે છે. જે નિવૃત્તિ માર્ગમાં રહ્યા છે તે કોઈને દુઃખવતા તો નથી, ૨૩. પણ તેનાથી ભગવાન અને ભગવાનના સંતની સેવા થતી નથી, માટે તેને અસમર્થ જાણવા. ૨૪. અમને એવું દેખાય છે કે, **"જે ટેલ-ચાકરી કરે છે તે ભક્તિવાળા કહેવાય અને ભક્તિવાળા શ્રેષ્ઠ છે."** ૨૫.

પછી શ્રીજીમહારાજ બોલ્યા, "ઉત્તર ઠીક કર્યો છે. જે ભાવનાથી ભક્તિ કરે છે તેનું કાર્ય સુધરી રહ્યું છે. ૨૬. એવા ભક્તિવાળા ભગવાનના વચનનો લગાર પણ લોપ કરતા નથી, અને તેમને વચન ઉપર તાન રહે છે. માટે તે શ્રેષ્ઠ છે. ૨૭. પરંતુ તેમાં કાંઈ રોકવા-ટોકવા જેવો અલ્પ દોષ દેખાઈ આવે ત્યારે તેને દેખીને તેમાં જો દોષ ઠેરાવવામાં આવે છે, તો તેને તે મોટી ખોટ છે. અને એવી ખોટ જોવા લાગે ત્યારે તો જે પરમેશ્વરે જીવના કલ્યાણને માટે મનુષ્યદેહ ધાર્યો હોય તેમાં પણ દોષ દેખાયા વિના રહે નહિ. ૨૮-૨૯. અને ભગવાનના મોટા ભક્ત હોય

તેમાં પણ દોષ દેખ્યા વિના રહે નહિ. પરંતુ ભગવાન તથા ભગવાનના સંતો તો અત્યંત નિર્દોષ રહ્યા છે. ૩૦.

જે નિર્દોષ હોય તેમાં પણ દોષ જોનારા દોષ દેખાડે તેણે કરીને તે શું ખોટા કહેવાય ? પૃથ્વી ઉપર પરમેશ્વરના અપાર અવતારો થાય છે તેમનું વર્તન તથા પૃથ્વી ઉપર રહેલા સાચા સંતોનું વર્તન કરોડો જીવનો ઉદ્ધાર કરે છે, છતાં પણ અજ્ઞાની લોકો તેમનું વાંકું બોલે છે. ૩૧-૩૨. અજ્ઞાની લોકો જેવા પોતે હોય તે રીતે જ ભગવાન તથા સાચા સંતોને પણ દેખે છે. તેણે કરીને જે ખરેખર કલ્યાણકારી છે તે શું કલ્યાણકારી નહીં ? જે કલ્યાણકારી છે તે તો નિશ્ચય કલ્યાણકારી જ રહે છે, પણ જેની અવળી બુદ્ધિ હોય તેઓ અવળું બોલે છે. ૩૩-૩૪.

જેમ શિશુપાળ પોતે જેવો હતો એવું તે બોલતો કે, 'આ પાંડવો છે તે બધા વર્ણસંકર છે. ૩૫. પાંચેયે મળીને એક સ્ત્રીને રાખી છે તેણે કરીને તેઓ ઘણા અધર્મી છે, છતાં તે ભક્ત કહેવાય છે. ૩૬. અને શ્રીકૃષ્ણ પણ પાખંડી છે. તેનો જન્મ થયો પછી પહેલા તો તેણે એક સ્ત્રીને મારી, ત્યારથી તેણે વિરુદ્ધ આચરણ કર્યું. ૩૭. પછી બગલો માર્યો, વાછડો માર્યો અને મધના પૂડા ઉખેડ્યા. તેણે કરીને તે મધુસૂદન કહેવાય છે, પણ મધુ નામનો દૈત્ય તેણે માર્યો નથી અને વર્ણસંકર એવા પાંડવોએ ભગવાન માનીને પૂજ્યો એટલે તેનાથી શું તે ભગવાન થયો ?' આવી રીતની જેને દુર્બુદ્ધિ હોય છે તે ભગવાન તથા તેમના ભક્તના અવગુણ બોલતા હોય છે. ૩૮-૪૦. શિશુપાળ આસુરી બુદ્ધિવાળો હતો તેથી તેણે તેવા અવગુણ લીધા હતા, પણ ભગવાનના જે ભક્ત હતા તેમણે ક્યારેય અવગુણ લીધા નથી. તેઓ તો હંમેશાં ગુણ જ લેતા રહે છે. ઉદ્ધવજીની રીતને જૂઓ, તેઓ ભગવાનના ભક્તને કેવા જાણતા હતા ? ૪૧-૪૨.

※ પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયથી મોટાઈ :

જે દૈવી મનુષ્ય કહેવાય છે તે ભગવાન અને તેમના ભક્તના હંમેશાં ગુણ જ બોલતા રહે છે, ક્યારેય અવગુણ બોલતા નથી. ૪૩. જે શિશુપાળની રીતના ભક્ત હોય તેને તો અવગુણ આવે છે. માટે તેવાને તે ગુણે કરીને

ઓળખી લેવો. કારણ કે, અવગુણ લેવારૂપી ઝેરના ગુણને લીધે તે ઝેર જેવા હોય છે.” ત્યારે તે હરિભક્તે શ્રીહરિને ફરીવાર કહ્યું કે, “હે મહારાજ! જે ભગવાનના મોટા ભક્ત હોય તેનો તો અવગુણ આવતો નથી, પણ જેવા તેવા ભક્તનો અવગુણ આવે ખરો.” પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, “તમે જેમ સમજો છો તેમ ભક્તની નાનપ-મોટપ નથી. મોટપની વાત તો અલગ જ છે. **નાનપ-મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના દૃઢ નિશ્ચયે કરીને અને ભગવાનની આજ્ઞામાં દૃઢપણે વર્તવે કરીને છે. ૪૪-૪૮.** તેવો ભગવાનનો નિશ્ચય અને આજ્ઞાપાલન એ બે વાત જેમાં ન હોય પણ વ્યવહારે કરીને તેની અપાર મોટપ હોય, છતાં તે નાનો જ છે તેમ સમજનારા સમજે છે. ૪૯.

सोरठा : प्रथम करे जो बात, मोटप की सबहि से अधिक;
सत्संग में रहात, आपनेउ आज हि अधिक...५०
आज हि सब हि जेते, हरिभक्त रहाये तेही;
एसे समझत तेते, अक्षरातीत मिले हरि...५१

પહેલા જે મોટપની વાત કહી તે અત્યારે આપણા સત્સંગમાં સહુ હરિભક્તને વિશે અધિકપણે વર્તે છે. કેમ જે, આજે જેટલા હરિભક્તો છે તે બધા એમ સમજે છે જે, ‘અમને અક્ષરાતીત ભગવાન પુરુષોત્તમ પ્રત્યક્ષ મળ્યા છે. ૫૦-૫૧. માટે અત્યારે અમે કૃતાર્થ થયા છીએ. કેમ જે, પ્રત્યક્ષ ભગવાન આવીને અમને મળ્યા છે અને અમે તેમનાં વચનમાં રહીએ છીએ.’ તેમ બુદ્ધિમાન ભક્તોએ સમજીને નિર્ધાર કર્યો છે. ૫૨. તેથી **જે હરિભક્ત પ્રેમથી ભગવાનની ભક્તિ કરતા હોય તેનો કોઈ દેહસ્વભાવ જોઈને ક્યારેય અવગુણ લેવો નહિ. ૫૩.** પોતે ભગવાનનો ભક્ત થઈને ભગવદ્‌ભક્તનો અવગુણ લેવાનો સ્વભાવ છોડી દેવો. ૫૪. કારણ કે, જે અવગુણ લેવાનો સ્વભાવ રાખે છે તેની બુદ્ધિ આસુરી થઈ જાય છે. તે વાત નિશ્ચિત છે. ૫૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં “ગઢડા પ્રથમ પ્રકરણનું એકત્રીશમું વચનામૃત કહ્યું” એ નામે સત્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૭॥



પૂર એકવીશમું : તરંગ - ૨૮

ગઢડા પ્રથમ પ્રકરણનું બત્રીશમું વચનામૃત

❊ માળા તથા ખીલાના દૃષ્ટાંતે વિરામ પામ્યાનું :

પોષ વદી ત્રીજને દિવસ સવારના સમયે દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઢાળ્યો હતો. તેના ઉપર સહુને દર્શન દેવા માટે શ્રીજીમહારાજ આવીને વિરાજમાન થયા હતા. ૧-૨. ત્યારે શ્વેત ખેસ પહેર્યો હતો અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને શ્વેત ચાદર ઓઢી હતી. લલાટમાં કેસરચંદન ચરચ્યું હતું. ૩. છાતી ઉપર શ્વેત ફૂલના હાર પહેર્યા હતા અને પાઘ ઉપર સુશોભિત શ્વેત ફૂલના તોરા લટકતા હતા. ૪. શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને સંતો કીર્તન ગાતા હતા. ૫.

❊ સત્સંગી તથા કુસંગીના વિષયનો ભેદ અને વિરામની વાત :

પછી શ્રીજીમહારાજ બોલ્યા, “સંતો, તમે સહુ સાંભળો. અમે એક પ્રશ્ન કરીએ છીએ.” ત્યારે સંતો તથા હરિભક્તોએ કહ્યું, “આપ પ્રશ્ન કરો.” ૬. પછી શ્રીજીમહારાજ ઘણીવાર સુધી વિચારીને બોલ્યા કે, “આ સંસારમાં જેટલા વિષયી જીવ હોય છે તે બધા પંચવિષય વિના ક્યારેય રહી શકતા નથી. તે વિમુખ જીવને જે રીતે પંચવિષય છે તે રીતે ભગવાનના ભક્તને પણ પંચવિષય છે. પરંતુ તેમાં ભેદ ઘણો દેખાય છે. તે બંનેમાં જેવો ભેદ રહ્યો છે તે અમે કહી દેખાડીએ છીએ. ૭-૯.

જેટલા વિષયી મનુષ્યો છે તે ભગવાન સિવાય અન્ય ગ્રામ્ય-જગત સંબંધી વિષયોને ભોગવે છે. તેમને વિષય ભોગવ્યા વિના એક ક્ષણ પણ વીતતી નથી. ૧૦. અને જે ભગવાનના ભક્ત છે તેમને ભગવાનની કથા સાંભળવી તે શ્રોત્રનો વિષય છે. તેને કથા શ્રવણના જેવો બીજો કોઈ શ્રોત્રનો વિષય દેખાતો નથી. ૧૧. ભગવાનનાં ચરણારવિંદ અથવા ભગવાનના સંતોના ચરણની રજનો સ્પર્શ કરવો તે તેમને ત્વચા ઇન્દ્રિયનો વિષય છે, એમ તમે જાણો. ૧૨. ભગવાન અથવા સંતોનાં દર્શન કરવા તે જ નેત્રનો અત્યંત સુખમય વિષય છે. ૧૩. અને ભગવાનનો પ્રસાદ મહિમા-ભાવ

સહિત લેવો તથા ભગવાનના ગુણ પ્રેમભાવથી ગાવા તે જીભનો વિષય છે. ૧૪. ભગવાનને ચઢેલા પુષ્પાદિકનો સુગંધ લેવો તે ઘ્રાણનો વિષય છે. ૧૫. આ પ્રમાણે વિમુખ જીવ અને હરિભક્તના વિષયમાં જે ભેદ છે તે અલગ અલગ કરીને બતાવી દીધા. ૧૬.

આવી રીતના વિષય વિના તો કોઈ હરિભક્તથી પણ રહેવાતું નથી. નારદ, શુકદેવજી અને સનકાદિક જેવા અનાદિ મુક્ત છે તેમને પણ ઉપર કહ્યા એવા વિષય સિવાય ક્યારેય એક ઘડીવાર પણ રહેવાતું નથી. તેઓ ઘણા સમય સુધી સમાધિમાં રહે છે, ૧૭-૧૮. પણ તે ભગવાન સંબંધી વિષયનું ઘણું સુખ લેવા માટે સમાધિમાંથી બહાર આવે છે. અને ભગવાન સંબંધી કથા સાંભળે-સંભળાવે છે, અને કીર્તન, શ્રવણ ઈત્યાદિક ભગવાન સંબંધી વિષયોને ભોગવે છે. ૧૯.

જેમ પક્ષી હોય તે પોતાના માળાને છોડીને ચારો કરવા માટે બહાર નીકળે છે, તે બધા ચારો કરીને સંધ્યા સમયે પોતાના માળામાં આવીને વિરામ કરે છે. તેઓ પોતપોતાના સ્થાનને ક્યારેય ભૂલી જાતા નથી. ૨૦-૨૧. અને બીજાના સ્થાનમાં ક્યારેય જાતા નથી, તેમ જે ભગવાનના ભક્ત છે તેમને ભગવાનની કથા, કીર્તન અને શ્રવણાદિક ચારો છે. ૨૨. તે કથા, કીર્તનાદિક ચારો કરીને ભગવાનના સ્વરૂપરૂપી પોતાના માળામાં આવીને વિરામ કરે છે, પણ બીજે કોઈ સ્થળે ટકતા નથી. ૨૩. વળી પશુ, પક્ષી ઈત્યાદિક બધા જીવ છે તે જેમ પોતપોતાનો ચારો કરીને પોતપોતાના સ્થાનમાં આવીને વિરામ કરે છે, ૨૪. તેમ જ મનુષ્ય છે તે પણ ધંધો કરવા માટે દેશ-વિદેશમાં જાય છે, પણ તેનું ચિત્ત ઘરમાં રહે છે. ૨૫. જ્યારે તેઓ પોતાને ઘેર આવે છે ત્યારે તે સુખે કરીને ઘરમાં બેસે છે. આ સર્વે દૃષ્ટાંત-સિદ્ધાંત કહ્યા.

હવે તે ઉપર અમે સહુ હરિભક્તોને એક પ્રશ્ન પૂછીએ છીએ. તેનો જેને જેવો આવડે તેવો તે ઉત્તર કરો. ૨૬-૨૭. જેમ વિમુખ જીવો ગ્રામ્ય વિષયમાં બંધાઈને રહ્યા છે. તેમને તે વિષય વિના એક પળવાર પણ ચાલતું નથી, ૨૮. તેમ તમે ભગવાનની કથાવાર્તાના શ્રવણાદિકરૂપ વિષય, તેમાં દૃઢપણે બંધાઈને તેના વિષયી થયા છો કે નહિ ? આ એક પ્રશ્ન છે. વળી

બીજો પ્રશ્ન પૂછીએ છીએ. તે સાંભળીને તેનો ઉત્તર કરો. ૨૯-૩૦. જેમ પક્ષી છે તે ચારો કરીને પોતાના માળામાં આવે છે તેમ તમે બધા ભગવાનના કથા, કીર્તનાદિકરૂપ ચારો કર્યા પછી તત્કાળ ભગવાનના સ્વરૂપરૂપી માળામાં આવીને વિરામ કરો છો કે જ્યાં ત્યાં જઈને વિરામ કરો છો ? ૩૧-૩૨.

જેમ હોય તેમ સત્ય વાત કહો. કહ્યા વિના જાણ્યામાં આવતું નથી. વળી, જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચારો ચરીને સાંજ સમય થાય ત્યારે પોતપોતાને ખીલે આવે છે, અને જે હરાયું ઢોર હોય તે જેના તેના ખેતરમાં ખાઈને જ્યાં ત્યાં બેઠું રહે છે. પછી કોઈક તેને ધોકા માર્યા વિના રહેતો નથી. ૩૩-૩૫. અથવા તો વાઘ આવે તે માર્યા વિના રહે નહીં. પરંતુ જેમ ધણિયાતું ઢોર પોતાને ખીલે આવે છે તેમ તમે મૂર્તિરૂપી પોતાને ખીલે આવો છો કે હરાયા ઢોરની જેમ કોઈનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસીને દિવસ કાઢો છો ? ૩૬-૩૭. આ બધા જે પ્રશ્ન છે તેનો ઉત્તર અંતરમાં વિચારીને જે તમે મોટા મોટા હો તે કહો. કેમ જે, તમે તે માટે ઘણા સમર્થ છો.” ૩૮.

તે પછી બધા સંતો અને હરિભક્તો હતા તે પ્રસન્ન મનથી જેમ વર્તતા હતા તેમ અલગ અલગ રીતે સહુ બોલ્યા, ૩૯. “હે મહારાજ ! અમે ભગવાનની કથા, કીર્તનાદિકના વિષયી થયા છીએ અને તે સિવાય અમને બીજું કાંઈ પ્રિય લાગતું નથી. વળી ભગવાનની મૂર્તિરૂપી જે માળો અથવા ખીલો, તેને છોડીને બીજે કોઈ સ્થાને રહેતા નથી. તે ખાત્રીપૂર્વક કહીએ છીએ.” ૪૦-૪૧. સુખદાયક શ્રીહરિએ આ વાત સાંભળી ત્યારે બહુ પ્રસન્ન થયા. આવી સુંદર વાત કરીને પછી શ્રીહરિ પોતાના નિવાસસ્થાને ગયા. ૪૨.

❋ ગુણને ઓળખી ધ્યાન-ભજન કરવાની રીત :

પછી ફરીને તેના તે જ દિવસે બપોર નમતા દાદા ખાચરના દરબારમાં ચોકની વચ્ચે લીંબડાના વૃક્ષ નીચે પલંગ ઉપર આવીને શ્રીજીમહારાજ વિરાજમાન થયા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી, તે અપાર શોભી રહી હતી. તે સભા વાસુદેવનારાયણના મંદિરની સન્મુખ બેઠી હતી. ૪૩-૪૫. સંતો કીર્તન બોલતા હતા. તેની શોભા એવી બની હતી કે તે કહી શકાતી નથી.

પછી શ્રીહરિ બોલ્યા, "હવે તમે સહુ પ્રશ્ન-ઉત્તર કરો." ૪૬. પછી દીનાનાથ ભટ્ટ અને બ્રહ્માનંદસ્વામી, તે બંનેએ જેવો પ્રશ્ન ઉપજ્યો તેવો પૂછ્યો જે, ૪૭. "કોઈ વખતે તો ભગવાનના ભક્તના હૃદયમાં આનંદથી ભગવાનનું ભજન-સ્મરણ થાતું હોય છે અને ભગવાનની મૂર્તિનું ચિંતવન પણ ઘણું થાતું હોય છે. અને કોઈક સમયે તો અંતર ડોળાઈ જાય છે અને ભજન-સ્મરણનું સુખ આવતું નથી. ૪૮-૪૯. તેનું શું કારણ હશે ? અમને તેમાં કાંઈ સમજણ પડતી નથી." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "તેને ભગવાનની મૂર્તિને ધાર્યાની યુક્તિ આવડતી નથી." ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, "તે યુક્તિ કેવી હોય છે ? તે અમને આપ કૃપા કરીને કહો." ૫૦-૫૧.

ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "મૂર્તિ ધારવાની યુક્તિ તો એવી રીતની છે કે અંતઃકરણમાં ગુણનો નક્કી પ્રવેશ થાય છે. ૫૨. તે જ્યારે સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે અંતઃકરણ ઘણું સારું નિર્મળ વર્તતું હોય છે. તે વખતે ભગવાનની મૂર્તિનું ભજન-સ્મરણ સુખેથી થતું રહે છે. અને જ્યારે અંતઃકરણમાં રજોગુણ વર્તતો હોય ત્યારે તે ઘણું ડોળાઈ જાય છે અને અપાર ઘાટ-સંકલ્પ થાય છે. તેથી તેમાં ભજન-સ્મરણનું સુખ આવતું નથી. આ રીતે રજોગુણે કરીને વર્તાય છે. ૫૩-૫૫. અને જ્યારે તમોગુણ વર્તતો હોય ત્યારે અંતઃકરણ શૂન્ય જેવું વર્તતું હોય છે. માટે સંતો તથા હરિભક્તોએ જ્યારે ભજન કરવું હોય ત્યારે ગુણ ઓળખવા. જે સમયે જે ગુણ વર્તતો હોય ત્યારે તે પ્રમાણે વર્તવું. જેમ કે, જ્યારે અંતરમાં સત્ત્વગુણ વર્તતો હોય ત્યારે તેને દેખીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. જ્યારે તમોગુણ વર્તતો હોય ત્યારે કોઈ ઘાટ થતા નથી અને અંતર શૂન્ય જેવું વર્તે છે. માટે તેમાં ભગવાનનું ધ્યાન-ભજન કરવું નહિ. તેમ ગુણને જોઈને આવી યુક્તિ શીખી લેવી. ૫૬-૫૯.

જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે ઘણા સંકલ્પ થાય છે. માટે તે સમયે ક્યારેય ભગવાનનું ધ્યાન કરવું નહિ. ૬૦. પણ તે સમયે એવો વિચાર કરવો કે, 'હું સંકલ્પોથી જુદો છું, સંકલ્પોને જાણનારો આત્મા છું. ૬૧. મારામાં અંતર્યામીરૂપે અનુપમ ભગવાન પુરુષોત્તમ આત્માની જેમ સદાય વિરાજમાન રહ્યા છે.' ૬૨. અને જ્યારે રજોગુણના બધા વેગો શમી જાય

ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ૬૩. અને જ્યારે રજોગુણ વર્તતો હોય ત્યારે નદીના પૂરની જેમ સંકલ્પો ઘણા થતા હોય છે. ૬૪. તે સમયે સંકલ્પોનું જોર જોઈને લેશમાત્ર પણ મૂંઝાવું નહિ. કેમ જે, અંતઃકરણ તો નાનું બાળક, વાંદરું, કૂતરું અને બાળકનો જે રમાડનારો, તેના જેવું ચંચળ છે. તે અંતઃકરણમાં જેવા ગુણ હોય એવો તેનો સ્વભાવ થઈ જાય છે. ૬૫-૬૬.

તે અંતઃકરણ પ્રયોજન વિના ચાળા કર્યા કરે છે, પણ તેને કોઈ દિવસ પોતાના માનવા નહિ. અને **જેને ભગવાનનું ધ્યાન કરવું તેને અંતઃકરણના ઘાટ જોઈને ક્યારેય કચવાઈ જવું નહિ, અને હરિભક્તોએ અંતઃકરણના ઘાટને ક્યારેય માનવા નહિ. પોતાને તથા અંતઃકરણને જુદા માનીને શ્રદ્ધા -ભાવથી ભગવાનનું ભજન કરવું."** જ્યારે શ્રીહરિએ આટલી વાત કરી ત્યારે સહુ સંતો અને હરિભક્તોના મનમાં ઉત્સાહ થયો. ૬૭-૬૯. પ્રશ્ન-ઉત્તરની શ્રીહરિ જે વાત કરતા હતા, તેને મુક્તાનંદસ્વામી ઉતારે આવીને કહેતા હતા. ૭૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે અઠ્યાવીશમો તરંગ સમાપ્ત ॥૨૮॥



પૂર એકવીશમું : તરંગ - ૨૯

ગઢડા પ્રથમ પ્રકરણનું તેત્રીશમું વચનામૃત

❊ મૂઢપણું, પ્રીતિ અને સમજણના આશરાનું :

પોષ વદી પાંચમને દિવસ એક પહોર બાકી રહ્યો, ત્યારે દાદા ખાચરના દરબારમાં પરમ પ્રવીણ શ્રીહરિ વાસુદેવનારાયણના ઓરડાની જોડેનો જે ઓરડો છે, તેની ઓસરીએ આવી પલંગ ઉપર પૂર્વ દિશા તરફ મુખ રાખીને વિરાજમાન થયા હતા. પરમનિધિ એવા શ્રીહરિએ એક શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી. અને કસુંબી રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો, તેની શોભા ઘણી થઈ હતી. અને પોતાના મુખારવિંદની આગળ બધા સંતો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે વખતે મુક્તાનંદસ્વામીને મનમાં જેવો પ્રશ્ન ઊપજ્યો હતો તેવો શ્રીહરિ પ્રત્યે પૂછ્યો. તે હવે કહું છું. સ્વામીએ પૂછ્યું કે, "ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન શાસ્ત્રમાં અનંત પ્રકારનાં કહ્યાં છે. તેમાં એક એવું કયું સાધન છે ? કે જે સહુથી બળવાન હોય, અને તે એક સાધનમાં બીજાં બધાં સાધન આવી જતાં હોય. ૧-૭. અને તે બધાં સાધન કરવાથી ભગવાન જેવા પ્રસન્ન થાય તેવા એક સાધન કરવાથી ભગવાન પ્રસન્ન થાય તે સાધન કહો." ૮. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "એક જ સાધને કરીને ભગવાન જે રીતે રાજી થાય છે તે હવે હું કહું છું. તેને તમે સાંભળો. ૯.

❋ આશરાની આવશ્યકતા અને મહત્તા :

चोपाई :

भगवान के दृढ एक जेही, आश्रय करना ताके तेही;
सब साधन में साधन जेता, आश्रय तामें रहाये तेता...१०
सबसे बडे आश्रय कहाते, आश्रय से बडे कोउ न रहाते;
आश्रय करी भगवान हि ताकी, प्रसन्नता अति होवत वाकी...११

એક ભગવાનનો દૃઢપણે કરીને જે આશ્રય કરવો તે જ એક સર્વ સાધનમાં મોટું સાધન છે. કારણ કે, બીજાં જેટલાં સાધનો છે તે બધાં ભગવાનના આશ્રયમાં રહ્યા છે. આશ્રયથી મોટું કોઈ સાધન નથી અને તે આશ્રયે કરીને ભગવાનની અતિશય પ્રસન્નતા થાય છે. ૧૦-૧૧. તે આશ્રય અત્યંત દૃઢ કરવો જોઈએ, પણ લોકોને ઠગવા માટેનો ન હોવો જોઈએ. લોકોને ઠગવા માટેના જેટલાં સાધન છે તે બધાં નિષ્ફળ છે. ૧૨. પોતે મોટા થવા માટે અથવા ધન મેળવવા માટે જે કોઈ સાધન શીખે છે તે સર્વે ઠગમાં ખપે છે. ૧૩. **ભગવાનને પ્રસન્ન કરવા માટે જેટલાં સાધન શીખે છે તે થોડાં હોય, તોપણ તેમાંથી અપાર ફળ મળે છે.**

તે ભગવાનના આશરામાં ત્રણ ભેદ છે. હવે તેને અમે અલગ અલગ કરીને કહીએ છીએ. એક મૂઢપણાએ કરીને ભગવાનનો આશ્રય કરવો. તે આશ્રયમાં જે વિવેક છે તેને હું ચોક્કસ કહું છું. ૧૪-૧૬. જેને એક

મૂઢપણે કરીને ભગવાનનો નિશ્ચય હોય; એવા અતિ વિશ્વાસુ હરિભક્તને બ્રહ્મા જેવા સમર્થ હોય તે નિશ્ચયમાંથી ડગાવવા માટે પ્રયત્ન કરે, તોપણ તે ક્યારેય ડગે નહિ. એવો જે દૃઢ નિશ્ચય હોય તેને મૂઢપણાનો નિશ્ચય જાણવો. ૧૭-૧૮. હવે **બીજો જે પ્રકાર** છે તે હું કહું છું. ભગવાનમાં જે પ્રીતિ હોય તે પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશ્રય થાય છે. ૧૯. જેને ભગવાનમાં દૃઢ પ્રીતિ હોય તે ભગવાનને છોડીને બીજા પદાર્થમાં જોર કરીને પ્રીતિ કરવા જાય, તોપણ તે પદાર્થમાં પ્રીતિ ક્યારેય થાય નહિ. જ્યારે આવી ભગવાનના સ્વરૂપમાં દૃઢ પ્રીતિ થાય ત્યારે તેને પ્રીતિએ કરીને ભગવાનનો દૃઢ આશ્રય થયો કહેવાય.

હવે **ત્રીજા પ્રકારે જે ભગવાનનો આશ્રય** થાય છે તેને કહું છું. ૨૦-૨૨. જેની બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનની જેટલી મોટાઈ હોય તેને જાણે તથા ભગવાનનું સગુણ-નિર્ગુણપણું, અન્વય-વ્યતિરેકપણું, તે બધાને સારી રીતે વિવેકથી બુદ્ધિપૂર્વક સમજે. ૨૩. તથા ભગવાનની માયા થકી જે સર્ગ થયો છે તેને સમજતો હોય, અને પૃથ્વી ઉપર ભગવાનના જેટલા અવતાર થાય છે તેની રીતને સમજતો હોય. તથા આ જગતની ઉત્પત્તિ ભગવાન જે રીતે અને જે સમયે કરે છે તેને સમજતો હોય, અને અનુપમ ભગવાન અક્ષરરૂપે, પુરુષ અને પ્રકૃતિરૂપે જે રીતે વર્તતા હોય તેને સમજતો હોય, તેમજ ભગવાન વિરાટપુરુષરૂપે, બ્રહ્માદિકરૂપે અને પ્રજાપતિરૂપે જે રીતે વર્તતા હોય તેને સમજતો હોય. ૨૪-૨૭.

વળી, ભગવાન જીવનાં કલ્યાણ કરવાં માટે નારદ, સનકાદિકરૂપે જે રીતે વર્તે છે તે સર્વ રીતને તે બુદ્ધિમાન ભક્ત સમજતો હોય છે. ૨૮. આ બધી કહી જે રીત તેને બુદ્ધિમાન ભક્ત જાણે છે. વળી, પુરુષોત્તમ ભગવાનનું સ્વરૂપ સહુથી પર અને નિર્વિકાર છે, એમ સમજે છે. આવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય તેનો સમજણે કરીને ભગવાનનો દૃઢ આશ્રય છે, એમ જાણવું. ૨૯-૩૦. આ ત્રણ પ્રકારે જે ભગવાનનો દૃઢ આશ્રય કહ્યો તેને બીજો કોઈ ટાળવા પ્રયત્ન કરે, તોપણ ન ટળે અને પોતાનો ટાળ્યો પણ ન ટળે. ૩૧. અને ભગવાન મનુષ્યદેહ ધારીને પોતાની ઈચ્છાથી સમર્થપણે

વિચરે અથવા અસમર્થપણે વિચરે તેને દેખીને ક્યારેય તેની બુદ્ધિમાં ભ્રાંતિ ન થાય, તે ભગવાનનો દૃઢ આશ્રય કહેવાય."

આવી વાત શ્રીહરિ જ્યારે કરી રહ્યા તે પછી ફરીને બોલ્યા, ૩૨-૩૩. "જો તમે કહો તો અમે તમને સહુને એક પ્રશ્ન પૂછીએ." ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા, "મહારાજ ! જે પ્રશ્ન ઊપજે તે અમને પૂછો." ૩૪. ત્યારે સુખદાયક શ્રીહરિ બોલ્યા કે, "અમે જે એ ત્રણ અંગની વાત કહી, તેમાં તમારું જે અંગ પ્રધાન હોય તે કહો. ૩૫. ભગવાનના ભક્તને ત્રણેય અંગ મિશ્રિત હોય, તે બધામાં જે અંગ પ્રધાન હોય તે પોતાનું અંગ ગણવું. જેમ કે, મૂઢપણું, પ્રીતિ અને સમજણ, તે ત્રણ અંગમાંથી તમારું જે અંગ પ્રધાન હોય તે એક કહો." ૩૬-૩૭. પછી મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, "અમારે તો સમજણનું અંગ પ્રધાન છે." ૩૮. બીજા મુનિઓએ જેને જે અંગ પ્રધાન હતું તેમણે તે રીતે કહ્યું, પણ તેમાં બીજા બે અંગ કરતાં સમજણના અંગને શ્રેષ્ઠ કહ્યું. ૩૯.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું તેત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણત્રીશમો તરંગ સમાપ્ત ॥૨૯॥



પૂર એકવીશમું : તરંગ - ૩૦

ગઢડા પ્રથમ પ્રકરણનું ચોત્રીશમું વચનામૃત

❋ ભગવાને કળ ચડાવી છે તેની વિગત :

પોષ વદી એકાદશીને દિવસ સવારમાં દાદા ખાચરના દરબારમાં આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર દક્ષિણ તરફ મુખ રાખીને સુખદાયક અને પરમ પ્રવીણ એવા શ્રીહરિ ભક્તજનોના દુ:ખને હરવા માટે વિરાજમાન થયા હતા. ૧-૨. તેમણે શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચોફાળ ઓઢ્યો હતો અને મસ્તક ઉપર સુંદર શ્વેત પાઘ બાંધી હતી. ૩. ફૂલના હાર પહેર્યા હતા, ફૂલના તથા હીરના તોરા પાઘ ઉપર ધારણ

કર્યાં હતા. ૪. ફૂલના બે ગુચ્છ બંને કાન ઉપર ધારણ કર્યા હતા. અને તે વખતે શ્રીજીમહારાજના મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. અને મુનિ વાજિંત્ર લઈને કીર્તનગાન કરતા હતા. ૫-૬.

પછી શ્રીહરિ બોલ્યા કે, "હવે કીર્તન બંધ રાખીને જેને જેવા સૂઝે તેવા તમે પ્રશ્ન-ઉત્તર કરો." ૭. પછી બ્રહ્માનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "સર્વ સુખનાં ધામ અને સહુથી પર એવા પરમેશ્વર છે, તેમાં જીવની વૃત્તિ ચોંટતી નથી, તેનું જે કારણ હોય તે કહો. અને માયિક તથા નાશવંત એવા તુચ્છ પદાર્થમાં જીવની વૃત્તિ ચોંટી જાય છે, તેનું કારણ શું છે ? તે કહો." પછી બ્રહ્માનંદસ્વામીના પ્રશ્નનો ઉત્તર મુક્તાનંદસ્વામી કરવા લાગ્યા, પણ તેમનાથી તે થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજ તે પ્રશ્નનો ઉત્તર કરવા માટે બોલ્યા, ૮-૧૧.

* સૃષ્ટિ ચલાવવા માટે શ્રીહરિએ ચડાવેલી કળ :

"તમે સહુ સાંભળો. હવે તે પ્રશ્નનો ઉત્તર અમે કરીએ છીએ. જે દિવસથી પરમેશ્વરે આ જગતની સૃષ્ટિ કરી છે તે દિવસથી એવી કળ ચડાવી મૂકી છે કે, તેમાં પરમેશ્વરને ફરીને ક્યારેય પરિશ્રમ કરવો પડે નહિ. ૧૨-૧૩. અને સંસારની જેટલી વૃદ્ધિ કરવી હોય તે આપમેળે થતી રહે તેવો ફેર ચડાવી મૂક્યો છે. ૧૪. અને તેને લીધે સહજ રીતે પુરુષને સ્ત્રીમાં વજ્રના જેવું દૃઢ હેત થાય છે અને તે રીતે જ પુરુષમાં સ્ત્રીને હેત થાય છે. ૧૫. અને તે સ્ત્રીથી જે પ્રજા ઉત્પન્ન થાય છે તેમાં હેત થાય છે. તે હેતરૂપી જ ભગવાનની માયા છે. ૧૬.

આ માયાના પ્રવાહમાં જે મનુષ્ય ક્યારેય તણાય નહિ, તેની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં રહે છે. ૧૭. માટે જે ભગવાનના ભક્ત થયા હોય તે માયિક પદાર્થમાત્રમાં અપાર દોષબુદ્ધિ રાખીને તેમાં અપાર વૈરાગ્યને પામે, ૧૮. અને તે ભગવાનને સહુથી વધારે પરમ સુખરૂપ અને અનુપમ જાણીને તેમાં પ્રેમ સહિત વૃત્તિ રાખે છે. તેથી તેનું ચિત્ત બીજામાં ક્યારેય ચોંટતું નથી. ૧૯. **અને જે માયિક પદાર્થમાં વૈરાગ્ય નથી રાખતા, અને જે ભગવાનના સ્વરૂપથી જુદા પડી જાય છે, તે શિવ, બ્રહ્મા અને નારદ વગેરે**

જેવા સમર્થ અનાદિમુક્ત હોય, તોપણ માયિક પદાર્થના પ્રવાહમાં તણાઈ જાય છે. ૨૦-૨૧. તેટલા માટે ભગવાનને છોડી દઈને જે માયિક પદાર્થનો સંગ કરે તે જીવની વૃત્તિ માયિક પદાર્થમાં નિશ્ચિત ચોંટી જાય છે. તેમાં જરાય ખોટું નથી. ૨૨. માટે જે પરમેશ્વરના ભક્તો હોય તેમણે પરમેશ્વર સિવાયના બીજા કોઈ પદાર્થમાં સહેજ પણ પ્રીતિ ક્યારેય ન કરવી." ૨૩.

❋ જેટલું આજ્ઞાનું પાલન કરે તેટલું સુખ થાય :

જે રીતનો પ્રશ્ન હતો તે રીતનો જ શ્રીહરિએ તેનો ઉત્તર કર્યો. પછી શ્રીજીમહારાજ બોલ્યા, "હવે મુક્તાનંદસ્વામીને પ્રશ્ન પૂછવાનો વારો આવ્યો. માટે તે પ્રશ્ન પૂછે." ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, ૨૪-૨૫. "જીવને જે ભગવાનની પ્રાપ્તિ થવી તે અતિશય દુર્લભ છે, એમ કહેવાય છે. ૨૬. અને તે ભગવાનની પ્રાપ્તિ તો થઈ, ત્યારે હવે તેનાથી બીજી કોઈ મોટાઈ નથી અને બીજો કોઈ મોટો આનંદ પણ નથી. ૨૭. તેવા મોટા આનંદને છોડીને જીવ તુચ્છ પદાર્થ સારુ શા માટે ઘણાં કલેશને પામે છે ?" એ પ્રશ્ન છે. ૨૮.

ચોપાઈ :

श्रीहरि तब बोलत हि भयेऊ, उत्तर याके करत हम तेऊ;
परमेश्वर के बचन ताकू, तजीके इत उत डोलत याकू...२९
बचन कु लोपत रहे जितना, क्लेश ताकु आत हे तितना;
बचन में जितना वर्तत जाई, भगवानहु के तितना ताई...३०

ત્યારે શ્રીહરિ કહેવા લાગ્યા કે, "તે પ્રશ્નનો ઉત્તર અમે કરીએ. જે ભક્ત પરમેશ્વરના વચનને છોડીને આમતેમ ડોલતો રહે છે, અને જેટલો વચનનો લોપ કરે છે તેને તેટલો કલેશ થાય છે. અને જે જેટલા ભગવાનના વચનમાં વર્તે છે તેને તેટલો ભગવાનનો આનંદ વર્તે છે. કેમ જે, વચનમાં જ આનંદ રહ્યો છે. એટલા માટે ત્યાગીએ ત્યાગીની રીતે ભગવાનના વચનમાં પવિત્રતાથી રહેવું. ૨૯-૩૧. અને ગૃહસ્થોએ ગૃહસ્થની રીતે રહેવું, પણ વચન ઉલ્લંઘીને બહાર પગ દેવો નહિ. જેટલું જે વચનનું ઉલ્લંઘન કરે છે તેટલો તેને કલેશ થાય છે. ૩૨. અને ત્યાગીએ અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત દઢપણે પૂરું થયું ગણાય, નહિ તો અધૂરું

ગણાય. ૩૩. તેમાં જે જેટલો ફરક રાખે છે તેને તેટલો કલેશ અંતર્યામી પરમેશ્વર પોતે આપે છે, તે પ્રત્યક્ષ દેખાય છે. ૩૪.

પરમ પ્રવીણ ગૃહસ્થે પણ પરસ્ત્રીનો ત્યાગ કરવો અને પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસે ત્યાગ રાખવો. અને ઋતુ સમયમાં જ પોતાની સ્ત્રીનો સંગ કરવો. તે ગૃહસ્થનું બ્રહ્મચર્ય કહેવાય છે. એ આદિક જે ત્યાગી અને ગૃહસ્થોના જેટલા નિયમો કહ્યા છે, તેમાં જેને જેટલો ફેર પડે છે તેટલો તેને કલેશ થાય છે; એમ અમે ચોક્કસ કહીએ છીએ. ૩૫-૩૭. અને ભગવાનથી વિમુખ જીવને જે સુખ-દુઃખ આવે છે તે તો તેનાં પોતાનાં કર્મે કરીને આવે છે. તે નિશ્ચિત વાત છે. ૩૮. **પણ ભગવાનના ભક્તને જેટલાં સુખ-દુઃખ આવે છે તે કર્મનાં પ્રેરેલા આવતા નથી, પરંતુ જેટલું વચન લોપે છે તેટલું તેને દુઃખ આવે છે. ૩૯. અને ભક્તને જેટલું સુખ થાય છે તે વચનમાં વર્તવે કરીને થાય છે.** જે ભક્ત છે તે આ રીતે સમજે છે." એટલી શ્રીહરિએ વાત કરી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચોત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે ત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૦॥



પૂર એકવીશમું : તરંગ - ૩૧

ગઢડા પ્રથમ પ્રકરણનું પાત્રીશમું વચનામૃત

❋કલ્યાણ કરવું હોય તેના વર્તનની રીતિ :

પોષ વદી બારસને દિવસ સર્વ સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ નીચે પલંગ ઉપર પૂર્વ મુખે વિરાજમાન હતા. ૧-૨. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા હરિભક્તોની સભા બેઠી હતી. પછી સામે બેઠેલા મુનિ પ્રત્યે શ્રીહરિ બોલ્યા કે, "તમે પ્રશ્ન પૂછો કાં અમે પૂછીએ." ૩-૪.

ત્યારે મુનિએ કહ્યું, “હે મહારાજ ! તમે પૂછો.” પછી શ્રીજીમહારાજ પરમ આનંદથી બોલ્યા, ૫. “કોઈ એક પુરુષ એવો છે કે તેમાં બુદ્ધિ થોડી દેખાય છે, પણ પોતાનું કલ્યાણ કરવાનું જતન કરતો રહે છે. કલ્યાણનું જતન કરવું તેમાં ક્યારેય પાછો પડતો નથી અને કોઈ બીજો પુરુષ છે તેમાં બુદ્ધિ તો ઘણી છે, ૬-૭. અને તે મોટા મોટા સંતો અને હરિભક્તોમાં ખોટ કાઢતો રહે છે. તેવો બુદ્ધિશાળી હોવા છતાં પણ કલ્યાણના માર્ગમાં લેશમાત્ર આગળ ચાલતો નથી. તેનું કારણ શું હશે ?” પછી મુનિ તેનો ઉત્તર કરવા લાગ્યા, પણ જ્યારે શ્રીહરિએ આશંકા કરી ત્યારે તેનો ઉત્તર ન થયો. પછી શ્રીજીમહારાજ તેનો ઉત્તર કરવા લાગ્યા. તે વાત હવે કહું છું, જેમાં કોઈ સંશય રહે નહિ. ૮-૧૦. “તે બુદ્ધિશાળીમાં બુદ્ધિ તો ઘણી છે, પણ જ્યાં સુધી તેને કલ્યાણનો માર્ગ મળ્યો નથી એટલે કે, મોક્ષ માર્ગે ચાલી શકતો નથી ત્યાં સુધી તેની બુદ્ધિ દૂષિત છે તેમ સમજવું, પણ તેને દોષ વિનાની ન જાણવી. ૧૧. જેમ ભેંશના સુંદર દૂધમાં સાકર નાખી હોય તો તે અમૃત જેવું કહેવાય, પણ જો તેમાં સર્પની લાળ પડે તો તત્કાળ અમૃત જેવું દૂધ ઝેર થઈ જાય છે. ૧૨.

પછી તેને જે પીવે તેના પ્રાણ જાય, તેમ તેને બુદ્ધિ તો ઘણી છે પણ તે દૂષિત થયેલી છે. ૧૩. કેમ જે, તેણે કોઈ મોટા સંત અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે. તે અવગુણરૂપ દોષ તેની બુદ્ધિમાં આવ્યો છે તે સર્પની લાળ જેવો છે. માટે તે તો કલ્યાણને માર્ગે ક્યાંથી ચાલી શકે ? ૧૪-૧૫. તે પોતે તો મોક્ષમાર્ગે ન ચાલે પરંતુ જો કોઈક તેના મુખની વાત સાંભળે તો તે સાંભળનારો પણ સત્સંગમાંથી વિમુખ થાય. આવી જેની બુદ્ધિ દૂષિત થઈ હોય તે જ્યાં જ્યાં જન્મ ધારણ કરે ત્યાં ત્યાં ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે. ૧૬-૧૭.

અને જેની બુદ્ધિ આ રીતે દૂષિત ન થઈ હોય તેને ભલે થોડી જ બુદ્ધિ હોય, તોપણ પોતાના કલ્યાણને અર્થે જતન કરતો થકો તે ડાહ્યો ભક્ત ક્યારેય પાછો પડતો નથી.” ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, “હે મહારાજ ! તેવી દૂષિત બુદ્ધિવાળો કોઈ દિવસ સંસારના પારને

પામે ? અને ભગવાનની સન્મુખ તે થાય કે ન થાય ?" ૧૮-૨૦. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "જે દૂષિત બુદ્ધિવાળો છે તે કોઈ કાળે ભગવાનની સન્મુખ થાય નહિ." ૨૧.

ત્યારે ફરીવાર મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, "હે મહારાજ ! કોઈ દિવસ એવી આસુરી બુદ્ધિ ન થાય તેનો ઉપાય હે કૃપાળુ ! આપ કહો. કારણ કે તે ઉપાયને હે દયાળુ ! આપ જાણો છો." ત્યારે ભક્તપતિ ઘનશ્યામ મહારાજ બોલ્યા, ૨૨-૨૩. **"ક્રોધ, માન, ઈર્ષ્યા અને ચોથું કપટ, એ ચાર બાબત પરમેશ્વરની સાથે રાખે નહિ, અને પરમેશ્વરના સંતોની સાથે પણ કોઈ દિવસ રાખે નહિ; તો તેની બુદ્ધિ આસુરી થાતી નથી.** આ ઉપાય તમને બતાવ્યો. ૨૪-૨૫. પરંતુ જો એ ચારમાંથી એક પણ રાખે તો તેની બુદ્ધિ આસુરી થઈ જાય છે. જેમ કે, 'જય અને વિજય ઘણા ડાહ્યા હતા, તોપણ તેણે સનકાદિકોની સાથે માન રાખ્યું તેથી તેઓ વૈકુંઠ લોકમાંથી પડી ગયા, તથા તેની બુદ્ધિ આસુરી થઈ ગઈ. તેને આખું જગત જાણે છે. ૨૬-૨૭.

જ્યારે આસુરી બુદ્ધિ થઈ જાય છે ત્યારે ભગવાન અને ભગવાનના ભક્તમાં ઘણા ગુણો હોવા છતાં તે દોષ સરખા દેખાય છે. ૨૮. પછી તે જ્યાં જ્યાં જન્મ લે છે ત્યાં ત્યાં શિવનો ગણ થાય છે અથવા તો દૈત્યનો રાજા થાય છે, પછી વૈરભાવે ભગવાનનું ઘણું ભજન કરે છે." ૨૯. આ વાત અમૃત જેવી છે તે સંતો અને હરિભક્તોનું હિત કરવા માટે જે રીતે શ્રીહરિએ કહી હતી તે રીતે લખી છે. ૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પાત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે એકત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૧॥



પૂર એકવીશમું : તરંગ - ૩૨

ગઢડા પ્રથમ પ્રકરણનું છત્રીશમું વચનામૃત

❋ કંગાલના દૃષ્ટાંતે સાચા ત્યાગીની રીત :

પોષ વદી તેરશને દિવસ ધર્મનંદન સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષના ઓટા ઉપર પલંગ હતો, તેના ઉપર આવીને વિરાજમાન થયા હતા. ત્યારે તેમણે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને કંઠમાં શ્વેત અને પીળા પુષ્પના હાર પહેર્યા હતા, શ્વેત પુષ્પના ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા હતા, પુષ્પના તોરા પાઘ ઉપર ધાર્યા હતા, કરેણના પુષ્પના છોગા પાઘ ઉપર હતા અને શ્વેત પુષ્પનો દડો જમણા હાથમાં ફેરવતા હતા. ૧-૫. પોતાના ભક્તજનોને આનંદ ઉપજાવવા માટે આ રીતે શ્રીહરિ વિરાજમાન હતા. તેમની શોભા કહી શકાતી નથી. ૬. શ્રીહરિના મુખારવિંદની આગળ સહુ સંતો આવીને બેઠા હતા. તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને દર્શન કરવા માટે બેઠી હતી. સહુ શ્રીહરિમાં પોતાના ચિત્તને જોડી રહ્યા હતા. શ્રીહરિની જેટલી બાબતો છે તે બધી મૂર્તિમાન મોક્ષરૂપ છે. ૭-૮.

❋ નિષ્કપટ સત્સંગ કરે તો જ સુખ પામે :

चोपाई :

सत्संग में रहे सुख अपारा, समझ बिन न देखत लगारा;
सत्संग में रहे सुख जेसा, देख भये जो जथार्थ तेसा...१०
तेसेके करे संग जबही, निष्कपट होईके तबही;
सत्संग में सुख रहे जितना, देखे बिन न रहत हे तितना...११
कपट रख सत्संग ही जेही, कोटि कल्प लग करे तेही;
सत्संग के सुख नहीं पावे, जिहाँ लग ही कपट रखावे...१२

જ્યાં સુધી આવું સમજાતું નથી ત્યાં સુધી તેને સમજવાનું બાકી રહે છે. આટલી સમજણ જ્યાં સુધી નથી આવતી ત્યાં સુધી સત્સંગમાં તો અપાર સુખ રહ્યું હોય છે પણ સમજણ વિના લગાર પણ દેખાતું નથી. સત્સંગમાં જેવું સુખ રહ્યું છે તે યથાર્થ કોને દેખાય ? તો સત્સંગનું તે સુખ

જેને યથાર્થરૂપમાં દેખાતું હોય, તેનો જ્યારે નિષ્કપટ થઈને સંગ કરે ત્યારે સત્સંગમાં જેટલું સુખ રહ્યું છે તે તેને દેખાયા વિના રહેતું નથી. ૯-૧૧. પરંતુ કપટ રાખીને માણસ કરોડો કલ્પ સુધી સત્સંગ કરે, તોપણ તેને સત્સંગનું સુખ આવતું નથી. ૧૨.

આવી વાત સંતો હરિભક્તોની આગળ કરતા હતા. પછી શ્રીહરિએ તેમની આગળ આ વાત કરી, ૧૩. "જેણે સંસારનો ત્યાગ કરીને ત્યાગીનો વેષ લીધો હોય તે પરમેશ્વરના સ્વરૂપને છોડીને તુચ્છ અસત્ પદાર્થમાં વધારે વધારે પ્રેમ કરે છે તો તેને કેવો ત્યાગી જાણવો ? ૧૪-૧૫. તો જેવો મોટા શાહુકારની આગળ કંગાળ માણસ હોય તેવો તે પરમેશ્વરમાં પ્રેમ વગરના ત્યાગીને જાણવો. જેમ કોઈ કંગાળ મનુષ્ય હોય તેને પહેરવાં માટેનાં પૂરાં વસ્ત્ર પણ ન મળતાં હોય, અને જ્યાં ત્યાંથી જેવા અન્નના કણ મળે તેને વીણીને ખાતો હોય, ૧૬-૧૭. તેમ છતાં ક્યારેય પેટ ભરવા પૂરતું પણ અનાજ ન મળતું હોય ત્યારે તે પોતે એમ કહે છે કે, 'મેં પહેલા કાંઈ પાપ કર્યું હશે, તે પાપને લીધે હું આવો કંગાળ થયો છું.' ૧૮.

તેમાં ભગવાનનો લગાર પણ દોષ નથી. જેવું પહેલા કર્યું હોય તેવું અત્યારે પામે છે. પુણ્યના ફળને લીધે શાહુકાર થવાય છે અને પાપના ફળને લીધે અપાર દુઃખ પામે છે. તે આ લોકમાં જોવા મળે છે, પરંતુ તે દેખે છે તોપણ જીવને ભૂલાઈ જાય છે. વળી, જે શાહુકાર લોકો છે તે પણ કંગાળને પાપી માને છે. ૧૯-૨૦. અને તે જેવું સમજે છે તેવું મુખથી કહે છે કે, 'આ કંગાળે બહુ પાપ કર્યું હશે તેથી તેને અન્ન, વસ્ત્ર ક્યારેય મળતા નથી.' ૨૧.

તે રીતે જ જે ત્યાગી થઈને ભગવાનને છોડી, સારાં સારાં વસ્ત્રાદિક પદાર્થ મળે તેનો સંગ્રહ કરવામાં નિયમ રાખતો નથી અને તેની ઘણી તૃષ્ણા રાખે છે. તેમજ ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યમાં પ્રીતિએ રહિત રહે છે. ૨૨-૨૩. તેવા ત્યાગીને જોઈને મોટા એકાંતિક સાધુઓ હોય છે તે તેને કંગાળ જેવો જાણે છે અને આ તેવો પાપી છે તેમ કહેતા રહે છે. ૨૪. કેમ જે, તે પાપી છે તેથી તેને ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનમાં રસ નથી.

તેમજ ભગવાનમાં પ્રીતિએ રહિત છે. ૨૫. તેને લીધે જ તે ભગવાનના સ્વરૂપમાં પ્રેમ કરવાનું છોડી દઈને બીજા પદાર્થમાં અધિક પ્રીતિ કરે છે, પણ તે કાંઈ અર્થમાં આવતી નથી. ૨૬. જે સાચા ત્યાગી છે તેને તો કચરો અને કંચન(સોનું), તે બંને સમાન છે. કોઈ પદાર્થ સારા-નરસા લાગતા નથી. ૨૭. એક ભગવાનમાં જ અખંડ પ્રીતિ હોય તે જ સાચો ત્યાગી છે. તે તરત દેખાઈ આવે છે. ૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે બત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૨॥



પૂર એકવીશમું : તરંગ - ૩૩

ગઢડા પ્રથમ પ્રકરણનું સાડત્રીશમું વચનામૃત

✵ જન્મભૂમિની વાસના ટાળવાની અને નિષ્ઠાની વાત :

પોષ વદી ચૌદશને દિવસ વિશ્વવંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની નીચે પલંગ ઉપર આથમણે મુખારવિંદે વિરાજમાન હતા. અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, પાઘમાં પીળા પુષ્પના તોરા લટકતા હતા. બંને કાન ઉપર શ્વેત પુષ્પના ગુચ્છ ધાર્યા હતા, કંઠમાં શ્વેત અને પીળા પુષ્પના હાર પહેર્યા હતા. ૧-૪. શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો. સુખદાતા શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "હવે અમે જે વાત કહીએ છીએ તેને તમે સહુ સાંભળો. ૫-૬. જે અણસમજુ હોય તેણે ભેખ-ત્યાગીનો વેશ ધારણ કર્યો હોય, તોપણ તેને જ્યાં જ્યાં પોતાની જન્મભૂમિ હોય તેમાં જેટલું હેત રહ્યું હોય તે ટળતું નથી." એમ કહીને પછી સુખદાયક શ્રીહરિએ પોતાના જમણા સાથળને વિશે બાળપણમાં જે જાંબુડાનો ખાંપો લાગ્યો હતો તે બતાવ્યો

અને બોલ્યા કે, 'જ્યારે અમે આ ચિહ્નને જોઈએ છીએ ત્યારે તરત જ તે વૃક્ષ તથા તલાવડી સાંભરી આવે છે. જેવી ભૂમિ હતી તે પણ સાંભરી આવે છે. માટે પોતાની જન્મભૂમિ અને જે સંબંધી હોય તેને અંતરમાંથી વિસારી દેવા તે ઘણું કઠિન છે, તે વિચારી જુઓ. તે માટે પોતાની જન્મભૂમિ અને સંબંધીઓ જેને ન સાંભરતા હોય તે નિષ્કપટભાવે બધા બોલો. બોલ્યા વિના તે દેખાતું નથી. જે લાજે કરીને ન બોલે તેને શ્રીનરનારાયણના સમ અમે દઈએ છીએ. માટે તમે સહુ બોલો." પછી સહુ મુનિઓ જેને જેમ વર્તતું હતું તેમ તેઓ બોલ્યા. ૭-૧૩.

પછી સંતોની તે વાત સાંભળી શ્રીજીમહારાજ બોલ્યા તે કહું છું. તેને જે સાંભળે તેનું કાર્ય સુધરી જશે. ૧૪. "જ્યારે પોતાને દૃઢપણે અનુપમ આત્મારૂપે માનીએ ત્યારે તે આત્માની જન્મભૂમિ કઈ ? ૧૫. આત્માનાં સગાં કોણ ? આત્માની જાતિ કઈ ? અને આત્માના સંબંધી કોણ ? આવું વિચારવું જોઈએ. ૧૬. અને જો સગપણ લેવું જ હોય તો તે ક્યારે લેવું ? તેની વાત હવે હું કહું છું. આ જીવે પૂર્વે ચોરાશી લાખ જાતિમાં બહુ પ્રકારના દેહ ધર્યા છે. ૧૭. તે બધાનું સગપણ બુદ્ધિમાનોએ એકસરખું સમજવું જોઈએ અને જેમ આ દેહનાં સગાંનું કલ્યાણ ઈચ્છે છે, તેમ પૂર્વના પણ સર્વ સગાંઓનું કલ્યાણ ઈચ્છવું, તે વિવેક કહેવાય. અને **આ મનુષ્યશરીરમાં જે દિવસથી આવ્યા તે દિવસથી ચોરાશી લાખ જાતના માત-પિતાને જેમ અજ્ઞાને કરીને વિસારી દીધા છે, તેમ જ આ મનુષ્યદેહના માત-પિતાને પણ જ્ઞાને કરીને વિસારી દેવા.** તે ત્યાગીની સાચી રીત છે તે અમે કહી. ૧૮-૨૧.

અમે તો અમારા સગાં સંબંધીઓમાં કોઈ રીતે હેત રાખ્યું નથી. અને જે અમારી સેવા કરતા હોય તેના હૃદયમાં પણ જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો, તેના ઉપર હેત કરીએ છતાં પણ કોઈ પ્રકારે હેત થાતું નથી. આ અમારો નિર્ધાર અમે કહ્યો. ૨૨-૨૩. **નારદજી જેવો ચાહે તેવો ગુણવાન અને નિપુણ હોય, પણ તેમાં જો ભગવાનની ભક્તિ ન હોય તો તેના અપાર ગુણો પણ અમને ગમતા નથી. ૨૪.** જેના હૃદયમાં ભગવાનની ભક્તિ હોય અને અમે જે રીતે કહીશું તેમ સમજતો હોય તેના ઉપર પ્રીતિ થાય છે. ૨૫.

તે એમ સમજતો હોય જે, 'જેવા પ્રગટ ભગવાન આ ભૂમિ ઉપર વિચરણ કરે છે અને જેવા તે ભગવાનના ભક્ત ભગવાનની સમીપે રહે છે, તેવા ને તેવા જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પણ બધા રહે છે. આવી જે સમજણ છે તે અમને રુચે છે. ૨૬-૨૭.

આ ભગવાન ને ભગવાનના જે ભક્ત છે તે સદાય સાકાર જ છે; આવી સમજણ જેને દૃઢપણે રહેતી હોય, ૨૮. અને ચાહે તેવા વેદાંતના ગ્રંથને સાંભળે, પણ તે ભગવાન અને ભગવાનના ભક્તને નિરાકાર સમજે જ નહીં. ૨૯. વળી, ભગવાન વિના બીજા કોઈને જગતના કર્તા ન સમજે. તથા આ ભગવાન વિના સૂકું પાંદડું પણ ક્યારેય ફરકતું નથી, ૩૦. આવી રીતની ભગવાનના સ્વરૂપમાં સાકારપણાની જેને દૃઢ પ્રતીતિ હોય તેને ભગવાનનો ભક્ત કહેવાય છે. અને તેવી સમજણ વિના કાંઈ કામ આવતું નથી. ૩૧. અમે કહી એવી જેને દૃઢ સમજણ હોય તેને કદાચ બ્રહ્માંડનો પ્રલય થઈ જાય, તોપણ સાકારપણાની દૃઢતા ક્યારેય ફરે નહિ. ૩૨. તે ભક્ત ભલે જેવો તેવો હોય, તોપણ અમને અત્યંત પ્રિય લાગે છે. આવા ભક્તનાં શિર ઉપર કાળ, કર્મ અને માયાનો હુકમ ક્યારેય લગાર પણ ચાલતો નથી. તેવો તે અપાર સમર્થ થાય છે. તેના ઉપર તો એક ભગવાનનો જ હુકમ ચાલે છે, બીજા કોઈનો હુકમ ક્યારેય ચાલતો નથી. ૩૩-૩૪. અને તેને ક્યારેક દંડ દેવાનો હોય તો તે ભગવાન પોતે જ દે છે. અમને જેમાં સાકારપણાની નિષ્ઠા દેખાય નહિ તે ગમે તેવો ત્યાગ-વૈરાગ્યે યુક્ત હોય, અને ચાહે તેવો આત્મનિષ્ઠાવાળો હોય, તોપણ અમારાં અંતરમાં તેનો લગાર પણ ભાર આવતો નથી. ૩૫-૩૬.

✵ નિષ્ઠાવાન સંતની મહત્તા :

અને જેનાં હૃદયમાં ક્યારેય ડગે નહીં એવી ભગવાનની અતિ અચળ નિષ્ઠા હોય, તે ચાહે તેવા શાસ્ત્રોને સાંભળે, અને ગમે તેના સંગમાં રહે, તોપણ તેને ભગવાનના સાકારપણાની નિષ્ઠા ક્યારેય ફરે નહિ ત્યારે તેને પાકી નિષ્ઠા કહેવાય છે. ૩૭-૩૯.

सोरठा : तेज के बिंब जेसे, निराकार भगवानहु कु;
समझे नहीं तेसे, एसि निष्ठावंत संत की...४०

चोपाई :

पदरज ताकु शिर पर जेहा, चढावत हम वेर वेर तेहा;
ताकु दुःखवते मन हमारे, सुख कबहु रहत न लगारे...४१
एसेके दरशन हि सदाई, इच्छत हम हि परम मुद पाई;
एसी निष्ठा बिन जन हि जेते, आपके साधन बलकर तेते...४२

તેજના બિંબ જેવા ભગવાનને નિરાકાર સમજે જ નહિ, આવી નિષ્ઠાવાળા જે સંત છે તેનાં ચરણની રજને તો અમે પણ વારંવાર શિર ઉપર ચઢાવીએ છીએ. અને તેવા સંતને દુઃખવતા અમારા મનમાં ક્યારેય લગાર પણ સુખ રહેતું નથી. ૪૦-૪૧. આવા સંતનાં દર્શનને અમે ઘણા હરખથી સદાયને માટે ઈચ્છીએ છીએ. આવી નિષ્ઠા વગરના જે મનુષ્ય છે તે પોતાના સાધનના બળે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે, તેને અમે અભાગિયા દેખીએ છીએ. તેવા જડ બુદ્ધિવાળા જેટલા પુરુષ છે તે વારંવાર સંસારમાં ભટક્યા કરે છે. ૪૨-૪૩. અને તેઓ તો નાવ વગર પોતાના બાહુબળે કરીને સમુદ્રને તરવા ઈચ્છે તેવા છે. વળી, **જે ભગવાનના પ્રતાપે કરીને પોતાનું કલ્યાણ ઈચ્છે છે, તેઓ તો નાવમાં બેસીને સમુદ્રને તરવા ઈચ્છે તેવા નિપુણ છે.** આની સમાન બીજી કોઈ સમજણ નથી. ૪૪-૪૫.

एसे जो भगवान हि ताके, स्वरूप के ज्ञान वारे वाके;
देह छोरीके यह सब जितने, भगवान के धाम में तितने...४६
मूर्तियु चैतन्य जो ताकी, भगवान हजुर बनकर वाकी;
रहत हे पलक रहत न दूरा, भगवान के चिंतवन करत ऊरा...४७
एसी निष्ठा बिन हि जो जेऊ, साधन कोटि करे कोउ तेऊ;
देवलोक में रहत हे तेही, भोग ताके भोगवत एही...४८

આવા ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા જે ભક્તો છે તે બધા આ શરીરને છોડીને ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને ભગવાનના હજૂર બનીને પાસે રહે છે. એક પળવાર પણ ભગવાનથી દૂર રહેતા નથી. અને અંતરમાં ભગવાનનું ચિંતવન કરતા રહે છે. અને આવી નિષ્ઠા વગરના જે છે તે કરોડો સાધન કરે, તોપણ દેવલોકમાં રહે છે અને ત્યાંના

ભોગોને ભોગવે છે. ૪૬-૪૮. અને **જે યથાર્થ ભગવાનના ભક્ત હોય તેનાં દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે. ૪૯. અને તેવા ભક્તનાં દર્શન કરીને અનંત પાપી જીવોનો પણ ઉદ્ધાર થઈ જાય છે; એવો તેનો પ્રતાપ છે."** ૫૦. આ રીતની વાત કરીને શ્રીજીમહારાજે મુનિઓને પ્રેમથી કહ્યું, "હવે તમે કીર્તન બોલો." ૫૧.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સાડત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે તેત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૩॥



પૂર એકવીશમું : તરંગ - ૩૪

ગઢડા પ્રથમ પ્રકરણનું આડત્રીશમું વચનામૃત

❋ આંતરિક હિસાબ રાખે તેની વાસના ટળે :

મહા સુદિ પડવાને દિવસ સર્વ સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં સાંજને સમયે ઘોડશાળની ઓસરીમાં ગાદી ઉપર વિરાજમાન થયા હતા. શ્રીહરિની મૂર્તિ ઘણી મનોહર બનેલી હતી. ૧-૨. શ્વેત ખેસ પહેર્યો હતો, રાતા છેડાવાળી શ્વેત પાઘ મસ્તક ઉપર ધારી હતી અને દોરિયાનું અંગરખું પહેર્યું હતું. અંગ ઉપર શ્વેત ચોફાળ ઓઢ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ સર્વ સાધુ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

તે સમયે શ્રીહરિ સહુ હરિભક્તોની સામે જોઈને ઘણીવાર સુધી વિચારી રહ્યા. પછી બોલ્યા, "સહુ સાંભળો, હવે અમે વાત કરીએ છીએ. જે સત્સંગી થયા હોય તેમને જે દિવસથી સત્સંગ થયો હોય તે દિવસથી પોતાના મનનો વારંવાર તપાસ કરતા રહેવું. જેમ કે, પહેલા વરસમાં મારું મન આવું હતું, ૩-૭. અને પછી મન આવું થયું. હવે મારે ભગવાનની વાસના આટલી છે અને જગતની વાસના કેટલી છે ? આ રીતે તપાસ કરતા રહેવું. ૮. એમ વર્ષોવર્ષ

વિચારીને તેનો સરવાળો-હિસાબ કરતા રહેવું. અને પોતાનાં મનમાં જગતની જેટલી વાસના રહી ગઈ હોય તેને થોડી થોડી નિરંતર ત્યાગ કરતા શીખવું. જો અમે કહ્યું તે રીતે વિચાર ન કરે અને બધું ભેળું કરીને રાખી મૂકે તો તેની વાસના ટળે નહિ પણ બળવાન થઈને રહે છે. જેમ વણિકને ઘેર જેટલું નામું કર્યું હોય તેટલું જો મહિને મહિને નિરંતર ચૂકવતા રહે, તો તે નામું આપતા ક્યારેય કઠણ પડે નહિ. પણ વરસ દિવસનું જો ભેળું થઈ જાય તો તે આપવું કઠણ પડે. ૯-૧૨. માટે કહ્યું તે રીતે હંમેશાં વારંવાર વિચાર કરતા રહેવું. તો તેમ કરવાથી વાસના ધીરે ધીરે ઘટી જાય છે. ૧૩.

જેમ ફૂલે કરીને તિલ વસાય-સુંગંધી થાય છે તેમ જગતની વાસનાથી મન વસાઈ રહ્યું છે. ૧૪. તે રીતે જ આ મનને ભગવાનનાં ચરિત્રોના મહિમાએ સહિત નિત્ય સ્મરણરૂપ ફૂલમાં વારંવાર વસાવી દેવું. આ રીતે સ્મરણરૂપી ફૂલનો વાસનારૂપ સાર તલરૂપ મનમાં વસાવવો. ૧૫-૧૬. ભગવાનનાં ચરિત્રરૂપી પરમ અનુપમ જાળું છે, તે ઝાળામાં મનને વારંવાર ગૂંચવી રાખવું. ૧૭. મનમાં ભગવાનનાં ઘાટ વારંવાર કર્યા કરવા. એક શમે ને બીજો કરવો, બીજો શમે ને ત્રીજો કરવો. ૧૮. એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહિ. કેમ જે, મન ભૂત જેવું છે. આમ કહીને ભૂતના દૃષ્ટાંતની વાત વિસ્તારીને કહી." ૧૯.

⁕ જે ભગવાનમાં મન રાખે તે જ મોટેરા છે :

પછી ફરીને શ્રીજીમહારાજ બોલ્યા કે, "અમે કહ્યું એ રીતે એક દિવસનાં ભગવાનનાં ચરિત્ર, વાતો અને દર્શન જો સંભારવામાં આવે તો તેનો પણ પાર આવતો નથી. તો પછી સત્સંગ થયો તેને તો દસ-બાર વરસ વીતી ગયા હોય, કેટલાકને તો પંદર વરસ થયા હોય, તો તેને સંભારવાનો પાર કોણ લઈ શકે ? ૨૦-૨૧. હવે તે સંભારવાની રીત હું કહું છું, તે સાંભળીને તમારાં મનમાં આનંદ થશે. જે જે ગામમાં અમારાં દર્શન થયાં હોય, પરમહંસ, વર્ણી અને હરિભક્તોની જેવી સભા થઈ હોય તથા અમારી જેવી પૂજા થઈ હોય તેને તેવા રૂપમાં વારંવાર સંભારવા. ૨૨-૨૩.

સભામાં અમે ભગવાનની જે વાત કરી હોય તેને પણ વારંવાર સંભારી રાખવી, પણ ક્યારેય તેને વિસારી દેવી નહિ. ૨૪. જેને ઝાઝી સમજણ ન હોય તેને તો અમે કહ્યું એ રીતે કરવું, તે ઉપાય જ શ્રેષ્ઠ અને પવિત્ર છે. ૨૫. આનાથી બીજો કોઈ શ્રેષ્ઠ ઉપાય નથી. ત્યારે તમે કહેશો કે, 'અમે અન્ન થોડું ખાઈએ અથવા વારંવાર ઘણા ઉપવાસ કરીએ, પણ તેવું અમે કહેતા નથી. અમે જેના જેવા નિયમ કહ્યા હોય તેણે તે રીતે સાધારણપણે વર્તવું. ૨૬-૨૭. અને કરવાનું તો આ અમે વાત કહી તે જ છે. એવું અમે કહીએ છીએ. કેમ જે, અમારાં ચરિત્ર, વાતો અને દર્શન સંભારવાં જેવી બીજી કોઈ વાત નથી. ૨૮. અને અમે તો એમ માન્યું છે કે, **મન દઢપણે નિર્વાસનિક હોવું જોઈએ, તે ઘણી મોટી વાત છે. તેના સમાન બીજી કોઈ વાત સુખકારી નથી.** ૨૯. અને દેહે કરીને ગમે તેટલી અપાર પ્રવૃત્તિ હોય, પણ મન જો શુદ્ધ રહેતું હોય તો તેનું અતિ ભૂંડું થાતું નથી. ૩૦. બહાર લોકમાં તો પ્રવૃત્તિવાળાનું ઘણું ભૂંડા જેવું દેખાય આવે પણ જો અંતર શુદ્ધ હોય તો તે પરમપદને પામે છે. ૩૧.

અને જેને મનમાં વાસના હોય અને બહાર સારી રીતે નિવૃત્તિ પરાયણ રહેતા હોય તે બહાર લોકમાં તો સારા દેખાય, પણ જો મન શુદ્ધ ન હોય તો તે જમપુરીમાં જાય અને તેના જીવનું અત્યંત ભૂંડું થાય. કેમ જે, મનમાં જેવું હોય તેવું જ સ્ફુરી આવે છે. ૩૨-૩૩. જ્યારે મૃત્યુ સમય આવે છે ત્યારે મનમાં જેવી વાસના હોય તેવી સ્ફુરણા થઈ આવે છે. પછી મનમાં જેવું દેખાઈ આવે તેવું તે બોલે છે. ૩૪.

જેમ ભરતજીને અંત સમયે મૃગનું બચ્ચું સાંભરી આવ્યું ત્યારે તે ભગવાનના પુત્ર હતા, તોપણ મૃગને આકારે થઈ ગયા. ૩૫. ભગવાનને કોઈ પક્ષપાત હોતો નથી તે તો જેવું અંતરમાં હોય તેવું ફળ આપે છે. ભરતજીએ ભગવાનને રાજી કરવા માટે રાજ્યને અનિત્ય જાણીને તજી દીધું હતું. ૩૬. અને ૠષભદેવ ભગવાન તો તેમના પિતા હતા, તોપણ મન જે રીતનું હતું તેવા પોતે થઈ ગયા. ૩૭. આવી વાતને જોઈને અમે નિશ્ચય કર્યો છે કે મનને નિર્વાસનિક કરવું, તે વાત ઉત્તમ છે. ૩૮.

सोरठा : हमार मत हे एह, निर्वासनिक मन कु;
करना तान हे तेह, भगवान रहे सत्य एक...३९
उपवास करना जेहु, तन दुर्बल होय तिनकर;
मन दुर्बल होय तेहु, तन पुष्ट मन पुष्ट होत...४०

અમારો તો એ મત-સિદ્ધાંત છે કે, મનને નિર્વાસનિક કરવાનું અખંડ તાન રાખવું. કેમ જે, ભગવાન જ એક સત્ય છે. (બીજું કાંઈ જ રહેવાનું નથી.) ૩૯. જે ઉપવાસ કરવામાં આવે તેનાથી તો શરીર દુર્બળ થાય અને શરીર દુર્બળ થાય ત્યારે તેનું મન દુર્બળ થાય તો ખરું, પણ જેવું શરીર પુષ્ટ થાય એટલે મન પણ પુષ્ટ થાય છે. ૪૦. તેટલા માટે જ શરીરથી જેવો ત્યાગ હોય તેવો મનથી પણ ત્યાગ હોવો જોઈએ. બંને ત્યાગ ભેળા જોઈએ. એક પ્રકારના ત્યાગથી વાત સિદ્ધ થાતી નથી. ૪૧.

चोपाई :

अरु जो जाके मन में जेहू, भगवान के घाट होवे तेहू;
जगत के घाट न होवे कबहू, अपने हि सत्संग में तबहू...४२
बडे में बडे एसे जन जानो, एसे न यह छोटे प्रमानो;
गृहस्थ होय ताकु जोऊ, तन करी व्यवहार यह सोऊ...४३
करना मन जो करिके तेहू, त्यागी ताकि रीत वर्तना एहू;
निर्वासनिक होकर जो ताही, भगवान के चिंतवन वाही...४४

અને જેના મનમાં ભગવાનનો જ ઘાટ થાય અને જગતનો ઘાટ ક્યારેય ન થાય તે આપણા સત્સંગમાં મોટાથી પણ મોટા છે. અને આવા જે ન હોય તે નાના છે એમ જાણવું. વળી, ગૃહસ્થએ તો દેહે કરીને વ્યવહાર કરવો, પણ મને કરીને તો ત્યાગીની પેઠે જ નિર્વાસનિક વર્તવું. આમ, નિર્વાસનિક થઈને ભગવાનનું ચિંતવન વારંવાર ઘણા બધા પ્રેમથી કર્યા કરવું. અને વ્યવહાર તો ભગવાનનાં વચને કરીને કરવો. ૪૨-૪૫. **મનનો ત્યાગ તે સાચો છે અને બહારનો ત્યાગ તે કાચો છે. કેમ જે, જનક જેવા રાજાઓ વિશાળ રાજ્યને કરતા પણ મન તો મોટા યોગેશ્વરના જેવું રાખતા હતા. તે જોતાં એવું લાગે છે કે, મને કરીને જે ત્યાગ છે તે જ ઠીક છે. ૪૬-૪૭.**

✵ ઘાટ-સંકલ્પો કોને કહેવા ? તેની વિગત :

જ્યારે પોતાના મનમાં અયોગ્ય ભૂંડા ઘાટ થતા હોય ત્યારે જે સત્સંગમાં થાંભલા જેવા અને સહુ લોકમાં પ્રસિદ્ધ હોય તેને તે ઘાટ કહેવા. જગત સંબંધી ઘાટનું અમાપ પૂર વહે છે, તેમાં જે ન તણાતા હોય તેને અમે સ્તંભ જેવા મોટા કહીએ છીએ. ૪૮-૪૯. તેવા મોટા આગળ જઈને સત્સંગથી બહાર કરે એવાં મનનાં ઘાટ-સંકલ્પને તરત જ કહેવા. ૫૦. જેમ કૂતરાનું મુખ તેની પાસે જઈને બીજો કૂતરો ચાટે. તથા સર્પને ઘેર જઈને તેનું મુખ સર્પ ચાટે.

અને વળી, સુખ લેવાની આશાથી જેમ કોઈ સધવા સ્ત્રી વિધવાની પાસે જાય ત્યારે તે કહે, 'તું પણ મારા જેવી થા.' ૫૧-૫૨. તેમ જેને પોતાની પેઠે ભૂંડા ઘાટ થતા હોય તેને ઘાટ-સંકલ્પ કહેવા તે તો આગળ દૃષ્ટાંતમાં કહ્યું તે પ્રમાણે સમજવું. ૫૩. એમ સમજીને જેને જગત સંબંધી ખરાબ ઘાટ ન થતા હોય, અને તેમાં પણ જે ઘાટ કહીએ તેને ટળાવવા માટે તેના ઉપર વાત કરે એવા જે દેખવામાં આવે, ૫૪. તેવાની આગળ જઈને ઘાટ કહેવા. કારણ કે, કહ્યા વિના દુઃખ ટળતું નથી. એક દુઃખના અપાર ઉપચારો-ઉપાયો હોય છે. ૫૫. જે દુઃખ ટળે ત્યાં સુધી ઉપચાર કરતા રહેતા હોય તેવાની આગળ જ્યારે ઘાટ કહે ત્યારે તે સત્સંગમાં દૃઢપણે રહી શકે છે. ૫૬.

રોગ કાંઈ હોય અને ઔષધ કાંઈ આપે, તેનાથી તો દુઃખનું જોર વધે છે. તેવાની આગળ પોતાના ઘાટ-સંકલ્પ ન કહેવા, બુદ્ધિમાન પુરુષે તે પારખી લેવું. ૫૭. જેના જેવા ઘાટ-સંકલ્પ હોય તેની તપાસ કરીને પછી તે મોટા પુરુષ તે ખરાબ ઘાટ જ્યાં સુધી ટળે ત્યાં સુધી તેની આગળ વાત કરતા રહે છે. ૫૮. અને તે મોટા પુરુષો વાત કરવામાં હેત જણાવે છે. હેત સિવાય વિપરીતપણે વાત કરતા નથી. કેમ જે, ગમે તેવી સારી વાત હોય, પણ જે વાત હેત વિનાની હોય તે જીવનો વિનાશ કરે છે. અને હેત વિનાની વાત જમદૂતના પાશ જેવી લાગે છે. **જેટલી વશીકરણ-વશ કરવાની વાત હોય છે તે બધી હેતમાં રહી છે.** ૫૯-૬૦.

लोकिक अलोकिक हित की बाता, सत्पुरुष जानत ही रहाता;
लोकिक हित करावत त्यागा, अलोकिक हित में करावत रागा...६१
लोकिक घाट मिटत जिहाँ लगही, सत्पुरुष बात करत तिहाँ लगही;
बैठत उठत खावत हि तामें, बात करत सब क्रिया यामें...६२

સત્પુરુષ લૌકિક અને અલૌકિક, બંને પ્રકારના હિતની વાતને જાણતા હોય છે. તેથી તેઓ લૌકિક હિતનો ત્યાગ કરાવે છે અને અલૌકિક હિતમાં પ્રેમ કરાવે છે. ૬૧. જ્યાં સુધી લૌકિક ઘાટ ટળે નહિ ત્યાં સુધી સત્પુરુષ વાત કરતા રહે છે. તે બેસતાં, ઊઠતાં, ખાતાં, પીતાં બધી ક્રિયામાં વાત કરતા રહે છે. ૬૨. સત્પુરુષને પોતાના ઘાટ ટાળવામાં જેવી ચાડ-ચીવટ-ધગશ હોય છે તેવી જ ચાડ તે ઘાટ ટાળ્યાનો ઉપાય પૂછનારાના ઘાટ ટાળવામાં પણ હોય છે. ૬૩. એવા જે હોય તેની આગળ ઘાટ કહેવા જોઈએ જેથી તેઓ મમત્વ રાખીને ભૂંડા ઘાટ ટળે તેવી વાત કહેતા રહે. ૬૪. જેની આગળ જઈને પોતાના ભૂંડા ઘાટની વાત કહેવામાં આવે અને તે તેના ઉપાયરૂપે વાત ન કરે તો તેનાથી કોઈ સમાસ-ફાયદો થાય નહિ. ૬૫. જેનાથી સમાસ થાય તેની આગળ ઘાટ કહેવા. અને જ્યારે જગત સંબંધી ઘાટનો કોઈ પાશ રહે નહિ ત્યારે ભગવાન સંબંધી ઘાટ કર્યા કરવા. ૬૬.

❋ એકાદશીના વ્રતની વિગત :

એવી રીતે ભક્તએ જગતના સુખથી નિર્વાસનિક થાવું. હવે શાસ્ત્રમાં એકાદશીનો જે ઉપવાસ કરવાનું કહ્યું છે, તેનું શું લક્ષણ છે ? ૬૭. તો દસ ઈન્દ્રિયો અને અગિયારમું જે મન, તે સર્વેને પોતપોતાના વિષયમાંથી પાછા વાળીને ભગવાનના સ્વરૂપમાં જોડી દેવાં. આમ ભગવાનથી તે જુદા ન રહે તેને એકાદશીનું પૂરું વ્રત કર્યું કહેવાય છે. ૬૮-૬૯. આવી રીતનું જે વ્રત કહ્યું તે ભગવાનના ભક્તએ નિરંતર કરતા રહેવું. અને તે વ્રત કરે ત્યારે જ તે સાચો ભગવાનનો ભક્ત કહેવાય છે. ૭૦. અમે કહ્યું તે રીતે જેનું મન કોઈ રીતે નિર્વાસનિક ન થયું હોય, તે શરીરે કરીને અપાર વ્રત-તપ કરે, તોપણ નિર્વાસનિક થયા સિવાય તેનું અતિ સારું થતું નથી. એવો અમે નિશ્ચય કર્યો છે. તેટલા માટે જે ભગવાનનો પાકો ભક્ત હોય તેણે પોતપોતાના

સર્વ ધર્મમાં તત્પર રહીને ભગવાનનું જેવું છે તેવું યથાર્થ માહાત્મ્ય સમજવું. અને **પોતાના મનને નિર્વાસનિક કરવાનો નિત્ય અભ્યાસ રાખવો. કેમ જે, અભ્યાસ વિના સમજણનો નાશ થઈ જાય છે.** ૭૧-૭૪.

❋ સાચા સંતો-ભક્તોનાં લક્ષણ :

આ રીતે વાત કહીને પછી શ્રીજીમહારાજ સહુનું અતિશય હિત કરવા માટે ફરીને બીજી વાત કરવા લાગ્યા. ૭૫. સાચો ત્યાગી કોને કહેવાય ? તો જેણે એકવાર જે પદાર્થનો ત્યાગ કર્યો હોય તેનો ફરીવાર સંકલ્પ જ ન થાય. ૭૬. **જેમ વિષ્ઠાનો ત્યાગ કર્યા પછી ફરીવાર તેનો સંકલ્પ થતો નથી તેમ સંકલ્પ ન થાય એ રીતે ત્યાગીને વર્તવું જોઈએ.** ૭૭. ત્યાં શુકદેવજી પ્રત્યે નારદજીએ કહેલો શ્લોક શ્રીહરિ બોલ્યા, **'त्यज धर्ममधर्मं च'** ૭૮. આ શ્લોકનો એ અર્થ છે કે, એક આત્મા સિવાય બીજા જે જે પદાર્થ કહેવાય છે તેનો ત્યાગ કરી દેવો. ૭૯. કેવળ આત્મસત્તાએ કરીને વર્તવું અને ભગવાનની ઉપાસના કરવી. આ રીતે જે વર્તે છે તે પૂરો ત્યાગી કહેવાય છે. ૮૦.

હવે ગૃહસ્થ હરિભક્તને વર્તવાની જે રીત છે તે અમે પ્રેમથી કહીએ છીએ. જેમ જનકરાજાએ કહ્યું હતું કે, 'આ મારી મિથિલાનગરી બળે છે પણ તેમાં અત્યારે મારું કાંઈ બળતું નથી.' જનકરાજાને જેમ વર્તતું હતું તેવો ત્યાં શ્લોક બોલ્યા, **'मिथिलायां प्रदीप्तायां न मे दह्यति किञ्चन'** ૮૧-૮૨. ગૃહસ્થાશ્રમમાં રહીને જે આ રીતની સમજણ રાખે છે તે ગૃહસ્થ હરિભક્ત ખરો કહેવાય છે. ઉપર કહ્યા પ્રમાણેનો જે ત્યાગી ન હોય અને કહ્યા પ્રમાણેનો જે ગૃહસ્થ ન હોય, તો તે બંનેને પ્રાકૃત ભક્ત જાણવા. જે આત્મનિષ્ઠ હોય તેને જ સાચો ભક્ત માનવો, અને તે જ એકાંતિક ભક્ત કહેવાય છે." એ રીતે શ્રીહરિએ વાત કરી. ૮૩-૮૪. પછી મોટા આત્માનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, "દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ અને દેવતા, એ બધાથી જુદો જે જીવાત્મા છે તેનું સ્વરૂપ કઈ રીતનું છે ?"

આવો પ્રશ્ન જ્યારે તેમણે પૂછ્યો ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા, ૮૫-૮૬. "થોડીક વાતમાં તેનો ઉત્તર કરું છું. દેહ અને ઈન્દ્રિયાદિકનાં સ્વરૂપનો

જે વક્તા હોય તે, તે સર્વના સ્વરૂપને જુદા જુદા કરીને શ્રોતાને સમજાવે છે અને અજ્ઞાનરૂપી અંધારાને ટાળે છે. ૮૭-૮૮. તેમાં સમજાવનારો જે વક્તા છે તે દેહાદિક સર્વને પ્રમાણ કરનારો તથા જાણનારો છે અને તે બધાથી જે જુદો છે તે જીવ છે. આવી જીવના સ્વરૂપને સમજવાની રીત છે." ૮૯-૯૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું આડત્રીશમું વચનામૃત કહ્યું" એ નામે ચોત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૪॥



પૂર એકવીશમું : તરંગ - ૩૫

ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણચાલીશમું વચનામૃત

❋ સવિકલ્પ અને નિર્વિકલ્પ સ્થિતિના ભેદ :

મહા સુદિ ત્રીજને દિવસ વિશ્વવંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાની નીચે ઓટા ઉપર ઢાળેલા પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ૧-૨. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી, મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, પીળા પુષ્પના તોરા પાઘ ઉપર મૂક્યા હતા, કાન ઉપર પીળા પુષ્પના ગુચ્છ ધારણ કર્યા હતા. અને કંઠમાં પીળા પુષ્પના હાર પહેર્યા હતા. ૩-૪. શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિની સભા તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૫.

તે વખતે શ્રીજીમહારાજનાં દર્શન કરવાં માટે એક વેદાંતી બ્રાહ્મણ આવ્યો હતો. તેને શ્રીહરિએ પ્રશ્ન પૂછ્યો, ૬. "વેદાંત શાસ્ત્રને જેટલા ભણે છે તે બધા એક બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે. તેના સિવાય જીવ, ઈશ્વર, માયા, જગત, વેદ, શાસ્ત્ર અને પુરાણો, તે બધાને મિથ્યા કહે છે. આ બધી વાત અમને સમજાતી નથી. ૭-૮. અને તે વાત અમને માન્યામાં પણ આવતી નથી. તમે વેદાંત શાસ્ત્રને ભણેલા છો. માટે અમે જે પ્રશ્ન પૂછીએ તેનો ઉત્તર વેદ અને પુરાણના મતને અનુસારે કરો. ૯. તેમ જ સ્મૃતિ

અને ઇતિહાસની સાખ્ય લઈને તમારે ઉત્તર કરવો. કેમ જે, કોઈ કલ્પિત ગ્રંથનું વચન લઈને તમે જે કાંઈ ઉત્તર કરશો તેને અમે ક્યારેય માનશું નહિ. વ્યાસજીનાં વચન પ્રમાણે જો તમે તેનો ઉત્તર કરશો તો તે અમારા મનમાં નિશ્ચિત માન્યામાં આવશે. કારણ કે, અમને વ્યાસજીના વચનમાં દૃઢ પ્રતીતિ છે." ૧૦-૧૨.

પછી તે વેદાંતી બ્રાહ્મણ બહુ પ્રકારની યુક્તિઓ લાવીને ઉત્તર કરવા લાગ્યો, પણ જ્યારે શ્રીહરિએ તેમાં આશંકા કરી ત્યારે તે પ્રશ્નનું સમાધાન થયું નહિ. પછી શ્રીજીમહારાજ બોલ્યા, ૧૩-૧૪. "સાંભળો ! તે પ્રશ્નનો ઉત્તર જેમ છે તેમ અમે કરીએ છીએ. આ વાત તો મુક્તની છે. ૧૫. અર્થાત્ સંસારનો ત્યાગ કરીને પરમેશ્વરનું ભજન કરવાથી જે કોઈ મુક્ત થયા છે તેમની સ્થિતિના આ ભેદ છે. ૧૬. જેમ કોઈ પુરુષ મેરુ પર્વત ઉપર ઊભો હોય તે પુરુષ મેરુની નજીકના સર્વ પર્વતો તથા વૃક્ષો અને તે પર્વત તથા વૃક્ષનું આધારભૂત જે ભૂતળ તે સર્વને અલગ અલગ દેખે છે, પણ તે બધાને એકરસ દેખતો નથી. ૧૭-૧૮.

તે જ રીતે જે સવિકલ્પ સમાધિવાળા જ્ઞાની મુક્ત છે તે જીવ, ઈશ્વર, માયા અને તેના આધારરૂપ જે બ્રહ્મ, તે બધાને પૃથક્ પૃથક્ સ્પષ્ટપણે દેખે છે. વળી, જેમ લોકાલોક પર્વત ઉપર જે પુરુષ ઊભો હોય તે લોકાલોક પર્વતની નજીક રહેલા પર્વત અને વૃક્ષ, તે બધાને પરમ અનુપમ એક ભૂમિરૂપ જ દેખે છે. ૧૯-૨૧. પણ તે બધાને પૃથક્ પૃથક્પણે દેખતો નથી, બધી ભૂમિને એકસમાન જ દેખે છે. તેમ નિર્વિકલ્પ સમાધિવાળા જે કોઈ વિદેહ મુક્ત છે તે જીવ, ઈશ્વર અને માયા, તે બધાને એક બ્રહ્મરૂપે કરીને જ દેખે છે, પણ તેના વિભાગને અલગ અલગ દેખતો નથી. ૨૨-૨૩.

આ રીતે સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારની સ્થિતિવાળા મુક્ત છે. તેની સ્થિતિના યોગે કરીને તે સર્વેનું સત્યપણું અને અસત્યપણું કહેવાય છે. પણ તેમાં જે જ્ઞાની મુક્ત છે તે સર્વને યથાર્થરૂપમાં દેખે છે. ૨૪-૨૫. સવિકલ્પ સ્થિતિવાળાનાં વચન વેદ, શાસ્ત્ર અને પુરાણ ઇત્યાદિકમાં આવે છે, ૨૬. તેને દેખીને તે સર્વે વચનોને સાચાં કહે છે અને તેની જેવી સ્થિતિ

થઈ હોય તેવું તે પ્રતિપાદન કરે છે. ૨૭. અને જે નિર્વિકલ્પ સ્થિતિને પામ્યા હોય તેમનાં વચનો એ સર્વેને અસત્યપણે કરીને કહે છે, પણ ખરેખર તે અસત્ય નથી. તે તો નિર્વિકલ્પ સ્થિતિનાં બળે કરીને તેને દેખ્યામાં આવતું નથી. માટે તેને અસત્ય કહે છે. ૨૮-૨૯. જેમ કોઈ સૂર્યના રથમાં બેઠો હોય તો તેને રાત હોતી નથી, પણ જે ભૂમિ ઉપર હોય તેને તો રાત અને દિવસ હોય છે. ૩૦. તે રીતે જ જેની નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તેના મતે તેને બ્રહ્મ સિવાય કાંઈ દેખાતું નથી માટે તેના મતે તે બધું નથી, પણ બીજાના મતે તો એ સર્વે છે. ૩૧. આવી રીતે જ્યારે બ્રહ્મનું નિરૂપણ કરે ત્યારે શાસ્ત્રમાં જેટલાં વચન છે તેનો પૂર્વાપર બાધ આવે નહિ. ૩૨.

જે આવું સમજતો નથી અને જેને આવી રીતની સ્થિતિ પણ થઈ નથી, તે કેવળ શાસ્ત્રમાંથી શીખીને સાચી સમજણ વિના વચનમાત્રે કરીને- ખાલી બોલવા ખાતર, ૩૩. એક બ્રહ્મનું જ પ્રતિપાદન કરતો રહે છે. અને ગુરુ, શિષ્ય, જીવ, ઈશ્વર, માયા, જગત, વેદ, પુરાણ, એ બધાને કલ્પિત કહે છે. આવા તો ઘણા મહામૂર્ખાઓ છે. તેઓ સાચું સમજ્યા વિના એક બ્રહ્મની વાતો મુખથી કહેતા રહે છે. ૩૪-૩૫. તે બધા છેવટે નારકી થાય છે." આટલું શ્રીહરિએ તે વેદાંતીને કહી બતાવ્યું.

પછી શ્રીહરિ બોલ્યા, "અમે જે આ વાત કરી તેમાં કોઈ રીતની તમને શંકા થતી હોય તો તમે બોલો." ત્યારે તે વેદાંતી વિપ્રે કહ્યું, ૩૬-૩૭. "હે મહારાજ ! હે પ્રભુ ! હે સ્વામિન્ ! તમે તો પરમેશ્વર છો અને જગતના કલ્યાણને માટે અહીં પ્રગટ થયા છો. આપે જે ઉત્તર કર્યો તે યથાર્થ ઉત્તર થયો છે. તેમાં આશંકાને કોઈ માગ-સ્થાન નથી." ૩૮-૩૯. આ રીતે કહીને તે વિપ્ર અતિ પ્રસન્ન થયો અને પછી પોતાની બધી અણસમજણનો ત્યાગ કરીને શ્રીહરિનો આશ્રિત થયો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણચાલીશમું વચનામૃત કહ્યું" એ નામે પાંત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૫॥



પૂર એકવીશમું : તરંગ - ૩૬

ગઢડા પ્રથમ પ્રકરણનું ચાલીશમું વચનામૃત

❋ સવિકલ્પ-નિર્વિકલ્પ સમાધિના ભેદ :

મહા સુદિ ચોથને દિવસ પ્રાતઃકાળને સમયે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લિંબતરુની નીચે ઢોલિયા ઉપર શ્રીજીમહારાજ વિરાજમાન થયા હતા. ૧-૨. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર બાંધેલી શ્વેત પાઘ ઘણી શોભતી હતી. ૩. પીળા પુષ્પના તોરા પાઘ ઉપર લટકતા હતા. અને ચિત્તને ચોરે એવા પીળા પુષ્પના સુંદર હાર કંઠમાં પહેર્યા હતા. ૪. અને શ્રીહરિના મુખારવિંદની આગળ સર્વે મુનિઓની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫.

ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, “હે મહારાજ ! સવિકલ્પ સમાધિ અને નિર્વિકલ્પ સમાધિ કોને કહેવાય છે ? તે કહો.” ૬. ત્યારે શ્રીજીમહારાજ તે મુનિ પ્રત્યે બોલ્યા કે, “ભગવાનના સ્વરૂપમાં જેને સ્થિતિ થઈ હોય તેને ક્યારેય અશુભ વાસના તો હોય નહીં, પણ સદાય શુભ વાસના રહે છે અને તે ક્યારેય ટળતી નથી. ૭-૮. તેને વારંવાર એવી ઈચ્છા થાય છે કે, ‘હું નારદ, સનકાદિક અને શુકદેવજી જેવો થાઉં, અથવા નરનારાયણના આશ્રમમાં જઈને ત્યાં જે રીતે મુનિઓ તપ કરે છે, તેની સાથે રહીને હું તેવું તપ કરું અથવા શ્વેતદ્વીપમાં જઈને તપે કરીને ભગવાનને રાજી કરી, શ્વેતદ્વીપના મુક્ત જેવો હું થાઉં.’ આવી રીતના જેને વિકલ્પ રહેતા હોય તે સવિકલ્પ સમાધિવાળો છે. તે તેનાં વર્તન ઉપરથી જ દેખાઈ આવે છે. ૯-૧૧. પણ આ રીતનો જેના મનમાં કોઈ વિકલ્પ રહેતો ન હોય અને અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિમાં જ નિમગ્ન રહેતો હોય તેને નિર્વિકલ્પ સમાધિવાળો કહેવાય છે.” ૧૨-૧૩.

❋ સાકાર ઉપાસક ભક્તની સમજણ :

તે પછી મુક્તાનંદસ્વામીએ શ્રીજીમહારાજને વિનય કરીને પ્રશ્ન પૂછ્યો,

૧૪. "ભક્તિમાં અને ઉપાસનામાં ભેદ કેટલો છે ? તે વિગત કરીને આપ કહો." ૧૫. પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને તેના ઉપર શ્લોક બોલ્યા કે,

श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।
अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्॥ *(ભા. ૭/૫/૨૩)*

આવી રીતે જે નવ પ્રકારે પ્રેમથી ભગવાનનું ભજન કરવું, તેને ભક્તિ કહેવાય છે. હવે હું ઉપાસનાને કહું છું. ૧૬-૧૭. જેને ભગવાનના સ્વરૂપમાં સદાય સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય, તે ભજનનો કરનારો ભક્ત બ્રહ્મરૂપ થાય, તોપણ તેની જે સાકારપણાની નિષ્ઠા હોય તે ક્યારેય જાય નહિ. અને ચાહે તેવા નિરાકારપણાનું પ્રતિપાદન કરનારા અપાર ગ્રંથને સાંભળે, પણ ભગવાનના સ્વરૂપને સદાય સાકાર જ સમજે. અને શાસ્ત્રમાં અનંત પ્રકારની વાતો આવતી હોય તેને સાંભળે છતાં ભગવાનના સાકારપણાની ઉપાસના જાય નહિ. ૧૮-૨૦.

दोहा : साकार निराकार के, भगवान मूर रहाय;
मनुष्याक्रति धरत जो, मनुष्य तेसे न ताय...२१
कारण के कारण हि जो, भगवान एक रहेउ;
भगवान के भगवान हि, कारण रहेउ तेउ...२२

સાકારપણું અને નિરાકારપણું, તેનું મૂળ તો ભગવાન છે. તે મનુષ્યાકૃતિને ધારે છે, છતાં પણ તે મનુષ્ય જેવા નથી. ૨૧. સર્વ કારણનું કારણ તો એક ભગવાન છે અને ભગવાનનું કારણ તો ભગવાન પોતે જ છે. અર્થાત્ ભગવાન પોતે અકારણ છે. ૨૨. જે ભગવાનની ઉપાસના કરનારો ઉપાસક ભક્ત છે, તેની ઉપાસનાનું સનકાદિક અને શુકજી જેવા ખંડન કરે, તો તેના મુખને પણ તે દેખે નહિ, એવી જેની દૃઢ સમજણ હોય તે ઉપાસનાવાળો ભક્ત કહેવાય છે." એવી રીતે શ્રીહરિએ વાત કહી. ૨૩-૨૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચાલીશમું વચનામૃત કહ્યું" એ નામે છત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૬॥



પૂર એકવીશમું : તરંગ - ૩૭

ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ અને એકતાલીશમું વચનામૃત

શ્રીહરિનાં દર્શન કરવાને માટે ગઢપુરમાં વસંતપંચમીના દિવસે દેશેદેશના અગણિત નિપુણ હરિભક્તો આવ્યા. તે વખતે દાદા ખાચરના ઓરડામાં શ્રીહરિ પલંગ ઉપર બેઠા હતા અને તેની ઘણી શોભા બની હતી. ૧-૨. તે સમયે મુક્તાનંદસ્વામી આદિક જેટલા સંતો હતા તે બધા આવ્યા અને શ્રીહરિની આગળ સભા કરીને બેઠા. ૩. જેટલા હરિભક્તો હતા તે બધા પણ સભામાં આવીને બેઠા. ત્યારે સંતો વસંતનો ઉત્સવ કરવા લાગ્યા. ૪. જ્યારે દિવસ બે ઘડી ચઢ્યો ત્યારે વસંત ઉત્સવ શરૂ કર્યો. યોગીન્દ્ર આત્માનંદસ્વામીના પુત્ર ગોપી ભટ્ટને શ્રીહરિએ ગોર કરીને પોતાની પાસે રાખ્યા હતા. તે પ્રસિદ્ધ ચતુર્વેદી મોઢ બ્રાહ્મણ હતા. તેમણે દાદા ખાચરને ઓરડે આવીને વસંતનું મંડળ રચ્યું. ૫-૬. મંડળના ઉપર સોનાનો કળશ સ્થાપ્યો અને કળશના ઉપર શ્રીફળ મૂક્યું.

પછી વસંતનો જેટલો વિધિ કહેવાય છે તે બધો ગોપી ભટ્ટે દાદા ખાચર પાસે કરાવ્યો. તે સમયે ઢોલ અને તાંસા જેવાં વાજિંત્રો વગડાવ્યાં અને સંતો ઝાંઝ તથા મૃદંગને લઈને વસંત વધાઈનાં પદ વાજિંત્રો વગાડીને ગાતા હતા. ત્યારે જેટલો રંગ બનાવી રાખ્યો હતો તે બધો શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. જ્યારે તે રંગનો સમય થયો ત્યારે કેસર, પતંગ અને કેસુડાંના રંગને શ્રીહરિ ઉડાડવા લાગ્યા. શ્રીહરિએ રંગ ઉડાડીને સંતો અને હરિભક્તોની જે સભા હતી, તેને રંગ રંગ કરી દીધી. ૭-૧૦. સંતો અને હરિભક્તોએ શ્રીહરિના ઉપર રંગની ઝડી મચાવી દીધી. ત્યારે શ્રીહરિની મૂર્તિ રંગમાં રસબસ થઈ ગઈ હતી. ૧૧. જ્યારે રંગ ઉડાડી રહ્યા તે પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. તે ગુલાલ ઉડાડવાની એવી ધૂમ મચાવી કે બધો આકાશ ગુલાલથી ભરાઈ ગયો. ૧૨.

તે વખતે વિવિધ પ્રકારનો રંગ બનાવીને દરબાર જીવા ખાચર સંતો અને હરિભક્તોએ સહિત શ્રીહરિને બોલાવવા માટે આવ્યા. પછી રંગભર્યા શ્રીહરિ જ્યારે આનંદથી રાજબજારે ચાલ્યા ત્યારે આગળના ભાગમાં ઢોલ

અને તાંસા વાગતાં હતાં. આવી શોભા પહેલા બની ન હતી. ૧૩-૧૪. સર્વ સંતો અને હરિભક્તો પણ રંગ રંગ થઈ ગયા હતા. ગઢપુર ગામના લોકો શ્રીહરિની આવી નિત્ય નવી શોભા દેખતા હતા. ૧૫. શ્રીહરિ પ્રસન્ન થઈને ગામજનોને અલૌકિક દર્શન દેતાં હતાં અને ગામજનો તેનો લાભ લેતા હતા. આવો લાભ બીજા કોઈએ લીધો ન હતો. ૧૬.

શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં આવ્યા. ત્યાં ઊંચી ઊભણીના ઓરડાની ઓસરીમાં એક સારો પલંગ બિછાવી દીધો હતો. ૧૭. શ્રીહરિ આવીને તે પલંગ ઉપર બેઠા અને ત્યાં બધા સંતો અને હરિભક્તોની સભા થઈ. જેટલાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. ૧૮. રંગના ભરેલાં જેટલાં મોટાં વાસણ હતાં તે શ્રીહરિની આગળ લાવીને મૂક્યાં. પછી શ્રીહરિ રંગ ઉડાડવા લાગ્યા. તેમાં પહેલા સંતોને રંગી દીધા. ૧૯. જેટલા હરિભક્તો હતા તે બધાને પણ રંગી નાખ્યા. તેનો ગણતા પાર આવતો નથી. શ્રીહરિએ કેસર, પતંગ અને કેસુડાંનો ઘણો રંગ ઉડાડ્યો. ૨૦. જ્યારે રંગ ઉડાડી રહ્યા તે પછી ગુલાલ ઉડાડવા લાગ્યા. જ્યારે ગુલાલ ઉડાડી રહ્યા ત્યાર પછી ત્યાં ઘણા બધા ફગવા લાવ્યા. તે ફગવા સંત-હરિભક્તોને શ્રીહરિ હરખભેર આપવા લાગ્યા. તે આપી રહ્યા પછી તત્કાળ કૃપાળુ શ્રીહરિ ઉન્મત્તગંગાએ આવ્યા. ૨૧-૨૨.

રંગભર્યા શ્રીહરિ ગંગામાં નાહ્યા અને ગંગાનું પાણી રંગી દીધું. બધા સંતો અને હરિભક્તો પણ ઉમંગભર્યા ઉન્મત્તગંગામાં નાહ્યા. ૨૩. નાહીને શ્રીહરિ બહાર આવ્યા અને પોતાનાં અંગ ઉપર શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં. પછી શ્રીહરિ અશ્વ ઉપર બેઠા અને મસ્તક ઉપર છત્ર ધારણ કર્યું. ૨૪. તે સમયે હરિભક્તો ફૂલના હાર, બાજુબંધ તથા તોરાને ઉમંગભેર લઈ આવ્યા અને શ્રીહરિને ધરાવ્યા. ૨૫. કાન ઉપર ગુચ્છ ધરાવ્યા અને લલાટ વચ્ચે કુંકુમનો સુંદર ચાંદલો કર્યો. તે સમયે શ્રીહરિ મુખથી મરક મરક હસી રહ્યા હતા. ૨૬. સવારીની આગળ વાજિંત્રો વાગતાં હતાં, બધા મુનિઓ તે વખતે ઉમંગભેર વસંતનાં પદ ગાતા હતા. આ રીતે શ્રીહરિ ગામમાં પધાર્યા. ૨૭. ધર્મકુમાર શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને પલંગ ઉપર બેઠા. ત્યારે સહુ સંતો પણ આવીને બેઠા. ૨૮.

તે વખતે જેટલા હરિભક્તો આવ્યા હતા તે બધા પૂજાનો સામાન લઈને આવ્યા. અને સહુએ જેવો ભાવ હતો તે પ્રમાણે શ્રીહરિની પૂજા કરી. ૨૯. ત્યાર પછી ભાવથી સંતો અને વર્ણીઓની પણ પૂજા કરી. તે પછી રસોઈ તૈયાર થઈ ત્યારે શ્રીહરિ અને સંતો જમ્યા. ૩૦. સહુ હરિભક્તોએ ભેગામળીને રસોઈ આપી હતી. તેમાં સાકરના લાડુ કર્યા હતા. જ્યારે સાંજનો સમય થયો ત્યારે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની સમીપે લિંબવૃક્ષની નીચે ચોતરા ઉપર સુંદર પલંગ બિછાવી દીધો. ૩૧-૩૨.

✵ વચનામૃત ગ.પ્ર.૪૧ 'એકોઽહં બહુસ્યામ્' શ્રુતિનો અર્થ સમજાવ્યો :

શ્રીહરિ તેના ઉપર આવીને બેઠા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. કંઠમાં પીળા પુષ્પના હાર પહેર્યા હતા અને પીળા પુષ્પના તોરા પાઘ ઉપર લટકતા હતા. તે શોભા એવી બની કે જે કહી શકાતી નથી. તે સમયે મુનિ અને દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૩૩-૩૪.

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા કે, "પ્રશ્ન-ઉત્તર કરો, તો તેમાંથી કાંઈ વાત થાય". ૩૫. ત્યારે નૃસિંહાનંદસ્વામી શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, **'एकोऽहं बहु स्यां प्रजायेय'** *(છા.ઉ.૬/૨/૩)* એ જે શ્રુતિ છે તેનો અર્થ જગતમાં કેટલાક પંડિતો અને વેદાંતીઓ છે તે જે રીતે સમજે છે તે હું કહું છું. ૩૬-૩૭. 'આત્યંતિક પ્રલય સમયે જે એક ભગવાન હતા તે પોતાની ઈચ્છાએ કરીને સૃષ્ટિ સમયે બધા જીવ અને ઈશ્વરરૂપે થયા.' આવી વાતને મૂર્ખ લોકો અનુપમ કહે છે, પણ અમે તેને માનતા નથી. ૩૮-૩૯. કેમ જે, અમને આપનો જ એક દૃઢ વિશ્વાસ છે તો ઉપર કહેલી શ્રુતિનો જેવો અર્થ હોય તેવો આપ યથાર્થરૂપમાં કહો. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢપુરમાં વસંતપંચમીનો ઉત્સવ અને ગ.પ્ર.નું એકતાલીશમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે સાડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૭॥



પૂર એકવીશમું : તરંગ - ૩૮

ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું એકતાલીશમું વચનામૃત

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "તે બધા શ્રુતિનો જેવો અર્થ કરે છે તેવો તેનો અર્થ નથી. ૧. તે શ્રુતિનો બીજી રીતનો જે અર્થ છે તે વેદસ્તુતિના ગદ્યમાં કહ્યો છે કે,

स्वकृतविचित्रयोनिषु विशन्निव हेतुतया।
तरतमतश्चकास्त्यनलवत् स्वकृतानुकृतिः॥ *(ભાગ. ૧૦/૮૭/૧૯)*

તે વેદસ્તુતિના આ ગદ્યનો અર્થ જેમ છે તેમ અમે યથાર્થ કહીએ છીએ. તો તે વાત સંતો ! તમે સાંભળો. ૨-૩. પુરુષોત્તમ ભગવાને પોતે કરી એવી જે નાના પ્રકારની યોનિઓ તેને વિષે કારણપણે, અંતર્યામીરૂપે અનુપમ રીતે પ્રવેશ કરીને ન્યૂનાધિક ભાવે પ્રકાશ કરી રહ્યા છે. ૪-૫. હવે તે વિગતથી હું તમને કહું છું. અક્ષરાતીત એવા જે ભગવાન પુરુષોત્તમ છે તે સૃષ્ટિ સમયને વિષે જ્યારે અક્ષરની સામી દૃષ્ટિ કરે છે તે વખતે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે. ૬-૭.

પછી તે પુરુષોત્તમનારાયણ અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે. ૮. પછી તે પુરુષરૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે. આવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો, તેમ તેમ તે બધી વિચિત્ર પ્રકારની સૃષ્ટિ થતી ગઈ; જે કોઈના માપમાં આવતી નથી. ૯-૧૦. પછી તે પ્રકૃતિપુરુષમાંથી પ્રધાનપુરુષ ઉત્પન્ન થયા અને પ્રધાનપુરુષમાંથી મહત્તત્ત્વ ઉત્પન્ન થયું. ૧૧. અને મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો નિર્ધારિત અહંકાર ઉત્પન્ન થયો, અને અહંકારમાંથી પાંચ ભૂત, પાંચ વિષય, દસ ઇન્દ્રિયો, અંતઃકરણ તથા તેમના દેવતા ઉત્પન્ન થયા. અને તે બધા થકી વિરાટપુરુષ થયા. અને તેના નાભિકમળમાંથી ઘણા સમર્થ એવા બ્રહ્મા ઉત્પન્ન થયા. અને તે પછી બ્રહ્માથી નિર્ધારિતરૂપમાં મરીચિ આદિ પ્રજાપતિઓ થયા. ૧૨-૧૪. અને મરીચિ આદિથી કશ્યપ પ્રજાપતિ થયા અને કશ્યપથી ઇન્દ્રાદિક દેવતાઓ ઉત્પન્ન થયા. ૧૫.

❋ સર્વમાં ભગવાન કેમ રહ્યા છે ? તેની વિગત :

વળી, કશ્યપથી અપાર દૈત્યો થયા અને સ્થાવર-જંગમ બધી સૃષ્ટિ થઈ. તેનો ગણે પાર આવતો નથી. જે પુરુષોત્તમ ભગવાન છે તે સહુના કારણપણે અને અંતર્યામીરૂપે તેમાં પ્રવેશ કરીને રહ્યા છે, છતાં તે સહુથી ન્યારા જ રહ્યા છે. ૧૬-૧૭. તે પુરુષોત્તમ જેવા અક્ષરમાં રહ્યા છે તેવા પુરુષપ્રકૃતિમાં નથી અને જેવા પુરુષપ્રકૃતિમાં છે તેવા પ્રધાનપુરુષમાં નથી. ૧૮. અને જેવા પ્રધાનપુરુષમાં છે તેવા મહત્તત્ત્વાદિક ચોવીશ તત્ત્વમાં નથી. અને જેવા તે ચોવીશ તત્ત્વમાં રહ્યા છે તેવા વિરાટપુરુષમાં નથી. ૧૯. અને જેવા વિરાટપુરુષમાં રહ્યા છે તેવા બ્રહ્મામાં નથી અને જેવા બ્રહ્મામાં રહ્યા છે તેવા મરીચ્યાદિકમાં નથી. ૨૦.

અને જેવા મરીચ્યાદિકમાં રહ્યા છે તેવા કશ્યપમાં નથી અને જેવા કશ્યપમાં છે તેવા ઈન્દ્રાદિક દેવમાં નથી. ૨૧. અને જેવા ઈન્દ્રાદિક દેવતાઓમાં રહ્યા છે તેવા મનુષ્યોમાં રહ્યા નથી. આ રીતે બધું દેખ્યામાં આવે છે. ૨૨. અને એ પુરુષોત્તમ જેવા મનુષ્યોમાં રહ્યા છે તેવા પશુ, પક્ષ્યાદિકમાં નથી. આ રીતે પુરુષોત્તમ ભગવાન તારતમ્યતાએ-અધિક-ન્યૂનતાએ કરીને સહુમાં કારણપણે અને અંતર્યામીપણે યોગકળા ધરીને જેમાં જેવું રહેવું ઘટે તેવું અગણિત સામર્થ્ય ધારીને રહ્યા છે. ૨૩-૨૪. જેમ કાષ્ઠમાં અગ્નિ રહ્યો છે તે મોટા કાષ્ઠમાં મોટો અગ્નિ રહ્યો છે, લાંબા કાષ્ઠમાં લાંબો અગ્નિ રહ્યો છે, વાંકા કાષ્ઠમાં વાંકો અગ્નિ રહ્યો છે, ૨૫-૨૬. તેમ એ પુરુષોત્તમ ભગવાન છે તે જે દ્વારા જેટલું ઉત્તમ કાર્ય કરાવવું યોગ્ય હોય તેને વિશે તેટલી સામર્થીએ યુક્ત થઈને રહે છે. જેનું કોઈ માપ કરી શકતું નથી. ૨૭-૨૮.

छंद हरिगीत :

अक्षर पुरुष प्रकृत्ति आदिक सबके विशे जानहू;
पुरुषोत्तम भगवान अंतर्यामीरूप रहे मानहू;
पात्र की तारतम्यता करी सामर्थी में तारतम्य ही;
एसी रीत्य एक पुरुषोत्तम भगवान रहे अगम्य ही...२९

ભગવાન પુરુષોત્તમ અક્ષર, પુરુષ, પ્રકૃતિ આદિક સહુને વિષે અંતર્યામીરૂપે રહ્યા છે. પણ પાત્રની તારતમ્યતાએ કરીને તેમના સામર્થ્યમાં તારતમ્યતા રહે છે. આ રીતે તે એક જ ભગવાન પુરુષોત્તમ નારાયણ અગમ્ય રહ્યા છે. તે ભગવાન અંતર્યામીરૂપે કરીને સહુને વિષે પ્રવેશ કરીને રહ્યા છે અને સહુ તેમને હેતથી ભજે છે. પણ તે પુરુષોત્તમ જીવ, ઈશ્વરપણાને પામીને બહુરૂપે થયા નથી. આ અમે કહ્યું તે રીતે તે શ્રુતિનો અર્થ સમજવો. ૨૯-૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું એકતાલીશમું વચનામૃત પૂરું થયું" એ નામે આડત્રીશમો તરંગ સમાપ્ત ॥૩૮॥



પૂર એકવીશમું : તરંગ - ૩૯

ગઢડા પ્રથમ પ્રકરણનું બેતાલીશમું વચનામૃત

✻ વિધિ-નિષેધની સત્યતા સમજાવી :

મહા સુદિ છઠને દિવસ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ નીચે ઓટા ઉપર પલંગ બિછાવ્યો હતો. તે પલંગ ઉપર આવીને આથમણે મુખે શ્રીજીમહારાજ વિરાજમાન થયા હતા. અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી તે સુંદર લાગતી હતી. ૧-૩. શ્વેત ચાદર ઓઢી હતી, શ્વેત ખેસ પહેર્યો હતો અને કાન ઉપર પીળાં પુષ્પના ગુચ્છ ધારણ કર્યા હતા. ૪. અને શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫.

તે વખતે કોઈ એક વેદાંતી બ્રાહ્મણ સભામાં આવીને બેઠો હતો. તેને દેખીને શ્રીજીમહારાજ તેના પ્રત્યે બોલ્યા, ૬. "જે વેદાંતશાસ્ત્રને ભણે છે અથવા તેને જે કોઈ સાંભળે છે તે એવું કહે છે કે, 'શાસ્ત્રમાં કહેલા વિધિ અને નિષેધ મિથ્યા છે. ૭. વળી, વિધિ અને નિષેધે કરીને જે સ્વર્ગ અને નરકને પામે છે તે પણ મિથ્યા છે અને તે પામનારો પણ મિથ્યા છે. ૮.

વળી, ગુરુ અને શિષ્ય, તે બંનેને પણ મિથ્યા કરીને કહે છે, અને એક બ્રહ્મ જ સભર ભર્યો છે તે વાત સત્ય છે' એમ તે વેદાંતીઓ કહે છે. ૯. આવી રીતે જે કોઈ કહે છે તે શું સમજીને બોલતા હશે ? કેમ જે, સર્વ વેદાંતીના આચાર્ય જે શંકરાચાર્ય છે તે તો ઘણા નિપુણ હતા. ૧૦. તેમણે પોતાના જે સંન્યાસી શિષ્યો હતા, તેમની પાસે દંડ અને કમંડળુ ધારણ કરાવ્યા હતા. વળી, ભગવદ્‌ગીતાનો પાઠ તથા વિષ્ણુસહસ્રનામનો પાઠ નિત્ય કરવો, વિષ્ણુની પૂજા કરવી, નિત્ય સ્નાનવિધિ કરવો, ૧૧-૧૨. અને જેને ચોમાસા(ઉંમર) વધારે થયા હોય તેમને ઓછા ચોમાસાવાળાએ વંદન કરવા. ૧૩. પવિત્ર બ્રાહ્મણને ઘેર જઈને ભિક્ષા કરવી, તે ક્યારેય ભૂલવું નહિ. ૧૪.

આવી રીતે તેમણે વિધિ-નિષેધનું પ્રતિપાદન કર્યું છે, તે શું યથાર્થ જ્ઞાન વિના કર્યું હશે ? ૧૫. અને જે આધુનિક જ્ઞાની થયા છે તે વિધિ-નિષેધને ખોટા કરી દે છે, તે શું શંકરાચાર્ય કરતાં પણ મોટા છે ? ૧૬. જ્યારે શંકરાચાર્યનો અભિપ્રાય દેખીએ છીએ ત્યારે જેટલા આધુનિક બ્રહ્મજ્ઞાનીઓ વિધિ-નિષેધને નથી માનતા તે તો કેવળ મૂર્ખ દેખાય છે. તે તેના બોલવામાંથી જ જણાઈ આવે છે. શાસ્ત્રમાં જ્યાં વિધિ-નિષેધને ખોટા કરીને કહ્યા છે તેની સમજણની જે સાચી રીત છે તેને અમે નિર્બાધપણે કહીએ છીએ. જેમ કોઈ મોટું વહાણ મહાસમુદ્રની વચ્ચે ચાલ્યું જાતું હોય, ૧૭-૧૯.

ત્યારે તેમાં જેટલા પુરુષો બેઠા હોય, તેને આગળનો કે પાછળનો સમુદ્રનો કાંઠો દેખાતો નથી. અને બંને કાંઠા ઉપર જે મોટા મોટા પર્વત છે તે પણ દેખ્યામાં આવતા નથી. તો પછી વૃક્ષ અને મનુષ્ય તો ક્યાંથી દેખાય ? જ્યાં જૂએ ત્યાં એકલું જળ જ દેખાય, જળ વિના બીજું કાંઈ નજરમાં આવે નહિ. ૨૦-૨૧. ત્યારે તે વહાણમાં જે બેઠા હોય તે જળ સિવાય બીજું કાંઈ દેખે નહિ. તેથી તે એમ કહે જે, 'એકલું જળ છે બીજું કાંઈ નથી,' એ તો દૃષ્ટાંત કહ્યું. હવે તેનો સિદ્ધાંત અમે કહીએ છીએ. ૨૨. જેને બ્રહ્મસ્વરૂપને વિષે નિર્વિકલ્પ સ્થિતિ થઈ હોય તે એમ બોલે છે કે, 'એક બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ નથી. ૨૩. બ્રહ્મ સિવાય જીવ, ઈશ્વર, માયા, એ આદિક બધું મિથ્યા છે.' એવાં સ્થિતિવાળાનાં વચન શાસ્ત્રમાં જ્યાં જ્યાં લખાણાં

હોય, તે વચનને સાંભળીને પોતાને તો એવી કાંઈ સ્થિતિ ન થઈ હોય, તોપણ તેમના જેવું (વિધિ-નિષેધ ખોટા છે એમ) જે બોલે છે તે યોગ્ય નથી. ૨૪-૨૫.

બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થયા સિવાય જે વિધિ-નિષેધને મિથ્યા કહે છે તે શું સમજીને કહેતા હશે ? અમે તો તેવા બ્રહ્મજ્ઞાનીઓને પશુ કહીએ છીએ. જે સ્ત્રી તથા છોકરાની શુશ્રૂષા-સેવાચાકરી મમત્વ અને રુચિપૂર્વક કરે છે, તેને અમે મિથ્યા જ્ઞાની કહીએ છીએ. ૨૬-૨૭. તે લોકો સંસારનો જેટલો વ્યવહાર છે તેને સત્ય માની, સાવધાન થઈને કરે છે. તે બ્રહ્મજ્ઞાની શું થયા ? ૨૮. વેદ અને શાસ્ત્રોએ પ્રતિપાદન કરેલા એવા વિધિ તથા નિષેધને જે ખોટા કહે છે, તેવા આ જગતમાં જ્ઞાનને કથનારા જે જ્ઞાનીઓ છે તેને તો અમે મહાઅધમ જાણીએ છીએ અને નાસ્તિક કહીએ છીએ. અને જે શંકરાચાર્ય હતા તે તો સાચા જ્ઞાની હતા. ૨૯-૩૦.

તેથી શંકરાચાર્યે લોકોના હૈયામાં ભૂલે પણ રખે નાસ્તિકપણું કોઈ દિવસ આવી જાય ! એવી બીકે કરીને, જેમાં આસ્તિકપણું રહ્યું છે તેવા **'भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते !'** એ આદિક સ્તોત્ર કર્યા છે. તેમાં સર્વ જગતને વંદ્ય એવા ભગવાનને ભજ્યા વિનાનો મનુષ્ય તો મૂઢ છે, તેમ વારંવાર કહ્યું છે. ૩૧-૩૨. એમ આસ્તિકભાવની દૃઢતા માટે ભગવાન વિષ્ણુના ઘણા સ્તોત્ર કર્યા છે. તેમજ શિવજી, સૂર્ય અને ગણપતિજી, એ આદિક દેવતાઓના સ્તોત્ર કર્યા છે. જે સાંભળીને લગાર પણ નઠારો નાસ્તિકભાવ આવે નહિ, તથા બધા દેવતાઓ સત્ય દેખાય અને ક્યારેય આસ્તિકપણું નષ્ટ ન થાય તેવું તે સ્તોત્રોમાં જણાવ્યું છે. ૩૩-૩૪. જ્યાં સુધી નાસ્તિકપણું રહે છે ત્યાં સુધી માણસ જન્મ-મરણમાં ભટકતો રહે છે. નાસ્તિકપણું છે તે ભવભટકણનો મોટો માર્ગ રહ્યો છે. ૩૫.

❋ આસ્તિકની મહત્તા તેમજ કુસંગની ભયંકરતા :

चोपाई :

आस्तिकपना भवछूटन रहाते, आस्तिक सम कोउ न बात देखाते;
एसे जानीके विविध प्रकारा, शंकराचार्य परम हि उदारा...३६

અને જે આસ્તિકપણું છે તે ભવભટકણ છૂટવા માટેનો મોટો માર્ગ છે. આસ્તિકતા જેવી બીજી કોઈ વાત દેખાતી નથી. એવું સમજીને પરમ ઉદાર સ્વભાવના શંકરાચાર્યે વિવિધ પ્રકારના બધા દેવતાઓના કેટલાક સ્તોત્ર કર્યા છે. અને આજના જે બ્રહ્મજ્ઞાનીઓ છે તે તેને ખોટા કરી નાખે છે. ૩૬-૩૭. વળી તે આધુનિક જ્ઞાનીઓ એવું બોલે છે કે, 'જે જ્ઞાની હોય તે ચાહે તેવું પાપ કરે, છતાં તેને તે પાપ કાંઈ જ અડતું નથી;' પણ તેવું તો તે મૂર્ખાઈમાંથી બોલે છે. ૩૮. અને પૂર્વે જેટલા ત્યાગી પરમહંસ થયા તેમાં જડભરતને શ્રેષ્ઠ કહ્યા છે. તથા જેટલા પુરાણ અને વેદાંતશાસ્ત્ર છે તેમાં તેની વાત લખાણી છે. ૩૯.

આવા જડભરત પૂર્વજન્મમાં ઋષભદેવ ભગવાનના પુત્ર અને મોટા રાજા હતા. તે ભરતજી આખા ભરતખંડનું રાજ્ય કરતા હતા. એવામાં તેને વૈરાગ્ય થયો તેથી રાજ્યનો ત્યાગ કરીને વનમાં ગયા. ૪૦-૪૧. પણ ભગવાનના સ્વરૂપમાં જે પ્રેમ હતો તેનું તેમને સ્મરણ રહ્યું નહિ. અને દયાએ કરીને હરણીના બચ્ચામાં પ્રીતિ કરી. ૪૨. પછી તેનો એવો દોષ લાગ્યો કે ભરતજીને મૃગલીને પેટે જન્મ લેવો પડ્યો. મૃગમાં પ્રેમ કર્યો તેથી તે મૃગ સરખા થયા. ૪૩. મૃગના જેવા ચાર પગ થયા, નાની પૂંછડી થઈ અને માથા ઉપર બે નાની શીંગડીઓ થઈ. તેમનો આવો આકાર થઈ ગયો. ૪૪. અને પરમાત્મા શ્રીકૃષ્ણ ભગવાનની સાથે વ્રજની ગોપીઓએ કામબુદ્ધિએ કરીને પ્રેમ કર્યો, તોપણ તે બધી ગોપીઓ ભગવાનની માયાને તરી ગઈ અને ગુણાતીત થઈ ગઈ. અને નિર્ગુણ એવું જે અલૌકિક અક્ષરધામ તેને પામી. તેનું કારણ એ છે કે, શ્રીકૃષ્ણ ભગવાન પોતે સાક્ષાત્ પુરુષોત્તમ ૪૫-૪૭. ગુણાતીત દિવ્યમૂર્તિ હતા. તેમની સાથે ગોપીઓ બંધાણી અને જાણે કે અજાણે પ્રેમ કર્યો, તોપણ તે ગુણાતીત થઈ ગઈ. ૪૮.

અને ભરતજી પહેલા ઘણા મોટા હતા, છતાં દયાએ કરીને પ્રેમથી મૃગમાં બંધાયા તો તે પોતે મૃગ થઈ ગયા. તેમાં કાંઈ વાર લાગી નહિ. ૪૯. **માટે ગમે તેવો મોટો હોય, પણ જો કુસંગ કરે તો તેને કુસંગ લાગી જાય છે. અને ગમે તેવો પાપી જીવ હોય, પણ જો ભગવાનનો પ્રસંગ કરે**

તો તે પરમ પવિત્ર થઈને અભયપદને પામે છે. કારણ કે ભગવાનનો યોગ સહુથી અધિક મહત્ત્વવાળો કહ્યો છે. ૫૦-૫૧. અને વેદાંતીઓ બ્રહ્મ સભર ભર્યો છે એમ જે કહે છે તેના ઉપર અમે જે આ કહ્યું તેનો ઉત્તર તમે આપો. ૫૨. અને સર્વે ગોપીઓએ શ્રીકૃષ્ણ ભગવાનમાં જેમ પ્રેમ કર્યો હતો, તેમ આ જગતની જેટલી સ્ત્રીઓ છે તે સહુ પોતપોતાના પુરુષમાં કરે જ છે, તોપણ તેમાંથી કોઈ સ્ત્રી મોક્ષને પામી હોય તેવું ક્યાંય લખ્યું નથી. ૫૩-૫૪. માટે ચાહે તેવા મોટા હોય, તોપણ જ્યાં સુધી ભગવાનનું ભજન નથી કરતા ત્યાં સુધી તે લખચોરાશીમાં ફરતા રહે છે. સદ્‌ગ્રંથો આ વાત બતાવી દે છે. ૫૫. તે માટે જે વિધિ-નિષેધ છે તે સાચા છે, ખોટા નથી. અને જે વિધિ-નિષેધને ખોટા કરે છે તે તો નારકી થાય છે, એમ શાસ્ત્રો કહે છે." ૫૬. આટલી વાત કરીને શ્રીહરિ 'જય સચ્ચિદાનંદ' કહી પોતાને ઉતારે પધાર્યા અને ત્યાં આસન ઉપર બેઠા. અને જે વેદાંતી બ્રાહ્મણ હતો તે શ્રીહરિની વાત સાંભળીને રાજી થયો. અને સહુ સંતો-હરિભક્તો પણ રાજી થયા. કેમ જે, શ્રીહરિએ એવી વાત કરી હતી. ૫૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બેતાલીશમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણચાળીશમો તરંગ સમાપ્ત ॥૩૯॥



પૂર એકવીશમું : તરંગ - ૪૦

ગઢડા પ્રથમ પ્રકરણનું તેતાલીશમું વચનામૃત

❋ સકામ-નિષ્કામ ભક્તની વિગત :

મહા સુદિ સાતમને દિવસ મહાભાગ્યશાળી એવા દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઢાળ્યો હતો. તેના ઉપર સાંજને સમયે શ્રીહરિ વિરાજમાન થયા હતા. ૧-૨. તે સમયે શ્રીહરિએ મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી, શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો. ૩. પીળા પુષ્પના તોરા પાઘ ઉપર લટકી રહ્યા હતા અને પીળા પુષ્પના

હાર કંઠમાં પહેર્યા હતા. ૪. પીળા પુષ્પના ગુચ્છ બંને કાન ઉપર ધાર્યા હતા અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૫. તેની એવી શોભા થઈ હતી કે જે કહી શકાતી નથી. શ્રીહરિ તે સમયે સહુ હરિભક્તોના ઉપર કરુણાભરી દૃષ્ટિ કરી રહ્યા હતા. ૬.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "અમે તમને સહુને એક પ્રશ્ન પૂછીએ છીએ કે, શ્રીમદ્ભાગવત પુરાણમાં જે વાત કહી છે તે અમે કહીએ છીએ. 'જે ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને ક્યારેય ઈચ્છતા નથી.' અને બીજા પણ જે જે ભગવાનના મોટા ભક્તો થયા છે તે પણ એવું કહે છે કે, 'જે ભગવાનના ભક્ત હોય તે ચાર પ્રકારની મુક્તિને પણ ક્યારેય ઈચ્છતા નથી.' હવે તે ચાર પ્રકારની મુક્તિને અમે કહીએ છીએ. **'ભગવાનના લોકમાં રહેવું'** તેને પહેલી મુક્તિ જાણવી. ૭-૧૦. **'ભગવાનની સમીપે રહેવું'** તેને નિપુણ ભક્તો બીજી મુક્તિ કહે છે. **'ભગવાનના સરખું શ્રેષ્ઠ અનુપમ જે રૂપ પામવું'** તેને ત્રીજી મુક્તિ કહે છે. ૧૧. અને **'ભગવાનના સરખું ઐશ્વર્ય પામવું'** તેને ચોથી મુક્તિ કહી છે. આ ચાર પ્રકારની મુક્તિને ભગવાનના જે ભક્ત છે તે ઈચ્છતા નથી, તે તો કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે છે. તે ભક્તો શું સમજીને ચાર પ્રકારની મુક્તિને ઈચ્છતા નથી ? અને શા માટે ઈચ્છતા નથી ? તે અમારો પ્રશ્ન છે, તે અમે કહી બતાવ્યો. ૧૨-૧૪.

હવે તેનો જેને જેવો આવડે તેવો ઉત્તર કરો." પછી પરમહંસો તેનો ઉત્તર કરવા લાગ્યા, પણ ઉત્તર થયો નહિ. ૧૫. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "આ પ્રશ્નનો ઉત્તર જેમ ભાગવતમાં કહ્યો છે તે પ્રમાણે અમે કરીએ છીએ. ૧૬. ભગવાનનો ભક્ત થઈને જે ચાર પ્રકારની મુક્તિની જેટલી ઈચ્છા રાખે છે તો તેટલો તે સકામ ભક્ત કહેવાય છે. અને જે ચાર પ્રકારની મુક્તિને ન ઈચ્છે અને કેવળ ભગવાનની સેવાને જ ઈચ્છે, એવા જેટલા ભક્ત હોય તે નિષ્કામ ભક્ત કહેવાય છે. ૧૭-૧૮.

આ વાત શ્રીમદ્ભાગવતના આ શ્લોકમાં કહી છે -

सालोक्यसार्ष्टिसामीप्यसारुप्यैकत्वमप्युत ।
दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जनाः ॥

તેમાં ચાર પ્રકારની મુક્તિ બતાવી છે. ૧૯. તે શ્લોકનો જેવો અર્થ છે તેવો કહું છું, 'ભગવાનના જે કોઈ નિષ્કામ ભક્ત હોય તે સેવા એટલે કે, ભગવાનની પરિચર્યા કરવી, તે પરિચર્યા જો ચતુર્ધા મુક્તિમાં ન હોય તો તેને ઇચ્છતા નથી. ૨૦-૨૧.

चोपाई :

सेवा एक इच्छत रहावा, एसे निष्काम भक्त कहावा;
भगवान सेवा में ताकू, रखत हे एसेकु ही वाकू...२२
इच्छत नहीं यह भक्त तोऊ, बलात्कार भगवान हि सोऊ;
आपके ऐश्वर्य सुख जेता, आपत हे प्रसन्न होय तेता...२३

એક સેવાને જ ઇચ્છે છે તે નિષ્કામ ભક્ત કહેવાય છે. અને એવા નિષ્કામ ભક્તને જ ભગવાન પોતાની સેવામાં રાખે છે. ૨૨. તેવો નિષ્કામ ભક્ત પોતે ન ચાહતો હોય, તોપણ ભગવાન પોતે પોતાનું જે કાંઈ ઐશ્વર્ય અને સુખ છે તે તેવા ભક્તને રાજી થઈને બળાત્કારે આપે છે. ૨૩. ભગવાન કપિલદેવજીએ પોતે તે વાત

अथो विभूतिं मम मायाविनस्तामैश्वर्यमष्टांगमनुप्रवृत्तम्।
श्रियं भागवतीं वाऽस्पृहयन्ति भद्रां परस्य मे तेऽश्नुवते तु लोके॥

(ભાગ.૩/૨૫/૩૭) આ શ્લોકમાં ઘણી ખુશીથી કહી છે. ૨૪. અને ગીતામાં પણ ભગવાને નિષ્કામ ભક્તને જ્ઞાની કહ્યો છે. તે વાત સુજ્ઞ ભક્તોએ જાણી રાખવી. ૨૫. અને જે સકામ ભક્ત છે તેને અર્થાર્થી કહ્યો છે. માટે ભગવાનના ભક્તએ ભગવાનની સેવા સિવાય બીજું કાંઈ ક્યારેય ઇચ્છવું નહિ. ૨૬. **જે ભક્ત સેવા સિવાય જેટલું બીજું ઇચ્છે છે તેટલી તેમાં કાચપ કહેવાય છે. અને જેટલી કાચપ હોય તેટલી તેમાં કસર રહી છે. ૨૭.** માટે એવા જે નિષ્કામ ભક્ત હોય તેના સમાગમે કરીને જેટલી પોતામાં કાચપ હોય તેને તત્પર થઈને ટાળવી. ૨૮.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું તેતાલીશમું વચનામૃત કહ્યું" એ નામે ચાળીશમો તરંગ સમાપ્ત ॥૪૦॥

પૂર એકવીશમું : તરંગ - ૪૧

ગઢડા પ્રથમ પ્રકરણનું ચુંમાલીશમું વચનામૃત

✵ સંપૂર્ણ સ્નેહવાળા ભક્તનું લક્ષણ :

મહા સુદિ આઠમને દિવસે દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની નીચે પલંગ ઉપર સવારના સમયમાં સ્વતંત્રમૂર્તિ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ આથમણે મુખારવિંદે વિરાજમાન થયા હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો. ૧-૩. શ્વેત ચાદર ઓઢી હતી, મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને બીજા એક ફેંટાથી મુખ ઉપર બોકાની વાળી લીધી હતી. ૪. શ્વેત પુષ્પનો એક હાર પાઘ ઉપર ધાર્યો હતો. અને ધર્મદુલારા શ્રીહરિના મુખની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે સભામાં પ્રશ્ન પૂછ્યો, ૫. "ભગવાનમાં જેવો સ્નેહ હોય તેનું તેવું સ્વરૂપ કહો." ત્યારે બ્રહ્માનંદસ્વામી તે સ્નેહ સંબંધી પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ તેનું સમાધાન ન થયું. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "તમને તો સ્નેહની દિશા જ જડી-મળી નહીં. તમે જે પિંડ-બ્રહ્માંડથી નિઃસ્પૃહ રહેવાનું કહ્યું તે સ્નેહનું સ્વરૂપ નથી, તે તો તમે વૈરાગ્યનું રૂપ કહ્યું. હવે અમે સ્નેહનું રૂપ કહીએ છીએ, તેને તમે સહુ ધ્યાન દઈને સાંભળો. ૬-૯.

चोपाई :

भगवान की मूर्ति जेही तामें, अखंड स्मृति रखना यामें;
इनके नाम हि स्नेह कहेऊ, स्नेह के रूप एसे रहेऊ...१०
परिपूरण जेहि भक्त ताकू, भगवान में होय स्नेह वाकू;
एक भगवान बिन ही तिनकू, दूजे संकल्प होय न इनकू...११
भगवान की मूर्ति बिन जेता, दूजे घाट जो होवे तेता;
तितना ताके स्नेह हि तिनमें, फरक रहाये जरुर हि इनमें...१२

'ભગવાનની મૂર્તિમાં અખંડ સ્મૃતિ રાખવી તેનું નામ સ્નેહ કહેવાય. સ્નેહનું સ્વરૂપ તો આવું છે. ૧૦. અને જે ભક્તને ભગવાનમાં પરિપૂર્ણ સ્નેહ હોય તેને તો એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય. ૧૧.

અને ભગવાનની મૂર્તિ સિવાય બીજા જેટલા ઘાટ-સંકલ્પ થાય છે તેટલો તેના સ્નેહમાં જરૂર ફરક રહ્યો છે. ૧૨. જેને ભગવાનમાં પરિપૂર્ણ સ્નેહ હોય તેને ક્યારેક જાણે-અજાણે ભગવાનની મૂર્તિ સિવાય બીજો ઘાટ થાય, તો જેમ પંચામૃત ભોજન જમતો હોય તેમાં કોઈ કાંકરા નાખે, અથવા ખોબો ભરીને ધૂળ નાખે, તે જેવું વસમું લાગે અથવા તપાવેલા લોઢાનો કપાળમાં બળબળતો ડામ દે તેને કેવું સુખ લાગે ? કેવું વસમું લાગે ? તેવું તે ભક્તને વસમું લાગે. ૧૩-૧૬. ભગવાન સિવાય બીજા ઘાટ-સંકલ્પ થાય ત્યારે તે ભક્તને ઉપર કહ્યું તેવા તે ઘાટ વસમા લાગે, એવું જેને વર્તતું હોય તેને ભગવાનમાં પ્રીતિ છે તેમ જાણવું. હવે તમે જે હરિભક્તો છો તેઓ પોતપોતાના હૃદયમાં તપાસીને જૂઓ તો જેને જેવી ભગવાનમાં પ્રીતિ હશે તે દેખાઈ આવશે." ૧૭-૧૮.

પછી બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું, "આપે કહી તેવી દૃઢ પ્રીતિ ભગવાનના સ્વરૂપમાં જે રીતે થાય, તેનું જે સાધન હોય તે હે અંતર્યામી સ્વામી ! આપ કહો." પછી શ્રીહરિ બોલ્યા કે, "સત્પુરુષનો જે પ્રસંગ-હેતે સહિત સંગ છે તે જ પરમેશ્વરમાં દૃઢ પ્રીતિ થવાનું કારણ છે." ત્યારે સોમલા ખાચર બોલ્યા, ૧૯-૨૧. "હે મહારાજ ! આપ જેવો કહો છો તેવો સત્પુરુષનો પ્રસંગ તો અમે રાત-દિવસ કરીએ છીએ, છતાં આપે કહી તેવી દૃઢ પ્રીતિ અમને કેમ થાતી નથી ?" ૨૨. પછી શ્રીજીમહારાજ બોલ્યા, "સત્પુરુષનો પ્રસંગ કરવામાં જે કસર રહે છે તે તમને સમજવામાં આવ્યું નથી. ૨૩. અડધો પ્રસંગ અમારો રાખો છો અને અડધો પ્રસંગ પ્રેમથી જગતનો કરો છો. તેથી ભગવાનના સ્વરૂપમાં દૃઢ પ્રીતિ થાતી નથી." ૨૪.

❋ અહંતા અને મમતા નાશ કરવાના ઉપાય :

પછી વસો ગામના વાલા ધ્રુવ નામના વિપ્રે પ્રશ્ન પૂછ્યો, ૨૫. "હે મહારાજ ! આ દેહ અને દેહના સંબંધીને વિષે જે અહં-મમત્વના ઘાટ થાય છે તે કેવી રીતે ટળી જાય ? તે વાત આપ કહો. કેમ જે, તે વાતને આપ જાણો છો. આપની સમાન બીજા કોઈ જાણી શકે નહિ." ૨૬-૨૭. ત્યારે શ્રીહરિ બોલ્યા, "આ જીવ છે તેને વિપરીત-ઊંધી ભાવના થઈ છે. તે હું વાત

કરીને દેખાડી દઉં છું. ૨૮. **આ જીવ છે તે જ્યાં સુધી પોતાને દેહથી પૃથક્ નથી માનતો અને દેહરૂપે માને છે, ત્યાં સુધી તેને વિપરીત ભાવના રહે છે. ૨૯.**

આ જીવાત્માને જે દેહ છે તે તો ડગલાની જેમ વળગ્યો છે. જેમ કોઈ પુરુષ દરજીને ઘેર જઈને ડગલો સિવડાવે અને તેને પોતાનો જાણીને પહેરે. પછી તે એમ માને કે, 'આ દરજી છે તે મારા ચોક્કસ બાપ છે અને દરજણ છે તે મારી મા છે,' એમ જે માને તે મૂર્ખ કહેવાય. તેમ આ જીવ છે તેને દેહરૂપી ડગલો ક્યારેક તો બ્રાહ્મણ અને બ્રાહ્મણીથી ઉત્પન્ન થયો હોય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે, ૩૦-૩૩. અથવા તો ચોરાશી પ્રકારની જાતિઓમાંથી દેહ ઉત્પન્ન થયો હોય છે. તેવા દેહને વિષે પોતાપણું માને છે અને તે દેહનાં માતા-પિતાને પોતાનાં માતા-પિતા માને છે, તેને તો મૂર્ખ તથા પશુ જેવો કહેવાય. ૩૪-૩૫. અને ચોરાશી લાખ યોનિમાં પોતાને ઘણી જાતની મા, બહેન, દીકરી અને સ્ત્રી કેટલીયે થઈ હોય. તેમાંથી એક પણ પતિવ્રતાનો ધર્મ પાળતી નથી. માટે જે જીવ એવા સગપણને સાચું માને છે તેને અહં-મમત્વના ઘાટ કેમ ટળશે ? તેની તપાસ કરવી. કેમ જે, તપાસ કર્યા સિવાય તે ક્યારેય સમજવામાં આવતું નથી. ૩૬-૩૮.

सोरठा : जिहाँ सुधी देह ताकु, आपके रूप जो तेहि;
मानत रहे वाकु, तिहाँ सुधी याकी समझ सब...३९
वृथा कहत हि रहेउ, वेद पुराण शास्त्र सब हि;
वेर वेर ही तेउ, देह मानत रहे जिहाँ लग...४०

જીવ જ્યાં સુધી દેહને પોતાનું સ્વરૂપ માને છે ત્યાં સુધી તેની સર્વે સમજણ વૃથા છે. દેહને પોતાનું રૂપ માને તેની સમજણને વેદ, પુરાણ અને શાસ્ત્રો પણ વારંવાર વૃથા કહે છે. અને જીવ જ્યાં સુધી પોતાને દેહરૂપ માનીને વર્ણાશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એમાં ક્યારેય સાધુપણું આવતું નથી. ૩૯-૪૧.

चोपाई :

तेही माट देह अरु देह के, सबंधी के विषे जो तेहके;
अहं ममत्व के त्याग करीके, निजात्मा ब्रह्मरूप मानीके...४२

भगवान बिन वासना जेती, ताके त्याग करीके तेती;
स्वधर्म जोउ ता महीं रहीके, भगवान कु भजत मुद भरीके...४३

તેટલા માટે જે દેહ અને દેહના સંબંધીઓમાંથી અહં-મમત્વનો ત્યાગ કરે, પોતાના આત્માને બ્રહ્મરૂપે માને, ભગવાન સિવાયની જેટલી વાસના હોય તેનો ત્યાગ કરી, સ્વધર્મમાં રહીને પ્રેમથી ભગવાનનું ભજન કરે છે તે જ સાચો સાધુ કહેવાય છે. આ વાત નક્કી જાણવી. અમે કહ્યું તેવું સાધુપણું જેમાં આવે છે ત્યારે તેનાથી ભગવાન પુરુષોત્તમ જરા પણ દૂર રહેતા નથી. આ સિવાયની બીજી બધી બાબત થઈ શકે છે, પણ આ કહી તેવી સાધુતાવાળા થવું કઠણ છે. ૪૨-૪૫. અને કહ્યો તેવો સાધુ તો ખરેખર હું છું. કેમ જે, મને વર્ણ તથા આશ્રમનું લેશમાત્ર માન નથી." ૪૬. આવી વાત શ્રીજીમહારાજે ભક્તજનોની શિક્ષાને માટે ત્યાં બેઠેલા સંતો અને હરિભક્તોને કહી. ૪૭. પણ **પોતે તો સાક્ષાત્ અક્ષરાધિપતિ પુરુષોત્તમ છે. તેમ છતાં જેટલી સાધુતા કહેવાય છે તે બધી પોતે ગ્રહણ કરીને વર્તી રહ્યા છે.** ૪૮.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચુંમાલીશમું વચનામૃત કહ્યું" એ નામે એકતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૧॥



પૂર એકવીશમું : તરંગ - ૪૨

ગઢડા પ્રથમ પ્રકરણનું પિસ્તાળીશમું વચનામૃત

❋ સાકાર-નિરાકારની સમજણનું :

મહા સુદિ દશમને દિવસ સર્વ સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજતા હતા. ૧. પછી વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબતરુની નીચે ઓટા ઉપર ગાદીતકિયો હતો, તેના ઉપર આવીને બેઠા. તે વખતની શોભા મુખથી શી કહેવી..! ૨-૩. શ્રીહરિ સંધ્યા વખતે દક્ષિણાદે મુખારવિંદે વિરાજમાન થયા હતા અને શ્વેત ચાદર ઓઢી હતી. ૪. શ્વેત ખેસ પહેર્યો હતો, મસ્તક ઉપર

શ્વેત પાઘ બાંધી હતી. અને પોતાના મુખારવિંદની આગળ તે વખતે મુનિની તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ગોપાળાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, ૫-૬. "હે મહારાજ ! કેટલાક વેદાંતીઓ એમ કહે છે કે, 'ભગવાનને કાંઈ આકાર નથી.' ૭. અને તેવું પ્રતિપાદન કરનારી શ્રુતિઓ બોલતા રહે છે. પણ નારદ, શુક, સનકાદિક જેવા જે ભગવાનના ભક્ત છે તે તો ભગવાનને સાકાર કહે છે. અને તેવી શ્રુતિઓને બોલી તેનું પ્રમાણ આપી ભગવાનના સાકાર સ્વરૂપનું અનુપમ રીતે પ્રતિપાદન કરે છે. ૮-૯. તે એ બેમાંથી કોણ સાચા છે ? અમને તો આપનાં વચન સત્ય મનાય છે."

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, **"જે ભગવાન પુરુષોત્તમ છે તે તો સદાય સાકાર જ છે અને મહાતેજોમય મૂર્તિ છે. તથા અંતર્યામીપણે કરીને અપાર સામર્થ્યને ધરી રહ્યા છે.** ૧૦-૧૧. વળી, સર્વત્ર પરિપૂર્ણ એવું જે સચ્ચિદાનંદ બ્રહ્મ છે તે તો મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેમનું તેજ છે. અને શ્રુતિમાં એમ કહ્યું છે કે, 'ભગવાને માયાની સામે જોયું.' ૧૨-૧૩. તો જ્યારે ભગવાન જુએ છે તો નેત્ર હોય. અને જેને આંખ હોય તો તેમને કર-ચરણ પણ હોય; માટે તે શ્રુતિ દ્વારા ભગવાન સાકાર છે તેવું પ્રતિપાદન થયું. ૧૪. જેમ સમગ્ર જળના જીવરૂપ જે વરુણ તે પોતાના લોકમાં મૂર્તિમાન સાકાર રહ્યા છે. ૧૫. તથા અગ્નિની જે જ્વાળા છે તે નિરાકાર છે, પરંતુ તેના જે દેવ છે તે પોતાના લોકમાં સાકાર છે. ૧૬. અને સૂર્યનો જેટલો પ્રકાશ છે તે બધો નિરાકાર છે, પણ સૂર્યદેવ છે તે પોતાના મંડળમાં સાકાર રહ્યા છે. ૧૭. તે જ રીતે સચ્ચિદાનંદ બ્રહ્મ નિરાકાર રહ્યું છે અને પરમ સુજાણ એવા પુરુષોત્તમ ભગવાન છે તે સદા સાકાર છે. ૧૮. અને આવું સર્વત્ર પૂર્ણ જે સચ્ચિદાનંદ બ્રહ્મ તે પુરુષોત્તમ ભગવાનનું શુદ્ધ તેજ છે. ૧૯.

અને કોઈ એમ કહે જે, શ્રુતિમાં એમ કહ્યું છે કે, 'જે પરમેશ્વર છે તે કરચરણાદિકે કરીને રહિત છે અને સર્વત્ર પૂર્ણ છે.' તો શ્રુતિમાં પરમેશ્વરના કરચરણાદિકનો જ્યાં જ્યાં નિષેધ કર્યો છે તે માયિક કરચરણાદિકનો નિષેધ

કર્યો છે, પણ ભગવાનનો આકાર તો અતિશય દિવ્ય-ચૈતન્યસ્વરૂપ છે. ૨૦-૨૨. પણ ભગવાનનો આકાર ક્યારેય માયિક નથી. અને જીવ તથા ઈશ્વરને વિષે સદાય અંતર્યામી અને વ્યાપકપણે કરીને રહ્યું એવું જે પુરુષોત્તમ ભગવાનનું બ્રહ્મરૂપ તેજ છે તે નિરાકાર છે, તોપણ તે જીવ-ઈશ્વર એ સહુને તેમના કર્મને અનુસારે યથાયોગ્યપણે કર્મના ફળને દેવા માટે નિયંતાપણે રહ્યું છે. ૨૩-૨૫. અને સાકારની જેમ નિયંતારૂપ રહીને બધી ક્રિયાને કરે છે. આવું તે પુરુષોત્તમ ભગવાનનું તેજ કહેવાય છે. ૨૬. માટે તે તેજને પણ સાકાર જેવું જાણવું. આવી રીતે આ ભગવાન પુરુષોત્તમ છે તે સાકાર જ છે, પણ નિરાકાર નથી. આવી જેને સમજણ નથી તે નિરાકાર કહે છે, પણ તે તો લગાર પણ સમજતા નથી. ૨૭-૨૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પિસ્તાળીશમું વચનામૃત કહ્યું" એ નામે બેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૨॥



પૂર એકવીશમું : તરંગ - ૪૩

ગઢડા પ્રથમ પ્રકરણનું છેતાળીશમું વચનામૃત

❋ આકાશની ઉત્પત્તિ અને લયનું :

મહા સુદિ એકાદશીને દિવસ સાંજને સમયે શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં વિરાજતા હતા. ૧. પછી વાસુદેવનારાયણના મંદિરની પાસે લીંબતરુની નીચે ઓટા ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા. તેના ઉપર આવીને અવિનાશી શ્રીહરિ દક્ષિણ તરફ મુખારવિંદ રાખીને બેઠા હતા. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ઘણી સુંદર શોભા થઈ હતી. અને મુખારવિંદની આગળ બધા મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે શોભા તો સહુથી શ્રેષ્ઠ થઈ હતી. ૨-૫.

તે સમયે માહેશ્વર (ભટ્ટ) નામે એક વિપ્ર શ્રીહરિનાં દર્શન કરવા માટે તે સભામાં આવીને બેઠા. તે પ્રકાંડ વેદાંતી હતા. ૬. તેમણે મોટા

આત્માનંદસ્વામીનો સમાગમ કર્યો હતો, તેનો તેને ગર્વ હતો અને તે પોતાને મનમાં જ્ઞાની માનતા હતા. ૭. તે રાજકોટમાં રહેતા હતા. તેણે વેદાંતના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. અને વેદાંત મતના તે ગુરુ હતા અને કેટલાકને પોતાના શિષ્ય કર્યા હતા. ૮. તેઓ આત્માનંદસ્વામીને પૂર્ણબ્રહ્મ માનતા અને રામાનંદસ્વામીને શુકદેવજી સમાન માનતા હતા. ૯. સહજાનંદસ્વામીનો અપાર પ્રતાપ સાંભળીને તે વખતે ગઢપુર આવ્યા હતા. તેમના મનમાં અધિક પ્રતાપ જાણવાની ઈચ્છા હતી. તેથી તેમણે એક અઘરો પ્રશ્ન કર્યો. ૧૦. તે પ્રશ્નનો ઉત્તર પરમેશ્વર સિવાય બીજાથી કરોડો ઉપાયે પણ દઈ શકાય તેમ ન હતું. કેટલાક પ્રશ્ન એવા હોય છે કે, તેનો ઉત્તર એક પરમેશ્વરથી જ થાય, પણ જે અલ્પ માણસો હોય તેનાથી તે પ્રશ્નનો ઉત્તર થઈ શકતો નથી. તે વિપ્રે પૂછ્યું કે, "જ્યારે સમાધિ થાય છે ત્યારે સમાધિમાં આકાશ કઈ રીતે લીન થાય છે ?" ૧૧-૧૨.

આવો પ્રશ્ન તે માહેશ્વર વિપ્રએ શ્રીહરિને પૂછ્યો ત્યારે શ્રીહરિએ તેનો જેવો ઉત્તર હતો તેવો જ આપ્યો. ૧૩. "હવે અમે આકાશનું સ્વરૂપ રૂડે પ્રકારે કહીએ છીએ, તેથી તમે સહુ સાવધાન થઈ તેને સાંભળો અને અંતરમાં ધારી રાખો. ૧૪. આકાશને જ અવકાશ કહે છે. જે જે પદાર્થ છે તે બધા વિશાળ આકાશમાં રહ્યા છે. ૧૫. અને તે પદાર્થોમાં પણ આકાશ વ્યાપીને રહ્યો છે. જેમાં આકાશ ન હોય તેવો એક પણ પદાર્થ નથી. ૧૬. પૃથ્વીની ઝીણામાં ઝીણી એક રજ હોય તેમાં પણ આકાશ વ્યાપીને રહ્યો છે. આવો આકાશ સૂક્ષ્મ છે. ૧૭.

એટલું જ નહીં પરંતુ એક રજકણના કરોડો કરોડ કટકા કરવામાં આવે, તોપણ તેમાં આકાશ રહ્યો હોય છે, પણ તેમાંથી આકાશનો નાશ થતો નથી. ૧૮. માટે જ્યારે આકાશની દૃષ્ટિએ અંતરમાં દેખીએ ત્યારે પૃથ્વી આદિક ચાર ભૂત કાંઈ દેખાતા નથી. ૧૯. એકલો આકાશ જ દેખાય છે. આવો આકાશ છે તે સર્વનો મુખ્ય આધારભૂત રહ્યો છે. ૨૦. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે ત્રણ શરીર છે તે આકાશમાં રહ્યા છે. આ જે કાંઈ બ્રહ્માંડ છે તે પણ આકાશને વિષે રહ્યું છે. ૨૧.

બ્રહ્માંડનું કારણ જે પ્રકૃતિ અને પુરુષ છે તે પણ નિરંતર આકાશમાં રહ્યા છે. આવો જે આકાશ છે તે પ્રકૃતિપુરુષ તથા તેનું કાર્ય જે સમગ્ર પિંડ-બ્રહ્માંડ તે સર્વની માંહી રહ્યો છે અને સર્વનો આધાર થઈને બહાર પણ નિર્ધારિત રહ્યો છે. એવો જે આકાશ તે સુષુપ્તિને વિષે અથવા સમાધિને વિષે પણ લીન થાતો નથી. જેટલા બુદ્ધિમાનો છે તે બધા વિચારીને આવું સમજે છે. ૨૨-૨૫. ત્યારે કોઈ એમ કહેશે કે, 'આકાશ આદિક પાંચ ભૂતો તો તમોગુણથી ઉત્પન્ન થયા છે. ૨૬. તે આકાશ પ્રકૃતિ અને પુરુષનો આધાર કેમ કહેવાય ? ૨૭. અને તે આકાશને સર્વમાં વ્યાપક કેમ કહેવાય ?' હવે તેનો અમે ઉત્તર કરીએ છીએ. તો તમે સહુ સાવધાન થઈને સાંભળો. ૨૮.

પ્રકૃતિમાં જો અવકાશરૂપી અનુપમ આકાશ ન હોય તો જેમ વૃક્ષમાંથી ફળ, પુષ્પાદિક બહાર નીકળતા દેખાય છે તથા જેમ ગાયના પેટમાંથી વાછડું બહાર નીકળે છે તેમ પ્રકૃતિમાંથી મહત્તત્ત્વ નીકળે છે, તે કેમ નીકળે ? તે જોવું-વિચારવું. તે સમજવાથી સંશયની નિવૃત્તિ થાય છે. ૨૯-૩૧. અમે જે વાત કહી તે મુજબ પ્રકૃતિમાં પણ આકાશ રહ્યો છે. વળી, મહત્તત્ત્વમાંથી અહંકાર નીકળે છે, તે વિચારીને જોવું. ૩૨. તેનાથી નક્કી થાય છે કે મહત્તત્ત્વમાં આકાશ રહ્યો છે. અને અહંકારમાંથી ત્રણ ગુણ નીકળે છે, તેથી તે અહંકારમાં પણ અવકાશ રહ્યો છે. તમોગુણમાંથી આકાશ આદિ પાંચ ભૂતો જે રીતે નીકળે છે તે વાત અમે કહી બતાવી છે. માટે તમોગુણમાં પણ આકાશ રહ્યો છે, એમ જાણવું. ૩૩-૩૫. અને તમોગુણમાંથી જે આકાશ નીકળે છે તે તામસ અહંકારનું કાર્ય છે. તેને વિકારવાન કહ્યો છે. ૩૬. અને સહુનો આધારભૂત જે આકાશ છે તે તો નિર્વિકાર છે અને અનાદિ છે. ૩૭. એવો જે સર્વાધાર આકાશ છે તે આકાશને તો બ્રહ્મ કહીએ, ચિદાકાશ નામે કહીએ. ૩૮. તે સર્વાધાર આકાશમાં પ્રકૃતિ અને પુરુષ, બંનેની સંકોચ અવસ્થા અને વિકાસ અવસ્થા થાય છે. ૩૯. તે કઈ રીતે થાય છે ?

તો જ્યારે પુરુષ પ્રકૃતિની સામે જૂએ છે ત્યારે જેમ સ્ત્રી-પુરુષ થકી સંતાનની ઉત્પત્તિ થાય છે તેમ તે પુરુષરૂપ જે પતિ અને પ્રકૃતિરૂપી જે સ્ત્રી તે થકી મહત્તત્ત્વ ઇત્યાદિક સંતાન ઉત્પન્ન થાય છે. તેની જે રીત છે તે મેં

કહી બતાવી. આ જે પ્રકૃતિ છે તે પોતે ચોવીશ તત્ત્વરૂપે અને પિંડ-બ્રહ્માંડરૂપે અમે કહ્યું તે રીતે થાય છે. તે પ્રકૃતિની વિકાસ અવસ્થા કહેવાય છે. ૪૦-૪૩. અને તે પ્રકૃતિનું જેટલું કાર્ય કહેવાય છે તેને વિષે જે પુરુષ છે તે પોતાની શક્તિએ કરીને વ્યાપકપણે રહ્યા છે. તે પુરુષની વિકાસ અવસ્થા છે. અને કાળે કરીને જ્યારે પ્રકૃતિના બધા કાર્ય નાશ પામે છે ત્યારે પ્રકૃતિ છે તે પુરુષના અંગમાં લીન જેવી થઈ જાય છે. આવી રીતની જે પ્રકૃતિ છે તે પ્રકૃતિની સંકોચ અવસ્થા છે. ૪૪-૪૬.

અને પુરુષ પણ પ્રકૃતિનાં બધાં કાર્યોનો જ્યારે નાશ થાય છે ત્યારે તે પોતાનાં સ્વરૂપે રહે છે, તે પુરુષની સંકોચ અવસ્થા કહેવાય છે. જેમ કાચબો વિકાસ અવસ્થાને પામે છે ત્યારે પોતાનાં બધાં અંગોને બહાર કાઢે છે, અને જ્યારે સંકોચ અવસ્થાને પામે છે ત્યારે પોતાનાં બધાં અંગોને તાણી લે છે અને તે વખતે તે રૂંઢમૂંઢ થઈને રહે છે. તેમ પુરુષ અને પ્રકૃતિની સંકોચ અવસ્થા કહેવાય છે. ૪૭-૪૯. અને પ્રકૃતિ તથા પ્રકૃતિનું જે કાર્ય તેને વિષે અન્વય-વ્યતિરેકપણું છે તે પુરુષનું જ છે. ૫૦. પણ સહુનો આધાર એવો જે ચિદાકાશ તેનું અન્વય-વ્યતિરેકપણું લગાર પણ નથી. કેમ જે, જે સર્વનો આધાર હોય તે કોનાથી વ્યતિરેક-જુદો હોય ? તે ચિદાકાશ તો સદાને માટે સહુમાં અચળપણે કરીને રહ્યો હોય છે. ૫૧-૫૨. અને આ બ્રહ્માંડની ચારેકોર બહુ મોટો લોકાલોક પર્વત ગઢની જેમ રહ્યો છે. તે સાડા બાર કરોડ યોજન ઊંચો છે અને તેટલો જ તેનો વિસ્તાર છે. લોકાલોકની બહારના ભાગમાં અલોક ભૂમિ રહી છે. ૫૩-૫૪.

અને તે અલોકથી પર સાત આવરણ રહ્યા છે તથા તેનાથી પર અંધકાર રહ્યો છે અને તે અંધકારથી પર પ્રકાશ છે. અને આ જે પ્રકાશ છે તેને ચિદાકાશ એવા નામે કહીએ. તે જ રીતે ઊંચું બ્રહ્માના લોક સુધી પણ કહેવાય. તેના ઉપર વિચિત્ર વર્ણના સાત આવરણ છે અને તેનાથી બહાર અંધકાર છે. અને તે અંધકારથી બહાર પ્રકાશ રહ્યો છે. ૫૫-૫૭. અને તે પ્રકાશ કહ્યો તેનું જ નામ ચિદાકાશ છે. તેમ જ નીચેના ભાગમાં સપ્ત પાતાળ રહ્યા છે. તે ઘણા વિશાળ છે. તે સપ્ત પાતાળની નીચે સાત આવરણ રહ્યા

છે; એમ જાણો. તેની નીચે અંધકાર છે અને તે અંધકારની નીચે અપાર પ્રકાશ છે. ૫૮-૫૯. તેને ચિદાકાશ એવે નામે કહે છે. આ રીતે બ્રહ્માંડની ચારેબાજુ ચિદાકાશ રહ્યો છે અને બ્રહ્માંડમાં પણ વાસ કરીને રહ્યો છે. ૬૦.

આવો જે સર્વાધાર આકાશ છે તેને આકારે જેની દૃષ્ટિ વર્તતી હોય તેને દહરવિદ્યા કહે છે. અક્ષિવિદ્યા આદિક બહુ ભાતની બ્રહ્મવિદ્યાઓ વિદ્વાન લોકોએ કહી છે, તે માંહીલી જ આ એક બ્રહ્મવિદ્યા છે. અને તે ચિદાકાશ અતિ પ્રકાશવાન છે. ૬૧-૬૩. આ ચિદાકાશને અનાદિ કહે છે. તેની ઉત્પત્તિ અને વિનાશ નથી. જેની ઉત્પત્તિ અને વિનાશ કહ્યા છે તે તો આ બીજો જ આકાશ છે. ૬૪. તે આકાશને તમોગુણનું કાર્ય કહે છે, અંધકારરૂપ છે અને તેની લીનતા થાય છે, પણ સર્વાધાર એવો જે ચિદાકાશ તેની તો લીનતા ક્યારેય થતી નથી. આમ, આકાશની વાત કરી. ૬૫. આ રીતે તમારા પ્રશ્નનો ઉત્તર વિચાર કરીને કર્યો છે. હવે જો આમાં આશંકા રહેતી હોય તો તમે ફરીને પૂછો." પછી તે વેદાંતી વિપ્ર અને જેટલા હરિભક્ત હતા તે સહુ બોલ્યા કે, 'આપે જે વાત કહી તે બાબતમાં અમને હવે લેશમાત્ર સંશય રહ્યો નથી.' ૬૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છેતાળીશમું વચનામૃત કહ્યું" એ નામે તેતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૩॥



પૂર એકવીશમું : તરંગ - ૪૪

ગઢડા પ્રથમ પ્રકરણનું સુડતાળીશમું વચનામૃત

✵ ધર્મ-જ્ઞાનાદિક ચાર પ્રકારની નિષ્ઠાનાં લક્ષણો :

મહા સુદિ બારસને દિવસ સવારના પહોરમાં દાદા ખાચરના દરબારમાં શ્રીહરિ વાસુદેવનારાયણના મંદિરની આગળ લિંબવૃક્ષની નીચે ઓટા ઉપર રહેલા પલંગ પર વિરાજમાન હતા. તે વખતે શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની

સભા ભરાઈને બેઠી હતી. ૪. પછી શ્રીજીમહારાજ જમણા હાથથી ચપટી વગાડીને બોલ્યા, "બધા સાવધાન થઈને સાંભળો. અમારે એક વાત કહેવી છે. ૫. તે વાત તો સ્થૂળ છે, તોપણ તે ધ્યાન દીધા સિવાય સમજાશે નહિ." તે પછી સર્વ હરિભક્તોએ કહ્યું, "હે મહારાજ ! આપ તે વાત કહો." ૬.

પછી શ્રીજીમહારાજ બોલ્યા, "પરમેશ્વરના જે ભક્ત હોય તેમાં કોઈકને ધર્મનિષ્ઠા પ્રધાન હોય છે, ૭. કોઈકને આત્મનિષ્ઠા પ્રધાન હોય છે, કોઈકને વૈરાગ્યનિષ્ઠા પ્રધાન હોય છે અને કોઈકને ભક્તિનિષ્ઠા પ્રધાનપણે કરીને રહી હોય છે. ૮. અને ગૌણપણે તો આ બધા જ અંગ સર્વ હરિભક્તોમાં હોય છે. હવે જેને **ધર્મનિષ્ઠા પ્રધાન** હોય તેનાં લક્ષણો કહું છું. ૯. તે ભક્ત અહિંસા અને બ્રહ્મચર્યાદિક જે પોતાના વર્ણાશ્રમ સંબંધી અનુપમ સદાચાર, તેનાથી યુક્ત થઈને નિર્દંભપણે ભગવાન અને ભગવાનના ભક્તની સેવા-ચાકરી ઉત્સાહથી કરે છે. તે માટે રાત્રિ-દિવસ પ્રીતિએ યુક્ત તત્પર થઈને વર્તે છે. ક્યારેય લવલેશ પણ તેમાં પ્રમાદ રાખતો નથી. ૧૦-૧૧. વળી, ભગવાનનાં મંદિર કરવાં, ભગવાનને માટે બાગ-બગીચા કરવા મહેનત કરે છે. આ રીતે ભગવાનને માટે જે કાંઈ કરવાનું હોય તેમાં અધિક ઉત્સાહ રાખે છે. ૧૨. ભગવાનને માટે વારંવાર નૈવેદ્ય ધરવામાં અધિક અધિક રુચિ રહે. ૧૩. તથા ભગવાનના મંદિરમાં અને સંતોની જગ્યામાં લીંપવું, વાળવું ઇત્યાદિકમાં ઘણી રુચિ રહે છે. ૧૪. અને ભગવાનની શ્રવણ, કીર્તનાદિક ભક્તિને નિર્દંભપણે ભાવ સહિત કરતો રહે છે. ૧૫. આ રીતે ધર્મનિષ્ઠાવાળા ભક્તને ભાગવત ધર્મમાં અપાર રુચિ રહે છે. અને ધર્મેયુક્ત શાસ્ત્રના શ્રવણ, કીર્તનાદિકમાં પણ અધિક અધિક રુચિ વર્તે છે.

અને જેને **આત્મનિષ્ઠા પ્રધાન** વર્તતી હોય તે ભક્તનાં લક્ષણો કહું છું. ૧૬-૧૭. તે ભક્ત ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર સત્તારૂપ જે પોતાનો સ્વતંત્ર આત્મા તે રૂપે નિરંતર વર્તતો હોય છે. ૧૮. અને પોતાના ઈષ્ટદેવ જે પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ પરમાત્મા, તેને સર્વથી પર અને અતિ શુદ્ધ સ્વરૂપ તથા સદા દિવ્ય સાકાર મૂર્તિમાન સમજે. અને પોતાનો આત્મા તથા પરમાત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રતિપાદન કરે એવી જે વાતો તેને પોતે નિત્ય કરતો રહે, અને

બીજા ભક્તો પાસેથી સાંભળતો રહે. અને એવી રીતના જે શાસ્ત્રો હોય તેમાં અપાર પ્રીતિયુક્ત વર્તે. અને આત્મસત્તારૂપે વર્તવું તેમાં ક્યારેક વિક્ષેપ આવે તો તેને સહન કરી શકે નહિ; આવી પ્રકૃતિવાળો હોય છે.

અને જેને **વૈરાગ્યનિષ્ઠા પ્રધાન** હોય તેને એક ભગવાનની મૂર્તિ સિવાય બીજા જે માયિક પદાર્થમાત્ર તેમાં નિરંતર અરુચિ વર્તે. ૧૯-૨૪. અને ઘર, કુટુંબી ઇત્યાદિક જે પદાર્થ છે તેને અસત્ય જાણીને વિષ્ઠાની જેમ તેનો ત્યાગ કરે. ૨૫. અને ઘર, કુટુંબ ઇત્યાદિકની તેને નિરંતર વિસ્મૃતિ રહે છે. અને આવા જે ત્યાગી સંતો હોય તેનો સમાગમ કરવા ચાહે છે. ૨૬. અને ભગવાનની ભક્તિ અતિ પ્રેમેયુક્ત થઈને કરે, પણ પોતાના ત્યાગમાં કોઈ જાતનો વિરોધ ન આવે તેમ ત્યાગને જાળવીને જ તે ભક્ત વર્તે છે. આમ તે ત્યાગને જ પ્રધાન રાખે છે. અને જેને જેમ ઘટે તેમ ત્યાગની વાતો મુખ્યપણે કરે છે. ૨૭-૨૮. ત્યાગનું પ્રતિપાદન કરનારાં એવાં જે શાસ્ત્રો હોય તેમાં તે રુચિવાળો હોય. અને ત્યાગમાં વિરોધ આવે એવાં સ્વાદું ભોજન, સારાં વસ્ત્ર વગેરે જે કોઈ પંચવિષય સંબંધી માયિક પદાર્થમાત્ર તેને પામવા માટે વ્યર્થ ઇચ્છા કરે જ નહિ. ૨૯-૩૦.

અને જેને ભક્તિનિષ્ઠા પ્રધાન હોય તેને એક ભગવાનના સ્વરૂપને વિષે જ અતિશય દૃઢ, અનુપમ અને અપાર પ્રીતિ રહે. અને ભગવાનના સ્વરૂપને એક પળવાર પણ દૂર કરી શકે-ભૂલી શકે નહીં, અને માયિક પદાર્થને તો દૂર જ કરતો રહે. ૩૧-૩૨. અને ભગવાનને પ્રેમથી વસ્ત્ર, અલંકાર ઇત્યાદિક ધારણ કરાવે અને તેવી સેવામાં ઘણો ભાવ રાખે છે. ૩૩. અને અમે કહ્યો એવો આ ભક્ત ભગવાનનાં મનુષ્યચરિત્રને અતિ રુચી રાખીને શ્રવણ કરે છે, પણ એમાં ક્યારેય તૃપ્ત થતો નથી. ૩૪. વળી, ભગવાનની મૂર્તિનું પ્રતિપાદન કરનારા જે ગ્રંથ હોય તેમાં તેને અતિ રુચિ રહે, પણ તેમાં ક્યારેય અરુચિ ન થાય. ૩૫. અને જે ભક્તને ભગવાનમાં અપાર પ્રેમ હોય એવું દેખાય તો તે ભક્તને વિશે પણ તેને અપાર પ્રીતિ થાય. ૩૬. આવા જે ભગવાનના સાચા ભક્ત હોય તેને, ભગવાનમાં જેને પ્રીતિ ન હોય એવા પોતાના પુત્રાદિકમાં પણ ક્યારેય પ્રીતિ થાતી નથી. ૩૭.

તે ભક્તને ભગવાન સંબંધી જે કાંઈ ક્રિયાઓ હોય તેમાં જ નિરંતર અપાર પ્રવૃતિ રહે પણ તેની ક્યારેય તૃપ્તિ થાય નહિ. અર્થાત્ ભગવાનની સેવામાં ક્યારેય કંટાળો ચઢે નહિ. ૩૮.

આ રીતે તે ચાર પ્રકારની નિષ્ઠાવાળા શ્રેષ્ઠ ભક્તના અતિ પવિત્ર અને ઉત્તમ લક્ષણ અમે કહ્યા. ૩૯. આ અમારી કહેલી વાતને મનમાં વિચારીને જેનું જેવું અંગ હોય તે અલગ અલગ તમે સહુ કહો. ૪૦. આ ચાર પ્રકારની જે નિષ્ઠા કહી તે તો અરીસા જેવી છે. એટલે જેનું જેવું અંગ હોય તેને તે સ્પષ્ટ દેખાડી દે છે. ૪૧. ભગવાનના જે કોઈ ભક્ત હોય તે અંગ વિનાના હોય નહિ, પણ પોતાના અંગને ઓળખે નહિ એટલે તે અંગની દૃઢતા થાતી નથી. ૪૨.

જ્યાં સુધી પોતાના અંગની દૃઢતા ન થઈ હોય ત્યાં સુધી જેવી વાતને સાંભળે ત્યારે તેવું તેનું અંતર થઈ જાય. અર્થાત્ જેવી વાત થાય તેવું તેનું અંગ થઈ જાય પણ પોતાના અંગનો એક નિર્ધાર રહેતો નથી. માટે આ વાર્તા વિચારીને પોતાના અંગની દૃઢતા કરો, અને જેને જેવું અંગ હોય તેવું તમે બધા બોલો. પછી જેનું જેવું અંગ હતું તે વિચારીને સર્વે હરિભક્ત બે હાથ જોડીને બોલ્યા અને શ્રીહરિની આગળ મસ્તક નમાવ્યું. પછી શ્રીહરિ બોલ્યા કે, "જેનાં એકસરખાં અંગ હોય તે બધા ઊભા થઈને એક એક બોલો." પછી એકસરખા-મળતા અંગવાળા જેટલા હતા તે બધા ઊભા થયા. ૪૩-૪૭. તે દેખીને શ્રીહરિ સહુના ઉપર રાજી થયા અને તેમને બેસાડ્યા.

પછી નિત્યાનંદસ્વામી બોલ્યા કે, "આ ચાર અંગવાળા ભક્તોમાં પોતપોતાના અંગમાં કોઈ ગુણ-દોષ છે કે નહિ ? તે અમે સાંભળવા ચાહીએ છીએ." પછી શ્રીહરિ બોલ્યા કે, "તેમાં જે કાંઈ ગુણ કે દોષ રહ્યા છે તેને હવે અમે કહીએ, તેને તમે સાંભળો. જે રીતના તે ગુણ કે દોષ રહ્યા છે તેને તેવી રીતે અમે યથાર્થપણે તમને કહીએ છીએ. ૪૮-૫૦. તે ચાર અંગવાળા ભક્તના જે અલગ અલગ લક્ષણ અમે કહ્યા તે પ્રમાણે જે વર્તે તેમાં તેટલો તે ગુણ છે. ૫૧. અને કહ્યું તે પ્રમાણે જેટલું ન વર્તાય તેટલો તેમાં દોષ છે. તે તમને સહુને બતાવી દીધું." ૫૨.

પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું કે, "તે ચાર નિષ્ઠાવાળા ભક્તો સહુ સરખા છે કે અધિક ન્યૂન છે ?" ૫૩. પછી શ્રીહરિ પ્રેમથી બોલ્યા કે, **"જ્યાં સુધી ભક્તમાં એક એક નિષ્ઠા હોય ત્યાં સુધી તો તે ચારેય ભક્ત એકસરખા છે, પણ જ્યારે તે ચારેય નિષ્ઠા એક ભક્તમાં આવીને રહે ત્યારે તે સહુથી અધિક છે.** ૫૪-૫૫. એવા તે ચારેય નિષ્ઠાવાળા ભક્તને પરમભાગવત કહેવાય અને એને જ એકાંતિક ભક્ત પણ કહેવાય છે." શ્રીહરિએ આવું કહ્યું તે સાંભળીને સહુ સંતો ઘણું રાજી થયા. ૫૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સુડતાળીશમું વચનામૃત કહ્યું" એ નામે ચુંમાલીશમો તરંગ સમાપ્ત ॥૪૪॥



પૂર એકવીશમું : તરંગ - ૪૫

ગઢડા પ્રથમ પ્રકરણનું અડતાળીશમું વચનામૃત

❋ ચાર પ્રકારના કુસંગીનાં લક્ષણ :

મહા સુદિ તેરસને દિવસ સર્વ સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. પછી જ્યારે સંધ્યા સમય થયો ત્યારે શ્રીહરિ વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ નીચે ઓટા ઉપર રહેલા પલંગ પર પશ્ચિમ મુખે બેઠા હતા. અંગ ઉપર સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાણી હતી; ત્યાં આવીને સહુ બેઠા હતા. ૧-૪. શ્રીહરિના મુખારવિંદની આગળ ગઢપુરના હરિભક્ત વાળંદ દેવજી અને ગોવિંદ નામે બંને ભાઈઓએ બે મશાલો પ્રગટાવી હતી. ૫. પછી વાસુદેવનારાયણની સંધ્યા આરતી કરીને જ્યારે નારાયણધૂન કરી રહ્યા.

તે પછી શ્રીહરિ બોલ્યા, ૬. "તમે બધા સાવધાન થઈને સાંભળો. હવે અમે વાત કરીએ છીએ." ત્યારે સહુ સંતો અને હરિભક્તો બે હાથ જોડીને બોલ્યા, "હે મહારાજ ! હવે આપ વાત કહો. અમે વાત સાંભળવા

ખૂબ ચાહીએ છીએ." પછી શ્રીજીમહારાજ ભક્તો પ્રત્યે બોલ્યા, ૭-૮. "**જે ભગવાનનો ભક્ત હોય તેણે રોજ ભગવાનની પૂજા કરીને સ્તુતિ કરવી. તેમાં ભગવાનની પાસે એવું માંગવું કે, 'હે મહારાજ ! હે મારા સ્વામી ! હે કૃપાસિંધો ! ભવભ્રટકણને ટાળનારા હે શરણાગત-પ્રતિપાલક ! હે દયાળુ ! હે અંતર્યામી ! કુસંગી થકી મારી વારંવાર રક્ષા કરજો, આવી મારી વિનંતિને સાંભળજો.'** એમ કહેવું. સત્પુરુષોનાં વચન છે કે આપ મૂર્તિમાં અંતર્યામીપણે કરીને રહ્યા છો. ૯-૧૧. ભક્તજન જેવા મનોરથને કરે છે તેને આપ મૂર્તિમાં રહીને જૂઓ છો. જે મૂર્તિને આવી રીતે પ્રગટપણે જાણતા નથી તે તેટલા નાસ્તિક અને કુસંગી છે. ૧૨. તે કુસંગી ચાર પ્રકારના છે. તે હવે કહીએ છીએ. કુંડાપંથી, શક્તિપંથી, વેદાંતી અને નાસ્તિક. ૧૩.

જેને કુંડાપંથીનો સંગ થાય તેને તે નિષ્કામી વ્રતમાનને ચુકાવીને ભ્રષ્ટ કરી દે છે. ૧૪. શક્તિપંથીનો જેને સંગ થાય તેને તે દારૂ, માંસ ખવડાવીને ભ્રષ્ટ કરે છે. ૧૫. અને જો શુષ્કવેદાંતીનો જેને સંગ થાય તો તેને વાતો કરીને તેની સમજણનો ભંગ કરે છે. જેમ કે, ભગવાનનાં ધામ, સદાય માયાથી પર એવો ભગવાનનો દિવ્ય આકાર, ભગવાનના અવતાર અને તેમની મૂર્તિઓના આકાર, તે બધાને ખોટા કરી દેખાડે છે. અને ઘણું હેત દેખાડીને ભગવાનની ભક્તિ તથા ઉપાસનાથી ભ્રષ્ટ કરી દે છે. ૧૬-૧૮. અને જો નાસ્તિકનો સંગ થાય તો તે કર્મને જ સાચા દેખાડે અને પરમેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન તેને ખોટા કરી દેખાડે. અને અનાદિ સત્શાસ્ત્રના માર્ગથી ભ્રષ્ટ કરે. માટે ભગવાનની પાસે આટલું રોજ માગવું કે, 'ચાર પ્રકારના જે કુસંગી મનુષ્ય તેનો સંગ મને કોઈ દિવસ ન આપશો.' આટલું ભગવાનની મૂર્તિ સમીપે રોજ કહેવું. ૧૯-૨૧.

વળી, ભગવાનની પ્રાર્થના કેવી રીતે કરવી ? તેની રીત અમે કહીએ છીએ, 'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન ઇત્યાદિક અપાર અંતઃશત્રુઓથી હે ભગવાન ! મારી રક્ષા કરજો. ૨૨-૨૩. અને નિત્ય આપના ભક્તનો સમાગમ મને આપજો. આવી રીતે ભગવાનની પ્રાર્થના કરવી. ૨૪. અને ભક્તજનોએ એ ચાર

પ્રકારના કુસંગી અને કહ્યા જે અંતઃશત્રુઓ, તેનો નિરંતર ડર રાખવો. ૨૫. ભગવાન તથા ભગવાનના દાસના પણ દાસ થવાનું માગવું. કેમ જે, આ દાસ થવાની વાત સહુથી અધિક છે. ૨૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અડતાળીશમું વચનામૃત કહ્યું" એ નામે પિસ્તાળીશમો તરંગ સમાપ્ત ॥૪૫॥



પૂર એકવીશમું : તરંગ - ૪૬

ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણપચાસમું વચનામૃત

✻ સાચા ભક્તની રીત તથા અંતરદૃષ્ટિનું :

મહા સુદિ ચૌદશને દિવસ સંધ્યા સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિર આગળ લીંબડાના વૃક્ષ નીચે ઓટા ઉપર એક પલંગ ઢાળેલો હતો, તેના ઉપર આવીને શ્રીહરિ વિરાજમાન થયા. ત્યાં બે મશાલો કરેલી હતી અને કંઠમાં પીળા પુષ્પના હાર પહેર્યા હતા. ૧-૩. ત્યારે બંને હાથમાં પીળા પુષ્પના ગજરા ધારણ કર્યા હતા અને સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં. ૪. અને પોતાના મુખારવિંદની આગળ સહુ સંતો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ બોલ્યા, "પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો. જેમાંથી સહેજે વાત નીકળશે." પછી બ્રહ્માનંદસ્વામીને જેવો પ્રશ્ન ઉપજ્યો તેવો તેમણે પૂછ્યો. ૫-૬. "ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવામાં ઘણો પ્રયાસ પડે છે અને જગતના પદાર્થમાં વૃત્તિ સહેજે જ રહે છે. ૭. તેનું શું કારણ છે ? તે વાત અમને સમજાતી નથી." પછી શ્રીહરિ બ્રહ્માનંદસ્વામી પ્રત્યે બોલ્યા, ૮.

चोपाई :

भगवान के भक्त होय ताकी, वृत्ति भगवान विन हि न वाकी;
भगवान के भक्त भये ताकू, चिंता ए ज रहत हे वाकू...०९
जगत के पदारथ ता मांही, वृत्ति रखना कठिन जो रहाही;
तेहि करीके परमेश्वर ताके, भक्त होय तिनकु वाके...१०

"જે ભગવાનનો ભક્ત હોય તેની વૃત્તિ તો ભગવાન સિવાય બીજે રહે જ નહિ. જે ભગવાનનો ભક્ત થયો હોય તેને તો એવી જ ચિંતા રહ્યા કરતી હોય છે કે, 'મારે જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી કઠણ પડશે.' માટે જે ભગવાનના ભક્ત હોય તેને તો જગતના પદાર્થમાં વૃત્તિ રાખવી એ જ ઘણું કઠણ છે. અને જે જગતના જીવ છે તેને તો પરમેશ્વરમાં મનની વૃત્તિ રાખવી ઘણી કઠણ છે. અમે જેવું સમજીએ છીએ તેવું કહીએ છીએ. માટે જેટલા પરમેશ્વરના ભક્ત કહેવાય છે, તેમની વૃત્તિ જેટલી પરમેશ્વરમાં નથી રહેતી તેટલા તે પરમેશ્વરના ભક્ત નથી, તેમ અમને દેખાય છે. ૯-૧૩. આ સત્સંગમાં જે જેટલો આવે છે તેટલો તેને સંતની વાત સાંભળીને ધીરે ધીરે સત્સંગ થયો છે. હવે સંતોની વાત સાંભળતા સાંભળતા તે પ્રત્યક્ષ પરમેશ્વરનો પાકો ભક્ત થશે." ૧૪-૧૫.

❋ ભગવાન સામું જોઈ રહેવું તેનું નામ જ અંતરદષ્ટિ છે :

પછી બ્રહ્માનંદસ્વામીએ ફરીવાર પૂછ્યું કે, "હે મહારાજ ! આપે કહ્યું તે રીતે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનું શું સાધન છે ? તે આપ કહો." ત્યારે શ્રીજીમહારાજે તે સાધન કહ્યું જે, "ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનું સાધન તો અંતરદષ્ટિ રાખવી તે છે. ૧૬-૧૭. હવે તે અંતરદષ્ટિ જે રીતે રહે તે વાત અમે કહીએ છીએ. જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામે જોઈ રહેવું, તે અંતરદષ્ટિ છે. અને તે મૂર્તિ વિના છ ચક્ર દેખાય અથવા ગોલોક તથા વૈકુંઠ ઈત્યાદિક ભગવાનનાં ધામ કદાચ અખંડ દેખાતા હોય, તોપણ ભગવાનની મૂર્તિ સિવાય જેટલું બીજું દેખાય છે તે અંતરદષ્ટિ નથી. ૧૮-૨૦.

માટે **ભગવાનની મૂર્તિને હૃદયમાં ધારવી અથવા તો બહાર ભગવાનની મૂર્તિની સામે જોઈ રહેવું તેનું જ નામ અંતરદષ્ટિ છે. અને મૂર્તિ સિવાય બીજે જ્યાં જ્યાં વૃત્તિ જાય કે રહે તે બધું બાહ્યદષ્ટિ જ કહેવાય છે." ૨૧-૨૨.** પછી શ્રીજીમહારાજ પરમહંસ પ્રત્યે બોલ્યા કે, "તમે બે બેની જોડ થઈને સામસામા પ્રશ્ન-ઉત્તર કરો." ૨૩. પછી ઘણીવાર સુધી પરમહંસોએ

જેને જેવા આવડ્યા તેવા પરસ્પર સામસામા પ્રશ્ન-ઉત્તર કર્યા. ૨૪. તે પરમહંસોના પ્રશ્ન-ઉત્તર સાંભળીને શ્રીહરિએ જેની જેવી બુદ્ધિ હતી તેની તેવી પરીક્ષા કરી. ૨૫.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણપચાસમું વચનામૃત કહ્યું" એ નામે છેતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૬॥



પૂર એકવીશમું : તરંગ - ૪૭

ગઢડા પ્રથમ પ્રકરણનું પચાસમું વચનામૃત

❋ કલ્યાણનું જતન કરે તે કુશાગ્રબુદ્ધિવાળો છે :

મહા વદી પડવાને દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરની મેડીની ઓસરીની આગળ પ્રાતઃકાળે પલંગ ઉપર વિરાજમાન હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૨. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩.

પછી શ્રીજીમહારાજે મુનિઓ પ્રત્યે એમ કહ્યું કે, "અમે આજ પૂછીએ છીએ કે, જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તે કુશાગ્રબુદ્ધિ કોની કહેવાય ? જે માણસ બહુ પ્રકારના સંસાર વ્યવહારને અનેક રીતે જાણતો હોય, તેની કુશાગ્રબુદ્ધિ કહેવાય કે ન કહેવાય ? તે તમે કહો. અથવા શાસ્ત્ર અને પુરાણના અર્થને બહુ જાણતો હોય, તેની કુશાગ્રબુદ્ધિ કહેવાય કે ન કહેવાય ? તે તમે કહો. પછી જેટલા નિપુણ બુદ્ધિવાળા મુનિઓ હતા, તે તેનો ઉત્તર કરવા લાગ્યા પણ તેનો યથાર્થ ઉત્તર ન થયો.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા, "કેટલાક વ્યવહારમાર્ગમાં અતિશય નિપુણ હોય છે, તોપણ પોતાનાં કલ્યાણ માટે ક્યારેય જતન કરતા નથી. અને કેટલાક શાસ્ત્ર, પુરાણ અને ઇતિહાસના અર્થને સારી રીતે જાણતા હોય, તોપણ પોતાના કલ્યાણને માટે લેશમાત્ર પણ જતન કરતા નથી. માટે તેને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા. ૪-૧૦.

चोपाई :

याकी स्थूल बुद्धि कहाते, कल्याण हित न जत्न कराते;
कल्याण हित जो जत्न करीता, बुद्धि ताकी थोरी कबु रहीता...११
तदपि कुशाग्र बुद्धि जानो, मोक्ष मग जेहि चलत रहानो;
साधन जो जो कहावत जेता, कर चूके यह सब हि तेता...१२

જે પોતાના કલ્યાણને માટે જતન નથી કરતા તે તો જાડી બુદ્ધિવાળા કહેવાય. અને જે પોતાના કલ્યાણને માટે જતન કરે છે તેની બુદ્ધિ કદાચ થોડી હોય, તોપણ તેને કુશાગ્રબુદ્ધિવાળો જાણવો. કેમ જે, જે મોક્ષને માર્ગે ચાલી રહ્યો હોય તે બીજાં જે જે સાધન કહેવાય છે તે બધાને કરી ચૂક્યો છે. ૧૧-૧૨. અને વેદ, શાસ્ત્ર, પુરાણ તથા ઈતિહાસ તે બધાને તે ભક્ત જાણી ચૂક્યો છે. તેમજ તીર્થ, વ્રત, દાન અને પુણ્ય, તે બધાને પણ તે કરી ચૂક્યો છે. ૧૩. જે કાંઈ બાબત કરવાની હોય તે બધી તેને પૂરી થઈ ગઈ છે. માટે **જે ભગવાનને માર્ગે ચાલ્યો છે તેની જ કુશાગ્રબુદ્ધિ કહેવાય છે.** ૧૪. ભગવાનના માર્ગ સિવાય બીજા માર્ગને કોઈ નિપુણતાથી ગમે તેટલા સિદ્ધ કરે, તોપણ તે જાડી બુદ્ધિવાળો છે. ૧૫. બ્રહ્માંડમાં જેટલા દુર્લભ પદાર્થ છે તે બધાને પોતે પોતાને વશ કરી લે તોપણ તે જાડી બુદ્ધિ વાળો કહેવાય છે. ૧૬.

જગતનો જે વ્યવહાર કરવાનો હોય તેમાં તો સાવધાન થઈને ચાલતો હોય, પણ જેણે કરીને દુઃખમાત્ર છૂટી જાય, કોઈ દુઃખ ન રહે; એવા કલ્યાણને માર્ગે જ્યાં સુધી નથી ચાલતો ત્યાં સુધી તેને માથે દુઃખ રહ્યું જ છે. સહુ કોઈ દુઃખ ટાળવાના ઉપાય કરે છે, પણ તેનો સાચો ઉપાય કરતા નથી. ૧૭-૧૮. જ્યાંથી સુખ થવાનું હોય ત્યાં દુઃખ દેખાય ત્યાં સુધી તે ક્યારેય સાચા સુખને પામતો નથી. તેના ઉપર ભગવદ્‌ગીતાનો શ્લોક છે જે,

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥ २/६९

એ શ્લોકનો એવો અર્થ છે કે, 'ભગવાનનું ભજન કરવામાં જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારયુક્ત વર્તે છે. અર્થાત્ તે ભગવાનના

ભજનને ક્યારેય કરતા નથી. ૧૯-૨૧. અને જે ભગવાનના ભક્ત છે તે તો ભગવાનનું ભજન કરવામાં નિરંતર જાગ્યા છે. અર્થાત્ તત્પર થઈને ભજન કરે છે. ૨૨. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, એ પાંચ વિષયમાં બંધાયેલા જીવમાત્રની બુદ્ધિ તેમાં જાગ્રત રહે છે, કહેતાં વિષયને ભોગવતા થકા જ નિત્ય વર્તે છે. અને ભગવાનના ભક્તની બુદ્ધિ તો તેનાથી જુદી જ છે. ૨૩-૨૪. વિષયભોગને વિષે તે અંધકારયુક્ત વર્તે છે. અર્થાત્ વિષયભોગને તેઓ તૂત-ખોટું સમજે છે; એટલે કે, તેને ભોગવતા જ નથી. ૨૫. માટે આગળ કહ્યું તે રીતે પોતાના કલ્યાણને માટે સાવધાન થઈને શુદ્ધપણે જે વર્તે છે તે કુશાગ્રબુદ્ધિવાળો છે. ૨૬. મનુષ્યદેહને પામીને પણ જે ભગવાનનું ભજન નથી કરતો તે જાડી બુદ્ધિવાળો કહેવાય અને પશુની સમાન તે મૂર્ખ છે. ૨૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પચાસમું વચનામૃત કહ્યું" એ નામે સુડતાળીશમો તરંગ સમાપ્ત ॥૪૭॥



પૂર એકવીશમું : તરંગ - ૪૮

ગઢડા પ્રથમ પ્રકરણનું એકાવનમું વચનામૃત

❋ પુરુષોત્તમરૂપ થાય ત્યારે જ તેનો નિશ્ચય થાય :

મહા વદી બીજને દિવસ રાત્રિને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા. ત્યારે શ્વેત સુરવાળ પહેર્યો હતો તથા શ્વેત અંગરખું પહેર્યું હતું, મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

પછી શ્રીજીમહારાજ બોલ્યા, "હવે કાંઈક પ્રશ્ન પૂછો." ત્યારે પૂર્ણાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, "જે દસ ઈન્દ્રિયો કહેવાય છે તે તો

રજોગુણની છે અને ચાર અંતઃકરણ તે તો સત્ત્વગુણના છે. ૫-૬. તેથી ઇન્દ્રિયો તથા અંતઃકરણ તે બધાં માયિક છે અને ભગવાન તો અમાયિક છે. એટલે તે અમાયિક ભગવાનનો માયિક અંતઃકરણે કરીને કેમ નિશ્ચય થાય? અને માયિક એવી જે ચક્ષુ આદિ ઇન્દ્રિયો તેણે કરીને અમાયિક ભગવાન કેમ દેખ્યામાં આવે ?" ૭-૮.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "માયિક વસ્તુએ કરીને જેટલી માયિક વસ્તુ છે તે દેખ્યામાં આવે છે, માટે તે માયિક કહેવાય છે. ૯. તેથી માયિક એવા અંતઃકરણ અને ઇન્દ્રિયોએ કરીને ભગવાન દેખાયા-જણાણા, તો ભગવાન પણ માયિક ઠર્યા કહેવાય. ૧૦. આવી રીતનો તમારો પ્રશ્ન છે ને ? અમારી સમજમાં તેવો આવ્યો છે." ત્યારે પૂર્ણાનંદસ્વામી અને સહુ સંતોએ કહ્યું કે, "પ્રશ્ન તો એ જ છે. તેને આપ બહુનામી સહજાનંદસ્વામીએ પુષ્ટ કરી આપ્યો."

પછી શ્રીજીમહારાજ તેનો ઉત્તર કરવા લાગ્યા, ૧૧-૧૨. "તેનો ઉત્તર તો એમ છે જે, પચાસ કરોડ યોજન વિસ્તારવાળું આ પૃથ્વીનું પીઠ છે. તે ભૂમિની ઉપર ઘટપટાદિક અનેક પ્રકારનાં ઘણાં પદાર્થ રહ્યાં છે અને તે બધા જ પદાર્થમાં ભૂમિ રહી છે. ૧૩-૧૪. અને તે ભૂમિ પોતાના સ્વરૂપે કરીને પદાર્થોથી નોખી પણ રહી છે. આ વાત ઘણી અનુપમ છે. તે કહ્યા સિવાય સમજાતી નથી. ૧૫. જ્યારે પૃથ્વીની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે તે સર્વે પદાર્થરૂપે પૃથ્વી થઈ છે તેની રીત દેખાય છે. ૧૬. પણ પૃથ્વી સિવાય બીજો કોઈ પદાર્થ નજરે આવતો નથી. અને તે ભૂમિ જળના એક અંશમાંથી ઉત્પન્ન થઈ છે. ૧૭. તે જળ પૃથ્વીની નીચે છે, ચારેકોર છે, પડખે છે અને ઉપર પણ તે જળ રહ્યું છે તથા ભૂમિની મધ્યે પણ તે વ્યાપક કહેવાય છે. ૧૮. જ્યારે વિચાર કરીને જળની દૃષ્ટિએ જોઈએ છીએ ત્યારે આ ભૂમિ દેખાતી નથી, એકલું જળ જ દેખ્યામાં આવે છે. ૧૯. એ જળ પણ તેજના એક અંશમાંથી ઉત્પન્ન થયું છે. માટે તે તેજની દૃષ્ટિએ કરીને જ્યારે જોઈએ છીએ ત્યારે જળ દેખાતું નથી. ૨૦. પણ એકલું તેજ જ દેખાય છે. પછી જ્યારે તેનો વિચાર કરીએ છીએ ત્યારે તેજ પણ વાયુના એક અંશમાંથી

ઉત્પન્ન થયું દેખાય છે. ૨૧. માટે જ્યારે વાયુની દૃષ્ટિએ કરીને અંતરમાં જોઈએ છીએ ત્યારે તેજ નહિ, પણ એકલો વાયુ જ દેખાય છે. વાયુ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. ૨૨. અને તે વાયુ પણ આકાશના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે. માટે તે વાતને અંતરમાં વિચારીને આકાશની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે વાયુ આદિક ચાર ભૂતો અને તેનું કાર્ય જે પિંડ-બ્રહ્માંડ તે કાંઈ દેખાતું નથી, એકલો આકાશ જ દેખાય છે. ૨૩-૨૪.

અને એવો આકાશ પણ તામસ અહંકારના એક અંશથી જ ઉત્પન્ન થયો છે, તે વાત નક્કી છે. ૨૫. તે તામસાહંકાર, રાજસાહંકાર, સાત્ત્વિકાહંકાર, વિશાળ પંચમહાભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને તેના દેવતા આ બધા જુદા જુદા વર્ણના છે, તે સર્વ મહત્તત્ત્વના એક અંશમાંથી જ ઉત્પન્ન થયા છે. માટે જો મહત્તત્ત્વની દૃષ્ટિએ કરીને જોઈએ તો ત્રણ પ્રકારનો અહંકાર, ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ અને તેના દેવતા, એ બધું કાંઈ જ નથી. ૨૬-૨૯. એકલું મહત્તત્ત્વ જ છે, તે મહત્તત્ત્વ સિવાય બીજું કાંઈ દેખાતું નથી. અને જે મહત્તત્ત્વ છે તે પણ પ્રધાનપ્રકૃતિનું કાર્ય છે. કેમ જે, તે તેના એક અંશથી ઉત્પન્ન થયેલું છે. માટે તે પ્રકૃતિની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે તે મહત્તત્ત્વ દેખ્યામાં આવતું નથી, એકલી પ્રકૃતિ જ છે. પ્રકૃતિ સિવાયનું કાંઈ દેખાતું નથી. અને તે પ્રકૃતિ પણ પ્રલયકાળે પુરુષના એક અંશમાં લીન થઈ જાય છે. અને ફરી સૃષ્ટિને સમયે પુરુષના એક અંશથી ઉત્પન્ન થાય છે. માટે પુરુષની દૃષ્ટિએ કરીને જોઈએ તો પ્રકૃતિ દેખાતી નથી એકલો પુરુષ જ છે. એવા અનંત કોટિ પુરુષ રહ્યા છે. ૩૦-૩૪.

તે બધા પુરુષો જે મહામાયા કહેવાય છે તેના એક અંશથી ઊપજે છે. તે મહામાયાની દૃષ્ટિએ કરીને જ્યારે જોઈએ ત્યારે કોઈ પુરુષ દેખાતા નથી, એકલી મહામાયા જ સમર્થ દેખાય છે. અને તે મહામાયા પણ મહાપુરુષના એક અંશમાંથી ઉત્પન્ન થઈ છે. માટે તે મહાપુરુષની દૃષ્ટિએ જોઈએ ત્યારે મહામાયા દેખવામાં આવતી નથી, એકલો મહાપુરુષ જ દેખાય છે. તે મહાપુરુષ પણ પુરુષોત્તમ ભગવાનનું જે વિશાળ અક્ષરધામ છે તેના એક દેશમાંથી ઊપજે છે. માટે તે અક્ષરની દૃષ્ટિએ કરીને જોઈએ

તો મહાપુરુષ આદિ કોઈ દેખાતા નથી. ૩૫-૪૦. એક અક્ષર જ દેખાય છે, તે અક્ષર સિવાય કાંઈ દેખાતું નથી. અને તે અક્ષરથી પણ પર એવા અક્ષરાતીત અજિત પુરુષોત્તમ ભગવાન છે તે સહુથી પર રહ્યા છે. તેનાથી પર કોઈ નથી. છતાં તેનાથી પર જે કોઈ કહે છે તે બધા કલ્પિત મત છે, તેમ જાણવું. ૪૧-૪૨.

જે લોકો પોતાના મતને ભગવાનથી પણ પર કહે છે તે બધા મત લોકોને ઠગનારા છે, એ સામાન્ય લોકોને ક્યારેય સમજ્યામાં આવતું નથી. ૪૩. ધર્મરૂપ સદાચાર વિનાના જેટલા મત છે તેને અધર્મી લોકો બહુ માને છે, પણ ધર્મ રહિતનું ફળ તો જમપુરી અને લખચોરાશીનાં તમામ દુઃખો જ કહેવાય છે. ૪૪. તે દુઃખો તેને પહેલા દેખાતા નથી તેથી ધર્મ વિનાના મતને જોઈને લોકો મલકાય છે. પરંતુ સાચા સત્સંગના જેટલા મત છે તે કોઈ ધર્મ વગરના હોતા નથી. ૪૫. જેમને ધર્મ પ્રિય લાગે છે તેનાં ભાગ્ય ઉદય થાય છે અને જેનું અપાર ભાગ્ય હોય તે સત્સંગ કરતા રહે છે. ૪૬. અને જે લોકો અભાગિયા છે તે બધા સદાચારરૂપ ધર્મ વિનાના મતને માને છે. કોઈ એક સારો હરિભક્ત હોય તો તેની તુલનામાં બ્રહ્માંડના જેટલા લોકો છે તે કોઈ આવી શકતા નથી. ૪૭.

✵ મહિમાએ સહિત નિશ્ચય થવાની રીતિ અને સ્થિતિ :

ધર્મથી યુક્ત ભગવાનના ભક્તનું આવું અપરિમિત માહાત્મ્ય છે. અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયના કર્તા છે અને સર્વનું કારણ છે. જે કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય અને તેનાથી જુદું પણ રહે છે, એવું તે સમર્થ હોય છે. ૪૮-૫૦.

सोरठा : तेही कारण कर जेहि, सब कारण पुरुषोत्तम हि;
भगवान कहावत तेहि, ताकी दृष्टि कर जोये जब...५१

एक पुरुषोत्तम बिन, दुजे कोउ भासत नहीं;
एसे महा प्रवीन, भगवान ते ज कृपा कर...५२

તે માટે સર્વનું કારણ એવા જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જ્યારે જોઈએ ત્યારે એક પુરુષોત્તમ ભગવાન સિવાય બીજું કાંઈ ભાસે જ

નહીં. આવા મહાપ્રવીણ જે ભગવાન તે પોતે કૃપાએ કરીને અનેક જીવોનાં કલ્યાણ કરવા માટે આ ભૂમિ પર સર્વ લોકોને પ્રત્યક્ષ દર્શન દે છે. ત્યારે જે મનુષ્યોને તે ભગવાનના સંતનો ભેટો થાય અને તેનો સમાગમ કરીને અંતરમાં તે પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે, ત્યારે તે બુદ્ધિમાન મનુષ્યના ઇન્દ્રિયો, અંતઃકરણ સર્વે પુરુષોત્તમરૂપ થઈ જાય છે. તેણે કરીને તે ભક્તને મહાન પરમ અનુપમ ભગવાનનો નિશ્ચય થાય છે. જેમ હીરાએ કરીને જ હીરો વીંધાય છે, પણ બીજા અનેક પ્રયત્ન કરવા છતાં તે વીંધાતો નથી. ૫૧-૫૪. તેમ **ભગવાનનો જે નિશ્ચય છે તે ભગવાન વતે જ થાય છે અને ભગવાનનાં દર્શન પણ ભગવાનથી જ થાય છે, પણ માયિક એવા ઇન્દ્રિયો, અંતઃકરણે કરીને થતા નથી."** આમ વાત કરી 'જય સચ્ચિદાનંદ' કહીને શ્રીજીમહારાજ ચાલતા થયા અને પોતાને ઉતારે પધાર્યા. અને ત્યાં અત્યંત ખુશીથી આસન ઉપર બેઠા. ૫૫-૫૭.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું એકાવનમું વચનામૃત કહ્યું" એ નામે અડતાલીશમો તરંગ સમાપ્ત ॥૪૮॥



પૂર એકવીશમું : તરંગ - ૪૯

ગઢડા પ્રથમ પ્રકરણનું બાવનમું વચનામૃત

❋ ચાર શાસ્ત્રે કરીને ભગવાનને જાણ્યાનું :

મહા વદી ત્રીજને દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં મેડીની ઓસરીમાં ગાદીતકિયા ઉપર વિરાજમાન થયા હતા. સર્વે શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને કથા વંચાવતા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના બધા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૩.

તે કથામાં એમ આવ્યું કે, "સાંખ્ય, યોગ, વેદાંત અને પંચરાત્ર, એ ચાર શાસ્ત્રે કરીને જે ભક્ત ભગવાનના સ્વરૂપને સમજે છે, તે પૂરો જ્ઞાની કહેવાય." ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું, "હે મહારાજ ! તે ચાર

શાસ્ત્રે કરીને જે ભગવાનને જાણવાનું કહ્યું, તે કઈ રીતે જાણવા ? હવે તે યથાર્થ વાત અમને આપ કહો. ૫-૬. અને ચાર શાસ્ત્રે કરીને ભગવાનને જાણે નહીં, તો તેમાં કેટલી ન્યૂનતા રહે છે ? તે વાત પણ કૃપા કરીને કહો." ૭. ત્યારે શ્રીજીમહારાજ પ્રસન્ન મનથી બોલ્યા, "સાંખ્ય શાસ્ત્ર જે રીતે ભગવાનને કહે છે તે રીતે એનો યથાર્થ મત અમે પ્રથમ કહીએ છીએ. બીજાને તે સમજવું કઠિન છે. સાંખ્યશાસ્ત્ર, 'ભગવાનને પચીશમા કહે છે. ૮-૯. જેમ ચોવીશ તત્ત્વ ભગવાન વિના કશું કરી શકતા નથી, તેમ જીવ અને ઈશ્વર પણ ભગવાન વિના કાંઈ કરી શકતા નથી. ૧૦. માટે જીવ અને ઈશ્વરને પણ તે સમજણે કરીને ચોવીશ તત્ત્વની ભેળા જ ગણ્યા છે; સમજ્યા સિવાય તે કહ્યું નથી. ૧૧. જીવ અને ઈશ્વરે સહિત જે આવા ચોવીશ તત્ત્વ કહેવાય છે તે બધાને ક્ષેત્ર કહ્યા છે અને ભગવાનને ક્ષેત્રજ્ઞ ગણ્યા છે.' ૧૨.

અને યોગશાસ્ત્ર, 'ભગવાનને છવ્વીશમા કહે છે અને મૂર્તિમાન કહે છે. જીવ તથા ઈશ્વરને પચીશમા કહે છે અને ચોવીશ તત્ત્વને સમજી વિચારીને અલગ કહે છે. ૧૩-૧૪. પછી તે તત્ત્વોથી પોતાના આત્માને અલગ સમજીને ભગવાનનું ધ્યાન કરવાનું કહે છે.' ૧૫. અને જે વેદાંતશાસ્ત્ર છે તે, 'ભગવાનને સર્વકારણ, સર્વવ્યાપક, સર્વાધાર, નિર્ગુણ, અદ્વૈત(અદ્વિતીય), નિરંજન, કર્તા થકા અકર્તા, પ્રાકૃત વિશેષણ(માયિક ગુણ-ધર્મ)થી રહિત તથા દિવ્ય વિશેષણોથી સહિત કહે છે.' ૧૬-૧૭. અને પંચરાત્રશાસ્ત્ર છે તે ભગવાનને એમ કહે છે કે, 'એક એવા જે શ્રીકૃષ્ણ પુરુષોત્તમનારાયણ છે તે વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ અને પ્રદ્યુમ્ન એ ચતુર્વ્યૂહરૂપે થાય છે. અને જ્યારે પોતાની ઈચ્છા થાય ત્યારે પૃથ્વી ઉપર અનુપમ અવતારને ધારણ કરે છે. ત્યારે જે ભક્ત તે અવતારને વિશે નવ પ્રકારની ભક્તિ પ્રેમે સહિત કરે છે, તેનું કલ્યાણ થાય છે.' આ વાત અમે સત્ય કહીએ છીએ. આ રીતે ચાર શાસ્ત્રમાં ભગવાનને કહ્યા છે. ૧૮-૨૧.

તે ભગવાનને યથાર્થરૂપે જ્યારે સમજે ત્યારે પૂરો જ્ઞાની કહેવાય. પણ અન્ય ત્રણ શાસ્ત્રને છોડીને એક સાંખ્યશાસ્ત્રનું જ ગ્રહણ કરીને ભગવાનના સ્વરૂપને જો સમજે તો તેમાં એવો બાધ આવે જે, 'સાંખ્યશાસ્ત્રમાં જીવ-

ઈશ્વરને તત્ત્વથી પૃથક કહ્યા નથી. તેથી જ્યારે તત્ત્વનો નિષેધ કરે અને પોતાના જીવાત્માને તે તત્ત્વથી અલગ સમજે ત્યારે પચીશમો પોતાનો જીવાત્મા સમજાઈ જાય, પણ ભગવાન ન સમજાય.' ૨૨-૨૫.

અને જો એકલા યોગશાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે ત્યારે એ દોષ આવે કે, (યોગશાસ્ત્રે ભગવાનને મૂર્તિમાન કહ્યા છે. તેને પરિછિન્ન-માપવાળા સમજે, પણ સર્વાંતર્યામી અને પરિપૂર્ણ એવા પ્રભુને ન સમજે. અને જો એક વેદાંતશાસ્ત્રે કરીને જ ભગવાનને સમજે તો એ દોષ આવે કે) ભગવાનને સર્વનું કારણ, સર્વ વ્યાપક અને નિર્ગુણ કહ્યા છે, તેને નિરાકાર સમજે. ૨૬-૨૯. પણ માયિક કરચરણાદિકે કરીને રહિત અને દિવ્ય આકારે સહિત, એવો સહજ સિદ્ધ ભગવાનનો જે સનાતન આકાર રહ્યો છે તેને ક્યારેય સમજે નહિ,

આવા દોષ તેમાં આવે છે. અને જો એકલા પંચરાત્રશાસ્ત્રે કરીને ભગવાનના સ્વરૂપને સમજે તો તેમાં એ દોષ આવે છે કે, જે ભગવાનના અવતારોને વિષે ભક્તિ કરવાની કહી છે, તેને વિષે મનુષ્યભાવ આવી જાય અને એકદેશસ્થપણું(એક જ સ્થાનમાં રહેવાપણું.) સમજાઈ જાય; પણ સર્વાન્તર્યામીપણું અને પરિપૂર્ણપણું ન સમજાય. માટે એ સર્વે શાસ્ત્રોએ કરીને જો ભગવાનને પ્રસન્ન મનથી ન સમજે તો કહ્યા એવા સર્વે દોષ આવે છે. અને જ્યારે એ સર્વે શાસ્ત્રે કરીને સમજે તો જે એક એક શાસ્ત્રની સમજણે કરીને જે કાંઈ દોષ આવે છે તે બીજા શાસ્ત્રની સમજણે કરીને ટળી જાય છે; લેશ પણ દોષ રહેતા નથી. રંચભર સંદેહ રહેતો નથી. ૩૦-૩૬.

માટે આ ચાર શાસ્ત્રોએ કરીને જે સમજે તે જ પરિપૂર્ણ જ્ઞાની કહેવાય અને તેમ ન સમજે તો પૂરો જ્ઞાની કહેવાય નહિ. ૩૭. અને જો તે ચાર શાસ્ત્રમાંથી ક્યારેક એકને છોડી દે તો તે પોણો જ્ઞાની કહેવાય, એમ સમજવું. ૩૮. અને બે શાસ્ત્રને જ્યારે છોડી દે ત્યારે તે અડધો જ્ઞાની કહેવાય અને જ્યારે ત્રણ શાસ્ત્રને છોડી દે ત્યારે પા જ્ઞાની કહેવાય. ૩૯. અને આ ચારેય શાસ્ત્રને છોડી દઈને મનફાવે તે રીતે શાસ્ત્રને સમજીને જો કુમાર્ગે ચાલે તો એવો જે વેદાંતી અને ઉપાસનાવાળો, તે બંને ભૂલા પડ્યા છે તેમ નિશ્ચય

જાણવું. પણ તે બેમાંથી કોઈને કલ્યાણનો માર્ગ જડ્યો નથી. માટે તે વેદાંતી દંભી જ્ઞાની છે અને ઉપાસનાવાળો દંભી ભક્ત છે. ૪૦-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાવનમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણપચાસમો તરંગ સમાપ્ત ॥૪૯॥



પૂર એકવીશમું : તરંગ - ૫૦

ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેપનમું વચનામૃત

✵ સત્સંગમાં વધ્યા-ઘટ્યાનું :

મહા વદી નવમીને દિવસ બહુનામી એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર પશ્ચિમ મુખારવિંદે વિરાજમાન હતા. ત્યારે પરમનિધિ શ્રીહરિએ શ્વેત સુરવાળ પહેર્યો હતો અને શ્વેત અંગરખું પહેર્યું હતું. ૧-૩. તે વખતે કસુંબી રંગનું જરકસી છેડાવાળું ભારે શેલું કમર ઉપર બાંધ્યું હતું. અને જરકસી છેડાવાળો એક ભારે કસુંબલ રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો. પાઘમાં પુષ્પના તોરા ઝૂકી રહ્યા હતા, કંઠમાં ફૂલના હાર પહેર્યા હતા, બંને કાન ઉપર ફૂલના ગુચ્છ ધરાવ્યા હતા. ૪-૫. અને પોતાના મુખારવિંદની આગળ સર્વ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૬.

પછી શ્રીજીમહારાજ બોલ્યા, "હવે કોઈ પ્રશ્ન પૂછો." ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, "કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે વધતો જાય છે અને તેની ઘણી પ્રતિષ્ઠા થાય છે. અને કોઈક તો સત્સંગમાં રહીને દિવસ દિવસ પ્રત્યે ઘટતો જાય છે. ૭-૮. તેનું શું કારણ છે ? તે અમને સમજાવીને કહો." પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, "**જે મોટા સાધુ હોય તેનો જે અવગુણ લેતો રહે છે તે ગમે તેવો મોટો હોય, તોપણ દિવસે દિવસે ઘટતો જાય છે.** ૯-૧૦. અને તે સાધુનો જેટલો ગુણ

લે છે તેટલું તેનું અંગ વધતું જાય છે અને ભગવાનને વિષે ભક્તિ પણ વૃદ્ધિ પામે છે. ૧૧. માટે જ્યાં સુધી સાધુ અથવા હરિભક્તનો અવગુણ ન લે ત્યાં સુધી તેનું અંગ વૃદ્ધિ પામે છે અને જો અવગુણ લે તો ઘટી જાય છે. ૧૨.

પરમેશ્વરે પોતે પંચવ્રતમાનની જે મર્યાદા બાંધી છે તેની ઘણી કીર્તિ છે. ૧૩. દેવ અને મનુષ્ય, એ સર્વની ઉપર પંચવ્રતમાન રહ્યા છે. તે પંચવ્રતમાન પાળ્યા સિવાય ક્યારેય કીર્તિ મળતી નથી. ૧૪. કોઈ કદાચ દેવ થયો, રાજા થયો, બ્રાહ્મણ થયો અને ત્યાગી થયો તોપણ શું થયું ? અરે ! બીજા અપાર ગુણ હોય પણ જેને પંચવ્રતમાનના નિયમ ન હોય તો તેના તે બધા ગુણને કલંકરૂપ કરી દે છે. ૧૫-૧૬. તેટલા માટે તે પંચવ્રતમાનનો કોઈ સંત કે હરિભક્ત ભંગ કરે અને જો તેનું પ્રાયશ્ચિત ન કરે તો તેનો દોષ લેવો. ૧૭. સત્સંગની આવી રીત છે. રીત વિના સંત કે હરિભક્ત કહેવાય નહિ. **જેટલા પંચવ્રતમાનના નિયમ રાખે તેટલો તેને ભગવાનનો નિશ્ચય છે. ૧૮.**

જે સંતો અને હરિભક્તો છે તે પંચવ્રતમાન પાળવાથી નિષ્કલંક રહે છે. નિયમ વિનાના જીવોનો ઉદ્ધાર થતો નથી તેઓ તો મરીને જમપુરીમાં જાય છે. ૧૯. જ્યાં સુધી મનુષ્ય પંચવ્રતમાનનો ભંગ કરતો રહે છે ત્યાં સુધી તે વારંવાર લખચોરાશીમાં ફરતો રહે છે અને ઘણું જ દુઃખ પામે છે. ૨૦.

⁕ સત્સંગની મહત્તા અને અવગુણિયાની અધોગતિ :

चोपाई :

जमपुरि चोराशी दुःख जितने, सत्संग मेटन रहे तितने;
सत्संग रहे चिंतामनि जेसा, ताकु कहत मन चाय तेसा...२१
कहत तेसे फल मिलत ताही, एसे यह सत्संग रहाही;
दोष बिन में दोष जो जितने, धरत रहत हर बात कर तितने...२२
तितना आपके बुरे करेऊ, सत्संग सूर्य सम जो रहेऊ;
सत्संग के गुण कहत जेसा, चाय तेसे निच रहे तेसा...२३
भव ब्रह्मा से अधिक ही सुखा, पावत रहे सब मेटीके दुःखा;
सत्संग की मोटप जितनी रहाते, भागवत गीता में तितनी कहाते...२४

સત્સંગ છે તે જમપુરી અને લખચોરાશીના દુઃખને મટાડનારો છે. સત્સંગ તો ચિંતામણિ જેવો છે. તેને જે જેવો મનમાં ચિંતવીને કહે છે, તેવું તેને ફળ મળે છે. આવો આ સત્સંગ છે. નિર્દોષ વ્યક્તિમાં હરેક વાતે જેટલો દોષ આરોપવામાં આવે છે તેટલું તે પોતે પોતાનું ભૂંડું કરે છે. કારણ કે સત્સંગ તો સૂર્ય સમાન છે. જે સત્સંગનો ગુણ કહેશે-લેશે તે ગમે તેવો નીચ હશે, તોપણ તેના બધાં દુઃખ ટળી જશે અને ભવ-બ્રહ્માદિક દેવો કરતાં પણ અધિક સુખને પામશે. સત્સંગની જેટલી મોટપ છે તે ભાગવત અને ગીતામાં કહી છે. ૨૧-૨૪. વેદ અને પુરાણ આદિક જેટલા સદ્ગ્રંથો છે તે સહુમાં સત્સંગનું મૂળ દઢપણે રહ્યું છે. ૨૫. જેટલા સદ્ગ્રંથો છે તે સત્સંગની સમાન કે અધિક બીજાને કોઈને કહેતા નથી. કારણ કે સત્સંગ સહુથી પર છે. ૨૬.

પાતાળથી લઈને ભગવાનનાં ધામ સુધી સત્સંગના મૂળ વિસ્તાર પામીને રહ્યા છે. ૨૭. **ચાર પ્રકારના પ્રલયમાં જેટલું કાંઈ માયિક પદાર્થ છે તે કાંઈ જ રહેતું નથી, સત્સંગ જ રહે છે. આવો સત્સંગ અલૌકિક છે. ૨૮.** જ્યાં સુધી મનુષ્ય સત્સંગ કરતો નથી ત્યાં સુધી તે બ્રહ્મા કરતાં પણ મોટો પંડિત હોય અને બ્રહ્માંડમાં જેટલા ગ્રંથ રહ્યા છે તે બધાને ભણી જાય, તોપણ તે અંધ જ રહે છે. ૨૯. પોતે પંડિત થઈને જો સત્સંગના મૂળ ઉખાડી નાખવા ઈચ્છતો હોય તો તે તેની વિદ્યાનું ફળ નથી, પરંતુ તે આસુરી વિદ્યાનું ફળ છે. ૩૦. જે લોકો સત્સંગનું રક્ષણ કરે છે તે બધા દૈવી જીવો છે. અને જે અસુર છે તે પોતાનો આસુરી ભાવ જણાવે છે. કારણ કે અસુરનો એવો જ સ્વભાવ હોય છે. ૩૧. જે કોઈ અસુર હોય તે પોતાના આસુરી સ્વભાવે કરીને છુપા રહેતા નથી. જેને સત્સંગ થાય છે તેને આસુરી લોકો ઓળખાય જાય છે. ૩૨.

જ્યાં સુધી સત્ય વાત રુચતી નથી ત્યાં સુધી તેમાં આસુરી સ્વભાવ રહે છે. જ્યારે સત્ય વાત ગમે છે ત્યારે તે તરત દૈવી થઈ જાય છે. ૩૩. આસુરી માણસ સત્ય વાતને ચાહે તેમ કહેતો રહે છે, પણ પોતામાં જેવા ગુણ હોય તે રીતે તે વચનને ઉચ્ચારતો હોય છે. ૩૪. અને જ્યારે અસુરોમાં

કોઈ પંડિત થાય અને તે પોતે તેવો ગ્રંથ કરે ત્યારે તેનાથી સત્યમાર્ગ સહન થતો નથી. તેથી તે કૂડ કપટભર્યા ગ્રંથોને રચે છે. ૩૫. તે ગ્રંથોને આસુરી લોકો છે તે પ્રમાણભૂત કરે છે, પણ દૈવી જીવો તેને પ્રમાણભૂત માનતા નથી. જેટલી દૈવીજનોની વાતો છો તે બધી તો સૂર્યના સમાન છે. આસુરીજનોના ગ્રંથોમાં કહેલી જેટલી વાતો છે તે બધી ગ્રહણ તથા સૂતકના જેવી અને ચંડાળના જેવી છે. અર્થાત્ તે છોડી દેવા યોગ્ય જ હોય છે. ૩૬-૩૭. તેથી અસુર લોકોના કરેલા ગ્રંથો અને તેની બધી વાતોને દૈવી મનુષ્યો દૂરથી જ ત્યાગ કરી દે છે. ૩૮. જ્યાં સુધી સંતો અને હરિભક્તો પંચવ્રતમાનમાં રહે ત્યાં સુધી તેના કાંઈક અલ્પ દોષને દેખીને તેનો અવગુણ લેવો નહિ. ૩૯. જે મનુષ્ય સંતો અને હરિભક્તોના અવગુણ નથી લેતા તે દિવસે દિવસે સત્સંગમાં વૃદ્ધિ પામતો રહે છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેપનમું વચનામૃત કહ્યું" એ નામે પચાસમો તરંગ સમાપ્ત ॥૫૦॥



પૂર એકવીશમું : તરંગ - ૫૧

ગઢડા પ્રથમ પ્રકરણનું ચોપનમું વચનામૃત

❋ ભાગવત ધર્મના પોષણ તથા મોક્ષના દ્વારનું :

મહા વદી એકાદશીને દિવસે સવારમાં જગદ્વંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં શ્રીવાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના ઉપર આવીને બેઠા. ૧-૩. શ્વેત ખેસ પહેર્યો હતો અને જરિયાની કસુંબલ એક રેંટો અંગ ઉપર ઓઢ્યો હતો. અને તેવો જ જરિયાની, આસમાની રંગનો રેશમી રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ સર્વે સંતો અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪-૫.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, “હે મહારાજ ! શ્રીમદ્‌ભાગવતના એકાદશ સ્કંધમાં જનકરાજા અને નવયોગેશ્વરના સંવાદે કરીને ભાગવતધર્મો કહ્યા છે. જેમાં અલૌકિક મર્મ રહ્યો છે. ૬-૭. તે ભાગવતધર્મનું પોષણ જે રીતે થાય તેવી વાત આપ કહો. અને વળી, હે પ્યારા ! જીવના મોક્ષનું દ્વાર કઈ રીતે ઉઘાડું થાય ? તે કહો.” ૮. પછી શ્રીજીમહારાજ મુનિઓ પ્રત્યે બોલ્યા કે, “સ્વધર્મ, આત્મનિષ્ઠા, વૈરાગ્ય અને દઢ માહાત્મ્યજ્ઞાને યુક્ત ભગવાનની ભક્તિવાળા એવા જે ભગવાનના એકાંતિક સાધુ, તેમના અહોનિશ પ્રસંગે કરીને જેવા ભાગવતધર્મો છે તેનું તેમ જ પોષણ થાય છે. અને વળી, જીવના મોક્ષનું દ્વાર પણ એવા સાધુના પ્રસંગથી જ ઉઘાડું થાય છે, તે અમે કહી દેખાડ્યું. તે વાત કપિલદેવ ભગવાને દેવહૂતિ માતા પ્રત્યે આ શ્લોકથી કહી છે જે,

प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः ।
स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥

(ભાગવત : ૩/૨૫/૨૦)

दोहा : जेसे यह जीव कु जो, निज हि सबंधी तामें;
दृढ हि रहे प्रसंग तेहि, तेसे संत हि यामें...१३
प्रसंग होवे दृढकर, मोक्ष के द्वार ताकु;
उघारे होवत हे यह, कहे इस रीत हि वाकु...१४

જેવો આ જીવને પોતાના દેહના સંબંધીમાં દઢ પ્રસંગ રહ્યો છે તેવો ને તેવો જ દઢ પ્રસંગ જો સાધુને વિશે થાય તો તેણે કરીને જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.” ૯-૧૪.

પછી શ્રીહરિની સમીપે રહેનારા એવા શુકમુનિએ દીનભાવે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, ૧૫. “ગમે તેવો આપત્કાળ પડે તોપણ પોતાના ધર્મથી ખસે નહિ તે કઈ રીતે ઓળખાય ? ૧૬. તેનાં લક્ષણ કેવાં હોય ? તે કહો. કેમ જે, કહ્યા વિના કેમ ખબર પડે ?” શ્રીહરિ પોતે તો સર્વ વાતને જાણે છે અને જે વાતને જે જાણતા હોય તેને તે વાત કહેવામાં કાંઈ વિલંબ લાગતો નથી. પછી શ્રીહરિ બોલ્યા, “જેને પરમેશ્વરના વચનની રાત-દિવસ ખટક

રહેતી હોય અને જે નાનું મોટું એક પણ વચન લોપી શકે નહિ, તેવી રીતનો જેનો સ્વભાવ દેખ્યામાં આવે તેને ગમે તેવો આપત્કાળ આવી પડે કે પ્રાણ જાય એવું સંકટ આવે તોપણ ક્યારેય સ્વધર્મથી પડે નહિ. ૧૭-૨૦. માટે જેને પરમેશ્વરનાં નાનાં-મોટાં વચન પાળવાની જેટલી દઢતા હોય તેટલો જ તેને ધર્મ દઢ રહે છે. અને તેમાં જેટલો પ્રમાદ રહે તેટલી તેમાં કસર રહે છે. તે જાણી લેવું. ૨૧-૨૨.

✻ નિર્દંભ ભક્તની મહત્તા :

જે ભક્ત પ્રભુના વચનમાં જેટલો તત્પર થઈને નિર્દંભપણે વર્તતો હોય તેટલો તે નિર્દંભ ભક્ત મહાન કહેવાય છે. ૨૩. સત્સંગમાં નિર્દંભ ભક્તનો જે સમાગમ કરે છે, તેનું અંગ દિવસે દિવસે અધિક વધતું રહે છે." ૨૪.

શ્રીહરિ બપોર પહેલા આટલી વાત કહીને ચાલતા થયા. પછી જેનાં નામનો જપ મોટા મોટા મુનિઓ કરે છે, એવા સ્વયં શ્રીહરિ પોતાને આસને જઈને બેઠા. ૨૫. પછી મુકુંદાનંદ બ્રહ્મચારી ફરાળનો થાળ ભરીને લાવ્યા. તેમાં બરફી, પેંડા તથા શિંગોડાનો દૂધપાક હતો. ૨૬. સુરતના એક મહિલા હરિભક્ત હતા. તેનું નામ મહાલક્ષ્મી અને જ્ઞાતિ વણિક હતી. તે કોટિધ્વજ-કરોડપતિ ધનાઢ્ય કહેવાતા હતા. ૨૭. (તે સુરતના શ્રીમંત શેઠ શ્રીભીખારીદાસના પુત્રી હતા. સાંખ્યયોગ પાળતા અને સંતોની ખૂબ સેવા કરતા. સુરતની સત્સંગ વૃદ્ધિમાં તેમનો મોટો ફાળો છે.)

તે દિવસે તેમનું ફરાળ હતું. તેઓ સોનેરી કેળા પણ લાવ્યા હતા. શ્રીહરિએ રાજીપે ફરાળ કર્યું. પછી જેટલા સંતો, વર્ણી તથા પાર્ષદ સુધીના જે કોઈ હતા તે સહુને ફરાળ કરાવ્યું. જીવુબાઈ, રાજબાઈ, લાડુબાઈ, અમરબાઈ અને અમૂલાબાઈ ઇત્યાદિક ત્યાગી બાઈઓમાં જે મોટેરી બહેનો હતી તથા દાદા ખાચરના દરબારમાં બીજી પણ જે ત્યાગી બાઈઓ રહેતી હતી, તે સહુને મહાલક્ષ્મીબાઈ નામના ભક્તે ફરાળ કરાવ્યું.

પછી તેમણે પોતાના મહેતાજી ગોવિંદભાઈ નામે જે હતા તેની પાસે શ્રીહરિની પૂજા કરાવી. તેના દ્વારા કેસરયુક્ત ચંદન શ્રીહરિનાં અંગ ઉપર ચરચાવ્યું અને ફૂલના હાર પહેરાવ્યા. ૨૮-૩૨. મસ્તક ઉપર ફૂલની પાઘ

બંધાવી, ફૂલના તોરા ધરાવ્યા અને ફૂલના ગુચ્છ બંને કાન ઉપર ધરાવ્યા. ફૂલના બાજુબંધ તથા પહોંચી પણ બંધાવી. ૩૩. લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. તે પછી આરતી કરી અને સંતો તથા વર્ણીની પૂજા પણ કરાવરાવી. વળી, બારશના દિવસની પણ રસોઈ નક્કી કરાવી. ૩૪. હુતાશની પહેલા જેટલા (૨૦) દિવસ બાકી હતા, તે બધા દિવસોમાં સુરતના જે હરિભક્તો હતા, તેમણે એક એક જણે સંતોને પોતાના તરફથી રસોઈ આપી હતી. ૩૫. તે રસોઈ માટે જ્યારે શ્રીહરિ પાસે આવીને રજા માગી અને ઘણીક પ્રાર્થના કરી ત્યારે શ્રીહરિએ તેમને રસોઈ દેવાની રજા આપી હતી. કારણ કે, રંગભીના શ્રીહરિ ભક્તોના ભાવને આધીન છે. ૩૬.

સુરતના હરિભક્તો જેટલા દિવસ રહ્યા તેટલી અલગ અલગ નામ લખીને તેમણે ભેળામળીને ચીઠ્ઠીઓ બનાવી હતી. પછી તે ચીઠ્ઠીઓ શ્રીહરિના હાથમાં આપી. બધી ચીઠ્ઠીઓને ભેળી કરી, પછી તે ભક્તોએ એક એક લીધી. ૩૭-૩૮. જેના ભાગમાં જે દિવસ આવ્યો, તે જોઈને તેઓ પ્રસન્ન થયા અને કોઈ જાતનો વિવાદ ન રહ્યો. ચીઠ્ઠીએ બધું પ્રમાણ કરી દીધું. ૩૯. વિવાદાસ્પદ જેટલી વાત હોય તેનો નિવેડો ચીઠ્ઠી વિના ક્યારેય થતો નથી. માણસો જે રીતના હોય છે તે ચીઠ્ઠીમાં ઓળખાઈ જાય છે. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચોપનમું વચનામૃત કહ્યું" એ નામે એકાવનમો તરંગ સમાપ્ત ॥૫૧॥



પૂર એકવીશમું : તરંગ - ૫૨

ગઢડા પ્રથમ પ્રકરણનું પંચાવનમું વચનામૃત

☀ ભજન, સ્મરણ અને વર્તમાનના દૃઢાવનું :

(મહા વદી) એકાદશીને દિવસ બપોર પછી દાદા ખાચરના દરબારમાં શ્રીહરિ પોતાના ઉતારામાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ

ગાદીતકિયા ઉપર વિરાજમાન થયા હતા. ૧-૨. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.પછી શ્રીહરિ પોતે બોલ્યા કે, “હવે પ્રશ્ન-ઉત્તર કરો.” ૩-૪.

ત્યારે મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, “કેટલાક હરિભક્તો છે તેને ભગવાનના ભજન-સ્મરણનો અને વ્રતમાનનો એકસરખો દૃઢાવ કેમ રહેતો નથી ?” પછી શ્રીજીમહારાજ તેનો ઉત્તર કરવા લાગ્યા જે, ૫-૬. “એ તો અશુભ એવા જે દેશ, કાળ, ક્રિયા અને સંગ તેનાં યોગે કરીને એકસરખો દૃઢાવ રહેતો નથી. ૭. તે દૃઢાવ પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારનો નિર્ધારિત છે. તે કહ્યા સિવાય સમજવામાં આવતો નથી. ૮. તેમાં જેને ઉત્તમ પ્રકારની દૃઢતા હોય તેને પણ અતિ ભૂંડા એવા દેશ, કાળ, ક્રિયા અને સંગ એ ચારનો જો યોગ થાય તો જે કાંઈ ઉત્તમ દૃઢતા હોય તેનો પણ નાશ કરી નાખે છે. તો પછી મધ્યમ અને કનિષ્ઠ પ્રકારની દૃઢતાની તો વાત જ શી કહેવી ? ૯-૧૦.

દેશ, કાળ, ક્રિયા અને સંગ તે અત્યંત ભૂંડા પ્રાપ્ત થાય તેમાં પણ જેની દૃઢતા જેવી હોય તેવી ને તેવી જ્યારે રહે ત્યારે તેનું પૂર્વનું કોઈ ભારે, અપાર બીજબળ રહ્યું હોય છે. અને વળી, ઘણું બળવાન પુણ્ય હોય છે, તેણે કરીને તેની દૃઢતા રહે છે. ૧૧-૧૨.

દેશ, કાળ, ક્રિયા અને સંગ અતિશય પવિત્ર હોય, તેમાં પણ જેની બુદ્ધિ મલીન થઈ જાય છે તો તેનું પૂર્વજન્મનું અથવા આ જન્મનું કોઈ મોટું પાપ છે તે આવીને તેને પીડે છે. ૧૩-૧૪. અથવા કોઈ મોટા ભગવાનના ભક્તનો તેનાથી દ્રોહ થઈ ગયો છે, તે આવીને તેને પીડે છે. કેમ જે, દેશ, કાળ, ક્રિયા અને સંગ શુભ છે તોપણ તેનું અંતર તત્કાળ ભૂંડું થઈ જાય છે. ૧૫-૧૬.

માટે હવે જો મોટા પુરુષની સેવામાં તે તત્પર થઈને રહે તો તેના તે બધાં પાપ બળીને ભસ્મ થઈ જાય છે. ૧૭. અને જો કોઈ અત્યંત પાપીનો

સંગ થાય તો તેનાં પાપ ઉલટાના વધે છે, અને કદાચ કાંઈક સુકૃત હોય તે બધાનો પણ નાશ થઈ જાય છે. મદિરાનું પાન કરનારી ગણિકા-વેશ્યાના ગળામાં હાથ નાખીને બેસે અને કોઈની લાજ-શરમ પણ ન રાખે અને પછી પરમેશ્વરનો વાંક કાઢીને, બોલે જે, 'પરમેશ્વરે મારાં મનને નિયમમાં કેમ ન રાખ્યું ?' પણ તેવાને તો મોટો મૂર્ખ જાણવો." આવી રીતે શ્રીહરિએ આ વાત કહી. ૧૮-૨૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પંચાવનમું વચનામૃત કહ્યું" એ નામે બાવનમો તરંગ સમાપ્ત ॥૫૨॥



પૂર એકવીશમું : તરંગ - ૫૩

ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું વચનામૃત

❋ પોલા પાણાના દૃષ્ટાંતે નિર્માની ભક્તની મહત્તા :

મહા વદી બારસને દિવસ સાંજને સમયે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને વિરાજમાન થયા હતા. તે સમયે શ્વેત ખેસ પહેર્યો હતો અને કસુંબલ જરિયાની રેંટો ઓઢ્યો હતો અને તેવો જ બીજો એક રેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો. અને પોતાના મુખારવિંદની આગળ જેટલા મુનિઓ હતા તે સર્વે આવીને બેઠા હતા અને દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૫.

પછી જ્યારે નારાયણધૂન કરી રહ્યા ત્યારે ઝાંઝ, મૃદંગ લઈને સંતો કીર્તન ગાતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક સંતો ઉત્સવ કરતા હતા. પછી શ્રીજીમહારાજ બોલ્યા, "હવે કીર્તન રાખો. ૬-૭. ઘડીકવાર પ્રશ્ન-ઉત્તર કરો. તેમાં અમે પ્રશ્ન પૂછીએ છીએ તેને તમે સાંભળો." એમ કહીને શ્રીજીમહારાજે પ્રશ્ન પૂછ્યો કે, "શ્રીકૃષ્ણ ભગવાને

ગીતામાં ચાર પ્રકારના પરમ ઉદાર ભક્તો કહ્યા છે. તેમાં જ્ઞાનીને અધિક કહ્યો છે. તે ચારેય ભક્તોને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય તો એકસરખો છે તેમાં ફેરફાર નથી. તો જ્ઞાની કેવી રીતે વિશેષ-અધિક છે ? તેની વિશેષતા કહો. આ અમારો પ્રશ્ન છે.” ૮-૧૦.

તે સમયે જેટલા બુદ્ધિમાન સંતો હતા, તે બધા તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ જ્યારે તેનો યથાર્થ ઉત્તર ન થયો તે પછી શ્રીહરિ બોલ્યા, “જે જ્ઞાની ભક્ત છે તે તો બ્રહ્મસ્વરૂપે વર્તે છે અને ભગવાનનો જેવો પરમ અનુપમ મહિમા છે તેને તેમ જ યથાર્થપણે જાણે છે. ૧૧-૧૨. તેણે કરીને તે ભક્તના મનમાં ભગવાનનાં સ્વરૂપ સિવાયની બીજી કોઈ કામના રહેતી નથી. ૧૩. અને બીજા જે ત્રણ પ્રકારના ભક્ત છે તેમને ભગવાનનો નિશ્ચય હોવા છતાં પણ ભગવાનના મહિમાને યથાર્થપણે જાણતા નથી. એટલા માટે ભગવાન સિવાયની બીજી કામના તેમના મનમાં રહી જાય છે. ૧૪-૧૫. માટે તે જ્ઞાનીને બરોબર-સમાન થતા નથી. કેમ જે, તે ત્રણ પ્રકારના ભક્તની સમજણમાં ફરક છે. ૧૬.

❋ ભગવાન સિવાયની જેટલી ઇચ્છા તેટલી ખોટ છે :

ચોપાઈ :

तेहि हित भगवान के जेहा, भक्त कु भगवान बिन न तेहा;
दुजी कोउ जात की मन हि ताकू, कामना कछु रहे जो वाकू...१७
बडी इतनी यह खोट कहावे, भक्तजन खोट कबु न रखावे;
खोट न रखत भगवान तिनके, रुचत हे अतिशय मन इनके...१८

માટે ભગવાનના જે ભક્ત છે, તેમને ભગવાન સિવાયની મનમાં બીજી કોઈ જાતની કામના રહે છે, તે તેને ઘણી મોટી ખોટ કહેવાય છે. તેથી ભક્તજને તેવી ખોટ ક્યારેય રાખવી નહિ. જે ભક્તમાં આવી ખોટ ન હોય તેના મનમાં ભગવાન અત્યંત ગમે છે. ૧૭-૧૮. જે જેટલી ખોટ રાખે છે તેટલી તેમાં ખોટ કહેવાય છે. ભગવાનના ભક્તમાં જેટલી ખોટ દેખાય છે તેને હવે અમે કહીએ છીએ. ૧૯.

પોતાના ગુણને કારણે જેટલી ખોટ રહે છે તે મુક્તને પણ દેખ્યામાં આવતી નથી. જે જીવ પોતાના ઈન્દ્રિયો અને અંતઃકરણની તમામ વૃત્તિએ કરીને ભગવાનને આકારે નિર્દંભપણે જેટલો વર્તતો હોય તે ભક્ત તેટલી પોતાની ખોટ યથાર્થપણે દેખે છે. અને જેના મનમાં કોઈ જાતની જરાય વાસના ન હોય, અને ભારે તીવ્ર વૈરાગ્યવાળો હોય અને એક ભગવાનને હૃદયમાં ધારી રહ્યો હોય, પણ જો તેવા ગુણોના અભિમાને યુક્ત થઈને હરખભેર વર્તતો હોય તો તે પણ ભક્તમાં મોટી ખોટ કહેવાય છે. અથવા જેને દૃઢ આત્મજ્ઞાનનું ઘણું બળ રહેતું હોય અથવા ભગવાનના સ્વરૂપમાં રહેલી દૃઢ ભક્તિનું બળ હોય, તેના માનના યોગે કરીને ભગવાનના ગરીબ ભક્તને નમાય નહિ, ૨૦-૨૪. અથવા ગરીબની આગળ મુખથી જ્યારે દીનવચન બોલાય નહિ ત્યારે તે પણ તેમાં મોટી ખોટ છે. ૨૫.

આવી રીતની ખોટે કરીને કરોડો કલ્પ જાય, તોપણ હરિભક્તના અંગની વૃદ્ધિ થાતી નથી. ૨૬. જેમ કોઈ સલાટ કૂવામાં પથ્થર ખોદતો હોય અને નીચેના ભાગમાં તે પથ્થર જો પોલો બોલે તો તે સલાટ તેને દેખીને કહે કે, 'આ કૂવામાં પાણી નક્કી ઘણું થશે.' એમ તે સ્વાભાવિક રીતે કહી દે છે. ૨૭-૨૮. અને તે સલાટ જે પથ્થરને કાપતો હોય, તે ઉપરથી જ રણકતો હોય અને કાપવાની સાથે અગ્નિના તણખા ઝરતા હોય ત્યારે તે સલાટ એમ કહે છે કે, 'આમાં પાણી નીકળશે નહિ અને જો કદાચ પાણી થાશે તોપણ તે અર્ધા અથવા પા કોશનું થાશે. ૨૯-૩૦. તેનાથી અધિક થશે નહિ.' તેમ તે સલાટ કહે છે.

તેમ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના માનમાં જેટલો બીજાને નમે નહિ અને અટંટ-અક્કડ રહે, તો ગમે તેવો મોટો કહેવાતો હોય તોપણ જેમ અડધા કોશનું કે પા કોશનું પાણી થાય તેવો તે મોટો થાય છે. પણ નિર્માની ભક્તમાં જેવા મોટા ગુણો આવે છે તેવા માની ભક્તમાં મોટા ગુણ આવતા નથી. આ અમે કહીએ છીએ તે બ્રહ્મવાક્ય છે. ૩૧-૩૩. **તેટલા માટે જે ભક્તએ ભગવાનને જ રાજી કરવા હોય તેણે નિર્માનીપણે રહેવું.** ૩૪.

જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તથા તે જેવા બીજા જે શ્રેષ્ઠ ગુણો હોય તેના માને કરીને અટંટ થાવું નહિ. ૩૫. તો એવા નિર્માની ભક્તજનના હૃદયમાં પ્રગટ પ્રમાણ શ્રીકૃષ્ણ નારાયણ પ્રસન્ન થઈને નિવાસ કરીને રહે છે. પરંતુ માની ભક્તના અંતરમાં એ ભગવાન રહેતા નથી. તેથી જ નિર્માની ભક્તને અધિક કહ્યો છે.” ૩૬-૩૭.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં “ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું ચાલું વચનામૃત કહ્યું” એ નામે ત્રેપનમો તરંગ સમાપ્ત ॥૫૩॥



પૂર એકવીશમું : તરંગ - ૫૪

ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું ચાલું વચનામૃત

❋ જેટલો નિર્દંભ અને નમ્ર રહે તેટલો ખપવાળો છે :

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની આગળ હાથ જોડીને તરત કહ્યું કે, ૧. “હે મહારાજ ! અમે પૂછીએ છીએ કે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તથા બીજા શુભ ગુણ હોય તેનાં યોગે કરીને જે માન આવે તે માનને કયા ઉપાયે કરીને ટાળવું ? તે ઉપાય આપ કહો. કેમ જે, આપ તે જાણો છો.” ૨-૩. પછી સર્વ સંશયોને હરનારા શ્રીહરિ બોલ્યા, “ભગવાનના જે કોઈ ભક્ત હોય તેનું અપાર માહાત્મ્ય જાણીને તેની લગાર પણ હાંસી-મશ્કરી કરવી નહિ. પોતાના દેહે કરીને ભક્તોને નિર્દંભ થઈને નમતો રહે. ૪-૫. ભક્તનું માહાત્મ્ય સમજીને તેની સેવા-ચાકરી કરતો રહે, એ બધું જેટલું નિર્દંભપણે કરે તેટલા ભગવાન પ્રસન્ન થાય છે. ૬.

જેટલું દંભ રાખીને કરવામાં આવે તેટલા ભગવાન પ્રસન્ન થતા નથી. જ્યારે ભગવાન અપ્રસન્ન થાય છે ત્યારે સત્સંગમાં રહીને પણ ન કરવાની બાબતને તે કરે છે. પછી બધા લોકો તેનું અપમાન કરે છે. પછી તેને સત્સંગનો ખપ રહેતો નથી. આ રીતે દંભનું ફળ મળતું દેખાય છે. ૭-૮.

સત્સંગનો જેને જેટલો ખપ હોય તેનું વર્તન હવે હું કહું છું. ખપવાળાનું જે કાંઈ વર્તન હોય તે બધું નિર્દંભ હોય છે. ૯. વળી, જે કોઈ પંચ વ્રતમાનમાં રહેતા હોય એવા ભગવાનના ભક્તોને હંમેશાં દિવ્યભાવથી દેખે છે પણ તેમાં મનુષ્યભાવ પરઠતો નથી. ૧૦. તે ભગવાનના ભક્તની હાંસી-મશ્કરી કરતો નથી અને તેમની મર્યાદા રાખીને વર્તે છે. પણ મર્યાદા વિનાનું વચન બોલે જ નહિ. આ રીતે જે ખપવાળા હોય તે છુપા રહેતા નથી. ૧૧. વળી, તે ખપવાળો ભગવાનના ભક્તને મસ્તક નમાવવામાં ક્યારેય અક્કડ થતો નથી. ભક્તોના મન, કર્મ તથા વચને કરીને અધિક અધિક ગુણ ગાતો રહે છે. ૧૨. સત્સંગની વાતોએ કરીને પોતામાં જેટલો દોષ દેખાય, તે દોષને શત્રુ માનીને તેનો ત્યાગ કરતો રહે. ૧૩. પોતામાં જેટલા દોષ હોય તેને ઝેર જેવા દેખે પણ તે દોષોનો ક્યારેય સંસર્ગ રાખે નહિ ત્યારે આ સત્સંગ રહે છે. ૧૪.

❋ સદ્‌ગુણનું માન પણ ઝેર તુલ્ય છે :

सोरठा : सत्संग हि तामें, गुण रहे जो अपार कर;
पात्र बिना जन यामें, टिकत नहि अभिमान कर...१५
मान रखत नहि लेश, हरि के जन आगे जब;
गुण करत हे प्रवेश, सत्संग में जेते यह...१६

સત્સંગમાં તો અપાર ગુણો રહ્યા છે, પણ પાત્રતા વગરના માણસમાં અભિમાનને લીધે સત્સંગના તે ગુણો ટકતા નથી. ૧૫. જ્યારે ભગવાનના ભક્તની આગળ લેશમાત્ર પણ માન ન રાખે ત્યારે સત્સંગમાં જે ગુણો રહ્યા છે તે તેમાં પ્રવેશ કરે છે. ૧૬. **સત્સંગના જેટલા ગુણો છે તે માનની સાથે ટકતા-રહેતા નથી. માટે જેને સત્સંગના ગુણ રાખવા હોય તેણે માનના સંગનો ત્યાગ કરવો. ૧૭.** સત્સંગની જેટલી વાતો છે તે અધર્મસર્ગનો નાશ કરતી રહે છે. અને ધર્મસર્ગનું પોષણ કરે છે. આવી સત્સંગની વાતો છે. ૧૮. ધર્મસર્ગના જે ધાર્મિક મનુષ્યો છે તેને અધર્મસર્ગના અધર્મી મનુષ્યના સ્વભાવ દેખીને ગમતા નથી. કેમ જે, જેમાં જેવો સર્ગ; ધર્મ કે અધર્મ હોય તેમાં તેવા ગુણ રહ્યા હોય છે. ૧૯.

※ અભિમાન દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે છે :

હવે ધર્મસર્ગના ગુણેયુક્ત જે મનુષ્યો છે, તેનું વર્તન કહીએ છીએ. તેવા ભક્તને જો માયિક શરીરના યોગે કરીને મનમાં પોતાના કોઈ શુભગુણના માનનો સંકલ્પ થાય, તો તે તેને ઓળખી રાખે છે કે આ મારો શત્રુ છે. પછી જ્યારે માનના દોષોને વિચારે અને તે વિચારનું બળ રાખે ત્યારે તે વિચારના બળે કરીને ચાહે તેવું માન હોય, તોપણ તે તત્કાળ ટળી જાય છે. જેને જેટલું વિચારનું બળ હોય તેટલું તેને માન લોપી-નડી શકતું નથી. ૨૦-૨૨. અરે..! ભગવાનની અતિશય પ્રેમલક્ષણા ભક્તિ હોય અને તે ભક્તિએ કરીને ભગવાન તેને વશ વર્તતા હોય, તોપણ જો તે ભક્તિનું ભક્તના હૃદયમાં જેટલું માન આવે તેટલી તેમાં મોટી ખોટ રહે છે. ૨૩-૨૪. અને આત્મજ્ઞાનનું માન હોય અથવા વૈરાગ્યનું માન હોય પણ તે માન તો દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે છે. આ રીતે માન દેહાત્મબુદ્ધિને જ દૃઢ કરાવે છે માટે માન જેવો બીજો કોઈ મોટો શત્રુ નથી. ૨૫-૨૬. તેટલા માટે જે ભગવાનના ભક્ત હોય તેમણે કોઈ પણ પ્રકારનું અભિમાન ક્યારેય રાખવું નહિ. ૨૭. આ જે અમે વાત કહી તે ભગવાનને રાજી કરવા માટેનો ઉપાય છે. માટે આ અમારી કહેલી વાતનું મનમાં મનન કરવું. ૨૮.

※ મનન વિનાનું શ્રવણ વ્યર્થ છે :

चोपाई :

हम करत रहे बात हि जेती, जीय के श्रेय करन रहे तेती;
ताके मनन करत जिस रीता, अर्थ में ताकु आत तिस रीता...२९
मनन में बहुत मर्म रहाये, भक्तजन जानत रहे ताये;
मनन करे बिन अर्थ न आते, कोटी वर्ष हि सुनत रहाते...३०
भगवान के भक्त दृढ हि ताके, जीवनप्राण रहे यह वाके;
हमारी बात रहाये जितना, भगवान के भक्त दृढ रहे तितना...३१

અમે જે કાંઈ વાતો કરીએ છીએ તે જીવનું કલ્યાણ કરનારી છે. માટે જે ભક્ત તે વાતોનું જેવું મનન કરતો રહે તેને તે વાતો તેટલી ઉપયોગી થાય છે. ૨૯. મનન કરવામાં ઘણો બધો મર્મ રહ્યો છે. તેને ભગવાનના

ભક્ત હોય તે જાણે છે. કરોડો વર્ષ સુધી સાંભળ્યા કરે, તોપણ મનન કર્યા વિનાની વાત કાંઈ ઉપયોગમાં આવતી નથી. ૩૦. જેટલા ભગવાનના દૃઢ ભક્ત છે તેને માટે અમારી સર્વે વાતો જીવનપ્રાણ છે. જે ભગવાનના દૃઢ ભક્ત હશે તે અમારી વાતોનું શ્રવણ, મનન કરવામાં ક્યારેય તૃપ્તિ પામશે નહિ. ભગવાનના ધામમાં અમે જે જે વાત કરીએ છીએ તે વાતોને અક્ષરમુક્ત સુદ્ધા સહુ કરતા રહે છે.

પરંતુ અમારી વાત સાંભળીને જે કોઈ માયિક-અજ્ઞાની મનુષ્યો છે તે જેવી પોતાની મતી હોય તે પ્રમાણે આ વાતને જાણે છે. અમારી વાતને જે જેવી સમજે છે તેવું તેને ફળ મળે છે. કેમ જે, એવી દિવ્ય-કલ્યાણકારી અમારી વાતો છે. ૩૧-૩૪. અને અંતરદૃષ્ટિવાળા જે ભગવાનના ભક્ત હોય તે જ્યારે તપાસીને પોતાના અંતરમાં જૂએ ત્યારે તેને જણાય છે કે, **'જ્યારે કોઈ વાતનું લગાર પણ માન આવે છે ત્યારે અંતરમાં રહેલી જે ભગવાનની મૂર્તિ તેની નજર અતિ કરડી દેખ્યામાં આવે છે. અને જ્યારે નિર્માનીપણે વર્તાય છે ત્યારે તે મૂર્તિ પ્રસન્ન દેખાય છે.'** ૩૫-૩૭. એટલા માટે ભગવાનનો જે ભક્ત હોય તેણે વિચારનું બળ રાખીને કોઈ પ્રકારનું માન ક્યારેય ઉદય થવા દેવું નહિ. ભગવાનને રાજી કરવા માટે માનને શત્રુ જ જાણવો. ૩૮-૩૯.

અને માને સહિત જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ કેવા છે ? તો ભેગ ભળેલાં સુવર્ણ જેવા છે. જેમ કે, જેટલો સોનામાં બીજી ધાતુનો ભેગ ભળે છે તેટલી તેની કિંમત ઓછી થઈ જાય છે. જો થોડો ભેગ ભળ્યો હોય તો તેની કિંમત પંદરવલા(૯૩%) જેટલી થાય છે. ૪૦-૪૧. જ્યારે તેના કરતાં વધારે ભેગ ભળે તો તે સોનું બારવલું(૭૦%) થઈ જાય છે અને તેથી પણ વધુ ભેગ ભળે તો સોનું આઠવલું(૫૦%) કહેવાય છે. ૪૨.

તેમ એ ભગવાનના ભક્તના જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં જેમ જેમ માન-અહંકારનો ભેગ ભળતો જાય છે તેમ તેમ તે ત્રણેય ઘટતા જાય છે. પછી તેવા ભક્તની કિંમત પણ ઘટતી જાય છે. માટે માન અને અહંકારે

રહિત જે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ હોય તે સોળવલાં સોના જેવા (૧૦૦% શુદ્ધ) ગણાય. કેમ જે, તેમાં કોઈ જાતનો ભેગ નથી રહ્યો. અને માન તથા અહંકાર યુક્ત જે ભક્ત હોય તે ઉપરથી તો ઘણો શોભતો હોય. અને માને કરીને મલકાતો હોય પણ તેના અંતરમાં બહુ બળ હોય નહિ. તેનામાં ફક્ત વાતોનું-કહેવાનું જ્ઞાન જણાય છે. ૪૩-૪૬.

ત્યાં દૃષ્ટાંત કહીએ છીએ. કારણ કે, દૃષ્ટાંતથી વાતનું જ્ઞાન થાય છે. જેમ પચાસ કોટિ યોજનના(૬૦૦ કરોડ કિલોમીટરના) વિસ્તારવાળી આ પૃથ્વી છે. તે સમુદ્ર, પર્વત અને ભૂતપ્રાણી, તે બધાનો આધાર છે, માટે તે ઘણી બળવાન જણાય છે. તે પૃથ્વીની દૃષ્ટિએ જોતા જણાઈ આવે છે. ૪૭-૪૮. તે પૃથ્વીથી પાણી ઘણું બળવાન જણાય છે. કેમ જે, તે જળની ઉપર પૃથ્વી છાણાની જેમ તરી રહી છે. ૪૯.

અને તે જળ કરતાં તેજમાં ઘણું વધારે બળ રહ્યું છે અને તેજ કરતાં વાયુમાં ઝાઝું બળ રહ્યું છે. ૫૦. અને તે વાયુ કરતાં આકાશનું બળ તો અપાર છે. તે આ રીતે સાંભળ્યા વિના જણાતું નથી. ૫૧. આમ, આકાશ સહુથી અપાર બળવાન છે. કેમ જે, આકાશ ચારેય ભૂતોનો આધાર છે. ૫૨. તે રીતે જ જે ભક્તના માન રહિત જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ છે, તે આકાશ જેવા અપાર બળવાન છે. ૫૩. ભલે ઉપરથી તો ક્યારેક તે બળવાન હોય તેવા જણાતા નથી, પણ નિર્માની ભક્ત જે છે તે સહુથી શ્રેષ્ઠ કહેવાય છે. ૫૪. **જેમ બાળક હોય તે સમયે તેને માનના કોઈ ઘાટ-સંકલ્પ હોતા નથી, તે રીતે જ જે નિર્માની સુજ્ઞ સાધુ હોય તેણે પોતાની પૂજા-પ્રતિષ્ઠા થાય કે ન થાય, તેમાં બાળકની જેમ નિર્માનીપણે વર્તવું. કારણ કે, 'ભગવાન સમાન બીજી કોઈ વાત નથી,' એ વિચારના બળે તે સાધુ પ્રસન્ન રહે."** ૫૫-૫૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે ચોપનમો તરંગ સમાપ્ત ॥૫૪॥



પૂર એક્વીશમું : તરંગ - ૫૫

ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું બાકીનું વચનામૃત

પછી વળી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિ પ્રત્યે જે પ્રશ્ન પૂછ્યો તે હવે હું કહું છું, "ઇન્દ્રિયો, અંતઃકરણ, પ્રાણ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થાઓ અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ, આ ત્રણ શરીર; એ સહુથી જીવનું સ્વરૂપ ભિન્ન છે. ૧-૩. આવી સત્સંગમાંથી વાત સાંભળીને દૃઢ નિશ્ચય કર્યો છે, તોપણ જમીનમાં જેમ પાણી મળી જાય તેમ આ જીવ ઇન્દ્રિયો, અંતઃકરણ, ત્રણ અવસ્થા અને ત્રણ શરીરને વિશે ભેગો કેમ ભળી જાય છે ? અને વળી, સુખરૂપ અને શુદ્ધ એવો તે જીવાત્મા ભગવાનનું ભજન-સ્મરણ કરતો થકો સંકલ્પના યોગે કરીને દુઃખી કેમ થઈ જાય છે ?"

પછી શ્રીજીમહારાજ તેનો ઉત્તર કરવા લાગ્યા જે, ૪-૬. **"કેટલાક સિદ્ધ થાય છે, કેટલાક સર્વજ્ઞ થાય છે અને કેટલાક દેવતા થાય છે. ઇત્યાદિક અનંત પ્રકારની મોટપને પામે છે તથા કેટલાક પરમપદને પામે છે. તે બધું ભગવાનની ઉપાસનાને બળે-નિષ્ઠાના બળે કરીને પામે છે, તે નક્કી વાત છે. તેમાં કાંઈ ખોટું નથી. કારણ કે, ભગવાનની ઉપાસના વિના કોઈ વાત ક્યારેય સિદ્ધ થાતી નથી.** ૭-૯. માટે શાસ્ત્રમાંથી આત્મા-અનાત્મા(દેહ)ની વિગતી સમજીને અથવા કોઈ મોટા સંતના મુખથી વાત સાંભળીને કોઈ પોતાના મનમાં માને કે, 'હું બહુ હોશીયાર છું, માટે આત્મા-અનાત્માની વિગતી કરી લઉં,' પણ આ રીતે આત્મા-અનાત્માની વિગતી ક્યારેય થાતી નથી. ૧૦-૧૧. એ તો એ **જીવને જેટલી પોતાના ઇષ્ટદેવ જે પરમેશ્વર તેને વિશે જેટલી નિષ્ઠા હોય તેટલી જ કામમાં આવે છે. અને તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે, પણ ઇષ્ટદેવનાં બળ વિના તો તે પોતાનો જન્મ વ્યર્થ ગુમાવે છે.** ૧૨-૧૩. ઇષ્ટદેવનાં બળ વિના કોઈ સાધન સિદ્ધ થતાં નથી. અને **ઇષ્ટદેવના બળે કરીને તો સર્વે સાધન તત્કાળ સિદ્ધ થાય છે.** ૧૪.

જેને ગોપીઓના જેવી પ્રેમલક્ષણા ભક્તિ હોય, તેને તો લેશમાત્ર કરવાનું કાંઈ બાકી રહ્યું નથી, સર્વ સાધન પૂર્ણ થયા છે. ૧૫. પણ જેને તેવો

પ્રેમ ન હોય તેને તો ભગવાનનો મહિમા સમજવો જ જોઈએ. તે મહિમા જેવો છે તેવો અમે કહીએ છીએ, ૧૬. 'પોતાના ઈષ્ટદેવ જે ભગવાન છે તે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બ્રહ્મમહોલના પતિ એવા મહા સમર્થ છે. ૧૭. તેઓ મનુષ્ય જેવા દેખાય છે તે તો ભક્તના સુખને અર્થે છે. પણ તે ભગવાનની મૂર્તિ ખરેખર કેવી છે ? તો, ગોલોક આદિક જે ધામ છે તેમાં નિવાસ કરીને રહી છે. તેના એક એક નખમાં કરોડો સૂર્યના જેવો પ્રકાશ રહ્યો છે, તેમ છતાં અહીંયા તે મનુષ્યના જેવા દેખાય છે. ૧૮-૧૯.

આ મનુષ્યલોકને વિષે જે ભગવાનની મૂર્તિ રહી છે તે ભલે મનુષ્ય જેવી દેખવામાં આવે છે અને મનુષ્ય તેમની સેવા કરે છે. ૨૦. અને જ્યારે તેમની આગળ દીવો કરે ત્યારે તેના પ્રકાશ વડે તે દેખાય છે, પરંતુ તે ભગવાન તો સૂર્ય, ચંદ્રાદિકને પણ પ્રકાશના દેનારા છે. ૨૧. અને ગોલોકાદિ જે ધામ છે તેને વિષે રાધા, લક્ષ્મી આદિક જે ભક્તજન, તેઓ નિરંતર તેમની સેવા કરે છે; એવા તે ભગવાન છે. અને **જ્યારે એ બ્રહ્માંડોનો પ્રલય થઈ જાય છે ત્યારે આ પ્રગટ ભગવાન છે તે જ એક રહે છે. તે સિવાય બીજું કાંઈ દેખ્યામાં આવતું નથી. પછી સૃષ્ટિ રચવાના સમયે પ્રકૃતિપુરુષ દ્વારાએ અનંત કોટિ બ્રહ્માંડોને આ ભગવાન સહેજે જ ઉપજાવે છે. આવી રીતે આ ભગવાનનો જે મહિમા વારંવાર વિચારવો,** તે વાત ઘણી શ્રેષ્ઠ છે. ૨૨-૨૬.

❋ ઉપાસનાનું બળ દૃઢ રાખે તે સમજુ છે :

सोरठा : आत्मा अनात्मा ताकि, बात रहे यह दृढकर;
विवेक बुद्धि में जाकि, दृढकर ग्रह हि बात यह...२७
जेती यह भक्त ताकु, भगवान के महात्म सहित;
भगवान महिं वाकु, निष्ठा दृढ आवत तेही...२८

छंद हरिगीत :

निष्ठा तितना भक्त के उर वैराग्य दृढ आव हि;
माटे दुजे साधन के बल तजी बात दृढाव हि;
एकीले भगवान की उपासना के बल रखहू;
एसे भक्त होय इतना एमी समझे ओलखहू...२९

આવી ભગવાનના મહિમાની વાત જ આત્મા-અનાત્માના વિવેકનું કારણ છે. અર્થાત્ જેની વિવેકબુદ્ધિમાં આવી ભગવાનના મહિમાની વાત દૃઢપણે ગ્રહણ કરવામાં આવે તેને આત્મા-અનાત્માનો વિવેક થાય છે. જેટલી એ ભક્તને ભગવાનના માહાત્મ્યે સહિત ભગવાનને વિશે દૃઢ નિષ્ઠા થાય છે તો તે નિષ્ઠા જેટલી હોય તેટલો જ તે ભક્તના હૃદયમાં દૃઢ વૈરાગ્ય આવે છે.

માટે **બીજાં સાધનનું બળ તજી દઈને એકલી ભગવાનની ઉપાસનાનું બળ દૃઢ કરીને રાખવું.** એવો નિષ્ઠાવાન જે ભક્ત હોય તે આવી સમજણથી ઓળખાય છે કે, **'ગમે તેવો પાપી હોય તોપણ તેને જો અંત સમયે 'સ્વામિનારાયણ' આવા નામનું ઉચ્ચારણ થાય તો તે સર્વે પાપથી તરત છૂટી જાય અને બ્રહ્મમહોલને વિષે તત્કાળ નિવાસ કરે.** તો જે એ ભગવાનનો તન-મનથી આશ્રિત થયો હોય તે ભગવાનના ધામમાં જાય, એમાં શું સંશય છે ?' ૨૭-૩૧. આવું માહાત્મ્ય સમજવા માટે જે ભગવાનનો નક્કી ભક્ત હોય તેણે ભગવાનની ઉપાસનાનું ઘણું બળ સત્સંગ કરીને દિનપ્રતિદિન અધિક અધિક વૃદ્ધિ પમાડવું. તે માટે શ્રદ્ધાપૂર્વક તત્પર થઈને જેમ અમે કહ્યું તેમ કરવું." ૩૨-૩૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છપ્પનમું બાકીનું વચનામૃત કહ્યું" એ નામે પંચાવનમો તરંગ સમાપ્ત ॥૫૫॥



પૂર એકવીશમું : તરંગ - ૫૬

ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તાવનમું વચનામૃત

❋ મોક્ષનું અસાધારણ કારણ તથા સત્સંગના ખપનું :

ફાગણ સુદિ બીજને દિવસ બહુનામી સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં સાધુની જાયગાના ચોક વચ્ચે એક ચોતરો હતો, તેના ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા. ત્યાં આવીને બેઠા. ૧-૨. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. શ્રીહરિનું મુખકમળ પ્રસન્ન હતું અને

પોતાના મુખારવિંદની આગળ સર્વ સંતો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈ હતી. પછી તે સહુને પ્રસન્ન કરવા માટે શ્રીહરિ બોલ્યા, ૩-૪. "જેને પ્રશ્ન-ઉત્તર કરતા આવડતું હોય તે અમને એક એક પ્રશ્ન પૂછો તો જેવો પ્રશ્ન પૂછો તેવો તેનો ઉત્તર અમે કરીએ." ૫. પછી મુક્તાનંદસ્વામીએ પ્રેમમગ્ન થઈને પૂછ્યું કે, "હે મહારાજ ! મોક્ષનું અસાધારણ કારણ શું છે ? તે આપ કહો. તે જેવું હોય તેવું અમે સાંભળવા ઈચ્છીએ છીએ." પછી કરુણાનિધિ શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ અને ભગવાનનું માહાત્મ્ય યથાર્થપણે જાણવું જોઈએ. ૬-૮. આ બંનેને અમે મોક્ષના અસાધારણ હેતુ કહીએ છીએ."

પછી મુક્તાનંદસ્વામીએ ફરીને શ્રીહરિને પ્રેમથી પૂછ્યું, "ભગવાનને વિશે જે સ્નેહ હોય તેનું રૂપ શું છે ?" પછી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈને બોલ્યા કે, "તે સ્નેહનું રૂપ તો એવું છે કે તે સ્નેહમાં કોઈ જાતનો વિચાર ન જોઈએ. તેમાં દૃઢ મૂઢપણું રાખવું. અને જ્યારે ગુણને વિચારીને જેટલો સ્નેહ કરે છે તે જ્યારે કાંઈક અવગુણ દેખે ત્યારે તે સ્નેહ તૂટી જાય છે. ૯-૧૨. માટે હેત જેમ થયું હોય તેમનું તેમ તેને રહેવા દેવું. વારંવાર વિચાર કરીને તેનું સ્થાપન-ઉત્થાપન ક્યારેય કરવું નહિ. તે હેત તો મૂઢપણે કરવું. અને જે ગુણને વિચારીને હેત કરવામાં આવે છે તેનો પાકો વિશ્વાસ નહિ. ૧૩-૧૪. માટે એ હેત તો જેમ દેહના સંબંધીઓની સાથે છે તેમ ભગવાનમાં દૃઢપણે હેત કરવું. ૧૫. આવી રીતનું જે હેત છે તે મૂઢપણાનું હેત છે. જે હેત કોઈ રીતે મટે નહિ એ જ ખરું હેત કહેવાય. ૧૬. અને ભગવાનનું જેવું છે તેવું માહાત્મ્ય સમજીને જે હેત કરાય છે તે હેત તો બીજી જ રીતનું છે. તેનાં મૂળ પાતાળમાં છે. અર્થાત્ તે હેતનો પાયો અતિ મજબૂત હોય છે." ૧૭.

પછી નાના શિવાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "સત્સંગમાં રહેવાનો ખપ છે, તોપણ કોઈ રીતનો અયોગ્ય સ્વભાવ રહે છે. તે કેમ ટળતો નથી ? તેનું કારણ શું છે ?" ૧૮-૧૯. પછી શ્રીજીમહારાજ ઘણા પ્રેમથી બોલ્યા કે, **"જે સ્વભાવ સત્સંગમાં વિઘ્ન કરતો હોય તે સ્વભાવની**

ઉપર જેને જ્યાં સુધી અભાવ નથી આવતો ત્યાં સુધી તેને સત્સંગનો પૂરો ખપ જ ક્યાં છે ? ૨૦-૨૧. અને તે સ્વભાવને તેણે પૂરો શત્રુ પણ ક્યાં જાણ્યો છે ? ત્યાં એક દૃષ્ટાંત છે, જેમ કોઈ પુરુષ આપણો મિત્ર હોય અને તે મિત્ર જ જ્યારે આપણા ભાઈને મારી નાંખે ત્યાર પછી તેની સાથે મિત્રતા રહેતી નથી. ૨૨-૨૩. એટલું જ નહીં પરંતુ તે મિત્રનું મસ્તક કાપવાને માટે લાજ છોડીને તે પુરુષ તત્પર થઈ જાય છે. કેમ જે, મિત્ર કરતાં ભાઈનો સંબંધ ઘણો વધારે છે. ૨૪. તેમ જે સ્વભાવ પોતાના વ્રતમાનનો ભંગ કરાવે એવો હોય તે સ્વભાવને જે મિત્ર જાણે છે, તથા સત્સંગથી વિમુખ કરે એવા સ્વભાવ ઉપર જો તેને વૈરભાવ થતો નથી, અને આવા જેટલા અઘટિત સ્વભાવ હોય તેના ઉપર જો રીસ ચઢતી નથી, તો તેને સત્સંગનો પૂરો ખપ ક્યાં છે ? ૨૫-૨૭.

અને જે રીતે માણસને ભાઈમાં હેત હોય તેવું જ હેત જો સત્સંગ ઉપર હોય, તો જે પોતાના ભૂંડા સ્વભાવ હોય તેનો તે તત્કાળ જ ત્યાગ કરી દે. શા માટે ? તો **જીવ તો અતિ બળવાન છે. તેથી પોતાના બધા અયોગ્ય સ્વભાવોને છોડી દે છે. ૨૮-૨૯. કારણ કે, મન અને ઈન્દ્રિયો એ બધા તો ક્ષેત્ર છે અને જીવ તો ક્ષેત્રજ્ઞ છે. તેથી જીવ જેમ કરે તેમ થાય.** ૩૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સત્તાવનમું વચનામૃત કહ્યું" એ નામે છપ્પનમો તરંગ સમાપ્ત ॥૫૬॥



પૂર એકવીશમું : તરંગ - ૫૭

ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્ઠાવનમું વચનામૃત

❋ દેહ, કુસંગ અને પૂર્વ સંસ્કારનું :

ફાગણ સુદિ પાંચમને દિવસ સર્વ સુખનું મૂળ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં પરમહંસની જાયગામાં ચોક વચ્ચે ચોતરા ઉપર ગાદીતકિયા બિછાવ્યા હતા, તેના ઉપર વિરાજમાન

હતા. ૧-૨. નિષ્કુળાનંદસ્વામીએ લાલ રેશમના બે ચાકળા શ્રીહરિને માટે ઉપયોગી થશે, તેમ જાણીને કરી રાખ્યા હતા. ૩. મુનિઓને દર્શન દેવાં માટે સંતોની જગ્યામાં જ્યારે સુખદાયક શ્રીહરિ આવતા ત્યારે તે ચાકળા બિછાવી દેતા હતા. ૪. જે વખતે શ્રીહરિ જેવાં વસ્ત્ર પહેરીને આવતા તેને તે રીતે મુક્તાનંદસ્વામી લખી લેતા હતા. કારણ કે, લખ્યા વિના જાણી શકાતું નથી. ૫.

ભગવાન સંબંધી જેટલી વાત છે તે બધી મોક્ષરૂપી ફળને આપનારી છે. ભગવાનના સંબંધ વગરની ગમે તેવી મોટી વાતો હોય છતાં તે વૃથા છે. ૬. કોઈ એક દિવસમાં કરોડો ગાઉની વાતોને જાણી લે. તો કોઈ એક દિવસમાં જેટલા ધારે તેટલા ગાઉ ચાલી નાખે. ૭. આ સિવાયના એવા બીજા કેટલાક (તાર કે ટ્રેનની શોધ જેવા) આશ્ચર્ય બુદ્ધિશાળી પુરુષો બતાવે, પરંતુ જેમાં ભગવાનનો સંબંધ ન હોય તે ચાહે તેટલા આશ્ચર્યો હોય પણ અંતે તે કશું જ રહેતું નથી. જે ભગવાનના પાકા ભક્ત હોય તે ભગવાનથી અધિક કાંઈ દેખતા નથી. ભગવાન કાંઈ આશ્ચર્ય ન દેખાડે છતાં ભક્ત એમ સમજે છે કે ભગવાન વિના કોઈથી કશું જ થતું નથી. ૮-૯.

જ્યાં સુધી બીજા કોઈપણને ભગવાનથી અધિક જાણે છે ત્યાં સુધી તેના માથે જન્મ-મરણનું ભટકણ રહે છે. અને જેટલાં દુઃખ છે તે બધાં દુઃખ તેને સહન કરવા પડે છે. ૧૦. ગમે તેવો કોઈ બુદ્ધિમાન હોય, તોપણ તેને ભગવાનથી જ્યારે અધિક ન માને ત્યારે તે ભવભટકણરૂપી દુઃખના પારને પામે છે. ૧૧. ભગવાનના જે ભક્ત હોય તેની બુદ્ધિમાં આવી સમજણ હોય છે કે, 'જેટલાં શાસ્ત્રો છે તે બધાનું જીવન-રહસ્ય ભગવાનને સર્વથી અધિક માનવા તે જ છે.' ૧૨.

જ્યારે શ્રીહરિ સંતોની જાયગામાં આવીને બેઠા ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને મુખથી હસતા હતા. ૧૩. શ્રીહરિના મુખારવિંદની આગળ મુનિજનો તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧૪. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "આ સંતનો સમૂહ બેઠો છે તેમાંથી કોઈ પ્રશ્ન પૂછો તો અમે વાત કરીએ." ૧૫.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! જ્યારે ભગવાનનો ભક્ત ઠેરાવ કરીને ભજન-સ્મરણ કરવા માટે બેસે છે ત્યારે તેના અંતઃકરણમાં રજોગુણ અને તમોગુણના વેગ આવે છે, પછી ભજન-સ્મરણનું સુખ આવતું નથી, તો તે ગુણોનો વેગ કેમ ટળે ?" ૧૬-૧૮.

ત્યારે સર્વ વાતને જે જાણે છે એવા શ્રીજીમહારાજ બોલ્યા કે, "ગુણની પ્રવૃત્તિનું કારણ તો દેહ, કુસંગ અને પૂર્વના સંસ્કાર એ ત્રણ છે; તે અમે કહ્યા. તેમાં દેહના યોગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય તે તો આત્મા અને દેહનો અંતરમાં વિચાર કરવાથી તે ગુણનો વેગ શમી જાય છે. આવો તેનો એક ઉપાય છે. ૧૯-૨૧. અને કુસંગે કરીને જે ગુણ પ્રવર્ત્યા હોય તે તો સંતના સમાગમે કરીને તત્કાળ ટળી જાય છે. ૨૨. અને જે રજોગુણ તથા તમોગુણના વેગ એ બંને ઉપાયે કરીને પણ જ્યારે ન ટળે ત્યારે પૂર્વના કોઈક ભારે ભૂંડા દુઃખકારી સંસ્કારનો યોગ હોય છે. તેથી તે ગુણના વેગ ટળતા નથી. એવા ગુણના વેગ ટળવા કઠણ છે, પરંતુ સત્સંગથી તે ગુણોનાં મૂળ છેદાઈ જાય છે." ૨૩-૨૪.

✵ મોટાનો રાજીપો સર્વે સિદ્ધિનું કારણ છે :

પછી આનંદાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, "પૂર્વના જે અતિ મલિન સંસ્કાર હોય તે તત્કાળ કેમ ટળે ? તેનો ઉપાય આપ કહો. વળી, જેનાથી તેવો ખપ ઉદય થાય તે રીતનો જે ઉપાય હોય તે કહો." ૨૫-૨૬. પછી શ્રીહરિએ સંતો પ્રત્યે કહ્યું જે, "ભગવાનના જે અતિશય મોટા સંત હોય કે જે, વૃત્તિએ કરીને ભગવાનની સાથે એકતાર રહેતા હોય અથવા ભગવાનના અંગમાં નિવાસ કરીને રહેતા હોય,

चोपाई :

एसे महापुरुष की जेहा, प्रसन्नता होई जब हि तेहा;
जेहि जन के उपर जो जबही, मलिन संस्कार होय तबही...२९

नाश होइ जावत ततखेवा, महापुरुष रहायेउ एवा;
जिनके उपर महापुरुष ताके, राजीपे पूरे होवत वाके...३०

रांक होय तेहि होवत भूपा, बात एसी बहु होत अनूपा;
प्रारब्ध भूंडे होय अपारा, अछे होय जावत नहि पारा...३१
गमे तेसे शिर उपर ताही, विघ्न आवन वारे रहाही;
नाश होई जावत ततकाला, प्रसन्न होत जा पर क्रपाला...३२

એવા મોટાપુરુષનો રાજીપો જેના ઉપર થાય ત્યારે તેના મલિન સંસ્કાર હોય તેનો તત્કાળ નાશ થઈ જાય છે. (અને તેની બુદ્ધિ શુદ્ધ થતા તેને ખપ પણ ઉદય થાય છે.) એમાંય એવા મહાપુરુષનો જેના ઉપર સંપૂર્ણ રાજીપો થાય ત્યારે તે જીવ રાંક હોય તો રાજા થાય, અને ગમે તેવા અપાર ભૂંડા પ્રારબ્ધ હોય, તે પણ સારાં થઈ જાય છે. આવી આ ઘણી અનુપમ વાત છે. ૨૭-૩૧. તે કૃપાળુ સંત જેના ઉપર પ્રસન્ન થાય છે તેના ઉપર ગમે તેવું વિઘ્ન આવનારું હોય તેનો પણ તત્કાળ નાશ થઈ જાય છે." ૩૨.

વળી, આનંદાનંદસ્વામીએ શ્રીહરિને ફરીથી પૂછ્યું કે, "મનુષ્ય કેવો ઉપાય કરે ત્યારે મોટા પુરુષ રાજી થાય ?" ૩૩. પછી શ્રીજીમહારાજ આનંદાનંદસ્વામીને પોતાના બાળમિત્ર જાણીને બોલ્યા કે, "પ્રથમ તો મોટા સંતની સાથે સર્વ રીતે નિષ્કપટપણે વર્તે, અત્યંત નિર્માની થઈને રહે તથા કામ, ક્રોધ અને લોભ ન રાખે. તથા મોહ, મદ અને મત્સરને છોડી દે. વળી, આશા, તૃષ્ણા, અહંકાર અને ઈર્ષ્યા આદિક સર્વ દોષોનો અંતરથી ત્યાગ કરે. અને પોતાના મોટા ભાગ્ય માનીને સંતનો દાસ થઈને રહે, અંતરમાં માન રહેતું હોય કે ન હોય પણ દેહે કરીને આનંદપૂર્વક નમતો રહે. ૩૪-૩૬. આમ, બધા જ સંતો અને હરિભક્તોની આગળ દીન થઈને નમતો રહે ત્યારે તેના ઉપર સંત તત્કાળ રાજી થાય છે." ૩૭.

* મોટા સંતને જેવા જાણે તેવો પોતે થાય :

પછી મહાનુભાવાનંદસ્વામીએ શ્રીહરિના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો, તે હવે કહું છું. ૩૮. હે મહારાજ ! હે કૃપાળુ ! જે સત્સંગમાં રહે છે તેને યમદૂત, કાળ, માયા અને બધાં પાપમય કર્મનો નાશ થઈ જાય છે. અને તેમાં જેટલા અવગુણ હોય તે પણ નાશ થઈ જાય છે તથા સત્સંગના પ્રતાપે કરીને તમામ ગુણ આવે છે. ૩૯-૪૦. વળી, દિવસે દિવસે ભગવાનની ભક્તિ વૃદ્ધિ

પામે છે. આ બધાનો ઉપાય હે બહુનામી ! સ્વામી ! આપ જેવો જાણતા હો તે અમને કહો." ૪૧.

પછી કરુણાનિધિ શ્રીજીમહારાજ બોલ્યા જે, "જે મોટાપુરુષ હોય તેનો જેમ જેમ ગુણ ગ્રહણ કરે તેમ તેમ તેની ભક્તિ વૃદ્ધિ પામતી જાય છે. અને અતિશય જે મોટાપુરુષ હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય, તોપણ અતી નિષ્કામી થઈ જાય છે. અને તે મોટાપુરુષમાં કામીપણાનો દોષ પરઠે તો તે પોતે ગમે તેવો નિષ્કામી હોય તોપણ અતિશય કામી થઈ જાય છે. આ વાત ચોક્કસ જાણવી. ૪૨-૪૫. અને તે મોટાપુરુષમાં ક્રોધી-લોભીપણા જેવા જેટલા દોષ પરઠવામાં આવે તેટલો તે પોતે ક્રોધી અને લોભી થઈ જાય છે. તેમ જ મોટાને વિશે જેટલા દોષ પરઠે તેટલા તેનામાં આવે છે. ૪૬.

अरु जो बडे पुरुष रहे ताकू, अति निष्कामी हि समझे वाकू;
निर्लोभी निःस्वादी तेही जाने, निर्मानी निःस्नेही गुण माने...४७
तब पोते पण सब ही जेही, विकार रहित होय जात तेहि;
पकेउ हरिभक्त जो रहाते, पके के अब लक्षण कहाते...४८

અને જો મોટાપુરુષ હોય તેને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની અને નિઃસ્નેહી ગુણવાળા માને, તો પોતે પણ તે બધા વિકારોથી રહિત થઈ જાય છે અને પાકો હરિભક્ત થાય છે. હવે પાકા હરિભક્તનાં લક્ષણ કહું છું. ૪૭-૪૮. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ, તે અતિ સારા પાંચ વિષય જેને દુઃખદાયક વસ્તુની જેમ અતિશય નકારા લાગે, ૪૯. અને જેમ દુઃખદાયક વસ્તુનો સહજ અભાવ રહે છે તેની માફક તે સારા પંચવિષયનો સહેજે અભાવ વર્તે, અને પરમેશ્વરના સ્વરૂપમાં એક અચળ નિષ્ઠા જેને વર્તે તે પાકો હરિભક્ત છે. ૫૦-૫૧. (એવા પાકા હરિભક્ત થવાનો તો એ ઉપાય છે જે) પરમેશ્વરના દાસનો ગુલામ થઈને ઉત્સાહથી રહે. અને એમ જાણે જે આ સર્વે ભક્તો તો મોટા છે, ૫૨. અને હું તો સર્વે હરિભક્તોમાં સહુથી ન્યૂન છું. આવું સમજીને તે હરિભક્તોનો દાસાનુદાસ

થઈને રહે. ૫૩. આવી રીતે જે વર્તતો હોય તેનાં તમામ વિકારો દિવસે દિવસે નાશ થતા જાય છે. અને જ્ઞાન, વૈરાગ્ય તથા ભક્તિ એ આદિક જે શુભ ગુણો, તેની વૃદ્ધિ થાતી જાય છે." આ રીતે શ્રીહરિએ જ્યારે ઉત્તર કર્યો ત્યારે તે સાંભળીને સહુ મુનિ મનમાં અતિ રાજી થયા. ૫૪-૫૫.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અઠ્ઠાવનમું વચનામૃત કહ્યું" એ નામે સત્તાવનમો તરંગ સમાપ્ત ॥૫૭॥



પૂર એકવીશમું : તરંગ - ૫૮

ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણસાઠમું વચનામૃત

❋ ભગવાનમાં અસાધારણ પ્રીતિ કરવાના ઉપાયો :

ફાગણ સુદિ ચૌદશને દિવસ વિશ્વવંદ્ય સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ બિછાવેલો હતો, તેના ઉપર આવીને વિરાજમાન થયા હતા અને અનુપમ શ્વેત ખેસ પહેર્યો હતો. ૧-૩. શ્વેત ચાદર ઓઢી હતી. મસ્તક ઉપર હીરકોરની શ્વેત પાઘ બાંધી હતી. લલાટમાં ચંદનની અર્ચા કરી હતી અને તેમાં કેસરની સુગંધ આવતી હતી. પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજ મુનિઓના પ્રત્યે બોલ્યા કે, ૪-૬. "જેને પ્રશ્ન-ઉત્તર કરતા આવડે તે તમે પ્રશ્ન-ઉત્તર કરો." પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો, "હે અંતર્યામી ! બહુનામી મહારાજ ! ભગવાનને વિષે અસાધારણ પ્રેમ થાય તેનું કારણ જેમ હોય તેમ કહો." ૭-૮. પછી શ્રીજીમહારાજ જેવો ઉત્તર ઉપજ્યો તે રીતે બોલ્યા, "અસાધારણ પ્રેમ થવાનું જે કારણ છે તે અમે તમને કહીએ છીએ. એક તો ભગવાનનો હૃદયમાં દૃઢપણે પૂરો વિશ્વાસ

હોય કે, આ મને મળ્યા છે તે નક્કી ભગવાન જ છે. ૯-૧૦. તથા દૃઢ આસ્તિકપણું હોવું જોઈએ અને ભગવાનના જે ઐશ્વર્ય છે તેને યથાર્થરૂપમાં જેમ છે તેમ જાણે જે, ૧૧.

આ જે ભગવાન છે તે બ્રહ્મમહોલ, ગોલોક અને શ્વેતદ્વીપ આદિક જેટલા ધામ છે તે સર્વેના પતિ છે. અને અનંત કોટિ બ્રહ્માંડના પણ ધણી છે. ૧૨-૧૩. તથા સર્વના કર્તા છે એમ જાણે. પણ પુરુષ, કાળ, કર્મ, માયા, ત્રણ ગુણ, ચોવીશ તત્ત્વ અને બ્રહ્માદિક દેવતાઓ તે કોઈને આ બ્રહ્માંડના કર્તા ન જાણે. ૧૪-૧૫. એક જે પુરુષોત્તમ ભગવાન છે તેને જ સહુના કર્તા જાણે અને ભગવાન સિવાયના બધા તેમના દાસ છે, તેમ જાણે. ૧૬.

चोपाई :

सबके अंतरजामी जेहा, भगवान एक जाने तेहा;
एसी रीत की समझण सहिता, प्रत्यक्ष भगवान जो मलिता...१७
ताके स्वरूप के विषे जितना, निश्चे परमेश्वर के तितना;
असाधारण स्नेह के तेहू, कारण रहेउ कहे जो एहू...१८

અને સહુના અંતર્યામી પણ એક ભગવાનને જ જાણે. આવી રીતની સમજણે સહિત પોતાને જે પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે, તેના સ્વરૂપનો જેટલો દૃઢ નિશ્ચય હોય તેટલો તે નિશ્ચય જ પરમેશ્વરને વિષે અસાધારણ સ્નેહ થયાનું કારણ છે." ૧૭-૧૮. પછી મુક્તાનંદસ્વામીએ ફરીથી શ્રીહરિના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! આપ જે રીતે કહો છો તે રીતનો ભગવાનનો મહિમા યથાર્થ જાણતા હોઈએ, છતાં પણ અસાધારણ પ્રીતિ થાતી નથી, તેનું જે કારણ હોય તે તમે કહો. કારણ કે તમે તે બધાને જાણનારા છો." ૧૯-૨૦. પછી શ્રીજીમહારાજ મુનિઓ પ્રત્યે બોલ્યા કે, "જે ભગવાનનો આવો મહિમા જાણતો હોય, તેને ભગવાનમાં અસાધારણ હેત છે, પણ તે પોતે તેને જાણતો નથી. તેથી તે હેત તેને જાણવામાં આવતું નથી. જેમ હનુમાનજીમાં અપાર બળ હતું, પણ કોઈકના જણાવ્યા સિવાય તેને લગાર પણ તે જણાયું ન હતું. તેવી જ આ વાત છે. ૨૧-૨૩. અને જેમ પ્રલંબાસુર

બળદેવજીને લઈને ભાગ્યો ત્યારે બળદેવજીમાં બળ તો ઘણું રહ્યું હતું, પણ તેને પોતે જાણતા ન હતા. ૨૪. જ્યારે (આકાશવાણી સાંભળ્યા પછી) તપાસીને જોયું તે સમયે બળદેવજીને પોતાના બળનું જ્ઞાન થયું. તે રીતે જ આ અસાધારણ સ્નેહનો નિર્ધાર જાણવો. અર્થાત્ ભક્તને ભગવાનને વિષે સ્નેહ હોય છે, પણ ઉપર કહ્યું તેમ તે જાણતા નથી." ૨૫-૨૬.

પછી વળી, મુક્તાનંદસ્વામીએ શ્રીહરિના પ્રત્યે પ્રશ્ન પૂછ્યો કે, "તે પ્રીતિના બળને જાણવાનું જે રીતનું કારણ હોય તે હવે આપ પરમ પ્રેમથી અમને કહો. કારણ કે, આપ બધી જ વાતોને જાણો છો." ૨૭-૨૮. પછી શ્રીજીમહારાજ કૃપા કરીને બોલ્યા કે, "તેનું કારણ તો એક સત્સંગ છે અને બીજું સત્શાસ્ત્રનું શ્રવણ છે. ૨૯. તે બંનેએ કરીને ભગવાનમાં રહેલી પ્રીતિનું જેવું બળ હોય તેવું જણાઈ આવે છે. તે કારણ સિવાય તેવું જણાતું નથી." ૩૦. પછી મુક્તાનંદસ્વામીએ ફરીથી શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "દેશ, કાળ અને ક્રિયા તે ભૂંડા થાય અથવા સારા થાય તેનું કારણ સંગ છે કે તે સિવાય બીજું કાંઈ છે ?" પછી શ્રીહરિ બોલ્યા કે, "દેશ તો પૃથ્વીને કહેવાય, તે તો બધી જગ્યાએ એકસરખી છે અને કાળ પણ સરખો જ કહેવાય, પણ અતિશય ભારે સમર્થ અને સુખકારી એવા જે મોટા પુરુષ હોય તે જે દેશમાં રહેતા હોય, તેમના પ્રતાપે કરીને ભૂંડો દેશ, ભૂંડો કાળ અને ભૂંડી ક્રિયા હોય તે બધા પણ સારા થઈ જાય છે. ૩૧-૩૪.

અને અતિ ભૂંડા પાપી પુરુષ જે દેશમાં રહેતા હોય, તેના યોગે કરીને સારા દેશ, કાળ અને સારી ક્રિયા હોય તે પણ બદલાઈને ભૂંડા થઈ જાય છે. ૩૫. **માટે શુભ અને અશુભ એવા દેશ, કાળ અને ક્રિયા, તેના હેતુ તો પુરુષ છે. પણ તે મોટાપુરુષ સિવાય બીજો કોઈ હેતુ દેખાતો નથી. ૩૬.** અને તે પુરુષ જો અત્યંત સમર્થ હોય તો આખી પૃથ્વીમાં દેશ, કાળ અને ક્રિયાને પોતાના સ્વભાવ પ્રમાણે પ્રવર્તાવે છે. અને તેનાથી ઊતરતા-ઓછા સમર્થ હોય તો એક દેશમાં પ્રવર્તાવે છે, અને તેના કરતાં પણ ઊતરતા હોય તે એક ગામમાં તો જરૂર પ્રવર્તાવે છે. ૩૭-૩૯. અને તેનાથી પણ

જો ઊતરતા હોય તો એક મહોલ્લો કે એક ઘરમાં પ્રવર્તાવે છે. આ રીતે શુભ અને અશુભ જે દેશ, કાળ અને ક્રિયા તેના હેતુ તો શુભ અને અશુભ એવા બે પ્રકારના પુરુષ રહ્યા છે. ૪૦-૪૧.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણસાઠમું વચનામૃત કહ્યું" એ નામે અઠ્ઠાવનમો તરંગ સમાપ્ત ॥૫૮॥



પૂર એકવીશમું : તરંગ - ૫૯

શ્રીહરિએ ગઢપુરમાં હુતાશની નિમિત્તે રંગોત્સવ કર્યો

પછી શ્રીહરિએ હુતાશની ઉપર સંતો અને હરિભક્તોને દેશદેશમાં પત્ર લખીને ગઢપુર પ્રત્યે બોલાવ્યા, એટલે તે સહુ આવ્યા. સહુએ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન સુખદાયક શ્રીહરિનાં દર્શન કર્યાં. ૧-૨. ગઢપુરમાં જે સંતો રહેતા હતા તે બધા ઝાંઝ, મૃદંગ વગાડીને નિત્ય ઉત્સવ કરતા હતા. તેમાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી આદિક જે સંતો હતા તે રોજ સવારે અને સાંજે આવીને ઉત્સવ કરતા હતા. ૩-૪. પોષ સુદિ ચૌદશના દિવસે વાસુદેવનારાયણને દાદા ખાચરના દરબારમાં ઉત્તરાદા બારના ઓરડે (ઉત્તરાદા દ્વારના ગોખમાં) વિધિએ સહિત પધરાવ્યા. ૫. તે દિવસથી સંતો સવારમાં આવીને નિત્ય ત્યાં ઉત્સવ કરતા હતા. ઓરડાની આગળ ચોક હતો તે ચોકમાં મુનિઓ આવીને બેસતા. ૬.

મંગળા આરતી થાય ત્યારથી અહીં સંતો ઉત્સવ કરતા હતા. અને શ્રીહરિ રોજ ઉત્સવના સમયમાં આવતા અને ત્યાં બેસીને તે ઉત્સવના પદોને રોજ સાંભળતા હતા. ૭. શ્રીહરિ બેસતા ત્યાં સુધી સંતો વિભાસ, ભૈરવ અને બિલાવર રાગના કીર્તનોને ગાતા હતા. ૮. આમ, દિવસ બે ઘડી ચઢે ત્યાં સુધી મુનિઓ ઉત્સવ કરતા હતા. ૯. અને વસંતપંચમી આવી તે દિવસથી સાંજ વખતે રોજ મુનિઓ શ્રીહરિની આગળ ઉત્સવ કરતા હતા. વસંત, હોરી અને ધુમાર રાગના પદ ગાતા હતા. શ્રીહરિ રોજ ગુલાલ ઉડાડતા

હતા. ૧૦. દાદા ખાચર રોજ થાળ ભરીને ગુલાલ લાવતા હતા. સંતોના ઉપર તેમને ઘણું હેત હતું. હુતાશનીને દિવસે જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા સાકરના હારડાં લાવ્યા હતા અને શ્રીહરિને પહેરાવતા હતા. આ રીતે સહુએ શ્રીહરિની પૂજા કરીને અલૌકિક લાભ લીધો. ૧૧-૧૨.

તે દિવસે શ્રીહરિએ કેસરી રંગનાં વસ્ત્ર પહેર્યાં હતાં. હરિભક્તો તે વસ્ત્રો લાવ્યા હતા અને પોતાના મનોરથ સફળ કર્યા હતા. ૧૩. મધ્યરાત્રી સુધી દાદા ખાચરના ભવનમાં પલંગ ઉપર શ્રીહરિએ બેઠા થકાં દર્શન દીધાં. તે સમયે શ્રીહરિ મનમાં અતિ પ્રસન્ન હતા. ૧૪. બીજે દિવસે ધૂળેટીનો દિવસ હતો. તેથી શ્રીહરિ તત્પર થઈને રંગ ઉડાડવા માટે તૈયાર થયા. ૧૫. દાદા ખાચરે કેસર તથા કેસુડાનો રંગ તૈયાર કરાવીને મોટા મોટા વાસણો ભરાવ્યા હતા. ૧૬. કેટલોક પતંગનો રંગ કરાવ્યો હતો અને પુષ્કળ ગુલાલ પણ લાવ્યા હતા. જ્યારે ચાર ઘડી દિવસ ચઢ્યો ત્યારે દાદા ખાચરના દરબારમાં શ્રીહરિ આવ્યા. તેમને માટે પલંગ બિછાવી દીધો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને બેઠા. ત્યારે વિવિધ પ્રકારનાં ઢોલ, તાંસા વગેરે વાજિંત્ર વાગતાં હતાં. ૧૭-૧૮.

ગઢપુરના જે ઘણા હોશિયાર હરિભક્તો હતા તે બધા ઢોલ અને તાંસા વગાડતા હતા. તે સહુને શ્રીહરિના ઉપર ખૂબ જ હેત હતું. ૧૯. હરિભક્તોને શ્રીહરિને રાજી કરવા માટે મનમાં ખૂબ જ પ્રેમ હતો અને તે પ્રેમને લીધે વાજિંત્ર વગાડતા હતા. તેથી શ્રીહરિ તેમના ઉપર રાજી થતા હતા. ૨૦. તે હરિભક્તોને ઝાંઝ, મૃદંગ વગાડીને ઉત્સવ કરવાનું સરસ આવડતું હતું. તે સહુને હરિભક્ત જાણીને પ્રેમાનંદસ્વામી વાજિંત્ર વગાડવાનું ઘણા હેતથી શીખવાડતા હતા. કારણ કે, જે જે વિદ્યાઓ કે અન્ય બાબતો છે તે હેત વિના સિદ્ધ થાતી નથી. ૨૧-૨૨. પરંતુ જેનાથી ભગવાન રાજી થાય તેના જેવી બીજી કોઈ બાબત નથી. ભૂમિ ઉપર અપાર બાબતો છે, તેનો કોઈ પાર લઈ શકતું નથી. ૨૩. **પણ તે બધી બાબતોમાં એ જ બાબત અધિક છે કે, જેણે કરીને ભગવાન રાજી થાય. જેને ભગવાનને રાજી કરવાનું આવડી ગયું તે બધી બાબત કરી ચૂક્યા છે. ૨૪.**

જે પાકા સંતો અને હરિભક્તો છે, તે આવું સમજે છે અને જે આવું ન સમજે તે પાકા ગણાય નહિ. ૨૫. તેવા પાકા સંતો અને હરિભક્તોને માટે આ ગ્રંથ રચ્યો છે. જેટલા પાકા સંત-હરિભક્ત છે તેમને આ ગ્રંથ સાંભળતા તૃપ્તિ થશે નહિ. ૨૬. **જેટલા પાકા સંત-હરિભક્ત છે, તેઓ જ્યારે આ ગ્રંથનું શ્રવણ કરે છે ત્યારે તેમને ઊંઘ આવતી નથી, અને જેટલી ઊંઘ આવે તેટલો તેમાં ફરક છે. ૨૭.** જે શ્રવણ કરવામાં જેટલા આળસ-પ્રમાદ રાખે છે તેટલી તેમાં કસર છે તે દેખાઈ આવે છે. ૨૮. ગ્રામ્યવાર્તા સાંભળવામાં આળસ કે પ્રમાદ રહેતા નથી. ભગવાનનાં ચરિત્ર સાંભળવામાં જેટલો પ્રમાદ રહે છે તેટલા તેને પૂર્વના કઠણ પાપ હશે, જે શ્રવણ વખતે આવીને વિક્ષેપ કરે છે. તે પૂર્વનાં પાપોને છોડાવવા માટે આ પવિત્ર ગ્રંથ પ્રગટ થયો છે. ૨૯-૩૦. **ગ્રંથ શ્રવણ કરવામાં જેને જેટલી દિવસે દિવસે અધિક શ્રદ્ધા રહેતી હોય તેટલાં તેનાં પાપ દૂર થાય છે. અને તેટલો તે ભક્ત ભગવાનની હજૂર રહે છે.** ૩૧. શ્રીહરિ જ્યારે ઓરડા આગળ આવીને બેઠા ત્યારે બધા સંતો પણ ત્યાં આવીને બેઠા. અને દેશદેશથી આવેલા હરિભક્તો પણ આવીને બેઠા. ૩૨. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને મુનિવર નિત્યાનંદસ્વામીએ જ્યારે શ્રીહરિના ઉપર રંગ નાખ્યો ત્યારે શ્રીહરિ રંગ લઈને ઊઠ્યા. ૩૩. રંગભીના શ્રીહરિએ રંગના કળશ ભરીને સંતો અને હરિભક્તોને રંગી દીધા. તે દિવસે રંગનો એવો ખેલ મચ્યો કે તેવો પહેલા કોઈ દિવસ દેખ્યો ન હતો. ૩૪.

ઓરડાની આગળનો જેટલો ચોક હતો તે બધો રંગથી ભરાઈ ગયો અને રંગનો ઘણો કીચડ મચ્યો. તેની અપાર શોભા થઈ. ૩૫. જે સ્થળે ભગવાન હોય છે ત્યાં (આવો કલ્યાણકારી) અપાર રંગ ઊડે છે. અને જ્યાં ભગવાન ન હોય ત્યાં આ રીતે ક્યારેય રંગ ઊડતો નથી. ૩૬.

दोहा : जितने रस रंग तिनकी, हरि की मूर्ति रहेउ;
रूप जितने हरि महिं, सहज रहाये तेउ...३७
जो जो बात जितनी जो, हरि में अधिक रहाय;
अधिक बिन नहि बात कोउ, भक्त ताकु देखाय...३८

જેટલી પ્રકારના રસ અને રંગ છે, તે બધાની મૂર્તિ સ્વયં શ્રીહરિ છે. જેટલાં રૂપ છે તે બધાં શ્રીહરિમાં સહજભાવે રહ્યાં છે. ૩૭. આવી જે જે બાબત જેટલી છે તે સર્વે શ્રીહરિના સ્વરૂપમાં અધિકપણે રહી છે. શ્રીહરિમાં અધિકતા વિનાની કોઈ વાત ન હતી, પરંતુ તે ભક્તોને દેખાતું હતું. ૩૮. જેટલો રંગ હતો તે બધો જ્યારે શ્રીહરિ ઉડાડી રહ્યા, પછી જેટલો ગુલાલ હતો તેને પણ ઉડાડ્યો. ૩૯. તે પછી દરબાર જીવા ખાચર આવ્યા અને શ્રીહરિને લઈને તત્કાળ પોતાના દરબાર પ્રત્યે ચાલ્યા. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિએ ગઢપુરમાં હુતાશની નિમિત્તે રંગોત્સવ કર્યો" એ નામે ઓગણસાઠમો તરંગ સમાપ્ત ॥૫૯॥



પૂર એકવીશમું : તરંગ - ૬૦

જીવા ખાચરના દરબારમાં રંગક્રીડા અને ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું

રંગથી ભીંજાયેલા શ્રીહરિ, સંતો અને હરિભક્તો સહુ ગઢપુરની રાજબજારમાં ચાલ્યા આવતા હતા. ૧. જેટલી પ્રકારનાં વાજિંત્ર હતાં તે બધાં વાગતાં હતાં. ગઢપુરના જેટલા પુરજનો હતા, તે બધા બજારમાં ઊભા હતા. ૨. જીવા ખાચર ગુલાલ લાવ્યા, તેને બજારમાં ઉડાડતા ઉડાડતા શ્રીહરિ ચાલ્યા. તે ગુલાલથી બજાર અને જેટલી દુકાનો હતી તે બધી લાલ લાલ થઈ ગઈ. ૩. શ્રીહરિ જીવા ખાચરના દરબારમાં આવ્યા. ત્યાં ઊંચી ઊભણીવાળા ભવનની ઓસરીમાં આવીને બેઠા. ૪. જે સોનેરી પલંગ હતો તે શ્રીહરિને માટે બિછાવ્યો હતો. શ્રીહરિ આવીને તેના ઉપર બેઠા. તે ભવનની આગળનો જે ચોક હતો તેમાં ત્યાં જેટલા સંતો અને હરિભક્તો હતા, તે બધા આવીને બેઠા. પછી જેટલો રંગ બનાવી રાખ્યો હતો, તે બધો શ્રીહરિની આગળ લાવીને મૂક્યો. ૫-૬. જેટલો રંગ લાવીને આગળ મૂક્યો, તે બધો રંગ શ્રીહરિ ઉડાડવા લાગ્યા. શ્રીહરિના દિલમાં રંગ ઉડાડવાનો ઘણો જ ઉત્સાહ ભર્યો હતો. ૭.

જે કાંઈ કરવા યોગ્ય હોય તે બધું શ્રીહરિને ઉત્સાહ વિના ગમતું નહિ. તેથી શ્રીહરિ જે કાંઈ કરતા તેમાં ઘણો ઉત્સાહ ભર્યો રહેતો હતો. ૮. જેટલો રંગ હતો તે ઉડાડી રહ્યા પછી ગુલાલ ઉડાડ્યો. ઓસરી અને ભવનના ચોકમાં જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધાને રંગમાં રસબસ કરી દીધા. રંગક્રીડા ઘણી કરી. ત્યાં જેટલો ચોક હતો તે બધામાં રંગનો કીચડ થઈ ગયો. ૯-૧૦. પછી રંગભર્યા શ્રીહરિ સ્નાન કરવા માટે ચાલ્યા, તે ઉન્મત્તગંગાએ આવ્યા. સંતો અને હરિભક્તો બધા સાથે હતા. સહુ રંગમાં ભીંજાયેલા હતા. ૧૧. ઉન્મત્તગંગામાં જ્યાં નારાયણધરો છે ત્યાં આવીને નાહ્યા. જ્યારે શ્રીહરિ તે ધરામાં નાહ્યા ત્યારે તે ધરાનું પાણી રંગમય થઈ ગયું. ૧૨. રંગવાળું જેટલું પાણી હતું, તે પ્રવાહમાં ચાલ્યું ગયું. પછી શ્રીહરિ ત્યાં બીજું સ્વચ્છ પાણી આવતું હતું તેમાં નાહ્યા. ૧૩.

શ્રીહરિ બે ઘડી સુધી ઉન્મત્તગંગામાં નાહ્યા. પછી બહાર નીકળી અંગ લૂછ્યા અને જરિયાની સુરવાળ તથા જરિયાની જામો પહેર્યો. ૧૪. મસ્તક ઉપર જરિયાની પાઘ પહેરી અને જરિયાની શેલું ખભા ઉપર રાખ્યું. પછી અશ્વ ઉપર બેઠા. ૧૫. ત્યારે ત્યાં ગોપી ભટ્ટ આવ્યા અને શ્રીહરિના લલાટમાં કુંકુમનો ચાંદલો કર્યો. તેનું શરીર થરથર ધ્રૂજતું હતું. ૧૬. તેની સો વર્ષની ઉંમર પૂરી થઈ ગઈ હતી, તોપણ આંખથી દેખતા હતા. તેમના દાંત પણ વજ્ર સમાન હતા. કાનના દેવ પણ સારા હતા. ૧૭. શ્રીહરિએ તેમને સો રૂપિયા દેવડાવ્યા અને સોનેરી વસ્ત્ર તથા સોનાનાં ઘરેણાં પહેરાવ્યાં.

પછી શ્રીહરિ પુરમાં આવ્યા. બધા સંતો અને હરિભક્તો સાથે હતા. ૧૮. ત્યારે શ્રીહરિનાં મસ્તક ઉપર સોનેરી છત્ર ધાર્યું હતું, તે દર્શન કરનારાની સાંસારિક પીડાને હરતું હતું. શ્રીહરિની આગળ છડીદાર હતા. તે મુખથી 'જય જય...જય જય...' શબ્દ બોલતા હતા. ૧૯. જે પાર્ષદો હતા તે શ્રીહરિની આગળ ચાલતા હતા અને તેમની આગળ સંતો હતા. વર્ણી શ્રીહરિની પાસે જ ચાલતા હતા. તેઓ શ્રીહરિથી દૂર રહેતા નહિ. ૨૦. વર્ણી શ્રીહરિને ચમર કરતા હતા. તેઓ શ્રીહરિની હજૂરમાં ઘણા સોહામણા લાગતા હતા. જેટલા હરિભક્તો હતા તે બધા સંતોની આગળ ચાલતા હતા. ૨૧. જેટલી

હરિભક્ત બાઈઓ હતી તે બધી શ્રીહરિની સવારીની પાછળ પુરની બજારમાં આવતી હતી. અને શ્રીહરિના અપાર યશનું ગાન કરતી હતી. ૨૨.

શ્રીહરિ જ્યારે રાજબજારે આવતા હતા ત્યારે નાગાજણ નામના રાવળ રવાજ લઈને શ્રીહરિની આગળ પરમ સ્નેહથી ગાતા હતા. ૨૩. તેના સરળ સ્વભાવના જેટલા સંબંધીઓ હતા તે સર્વે હરિભક્ત થયા હતા. તે પણ નાગાજણની ભેગા ગાતા હતા. તેમાં નાગદાન, લખમણ, રાણો, હમીર, રૂખડ વગેરે દસ-બાર જેટલા રાવળ તાલ વગાડતાં વગાડતાં શ્રીહરિને ખુશ કરવા માટે નાચતા હતા. ૨૪-૨૫. શ્રીહરિએ તેમના ઉપર રાજી થઈને અશ્વ અને વસ્ત્રો આપ્યાં અને અપાર ફૂલના હાર પણ દીધા હતા. ૨૬. શ્રીહરિ દાદા ખાચરના દરબારમાં આવ્યા અને અશ્વ ઉપરથી ઊતર્યા. તે સમયે રસોઈ તૈયાર થઈ ગઈ હતી. ૨૭. તે રસોઈ વિપ્રોએ બનાવી હતી. તે રસોઈ લાડુબાઈની હતી. તેને શ્રીહરિ જમ્યા. ૨૮.

જ્યારે શ્રીહરિ જમી રહ્યા ત્યારે સંતોની પંગત કરાવી. બરફી અને પેંડાની રસોઈ હતી. તેને શ્રીહરિએ પીરસ્યું. ૨૯. હુતાશનીને દિવસ જીવુબાઈની કેળાની રસોઈ હતી. તેને શ્રીહરિ તથા સંતો જમ્યા. ૩૦. તેના પહેલા દાદા ખાચરની તો કેટલીય રસોઈ થઈ હતી. જીવા ખાચર તો મહિને મહિને એકવાર રસોઈ દેતા હતા. ૩૧. ગઢપુર ગામમાં જેટલા હરિભક્તો હતા તેમાં જેનો જેવો વ્યવહાર ચાલતો હોય તે પ્રમાણે ગામમાં રહેનારા સંતોને રસોઈ આપતા હતા. ૩૨. જેને જેવો ભાવ હોય તેવી તે રસોઈ આપતા હતા. ગમે તેટલું પોતાની પાસે ધન હોય, તોપણ ભાવ સિવાય ક્યારેય કાંઈ બને નહિ. ૩૩. કેટલાક ધનવાન એવા હોય છે કે, જ્યાં ઊગે-ફળ મળે ત્યાં વાવે નહિ અર્થાત્ અર્પણ કરે નહિ, અને ઊગે એવું ન હોય ત્યાં વાવે. તેવા ઘણા કોટિધ્વજ શાહુકાર કહેવાતા હતા. ૩૪.

જેનું અનર્થમય-અન્યાયનું ધન હોય તે અનર્થમાં-અવળે રસ્તે વપરાય છે. જેટલા ભેખધારી થઈને પણ ગાંજો અને માજમને પીવે છે, ધન રાખે છે, સ્ત્રીઓની સાથે બોલે છે, સંતનો વેષ ધારીને પણ સંતની રીતમાં ચાલતા નથી, આવા બધા ભેખધારી ખારી જમીન જેવા કહેવાય. તેમાં જેટલું વાવે

તે ક્યારેય ઊગતું નથી. ૩૫-૩૭. જ્યારે જેને સત્સંગ થાય છે ત્યારે તેનાં જીવનમાં વિવેક આવે છે. અને સાચા સંતોની જેવી રીત હોય તે તેમને ઓળખાય છે. સત્સંગ સિવાય પાત્ર કે કુપાત્ર ઓળખાતા નથી. સત્સંગ વિનાના મનુષ્યો તો જ્યાં ઊગે નહિ ત્યાં વાવતા રહે છે. ૩૮-૩૯. ધૂળેટીને દિવસે બપોર પછી પરમ નિપુણ શ્રીહરિ દાદા ખાચરના ભવને આવીને બેઠા. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "જીવા ખાચરના દરબારમાં રંગક્રીડા અને ઉન્મત્તગંગામાં સ્નાન કર્યું" એ નામે સાઠમો તરંગ સમાપ્ત ॥૬૦॥



પૂર એકવીશમું : તરંગ - ૬૧

ગઢડા પ્રથમ પ્રકરણનું સાઠમું વચનામૃત

(ધૂળેટીની બપોર પછીની સભામાં) જે જે દેશના હરિભક્તો શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવ્યાં હતાં, તે બધાં આવીને બેઠાં. ૧. અને સહુ સંતો પણ શ્રીહરિનાં દર્શન કરવાં માટે આવીને બેઠાં. પછી શ્રીહરિએ સંતોને (સત્સંગવિચરણ કરવા માટે) રજા આપી અને પ્રેમથી બધાને ભેટ્યા. ૨. સંતોના જેટલા મંડળ હતા, તેમને કયા કયા પ્રદેશમાં જવું ? તે શ્રીહરિએ પોતે બતાવી દીધું. ૩. તે સિવાયના મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, શુકમુનિ, નાના આત્માનંદસ્વામી, ભજનાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી અને પરમાનંદસ્વામી વગેરે સંતોને મોક્ષધર્મ ભણવા માટે શ્રીહરિએ પોતાની પાસે રાખ્યા. ૪-૬. પ્રેમાનંદસ્વામીને ગાન કરવાને માટે સમીપે રાખ્યા. તે સિવાયના બીજા જે ભણનારા સંતો હતા તેમને શ્રીહરિએ કારિયાણી તથા બોટાદ ગામમાં રાખ્યા. જેટલા સંતો સિદ્ધાંતના ગ્રંથોને ભણતા હતા તેમને પાસે રાખ્યા. તેમાં ભગવદાનંદસ્વામી, યોગાનંદસ્વામી, શિવાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, લક્ષ્મણાનંદસ્વામી અને અચિંત્યાનંદસ્વામી, તે બધા નિત્યાનંદસ્વામી પાસે રહ્યા. નિત્યાનંદસ્વામી તે સહુને સિદ્ધાંતના ગ્રંથો ભણાવતા હતા. ૭-૯.

ત્યારબાદ દેશોદેશના જેટલા હરિભક્તો હતા, તે બધાને પણ શ્રીહરિએ ઘેર જવા માટે રજા આપી. પછી તે હરિભક્તો પૂજા લાવ્યા અને તેઓ શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. ૧૦. જેને જેવો ભાવ હતો તેણે તે રીતે પૂજા કરી. તેમાં શ્રીહરિ, સંતો અને વર્ણીની જેમ પૂજા કરવી ઘટે તેમ કરી. ૧૧. તે દિવસે સહુએ હરખભેર શ્રીહરિનાં દર્શન કર્યાં. પછી જ્યારે સાંજનો સમય થયો ત્યારે શ્રીહરિએ પરમહંસોની જગ્યામાં આવીને બીમાર સંતોને દર્શન દીધાં. પછી ત્યાં ચોકની વચ્ચે ચોતરા ઉપર આવીને બેઠા. ૧૨-૧૩.

❋ વચનામૃત ગ.પ્ર.૬૦ એકાંતિક ધર્મનું તથા વાસના ટાળ્યાનું :

ત્યારે શ્રીહરિએ શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી, મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. અને શ્વેત ફૂલના તોરા પાઘમાં લટકી રહ્યા હતા, કંઠમાં શ્વેત ફૂલના હાર પહેર્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના જેટલા હરિભક્તો હતા તેની સભા ભરાઈને બેઠી હતી. ૧૪-૧૬.

પછી (ફાગણ વદી પડવાને દિવસ) શ્રીજીમહારાજ સંતો પ્રત્યે બોલ્યા કે, "સર્વ સાધનો કરતાં વાસના ટાળવી તે સહુથી મોટું સાધન છે. આના સમાન બીજું કોઈ સાધન નથી. હવે તે વાસના ટાળવાની જેવી વિગત છે તેવી કહીએ છીએ. ૧૭-૧૮. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પંચવિષયમાં માણસ બંધાયેલો છે. જેને પંચવિષયમાં જેટલી તૃષ્ણા હોય તેટલો તેણે વારંવાર પોતાના હૃદયમાં વિચાર કરવો જે, **મારે ભગવાનમાં જેટલી વાસના છે તેટલી જ વાસના જગતમાં છે કે ઓછી વધુ છે ? આમ, રોજ તેની પરીક્ષા કરવી. તેમાં જેટલો પ્રમાદ હોય તેનો દૂરથી જ ત્યાગ કરવો.** ૧૯-૨૧. ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય જેટલી લોભાતી હોય તેટલી જ જો જગતની વાત સાંભળવામાં પણ લોભાતી હોય તો એમ જાણવું કે, 'મારા ચિત્તમાં ભગવાનની અને જગતની વાસના એકસરખી છે.' તે તપાસ કરવાથી દેખાઈ આવે છે. ૨૨-૨૩.

આ રીતે જ શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ બધા વિષયની તપાસ કરતા રહેવું અને તેનો વિચાર કરીને ગાફલાઈનો ત્યાગ કરવો. ૨૪. જ્યારે

આ રીતે તપાસ કરતા કરતા જગતની વાસનાને ઘટાડતા જાય ૨૫. અને ભગવાનની વાસનાને વધારતા જાય, તેણે કરીને એને પંચવિષયમાં સમાન બુદ્ધિ થઈ જાય છે. અને તે સમબુદ્ધિ થયા પછી તેને નિંદા અને સ્તુતિ, બંને એકસરખા લાગે છે. ૨૬-૨૭. સારા અને નરસા સ્પર્શ પણ સરખા લાગે છે. તેમજ સારાં અને ભૂંડાં રૂપ પણ સમાન લાગે છે. ૨૮.

વળી, બાળ, યુવાન અને વૃદ્ધ એવી જે સ્ત્રી તથા ઘણું બધું સોનું અને કચરો એ બધા સરખા ભાસે છે. તેમજ સારા અને નરસા રસ અને ગંધ, તે પણ સરખા ભાસે છે. આ રીતે જેને સ્વાભાવિકપણે વર્તાય ત્યારે તેણે જાણવું જે, 'વાસના જીતાણી છે.' આમ વર્તાયા વિના તો ખાલી ખબર છે-માહિતી છે તેમ જાણવું. અને વાસનાએ રહિત જે વર્તવું તે એકાંતિકનો ધર્મ છે. ૨૯-૩૧. અને જો જરાક પણ વાસના રહી જાય તો તે સમાધિવાળો કહેવાતો હોય, અને તેને નાડી-પ્રાણ તણાતાં સમાધિ થતી હોય, તોપણ તે જરાક એવી વાસના તેને સમાધિમાંથી પાછો ખેંચી લાવે છે. માટે જે વાસના ટાળે તે જ એકાંતિક ભક્ત કહેવાય છે." ૩૨-૩૩.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "વાસના ટાળ્યાનો જેવો ઉપાય હોય તે આપ કહો." ૩૪. પછી પરમ સુખદાયી શ્રીજીમહારાજ બોલ્યા કે, "એક તો **આત્મનિષ્ઠા**ની અતિશય દઢતા જોઈએ, બીજું **પંચવિષયનું તુચ્છપણું** જાણવું જોઈએ અને ત્રીજું **ભગવાનનું અપાર માહાત્મ્ય** દઢતાપૂર્વક જાણવું જોઈએ. ૩૫-૩૬. તે માહાત્મ્ય એમ જાણવું જે, ભગવાન તો વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મમહોલ એ સર્વે ધામના પતિ છે. માટે એવા ભગવાનને પામ્યા પછી તુચ્છ વિષયના સુખમાં શું પ્રીતિ રાખવી ? ૩૭-૩૮. આ રીતે જે બુદ્ધિમાન હોય તે ભગવાનનો મહિમા વિચારે છે. ભગવાનનો મહિમા વિચારવો તે જ બુદ્ધિનું ફળ છે. ૩૯. અને વળી, આ રીતે દરરોજ વારંવાર અંતરમાં વિચાર કરે જે, 'ભગવાનને ભજતા થકા પણ જો કાંઈક ખોટ કદાચ ટાળતા ટાળતા રહી જશે, અને કદાપિ ભગવાનના ધામમાં નહિ જવાય, ૪૦-૪૧. અને ઈન્દ્રલોક કે બ્રહ્મલોકમાં ભગવાન મૂકશે, તોપણ આ લોક કરતાં ત્યાં કરોડગણું વધારે સુખ રહ્યું છે.'

આ રીતે ચોક્કસ વિચાર કરવો પણ આ સંસારનાં જેટલાં તુચ્છ સુખ છે તેની વાસનાથી રહિત થવું અને ભગવાનના મહિમાને જાણવો. જ્યારે ભક્તજન ભગવાનના મહિમાનો વિચાર કરે છે ત્યારે તે વાસનાથી રહિત થાય છે. ભગવાનનો મહિમા જાણ્યા પછી તેને એવું જણાઈ આવે છે કે, 'મારે કોઈ કાળે કાંઈ વાસના હતી જ નહિ અને વાસના જેવું જે પહેલા મને દેખાયું હતું, તે તો ખોટે ખોટું મનને વિશે વચમાં કાંઈક ભ્રમ જેવું થયું હતું.' વળી, તેને એવું જણાય છે કે, 'હું તો સદા વાસનાએ રહિત અને પરમ પવિત્ર છું.' ૪૨-૪૭.

આવું તેને ભગવાનના મહિમાએ કરીને ભાસે છે. આવી રીતનો જે એકાંતિક ધર્મ કહેવાય છે તે તો આગળ કહ્યા એવા નિર્વાસનિક પુરુષ હોય તે થકી જ પ્રાપ્ત થાય છે. ૪૮-૪૯.

दोहा : जाकु भगवान हि विषे, स्थिति भइ होय ताके;
बचन करीके पावत हे, ता विन उपाय न वाके...५०

सोरठा : ग्रंथमें लिख रखेउ, ते करके न पावत रहे;
श्रवण करीके केउ, बात कहे न आत हि तिमि...५१
माट ही जिनकु जोउ, एकांतिक धर्म तिन महिं;
स्थिति भई होय सोउ, तिनसे पावत धर्म यह...५२

અને જેને ભગવાનના સ્વરૂપમાં સ્થિતિ થઈ હોય, તેના વચને કરીને પણ આવો એકાંતિક ધર્મ પમાય છે. તે સિવાય બીજો કોઈ તેનો ઉપાય નથી. અને કોઈ ગ્રંથમાં લખી રાખ્યો હોય તેણે કરીને પણ તે નથી પમાતો. વળી, કોઈક પાસેથી સાંભળીને તેવી ને તેવી વાત કહેવા જાય તો તે કહેતા પણ આવડે નહિ. ૫૦-૫૧. માટે જેને એકાંતિક ધર્મમાં સ્થિતિ થઈ હોય તેવા પુરુષ થકી જ તે એકાંતિક ધર્મ પમાય છે. ૫૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સાઠમું વચનામૃત કહ્યું" એ નામે એકસઠમો તરંગ સમાપ્ત ॥૬૧॥



પૂર એકવીશમું : તરંગ - ૬૨

ગઢડા પ્રથમ પ્રકરણનું એકસઠમું વચનામૃત

✵ અંતકાળે ભગવાનના આશરાની અનિવાર્યતા :

ફાગણ વદી ત્રીજને દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષ નીચે ઓટા ઉપર રહેલા પલંગ પર વિરાજમાન હતા. શ્રીહરિએ હીરકોરી શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી, શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત ખેસ પહેર્યો હતો. ૧-૩. અને કંઠમાં શ્વેત પુષ્પના હાર ધારણ કર્યા હતા તથા શ્વેત પુષ્પના તોરા પાઘમાં ડાબી બાજુ ચિત્તને ચોરે તે રીતે લટકી રહ્યા હતા. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદસ્વામીના મનમાં જે પ્રશ્ન ઉપજ્યો તે શ્રીહરિને પૂછ્યો જે, ૪-૬. "કામ, ક્રોધ, લોભ અને ભયના યોગે કરીને પણ જેની ધીરજ ડગે નહિ તેનો શો ઉપાય છે ? તે જેમ હોય તેમ યથાર્થ કહો." ૭. પછી શ્રીજીમહારાજ મુક્તાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, **"હું દેહ નથી, પણ દેહથી ભિન્ન અને સહુનો જાણનારો એવો પરમ અનુપમ આત્મસ્વરૂપ છું. જ્યારે આવી રીતની આત્મનિષ્ઠા અતિ સુદૃઢ થાય ત્યારે કોઈ રીતે કરીને તેની ધીરજ ડગે નહિ. અને તેવી આત્મનિષ્ઠા વિના બીજા અનેક ઉપાય કરે તોપણ ધીરજ રહેતી નથી."** ૮-૧૦.

પછી બ્રહ્માનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું, "તે આત્મનિષ્ઠા અંતસમયે કેટલી સહાય કરે છે ?" ૧૧. ત્યારે શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા જે, "જેમ નદીને તરવી હોય ત્યારે જેને તરતાં આવડતું હોય તે હિંમતથી તેને તરી જાય છે, પણ જેને તરતાં ન આવડતું હોય અર્થાત્ જે તરતાં ન શીખ્યો હોય તે તો ત્યાં જ ઊભો થઈ રહે છે. ૧૨-૧૩. અને જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તરતાં આવડતું હોય કે ન આવડતું હોય, તે બંનેને વહાણનું કામ પડે છે. વહાણ સિવાય કોઈ જઈ શકતું નથી. ૧૪. તે જ રીતે ટાઢ-તડકો, ભૂખ-તરસ, માન-અપમાન અને સુખ-દુઃખ તે રૂપી અતિ સારી કે

અતિ ખરાબ નદી છે. ૧૫. તેને જે આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય છે. પરંતુ મૃત્યુ સમય તો મહાસાગર જેવો છે, માટે ત્યાં આત્મનિષ્ઠાવાળો હોય કે આત્મનિષ્ઠા વગરનો હોય, તે બંનેને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું અવશ્ય કામ પડે છે. તેમાં રતીભાર પણ ખોટું નથી. તેથી અંતકાળે તો ભગવાનનો જે દૃઢ આશરો હોય એ જ કામમાં આવે છે. **અંત સમયમાં તો આત્મનિષ્ઠા કાંઈ કામ આવતી નથી. એટલા માટે ભગવાનની ઉપાસના દૃઢ કરી રાખવી. અંત સમયે બીજાં બધાં સાધનોનું બળ છોડી દેવું."**

પછી ફરી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો જે, ૧૬-૨૦. "ભગવાનનો જે ભક્ત હોય તેને ભગવાનને માર્ગે ચાલતા તે ભક્તની પરીક્ષા કરવા માટે સિદ્ધિઓ આડી આવે છે તેવું સાંભળ્યું છે. ૨૧. તે જેને ભગવાનના નિશ્ચયમાં ડગમગાટ હોય તેને જ આવે છે કે નિશ્ચયવાળાને પણ આવે છે ? તે વાત જેમ હોય તેમ આપ કહો. આ બાબતમાં અમે કાંઈ જાણતા નથી." પછી સર્વ રીતે તે બાબતને જાણનારા શ્રીહરિ બોલ્યા, ૨૨-૨૩. "જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય હોય તેને જ સિદ્ધિઓ આડી આવે છે. બીજાને તો સિદ્ધિઓ ઘણી દુર્લભ છે. ૨૪. તે સિદ્ધિઓને પણ પોતાના ભક્તની પરીક્ષા લેવા માટે ભગવાન પોતે જ પ્રેરે છે. ભગવાન ભક્તનું હેત તપાસે છે કે, 'આ ભક્તને મારા ઉપર વધારે હેત છે કે સિદ્ધિઓ ઉપર વધું હેત છે ?' આ રીતે ભગવાન જુએ છે. ૨૫-૨૬. પોતાના ભક્તની પરીક્ષા કરીને ભગવાન ચકાસે છે કે, 'ભક્ત કેટલો પક્વ છે કે અપક્વ છે ?' પછી તેનું પ્રમાણ કરે છે. ૨૭. પછી તે જો ભગવાનનો પાકો ભક્ત હોય તો તે ભગવાન સિવાય બીજું કાંઈ ઇચ્છે નહીં. ૨૮.

* દુઃખમાં ધીરજ રાખે તો ભગવાન વશ થાય છે :

અને આવો જે નિર્વાસનિક એકાંતિક ભક્ત હોય, તો ભગવાન પોતે તે ભક્તને વશ થઈ જાય છે. ૨૯. જેમ વામન ભગવાને બલિરાજાનું ત્રિલોકીનું રાજ્ય લઈ લીધું અને ચૌદ લોકનાં બે પગલાં થાય તેવું શરીર ધારણ કર્યું. ૩૦. પછી ત્રીજાં પગલાં માટે બલિરાજાએ પોતાનું શરીર

આપ્યું. આ રીતે તેણે શ્રદ્ધાએ સહિત ભગવાનને પોતાનું સર્વસ્વ આપ્યું, છતાં પણ ભગવાને તેને વગર વાંકે બાંધ્યો. તોપણ તે બલિરાજા ભક્તિથી ન પડ્યા અને તેનું મન ભાવયુક્ત જ રહ્યું. ૩૧-૩૨. ત્યારે તેની એવી અનન્ય ભક્તિને જોઈને ભગવાન પોતે બલિરાજાના બંધનમાં આવ્યા, તે આજ સુધી દૂર જતા નથી. ૩૩. ભગવાને તો બલિરાજાને એક ક્ષણવાર જ બાંધ્યો હતો, પણ ભગવાન તો બલિરાજાની ભક્તિરૂપી દોરીથી એવા બંધાયા છે કે, ફરીથી છૂટવાને માટે સમર્થ થયા નથી. તે આજ દિવસ સુધી બલિરાજાને દરવાજે જ અખંડ ઊભા છે. ભગવાન આવા દયાળુ છે. ૩૪-૩૫. ભગવાન બલિરાજાની દૃષ્ટિમાંથી એક પળવાર પણ દૂર થતા નથી, આ રીતે પોતાને ભક્તિવશ જણાવ્યા છે. ૩૬.

दोहा : एसि जो रीत आपन पन, दुजी सब वासना जेह;
दूर करिके भगवानकु, सर्वस्व अरपन तेह...३७
करिके भगवान तिनके, दास होय के जेहु;
होना मन कर्म हि करीके, एम करते हि तेहु...३८

सोरठा : आप हि कु भगवान, अधिक दुःख देवहि जोउ;
अंतर के हे जान, आपने वश होवहि यह...३९

આ રીતે આપણે પણ બીજી બધી વાસનાઓને દૂર કરીને, એક ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના તન-મનથી દાસ થઈને રહેશું, અને એમ કરવા છતાં પણ જો ભગવાન આપણને વધારે દુઃખ દેશે તો તેઓ અંતરનું જાણનારા છે એટલે આપણને વશ થઈ જશે. ૩૭-૩૯. શા માટે જે, ભગવાન તો પોતે ભક્તવત્સલ અને કૃપાસિંધુ છે. તેથી જેની પોતાને વિશે અતિ દૃઢ ભક્તિ દેખે છે તેને પોતે આધીન થઈ જાય છે. પછી પ્રેમભક્તિએ યુક્ત તે ભક્તનું મન દેખાય ત્યારે તે મનરૂપી દોરીએ કરીને તેના બંધનમાં આવી જાય છે. પછી ક્યારેય છૂટવાને માટે સમર્થ રહેતા નથી. ૪૦-૪૧. **માટે ભગવાન મને જેમ જેમ કસણીમાં રાખશે તેમ તેમ મને અધિક વશ થઈ જશે અને મારાથી એક પળમાત્ર પણ છેટે રહેશે નહિ, એમ જાણીને મનમાં**

પોતાના ધન્યભાગ્ય માનીને વધુ રાજી થાવું. ૪૨. પણ કોઈ રીતે દિલમાં દુઃખ દેખીને અથવા દેહનાં સુખ સારુ ક્યારેય પાછો પગ ભરવો નહિ. ૪૩.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું એકસઠમું વચનામૃત કહ્યું" એ નામે બાસઠમો તરંગ સમાપ્ત ॥૬૨॥



પૂર એકવીશમું : તરંગ - ૬૩

ગઢડા પ્રથમ પ્રકરણનું બાસઠમું વચનામૃત

※ નિશ્ચય હોય તેમાં ભગવાનના ગુણ આવે છે :

ફાગણ વદી ચોથને દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ચોકની વચ્ચે પલંગ ઉપર વિરાજમાન હતા. અને શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત પાઘ બાંધી હતી. ૧-૨. પાઘની ઉપર શ્વેત ફૂલના હાર હતા, શ્વેત પુષ્પના તોરા વિરાજમાન હતા અને મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૩-૪.

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, શ્રીમદ્‌ભાગવતમાં (સ્કંધ-૧,અ.૧૬માં) કહ્યું છે કે,

सत्यं शौचं दया क्षान्तिस्त्यागः सन्तोष आर्जवम्।
शमो दमस्तपः साम्यं तितिक्षोपरतिः श्रुतम्॥२६॥
ज्ञानं विरक्तिरैश्वर्यं शौर्यं तेजो बलं स्मृतिः।
स्वातंत्र्यं कौशलं कान्तिर्धैर्यं मार्दवमेव च॥२७॥
प्रागल्भ्यं प्रश्रयः शीलं सह ओजो बलं भगः।
गाम्भीर्यं स्थैर्यमास्तिक्यं कीर्तिर्मानोऽनहङ्कृतिः॥२८॥

સત્ય, શૌચ, દયા, શાંતિ ઈત્યાદિક જે ઓગણચાળીશ કલ્યાણકારી ગુણો છે તે ભગવાનના સ્વરૂપમાં નિરંતર રહ્યા છે. ૫-૬. એ ઓગણચાલીશ ગુણ સંતમાં કઈ રીતે આવે ? તે આપ પ્રેમથી કહો." પછી શ્રીજીમહારાજ

મુનિ પ્રત્યે બોલ્યા, ૭. "તે ગુણ સંતમાં આવવાનું કારણ હું કહું છું. જેને ભગવાનના સ્વરૂપનો જ્યારે યથાર્થ નિશ્ચય થાય ત્યારે તે સંતમાં ભગવાનના જેટલા કલ્યાણકારી ગુણ છે તે બધા આવે છે. તે નિશ્ચય કેવો હોય ? તે હવે અમે કહીએ છીએ. ૮-૯. જે ભગવાનને ક્યારેય કાળ જેવા ન જાણે, કર્મ જેવા ક્યારેય ન જાણે, સ્વભાવ જેવા ક્યારેય ન માને, માયા જેવા ન માને, પુરુષ જેવા ન જાણે, આ જેટલા કહ્યા તે સર્વ થકી ભગવાનને જુદા-વિલક્ષણ જાણે. ૧૦-૧૧. તથા એ સર્વેના નિયંતા જાણે, સર્વના કર્તા જાણે અને કર્તા થકા પણ નિર્લેપ જ છે, એમ તે સંત ભગવાનને યથાર્થ જાણે. ૧૨.

એવી રીતે પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય કર્યો હોય તો તેનું ચિત્ત ક્યારેય કોઈ રીતે ડગે નહિ. ૧૩. તે ગમે તેવા ભિન્ન ભિન્ન પ્રકારના ગ્રંથો સાંભળે અને ચાહે તેવા મતવાદીની વાત સાંભળે, ૧૪. વળી, પોતાનું અંતઃકરણ ગમે તેવા કુતર્ક કરે, તોપણ ક્યારેય તેને ભગવાનના સ્વરૂપમાં ડગમગાટ થાય નહિ. એવી રીતનો જેને ભગવાનના સ્વરૂપનો અનુપમ નિશ્ચય હોય, તેવા સંતને ભગવાન સંગાથે સંબંધ થયો કહેવાય. માટે જેને જેની સાથે સંબંધ થયો હોય તેમાં તેના ગુણ સહેજે આવે છે.

જેમ આપણા નેત્રને જ્યારે દીવાની સાથે સંબંધ થાય છે, ત્યારે તે દીવાનો પ્રકાશ નેત્રમાં આવે છે. તેણે કરીને નેત્રની આગળ જેટલો અંધકાર રહ્યો હોય તેનો નાશ થઈ જાય છે તે સહુને પ્રત્યક્ષ દેખાય છે, તેમ જેને ભગવાનના સ્વરૂપના દૃઢ નિશ્ચયે કરીને ભગવાન સાથે સંબંધ થયો હોય તેને વિષે ભગવાનના જે કાંઈ કલ્યાણકારી ગુણો છે તે સર્વે આવે છે. ૧૫-૨૧. પછી ભગવાન જેમ સર્વ પ્રકારે નિર્બંધ છે અને જેમ ચાહે તેમ કરવા સમર્થ છે અને પોતે અજિત છે, તે રીતે જ એ સંત પણ ભગવાનનો પ્રતાપ, સંબંધ અને નિશ્ચયે કરીને અતિશય સમર્થ થાય છે. અને એવા નિર્બંધ થઈ જાય છે કે તે વર્ણવી શકાતું નથી. ૨૨-૨૩.

❋ ભક્તનો દ્રોહ ભગવાનના દ્રોહ સમાન છે :

પછી જે નિર્વિકારાનંદસ્વામી હતા તેમને એક સ્થિતિ રહેતી ન હતી, તેથી તેમણે શ્રીહરિને પૂછ્યું કે, "જેને ભગવાનનો નિશ્ચય તો હોય,

તોપણ તેમાં રૂડા કલ્યાણકારી ગુણ આવતા નથી અને દિવસે દિવસે માન તથા ઈર્ષ્યા વધતા જાય છે, તેનું શું કારણ હશે ? તે મને સમજાતું નથી. પણ તે બાબત આપ જાણો છો માટે મને કહો.” ૨૪-૨૬. પછી શ્રીહરિ મુનિ પ્રત્યે બોલ્યા જે, “ભગવાનની પાસે અમૃત લાવીએ તથા શિંગડિયો વછનાગ(ઝેરી ઔષધ) લાવીએ, દૂધપાક, સાકર અને અફીણ લાવીએ અને તે સર્વેને પ્રેમથી ભગવાનના થાળમાં ધરાવીએ તોપણ જેનો જેવો ગુણ હોય તે ક્યારેય પલટાઈ જાતો નથી. તેમ જે જીવ આસુરી હોય અને અતિશય કુપાત્ર હોય, તે જો ભગવાનની સમીપે રહે તોપણ તે પોતાના સ્વભાવનો ક્યારેય ત્યાગ કરતો નથી. ૨૭-૩૦. પછી તે કોઈક ગરીબ હરિભક્તનો દ્રોહ કરે, તેણે કરીને તેનું ભૂંડું થઈ જાય છે; પણ તે તેને દેખાતું નથી. ૩૧.

चोपाई :

भगवान अरु भगवान के संता, तेहि सम अधिक कोउ न रहंता;
मनुष्य जेसे देखावे जेहू, द्रोह के पाप हि रहे तेहू...३२
भगवान सबके अंतर्यामी, रूपे करिके रहे बहुनामी;
आपकी इच्छा आत तिहाँ जेती, सामर्थी जनावत हे तेती...३३
माटे भक्त के करी अपमाना, भगवान के अपमान रहाना;
तब तेही अपमान ताके, करनारे के अतिशय वाके...३४

વળી, ભગવાન તથા ભગવાનના સંતની સમાન કે અધિક કોઈ નથી. તે મનુષ્ય જેવા દેખાતા હોય, છતાં તેના દ્રોહનું પાપ બહુ લાગે છે. શા માટે જે, બહુનામી એવા ભગવાન સહુમાં અંતર્યામીરૂપે કરીને રહ્યા છે. અને તે પોતાની ઈચ્છામાં આવે ત્યાં તેટલું સામર્થ્ય જણાવે છે. ૩૨-૩૩. માટે તે ભક્તના અપમાને કરીને ભગવાનનું અપમાન થાય છે, તેથી તે અપમાનના કરનારાનું અતિશય ભૂંડું થઈ જાય છે. તેનું જે ભૂંડું થયું હોય તે બીજાને દેખાય છે. જેમ હિરણ્યકશિપુ હતો, તેણે બધી ત્રિલોકીને વશ કરી રાખી હતી. ૩૪-૩૫. આવો તે ભારે બળવાન હતો, છતાં પણ જ્યારે તેણે પ્રહ્લાદજીનો દ્રોહ કર્યો ત્યારે ભગવાન સ્તંભમાંથી નૃસિંહરૂપે તત્કાળ પ્રગટ થયા. અને પળમાં જ તે હિરણ્યકશિપુનો નાશ કરી દીધો. આવો

વિચાર કરીને ભગવાનના ભક્ત હોય તેણે અતિશય ગરીબપણું પકડવું, પણ કોઈનું લગાર પણ અપમાન ક્યારેય કરવું નહિ. કારણ કે ભગવાન તો ગરીબના અંતરને વિષે પણ ચોક્કસ વિરાજમાન રહ્યા છે, તે ગરીબનું અપમાન કરનારાનું ભૂંડું કરે છે.

આવું જાણીને **કોઈ અલ્પ જીવને પણ દુભવવો નહિ. જો કોઈ પણ વાતના ગર્વે કરીને જેને તેને દુભવતો ફરતો હોય, તો તેને કુજાત-કુપાત્ર જાણવો. ગર્વગંજન એવા ભગવાન પોતે અંતર્યામીરૂપે કરીને સહુમાં અમાપપણે વ્યાપીને રહ્યા છે.** ૩૬-૪૧. તે ભગવાન તેના ગર્વને ખમી શકતા નથી. પછી ગમે તેના દ્વારા પ્રગટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનનો તત્કાળ સારી પેઠે નાશ કરી દે છે. એટલા માટે મનમાં ભગવાનનો ડર રાખવો. ૪૨. **માટે જે સાધુ હોય તેણે તો ક્યારેય લેશમાત્ર પણ અભિમાન રાખવું નહિ તો જ તે ખરા સંત કહેવાય છે. ૪૩. એક કીડી જેવા જીવને પણ ક્યારેય દુભવવો નહિ, તે નિર્માની સાધુનો ચોક્કસ ધર્મ રહ્યો છે."** ૪૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાસઠમું વચનામૃત કહ્યું" એ નામે ત્રેસઠમો તરંગ સમાપ્ત ॥૬૩॥



પૂર એકવીશમું : તરંગ - ૬૪

ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેસઠમું વચનામૃત

❋ નિશ્ચયનું તથા તત્ત્વે કરીને ભગવાનને જાણ્યાનું :

ફાગણ વદી સાતમને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન થયા હતા. શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને શ્વેત હીરકોરની પાઘ મસ્તકે બાંધી હતી. ૧-૩. કંઠમાં શ્વેત પુષ્પના હાર વિરાજતા હતા, ગુલાબના પુષ્પના સુંદર તોરા પાઘ ઉપર હતા. ૪. પોતાના મુખારવિંદની આગળ સર્વ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૫.

પછી નૃસિંહાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો કે, "જેને ભગવાનના નિશ્ચયમાં કસર હોય તેને કેવા સંકલ્પ થાય ? તે જેવા થતા હોય તેવા કહો." પછી મુનિજનો પ્રત્યે શ્રીહરિ બોલ્યા કે, ૬-૭. "જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થ્ય દેખાય ત્યારે અત્યંત આનંદ થાય. ૮. અને જ્યારે સામર્થ્ય ન દેખાય ત્યારે તેનું અંતર ઝાંખું થઈ જાય અને મનમાં કાંઈ આનંદ રહે નહિ. ૯.

વળી, પોતાના હૃદયમાં અપાર ભૂંડા સંકલ્પ થતા હોય અને તેને ટાળવા મહેનત કરે તોપણ ટળે નહિ, ત્યારે તે ભગવાનમાં આવા અવગુણ પરઠે કે, 'આટલા દિવસ સુધી સત્સંગ કરી કરીને હું મરી ગયો, તોય ભગવાન અતિશય સમર્થ હોવા છતાં મારાં ભૂંડા ઘાટને ક્યારેય ટાળતા નથી.' આ રીતે ભગવાનમાં પણ દોષ પરઠવા લાગે. ૧૦-૧૨. અને જે સ્ત્રી આદિક પદાર્થમાં પોતાને અતિશય હેત હોય, પછી તે પદાર્થમાંથી પોતાનું મન કોઈ રીતે પાછું ન વળે ત્યારે તેવો ને તેવો દોષ ભગવાનમાં પણ કલ્પે જે, 'મારે વિષે જેમ કામાદિક દોષ રહ્યા છે તેમ ભગવાનમાં પણ તે દોષ રહ્યા છે, પણ એ ભગવાન છે તે મોટા કહેવાય છે.' ૧૩-૧૫. આવી રીતના જેના અંતરમાં ઘાટ થતા હોય તેના નિશ્ચયમાં કસર છે. ૧૬. એવા ભક્તનો જે નિશ્ચય તે પરિપક્વ કહેવાય નહિ."

❋ પરિપક્વ નિશ્ચયવાળાનાં લક્ષણ :

પછી પરમચૈતન્યાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું જે, "હે મહારાજ ! જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય થયો હોય તેના મનમાં કેવી રીતના ઘાટ થાય ? તે રીત કહો." ૧૭-૧૮. પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા કે, "જેને ભગવાનનો પરિપક્વ નિશ્ચય થયો હોય તેના મનમાં આઠે પહોર એવા વિચાર રહે જે, 'મારે તો સર્વ પ્રાપ્તિ થઈ ચૂકી છે. **જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે તે જ સ્થળે પરમધામ છે.** ૧૯-૨૦. અને આ જે સંતો છે તે બધા નારદ-સનકાદિક જેવા છે. અને જેટલા સત્સંગી છે તે બધા ઉદ્ધવ, અક્રૂર, વિદૂર, સુદામા અને વૃંદાવનના ગોવાળો સમાન છે. અને જેટલી હરિભક્ત બાઈઓ છે તે બધીને ગોપીઓ જેવી સમજે તથા દ્રૌપદી,

કુંતાજી, સીતા, રુક્મિણી, લક્ષ્મીજી અને પાર્વતીજી જેવી સમજે.' ૨૧-૨૩. અને એમ બોલે જે, 'હવે મારે કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. ગોલોક, વૈકુંઠ અને બ્રહ્મપુરધામને હું જરૂર પામી રહ્યો છું.' ૨૪. આવી રીતના ઘાટ તેને રાત-દિવસ થતા રહે અને તેના હૃદયમાં અતિ આનંદ વર્તે. ૨૫. આવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેનો પરિપક્વ નિશ્ચય જાણવો."

એમ કહીને પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "તત્ત્વે કરીને ભગવાનના સ્વરૂપને જાણે, તેનું કાર્ય સુધરી જાય છે. ૨૬-૨૭. અને તે રીતે જાણ્યા પછી તેને કાંઈ જાણવાનું બાકી રહેતું નથી. હવે તત્ત્વે કરીને ભગવાનના સ્વરૂપને જાણવાની જે રીત છે તે કહીએ છીએ. ૨૮. તે તમે સહુ સાંભળો. જે સાંભળવાથી ભગવાનના સ્વરૂપનો અડગ નિશ્ચય થાય છે. પછી તે નિશ્ચય કોઈનો ડગાવ્યો ડગતો નથી. ૨૯. પ્રથમ તો એને ભગવાનની મોટાઈ જાણવી જોઈએ. જેમ કોઈ મોટો રાજા હોય, તેના ગોલા અને ગોલીઓને પણ સાત માળની હવેલીઓ રહેવાની હોય, અને બાગ, બગીચા, હાથી, ઘોડા, મ્યાના, રથ અને ઘરેણાં, એ આદિક સામગ્રીઓએ કરીને તેના ભવન દેવલોક સમાન દેખવામાં આવે. જો તે નોકર-ચાકરના ઘરની શોભાનો કોઈ પાર ન હોય તો, તે મોટા રાજાના દરબારની મોટાઈનો પાર તો કોણ પામે ? તથા તેમાં રહેલી જે અપરંપાર સાધન સામગ્રીઓ, તેના પારને કોણ પામે ? ૩૦-૩૩.

તે તો અતિશય શોભાયમાન હોય, તેમાં શું આશ્ચર્ય કહેવાય ? તેમ જ શ્રીપુરુષોત્તમ ભગવાનની આજ્ઞામાં રહેતા એવા બ્રહ્માંડના અધિપતિ જે બ્રહ્માદિક દેવો, તેના લોક અને તે લોકમાં રહેલા વૈભવનો જ પાર આવતો નથી, તો જેના નાભિકમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા એવા જે વિરાટપુરુષ છે, તેના વૈભવનો તો પાર ક્યાંથી આવે ? એવા અનંત કોટિ વિરાટપુરુષો નિશ્ચિતરૂપમાં ભગવાન પુરુષોત્તમનારાયણના ધામરૂપ અક્ષરને વિષે સુખે કરીને રહ્યા છે. ૩૪-૩૮. એવા અનંત કોટિ બ્રહ્માંડો જેના એક એક રોમમાં અણુની જેમ ઊડતા ફરતા રહે છે, એવું ભગવાનનું અક્ષરધામ છે. અને તે ધામને વિષે પોતે ભગવાન પુરુષોત્તમ દિવ્યરૂપે કરીને સદાય વિરાજમાન રહ્યા છે. અને તે ધામમાં અપાર દિવ્ય સામગ્રીઓ રહી છે. ૩૯-૪૧.

આવા જે ભગવાન, તેની મોટપના પારને તો કેમ પમાય ? એવી રીતે ભગવાનની મોટપને સમજે. ૪૨.

વળી, જેનાથી જે મોટો હોય તેનાથી તે સૂક્ષ્મ પણ હોય અને તે તેનું કારણ પણ કહેવાય; એવી કારણમાં મોટપ રહી છે. ૪૩. જેમ પૃથ્વી થકી જળ દસગણું અધિક છે અને તે પૃથ્વીનું કારણ છે અને તેનાથી સૂક્ષ્મ પણ છે. ૪૪. અને જળ થકી તેજ દસગણું અધિક છે અને જળનું તે કારણ છે અને તેનાં કરતાં તે સૂક્ષ્મ પણ છે તેમ સમજો. ૪૫. તેજ કરતાં વાયુ દસગણો અધિક છે અને તે તેજનું કારણ છે અને તેજ કરતાં તે સૂક્ષ્મ પણ છે. ૪૬. વાયુ કરતાં આકાશ દસગણો અધિક છે અને તે વાયુનું કારણ છે અને તેનાથી સૂક્ષ્મ પણ છે. ૪૭. એ રીતે અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષર, તે બધા એક એકથી (મોટા છે), એક એકથી સૂક્ષ્મ છે, ને તેના તેના કારણ પણ છે અને તે બધા મૂર્તિમાન છે. પણ ભગવાનનું જે અક્ષરધામ છે તે તો અતિશય મોટું છે, જેના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો અણુની જેમ ઊડતાં જ ફરે છે. ૪૮-૫૦. જેમ કોઈ મોટો હાથી હોય, તેના શરીર ઉપર કીડી ચાલી જતી હોય તો તે હાથીને તેની ગણતી શું હોય ? ૫૧. **તેમ એ અક્ષરની મોટાઈ આગળ બીજા સર્વે કોઈ કાંઈ ગણતરીમાં આવતા નથી. તેવું તે અક્ષર સહુથી અધિક છે. ૫૨.**

જેમ ઝીણાં મચ્છર હોય તેને મધ્યે કીડી મોટી દેખાય છે. અને કીડીઓને મધ્યે વીંછી મોટો દેખાય છે. અને વીંછીને મધ્યે સાપ મોટો દેખાય છે. અને સાપને મધ્યે સમળી મોટી દેખવામાં આવે. અને સમળીને મધ્યે પાડો મોટો દેખાય. અને પાડાને મધ્યે હાથી હોય તે મોટો દેખાય. અને હાથીને મધ્યે ગીરનાર જેવો પર્વત ભારે મોટો દેખાય. અને તેને મધ્યે મેરુ અપાર મોટો દેખાય. ૫૩-૫૬. અને મેરુને મધ્યે લોકાલોક પર્વત અતિશય મોટો દેખાય છે. અને લોકાલોક પર્વત કરતાં પણ પૃથ્વી અત્યંત મોટી છે. અને તે પૃથ્વીનું કારણ જે જળ છે તે, તે પૃથ્વી કરતાં મોટું અને સૂક્ષ્મ છે. એવી રીતે જ તે જળનું કારણ તેજ છે. ૫૭-૫૮. તેજનું કારણ વાયુને જાણવો અને વાયુનું કારણ આકાશને જાણવો. તે આકાશનું કારણ અહંકાર છે અને અહંકારનું

કારણ નક્કી મહત્તત્ત્વ છે. ૫૯. મહત્તત્ત્વનું કારણ પ્રધાન અને પુરુષ છે. તે પ્રધાનપુરુષનું કારણ મૂળપ્રકૃતિ અને બ્રહ્મ એટલે કે, મૂળપુરુષ છે. ૬૦. **તે સહુનું કારણ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે. ૬૧.** અને એ અક્ષરની સંકોચ અને વિકાસ અવસ્થા થતી નથી, તે તો સદાય એકરૂપે રહે છે. ૬૨. આવું જે અક્ષર કહ્યું તે મૂર્તિમાન છે, પણ અતિશય મોટું હોવાથી કોઈની નજરમાં તેનું રૂપ આવતું નથી.

જેમ ચોવીશ તત્ત્વોનું કાર્ય જે બ્રહ્માંડ તે પુરુષાવતાર એવે નામે કહેવાય છે. તે વિરાટ પુરુષ કરચરણાદિકથી યુક્ત છે, પણ તેની મૂર્તિ અતિ મોટી છે. તેણે કરીને તે કોઈની નજરમાં આવતી નથી. અને તેની નાભિમાંથી થયું જે કમળ તેના નાળમાં બ્રહ્મા સો વર્ષ સુધી ચાલ્યા, પણ તેનો અંત ન આવ્યો. અને જો તે કમળનો અંત ન આવ્યો તો તે વિરાટપુરષનો પાર કેમ આવે ? ૬૩-૬૭. માટે તે વિરાટનું રૂપ નજરમાં આવે નહીં એવું અનુપમ છે.

તે રીતે જ અક્ષરધામ પણ મૂર્તિમાન છે, ૬૮. પણ કોઈની નજરમાં આવતું નથી. એવું તે સહુથી મોટું અને સૂક્ષ્મ છે. શા માટે જે, આવા ને આવા બ્રહ્માંડો તેનાં એક એક રોમમાં અસંખ્યાત ઊડતા જ ફરે છે. તેનો પાર કોણ પામે ? એવું મોટું જે અક્ષરધામ, તેને વિશે પુરુષોત્તમ ભગવાન મહારાજાધિરાજ પોતે સદાય વિરાજમાન છે. અને તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને અનંત અપાર એવું અક્ષરધામ, અનંત કોટિ બ્રહ્માંડો અને તે અનંત બ્રહ્માંડના જેટલા ઈશ્વરો છે, તે સહુમાં અન્વયપણે કરીને અવિનાશી ભગવાન રહ્યા છે. અને તે અક્ષરધામમાં પોતાના દાસ થઈને પોતાના સાધર્મ્યપણાને પામેલા એવા જે, અનંત કોટિ મુક્તો છે તે એ ભગવાનની સેવા કરતા રહે છે. ૬૯-૭૪.

सोरठा : अरु भगवान ताके, सेवक के एक एक हि;
रोम हि प्रति वाके, कोटि कोटि सूर्य सम यह...७५
प्रकाश हि रहायेउ, जिनके सेवक रहे अस;
ताके स्वामी हि तेउ, पुरुषोत्तम भगवान के...७६

અને તે ભગવાનના સેવક-મુક્તના એક એક રોમ પ્રત્યે કરોડો કરોડ સૂર્ય સમાન પ્રકાશ રહ્યો છે. જેના સેવક આવા છે તો તેના સ્વામી જે ભગવાન પુરુષોત્તમ તેમનો મહિમા તો કેમ કહી શકાય ? તેમનો આવો અપાર પ્રતાપ છે. એવા અતિશય સમર્થ તથા પરમ અનુપમ એવા જે ભગવાન તે પોતે અક્ષરમાં પ્રવેશ કરીને અક્ષરરૂપે થાય છે. અને પછી મૂળપ્રકૃતિ અને મૂળપુરુષરૂપે થાય છે. ૭૫-૭૮. અને તે પછી પ્રધાનપુરુષનું રૂપ ધારણ કરે છે. પછી પ્રધાનમાંથી થયેલા જે ચોવીશ તત્ત્વ, તેમાં પ્રવેશ કરીને હરખથી તે રૂપે થાય છે. પછી તે તત્ત્વે કરીને સર્જાયેલા જે વિરાટપુરુષ, તેને વિષે પ્રવેશ કરીને નિશ્ચિત તે રૂપે થાય છે. પછી બ્રહ્મા, વિષ્ણુ અને શિવમાં પ્રવેશ કરીને ભગવાન પોતે તે તે રૂપે થાય છે.

એવી રીતે અતિશય સમર્થ, અતિશય પ્રકાશેયુક્ત અને અતિ મોટા એવા જે પરમ સુજાણ ભગવાન તે પોતાનું આવું ઐશ્વર્ય અને તેજને પોતામાં સમાવીને જીવોનાં કલ્યાણ કરવા માટે મનુષ્યના જેવા થાય છે. તે તેમની પરમ કૃપા કહેવાય. કેમ જે, જે રીતે મનુષ્યો દર્શન કરી શકે, સેવા-પૂજાદિક કરી શકે, એવા રૂપને ધારણ કરે છે. અને અપાર મનુષ્યોના અજ્ઞાનને હરે છે. જેમ કીડીના પગમાં અતિ સૂક્ષ્મ કાંટો વાગ્યો હોય તો તે કાંટો બરછી કે નરેણીથી કાઢી શકાય નહિ, પણ તે તો રુંવાડા કરતાય ઝીણાં લોઢાથી તે કાંટો નીકળે. ૭૯-૮૬. તે રીતે ભગવાન પણ પોતાની મોટાઈને પોતામાં સમાવી લઈને અતિ અલ્પરૂપ વારંવાર ધારણ કરે છે. અને જ્યારે અતિશય અધર્મ વધી જાય ત્યારે ભક્તની સહાય કરવા માટે તેઓ પ્રગટ થાય છે. ૮૭-૮૮.

જ્યાં જેવું કામ હોય ત્યાં તેવા રૂપને ધારે છે. આ રીતે સુખધામ એવા ભગવાન ભક્તજનોના કષ્ટને હરે છે. ૮૯. જે કોઈ ભગવાનથી વિમુખ હોય તે અજ્ઞાનરૂપી અંધારાથી આવૃત્ત રહે છે. તેઓ સત્સંગનો ખપ નહીં હોવાથી ભગવાનને સમજી-સ્વીકારી શકતા નથી. ૯૦. જેમ અગ્નિ પોતાનો જેટલો કાંઈ પ્રકાશ અને જ્વાળાઓ હોય તેને પોતામાં સમાવી દઈને મનુષ્યના જેવો થાય છે. ૯૧. તેમ ભગવાન પણ પોતાના બધા સામર્થ્યને છુપાવીને જીવોનાં કલ્યાણ માટે કેટલીયે વાર મનુષ્યની પેઠે વર્તે છે. ૯૨.

અને જે મૂર્ખ તથા અજ્ઞાની હોય તે એમ કહે છે કે, 'ભગવાન પોતાનું કાંઈ સામર્થ્ય કેમ પ્રગટ કરતા નથી ?' ૯૩. પણ ભગવાન તો મૂળગી જીવોના હિતને માટે પોતાની જેટલી સામર્થી છે તે સર્વે છુપાવીને વર્તે છે. ૯૪. અને જો ભગવાન પોતાની જે કાંઈ મોટપ છે, તે તમામ પ્રગટ કરે તો તો બ્રહ્માંડ પણ નજરમાં ન આવે, તો પછી જીવની ગણતી શું કહેવાય ? ૯૫. આવી રીતે **મહિમાએ સહિત ભગવાનનો નિશ્ચય જેનાં હૃદયમાં દૃઢપણે થયો હોય તેને તે જ્ઞાનના પ્રતાપે કરીને કાળ, કર્મ અને માયા કોઈ જ બંધન કરવા સમર્થ થાય નહિ. ૯૬-૯૭.** આવી રીતે તત્ત્વે કરીને ભગવાનને જ્યારે ચોક્કસ જાણે ત્યારે તેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી. આવું તત્ત્વે કરીને ભગવાનને સમજવાનું જ્ઞાન કહેવાય છે." ૯૮.

પછી નિત્યાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પૂછ્યું કે, "આપે જેમ કહ્યું એ રીતે અનુક્રમે કરીને ભગવાન મનુષ્યાકૃતિને ધારણ કરે છે કે, અનુક્રમ વિના પણ મનુષ્યાકૃતિને ધારણ કરે છે ? તે વાત હે સુખદાયક શ્રીહરિ ! આપ કહો." ૯૯-૧૦૦. પછી શ્રીહરિનાં અમૃત જેવા વચનોનું પાન કરનાર સંતસમૂહ સામે બેઠો હતો, ત્યારે શ્રીજીમહારાજ નિત્યાનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "ભગવાન પોતે તો સત્યસંકલ્પ છે, માટે તેમાં અનુક્રમનો કાંઈ નિયમ નથી. તે દૃષ્ટાંતે કરીને કહીએ છીએ. ૧૦૧-૧૦૨.

જેમ કોઈ પુરુષ તળાવના પાણીમાં ડૂબકી મારે ત્યારે તે ડૂબકી માર્યા પછી તેના મનમાં આવે ત્યાં નીકળે. ૧૦૩. તે ઈચ્છે તો ત્યાંનો ત્યાં જ નીકળે અથવા કાંઠે નીકળે અથવા ક્યાંય આસપાસમાં નીકળે, તે જેવી ખુશી હોય તેમ કરે. ૧૦૪. તેમ પુરુષોત્તમ ભગવાન અક્ષરધામમાં રહ્યા છે. તે અક્ષરધામને વિશે ડૂબકી ખાઈને ચાહે તો ત્યાંથી સીધા જ તત્કાળ મનુષ્યાકૃતિને ધારણ કરે. તેમાં કાંઈ વિલંબ લાગે નહિ અને ચાહે તો કહ્યું તે રીતે અનુક્રમે કરીને લોકોના હિતને માટે મનુષ્યાકૃતિને ધારણ કરે છે." આવી વાત કહીને પછી ફરીવાર શ્રીહરિ કૃપા કરીને બોલ્યા, ૧૦૫-૧૦૭.

❋ અતિ દૃઢ નિશ્ચયવાળા ભક્તોનાં ત્રણ લક્ષણ :

"જેને ભગવાનનો અતિ દૃઢ નિશ્ચય હોય તેનું લક્ષણ ટૂંકમાં કહીએ

છીએ. જેને પરિપક્વ નિશ્ચય હોય અને તે **અત્યંત ત્યાગી હોય, તોપણ તેની પાસે ભગવાન સંબંધી ગમે તેવી પ્રવૃત્તિમાર્ગની ક્રિયા કરાવીએ તો તે અતિશય માહાત્મ્યે સહિત કરે.** ૧૦૮-૧૦૯.

પણ શરીરમાં પ્રાણ હોય ત્યાં સુધી તે ક્યારેય તેમાંથી પાછો હઠે નહિ. અને તે ક્રિયા કચવાઈને કે મૂંઝાઈને પણ ન કરે. પરંતુ તેના હૃદયમાં ઘણી પ્રસન્નતા ભરી રહે. અર્થાત્ તે રાજી થકો કરે. ૧૧૦. હવે બીજું લક્ષણ કહીએ છીએ, ગમે તેવો પોતામાં કોઈક સ્વભાવ હોય અને તે કરોડો ઉપાય કરે, તોપણ ટળે એવો ન હોય, પણ જો **તેવા સ્વભાવને મુકાવ્યાનો પરમેશ્વર આગ્રહ કરે તો તે સ્વભાવનો તત્કાળ ત્યાગ કરે** અને હવે તેનું જે ત્રીજું લક્ષણ છે તે કહું છું. ૧૧૧-૧૧૩.

પોતાનાં જે વ્રતમાન-નિયમ હોય તેમાં જેટલી કસર-કાંઈક દોષ, અવગુણ હોય તેટલું તેને સુખ તો ન રહેતું હોય, તોપણ પરમેશ્વરની કથા-કીર્તનને હંમેશાં સાંભળતો રહે, તથા ભગવાનના સંત વિના તેને એક ઘડીમાત્ર પણ ચાલે નહિ. ૧૧૪-૧૧૫. અને પોતાનો અવગુણ લે તથા સંતનો અતિશય ગુણ ગ્રહણ કરીને સેવતો રહે. વળી, ભગવાનની કથા-કીર્તન અને ભગવાનના સંતનો અતિશય મહિમા સમજે. આ રીતનું જેનું વર્તન હોય તેનો પરિપક્વ નિશ્ચય છે તેમ જાણવું અને તેને તેટલો ખપ છે તેમ પણ માનવું. ૧૧૬-૧૧૭. એવા નિશ્ચયવાળાને ક્યારેક કોઈ પ્રારબ્ધકર્મના યોગે કરીને અથવા ભૂલથી ક્યારેક વ્રતમાનમાં ફેર પડી જાય, તોપણ તેનું ક્યારેય અકલ્યાણ થાતું નથી. અને જેને આવો નિશ્ચય ન હોય અને તે ઘણો ત્યાગ રાખતો હોય, તોપણ તેના કલ્યાણમાં અપાર ફરક રહે છે. **જેને જેવો નિશ્ચય હોય છે તેનું તેવું ચોક્કસ કલ્યાણ થાય છે.**" ૧૧૮-૧૨૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ત્રેસઠમું વચનામૃત કહ્યું" એ નામે ચોસઠમો તરંગ સમાપ્ત ॥૬૪॥



પૂર એકવીશમું : તરંગ - ૬૫

ગઢડા પ્રથમ પ્રકરણનું ચોસઠમું વચનામૃત

✵ શરીર-શરીરીભાવનું, સ્વામી-સેવકભાવનું :

ફાગણ વદી નવમીને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર વિરાજમાન હતા. શ્વેત ખેસ પહેર્યો હતો, કાળા છેડાનો બીજો એક શ્વેત ખેસ ઓઢ્યો હતો. અને મસ્તક ઉપર હીરકોરી શ્વેત પાઘ બાંધી હતી. ૧-૩. અને કંઠમાં તુલસીની નવી કંઠી પહેરી હતી. અને પોતાના મુખારવિંદની આગળ તે સમયે મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા થઈ હતી.

પછી શ્રીજીમહારાજે મુનિઓ પ્રત્યે પ્રશ્ન પૂછ્યો જે, ૪-૫. "શ્રીપુરુષોત્તમ એવા જે ભગવાન તેનું શરીર આત્મા તથા અક્ષર છે, એમ શ્રુતિમાં કહ્યું છે. તેમ જ અમે પણ કહીએ છીએ. તે આત્મા અને અક્ષર તો વિકારે રહિત છે. ૬-૭. અને તે આત્મા અને અક્ષરમાં કોઈ હેય ઉપાધિ(ત્યાજ્યભાગ) નથી. જેમ આ ભગવાન માયા થકી પર છે તેમ આત્મા અને અક્ષર પણ માયા થકી પર છે. એવા જે આત્મા અને અક્ષર તે ભગવાનનું શરીર કઈ રીતે કહેવાય છે ? કારણ કે, જીવનું શરીર તો જીવથી અત્યંત વિલક્ષણ છે તથા વિકારવાન કહેવાય છે. ૮-૧૦. અને દેહી એવો જે જીવ તે તો અત્યંત નિર્વિકાર છે. આ રીતે દેહ અને દેહીની અત્યંત વિલક્ષણતા છે. ૧૧. તેમ પુરુષોત્તમ અને પુરુષોત્તમના શરીર જે આત્મા અને અક્ષર, તેને વિષે પણ અત્યંત વિલક્ષણપણું હોવું જોઈએ. તે વિલક્ષણપણું કઈ રીતે છે ? તે તમે સર્વે વિચારીને કહો."

પછી સહુ સંતો કહેવા લાગ્યા. ૧૨-૧૩. જેની જેવી બુદ્ધિ હતી તેણે તે પ્રમાણે ઉત્તર કર્યો, પણ કોઈથી તેનો યથાર્થ ઉત્તર થયો નહિ. ૧૪. પછી શ્રીજીમહારાજ બોલ્યા, "લો હવે અમે ઉત્તર કરીએ છીએ. જે રીતે અમે ઉત્તર કરીએ તેને સહુ સંતસમાજ સાંભળો. ૧૫. આત્મા અને અક્ષર,

તે બંનેને સર્વથી પર એવા જે ભગવાન પુરુષોત્તમ, તેનું જે શરીરપણું છે, તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું, તેણે કરીને છે. તે એવી રીતે કે, ભગવાન છે તે પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્મા અને અક્ષરને વિષે વ્યાપક છે, અને તે બંને વ્યાપ્ય છે તથા ભગવાનને આધીન છે. ૧૬-૧૮.

અને વળી, **ભગવાન સ્વતંત્ર છે. આત્મા તથા અક્ષર, તે બંને ભગવાનને આધીન અને દીન થઈને પરતંત્ર રહ્યા છે. ૧૯. ભગવાન તો અત્યંત સમર્થ છે અને આ ભગવાનની આગળ તે આત્મા અને અક્ષર તો અતિશય અસમર્થ છે. ૨૦.** આ રીતે જે ભગવાન છે તે આત્મા અને અક્ષર, તે બંનેના શરીરી છે. અને આત્મા તથા અક્ષર, એ બંને પુરુષોત્તમ ભગવાનના શરીર થઈને રહ્યા છે. ૨૧. અને શરીરી એવા જે આ ભગવાન પુરુષોત્તમ તે સદા દિવ્ય મૂર્તિમાન અને પોતે સર્વથી સમર્થ રહ્યા છે. ૨૨.

એવા જે ભગવાન તે વ્યાપક અને દ્રષ્ટા એવા જે સર્વે આત્માઓ અને તે આત્માને વ્યાપ્ય તથા આત્માને દૃશ્ય એવા જે તમામ દેહ, તે બધામાં પોતાની અંતર્યામીશક્તિએ કરીને આત્માપણે રહ્યા છે. એવી રીતે સર્વેના આત્મા જે ભગવાન પુરુષોત્તમ તે જ્યારે રૂપવાન એવું જે દૃશ્ય તેના આત્માપણે કરીને શાસ્ત્રમાં કહ્યા હોય ત્યારે તે પુરુષોત્તમને દૃશ્યરૂપે કરીને જેને વિવેક પ્રાપ્ત થયો હોય તેણે પ્રતિપાદન કર્યા હોય છે. ૨૩-૨૭.

જ્યારે તે ભગવાન પુરુષોત્તમને દ્રષ્ટા એવા જીવના આત્મારૂપે કહ્યા હોય ત્યારે તે પુરુષોત્તમને અરૂપપણે કરીને શાસ્ત્રમાં કહ્યા હોય છે. પરંતુ ખરેખર તો રૂપવાન એવા દૃશ્ય પદાર્થ અને અરૂપ એવા જે આત્મા, તે બંનેથી પુરુષોત્તમ ભગવાન અત્યંત ન્યારા-વિલક્ષણ છે. તથા સદાય મૂર્તિમાન છે અને માયિક આકારથી રહિત છે. ૨૮-૩૦. અને મૂર્તિમાન હોવા છતાં પણ દ્રષ્ટા જે જીવ અને દૃશ્ય જે શરીર, તે બંનેના દ્રષ્ટારૂપે રહ્યા છે. અને એ આત્મા તથા અક્ષર, એ સર્વેના પ્રેરક છે, સ્વતંત્ર છે, નિયંતા છે અને સમગ્ર ઐશ્વર્યથી સંપન્ન છે. અને પર એવું જે અક્ષર તેનાથી પણ પર છે. ૩૧-૩૨.

चोपाई :

एसे जो पुरुषोत्तम कहीजे, भगवान जाके नाम लहीजे;
सो जीव के कल्याण के हिता, कृपाये करीके परम मीता...३३
पृथ्वी के विषे वेर हि वेरा, मनुष्य जेसे फेर हि फेरा;
जनाई आवत हे जो ताकू, एसि रीते सदा दिव्य वाकू...३४
मूर्तिमान जानीके ताकी, उपासना भक्ति करत वाकी;
तेही यह भगवान ताके, साधर्म्यपना कु पावत वाके...३५

એવા જે પુરુષોત્તમ ભગવાન જેનું આપણે નામ લઈએ છીએ, તે પરમ હિતેચ્છુ શ્રીહરિ જીવોનાં કલ્યાણ માટે કૃપાએ કરીને પૃથ્વીને વિશે વારંવાર ફરી ફરીને મનુષ્ય જેવા જણાય છે. તેમને આવી રીતે સદા દિવ્ય મૂર્તિમાન જાણીને તેમની ઉપાસના, ભક્તિ જે કરે છે તો તે આ ભગવાનના સાધર્મ્યપણાને પામે છે. ૩૩-૩૫. અને વળી, તે ભક્ત અનંત ઐશ્વર્યને સહેજે જ પામે છે. પછી બ્રહ્મભાવને પામ્યો એવો જે પોતાનો આત્મા તેણે કરીને પ્રેમે સહિત નિરંતર પરમ આદરપૂર્વક ભગવાન પુરુષોત્તમની સેવા કરે છે. ૩૬-૩૭.

અને જે કોઈ મનુષ્ય એ ભગવાનને નિરાકાર જાણીને તેમનું ધ્યાન-ઉપાસન કરે છે તે બધા જીવ બ્રહ્મસુષુપ્તિમાં લીન થઈ જાય છે. અને લીન થયા પછી કોઈ દિવસ તેમાંથી નીકળતા નથી. તથા તે ભગવાન થકી કોઈ ઐશ્વર્યને પામતા નથી. આ જે વાત કહી તે અમે પ્રત્યક્ષ દેખીને કહી છે. ૩૮-૪૦. માટે તેમાં કોઈ જાતનો સંદેહ નથી. આ વાત કોના થકી પમાય છે ? તો જેને અમે કહી તે રીતે ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા હોય તેનાથી જરૂર પામી શકાય છે, પણ બીજાથી ક્યારેય પમાતી નથી માટે આ વાતને દૃઢ કરીને રાખજો. ૪૧-૪૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચોસઠમું વચનામૃત કહ્યું" એ નામે પાસઠમો તરંગ સમાપ્ત ॥૬૫॥



પૂર એકવીશમું : તરંગ - ૬૬

ગઢડા પ્રથમ પ્રકરણનું પાંસઠમું વચનામૃત

⁕ શ્રીહરિની ચાર પ્રકારની સહજ રુચિ :

ફાગણ વદી ચૌદશને દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં બિરાજમાન હતા. અને પોતાના પોઢવાના ઓરડાની ઓસરીએ ગાદીતકિયા ઉપર શ્રીહરિ બેઠા હતા. ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે મોક્ષધર્મની કથા થઈ રહી હતી. ૧-૪. પ્રાગજી દવેની પાસે શ્રીહરિ નિત્ય કથા વંચાવતા હતા. કારણ કે, શ્રીહરિને કથાશ્રવણનું ઘણું વ્યસન હતું. ૫. શ્રીહરિએ ચાર વ્યસન મુખ્ય રાખ્યા હતા. તે વ્યસન વિના તેમને એક ઘડી પણ ચાલતું નહિ. જેમ કોઈ મોટો બંધાણી હોય તેમ શ્રીહરિએ ચાર વ્યસનમાં રુચિ કરી હતી. ૬.

चोपाई :

भगवान सबंधी ग्रंथ जितना, सुनत तृप्त न होवत तितना;
भगवान सबंधी कीर्तन बाता, सुनत करत नहि तृप्त रहाता...०७
भगवान अरु भगवान ताके, अनन्य भक्त रहे जो वाके;
जो जो ताके हित करना जेता, उछाह तामें अधिक हि तेता...०८

કયા તે ચાર વ્યસન ? તો, (૧) ભગવાન સંબંધી જે કોઈ ગ્રંથ હોય તેને સાંભળતા તૃપ્ત થતા નહિ. (૨) ભગવાન સંબંધી કીર્તન સાંભળતા તૃપ્ત થતા નહિ. (૩) ભગવાન સંબંધી વાતો કરતા તૃપ્ત થતા નહિ અને (૪) ભગવાન તથા ભગવાનના જે જે અનન્ય ભક્તો હોય તેના માટે જે કાંઈ કરવાનું હોય તેમાં ઘણો ઉત્સાહ રાખતા હતા. ૭-૮. જેમ અતિશય લોભી માણસને ધનમાં વૃત્તિ રહે અને અતિશય વિષયી માણસને જેમ વિષયમાં મન રહે, તથા જેમ ચકોરને ચંદ્ર ઉપર ઘણો પ્રેમ રહ્યો છે, તેમ શ્રીહરિને તે ચાર બાબતમાં અતિશય ભાવ રહેતો હતો. વળી, પુષ્પ ઉપર ભમરાને જેવો પ્રેમ છે, માછલાને પાણી જેમ જીવન છે અને અગ્નિ ઉપર ઉડતા જીવડાને જેવું અપાર ખેંચાણ હોય, તે રીતે શ્રીહરિને ચાર વાત કહી તેમાં અપરંપાર

ભાવ રહેતો હતો, પણ તેનાથી લગારેય તૃપ્ત થતા નહિ. જેમાં જેવું દૈવત હોય તેને તેનાં ગુણો કહી દે છે. ૯-૧૨.

જેમ જેમાં જેટલું દૈવત હોય તેને તેના ગુણો પ્રગટ કરી દે છે, તેમ જેમાં જેટલાં ગુણો હોય તેને તેનું દૈવત પ્રગટ કરી દે છે. આ રીતે ગુણ અને દૈવતમાં પરસ્પરને જણાવી દેવાનો સ્વભાવ છે. ૧૩. પારસમણિ, ચિંતામણિ અને કલ્પવૃક્ષમાં જેટલું દૈવત છે તેને તે ત્રણેયના ગુણ પ્રગટ કરી દે છે, પણ તે ત્રણ પોતે પોતાનું દૈવત ક્યારેય કહેતા નથી, પરંતુ જે બુદ્ધિમાન હોય તે તેના ગુણો જોઈને તેના દૈવતને પારખી લે છે. ૧૪-૧૫. તે રીતે જ સમર્થ પુરુષમાં જેટલું દૈવત હોય તેને તેમાં રહેલા ગુણો પ્રગટ બતાવી દે છે. ૧૬.

પછી તે કથાનો અધ્યાય જ્યારે પૂરો થયો ત્યારે જે જે મોટા મોટા પરમહંસ સંતો હતા, તે બધાને શ્રીહરિએ પોતાની સમીપે બોલાવ્યા અને પછી કહ્યું કે, "હવે તમે જેટલા મોટા મોટા સંતો છો તે બધા પરસ્પર પ્રશ્ન -ઉત્તર કરો. કેમ જે, જ્યારે તમે પ્રશ્ન-ઉત્તર કરો ત્યારે જેની જેવી બુદ્ધિ હોય તેવી જાણ્યામાં આવે છે. તેટલા માટે જ અમે તમને આ કહી રહ્યા છીએ." ૧૭-૧૯.

પછી સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પરમાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, "આકાશની ઉત્પત્તિ અને પ્રલય કઈ રીતે થાય છે ? તે જેમ હોય તેમ નક્કી કરીને કહો." ત્યારે પરમાનંદસ્વામી તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ તેનો ઉત્તર થઈ શક્યો નહિ. પછી શ્રીહરિ અતિ પ્રસન્ન થઈને તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા. તે વાત હવે કહું છું. ૨૦-૨૨. "જેમ બાળક જ્યારે પ્રથમ પોતાની માતાના ઉદરમાં હોય ત્યારે તથા જન્મ સમયમાં તે બાળકનાં હૃદય આદિક જે ઇન્દ્રિયોનાં છિદ્ર તે બહુ સૂક્ષ્મ-નાનાં હોય છે. પછી જેમ જેમ તે બાળક વૃદ્ધિ પામતું જાય છે તેમ તેમ તેનાં સર્વ છિદ્ર પણ વૃદ્ધિ પામતા જાય છે, અને તેમાં આકાશ પણ ઉત્પન્ન થતો જણાય. અને જ્યારે તે વૃદ્ધાવસ્થાને પામે છે ત્યારે તેની ઇન્દ્રિયોનાં જે છિદ્ર તે સંકોચને પામતા જાય છે, અને તેમાં જેટલો આકાશ હોય તેનો લય થતો જણાય છે. ૨૩-૨૭.

તે રીતે જ જ્યારે વિરાટ દેહ ઊપજે છે ત્યારે તેની અંદર રહેલા હૃદય આદિકના છિદ્રમાં આકાશ ઉત્પન્ન થતો જણાય, અને જેમ જેમ તે વિરાટ દેહ વૃદ્ધિ પામતો જાય છે તેમ તેમ આકાશ પણ વૃદ્ધિ પામે છે. અને જ્યારે વિરાટ દેહનો લય થાય છે ત્યારે આકાશ પણ લય પામે છે. હૃદયાદિક છિદ્રોમાં જે રીતે આકાશની ઉત્પત્તિ અને લય કહ્યો, તે રીતે જ આકાશની ઉત્પત્તિ અને લય કહેવાય છે. ૨૮-૩૦. પણ જે આકાશ સહુનો આધાર છે, તે જેમ પ્રકૃતિપુરુષ નિત્ય અને અખંડ છે તે રીતે જ તે આકાશ પણ નિત્ય છે. એની ઉત્પત્તિ અને લય કહેવાય નહીં. અને સમાધિએ કરીને જે રીતે આકાશની ઉત્પત્તિ અને લય છે તેની રીતને તો સમાધિવાળા જેમ છે તેમ જાણે છે."

પછી પરમાનંદસ્વામીએ સ્વયંપ્રકાશાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, "સુષુમ્ણા નાડી તે દેહની અંદર કેમ રહી છે ? અને દેહની બહાર કેમ રહી છે ?" ૩૧-૩૪. પછી તે પ્રશ્નનો ઉત્તર સ્વયંપ્રકાશાનંદસ્વામી કરવા લાગ્યા, પણ થયો નહિ. ત્યારે શ્રીહરિ બોલ્યા કે, **"આ બ્રહ્માંડમાં જેટલી રચના છે તેટલી રચના પિંડમાં પણ રહી છે.** પિંડમાં તે રચના અલ્પ છે અને બ્રહ્માંડમાં તે રચના મોટી છે. જેવો પિંડનો આકાર છે તેવો જ આકાર બ્રહ્માંડનો પણ છે. ૩૫-૩૭. જેમ બ્રહ્માંડમાં નદીઓ રહી છે તેમ પિંડમાં નાડીઓ રહી છે. ૩૮. જેમ બ્રહ્માંડમાં સમુદ્ર રહ્યો છે તેમ પિંડમાં કુક્ષિ-હોજરીને વિશે જળ રહ્યું છે. ૩૯. જે રીતે બ્રહ્માંડમાં સૂર્ય અને ચંદ્ર રહ્યા છે તે રીતે પિંડમાં ઈડા અને પિંગલા નાડીને વિશે સૂર્ય, ચંદ્ર રહ્યા છે. ઈત્યાદિક સામગ્રી બ્રહ્માંડમાં જે રીતે રહી છે તે રીતે પિંડમાં પણ રહી છે. ૪૦-૪૧. આ પિંડમાં ઈન્દ્રિયોની જેટલી નાડીઓ કહેવાય છે તેની બ્રહ્માંડની સાથે એકતા રહી છે. ૪૨.

જ્યારે કોઈ મોટાપુરુષના યોગથી સમાધિનિષ્ઠ થાય છે ત્યારે તે સમાધિએ કરીને જીહ્વાના અંતને પામે છે. ત્યારે તે વરુણ દેવતાને સહજ પામે છે. અને જ્યારે વાણીરૂપ ઈન્દ્રિયના અંતને પામે છે ત્યારે તે અગ્નિદેવને સહજ પામે છે. અને ચામડીના અંતને પામે છે ત્યારે તે બુદ્ધિમાન યોગી વાયુદેવને પામે છે, તેમાં કોઈ વિલંબ થાતો નથી. જ્યારે શિશ્નના અંતને પામે ત્યારે તે પ્રજાપતિને પામે છે. ૪૩-૪૬. જ્યારે હાથના અંતને પામે

ત્યારે ઈન્દ્રદેવને પામે છે. તે રીતે જ હૃદયમાં રહેલી એવી જે સુષુમ્ણા નામે નાડી, તેનો અંત બ્રહ્મરંધ્ર છે તેને જ્યારે યોગી પામે ત્યારે શિશુમાર ચક્રમાં રહેલા વૈશ્વાનર નામે અગ્નિના અભિમાની દેવતાને પામે છે. તે સમયે બ્રહ્મરંધ્રથી લઈને પ્રકૃતિથી પર પુરુષ સુધી એક તેજનો સળંગ માર્ગ રહ્યો છે તેને તે દેખે છે. તે તેજના માર્ગને સુષુમ્ણા કહે છે. ૪૭-૫૦. આ રીતે સુષુમ્ણા નાડી પિંડમાં અને બ્રહ્માંડમાં જેમ રહી છે, તેમ અમે કહ્યું." ૫૧.

પછી પરમાનંદ નામના સ્વામીએ સ્વયંપ્રકાશાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "ત્રણ અવસ્થામાં પ્રથમ જાગ્રત અવસ્થાનો લય થાય છે ? કે સ્વપ્ન અવસ્થાનો લય થાય છે ? કે સુષુપ્તિનો પ્રથમ લય થાય છે ?" ૫૨-૫૩. ત્યારે સ્વયંપ્રકાશાનંદસ્વામી આ પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા, પણ થયો નહિ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "જાગ્રત અવસ્થામાં જો સ્નેહે કરીને ભગવાનની મૂર્તિને વિષે લક્ષ-સમાધિ થાય ત્યારે પ્રથમ જાગ્રત અવસ્થાનો લય થાય છે અને પછી સ્વપ્નનો લય થાય છે. અને તે પછી સુષુપ્તિનો લય થાય છે. આ રીતે એક પ્રકારનો લય સમજો. અને જ્યારે મનથી ચિંતવન કરતાં કરતાં સ્વપ્નને વિષે ભગવાનની મૂર્તિમાં લક્ષ થાય ત્યારે પ્રથમ સ્વપ્નનો લય થાય છે અને તેના પછી જાગ્રત તથા સુષુપ્તિનો લય થાય છે. અને જ્યારે ઉપશમપણે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતાં કરતાં સુષુપ્તિમાં લક્ષ-સમાધિ થાય ત્યારે પ્રથમ સુષુપ્તિનો લય થાય છે અને પછી જાગ્રત તથા સ્વપ્નનો લય થાય છે." આ રીતે પ્રશ્નનો ઉત્તર કર્યો. ૫૪-૬૧.

❋ જ્ઞાનશક્તિ, ઈચ્છાશક્તિ અને ક્રિયાશક્તિનું સ્વરૂપ :

પછી ફરીને સ્વયંપ્રકાશાનંદસ્વામીએ પરમાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, ૬૨. "ભગવાનને વિષે જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઇચ્છાશક્તિ જે રહી છે તેને કઈ રીતે સમજવી ? તે મને સમજાય તે રીતે પ્રશ્નને વિચારીને ઉત્તર કરો." ૬૩-૬૪. ત્યારે શ્રીજીમહારાજ હસીને બોલ્યા કે, "તેનો ઉત્તર તો તમને પણ કદાચ નહિ આવડતો હોય. ૬૫. આમ કહીને શ્રીહરિ તેનો ઉત્તર કરવા લાગ્યા. જ્યારે આ જીવને સત્ત્વગુણ પ્રધાનપણે વર્તતો હોય, ૬૬. ત્યારે તે જે કર્મ કરે છે તેનું ફળ જાગ્રત અવસ્થા છે. અને આ જીવને

જ્યારે રજોગુણ પ્રધાનપણે કરીને વર્તતો હોય તે સમયે જે કર્મ કરે તે કર્મનું ફળ સ્વપ્ન અવસ્થા છે. તે આ વાત યથાર્થ કહી છે. ૬૭-૬૮.

અને આ જીવને જ્યારે તમોગુણ પ્રધાનપણે વર્તતો હોય તે સમયે જે કર્મ કરે તેનું ફળ સુષુપ્તિ અવસ્થા છે. એ સુષુપ્તિ અવસ્થાને જીવ જ્યારે પામે છે તે સમયમાં જેવી પાષાણની શિલા હોય તેવો જડ જેવો દેખ્યામાં આવે છે. ૬૯-૭૦. પછી તે ગમે તેવો હોશિયાર હોય, તોપણ તેને કોઈ પ્રકારનું જ્ઞાન રહેતું નથી જે, 'હું પંડિત છું કે મૂર્ખ છું, આ કામ કર્યું છે કે આ કામ નથી કર્યું, આ મારી જાતિ છે કે આ મારો વર્ણ છે કે આવો મારો આશ્રમ છે, ને તેને અનુસારે આ મારું નામ છે કે આ મારું રૂપ છે, હું દેવ છું કે મનુષ્ય છું, હું બાળક, જુવાન કે વૃદ્ધ છું, હું ધર્મિષ્ઠ છું કે પાપિષ્ઠ છું;' ઇત્યાદિક કોઈ પણ પ્રકારનું જ્ઞાન ક્યારેય રહેતું નથી. ૭૧-૭૩. જીવ જ્યારે આવી રીતનો થઈ જાય ત્યારે ભગવાન તત્કાળ તેને જ્ઞાનશક્તિએ કરીને સુષુપ્તિ અવસ્થામાંથી જગાડી દે છે. અને તેને બધી જ ક્રિયાનું જ્ઞાન આપે છે. ૭૪-૭૫.

આ જે કહ્યું તેને ભગવાનની જ્ઞાનશક્તિ કહીએ. હવે જે રીતે ક્રિયાશક્તિ છે તેને કહું છું. આ જીવ જે જે ક્રિયાને વિષે જ્યારે પ્રવર્તે છે ત્યારે ભગવાનની ક્રિયાશક્તિના અવલંબને કરીને પ્રવર્તે છે, તેને ભગવાનની ક્રિયાશક્તિ કહીએ. વળી, આ જીવને જે જે પદાર્થની જેટલી કાંઈ ઇચ્છા પ્રાપ્ત થાય છે તે પરમેશ્વરની ઇચ્છાશક્તિના અવલંબને કરીને પ્રાપ્ત થાય છે, તેને ભગવાનની ઇચ્છાશક્તિ કહેવાય છે. અને આ જીવને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, આ ત્રણ અવસ્થાઓ ભોગવવામાં આવે છે તે કેવળ કર્મે કરીને જ નથી ભોગવાતી; ૭૬-૮૧. એ તો એ જીવને કર્મના ફળપ્રદાતા જે પરમેશ્વર, તે તેના કર્મનું ફળ જે વખતે ભોગવાવે છે ત્યારે તે ફળને જીવ પરમેશ્વરને આધીન રહીને ભોગવે છે. કારણ કે, આ જીવ જ્યારે જાગ્રત અવસ્થાના ફળ ભોગવતો હોય, ત્યારે એ ઇચ્છે કે, 'મારે અત્યારે સ્વપ્નમાં જવું છે' તો તેને પોતાની મેળે ક્યારેય કોઈ દિવસ સ્વપ્નમાં જવાતું નથી. શા માટે જે, કર્મફળપ્રદાતા પરમેશ્વર તેની વૃત્તિઓને રુંધી રાખે છે. ૮૨-૮૫.

અને તે જીવ સ્વપ્નમાંથી જાગ્રતમાં આવવાની ઈચ્છા કરે, તોપણ કોઈ રીતે આપમેળે જાગ્રતમાં આવી શકતો નથી. ૮૬. અને સુષુપ્તિમાં પણ કોઈ દિવસ જવાતું નથી. અને સુષુપ્તિમાંથી સ્વપ્નમાં પણ અવાતું નથી. ૮૭. તથા જાગ્રત અવસ્થામાં પણ અવાતું નથી. એ તો જ્યારે કર્મફળને ભોગવાવનારા પરમેશ્વર છે તે એને જે અવસ્થાનું કર્મફળ ભોગવાવે તેને તે ભોગવી શકે છે. પણ આ જીવ પોતાની ઈચ્છાએ કરીને અથવા કેવળ કર્મે કરીને કર્મનાં ફળને ભોગવી શકતો નથી. આ રીતની આ વાત છે." ૮૮-૯૦. આ રીતે ભગવાનને વિષે રહેલી જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ અને ઈચ્છાશક્તિ બાબતનો ઉત્તર કૃપાળુ શ્રીજીમહારાજે કર્યો. તે સાંભળીને બધા સંતો અને હરિભક્તો ખૂબ રાજી થયા. ૯૧-૯૨.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પાંસઠમું વચનામૃત કહ્યું" એ નામે છાસઠમો તરંગ સમાપ્ત ॥૬૬॥



પૂર એકવીશમું : તરંગ - ૬૭

ગઢડા પ્રથમ પ્રકરણનું છાસઠમું વચનામૃત

✵ શાસ્ત્રોના શબ્દછળના શ્રીહરિએ ખુલાસા કર્યા :

ફાગણ વદી અમાસને દિવસ સર્વ સુખનું મૂળ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર ખૂબ જ પ્રસન્નતાથી વિરાજમાન હતા. ૧-૨. તે વખતે કાળા છેડાનો ખેસ પહેર્યો હતો. સારી શ્વેત પછેડી ઓઢી હતી અને શ્વેત મલમલનો ફેંટો મસ્તકે બાંધ્યો હતો, જે દર્શન કરનારાના ભવદુઃખને નાશ કરનારો હતો. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તેની શોભા અતિશય બની હતી. ૩-૫.

પછી શ્રીજીમહારાજ સંતો પ્રત્યે બોલ્યા કે, "શ્રીમદ્‌ભાગવતમાં વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ, એ ચતુર્વ્યૂહની જ વાત ઠેકઠેકાણે

વારંવાર ઘણીક આવતી રહે છે. ૬-૭. તેને કોઈ ઠેકાણે સગુણપણે અને કોઈ ઠેકાણે નિર્ગુણપણે કરીને જ્યાં જ્યાં કહ્યા છે ત્યાં તે સમજવામાં આવતું નથી. ૮. તે જ્યારે નિર્ગુણ કરીને કહે છે ત્યારે તે વાસુદેવ ભગવાનને કહે છે, તેમ જાણવું. અને જ્યારે સગુણ કરીને કહ્યા હોય ત્યારે સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધને કહે છે. જ્યારે નિર્ગુણપણે કરીને કહે છે ત્યારે સાંભળનારાની અને વાંચનારાની મતિ ભ્રમી જાય છે. તેટલા માટે અમે પ્રેમથી વાત સમજાવીએ છીએ કે, એ મતિભ્રમેલો મનુષ્ય એમ જાણે છે કે, ‘ભગવાનને કોઈ આકાર નથી;’ પરંતુ તેમ સમજનારની મતિ અવળી છે. તેથી તેને સવળું સમજાતું નથી. એવો મનુષ્ય મરીને જમપુરીમાં જાય છે. ૯-૧૨. **શાસ્ત્રમાં જેટલા શબ્દછળ છે તેને એકાંતિક ભક્ત વિના કોઈ સમજતા નથી.** ૧૩.

તે શબ્દછળ હવે અમે બતાવીએ છીએ, કહ્યા વિના સમજાય નહિ. ભગવાનને અરૂપ, જ્યોતિઃસ્વરૂપ, નિર્ગુણ તથા સર્વવ્યાપક કહ્યા હોય છે, એવા વચનને સાંભળીને જેટલા મૂર્ખ હોય તે એમ જાણે છે કે, ‘શાસ્ત્રમાં તો ભગવાનને અરૂપ જ કહ્યા છે.’ ૧૪-૧૬.

અને જે ભગવાનના એકાંતિક ભક્ત હોય, તે જે રીતે સમજે છે તે રીતને હું કહું છું. કહ્યા વિના તે જાણ્યામાં આવતું નથી. ૧૭. તે ભક્ત એમ સમજે જે, ‘શાસ્ત્રમાં જ્યાં ભગવાનને અરૂપ અને નિર્ગુણ કહ્યા છે તે તો માયિક એવા જે રૂપ અને ગુણ તેના નિષેધને માટે કહ્યા છે, પણ ભગવાન તો નિત્ય દિવ્ય મૂર્તિમાન છે. અનંત કલ્યાણકારી ગુણોથી યુક્ત તથા સુખના સાગર છે. ૧૮-૧૯. અને તેજના પુંજ-સમૂહરૂપે ભગવાનને કહ્યા છે, તે તો મૂર્તિ વિના તે તેજ હોય નહીં. માટે એ તેજ તો મૂર્તિનું જ છે. કેમ જે, મૂર્તિ વિના ક્યારેય તેજ રહી શકે નહીં. ૨૦.

જેમ અગ્નિદેવની મૂર્તિ છે તેમાંથી અગ્નિની જ્વાળા પ્રગટ થાય છે. તે જ્વાળાને કારણે અગ્નિદેવની મૂર્તિ દેખાતી નથી પરંતુ એકલી જ્વાળા જ દેખાય છે, પણ સમજણવાળા પરમ વિવેકી જનો તો એમ નિશ્ચિત જાણે છે કે, ‘અગ્નિની જે મૂર્તિ છે તેમાંથી જ તે જ્વાળાઓ નીકળે છે.’

એમ બુદ્ધિવાળા લોકો નક્કી સમજે છે. વળી, જેમ વરુણની મૂર્તિમાંથી જ જળ પ્રગટ થઈ આવે છે પણ તે એકલું જળ જ દેખાય છે, વરુણની મૂર્તિ દેખાતી નથી. પરંતુ જે બુદ્ધિમાન સમજુ માણસો છે તે તો એવું જાણે છે કે, વરુણની મૂર્તિમાંથી જ બધું જળ નીકળે છે. **તેમ જ કરોડો સૂર્યના સમાન જે કાંઈ બ્રહ્મસત્તારૂપ-અક્ષરબ્રહ્મ સમાન પ્રકાશ છે તે તો પુરુષોત્તમ ભગવાનની મૂર્તિનો જ પ્રકાશ છે.** ૨૧-૨૬.

અને શાસ્ત્રમાં જે એવાં વચન આવે છે કે, 'જેમ કાંટે કરીને કાંટો કાઢીને, પછી તે બંનેનો ત્યાગ કરે, તેમ ભગવાને આ પૃથ્વીનો ભાર ઉતારવા માટે જે દેહ ધારણ કર્યો હતો તે પૃથ્વીનો ભાર ઉતાર્યા પછી તે દેહનો પણ ત્યાગ કરે છે.' આવા ઘણી જગ્યાએ શબ્દછળ આવે છે, તેને સાંભળીને જે કોઈ મૂર્ખ હોય તે ત્યાં ભૂલા પડે છે અને ભગવાનને અરૂપ સમજે છે, પણ તેવા મૂર્ખાઓ ભગવાનની મૂર્તિને દિવ્ય જાણતા નથી. પરંતુ જે ભગવાનના એકાંતિક ભક્તો હોય તે તો ભગવાનને દિવ્ય જાણે છે. ભગવાનને દિવ્ય સમજવાની જે રીત છે તે હવે હું કહું છું. જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુને કરેલી પ્રતિજ્ઞાને સત્ય રાખવા માટે બ્રાહ્મણના પુત્રને લેવા માટે ગયા, ત્યારે દ્વારિકાથી રથમાં બેસીને અર્જુને સહિત ચાલ્યા. તે લોકાલોક પર્વતને ઉલ્લંઘ્યો. ત્યાં માયાના અતિશય અંધકારને સુદર્શનચક્ર વડે કાપીને આગળ ગયા. પછી તેજના પુંજમાં પ્રવેશ કરીને આગળ ચાલ્યા. ૨૭-૩૫. તે પછી ભૂમાપુરુષની પાસે ગયા અને પરમ દયાળુ ભગવાન મૃત્યુ પામેલા બ્રાહ્મણના પુત્રોને ત્યાંથી તત્કાળ લઈ આવ્યા. ૩૬. તેથી નક્કી થાય છે કે, 'શ્રીકૃષ્ણ ભગવાન તો દિવ્ય મૂર્તિ જ હતા.' કેમ જે, તેના પ્રતાપે કરીને કાષ્ઠનો રથ અને પંચભૂતના દેહવાળા જે ઘોડાઓ હતા તે બધા દિવ્ય-માયાથી પર ચૈતન્યરૂપ થઈ ગયા. અને જો દિવ્યરૂપ ન થયા હોય તો જેટલું માયાનું કાર્ય હોય તે તો માયામાં જ લીન થાય. પણ માયાથી પર જે બ્રહ્મ ત્યાં સુધી પહોંચે નહિ. ૩૭-૪૦.

માટે ભગવાનની મૂર્તિનાં અતિશય પ્રતાપે કરીને જે માયિક પદાર્થ હતા તે બધા અમાયિક થયા. ૪૧. એવું જે ભગવાનનું દિવ્ય સ્વરૂપ તેને જે કોઈ મૂર્ખ હોય તે માયિક સમજે છે. ૪૨. પણ જે **એકાંતિક સંત હોય તે તો**

ભગવાનની મૂર્તિને અક્ષરાતીત સમજે છે અને પરમ આનંદ પામીને તેમનું ભજન કરતા રહે છે. ૪૩. અને મૂર્તિમાન એવા જે પુરુષોત્તમ ભગવાન તેને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્તો અને અક્ષરબ્રહ્મ એ સહુના આત્મા જાણીને તથા સહુથી પર માનીને તેને ભજે છે. માટે કોઈ ગમે તેવાં શાસ્ત્ર વંચાતાં હોય અને તેમાં જ્યાં ભગવાનના નિર્ગુણપણાનું પ્રતિપાદન કર્યું હોય, તો ત્યાં એમ જાણવું કે, 'જે ભગવાનની મૂર્તિ છે તેનો જ આ મહિમા કહ્યો છે, પણ ભગવાન તો સદાને માટે મૂર્તિમાન જ છે.' એમ સમજવું. ૪૪-૪૭. આવી રીતે એકાંતિક ભક્તને તેની સમજણની વાત કરીને અમે જેવા છે તેવા દેખાડ્યા." ૪૮.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છાસઠમું વચનામૃત કહ્યું" એ નામે સડસઠમો તરંગ સમાપ્ત ॥૬૭॥



પૂર એકવીશમું : તરંગ - ૬૮

ગઢડા પ્રથમ પ્રકરણનું સડસઠમું વચનામૃત

* સત્પુરુષના ગુણો આવ્યાનું :

ચૈત્ર સુદિ સાતમને દિવસ સર્વ સુખનું કારણ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજમાન હતા. પછી સંતોને ઉતારે-ધર્મશાળામાં દર્શન દેવાં માટે આવ્યાં. તે વખતે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી શ્રીજીમહારાજે ઘણા હેતથી મુનિઓને પ્રશ્ન કર્યો કે, "કોઈ સત્પુરુષ છે તેને આ લોકનાં જે કાંઈ સુખ છે તેમાં તો પ્રીતિ જ નથી, અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેમાં જ તેમને વાસના છે. વળી, જે જે લોકો તેમની પાસે આવીને તેમનો સંગ કરે, તેનું પણ એવી જાતનું હિત કરે કે, 'આ મારો સ્નેહી સંગી છે તેને જેટલી આ સંસારની

વાસના હોય તે બધી તૂટી જાય, ૧-૭. અને બીજી બધી અનીતિનો ત્યાગ કરીને ભગવાનમાં પ્રીતિ થાય તો તે ઘણી શ્રેષ્ઠ વાત કહેવાય. આવી બીજી કોઈ બાબત નથી.' ૮.

અને તે જેટલું કાંઈ જતન કરે તે સર્વે આ દેહને છોડીને ભગવાનનાં ધામમાં ગયા પછી સુખ આપે એવું જ વારંવાર જતન કરે, અને તેમાં જ ઘણો બધો લાભ જાણે. પણ આ દેહના સુખને માટે તો કોઈ જ ક્રિયા ક્યારેય જરા પણ કરે નહિ. ૯-૧૦. આવા જે સત્પુરુષ હોય, તેના જેવા ગુણ મુમુક્ષુમાં કેમ સમજે તો આવે ? ૧૧. આ અમારો પ્રશ્ન છે, તેનો ઉત્તર તમે સંતો કરો."

❋ સત્પુરુષના ગુણો આપણામાં આવવાના ઉપાય :

પછી મુક્તાનંદસ્વામી તે પ્રશ્નનો ઉત્તર કરવા લાગ્યા જે, ૧૨. **"જેને આ લોકના સુખની ઈચ્છા જ ન હોય એવા જે સત્પુરુષ, તેમાં જે ભાવ રાખે અને દેવની બુદ્ધિ રાખે અને તે સત્પુરુષ જે જે વચન કહે તેને સત્ય માને અને તે પ્રમાણે વર્તે, ૧૩-૧૪. ત્યારે તે સત્પુરુષના ગુણ હોય તે મુમુક્ષુમાં આવે છે** અને જે એવો ન હોય તેમાં તે સત્પુરુષના ગુણ ક્યારેય આવે નહિ."

પછી શ્રીજીમહારાજ તરત બોલ્યા કે, "આ તમે સાચો ઉત્તર કર્યો, પણ આમ સમજે તો તે મુમુક્ષુમાં મોટા સત્પુરુષના ગુણ ક્યારેય આવ્યા સિવાય રહે જ નહીં. અર્થાત્ અમે જે કહીએ તેટલું જો તેમાં ઉમેરાઈ જાય તો સત્પુરુષના ગુણ ચોક્કસ આવે જ છે. ૧૫-૧૭. હવે તે સમજવાની જે રીત છે તે અમે કહીએ છીએ, તે તમે સહુ સાંભળો. જે સત્પુરુષને એક પરમેશ્વર વિના બીજે ક્યાંય પ્રીતિ ન હોય, તેનાં જેટલા કાંઈ ગુણ હોય તેને પરમ રસમય પ્રેમથી આ રીતે ગ્રહણ કરે જે,

यह सत्पुरुष अति बडे रहेऊ, भगवान बिन नहि प्रीति तेऊ;
याके आगे मनुष्य अपारा, हाथ जोडी उभे वार न पारा...२०
तोउ लेश मात्र हि जो तेहा, संसार ताके सुखकु एहा;
इच्छत नहि एसे बडे रहाता, सरवोपरि गुन यह देखाता...२१

'આ સત્પુરુષ તો અતિશય મોટા છે અને તેમને ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રીતિ નથી. આમની આગળ તો અપાર મનુષ્યો હાથ જોડીને ઊભા રહે છે, તોપણ તેઓ લેશમાત્ર પણ સંસારના સુખને ઇચ્છતા નથી; એવા તે મહાન છે. અરે..! તેમના આ કેવા સર્વોપરિ ગુણ દેખાય છે !! ૧૮-૨૧. જેટલા દેવતાઓ કહેવાય છે તેમાં પણ આમના જેવા ગુણ દેખાતા નથી. જ્યારે હું તો અતિશય પામર છું. કેમ જે, સંસારના સુખમાં લોભાઈને તેમાં આસક્ત થઈ રહ્યો છું. તે કારણે જ હજુ સુધી વાસનાના દુઃખો મારો છૂટકારો કરતા નથી.

વળી, પરમેશ્વરની વાત સમાન બીજી કોઈ વાત નથી, પરંતુ તેમાં તો હું લેશમાત્ર પણ સમજતો નથી. અરે..રે.. મારા જેવો બીજો કોઈ પામર નથી, માટે મને ધિક્કાર છે. આ રીતે વારંવાર મનમાં અનુતાપ કરતો રહે, અને નિત્ય સત્પુરુષના ગુણને ગ્રહણ કરતો રહે. ૨૨-૨૫. અને પોતામાં જેટલા અવગુણ હોય તેને દેખતો રહે અને મનમાં તેનો અનુતાપ કરતો રહે. આમને આમ અનુતાપ કરતાં કરતાં તેનાં હૃદયને વિષે વૈરાગ્ય ઊપજે, પછી તેનામાં સત્પુરુષના ગુણ આવે છે. ૨૬-૨૭.

હવે જેના હૃદયમા સત્પુરુષના કોઈ જ ગુણ ન આવે તેનાં લક્ષણ કહું છું. ૨૮. જે મનુષ્ય એમ સમજતો હોય કે, 'આ મોટા પુરુષ તો કહેવાય છે, પણ કોઈ પ્રકારનો વિવેક નથી. તેમને ખાતાં-પીતાં લગાર પણ આવડતું નથી, અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી. પરમેશ્વર તેમને સુખ દેતા રહે છે, બીજા પણ અપાર સુખ મળતા રહે છે છતાં પણ તે તેમને ભોગવતાં આવડતું નથી. ૨૯-૩૦. અને કોઈને આપે છે તો તે પણ વિવેક વગરનું આપે છે.' આવી રીતે તે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ આરોપે છે- પરઠે છે; એવો જે કુમતિ પુરુષ હોય, તેમાં સત્પુરુષના જે ગુણ છે તે કોઈ કાળે આવતા નથી. ૩૧-૩૨.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સડસઠમું વચનામૃત કહ્યું" એ નામે અડસઠમો તરંગ સમાપ્ત ॥૬૮॥

પૂર એકવીશમું : તરંગ - ૬૯

હરિજયંતીનો ઉત્સવ અને શ્રીહરિનો મહિમા

જે મુનિઓ દેશમાં ફરતા હતા તે ચૈત્ર સુદિ રામનવમીને દિવસ ઉત્સવ ઉપર ગઢપુર આવ્યા. કેમ જે, શ્રીહરિએ પત્ર લખીને તે મુનિઓને અને દેશદેશના હરિભક્તોને બોલાવ્યા હતા. ૧-૨. જે કોઈ બાઈ-ભાઈ હરિભક્તો આવ્યાં, તે પોતપોતાનાં વાહન લઈને આવ્યાં હતાં. ૩. બળદગાડી અને અશ્વને જે લાવ્યા હતા તે બધા લક્ષ્મીબાગમાં રહ્યા. શ્રીહરિએ પોતે તે સહુને ત્યાં ઉતારા અપાવરાવ્યા હતા. ૪. હરિનવમી એટલે શ્રીહરિની જન્મતિથિનો દિવસ હતો. જન્માષ્ટમી, દિવાળી, અન્નકોટ, વસંતપંચમી, હુતાશની અને ફૂલદોલ, એ બધા ઉત્સવના દિવસો છે. પણ તે બધા ઉત્સવો કરતાં હરિનવમીના ઉત્સવને હરિભક્તો સર્વોપરિ માનતા હતા. તેથી આ સર્વોપરિ ઉત્સવ છે તેમ જાણીને અગણિત હરિભક્તો આવ્યા હતા. ૫-૭.

ગઢપુરથી પૂર્વ દિશા તરફ જ્યાં સુધીના પ્રદેશમાં જે હરિભક્તો રહેતા હતા અને ગઢપુરથી ઉત્તર તથા દક્ષિણ તરફના પ્રદેશમાં જે બાઈ-ભાઈ હરિભક્તો હતાં, તે બધાં નવમીને શ્રીહરિની જન્મતિથિ જાણીને ઘણા હેતથી આવ્યાં હતાં. તે સહુને નખથી શિખા પર્યંત ઉત્સાહ ભર્યો હતો. આવો ઉત્સાહ કોઈએ દેખ્યો ન હતો. ૮-૯. જે કોઈ બાઈ-ભાઈને શ્રીહરિ પ્રત્યે જેટલો ઉત્સાહ-ભાવ હતો, તે ઉત્સાહ જેવો જ તે બાઈ-ભાઈ મોક્ષ પામતા હતા. ૧૦. **ઘરેણાં અને વસ્ત્રોના રસ કરતાં પણ ઉત્સાહમાં-ભાવનામાં અપરંપાર રસ રહ્યો છે. ભગવાન સંબંધી જેટલી બાબતો હોય તેને સમાન બીજી કોઈ વાત કહેવાય નહિ.** ૧૧. ભગવાનના સંબંધ સિવાયની બીજી જે કાંઈ બાબત છે તે બધું દુઃખનું મૂળ છે; એમ જે કોઈ હરિભક્ત હોય તે દેખતા રહે છે. ૧૨. આમ સમજીને જેટલા હરિભક્ત બાઈ-ભાઈ હતાં, તે બધાં શ્રીહરિમાં ઉત્સાહે યુક્ત પ્રેમ કરતા રહેતા. ૧૩.

આ હરિભક્તોનો જેવો ઉત્સાહ અને પ્રેમ હતો, તેને દેખીને તો ગોપીઓ અને ગોવાળોને પણ સમાધિ થઈ જતી હતી. ૧૪. તે સમાધિ ક્યારે

થઈ જાય ? તો, ઈન્દ્રિયો અને અંતઃકરણની તમામ વૃત્તિઓ ભગવાનની મૂર્તિમાં હેતે કરીને જ્યારે એકતાર ચોંટી જાય છે, ત્યારે તે મૂર્તિમાં થયેલા હેતના પ્રવાહ-વેગને કારણે શરીરની સ્મૃતિ રહેતી નથી. અર્થાત્ સમાધિ થઈ જાય છે. ૧૫-૧૬.

જ્યાં સુધી શરીરની સ્મૃતિ હોતી નથી ત્યાં સુધી વૃત્તિ મૂર્તિમાં ચોંટેલી રહે છે. અને જ્યાં સુધી મૂર્તિમાં વૃત્તિ લાગેલી રહે ત્યાં સુધી તેને સમજુ લોકો સમાધિ કહે છે. ૧૭. જ્યારે તે ભક્તને ભગવાનની ઈચ્છાએ કરીને ફરીવાર શરીરની સ્મૃતિ થાય છે ત્યારે તે ભગવાનની મૂર્તિના સંબંધવાળા કથા-કીર્તન કરતા રહે છે. ૧૮. જેટલાં બાઈ-ભાઈ હરિભક્તો હતાં, તે બધાં શ્રીહરિની કથા અને કીર્તનમાં સર્વોપરિ રસ માનતા હતા. ૧૯. ભગવાનના સ્વરૂપમાં જેટલું અધિક તાન હોય તેટલા તે અધિક-શ્રેષ્ઠ હરિભક્ત છે. તેવા ભક્તો પોતાના કોઈ ગુણનું અભિમાન રાખતા નથી. કેમ જે, અભિમાનને તેઓ પાપ સમાન દેખે છે. ૨૦.

દાદા ખાચરના દરબારમાં લીંબવૃક્ષની નીચે ઓટા ઉપર ભાવથી પલંગ બિછાવ્યો હતો. તેના ઉપર શ્રીહરિ આવીને વિરાજમાન થયા હતા. તે વખતે અંગ ઉપર ઘણી શોભા ધારણ કરી હતી. તે સમયે જેટલા સંતો અને હરિભક્તો હતા તે બધા શ્રીહરિની આગળ આવીને બેઠા. ૨૧-૨૨. ત્યારે જેટલાં વાજિંત્રો હતાં તે બધાં શ્રીહરિની આગળ વાગતાં હતાં અને ઉત્સવનો દિવસ જાણીને સંતો કીર્તન ગાતા હતા. ૨૩. ઉત્સવમાં જેટલા હરિભક્તો આવ્યા હતા, તે બધા ઘણા પ્રેમથી શ્રીહરિની પૂજા કરવા લાગ્યા. તે હરિભક્તોને જેવો પ્રેમ હતો તે કહી શકાતો નથી. ૨૪.

दोहा : हरि महिं प्रीत जितनी जोउ, साची रहे यह प्रीत;
हरि बिन प्रीति जितनी यह, प्रीत रहाये अनीत...२५
एसे जानी हरिजन जो, हरि महिं प्रीत अपार;
दिन प्रतिदिन अधिक करत हि, सबसे जानि हि सार...२६

ભગવાનમાં જેટલી પ્રીતિ હોય એ પ્રીતિ જ સાચી છે. ભગવાન સિવાય અન્ય પદાર્થોમાં જેટલી પ્રીતિ છે તે તો અનિત્ય છે. ૨૫. આવું

સમજીને જે હરિભક્તો હોય તે દિવસે દિવસે શ્રીહરિના સ્વરૂપમાં સહુથી વધારે અપાર પ્રેમ કરે છે. કેમ જે, તેઓ એક શ્રીહરિને જ સહુથી શ્રેષ્ઠ સારરૂપ જાણે છે. ૨૬. ભગવાનના સ્વરૂપ સિવાયનો જેટલો પ્રેમ હોય તેને હરિભક્તો અસત્ય જાણે છે અને તેને વધારેમાં વધારે બંધનકારી માને છે. ૨૭. જેટલી કાંઈ સર્વોપરિ વાત કહેવાય છે તે એક શ્રીહરિના સ્વરૂપમાં જ માને છે. તેણે કરીને જ તેમનું હરિભક્ત આવું નામ કહેવાય છે. ૨૮

✵ સાચા સંતની સમજણ અને સ્થિતિ :

ચોપાઈ :

हरि कु सत्य जानी एक जेहा, हरि में जीय जोरत रहे तेहा;
तन में एकरस रहे जिस रीता, हरि की मूर्ति में तेसी रीता...२९
जीय रखत तेहि संत कहाते, हरि मूर्ति में एक सुख मनाते;
हरि की मूर्ति बिन सुख जो जितना, मल सम देखत रहेउ तितना...३०
हरि बिन ओर पदारथ हीता, मन में कबु नहि खेद करीता;
हरि बिन खेद न करे जो जेता, संत यह सत्य भयेउ तेता...३१

જે એક ભગવાનને જ સત્ય જાણીને શ્રીહરિના સ્વરૂપમાં પોતાના આત્માને જોડતા રહે છે, અને જેમ જીવ શરીરમાં એકરસ થઈને રહે છે, તેમ પોતાના આત્માને શ્રીહરિની મૂર્તિમાં એકરસ રાખતા હોય તે જ સંત કહેવાય છે. તે સંત એક શ્રીહરિની મૂર્તિમાં જ સુખ માને છે અને ભગવાનની મૂર્તિનાં સુખ સિવાય બીજાં જે કોઈ સુખ છે તેને મળ જેવા દેખતા રહે છે. ૨૯-૩૦. તે સંત ભગવાન સિવાયના અન્ય પદાર્થ માટે ક્યારેય મનમાં ખેદ નથી કરતા. જે ભગવાન સિવાય બીજી કોઈ બાબતનો જેટલો ખેદ ન કરે તેટલા તે સાચા સંત થયા કહેવાય. ૩૧. શ્રીહરિ આવી વારંવાર વાતો કરતા હતા. તેનો કોઈ પાર લઈ શકે તેમ નથી. સંતો અને હરિભક્તોનું જેવું ભાવવાળું વર્તન હોય તેવો તે ઉત્સવ કરતા રહે છે. ૩૨.

જેનું જેવું વર્તન હોય, તે વાત કરીને શ્રીહરિ દેખાડતા રહેતા. **અંતર્યામી પરમેશ્વરે હેતથી જે માટે આ મનુષ્યદેહ આપ્યો છે, અને તે અંતર્યામી**

ભગવાન જેવું જીવનું હિત કરે છે તેવું હિત બીજા કોઈ કરી શકતા નથી. પરંતુ અંતર્યામી પરમેશ્વરે જીવ ઉપર જે દયા કરી છે તેને તે મનુષ્યદેહ પામીને ભૂલી ગયો છે. ૩૩-૩૪. જે અંતર્યામી પરમેશ્વર છે તેણે લોકોનું હિત કરવા માટે વ્યાસાવતાર ધારણ કર્યો હતો. તેમણે ચાર વેદ, અઢાર પુરાણ, ઇતિહાસરૂપ મહાભારતની રચના કરી. તેમાં માણસને જે જે કરવું જોઈએ તે બધી બાબત અનેક પ્રકારે બતાવી દીધી છે. છતાં પણ મનુષ્ય ભગવાને કરેલા તે હિતને-ઉપકારને લગાર પણ જાણતો નથી. ૩૫-૩૬.

ભગવાને જીવનું અપાર હિત કર્યું છે. આવું જીવનું હિત કોઈથી થઈ શકે નહિ, પણ મનુષ્ય આ બાબતને ભૂલી ગયો છે તેથી ચિંતામણિ સમાન મનુષ્યશરીર વ્યર્થ ગુમાવે છે. ૩૭. આ ભૂમિ ઉપર જે કોઈ વિપ્રો અને ભેખધારીઓ છે તેમાં જેને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન નથી તે બધા દેખતા છતાં આંધળા છે. ૩૮. જ્યાં સુધી પ્રગટ શ્રીહરિનો યોગ નથી થયો અને મોક્ષને માર્ગે નથી ચાલતો ત્યાં સુધી શાસ્ત્રને જાણનારા મનુષ્યને પણ તે શાસ્ત્રનું જ્ઞાન કાંઈ ઉપયોગી થતું નથી. ૩૯. જેમ સૂર્યના કિરણોમાં ગરમી રહી છે, પણ તે દેખાતી નથી તેમ પ્રગટ શ્રીહરિનો મહિમા પ્રસિદ્ધ છે, પણ અન્ય પામરને તે દેખાતો નથી. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "હરિજયંતીનો ઉત્સવ અને શ્રીહરિનો મહિમા કહ્યો" એ નામે ઓગણસિત્તેરમો તરંગ સમાપ્ત ॥૬૯॥



પૂર એકવીશમું : તરંગ - ૭૦

સત્સંગનો મહિમા અને હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી

જેમાં શ્રીહરિનાં ચરિત્ર હોય એવાં જેટલાં શાસ્ત્ર છે તેમાં શ્રીહરિ નિવાસ કરીને રહ્યા છે, તેને ભક્તો દેખે છે. ૧. સૂર્યના કિરણોમાં જેમ ગરમી રહી છે તેમ શાસ્ત્રોમાં જેટલાં હરિચરિત્રો હોય તેટલા તેમાં શ્રીહરિ નિવાસ કરીને રહ્યા છે. ૨. શ્રીહરિનાં જેટલાં ચરિત્ર છે તે સૂર્ય સમાન છે.

કારણ કે, તે ચરિત્રો અજ્ઞાનરૂપી તમામ અંધારાનો નાશ કરી નાખે છે. ૩. જે ગ્રંથમાં જેટલા પ્રમાણમાં ભગવાનનાં ચરિત્ર ન હોય તેટલા પ્રમાણમાં તે ગ્રંથને વિશે અજ્ઞાનરૂપી અંધારું રહ્યું ગણાય. ૪.

જે કોઈ શાસ્ત્રમાં આટલા પ્રકારની વાતો હોય તે શાસ્ત્રમાં શ્રીહરિનો સાક્ષાત વાસ કહેવાય. જેમ કે, પ્રગટ ભગવાનની મહિમાએ યુક્ત જેમાં વાતો હોય. જે ગ્રંથમાં જેટલા ઋષિ મુનિ શ્રીહરિની સાથે આવ્યા હતા તે બધા સંતો મુક્તો કહેવાય આવી વાતો હોય. ૫. વળી, જેમાં શ્રીહરિને શરણે આવેલા આ લોકના કોઈ પણ બાઈ-ભાઈ મનુષ્યોની વાત હોય તથા ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યની વાતો રહી હોય. ભગવાનના અક્ષરધામ આદિક ધામોની વાત હોય, આ અમે કહ્યા એટલા પ્રકારની વાતો જે ગ્રંથમાં મુખ્યપણે રહેલી હોય, એવા ગ્રંથોમાં ભગવાન નિવાસ કરીને રહે છે.

વળી, જેટલો અધર્મવંશ કહેવાય છે તેનું વચનો વડે જે ખંડન કરતા હોય, અને જેટલી અનીતિ છે તેને ઓળખાવી લોકોને તેનાથી છોડાવી લેતા હોય, અને જે જે ભગવાન સંબંધી બાબત છે તેમાં જીવને જોડી દેતા હોય; એવા જે કોઈ ગ્રંથ છે તે જ ખરેખર ગ્રંથ કહેવાય. ૬-૯.

❋ જે ભગવાનમાં જ પ્રીતિ કરે તે જ ડાહ્યો છે :

पाताल से प्रकृति प्रजंता, जितना जो जेही सुख रहंता;
हरि के सुख आगे सुख एही, मल सम सुख देखावे तेही...१०
हरि बिन बात में प्रीति जेऊ, जेते करत रहे जन तेऊ;
ब्रह्मा जेसे होय जन जोऊ, बालक तामें खपत रहे तोऊ...११
हरि संग प्रीत करत रहे जेता, मनुष्य साचे कहावत तेता;
ता बिन माया के जन रहेऊ, जमपुरि में जावत हे एऊ...१२

પાતાળથી લઈને પ્રકૃતિના લોક સુધીમાં જે કાંઈ સુખ રહ્યા છે તે બધાને જે ગ્રંથ ભગવાનના સુખની આગળ વિષ્ઠા સમાન દેખાડે. ૧૦. વળી, ભગવાન સિવાયની વાતમાં માણસ જેટલો પ્રેમ કરે છે, તે કદાચ બ્રહ્મા જેવો હોય તોપણ બાળકમાં ખપે છે. ૧૧. જેટલા મનુષ્યો ભગવાનના સ્વરૂપમાં પ્રેમ કરે છે તે

જ સાચા મનુષ્ય કહેવાય છે. તે સિવાયના બીજા બધા તો માયાના જીવ છે અને તે જમપુરીમાં જાય છે. ૧૨. જે કોઈ ભગવાનથી વિમુખ જીવ છે તે બધા વારંવાર અપાર લખચોરાશીમાં જાય છે, તેનો પાર કોણ પામે ? ૧૩.

આ ઉપર કહી તેવી બધી વાતો જે ગ્રંથમાં લખી હોય તે ગ્રંથમાં ભગવાન મૂર્તિમાન નિવાસ કરીને રહ્યા હોય છે. ૧૪. જે ગ્રંથ અને કીર્તનોમાં ઉપર કહી તેવી વાત રહી હોય, તો તેમાં સાક્ષાત્ શ્રીહરિ રહ્યા હોય છે. તેથી તે કીર્તન તથા ગ્રંથો અમૃતના ધામ સમાન છે. ૧૫. **ભગવાનમાં પ્રીતિ કરાવે તે વાત સહુથી અધિક છે. તે સમાન બીજી કોઈ વાત કહેવાય નહીં; એમ સર્વે વેદ અને પુરાણો કહે છે. ૧૬.**

કોઈ મનુષ્ય વેદ, પુરાણ આદિક અનેક ગ્રંથોને ભણે, વ્યાકરણ, કાવ્ય, જ્યોતિષ અને નીતિના જેટલા ગ્રંથો હોય તે બધાને ભણે, વળી, જે કાંઈ રાજનીતિ અને વ્યવહારનીતિ કહેવાય છે તે બધી શીખે, અરે..! પૃથ્વી ઉપર જેટલું કાંઈ સોનું, ચાંદી છે તેને હરી લેવાની રીત-કળા શીખે, તોપણ જ્યાં સુધી પોતાના જીવને ભગવાનના સ્વરૂપમાં નથી જોડતો ત્યાં સુધી એ કર્યું તે બધું નિષ્ફળ જાય છે. ભગવાનમાં જીવ જોડ્યા વિનાની જેટલી વાત હોય તે બધી નિષ્ફળ કહેવાય છે. તે સત્સંગે કરીને જણાઈ આવે છે. સત્સંગ કર્યા વિના તો બ્રહ્મા જેટલી બુદ્ધિ હોય, તોપણ જ્યાં સુધી તે સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેની તે બુદ્ધિ નિષ્ફળ રહે છે. કેમ જે, બુદ્ધિનું ખરું ફળ તો સત્સંગ જ છે, તેમ વેદ પુરાણ આદિ બધા શાસ્ત્રો કહે છે. ૧૭-૨૧.

આ જીવને ઘણીવાર બ્રહ્માંડનું રાજ્ય મળ્યું હશે, પણ તેમાં કોઈ વાર સત્સંગ નથી મળ્યો. અરે..! સર્વે રિદ્ધિ સિદ્ધિ મળી હશે, પણ ક્યારેય સત્સંગ મળ્યો નથી. ૨૨. એ સિવાય બીજી પણ અનેક બાબતો મળે છે, પણ એક સત્સંગ મળતો નથી. અને **સત્સંગ સિવાય આ સંસારના ભટકણનો અંત આવતો નથી. આવો આ સત્સંગ દુર્લભ છે.** ૨૩. સત્સંગ સિવાય સંસારના ભટકણનો અંત લાવનાર બીજો કોઈ ઉપાય નથી. માણસને માથે જેટલાં

દુઃખ રહ્યાં છે, તે બધાં સત્સંગ કર્યા સિવાય દેખાતા નથી. ૨૪. કોઈ માણસ ચાહે તેટલો ચતુર હોય અને અપાર સમર્થ હોય, તોપણ સત્સંગ સ્વીકાર્યા સિવાય તે ભવસાગર તરી શકતો નથી. ૨૫.

જ્યાં સુધી મનુષ્ય સત્સંગ કરતો નથી ત્યાં સુધી તે મનુષ્ય થયો હોવા છતાં તેનો કોઈ અર્થ સરતો નથી. ૨૬. જ્યાં સુધી મનુષ્ય સત્સંગ નથી કરતો ત્યાં સુધી જીવનું કલ્યાણ કરવાની બાબતમાં તે અવશ્ય આંધળો રહે છે. ૨૭. માણસ ઘણો ચતુર બને, તોપણ જ્યાં સુધી જીવનું તલભાર પણ શ્રેય નથી કરતો તો તેણે ચિંતામણિ જેવો નરદેહ વ્યર્થ ગુમાવ્યો કહેવાય. ૨૮.

શ્રીજીમહારાજ જીવો પ્રત્યે દરેક સમૈયામાં આ કહી એવી વાત કરતા હતા, જેનાથી જીવોનો ઉદ્ધાર થાય. ૨૯. જેમાં જીવનો મોક્ષ થાય, આવી વાતમાં શ્રીહરિ અપાર ફળ દેખાડતાં હતાં, જે ફળમાં અપાર સ્વાદ રહ્યો છે. ૩૦. શ્રીહરિ જેટલી વાતમાં મોક્ષરૂપી ફળ કે સ્વાદ ન હોય તે વાતને નિર્જીવ દેખાડતા હતા. શ્રીહરિને જેવી વાત આવડે તેવી વાત કોઈ જીવ કરી શકે નહિ. ૩૧. જે જે જીવ છે તે બધા આ લોકના સુખની ઈચ્છા રાખે છે અને આ લોકમાં જે દુઃખ છે તેને સુખ માને છે. ૩૨. **જેટલા સંતો અને સત્શાસ્ત્રો છે તે આ દુનિયાના સુખોને બંધનરૂપ દેખાડે છે, પરંતુ તે બંધનોને અજ્ઞાની લોકો સમજતા નથી. ૩૩.** જે કોઈ ભગવાનને ભજતા નથી તેને આ બંધન ન દેખાય એ જ પાપ છે. અને ભગવાનને ભજ્યા વિના પાપનાં બંધન ક્યારેય છૂટતા નથી. ૩૪. સદાચારમય ધર્મે સહિત ભગવાનને ભજવા આ મત બધા મત કરતાં શ્રેષ્ઠ છે. એવું સમજનાર જેટલા લોકો હોય તે ક્યારેય ધર્મોનો ત્યાગ કરતા નથી. ૩૫.

જ્યાં ધર્મ હોય ત્યાં ભગવાન રહે છે અને જ્યાં ભગવાન હોય ત્યાં ધર્મ રહે છે. જ્યાં અધર્મ નિવાસ કરીને રહે છે, તેની પાસે ભગવાન રહેતા નથી. શ્રીહરિ હરિભક્તો ઉપર વારંવાર ઘણો પ્રેમ કરીને આવી અપાર વાતો કરતા હતા. ૩૬-૩૭. શ્રીહરિનો જન્મદિવસ જાણીને તે દિવસે ગામે ગામના નિપુણ હરિભક્તો પૂજા લાવ્યા હતા. ૩૮. તે હરિભક્તોએ શ્રીહરિની પૂજા

ઘણા પ્રેમભાવથી કરી. તે વાત હું મુખથી શું કહું ? તે વાત કહી શકાય તેવી નથી. ૩૯. શ્રીહરિએ જે જે મોટા ઉત્સવો કર્યા તેની કરોડમા ભાગના એક લવ જેટલી વાત યાદ રાખવા માટે મેં લખી છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "સત્સંગનો મહિમા અને હરિભક્તોએ શ્રીહરિની પૂજા કરી" એ નામે સિત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૦॥



પૂર એકવીશમું : તરંગ - ૭૧

ગઢડા પ્રથમ પ્રકરણનું અડસઠમું વચનામૃત

જેટલા હરિભક્તો હતા તેમણે શ્રીહરિની પૂજા કરી લીધી, ત્યારે સંતો તથા વર્ણીની પૂજા ચંદન અને પુષ્પોથી કરી. સૂર્ય અસ્ત થયો ત્યાં સુધી પૂજા થતી રહી. ૧-૨. જ્યારે મશાલો પ્રગટી ત્યારે શ્રીહરિ, સંતો અને હરિભક્તો, એ સહુએ આરતી અને નારાયણધૂન કરી. ૩. જ્યારે નારાયણધૂન કરી રહ્યા ત્યારે શ્રીહરિ 'જય સ્વામિનારાયણ' આવો શબ્દ બોલ્યા. ૪. પછી વાસુદેવનારાયણના મંદિરની આગળ લિંબતરુની નીચે પલંગ ઉપર શ્રીહરિ બેઠા. તે વખતે સુંદર શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી. અને ચિત્તને ચોરનારી રેશમી કોરવાળી શ્વેત પાઘ મસ્તક ઉપર બાંધી હતી. ૫-૬. પછી ત્યાં જેટલા સંતો તથા દેશદેશના જેટલા હરિભક્તો હતા તેની સભા શ્રીહરિની આગળ ભરાઈને બેઠી. ૭.

❋ મૂર્તિ તથા સંતમાં ભગવાન પ્રગટ રહ્યા છે :

પછી શ્રીહરિએ કહ્યું કે, "અમે એક પ્રશ્ન પૂછીએ છીએ." ત્યારે સહુ મુનિ બોલ્યા જે, "હે મહારાજ, પૂછો." ત્યારે બહુનામી સહજાનંદસ્વામી બોલ્યા, "ઓગણોતેરા(સં.૧૮૬૯ના) કાળના વર્ષમાં અમને એક માસ સુધી જ્યારે ઊંઘ આવતી ત્યારે એવું દેખાતું હતું કે, અમે જગન્નાથપુરીમાં જઈને જગન્નાથજીની મૂર્તિમાં પ્રવેશ કરીને તે મૂર્તિરૂપે રહ્યા છીએ. ૮-૧૦. એ મૂર્તિ તો કાષ્ઠની હોય તેમ દેખાતી હતી, પણ અમે તે મૂર્તિના નેત્રે કરીને

ત્યાં જે કાંઈ બાબત બનતી તેને દેખતા હતા. ૧૧. પૂજારીનો ભક્તિભાવ તથા તેના છળકપટને પણ દેખતા હતા.

એ રીતે જ અત્યારે આપણા સત્સંગમાં જે સમાધિનિષ્ઠ પુરુષ હોય છે તે પણ સમાધિ કરીને બીજાના દેહમાં પ્રવેશ કરીને ત્યાં જે કાંઈ બાબત હોય તે સર્વને દેખે છે, તથા જેટલા શબ્દ હોય તેને સાંભળે છે. તે શાસ્ત્રમાં લખ્યું છે કે, 'શુકદેવજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા.' જેને સમાધિ થાતી હોય તેને માટે આ કોઈ આશ્ચર્યની વાત હોતી નથી. ૧૨-૧૫. માટે જે મોટા સત્પુરુષ હોય અથવા પરમેશ્વર હોય તે પોતાની ઈચ્છા આવે ત્યાં પ્રવેશ કરે છે.

चोपाई :

प्रवेश करत रहत हे ताई, एसे परमेश्वर जो रहाई;
आज्ञा करीके मूर्ति जेहा, पूजनेकु जेहि दीने तेहा...१७
मूर्ति कहे तेहि अष्ट प्रकारा, प्रवेश करी तामें मूर्ति द्वारा;
साक्षात् विराजमान रहाये, मिथ्या यामें न रहे कदाये...१८
तेहि मूर्तिकु भगवान के जेही, भक्त पूजत रहे होय तेही;
तब जिमि प्रत्यक्ष भगवान जेहू, विराजमान रहत हे तेहू...१९
ताकी मर्याद रखत रहे जिमी, मूर्ति की रखी पण चैये तिमी;
अरु तिमि संत के हृदय तामें, भगवान की मूर्ति रहे यामें...२०

માટે એવા જે પરમેશ્વર તેમણે પોતાની આજ્ઞાએ કરીને જે મૂર્તિ પૂજવા આપી હોય તે મૂર્તિ આઠ પ્રકારની કહી છે. ભગવાન તે મૂર્તિમાં પ્રવેશ કરીને મૂર્તિ દ્વારા સાક્ષાત્ વિરાજમાન રહે છે. તેમાં કાંઈ મિથ્યા નથી. ૧૬-૧૮. તે મૂર્તિને ભગવાનનો જે ભક્ત પૂજતો હોય ત્યારે જેમ પ્રત્યક્ષ ભગવાન વિરાજમાન હોય, અને તેની જેવી મર્યાદા રાખે તેવી તે મૂર્તિની પણ મર્યાદા રાખવી જોઈએ. અને તે રીતે જ સંતનાં હૃદયમાં પણ ભગવાનની મૂર્તિ રહી છે. ૧૯-૨૦. માટે તે સંતની પણ મર્યાદા નમ્રતાપૂર્વક રાખવી જોઈએ, પરંતુ તે તો એ ભક્તજન લેશમાત્ર પણ રાખતો નથી. અને એવા જે ભક્ત છે તે મૂર્તિને તો ચિત્રની અથવા પાષાણાદિકની જાણે છે અને સંતોને બીજા મનુષ્ય જેવા જાણે છે. ૨૧-૨૨.

अरु श्रीमुख जोउ भगवाना, कहेउ इमि यह परम सुजाना;
अष्ट प्रकार की प्रतिमा मोरी, शास्त्र हि तिनमें जेही कहेरी...२३
तथा संत हि कहावत तिनमें, अखंड निवास करीके इनमें;
रहायेउ में करीके प्रीता, भक्त प्रतिमा आगे कीता...२४

પણ પરમ સુજાણ એવા ભગવાને તો શ્રીમુખે એમ કહ્યું છે જે, 'શાસ્ત્રમાં મારી જે અષ્ટપ્રકારની પ્રતિમા કહી છે તેમાં તથા સંતોમાં હું અખંડ નિવાસ કરીને પ્રેમથી રહ્યો છું. પણ એ ભક્ત તો ભગવાનની પ્રતિમાની આગળ તથા સંતોની આગળ ચાહે તેટલા ફેલફતૂર કરે છે, પણ ભગવાનનો લેશમાત્ર ડર રાખતો નથી, તો તેવા ભક્તને ભગવાનનો નિશ્ચય કેવો ગણાય ? અર્થાત્ તેને નિશ્ચય છે કે નથી ? આ પ્રશ્ન અમે પૂછીએ છીએ. તેનો તમે ઉત્તર કરો." ૨૩-૨૬.

ત્યારે સહુ પરમહંસો બોલ્યા, "જ્યારે તે ભક્ત ભગવાનને અંતર્યામી જાણીને મર્યાદા રાખતો નથી તો તેને ભગવાનનો કાંઈ નિશ્ચય નથી. તે તેનું આચરણ જ કહી દે છે. ૨૭-૨૮. જેમાં જેટલા ગુણો કે દોષો રહ્યા હોય તેને તેનું આચરણ છુપાવી રાખતું નથી. અને જેવું માણસનું આચરણ હોય તેવી તેની કીર્તિ થાય છે, તેમ જાણવું. આ વાતને ક્યારેય મિથ્યા માનવી નહિ. વળી, જેવું જેનું આચરણ હોય તેવી તેની ગતિ થાય છે, તે અહીંયા પ્રત્યક્ષ દેખાઈ આવે છે." પછી શ્રીહરિ બોલ્યા કે, "તે ભક્તને ભગવાનનો નિશ્ચય તો નથી, પણ ઉપરથી તે પાખંડ જેવી ભક્તિ કરે છે, ત્યારે તેનું કલ્યાણ થાશે કે નહિ થાય ? તે કહો." ૨૯-૩૧.

ત્યારે સંતો એમ બોલ્યા કે, "તેનું કલ્યાણ ચોક્કસ નહિ થાય." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, **"જેને ભગવાનની મૂર્તિમાં અને સંતોમાં પાકો નાસ્તિકભાવ વર્તતો હોય તેને એટલાથી જ અટકશે નહિ, પણ વધતાં વધતાં તે નાસ્તિકપણું એટલું વધી જાશે કે, જેનું ભજન-સ્મરણ કરે છે એવા જે પ્રત્યક્ષ શ્રીહરિ તેમાં પણ નાસ્તિકભાવ આવશે.** તે બાબત અમે વાત કરીને જણાવી દીધી છે. ૩૨-૩૪. અને ભગવાનનાં જે ગોલોક, બ્રહ્મપુર આદિક ધામ છે તેમાં પણ તેને નાસ્તિકભાવ આવી જશે. ૩૫. અને આ

સર્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય તેને કાળે કરીને અથવા માયાએ કરીને થાય છે તેમ માનશે, અથવા કર્મે કરીને થાય છે તેમ માનશે, પણ પરમેશ્વર વડે જ થાય છે તેવું ક્યારેય માનશે નહિ. ૩૬-૩૭. એવો તે પાકો નાસ્તિક થઈ જાશે."

પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું કે, "તે નાસ્તિકપણાનો હેતુ-કારણ કોઈ પૂર્વકર્મ છે કે કોઈ કુસંગ છે ? તે આપ કહો." ૩૮-૩૯. પછી ભવદુઃખને હરનારા એવા શ્રીહરિ બોલ્યા, "નાસ્તિકતાનો હેતુ અમે કહીએ છીએ. ૪૦. નાસ્તિકપણું આવી જવાનો હેતુ તો નાસ્તિકના ગ્રંથ સાંભળવા તે જ છે અથવા નાસ્તિકના ગ્રંથમાં જેને દૃઢ પ્રતીતિ હોય તેવા પુરુષનો સંગ કરવો તે પણ નાસ્તિકતાનો હેતુ છે; આટલા એના હેતુ છે એમ તમે જાણો. ૪૧. એ સિવાય **કામ, ક્રોધ, લોભ, અહંકાર, માન અને મત્સર એ દોષો પણ નાસ્તિકપણાના હેતુ કહેવાય છે. કારણ કે તે કામાદિકમાંથી એક પણ સ્વભાવ જ્યારે વર્તતો હોય ત્યારે નારદ, સનકાદિક જેવા સંતની વાત પણ કરે તો મનાતી નથી. ૪૨.**

હવે એ નાસ્તિકપણું મટાડવા માટેનો જે ઉપાય છે તેને અમે કહીએ છીએ. શ્રીમદ્‌ભાગવત જેવા આસ્તિકગ્રંથમાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ભગવાનની લીલાનું વર્ણન કરેલું છે; તેને જ્યારે માણસ સાંભળે તથા ભગવાન અને સંતોનું માહાત્મ્ય જ્યારે સમજે ત્યારે તેનું નાસ્તિકપણું લેશ પણ રહે નહિ. અને તેમાં અપાર આસ્તિકપણું દૃઢપણે આવે છે, પછી તે ક્યારેય જતું નથી." ૪૩-૪૬.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું અડસઠમું વચનામૃત કહ્યું" એ નામે એકોતેરમો તરંગ સમાપ્ત ॥૭૧॥



પૂર એકવીશમું : તરંગ - ૭૨

શ્રીહરિએ આસ્તિકતા, નાસ્તિકતા તથા સત્સંગનો મહિમા ફળે સહિત કહ્યો

જ્યારે નવમીની રાતે શ્રીહરિના જન્મનો સમય થયો ત્યારે અનેક પ્રકારનાં વાજિંત્રો વાગતાં હતાં. ૧. 'જય જય...જય જય...' એવા શબ્દ થઈ રહ્યા હતા. અને સ્ત્રીઓ શ્રીહરિના જન્મસમયના મંગળમય પદોને ગાતી હતી. ૨. પછી દાદા ખાચરે ગોર ગોપી ભટ્ટ દ્વારા જન્મ સમયનો જેટલો વિધિ હોય તે બધો કરાવ્યો. તે સમયે જેટલા દેવતાઓ કહેવાય છે તે બધા વિમાનમાં બેસીને ત્યાં આવ્યા. અને તે ચંદન તથા પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા. ૩-૪.

જે દેવગાંધર્વ કહેવાય છે તે બધા વાજિંત્રો લઈ, તેને વગાડીને ગાન કરતા હતા. દેવતાઓની જે અપ્સરાઓ હતી તે અલૌકિક અવસર જોઈને હરખભરી નૃત્ય કરવા લાગી. તેમનાં પગમાં બાંધેલા ઘુઘરું છુમછુમ, છુમછુમ વાગતાં હતાં. ૫-૬. તે વખતે તોપ અને ઘણી બંદૂકોના અવાજ થવા લાગ્યા. તેનાથી બધો આકાશ ગાજી ઊઠ્યો. શ્રીહરિનો જન્મસમય જાણીને દરબાર દાદા ખાચરે તેમને જરિયાની વસ્ત્ર પહેરાવ્યાં. પછી પોતે આરતી કરી. સંતો આરતી બોલતા હતા અને વાજિંત્ર વગાડીને ઉત્સવ કરતા હતા. ૭-૮. તે વખતે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી ઝાંઝ વગાડીને ગાતા હતા, અને પ્રેમાનંદ મુનિ મૃદંગ વગાડતા હતા. ૯. કોઈક સમયે મુક્તાનંદસ્વામી પણ મૃદંગ વગાડતા. મુક્તાનંદસ્વામી મૃદંગ, સરોદ, સિતાર, તંબૂર, જંત્ર, ઝાંઝ, કરતાલ તથા ઘુઘરા વગાડીને નૃત્ય કરવું અને વિવિધ પ્રકારના રાગો- આ બધું શ્રીહરિને રાજી કરવા માટે શીખ્યા હતા. ૧૦-૧૧.

આ બધા ગુણોએ કરીને મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને ઘણીવાર વારંવાર રાજી કર્યા હતા. જ્યારે શ્રીહરિ તેમના ઉપર રાજી થતા ત્યારે તેમને કાંઈક ને કાંઈક મોજ આપતા હતા. ૧૨. શ્રીહરિની પ્રસન્નતારૂપી ફળ વિનાનો સ્વામીનો એક દિવસ પણ ક્યારેય ખાલી જતો દેખ્યો નથી. ૧૩. જેમાં

પ્રસન્નતારૂપી ફળ ન હોય તે બધું ફળ વિનાના વૃક્ષ જેવું દેખાય છે. મોટાના સંબંધે કરીને કોઈ મોટા થાય છે, પણ જો તેને પ્રસન્નતારૂપી ફળ ન મળે તો તે અંધ જેવા દેખાય છે. ૧૪-૧૫. જેટલું શ્રીહરિની પ્રસન્નતારૂપી ફળ પામે એટલું જ દેવતાઓમાં દૈવત હોય છે, અને તે ફળ વિના તો તે નામમાત્રના દેવ કહેવાય છે. **જેટલું દૈવત છે તે બધું ભગવાનના વચનમાં રહ્યું છે, અને તેનો ક્યારેય નાશ થતો નથી; આવા અવિનાશી શ્રીહરિ છે.** ૧૬-૧૭. આવા શ્રીહરિમાં નિષ્ઠાવાળા જે કોઈ બાઈ-ભાઈ હરિભક્તો છે તે બધાને જેવી નિષ્ઠા છે તેવી અંતર્યામી શ્રીહરિ દેખતા રહેતા. ૧૮.

જ્યારે કોઈ હરિભક્ત શરીર છોડતા ત્યારે તેને પ્રગટ શ્રીહરિ દર્શન દેતાં હતાં. એટલો શ્રીહરિમાં સહુથી મુખ્ય ગુણ રહ્યો છે, પણ કુબુદ્ધિ લોકો તેને માનતા નથી. ૧૯. કુમતિ લોકોની જેવી કુમતિ હોય તેવું તેને શ્રીહરિ ફળ આપે છે. જે કાંઈ જમપુરી અને લખચોરાશીના દુઃખો છે, તે કુબુદ્ધિવાળા લોકોને અનિષ્ટ ફળ આપવા માટે જ ભગવાને કર્યા છે. ૨૦. વારંવાર નાસ્તિકના સંગે રહીને લોકો પાકા નાસ્તિક થાય છે. પછી તે કર્મમાં બંધાઈ રહે છે. તેઓ કર્મ જેવું બીજું કાંઈ માનતા નથી. ૨૧. બધી બાબત ભગવાનની જ કરી થાય છે, પણ તે નાસ્તિકને સમજાતું નથી. તેઓ પોતાને ઘણા બુદ્ધિમાન માને છે, પણ ખરેખર તે નાસ્તિકો કલ્યાણનો માર્ગ ભૂલી ગયા છે. ૨૨.

❋ સત્સંગ કરવાની આવશ્યકતા અને એના ફાયદા :

સત્સંગ વિના જે જે સાચી વાત છે તે કરોડો કલ્પે પણ માનવામાં આવતી નથી. જ્યાં સુધી માણસ સત્સંગ નથી કરતો ત્યાં સુધી તેનાં પાપ તેને સંસારમાં ભટકાવે છે. પણ તે સત્સંગ સિવાય દેખાતું નથી. માણસને સત્સંગ કરવો એ જ કઠણમાં કઠણ વાત છે. ૨૩-૨૪. સત્સંગ સિવાયની બીજી ઘણી કઠણ બાબત હોય, તેને માણસ જીવે ત્યાં સુધી ઉત્સાહે સહિત કરતો રહે છે. ૨૫. સત્સંગ કરવામાં સર્વોપરિ ઉત્સાહ રાખવો જોઈએ, પણ માણસ તેમાં જ નિરુત્સાહ રહે છે. ૨૬.

જેને સત્સંગ થાય છે તેના અંતરમાં સત્સંગની બધી શુદ્ધ સમજણ આવીને વસે છે. ૨૭. જ્યારે સત્સંગની શુદ્ધ સમજણ આવે છે ત્યારે તેને પિંડ-બ્રહ્માંડની મળ સમાન તુચ્છતા થઈ જાય છે. ૨૮. પિંડ-બ્રહ્માંડમાં અનેક અજ્ઞાનીઓ અપાર સુખ માને છે. જ્યાં સુધી તેમાં સુખ મનાય છે ત્યાં સુધી તેને અજ્ઞાનનું બંધન રહે છે. ૨૯. **સત્સંગ કરવાથી જ્યારે ભગવાનમાં અપાર સુખ દેખાય છે ત્યારે ભગવાન સિવાયનું બીજું બધું સુખ છે તે તુચ્છ દેખ્યામાં આવે છે. ૩૦.**

चोपाई :

ताके नाम सत्संग कहावे, सत्संग बिन हि तुच्छ देखावे;
सत्संग के फल रहे एता, सब पर हरि देखावे तेता...३१
उत्सव समैया करना ताके, हरि के चरित्र केना वाके;
सरवोपरि हरि रहे जबहू, जो जो बात के फल मिले तबहू...३२

જ્યારે ભગવાન અને સત્સંગ સિવાયનું બીજું બધું તુચ્છ દેખાય, તેનું જ નામ સત્સંગ થયો કહેવાય. સત્સંગનું શ્રેષ્ઠ ફળ એટલું જ છે કે, શ્રીહરિ જ સહુથી શ્રેષ્ઠ-મહાન જણાય. ૩૧. ઉત્સવ-સમૈયા કરવા, ભગવાન શ્રીહરિનાં ચરિત્રો કહેવાં; એવી જે જે બાબત છે તેનું ફળ ત્યારે જ મળ્યું કહેવાય જ્યારે ભગવાન જ એક સર્વોપરિ રહે. ૩૨. શ્રીહરિના ભક્તોમાં ભાવ વધતો રહે તે શ્રીહરિને સર્વોપરિ જાણ્યાનું ફળ દેખાય છે. જ્યાં સુધી ભગવાનનાં આજ્ઞા-વચનમાં ભાવ સહિત સતત વર્તતો રહે, ત્યાં સુધી જ તે હરિભક્ત કહેવાય; આવી હરિભક્તની રીત છે. તેમજ સંતો, વર્ણી અને પાર્ષદોની પણ એવી જ રીત છે. ૩૩-૩૪.

જ્યાં સુધી રીતમાં ચાલતા હોય ત્યાં સુધી તે સર્વે પૂજવાને યોગ્ય છે. અને જ્યારે રીતથી વધું કે ઓછું વર્તવા માંડે ત્યારે તેણે વિમુખ થવાનો આરંભ કર્યો છે. કેમ જે, રીત કરતા વધું-ઓછું વર્તવું તે જ વિમુખ થવાનું ચિહ્ન-પ્રમાણ છે. તેવા મનમુખીની આગળ સંતો કાંઈ વાત કહે તો તે રીત બહાર ચાલનારો સંતની સાથે વૈરબુદ્ધિ રાખે છે. ૩૫-૩૬. શ્રીહરિ આ પ્રકારની વારેવારે ઘણી વાતો કરતા હતા. તે આટલી યાદ રાખવા માટે

લખી છે. આવી વાત ફરીથી મળે નહિ. ૩૭. રામનવમીને દિવસે શ્રીહરિએ આટલી વાત કહી. પછી દશમ અને એકાદશી સુધી સંતો ગઢપુરમાં રહ્યા. ૩૮. બારશને દિવસે સંતોને જમાડીને શ્રીહરિએ રજા આપી. તે વખતે સંતોને પ્રેમભાવથી બોલાવ્યા અને ભાવ સહિત ભેટ્યા. ૩૯. જે જે દેશમાં હરિભક્તો રહેતા હતા તે તે દેશમાં સંતોનું એક એક મંડળ સત્સંગ કરાવવા માટે ચાલતું થયું. ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિએ આસ્તિકતા, નાસ્તિકતા તથા સત્સંગનો મહિમા ફળે સહિત કહ્યો" એ નામે બોતેરમો તરંગ સમાપ્ત ॥૭૨॥



પૂર એક્વીશમું : તરંગ - ૭૩

ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણસિત્તેરમું વચનામૃત

❋ દુષ્ટ અને સાધુના ધર્મનું વર્ણન :

ચૈત્ર સુદિ બારસને દિવસ સર્વ સુખનું કારણ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને પ્રેમથી વિરાજમાન થયા હતા. ત્યારે સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪. પછી વાસુદેવનારાયણની સંધ્યા આરતી થઈ રહી ત્યારબાદ નારાયણધૂન કરી.

પછી તે સંતો અને હરિભક્તો નારાયણધૂન કરીને જ્યારે બેઠા ત્યારે શ્રીહરિ બોલ્યા, "ધર્મ કોને કહેવાય ? શાસ્ત્રની રીતે મનમાં વિચાર કરીને તમે બધા સંતો તેનો ઉત્તર કરો. અને જે હિંસક રાજા હતા તે પણ જે કોઈ શરણે આવ્યો હોય તેને કોઈ દિવસ મારતા નહિ, અને બીજાને મારવા પણ દેતા નહિ. માટે જેમ શરણે આવેલા જીવને મારવાનું પાપ છે, ૫-૮. તેવું પાપ બીજાને મારવામાં છે કે નહિ ?" પછી જેને જેવું સૂઝ્યું તેણે તેવો

ઉત્તર કર્યો, પણ શ્રીજીમહારાજે જ્યારે આશંકા કરી, ત્યારે કોઈથી તેનો ઉત્તર થયો નહિ. પછી સર્વે મુનિ બોલ્યા કે, ૯-૧૦. "હે મહારાજ ! અમે આપને હવે તે જ પ્રશ્ન પૂછીએ છીએ કે, 'યજ્ઞાદિકને વિષે પશુને મારવા તેને ધર્મ કહ્યો છે અને અહિંસારૂપ ધર્મ પણ કહ્યો છે.' માટે જેમ યથાર્થ ધર્મ હોય તેમ કહો."

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "હિંસાયુક્ત જે ધર્મ કહ્યો છે તે તો ધર્મ, અર્થ અને કામ પરક છે તથા તે રાજાનો ધર્મ છે. પરંતુ જેટલો અહિંસામય ધર્મ છે તે જ મોક્ષપરાયણ છે. ૧૧-૧૩. તેવો અહિંસામય ધર્મ તો સાધુઓનો છે. તે અહિંસામય ધર્મ રાજાને રુચતો નથી. તેને તો રજોગુણને લીધે હિંસામાં રુચિ હોય છે. ૧૪. હિંસામય જે ધર્મ છે તે તો વ્યાવહારિક છે. તે કલ્યાણનો માર્ગ નથી, પણ અહિંસામય ધર્મ જ કલ્યાણપરાયણ છે. ૧૫. માટે જે મોક્ષભાગી ગૃહસ્થ અથવા ત્યાગી હોય તે તો અહિંસારૂપ ધર્મને જ ગ્રહણ કરે છે. ૧૬. જેમ ઉપરિચરવસુ નામે રાજા હતા, તે રાજ્યમાં રહેતા તોપણ અહિંસામય ધર્મને વિષે રહ્યા હતા. માટે **સાધુએ તો મન, કર્મ, વચને કરીને કોઈનું ભૂંડું ઈચ્છવું નહિ, અને કોઈ વાતનો અહંકાર રાખવો નહિ. અને સાધુ થયા તેથી સર્વના દાસાનુદાસ થઈને રહેવું. અને ક્રોધે યુક્ત જેટલી પ્રકૃતિ છે તે તો દુષ્ટનો ધર્મ છે.** ૧૭-૧૯. અને **જેટલું શાંત સ્વભાવે વર્તાય તે જ સાધુનો ધર્મ છે.**

કદાચ કોઈ એવું કહે કે, 'જેને હજારો મનુષ્યને નીતિ-નિયમમાં વર્તાવવા હોય તેને તો સાધુતા ગ્રહણ કર્યે કેમ ચાલે ? કાંઈક તો ડારો રાખવો જોઈએ. કેમ જે, ડારાથી માણસો નિયમમાં વર્તે.' હવે આ વાતનો ઉત્તર કરીએ છીએ. તમે સહુ સંતોએ આ સઘળી વાત સાંભળી છે કે, યુધિષ્ઠિર રાજાનું તો હજારો ગાઉમાં રાજ્ય હતું તોપણ તેમણે સાધુતા રાખી હતી. જ્યારે માણસોને ડારો દેનારા તો ભીમસેન જેવા હજારો હજાર છે, તે તેને વારીએ તોપણ પોતાનું ધાર્યું કર્યા સિવાય ક્યારેય રહે નહિ, એવા તો બહુ જ છે. ૨૦-૨૪. માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી. તેવા તો

અપાર હોય છે, પણ સાધુ થવું એ જ ઘણું કઠિન છે. કેમ જે, સાધુતાનો ગુણ બહુ જ દુર્લભ છે. તે સાધુતા એટલે શું ? તો, કુબુદ્ધિવાળા મનુષ્યનાં વચન સહન કરવાં તે સાધુતા છે. ૨૫-૨૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ઓગણસિત્તેરમું વચનામૃત કહ્યું" એ નામે તોત્તેરમો તરંગ સમાપ્ત ॥૭૩॥



પૂર એકવીશમું : તરંગ - ૭૪

ગઢડા પ્રથમ પ્રકરણનું સિત્તેરમું વચનામૃત

✳ કાકાભાઈના પ્રશ્નનું-ચોરને કાંટો વાગ્યાનું :

ચૈત્ર સુદિ પૂનમને દિવસ શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં વિરાજતા હતા. ૧. ત્યાર પછી ઘણી કરુણા કરીને ઉગમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર આવીને બેઠા. મસ્તક ઉપર હીરકોરી શ્વેત પાઘ બાંધી હતી, શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી. હાથમાં તુલસીની માળા ફેરવતા હતા. અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૨-૫.

✳ આંતરિક લડાઈ અને સંતમુખીનો વિજય :

પછી શ્રીહરિ બોલ્યા કે, "તમે મોટા મોટા પરમહંસો પરસ્પર જેવા આવડે તેવા પ્રશ્ન-ઉત્તર કરો. અને જો કોઈ હરિભક્તને કાંઈ પૂછવું હોય તો તે સંતને પૂછો." ૬. ત્યારે ગામ રોજકાના હરિભક્ત દરબાર કાકાભાઈએ નિત્યાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "અંતરમાં એક એવું કહે છે કે, 'વિષયને ભોગવીએ' અને એક ના કહે છે. એક વિષયનું પ્રતિપાદન કરે છે અને બીજો તેનો નિષેધ કરે છે. તે નિષેધ કરે છે તે કોણ છે ? અને પ્રતિપાદન કરે છે તે કોણ છે ?" જ્યારે દરબાર પૂછી રહ્યા ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા, "જે વિષય ભોગવવાનો નિષેધ કરે છે તે જીવ છે એમ જાણવું અને જે પ્રતિપાદન કરે છે તે મન છે એમ જાણવું." ૭-૧૦.

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "આ પ્રશ્નનો ઉત્તર જેવો છે તેવો હવે અમે યથાર્થ કરીએ છીએ. ૧૧. આપણે જે દિવસથી કાંઈક સમજણા થયા તે દિવસથી જ માતા-પિતાની ઓળખાણ થઈ અને તે દિવસથી માતા-પિતાએ જેવો નિશ્ચય કરાવ્યો છે, તે હવે અમે કહીએ છીએ. કહ્યા વિના તે સમજાય નહિ. ૧૨-૧૩. 'આ તારી મા છે, આ તારો બાપ છે, આ તારા કાકા છે, આ તારો ભાઈ છે, ૧૪. આ તારા મામા છે, આ તારી બહેન છે, આ તારી મામી છે, આ તારી કાકી છે, ૧૫. આ તારી માસી છે, આ તારી ભેંશ છે, આ તારી સુંદર દુજણી ગાય છે, ૧૬. આ તારા ઘોડા છે, આ તારાં વસ્ત્ર છે, આ તારાં ઘરેણાં છે, આ તારું ઘર છે, આ તારી મેડી છે, આ તારું ગામ છે અને આ તારી જમીન છે.' ૧૭. ઈત્યાદિક જે કુસંગીના શબ્દ છે તે આ જીવની બુદ્ધિમાં મૂર્તિમાન રહ્યા છે. ૧૮. જેમ કોઈ સ્ત્રી વસ્ત્ર ઉપર ભરત ગૂંથે છે તથા તેમાં કાચનો કટકો જેમ લગાડે છે, તેમ ભરતને સ્થાને બુદ્ધિ છે અને કાચને સ્થાને જીવ છે. આ વાત આવી જણાય છે. ૧૯-૨૦.

તે બુદ્ધિમાં કુસંગીના શબ્દ અને તેનાં રૂપ જેવાં છે તેવા પંચવિષયે સહિત રહ્યા છે. અને આ જીવ જ્યારે સત્સંગ કરે છે અને તેને સંતનો સમાગમ થાય છે ત્યારે સંતો તેને પરમેશ્વરના મહિમાની એવી વાતો કરે છે, જેથી વિષયનું ખંડન થઈ જાય, જગત મિથ્યા દેખાય અને જીવની વિપરીત બુદ્ધિ છેદાય જાય. તેમજ જીવની મતિમાં ભગવાનને વિશે જ ઘણી સારપ મનાય. ૨૧-૨૩. આ સંતોની વાતો અને સંતોનાં રૂપ પણ જીવની બુદ્ધિમાં આવીને ખાસ રહ્યા છે. તે એ બે જાણે કે, લશ્કર હોય તેમ અંતરમાં સામસામાં ઊભા છે. જેમ કુરુક્ષેત્રમાં કૌરવો અને પાંડવોનાં બે લશ્કર સામસામાં ઊભાં હતાં, અને પરસ્પર તીર, બરછી જેવાં અપાર શસ્ત્ર લઈને લડતાં હતાં. તેમાં કોઈકનું મસ્તક ઊડી ગયું, કોઈકના હાથ કપાઈ ગયા, કોઈકના સાથળ કપાઈ ગયા, આ રીતે કચ્ચરઘાણ ઉડતો હતો. તેમ આ જીવના અંતરમાં કુસંગીના રૂપ રહ્યા છે તે પંચવિષયરૂપી શસ્ત્ર બાંધીને નિરંતર ઊભા છે. ૨૪-૨૮.

અને વળી પવિત્ર સંતના અનુપમ શબ્દ પણ અંતરમાં રહ્યા છે. જેમ કે, 'ભગવાન સત્ય છે, અને સમગ્ર જગત મિથ્યા છે, વિષય ખોટા છે,' આવા જે શબ્દો તે રૂપી શસ્ત્ર બાંધીને સંતોના રૂપ અંતરમાં ઊભા છે. અને તે બંને પરસ્પર શબ્દોની લડાઈ કરી રહ્યા છે. તે એકબીજાને કોઈ નમી દેતા નથી. તે લડતાં લડતાં જ્યારે કુસંગીનું બળ વધારે થઈ જાય ત્યારે વિષય ભોગવવાની ઈચ્છા થઈ આવે છે. અને જ્યારે સંતોનું બળ વધે ત્યારે વિષયભોગની ઈચ્છા થાતી નથી. આ રીતે અંતઃકરણમાં નિત્ય લડાઈ ચાલતી રહે છે. ૨૯-૩૩. તે ઉપર ગીતામાં એક શ્લોક કહ્યો છે-

यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः।
तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम॥ (૧૮/૭૮)

એ શ્લોકમાં એમ કહ્યું છે કે, જ્યાં યોગેશ્વર એવા શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે અને જ્યાં ધનુર્ધર અર્જુન રહ્યા છે ત્યાં લક્ષ્મી, વિજય તથા સર્વ ઐશ્વર્ય અને અચળ નીતિ, તે બધા ત્યાં રહ્યા છે. તે ચારેય ક્યારેય અધર્મના પક્ષમાં રહેતા નથી. ૩૪-૩૬. તેમ જેના પક્ષમાં આ સંતનું મંડળ રહ્યું છે, તેનો જ વિજય થશે એમ નિશ્ચય રાખવો." ૩૭.

ત્યારે વળી કાકાભાઈએ ફરીવાર પૂછ્યું કે, "હે મહારાજ ! તે સંતોનું બળ વધે અને કુસંગીનું બળ ઘટે, તેનો જેવો ઉપાય હોય તેવો આપ કહો." ૩૮-૩૯. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "અંતરમાં કુસંગી રહ્યા છે અને બહાર જે કાંઈ કુસંગીનો સમાજ રહ્યો છે, તે બંને એક છે. અને અંતરમાં સંતો રહ્યા છે તેમજ જે બહાર સંતો રહ્યા છે, એ બંને એકસમાન છે. તે પોતપોતાના સંગથી બળ દેખાડે છે. ૪૦-૪૧. અર્થાત્ અંતરમાં જે કુસંગી છે તેનું બહારના કુસંગીના પોષણથી બળ અધિક વધે છે. ૪૨.

चोपाई :

अरु अंतर में संत हि तिनके, बाहिर रहे संत जो इनके;
पोषण करिके वार हि वारा, बल बढत हे जन कु अपारा...४३
बाहिर के कुसंगी जो जेते, ताके संग न करेउ तेते;
बाहिर के संत के संग रखेऊ, कुसंगी के तब हि बल घटेऊ...४४

અને મુમુક્ષુના અંતરમાં જે સંત રહ્યા છે તેનું બળ બહાર જે સંતો રહ્યા છે તેના વારંવારના પોષણે કરીને અતિશય વધે છે. ૪૩. માટે જ્યારે બહારના કુસંગીનો સંગ ન કરે અને બહાર જે સંતો છે તેનો સંગ રાખે ત્યારે કુસંગીનું બળ ઘટી જાય છે, અને અંતરમાં જે સંતો રહ્યા છે તેનું બળ ઘણું વધે છે." આ રીતે શ્રીહરિએ વાત કરી.

ત્યારે વળી કાકાભાઈએ ફરીને ઘણા ખુશ થઈને પ્રશ્ન પૂછ્યો, "હે મહારાજ ! એક ભક્તને તો કુસંગીની જે કાંઈ લડાઈ હતી તે બધી બંધ થઈ ગઈ છે. ૪૪-૪૬. અને એકલું સંતોનું જ બળ રહે છે, એક ભક્ત એવો છે. અને એકને તો એમ ને એમ અંતરમાં કુસંગીની લડાઈ અખંડ ચાલતી રહે છે, જેનું કશું કહી શકાતું નથી. ૪૭. આ બંનેમાં જેને લડાઈ આળસી ગઈ હોય તેને તો કાંઈ દુઃખ રહેતું નથી. વળી, જ્યારે તેનું મરણ થાય ત્યારે તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય તેમાં તો લેશમાત્ર પણ સંશય નથી. પણ જેને હજુ અખંડ લડાઈ ચાલુ હોય અને તે લડાઈમાં જ તેનું મરણ થાય, તો તેની ગતિ કેવી થાય ? હે નાથ ! તે આપ કહો. હું આપના ચરણમાં મસ્તક નમાવી વિનયથી પૂછું છું." ૪૮-૫૦.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "જેમ કોઈ એક પુરુષ લડવા નિસર્યો હોય તેની આગળ કોઈક વાણિયો ફોજ લઈને આવે અથવા ગરીબ વર્ણની ફોજ લડવા માટે સામે આવે, તેને તે પુરુષ જીતી ગયો તેને પણ જીત જ થઈ કહેવાય. ૫૧-૫૨. અને એક બીજો માણસ લડવા નીકળ્યો તેની આગળ આરબોની બેરખ-સેના આવે તથા ક્ષત્રિય, કાઠી અને કોળી આવે, તેને વણિકની જેમ જીતવા તે કઠિન છે. તેઓ તેમ જિતાય નહિ. કારણ કે, તેમને જીતવા તે ઘણું કઠિન છે. તોપણ જેણે લડવામાં પાછો પગ ન ભર્યો અને પોતાના શરીરને અનિત્ય માન્યું. આમ લડતાં લડતાં જો તે જીત્યો તો તે જીતી ગયો, પણ શત્રુનો હઠાવ્યો તો ન હઠ્યો.

અને કદાચ આમ લડતાં લડતાં દેહનો અંત આવી ગયો અને મૃત્યુને પામ્યો, તોપણ તેનો જે ધણી છે, તે શું નહીં જાણે ? જે આની આગળ બહુ બળવાન અનેક કરડા-આંકરા મનુષ્ય આવ્યા હતા, તેથી તે જીતી શકાયા

નથી. આમ, તે બધું જાણે જ છે. અને જેની આગળ વાણિયા જેવા આવ્યા તે તો જિતાય એવા હતા, આ બંને ધણીની નજરમાં હોય છે. ૫૩-૫૮.

તેમ જે ભક્તો જેવા હોય તેની તેવી સહાય ભગવાન કરે છે. **જેને સંકલ્પ-વિકલ્પનું બળ અધિક હોય તેમ છતાં જે લડાઈ લડતાં લડતાં સંકલ્પના બળે કરીને પાછા હઠતા નથી તેને ભગવાન વારંવાર શાબાશ કહે છે. અને એવા ભક્તની ભગવાન અંત સમયે આવીને સહાય કરે છે. માટે હરિભક્તોએ તો બેફિકર રહેવું.** અને દેહ છે ત્યાં સુધી સુખ-દુઃખ સહન કરી લેવું. ૫૯-૬૧. મર્યા પછીની ચિંતા છોડી દેવી, હિંમત રાખીને ભગવાનનું ભજન કરવું અને દિવસે દિવસે સંતોનો સમાગમ હંમેશાં અધિક રાખવો. ૬૨. કુસંગીથી દૂર રહેવું અને સંતનો સમાગમ પૂરો રાખવો." આ રીતે શ્રીહરિ ખૂબ પ્રસન્ન થઈને બોલ્યા હતા. ૬૩.

✵ નિશ્ચય પોતાનાં કલ્યાણ માટે જ કરવો :

તે વખતે ગામ જસકાના દરબાર જીવાભાઈએ નિત્યાનંદસ્વામીને એક પ્રશ્ન પૂછ્યો, "ભગવાનનો નિશ્ચય અત્યંત અડગ કઈ રીતે થાય ? તેનો આપ ઉત્તર કરો. કારણ કે, આપ તે વાત જાણો છો." ૬૪-૬૫.

પછી નિત્યાનંદસ્વામી તેની આગળ બોલ્યા કે, "કુસંગીઓથી દૂર રહીએ અને સંતોનો સમાગમ જ્યારે અતિશય રાખીએ ત્યારે સંતોની વાતોએ કરીને ભગવાનનો નિશ્ચય અડગ થાય છે. પરંતુ જો કુસંગીનો સંગ કરીએ તો અડગ નિશ્ચય હોય તે પણ ટળી જાય તેમ દેખાય છે." ૬૬-૬૮. જ્યારે નિત્યાનંદસ્વામી બોલી રહ્યા ત્યારે શ્રીહરિ બોલ્યા કે, "જેને ભગવાનનો દૃઢ નિશ્ચય કરવો હોય તેને પોતાનાં કલ્યાણ સિવાયની બીજી બાબતોને છોડી દેવી જોઈએ. ૬૯. **અને ભગવાનનો નિશ્ચય તો ફક્ત પોતાના જીવના કલ્યાણને અર્થે જ કરવો જોઈએ. પણ બીજા કોઈ પદાર્થની ઇચ્છાએ કરીને ન કરવો જે, 'જો હું સત્સંગ કરું તો વારેવારે માંદો પડી જાઉં છું તે દેહે કરીને સુખી રહું અને ફરીવાર ક્યારેય આવું દુઃખ આવે નહિ.** ૭૦-૭૧. અથવા મારે પુત્ર નથી તે ભગવાનનો નિશ્ચય કરવાથી પુત્ર થાય. અથવા મારે દર વખતે પુત્રો મરી જાય છે તે જીવતા રહે પણ કોઈ પુત્ર હવે મરે

નહિ. ૭૨. અથવા તો હું નિર્ધન છું તે મને ધન મળે, તેમાં તલભાર પણ ખોટું નથી. અથવા મારા ગામ ગરાસ છૂટી ગયા છે તે સત્સંગ કરવાથી પાછા આવે.' આવી રીતની પદાર્થની ઈચ્છા માટે સત્સંગ કરે તો તેનું કાંઈ ઠેકાણું રહે નહિ. કારણ કે, તેના વિચાર ઈચ્છાને પૂરી કરવામાં જ રહે છે. ૭૩-૭૪. જ્યાં સુધી તેની ઈચ્છા પૂરી થાય ત્યાં સુધી તેનો સત્સંગ રહે. અને જ્યારે ઈચ્છા પૂરી ન થાય ત્યારે તે સત્સંગને છોડી દે. ૭૫. તે માટે જે કેવળ પોતાના મોક્ષને અર્થે જ સત્સંગ કરે તેનો સત્સંગ એવો અડગ રહે કે, એવા ભક્તને ક્યારેય વિઘ્ન આવે નહિ. ૭૬. **જો કોઈ પદાર્થની ઈચ્છાએ કરીને સત્સંગ કરે તો તેમાં તેટલું વિઘ્ન આવે છે. ૭૭.** ઘરમાં જેટલા મનુષ્યો હોય તે બધાનું મૃત્યુ આવ્યું હોય તેમાંથી જો એક જણ પણ ઊગરી જાય તો તે ઘણી મોટી વાત કહેવાય. ૭૮.

વળી, કદાચ હાથમાં રામપાત્ર આવવાનું(પ્રારબ્ધમાં માંગી ખાવાનું લખાયેલું) હોય પણ તેની જગ્યાએ રોટલો મળે છે તે પણ ઘણી મોટી વાત છે. ૭૯. કેમ જે, જ્યારે બધું જ જવાનું હોય તેમાંથી આટલું જો બચ્યું તો તે ઘણી મોટી વાત છે, આવી હરિભક્તની સમજણ હોય છે. ૮૦.

આ રીતે જ્યારે પરમેશ્વરનો આશ્રય કરીએ ત્યારે ઘણું ઝાઝું દુઃખ આવવાનું હોય તેમાંથી કાંઈક ઓછું થાય ખરું. ૮૧. જેમ કે, જન્મમરણ, લખચોરાશી અને જમપુરી તે બધાનું દુઃખ અપરંપાર છે. તે ભગવાનનો આશરો કરવાથી છૂટી જાય છે, લગાર પણ રહેતું નથી. ૮૨. આવું જ્યાં સુધી સમજાતું નથી ત્યાં સુધી માણસ ભવસાગરમાં ભટક્યા કરે છે. અને જે સત્સંગ કરે છે તેને શૂળીનું દુઃખ પ્રારબ્ધમાં લખ્યું હોય તે કાંટાથી ટળી જાય છે; એટલો તો ફેર જે સત્સંગને અનુસરે છે તેને પડે છે. તેના ઉપર એક દૃષ્ટાંત છે, તે જેવું અમે સાંભળ્યું છે તેવું કહીએ છીએ. ૮૩-૮૪.

એક ગામમાં ઘણા પાકા ચોર રહેતા હતા. તેમાંથી એક ચોર સાધુની પાસે બેસવા ગયો. ૮૫. સાધુની પાસે બેસીને તેણે ભગવાનની વાત સાંભળી. પછી તે ઘેર ગયો, ત્યારે રસ્તામાં તેનાં પગમાં કાંટો વાગ્યો. ૮૬. તેથી પગમાં ખૂબ જ પીડા થઈ. પગ સોજી ગયો, લગાર પણ ચાલી શકાતું નહિ

તેથી તે ચોરી કરવા ન ગયો. અને બીજા ચોરો તો ચોરી કરવા માટે ગયા. ૮૭. તેઓ એક રાજાનો ખજાનો તોડીને ઘણું ધન લઈ આવ્યા. પછી જે ચોર ભેળા થઈને ગયા હતા તે સહુએ તે ધન વહેંચી લીધું. ૮૮. જેટલા ચોર હતા તે બધાને ઘણું ધન આવ્યું. તેથી સાધુની પાસે જે ચોર ગયો હતો તેના માતા-પિતા, સ્ત્રી અને સગાં-કુટુંબી તેને વઢવાં લાગ્યાં કે, 'તારાં કર્મ ફૂટેલાં છે. તું સાધુ પાસે ગયો તેનાથી આપણું ઘણું જ ભૂંડું થયું.' આવી જ્યાં વાત કરતા હતા ત્યાં જ અચાનક રાજાનું લશ્કર આવ્યું અને બધા ચોરને પકડીને તત્કાળ શૂળીએ ચડાવી દીધા. ૮૯-૯૨. પરંતુ જે ચોર સાધુ પાસે આવ્યો હતો તેને પણ પકડીને શૂળીએ ચડાવવા જ્યારે લઈ આવ્યા ત્યારે ગામના મનુષ્યો તથા સાધુઓ હતા તેમણે સાક્ષી પૂરી કે, 'આ ચોર ચોરી કરવા માટે તે જગ્યાએ ગયો ન હતો. તેના પગમાં તો કાંટો લાગ્યો હતો, તેણે કરીને ઘેર જ રહ્યો હતો.' ૯૩-૯૪. ત્યારે તે બચી ગયો. આ રીતે જે સત્સંગ કરે છે, તેને શૂળીનાં જેટલું દુઃખ આવવાનું હોય તે દુઃખ કાંટાથી મટે છે. ૯૫.

❋ રામાનંદસ્વામી પાસેથી માંગેલાં વરદાન :

चोपाई :

मम गुरु जो रामानंद स्वामी, समर्थ रहे यह अंतरजामी;
ताकी पास में माग लियेऊ, तुमारे सत्संगी जे तेऊ...९६
ताकु एक बिछु के दुःखा, होनेकु होय मेरेकु सुखा;
एक एक हि रोम जो तामें, कोटि कोटि बिछुं दुःख यामें...९७

અમારા ગુરુ રામાનંદસ્વામી સમર્થ અને અંતર્યામી હતા. તેમની પાસે અમે માગી લીધું છે કે, 'તમારા જે સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે સુખી રહે અને તેને બદલે મને એક એક રૂંવાડે કરોડ કરોડ વીંછીનું દુઃખ થાઓ. ૯૬-૯૭. પણ જે કોઈ સત્સંગી એવું નામ ધરાવે છે તે તમારા સત્સંગીને તે દુઃખ ક્યારેય થાય નહિ; એવું હું માગું છું. ૯૮. અને તમારા સત્સંગીના પ્રારબ્ધમાં રામપાત્ર લઈને માંગી ખાવાનું લખ્યું હોય તો તે રામપાત્ર મને મળે, પણ તમારા જે સત્સંગી હોય તે અન્ન-વસ્ત્રે કરીને લગાર પણ દુઃખી ન થાય; આવાં બે વરદાન મને આપો.' ૯૯-૧૦૦. આમ

રામાનંદસ્વામી પાસે અમે ઘણા ઉમંગથી આ વરદાન માગ્યાં હતાં. ત્યારે તેમણે અમારી ઉપર અતિશય પ્રસન્ન થઈને તે વરદાન આપ્યાં હતાં. તેણે કરીને જે કોઈ સત્સંગ કરે છે તેને વ્યવહારમાં દુઃખ લખ્યું હોય, તોપણ તે ક્યારેય દુઃખી થતા નથી. ૧૦૧-૧૦૨. છતાં પણ સર્વ પદાર્થ તો નાશવંત છે. તે પદાર્થની ઈચ્છાએ કરીને જો સત્સંગ કરે તો, એવા ભક્તના નિશ્ચયમાં સંશય થયા વિના ક્યારેય રહે નહીં. આ વાત કોઈ દિવસ ખોટી નથી. ૧૦૩-૧૦૪. માટે જે સત્સંગ કરવો તે નિષ્કામભાવે કરવો અને પોતાના જીવના કલ્યાણને માટે જ કરવો. તો તેનો નિશ્ચય દૃઢપણે કરીને અડગ થાય છે. આવી તો ઘણી બધી વાતો શ્રીહરિએ કરી હતી પણ તેમાંથી આ થોડીક લખી છે. ૧૦૫-૧૦૬.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સિત્તેરમું વચનામૃત કહ્યું" એ નામે ચુંમોતેરમો તરંગ સમાપ્ત ॥૭૪॥



પૂર એકવીશમું : તરંગ - ૭૫

ગઢડા પ્રથમ પ્રકરણનું એકોતેરમું વચનામૃત

❋ ભગવાનનું સ્વરૂપ આલોકમાં પણ અક્ષરધામ સહિત જ હોય છે :

ચૈત્ર વદી ચતુર્થીને દિવસ સાંજને સમયે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં આથમણા બારની મેડીની આગળ ઓટા ઉપર રહેલા પલંગ પર વિરાજમાન હતા. ૧-૨. તે વખતે શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને મસ્તક ઉપર શ્વેત ફેંટો બાંધ્યો હતો. ૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના બધા હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪. મુક્તાનંદસ્વામી આદિક સંતો વાજિંત્ર વગાડીને કીર્તન ગાતા હતા.

❋ ભગવાન માફ ન કરે તેવા બે દોષ :

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'તમે કીર્તનભક્તિ કરો છો તે હવે બંધ રાખો અને હવે પ્રશ્ન-ઉત્તર કરો. ત્યારે સોમલા ખાચરે પ્રશ્ન પૂછ્યો જે, "દયાળુ ભગવાન પોતાના ભક્તના બધા અપરાધોને માફ કરે છે, પણ એવો

કયો અપરાધ છે કે જેને ભગવાન માફ કરતા નથી ?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા કે, "ભગવાન જે અપરાધને માફ નથી કરતા તે હું કહું છું. ૫-૮. ભગવાન બીજા બધા અપરાધોને માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો જે દ્રોહ કરે છે, તે અપરાધને ભગવાન માફ કરતા નથી. કારણ કે દ્રોહના સમાન બીજો કોઈ અપરાધ કહેવાતો નથી. માટે ભગવાનના ભક્તનો દ્રોહ મન, કર્મ, વચને કરીને કોઈ પણ પ્રકારે ક્યારેય કરવો નહિ. જય, વિજય અને ચિત્રકેતુ રાજા સિદ્ધગતિને પામ્યા હતા. ૯-૧૧. છતાં પણ ભગવાનના મોટા ભક્તનો દ્રોહ કરવાથી તેમની સિદ્ધગતિ ટળી ગઈ અને દૈત્ય થયા હતા. અને વળી, ભગવાનના કેટલીય પ્રકારના અપરાધો હોય છે. ૧૨.

તેટલા માટે જો તમે પોતાનું ભલું ઇચ્છતા હો તો તમારે ક્યારેય કોઈ પણ મારા ભક્તનો અપરાધ કરવો નહિ. એમાં પણ સર્વ અપરાધો કરતાં ભગવાનના આકારનું ખંડન કરવું તેના જેવો બીજો કોઈ મોટો અપરાધ નથી, માટે તે અપરાધ કરવો નહીં. ૧૩-૧૪. અને જે એવા અપરાધ કરે છે, તેને પંચ મહાપાપ કરતાં પણ વધારે પાપ લાગે છે. ૧૫. અને ભગવાન તો સદાય સાકાર મૂર્તિ છે, તેને નિરાકાર સમજવા તે જ અપરાધ કર્યો કહેવાય છે. ૧૬. જે સદાય સાકાર છે, તે ભગવાનને નિરાકાર કહેવા તે ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. ૧૭.

અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે તો કરોડો કરોડ સૂર્ય-ચંદ્ર જેવા તેજોમય પોતાના અક્ષરધામમાં સદાય દિવ્યાકાર થકા વિરાજમાન છે. અને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્તો છે તે તેમના ચરણકમળની સેવા કરે છે. **અને સુખકારી પરબ્રહ્મ એવા જે પુરુષોત્તમ ભગવાન તે જ પોતે ઘણી મોટી કૃપા કરીને અનેક જીવોનું કલ્યાણ કરવા માટે પૃથ્વી ઉપર જ્યારે જ્યારે પ્રકટ થાય છે, ત્યારે ત્યારે તે પ્યારા પુરુષોત્તમ જે જે તત્ત્વનો અંગીકાર કરે છે, તે બધાં તત્ત્વ પરમ અનુપમ બ્રહ્મરૂપ છે; એમ જાણવું.** કેમ જે, ભગવાને જ્યારે રામ-કૃષ્ણાદિક અપાર અવતારો ધાર્યા, તે વખતે તેમાં સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ જણાય છે. ૧૮-૨૩. તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ પણ જણાય છે તથા દસ ઇન્દ્રિયો

ને પાંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વો મનુષ્યની પેઠે જણાય છે. પણ એ સર્વે દિવ્ય-બ્રહ્મરૂપ છે, પણ ભગવાનનો આકાર માયિક નથી. માટે ભગવાનના આકારનું ખંડન ક્યારેય કરવું નહિ. કેમ જે, ભગવાન તો સદાય સાકાર જ છે." ૨૪-૨૬. પછી માતરે ધાધલે પ્રશ્ન પૂછ્યો કે, "ઈર્ષ્યા કેવી હોય છે ? તેનું રૂપ આપ બતાવી દો." ૨૭. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "જેના ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું જ્યારે સારું થાય તે સહન થાય નહિ. અને જ્યારે તેનું ભૂંડું થાય ત્યારે તેમાં ઘણો રાજી થાય, તે ઈર્ષ્યાનું રૂપ છે. તે મેં યથાર્થરૂપમાં બતાવ્યું." ૨૮-૨૯.

પછી શ્રીજીમહારાજે મુનિ પ્રત્યે એક પ્રશ્ન પૂછ્યો કે, "ભગવાનની જે પ્રત્યક્ષ મૂર્તિ તેનો નિશ્ચય હોય અને તેમનું ભજન-સ્મરણ કરતા હોય તથા સત્સંગના જેટલાં વ્રતમાન-નિયમ છે, તે પ્રમાણે જે કોઈ વર્તતા હોય તેનું કલ્યાણ થાય તે તો સત્સંગની રીત છે, તેમાં ક્યારેય કાંઈ ખોટું નથી; પણ સત્શાસ્ત્રમાં કલ્યાણની રીત કેમ કહી છે ? ૩૦-૩૨. અને વેદનો જે અર્થ છે તે તો અતિ કઠણ છે, તેથી તેની કથા થતી નથી અને શ્રીમદ્‌ભાગવત પુરાણ તથા મહાભારત ઈત્યાદિકમાં વેદોનો જેવો અર્થ છે તેવો વ્યાસજીએ પોતે બરાબર કહ્યો છે. ૩૩-૩૪. વળી, તેને અત્યંત સુગમ કરીને કહ્યો છે. કારણ કે, વ્યાસજીના સમાન બીજા કોઈ વેદના અર્થને જાણતા નથી. વ્યાસ, સદ્‌ગ્રંથ અને ભગવાન એ ત્રણેયનો મત એક છે. ૩૫. બધા ગ્રંથોનું જે તત્ત્વ-રહસ્ય છે, તેનું વ્યાસજીએ ભાગવત પુરાણ કર્યું છે. માટે આખા જગતમાં તેની કથા જ્યાં-ત્યાં થાય છે. ૩૬. માટે સત્શાસ્ત્રની રીતે જીવનું જેમ કલ્યાણ થતું હોય તેમ તમે સહુ તપાસીને પ્રમાણભૂત થાય તે રીતે કહો. ૩૭. અને શંકરાચાર્યે નિરાકારપણે ભગવાનની મૂર્તિનું પ્રતિપાદન કર્યું છે. ૩૮. તથા રામાનુજાચાર્ય આદિક જેટલા આચાર્ય થયા તેમણે બધાએ સાકારપણાનું પ્રતિપાદન કર્યું છે. ૩૯. માટે આ રીતે શાસ્ત્રનો મત દેખીને ચોક્કસ ઉત્તર કરો."

પછી સહુ મુનિઓ બોલ્યા, "શાસ્ત્રોની રીતે જોઈએ તો નિરાકારનો પક્ષ ખોટો છે અને સાકાર ભગવાનનું ભજન કરવાથી જીવોનું કલ્યાણ થાય છે." આવી રીતે સંતોએ દૃઢપણે સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું. પછી

શ્રીજીમહારાજ ઘણા હેતથી બોલ્યા કે, "અમે પણ તમે જે કહ્યો તે પક્ષને જ ગ્રહણ કરીએ છીએ. પણ તેમાં તમને સહુને એક પ્રશ્ન પૂછીએ છીએ તે સાંભળો. ૪૦-૪૩. 'સદા સાકાર મૂર્તિ એવા જે પ્યારા પુરુષોત્તમ તે નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ તેનાથી પણ પર છે. એવા એ ભગવાન તે આ પૃથ્વી ઉપર પ્રગટ મળ્યા છે, તોપણ બ્રહ્મપુર, ગોલોક, વૈકુંઠ અને શ્વેતદ્વીપ એ આદિક ભગવાનનાં જે ધામ છે, તેને જોવાની જે ભક્તને લાલચ રહે છે તેને તે ભગવાનનો નિશ્ચય છે કે નથી ?" ૪૪-૪૬. પછી સહુ મુનિ બોલ્યા કે, "પ્રત્યક્ષ ભગવાન મળ્યા પછી જેના મનમાં આવું રહેતું હોય જે, 'અક્ષરાદિક ધામોને હું જ્યારે દેખીશ અથવા કોટિ કોટિ સૂર્યનો પ્રકાશ જ્યારે હું દેખીશ ત્યારે મારું કલ્યાણ થયું.' ૪૭-૪૮. આવી સમજણ જેને હોય તેને ભગવાનનો યથાર્થ નિશ્ચય નથી." ૪૯.

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "બ્રહ્મપુર આદિક ધામ તથા બ્રહ્મસ્વરૂપને જોવાની મનમાં લાલચ રાખી, તેમાં તેણે શું પાપ કર્યું ? જેથી તેના નિશ્ચયની તમે શું જોઈને ના કહો છો ?" ૫૦-૫૧. પછી મુનિ બોલ્યા કે, "જેણે પ્રત્યક્ષ ભગવાનનાં દર્શને કરીને કલ્યાણ માન્યું હોય તે ભગવાનના જે બ્રહ્મપુર અને ગોલોકાદિક ધામ, તેની અરુચિ શા માટે રાખે ? પણ ભગવાન વિના જો તેને ઈચ્છે તો તે એટલા સકામ કહેવાય. તેમ સમજીને અમે કહ્યું છે."

પછી શ્રીહરિ બોલ્યા કે, "ભગવાનનાં જે કાંઈ ધામ છે તથા તેમાં જેટલા પાર્ષદ ભક્તો છે તે સર્વે તો ચૈતન્યની મૂર્તિ છે અને વળી, માયાથી પર છે. માટે તેમાં એવું શું દૂષણ છે ? કે તેને ઈચ્છે નહિ ? તે તમે સમજાવીને કહો. સમજાવ્યા સિવાય તે મનાતું નથી. ભગવાન જ્યારે પૃથ્વી ઉપર પ્રકટ વિરાજતા હોય ત્યારે ત્યાં તેમના જે સેવકો હોય તે તો મરી જાય એવા હોય અને ત્યાં જે ઘર હોય તે પણ પડી જાય તેવા હોય. ૫૨-૫૭. તેને તમે કેમ સમજો છો ? તમે જેમ સમજતા હો તેમ અમને કહો." પછી મુનિ બોલ્યા કે, "તે ઘરને અમે જેવા સમજીએ છીએ તેવા હવે કહીએ. ૫૮.

ચોપાઈ :

जिहाँ जिहाँ भगवान ही जेहू, बिराजमान रहत हे तेहू;
तेहि तेहि स्थल घर जो जितने, ब्रह्मपुर धाम समझत तितने...५९

अरु भगवान के भक्त जो तिनकू, सेवक जेते रहेउ इनकू;
ब्रह्मरूप समझत हे तिनही, भगवान हित सत्संग हि जिनही...६०

જ્યાં જ્યાં ભગવાન વિરાજમાન હોય તે તે સ્થળ કે ઘર તેને તો અમે બ્રહ્મપુર ધામ સમજીએ છીએ. ૫૯. અને જેનો સત્સંગ ફક્ત ભગવાનને માટે જ હોય એવા જે ભગવાનના ભક્ત સેવક હોય તે બધાને તો અમે બ્રહ્મરૂપ સમજીએ છીએ." ૬૦. પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "બ્રહ્મપુર તથા ત્યાં રહેલા ભગવાનના જે પાર્ષદો છે તે તો અખંડ છે, અવિનાશી છે અને બધા દિવ્ય છે. તેની સાથે મૃત્યુલોકના નાશવંત અને શોક કરાવે એવાં ઘર તથા પાર્ષદ તે બેને બરોબર કેમ કહો છો ?" પછી નિત્યાનંદસ્વામી બોલ્યા જે, ૬૧-૬૪. "હે મહારાજ ! આ પ્રશ્નનો ઉત્તર તો આપ જ કરો."

चोपाई :

पीछे श्रीहरि बोले जाई, भगवान जीय के हित ताई...६५
कल्याण के हित जेहि वेरी, मूर्ति धारण जब करत तेरी;
तब पोताके अक्षरधामा, चैतन्य मूर्ति पार्षद जामा...६६
पोताके ऐश्वर्य हि जेते, सहित ही पधारत हे तेते;
पण यह दुजे कु न देखावे, मनुष्य जेसे नजर तेही आवे...६७

પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "ભગવાન જ્યારે જીવોનું કલ્યાણ કરવાને માટે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું અક્ષરધામ અને ચૈતન્ય મૂર્તિ એવા જે પાર્ષદો અને પોતાનું જે સર્વ ઐશ્વર્ય તેણે સહિત જ પધારે છે, પણ તે બીજાને દેખાતું નથી. કેમ જે, તે મનુષ્ય જેવા જ દેખ્યામાં આવતા હોય છે. ૬૫-૬૭. અને કોઈક ભક્તને જ્યારે સમાધિને વિષે અલૌકિક દૃષ્ટિ થાય છે ત્યારે તે જ મૂર્તિને વિષે કોટિ કોટિ સૂર્ય જેવો પ્રકાશ દેખાઈ આવે છે. અને તે મૂર્તિની સાથે અનંત કોટિ સુંદર મુક્તો પણ દેખાય છે. ૬૮-૬૯. અને અત્યંત ઉજ્જવળ અક્ષરધામ પણ તે મૂર્તિ ભેળું જ દેખાય છે. આમ, સમાધિમાં તે બધું મૂર્તિની ભેગું દેખવામાં આવે છે માટે તે સર્વ ભગવાનની ભેળું જ રહ્યું છે. ૭૦. તોપણ ભગવાન પોતાના મનુષ્ય ભક્તની જ સેવાને નિશ્ચિતરૂપમાં અંગીકાર કરે છે. ૭૧.

અને પોતાના ભક્તનાં ગાર-માટીનાં કે પથ્થરનાં ઘરને વિશે જ સુખધામ એવા ઘનશ્યામ શ્રીહરિ વિરાજમાન રહે છે. ૭૨. અને તે ભક્તજન ધૂપ દીપ, અન્ન, વસ્ત્ર ઈત્યાદિક અર્પણ કરે, તેને પ્રેમથી અંગીકાર કરે છે તે તો પોતાના જે મનુષ્ય સેવકો છે તેમને દિવ્યરૂપ પાર્ષદો ભેળા ભેળવવા માટે કરે છે. ૭૩-૭૪. અને જે ભક્તો ભગવાનને જે જે વસ્તુ અર્પણ કરે છે તે ભગવાનના ધામમાં દિવ્યરૂપ થાય છે અને તે ભક્ત પણ દિવ્યરૂપ થઈને તેને પામે છે. ભગવાને પોતે પોતાના ભક્તજનને તે અચળ અને અખંડ એવું અપાર દિવ્યસુખ આપવાનો નિર્ધાર કર્યો છે. તેથી મનુષ્ય એવા જે ભક્તજન તેની જે જે સેવા હોય તેને પ્રેમથી અંગીકાર કરે છે. આ રીતે ભગવાનના પવિત્ર ભક્તોએ ભગવાનનું સ્વરૂપ સદા અક્ષરધામે સહિત જ આ પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એ રીતે વાતો કરવી. કારણ કે, તેવી વાતોએ કરીને જ આ જેવી અલૌકિક વાત છે તેવી સમજવામાં આવે છે. ૭૫-૮૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું એકોતેરમું વચનામૃત કહ્યું" એ નામે પંચોતેરમો તરંગ સમાપ્ત ॥૭૫॥



પૂર એકવીશમું : તરંગ - ૭૬

ગઢડા પ્રથમ પ્રકરણનું બોતેરમું વચનામૃત

❋ માહાત્મ્યે સહિત નિશ્ચયનું :

ચૈત્ર વદી એકાદશીને દિવસ સમગ્ર સુખનું કારણ એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં, વાસુદેવનારાયણના મંદિરને સમીપે ઉત્તરાદા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર પૂર્વ તરફ મુખ કરીને વિરાજમાન હતા. ત્યારે શ્રીહરિએ સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૧-૩. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૪.

પછી મુક્તાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન કર્યો કે, 'હે મહારાજ ! ગઈ કાલના દિવસે પરમ નિપુણ દાદા ખાચરની આગળ આપે ઘણી સુંદર વાત કરી હતી, એ વાત સાંભળવાની અમને સહુને ઘણી ઈચ્છા છે. ૫-૬. પછી શ્રીજીમહારાજ મુનિ પ્રત્યે બોલ્યા કે, "**જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય અને સંતનું તથા સત્સંગીનું ઘણું માહાત્મ્ય જાણતો હોય, તેવા ભક્તની અમે વાત કહી હતી. ૭-૮. તેવા ભક્તનાં કર્મ અને કાળ ગમે તેવા કઠણ હોય, પણ તે ભક્તની એવી ભક્તિના બળને લીધે કાળ અને કર્મ તે બંને મળીને પણ તે ભક્તનું કાંઈ ભૂંડું કરી શકતા નથી.** ૯.

चोपाई :

भगवान भगवान के संता, निष्ठा में तामें फेर रहंता;
तोउ ताके भगवान जेही, अछे ताके कर्ना इच्छे तेही...१०
तोउ पण अछे होवत नाहीं, निष्ठा तेसे तेही होत रहाही;
अरु कोउ गरीब रहेउ तिनकू, कल्पावत जेही जेता इनकू...११

પણ જેને ભગવાન અને ભગવાનના સંતની નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તે ભક્તનું ભગવાન પોતે રૂડું કરવાનું ઈચ્છે તોપણ રૂડું થાતું નથી. હા, તેની જેવી નિષ્ઠા હોય તેવું તેનું રૂડું થાય છે. અને જો કોઈ ગરીબને કલપાવે તો તેનું ગમે તેવું પુણ્ય હોય તોપણ તેનો જરૂર નાશ થઈ જાય છે. અને મહાભારતમાં ભીષ્મપિતાએ રાજા યુધિષ્ઠિરને એમ કહ્યું છે કે, 'જો તું ગરીબને નિર્દય થઈને કલપાવીશ તો તું તારા વંશે સહિત બળીને જરૂર ભસ્મ થઈ જઈશ. આ વાત હું તમને સત્ય કહું છું. ૧૦-૧૪. તે માટે કોઈ ભગવાનના ભક્તને અથવા બીજા કોઈ ગરીબને લેશમાત્ર પણ ક્યારેય દુઃખવવા નહિ. અને જે ગરીબને કોઈ પણ પ્રકારે દુઃખવે તેનું ક્યારેય સારું થાતું નથી. ૧૫-૧૬.

જો કોઈ મોટા અધિકારને પામીને ગરીબ માણસને દુઃખવે છે, તો તેને બ્રહ્મહત્યા જેટલું પાપ લાગે છે. ૧૭. તે રીતે જ કોઈકને માથે ખોટી રીતે કલંક નાખવામાં આવે તો તેનું પણ બ્રહ્મહત્યાનાં જેવું પાપ લાગે છે,

તે નિશ્ચિત છે. ૧૮. અને જો કોઈ સાચું કલંક હોય અને તેને પ્રસિદ્ધ રીતે કોઈ જાણતા ન હોય તો તેને એકાંતમાં બોલાવીને તેનું જેમ સારું થાય તે રીતે કહેવું. ૧૯. પરંતુ તેને ફજેત ન કરવો. તેને દુભવવાથી ઘણું ડરતા રહેવું. અને તેમ જ પાંચ પ્રકારની જે સ્ત્રીઓ છે તેનો જો થોડોક પણ ધર્મભંગ કરાવે તો તેને પણ નક્કી બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. ત્યાર પછી તેને ભયંકર દુઃખ પ્રાપ્ત થાય છે. ૨૦-૨૧.

તે પાંચ પ્રકારની જે સ્ત્રીઓ તેની વિગત કરીને કહીએ છીએ. (૧) એક તો એ કે, જે સ્ત્રીએ પોતાને શરણે આવીને રહેવાનો મનમાં દૃઢ સંકલ્પ કર્યો હોય, (૨) બીજી એ કે, જે પોતાની પત્ની હોય પણ વ્રત ઉપવાસને દિવસે સંગ કરવા ન ચાહતી હોય, (૩) ત્રીજી, જે પતિવ્રતા સ્ત્રી હોય, (૪) ચોથી, જે નાની ઉંમરની વિધવા સ્ત્રી હોય અને (૫) પાંચમી, જે વિશ્વાસી સ્ત્રી હોય. એ પાંચની સાથે જે વ્યભિચાર કરે છે, તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. ૨૨-૨૪. તેમાં વિધવા સ્ત્રીનું મન જો કુમાર્ગમાં જવા ડોલતું હોય તો તેને સમજાવીને ધર્મમાં રાખવી. આ રીતે જે બીજાને ધર્મમાં રખાવે છે તેનું ફળ તો કહી શકાય નહિ એટલું બધું થાય છે. ૨૫-૨૬.

પછી મુનિઓ ભગવાનનાં રસિક કીર્તન ગાવા લાગ્યા. તે સાંભળીને શ્રીહરિ બોલ્યા જે, ૨૭. **“ભગવાન જીવના કલ્યાણને માટે દેહ ધારણ કરે છે ત્યારે તે મનુષ્યના જેવી જ બધી ક્રિયાઓ કરતા હોય છે. તેને દેખીને જે ભક્ત હોય તે તો, તે ક્રિયાઓને ચરિત્રનાં રૂપમાં સમજે છે. પણ જે કોઈ વિમુખ જીવ હોય અથવા જે કોઈ કાચાપોચા હરિભક્ત હોય તે ભગવાનના ચરિત્રમાં કેટલાક દોષ પરઠે છે.** ૨૮-૩૦. જેમ શુકદેવજીએ અત્યંત પ્રસન્નમનથી રાસ પંચાધ્યાયીનું જ્યારે વર્ણન કર્યું ત્યારે પરીક્ષિત રાજાને સંશય થયો. ૩૧. પછી તેણે શુકદેવજીને મસ્તક નમાવીને પ્રશ્ન પૂછ્યો કે, ‘ભગવાન ધર્મની મર્યાદાને સ્થાપન કરવા માટે પ્રકટ થયા હતા. તેમણે પરસ્ત્રીનો સંગ વારંવાર કરીને ધર્મનો ભંગ કેમ કર્યો ?’ આવી રીતે તેણે ભગવાનનો દોષ લીધો. ૩૨-૩૩. અને શુકદેવજીએ તો સમજી વિચારીને ભગવાનના મહાન ગુણોને ગાયા હતા જે, કામદેવે બ્રહ્માદિક દેવતાઓને જીતીને પોતાને વશ

કરી લીધા હતા તેનો તેને ગર્વ ચડ્યો હતો. તેથી ભગવાને તેના તે ગર્વને ઉતારવા માટે આવો અલૌકિક સાજ-સામાન તૈયાર કર્યો. ૩૪-૩૫. તે અલૌકિક સાજ તૈયાર કરીને ભગવાને કામદેવને પડકાર્યો. તે જેમ કોઈ ઘણો જ બળવાન રાજા હોય, તે પોતાના શત્રુને પોતાના જ દારૂગોળા આપીને તેની સન્મુખ લડવા જાય, ૩૬-૩૭.

તેમ ભગવાને કામરૂપી શત્રુને લડવા માટે પહેલા બધો સામાન આપ્યો. તેની રીત હવે હું કહું છું. ૩૮. કામદેવનું બળ જ્યારે સ્ત્રીનો સાક્ષાત્ સંબંધ હોય ત્યારે અપાર હોય છે. ૩૯. તેમાં પણ શરદઋતુની રાત્રિમાં કામદેવનું બળ ઘણું વધે છે. ૪૦. તે રીતે જ સ્ત્રીઓનો રાગ, રંગ, વિલાસ અને તેના વિચિત્ર પ્રકારના શબ્દ સાંભળવા, અને અનેક જાતનાં રૂપ જોવાં, વારેવારે સ્ત્રીનો સ્પર્શ કરવો, તેવું કરવાથી કામનું બળ ઘણું વધે છે. તેથી તે કોઈથી જીતી શકાતો નથી. ૪૧-૪૨. આ બધો જે સામાન તે શ્રીકૃષ્ણ ભગવાને કામદેવને આપીને તેને સહજમાં જ જીતી લીધો.

અર્થાત્ તેઓ અખંડ ઊર્ધ્વરેતા બ્રહ્મચારી જેવા જ રહ્યા. આ રીતે ભગવાન શ્રીકૃષ્ણે કામદેવના ગર્વને ઉતારી નાખ્યો. ૪૩-૪૪. એવું અલૌકિક સામર્થ્ય ભગવાન સિવાય બીજા કોઈમાં હોય નહિ. આવો મનમાં વિચાર કરીને અને ભગવાનનું અતિ અપાર સામર્થ્ય જાણીને શુકદેવજીએ ભગવાનનાં તે ચરિત્રોને વારંવાર પ્રેમયુક્ત થઈને ગાયા છે. ૪૫-૪૬. પણ પરીક્ષિત રાજાને આવી વાત સમજાણી ન હતી, તેથી તેણે ભગવાનમાં દોષ જોયો અને ભગવાનને પણ પોતાના જેવા માન્યા. ૪૭.

માટે કોઈક તમને એમ કહે કે, 'તમે પરમહંસ થઈને તમારા જીવનથી વિપરીત રસિક કીર્તન કેમ ગાઓ છો ? તો તેને તમારે એમ કહેવું કે, 'જો અમે ભગવાનના રસિક કીર્તન ન ગાઈએ તો અમે વિમુખના મતમાં ગણાઈએ. ૪૮-૪૯. વળી, ભગવાનનાં રસિક ચરિત્રોને વિષે જો દોષ પરઠીએ, તો અમે પણ શુકદેવજીનો મત છોડીને બધા વિમુખોના મતમાં ખપીએ-ગણાઈએ. જ્યારે શુકદેવજી તો બધા પરમહંસોના શિરોમણિ છે. તેમણે ભગવાનનાં રસિક ચરિત્રોને દિવ્ય જાણીને બહુ સારી રીતે ગાયા છે.

પરીક્ષિતે તેમાં દોષ જોયો. ૫૦-૫૨. તે પરીક્ષિતે સમજણ વિના દોષ લીધો તે શાસ્ત્રમાં લખાયો છે. પણ શુકદેવજી, ઉદ્ધવજી અને ગોપીજન જેવા જે કોઈ ભક્તો છે તેમણે તો ભગવાનનાં જેટલા શુભ કે અશુભ ચરિત્ર છે તે ચરિત્રોને શુભ જાણીને ગાયાં છે. ૫૩-૫૪.

અમે તો શુકદેવજી, વ્યાસજી અને ઉદ્ધવજીના મતમાં રહ્યા છીએ. ભગવાનનાં જે જે ચરિત્ર છે તેને દિવ્યરૂપ જાણીને જે ગાન કરે તે જ ભક્ત કહેવાય. અને જે ભગવાનનાં ચરિત્રમાં દોષ જુએ છે તે તો દૈત્ય લખાયા છે. જેટલા નાસ્તિક તથા વિમુખ જીવ હોય, તે બધાં ભગવાનનાં ચરિત્રમાં અપાર દોષ પરઠે છે અને વગર વિચાર્યે મુખથી બોલે છે. પણ ભગવાનમાં જે દોષ જુએ તે તો દૈત્યના મતના ગણાય છે. ૫૫-૫૭.

✵ ભગવાનની બધી જ ક્રિયા કલ્યાણકારી છે :

શુકદેવજી તો સર્વ પરમહંસમાત્રના ગુરુ છે. તેમણે ભગવાનનાં સર્વે રસિક ચરિત્રોનું ગાન કર્યું છે. માટે અમારે પણ તે રસિક મૂર્તિને હૃદયમાં ધારીને તે રસિક ચરિત્રનું જરૂર ગાન કરવું. અને ક્ષર તથા અક્ષરથી પર અત્યંત સમર્થ એવા પુરુષોત્તમ ભગવાન જ્યારે જીવનાં કલ્યાણ માટે આ બ્રહ્માંડમાં મનુષ્યના જેવી મૂર્તિ ધારીને વિચરણ કરે છે, ત્યારે તેઓ સર્વ મનુષ્યનાં જેવાં જ ચરિત્રો કરે છે અને ભક્તજનો તેને દિવ્ય જાણીને ગાય છે. ૫૮-૬૧. જેમ મનુષ્યમાં હારવું, જીતવું, ભય, શોક, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, આશા, તૃષ્ણા અને ઈર્ષ્યા ઇત્યાદિક માયિક સ્વભાવ હોય, તેવા જ સ્વભાવોને ભગવાન પણ પોતામાં દેખાડે છે. પણ તે સમગ્ર જીવોનાં કલ્યાણ માટે જ હોય છે. ૬૨-૬૪.

પછી જે ભક્તો હોય તે તો શ્રીહરિનાં તે ચરિત્રનું ગાન કરીને પરમપદને-મોક્ષને પામે છે. જેટલા વિમુખ જીવો હોય તે દોષ લે છે, તેણે કરીને તે મર્યા પછી વારંવાર જમપુરીમાં જાય છે. અને જે ભગવાન છે તે તો જેમ ક્ષરના-વિકારી પ્રદાર્થોના આત્મા છે તે રીતે જ પ્રકૃતિ-પુરુષ થકી પર એવા અક્ષરબ્રહ્મના પણ આત્મા છે. તેનાથી પર કોઈ નથી. ૬૫-૬૭. અને જેઓ ભગવાનથી પણ પર કોઈને કહે છે તે તો મિથ્યા જ્ઞાની છે.

એવા મિથ્યા જ્ઞાની તો દૈત્ય કહેવાય છે. ભગવાનના ભક્તો તેવા મિથ્યા જ્ઞાનીનો સંગ કરતા નથી. ૬૮. ભગવાન તો ક્ષર અને અક્ષર, તે બંનેને પોતાની શક્તિએ કરીને સહજ સ્વભાવે ધરી રહ્યા છે, એમનાથી વધારે કોઈ સમર્થ નથી. ૬૯.

चोपाई :

क्षर अक्षर से न्यारे रहेऊ, मोटाई अपरिमित कहेऊ;
जाके एक रोम के जोऊ, छिद्र में अनंत कोटि सोऊ...७०
ब्रह्मांड परमाणु की रीता, रहाये कोउ न पार लहीता;
एसे जोउ बडे भगवाना, जीव ताके करने कल्याना...७१
मनुष्य जेसे होत रहावा, तब जीवकु सेवा करावा;
जोग ताके आवत रहीता, सुख आवत भये अगनीता...७२

ભગવાન તો ક્ષર-અક્ષરથી ન્યારા છે અને તેમની મોટાઈ અમાપ છે. જેનાં એક રોમનાં છિદ્રમાં અનંત કોટિ બ્રહ્માંડ પરમાણુની જેમ રહ્યાં છે. તેનો કોઈ પાર પામી શકતા નથી. આવા જે મોટા ભગવાન તે જીવનું કલ્યાણ કરવાને માટે મનુષ્ય જેવા જ થાય છે ત્યારે જીવને સેવા કર્યાનો યોગ આવે છે. અને ત્યારે જ જીવોને ભગવાનનું અપાર સુખ આવે છે. ૭૦-૭૨. અને તે ભગવાન જેવા મોટા છે તેવડા ને તેવડા જ રહે તો બ્રહ્માંડના અધિપતિ જે અગણિત બ્રહ્માદિક દેવો, તેને પણ તેનાં દર્શન કરવા અને સેવા કરવાનું સામર્થ્ય રહે નહિ, તો મનુષ્યને તો ક્યાંથી રહે ? ૭૩-૭૪.

જેમ વડવાનળ અગ્નિ છે તે સમુદ્રના પાણીમાં રહ્યો છે, સમુદ્રના પાણીને પીવે છે છતાં ક્યારેય તેનાથી ઓલાતો નથી. ૭૫. જે વડવાનળ સમુદ્રનો પણ ઓલવ્યો ક્યારેય ઓલાતો નથી, આવો મોટો તે વડવાનળ આપણા ઘરમાં આવીને દીવાની જગ્યાએ જ્યારે બેસે ત્યારે આપણને દીવા જેવું સુખ થાય નહિ. ૭૬-૭૭. ઉલટાના તેનાથી બધા બળીને ભસ્મ થઈ જઈએ અને તે જ અગ્નિ જો દીવાના રૂપમાં હોય તો તે અજવાળું કરે અને તેનાથી બહુ આનંદ વધે. ૭૮. તે દીવો પણ તેનો તે જ અગ્નિ છે, તોપણ તેને ફૂંક મારીએ અથવા હાથથી ઓલાવીએ

તો તે ઓલાઈ જાય. ૭૯. આવો તે અસમર્થ છે છતાં પણ આપણને તે દીવાથી સુખ થાય, પણ વડવાનળથી તલભાર સુખ થાય નહીં. ૮૦. તે રીતે જ ભગવાન મનુષ્યના જેવા અસમર્થ જણાતા હોય, પણ તેનાથી જ અનેક જીવોનું કલ્યાણ થાય છે, તે વાત પ્રમાણરૂપ છે. ૮૧. પરંતુ જેમના એક એક રોમમાં અનંત કોટિ બ્રહ્માંડો રહ્યા છે એવી મૂર્તિનાં તો દર્શન કરવા માટેય કોઈ સમર્થ થાય નહીં. ૮૨.

માટે એવે રૂપે કરીને નક્કી કલ્યાણ ન થાય. તેથી એ ભગવાન મનુષ્યના જેવી મૂર્તિ ધારીને જેવાં જેવાં પરમ પવિત્ર ચરિત્રો કરે છે, તે બધાં જ ગાન કરવા યોગ્ય છે. જેમ સાકરના નાળિયેરમાં કોઈ ત્યાગ-ભાગ કરવાનો હોતો નથી, તે જ રીતે ભગવાનનાં ચરિત્રમાં પણ ત્યાગ-ભાગ કરાય નહિ, તેમ તમારે સમજવું. ૮૩-૮૫. પણ તમારે એમ ન સમજવું કે, 'ભગવાન થઈને આમ કેમ કરતા હશે ? કેમ જે, ભગવાનના કોઈ ભક્ત આવું સમજતા નથી. **ભગવાનનાં જેટલાં ચરિત્ર છે તે બધાંને કલ્યાણકારી પરમ પવિત્ર સમજવા એ જ ભક્તનો ધર્મ છે.** ૮૬-૮૭. આવી રીતે જે સમજે તે ભગવાનનો ખરો પૂરો ભક્ત છે અને આવી સમજણ ન હોય તો તે પૂરો ભક્ત નથી." ૮૮.

❋ મહિમા સહિત અને મહિમા રહિત ભક્તનાં લક્ષણ :

પછી રોજકા ગામના હરિભક્ત કાકાભાઈએ પૂછ્યું કે, 'માહાત્મ્ય વિનાનો એકલો ભગવાનનો નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? અને જેને માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ? તે આપ શ્રીહરિ કૃપા કરીને કહો.' ૮૯-૯૦. પછી શ્રીજીમહારાજ ઘણા હેતથી બોલ્યા કે, "જેનાં અંતરમાં માહાત્મ્ય વિનાનો એકલો જ નિશ્ચય હોય તેને તો એવા ઘાટ થાય છે કે, 'ભગવાન મળ્યા જેવું કહેવાય છે પણ શું જાણીએ કલ્યાણ થશે કે નહિ થાય ?' ૯૧-૯૨.

ચોપાઈ :

अरु जाकु माहात्म्य सहीता, निश्चे होउ ताके कहीता;
ताकु समझ में रहे हि ईमी, जे दिन से भगवान के तीमी...९३

दरशन भयेउ तेही दिनसे, कल्याण होई रहाये इनसे;
अरु जे जीव भाव हि सहीता, मेरे आई दरशन करीता...९४
तथा मेरे वचन जो माने, ताके सद्य कल्याण रहाने;
तब मेरे कल्याण हि तामें, कछु संशेय न रहाये यामें...९५

અને જેને માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય હોય તેની સમજણમાં તો એમ હોય છે કે, 'જે દિવસથી મને ભગવાનનાં દર્શન થયાં છે તે દિવસથી જ મારું કલ્યાણ તો થઈ રહ્યું છે. અને જે કોઈ જીવ અહીં આવીને ભાવથી મારું દર્શન કરશે અને મારાં વચનને માનશે તો તેનું પણ તત્કાળ કલ્યાણ થશે. ત્યારે મારાં કલ્યાણમાં તો કાંઈ સંશય નથી. ૯૩-૯૫. હું તો કૃતાર્થ થઈ ચૂક્યો છું. હવે હું જે કાંઈ સાધન કરું છું તે તો ભગવાનને રાજી કરવા માટે કરું છું. આમ જે નિશ્ચિત સમજે છે તેને ભગવાનનો માહાત્મ્ય સહિત દૃઢ નિશ્ચય છે, તેમ તમારે જાણવું." ૯૬-૯૭.

❋ ત્રણ પ્રકારના ભક્તનાં લક્ષણ :

પછી વળી, કાકાભાઈએ પૂછ્યું કે, "ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારના જે ભગવાનના ભક્ત છે તેનાં શાં લક્ષણ છે ? તે આપ શ્રીહરિ કહો. હું તે જાણવા ઈચ્છું છું." પછી શ્રીજીમહારાજ ત્યારે અમૃતરસથી ભરેલાં વચનો બોલ્યા. જેને સહુ ભક્તો સાંભળવા લાગ્યા. ૯૮-૧૦૦. "જે ભક્ત પોતાને દેહથી જુદો જે આત્મા તે રૂપે માને અને દેહનાં ગુણ જે જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઈત્યાદિક છે તે આત્મામાં કોઈ રીતે મનમાં માને નહિ. અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી ઈત્યાદિક જે આત્માનાં ગુણ છે તેને દેહમાં માને નહીં. વળી, પોતાના શરીરમાં રહેલો જે જીવાત્મા તેને દેખે, અને તે આત્મામાં રહેલા જે પરમાત્મા તેને પણ દેખે અને બીજાના દેહમાં રહેલા આત્માને પણ દેખે, એવો તે સમર્થ હોય. જેનું વર્ણન થઈ શકતું નથી. ૧૦૧-૧૦૫. આવો સમર્થ થયો હોય, તોપણ આત્મદર્શન કરતાં ભગવાન અને ભગવાનના સંતોને અધિક જાણે છે. ૧૦૬. પણ પોતાને જે નિત્ય આત્મદર્શન થઈ રહ્યું હોય તેનું તલભાર પણ અર્થાત્ લેશમાત્ર અભિમાન ક્યારેય આવે નહિ. ૧૦૭.

આવાં જેનાં લક્ષણ હોય તે **ઉત્તમ ભક્ત** કહેવાય છે. જેને ભગવાનના સ્વરૂપનો સંપૂર્ણ નિશ્ચય હોય, આત્મનિષ્ઠા હોય તોપણ ભગવાનના ભક્ત ઉપર કોઈક વાતે કરીને ઈર્ષ્યા થતી હોય, અને જો તેવામાં ભગવાન તેનું અપમાન કરે તો તે ભગવાન ઉપર પણ ઈર્ષ્યા આવે જે, 'અતિ મોટા થઈને વગર વાંકે આવું કેમ કહેતા હશે ?' એવાં જેનાં લક્ષણ હોય તે **મધ્યમ ભક્ત** કહેવાય છે. અને ભગવાનનો નિશ્ચય હોય તોપણ જેને આત્મનિષ્ઠા ન હોય અને ભગવાનમાં પ્રીતિ હોય તથા જગતના વ્યવહારમાં પણ પ્રીતિ હોય અને સંસારવ્યવહારમાં અપાર હર્ષ-શોકને પામતો હોય, તેવો જે હોય તે **કનિષ્ઠ ભક્ત** છે તેમ તેનાં લક્ષણે કરીને જાણવું. આ લક્ષણો સૂર્યની જેમ જ પ્રકાશ કરીને બતાવે છે. ૧૦૮-૧૧૪.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બોતેરમું વચનામૃત કહ્યું" એ નામે છોતેરમો તરંગ સમાપ્ત ॥૭૬॥



પૂર એકવીશમું : તરંગ - ૭૭

ગઢડા પ્રથમ પ્રકરણનું તોતેરમું વચનામૃત

✵ કામનું રૂપ અને તેને જીતવાના ઉપાય :

ચૈત્ર વદી અમાસને દિવસ રાત્રીના સમયે સ્વામી શ્રીસહજાનંદજી પ્રભુ પોતાને ભવન ઉત્તરાદા બારની ઓસરી ઉપર વિરાજમાન હતા. ત્યારે શ્વેત ખેસ પહેર્યો હતો, શ્વેત ચાદર ઓઢી હતી અને અનુપમ શ્વેત ફેંટો મસ્તક ઉપર બાંધ્યો હતો. શ્રીહરિનું સ્વરૂપ અદ્‌ભુત બન્યું હતું. તેમના મુખારવિંદની આગળ તે વખતે મુક્તાનંદસ્વામી આદિક ચાર-પાંચ મોટેરા સંતો અને દશ-વીશ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી ગોપાળાનંદસ્વામીએ શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, "કામનું કેવું રૂપ-લક્ષણ છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "વીર્ય એ કામનું રૂપ છે. તે લક્ષણે કરીને જણાય આવે છે." ૧-૬. પછી મુનિએ આશંકા કરી કે,

"વીર્ય તો સાત ધાતુ માંહેલો એક ધાતુ કહેવાય છે, એને કામનું રૂપ કેમ કહેવાય? ૭. અને તે વીર્યની ઉત્પત્તિ શેણે કરીને છે?" પછી શ્રીજીમહારાજ જેમ જાણતા હતા તેમ બોલ્યા, "મનોવહા નામની નાડીમાં મન નિવાસ કરીને રહ્યું છે. તે મનમાં જ્યારે સ્ત્રીસંબંધી સંકલ્પ થાય છે ત્યારે જેમ દહીં રવાઈએ કરીને મથાય અને જે ઘી હોય તે બધું ઉપર તરી આવે છે, ૮-૧૦. તેમ મનમાં થયેલા સ્ત્રીસંબંધી સંકલ્પે કરીને શરીરમાં રહેલું વીર્ય મથાઈને મનોવહા નામે નાડીમાં ભેળું થઈને શિશ્નદ્વારે આવે છે. જેનું વીર્ય શિશ્ન દ્વારા ક્યારેય બહાર ન આવે તે પુરુષ ઊર્ધ્વરેતા અને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવાય. ૧૧-૧૩. શ્રીકૃષ્ણ ભગવાને રાસક્રીડા કરી તેમાં ગોપીઓના સંગે કરીને પણ વીર્યપાત થવા દીધો નહિ. ૧૪. તે માટે તેઓ ઊર્ધ્વરેતા કહેવાયા અને તેમણે કામને જીતી લીધો. માટે **વીર્ય છે તે જ કામનું રૂપ છે. જે માણસ તે વીર્યને જીતીને અનુપમ રીતે વશ રાખે તેણે કામને જીતી લીધો."** ૧૫-૧૬.

પછી ગોપાળાનંદસ્વામીએ ફરીને પ્રશ્ન પૂછ્યો કે, "જ્યારે આ શરીરને બાળી દેવામાં આવે છે, ત્યારે જે સાત ધાતુ છે તે દેહના ભેળા બળી જાય છે. માટે જો વીર્ય જ કામનું રૂપ હોય તો દેહ ભેળું જ્યારે વીર્ય બળી જાય, ત્યારે તેના બળવાથી કામ પણ ભેળો જરૂર બળી જાવો જોઈએ. તો પછી તે જીવ જ્યારે બીજા શરીરમાં જાય છે ત્યારે કામના કેમ ઉત્પન્ન થાય છે? આ વાત તો ઘણી આશ્ચર્યભરી દેખાય છે." પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા કે, "વીર્ય તો સૂક્ષ્મ દેહ ભેળું રહે છે, તે બળતું નથી. સૂક્ષ્મ દેહના યોગે કરીને સ્થૂળ દેહનો ફરી ઉદય થાય છે. ૧૭-૨૧. જેમ ભૂત હોય તે સૂક્ષ્મ દેહપ્રધાન હોય છે, પછી સૂક્ષ્મ દેહમાંથી તે સ્થૂળ દેહને ધરીને જ્યારે કોઈ સ્ત્રીનો સંગ કરે છે ત્યારે તે સ્ત્રીમાં ભૂત થકી કોઈ ઠેકાણે બાળક ઉત્પન્ન થાય છે, તેમાં લગાર પણ મિથ્યા નથી. ૨૨-૨૩. માટે સૂક્ષ્મ દેહની સાથે વીર્ય અખંડ રહે છે."

પછી ગોપાળાનંદસ્વામીએ ફરીને પૂછ્યું કે, "શિવજી ઊર્ધ્વરેતા હતા પણ મોહિનીરૂપને જોઈને તેઓ અત્યંત સમર્થ હતા છતાં તેમને વીર્યપાત થયો હતો. ૨૪-૨૫. તેમ જેનાં શરીરમાં વીર્ય હોય તો તેને જાગ્રત અથવા

સ્વપ્ન અવસ્થામાં સ્ત્રીનો યોગ થાય ત્યારે વીર્યપાત થયા વિના રહે નહિ, માટે જ્યાં સુધી દેહમાં વીર્ય હોય ત્યાં સુધી તેને નિષ્કામી કેમ કહેવાય ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, "શિવજીને પણ એટલી યોગકળામાં ખોટ કહેવાય. તે વર્તન ઉપરથી દેખાઈ આવે છે. જેને જાગ્રત અથવા સ્વપ્ન અવસ્થાને યોગે કરીને સ્ત્રીના સંકલ્પ થકી કોઈ રીતે વીર્યપાત થાય તો તેને પાકો બ્રહ્મચારી ન કહેવાય. ૨૬-૩૦.

માટે આ ભરતખંડમાં દૃઢ બ્રહ્મચર્યવાળા તો એક નરનારાયણ ઋષિ જ છે, જેની ટેક ક્યારેય ખંડિત થતી નથી. અને આપણે તે નરનારાયણનો આશ્રય કર્યો છે, માટે તેમના પ્રતાપથી ધીરે ધીરે તેમનું ભજન કરતા તથા જપ જપતા તેમના સમાન આપણે પણ નિષ્કામી થઈશું, તેમાં કોઈ સંદેહ નથી. દેહમાં જે વીર્ય રહ્યું છે તેના બીજને બાળવા માટે યોગીઓ કેટલીએ પ્રકારે અપાર પ્રયત્નો કરતા રહે છે. અને **સુખદાયક શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીના સંગમાં રહીને નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત રાખ્યું, એવું મોટું સામર્થ્ય તો ભગવાનમાં જ હોય.** કેમ જે, એ એવી અદ્ભુત બાબત છે. ૩૧-૩૫. પણ બીજા કોઈથી આ રીતે ચોક્કસ ક્યારેય રહી શકાય નહિ. તેથી બીજા જે યોગીઓ હોય તેમણે તો રાત્રી-દિવસ જાગ્રત અથવા સ્વપ્ન અવસ્થામાં સ્ત્રીબાબતનો મનમાં સંકલ્પ કોઈ રીતે ન થાય એવો પ્રયત્ન કરવો." ૩૬-૩૭.

પછી શુકમુનિએ પ્રશ્ન પૂછ્યો કે, "દ્વારિકામાં સોળ હજાર એકસો ને આઠ શ્રીકૃષ્ણ ભગવાનને સ્ત્રીઓ હતી. તે હરેકમાં દશ દશ પુત્ર અને એક એક કન્યા થઈ હતી, એવી જે વાત કહેવાય છે એને કઈ રીતે સમજવું ?" પછી શ્રીહરિ બોલ્યા કે, "તે દ્વારિકાની વાત તો બીજી જ છે." ૩૮-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું તોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે સત્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૭॥



પૂર એકવીશમું : તરંગ - ૭૮

ગઢડા પ્રથમ પ્રકરણનું તોતેરમું ચાલું વચનામૃત

પછી શ્રીહરિ કહેવા લાગ્યા કે, "દ્વારિકામાં તો ભગવાન સાંખ્યમતને આશર્યા હતા. ૧. સાંખ્યમતવાળા હોય તે દેહ, ઇન્દ્રિયો અને મન તે સહુથી પોતાનાં સ્વરૂપને ભિન્ન સમજે છે. ૨. અને બધી ક્રિયાઓને કરતા થકા પોતાને અકર્તા સમજે છે. અર્થાત્ તે ક્રિયાએ કરીને હર્ષ-શોકમાં તણાતા નથી. ૩. ભગવાન શ્રીકૃષ્ણ દ્વારકામાં તે મતને આશર્યા હતા, તેથી ભગવાનને નિર્લેપ કહ્યા છે. ૪. અને ભગવાન દ્વારિકામાં જે સાંખ્યમતને આશર્યા હતા તે મત તો જનક જેવા રાજાનો છે. ૫. જે રાજા ગૃહસ્થાશ્રમમાં રહીને પ્રભુને ભજે તે જ સાંખ્યમતને અનુસરે, એમ ભગવાન પણ તે રીતે ગૃહસ્થાશ્રમમાં રહીને નિર્બંધ રહ્યા હતા.

શ્રીકૃષ્ણ દ્વારિકાના રાજા કહેવાતા હતા પણ તેમણે સાંખ્યમત રાખ્યો હતો. ૬-૭. તેથી જેટલી ક્રિયાઓ કરવી જોઈએ તે બધી કરતા થકા નિર્લેપ હતા. અને વૃંદાવનમાં તો તેઓ યોગકળાને આશર્યા હતા, તેથી સ્ત્રીઓના સંગે કરીને પણ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રતને દૃઢ કરીને રાખ્યું. ૮-૯. આ ઠેકાણે કૃપાળુ અને પરમદયાળુ શ્રીકૃષ્ણ ભગવાને પોતાને વિષે કરોડગણું નરનારાયણ ઋષિપણું દેખાડ્યું. ૧૦. શ્રીમદ્ભાગવતમાં કપિલદેવજી ભગવાને દેવહૂતિ માતા પ્રત્યે આ વાત કહી છે જે, 'સ્ત્રીરૂપી મારી માયાને જીતવા માટે નરનારાયણ ઋષિ સિવાય બીજા કોઈ ગમે તેવા હોય તોપણ તે સમર્થ દેખાતા નથી. ૧૧-૧૨. માટે જ શ્રીકૃષ્ણ ભગવાને સ્ત્રીઓની સાથે રહીને પણ કામને જીતી લીધો હતો. ૧૩.

અને જ્યારે દુર્વાસા ઋષિ આવ્યા ત્યારે સુખનિધાન ભગવાને સર્વે ગોપીઓને અન્નના ભરેલા થાળ લઈને મોકલવા માંડી ત્યારે ગોપીઓ બોલી કે, 'માર્ગમાં યમુનાજીનું પૂર વહે છે. ૧૪-૧૫. તેને અમે કેમ ઊતરશું ?' ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન બોલ્યા કે, 'યમુનાજી પાસે જઈને એ રીતે કહેજો કે, 'અમારા પ્રેમી શ્રીકૃષ્ણ જો સદા બાળબ્રહ્મચારી હોય તો અમને માર્ગ

આપો. ૧૬-૧૭. પછી ગોપીઓએ જઈને તેમ કહ્યું ત્યારે યમુનાજીએ તરત જ માર્ગ આપ્યો. પછી ગોપીઓએ ઋષિને જમાડ્યા અને ઋષિ પ્રત્યે કહ્યું, 'આ યમુનાજી આગળ અમારા રસ્તામાં છે, તો અમે અમારે ઘેર કઈ રીતે જઈએ ?' ત્યારે ઋષિએ કહ્યું, 'તમે કઈ રીતે આવ્યા હતા ?' ત્યારે ગોપીઓએ કહ્યું, ૧૮-૧૯. 'અમે યમુનાજીને એમ કહ્યું હતું કે, શ્રીકૃષ્ણ જો સદા બાળબ્રહ્મચારી હોય તો હે યમુનાજી ! અમને માર્ગ આપો. ત્યારે યમુનાજીએ અમને માર્ગ દીધો. પણ હવે અમે કઈ રીતે ઘેર જઈએ ?' ત્યારે દુર્વાસા ઋષિ બોલ્યા કે, ૨૦-૨૧. 'યમુનાજીને એમ કહેજો કે, દુર્વાસા ઋષિ હંમેશાં ઉપવાસી હોય તો માર્ગ આપજો, અમારે તત્કાળ ઘેર જાવું છે.' ૨૨.

પછી ગોપીઓએ આવીને જ્યારે યમુનાજીને તેમ કહ્યું ત્યારે યમુનાજીએ તેમને માર્ગ દીધો. ત્યારે ગોપીઓના મનમાં અતિશય આશ્ચર્ય થયું. ૨૩. પણ તે ગોપીઓ ભગવાન તથા ઋષિના મહિમાને જાણી શકી નહિ. **ભગવાન નૈષ્ઠિક વ્રત રાખીને ગોપીઓને સંગે રાસ રમ્યા હતા માટે બ્રહ્મચારી હતા. અને દુર્વાસા ઋષિ તો વિશ્વાત્મા શ્રીકૃષ્ણ ભગવાનમાં પોતાના આત્માને એક કરીને ગોપીઓના થાળને જમી ગયા હતા. ૨૪-૨૬. માટે તે ઋષિ પણ ઉપવાસી જ હતા. જે કાંઈ અન્ન હતું તે બધું જ તેમણે ભગવાનને જમાડ્યું હતું.** માટે જે અતિશય મોટા હોય તેની ક્રિયા કળ્યામાં આવતી નથી. એવા મોટાનો યોગ મળે તે સહુથી શ્રેષ્ઠ બાબત છે. ૨૭-૨૮.

અને સાંખ્યવાળાને શોધીએ તો હજારો મળી આવે, પણ યોગકળાએ કરીને દૃઢ ઊર્ધ્વરેતા હોય એવા તો એક નરનારાયણ ઋષિ જ છે, અથવા તેમના જે આશ્રિતો હોય, તે પણ તેમના ભજનના પ્રતાપે કરીને અમાપ સમર્થ થાય છે. ૨૯-૩૦. અર્થાત્ તેમના ભજનના પ્રતાપે અપાર દૃઢ બ્રહ્મચર્યવ્રતવાળા થાય છે. પણ તેમના ભક્ત સિવાય અન્ય કોઈથી ક્યારેય દૃઢ બ્રહ્મચર્યવાળા થવાતું નથી. આ વાત નક્કી માની લેવી. અને જેને ઇન્દ્રિય દ્વારા જાગ્રત અથવા સ્વપ્ન અવસ્થામાં વિકાર થવાથી વીર્યપાત થાય છે તે બ્રહ્મચારી કહેવાય નહિ. અને આઠ પ્રકારે સ્ત્રીનો ત્યાગ જે દૃઢપણે રાખે છે, તે તો બ્રહ્મચર્યના માર્ગે ચાલ્યા છે. તેથી હવે તે ભગવાન નરનારાયણના

અપાર પ્રતાપે કરીને ધીરે ધીરે દૃઢ બ્રહ્મચારી થશે, તેમાં કાંઈ સંદેહ નથી. અને અમે જ્યારે નાના હતા ત્યારે એવી વાત સાંભળી હતી કે, 'આ વીર્ય તો પરસેવા દ્વારા પણ ચોક્કસ સ્રવી જાય છે. પછી એ વીર્યને દૃઢપણે ઊર્ધ્વ રાખવા માટે બે પ્રકારની જળબસ્તિને અમે ઘણા પ્રેમથી શીખ્યા. અને કુંજર ક્રિયા શીખ્યા તથા કામને જીતવાને માટે કેટલીય પ્રકારના આસન શીખ્યા. વળી, તે માટે જે જે સાધન સાંભળ્યા હતા તે બધા તત્પર થઈને કરતા રહ્યા. ૩૧-૩૮. તથા રાતે જ્યારે અમે સૂતા ત્યારે સ્વપ્નમાં પણ ક્યારેય વીર્યપાત ન થાય તેટલા માટે અમે ગોરખ આસન કરીને સૂતા હતા. ૩૯. પછી તો અમે કામને જીતવા માટે બધાં જ કઠણ સાધન કર્યાં. જેથી શરીરમાંથી જરાય પણ પરસેવો નીકળતો નહિ. ઠંડી અને ગરમી પણ લાગતી નહિ. પછી રામાનંદસ્વામી પાસે અમે આવ્યા ત્યારે સ્વામીને દેખીને અમને ઘણો આનંદ થયો. પછી અમને પરસેવો વળે તે માટે સ્વામીએ ઘણા ઉપાય કર્યા. આખા શરીર ઉપર કેટલાક દિવસ સુધી આવળ બંધાવી, ૪૦-૪૨. તોપણ તેનાથી શરીરમાં પરસેવો આવ્યો નહિ. માટે કામને જીતવાનું સાધન તો સહુથી વધુ કઠણ છે. ૪૩.

❋ કામ જીતવાના શ્રેષ્ઠ ઉપાયો :

चोपाई :

भगवान के स्वरूप की जाकू, उपासना के दृढ बल वाकू;
होय अरु अतिशेय कर जेहा, पंचविषय हि तिनमें सुँ तेहा...४४

दोहा : निर्वासनिक हि होय जेहि, अरु निर्वासनिक ताकि;
पणेकी अति दृढ गांठ हि, बंधानी होय तेहि...४५
तेसे पुरुष भगवान के, प्रताप करिके जेहु;
निष्कामी दृढ होत हे, निश्चे बात हे तेहु...४६

પાકો નિષ્કામી કોણ થઈ શકે ? તો, **જેને ભગવાનના સ્વરૂપની ઉપાસનાનું દૃઢ બળ હોય અને પંચવિષયમાંથી જે અતિશય નિર્વાસનિક થયો હોય અને નિર્વાસનિકપણાની દૃઢતા જેને અતિ મજબૂત થઈ ગઈ હોય, તેવો પુરુષ ભગવાનના પ્રતાપે કરીને તેમનો દૃઢ નિષ્કામી ભક્ત થાય છે,** તે વાત

નિશ્ચિત છે." ૪૪-૪૬. પછી સમર્થ એવા નિત્યાનંદસ્વામીએ શ્રીહરિને પૂછ્યું કે, "નિર્વાસનિક થવાનું કારણ તો આપે કહી એવી આ વાત સાંભળવી તે છે કે વૈરાગ્ય છે ?" પછી શ્રીજીમહારાજ પોતે બોલ્યા. ૪૭-૪૮.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું તોતેરમું ચાલું વચનામૃત કહ્યું" એ નામે અઠ્યોતેરમો તરંગ સમાપ્ત ॥૭૮॥



પૂર એકવીશમું : તરંગ - ૭૯

ગઢડા પ્રથમ પ્રકરણનું તોતેરમું બાકીનું વચનામૃત

પછી શ્રીહરિ બોલ્યા જે, "વૈરાગ્ય તો એકલો ટકી શકે નહિ. આત્મનિષ્ઠા વિના તે અંતે નાશ થઈ જાય છે. ૧. જ્યારે આત્મનિષ્ઠા હોય અને ભગવાનની મૂર્તિનું યથાર્થ જ્ઞાન હોય પછી તે પોતાના હૃદયમાં વારંવાર એવો વિચાર કરે જે, 'હું તો આત્મા છું, સચ્ચિદાનંદરૂપ છું અને અજર, અમર તથા અછેદ્ય છું. ૨-૩. અને જે પિંડ-બ્રહ્માંડ છે તે માયિક છે અને તે ચોક્કસ નાશવંત છે. ૪. માટે હું ક્યાં ? અને એ પિંડ-બ્રહ્માંડ ક્યાં ? અને મારા ઈષ્ટદેવ જે પુરુષોત્તમ ભગવાન છે તે તો અનંત કોટિ બ્રહ્માંડના આધાર એવા જે અક્ષર તેનાથી પણ પર છે. તે ભગવાનનો મારે દૃઢ આશ્રય થયો છે.' એવા વિચારમાંથી જે શ્રેષ્ઠ વૈરાગ્ય ઉત્પન્ન થાય તે વૈરાગ્ય જ્ઞાનથી યુક્ત કહેવાય. ૫-૭.

તેવા વૈરાગ્યનો કોઈ કાળે નાશ થતો નથી. જેમ અહીં અગ્નિ બળતો હોય તેના ઉપર પાણી પડે તો તે તરત ઓલાઈ જાય છે. પણ વડવાનળ અગ્નિ તો સમુદ્રમાં રહે છે, છતાં તે પાણીનો ઓલાવ્યો ઓલાતો નથી. તેમ જ્ઞાને યુક્ત એવો જે વૈરાગ્ય, તે વડવાનળ અગ્નિ અને વીજળીના અગ્નિ જેવો છે, તે કોઈ કાળે પાણીથી-વિષયાદિકથી ઓલાતો નથી. ૮-૧૦. તેવા વૈરાગ્ય સિવાયનો બીજો કેટલોક વૈરાગ્ય હોય તેનો વિશ્વાસ આવે નહિ. કારણ કે, તે જ્ઞાન વિનાનો વૈરાગ્ય છે. ૧૧. અને અમારો જે વૈરાગ્ય છે,

તે તો વીજળીનો અગ્નિ તથા વડવાનળ અગ્નિ સરખો છે. ૧૨. તે અમારા સ્વભાવને તો જે અતિશય અમારી સાથે રહે છે, તે યથાર્થ પ્રકારે જાણે છે. ૧૩. અને જે અમારાથી દૂર રહે છે તે ગમે તેવો ચતુર હોય, તોપણ તેને અમારો સ્વભાવ જાણ્યામાં આવતો નથી. ૧૪.

❋ નિર્દોષબુદ્ધિથી જ દોષો રહિત થવાય છે :

અને આ મુકુંદાનંદ બ્રહ્મચારી ભોળા જેવા જણાય છે તોપણ તે અમારા સ્વભાવને યથાર્થ જાણે છે કે, 'મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે. એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી. ૧૫-૧૬. આવી રીતે અમારા અપરંપાર સ્વભાવને જાણે છે, તેથી જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં આવીને રહ્યા છે. અને અંતર્યામી સહુમાં રહ્યા છે તે બાઈ-ભાઈને મનમાં એમ સમજાવે છે કે, 'બ્રહ્મચારીમાં કોઈ વાતની ખોટ નથી.' તે એવા રૂડા ગુણ આવ્યાનું કારણ અમે કહીએ છીએ. ૧૭-૧૯.

चोपाई :

बडे पुरुष रहे तामें जबही, निरदोष बुद्धि रखेउ तबही;
पोते सबहि दोष हि रहीता, होई जावत हे तेसी रीता...२०
अरु जो बडे पुरुष में जेता, दोष परठत हे दुरबुद्धि तेता;
दोष परठत रहाये ताकी, बुद्धि भ्रष्ट होय जावत वाकी...२१
अरु कामादिक शत्रु जेते, सब हि तेही आयके तेते;
ताके हिय में करत निवासा, शुभमति ताके होत सब नासा...२२

જ્યારે મોટા પુરુષમાં નિર્દોષબુદ્ધિ રાખે છે ત્યારે તે પોતે પણ તે રીતે જ બધા દોષોથી રહિત થઈ જાય છે. ૨૦. અને જે દુર્બુદ્ધિ માણસ મોટા પુરુષમાં જેટલા દોષ પરઠે છે તેટલી તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ૨૧. અને કામાદિક જેટલા અંતઃશત્રુ છે તે બધા જ તેનાં હૃદયમાં આવીને નિવાસ કરે છે. પછી તેની બધી શુભ બુદ્ધિનો નાશ થઈ જાય છે. ૨૨. પછી એ સત્પુરુષમાં દોષબુદ્ધિ કરનારાના હૃદયમાં ભૂંડાં ભૂંડાં ઘાટ અપાર પીડા કરતા રહે છે. પછી તેને હરિભક્તની સાથે લગાર પણ ચિત્ત-દિલ મળતું નથી, અર્થાત્ તેનું મન જૂદું રહે છે. તેને કોઈ લગાર વચન કહે

તોપણ બહુ વસમું લાગે છે. ૨૩-૨૪. પછી તે સત્સંગમાં રહે તોપણ તેને રોજ રોજ ઘણુંક દુઃખ વધતું રહે છે, પણ ક્યારેય મટતું નથી. કારણ કે, તેની બુદ્ધિ દૂષિત છે. ૨૫.

અને જે રૂડી બુદ્ધિવાળા છે તે તો અમારી સમીપે રહીને અમારી બધી પ્રકૃતિને દૃઢપણે જાણે છે કે, જેટલા સંસારમાં મોહ ઉપજાવનારા ધન, સ્ત્રી, અલંકાર ઇત્યાદિક અપાર પદાર્થ છે તથા ખાન-પાનાદિક છે, એ કોઈ પદાર્થમાં મહારાજને ક્યારેય હેત નથી. મહારાજ તો તે સહુથી ઘણા ઉદાસ છે. અને કોઈને દયાએ કરીને હેતથી પાસે બેસવા દે છે અથવા જે કાંઈ જ્ઞાનવાર્તા કરે છે, તે તો કેવળ જીવના કલ્યાણને માટે દયાએ કરીને કરે છે; એ જ એક તેનું નિમિત્ત છે. ૨૬-૩૦. અને જે મૂર્ખ હોય તે નિરંતર અમારી પાસે રહે તોપણ તે અમારા સ્વભાવને એવો ક્યારેય જાણતો નથી. ૩૧.

❋ નિર્વાસનિક થવાના શ્રેષ્ઠ ઉપાયો :

અને તે દૂર રહેતો હોય તે પણ અમારા સ્વભાવને જાણી શકતો નથી. અને આ વાત યથાર્થરૂપમાં તો તેને જ સમજવામાં આવે, જેને આત્મનિષ્ઠા પરિપક્વ હોય અને તે પોતાના આત્મામાં પરમેશ્વરની મૂર્તિને ધારીને ભક્તિ કરતો હોય અને પોતે બ્રહ્મરૂપ થઈને વર્તતો હોય તોપણ તે ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે નહિ. આમ, **આત્મનિષ્ઠા અને ભગવાનની મૂર્તિનો યથાર્થ મહિમા જે સમજે છે તેણે કરીને તેને કોઈ પદાર્થને વિશે પછી વાસના રહેતી નથી.** અને તે વાસના ટળ્યા પછી જેવું પોતાના દેહનું પ્રારબ્ધ હોય તેવાં સુખ-દુઃખને ભોગવતો રહે ખરો, ૩૨-૩૬. પણ તેને સત્સંગના યોગે કરીને અને સત્સંગની વાતોએ કરીને ઇન્દ્રિયોની તીક્ષ્ણતા તત્કાળ મટી જાય છે. ૩૭.

અને મનોમય ચક્રની જે ધારા છે તે ઇન્દ્રિયો છે. તે જ્યારે બ્રહ્મ અને બ્રહ્મથી પર પરબ્રહ્મનું સાક્ષાત્ દર્શન થાય છે ત્યારે તે ચક્રની ધારાઓ બધી બુઠ્ઠી થઈ જાય છે. જેમ કોઈ પુરુષે લીંબુ ચૂસ્યાં હોય ત્યારે તેના બધા દાંત અંબાઈ જાય. ૩૮-૪૦. પછી તેનાથી કોઈ રીતે ચણા ચવાય નહિ. જો અતિશય ભૂખ્યો થયો હોય તો ચણાને ગળી જાય, પણ ક્યારેય ચણા

ચવાય નહિ. તેમ જેણે આત્માનો અને ભગવાનનો મહિમા યથાર્થ જાણ્યો હોય તેને કોઈ લોકના વિષયસુખને વિષે ક્યારેય આનંદ થતો નથી. અને જ્યાં સુધી દેહનું પ્રારબ્ધ હોય ત્યાં સુધી ખાન-પાનાદિક બધા ભોગોને ભોગવે ખરો, પણ જેમ દાંત અંબાઈ ગયેલો આખા ચણાને ગળી જાય, તેમ ભોગોને ભોગવે. પણ જેને દૃઢ જ્ઞાન થયું હોય તેને જ એવું થાય છે. **પાકું જ્ઞાન અને પાકો ખપ, એ બે વિના વાસના ટાળવી એ પણ કામ ઘણું કઠણ છે.** કેમ જે, વાસના એવી છે કે, તે દેખ્યામાં પણ આવતી નથી. એટલે તો સમાધિનિષ્ઠ થાય તોપણ જ્ઞાન પક્વ ન થયું હોય તો તેને પણ વાસના રહી જાય છે. ૪૧-૪૬.

❋ સમાધિમાંથી પાછા આવે છે તેના ત્રણ કારણ :

સમાધિ થયા પછી તો ક્યારેય બ્રહ્મના સુખને તજીને તેમાંથી કોઈ રીતે દેહમાં અવાતું નથી. ૪૭. અને જો સમાધિમાંથી દેહમાં અવાય છે તો તેના ત્રણ હેતુ છે. તેમાં એક તો, જો કાંઈ સંસારના સુખની વાસના હોય તો તે સમાધિમાંથી તે વાસનાને કારણે દેહમાં પાછો આવે છે. કાં તો પોતે અતિ સમર્થ હોય તે સમાધિમાં જાય છે અને પાછો પોતાની ઈચ્છાએ કરીને દેહમાં આવે છે. અથવા તો પોતાના કરતાં પણ કોઈ અતિ સમર્થ હોય તે સમાધિમાંથી તેને દેહમાં પાછો લાવે છે. આમ ત્રણ પ્રકારે સમાધિમાંથી પાછું દેહમાં અવાય છે. ૪૮-૫૧. અને જ્યારે સમાધિમાં બ્રહ્મનું દર્શન થાય છે ત્યારે કરોડો કરોડ સૂર્યના જેવો તે બ્રહ્મનો પ્રકાશ દેખાય છે. તેને દેખીને જો તે થોડી સમજણવાળો હોય તો તેનું મન પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાં ન્યૂનપણું સમજે અને તે બ્રહ્મમાં અધિકપણું માની લે છે, એટલે તેને ઉપાસનાનો ભંગ થઈ જાય. ૫૨-૫૪.

चोपाई :

माट हि प्रत्यक्ष मूर्ति तामें, अति दृढ निश्चे रहे जब यामें;
तब सब काम सिद्ध होत ताके, ता बिन सिद्ध न होत बात वाके...५५
अरु अमे पण एसी हि रीता, प्रत्यक्ष मूर्ति ताके खचीता;
दृढ निश्चेकर रखेउ एसा, अधिक रखे न मूर्ति बिन केसा...५६

सुने देखेमें आवत जेता, मूर्ति बिन अधिक न देखत तेता;
ज्ञान की अवधी रहेउ इतना, मूर्ति बिन अधिक न देखत तितना...५७
मूर्ति बिन जिहाँ लग अधिक देखावे, समझमें तिहाँ लग कसर रहावे;
हम में बडता अधिक रहे इतने, मूर्ति बिन अधिक न देखत तितने...५८

માટે ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિનો જ્યારે અત્યંત દૃઢ નિશ્ચય રહે ત્યારે તેના બધા જ કામ સિદ્ધ થઈ જાય છે. તે વિના તો કોઈ વાત સિદ્ધ થાતી નથી. ૫૫. અને અમે પણ એવી રીતે તે પ્રત્યક્ષ મૂર્તિનો ચોક્કસ દૃઢ નિશ્ચય કરી રાખ્યો છે. અને મૂર્તિ સિવાય કોઈને અધિક રાખ્યા નથી. ૫૬. જે કાંઈ દેખ્યા-સાંભળ્યામાં આવે છે તેમાં ભગવાનની મૂર્તિ સિવાય કોઈને અધિક દેખતા-માનતા નથી. અમારા જ્ઞાનની અવધિ એટલી છે કે મૂર્તિ સિવાય કોઈને અધિક ન દેખવું. ૫૭. જ્યાં સુધી મૂર્તિ સિવાય કોઈ અન્ય વસ્તુ અધિક દેખાય ત્યાં સુધી તેની સમજણમાં કસર છે. અમારામાં સહુથી અધિક મોટાઈ એટલી જ છે કે અમે મૂર્તિ સિવાય અન્ય કોઈ બાબતને અધિક દેખતા નથી. ૫૮.

વેદ, પુરાણ અને ભારત આદિક જે જે શાસ્ત્ર એવું નામ ધરાવે છે, તે બધાની સમજણ પણ એટલી જ છે કે, **ભગવાનની મૂર્તિ વિના બીજું કાંઈ જ અધિક નથી.** ૫૯. અને જો કોઈ અમને સાચો થઈને પોતાનું મન અર્પણ કરે અને કોઈ જાતનો લેશમાત્ર પણ અંતરાય ન રાખે, તો અમે તે હરિભક્તમાં ક્યારેય કોઈ વાતની જરા પણ કસર રહેવા દઈએ નહિ. ખોળી ખોળીને તેની બધી જ કસર જરૂર કાઢી નાખીએ. ૬૦-૬૧.

❋ મન અર્પણ કર્યું છે કે નહિ ? તેનાં લક્ષણ :

પછી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું કે, "જેણે મન અર્પણ કર્યું હોય તેનાં કેવાં લક્ષણ હોય ? ૬૨. અને જેણે મન અર્પ્યું ન હોય તેનાં કેવાં લક્ષણ હોય ? તે બંને અલગ અલગ અમને કહો. તે વાત આપના સમાન બીજા કોઈ જાણતા નથી." ૬૩. પછી શ્રીહરિ પ્રસન્ન થઈને બોલ્યા કે, "જેણે અમને મન અર્પણ કર્યું હોય, તે જ્યારે પરમેશ્વરની વાત થતી હોય તથા પરમેશ્વરનાં જ્યારે દર્શન થતાં હોય ત્યાં જો પોતે હાજર ન હોય તો તેની

અતિશય મનમાં દાઝ થાય, ત્યારે તેણે મન અર્પણ કર્યું છે તેવું જણાય છે. જ્યારે ભગવાનનાં દર્શન તથા ભગવાનની વાત થતી હોય તે સમયે હાજર ન હોય તે વાતની જેનાં મનમાં દાઝ ન થાય, તો તેણે મન અર્પણ કર્યું નથી એવો તે છે. વળી, ભગવાનનાં દર્શન તથા વાતોમાં જે ઊંઘતો રહે તથા સેવા કરવામાં જેને શ્રદ્ધા ન હોય તેણે પણ મન દીધું નથી, એમ જાણવું. આ બાબત વાતમાં પ્રગટ દેખાય છે.

કેમ જે, જેણે અમને મન અર્પણ કર્યું હોય, તે જ્યારે ભગવાનની વાત થતી હોય ત્યારે તેને સાંભળવામાં તત્પર રહે, તથા ભગવાનનાં દર્શન કરવામાં તત્પર રહે. અને તેમાં વધારે વધારે પ્રીતિવાળો થાય, પણ તેમાંથી તેનું મન દેહપર્યંત પાછું પડે નહિ. ૬૪-૬૯. વળી, જ્યારે પરમેશ્વર કોઈને પરદેશ મોકલતા હોય ત્યારે જેણે મન અર્પણ કર્યું હોય તેનાં મનમાં એવો સંકલ્પ થાય કે, 'મને જો આજ્ઞા કરે તો હું બુરાનપુર તથા કાશી જ્યાં કહે ત્યાં રાજી થકો જરૂર જાઉં, તેમાં કાંઈ ખોટું નથી.' ૭૦-૭૧.

આવી રીતે **પરમેશ્વરનાં ગમતામાં પ્રેમથી રહેતો હોય તે અમારી આજ્ઞાથી કદાચ હજારો ગાઉ દૂર ગયો હોય, તોપણ અમારી સમીપે જ રહે છે.** અને જે આવી રીતનો ન હોય તેણે અમને મન અર્પ્યું નથી. તે અમારી સમીપે રહેતો હોય, તોપણ લાખો ગાઉ દૂર છે. જેણે મન અર્પણ ન કર્યું હોય તેને ઉપદેશ દેવામાં પણ ડર લાગે છે કે, શું જાણીએ, તે મનમાં કેવું સમજશે ? અર્થાત્ સવળું સમજશે કે અવળું સમજશે ? આમ જેણે મન ન સોંપ્યું હોય તેનો ડર રહે છે. ૭૨-૭૫. આ રીતે જેણે મન અર્પ્યું હોય અને ન અર્પ્યું હોય તે બંનેનાં લક્ષણ અમે કહ્યાં." આ રીતે શ્રીહરિએ વાત કરી. ૭૬.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું બાકીનું તોતેરમું વચનામૃત કહ્યું" એ નામે ઓગણએંસીમો તરંગ સમાપ્ત ॥૭૯॥



પૂર એકવીશમું : તરંગ - ૮૦

ગઢડા પ્રથમ પ્રકરણનું ચુંમોતેરમું વચનામૃત

✵ આપત્કાળના સમયે સમજણની પરીક્ષા થાય છે :

વૈશાખ સુદિ એકાદશીને દિવસ સવારના પહોરમાં સર્વ સુખનું કારણ અને વિશ્વવંદ્ય એવા સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ જે લીંબડાનું વૃક્ષ છે તેની નીચે ઓટા ઉપર પલંગ બિછાવેલો હતો તેના ઉપર દર્શન દેવાં માટે બેઠાં હતાં. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. તે વખતે પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ૧-૪.

પછી શ્રીજીમહારાજ મુનિઓ પ્રત્યે બોલ્યા કે, **“જેને જેટલો વૈરાગ્ય હોય તથા જેને જેટલી સમજણ હોય તે, તેને જ્યારે કોઈક વિષયભોગની પ્રાપ્તિ થાય અથવા જ્યારે કોઈ આપત્કાળ આવી પડે ત્યારે તે કળાય છે. ૫-૬. પણ તે સિવાય ક્યારેય કળ્યામાં આવે નહિ,** તે વાત નક્કી છે. જ્યારે ઝાઝી સંપત્તિ મળે અથવા ક્યારેક કોઈ કઠણ આપત્કાળ આવી પડે ત્યારે તેની વાત શી કહેવી ? તે વખતે તેનો વૈરાગ્ય તથા સમજણ જેવા હોય તેવા તે જણાઈ આવે છે. કામ-પ્રસંગ પડ્યા સિવાય જેવું હોય તેવું યથાર્થ દેખ્યામાં આવતું નથી. ૭-૮. હમણાં આ દાદા ખાચરને થોડોક આપત્કાળ આવ્યો હતો ત્યારે તેમાં પણ જેનું જેવું અંતઃકરણ હશે તેને તે દેખાઈ આવ્યું હશે. તેમાં તલ જેટલું પણ છાનું રહ્યું નહિ હોય.”

પછી મુક્તાનંદસ્વામી શ્રીહરિ પ્રત્યે બોલ્યા કે, “ભગવાનના ભક્તનો પક્ષ તો રહે છે પણ તે પક્ષ સમજીને રહે છે. કેમ જે, સત્સંગના જેવું બીજું કાંઈ દેખાતું નથી. ૯-૧૧. જો સત્સંગનું ઉત્કૃષ્ટપણું વધારે ને વધારે હોય તો તેને દેખીને ઘણા જીવોને સમાસ થાય. ૧૨. અને જ્યારે કાંઈક સત્સંગના અપમાન જેવું હોય ત્યારે કોઈ જીવને સમાસ ન થાય. ૧૩. માટે એવી બાબતને દેખીને મનમાં હર્ષ-શોક જેવું થાય છે, પણ તે સિવાયની બીજી બાબત દેખીને ક્યારેય હર્ષ-શોક થતો નથી.” ૧૪.

❋ જે ગોવિંદનું ગમતું કરે તે તેમને વરે :

તે સાંભળીને પછી શ્રીહરિ બોલ્યા જે, "આપણે બધા તો શ્રીકૃષ્ણનારાયણના દાસ થયા છીએ તેમ સમજવું. તેથી તે શ્રીકૃષ્ણનારાયણને જેમ ગમે તેમ રાજી રહેવું. કારણ કે, બધી બાબત તેમને આધીન છે. ૧૫-૧૬. તે શ્રીકૃષ્ણનારાયણની ઈચ્છામાં બધી વાત રહી છે, માટે સત્સંગની જેટલી વૃદ્ધિ કરવી હોય તે તેમના હાથમાં છે. ૧૭. અને સત્સંગ ઘટાડવાની વાત પણ તેમના જ હાથમાં છે. એટલે સત્સંગ વધારવો-ઘટાડવો વગેરે બધી બાબતની દોરી શ્રીકૃષ્ણના હાથમાં છે. ૧૮. તેમની જેવી ઈચ્છા હોય તે પ્રમાણે બધી બાબત થાય છે. આવો જેને નિશ્ચય થાય તે હર્ષ-શોકરૂપી સમુદ્રને તરી ગયા છે. ૧૯. જેના કરવાથી જ બધી બાબતો થાય છે, જેનાથી વધુ કોઈ સમર્થ નથી, એવા ભગવાન છે. તે ભગવાન આપણને હાથીએ બેસાડે તો હાથીએ બેસીને રાજી રહેવું, અને ગધેડા ઉપર બેસાડે તો ગધેડે બેસીને રાજી રહેવું. પરમેશ્વરની જેવી મરજી હોય, તે જ સર્વોપરિ વાત છે. ૨૦-૨૧. પરમેશ્વરના જે કોઈ સાચા ભક્ત હોય તે જ્યારે કામ પડે ત્યારે દેખાઈ આવે છે. જેવો જે ભક્ત હોય તે કામ પડ્યા સિવાય દેખાતો નથી. ૨૨.

चोपाई :

भगवान यह ताके हि जेहा, चरणारविंद विन हि जो तेहा;
दुजे किहाँ यह प्रीत न रखीता, भगवान की इछा हि करीता...२३

दोहा : जेसी रीत सत्संग की जो, वृद्धि हि होवे जाय;
तेसी रीत मगन मन महिं, रे'ना अपने ताय...२४

આ ભગવાનના ચરણારવિંદ સિવાય બીજે ક્યાંય લેશ પણ પ્રેમ રાખવો નહિ. અને તે ભગવાનની ઈચ્છાએ કરીને જે રીતે સત્સંગની વૃદ્ધિ થતી જાય તે રીતે પોતે મનમાં રાજી રહેવું. ૨૩-૨૪. પછી તે ભગવાનની ઈચ્છાએ કરીને આ આખું જગત સત્સંગી થાઓ અથવા બધા સત્સંગી મટી જાઓ, પણ કોઈ પ્રકારે મનમાં ક્યારેય હર્ષ-શોક કરવો નહિ. બધું ભગવાનનું કર્યું જ થાય છે. ૨૫-૨૬. **જેમ સૂકું પાંદડું વાયુને આધારે ફરકે છે, તેમ બધું જગત ભગવાનને આધીન રહ્યું છે. ૨૭. આ રીતે સમજીને, આનંદમગ્ન**

રહીને, નિત્ય ભાવે સહિત પરમેશ્વરનું ભજન કરવું. ૨૮. 'આપણને તો ભગવાન મળ્યા છે,' એમ જાણીને મનમાં કોઈ જાતનો શોક કે ઉદ્વેગ ક્યારેય આવવા દેવો નહિ. ૨૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું ચુંમોતેરમું વચનામૃત કહ્યું" એ નામે એંસીમો તરંગ સમાપ્ત ॥૮૦॥



પૂર એકવીશમું : તરંગ - ૮૧

ગઢડા પ્રથમ પ્રકરણનું પંચોતેરમું વચનામૃત

❋ ભક્ત સાથે સ્નેહ રાખનારની એકોતેર પેઢી તરે :

વૈશાખ વદી એકાદશીને દિવસ સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ લીંબડાના વૃક્ષની નીચે સુંદર પલંગ બિછાવ્યો હતો, તેના ઉપર વિરાજમાન થયા હતા. ૧-૩. ત્યારે પીળા પુષ્પના હાર કંઠમાં પહેર્યા હતા, તેની ઉપમા શું આપું ? સર્વ શ્વેત વસ્ત્ર પહેર્યાં હતાં અને મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સર્વ હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. ૪-૫.

પછી સુરા ખાચરે પ્રશ્ન પૂછ્યો કે, "જેના કુળમાં ભગવાનનો એક ભક્ત થયો હોય તેની એકોતેર પેઢીનો ઉદ્ધાર થાય છે, એમ કહ્યું છે. પરંતુ તેના ગોત્રમાં કેટલાક તો ભગવાન અને સંતોના દ્વેષી પણ હોય, ત્યારે તેનો ઉદ્ધાર કેમ થતો હશે ?" પછી પરમ સુખદાયક શ્રીજીમહારાજ બોલ્યા જે, ૬-૮. "જેમ કર્દમ ઋષિનો દેવહૂતિએ પતિબુદ્ધિથી પૂરો પ્રસંગ કર્યો હતો અને તેથી તેને કર્દમ ઋષિમાં ઘણો સ્નેહ થયો હતો. તેને કારણે તે દેવહૂતિનો નિશ્ચિત ઉદ્ધાર થયો. વળી, માંધાતા રાજાની પચાસ પુત્રીઓ સૌભરિ ઋષિનું રૂપ જોઈને તેમને વરી-પરણી હતી. તેમણે કામભાવે કરીને સૌભરિ ઋષિમાં જો હેત કર્યું હતું, તોપણ તે સહુનું કલ્યાણ સૌભરિ ઋષિનાં કલ્યાણ જેવું થયું. માટે જેના કુળમાં ભક્ત થયો હોય તેના જેટલા કુટુંબી હોય, તે સર્વે

એમ માને કે, 'આપણું મોટું ભાગ્ય છે કે, આપણા કુળમાં એક ભગવાનનો ભક્ત થયો છે.' ૯-૧૩. આ રીતે ભક્તનું માહાત્મ્ય સમજીને કુટુંબીઓ જો તેમાં હેત રાખે તો તેનું કલ્યાણ થાય. ૧૪. તે રીતે જ મરીને તેના પિતૃઓ જેટલાં સ્વર્ગમાં ગયા હોય, તે પણ જો એમ જાણે જે, 'આપણા કુળમાં ભગવાનનો ભક્ત થયો તે આપણું મોટું ભાગ્ય છે,' એમ સમજીને ભગવાનના ભક્તમાં જો હેત રાખે છે તો તે પિતૃઓનું પણ નિશ્ચિત કલ્યાણ થાય. અને જે ભગવાનના ભક્તની સાથે વૈરબુદ્ધિ રાખે છે તેનું તો કલ્યાણ થાતું નથી. તેઓ જેમ જેમ વૈર કરતા જાય, તેમ તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાય. ૧૫-૧૮. અને તે જ્યારે દેહનો ત્યાગ કરે, ત્યારે મરીને જમપુરીમાં જાય. અને પંચમહાપાપના કરનારા જે નરકના કુંડમાં પડે છે, તે કુંડમાં તે પણ પડે અને ત્યાં દારુણ દુઃખને પામે. તે માટે ભગવાનના ભક્તમાં જેને હેત હોય તે સંબંધી હોય કે ન હોય તોપણ તે બધાનું કલ્યાણ થાય છે."

પછી શ્રીહરિની સમીપમાં જે નાજા ભક્ત રહેતા હતા, જેમને શ્રીહરિની સેવા કરવામાં ઘણો ઉત્સાહ રહેતો હતો, તેમણે શ્રીહરિને પ્રશ્ન પૂછ્યો, "ભગવાનના બે ભક્ત છે. તેમાં એકને તો ભગવાનનો દૃઢ નિશ્ચય છે અને બીજાને નિશ્ચય થોડો છે. પણ ઉપરથી તો તે બંને સારા દેખાય છે, તો તે બંને કેમ કરીને ઓળખાય ?" ૧૯-૨૩. પછી કૃપાનિધિ શ્રીજીમહારાજ બોલ્યા કે, "જેને આત્માના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અતિ દૃઢ હોય, વૈરાગ્ય પણ દૃઢ હોય અને ભક્તિ તથા સ્વધર્મ સંપૂર્ણ હોય, તેનો જ નિશ્ચય પરિપૂર્ણ જાણવો. ૨૪-૨૫. અને એમાંથી જે ભક્તને કોઈ એક અંગ ઓછું હોય તો તેને ભગવાનનો નિશ્ચય છે, તોપણ તે માહાત્મ્ય વગરનો છે. ૨૬. જેમાં જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ, એ ચારેય સંપૂર્ણ હોય તેને માહાત્મ્યે સહિત ભગવાનનો નિશ્ચય જાણવો. નિશ્ચયની બાબતમાં અધિક-ન્યૂનપણું તો આ ચાર અંગ વિના જણાતું નથી. માટે અમે તે ચારેય અંગ કહ્યા છે." ૨૭-૨૮.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું પંચોતેરમું વચનામૃત કહ્યું" એ નામે એકાશીમો તરંગ સમાપ્ત ॥૮૧॥

પૂર એકવીશમું : તરંગ - ૮૨

ગઢડા પ્રથમ પ્રકરણનું છોતેરમું વચનામૃત

❋ પ્રભુપરીક્ષામાં પણ જે મૂંઝાય નહિ તે મહાન છે :

પ્રથમ જેઠ સુદિ એકાદશીને દિવસ દાદા ખાચરના દરબારમાં પોતાના ઉતારામાં ગાદિતકિયા બિછાવીને તેના ઉપર શ્રીહરિ વિરાજમાન હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને પોતાના મુખારવિંદની આગળ કેટલાક મોટા મોટા સાધુ બેઠા હતા.

તે વખતે સભા પ્રત્યે શ્રીહરિ બોલ્યા, "ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની, તે ચાર પ્રકારના મનુષ્ય હરિભક્ત હોય તોપણ તેની સાથે અમારે કોઈ રીતે બને નહિ. તેમાં ક્રોધ અને ઈર્ષ્યા, તે બંને માનને આશરે રહે છે. ૧-૫. અને કામીનો તો અમારે કોઈ પ્રકારે લગાર પણ વિશ્વાસ નથી કે, 'એ સત્સંગી છે,' એવું અમને ક્યારેય થતું નથી. ૬. અને કામી માણસ કદાચ સત્સંગમાં રહ્યો હોય છતાં તે વર્તનમાં જેટલી કસર રાખે તેટલો તે વિમુખ જેવો છે. ૭. અને જેને પંચવ્રતમાનરૂપી નિયમમાં કોઈ જાતની ખોટ ન હોય, છતાં તેને અમે ગમે તેવા વચનના ભીડામાં લઈએ અને તેનું જે જે ગમતું હોય તેને જાણી-જોઈને મુકાવીએ, અને અમારા ગમતામાં જ રાખીએ તોપણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહિ, એવા જે હોય તે પાકા સત્સંગી છે, અને એવા સત્સંગી ઉપર અમારે સહજ સ્વભાવે હેત રહે છે. ૮-૧૦.

दोहा : करे बिना हित रहत हे, बचन पर जाकु हीत;
बचन से वरतत अधिक हि, विमुख हि रहे खचीत...११
अधिक न्यून वरतत जेहि, बचन से जेता जेह;
सत्संग महिं तितना यह, विमुख रहाये तेह...१२

જેને અમારાં વચન ઉપર હેત હોય, તેના ઉપર અમારે વગર કર્યું હેત થાય છે. અને જે અમારા વચનથી વધારે વર્તે છે તે તો ચોક્કસ વિમુખ છે. ૧૧. જે કોઈ અમારા વચનથી જેટલું વધારે કે ઓછું વર્તે છે તે સત્સંગમાં હોવા છતાં તેટલા વિમુખ છે. ૧૨. **અમારા વચનમાં જ વર્તવું તે સર્વોપરિ**

ગુણ છે અને આવો ગુણ જેમાં ન હોય તેના ઉપર અમે હેત કરીએ તોપણ થાતું નથી. ૧૩. અમારી આવી સહજ પ્રકૃતિ છે કે, જે જેટલા અમારા વચનમાં વર્તે, તેટલું તેના ઉપર અમારે હેત થાય છે." ૧૪.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું છોતેરમું વચનામૃત કહ્યું" એ નામે બ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૨॥

પૂર એકવીશમું : તરંગ - ૮૩

શ્રીહરિએ ટૂંટિયું સ્વીકારીને મનુષ્યચરિત્ર કર્યું

(પ્રથમ જેઠ સુદિ) એકાદશી વીતી ગયા પછી શ્રીહરિએ ટૂંટિયાના(પ્લેગ જેવા) રોગને જાણી જોઈને ગ્રહણ કર્યો હતો. ૧. શ્રીહરિ તો મહાસમર્થ છે. એટલે એ નામના રોગનો અધિષ્ઠાતા જીવ તો 'ના...ના' તેમ કહેતો, છતાં તેનું પરાક્રમ જોવા માટે શ્રીહરિએ તેને પરાણે ગ્રહણ કર્યો. ૨. જેમનાથી કાળ પણ કંપે છે, આવા સમર્થ શ્રીહરિ પોતાના નિવાસ માટેના ભવનમાં વિરાજમાન હતા. ૩. સૂર્ય મધ્યાહ્ને આવ્યો ત્યારે ટૂંટિયાનો અધિષ્ઠાતા શ્રીહરિનાં દર્શન કરવા માટે કોઈ ન દેખે એવી રીતે ત્યાં આવ્યો હતો. પણ તેનું પરાક્રમ જોવા માટે શ્રીહરિએ પોતાના શરીરમાં તેનો પ્રવેશ કરાવી દીધો. ટૂંટિયું થરથર ધ્રૂજતું હતું, પણ શ્રીહરિએ તેને ધીરજ આપી કે, 'તું લોકોને કેવી પીડા કરે છે, તે અમે શરીરમાં જોવા ચાહીએ છીએ.'

ત્યારે ટૂંટિયું બોલ્યું, 'મહારાજ ! મને જે અપરાધ લાગશે તે અપરાધથી હું ક્યાં છૂટીશ ? જેના શરીરમાં હું જ્યારે પ્રવેશ કરું છું ત્યારે તેનાં શરીરમાં જેટલી નાડીઓ હોય, તેને જેમ કોલુંમાં શેરડીને પીલે એ રીતે ખેંચી લઉં છું. પછી તેના લોહીનું પાણી થઈ જાય છે અને બધા નાડીના બંધ છૂટી જાય છે. ૪-૮. પછી તેનું મુખ અને મળદ્વારમાંથી ફૂંવારાની જેમ તે પાણી છૂટે છે. શરીરમાં ટાઢિયો તાવ આવી જાય છે. તેને શરીરનું ભાન રહેતું નથી. ૯. એક, બે કે ત્રણ દિવસમાં જો તે બચી જાય તો તેની આંખો ઊંડી જતી

રહે છે, અને કોઈ શબ્દો બોલે તે તેને સંભળાતા નથી. અથવા તેના શબ્દો સાંભળી શકાય તેવા રહેતા નથી. ૧૦. તે ટૂંટિયાનો વેગ તીવ્ર, મધ્યમ અને કનિષ્ઠ એ ત્રણ પ્રકારનો હોય છે. ૧૧. જેમાં ટૂંટિયું તીવ્ર વેગથી આવે છે તે મનુષ્ય મૃત્યુ પામે છે. જેમાં મધ્યમ અને કનિષ્ઠ વેગથી આવે છે તે દુઃખ પામે છે, પણ તેનું મૃત્યુ થાતું નથી. આવી તો ટૂંટિયાની અનેક પ્રકારની વાતો છે. ૧૨-૧૩.

શ્રીહરિની મરજી દેખીને ટૂંટિયું પોતાનું જેટલું પરાક્રમ હતું તે બધું કરવા લાગ્યું. શ્રીહરિ ઘણા બધા ઊલટી તથા ઝાડા દેખાડવા લાગ્યા. આ શ્રીહરિએ એવું ચરિત્ર કર્યું કે, તેમાં કોઈ કાળે ધીરજ ન રહે. ૧૪-૧૫. વારંવાર અપાર ઊલટી અને ઝાડા થયા, તેનો કોણ પાર પામે ? શ્રીહરિએ આવું મનુષ્યચરિત્ર કર્યું. ૧૬.શરીરની અંદર અપરંપાર તાપ લાગતો હોય તેવું શ્રીહરિ વારંવાર દેખાડતા. માણસને જે રીતે અતિ મોહ થાય તેવું ચરિત્ર શ્રીહરિ કરતા હતા. ૧૭.

જેને કોઈ રીતે મોહ ન થાય તેવા મુકુંદાનંદ વર્ણી, નિર્ગુણાનંદસ્વામી, વૈષ્ણવાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી અને નિષ્કુળાનંદસ્વામી શ્રીહરિની સેવામાં તત્પર રહ્યા હતા. આ મનુષ્યચરિત્ર દેખીને જેને મોહ થાય તેને પાસે આવવા દેતા નહિ. ૧૮-૧૯. પાણીના ઘડા લગભગ એક હજાર જેટલા મગાવ્યા હશે. શ્રીહરિ વારંવાર પાણી પીતા હતા અને ફરી ફરીને ઊલટી કરતા હતા. ૨૦. ત્યારે અક્ષરભવનના પૂર્વ અને પશ્ચિમ બંને બાજુના બારણા બંધ રાખ્યા હતા. પાણીના જેટલા ઘડા આવ્યા તેને શ્રીહરિ પીતા અને તરત ઊલટી કરી દેતા હતા. ૨૧. જેમ હોજ ભર્યો હોય તેમ આખું ભવન પાણીથી ભરી દીધું હતું. શ્રીહરિએ દેહથી અલગ થવાનું ચોક્કસ ધારી લીધું હતું. ૨૨. શ્રીહરિ પોતે મનમાં આવો વિચાર કરતા, પણ સંતો અને હરિભક્તો ઉપર દયા આવી કે, 'હજી સત્સંગનું એક પણ મૂળ દૃઢ થયું નથી. મૂળ વિના સત્સંગની સ્થિતિ કેમ રહેશે ? ૨૩. **શાસ્ત્ર, મંદિર, આચાર્ય અને સ્ત્રી-ધનના ત્યાગી સંત, એ ચાર સત્સંગના સુદૃઢ મૂળ છે.** તે મૂળ વિના સત્સંગ કોને આધારે રહેશે ? ૨૪.

અત્યારે જો અમારું શરીર ટકાવી રાખીએ તો તે શરીર રહે ત્યાં સુધીમાં તે બધા મૂળને સારી પેઠે દૃઢ કરી શકાય.' ૨૫. જ્યારે શ્રીહરિએ એવો સંકલ્પ કર્યો ત્યારે તેમને શરીરનું ભાન આવ્યું. પછી સંધ્યા સમય થયો ત્યારે દહીં અને સાકર પીધા. ૨૬. તે સમયે શ્રીહરિ દહીં અને સાકર સિવાય બીજું કાંઈ જમતા નહિ. જે પીતા તે ટકતું નહિ, તોપણ તે દહીં-સાકર પીતા રહેતા. ૨૭. પછી શ્રીહરિ બોલ્યા કે, 'હવે અમારો આ દેહ છૂટશે નહિ પણ હરિભક્તોને માટે રહેશે.' ૨૮.

દાદા ખાચરના ઓરડાની પાછળ જે ખૂલ્લી જગ્યા હતી તેની વચ્ચે એક લીંબડો હતો. તેની છાયા ઘણી ઘાટી હતી. ૨૯. શ્રીહરિએ તે વખતે કહ્યું કે, 'ઘેલા નદીની રેતી લાવીને બધા ચોકમાં પાથરી દો અને તેમાં અમારે માટે એક એવું દેરું-તંબુ બનાવી દ્યો કે, અમને જરાય તાપ લાગે નહિ. ૩૦. જ્યારે અમને તાપ લાગે ત્યારે એવી અકળામણ થાય છે કે, માનો જીવ નીકળી જાશે !' પછી શ્રીહરિએ કહ્યું હતું તે પ્રમાણે એક દેરું બનાવી દીધું. જાણે હિમાલય હોય એવું નિવાસસ્થાન કરી દીધું. ૩૧. આખા ચોકમાં પાણી છંટાવ્યું અને બધી રેતી ભીંજવી દીધી અને દેરાને પણ પલાળી દીધું. તેમાં ચાર દ્વાર રાખ્યા હતા. ૩૨.

જ્યારે રાત ચાર ઘડી ગઈ અને ચંદ્રનો ઉદય થયો ત્યારે બધી લૂ શમી ગઈ. તે વખતે અવિનાશી શ્રીહરિ બોલ્યા, 'હવે અમારો પલંગ ઉઠાવી લ્યો. હરિભક્તો અને સંતોને અમે દર્શન દઈએ. અમારા ઉપર સહુને ઘણું હેત છે, તેથી હરિભક્તો કોઈ આજ જમ્યા નથી. ૩૩-૩૪.પછી શ્રીહરિએ જ્યાં કહ્યું ત્યાં પલંગ લાવ્યા. ત્યારે શ્રીહરિનાં દર્શન કરીને હરિભક્તોને જેમ શરીરમાં પ્રાણ આવ્યા હોય તેમ અતિ આનંદ થયો. ૩૫. પછી જ્યાં પોતાનો ઉતારો કર્યો હતો ત્યાં લાવીને પલંગ મૂક્યો. વીરણના(સુગંધીદાર મૂળિયાના) બે પંખા અખંડ પવન માટે ચાલતા રખાવ્યા. ૩૬. પાણીમાં ભીંજવેલા પંખાઓ ચાલુ રાખ્યા. તે વખતે શ્રીહરિએ લપેટાની(આ નામના કાપડની) કૌપીન જ પહેરી હતી. ૩૭. શ્રીહરિની મૂર્તિ અતિશય દુર્બળ થઈ ગઈ હતી. અરે..! ઓળખ્યામાં પણ આવતા નહિ. આમ ને આમ ત્રણ દિવસ

વીત્યા પછી શ્રીહરિ કાંઈક બોલ્યા. ૩૮. પછી શ્રીહરિએ મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી ત્રણેયને વાજિંત્ર લઈને બોલાવ્યા. ૩૯. પછી કહ્યું, અમે કીર્તન સાંભળીએ અને જોઈએ કે, કીર્તન હવે કેવા લાગે છે ? અમને તો કથા-કીર્તનમાં અપાર સ્નેહ છે. ૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિએ ટૂંટિયું સ્વીકારીને મનુષ્યચરિત્ર કર્યું" એ નામે ત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૩॥



પૂર એકવીશમું : તરંગ - ૮૪

ભગવાન સંબંધી કથા-કીર્તન આદિકનો મહિમા

મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી એ ત્રણ જ્યાં શ્રીહરિ હતા ત્યાં આવ્યા. ૧. તેમણે પોતપોતાના સરોદ અને દોકડ વગાડીને શ્રીહરિની જેવી મરજી હતી તેવા કીર્તન ગાયા. ૨. બે ઘડી કીર્તન સાંભળ્યા પછી શ્રીહરિ બોલ્યા, 'હવે રાખો. કીર્તન સમાન કાંઈ નથી. ભગવાન સંબંધી જે કાંઈ વાત છે તે બધી પદો-કીર્તનોમાં રહી છે. જેને ભગવાનનો ખપ હોય તેને કીર્તન સમાન બીજી કોઈ વાત નથી. ૩-૪. જે જે પદમાં ભગવાન સંબંધી જેટલી વાત હોય તેટલો તે પદનો અને ભગવાનની મૂર્તિનો સંબંધ એકસરખો છે. ૫. આમ મહિમા જાણીને જે કોઈ પદ બોલે છે, તેઓ ભગવાનને સમીપે બેઠા છે; આવું અમે દેખીએ છીએ. **જેને જેટલી સમજણ હોય તેને તેટલું સુખ આવે છે.** ૬.

❋ ભગવાનની કથા જીવની વ્યથા મટાડે છે :

चोपाई :

भगवान की कथा अरु बाता, जामें जितना सबंध रहाता;
तेहि सम बात नहि हे केही, जीय कु सुखदायक हे एही...०७
भगवान सबंधि बात जेती, मोक्ष फलदायक हे तेती;
भगवान के भक्त भयेउ जेते, सरवोपरि बुद्धि रहाये तेते...०८

ભગવાનની કથા અને વાતો કે જેમાં જેટલો ભગવાનનો સંબંધ રહ્યો હોય તેની સમાન બીજી કોઈ વાત નથી. કારણ કે, તે કથા અને વાર્તા જીવને માટે સુખદાયક છે. ૭. ભગવાન સંબંધી જેટલી વાત હોય, તે મોક્ષરૂપી ફળ આપનારી છે. જે કોઈ ભગવાનના ભક્ત થયા તેને જ સર્વોપરિ બુદ્ધિ છે. ૮. ભગવાને જેમાં અંતર્યામીપણે આવેશ કર્યો હોય તેને આવી સમજણ હોય છે. જેમાં ભગવાનનો વિશેષ આવેશ નથી, તે ભગવાન સંબંધી વાતમાં ક્યારેય રુચિ કરતા નથી. તે તો પોતાના ચિત્તને ભાંડ-ભવાઈમાં પરોવે છે, પણ તે બધા ભગવાન સંબંધી વાતમાં ચિત્તને પરોવતા નથી. ૯-૧૦. **જે માણસ જેવી બાબતમાં પોતાના ચિત્તને પરોવે છે ત્યારે તેની તેવી ગતિ થાય છે. જે કાંઈ પણ ગતિ કહેવાય છે તેનું બીજ ચિત્તમાં રહ્યું હોય છે.** ૧૧. માણસ જ્યારે શુભ માર્ગે ચાલે છે ત્યારે તે શુભ ગતિને પામે છે. જેવા અશુભ માર્ગે ચાલે તેવી તે અશુભ ગતિને પામે છે. ૧૨.

જે મનુષ્ય જેટલો જે રીતે શુભ માર્ગે ચાલતો રહે, તેને અંતર્યામી પરમેશ્વર દેખે છે અને તેટલું તે રીતનું ફળ તેને આપે છે. ૧૩. મનુષ્ય જેટલો અશુભ માર્ગ ઉપર ચાલતો હોય, તે દેખીને પરમેશ્વર તેને તેવું જ ફળ આપતા રહે છે. ૧૪. **જેને સત્સંગ થયો છે તેના જેવો બીજો કોઈ મોટો ભાગ્યશાળી નથી. સત્સંગ ન કરતો હોય તે મનુષ્ય મોટો રાજા થયો હોય તોપણ શું થયું ? ૧૫.** જ્યાં સુધી સત્સંગ થતો નથી ત્યાં સુધી તેને બંધન રહે છે અને જન્મમરણ તથા જમપુરીનું દુઃખ મટતું નથી. ૧૬. જે લોકો સન્માર્ગ ઉપર ચાલતા રહે છે, તેમાં તેટલું સત્સંગનું બીજ હોય છે અને જે અસત્ય માર્ગે ચાલે છે તેમાં તેટલું કુસંગનું બીજ રહ્યું હોય છે. ૧૭.

મનુષ્યનું વર્તન, તેની જેવી રુચિ હોય તેને કહી દે છે. વર્તન તો અંતર્યામીના જેવું છે. સુગંધી પદાર્થોની સુગંધ જ તે પદાર્થના સ્વરૂપને કહી દે છે. ૧૮. જે પ્રકારની સુગંધ કે દુર્ગંધ હોય, તેને નાસિકા તેવા રૂપમાં કહી દે છે. રૂપ કે કુરૂપ જે રીતના હોય તેની વિગત આંખો કરાવી દે છે. ૧૯. શબ્દમાં જેટલી વિગત રહી હોય છે તેને શ્રોત્ર ઇન્દ્રિય અલગ અલગ બતાવી દે છે. રસમાં જેટલી વિગત રહી હોય છે તેને રસના કહી બતાવે

છે. ૨૦. જેટલી જાતનો સ્પર્શ હોય છે તેનું જ્ઞાન ત્વચા ઈન્દ્રિય દ્વારાએ થાય છે. જેટલા વિષય કહેવાય છે તેમાં રાગ કે વૈરાગ્ય કરવો તે ઈન્દ્રિય-અંતઃકરણથી થાય છે. ઈન્દ્રિય-અંતઃકરણના મેળ વિના કાંઈ થઈ શકતું નથી, છતાં પણ સુખ અને દુઃખરૂપ ફળનો ભોક્તા તો જીવ જ બને છે. ૨૧-૨૨.

❋ મનુષ્યજન્મનું ફળ સત્સંગ જ છે :

જ્યાં સુધી જીવ માયિક સુખને ઈચ્છે છે ત્યાં સુધી તેની સાથે દુઃખ વળગેલું જ રહે છે. અમાયિક સુખમાં દુઃખ નથી રહ્યું. અમાયિક સુખ એકલું સુખરૂપ જ છે. ૨૩. જેટલું અમાયિક સુખ છે, તે સત્સંગથી દેખાઈ આવે છે. સત્સંગ વિના તો દેવનો જન્મ હોય તોપણ તે વૃથા છે. ૨૪.

दोहा : जन्म धरे के फल जोउ, इतना रहेउ ताय;
सत्संग करना भाव कर, ता बिन वृथा कहाय...२५
सत्संग जिनकु होत हे, फेर जन्म नहि होत;
फेर जन्म कबु लेत जो, सत्संग में मन प्रोत...२६

જન્મ ધર્યાનું ખરું ફળ તો એટલું જ છે કે ભાવથી સત્સંગ કરવો. સત્સંગ કર્યા વિના તો જન્મ વૃથા કહેવાય છે. ૨૫. જેને ખરો સત્સંગ થાય છે તેને ફરીવાર જન્મ લેવો પડતો નથી. અને કદાચ તેને ફરી જન્મ લેવો પડે, તોપણ તે સત્સંગમાં જ મનને પરોવે છે. ૨૬. જ્યાં ભગવાન, સંતો અને હરિભક્તોની વાત થતી હોય, તેમજ કીર્તન, કથા-વાર્તા થતા હોય તે સત્સંગ કહેવાય છે. ૨૭. **ભગવાનની નવ પ્રકારની ભક્તિ કરતા જેટલો સમય વીતે છે તેટલો જ સમય સફળ છે. ૨૮. ભગવાનની ભક્તિ વિના જેટલો સમય જાય છે તે બધો સમય વૃથા ગયો કહેવાય છે. ભક્તિ સિવાયનો સમય કાંઈ જ કામ આવતો નથી.** ૨૯. ધર્મે રહિત જેટલી ભક્તિ કરવામાં આવે છે, તે ફળદાયક થાતી નથી. ભગવાનની જેટલી પ્રસન્નતા થાય તેટલું ભક્તિનું ફળ મળ્યું સમજવું. ૩૦.

ભગવાનની પ્રસન્નતા તે સર્વોત્તમ ફળ છે. તે સિવાયનાં બધાં જ ફળ ન્યૂન છે. ભગવાનની પ્રસન્નતારૂપી ફળ સિવાય બીજા ફળની જ્યાં સુધી ઈચ્છા રહે ત્યાં સુધી તે બાળબુદ્ધિ છે. ૩૧. જ્યાં સુધી માણસ બાળબુદ્ધિ

રહે ત્યાં સુધી તેને ભગવાન સંબંધી સુખ યથાર્થરૂપમાં આવતું નથી. અને તેને સત્સંગ મળ્યો હોય તોપણ તે પોતાને રાંક માને છે. ૩૨.

सत्संग तिहाँ रहत भगवाना, भगवान तिहाँ सत्संग रहाना;
ए दोउकु अखंड सबंध रहाते, समझ तासे यह देख आते...३३
तेहि कर समझ अधिक कहाते, समझ सम कोउ न बात देखाते;
कोटि कोटि शिर राज के हिता, कटावत रहे जेहि रहीता...३४

જ્યાં સત્સંગ હોય ત્યાં ભગવાન રહે છે અને જ્યાં ભગવાન હોય ત્યાં સત્સંગ રહે છે. આ રીતે સત્સંગ અને ભગવાનનો અખંડ સંબંધ છે. તે જેને સમજણ હોય તેને દેખાય છે. ૩૩. તેટલા માટે સમજણ સહુથી અધિક છે. સમજણના સમાન કોઈ વાત દેખાતી નથી. એવી સમજણ વિના રાજ્યને માટે કરોડો લોકો માથા કપાવતા રહે છે. ૩૪. જેના મનમાં તે બાબતની દયા નથી હોતી તેને રાજ્ય મળતું દેખાય છે. જેના મનમાં તેની દયા હોય તેને રાજ્ય મળતું નથી. રાજ્યની એવી રીત રહી છે. ૩૫. કોઈ બીજા રાજાના દેશને પોતાના કબજાનો દેશ બનાવવો હોય તો તેમાં બુદ્ધિ, કળા અને બળ જોઈએ. તે સિવાય તે પોતાનો દેશ સહેજે બનતો નથી. ૩૬.

જેમ ચાહે તેવા પાત્ર, અગ્નિ અને વાટ સારા હોય, તોપણ દિવેલ વિના દીવામાં ક્યારેય અજવાળું થાતું નથી, તેમ **બહુ મોટા સત્પુરુષની અનુવૃત્તિમાં રહેવાથી જ બુદ્ધિ, કળા અને બળ આવે છે; એવી આ વાત છે.** ૩૭-૩૮. મોટા પુરુષ અને નીતિ તે બે દિવેલ છે. બુદ્ધિ પાત્ર છે, કળા વાટ છે અને બળ અગ્નિ છે. ૩૯. જો દિવેલરૂપ મોટા પુરુષનું અપમાન કરે તો દિવેલ વિના પાત્ર, વાટ અને અગ્નિ શું કરી શકે ? ૪૦

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ભગવાન સંબંધી કીર્તન તથા કથાદિકનો મહિમા કહ્યો" એ નામે ચોરાશીમો તરંગ સમાપ્ત ॥૮૪॥



પૂર એક્વીશમું : તરંગ - ૮૫

શ્રીહરિ ધીરેધીરે સાજા થયા અને સભામાં બેસવા લાગ્યા

શ્રીહરિ જ્યારે વાતો કરી રહ્યા ત્યારે ત્રણેય સંતો પોતાને ઉતારે આવ્યા. તે પછી શ્રીહરિ થોડુંક અન્ન જમ્યા, તે પેટમાં ટકી ગયું. ૧. પહેલે દિવસે નવટાંક(૬૦ ગ્રામ આસપાસ) અન્ન શ્રીહરિ જમ્યા. પછી રોજ રોજ એક એક કોળિયો વધારે જમવા લાગ્યા. ૨. એવી રીતે શ્રીહરિ જમવા લાગ્યા પછી પોતાની ઇચ્છાએ કરીને સૂઈ-બેસી શકે એટલી શક્તિ દસ દિવસે આવી. ૩. પછી શ્રીહરિ કોઈનો આધાર લીધા વિના પોતાની ઇચ્છાથી ઊભા થતા, તથા રોજ રોજ દસ-વીશ પગલાં વધારે ચાલતાં હતાં.

અંતર્યામી શ્રીહરિ શરીરથી કૃશ થઈ ગયા હતા. પછીથી મલમલનાં વસ્ત્ર પહેરવાં લાગ્યાં. ૪-૫. પાણીથી ભીંજવેલા તંબૂમાં આખો દિવસ રહેતા હતા. તે વખતે સુરા ખારના દસ-બાર કુંડા ભરી રાખ્યા હતા. ૬. તેમાં પાણીના નાના નાના એક એક ઘડા મૂકતા. તેથી તે પાણી બરફ જેવું ઠંડું થાતું હતું અને તે ઠંડા પાણીનું શ્રીહરિ પાન કરતા. ૭. જ્યારે પાણી પીતાં ત્યારે મુખમાં અને છાતીમાં બરફના કરા જેવું ઠંડું લાગતું હતું. તે પછી રોજ એક-બે શેરડીના સાંઠા મગાવીને જમવા લાગ્યા. ૮. શ્રીહરિને શેરડી ખાવાની રુચિ રહેતી. તેથી નિષ્કુળાનંદસ્વામીએ એક ગજ(૨ ફૂટ) જેટલું નાનું કોલું બનાવી દીધું. તેમાં શેરડીને પીલતા હતા. ૯.

એક કટોરા જેટલો રસ રોજ કઢાવતા. શ્રીહરિ જ્યારે તે પીતાં ત્યારે તેને વખાણતા જતા. વળી, બેદાણા બખાઈ દાડમના(બી વિનાનું, મોટું કાબુલી દાડમ, જેની છાલ બહુ પાતળી હોય છે.) ભાવથી જમતા હતા. ૧૦. શ્રીહરિ કેરીને સંભારતા હતા પણ હજી કેરીના ફળ નાના નાના હતા, કેરી પાકી ન હતી. સુરતના સોનેરી કેળા ભાવનગરમાં આવતા હતા. ૧૧. ભાવનગરમાં રૂપાભાઈ, રાજાભાઈ અને શ્રીમાળી વિપ્ર ઝીણાભાઈ એ ત્રણ પાકા હરિભક્ત હતા. ૧૨. તેઓ શ્રીહરિને માટે વારેવારે તે સોનેરી કેળા મોકલતા હતા. શ્રીહરિ તેને ઘણા ભાવથી જમતા અને વખાણતા, જે કહી શકાતું નથી. ૧૩.

પછી એક દિવસ સુખદાયક શ્રીહરિ સંતોને દર્શન દેવા માટે સંધ્યા વખતે ચાલીને આવ્યા. ૧૪. સંતોની જાયગામાં ચોક વચ્ચે વેદિકા હતી પણ ત્યાં પાણી છંટાવેલ નહિ અને તે ચોતરા ઉપર આવીને શ્રીહરિ બેઠા. ૧૫. તે વખતે શ્રીહરિનાં દર્શન કરીને સંતો ખૂબ જ રાજી થયા. પણ ગરમ પવન આવ્યો તેથી તરત ત્યાંથી ચાલતા થયા. ૧૬. 'આ પવન અમને અગ્નિના જેવો ગરમ લાગે છે,' આમ કહેતા ઉતારે આવ્યા અને પછી બોલ્યા કે, "આવી ગરમીમાં મનુષ્યો કેમ જીવતા હશે ? ૧૭. આગ જેવો પવન ચાલે છે અને તે પવનમાં જ આ રોગ થાય છે. માટે સંતોને કહો કે, 'કોઈએ તડકામાં ક્યારેય ફરવું નહિ.' ૧૮. કેમ જે, અત્યારે એવો કાળ વર્તે છે કે, તડકામાં મોત આવીને રહ્યું છે. હવે જો એક વરસાદ થાય તો સહુને સુખ-શાંતિ થઈ જાય. ૧૯. અમારાં દર્શન કરવાં માટે જે સંતોને બોલાવ્યાં હતાં તેને પત્ર લખો કે, 'હવે અમને ઘણું સારું છે માટે હવે તડકામાં કોઈને બોલાવવા નથી. ૨૦.

હવે જ્યારે એક વરસાદ થાય ત્યારે વગર બોલાવે આવજો. સંતોનાં દર્શન તો દુર્લભ છે પરંતુ તે દર્શન અમે શુભકાળમાં ઇચ્છીએ છીએ.' ૨૧. પછી સંતો જ્યાં હતા ત્યાં બધે પત્ર લખાવી હરિભક્તોની સાથે તે મોકલાવી દીધા. કારણ કે, દેશદેશના કેટલાય હરિભક્તો ગઢપુર આવતા-જતા રહેતા. ૨૨. દાદા ખાચરના ઓરડાની આગળનો જેટલો ચોક હતો તેમાં રોજ પાણી છંટાવતા હતા. સંધ્યા સમયે પાણી છંટાવ્યા પછી શ્રીહરિ ત્યાં સભા કરાવતા. ૨૩.

પછી હરિભક્તો શ્રીહરિને ઘણા પ્રેમથી ફૂલના હાર પહેરાવતા. પછી શ્રીહરિ પોતાને ઉતારે આવ્યા અને ત્યાં પણ ચોકમાં પાણી છંટાવતા રહેતા. ૨૪. પોતાના ઉતારાને સમીપે જ શ્રીહરિએ એક કૂવો કરાવ્યો. બીજે જ દિવસ તેમાં ઘણું પાણી આવ્યું. ૨૫. તે કૂવો દસ દિવસમાં પથ્થરથી બાંધીને તૈયાર કર્યો અને પોતાના ઉતારા ઉપર માળ બંધાવી દીધો. ૨૬. તેવા અરસામાં વરસાદ થયો અને ગરમીનો સમય શમી ગયો. પછી સહુ સંતો ગઢપુર આવતા રહેતા અને શ્રીહરિનાં દર્શન કરતાં. ૨૭.

બીજા જેઠ મહિનામાં ભીમ એકાદશી આવી ત્યારે શ્રીહરિ દાદા ખાચરના ભવનમાં સભા કરાવીને બેઠા. ૨૮. વાસુદેવનારાયણના ઓરડાની આગળ ચોકમાં ઉન્મત્તગંગાની રેતી લાવીને પાથરી દીધી. ૨૯. ચાર તસુ રેતીનો દળ પાથરી દીધો અને તેને કાયમ પાણીથી ભીંજવી રાખતા. જેટલો ચોક હતો તેને રોજ પલાળી દેતા. હરિભક્તો તે માટે પાણી લાવતા રહેતા. ૩૦. વાસુદેવનારાયણના ભવનની આગળ જ્યાં લીંબડો હતો ત્યાં સુધી મંડપ કરીને છાંયો કરી દીધો. ત્યારે માનો ચોમાસું આવીને જામી ગયું હોય તેવું લાગતું. ૩૧. શ્રીહરિ માટીના દસ, બાર, પંદર નવા ગોળાઓમાં પાણી ભરાવીને ઠંડું કરાવતા. તેમાં વરિયાળી અને મરી ઘૂંટીને-લઢીને માપસર નિત્ય નખાવતા. અને ઘટે તેટલો વીરણવાળો પણ તે પાણીમાં રોજ નખાવતા હતા. ૩૨-૩૩.

શ્રીહરિ રોજ સવારે અને સાંજે સભા કરાવતા અને ગરબીના કીર્તન ગવડાવતા. તેમાં એકવાર સરોદ અને દોકડની સાથે કીર્તન ગવડાવતા. ૩૪. શ્રીહરિ કહેતા કે, 'જેને તરસ લાગે તેને આ ઠંડું પાણી પીવું. જેટલા સંતોને સભામાં ઊંઘ આવે તો તરત સભાની પાછળ જઈ ઊભા રહેવું. ગમે તેવા મોટા સંત હોય તેને પણ જ્યારે, ઊંઘ આવે અને જો તે પોતે ઊઠે નહિ તો તેની પાસે બેઠેલા સંતે તેને ઉઠાડવા, એવું અમે જ કહીએ છીએ. ૩૫-૩૭. જેને ઊભા રહેવા છતાં પણ ઊંઘ આવે તો સભાને પ્રેમથી દસ દંડવત કરવા. ૩૮. દંડવત કર્યા પછી પણ જેને ઊંઘ આવતી રહે, તો તેણે સાથે એક જોડ લઈને ઉન્મત્તગંગા નદીમાં નાહી આવવું. છતાં પણ કદાચ ઊંઘ આવે તો તેણે સભામાં બેસવું નહિ. ઊંઘને માથે આટલો દંડ છે. ૩૯-૪૦.

ઇતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિ ધીરે ધીરે સાજા થયા અને સભામાં બેસવા લાગ્યા" એ નામે પંચાશીમો તરંગ સમાપ્ત ॥૮૫॥



પૂર એકવીશમું : તરંગ - ૮૬

શ્રીહરિએ સંતોને પરસ્પર મર્યાદા રાખવાનું શીખવ્યું

વળી, શ્રીહરિ સંતોની સભા પ્રત્યે કહેવા લાગ્યા કે, "તમારે પરસ્પર સહુ સંતોએ એકબીજાની બહુ પ્રકારની મર્યાદા રાખવી. ૧. જ્યારે સંતોની વચ્ચે બેસવું, ઊઠવું, ચાલવું, આવવું કે બોલવું - એવી ક્રિયા કરવાની થાય ત્યારે સંતોની સાથે મર્યાદા રાખીને તે દરેક ક્રિયા કરવી. ૨. કેમ જે, સાધુતાના ગુણને લીધે સંતોની સમાન કોઈ નથી. માટે સંતોનાં જેટલાં ગુણ છે તેને રોજ તપાસતા રહેવું. ૩. જે તપાસ કરતા નથી તેમાં કરોડ વર્ષ જાય, તોપણ સંતનાં ગુણ આવતા નથી. કારણ કે, સંતોનાં ગુણ એવા દુર્લભ છે. ૪.

❋ સાચા સંતનાં લક્ષણો :

કોઈને ઉદ્વેગ થાય એવું વચન સંત બોલતા નથી. જેના વચનથી બીજાને જેટલો ઉદ્વેગ થતો હોય તેમાં તેટલો સાધુતાનો ગુણ નથી. ૫.

निष्काम संत के गुण कहेऊ, निर्लोभ गुण दूजे कहे तेऊ;
निर्मान गुण यह तिजे कहाते, निःस्वाद गुन चोथे रहाते...०६
निःस्नेह गुण पाँचमे जानो, याकु रखे सो संत प्रमानो;
भगवान बिन मन इच्छा जेती, पदार्थ की वरतत रहे तेती...०७

સંતોના ગુણોમાં પ્રથમ ગુણ નિષ્કામીપણું, બીજો ગુણ નિર્લોભીપણું, ત્રીજો ગુણ નિર્માનીપણું, ચોથો ગુણ નિઃસ્વાદીપણું અને પાંચમો ગુણ નિઃસ્નેહીપણું છે એમ તમે જાણો. આ પાંચ ગુણ જે રાખે તેને સંત માનવા. ભગવાન સિવાય અન્ય પદાર્થની જેટલી ઈચ્છા મનમાં રહેતી હોય તેટલા તે સંત નથી. ૬-૭. સર્વ બ્રહ્માંડો સ્ત્રી આદિક પદાર્થથી ભર્યા છે, તેમાં અપાર દોષો છે એમ જાણી તેને ચોક્કસ વિઘ્નરૂપ દેખતા રહેવું. ૮. તે માયિક પદાર્થોમાં જે વિઘ્ન દેખે તે ક્યારેય પોતાની સ્થિતિમાંથી પડે નહીં. જે વિઘ્નરૂપ નથી માનતા તે પડી જાય. ભગવાનને છોડીને જે બીજા પદાર્થોનું જેટલું ચિંતવન કરે છે તે ભગવાનના ચિંતવનમાંથી તેટલા પડી ચૂક્યા છે,

તેમ સંતો માને છે. સંત થયા હોવા છતાં જેની સમજણમાં આ બાબત નથી આવતી તે તો નામમાત્રના સંત કહેવાય. ૯-૧૦.

ભગવાન સિવાય અન્ય પદાર્થનું ચિંતવન કરવું, તેને સંતો નરક માને છે. જ્યાં સુધી આવી સમજણ ન હોય ત્યાં સુધી તો તે નામમાત્ર સંત છે. ૧૧. જે જે ક્રિયા ભગવાનને માટે જ જેટલી કરવામાં આવે તેટલું તે ભગવાનનું ચિંતવન જ છે, એમ સંતો નિશ્ચિત માને છે. ૧૨. આ રીતે નિષ્કામી સંતોની અપાર વાત છે. તે મેં અહીંયાં તમારી આગળ દિશમાત્ર બતાવી છે. કારણ કે, અમને તમારા ઉપર ઘણો પ્રેમ છે. ૧૩. **જે પરમ મિત્ર હોય તે જેટલી હિતની વાત હોય તેને વગર પૂછ્યે નિત્ય કહે છે. તેને જ સાચો મિત્ર કહેવાય. ૧૪.** 'જેને પૂછીએ છતાં પણ જે હિતની વાત ન કહે, તો તે મિત્ર નથી; એવું સંતો કહે છે. ૧૫. આપણું ખરું હિત ચાહે તેવા માણસ તો કરોડોમાં એકાદ જ હોય છે અને હિતમાંય કુહિત માને એવા તો કરોડો લોકો છે. અથવા પોતાનું હિત ઇચ્છે-સવળું લે એવા તો કરોડોમાં કોઈક જ હોય છે. અને હિતનેય અહિત માને એવા તો કરોડો લોકો છે. ૧૬.

બ્રહ્માંડમાં દેવ, દૈત્ય, મનુષ્ય જે કોઈ છે, તે સત્સંગના યોગ વિના વિપરીત મતિવાળા રહે છે. ૧૭. વિપરીત મતિવાળા અસાર બાબતમાં અસારપણું જ હોવા છતાં તેમાં ઘણો સાર માને છે. તેને પોતાની બધી વાત ખોટી હોય, તોપણ તેમાં સત્યપણાની મતિ રહે છે. અસત્યમાં સત્યતા માનીને અપાર લોકો માથા કપાવે છે. **ખરેખર તો સત્ય એક ભગવાન છે અને બીજું ભગવાનનું ધામ એક સત્ય છે.** ૧૮-૧૯. ભગવાન સિવાયનું અસત્ય માનીને જે કોઈ ભગવાનને ભજી રહ્યા હોય, એવા ભક્તો પણ સત્ય કહેવાય. તેવા સાચા ભક્ત સત્સંગ સિવાય બીજે ક્યાંય મળતા નથી. ૨૦. **જ્યારે અનંત જન્મનાં પુણ્ય ઉદય થાય છે ત્યારે તેને સત્સંગ થાય છે.** આ વાત અમે નિશ્ચિત કહીએ છીએ. ૨૧.

અમે કહ્યો એવો આ સત્સંગ છે, તેને જે નથી ઓળખતા તેને તો પશુ કહ્યા છે. તેઓ સંસારમાં ભટકતા અને દુઃખને પામતા રહે છે, તેનો અંત

આવતો નથી. ૨૨. માણસને જ્યાં સુધી દુઃખનું જ્ઞાન નથી હોતું ત્યાં સુધી તે ભગવાનને ભજતો નથી. માટે તે દુઃખનું જે રીતે યથાર્થ જ્ઞાન થાય તેમ સંતોનો સમાગમ કરવો. ૨૩. જ્યાં સુધી ભગવાનનું ભજન નથી કરતો ત્યાં સુધી રજ જેટલું પણ તેનું અજ્ઞાન-અંધારું ટળતું નથી. તે ચોક્કસ વાત છે. આવા જ્ઞાન સિવાય સંત થવાતું નથી. ૨૪. ભલે સંત થયા હોય પણ સંતના ગુણો તો શીખ્યા વિના ક્યારેય આવતા નથી. સંતના ગુણ શીખ્યા વિના તે સંત કહેવાતા નથી. ૨૫. જે ગુણ વર્તનમાં ન હોય તો તે ગુણને શીખવાથી શું ફાયદો થાય ? માટે સારા વર્તને યુક્ત ગુણ શીખે તે જ સંત કહેવાય. ૨૬.

આ સંતોની સભામાં બેસીને અમુક સાધુ અધોવાયુનો અવાજ કરતા પણ શરમાતા નથી. ૨૭. આ તે કેવા સાધુ છે ? તે સંતોની સભાની કાંઈ અદબ રાખતા નથી અને અમારી પણ લેશમાત્ર અદબ રાખતા નથી. ૨૮. કેટલીય પ્રકારના અપરાધો છે. તેની જેને લગાર પણ ગમ ન હોય તે સાધુ થઈ ગયા હોય તોપણ તેનાથી અપરાધ થયા વિના રહે નહિ. ૨૯. **પોતે સાધુ થયા તોપણ બીજા વડીલ સંતને મન, કર્મ, વચનથી ગુરુ કરવા. કેમ જે, જ્યારે શિષ્ય થઈને રહીએ ત્યારે ગુરુ સર્વ અપરાધને બતાવે છે.** ૩૦. શિષ્ય થઈને શિષ્યની રીત પ્રથમ શીખવી. કારણ કે, શીખ્યા સિવાય શિષ્યની રીત અને શિષ્યના ગુણ આવતા નથી. ૩૧. જે કોઈ બાબત છે તે સુધાર્યા સિવાય ક્યારેય સુધરતી નથી. અને સુધાર્યા વિનાની જે કોઈ બાબત હોય તે યોગ્ય સમયે ઉપયોગી થાતી નથી. ૩૨. સોના જેવી કોઈ ઉત્તમ વસ્તુ નથી, પણ જ્યારે તેનું ઘરેણું કરવામાં આવે ત્યારે તે (પહેરવામાં) ઉપયોગી થાય છે. ઘરેણું કર્યા વિનાનું તો તે માત્ર સોનું જ કહેવાય છે. ૩૩.

આવી તો ઘણી વાત છે. તેને જે બુદ્ધિમાન હોય તે સારરૂપમાં જાણી લે છે. જેને બુદ્ધિ નથી તે તો અંધ ગણાય છે. અંધને દેખાડીએ તોપણ તે દેખી શકતા નથી. ૩૪. આંખ, કાન વિનાનો કોઈ મનુષ્ય હોય, તે મનુષ્ય થયો છતાં પણ શું થયું ? કદાચ આંખ અને કાન બંને હોય પણ જો બુદ્ધિ ન હોય તો (તેના ભલા માટે) કોઈ શીખવાડે તેમ કરે નહિ, તેવો મનુષ્ય થયો તેનાથી શું વળ્યું ? તેના કરતાં તો પશુ સારા; કેમ જે, તે શીખવ્યું

કરે ખરા. **જે પોતાના શીખવાડનારને હિતેચ્છુ માને ત્યારે તે ખરો મનુષ્ય કહેવાય.** ૩૫-૩૬. આ સત્સંગ જે બીજાનું શીખવેલું શીખે એવા મનુષ્યને માટે છે તથા એવા પશુને માટે પણ છે. પરંતુ જે બીજાનું શીખવ્યું પણ ન શીખે એવા મનુષ્ય, પશુ માટે આ સત્સંગ નથી. ૩૭. મનુષ્ય હોય કે પશુ હોય પણ જે મોટાનું કહ્યું ન કરતો હોય તે ભલે ને જિંદગીભર ભેળો રહે છતાં તેના ઉપર ક્યારેય રાજીપો થતો નથી. ૩૮. સંતો નિર્પક્ષ-તટસ્થ હોય છે. સંતોનો એક જ પક્ષ હોય છે કે, અનંત પ્રકારે હેત દઈને જીવનું ભલું કરવું. છતાં પણ અજ્ઞાની લોકો તેને સાંભળતા નથી અને નિર્પક્ષ સંતોનો ઘણો અનાદર કરે છે; તેથી તેનો તેને અપરાધ લાગે છે. કારણ કે, તેઓ પોતાને જ શ્રેષ્ઠ માનતા હોય છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોને પરસ્પર મર્યાદા રાખવાનું શીખવ્યું" એ નામે છ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૬॥



પૂર એકવીશમું : તરંગ - ૮૭

શ્રીહરિએ લોભ, કડવું વચન અને મિથ્યા ગુરુને તજવાની વાત કહી

दोहा : श्रीहरि पुनि कहत भयेउ, निरपक्ष संत जेह;
निरवैर रहे संत जो, मछर रहित कहे तेह...०१
मैत्र रहेउ सब जन के, अंतर रहे निष्पाप;
हित हि इछत रहे सबके, गुण शुभ रहे अमाप...०२

सोरठा : विवेकी संत ताकि, कहत हे हम बात अब;
शुभ बुद्धि रहे जाकि, आचरण करत सब शुभ हि...०३

શ્રીહરિ ફરીને વાત કહેવા લાગ્યા કે, "જે સંત નિર્પક્ષ અને નિર્વૈર હોય, તેને મત્સર દોષે રહિત કહ્યા છે. ૧. તેવા સંત મનુષ્યમાત્રના મિત્ર છે અને તેમનું હૃદય નિષ્પાપ હોય છે. તેઓ સહુનું હિત જ ઈચ્છતા રહે

છે. આવા તેમના શુભ ગુણો અમાપ હોય છે. ૨. હવે તેવા વિવેકી સંતોની વાત અમે કહીએ છીએ. જે સંતની શુભ બુદ્ધિ હોય તેઓ બધું આચરણ પણ શુભ જ કરે છે. ૩. પોતાના કરતાં એક દિવસ જેટલા પણ જે સંત મોટા હોય તો તેને જિંદગીભર ગુરુ માને છે. ૪.

⁕ લોભની ભયંકરતા :

જ્યારે સંતોમાં પરસ્પર લોભ આવે છે ત્યારે તેઓ શુભ વિચાર અને ધીરજ રાખી શકતા નથી. જ્યારે લોભ પ્રવેશ કરે છે ત્યારે તે લોભ સંતના સંતપણાને હરી લે છે. ૫. લોભનું રૂપ ભૂત અને હિરણ્યકશિપુ જેવું છે. જેમાં લોભ આવે તે પોતાને નિર્દોષ માને છે અને બીજાના દોષ જુએ છે. ૬. તે લોભ ક્રોધનું રૂપ ધારણ કરીને અતિ કુરૂપ થઈ જાય છે. તેવો લોભ એકે એકમાં અથવા એકબીજામાં સંતપણું તલભાર પણ રહેવા દેતો નથી. ૭. વસિષ્ઠ અને વિશ્વામિત્રમાં જ્યારે લોભે પ્રવેશ કર્યો ત્યારે વસિષ્ઠના શિષ્ય હરિશ્ચંદ્ર રાજાનું સર્વસ્વ વિશ્વામિત્રે લઈ લીધું. જ્યારે વસિષ્ઠને તે વાતની ખબર પડી ત્યારે તે ત્રિશંકુના પુત્ર હરિશ્ચંદ્ર માટે થઈને બંનેએ યુદ્ધ કર્યું. ૮-૯. વિશ્વામિત્ર આડ નામનું (બતક જેવું) પક્ષી થયા અને વસિષ્ઠ બગલો થયા. તે બંનેએ ઘણા વર્ષ સુધી યુદ્ધ કર્યું. ૧૦.

એમ કરવા છતાં જ્યારે એકબીજાને શાંતિ ન થઈ ત્યારે બ્રહ્માએ આવીને તે બંનેને સમજાવ્યા. વસિષ્ઠ વિશ્વામિત્રને રાજર્ષિ કહીને બોલાવતા હતા. ત્યારે વિશ્વામિત્રે ખીજાઈને એક પછી એક એમ વસિષ્ઠના એક સો પુત્રને નિર્દય થઈને મારી નાખ્યા. ૧૧-૧૨. તે પછી એક દિવસ રાતના સમયમાં વિશ્વામિત્ર વસિષ્ઠ ન જાણે તે રીતે તેને મારવા આવ્યા. ૧૩. ત્યારે ચંદ્રમાને દેખીને વસિષ્ઠ બોલ્યા કે, 'આ રાત કેટલી સોહામણી લાગે છે. માનો વિશ્વામિત્રનું તપરૂપી તેજ ચંદ્રમાની અંદર પ્રકાશિત થઈ રહ્યું છે ! તેમાં કાંઈ ખોટું નથી; આવું મને દેખાય છે. ૧૪-૧૫. વસિષ્ઠના ઘરની પાછળ છુપાયેલા વિશ્વામિત્રે આ શબ્દ જ્યારે સાંભળ્યા ત્યારે તે પાસે આવીને વસિષ્ઠ મુનિનાં ચરણમાં પડ્યા. ૧૬. ત્યારે વસિષ્ઠએ વિશ્વામિત્રને કહ્યું કે,

'બ્રહ્મર્ષિ ! તમે ભલે પધાર્યા.' જ્યારે વસિષ્ઠ મુનિએ વિશ્વામિત્રને 'બ્રહ્મર્ષિ' કહ્યા ત્યારે બંને ઋષિઓ હૃદયથી એક થયા. ૧૭.

❋ વાત કરવાની કરામત :

કડવું વેણ બોલવાથી હેત ક્યાંથી થાય ? તેનાથી તો દૂધની જેમ ફાટી જાય. જેમ દૂધમાં દહીં મેળવવાથી દહીં બને પણ કાંજી(આથેલું ખાટું પાણી) નાખવાથી તો દૂધ તરત ફાટી જાય. ૧૮. પ્રેમભર્યું વચન દહીં જેવું છે અને કડવું વચન કાંજી જેવું છે. જ્યાં જે જે બાબત જેટલી યોગ્ય હોય ત્યાં તે તેટલી સુખકારી બને છે. યોગ્ય માપ કરતાં વધારે કે ઓછું કરવાથી અસુખ પેદા કરે છે. એક વાતની અંદર અનેક વાત આવી જાય છે, તેનો કહ્યે પાર આવતો નથી. ૧૯-૨૦. માપ બહાર જેટલી વાત કરવામાં આવે છે, તે વાત અકાજમાં-ન કરવાના કાર્યમાં ખપે છે. માટે સત્સંગ નિત્ય નવીન રહે પણ ક્યારેય તેની અરુચિ ન થાય એવી વાત કરતા આવડે, તે હકીકતમાં વાત કહેવાય છે. પણ જેનાથી અરુચિ પેદા થાય તેવી વાત તો ઉત્પાત કહેવાય છે. વાત તો એકની એક હોય પણ તે વાત કરવાની કળામાં તેની કરામત રહી છે. ૨૧-૨૨.

એની એ જ વાતથી પરસ્પર વૈર થાય, પણ જો કરામતથી વાત કરતા આવડે તો તે ચાહે તેવું વૈર થયું હોય, તોપણ બંનેને એક કરી દે છે. ૨૩. વક્તામાં જેવી કળા હોય તેવી તે વાત કરી બતાવે છે. ઘી, સાકર અને લોટ, એકસરખા જ હોય પણ કરનારાની આવડતે કરીને અનેક પ્રકારનાં ભોજન બને છે. જાણકાર પાસેથી શીખવામાં આવ્યું હોય તો એ જ ઘી, સાકર અને લોટમાંથી જુદાં જુદાં સ્વાદું ભોજન અનેક પ્રકારનાં બને, તે નિપુણ માણસ જાણે છે. ૨૪-૨૫. જેને ભોજન બનાવતા આવડતું ન હોય અને તે જો બનાવવા જાય તો તેનાથી ભોજન સુધરતું નથી, ઊલટાનું બગાડી નાખે છે. ૨૬.

❋ જ્ઞાનહીન ગુરુથી કોઈ સદ્‌ગુણ મળતા નથી :

सोरठा : पारख हि संग बीन, नाने हि परख आत जो;
तेसे गुरु न कीन, ज्ञान ध्यान वरत न रहे...२७

उषध अरु रोग ताहि, भिन्न भिन्न रहे गुण तेहि;
विधि जाने बिन वाहि, वैद होत रहे जिमि यह...२८

चोपाई :

तिमि गुरु विन ज्ञानी जो जेता, जान लेना मनमुखी तेता;
गुरु किये बिन विद्या एका, आवत न रहे प्रविन अनेका...२९

જેમ પરખનારના સહવાસ વિના સાચું પારખી શકાતું નથી તેમ તેવા પારખું ગુરુ કર્યા વિના શિષ્યના જ્ઞાન, ધ્યાન અને વ્રત રહેતા નથી. ૨૭. ઔષધ અને રોગ બંનેના ગુણ ભિન્ન ભિન્ન હોય છે, તેમ છતાં તેની વિધિને જાણ્યા વિના જેમ કોઈ વૈદ્ય થઈ જાય તેમ જ ગુરુ કર્યા સિવાય જે કોઈ જ્ઞાની થઈ જાય, તે બધાને મનમુખી જાણવા. પોતે અનેક રીતે નિપુણ હોવા છતાં ગુરુ કર્યા વિના એક પણ વિદ્યા આવડતી નથી. ૨૮-૨૯.

ગુરુ કર્યા સિવાય જે કોઈ વિદ્યાને શીખે છે, તે બધા મિથ્યા જ્ઞાની કહેવાય છે. તેને સાચા જ્ઞાની હોય તે ઓળખે છે. ૩૦. આ જગતમાં અપાર અજ્ઞાનીઓ છે તે આ વાતને જાણતા નથી. જે પોતે અજ્ઞાની છે, તે સાચા જ્ઞાની કરતાં અજ્ઞાનીને વધારે જ્ઞાની માને છે. ૩૧. તેના પરિણામે જે કોઈ મિથ્યા જ્ઞાની હોય તે બોલવામાં કાંઈક વધારે વાચાળ હોવાથી પોતાને અધિક જ્ઞાની માનીને પોતાને પ્રેમથી વિશેષ પૂજાવતા રહે છે. ૩૨.

જે સાચા જ્ઞાની હોય તે મિથ્યા જ્ઞાનીને છજા ઉપરના છોડ જેવા દેખે-માને છે. સાચા જ્ઞાનીને મિથ્યા જ્ઞાનીમાં ક્યારેય સત્યતા મનાતી નથી. જેટલાં સત્ય-અસત્યની ગમ વિનાના અજ્ઞાની બાઈ-ભાઈ હોય તે બધા મિથ્યા જ્ઞાનીની પાછળ ચાલે છે. જે તુચ્છ નરનારી હોય તે જેમ માંકડા અને રીંછની પાછળ ફરે છે. અને તેનાથી તેમને કેટલાક તુચ્છ ફળ મળે છે, તેમ જ જે કોઈ મિથ્યા જ્ઞાની છે તે માંકડા અને રીંછ સમાન છે. તેની પાછળ ફરે તેને પણ તેવું કુફળ મળે છે. ૩૩-૩૬. જે લોકો મિથ્યા જ્ઞાનીને માને છે તે લોકોને માટે લખચોરાશી અને નરક કર્યા છે. ૩૭. મોઢેથી જ્ઞાનની વાતો કહે પણ ન કરવાની બાબતો કરતા હોય, તે બધા મિથ્યાજ્ઞાની કહેવાય છે. ૩૮. અંદર અલગ વાત અને બહાર અલગ વાત રાખનારા જે કપટી ગુરુઓ

હોય તે સાચા મુમુક્ષુને દેખાઈ આવે છે. ૩૯. જે નરનારીઓ મુમુક્ષુઓ નથી હોતા તે બધા કપટી અને મિથ્યા ગુરુને પોતાના ગુરુ કરે છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિએ લોભ, કડવું વચન અને મિથ્યા ગુરુને તજવાની વાત કહી" એ નામે સત્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૭॥



પૂર એકવીશમું : તરંગ - ૮૮

શ્રીહરિએ સંતોની સભામાં દેશી કાઢનાર ઠગની વાત કહી

શ્રીહરિએ ફરીને વાત કહી કે, "સંતો-સંતોમાં જેને વિવેક હોય તે દેખાઈ આવે છે. પોતા કરતાં એક દિવસ પણ જે વહેલા સંત થયા હોય તેમજ જે જેટલા દિવસ પોતા કરતાં મોટા હોય તેની તેટલી અધિક અધિક

મર્યાદા જે રાખે છે તે તેટલા સાચા સંત છે. તેનું જેવું વર્તન હોય તે પ્રગટ દેખાઈ આવે છે. ૧-૩. પોતા કરતાં એક દિવસ પણ વહેલા જે સંત થયા હોય, તેને જે ડાહ્યો હોય તે પોતાના ગુરુ કરીને માને છે. ૪.

✵ દિવ્યબુદ્ધિ વિના અંતરશુદ્ધિ થાય નહિ :

चोपाई :

मोक्ष के खप साचे हि जाकू, सबुद्धि सहज अंतर रहे ताकू;
एक एक संत महिं जेहा, गुरुबुद्धि वरतत रहे तेहा...०५
गुरुबुद्धि संत में जो जितना, वरतत रहे तिहाँ लग तितना;
परम भागवत संत रयेऊ, अलोकिक बुद्धि करीके तेऊ...०६
अलोकिक मति रहत जिहाँ लगहु, बचन जो बोलत तिहाँ लगहु;
अलोकिक बचन करत उचारा, सुनत ताकू लगत अति प्यारा...०७

જેને સાચો મોક્ષનો ખપ હોય તેના અંતરમાં સહેજે જ સદ્‌બુદ્ધિ રહે છે. તેને હરેક સંતમાં ગુરુબુદ્ધિ વર્તતી હોય છે. ૫. સંતોમાં જ્યાં સુધી જેટલી ગુરુબુદ્ધિ રહે છે ત્યાં સુધી તેટલા તે અલૌકિક બુદ્ધિએ કરીને પરમ ભાગવત સંત કહેવાય છે. ૬. જ્યાં સુધી પરસ્પર અલૌકિક બુદ્ધિ રહે છે

ત્યાં સુધી જે વચન બોલે છે તે અલૌકિક જ બોલે છે અને તે સાંભળનારા સહુને અત્યંત પ્રિય લાગે છે. ૭. અંતરમાં જે પ્રકારનું વર્તતું હોય તે જાતનું જ તે વચન બોલે છે. તે પ્રત્યક્ષપ્રમાણ દેખાઈ આવે છે, તે રતીભાર પણ છાનું રહેતું નથી. ૮. વર્તનમાં જે દૈવત રહ્યું હોય તે ક્યારેય છૂપું રહેતું નથી. અંતર્યામી અને વર્તન, તે બંનેમાં એકપણું રહ્યું છે. ૯.

વર્તને કરીને અંતરમાં જે અંતર્યામી રહ્યા છે તે પ્રભુ યથાર્થ જાણે છે; એમ જે સમજે તે સંત કહેવાય. ૧૦. જે મનમુખી વર્તે છે તે સંતમાં રતીભાર પણ સંતપણું રહેતું નથી. તે પોતાનું મન જેમ કહે તેમ કરતા રહે છે. ૧૧. તે મનમુખી મનમાં જેવો સંકલ્પ થાય છે તેવી બધી ક્રિયા કરવા માંડે છે. તે સાચા સંતનો દાસ મટીને મન આગળ મોઢામાં ઘાસ લે છે અર્થાત્ મનનો દાસ થઈ જાય છે. ૧૨. જ્યાં સુધી સંતનાં આજ્ઞા-વચનમાં વર્તે છે ત્યાં સુધી મોટા સંતો તેને સંત માને છે. ૧૩. મોટાની આજ્ઞામાં રહેનારો એ સાધુ શ્રીહરિમાં અખંડ મનને રાખનારા સંતોની જ્યાં સભા થતી હોય ત્યાં સહુને ગમે છે. ૧૪.

❋ મનમુખી સદા દુઃખી :

જ્યારે સંતોના વચનમાં વર્તવાનું છોડી દે છે ત્યારે તેમાં સંતપણાનું દૈવત રહેતું નથી. ૧૫. જે બીજા સંતને તુચ્છ માની, પોતે મનમુખી વર્તતો હોય તેને સંતો મનમુખી જાણીને તેનો ત્યાગ કરી દે છે. ૧૬. જેનો સંતો ત્યાગ કરે છે તેનો ભગવાન પણ ત્યાગ કરી દે છે. જ્યારે ભગવાન અને સંત, એ બંને ત્યાગ કરી દે છે ત્યારે તે મનમુખી ટકી શકતો નથી. ૧૭. પછી તો તેને આ સત્સંગ દોષરૂપ ભાસે છે. અને પોતામાં અપાર દોષ ભર્યા હોય, તોપણ પોતે પોતાને ઘણો સારો માનતો રહે છે. ૧૮. પરંતુ તેનું માથું એટલું ફરી જાય છે કે, તેને તે ભૂલ ક્યારેય દેખાતી નથી. જેને સત્સંગનો અપરાધ લાગે તે પોતાને શ્રેષ્ઠ માનવા લાગે છે. ૧૯. તે અધમ કરતા પણ અધમ હોવા છતાં પોતાને સહુથી અધિક જાણે છે, પરંતુ પોતાને અધિક માનવાથી અધિક થઈ જવાતું નથી. એમ જ્ઞાનીજનો દેખતા રહે છે. ૨૦. છજા ઉપરના છોડને દેખીને જ્ઞાનીના મનમાં ગ્લાનિ થતી નથી. ઝાંઝવાનું

જળ, ગંધર્વનગરનો આભાસ, ધુમ્મસરૂપી વરસતું પાણી અને બાજીગરની બાજીની જેમ મનમુખીનું જેટલું કાંઈ જ્ઞાન હોય તે લોકોને ઠગવા માટેનું જ હોય છે. ૨૧-૨૨. જ્યાં સુધી લોકો ખરો સત્સંગ કરતા નથી ત્યાં સુધી ઠગ લોકો તેને ઠગે છે. ઉપર કહી તેવી સમજણ જ્યાં સુધી આવતી નથી ત્યાં સુધી લોકો ઠગાય છે પણ તેને તે સૂઝતું નથી. જ્યાં સુધી લોકો સત્સંગ કરતા નથી ત્યાં સુધી તેને ખરું સત્ય દેખાતું નથી. ૨૩-૨૪. જે દુર્ભાગિયો છે તે પોતે પોતાનાં મનમાં માને છે કે, 'હું ક્યાંય ઠગાઉં નહિ.' પણ તે જ ઠગાયો હોય તે તેને દેખાતું નથી. ૨૫. એવા જેટલા દુર્ભાગિયા હોય તે બધા સત્સંગ ઉપર અપાર વૈર રાખે છે, જે કહી શકાતું નથી. ૨૬. **ભગવાન તો સહુથી વધારે સમર્થ છે. તેથી તેઓ જેમ ધારે તેમ જ થાય છે. આ વાત નિશ્ચિત છે. ૨૭.**

ભગવાન જેને ઉથાલાવી દેવાનું ધારે છે તેને તરત ઉથલાવી દે છે. તેમાં જરાય વિલંબ લાગતો નથી. તેઓ વિલંબ કરે છે પણ ક્યાં ? ૨૮. આવા જે ભગવાન તથા તેમના જે સંત છે તેમની આગળ બધી જાતનું માન છોડી દઈને તેમને સદા આધીન વર્તવું. ૨૯. અત્યારે જે તમને પ્રગટ ભગવાન મળ્યા છે તે જ્યારે ભૂમિ ઉપર નહિ હોય ત્યારે ઠગ તેમની દેશી કાઢશે અર્થાત્ અનુકરણ કરશે. ચાહે તેવા મોટા કહેવાતા હોય પણ જ્યાં સુધી અમારામાં નિષ્ઠા હોય ત્યાં સુધી તે પ્રમાણભૂત સંત કહેવાય. પરંતુ જે અમારું નામ લઈને ગામો ગામ પેટ ભરતા રહે એવા ભેગા થઈને કોઈ એકને 'આ સહજાનંદસ્વામી છે' એમ મુખથી કહે, અને પોતે તેને અપાર માનવા લાગે ત્યારે તેને કોણ ન માને ? ૩૦-૩૨.

પછી જે તેવાના વચનને માને તેને જ તેઓ સંત અને હરિભક્ત કહે છે. જે ન માને તેને તેઓ વિમુખ કહે છે અને જે પોતાને માને તેને સન્મુખ કહે છે. ૩૩. આ બેમાં ખરેખર સન્મુખ અને વિમુખ કોણ છે ? તેનો ઉત્તર સહુ સંતો કરો. હરિભક્તોને તો સંતોમાં વિશ્વાસ હોય છે. તો કલ્યાણ કોના વચનમાં વાસ કરીને રહ્યું છે ? ૩૪. આજ તમે તેનું પ્રમાણ કરો, અને તેમાં જે ફરક હોય તે કહો. કેમ જે, આમાંથી બે મત બંધાય છે

અને તેથી તેમને પરસ્પર ક્યારેય હેત રહેતું નથી. ૩૫. પછી તો સંતો અને હરિભક્તોને જેવો જીવ મળે તેવી બધી વાત ચાલે છે." ત્યારે મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામી બોલ્યા, 'અમને આવી પરિસ્થિતિ દેખાડશો નહિ. ૩૬.

ત્યારે ગોપાળાનંદસ્વામી બોલ્યા, 'આપની માયામાં તો ભવ અને બ્રહ્મા પણ ભૂલા પડ્યા છે તો અમારા શા લેખા ? ૩૭. અંતર્યામી ભગવાન છે તે દરેક જીવમાં અંતર્યામીપણે જીવની જેમ રહ્યા છે. તે સહુના કર્મનું ફળ આપે છે. ૩૮. તેમને જ શ્રીકૃષ્ણ, નારાયણ, પરબ્રહ્મ અને પુરુષોત્તમ કહેવાય છે. તે અક્ષરધામમાં પ્રગટ વિરાજમાન છે. તેઓ ભક્તજનનો જેવો ભાવ હોય તેને પૂરો કરે છે, તેથી ભક્તના દિલમાં આનંદ ઉત્સવ છવાયેલો રહે છે. ૩૯-૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "શ્રીહરિએ સંતોની સભામાં દેશી કાઢનાર ઠગની વાત કહી" એ નામે અઠ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૮॥



પૂર એકવીશમું : તરંગ - ૮૯

કારણના જ્ઞાન વિના કાર્યમાં મોહ અને દગાબાજની વાત

પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા કે, "હે હરિ, આપે બે વાત કહી. તે હવે અમને સમજાવીને કહો. ૧. આપની આ પ્રત્યક્ષ મૂર્તિમાં અપાર યોગકળા-અલૌકિક સામર્થીઓ રહી છે. તેમાં જેટલી અમને દેખાડો છો તેટલી જ અમે જાણીએ છીએ. ૨. આપની જે અનંત કળાઓ છે તેના પારને અક્ષર પર્યંત કોઈ લઈ શકતા નથી તો અલ્પ બુદ્ધિવાળો મનુષ્ય ક્યાંથી લઈ શકે ? ૩. અત્યારે હરિભક્તોને બહુ પ્રકારની સમાધિ થાય છે. આવી સમાધિ ક્યારેય કોઈએ સાંભળી પણ નથી અને દેખી પણ નથી. ૪.

※ પ્રગટ મૂર્તિનો પ્રતાપ સહુથી અમાપ :

चोपाई :

जो जो प्रताप कहावत जितना, प्रगट मूर्ति के रहायेउ तितना;
अल्प मनुष्य रहाये तिनकु, समाधि देखकर हि जो इनकू...०५

समाधि में देखावत जेहा, मनुष्य कु न देखावत तेहा;
तोउ समाधि तिन में तनाते, मूर्ति में एसे नहि खेंचाते...०६

જે કાંઈ પણ પ્રતાપ કહેવાય છે તે બધો આ પ્રગટ મૂર્તિનો જ છે. પણ અલ્પ મનુષ્યોને સમાધિ કરાવીને જે દેખાડવામાં આવે છે તે બહાર કોઈ મનુષ્યને દેખાતું નથી. છતાં સમાધિમાં લોકો જેટલા ખેંચાય છે તેટલા આ પ્રત્યક્ષ મૂર્તિમાં ખેંચાતા નથી. ૫-૬. બાજીગરની બધી વિદ્યા બાજીગરમાં જ રહી છે, પણ તે વિદ્યાને દેખીને સર્વ લોકો તે વિદ્યામાં મોહ પામે છે, પરંતુ એવી જ રીતે બાજીગરમાં કોઈને મોહ થાતો નથી. જે કોઈ પણ વસ્તુ છે તે બધી પાંચ ભૂતોમાંથી બનેલી છે. ૭-૮. તે વસ્તુઓમાં જેવો મોહ થાય છે તેવો પાંચભૂતોમાં મોહ થાતો નથી. જેને કારણનું જ્ઞાન નથી તેવા લોકો પ્રાકૃતમતિવાળા કહેવાય છે. ૯.

તેઓ કારણ કરતાં તેના કાર્યમાં અધિક મહત્ત્વ માને છે. જ્યાં સુધી લોકો પ્રાકૃત વાતને અધિક માનતા રહે છે ત્યાં સુધી તે પ્રાકૃત માણસ રહે છે એમ જ્ઞાની લોકો દેખે છે. જેટલા જ્ઞાનીપુરુષો છે તે આપના યોગે કરીને કારણમાં જ બધી વાતને માને છે. કારણથી કોઈને અધિક દેખતા નથી. પ્રાકૃત મનુષ્યને જે રીતે અંતરમાં વિશ્વાસ આવે તે રીતે અમે વાત કરીને કારણમાં અધિકતા મનાવવાને માટે પ્રયત્ન કરીએ છીએ. પણ તે પ્રાકૃત મનુષ્ય એમાં જ્યારે સમજતા નથી ત્યારે અમે કાર્યમાં અધિકતા દેખાડીને તે મનુષ્યોને ભગવાનની સન્મુખ કરીએ છીએ. ૧૦-૧૪. સમાધિ તો કાર્ય છે અને આપનો સંકલ્પ કારણ છે. આ રીતે સમાધિ અને આપના સંકલ્પમાં કાર્ય-કારણ ભાવ છે. ૧૫. તે કારણ તો આપ સ્વયં છો. પણ જે લોકોને આપના સ્વરૂપનું જ્ઞાન નથી તે અજ્ઞાની કહેવાય છે અને તેવા અજ્ઞાની લોકો કાર્યરૂપ સમાધિને અધિક માને છે. ૧૬.

❋ કાર્યમાં નહિ કારણમાં વૃત્તિ રાખો :

चोपाई :

अनादि अज्ञानतम रहे जेहा, कार्य कु अधिक देखत तेहा;
कारण के जिहाँ लग न ज्ञाना, तिहाँ लग जन यह अंध रहाना...१७

कारण के ज्ञान होत दृढ जाही, कारण कु अधिक देखत ताही;
कारण से अधिक न जाने कबहु, चाय तेसे कार्य होय तबहु...१८

જેને અનાદિ અજ્ઞાનરૂપ અંધારું રહ્યું છે તે લોકો કાર્યને અધિક માને છે. જ્યાં સુધી કારણનું જ્ઞાન થતું નથી ત્યાં સુધી તે લોકો તે બાબતમાં અંધ રહ્યા છે. ૧૭. જ્યારે જેને કારણનું જ્ઞાન દઢ થાય છે ત્યારે તેઓ કારણને અધિક દેખે છે. પછી તો તેઓ ચાહે તેવું કાર્ય હોય તોપણ તેને કારણ કરતાં અધિક ક્યારેય સમજતા નથી. ૧૮. જે ભક્ત સ્વપ્ન અવસ્થામાં જાય, તોપણ કારણમાં જ કારણપણું એકની એક રીતે રહે તો તે ભક્તનો નિશ્ચય દઢ કહેવાય." ૧૯.

પછી શ્રીહરિ બોલ્યા કે, "સ્વપ્ન અવસ્થા કરતાં પણ દેશ-કાળાદિકમાં અતિશય વધુ વેગ રહ્યો છે. તે દઢતાને ડગાવી દે છે. ૨૦. કેટલાક લોકો પોતાના મનમાં પોતાને શ્રેષ્ઠ માનીને અધિક જ્ઞાની બની બેઠા હોય છે. તે જે પોતાની વાતને માને તેને ઘણા મોટા સંત માને છે અને તેવા હરિભક્તોને પણ મોટા હરિભક્ત જાણે છે. અને બીજા સંત-હરિભક્તને વાતે કરીને વિમુખ કરી દેખાડે છે. ૨૧-૨૨.

પણ જે કોઈ પાકા સંતો-હરિભક્તો છે તેઓ તે વિમુખને કળી લે છે. જેને સાચા સંતો અને હરિભક્તોને પાછા પાડવાનું તાન હોય, તેઓ પોતાને અધિક મનાવવાને માટે બધી બાબતોને અધિકપણે કરે છે. તેથી જેટલા વિશ્વાસી લોકો હોય તે તેના કપટને સમજી શકતા નથી. ૨૩-૨૪. તેવા ભોળા લોકો દગાબાજ સંતોમાં અને સાચા સંતોમાં કોઈ ભેદ માનતા નથી. કેમ જે, બંનેની ઉપરની રીત તો એકસરખી હોય છે. ૨૫. જે દગાબાજ સંત હોય તે સારી સારી વાતો શીખીને કરતા રહે છે. પછી જે શ્રેષ્ઠ હરિભક્ત હોય તેને એકાંતમાં બેસાડીને તેનું ઘણું સન્માન કરે, અને તેના બહુ જ વખાણ કરે. વળી, એમ વાત કરતા રહે છે કે, 'અમે આ શ્રેષ્ઠ વાત કહીએ છીએ, તે શ્રેષ્ઠ હરિભક્તો માટે જ છે. આવી વાત અમે બીજાને કહેતા નથી. કારણ કે, શ્રેષ્ઠ થવું ઘણું કઠણ છે. ૨૬-૨૮.

જેટલી શ્રેષ્ઠ શ્રેષ્ઠ વાતો હોય તેનો શ્રેષ્ઠ શ્રેષ્ઠ સંતો એકાંતમાં બેસીને વિચાર કરે છે. ૨૯. કારણ કે, સભામાં શ્રેષ્ઠ અને કનિષ્ઠ બધા આવીને બેસે છે. માટે સભામાં તો શ્રેષ્ઠ અને અશ્રેષ્ઠની વાતો ભેળી જ થતી હોય છે. ૩૦. અનાજ અને કૂચો બેય ભેળા હોય તેમાં કાંઈ સ્વાદ આવે નહિ. વાતમાં ઘણી જાતનો સ્વાદ હોય છે, તેવો સ્વાદ બીજા કોઈમાં હોતો નથી. ૩૧. સ્વાદ વગર અથવા સ્વાદ સમજ્યા વિના કોઈને સ્વાદ આવતો નથી. શેરડીમાં પાંચ બાબત રહી છે, પણ તેની કિમંત જાણ્યા વિના સ્વાદ આવે નહિ. ૩૨. દૂધમાં છ બાબત કહેવાય છે અને તેમાં પણ અનેક બાબત રહી છે. દ્રવ્ય-ધનમાં તો નામ ધરાવતા પદાર્થમાત્ર રહ્યા છે. ૩૩. ખોટા ધનમાં એક પણ પદાર્થ રહ્યો નથી, તે તો નામમાત્રનું દ્રવ્ય કહેવાય છે. તે રીતે જ સાચું અને ખોટું જ્ઞાન છે. તેના જ્ઞાન વિના તે સમજાતું નથી.' ૩૪.

આવી બધી અપાર વાતો દેખાડીને તે દગાબાજ પોતામાં જ સાર-શ્રેષ્ઠતા મનાવે છે. પછી તેમાં જ્યારે શ્રેષ્ઠતા મનાઈ જાય ત્યારબાદ તે હરિભક્તનો જીવ તેમાં ચોંટી જાય છે. ૩૫. જેટલા નિષ્પાપ સંતો છે તેઓ તો ચોગાનમાં સત્સંગની રીત અનુસાર વાત કરતા રહે છે. તેમને સહુ હરિભક્તો ઉપર સમાન પ્રેમ હોય છે. ૩૬. સત્સંગની જેટલી રીત છે તેને તેઓ કહી બતાવે છે. જે ઉપરથી અને અંદરથી એકસરખા હોય તે સાચા સાધુ છે. ૩૭.

જે સાચા સાધુ છે તેમને ક્યારેય મોહ બંધાતો નથી. તેઓ મોહ બંધાયા વિના જેવો ભાવ હોય તે પ્રમાણે વાત કરે છે. ૩૮. જેમાં મોહ થાય તે માણસ જંપતો નથી. જેમાં મોહ ન હોય તે તો ઊંઘે છે અથવા તેને અનાદર રહે છે. ૩૯. સારી કે મોળી બધી બાબતો મોહ વિના ક્યારેય બનતી નથી. એટલે મોહ પણ સાર અને અસારરૂપ હોય છે." ૪૦.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "કારણના જ્ઞાન વિના કાર્યમાં મોહ અને દગાબાજની વાત" એ નામે નેવ્યાશીમો તરંગ સમાપ્ત ॥૮૯॥



પૂર એકવીશમું : તરંગ - ૯૦

ગઢડા પ્રથમ પ્રકરણનું સત્યોતેરમું વચનામૃત

❋ જે ભગવાનમાં વૃત્તિ રાખે તે અલૌકિક સુખને ચાખે :

આ શ્રીહરિના ચરિત્રની વાતને જો કરોડો કલ્પ સુધી લખવામાં આવે, તોપણ તેનો કોઈ પાર પામે તેમ નથી. ૧. શારદા, શેષ, મહેશ, બ્રહ્મા, ગણપતિ, વ્યાસ અને તે સિવાયના બ્રહ્માંડમાં જેટલા કવિઓ હોય તે બધા શ્રીહરિનાં ચરિત્રોને કરોડો કલ્પ સુધી કહે તોપણ પાર પામી શકે તેમ નથી. આ વખતનાં શ્રીહરિનાં ચરિત્ર એવાં અનંત છે. ૨-૩. મારી બુદ્ધિ અતિ થોડી છે, તેથી હું હરિભક્તોના જીવનરૂપ શ્રીહરિનાં ચરિત્રને દેખીને થોડામાંથી પણ થોડા લખું છું. ૪.

વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીને અડીને પૂર્વ તરફ જે એક ભવન છે તે ભવન આથમણા બારના છે. તેની ઓસરીએ આવીને સુખદાયક શ્રીહરિ રોજ પલંગ ઉપર બેસતા હતા. ૫-૬. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી અને પ્રેમાનંદસ્વામી, એ ત્રણ સંતોના અલૌકિક ગરબીના પદોને સંતો નિત્ય ત્યાં ગાતા હતા. ૭. ગામેગામના જે હરિભક્તો હતા તે પણ તે પદોને રોજ રોજ ગાતા હતા. આ ત્રણેય કવિઓના પદ-કીર્તનો એક એકથી સરસ હતા. ૮. જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ધર્મ એ ચારની જેમાં મોટાઈ કહી હોય, વળી જેમાં ભગવાનની અપાર મોટપ તથા અપાર ચરિત્રો કહ્યાં હોય, તેમજ ભગવાનની મૂર્તિનું યથાર્થ વર્ણન કર્યું હોય, તેવા પદને કોઈ વૃત્તિ પરોવીને ગાય તો તે ભક્ત સમાધિ કરતાં પણ સો ગણું સુખ વધું પામે, એવા તે પદો છે. જે મનની વૃત્તિને તેમાં નથી પરોવતા તેને તે સુખ અનુભવાતું નથી. ભગવાન સંબંધી જેટલી વાત છે તેમાં અપાર સુખ રહ્યું છે. ૯-૧૧.

વૃત્તિ પરોવ્યા સિવાય તે સુખ આવતું નથી. ભગવાનની વાત આવી જણાય છે. **જે ભક્તજન ભગવાનના સ્વરૂપમાં જેટલી વૃત્તિ ચોંટાડે છે તેટલું તે ભક્તજનને અલૌકિક સુખ રહે છે. જે કોઈ ભક્ત છે તે આ સ્વાદને જાણે છે પણ વિમુખ જીવ તે જાણતા નથી. ૧૨-૧૩.** જે કોઈ વિમુખ જીવ છે તે

તો સાંસારિક સુખને જ અધિક માનતા રહે છે, પણ અંતે તો તેનું ફળ દુઃખ જ રહ્યું છે. ૧૪. આમ સમજીને જે સંતો છે તે બધા ભગવાનમાં પોતાના મનની વૃત્તિને જોડતા રહે છે. ૧૫. **ભગવાન સંબંધી જેટલા કીર્તન, કથા અને વાર્તા છે તે બધા અલૌકિક છે. ૧૬.**

બીજા જેઠ મહિનાના વદ પક્ષની એકાદશી જ્યારે વીતી તે પછી પાકી કેરી આવવા લાગી. હરિભક્તો શ્રીહરિને માટે તે કેરી લાવતા હતા. ૧૭. શ્રીહરિ જેટલી કેરી જમતા તેટલી કેરી હરિભક્તો રોજ લાવતા હતા. દસ, વીશ કે પચીશ સુધી કેરીઓ શ્રીહરિ જમતા હતા. ૧૮. શ્રીહરિ રસ-રોટલી જમતા તેમાં અધિક ભાવ દેખાડતા. એક દિવસ જીવા ખાચરે રસ-રોટલીની રસોઈ વર્ણી પાસે કરાવી અને શ્રીહરિ તથા સંતોને ખૂબ જ જમાડ્યા. આવી રીતે જીવા ખાચર વર્ષમાં એક, બે કે ચાર વાર રસોઈ કરાવીને જમાડતા હતા. ૧૯-૨૦.

પછી દાદા ખાચરે પણ રસ-રોટલીની રસોઈ આપી. તેના પછી ગઢપુરના જે કોઈ હરિભક્તો હતા તેમણે પણ તેવી રસોઈ આપી. ૨૧. આ રીતે રસ-રોટલીની રસોઈ આપીને હરિભક્તોએ અલૌકિક લાભ લીધો. જે હરિભક્તો રસોઈ આપતા હતા તે બધા શ્રીહરિની પૂજા પણ કરતા હતા. ૨૨. કેસરયુક્ત ચંદન અને ફૂલના હારથી પ્રેમપૂર્વક શ્રીહરિને પૂજતા. ધૂપ, દીપ કરીને આરતી કરતા અને મુખથી 'જય જય...જય જય...' શબ્દ ઉચ્ચારતા. ૨૩. વળી, શ્રીહરિની આગળ કાંઈક ભેટ ધરતા તથા સંતો અને વર્ણીઓને વસ્ત્રો ઓઢાડતા. પછી શ્રીહરિ જુદા જુદા પ્રકારની વાતો કરતા રહેતા. ૨૪.

❋ જ્ઞાનની ઓથે ધર્મ ખોટા ન કરવાનું :

દ્વિતીય જેઠ વદી અમાસને દિવસ સુખદાયક સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ દાદા ખાચરના દરબારમાં વાસુદેવનારાયણના મંદિરની આગળ આથમણા બારના ઓરડાની ઓસરીએ પલંગ ઉપર બિરાજમાન થયા હતા. સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. ૨૫-૨૭. અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. ત્યારે

મુનિ માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરતા હતા. પછી એક મુનિ અણસમજણે કરીને ભગવાનના નિશ્ચયનું બળ લઈ ધર્મને ખોટા કરવા લાગ્યા.

ત્યારે શ્રીહરિ બોલ્યા, "ભગવાનના નિશ્ચયનું બળ અને જ્ઞાનની ઓથ લઈને જે ધર્મને ખોટા કરી દેખાડે તે પાકા અસુર કહેવાય. ૨૮-૩૧. ભગવાનના સ્વરૂપમાં તો અનેક કલ્યાણકારી ગુણો નિવાસ કરીને રહ્યા છે. તે શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કંધમાં પૃથ્વી અને ધર્મના સંવાદે કરીને સ્પષ્ટ કહ્યા છે. માટે જેને ભગવાનનો દૃઢ આશ્રય હોય તેમાં તો ભગવાનના તે અપાર કલ્યાણકારી ગુણ આવે છે. અને જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં એકાદશ સ્કંધમાં કહ્યા એવા સાધુના ત્રીસ લક્ષણ આવે છે. અને ત્યારે જ તેને પૂરો સાધુ કહેવાય. ૩૨-૩૫. માટે જેમાં સંતના ત્રીસ લક્ષણ પૂરા ન હોય તેને પૂરો સાધુ ન જાણવો; એમ ભાગવતમાં કહ્યું છે. ૩૬.

दोहा : भगवान ताके जिनकु, पूरे निश्चे हि होउ;
ताके हिये में प्रभु के, कल्याणकारी जोउ...३७
गुण जरूर आवत रहेउ, प्रभु के गुण जे वेर;
संत में आवत हि तबहि, साधु एह तेही वेर...३८

જેને ભગવાનનો પૂરો નિશ્ચય હોય તેના હૃદયમાં તો પ્રભુના કલ્યાણકારી ગુણ જરૂર આવે છે. અને જ્યારે ભગવાનના ગુણ તે સાધુમાં આવે છે ત્યારે તે સાધુ ત્રીસ લક્ષણે કરીને યુક્ત થાય છે. માટે આજથી પંચવ્રતમાનરૂપી ધર્મને છોડી જે જ્ઞાનનું, ભક્તિનું કે ભગવાનના નિશ્ચયનું બળ લે તો તે ગુરુદ્રોહી અને વચનદ્રોહી છે. ૩૭-૪૦. અને આવી ધર્મભંગની વાત કોઈ સંત, વર્ણી, પાર્ષદ કે હરિભક્ત કરે તો તેને વિમુખ કરીને કહેવા. માટે સહુએ ધર્મમાં સાવધાન રહેવું. વળી, તે ધર્મભંગ કરનારને એમ કહેવું કે, 'તમે તો અસુરનો પક્ષ લીધો છે એને અમે ક્યારેય માનશું નહિ.' એમ કહીને તે અધર્મીની બધી વાતને ખોટી કરી નાંખવી પણ તેનું પ્રતિપાદન કરવું નહિ."

પછી સંતે પ્રશ્ન પૂછ્યો કે, "હે મહારાજ ! કોઈક તો ભગવાનનો અતિ દૃઢ ભક્ત હોય અને તેને દેહ મૂકવા ટાણે બહુ પીડા થઈ આવે છે, અને

બોલવાનું પણ કાંઈ ઠેકાણું રહેતું નથી અને વિપરીત જેવું બોલતો રહે છે. ૪૧-૪૫. અને કોઈક તો કાંઈ પાકો હરિભક્ત જણાતો ન હોય, તોપણ દેહ છોડવાને સમયે તે અતિ સમર્થ જણાય છે. ૪૬. અને વળી, ભગવાનના પ્રતાપને અતિશય જાણીને, ભગવાનના મહિમાને મુખથી અતિશય કહીને સુખિયો થકો દેહ મૂકે, એવું દેખાય છે; તેનું શું કારણ છે ? જે સારા હરિભક્ત હોય તેનો અંત સમય શોભતો નથી. અને જેવા તેવા હરિભક્તનો અંત સમય અતિ સારો દેખાય છે પણ સારા હરિભક્તનો તેવો અંત સમય દેખ્યામાં આવતો નથી. ૪૭-૪૯. તેનું શું કારણ છે ? તે પ્રશ્ન છે."

પછી શ્રીહરિ બોલ્યા કે, "હવે અમે તે વાત કહીએ છીએ. ૫૦. દેશ, કાળ, ક્રિયા, સંગ, ધ્યાન, મંત્ર, દીક્ષા અને શાસ્ત્ર, તે આઠ જેવા હોય, તેવી પુરુષની મતિ થાય છે. અને દેશકાળાદિકે કરીને સારી નરસી વાત થાય છે. ૫૧-૫૨. દેશકાળાદિક આઠ છે તે સારા કે નરસા રહ્યા છે. જે સમયે પુરુષમાં તે જેવા વર્તતા હોય તેવી તેની મતિ થાય છે. ૫૩. તે દેશકાળાદિક જો સારાં હોય તો તેની મતિ સારી થાય છે અને ખરાબ હોય તો તેની મતિ ખરાબ થાય છે. ૫૪. અને પુરુષના હૃદયમાં પરમેશ્વરની માયાના પ્રેર્યા થકા ચારેય યુગના ધર્મ વારાફરતી આવીને વર્તતા હોય છે. તે યુગના ધર્મમાં જો અંતસમયે સત્યયુગના ધર્મ આવીને વર્તતા હોય તો તેનું મૃત્યુ બહુ શોભી ઊઠે છે અને શુભ બોલીને તેનું શરીર છૂટે છે. અને જો ત્રેતાયુગ કે દ્વાપર યુગના ધર્મ આવીને વર્તતા હોય, તો તેનું મૃત્યું તેથી થોડું શોભે છે, તેવી આ વાત છે. અને જ્યારે કળિયુગના ધર્મ મૃત્યુ સમયે આવે તો અતિશય ભૂંડું દેખાય. અંત સમયે યુગના જેવા ધર્મ દેખાય તે રીતે સારું કે ભૂંડું દેખ્યામાં આવે છે. ૫૫-૫૯.

માટે સારું-નરસું તો જેવો કાળ હોય તેવું દેખાય છે. તેનો આ એક ઉત્તર છે. અથવા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ, એ ત્રણ અવસ્થા છે. તેમાં અંતસમયે જો જાગ્રત અવસ્થા વર્તતી હોય તો પાપી માણસ હોય તે પણ બોલતાં ચાલતાં દેહ મૂકે છે, તેમાં જે સારું દેખાય છે તે જાગ્રત અવસ્થાનો

ધર્મ છે, એમ તમે જાણો. ૬૦-૬૨. અને અંતસમયે સ્વપ્ન અવસ્થા વર્તતી હોય તો લાવા-ઝંખ્યા જેવું કાંઈ ને કાંઈ બોલતો થકો શરીરને છોડે છે. ૬૩. અને અંતસમયે જ્યારે સુષુપ્તિ અવસ્થા આવીને પ્રધાન વર્તતી હોય ત્યારે ભગવાનનો ભક્ત હોય કે વિમુખ જીવ હોય, તોપણ ઘેનમાં અને ઘેનમાં રહીને દેહને છોડે છે. ૬૪-૬૫.

ત્યારે ભક્ત અથવા અભક્ત ગમે તે હોય તોપણ તે સારું કે નરસું કાંઈ બોલે નહિ. **અને અંતકાળસમયે ત્રણ અવસ્થાથી પર અને બ્રહ્મરૂપ એવા પોતાના જીવાત્માને સાક્ષાત્કાર માનતો થકો જે દેહને છોડે, તે તો જેવી ઈશ્વરમાં સામર્થી હોય તેવી સામર્થી દેખાડીને પ્રસન્નતાથી દેહને મૂકે છે. અને એમ બ્રહ્મરૂપ થઈને ઘણું સામર્થ્ય જણાવીને દેહ મૂકવો તે તો ભગવાનના ભક્તને જ થાય છે,** પણ બીજા કોઈ પણ વિમુખ જીવને એમ થાય જ નહિ. ૬૬-૬૯. એ રીતે અંતસમયે કાળે કરીને પણ સારું-નરસું જણાય છે અથવા અવસ્થાને યોગે કરીને પણ સારું-નરસું જણાય છે. ૭૦.

❋ ભગવાનનો ભક્ત ભગવાનના ધામને પામે :

અને જે વિમુખ જીવ હોય તેને અંતસમયે જાગ્રત અવસ્થા વર્તતી હોય અને બોલતો ચાલતો દેહ મૂકે, તોપણ તેણે કરીને તેનું કશું જ કલ્યાણ થાતું નથી. વિમુખ જીવ તો સારી રીતે દેહ છોડે અથવા ખરાબ રીતે દેહ છોડે પણ તે તો જરૂર નરકમાં જ પડે છે. ૭૧-૭૩.

दोहा : अरु भगवान के भक्त हि, बोलत बोलत तेउ;
तन मूके चाय तेसे हि, परमपद लहे एउ...७४

सोरठा : अथवा जंख्या जीमि, बोलत तन छोरत रहे;
वा शून्य हि मुन तीमि, तन छोरे निश्चे तोउ...७५
कल्याण जरुर होउ, संशेय कोउ न रहेउ;
इमि भक्त जो सोउ, जानना तुम दृढकर...७६

અને ભગવાનનો ભક્ત હોય તે બોલતો-બોલતો દેહ મૂકે અથવા ઝંખ્યા જેવું બોલીને કે શૂન્ય મૌન રહીને જ દેહ મૂકે, તોપણ તેનું જરૂર કલ્યાણ થાય છે. અર્થાત્ ભગવદ્‌ભક્ત ગમે તે રીતે દેહ મૂકે પણ તે તો પરમપદને

જ પામે છે. તેમાં કોઈ જાતનો સંશય નથી. આ રીતે ભગવાનના ભક્તોએ દૃઢપણે જાણવું. ૭૪-૭૬.

જે ભગવાનનો ભક્ત હોય તેને કદાચ અંતસમયે સ્વપ્નાદિકને યોગે કરીને ઉપરથી પીડા જેવું જણાતું હોય પણ તેને અંતરમાં તો ઘણું સુખ રહે છે. ૭૭. અર્થાત્ તેને ભગવાનના અપાર પ્રતાપે કરીને અપાર આનંદ વર્તતો હોય છે. માટે જે નક્કી હરિભક્ત હોય તે ચાહે તે રીતે દેહને છોડે અથવા અંતસમયમાં લાવાંઝંખા કરતો થકો દેહ છોડે, તોપણ તેનું કલ્યાણ જ થાય. તેમાં કોઈ જાતનો સંશય રાખવો નહિ. ૭૮-૭૯.

ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય સિદ્ધાનંદમુનિવિરચિત શ્રીહરિચરિત્રામૃત સાગરના એકવિંશ પૂરમાં "ગઢડા પ્રથમ પ્રકરણનું સત્યોતેરમું વચનામૃત કહ્યું" એ નામે નેવુંમો તરંગ સમાપ્ત ॥૯૦॥



ઇતિ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથે એકવિશમું પૂર સંપૂર્ણ ॥૨૧॥



INDEX

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)ની પ્રેરણાથી કરવામાં આવેલ પ્રકાશન

MP5

1. ભક્તચિંતામણિ
2. શ્રીહરિલીલામૃત
3. શ્રીઘનશ્યામલીલામૃતસાગર
4. સત્સંગિજીવન
5. નિષ્કુળાનંદ કાવ્ય
6. શ્રીહરિધ્યાનમંજરી
7. શ્રીહરિચરિત્રામૃતસાગર કથા
8. ગોપાળાનંદસ્વામીની વાતો
9. મૂર્ખશતક કથા
10. વિવેકશતક કથા
11. વાસુદેવમાહાત્મ્ય
12. વિવેકચિંતામણિ
13. ઉત્તર હિન્દુસ્તાનના પરચા
14. કીર્તનસહ ધ્યાન
15. વડતાલધામનો મહિમા
16. ઐશ્વર્યપ્રકાશ
17. કથામૃતમ્
    - છપ્પનાવલી
    - શૌચાશૌચ
    - શિક્ષાપત્રી ભાષ્ય
    - ધ્યાનયોગ (સુરત)
    - જ્ઞાન સાથે ગમ્મત
18. ભક્ત આખ્યાન (૨૪ ભક્તોના આખ્યાન)
    - મીર સાહેબ - નાથભક્ત
    - ડોસા તાઈ - ચંદ્રહાસ
    - પૂજા ડોડિયા
    - માવા ભક્ત
    - જોબન પગી
    - રૂડિયો રખડું
    - મીણબાઈ
    - રાઈબા મા
    - જાનબાઈ
    - સખુબાઈ
    - શિવલાલ શેઠ અને ભગા દોશી
19. સંત આખ્યાન(૧૨ સંતોના આખ્યાન)
    - સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી
    - સદ્.શ્રીશુકાનંદસ્વામી
    - સદ્.શ્રીઆધારાનંદસ્વામી
    - સદ્.શ્રીઈશ્વરચરણસ્વામી
    - સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી
    - સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી
    - સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી
    - સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામી
    - મૂળજી બ્રહ્મચારી
    - જેરામ બ્રહ્મચારી
20. કીર્તન વિવેચન (૩૫ વિવેચનો)
    - મારે ઘેર આવ્યા રે. . .
    - અક્ષરના વાસી વાલો . . .
    - કર પ્રભુ સંગાથે...
    - શ્રીજી બાવની...
    - સત્સંગી તો તેને રે કહીએ . . .
    - આજ મારે ઓરડે. . .
    - આવા ભગવાન નહિ મળે . . .
    - કોઉ કામ ન આવે. . .
    - મારા વાલાજી શું વાલપ. . .
    - મન મોહ ટળે...
    - ફગવા...
    - પ્રભુ મને થાજે. . .
    - શીલવંતા સાધુને. . .
    - સંત સમાગમ કીજે. . .
    - ભૂમાનંદસ્વામી કૃત કક્કો. . .
21. નારાયણ અંગ ચિંતામણિ
22. સવારનું ચિંતન (શિબિર ૭ થી ૨૩)

INDEX

DVD

MP3

VCD

हिन्दी प्रकाशन

3D Animation

USB AUDIO

પેનડ્રાઈવ મેમરી કાર્ડ

કથા તથા કીર્તનો ભાગ : १ થી १३

ગુજરાતી પુસ્તક....

हिन्दी किताबें

संस्कृत प्रकाशन



શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી હાલમાં મૂળ વડતાલ દેશના શ્રીસ્વા. મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરામાં રહે છે. તેઓ શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના એક શ્રેષ્ઠતમ વક્તા છે. તેમને કુલ ૧૦૦ ત્યાગી શિષ્યોનું પવિત્ર સંતમંડળ છે. તેમને શ્રીસ્વામિનારાયણ ભગવાનનું ભજન કરવું અને મુમુક્ષુજનોને ભજન કરાવવાનું જ મુખ્ય અંગ છે. તદુપરાંત શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના સર્વાંગી વિકાસ અર્થે નીચે મુજબની વિવિધ પ્રકારની કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે.

આધ્યાત્મિક આયોજનો...

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ મૂળ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીજી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે અને માયાના દુઃખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

સત્સંગ શિબિરો : છેલ્લા ચોવીસેક વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તો આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અક્ષરમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મેળવી રહ્યા છે. આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા : ઉપરોક્ત બંને મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર સત્સંગિજીવન વગેરે સદ્ગ્રંથોની કથા-પારાયણો તથા હિંડોળા ઉત્સવ, રંગોત્સવ, જળઝીલણી ઉત્સવ આદિક નાના-મોટા વિવિધ પ્રકારના ઉત્સવોના આયોજનો કરવામાં આવે છે. પૂ.સ્વામીજીએ આજ સુધીમાં શ્રીમદ્ સત્સંગિજીવન, ભક્તચિંતામણિ, નિષ્કુળાનંદ કાવ્ય, શ્રીઘનશ્યામલીલામૃતસાગર, શ્રીહરિલીલામૃત, શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા સંપ્રદાયના પ્રાયઃ મુખ્ય ગ્રંથોની સંગીત સાથે અદ્ભુત કથાઓ કરી છે. તેમજ સંપ્રદાયના આદર્શરૂપ સંતો-ભક્તોનાં આખ્યાનોની સંશોધનાત્મક કથા કરી છે. વળી, દરરોજ સવાર-સાંજ થતી કથા-વાર્તાનું લાઈવ પ્રસારણ www.swaminarayanbhagwan.com દ્વારા કરવામાં આવે છે. તેમજ ઘેર બેઠા જ પોતાના પ્રદેશમાં આવતી ચેનલોના માધ્યમે પણ અનેક મુમુક્ષુ જીવોને સત્સંગનું પોષણ મળી રહ્યું છે.

સત્સંગ વિચરણ : સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા ૧૦૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે

સમર્પિત થયા છે. આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે તથા દેશ-વિદેશમાં જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દૃઢ કરાવે છે.

વિવિધ પ્રકાશનો : પૂ.સ્વામીજીએ આજ સુધીમાં કરેલી તમામ કથાઓની CD, VCD, DVD, MP3, MP5 શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. વળી, પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજની બાળ-યુવા પેઢીને અત્યંત ઉપયોગી થાય એવી અનેક પ્રેરણાદાયી ટેલીફિલ્મો અને 3D એનિમેશનનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. આ પ્રકાશનોનો લાભ લઈને સુખ-શાંતિ તથા પ્રભુપ્રાપ્તિ ઇચ્છતા હજારો મુમુક્ષુઓ ભગવાનને પામવાનું બળ પામી રહ્યા છે.

આ ઉપરાંત પૂ.સ્વામીશ્રી દ્વારા શ્રીહરિ સમકાલીન નંદસંતો દ્વારા હસ્તલિખિત અપ્રસિદ્ધ એવા અનેક સદ્ગ્રંથો પ્રકાશિત કરવામાં આવ્યા છે. વળી અન્ય સદ્ગ્રંથો તથા 'સત્સંગ સેવક' નામનું મેગેઝીન પણ પ્રકાશિત કરવામાં આવે છે. વળી, મનમોહક બાલુડા શ્રીઘનશ્યામ મહારાજ, વર્ણીજી અને રાજાધિરાજની મૂર્તિ પણ બહાર પાડવામાં આવી છે. જેને ઘરમાં વસાવીને અનેક પરિવારો પ્રેમ અને સંસ્કારથી સમૃદ્ધ બન્યા છે. પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી ભક્તજનોના વિશેષ લાભાર્થે આ તમામ સાહિત્ય ઉપરોક્ત બન્ને મંદિરો દ્વારા અત્યંત સસ્તા દરે પ્રાપ્ત થઈ રહ્યું છે.

બાળ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીશ્રીની પ્રેરણાથી દેશભરમાં ૪૫૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યા છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાઈ રહી છે. વળી, તેમના માટે દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરોનાં આયોજનો કરવામાં આવે છે.

સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...

પૂ.સ્વામીજીની પ્રેરણાથી આજ સુધીમાં ૧૪ જેટલાં નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક મંદિરોમાં મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન આપવામાં આવે છે. તદુપરાંત રક્તદાન કેમ્પ, જળસંચય માટે ચેકડેમ નિર્માણ, ગરીબોને આર્થિક કે અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડપેકેટ વિતરણ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.





નારાયણ સરોવર - છપૈયાધામ




ISBN 978-93-83456-31-4

